શ્રી વીતરાગાય નમઃ

# શ્રી બૃહદ જૈન થોક સંગ્રહ

(જૈન સૂત્રોના સારરૂપ ૧૦૧ થોકડાનો સંગ્રહ છે)


સંગ્રહક-સંપાદક

**કાન્તિલાલ જગજીવનદાસ ગાંધી**

**જશવંતલાલ શાંતિલાલ શાહ**



પ્રકાશક

**સુધર્મ પ્રચાર મંડળ (ગુજરાત શાખા)**

C/O. બાયોકેમ ફાર્માસ્યુટીકલ ઈન્ડસ્ટ્રીઝ
ઐદુન બિલ્ડીંગ, પેહલી ધોબી તળાવ,
મુંબઈ-૪૦૦ ૦૦૨.

ત્રીજી આવૃત્તિ
પ્રત :૩૦૦૦

વીર સંવત ૨૫૨૦
વિક્રમ સંવત ૨૦૫૦
જુન ૧૯૯૪

પડતર કીંમત રૂા. ૪૦
જ્ઞાન પ્રચારાર્થે રૂા. ૩૦

શ્રી વીતરાગાય નમઃ

# શ્રી બૃહદ્ જૈન થોક સંગ્રહ

(જૈન સૂત્રોના સારરૂપ ૧૦૧ થોકડાનો સંગ્રહ છે)


સંગ્રહક-સંપાદક

**કાન્તિલાલ જગજીવનદાસ ગાંધી**

**જશવંતલાલ શાંતિલાલ શાહ**



પ્રકાશક

**સુધર્મ પ્રચાર મંડળ (ગુજરાત શાખા)**

C/O. બાયોકેમ ફાર્માસ્યુટીકલ ઈન્ડસ્ટ્રીઝ

એદુન બિલ્ડીંગ, પેહલી ધોબી તળાવ,

મુંબઈ-૪૦૦ ૦૦૨.

ત્રીજી આવૃત્તિ

પ્રત :૩૦૦૦

વીર સંવત ૨૫૨૦

વિક્રમ સં વત ૨૦૫૦

જુન ૧૯૯૪

પડતર કીંમત રૂા. ૪૦

જ્ઞાન પ્રચારાર્થે રૂા. ૩૦

**કાન્તિલાલ જગજીવનદાસ ગાંધી**
૭, નારાયણ નિવાસ,
૫૨૦-બી, આર. પી. મસાની રોડ,
માટુંગા (C. R.) મુંબઈ-૧૯
**ફોન : ૪૧૨૬૧૩૭**

❋

**જશવંતલાલ શાંતિલાલ શાહ**
૫/૮, અવંતિ એપાર્ટમેન્ટસ,
ફ્લેન્ક રોડ, મુંબઈ-૪૦૦ ૦૨૨
**ફોન: ૪૮૪૨૨૩, ૪૮૫૯૪૭**

❋

**મુદ્રક:** નીતિન જે. બદાણી
અરિહંત પ્રીન્ટીંગ પ્રેસ,
ભાંડુપ, મુંબઈ-૪૦૦ ૦૭૮
**ફોન: ૫૬૦૦૧૯૩, ૫૧૧ ૯૧૫૨**

❋

**અર્હન્તો ભગવન્ત ઇન્દ્રમહિતાઃ સિદ્ધાશ્ચ સિદ્ધિસ્થિતા ।**
**આચાર્યા જિનશાસનોન્નતિકર પૂજ્યા ઉપાધ્યાયકાઃ ॥**
**શ્રીસિદ્ધાન્તસુપાઠકા મુનિવરા રત્નત્રયરાધકાઃ ।**
**પન્ચૈતે પરમેષ્ઠિનઃ પ્રતિદિનં કુર્વન્તુ વો મઙ્ગલમ્ ॥**

# પ્રકાશકનું નિવેદન

## (તૃતિય આવૃત્તિ)

આગમનું દોહન અને મંથન કરી આચાર્યોએ મેળવેલું અમૃત એટલે થોક સંગ્રહ (થોકડા). આ થોકડાનો સ્વાધ્યાય અને તેની સમજણ પ્રાપ્તિ કરવી એ જ આપણા સ્થાનકવાસી જૈન ધર્મનાં શ્રાવકો માટે સુંદર સમયનો સદુપયોગ અને મહાન કર્મનિર્જરાનું કારણ છે. આથી જ શ્રી બૃહદ જૈન થોક સંગ્રહની બે આવૃત્તિ છપાઈ ગઈ હોવા છતાં ખૂબ જ ટુંક સમયમાં અલભ્ય થઈ ગઈ હતી. અને પુસ્તકની નવી આવૃત્તિ છપાવવાનું કાર્ય સુધર્મપ્રચાર મંડળે હાથ ધર્યું. અને ટુંકા સમયમાં તેમાં રહેલી ત્રુટિઓને સિધ્ધાંત નો આધાર લઈ સુધારી આ નવી આવૃત્તિ પ્રસ્તુત કરતા સુધર્મ પ્રચાર મંડળ આનંદ અનુભવે છે. ખૂબ સહેલાઈ થી સમજી શકાય તેવી શૈલીનાં આધારે અભ્યાસીઓને ખૂબ સુગમતા રહેશે. એવી આશા છે.

સર્વ અભ્યાસી સાધકોને વિનંતી છે કે પુસ્તક નો ઉપયોગ કરતાં પહેલાં જરૂરથી શુધ્ધિપત્રક નો ઉપયોગ કરે. કારણ આગમિક સંશોધન દ્વારા ફેરફાર થયેલ હોવાથી પ્રિન્ટીંગ સમયે ઘણુ ધ્યાન આપ્યું હોવા છતાં સ્ખલના રહી જવા પામી છે તે માટે સૂજ્ઞ શ્રાવકો ભૂલચૂક ક્ષમ્ય કરશે એવી આશા છે.

સુધર્મ પ્રચાર મંડળ ગુજરાત શાખા આ ઉપરાંત ગુજરાતમાં ઘણી સુંદર શાસન પ્રભાવનાની

પ્રવૃત્તિ કરી રહેલ છે. શ્રેણી ૧ થી ૧૨ સુધીનો સુંદર અભ્યાસક્રમ બનાવી ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ જેવાં બહોળા વિસ્તારમાંથી અનેક અભ્યાસીઓની પરીક્ષા લેવાનું તેમજ સમગ્ર જેનશાળા તથા મંડળનું સંચાલન કરી રહેલ છે. જૈન શાળાનાં શિક્ષકો તથા શિક્ષિકાઓનું વાર્ષિક સંમેલન બોલાવી વિદ્યાર્થીને સુંદર અભ્યાસ કરાવવા પ્રોત્સાહિત કરવાનો પ્રયત્ન કરે છે. તે ઉપરાંત જ્યાં પૂ. સાધુ - સાધ્વીજી ઓનાં ચાતુર્માસનો લાભ ન મળી શકે ત્યાં સ્વાધ્યાયી ઓને તૈયાર કરી પર્યુષણ પર્વારાધના કરાવવા મોકલવાનું ભગીરથ કાર્ય પણ કરે છે.

આ પુસ્તકનાં પ્રિન્ટીંગ માટે અરિહંત પ્રિન્ટીંગ પ્રેસે આપેલ સહકાર બદલ આભાર માનીએ છીએ તેમજ પૂ. સાધુ - સાધીજીઓ તથા વિદ્વાન શ્રાવકોએ આગમિક સુધારા તરફ દોરેલ ધ્યાન માટે તથા આપેલ સહકાર બદલ આભાર માનીએ છીએ.

શક્ય તેટલો ઉપયોગ રાખવા છતાં સ્ખલના થઈ જવા સંભવ છે. પુસ્તક નો અભ્યાસ કરતાં ભૂલો ધ્યાનમાં આવે તો તરત અમોને લખી જણાવવા વિનંતી છે. જેથી નવી આવૃતિ માં સુધારો થઈ શકે. અજાણતા સ્ખલના રહી જતા જ્ઞાન તથા જ્ઞાની ની અશાતના થઈ હોય તો અંત:કરણપૂર્વક ક્ષમા ચાહીએ છીએ.

**લી. જશવંતભાઈ શાંતિલાલ શાહ**

પ્રમુખ સુધર્મ પ્રચાર મંડળ

તા. ૧.૬.૯૪

# અનુક્રમણિકા


| ક્રમાંક | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | શ્રી નવ તત્વ | ૧ |
| ૨ | ૨૫ ક્રિયા | ૩૯ |
| ૩ | છકાયના બોલ | ૪૪ |
| ૪-અ | શ્રી પચીસ બોલ મોટા | ૬૬ |
| ૪ | પાંત્રીસ બોલ | ૭૯ |
| ૫ | સિદ્ધ દ્વાર | ૮૯ |
| ૬ | ચોવીસ દંડક | ૯૫ |
| ૭ | આઠ કર્મની પ્રકૃતિ | ૧૩૫ |
| ૮ | ગતાગતિ | ૧૪૯ |
| ૯ | છ આરાના ભાવ | ૧૬૩ |
| ૧૦ | દશ દ્વારનાં જીવસ્થાનક | ૧૭૬ |
| ૧૦-અ | શ્રી ગુણ સ્થાન દ્વાર | ૧૯૪ |
| ૧૧ | તેત્રિશ બોલ | ૨૧૯ |
| ૧૨ | નંદી સૂત્રમાંથી પાંચ જ્ઞાનનું વિવેચન | ૨૪૧ |
| ૧૩ | ત્રેવિશ પદવી | ૨૬૫ |
| ૧૪ | પાંચ શરીર | ૨૭૫ |
| ૧૫ | પાંચ ઈન્દ્રિય | ૨૮૧ |
| ૧૬ | રૂપી અરૂપીના બોલ | ૨૮૫ |
| ૧૭ | શ્રી મોટો બાસઠીયો | ૨૮૮ |
| ૧૮ | બાવન બોલ | ૩૦૪ |
| ૧૯ | શ્રોતા અધકાર | ૩૧૭ |
| ૨૦ | અઠ્ઠાણું બોલનો અલ્પબહુત્વ | ૩૨૪ |

| ક્રમાંક | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૨૧ | પુદ્ગલ પરાવર્ત | ૩૩૩ |
| ૨૨ | જીવોની માર્ગણાનાં ૫૬૩ પ્રશ્નો | ૩૪૧ |
| ૨૩ | ચાર કષાય | ૩૭૨ |
| ૨૪ | શ્વાસોચ્છવાસ | ૩૭૩ |
| ૨૫ | અસજ્ઝાયો | ૩૭૪ |
| ૨૬ | બત્રીસ સૂત્રોના નામ | ૩૭૬ |
| ૨૭ | અપર્યાપ્તા તથા પર્યાપ્તા દ્વાર | ૩૭૭ |
| ૨૮ | ગર્ભ વિચાર | ૩૮૧ |
| ૨૯ | નક્ષત્ર પરિત્રય | ૩૯૫ |
| ૩૦ | પાંચ દેવ | ૩૯૭ |
| ૩૧ | આરાધક વિરાધક | ૪૦૧ |
| ૩૨ | ત્રણ જાગરિકા | ૪૦૩ |
| ૩૩ | છકાયના ભવ | ૪૦૬ |
| ૩૪ | અવધિ પંદ | ૪૦૭ |
| ૩૫ | ધર્મધ્યાન | ૪૦૯ |
| ૩૬ | છ લેશ્યા | ૪૧૭ |
| ૩૭ | યોનીપદ | ૪૨૨ |
| ૩૮ | આઠ આત્માનો વિચાર | ૪૨૪ |
| ૩૯ | વ્યવહાર સમક્તિનાં ૬૭ બોલ | ૪૨૮ |
| ૪૦ | કાય સ્થિતિ | ૪૩૨ |
| ૪૧ | યોગોનો અલ્પ બહુત્વ | ૪૪૦ |
| ૪૨ | પુદ્ગલોનો અલ્પ બહુત્વ | ૪૪૨ |
| ૪૩ | આકાશ શ્રેણી | ૪૪૪ |
| ૪૪ | બળનો અલ્પ બહુત્વ | ૪૪૬ |
| ૪૫ | સમક્તિ ૧૨ દ્વાર | ૪૪૮ |

| ક્રમાંક | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૪૬ | ખંડા જોયણ | ૪૫૦ |
| ૪૭ | ધર્મની સન્મુખ થવાનાં ૧૫ કારણ | ૪૬૫ |
| ૪૮ | માર્ગાનુસારીનાં ૩૫ ગુણ | ૪૬૬ |
| ૪૯ | શ્રાવકના ૨૧ગુણ | ૪૬૭ |
| ૫૦ | વ્હેલા મોક્ષ જવાનાં ૨૩ બોલ | ૪૬૭ |
| ૫૧ | તિર્થકરનામ બાંધવાનાં ૨૦ કારણો | ૪૬૮ |
| ૫૨ | પરમ કલ્યાણનાં ૪૦ બોલ | ૪૭૦ |
| ૫૩ | તિર્થકરનાં ૩૪ અતિશય | ૪૭૨ |
| ૫૪ | બ્રહ્મચર્યની ૩૨ ઉપમા | ૪૭૩ |
| ૫૫ | શ્રમણ નિગ્રંથના સુખની તુલ્યતા | ૪૭૫ |
| ૫૬ | ષટ્દ્રવ્ય પર ૩૧ દ્વાર | ૪૭૬ |
| ૫૭ | ચાર ધ્યાન | ૪૮૪ |
| ૫૮ | આરાધનાપદ | ૪૮૬ |
| ૫૯ | સંજ્ઞા પદ | ૪૮૮ |
| ૬૦ | વેદના પદ | ૪૯૦ |
| ૬૧ | સમુદ્‌ઘાત પદ | ૪૯૧ |
| ૬૨ | ઉપયોગ પદ | ૪૯૮ |
| ૬૩ | ઉપયોગ - અધિકાર | ૪૯૯ |
| ૬૪ | નિયંઠા | ૫૦૦ |
| ૬૫ | સંજ્યા (સંયતિ) | ૫૧૧ |
| ૬૬ | અષ્ટપ્રવચન | ૫૨૦ |
| ૬૭ | બાવન અનાચાર | ૫૨૩ |
| ૬૮ | આહારનાં ૧૦૬ દોષ | ૫૨૫ |

| ક્રમાંક | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૬૯ | સાધુ સમાચારી | ૫૩૩ |
| ૭૦ | અહોરાત્રિની ઘડીઓનો યંત્ર | ૫૩૫ |
| ૭૧ | દિન પહોર માપનો યંત્ર | ૫૩૬ |
| ૭૨ | રાત્રિ પહોર જોવાની રીત | ૫૩૭ |
| ૭૩ | ૧૪ પૂર્વનો યંત્ર | ૫૩૯ |
| ૭૪ | સમ્યક પરાક્રમનાં ૭૩ બોલ | ૫૪૦ |
| ૭૫ | ૧૪ રાજલોક | ૫૪૨ |
| ૭૬ | નારકી | ૫૪૫ |
| ૭૭ | ભવનપતિ | ૫૪૯ |
| ૭૮ | વાણવ્યંતર | ૫૫૩ |
| ૭૯ | જ્યોતિષી દેવ | ૫૫૭ |
| ૮૦ | વૈમાનિક દેવ | ૫૬૨ |
| ૮૧ | સંખ્યાદિ ૨૧ બોલ<br>અર્થાત ડાલાપાલા | ૫૬૮ |
| ૮૨ | પ્રમાણ-નય | ૫૭૧ |
| ૮૩ | ભાષાપદ | ૫૮૨ |
| ૮૪ | આયુષ્યનાં ૧૮૦૦ ભાંગા | ૫૮૭ |
| ૮૫ | સોપક્રમ નિરૂપક્રમ | ૫૮૯ |
| ૮૬ | હિયમાણ વડ્ઢમાણ | ૫૯૦ |
| ૮૭ | સોવચય સાવચય | ૫૯૧ |
| ૮૮ | કત સંચય | ૫૯૨ |
| ૮૯ | દ્રવ્ય (જીવાજીવ) | ૫૯૩ |
| ૯૦ | સંસ્થાન દ્વાર | ૫૯૪ |
| ૯૧ | સંસ્થાનના ભાંગા | ૫૯૫ |
| ૯૨ | ખેતાણુવાઈ | ૫૯૬ |

| ક્રમાંક | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૯૩ | અવઘેણાનો અલ્પ બહુત્વ | ૬૦૦ |
| ૯૪ | ચરમ પદ | ૬૦૩ |
| ૯૫ | ચરમાચરમ | ૬૦૬ |
| ૯૬ | જીવ પરિણામ પદ | ૬૦૭ |
| ૯૭ | અજીવ પરિણામ | ૬૦૯ |
| ૯૮ | બાર પ્રકારના તપ | ૬૧૦ |
| ૯૯ | રોહા મુનિનાં પ્રશ્નોત્તર | ૬૧૬ |
| ૧૦૦ | દશ પચ્ચકખાણ | ૬૨૦ |
| ૧૦૧ | કર્મ પ્રકૃતિઓની સ્થિતિ તથા આબાધાકાળનો થોકડો | ૬૨૪ |
| | ચૌભંગી | ૬૩૨ |

અભ્યાસ કરતાં પહેલાં અવશ્ય ઉપયોગ કરવો

# શુધ્ધિ પત્રક

| પાનું | લીટી | અશુધ્ધિ/કેન્સલ | શુધ્ધિ/ઉમેરો |
|---|---|---|---|
| ૧ | ૮ | કર્તા તથા | — |
| ૧ | ૨૪ | કરવો | કરવાવાળો |
| ૯ | ૧૫ | વિન્હિ | વન્હિ |
| ૧૩ | ૨ | છેદા | છેદો |
| ૩૦ | ૧ | છદ્મ | છાદ્મ |
| ૩૧ | ૧૯ | અભ્યંતર | આભ્યંતર |
| ૩૯ | ૧૭ | અણુરય | અણુવરય |
| ૪૧ | ૨૫ | અધવકરું | અધવધરું |
| ૫૧ | ૭/૧૦ | જ્ઞાનથી | વચનથી |
| ૫૯ | ૯ | બરુ | બુહ |
| ૫૯ | ૨૨ | જાણપણે | જાડપણે |
| ૬૧ | ૧૦ | સરસ્ત્રા | સહસ્ત્રાર |
| ૬૫ | ૩ | ૨ લાખ | ૪ લાખ |
| ૬૬ | ૬ | શાંતિ | સ્વાતિ |
| ૭૦ | ૫ | પ્રમાણ | પરિણામ |
| ૭૩ | ૧૨ | તપસ્વી | તપસ્યા |
| ૭૫ | ૧૦/૧૧ | પંચેન્દ્રિય | તિર્યંચ પંચેન્દ્રિય ૧૨, સંમુચ્છિમ મનુષ્ય ૧૩, |
| ૭૬ | ૨ | ઊંઘની પરે | ઊંઘની પેરે |
| ૭૭ | ૧૦ | લીલો | નીલો |
| ૮૭ | ૨૨ | (ઠા.૫ સૂ...) | (એક જ વખત સમજવું) |
| ૯૬ | ૨૪ | ઉત્સેઘ | ઉત્સેધ |
| ૧૦૨ | ૧૯ | આવગારના | અવગાહના |

| પાનું | લીટી | અશુધ્ધિ/કેન્સલ | શુધ્ધિ/ઉમેરો |
|---|---|---|---|
| ૧૨૦ | ૨૩ | બાયાલાસ | બાયાલીસ |
| ૧૩૦ | ૨૧ | (થોડુંક વચ્ચેથી છાપવું) | — |
| ૧૩૧ | ૯ | — | ૫૬ અંતર દ્વીપનાં મનુષ્યની અવ. જ. આં. અસં. ભાગ, ઉત્. ૮૦૦ ધનુષ્યની |
| ૧૩૪ | ૩ | ગુણ.૩૦ | ગુણ.૩. |
| ૧૩૫ | ૨૦ | જે કર્મ કાર્મણ | જે કાર્મણ |
| ૧૪૦ | ૧૩ | પ્રમાણે | ઉપર પ્રમાણે |
| ૧૪૪ | ૧૯ | પહેલી | પહેલે |
| ૧૫૨ | ૯/૧૦/૧૧ | સિધ્ધમાં....સંપૂર્ણ | (પાના નં. ૧૫૩ની ૧૫મી લીટી પછી ઉમેરવું) સિધ્ધમાં... સંપૂર્ણ. |
| ૧૫૫ | ૧૧ | બાદર વનસ્પતિકાય | પ્રત્યેક વનસ્પતિકાય |
| ૧૬૫ | છેલ્લી | તે આગમિક નથી | તેવી પણ એક ધારણા છે. |
| ૧૬૯ | ૧૦ | એકાએક પણે | એકાકીપણે |
| ૧૭૦ | ૪ | ,, | ,, |
| ૧૭૩ | ૧૭ | સૂત્ર રહેશે | સૂત્ર રહેશે.) |
| ૧૭૪ | છેલ્લી | છે | છ |
| ૧૭૫ | ૯ | ટાઢથી | રાત્રિની ટાઢથી |
| ૧૮૧ | ૨૨ | લુ | લૂ |
| ૧૮૨ | ૨૦ | ખરૂં તે | બેનું ખરૂં તે |

| પાનું | લીટી | અશુધ્ધિ/કેન્સલ | શુધ્ધિ/ઉમેરો |
|---|---|---|---|
| ૧૮૩ | ૩ | તેને કરીને ૨૪ | તેને કરીને ૨૩ |
| ૧૮૩ | છેલ્લી | પ્રત્યાખ્યાની | પ્રત્યાખ્યાનાવરણીય |
| ૧૮૪ | ૧૭ | ચાર | ચાર |
| ૧૮૯ | ૬ | નં. ૯, ૧૦, ૧૧ | પાનાનું ૨૧૫ લીટી ૯ |
| | | નાં શબ્દો બરાબરનથીપ્રમાણે સમજવા | |
| ૧૯૦ | ૧૮ | ભેદ | ઘણા ભેદ |
| ૨૦૩ | ૪ | લઇનિ આવે | કરે |
| ૨૦૪ | ૨૩ | સર્વ ૧ રહિત | સર્વ દોષ રહિત |
| ૨૦૪ | ૨૪ | જોગ ૨ સત્ય | ૨.જોગ સત્ય |
| ૨૦૮ | ૧૦ | કર્મની ઉદીરણા | અથવા ૧૦ કર્મની ઉદીરણા |
| ૨૦૯ | ૩ | -- | શ્રેણીવાળાને ૪ ભાવ ઔદયિક, ઉપશમ, ક્ષયોપશમિક, પારિણામિક અને ક્ષાયિક સમકિતી ઉપશમ શ્રેણી વાળાને પાંચ ભાવ. .. |
| ૨૧૧ | ૨૫ | આગળ બંધ પડે | આગળ પડે |
| ૨૧૮ | ૧૫ | સંખ્યાતમો | અસંખ્યાતમો |
| ૨૨૩ | ૧૧ | પરિણામ | પરિમાણ |
| ૨૨૮ | ૧૨ | પોતે કર્તવ્ય | પોતે તેવા કર્તવ્ય |
| ૨૩૭ | ૧૧ | [illegible] | શાસ્ત્રાદિક |
| ૨૫૧ | ૧૩ | આદિક | અનાદિ |

| પાનું | લીટી | અશુધ્ધિ/કેન્સલ | શુધ્ધિ/ઉમેરો |
|---|---|---|---|
| ૨૫૮ | ૧૯ | વર્ધમાન | — |
| ૨૬૧ | ૧૦ | અસંખ્યાત | અસંખ્યાતમો |
| ૨૮૭ | ૧૧ | કામીયા | કાર્મીયા |
| ૨૯૬ | ૫ | (૪ થી ૧૩) | (૨, ૪ થી ૧૨) |
| ૩૦૯ | ૩ | ૪. વેદક | ૪. ક્ષયોપશમ |
| | | સમદૃષ્ટિમાં | સમદૃષ્ટિમાં |
| ૩૦૯ | ૧૮ | વીર્ય ૫. | વીર્ય ૩ |
| ૩૨૯ | ૧ | લેશ્યા -૪ | લેશ્યા ૩, |
| ૩૨૯ | ૧૫ | વાયુકાય પર્યાપ્ત | વાયુકાય અપર્યાપ્ત |
| ૩૩૭ | ૨૦ | વાયુકાય | વાયુકાય પર્યાપ્ત |
| ૩૩૯ | ૨૩ | બે | એક ઉચ્છ્વાસ નિશ્વાસ |
| ૩૭૩ | ૬ | ઝાઝેરો | ઝાઝેરો કાળે |
| ૩૭૪ | ૭ | દાહ૧ | દાહ[૧] |
| ૩૭૪ | ૮-૯-૧૦ | આકાશમાં ૨ | આકાશમાં [૨] |
| ૩૭૫ | ૯ | પુનમ ૩ | પૂનમ [૩] |
| ૩૭૫ | ૧૨ | મધ્યાહ્ન૪ | મધ્યાહ્નં[૪] |
| ૩૭૫ | ૨૦ | અકાળ | સ્વાધ્યાયકાળ |
| ૩૭૫ | ૨૫ | સૂર્યોદયને સૂર્યાસ્ત | દિવસ અને રાત્રિનો |
| ૩૯૭ | ૧૩ | પુષ્પ | પુષ્ય |
| ૩૯૭ | ૨૦ | ઉવાએ | ઉવવાએ |
| ૩૯૭ | ૨૩ | સંચિકાણા | સંચિઠણા |
| ૩૭૬ | ૩ | અગ-ઉપાગ | અંગ-ઉપાંગ |
| ૩૭૮ | ૬ | જીવ એટલે સદા | જીવ સદા |
| ૩૮૫ | ૧૬ | બત્રીસમું સુત્ર | — |
| | | આવશ્યક સૂત્ર | |

| પાનું | લીટી | અશુધ્ધિ/કેન્સલ | શુધ્ધિ/ઉમેરો |
|---|---|---|---|
| ૪૦૧ | ૭ | ભવિષ્ય | ભવિય |
| ૪૦૨ | ૧૪ | અંખડ | અંબડ |
| ૪૦૪ | ૩ | ઈન્દ્રિય | — |
| ૪૦૪ | ૧૬-૧૯ | સિત્તેરા | સિત્તરી |
| ૪૧૧ | ૭ | નીચે | કાંઈક અધિક નીચે |
| ૪૧૨ | ૧૨ | આસવ | આશ્રવ |
| ૪૧૭ | ૬ | ખેડણહાર | ખેવણંહાર |
| ૪૧૯ | ૮ | માઠી | માઠો |
| ૪૨૧ | ૧૦ | સાગર ને અંતમુહુર્ત અધિક | સાગર |
| ૪૨૧ | છેલ્લી | ,, | ,, |
| ૪૨૫ | ૧૨ | ત્માની નિયમા | નિયમા |
| ૪૨૫ | ૧૨ | ત્માની ભજના | ભજના |
| ૪૨૭ | ૬ | ઠાણા (૨ જી લાઈન)-- | |
| ૪૨૭ | ૫-૬ | ૧૫ લાભે દર્શન વર્જીને ૧૦ (૪થી) | ૧૫ લાભે |
| ૪૨૭ | ૫-૬ | કેવળજ્ઞાનને કેવળ (૫ત્રી) | કેવળજ્ઞાનને કેવળ દર્શન વર્જીને ૧૦ |
| ૪૩૨ | ૧૯ | કાય પરતની વ્યાખ્યા | કાયપરત એટલે પ્રત્યેક શરીરી |
| ૪૩૨ | ૨૩ | કાય અપરતની । વ્યાખ્યા | કાયઅપરત એટલે સાધારણ શરીરી જીવો |
| ૪૩૬ | ૧૮ | દેવ | વેદ |

| પાનું | લીટી | અશુધ્ધિ/કેન્સલ | શુધ્ધિ/ઉમેરો |
|---|---|---|---|
| ૪૩૮ | ૧૭ | નો સંયત નો અસંયત | નો સંયત નો અસંયત નો સંયતાસંયત |
| ૪૩૯ | ૧ | ૧-૨-૩ સમય | જ. ૨ સમય ન્યૂન એક ક્ષુલ્લક ભવ (૨૫૬ આવલિકા) |
| ૪૩૯ | ૧૧ | — | ઉ. સાદિ અનંત |
| ૪૩૯ | ૧૬ | સંસાર પરત | સંસાર અપરત |
| ૪૪૩ | ૧૨ | દ્રવ્ય પ્રદેશ તેથી | દ્રવ્ય પ્રદેશ પરસ્પર તુલ્ય તેથી, |
| ૪૪૪ | ૨૦ | અનંત | અનાદિ અનંત |
| ૪૪૫ | ૧૦ | M | N |
| ૪૪૫ | ૧૧ | z | Z |
| ૪૫૦ | ૯ | — | મારણાંતિક સમુદ્ઘાત્ આશ્રી |
| ૪૫૨ | ૧૬ | એક એક....શકે | — |
| ૪૫૩ | ૧૩ | — | ભરતક્ષેત્રવત્ |
| ૪૫૫ | ૧૧ | ૨૩૮ યો. | ૨૩૮ યો. ૩ કળા |
| ૪૫૫ | ૧૧ | ૩ કળા | બાહા નથી |
| ૪૫૫ | ૧૨ | ઉત્તર | ઉત્તર ભરત |
| ૪૫૫-૬ | ૨૫-૧૫ | વૃત્તલ | વૃત્ત |
| ૪૫૬ | ૬ | નિલન | નલીન |
| ૪૫૮ | ૧૦ | આઠ દેવી | આઠ દિક્કુમારી |

| પાનું | લીટી | અશુધ્ધિ/કેન્સલ | શુધ્ધિ/ઉમેરો |
|---|---|---|---|
| ૪૫૮ | ૧૭ | ચોતરફ | ચોતરફ વલયાકાર અથવા |
| ૪૫૯ | ૭ | નિકાય | પ્રકાર |
| ૪૫૯ | ૧૨ | મૂળ | મૂળમાં |
| | ૧૨ | ઊંચો | ઊંચે (ટોચ ઉપર) |
| ૪૬૦ | ૨ | -- | ૪૬૭(એ ઉપરનાં કૂટોનો સરવાળો છે.) |
| ૪૬૦ | ૬ | ૨૫૨ | ૫૨૫ (એ બંધા કૂટોનો સરવાળો છે.) |
| ૪૬૧ | ૧૮-૧૯ | ૩૪ ચક્રવર્તી ન થઈ શકે | ચક્રવર્તી થઈ શકે છે. |
| ૪૬૪ | ૧ | તોડીને | ની નીચેથી |
| ૪૬૫ | ૧૪ | બ્રહ્મચર્ય | બ્રહ્મચર્યનાં |
| ૪૬૯ | ૬ | કાળ-અકાળ આવશ્યક કરવાથી | ઊભયકાળ પ્રતિક્રમણ કરવાથી |
| ૪૭૦ | ૨૩ | અબંડ | અંબડ |
| ૪૧૭ | ૨૧ | ઉત્ત. સૂત્ર | ગ્રંથ |
| ૪૭૪ ૪૭૩ | ૨૪ | મહાવીર | દરેક જિન |
| ૪૭૮ | ૧૩ | અવદશ | અસદશ |
| ૪૭૬ | ૧૨ | મૂર્તિ | મૂર્ત |
| ૪૮૦ | ૨૨ | મૂર્તિ | મૂર્ત |
| ૪૮૨ | ૧૯ | પરતલ. | પરતર |
| ૪૮૬ | ૧૧ | શો કરી | માનો અધિકાર |
| ૪૮૮ | છેલ્લી | ક્રિયાને | ઇચ્છાને |
| ૪૯૫ | ૨ | ભૂતમાં | ભૂતકાળમાં |

| પાનું | લીટી | અશુધ્ધિ/કેન્સલ | શુધ્ધિ/ઉમેરો |
|---|---|---|---|
| ૪૯૬ | ૧૭ | એકેક | ઘણા |
| ૪૯૫ | ૨૧ | નરકાદિ | નારકાદિ |
| ૪૯૬ | છેલ્લી | વગર જે મરે તે | નહીં કરનારા જીવો |
| ૫૦૧ | ૨૧ | સમય(૧ સમયનું છદ્મસ્થપણું જેને બાકી હોય) | સમય (૧૧, ૧૨મા ગુણ. નો છેલ્લો સમય) |
| ૫૦૧ | ૨૨ | સમય (૧ સમય થીવધુ સમય જેને છદ્મસ્થપણું બાકીહોય) | સમય (૧૧મા ૧૨ મા ગુણ. માં એક સમયથી વધારે સમય બાકી હોય) |
| ૫૦૮ | ૨૪ | આહાર નો...માટે | અપ્રમત્ત હોવાથી આહાર આદિ સંજ્ઞામાં ઉપયોગ ન હોય તેવા |
| ૫૧૧ | ૧૧-૧૨ | જાવજીવનાં. લીધેલાં | મધ્યનાં ૨૨ તિર્થંકરના તથા મહાવિદેહનાં |
| ૫૧૪ | ૧૭ | પણ | સદા |
| ૫૧૬ | ૨ | પહેલાં ત્રણ સંયતિ.. ...તુલ્ય છે | — — |
| ૫૧૭ | ૧૩ | સંયમ છોડે | સામાયિક સંયમ છોડે |
| ૫૨૧ | ૨૩ | ઓછું | વધુ |
| ૫૨૬ | ૫ | તેથી | અથવા । |
| ૫૨૭ | ૧૫ | પુવ્યં | પુવ્વં |
| ૫૨૮ | ૧ | અજ્ઞાન | અજ્ઞાનથી |

| પાનું | લીટી | અશુધ્ધિ/કેન્સલ | શુધ્ધિ/ઉમેરો |
|---|---|---|---|
| ૫૩૮ | ૪ | ઘનિષ્ઠા | ઉત્તરાષાઢા |
| ૫૩૮ | ૬ | ઉત્તરાષાઢા | ઘનિષ્ઠા |
| ૫૩૮ | ૮-૯ | અશ્વતી | અશ્વિની |
| ૫૩૮ | ૧૫ | હસ્તિ | હસ્ત |
| ૫૩૮ | ૧૩ | ફા. | — |
| ૫૩૯ | ૧૫ | પ્રતિપાદ | પ્રતિપાદન |
| ૫૪૩ | ૧૩ | — | અને વાણવ્યંતર તથા જ્યો |
| ૫૪૬ | ૫ | આંતર | આંતરા |
| ૫૪૭ | ૨૩ | — | ઘનોદધિ, ઘનવાયુ અને.... |
| ૫૫૨ | ૨૦ | કાર્ય | કાય |
| ૫૫૩ | ૧૨ | — | જ્યોતિષીનું ઉપરનું |
| ૫૬૪ | ૨-૪ | પરતર વર્ણ અલગ નહી | — |
| | ૧૦-૧૨ | પણ તેની ઉપરની લીટી પ્રમાણે સમજવા | |
| ૫૬૫ | ૧૦ | શકેનદ્ર | શક્રેન્દ્ર |
| ૫૬૫ | ૧૨ | ૮૮૦૦૦ | ૨,૮૮૦૦૦ |
| ૫૬૭ | ૭ | બધાઈન્દ્રો | બધા દેવો |
| ૫૬૭ | ૧૪ | પાતાળ કળશ | -- |
| ૫૬૭ | ૧૬ | -- | સ્પર્શ આદિચાર |
| ૫૬૭ | ૧૭ | -- | રૂપ આદિત્રણ |
| ૫૬૭ | ૧૭ | -- | શબ્દ આદિબે |
| ૫૭૧-૮ | ૨૨-૫ | વિગમે | વિગને |
| ૫૮૫ | ૧ | અખરખ | અબરખ |

| પાનું | લીટી | અશુધ્ધિ/કેન્સલ | શુધ્ધિ/ઉમેરો |
|---|---|---|---|
| ૫૮૬ | ૫ | નામ | પ્રકાર |
| ૫૮૭ | ૭ | ૫ર | ૫રથી |
| ૫૭૪ | ૨૩ | — | (નિક્ષેપા પ્રમાણની વ્યાખ્યા નો થોકડામાં સમાવેશનથી) |
| ૫૮૪ | છેલ્લી | કહેવા, | કહેવા) |
| ૫૮૬ | છેલ્લી | ઈ, | ઈ.) |
| ૫૯૧ | ૧૪ | નિરૂવચયા | નિરૂવચય |
| ૬૧૧ | ૧૮ | એક પ્રત્યાખ્યાની | ભક્ત પ્રત્યાખ્યાન |
| ૬૧૭ | ૩ | ધર્માસ્તિકાર્ય | ધર્માસ્તિકાય |
| ૬૧૮ | ૯ | ૩૫ " પહેલી" | — |
| ૬૨૬ | ૧૦ | દુર્ગછ | દુર્ગછા |
| ૬૨૭ | ૧૧ | નારકી | નારકી અને દેવતા |
| ૬૨૯ | ૨૫ | આહરક | આહારક |
| ૬૩૦ | ૧ | ખટો | ખાટો |
| ૬૩૦ | ૧૧ | ૪/૨૮ | ૮/૨૮ |
| ૬૩૦ | ૮ | ૮/૨૮ | ૭/૨૮ |
| | ૯ | યાવત ૪-૨૮ | યાવત ૮/૨૮ |
| ૬૩૦ | ૨૫ | સાગરની | ભાગની |
| ૬૩૧ | છેલ્લી | ઈતિ અસઝૂઝાય સંપૂર્ણ — | |
| ૬૩૧ | ૧ | ઉત્. | જઘન્ય |
| ૬૩૩ | ૧૬ | ગર્ગાચાર્યના | ગર્ગાચાર્ય અને |
| ૬૩૩ | ૧૭ | આચાર્યની | આચાર્ય અને |
| ૬૩૪ | ૭ | માગે તેને | જરૂરિયાત વાળાને |
| ૬૩૪ | ૮ | માગે નહીં તેને | અજરૂરિયાત વાળાને |
| ૬૩૮ | ૫ | — | વિમાન પ્રથમ દેવલોક |
| ૬૩૮ | ૫ | | નામે પ્રથમ નરકે |

# 20

## નોંધ

# (૧) અથ શ્રી નવ તત્ત્વ

વિવેકી સમદૃષ્ટિ જીવોએ નવ તત્ત્વ જેવા છે તેવાં તથારૂપ બુદ્ધિ પ્રમાણે ગુરુ આમન્યાથી ધારવા તે નવ તત્ત્વનાં નામ કહે છે.

૧. જીવતત્ત્વ, ૨. અજીવતત્ત્વ, ૩. પુણ્યતત્ત્વ, ૪. પાપતત્ત્વ, ૫ આશ્રવતત્ત્વ, ૬. સંવરતત્ત્વ, ૭. નિર્જરાતત્ત્વ, ૮. બંધતત્ત્વ, ૯. મોક્ષતત્ત્વ.

વ્યવહારનયે કરી જે શુભાશુભ કર્મોનો કર્તા[૧], હર્તા[૨] તથા ભોક્તા[૩] છે અને નિશ્ચય નયે કરી જ્ઞાન, દર્શન (તથા ચારિત્ર) રૂપ નિજગુણોનો જ કર્તા તથા ભોક્તા છે અથવા દુઃખ સુખ જ્ઞાનોપયોગ લક્ષણવંત ચેતના સહિત હોય તેને પ્રથમ જીવતત્ત્વ કહીએ; તેથી વિપરીત જે ચેતનારહિત, જડસ્વભાવવાળો હોય તેને બીજું અજીવતત્ત્વ કહીએ, જેણે કરી શુભ કર્મના પુણ્યનો સંચય તથા ઉદય થવાથી સુખનો અનુભવ થાય છે તેને ત્રીજું પુણ્યતત્ત્વ કહીએ; તેથી વિપરીત જેણે કરી અશુભ કર્મનાં પાપનો સંચય તથા ઉદય થવાથી દુઃખનો અનુભવ થાય છે તેને ચોથું પાપતત્ત્વ કહીએ; જેણે કરી નવાં કર્મ બંધાય છે, શુભા-શુભ કર્મોપાદાન હેતુ હિંસાદિક તેને પાંચમું આશ્રવતત્ત્વ કહીએ; જેણે કરી આવતાં કર્મ રોકાય અર્થાત્ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ તેણે કરી જે આશ્રવ નિરોધ કરવો તેને છઠ્ઠું સંવર તત્ત્વ કહીએ; જેણે કરી આત્મપ્રદેશમાંથી દેશથકી કર્મ જૂદાં થાય છે, અથવા પૂર્વે કરેલાં કર્મો જે ક્ષય થાય છે એટલે તપ પ્રમુખે કરી કર્મનું નિર્જરવું થાય છે તેને સાતમું નિર્જરાતત્ત્વ કહીએ; જે નવાં કર્મોનું ગ્રહણ કરીને તેની સાથે જીવનું બંધન થવું, ક્ષીરનીરની[૪] પેઠે મળી જવું તેને આઠમું બંધતત્ત્વ કહીએ. જે આત્મપ્રદેશથકી સર્વથા કર્મોનો ક્ષય થવો તેને નવમું મોક્ષતત્ત્વ કહીએ. જે નવ તત્ત્વરૂપ

૧. કર્તા = કરવાવાળો, ૨. હર્તા = નાશ કરવો ૩. ભોક્તા = ભોગવનાર ૪. ક્ષીરનીર = દૂધમાં પાણીની જેમ એકમેક થઈ જવું.

વસ્તુનું યથાસ્થિત સ્વરૂપ જે પ્રમાણે સિદ્ધાંતોને વિષે કહ્યું છે તેમજ સમ્યગદૃષ્ટિ જીવોને એ નવતત્ત્વ તે 'જ્ઞ' પરિજ્ઞાએ[1] કરી જાણવા યોગ્ય છે અને કેટલાં એક પ્રત્યાખ્યાન પરિજ્ઞાએ કરી છાંડવા યોગ્ય છે.

એ નવતત્ત્વ માંહેલા જીવ અને અજીવ એ બે તત્ત્વ માત્ર જાણવા યોગ્ય છે; પુણ્ય, સંવર, નિર્જરા, અને મોક્ષ એ ચાર તત્ત્વ ગ્રહણ કરવા યોગ્ય છે; પરંતુ એમાંનું પુણ્ય તત્ત્વ વ્યવહારનયે કરી શ્રાવકને ગ્રહણ કરવા યોગ્ય છે અને નિશ્ચયનયે ત્યાગ કરવા યોગ્ય છે, તેમજ મુનિને ઉત્સર્ગે[2] ત્યાગ કરવા યોગ્ય છે અને અપવાદે ગ્રહણ કરવા યોગ્ય છે તથા પાપ, આશ્રવ અને બંધ એ ત્રણ તત્ત્વ તો સર્વથા સર્વને ત્યાગ કરવા યોગ્ય જ છે.

એ નવતત્ત્વનાં નામ કહ્યાં. અન્યથા સંક્ષેપથી તો જીવ અજીવ એ બે તત્ત્વ જ શ્રીઠાણાંગમાંહે બીજા ઠાણે કહ્યાં છે, કેમકે જીવને પુણ્ય તથા પાપનો સંભવ છે તથા કર્મનો બંધ પણ તાદાત્મિક[3] છે અને કર્મ જે છે તે પુદ્ગલ પરિણામ છે અને પુદ્ગલ તે અજીવ છે તથા આશ્રવ જે છે તે પણ મિથ્યા દર્શનાદિરૂપ ઉપાધિએ કરી જીવનો મલિન સ્વભાવ છે. એ પણ આત્માના પ્રદેશ અને પુદ્ગલ વિના બીજો કાંઈ નથી તથા સંવર જે છે તે પણ આશ્રવ નિરોધ લક્ષણ દેશ સર્વ ભેદ આત્માનો નિવૃત્તિરૂપ સ્વભાવ પરિણામ જ્ઞાનાત્મક છે તથા નિર્જરા જે છે તે પણ જીવ અને કર્મને પૃથક ઉપજાવવાને કારણે દધિ મંથન ન્યાયે કરી કર્મનો પરિપાક છે તથા સર્વ શક્તિએ કરી સકલ કર્મ દુઃખનો ક્ષય નવનીતગત દગ્ધ જલ નિર્મળ ઘૃત[4] પ્રગટરૂપ દૃષ્ટાંતે ચિદાનંદમય આત્માનું પ્રગટ થાવું તે મોક્ષ તત્ત્વ છે, તે માટે જીવ અને અજીવ એ બે તત્ત્વ જ કહીએ

૧. 'જ્ઞ' પરિજ્ઞાએ = જ્ઞાનથી જાણવું. ૨. ઉત્સર્ગ = મુખ્યમાર્ગ'કાયમીમાર્ગ, ધોરી માર્ગ ૩. તાદાત્મિક = એકરૂપ જેવો. ૪. નવનીત... ઘૃત = માખણમાં રહેલ પાણીનો અંશ બાળી નિર્મળ ઘી પ્રગટ કરવા રૂપ.

તથા અન્યત્ર મતાંતરે સાત તત્ત્વ પણ છે. કેમકે પુણ્ય અને પાપ એ બે તત્ત્વનો અંતરભાવ આશ્રવ તત્વમાંહે જ થાય છે, કારણ જે શુભ પ્રકૃતિકર્મ બંધ તે પુણ્ય અને અશુભ પ્રકૃતિકર્મબંધ તે પાપતત્ત્વ છે. માટે પુણ્ય પાપ રહિત સાત તત્ત્વ કહીએ. તેમજ વળી પાંચ તત્ત્વ પણ કહ્યાં છે. ઈત્યાદિક ઘણો વિસ્તાર વિશેષાવશ્યક તથા તત્ત્વાર્થ અને લોક પ્રકાશાદિ ગ્રંથો થકી જાણવો.

નવતત્ત્વના રૂપી અરૂપી ભેદોની સંખ્યાનો તથા હેય જ્ઞેયાદિનો યંત્ર નીચે પ્રમાણે છે. જ્ઞેય તો નવે તત્ત્વ છે.

| અંક | નામ | રૂપી ભેદ | અરૂપી ભેદ | હેય જ્ઞેયાદિ |
|---|---|---|---|---|
| ૧ | જીવ | ૧૪ | સિદ્ધ | જ્ઞેય |
| ૨ | અજીવ | ૪ | ૧૦ | જ્ઞેય |
| ૩ | પુણ્ય | ૪૨ | ૦ | ઉપાદેય; હેય |
| ૪ | પાપ | ૮૨ | ૦ | હેય |
| ૫ | આશ્રવ | ૪૨ | ૦ | હેય |
| ૬ | સંવર | ૦ | ૫૭ | ઉપાદેય |
| ૭ | નિર્જરા | ૦ | ૧૨ | ઉપાદેય |
| ૮ | બંધ | ૪ | ૦ | હેય |
| ૯ | મોક્ષ | ૦ | ૯ | ઉપાદેય |

જ્ઞેય = જાણવા યોગ્ય, હેય = છોડવા યોગ્ય, ઉપાદેય = આદરવા યોગ્ય.

## ૧. જીવ તત્ત્વ

ચૈતન્ય લક્ષણ, * સદા સઉપયોગી, અસંખ્યાત પ્રદેશી, સુખ દુઃખનો જાણ, સુખ દુઃખનો વેદક, અરૂપી હોય તેને જીવ તત્ત્વ કહીએ.

### જીવના ભેદો વિસ્તારથી કહે છે

જીવનો એક ભેદ છે, સકળ જીવોનું ચૈતન્ય લક્ષણ એકજ પ્રકારે છે તે માટે સંગ્રહનયે કરીને એક ભેદે જીવ કહીએ, બે પ્રકારે પણ જીવ કહીયે, ૧ ત્રસને ૨ સ્થાવર તથા ૧ સિદ્ધ અને ૨ સંસારી. ત્રણ પ્રકારે જીવ. ૧ સ્ત્રી વેદ, ૨ પુરૂષ વેદને ૩ નપુંસક વેદ તથા ૧ ભવ **સિદ્ધિયા**[1], ૨ અભવ **સિદ્ધિયા**[2], ૩ નોભવ **સિદ્ધિયા,નો અભવસિદ્ધિયા**[3], ચાર પ્રકારે જીવ. ૧ નારકી, ૩ તિર્યંચ, ૩ મનુષ્યને ૪ દેવતા તથા ૧ ચક્ષુદર્શની ૨ અચક્ષુદર્શની ૩ અવધિદર્શની, ૪ કેવળદર્શની પાંચ પ્રકારે જીવ ૧ એકેંદ્રિય, ૨ બેઈંદ્રિય, ૩ તેઈંદ્રિય, ૪ ચૌરેંદ્રિય, ૫ પંચેંદ્રિય તથા ૧ સજોગી, ૨ મન જોગી, ૩ વચન જોગી, ૪ કાય જોગી, ૫ અજોગી, છ પ્રકારે જીવ ૧ પૃથ્વીકાય, ૨ અપકાય, ૩ તેઉકાય, ૪ વાઉકાય, ૫ વનસ્પતિકાય, ૬ ત્રસકાય, તથા ૧ સકષાયી, ૨ ક્રોધકષાયી, ૩ માનકષાયી, ૪ માયાકષાયી, ૫ લોભકષાયી, ૬ અકષાયી, સાત પ્રકારે જીવ ૧ નારકી, ૨ તિર્યંચ, ૩ તિર્યંચણી, ૪ મનુષ્ય, ૫ મનુષ્યણી, ૬ દેવતા, ૭ દેવી આઠ પ્રકારે જીવ ૧ સલેશી, ૨ કૃષ્ણલેશી, ૩ નીલલેશી, ૪ કાપોત-લેશી, ૫ તેજુલેશી, ૬ પદ્મલેશી, ૭ શુક્લલેશી, ૮ અલેશી, નવ પ્રકારે જીવ ૧ પૃથ્વી, ૨ અપ, ૩ તેઉ, ૪ વાઉ, ૫ વનસ્પતિ, ૬ બેઈંદ્રિય, ૭ તેઈંદ્રિય, ૮ ચૌરેન્દ્રિય, ૯ પંચેન્દ્રિય.

* જેમ ગોળનો ગુણ મીઠાશ તેમ જીવના ગુણ ચૈતન્ય. જેમ ગોળ અને મીઠાશ એક તેમ જીવ અને ચૈતન્ય એક. ૧. મોક્ષ પામવાની લાયકાત ૨. મોક્ષ પામવાની લાયકાત વગરના ૩. સિદ્ધ ભગવાન

દશ ભેદે જીવ ૧ એકેન્દ્રિય, ૨ બેઈંદ્રિય, ૩ તેઈંદ્રિય ૪ ચૌરેંદ્રિય, ૫ પંચેંદ્રિય, એ પાંચનાં અપર્યાપ્તા અને પર્યાપ્તા મળી દશ થાય.

અગ્યાર ભેદે જીવ ૧ એકેંદ્રિય ૨ બેઈન્દ્રિય ૩ તેઈન્દ્રિય ૪ ચૌરેંદ્રિય, ૫ નારકી, ૬ તિર્યંચ, ૭ મનુષ્ય, ૮ ભવન પતિ, ૯ વાણવ્યંતર, ૧૦ જ્યોતિષી, ૧૧ વૈમાનિક.

બાર ભેદે જીવ ૧ પૃથ્વી ૨ અપ, ૩ તેઉ, ૪ વાઉ, ૫ વનસ્પતિ, ૬ ત્રસકાય, એ છના અપર્યાપ્તા અને પર્યાપ્તા મળી બાર થયા. તેર ભેદ જીવ ૧ કૃષ્ણલેશી, ૨ નીલલેશી ૩ કાપોતલેશી, ૪ તેજુ લેશી, પં પદ્મલેશી, ૬ શુકલલેશી, એ છના અપર્યાપ્તા ને પર્યાપ્તા મળી બાર ને એક અલેશી મળી કુલ તેર થયા.

જીવના ચૌદ ભેદ કહે છે-૧ સૂક્ષ્મ એકેન્દ્રિયનો અપર્યાપ્તો, ૨ સૂક્ષ્મ એકેન્દ્રિયનો પર્યાપ્તો, ૩ બાદર એકેન્દ્રિયનો અપર્યાપ્તો, ૪ બાદર એકેન્દ્રિયનો પર્યાપ્તો, ૫ બેઈંદ્રિયનો અપર્યાપ્તો, ૬ બેઈન્દ્રિયનો પર્યાપ્તો, ૭ તેઈંદ્રિયનો અપર્યાપ્તો, ૮ તેઈંદ્રિયનો પર્યાપ્તો, ૯ ચૌરેંદ્રિયનો અપર્યાપ્તો, ૧૦ ચૌરેંદ્રિયનો પર્યાપ્તો, ૧૧ અસંજ્ઞી પંચેંદ્રિયનો અપર્યાપ્તો, ૧૨ અસંજ્ઞી પંચેંદ્રિયનો પર્યાપ્તો, ૧૩ સંજ્ઞી પંચેંદ્રિયનો અપર્યાપ્તો, ૧૪ સંજ્ઞી પંચેંદ્રિયનો પર્યાપ્તો એ ચૌદ ભેદ જીવના કહ્યા.

વ્યવહાર વિસ્તારનયે કરીને પાંચસેં ત્રેસઠ ભેદ જીવના કહે છે-તેમાં ત્રણસેં ને ત્રણ ભેદ મનુષ્યના, એકસો અઠાણું ભેદ દેવતાના, અડતાલીશ ભેદ તિર્યંચના, ચૌદ ભેદ નારકીના એમ ૫૬૩ ભેદ થયા.

મનુષ્યના ૩૦૩ ભેદ કહે છે- ૧૫ કર્મભૂમિના મનુષ્ય, ૩૦ અકર્મભૂમિનાં મનુષ્ય, ૫૬ અંતરદ્વીપનાં મનુષ્ય એમ ૧૦૧ થયા,

તે ક્ષેત્રના ગર્ભજ મનુષ્યના અપર્યાપ્તા તથા પર્યાપ્તા એમ ૨૦૨ અને ૧૦૧ ક્ષેત્રના સંમૂર્ચ્છિમ મનુષ્યના અપર્યાપ્તા એ સર્વ મળી કુલ ૩૦૩ ભેદ મનુષ્યના થયા.

કર્મભૂમિ તે કોને કહીએ ? -૧ **અસિ,** ૨ **મસી,** ૩ **કૃષિ,** એ ત્રણ પ્રકારના વેપારે કરી જીવે તે. તે કર્મભૂમિના ક્ષેત્ર કેટલા અને કયાં છે તે કહે છે-૫ ભરત, ૫ ઈરવત અને ૫ મહાવિદેહ એ ૧૫. તે એક લાખ જોજનનો જંબુદ્વીપ છે (તે થાળીને આકારે છે, તથા બાકીના દ્વીપ સમુદ્ર ચૂડીને આકારે છે) તેમાં ૧ ભરત, ૧ ઈરવત, ૧ મહાવિદેહ એ ત્રણ ક્ષેત્ર કર્મ ભૂમિનાં જંબુદ્વીપમાં છે. તેને ફરતો બે લાખ જોજનનો લવણ સમુદ્ર છે, તેને ફરતો ચાર લાખ જોજનનો ઘાતકીખંડ દ્વીપ છે, તેમાં ૨ ભરત, ૨ ઈરવત, ૨ મહાવિદેહ છે તેને ફરતો આઠ લાખ જોજનનો કાળોદધિ સમુદ્ર છે, તેને ફરતો આઠ લાખ જોજનનો અર્ધ પુષ્કર દ્વીપ છે, તેમાં ૨ ભરત, ૨ ઈરવત, ૨ મહાવિદેહ છે. એમ સઘળાં મળીને પંદર કર્મભૂમિના મનુષ્ય કહ્યાં.

હવે અકર્મભૂમિ તે કોને કહીએ ? ત્રણ કર્મ-વ્યાંપારરહિત, દશ પ્રકારનાં કલ્પવૃક્ષે કરી જીવે તે કેટલાં અને કયાં છે, તે કહે છે, ૫ હેમવય, ૫ હિરણવય, ૫ હરિવાસ, ૫ રમ્યક્વાસ, ૫ દેવકુરૂ, ૫ ઉત્તરકુરુ એ ત્રીશ અકર્મભૂમિનાં નામ કહ્યા. ૧ હેમવય, ૧ હિરણવય, ૧ હરિવાસ, ૧ રમ્યક્વાસ, ૧ દેવકુરૂ, ૧ ઉત્તરકુરૂ એ છ ક્ષેત્ર જંબુદ્વીપમાં છે. ૨ હેમવય, ૨ હીરણવય, ૨ હરિવાસ, ૨ રમ્યક્વાસ, ૨ દેવકુરુ, ૨ ઉત્તરકુરુ, એ બાર ક્ષેત્ર ધાતકી ખંડમાં છે. ૨ હેમવય, ૨ હિરણવય, ૨ હરિવાસ, ૨ રમ્યક્વાસ, ૨ દેવકુરુ, ૨ ઉત્તરકુરુ, એ બાર અર્ધપુષ્કર દ્વીપમાં છે. એ સઘળાં મળી કુલ ૩૦ અકર્મભૂમિનાં મનુષ્ય કહ્યાં.

અસિ=શસ્ત્ર ચલાવવા, મસિ = કલમ ચલાવવી, વ્યાપાર કરવો, કૃષિ = ખેતી કરવી

## છપ્પન ભેદે અંતરદ્વીપનાં મનુષ્ય કહે છે.

જંબુદ્વીપમાં ભરતક્ષેત્રની મર્યાદાનો કરણહાર ચુલ હિમવંત નામે પર્વત છે તે સોના જેવા પીળો છે, સો જોજનનો ઉંચો છે, સો ગાઉનો ઊંડો છે, એક હજાર બાવન જોજન ને બાર કળાનો પહોળો છે, ચોવીસ હજાર નવસો બત્રીસ જોજનનો લાંબો છે, તેને પૂર્વ પશ્ચિમને છેડે બબે દાઢા જેવાં આકાર છે અને તે ચોરાસીસો ચોરાસીસો જોજનની ઝાઝેરી લાંબી છે. બન્ને બાજુ દાઢાના આકારે સાત સાત અંતરદ્વીપ છે. ચૂલ હિમવંત પર્વત સાથે આ દ્વિપો જોડાયેલા નથી પરંતુ બધા સ્વતંત્ર દ્વિપ છે. ફક્ત આકાર દાઢા જેવો છે. તે અંતરદ્વીપ ક્યાં છે તે કહે છે.

જગતીના કોટથકી ત્રણસો જોજન લવણસમુદ્રમાં જઈએ તે વારે પહેલો અંતરદ્વીપ આવે, તે ૩૦૦ જોજનનો લાંબો ને પહોળો છે. ત્યાંથી ચારસો જોજન જઈએ તેવારે બીજો અંતરદ્વીપ આવે, તે ૪૦૦ જોજનનો લાંબો ને પહોળો છે. ત્યાંથી પાંચસો જોજન જઈએ તે-વારે ત્રીજો અંતરદ્વીપ આવે, તે ૫૦૦ જોજનનો લાંબો ને પહોળો છે. ત્યાંથી છસો જોજન જઈએ તેવારે ચોથો અંતરદ્વીપ આવે, તે ૬૦૦ જોજનનો લાંબો ને પહોળો છે. ત્યાંથી સાતસો જોજન જઈએ ત્યારે પાંચમો અંતરદ્વીપ આવે તે ૭૦૦ જોજન લાંબોને પહોળો છે. ત્યાંથી આઠસો જોજન જઈ તે તેવારે છઠ્ઠો અંતરદ્વીપ આવે. તે ૮૦૦ જોજનનો લાંબો ને પહોળો છે. ત્યાંથી નવસો જોજન જઈએ તે-વારે સાતમો અંતરદ્વીપ આવે, તે ૯૦૦ જોજનનો લાંબો ને પહોળો છે, એમ બન્ને બાજુ સાત સાત અંતરદ્વીપ આવે, કુલ ચાર તરફ મળી ૨૮ અંતરદ્વીપ જાણવા.

આવી જ રીતે ઈરવત ક્ષેત્રની મર્યાદાનો કરણહાર શિખરી નામે પર્વત છે, તે ચુલ હિમવંત સરખો જ જાણવો. ત્યાં પણ ૨૮ અંતરદ્વીપ છે એમ સઘળા મળી કુલ ૫૬ અંતરદ્વીપ જાણવા. તેને અંતરદ્વીપનાં

૧ યોજન = ૧૯ કળા

મનુષ્ય શા માટે કહીએ ? સમુદ્રની મધ્યમાં દ્વીપોમાં રહેનારાં છે માટે અંતરદ્વીપનાં મનુષ્ય કહીએ. સુખ અકર્મ ભૂમિના જેવું.

## એકસો ને એક ક્ષેત્રનાં સંમૂચ્છિર્મ મનુષ્ય ચૌદ સ્થાનકમાં ઉપજે છે તે કહે છે

૧ ઉચ્ચારેસુ વા કહેતાં વડીનીતમાં ઉપજે, ૨ પાસવણેસુ વા કહેતાં લઘુનીતમાં ઉપજે, ૩ ખેલેસુ વા કહેતાં બળખામાં ઉપજે, ૪ સિંઘાણેસુ વા કહેતાં લીંટમાં ઉપજે, ૫ વંતેસુ વા કહેતાં વમનમાં ઉપજે, ૬ પિત્તેસુ વા કહેતાં લીલા પીળા પિત્તમાં ઊપજે. ૭ પૂએસુ વા કહેતા પરૂમાં ઉપજે ૮ સોણિએસુ વા કહેતાં રૂધિરમાં ઉપજે, ૯ સુક્કેસુ વા કહેતા વીર્યમાં ઉપજે, ૧૦ સુક્ક પોગલ પરિસાડીએસુ વા કહેતાં વિર્યાદિકનાં પુદ્ગળ સુકાણાં તે ફરી ભીનાં થાય તેમાં ઉપજે, ૧૧ વિગય જીવ કલેવરેસુ વા કહેતાં મનુષ્યના કલેવરમાં ઊપજે, ૧૨ ઇત્થીપુરીષ સંજોગેસુ વા કહેતાં સ્ત્રી પુરૂષનાં સંજોગમાં ઉપજે. ૧૩ નગર નિદ્ધમણેસુ વા કહેતાં નગરની ખાળોમાં ઉપજે, ૧૪ સવ્વેસુચેવ અસુઈ ઠાણેસુ કહેતાં મનુષ્ય સંબંધી ઉપર કહેલ અશુચિ સ્થાનકો ભેગાં થાય તેમાં ઉપજે, એ ચૌદ સ્થાનકનાં નામ કહ્યાં. તે ૧૦૧ ક્ષેત્રનાં સંમૂચ્છિર્મ મનુષ્યના અપર્યાપ્તા. એ સર્વે મળી કુલ ૩૦૩ ભેદ મનુષ્યના કહ્યા.

## ૧૯૮ ભેદ દેવતાના કહે છે.

દશ ભવનપતિનાં નામ-૧ અસુરકુમાર, ૨ નાગકુમાર, ૩ સુવર્ણકુમાર, ૪ વિદ્યુતકુમાર, ૫ અગ્નિકુમાર, ૬ દ્વીપકુમાર, ૭ ઉદધિકુમાર, ૮ દિશાકુમાર, ૯ વાયુ (પવન) કુમાર ૧૦ સ્તનીતકુમાર,

પંદર પરમાધામીનાં નામ-૧ અંબ, ૨ અંબરિસ, ૩ સામ, ૪ સબલ, ૫ રૂદ્ર, ૬ વૈરુદ્ર, ૭ કાળ, ૮ મહાકાળ, ૯ અસિપત્ર, ૧૦ ધનુષ્ય, ૧૧ કુંભ, ૧૨ વાલુ, ૧૩ વૈતરણી, ૧૪ ખરસ્વર, ૧૫ મહાઘોષ.

સોળ વાણવ્યંત્તરનાં નામ-૧ પિશાચ, ૨ ભૂત, ૩ જક્ષ, ૪ રાક્ષસ, ૫ કિન્નર, ૬ કિંપુરૂષ, ૭ મહોરગ, ૮ ગંધર્વ, ૯ આણપન્ની, ૧૦ પાણપન્ની, ૧૧ ઇસીવાઈ, ૧૨ ભુઈવાઈ, ૧૩ કંદીય, ૧૪ મહાકંદીય, ૧૫ કોહંડ, ૧૬ પયંગદેવ.

દશ જૃંભકાના નામ-૧ આણજૃંભકા, ૨ પાણજૃંભકા, ૩ લયણજૃંભકા, ૪ સયણજૃંભકા, ૫ વત્થજૃંભકા, ૬ પુષ્પજૃંભકા, ૭ ફળજૃંભકા, ૮ બીયજૃંભકા, ૯ વિજ્જુજૃંભકા, ૧૦ અવિયત જૃંભકા.

દશ જ્યોતિષીના નામ-૧ ચંદ્ર, ૨ સૂર્ય, ૩ ગ્રહ, ૪ નક્ષત્ર, ૫ તારા, એ પાંચ ચર તે અઢી દ્વીપમાં છે ને એ જ નામના બીજા પાંચ સ્થિર તે અઢી દ્વીપ બહાર છે એમ મળી દશ.

ત્રણ કિલ્વિષીનાં નામ-૧ ત્રણ પલીયા, ૨ ત્રણ સાગરીયા, ૩ તેર સાગરીયા.

નવ લોકાંતિકનાં નામ-૧ સારસ્વત, ૨ આદિત્ય ૩ વિન્હિ, ૪ વરૂણ, ૫ ગર્દતોયા, ૬ તોષિયા, ૭ અવ્યાબાધા, ૮ અગિચ્ચા, ૯ રિઠા.

બાર દેવલોકનાં નામ-૧ સુધર્મા, ૨ ઇશાન, ૩ સનતકુમાર, ૪ માહેંદ્ર, ૫ બ્રહ્મલોક, ૬ લાંતક, ૭ મહાશુક્ર, ૮ સહસ્ત્રાર, ૯ આણત, ૧૦ પ્રાણત, ૧૧ આરણ, ૧૨ અચ્યુત.

નવ ગ્રૈવેયકના નામ-૧ ભદ્દે, ૨ સુભદ્દે, ૩ સુજાએ, ૪ સુમાણસે, ૫ પ્રિયંદસણે, ૬ સુદંસણે, ૭ આમોહે, ૮ સુપડિબધ્ધે, ૯ જશોધરે.

પાંચ અનુત્તર વિમાનનાં નામ-૧ વિજય, ૨ વિજયંત, ૩ જયંત, ૪ અપરાજિત, ૫ સર્વાર્થસિદ્ધ.

સઘળા મળી ૯૯ જાતના દેવતા અપર્યાપ્તા ને ૯૯ જાતના પર્યાપ્તા કુલ મળી ૧૯૮ ભેદ દેવતાના કહ્યાં.

## ૪૮ ભેદ તિર્યંચના કહે છે.

૧ પૃથ્વી, ૨ પાણી, ૩ તેઉ, ૪ વાઉ એ ચાર સૂક્ષ્મને ચાર બાદર એ આઠના અપર્યાપ્તા ને પર્યાપ્તા મળી સોળ થાય. વનસ્પતિના ત્રણ ભેદ-૧ સૂક્ષ્મ, ૨ પ્રત્યેક ને ૩ સાધારણ એ ત્રણના અપર્યાપ્તા ને પર્યાપ્તા મળી ૬ બધા મળી ૨૨ એકેંદ્રિયના, ત્રણ વિકલેંદ્રિયના, તે ૧ બેઈંદ્રિય, ૨ તેઈંદ્રિય, ૩ ચૌરિંદ્રય એ ત્રણના અપર્યાપ્તા ને પર્યાપ્તા એ છ મળી ૨૮ થયા.

૧ જળચર, ૨ સ્થળચર, ૩ ઉરપર, ૪ ભુજપર, ૫ ખેચર એ પાંચ સંમૂર્ચ્છિમ ને પાંચ ગર્ભજ એ મળી ૧૦ ના અપર્યાપ્તા ને ૧૦ ના પર્યાપ્તા એ મળી ૨૦ કુલ મળી ૪૮ ભેદ તિર્યંચના કહ્યા.

## ચૌદ ભેદ નારકીના કહે છે.

સાત નરકનાં નામ-૧ ધમા, ૨ વંશા, ૩ શિલા, ૪ અંજણા, ૫ રિટ્ઠા, ૬ મઘા, ૭ માઘવઈ, એ સાતનાં નામ કહ્યાં. હવે તેના ગોત્ર કહે છે-૧ રત્નપ્રભા, ૨ શર્કરાપ્રભા, ૩ વાલુપ્રભા, ૪ પંકપ્રભા, ૫ ધૂમપ્રભા, ૬ તમસ્પ્રભા ૭ તમસ્તમસ્પ્રભા એ સાતના અપર્યાપ્તા અને પર્યાપ્તા મળી ચૌદ ભેદ નારકીના કહ્યાં.

## નારકીનો વિસ્તાર કહે છે.

૧. પહેલી નરકનો પિંડ એક લાખ એંશીહજાર જોજનનો છે. તેમાંથી એક હજાર જોજનનો દળ નીચે મૂકીએ ને એક હજાર જોજનનો દળ ઉપર મૂકીએ તે વચ્ચે એક લાખ અઠયોતેર હજાર જોજનની પોલાણ છે. તે પોલાણમાં ૧૩ **પાથડા**[૧] છે ને ૧૨ **આંતરા**[૨] છે. તે પાથડા મધ્યે ત્રીસલાખ નરકાવાસા છે. અસંખ્યાતી નારકીને ઉપજવાની કુંભીઓ છે. અસંખ્યાતા નારકી

૧. પાથડા = તે બિલ્ડીંગમાના માળના પોલા સ્લેબ સમાન = ભાગ કરનારા ભાગ જ્યાં નારકી રહે છે. ૨. આંતરા = વચ્ચેની ખાલી જગ્યા જ્યાં ભવનપતિ રહે છે.

છે. તેની નીચે ચાર બોલ છે. (૧) ૨૦૦૦૦ જોજનનો ઘનોદધિ[1] છે, (૨) અસંખ્યાતા જોજનનો ઘનવા[2] છે. (૩) અસંખ્યાતા જોજનનો તનવા[3] છે, (૪) અસંખ્યાતા જોજનનો આકાશ છે. એ ચાર બોલ થયા. તેની નીચે બીજી નરક છે.

બીજી નરકનો પિંડ-એક લાખ બત્રીશ હજાર જોજનનો છે તેમાંથી એક હજાર જોજનનો દળ ઉપર મૂકીએ ને એક હજાર જોજનનો દળ નીચે મૂકીએ તે વચ્ચે એક લાખ ત્રીશ હજાર જોજનની પોલાણ છે તે પોલાણમાં ૧૧ પાથડા ને ૧૦ આંતરાં છે; તે મધ્યે પચીશ લાખ નરકાવાસા છે. અસંખ્યાતી નારકીને ઉપજવાની કુંભીઓ છે અને અસંખ્યાતા નારકી છે તે નીચે પહેલી નરકમાં કહ્યા તે જ ચાર બોલ છે, તેની નીચે ત્રીજી નરક છે.

ત્રીજી નરકનો પિંડ-એક લાખ અઠાવીસ હજાર જોજનનો છે. તેમાંથી એક હજાર જોજનનો દળ ઉપર મૂકીએ ને એક હજાર જોજનનો દળ નીચે મૂકીએ તે વચ્ચે એક લાખ છવ્વીશ હજાર જોજનની પોલાણ છે તે પોલાણમાં ૯ પાથડા છે ને ૮ આંતરા છે તે મધ્યે પંદર લાખ નરકાવાસા છે, નારકીને ઉપજવાની અસંખ્યાતી કુંભીઓ છે અને અસંખ્યાતા નારકી છે તે નીચે ઉપર કહેલા ચાર બોલ છે, તેની નીચે ચોથી નરક છે.

ચોથી નરકનો પિંડ-એક લાખ વીશ હજાર જોજનનો છે. તેમાંથી એક હજાર જોજનનો દળ ઉપર મૂકીએ ને એક હજાર જોજનનો દળ નીચે મૂકીએ તે વચ્ચે એક લાખ અઢાર હજાર જોજનની પોલાણ છે. તે પોલાણમાં સાત પાથડા છે ને છ આંતરા છે તે મધ્યે દશ લાખ નરકવાસા છે, નારકીને ઉપજવાની અસંખ્યાતી કુંભીઓ છે અને અસંખ્યાતા નારકી છે. તે નીચે ઉપર કહેલા ચાર બોલ છે. તેની નીચે પાંચમી નરક છે.

---

૧. ઘનોદધિ = નક્કર પાણી- બરફ જેવું. ૨. ઘનવા = નક્કર થઈ ગયેલો વાયું ૩. તનવા = પાતળો થઈ ગયેલો વાયું

પાંચમી નરકનો પિંડ-એક લાખ અઢાર હજાર જોજનનો છે. તેમાંથી એક હજાર જોજનનો દળ ઉપર મૂકીએ ને એક હજાર જોજનનો દળ નીચે મૂકીએ, તે વચ્ચે એક લાખ સોળ હજાર જોજનની પોલાણ છે. તે પોલાણમાં ૫ પાથડા છે ને ૪ આંતરા છે તેમાં ત્રણ લાખ નરકવાસા છે. અસંખ્યાતી કુંભીઓ છે અને અસંખ્યાતા નારકી છે. તેની નીચે ઉપર કહેલા ચાર બોલ છે. તેની નીચે છઠ્ઠી નરક છે.

છઠ્ઠી નરકનો પિંડ-એક લાખ સોળ હજાર જોજનનો છે તેમાંથી એક હજાર જોજનનો દળ ઉપર મૂકીએ ને એક હજાર જોજનનો દળ નીચે મૂકીએ તે વચ્ચે એક લાખ ચૌદ હજાર જોજનની પોલાણ છે. તે પોલાણમાં ૩ પાથડા છે ને ૨ આંતરાં છે. તેમાં એક લાખમાં પાંચ ઓછા નરકાવાસા છે. અસંખ્યાતી કુંભીઓ છે અને અસંખ્યાતા નારકી છે. તે નીચે ઉપર કહેલા ચાર બોલ છે. તેની નીચે સાતમી નરક છે.

સાતમી નરકનો પિંડ-એક લાખ આઠ હજાર જોજનનો છે તેમાંથી સાડી બાવન હજાર જોજનનો દળ ઉપર મૂકીએ ને સાડી બાવન હજાર જોજનનો દળ નીચે મૂકીએ તે વચ્ચે ત્રણ હજાર જોજનની પોલાણ છે. તે પોલાણમાં પાંચ નરકાવાસા છે. અસંખ્યાતી કુંભીઓ છે ને અસંખ્યાતા નારકી છે. તે નીચે ઉપર કહેલા ચાર બોલ છે. તેની નીચે અનંતો અલોક છે એ નારકીનો વિસ્તાર સંપૂર્ણ થયો.

## જીવનું લક્ષણ કહે છે.

જ્ઞાન તે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન તથા કેવલજ્ઞાન એ પાંચ જ્ઞાન સમ્યક્ત્વ આશ્રયીને કહ્યા છે. એની સાથે મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન તથા વિભંગજ્ઞાન એ ત્રણ અજ્ઞાન મિથ્યાત્વાશ્રયી છે, તે લેતાં આઠની સંખ્યા થાય છે. એમાનું ગમે તે એક અથવા અધિક જ્ઞાન અથવા અજ્ઞાન જેમાં હોય વળી દર્શન તે ચક્ષુ, અચક્ષુ, અવધિ તથા કેવળ, એ ચાર પ્રકારના દર્શનમાંનું ગમે

તે એક અથવા અધિક દર્શન જેમાં હોય તથા ચારિત્ર તે સામાયિક, છેદાપસ્થાપનીય, પરિહારવિશુદ્ધ, સૂક્ષ્મ સંપરાય, યથાખ્યાત, દેશવિરતિ તથા અવિરતિ, એ સાત પ્રકારના હિંસાદિક અશુભ પરિણામથી નિવૃત્તિ તથા વ્યવહારથી ક્રિયાનિરોધરૂપ ચારિત્રમાંનું ગમે તે એક અથવા અધિક ચારિત્ર હોય તથા તપ બે પ્રકારનું કહ્યું છે, એક દ્રવ્યથી, એના બાર ભેદ છે, તેના નામ નિર્જરા તત્ત્વમાં કહેવાશે, બીજું ઈચ્છાનિરોધરૂપ ભાવથી, એમાંનું ગમે તે એક અથવા અધિક તપ જેમાં હોય, તેમજ કરણ તથા લબ્ધિરૂપ અથવા બળ પરાક્રમરૂપ એ બે પ્રકારનાં વીર્યમાનું ગમે તે એક અથવા વધારે જેમાં હોય તથા ઉપયોગ તે પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન તથા ચાર દર્શન એ બાર પ્રકારના સાકાર તથા નિરાકારરૂપ ઉપયોગમાંનો ગમે તે એક અથવા વધારે ઉપયોગ જેમાં હોય, તેને સંસારી અથવા સિદ્ધ જીવ કહીએ. એ ગુણ જીવ વિના બીજા કોઈમાં હોય નહિ. એ પ્રકારે જીવનું લક્ષણ જાણવું. ઈતિ જીવતત્ત્વ.

## ૨ અજીવ તત્ત્વ

**જડ લક્ષણ ચૈતન્ય રહિત હોય તેને અજીવ તત્ત્વ કહીએ.**

હવે અજીવતત્ત્વના ચૌદ ભેદ કહે છે ૧ ધર્માસ્તિકાયનો સ્કંધ, ૨ દેશ, ૩ પ્રદેશ, ૪ અધર્માસ્તિકાયનો સ્કંધ, ૫ દેશ, ૬ પ્રદેશ, ૭ આકાશાસ્તિકાયનો સ્કંધ, ૮ દેશ, ૯ પ્રદેશ, ૧૦ અદ્ધાસમયકાળ, એ દશ ભેદ અરૂપી અજીવના કહ્યા. રૂપી

**સ્કંધ દેશ-પ્રદેશની સમજણ.**

* પ્રદેશના સમૂહને અસ્તિકાય કહે છે. ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય લોકવ્યાપક અને આકાશાસ્તિકાય લોકાલોક વ્યાપક છે. એ ત્રણે સંપૂર્ણ દ્રવ્યોને સ્કંધ કહેવાય છે. તેથી કાંઈક ઓછો હોય અથવા સકળ પ્રદેશાનુગત સામાન્ય પરિણામની પેરે અવયવ ધર્માસ્તિકાય આદિના જે બુદ્ધિ પરિકલ્પિતાદિ પ્રકૃષ્ટ દેશ, અને અતિ

અજીવના * ચાર ભેદ કહે છે. ૧૧ પુદ્ગલસ્તિકાયનો સ્કંધ, ૧૨ દેશ, ૧૩ પ્રદેશ, ૧૪ પરમાણુપુદ્ગલ એ મળી ૧૪ ભેદ કહ્યાં.

* (ભગ. શતક ર. ઉ. ૧૦)

# વ્યવહાર વિસ્તાર નયે કરી ૫૬૦ ભેદ અજીવ તત્ત્વના કહે છે.

ધર્માસ્તિકાય-૧ દ્રવ્યથકી એક, ૨ ક્ષેત્રથકી આખા લોક

નિર્વિભાજ્ય અવિભાજ્ય હોય તે પ્રદેશ કહેવાય છે. અખંડ દ્રવ્યરૂપ આખા પદાર્થને અથવા અનંતાદિ પરમાણુના મળેલા સમૂહને સ્કંધ કહે છે. સ્કંધનો કેટલો એક ભાગ જેનો સ્કંધની સાથે સંબંધ હોય તેને દેશ કહે છે. જેનો સ્કંધની સાથે નિર્વિભાજ્ય કલ્પના કરી છતાં સ્કંધની સાથે અભિન્ન સંબંધ હોય તેને પ્રદેશ કહે છે અને તે જ પ્રદેશ જો સ્કંધથી ભિન્ન થાય એવો નિર્વિભાજ્ય ભાગ એટલે જેના કેવળીની બુદ્ધિએ એક ભાગના બે ભાગ થઈ શકે નહિ તેને પરમાણુ કહે છે.*

### ચાર દ્રવ્યોની દષ્ટાંતથી સમજણ

જેમ માછલાને ગતિ કરતાં પાણીનો આધાર અને પાંગળાને લાકડીનો આધાર તેમ જીવ પુદ્ગળને ગતિ પરિણમ્યાને ધર્માસ્તિકાયનો આધાર. ૨ જેમ ઉષ્ણકાળે તૃષાએ પીડિત પંખીને વૃક્ષની છાયાનો આધાર તેમ સ્થિત પરિણમ્યા જીવ પુદ્ગળને અધર્માસ્તિકાયનો આધાર. ૩ જેમ ઓરડામાં એક દીવાની જ્યોતિના પરમાણુ સમાય છે અને હજાર દીવાની પ્રભા પણ સમાય. અથવા ભીંતમાં ખીલો પેસે તેનું કારણ આકાશની અવગાહના દાન શક્તિ છે. (૪) જેમ કોઈક બાળક જન્મ્યો હોય, તે બાલ્યાવસ્થાવાળો થાય, પછી યુવાન થાય, પછી વૃદ્ધ થાય, જો કે જીવતો સદાય સરખો છે, પણ બાળ, યુવાન તથા વૃદ્ધનો કરનાર કાળ છે.

## પુદ્ગલદ્રવ્યનું ઔપાધિક લક્ષણ કહે છે.

સચિત્ત. અચિત્ત. અને મિશ્ર એ ત્રણ પ્રકારમાં ગમે તે પ્રકારનો શબ્દ. અંધકાર તથા રત્ન પ્રમુખનો પ્રકાશ તથા ચંદ્રમા પ્રમુખની

પ્રમાણે. ૩ કાળથકી અનાદિ અનંત, ૪ ભાવથકી અવર્ણે, અગંધે, અરસે, અફાસે, અમૂર્તિ, ૫ ગુણથકી ચલણસહાય. અધર્માસ્તિ કાય ૬ દ્રવ્યથકી એક. ૭ ક્ષેત્રથકી આખા લોક પ્રમાણે. ૮ કાળથકી અનાદિઅનંત, ૯ ભાવથકી અવર્ણે અગંધે અરસે અફાસે, અમૂર્તિ, ૧૦ ગુણથકી સ્થિર સહાય, આકાશાસ્તિકાય ૧૧ દ્રવ્યથકી એક, ૧૨ ક્ષેત્રથકી લોકાલોક પ્રમાણે, ૧૩ કાળથકી અનાદિ અનંત ૧૪ ભાવથકી અવર્ણે, અગંધે, અરસે, અફાસે અમૂર્તિ, ૧૫ ગુણથકી અવગાહનાદાન, કાળ ૧૬ દ્રવ્યથકી

---

જ્યોતિ તથા છાયા અને સૂર્ય પ્રમુખનો આતાપ, વર્ણ ગંધ, રસ, સ્પર્શ એવા ગુણોવાળો હોય અને જે ચૌદ રાજલોકમાં વ્યાપક, સંખ્યાત પ્રદેશી, અસંખ્યાત પ્રદેશી તથા અનંત પ્રદેશીનો પૂરણ, ગલન સ્વભાવવાન એવો અખંડ પુદ્ગલાસ્તિકાયરૂપ સ્કંધ. તે સ્કંધનો એક ભાગ અથવા કાંઈપણ ન્યૂન ભાગરૂપ દેશ તથા જે કેવલીની બુદ્ધિએ પણ એક ભાગના બે ભાગ થઈ શકે નહિ એવો અતિ સૂક્ષ્મ સ્કંધનો અભિન્ન ભાગ નિર્વિભાજ્યરૂપ તે પ્રદેશ. તેની જ જ્યારે સ્કંધથી ભિન્ન કલ્પના થાય ત્યારે તે પરમાણુ કહેવાય છે. એ પુદ્ગલોનું નિશ્ચયપણે લક્ષણ છે.

### કાળદ્રવ્યના ભેદ દર્શાવે છે.

એક ક્રોડ સડસઠ લાખ; સત્યોતેર હજાર, બસેં અને સોલ ઉપર એટલી આવલિકા એક મૂહૂર્તમાં થાય છે. એનો ભાવાર્થ કહે છે - આંખના એક સ્ફુરણમાં અથવા એક ચપટી વગાડવામાં યા જીર્ણ વસ્ત્ર ફાડવાના વખતે એક તંતુથી બીજાં તંતુએ જાય તથા કમળના પાંદડાના સમૂહને યુવાન પુરૂષ ભાલા વડે વીંધતા એક પાંદડાથી બીજે પાંદડે ભાલું પહોંચે, એટલા વખતમાં અસંખ્યાતા સમય થઈ જાય, એટલે વસ્ત્ર અથવા પત્ર ફાડવાના આરંભમાં સૂક્ષ્માત્ સૂક્ષ્મ ક્ષણરૂપ જે કાળ હોય છે, જેના વિભાગ થઈ શકે નહિ, જેનો ભૂત અને ભવિષ્ય વિષે વિચાર થાય નહિ, એટલે વસ્ત્ર અથવા પત્ર ફાડતાં પ્રથમ વર્તમાન કાળરૂપ અતિ સૂક્ષ્મ કાળનું ઉલ્લંઘન થઈને તે ક્યારે ભૂતકાળ થયો ? ક્યો વર્તમાન કાળ છે ? અને ક્યો ભવિષ્યકાળ થવા યોગ્ય છે ? તેનું

અનંત, ૧૭ ક્ષેત્રથકી અઢીદ્વીપ પ્રમાણે ૧૮ કાળથકી અનાદિ અનંત, ૧૯ ભાવથકી અવર્ણે, અગંધે, અરસે અફાસે, અમૂર્તિ,

---

અનુમાન થઈ શકે નહિ. તેને સર્વ લઘુકાળરૂપ સમય કહે છે. એવા અસંખ્યાત સમયને આવલિકા કહે છે. એવી બસોને છપ્પન આવલિકાનો એક ક્ષુલ્લક ભવ હોય છે. એ કરતાં બીજા કોઈ પણ નાના ભવની કલ્પના થઈ શકે નહિ.એવા કાંઈક અધિક સત્તર ક્ષુલ્લક ભવમાં એક શ્વાસોશ્વાસરૂપ પ્રાણની ઉત્પત્તિ હોય છે. એવા સાત પ્રાણોત્પત્તિ કાળને એક સ્તોક કહે છે. એવા સાત સ્તોક સમયે એક લવ થાય છે, સત્યોતેર લવે બે ઘડીરૂપ એક મુહૂર્ત થાય છે.

ત્રીશ મુહૂર્તે એક અહોરાત્રરૂપ દિવસ થાય છે, પંદર અહોરાત્રિએ પખવાડિયું થાય છે, બે પખવાડિયે એક મહિનો થાય છે, બાર મહિને એક વર્ષ થાય છે, તેમજ અસંખ્યાતા વર્ષે એક પલ્યોપમ થાય. તેવા દશ ક્રોડાક્રોડી પલ્યોપમે ૧ સાગરોપમ થાય. તેવા દશ ક્રોડાક્રોડી સાગરોપમે ૧ ઉત્સર્પિણી અને બીજા દશ ક્રોડાક્રોડી સાગરોપમે ૧ અવસર્પિણી થાય. એ બે મળી વીશ ક્રોડાક્રોડી સાગરોપમે એક કાળચક્ર થાય, એવા અનંત કાળ ચક્રે એક પુદ્ગલ પરાવર્તન થાય. એ સર્વ મનુષ્ય લોકમાં વ્યવહારથી કાળ જાણવો.

પૂર્વોક્ત જે કાળના ભેદ કહ્યાં, તેથી વળી બીજા પણ કાળના ભેદ ઘણા છે. જેમકે બે માસે એક ઋતુ થાય છે. ત્રણ ઋતુએ એક અયન, બે અયને એક વર્ષ, પાંચ વર્ષે એક યુગ, ચોરાશી લાખ વર્ષે એક પૂર્વાંગ, તે એક પૂર્વાંગને ચોરાશી લાખે ગુણતાં એક પૂર્વ થાય છે. ૧ પૂર્વ = ૭૦, ૫૬૦ અબજ વર્ષ. વ્યવહાર કાળ તો અઢી દ્વીપનાં ચંદ્ર સૂર્ય ચાલે છે. તેથી સમય, ઘડી, પ્રહર યાવત સાગરોપમ સુધી ગણાય છે. અઢીદ્વીપની બહાર ચંદ્ર, સૂર્ય સ્થિર છે. તેથી ત્યાં રાત્રિ, દિન વિ. કંઈ નથી. નરક અને દેવલોકમાં પણ રાત-દિવસ નથી. માટે અઢીદ્વીપની બહાર સર્વ સ્થળે કાળનું પરિમાણ નથી. છતાં અઢીદ્વીપનાં કાળની ગણતરી પ્રમાણે જીવ વિ.ની દરેક જગ્યાએ સ્થિતિ બતાવી છે.

૨૦ ગુણથકી વર્તના લક્ષણ; એ વીશ અને ઉપર જે અરૂપી અજીવના દશ ભેદ કહ્યા તે મળી કુલ ૩૦ ભેદ અરૂપી અજીવના જાણવા.

૫૩૦ ભેદ રૂપી અજીવના કહે છે તેમાં વર્ણ ૫-૧ કાળો, ૨ નીલો, ૩ રાતો, ૪ પીળો, ૫ ધોળો, એકેકા વર્ણમાં વીશ વીશ ભેદ લાભે, તે ૨ ગંધ, ૫ રસ, ૫ સંઠાણ[1], ૮ સ્પર્શ એ મળી વીશ ને પાંચમાં થઈને સો થયા.

બે ગંધ-૧ સુરભિ ગંધ; ૨ દુરભિ ગંધ, એકેકા ગંધમાંહી ત્રેવીશ ત્રેવીશ ભેદ લાભે. ૫ વર્ણ, ૫ રસ, ૫ સંઠાણ, ૮ સ્પર્શ એ ત્રેવીશ બન્નેમાં મળી છેંતાલીશ ભેદ જાણવા.

પાંચ રસ-૧ તીખો, ૨ કડવો, ૩ કસાયલો, ૪ ખાટો, ૫ મીઠો, એકેકા રસમાં વીશ વીશ ભેદ લાભે, ૫ વર્ણ, ૨ ગંધ ૫ સંઠાણ, ૮ સ્પર્શ; એ મળી વીશ ને પાંચેમાં થઈ સો થયા.

પાંચ સંઠાણ-૧ પરિમંડળ સંઠાણ, (ચૂડીના આકારે), ૨ વટ્ટ સંઠાણ, (વર્તુળ લાડવા જેવું), ૩ ત્રંસ, (ત્રિકોણ), ૪ ચઉરંસ, (ચોરસ), ૫ આયત સંઠાણ (લાકડી જેવું) એ પાંચ. એકેકા સંઠાણમાં વીશ વીશ ભેદ લાભે. ૫ વર્ણ, ૨ ગંધ, ૫ રસ, ૮ સ્પર્શ એ મળી વીશ ને પાંચેમાં થઈને સો થયા.

આઠ સ્પર્શ-૧ ખરખરો, ૨ સુંવાળો, ૩ ભારે, ૪ હળવો, ૫ ટાઢો, ૬ ઉન્હો, ૭ ચોપડયો, ૮ લૂખો, એ આઠ એકેકા સ્પર્શમાં ત્રેવીશ ત્રેવીશ ભેદ લાભે. ૫ વર્ણ, ૨ ગંધ, ૫ રસ, ૫ સંઠાણ, ૬ સ્પર્શ એ ત્રેવીશ ભેદ લાભે. ખરખરામાં ખરખરોને સુંવાળો બે વર્જવા. એમ બબ્બે સ્પર્શ વર્જવા. એમ ત્રેવીશને આઠે ગુણતાં ૧૮૪ થયા. એ સર્વે મળીને ૫૩૦ ભેદ રૂપી અજીવના કહ્યા. એમ સઘળા મળીને કુલ ૫૬૦ ભેદ અજીવના જાણવા. ઈતિ અજીવતત્ત્વ.

૧. સંઠાણ = આકાર

## ૩ પુણ્યતત્ત્વ

શુભ કમાણીએ કરી, શુભ કર્મના ઉદયે કરી, જેનાં ફળ આત્માને ભોગવતાં મીઠાં લાગે તેને પુણ્યતત્ત્વ કહીએ.

નવ ભેદે પુણ્ય ઉપરાજે તે કહે છે. ૧ અન્નપુન્ને, ૨, પાણપુન્ને, ૩ લયણપુન્ને[1], ૪ સયણપુન્ને[2], ૫ વત્થપુન્ને[3], ૬ મનપુન્ને, ૭ વચનપુન્ને, ૮ કાયપુન્ને, ૯ નમસ્કાર પુન્ને, એ નવ ભેદે પુણ્ય ઉપરાજે તેનાં શુભ ફળ ૪૨ ભેદે ભોગવે તે કહે છે.

૧ શાતા વેદનીય-શાતાનો અનુભવ કરાવે. ૨ ઉંચ ગોત્ર ૩ મનુષ્ય ગતિ. ૪ મનુષ્યાનુપૂર્વી-મનુષ્યની ગતિમાં દોરી જનાર કર્મ, ૫ દેવતાની ગતિ, ૬ દેવાનુપૂર્વી-દેવતાની ગતિમાં દોરી જનાર કર્મ, ૭ પંચેંદ્રિયની જાતિ. ૮ ઔદારિક શરીર-ઔદારિક શરીરને યોગ્ય પુદ્ગળ ગ્રહણ કરીને તથા તેને શરીરપણે પરિણમાવીને જીવ પોતાના પ્રદેશની સાથે મેળવે તે મનુષ્ય તિર્યંચનું શરીર. ૯ વૈક્રિય શરીર-બે પ્રકારનું છે. ૧ ઔપપાતિક[4] તે દેવતા તથા નારકીને હોય. ૨ લબ્ધિ પ્રત્યયી તે તિર્યંચ તથા મનુષ્ય લબ્ધિવંતને હોય છે. ૧૦ આહારક શરીર-ચૌદપૂર્વધારી મુનિરાજ તિર્થંકરની ઋદ્ધિ પ્રમુખ જોવાને અર્થે એક હાથ પ્રમાણ દેહ કરે છે તે. ૧૧ તૈજસશરીર-આહારનું પાચન કરનાર તથા તેજુલેશ્યાનો હેતુ આ સર્વ સંસારી જીવને હોય છે. ૧૨ કાર્મણ શરીર-કર્મનાં પરમાણુ આત્મપ્રદેશની સાથે મળ્યાં છે તે જ જાણવું. આ શરીર પણ સંસારી સર્વ જીવને હોય છે. *૧૩ ઔદારિકનાં અંગ ઉપાંગ-ઔદારિક શરીરના સઘળા અવયવો* પામવાં. વૈક્રિયનાં અંગ ઉપાંગ - ૧૫ આહારકના અંગ ઉપાંગ ૧૬ વજ્રઋષભનારાચસંઘયણ-લોઢાના જેવું ઘણું જ મજબૂત

૪. ઔપપાતિક = મૂળ શરીર (ઉત્પન્ન થતાં જ પ્રાપ્ત થાય તે.)

૧ સ્થાનક આદિ. ૨ શય્યા, પાટ, પાટલા આદિ ૩ વસ્ત્ર.

સંઘયણ. ૧૭ સમચઉરંસસંઠાણ-પલાઠી વાળી બેસતાં ચારે બાજુ સરખી આકૃતિ થાય અને પોતાના અંગુલ પ્રમાણે ૧૦૮ અંગુલ પ્રમાણ શરીર ભરાય તે. ૧૮ શુભ વર્ણ. ૧૯ શુભ ગંધ. ૨૦ શુભરસ. ૨૧ શુભ સ્પર્શ. ૨૨ અગુરૂ લઘુ નામ-મધ્યમ વજનદાર શરીરની પ્રાપ્તિ થાય એટલે લોઢાની પેઠે અતિ ભારે નહિ અને કપાસની પેઠે અતિ હલકું નહિ અને મધ્યમ પરિણામી હોય. ૨૩ પરાઘાત નામ - બીજા બળવાન જે અતિ દુઃસહનીય છતાં પોતે ગમે તેવા બળીઆને જીતવા સમર્થ થાય એવા બળની પ્રાપ્તિ થાય તે. ૨૪ ઉચ્છ્વાસ નામ - સુખેથી શ્વાસોચ્છ્વાસ લઈ શકાય. ૨૫ આતાપ નામ - સૂર્યના બિંબની પેઠે પરને તાપ ઉત્પન્ન કરવાના હેતુરૂપ તેજયુક્ત શરીરની પ્રાપ્તિ થાય. ૨૬ ઉદ્યોત નામ - ચંદ્રબિંબની માફક શીતળ પ્રકાશ આપે છે. ૨૭ શુભ ચાલવાની ગતિ. ૨૮ નિર્માણ નામ-પોતાના અંગના સર્વ અવયવો યોગ્ય સ્થળે ગોઠવી શકે તે, ૨૯ ત્રસનામ. ૩૦ બાદર નામ. ૩૧ પર્યાપ્તા નામ. ૩૨ પ્રત્યેક નામ. ૩૩ સ્થિર નામ. ૩૪ શુભ નામ. ૩૫ સૌભાગ્ય નામ. ૩૬ સુસ્વર નામ. ૩૭ આદેય નામ. ૩૮ જશોકીર્તિ નામ. ૩૯ દેવતાનું આઉખું. ૪૦ મનુષ્યનું આઉખું. ૪૧ તિર્યંચનું આઉખું. જુગલવત્ ૪૨ તિર્થંકર નામ કર્મ; એમ બેંતાલીસ ભેદ પુણ્યના જાણવા. ઈતિ પુણ્યતત્ત્વ.

(પુણ્ય તત્ત્વની ૪૨ પ્રકૃતિ કર્મનાં ક્રમ પ્રમાણે : વેદનીય-૧ (શાતાવેદનીય), આયુષ્ય-૩ (દેવ, મનુષ્ય, તિર્યંચ), નામ-૩૭ (દેવ, મનુ. ગતિ, પંચે. જાતિ, ૫ શરીર, ૩ અંગોપાંગ, વજ્ર. સંઘયણ, સમચ. સંઠાણ, શુભ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, વિહાયગતિ, દેવાનુપૂર્વી, મનુષ્યાનુપૂર્વી, ૭ પ્રત્યેક પ્રકૃતિ (અગુરૂલઘુ, પરાઘાત, ઉચ્છ્વાસ, આતાપ, ઉદ્યોત, તિર્થંકર, નિર્માણનામ), ત્રસનો દશકો (૧૦), ગોત્ર-૧ (ઊંચગોત્ર). કુલ ૧ + ૩ + ૩૭ + ૧ = ૪૨)

## પાપતત્ત્વ

અશુભ કરણીએ કરી, અશુભ કર્મના ઉદયે કરી, જેનાં ફળ આત્માને ભોગવતાં કડવા લાગે તેને પાપતત્ત્વ કહીએ.

## અઢાર પ્રકારે પાપ ઉપરાજે તે કહે છે.

૧ પ્રાણાતિપાત, ૨ મૃષાવાદ, ૩ અદત્તાદાન, ૪ મૈથુન, ૫ પરિગ્રહ, ૬ ક્રોધ, ૭ માન, ૮ માયા, ૯ લોભ, ૧૦ રાગ, ૧૧ દ્વેષ, ૧૨ કલહ, ૧૩ અભ્યાખ્યાન, ૧૪ પૈશુન્ય, ૧૫ પરપરિવાદ, ૧૬ રતિ અરતિ, ૧૭ માયામોસો, ૧૮ મિચ્છાદંસણસલ્લ, એ અઢાર પ્રકારે પાપ ઉપરાજે. તે બ્યાશી પ્રકારે ભોગવે. તે નીચે મુજબ-

૧ મતિજ્ઞાનાવરણીય-પાંચ ઈન્દ્રિય તથા મનોદ્વારાએ જે નિયત વસ્તુનું જ્ઞાન થાય એવા મતિજ્ઞાનનું આચ્છાદન, એટલે બુદ્ધિ નિર્મળ ન હોય. ૨ શ્રુતજ્ઞાનાવરણીય - શ્રુતજ્ઞાન પામે નહિ, ૩ અવધિજ્ઞાનાવરણીય - ઈંદ્રિયાદિકની અપેક્ષા વિના આત્મદ્રવ્ય દ્વારા સાક્ષાત્ રૂપી દ્રવ્યને જણાવનારૂં જે જ્ઞાન તે પામે નહિ. ૪ મનઃપર્યવજ્ઞાનાવરણીય-સંજ્ઞી પંચેંદ્રિયના મનોગત ભાવ જણાવનારૂં જ્ઞાન પામે નહિ. ૫ કેવળજ્ઞાનાવરણીય - પૂર્વોક્ત ચાર જ્ઞાન રહિત જે એકલું નિરાવરણ જ્ઞાન હોય એવા કેવળજ્ઞાનનું આચ્છાદન એટલે કેવળજ્ઞાન પામે નહિ. ૬ દાનાંતરાય છતી શક્તિ દાન આપી શકે નહિ. ૭ લાભાંતરાય - લાભ મેળવી શકે નહિ. ૮ ભોગાંતરાય - ભોગ ભોગવી શકે નહિ. ૯ ઉપભોગાંતરાય - વારંવાર ભોગવવાની વસ્તુ ભોગવી શકે નહિ. ૧૦ વીર્યાંતરાય - પોતાનું બળ ફોરવી શકાય નહિ. ૧૧ નિંદ્રા - સુખેથી જાગૃત થાય તેવી ઉંઘ. ૧૨ નિંદ્રા નિંદ્રા - દુઃખથી જાગૃત થાય તેવી ઉંઘ, ૧૩ પ્રચલા - ઉઠતાં બેસતાં નિંદ્રા આવ્યા કરે. ૧૪ પ્રચલા - પ્રચલા-હરતા ફરતા નિંદ્રા આવે. ૧૫

થીણદ્ધિંનિદ્રા - દિવસનું ચિંતવેલું કાર્ય રાત્રે ઉંઘમાં ને ઉંઘમાં કરી આવે તે, આ નિદ્રાવાળો વાસુદેવના અર્ધ બળયુક્ત હોય છે તે નરકાગામી સમજવો. ૧૬ ચક્ષુદર્શનાવરણીય. ૧૭ અચક્ષુદર્શનાવરણીય. ૧૮ અવધિદર્શનાવરણીય. ૧૯ કેવળદર્શનાવરણીય. ૨૦ નીચ ગોત્ર. ૨૧ અશાતાવેદનીય. ૨૨ મિથ્યાત્વમોહનીય. ૨૩ સ્થાવરપણું. ૨૪ સૂક્ષ્મપણું ૨૫ અપર્યાપ્તપણું. ૨૬ સાધારણપણું. ૨૭ અસ્થિરનામ - શરીર કંપ્યા કરે. ૨૮ અશુભનામ. ૨૯ દુર્ભાગ્યનામ. ૩૦ દુસ્વરનામ. ૩૧ અનાદેયનામ - તેના બોલ કોઈ માને નહિ. ૩૨ અજશોકીર્તિનામ. ૩૩ નરકની ગતિ. ૩૪ નરકનું આઉખું. ૩૫ નરકાનુપૂર્વી. ૩૬ અનંતાનુબંધી ક્રોધ-અનંતો સંસાર બંધાય તેવો જીવતાં સુધી ક્રોધ રહે તે. ૩૭ અનંતાનુબંધી માન. ૩૮ અનંતાનુબંધી માયા. ૩૯ અનંતાનુંબંધી લોભ. ૪૦ અપ્રત્યાખાની ક્રોધ - એક વરસ સુધી રહે એવો-ક્રોધ. ૪૧ અપ્રત્યાખાની માન. ૪૨ અપ્રત્યાખાની માયા. ૪૩ અપ્રત્યાખાની લોભ. ૪૪ પચ્ચક્ખાણાવરણીય ક્રોધ - ચાર માસ સુધી રહે તે. ૪૫ પચ્ચક્ખાણાવરણીય માન. ૪૬ પચ્ચક્ખાણાવરણીય માયા. ૪૭ પચ્ચક્ખાણાવરણીય લોભ. ૪૮ સંજ્વલનનો ક્રોધ - પંદર દિવસ સુધી રહે તે. ૪૯ સંજ્વલનનું માન. ૫૦ સંજ્વલનની માયા. ૫૧ સંજ્વલનનો લોભ. ૫૨ હાસ્ય. ૫૩ રતિ. ૫૪ અરતિ. ૫૫ ભય. ૫૬ શોક. ૫૭ દુગંછા-અણગમો. ૫૮ સ્ત્રીવેદ. ૫૯ પુરુષવેદ. ૬૦ નપુંસકવેદ. ૬૧ તિર્યંચની ગતિ. ૬૨ તિર્યંચની અનુપૂર્વી. ૬૩ એકેંદ્રિયપણું. ૬૪ બેઈન્દ્રિયપણું. ૬૫ તેઈન્દ્રિયપણું. ૬૬ ચૌરેન્દ્રિયપણું. ૬૭ અશુભ ચાલવાની ગતિ. ૬૮ ઉપઘાત નામકર્મ - પોતાના અંગોપાંગ પોતાને વાગે. ૬૯. અશુભ વર્ણ. ૭૦ અશુભગંધ. ૭૧. અશુભરસ. ૭૨. અશુભસ્પર્શ ૭૩. ઋષભનારાચ સંઘયણ - બે પાસા મર્કટબંધ

અને ઉપર પાટો એ બે હોય તે. ૭૪ નારાચ સંઘયણ - મર્કટબંધ હોય તે. ૭૫ અર્ધનારાચ સંઘયણ - એક પાસું મર્કટબંધ હોય તે. ૭૬ કીલકું સંઘયણ - માંહોમાંહે હાડકાં અને ખીલીનો બંધ હોય તે. ૭૭ છેવટ્ઠું સંઘયણ - ખીલી ન હોય અને હાડકાં માંહોમાંહે અડાડી રાખ્યા હોય તે. ૭૮ ન્યગ્રોધ પરિમંડળ સંઠાણ - વડવૃક્ષની પેઠે નાભિની ઉપર સુલક્ષણયુક્ત અને નીચે નિલક્ષણયુક્ત હોય તે. ૭૯ સાદિ સંઠાણ - નાભિની નીચેનું અંગ સારૂં અને ઉપરનું અંગ નરસું હોય તે. ૮૦ વામન સંઠાણ - ઉદર લક્ષણોપેત અને હાથ, પગ, માથું, કટિ પ્રમાણ રહિત (ઠીંગણું) હોય તે. ૮૧ કુબ્જ સંઠાણ - હાથ, પગ, માથું, કટિ પ્રમાણોપેત અને ઉદર પ્રમુખ હીન હોય તે. ૮૨ હુંડ સંઠાણ - સર્વ અવયવ અશુભ હોય તે. એ બ્યાસી ભેદ પાપતત્ત્વના જાણવા.

---

(પાપ તત્ત્વની ૮૨ પ્રકૃતિ કર્મનાં ક્રમ પ્રમાણે - જ્ઞાનાવરણીય - ૫ (મતિ, શ્રુત, અવધિ, મનઃ પર્યવ, કેવળ જ્ઞાનાવરણીય) દર્શનાવરણીય-૯ (ચક્ષુ, અચક્ષુ, અવધિ, કેવળ દર્શનાવરણીય, નિદ્રા, નિદ્રાનિદ્રા, પ્રચલા, પ્રચલા પ્રચલા, થીણદ્ધિ નિદ્રા). વેદનીય-૧ (અશાતા), મોહનીય-૨૬. (અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાનાવરણીય, સંજ્વલનનો ચોક, ૯ નોકષાય, (હાસ્ય, રતિ, અરતિ... નપું. વેદ) મિથ્યાત્વ મોહનીય,) આયુષ્ય-૧ (નારકીનું) નામ-૩૪ (નરક, તિર્યંચ ગતિ, એકે. બેઈ.તેઈ. ચૌરે. જાતિ, ૫ સંઘયણ, ૫ સંઠાણ, અશુભ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, વિહાયગતિ, નરકાનુપૂર્વી, તિર્યંચાનુપૂર્વી, ઉપઘાત નામ, સ્થાવરનો દશકો (૧૦)). ગોત્ર-૧ (નીચગોત્ર), અંતરાય - ૫ (દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય, વિર્યાન્તરાય) કુલ ૫ + ૯ + ૧ + ૨૬ + ૧ + ૩૪ + ૧ + ૫ = ૮૨)

## ૫ આશ્રવતત્ત્વ

અવ્રત ને અપચ્ચક્ખાણે કરી, વિષય કષાયને સેવવે કરી આત્મારૂપ તળાવને વિષે, ઈન્દ્રિયાદિક ગળનાળે છિદ્રે કરી, કર્મ પુણ્ય-પાપરૂપ જળનો પ્રવાહ આવે, તેને આશ્રવતત્ત્વ કહીએ.

### આશ્રવતત્ત્વના સામાન્ય પ્રકારે વીશ ભેદ કહે છે.

૧ મિથ્યાત્ત્વ ૨ અવ્રત ૩ પ્રમાદ ૪ કષાય ૫ અશુભજોગ ૬ પ્રાણાતિપાત ૭ મૃષાવાદ ૮ અદત્તાદાન ૯ મૈથુન ૧૦ પરિગ્રહ ૧૧ શ્રોત્રેંદ્રિય અસંવરે ૧૨ ચક્ષુઈન્દ્રિય અસંવરે ૧૩ ઘ્રાણેંદ્રિય અસંવરે ૧૪ રસેંદ્રિય અસંવરે ૧૫ સ્પર્શેદ્રિય અસંવરે ૧૬ મન અસંવરે ૧૭ વચન અસંવરે ૧૮ કાયા અસંવરે ૧૯ ભંડ ઉપગરણ ઉપધિ જેમ તેમ લે મૂકે ૨૦ શુચિ કુસગ્ગ કરે. (ડાભની (ઘાસની-) અણી ઉપર પાણી રહે તેટલું પાપ કરે તે.)

### વિશેષે ૪૨ ભેદ કહે છે

(પાંચ વ્રતના) ૫ આશ્રવ, ૫ ઈન્દ્રિય મોકળી મૂકે, ૪ કષાય અને ૩ અશુભજોગ એ મળીને ૧૭ ને ૨૫ ક્રિયા તે નીચે પ્રમાણે છે.

૧. કાઈયા ક્રિયા - કાયાને અજતનાએ પ્રવર્તાવે. ૨. અહિગરણિયા - હથિયારોથી જીવનું દમન થાયતે. ૩ પાઉસિયા - જીવ અજીવ ઉપર દ્વેષ રાખવાથી. ૪. પારિતાવણીયા - પોતાને તથા પરને પરિતાપ ઉપજાવવો તે. ૫. પાણાઈવાઈયા - પોતાનાં તથા પરનાં પ્રાણ હરે તે. ૬. આરંભિયા - જીવ તથા અજીવનાં નિમિત્તે છ કાયનો આરંભ કરે તે. ૭ પરિગ્ગહિયા - જીવ તથા અજીવનો પરિગ્રહ મેળવી મોહ કરવો તે. ૮. માયાવત્તિયા - કપટથી કોઈને ઠગવું તે. ૯. અપચ્ચક્ખાણ વત્તિયા - કોઈ જાતનાં પચ્ચક્ખાણ કર્યા વગર લાગે તે. ૧૦. મિચ્છાદંસણ વત્તિયા - જિન વચનથી ઓછી અધિક તથા વિપરીત પ્રરૂપણા કરતાં લાગે તે. ૧૧

દિઠ્ઠિયા - કુતુહલતાથી જીવ તથા અજીવને જોવું તે. ૧૨. પુઠ્ઠિયા - રાગ વશ જીવ તથા અજીવને સ્પર્શ કરવાથી લાગે તે. ૧૩. પાડુચ્ચિયા - જીવ તથા અજીવનું માઠું ઈચ્છે તથા ઈર્ષ્યા કરવાથી લાગે તે. ૧૪. સામંતો વણિવાઈયા - જીવ તથા અજીવનો સંગ્રહ કરે, પ્રશંસા સાંભળી આનંદ પામે. તથા દૂધ, દહીં, ઘી તેલનાં વાસણ ઉઘાડાં મૂકવાથી જીવહિંસા લાગે તે. ૧૫. સાહત્થિયા - જીવ તથા અજીવને અંદરો અંદર લડાવે, અભિમાનથી પોતાને હાથે કરે તે. ૧૬. નેસત્થિયા - જીવ તથા અજીવને અયત્નાથી ફેંકવાથી, શસ્ત્ર કરાવવા, વાવ કુવા ખોદાવવાથી લાગે તે. ૧૭. આણવણિયા - જીવ તથા અજીવને આજ્ઞા વગર ગ્રહણ કરવાથી લાગે તે. ૧૮. વેદારણિયા - જીવ તથા અજીવને કષાયવશ થઈ કટકા કરતાં લાગે તે. ૧૯. અણાભોગવત્તિયા - ઉપયોગ વિના. કે પૂંજ્યાં વગર વસ્તુ લેવા મૂકવાથી. ૨૦. અણવકંખવત્તિયા - પોતાનાં તથા બીજાનાં હિતની ઉપેક્ષા કરીને હાનિ પહોંચાડવાથી લાગે તે. ૨૧. પેજ્જવત્તિયા - રાગવશ માયા તથા લોભ કરવાથી. ૨૨. દોસવત્તિયા - દ્વેષવશ ક્રોધ, માન કરવાથી લાગે તે. ૨૨. પ્પઉગ - મન, વચન, કાયાનાં યોગ અશુભ કરવાથી. ૨૪. સામુદાણિયા - આરંભજન્ય કાર્યો ઘણાં જણ સાથે મળીને કરતાં લાગે તે. ૨૫. ઈરિયાવહિયા ક્રિયા - વીતરાગીને યોગનાં પ્રવર્તનથી લાગે તે.

## ૬. સંવરતત્ત્વ

જીવરૂપ તળાવને વિષે કર્મરૂપ જળ આવતાં, વ્રત પચ્ચક્ખાણાદિ દ્વાર દેવે કરી રોકીએ તેને સંવરતત્ત્વ કહીએ.

### સંવરતત્ત્વના સામાન્ય પ્રકારે વીશ ભેદ કહે છે.

૧ સમકિત તે સંવર, ૨ વ્રત પચ્ચક્ખાણ, ૩ અપ્રમાદ, ૪ અકષાય, ૫ શુભજોગ, ૬ જીવદયા પાળવી, ૭ સત્ય વચન બોલવું, ૮ દત્તવ્રત ગ્રહણ કરવું, ૯ શિયળ પાળવું, ૧૦

અપરિગ્રહ, એ દશ, ૫ ઈન્દ્રિય ૩ જોગ, એ મળી આઠનું સંવરવું તે સંવર, એ મળી અઢાર. ૧૯ ભંડ ઉપકરણ ઉપધિ જતનાએ લે મૂકે તે ૨૦ શુચિ કુસગ્ગ ન કરે એ વીશ ભેદ કહ્યા.

## વિશેષે ૫૭ ભેદ કહે છે

૧ ઈરિયા સમિતિ - જયણા રાખી ઉપયોગ સહિત ધુંસરા[1] પ્રમાણે જમીન નજરે જોઈ ચાલવું તે. ૨ ભાષા સમિતિ - સમ્યક પ્રકારે નિરવદ્ય ભાષા બોલવી. ૩ એષણા સમિતિ - સમ્યક પ્રકારે નિર્દોષ આહાર વસ્ત્ર, પાત્ર વગેરે ભિક્ષાની ગવેષણા કરવી. ૪ આયાણભંડમતનિક્ખેવણાસમિતિ - જતનાએ લેવું મૂકવું તે. ૫ ઉચ્ચાર પાસવણ ખેલ જલ્લ સંઘાણ પારિઠાવણિયાસમિતિ - પરઠવવાની વસ્તુ જતનાએ પરઠવવી તે. એ પાંચ સમિતિ તથા ૧ મન ગુપ્તિ - મન ગોપવવું. ૨ વચનગુપ્તિ - વચન ગોપવવું. ૩ કાયગુપ્તિ કાયા ગોપવવી. એ આઠ પ્રવચન માતા આદરવા તથા બાવીસ પરીષહ (ઉપસર્ગ) સહન કરવા તે કહે છે.

૧ ક્ષુધાનો - ભૂખનો ૨ તૃષાનો - તરસનો ૩ શીતનો - ટાઢનો ૪ ઉષ્ણનો - તડકાનો ૫ દંસમસનો - ડાંસ મચ્છર કરડવાનો ૬ અચેલનો - ફાટાં તુટાં વસ્ત્રનો ૭ અરતિનો - દુઃખનો ૮ સ્ત્રીનો - સ્ત્રીથી થવાવાળો ૯ ચરિયાનો - ચાલવાનો ૧૦ બેસવાનો - બેસી રહેવું પડે ૧૧ સેજાનો - રહેવાના સ્થાનકનો ૧૨ આક્રોશવચનનો - આકરાં વચનો સાંભળવાં પડે તેનો ૧૩ વધનો - માર ખાવો પડે ૧૪ જાચવાનો - માગવાનો ૧૫ અલાભનો - કોઈ વસ્તુની ઈચ્છા થતાં તે વસ્તુ ન મળે ૧૬ રોગનો - રોગ, રોગનાં કારણથી થવાવાળો ૧૭ તૃણસ્પર્શનો - તણખલાં વગેરેના સ્પર્શથી દુઃખ થાય તે ૧૮ મેલનો - મેલને દૂર

૧. ધુંસરા પ્રમાણ = ૩ $\frac{૧}{૨}$ હાથ જેટલું

કરવાની ઈચ્છાથી ન્હાવાનો ૧૯ સત્કાર પુરસ્કારનો - આદર સત્કાર મળવાનો ૨૦ પ્રજ્ઞાનો - જ્ઞાનના ગર્વનો ૨૧ અજ્ઞાનનો જ્ઞાન ન ચડે તેનો ૨૨ દંસણનો - સમકિત સૂક્ષ્મ વિચાર સાંભળીને ધર્મને વિષે અસદ્દહણા કરવાનો એ મળી કુલ ત્રીશ થયા. તથા દસ પ્રકારનો યતિધર્મ આરાધવો તે કહે છે.

૧ ખંતિ - ક્ષમા, (ક્રોધનો અભાવ) ૨ મુત્તિ - નિર્લોભતા લઘુતા, હળવાપણું, અલ્પઉપધિ ૩ અજ્જવે - કપટ રહિતપણું ૪ મદવે - માનનો ત્યાગ ૫ લાઘવે - લઘુતા ૬ સચ્ચે - સત્ય ભાષણ કરવું ૭ સંજમે - સત્તર ભેદે સંયમ પાળવો ૮ તવે-ઈચ્છા નિરોધ - બાર પ્રકારે તપ કરવો ૯ ચિયાએ અથવા અકિંચણે - સમસ્ત પરિગ્રહ ત્યાગરૂપ મૂર્ચ્છા રહિત થવું ૧૦ બંભચેરવાસે - મૈથુનનો ત્યાગ એ દશ.

બાર ભાવના ભાવવી તે કહે છે ૧ અનિત્યભાવના - સંસારના સર્વ પદાર્થને અનિત્ય, અસ્થિર જાણવા. ૨ અશરણભાવના - કોઈ કોઈને શરણ નથી, એક ધર્મનું જ શરણ છે. ૩ સંસારભાવના - સંસારમાં ઘણા કાળ થતા રઝળ્યાં કરે છે - મા તે સ્ત્રી થાય, સ્ત્રી તે મા થાય, પિતા તે પુત્ર થાય, પુત્ર તે પિતા થાય ઈત્યાદિ ભાવનો અનુભવ કરવો. ૪ એકત્વ ભાવના - આ જીવ એકલો આવ્યો, એકલો જશે અને એકલો સુખ દુઃખ ભોગવે છે પણ તેનું કોઈ સાથી નથી એવી ભાવના. ૫ અન્યત્વભાવના - જીવ કાયાથી જુદો છે અને કર્મે કરી જુદી જુદી કાયા ધારણ કરે છે. તેમજ ધન તથા સ્વજનાદિ પણ અન્ય છે એવી ભાવના. ૬ અશુચિભાવના - રસ, રૂધિર, માંસ, મેદ, અસ્થિ, મજ્જા, વીર્ય, પરૂ તથા આંતરડાં પ્રમુખે કરી આ શરીર બનેલું છે અને જેના નવ દ્વાર સદા વહેતાં રહે છે. એ શરીર કોઈ કાળે પણ પવિત્ર થવાનું નથી એવી ભાવના. ૭ આશ્રવભાવના - પાંચ આશ્રવે કરી પાપ બંધાય છે અને તેથી

જીવ દુઃખ ભોગવે છે તેનો વિચાર. ૮ સંવરભાવના - વ્રત પચ્ચક્ખાણોથી આશ્રવ રોકવો અને સંવર આદરવો. ૯ નિર્જરાભાવના - બાર પ્રકારના તપે કરી કર્મને ખપાવવું અર્થાત્ પૂર્વનાં સંચેલા કર્મનું તોડવું તે. ૧૦ લોકભાવના-લોકનું સ્વરૂપ ચિંતવવું જેમકે આ જીવે સર્વ લોક સ્પર્શી મૂક્યો છે. ૧૧ બોધિભાવના - યથા પ્રવૃત્તિ કરણને યોગે કરી અકામ નિર્જરા વડે પુણ્યના પ્રયોગે મનુષ્યભવ, આર્ય દેશ, નિરોગીપણું તથા ધર્મશ્રવણાદિ પ્રાપ્તિ થઈ તથાપિ સમ્યક્ત્વ પ્રાપ્ત થવું દુર્લભ છે એવી ભાવના કરવી તે. ૧૨ ધર્મભાવના-દુસ્તર સંસાર સમુદ્રમાંથી પ્રવહણ સમાન તે શ્રી જિનપ્રણીત દશવિધ ક્ષમાદિક શુદ્ધ ધર્મ તથા જ્ઞાન, દર્શન, ચારિત્રએ રત્નત્રયાત્મક ધર્મ પામવો તે દુર્લભ છે તેમજ તે ધર્મના સાધક અરિહંતાદિ દેવો પામવા તે પણ દુર્લભ છે એવી ભાવના કરવી. એ બાર ભાવના.

પાંચ પ્રકારના ચારિત્ર - ૧ સામાયિક, ૨ છેદોપસ્થાપનીય, ૩ પરિહાર વિશુદ્ધ, ૪ સૂક્ષ્મસંપરાય. ૫ યથાખ્યાત ચારિત્ર.

પહેલું સામાયિક ચારિત્ર કહે. છે - સમ અને આયિક એ શબ્દનો એક સામાયિક શબ્દ થયો છે, સમ એટલે રાગ દ્વેષ રહિતપણાને માટે આય એટલે ગમન પ્રાપ્ત છે જ્યાં તે સમ કહીએ તે જ્યાં ઉત્પન્ન થાય તેને સામાયિક કહેવાય છે. વળી સમ તે જ્ઞાન, દર્શન, ચારિત્ર તેનો આયિક તે લાભ જ્યાં થાય છે, એટલે જેણે કરી જ્ઞાન, દર્શન તથા ચારિત્ર એ ત્રણેની પ્રાપ્તિ થાય તેને સર્વ સાવદ્ય યોગ ત્યાગરૂપ અને નિરવદ્ય યોગ સેવનરૂપ સામયિક કહીએ એને સમ્યક્ ચારિત્ર પણ કહે છે એ સામાયિક ચારિત્ર જીવને પ્રાપ્ત થયા વિના બીજાં ચારિત્રોનો લાભ થાય નહિ માટે એને આદિમાં કહ્યું છે.

બીજું છેદોપસ્થાપનીય ચારિત્ર તે પૂર્વોક્ત સર્વ વિરતિ સામાયિક ચારિત્રને જ છેદાદિ વિશેષપણે વિશેષીએ તે વારે

શબ્દથી તથા અર્થથી નાના (વિવિધ) પ્રકારપણું ભજે તે વારે છેદોપસ્થાપનીય ચારિત્ર થાય, છેદ એટલે પૂર્વ પર્યાયનો છેદ કરવો અને ઉપસ્થાપન એટલે ગણાધિપે આપેલું પંચમહાવ્રતરૂપપણું જે મહાવ્રતને વિષે હોય તે છેદોપસ્થાપનીય ચારિત્ર કહીએ. જ્યાં નવા પર્યાયોનું સ્થાપન કરવું તથા પાંચ મહાવ્રતનો ઉચ્ચાર કરાવવો, તેના બે ભેદ, એક સાતિચાર તે મૂળ ઘાતિને પ્રાયશ્ચિત્તરૂપ અને બીજો નિરતિચાર, તે ઈત્વર સામાયિકવંત નવ દીક્ષિત શિષ્યને છજ્જીવણિયા[1] અધ્યયન ભણ્યા પછી હોય તથા બીજા તીર્થ આશ્રયી તે જેમ પાર્શ્વનાથના તીર્થથી વર્ધમાન સ્વામીના તીર્થે આવી ચાર મહાવ્રતરૂપ ધર્મ ત્યાગીને પંચ મહાવ્રતરૂપ ધર્મ આદરે તેને હોય.

ત્રીજું પરિહાર વિશુદ્ધ ચારિત્ર - તપ વિશેષ તેણે કરી વિશુદ્ધિ એટલે કર્મની નિર્જરા જે ચારિત્રને વિષે હોય તેને પરિહાર વિશુદ્ધ ચારિત્ર કહીએ તે બે ભેદે છે, તેમાં પહેલું જે ચાર જણ વિવક્ષિત[2] ચારિત્રના આસેવક એ કલ્પમાં પ્રવર્ત્તતા હોય તેનું ચારિત્ર તે નિર્વિશમાન પરિહાર વિશુદ્ધિક ચારિત્ર જાણવું. અને બીજું જે ચાર જણ તેના અનુચારી હોય તે નિર્વિષ્ટકાઈક પરિહાર વિશુદ્ધક ચારિત્ર જાણવું. તે આ રીતે - નવ જણાનો ગચ્છ જુદો નીકળે તે તીર્થંકર પાસે અથવા પૂર્વે જેણે તીર્થંકર પાસેથી એ ચારિત્ર પડિવજ્યું હોય, તેની પાસે એ ચારિત્ર પડિવર્જે. હવે તે નવ સાધુમાં ચાર જણ પરિહારક એટલે તપના કરનારા થાય તે નિર્વિશમાન જાણવા અને ચાર તેના વૈયાવચ્ચના કરનારા થાય તે નિર્વિષ્ટકાયિક જાણવા તથા એકને વાચનાચાર્ય ગુરૂસ્થાનકે ઠરાવે. પછી તે ચાર પરિહારક છ માસ સુધી તપ કરે, તેમાં ઉષ્ણકાળે જઘન્ય થી એક ઉપવાસ મધ્યમથી છઠ્ઠ અને

૧. છજ્જીવણિયા = છ કાયનું વર્ણન (દશવૈકાલિકનું ચોથું અધ્યયન)
૨. વિવક્ષિત = અમુક કહેલ તે.

ઉત્કૃષ્ટથી અઠમ એવો તપ કરે અને શીત કાળે જઘન્યથી છઠ, મધ્યમથી અઠમ અને ઉત્કૃષ્ટથી ચાર તથા વર્ષાકાળે જઘન્યથી અઠમ, મધ્યથી ચાર અને ઉત્કૃષ્ટથી પાંચ કરે, પારણે આયંબિલ કલ્પસ્થિતપણે નિત્ય કરે. એમ છ મહિના તપ કરે, તે પછી ફરી ચાર તપસ્યાના કરનાર તે વૈયાવચ્ચીયા થાય અને વૈયાવચ્ચ કરનાર તપિયા થાય તે પણ છ માસ લગી તપ કરે, તે વાર પછી ગુરૂ વાચનાચાર્ય છ માસ લગી તપસ્યા કરે તે વારે તે અઢાર મહિના સુધી તપ સંપૂર્ણ કરી પછી જિનકલ્પ આદરે અથવા ગચ્છમાં પણ આવે. એ તપ જે પ્રથમ સંઘયણી, પૂર્વધર લબ્ધિવંત હોય તે પ્રચુર કર્મની નિર્જરા અર્થે અંગીકાર કરે. એ ચારિત્ર પાંચ ભરત, પાંચ ઐરવતમાં પહેલા અને છેલ્લા તીર્થંકરના તીર્થમાં હોય. એ પરિહાર વિશુદ્ધ ચારિત્રનો સંક્ષેપથી વિચાર કહ્યો.

ચોથું સૂક્ષ્મસંપરાય ચારિત્ર-સૂક્ષ્મ છે કષાય જ્યાં તેને સૂક્ષ્મસંપરાય ચારિત્ર કહીએ. તે ઉપશમશ્રેણીએ કર્મ ઉપશમાવતાં અથવા ક્ષપકશ્રેણીએ કર્મ ખપાવતાં હોય ત્યાં નવમે ગુણઠાણે લોભના સંખ્યાતા ખંડ કરી તેને ઉપશમ શ્રેણીવાળો જે હોય તે ઉપશમાવે તથા ક્ષપકશ્રેણીવાળો હોય તે ખપાવે, તે સંખ્યાતા ખંડ માંહેલો જે વારે છેલ્લો એક ખંડ રહે તેના અસંખ્યાતા સૂક્ષ્મ ખંડ કરીને દશમે ગુણઠામે ઉપશમાવે અથવા ક્ષપક હોય તે ખપાવે, તે દશમા ગુણઠાણાનું નામ સૂક્ષ્મસંપરાય અને ચારિત્ર્યનું નામ પણ સૂક્ષ્મસંપરાય જાણવું. એ ચારિત્ર બે ભેદે છે, એક શ્રેણી ચઢતાને વિશુદ્ધ માનસિક હોય. બીજો ઉપશમ શ્રેણીથી પડતાને સંકિલષ્ટમાનસિક જાણવું. એ ચારિત્ર આખા સંસારમાં એક જીવને વધુમાં વધુ નવ વાર અને એક ભવમાં વધુમાં વધુ ચાર વાર આવે.

પાંચમું યથાખ્યાત ચારિત્ર - તે જ્યાં તથાવિધે કરીને અકષાયપણું અર્થાત્ જ્યાં સંજ્વલનાદિકે કરી સર્વથા રહિતપણું કહીએ. તે યથાખ્યાત ચારિત્ર જાણવું. તેના બે ભેદ છે. એક

છદ્મસ્થિક અને બીજો કેવળિક, છદ્મસ્થિક તે છદ્મસ્થ ઉપશમિકને અગિયારમે ગુણઠાણે હોય, અને ક્ષપકને બારમે ગુણઠાણે હોય, બીજો કેવળીક તે તેરમેં અને ચૌદમે ગુણઠાણે હોય. તે એ ચારિત્ર સમસ્ત જીવલોકને વિષે પ્રસિદ્ધ છે. તે કેવી રીતે પ્રસિદ્ધ છે તે કહે છે. જે ચારિત્ર આચરીને સુવિહિત સાધુ તે અજરામર સ્થાનક પામે એટલે જન્મ, જરા અને મરણ રહિત એવું જે મોક્ષરૂપ સ્થાનક તે પામે. ઈતિ સંવર તત્ત્વ.

## ૭ નિર્જરાતત્ત્વ.

આત્માના પ્રદેશથી, બાર ભેદે તપસ્યાએ કરી, દેશથકી કર્મનું નિર્જરવું, ઝરીને દૂર થવું તેને નિર્જરાતત્ત્વ કહીએ.

નિર્જરા બે પ્રકારે છે. ૧ દ્રવ્ય નિર્જરા. ૨ ભાવ નિર્જરા. તથા અકામ અને સકામ એવા બે ભેદ પણ છે. પુદ્ગળ કર્મનું જે છૂટા પડવું તે દ્રવ્ય નિર્જરા અને આત્માના શુદ્ધ પરિણામે કરી કર્મની સ્થિતિ જે પોતાની મેળે પાકે અથવા બાર પ્રકારનાં તપે કરી નીરસ કર્યા એવાં જે કર્મ પરમાણું તે જેનાથી છૂટા પડે એવા જે આત્માના પરિણામ થાય તે ભાવ નિર્જરા. તિર્યંચાદિકની માફક ઈચ્છા વિના કષ્ટ સહન કરતાં કર્મ પુદ્ગલ નું જે ક્ષપન થાય છે, તે દ્રવ્ય અથવા અકામ નિર્જરા[૧]. બાર પ્રકારના તપે કરી સંયમી થકા કષ્ટ સહન કર્યાથી જે કર્મ પરમાણું નું ક્ષપન કરવું અથવા છૂટા પાડવું તે ભાવ અથવા સકામ નિર્જરા[૨]. આ

૧.અકામ નિર્જરા - આત્મશુદ્ધિનાં લક્ષ્ય વિના, સમજ વિના, બાવા - જોગી, બાલ-તપસ્વી કે એકેન્દ્રિય પણામાં, સમકિતની હાજરી વિના સહન કરવાથી થતી કર્મ નિર્જરા.

૨. સકામ નિર્જરા - આત્મશુદ્ધિનાં આશય પૂર્વક, તપ આદિ કરીને સમજ, સમભાવ પૂર્વકની સમકિતની હાજરીમાં કષ્ટ સહન કરવાથી થતી કર્મ નિર્જરા.

બંને નિર્જરામાં ભાવ અથવા સકામ નિર્જરા શ્રેષ્ઠ છે.

તે નિર્જરાતત્ત્વ, બાર પ્રકારના તપના ભેદે કરી કહે છે. એટલે બાર પ્રકારનો તપ કરવાથી અનાદિ સંબંધ સર્વ કર્મો છૂટા પડે છે. તેને જ નિર્જરાતત્ત્વ કહે છે.

બાર પ્રકારના તપથી કર્મોની નિર્જરા થાય છે. તે તપના બે ભેદ છે. એક બાહ્ય તપ અને બીજો આભ્યંતર તપ.

## છ પ્રકારનાં બાહ્ય તપ કહે છે.

૧ અનશન - આહારનો ત્યાગ, ૨ ઉણોદરી - ન્યૂનતા કરવી - ઉપકરણ અથવા આહાર પાણીમાં ઓછું કરવું, ૩ વૃત્તિસંક્ષેપ - દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી આજીવિકાનો સંક્ષેપ કરવો એટલે અભિગ્રહ તથા નિયમાદિક ધારવા. ૪ રસપરિત્યાગ - વિગયાદિક સારા સારા રસનો ત્યાગ. ૫ કાયક્લેશ - તપ, લોચાદિક શારીરિક કષ્ટનું સહન કરવું. ૬ પ્રતિસંલીનતા - અંગ ઉપાંગનું સંવરવું ગોપન કરવું. એ છ પ્રકારનો બાહ્ય તપ તે સર્વથી તથા દેશથી એવા બે ભેદે જાણવો. જે કષ્ટને મિથ્યાત્વીઓ પણ તપ કરી માને છે, જેને લોક પણ દેખી શકે છે (જેથી કષ્ટ ઘણું ને લાભ અલ્પ તે અભ્યંતર તપની અપેક્ષાએ થાય) અને બાહ્ય શરીરને તપાવે તેથી એ છ પ્રકારનો બાહ્ય તપ કહ્યો.

## છ પ્રકારના અભ્યંતર તપ કહે છે.

૧ પ્રાયશ્ચિત - કરેલા અપરાધની શુદ્ધિ કરવી, કપટ રહિતપણે લાગેલા દોષ ગુરૂ આગળ પ્રગટ કરી તેની આલોયણા લેવી. ૨ વિનય - ગુરૂઆદિકની ભક્તિ કરવી તથા આશાતના ટાળવી. ૩ વૈયાવચ્ચ - અન્ન, પાણી, વસ્ત્ર તથા ઔષધ પ્રમુખે કરી યથાયોગ્ય સેવા - ભક્તિ કરવી. ૪ સજ્ઝાય - ૧ પોતે ભણવું, શિષ્યાદિકને ભણાવવું તથા વાંચવું, ૨ સંદેહ પડવાથી

ગુર્વાદિક્ને પૂછવું. ૩ શિખેલું ફરી સંભારવું. ૪ ધારેલું ચિંતવન કરવું, ૫ ધર્મ સંબંધી કથા કહેવી તથા ઉપદેશ કરવો એ પાંચ ભેદ. ૫ ધ્યાન - આર્ત, રૌદ્ર, એ બે ધ્યાન ટાળી ધર્મ અને શુકલ એ બે ધ્યાનથી મનની એકાગ્રતાએ અવલંબન કરવું. ૬ કાઉસ્સગ્ગ - કાયા હલાવવી નહિ. તે કાઉસ્સગ્ગ દ્રવ્યે તથા ભાવે એ બે ભેદ છે. એ છ ભેદને સમ્યક્ દૃષ્ટિ જીવ તપ કરી માને. એમ બાર પ્રકારના તપે કરી નિર્જરા તત્ત્વ કહ્યો. ઈતિ નિર્જરાતત્ત્વ

## ૮ બંધતત્ત્વ.

આત્માના પ્રદેશોને કર્મ પુદ્‌ગળનાં દળ ખીર નીરની પેઠે, લોહપિંડ અગ્નિની પેઠે, લોલીભૂત થઈ બંધાય તેને બંધતત્ત્વ કહીએ.

## બંધતત્ત્વના ચાર ભેદ કહે છે.

૧ પ્રકૃતિબંધ - કર્મનો સ્વભાવ તથા પરિણામ. ૨ સ્થિતિ બંધ - જે કર્મની જેટલી સ્થિતિ છે તે. ૩ અનુભાગબંધ - કર્મનો તીવ્ર મંદાદિ રસ પરિણામરૂપ. ૪ પ્રદેશ બંધ - કર્મ પુદ્‌ગળના પ્રદેશ.

## ચાર પ્રકારનો બંધ લાડવાને દષ્ટાંતે કહે છે.

### ૧ પ્રકૃત્તિ બંધ

સુંઠ પ્રમુખ પદાર્થ નાખી લાડવો કર્યો હોય તે વાયુ રોગનો નાશ કરે છે. જીરૂં પ્રમુખ ટાઢી વસ્તુ નાખી લાડવો કર્યો હોય તે પિત્તરોગનો નાશ કરે છે, ઈત્યાદિક જે દ્રવ્યના સંયોગે કરી તે લાડવો નીપજ્યો હોય તે દ્રવ્યના ગુણાનુસાર તે લાડવો વાત, પિત્ત તથા કફાદિક રોગનો નાશ કરે છે તે તેનો સ્વભાવ જાણવો. તેમ જ્ઞાનાવરણીય કર્મનો જ્ઞાન અપહારક સ્વભાવ છે. સામાન્ય ઉપયોગરૂપ જે દર્શન તેને નાશ કરવાનો દર્શનાવરણીય

કર્મનો સ્વભાવ છે, અનંત અવ્યાબાધ સુખને ટાળવાનો વેદનીય કર્મનો સ્વભાવ છે, સમ્યક્ત્વ તથા ચારિત્રને ટાળવાનો મોહનીય કર્મનો સ્વભાવ છે, અક્ષય સ્થિતિને ટાળવાનો આયુ કર્મનો સ્વભાવ છે, અમૂર્તતાને ટાળવાનો નામ કર્મનો સ્વભાવ છે, આત્માના અગુરૂ લઘુ ગુણને ટાળવાનો ગોત્ર કર્મનો સ્વભાવ છે અને અનંત દાન, અનંત લાભ, અનંત ભોગ, અનંત ઉપભોગ તથા અનંત વીર્યને એટલેકે અનંતરાય ગુણ ટાળવાનો અંતરાય કર્મનો સ્વભાવ છે.

## ૨ સ્થિતિ - બંધ

જેમ તે જ લાડવાને પક્ષ, માસ, બે માસ, ત્રણ માસ તથા ચાર માસ સુધી રહેવાને કાળનું માપ છે, તેમ કોઈક કર્મની જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટી સીતેર ક્રોડાક્રોડી સાગરોપમની સ્થિતિ હોય, તે સ્થિતિની વચમાં જે કર્મ જેટલી રહેવાની સ્થિતિએ બાંધ્યું હોય તે કર્મ જેટલો કાળ રહે તેને કાળનું અવધારણ એટલે નિશ્ચય કરવા રૂપ સ્થિતિ - બંધ કહીયે.

## ૩ અનુભાગ - બંધ

તે જ લાડવો કોઈ મીઠો હોય, કડવો હોય અને કોઈ તીખો હોય તેમજ કોઈક લાડવાનો એકઠાણીઓ રસ હોય, કોઈનો બેઠાણીઓ રસ હોય, ઈત્યાદિ અનેક પ્રકારે અલ્પવિશેષ હોય છે; તેમ કોઈ કર્મનો શુભ, તીવ્ર, મંદ વિપાક હોય છે અને કોઈ કર્મનો અશુભ, તીવ્ર, મંદ વિપાક હોય છે. જેમ શાતાવેદનીયાદિકમાં કોઈકનો અશુભ રસ અલ્પ હોય અને કોઈકનો અશુભ રસ ઘણો હોય, તેને ત્રીજો અનુભાગ બંધ કહીયે.

## ૪ પ્રદેશ - બંધ

તે જ લાડવો કોઈ અલ્પ દળથી થયો હોય, કોઈ બહુ દળથી થયો હોય અને કોઈ બહુતર દળથી થયો હોય તેમ કોઈ

કર્મ પુદ્‌ગળનાં દળ થોડાં હોય છે અને કોઈનાં વધારે હોય છે. તેનું પરિમાણ તે પ્રદેશ બંધ.

## આઠ કર્મ ઉપર પ્રકૃતિ તથા સ્થિતિ

૧. જ્ઞાનાવરણીય કર્મ - આંખના પાટા સમાન, તેની પાંચ પ્રકૃતિ, સ્થિતિ જઘન્ય અંતર્મૂહૂર્તની ઉત્કૃષ્ટી ત્રીશ ક્રોડાક્રોડી સાગરોપમની.

૨. દર્શનાવરણીય કર્મ - પોળીઆ સમાન, તેની નવ પ્રકૃતિ, સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્તની, ઉત્કૃષ્ટી ત્રીસ ક્રોડાક્રોડી સાગરોપમની.

૩. વેદનીય કર્મ - મધે તથા અફીણે ખરડયા ખડગ સમાન, તેની બે પ્રકૃતિ, સ્થિતિ જઘન્ય ૨ સમયની, ઉત્કૃષ્ટી ત્રીસ ક્રોડાક્રોડી સાગરોપમની.

૪. મોહનીય કર્મ - મદિરાના નશા સમાન, તેની અઠાવીશ પ્રકૃતિ, સ્થિતિ જઘન્ય અંતર્મૂહૂર્તની, ઉત્કૃષ્ટી સીતેર ક્રોડાક્રોડી સાગરોપમની.

૫. આયુષ્યકર્મ - હેડ સમાન, તેની ચાર પ્રકૃતિ, સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્તની, ઉત્કૃષ્ટી તેત્રીસ સાગરોપમની.

૬. નામકર્મ - ચિતારા સમાન, તેની એકસો - ત્રણ પ્રકૃતિ, સ્થિતિ જઘન્ય આઠ મુહૂર્તની, ઉત્કૃષ્ટી વીશ ક્રોડાક્રોડી સાગરોપમની.

૭. ગોત્રકર્મ - કુંભારના ચાકડા સમાન, તેની બે પ્રકૃતિ, સ્થિતિ જઘન્ય આઠ મુહૂર્તની, ઉત્કૃષ્ટી વીસ ક્રોડાક્રોડી સાગરોપમની.

*૮. અંતરાય કર્મ - ભંડારી સમાન, તેની પાંચ પ્રકૃતિ,* સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્તની, ઉત્કૃષ્ટી ત્રીસ ક્રોડાક્રોડી સાગરપમની.

૩. અનુભાગબંધ સંક્ષેપથી બતાવે છે - રાગાદિકગ્રસ્ત જીવ, અભવ્ય જીવની રાશિથી અનંત ગુણા અને સિદ્ધના જીવોની રાશિને અનંતમે ભાગે એટલે પરમાણુએ નિષ્પન્ન કર્મ સ્કંધ સમય સમય પ્રત્યે ગ્રહણ કરે છે તે દળીઆને વિષે પરમાણુ દીઠ કષાયના વશથી સર્વ જીવની રાશિથી અનંત ગુણા રસ વિભાગના પરિચ્છેદ હોય, તે રસ તીવ્ર, તીવ્રતર, તીવ્રતમ તથા મંદ, મંદતર, મંદતમાદિ અનેક પ્રકારે હોય. ત્યાં અશુભ બ્યાશી પાપ પ્રકૃતિનો તીવ્રરસ સંકલેશ પરિણામે કરી બંધાય અને શુભ બેંતાલીસ પુણ્ય પ્રકૃત્તિનો તીવ્રરસ વિશુદ્ધિએ કરી બંધાય તથા મંદરસાનું બંધ તેથી વિપર્યય હોય તે આવી રીતે - શુભ પ્રકૃતિનો મંદરસ સંકલેશ પરિણામે કરી બંધાય અને અશુભ પ્રકૃતિનો મંદરસ વિશુદ્ધિએ કરી બંધાય.

૪. પ્રદેશબંધ સંક્ષેપથી કહે છે તે - લોકને વિષે ૧. ઔદારિક ૨. વૈક્રિય, ૩. આહારક, ૪. તૈજસ, ૫ ભાષા, ૬. શ્વાસોચ્છ્વાસ, ૭ મન અને ૮ કાર્મણ એ આઠ જાતિની પુદ્ગલની વર્ગણા છે. તે એકેકી વર્ગણા જીવને ગ્રહણ યોગ્ય તથા અગ્રહણ યોગ્ય એવા બે પ્રકારે છે. પ્રથમ બે પ્રદેશથી માંડીને અભવ્યથી અનંત ગુણાધિક પ્રદેશ લગી ઔદારિક વર્ગણા તે થોડો પ્રદેશ અને સ્થૂળ માટે જીવને અગ્રહણ યોગ્યવર્ગણા જાણવી. બીજી ઔદારિક ગ્રહણ કરવા યોગ્ય તે પણ અનંતી વર્ગણા જાણવી. ત્યાર પછી ઘણા પ્રદેશ અને સૂક્ષ્મ પરિણામ માટે ઔદારિકને અગ્રહણ યોગ્ય તથા વૈક્રિયની અપેક્ષાએ થોડા પ્રદેશ અને સ્થૂળ પરિણામ માટે વૈક્રિયને પણ અગ્રહણ યોગ્ય એમ બેઉને ગ્રહણ કરવાને અયોગ્ય તે પણ અભવ્યથી અનંત ગુણાધિક વર્ગણા જાણવી. ત્યાર પછી વૈક્રિયને ગ્રહણ યોગ્ય વર્ગણા જાણવી. એમ સર્વ આઠ જાતિની વર્ગણા તે વિષે ગ્રહણ યોગ્ય અને અગ્રહણ યોગ્ય વર્ગણા જાણવી. ઈતિ બંધતત્ત્વ.

## ૯. મોક્ષતત્ત્વ

સકળ આત્માના પ્રદેશથી, સકળ કર્મનું છૂટવું, સકળ બંધનથી મૂકાવું, સકળ કાર્યની સિદ્ધિ થાય તેને મોક્ષતત્ત્વ કહીએ.

### પંદર ભેદે સિદ્ધ થાય છે તે કહે છે.

૧. તીર્થ સિદ્ધા-તીર્થંકરે તીર્થ સ્થાપ્યા પછી જે મોક્ષે જાય તે ગણધર પ્રમુખ.

૨. અતીર્થ સિદ્ધા - તીર્થંકરે તીર્થ સ્થાપ્યા પહેલાં તથા તીર્થ વિચ્છેદ થયા બાદ જે મોક્ષે જાય તે, મરૂદેવી માતા પ્રમુખ.

૩. તીર્થંકરસિદ્ધા - તીર્થંકર પદવી પામીને મોક્ષે જાય તે, તે ઋષભાદિક અરિહંત ભગવાન.

૪. અતીર્થંકર સિદ્ધા - તીર્થંકર પદ પામ્યા વિના સામાન્ય કેવળી થઈ મોક્ષે જાય તે.

૫. ગૃહસ્થલિંગસિદ્ધા - ગૃહસ્થના વેષે રહ્યા થકા મોક્ષે જાય તે મરૂદેવી માતા પ્રમુખ.

૬. અન્યલિંગસિદ્ધા - યોગી, સંન્યાસી પ્રમુખ તાપસના વેષે મોક્ષ જાય તે, વલ્કલચીરી આદિ.

૭. સ્વલિંગસિદ્ધા - સાધુના વેષે મોક્ષે જાય તે, શ્રી જંબુસ્વામી વગેરે સાધુ મુનિરાજો.

૮. સ્ત્રીલિંગસિદ્ધા - સ્ત્રી લિંગે મોક્ષે જાય તે, ચંદનબાળા આદિ.

૯. પુરૂષલિંગસિદ્ધા - પુરુષ લિંગે મોક્ષે જાય તે ગૌતમાદિક.

૧૦. નપુંસકલિંગસિદ્ધા - નપુંસક લિંગે મોક્ષે જાય તે ગાંગેય અણગાર પ્રમુખ.

૧૧. પ્રત્યેકબુદ્ધસિદ્ધા - કોઈ પદાર્થ દેખીને પ્રતિબોધ પામવાથી પોતાની મેળે ચારિત્ર લઈ મોક્ષે જાય તે, કરકંડુ પ્રમુખ.

૧૨. સ્વયંબુદ્ધસિદ્ધા - ગુરુના ઉપદેશ વિના પોતાની મેળે જાતિસ્મરણ આદિ જ્ઞાનથી પ્રતિબોધ પામી મોક્ષે જાય તે, કપિલ આદિ.

૧૩. બુદ્ધબોહીસિદ્ધા - ગુરુનો ઉપદેશ સાંભળી વૈરાગ્ય પામી મોક્ષે જાય તે.

૧૪. એક સિદ્ધા - એક સમયમાં એક જ જીવ મોક્ષે જાય તે.

૧૫. અનેકસિદ્ધા - એક સમયમાં ઘણા જીવ મોક્ષે જાય તે, ઋષભદેવ સ્વામી પ્રમુખ.

એ પંદર ભેદ સિદ્ધના જાણવા. યદ્યપિ તીર્થસિદ્ધ અને અતીર્થસિદ્ધ એ બે ભેદમાં બીજા તેર ભેદ આવી જાય છે, તથાપિ વિશેષ દેખાડવા સારૂં પંદર ભેદ કહ્યા.

## ૪ કારણે જીવ મોક્ષે જાય તે કહે છે.

જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપના સંયોજનથી જીવ મોક્ષે જાય.

## મોક્ષના નવ દ્વાર કહે છે.

૧ સત્પદપ્રરૂપણાદ્વાર, ૨ દ્રવ્યદ્વાર, ૩ ક્ષેત્રદ્વાર, ૪ સ્પર્શનાદ્વાર, ૫ કાળદ્વાર, ૬ અંતરદ્વાર, ૭ ભાગદ્વાર, ૮ ભાવદ્વાર, ૯ અલ્પબહુત્વદ્વાર એ નવનાં નામ કહ્યાં. (૧) સત્પદપ્રરૂપણાદ્વાર તે મોક્ષ ગતિ પૂર્વ કાળે હતી, હમણાં પણ છે, આવતા કાળે હશે, તે છતી અસ્તિ છે, પણ આકાશના ફૂલની પેરે નાસ્તિ નથી. (૨) દ્રવ્ય પ્રમાણે તે સિદ્ધ અનંતા છે, અભવ્ય જીવથી અનંતગુણા અધિક છે, વનસ્પતિ વર્જીને ૨૩ દંડકથી સિદ્ધના જીવ અનંતગુણા અધિક છે. (૩) ક્ષેત્રદ્વાર તે સિદ્ધશિલા પ્રમાણે છે, સિદ્ધશિલા ૪૫ લાખ જોજનની લાંબી પહોળી છે

અને ત્રિગુણી ઝાઝેરી પરિધી છે ત્યાંથી એક જોજન ઊંચપણે ૩૩૩ ધનુષ્ય ને ૩૨ આંગળ પ્રમાણે એટલાં ક્ષેત્રમાં સિદ્ધ રહ્યા છે. (૪) સ્પર્શનાદ્વાર જે સિદ્ધ ક્ષેત્રથી કાંઈક અધિકી સિદ્ધની સ્પર્શના છે. (૫) કાળદ્વાર તે એક સિદ્ધ આશ્રયી સાદિ અનંત, સર્વ સિદ્ધ આશ્રયી અનાદિ અનંત (૬) અંતરદ્વાર - તે ફરી સિદ્ધને સંસારમાં આવવું નથી અને એક સિદ્ધ ત્યાં અનંતા સિદ્ધ છે અને અનંતા સિદ્ધ ત્યાં એક સિદ્ધ છે એટલે બે સિદ્ધમાં અંતર નથી. (૭) ભાગદ્વાર તે સિદ્ધના જીવ સઘળા જીવને અનંતમે ભાગે છે, લોકને અસંખ્યાતમે ભાગે છે. (૮) ભાવદ્વાર તે સિદ્ધમાં ક્ષાયિકભાવ, કેવળજ્ઞાન, કેવળદર્શન ક્ષાયિક સમકિત છે અને પારિણામિક ભાવ તે સિદ્ધપણું જાણવું. (૯) અલ્પબહુત્વદ્વાર તે સર્વથી થોડા નપુંસક સિદ્ધ, તેથી સ્ત્રી સંખ્યાતગુણી સિદ્ધ. તેથી પુરૂષ સંખ્યાતગુણા સિદ્ધ. એક સમયે નપુસંક ૧૦ સિદ્ધ થાય, સ્ત્રી ૨૦ સિદ્ધ થાય, પુરુષ ૧૦૮ સિદ્ધ થાય.

## ઓગણીસ બોલ કહે છે.

૧. ત્રસપણે, ૨ બાદરપણે, ૩ સંજ્ઞીપણે, ૪ વજ્રઋષભ-નારાચ સંઘયણપણે, ૫ શુકલધ્યાનપણે, ૬ મનુષ્યગતિ, ૭ ક્ષાયિકસમકિત, ૮ યથાખ્યાત ચારિત્ર, ૯ પંડિતવીર્ય, ૧૦ કેવળજ્ઞાન, ૧૧ કેવળદર્શન, ૧૨ ભવ્યસિદ્ધિક, ૧૩ પરમશુકલ લેશી, ૧૪ ચરમ શરીરી ૧૫ પર્યાપ્તા, ૧૬ અવેદી, ૧૭ અપ્રમાદી, ૧૮ અકષાયી, ૧૯ સ્નાતક. એ ૧૯ બોલનો ધણી મોક્ષે જાય. જઘન્ય બે હાથની અવઘેણાવાળો ઉત્કૃષ્ટી પાંચસો ધનુષની અવઘેણાવાળો, જઘન્ય નવ વરસનો, ઉત્કૃષ્ટ પૂર્વક્રોડીના આયુષ્યવાળો, કર્મભૂમિનો હોય તે મોક્ષમાં જાય. ઇતિ મોક્ષતત્ત્વ.

* * *

ઇતિ નવતત્ત્વ સંપૂર્ણ

## મંગળ સ્તોત્રમ્

અર્હંતો ભગવંત ઈંદ્ર મહિતાઃ સિદ્ધાશ્ચ સિદ્ધિ સ્થિતા, આચાર્યા જિનશાસનોન્નતિકરા : પૂજ્યા ઉપાધ્યાયકા : શ્રી સિદ્ધાંત સુપાઠકા મુનિવરા, રત્નત્રયારાધકાઃ પંચૈતે પરમેષ્ઠિનં પ્રતિદિનં, કુર્વન્તુ વો મંગલમ્ (૧) બ્રાહ્મી, ચંદનબાલિકા ભગવતી, રાજેમતી, દ્રૌપદી, કૌશલ્યા ચ મૃગાવતી ચ સુલસા સીતા સુભદ્રા, શિવા, કુંતિ, શીલવતી નલસ્યદયિતા, ચુલા, પ્રભાવત્યપિ, પદ્માવત્યપિ, સુંદરી પ્રતિદિનં, કુર્વન્તુ વો મંગલમ્ (૨) વીરાઃ સર્વ સુરા સુરેંદ્ર મહિતો, વીરં બુધાઃ સંશ્રિતા, વીરેણાભિહતઃ સ્વકર્મ નિચયો, વીરાય નિત્યં નમઃ વીરાત્તીર્થમિદં પ્રવૃત્તમતુલં, વીરસ્ય ઘોરં તપો, વીરે શ્રી ધૃતિ કીર્તિકાંતિ નિચય, શ્રી વીરભદ્રં દિશ. (૩)

* * *

## (૨) પચીશ ક્રિયા

(ઠાણાંગ શ. ૨ ઉ. ૧, શ. ૫ ઉ. ૨)

કર્મબંધની કારણભૂત ચેષ્ટા તે ક્રિયા. જેનાથી કર્મ આવે તે ક્રિયા.

૧. કાઈયા ક્રિયા તેના ૨ ભેદ. ૧. અણુચ્ય કાઈયા તે વ્રત પચ્ચક્ખાણ દ્વારા જેમણે આશ્રવનો નિરોધ કર્યો નથી તેને લાગે. ૨ દુપઉત્તકાઈયા તે વ્રત પચ્ચક્ખાણ કર્યા બાદ પણ અયત્નાએ શરીર પ્રવર્તાવે તેને લાગે.

૨. અહિગરણિયા ક્રિયા તેનાં ૨ ભેદ - ૧. સંજોજના હિગરણિયા તે જે શસ્ત્રો (ચાકૂ, છરી, તલવાર ઈ.) અધૂરાં હોય તે પૂરાં કરવાં અથવા તૂટેલાં હોય તેને સરખાં કરીને આરંભનાં કાર્યમાં

લેવા. ૨. નિવ્વતણાહિગરણિયા તે નવાં શસ્ત્રો બનાવી એકઠા કરે અને વેચે તેની ક્રિયા લાગે.

૩. પાઉસિયા ક્રિયા - ૧ જીવ પાઉસિયા તે મનુષ્ય, પશુ આદિ કોઈ પણ જીવ પર ઈર્ષ્યા, દ્વેષ-ક્રોધ આદિ રૂપ અશુભ પરિણામ કરવાં. ૨ અજીવ પાઉસિયા તે વસ્ત્ર, ઘરેણાં, મકાન આદિ અજીવ વસ્તુ પર દ્વેષ કરવો.

૪. પારિતાવણિયા ક્રિયા. ૧ સહથ્થ પારિતાવણિયા. તે પોતાને હાથે પોતાને તથા પરને માર-પીટ કરે, કઠોર વચન કહીને દુઃખી કરે, કષ્ટ આપે.

૨. પરહથ્થ પારિતાવણીયા. ૧ તે પરના હાથે પોતાને તથા પરને મારપીટ કરી કષ્ટ આપતાં લાગે તે.

૫. પાણાઈવાઈયા ક્રિયા. ૧ સહથ્થ પાણાઈવાઈયા તે પોતાનાં હાથે પોતાના (આપઘાત) તથા પરનાં પ્રાણ હરે (શિકાર ખેલે) ૨. પરહથ્થ પાણાઈવાઈયા તે પરનાં હાથે પોતાનાં તથા પરનાં પ્રાણ હરે.

૬. આરંભિયા ક્રિયા. ૧ જીવ આરંભિયા તે જીવનાં નિમિત્તે છ કાયનાં જીવોનો આરંભ - હિંસા કરે તે. ૨ અજીવ આરંભિયા તે કપડાં, કાગળ, મૃત શરીરાદિ અજીવને નષ્ટ કરવા નિમિત્તે આરંભ કરે.

૭. પરિગ્ગહિયા ક્રિયા. ૧ જીવ પરિગ્ગહિયા તે કુટુંબ, નોકર, ગાય, ભેંસાદિ ત્રસ અને અનાજ, ફળાદિ સ્થાવર જીવોનો પરિગ્રહ મમત્વભાવથી રાખે તેની ક્રિયા લાગે. ૨ અજીવ પરિગ્ગહિયા તે વસ્ત્ર, પાત્ર, આભૂષણ, મકાન આદિ અજીવનો પરિગ્રહ મમત્વ ભાવથી રાખે.

૮. માયાવત્તિયા ક્રિયા. ૧ આયભાવ વંકણયા તે પોતે માયાયુક્ત વિચાર કરે, દગાબાજી કરે અને પોતાનાં આત્માને જ છેતરે તેની ક્રિયા લાગે. ૨ પરભાવ વંકણયા તે ખોટાં તોલાં,

ભેળસેળ કરીને પરને છેતરવા વાંકા આચરણ કરે.

૯. અપચ્ચક્ખાણ વત્તિયા ક્રિયા. ૧ જીવ અપચ્ચક્ખાણ ક્રિયા તે જીવ જેવી કે મનુષ્ય, પશુ, પક્ષી આદિની માલિકીની મર્યાદાનાં કે સર્વથા પ્રત્યાખ્યાન ન કરે. ૨ અજીવ અપચ્ચક્ખાણ ક્રિયા તે સોના, ચાંદી, મદિરા આદિ અજીવનાં પ્રત્યાખ્યાન ન કરે તેની ક્રિયા લાગે.

૧૦. મિચ્છાદંસણ વત્તિયા ક્રિયા. ૧ ઉણાઈરિત મિચ્છાદંસણ વત્તિયા તે જિનેશ્વર દેવનાં જ્ઞાનથી ઓછું, અધિક શ્રદ્ધા તથા પ્રરૂપણા કરે. જેમકે જીવ અંગુઠા માત્ર છે કે એક જીવ સર્વ લોક બ્રહ્માંડ માત્રમાં વ્યાપી રહ્યો છે. ૨ તવાઈરિત મિચ્છાદંસણ વત્તિયા તે જિનેશ્વર દેવનાં જ્ઞાનથી વિપરીત શ્રદ્ધા પ્રરૂપણા કરે જેમકે આત્મા છે જ નહીં અથવા જીવને અજીવ, અજીવને જીવ માને.

૧૧. દિટ્ઠિયા ક્રિયા. ૧ જીવ દિટ્ઠિયા તે હાથી, ઘોડા, સરકસ, બગીચા વિ. જોવા જવાથી લાગે. ૨ અજીવ દિટ્ઠિયા તે મહેલ, ચિત્રામણાદિને જોવા જવાથી તેની ક્રિયા લાગે.

(કુતુહલવૃત્તિ પૂર્વક)

૧૨. પુટ્ઠિયા ક્રિયા. ૧ જીવ પુટ્ઠિયા તે સ્ત્રી, પુરૂષ, પશુ આદિ જીવોનાં અંગોપાંગનાં સ્પર્શથી ઉદ્ભવતી રાગદ્વેષની પરિણતિથી ક્રિયા લાગે. ૨ અજીવ પુટ્ઠિયા તે વસ્ત્ર, આભૂષણ આદિ અજીવનાં સ્પર્શથી થતી રાગદ્વેષની પરિણતિથી ક્રિયા લાગે તે.

૧૩. પાડુચ્ચિયા ક્રિયા. ૧ જીવ પાડુચ્ચિયા તે કુટુંબીજનો, શિષ્ય, ગુરૂ આદિ જીવનું માઠું ઈચ્છે, મોટી સાહેબી કે વધારે ગુણ જોઈ ઈર્ષ્યા કરવાથી ક્રિયા લાગે તે. ૨ અજીવ પાડુચ્ચિયા તે મકાન વસ્ત્રાદિ અજીવ ચીજોનું માઠું ઈચ્છે ઈર્ષ્યા કરે તે.

૧૪. સામંતો વણિવાઈયા ક્રિયા. ૧ જીવ સામંતોવણિવાઈયા તે નોકર, ઘોડા, હાથી વિ. જીવનો સંગ્રહ કરે, તેની પ્રશંસા સાંભળી આનંદ પામે. ૨ અજીવ સામંતો વણિવાઈયા તે મહેલ, વસ્ત્ર, આભૂષણાદિ અજીવનો સંગ્રહ કરે તેની પ્રશંસા સાંભળી

આનંદ પામે. (દૂધ, દહીં, ઘી, તેલ વિ. ના વાસણ ઉઘાડાં રહી જતાં જીવહિંસા થાય તેની ક્રિયા લાગે તેવો અર્થ પણ કરવામાં આવે છે.)

૧૫. સાહત્થિયા ક્રિયા. ૧ જીવ સાહત્થિયા તે કૂકડાં, સર્પ, હાથી વિ. જીવોને પોતાને હાથે હણે અથવા પરસ્પર લડાવે તથા મનુષ્યોને કુસ્તી કરાવે, ચાડી ચૂગલી કરી ઝઘડાં કરાવે તેની ક્રિયા લાગે તે. ૨ અજીવ સાહત્થિયા તે અજીવ વસ્તુને સામસામે અફાળીને તોડે (તલવારથી લાકડી તોડે વિ.)

૧૬. નેસત્થિયા ક્રિયા. ૧ જીવ નેસત્થિયા તે જૂ, લીંખ, માંકડ જેવા ઝીણાં અથવા મોટાં જીવોને ફેંકે તેમજ ફૂવારામાંથી પાણી છોડવાથી, વાવ કૂવા ખોદાવવાથી તેની ક્રિયા લાગે. ૨ અજીવ નેસત્થિયા તે તલવાર, બાણ, લાકડી, પુસ્તક, પેન આદિ અજીવ વસ્તુ અયત્નાથી ફેંકે તેનાથી લાગતી ક્રિયા.

૧૭. આણવણિયા ક્રિયા. જીવ આણવણિયા તે સજીવ વસ્તુ મંગાવે અથવા આજ્ઞા વગર ગ્રહણ કરે. ૨ અજીવ આણવણિયા તે અજીવ વસ્તુ મંગાવે અથવા આજ્ઞા વગર ગ્રહણ કરે.

૧૮. વેદારણિયા ક્રિયા. ૧ જીવ વેદારણિયા તે શાક, અનાજ, પશુ આદિ સજીવનાં ટુકડા કરવાથી લાગે. ૨ અજીવ વેદારણિયા તે મકાન, લાકડાં, વસ્ત્ર, કાગળ આદિ તોડે અથવા કષાય વશ થઈ કટકા કરે તેની ક્રિયા લાગે. (જીવ-અજીવનાં વ્યવહારમાં - બે વ્યક્તિને સમજાવી સોદા કરવાથી અથવા કોઈને ઠગવા માટે કોઈ વસ્તુની પ્રશંસા કરવાથી લાગે.)

૧૯. અણાભોગવત્તિયા ક્રિયા. ૧ અણાઉત્ત આયણતા તે વસ્ત્ર, પાત્રાદિકને ઉપયોગ રહિત, અસાવધાનપણે, અયત્નાએ ગ્રહણ કરવાથી અને પ્રતિલેખન ન કરવાથી, રાખી મૂકવાથી ક્રિયા લાગે. ૨ અણાઉત્ત પમજ્જણતા તે ઉપયોગ વિના વસ્ત્ર, પાત્રાદિને પૂંજે, અસાવધાનીથી પ્રતિલેખન કરવાથી લાગે.

૨૦. અણવકંખવત્તિયા ક્રિયા. ૧ આય શરીર અણવકંખવત્તિયા તે પોતાનાં હિતની ઉપેક્ષા કરી શરીર આદિને હાનિ પહોંચાડવાથી લાગે. ૨ પર શરીર અણવકંખવત્તિયા ક્રિયા તે બીજાનાં હિતની ઉપેક્ષા કરીને બીજાંને હાનિ પહોંચાડવાથી લાગે. (આલોક-પરલોકની પરવા ન કરી બન્ને લોક બગડે તેવા કાર્ય કરવાથી ક્રિયા લાગે.)

૨૧. પેજ્જવત્તિયા ક્રિયા. ૧ માયાવત્તિયા તે રાગવશ માયા કપટ કરવાથી લાગે. ૨ લોભવત્તિયા તે રાગવશ લોભ કરવાથી લાગે.

૨૨. દોસવત્તિયા ક્રિયા. ૧ ક્કોહે તે દ્વેષ વશ ક્રોધ કરવાથી લાગે. ૨ માણે તે દ્વેષવશ માન કરવાથી લાગે.

૨૩. પ્પઉગ ક્રિયા. ૧ મણ પ્પઉગ ક્રિયા તે મનમાં યોગ અશુભ કરવાથી, ૨ વયપ્પઉગ તે વચનનાં યોગ અશુભ કરવાથી. ૩ કાયપ્પઉગ ક્રિયા તે કાયાનાં યોગ અશુભ કરવાથી ક્રિયા લાગે.

૨૪. સામુદાણિયા ક્રિયા. એક કામ ઘણાં જણ ભેગાં મળીને કરે જેમકે વેપાર, જાત્રા, મહોત્સવ, નાટક, સિનેમા જોવું વિ. પ્રસંગોમાં આ ક્રિયા લાગે. ૧ અણંતર સામુદાણિયા. તે અંતર રહિત ક્રિયા લાગે. ૨ પરંપર સામુદાણિયા તે અંતર સહિત ક્રિયા લાગે. ૩ તદુભય સામુદાણિયા તે અંતર સહિત અને અંતર રહિત ક્રિયા લાગે તે.

૨૫. ઈરિયાવહિયા ક્રિયા. કષાય રહિત જીવોને (વીતરાગીને) માત્ર યોગનાં પ્રવર્તનથી લાગતી ક્રિયા. તેનાં ત્રણ ભેદ. ૧ ઉપશાંત મોહ વીતરાગ, ૨ ક્ષીણ મોહ વીતરાગ, ૩ સયોગી કેવલી.

ઈતિ પચ્ચીસ ક્રિયા સંપૂર્ણ.

## (૩) છ કાયના બોલ

(પન્નવણા સૂત્ર-પદ-૧)

છકાયનાં નામ ૧ ઈંદ્ર સ્થાવર કાય, ૨ બ્રહ્મ સ્થાવર કાય, ૩ શિલ્પ સ્થાવર કાય, ૪ સુમતિ સ્થાવર કાય, ૫ પ્રજાપતિ સ્થાવર કાય, ૬ જંગમ કાય.

છકાયના ગોત્ર ૧ પૃથ્વીકાય, ૨ અપકાય, ૩ તેજસ્કાય, ૪ વાયુકાય, ૫ વનસ્પતિકાય, ૬ ત્રસકાય.

### પ્રથમ પૃથ્વીકાયનો વિસ્તાર

પૃથ્વીકાયના બે ભેદ ૧ સૂક્ષ્મ, ૨ બાદર, સૂક્ષ્મ તે આખાં લોકમાં ભર્યા છે, હણ્યા હણાય નહિ, માર્યા મરે નહિ, અગ્નિમાં બળે નહિ, પાણીમાં ડૂબે નહિ, નજરે દેખાય નહિ, બે ભાગ થાય નહિ, તેને સૂક્ષ્મ કહિયે.

બાદર પૃથ્વીકાય. લોકના દેશભાગમાં ભર્યા છે, હણ્યા હણાય, માર્યા મરે, અગ્નિમાં બળે, પાણીમાં ડૂબે, નજરે દેખાય, બે ભાગ થાય, તેને બાદર કહિયે, તે બાદર પૃથ્વીના બે ભેદ. ૧ સુંવાળી ૨ ખરખરી.

સુંવાળીના સાત ભેદ. ૧ કાળી માટી, ૨ નીલી માટી, ૩ રાતી માટી, ૪ પીળી માટી, ૫ ધોળી માટી, ૬ ગોપીચંદનની માટી, ૭ પરપડી માટી.

ખરખરીના બાવીસ ભેદ. ૧ ખાણની માટી, ૨ મરડીયા પાષાણની માટી, ૩ મોટી વેળુની માટી, ૪ પથ્થરના કટકાની માટી, ૫ મોટી શિલાઓની માટી, ૬ ખારાની માટી, ૭ લૂણની માટી, ૮ જસતની માટી, ૯ લોઢાની માટી, ૧૦ સીસાની માટી, ૧૧ ત્રાંબાની માટી, ૧૨ રૂપાની માટી, ૧૩ સોનાની માટી, ૧૪ વજ્ર હીરાની માટી, ૧૫ હરીયાલની માટી, ૧૬ હીંગળોકની

માટી, ૧૭ મણસીલની માટી, ૧૮ પારાની માટી, ૧૯ સરમાની માટી, ૨૦ પ્રવાલાની માટી, ૨૧ અબરખની માટી, ૨૨ અબરખના રજની માટી.

અઢાર જાતિનાં રત્ન, ૧ ગોમીચ રત્ન, ૨. રૂચક રત્ન, ૩ અંક રત્ન, ૪ સ્ફટીક રત્ન, ૫ લોહિતાક્ષ રત્ન, ૬ મરકત રત્ન, ૭ મસારગલ રત્ન, ૮ ભૂઈમુચક રત્ન, ૯ ઈંદ્રનીલ રત્ન, ૧૦ ચંદ્રનીલ રત્ન, ૧૧ ગેરૂડી રત્ન, ૧૨ હંસગર્ભ રત્ન, ૧૩ પોલાક રત્ન, ૧૪ સૌગંધિક રત્ન, ૧૫ ચંદ્રપ્રભ રત્ન, ૧૬ વૈડુર્ય રત્ન, ૧૭ જલકાન્ત રત્ન, ૧૮ સુર્યકાન્ત રત્ન. એ ૪૭ જાતની પૃથ્વીકાય.

એ ઉપરાંત પૃથ્વીકાયના ઘણા ભેદ છે. સાત જાતની સુંવાળી પૃથ્વી, બાવીશ જાતના કાંકરા આદિ જાતની અને અઢાર જાતનાં રત્ન, ઈત્યાદિ ૪૭ જાતની પૃથ્વી સિદ્ધાંતમાં કહી છે. તે પૃથ્વીકાયના જુવાર તથા પીલુ જેટલા એક કટકામાંહી અસંખ્યાતા જીવ ભગવંતે કહ્યા છે. તેમાંથી એકેકો જીવ નીકળી પારેવા જેવડી કાયા કરે તો એક લાખ જોજનનો જંબુદ્વીપ છે તેમાં સમાય નહિં. એક પર્યાપ્તની નેશ્રાએ અસંખ્યાત અપર્યાપ્ત છે[૧]. તેની દયા પાળીએ તો આ ભવ ને પરભવ નિરાબાધ પરમ સુખ પામીએ. પૃથ્વીકાયનું આયુષ્ય જઘન્ય અંતર્મૂહૂર્તનું ઉત્કૃષ્ટ જુદું જુદું છે તેની વિગત.

સુકુમાળ માટીનું આયુષ્ય એક હજાર વર્ષનું.

શુદ્ધ માટીનું આયુષ્ય બાર હજાર વર્ષનું.

વેળું રેતીનું આયુષ્ય ચઉદ હજાર વર્ષનું.

મણસીલનું આયુષ્ય સોળ હજાર વર્ષનું.

કાંકરાનું આયુષ્ય અઢાર હજાર વર્ષનું.

૧. એક પર્યાપ્તાની નિશ્રાએ અસંખ્યાત પર્યાપ્તા = એક જીવ પર્યાપ્તો થાય ત્યારે ત્યાં જ બીજા સાથે ઉત્પન્ન થયેલા અસંખ્યાતા જીવો અપર્યાપ્તા જ મરે.

વજ્ર હીરા તથા ધાતુનું આયુષ્ય બાવીશ હજાર વર્ષનું. એ રીતે છે. પૃથ્વીકાયનું સંસ્થાન મસુરની દાળના આકારે છે. પૃથ્વીકાયના કુળ બાર લાખ ક્રોડ છે. ઈતિ પૃથ્વીકાયના ભેદ.

## બીજે અપકાયના ભેદ.

અપકાયના બે ભેદ. ૧ સૂક્ષ્મ, ૨ બાદર.

સૂક્ષ્મ તે આખા લોકમાં ભર્યા છે, હણ્યા હણાય નહિ, માર્યા મરે નહિ. બે ભાગ થાય નહિ, અગ્નિમાં બળે નહિ. પાણીમાં ડૂબે નહિ, નજરે દેખાય નહિ તેને સૂક્ષ્મ કહિયે.

બાદર તે લોકના દેશ ભાગમાં ભર્યા છે, હણ્યા હણાય, માર્યા મરે, અગ્નિમાં બળે, નજરે દેખાય, પાણીમાં ડુબે તેને બાદર કહિયે. તે બાદરના ૧૭ ભેદ. ૧ ઠારનું પાણી, ૨ હિમનું પાણી, ૩ ધૂયરનું પાણી, ૪ મેઘરવાનું પાણી, ૫ તૃણ ઉપર જામે તે પાણી, ૬ કરાનું પાણી, ૭ આકાશનું પાણી, ૮ ટાઢું પાણી, ૯ ઉનું પાણી, ૧૦ ખારૂં પાણી, ૧૧ ખાટું પાણી, ૧૨ લવણ સમુદ્રનું પાણી, ૧૩ મધુર રસ સરખું પાણી, ૧૪ દુધ સરખું પાણી, ૧૫ ઘી સરખું પાણી, ૧૬ શેલડીના રસ સરખું પાણી, ૧૭ સર્વ રસદ સરખું પાણી.

એ ઉપરાંત અપકાયના ઘણા ભેદ છે. તે એક પાણીના બિંદુમાંહી અસંખ્યાત જીવ શ્રી ભગવંતે કહ્યા છે. તેમાંથી એકેકો જીવ નીકળી સરસવના દાણા જેવડી કાયા કરે તો એક લાખ જોજનનો જંબુદ્વીપ છે તેમાં સમાય નહિ. એક પર્યાપ્તની નેશ્રાએ અસંખ્યાત અપર્યાપ્ત છે. તેની દયા પાળીએ તો આ ભવ ને પરભવ નિરાબાધ પરમસુખ પામીએ. અપકાયનું આયુષ્ય જઘન્ય અંતર્મૂહર્તનું ઉતકૃષ્ટ સાત હજાર વર્ષનું, સંસ્થાન પાણીના પરપોટા જેવું છે. કુળ સાત લાખ ક્રોડ છે, ઈતિ અપકાયના ભેદ.

## ત્રીજે તેઉકાયના ભેદ.

તેઉકાયના બે ભેદ. ૧ સૂક્ષ્મ, ૨ બાદર. સૂક્ષ્મ તે આખા લોકમાં ભર્યા છે. હણ્યા હણાય નહિ, માર્યા મરે નહિ, અગ્નિમાં બળે નહિ, પાણીમાં ડુબે નહિ, નજરે દેખાય નહિ, બે ભાગ થાય નહિ; તેને સૂક્ષ્મ તેજસ્કાય કહિયે.

બાદર તેઉકાય તે અઢી દ્વીપમાં છે. હણ્યા હણાય, માર્યા મરે, અગ્નિમાં બળે, પાણીમાં ડુબે, નજરે દેખાય, બે ભાગ થાય, તેને બાદર કહીએ. તે બાદર અગ્નિકાયના ૧૪ ભેદ. ૧ અંગારાની અગ્નિ, ૨ ભરહાડની અગ્નિ, ૩ તૂટતી જ્વાલાની અગ્નિ, ૪ અખંડ જ્વાલાની અગ્નિ, ૫ ઉંબાડાની અગ્નિ, ૬ ચકમકની અગ્નિ ૭ વીજળીની અગ્નિ, ૮ તારાની અગ્નિ, ૯ અરણીની અગ્નિ, ૧૦ વાંસની અગ્નિ, ૧૧ કાટકાની અગ્નિ, ૧૨ સૂર્યસામાં ચશ્મા ધરે તેમાંથી ઝરે તે અગ્નિ, ૧૩ દાવાનળની અગ્નિ ૧૪ નીંભાડાની અગ્નિ.

એ ઉપરાંત અગ્નિના ઘણા ભેદ છે. તે એક અગ્નિના તણખામાં ભગવંતે અસંખ્યાતા જીવ કહ્યા છે. તેમાંથી એકેકો જીવ નીકળીને ખસખસના દાણા જેવડી કાયા કરે તો એક લાખ જોજનનો જંબુદ્વીપ છે તેમાં સમાય નહિ. એક પર્યાપ્તની નેશ્રાએ અસંખ્યાત અપર્યાપ્ત છે. તેની દયા પાળીએ તો આ ભવ ને પરભવ નિરાબાધ પરમ સુખ પામીએ. તેઉકાયનું આયુષ્ય જઘન્ય અંતમૂહૂર્તનું ઉત્કૃષ્ટ ત્રણ અહોરાત્રિનું છે. તેનું સંસ્થાન સોયના ભારાના આકારે છે. તેઉકાયના કુળ ત્રણ લાખ ક્રોડ છે.

## ચોથે વાયુકાયના ભેદ

વાયુકાયના બે ભેદ. સૂક્ષ્મ, ૨ બાદર

સૂક્ષ્મ તે, આખા લોકમાં ભર્યા છે, હણ્યા હણાય નહિ,

માર્યા મરે નહિ, પાણીમાં ડૂબે નહિ. અગ્નિમાં બળે નહિ, નજરે દેખાય નહિ, બે ભાગ થાય નહિ તેને સૂક્ષ્મ કહિયે.

બાદર તે, લોકના દેશ ભાગમાં ભર્યા છે. હણ્યા હણાય, માર્યા મરે, અગ્નિમાં બળે, પાણીમાં ડૂબે, નજરે દેખાય, બે ભાગ થાય તેને બાદર કહીએ,

તે બાદર વાયરાના ૧૭ ભેદ, ૧ પૂર્વ દિશાનો વાયરો, ૨ પશ્ચિમ દિશાનો વાયરો, ૩ ઉત્તર દિશાનો વાયરો, ૪ દક્ષિણ દિશાનો વાયરો, ૫ ઉર્ધ્વ દિશાનો વાયરો, ૬ અધોદિશાનો વાયરો, ૭ તિર્યક દિશાનો વાયરો, ૮ વિદિશાનો વાયરો. ૯ વાયુ ઝામી વાયરો, ૧૦ ઉકલીયો વાયરો, ૧૧ મંડલીયો વાયરો. ૧૨ ગુંજ વાયરો, ૧૩ ઝુંઝ વાયરો, ૧૪ સંવર્તક વાયરો, ૧૫ ઘન વાયરો, ૧૬ તનુ વાયરો, ૧૭ શુદ્ધ વાયરો.

એ ઉપરાંત વાયુકાયના ઘણા ભેદ છે. તે વાયરાના એક ફરકવા માંહી અસંખ્યાતા જીવ શ્રી ભગવંતે કહ્યા છે. તેમાંથી એકેકો જીવ નીકળીને વડના બીજ જેવડી કાયા કરે તો એક લાખ જોજનનો જંબુદ્વીપ છે, તેમાં સમાય નહિ. એક પર્યાપ્તની નેશ્રાએ અસંખ્યાત અપર્યાપ્ત છે. તે ઉઘાડે મોઢે બોલતાં, ચપટી વગાડતાં, ટાચકાં વગાડતાં, વીંજણે વા નાંખતાં, રેંટીયો ફેરવતાં, ફાળકો ફુંકારતાં, સુપડે સોતાં, ખાંડણિયે ખાંડતાં, ઘંટીએ દળતાં, કલબલીયાં વગાડતાં, ઢોલકું વગાડતાં, પીપૂડું વગાડતાં, ઈત્યાદિક અનેક પ્રકારે વાયરાના અસંખ્યાતા જીવની ઘાત થાય છે, એવું જાણીને વાયરાના જીવની દયા પાળીએ તો આ ભવ ને પરભવ નિરાબાધ પરમ સુખ પામીએ. વાયુકાયનું આયુષ્ય જઘન્ય અંતર્મુહૂર્તનું ઉત્કૃષ્ટ ત્રણ હજાર વર્ષનું છે. વાયુકાયના કુળ સાત લાખ ક્રોડ છે.

## પાંચમે વનસ્પતિકાયના ભેદ

વનસ્પતિકાયના બે ભેદ. ૧ સૂક્ષ્મ ૨ બાદર. સૂક્ષ્મ તે, આખા લોકમાં ભર્યા છે. હણ્યા હણાય નહિ, માર્યા મરે નહિ, અગ્નિમાં બળે નહિ, પાણીમાં ડૂબે નહિ, નજરે દેખાય નહિ, બે ભાગ થાય નહિ તેને સૂક્ષ્મ કહીએ.

બાદર, તે લોકના દેશ ભાગમાં ભર્યા છે. હણ્યા હણાય, માર્યા મરે, અગ્નિમાં બળે, પાણીમાં ડૂબે, નજરે દેખાય, બે ભાગ થાય તેને બાદર કહીએ. તે બાદર વનસ્પતિકાયના ૨ ભેદ. ૧ પ્રત્યેક, (એક શરીરમાં એક જીવ રહે તે.) ૨ સાધારણ. (એક શરીરમાં અનંત જીવ) તેમાં પ્રત્યેકના બાર ભેદ, તે ૧ વૃક્ષ, ૨ ગુછ, ૩ ગુલ્મ, ૪ લતા, ૫ વેલા, ૬ પાવગ, ૭ તૃણ, ૮ વળીયા, ૯ હરીતકાય, ૧૦ ઔષધિ, ૧૧ જલવૃક્ષ, ૧૨ કોસંડ, એ બાર.

૧ વૃક્ષ. વૃક્ષના બે ભેદ. ૧ એકઅઠિ, ૨ બહુઅઠિ. એકઅઠિ તે એક ફળમાં એક બીજ હોય તેને એકઅઠિ કહીએ. તે ૧ હરડાં, ૨ બેડાં, ૩ આંબળાં, ૪ અરીઠા, ૫ ભીલામાં ૬ આસોપાલવ ૭ આંબો, ૮ મઉડો, ૯ રાયણ, ૧૦ જાંબુ, ૧૧ બોર, ૧૨ લીંબોળી એ આદિ એકઅઠિ (અસ્થિ)ના ઘણા ભેદ છે. બહુઅઠિ તે એક ફળમાં વધારે બીજ હોય તેને બહુઅઠિ કહીએ. તે ૧ જામફળ, ૨ સીતાફળ, ૩ દાડમ, ૪ બીલાં, ૫ કોઠાં, ૬ કેરાં, ૭ લીંબુ, ૮ વડના ટેટા, ૯. પીપળનાં ટેટા એ આદિ બહુઅઠિના ઘણા ભેદ છે. ૧.

બીજે ગુછ તે, જે નીચાં ને ગોળ ઝાડ હોય તેને ગુછ કહીયે. ૧ રીંગણી, ૨ ભોરીંગણી, ૩ જવાસા, ૪ તુળસી, ૫ આવચીબાવચી, ઈત્યાદિ ગુછના ઘણા ભેદ છે. ૨,

ત્રીજે ગુલ્મ તે ફૂલની જાતને ગુલ્મ કહીયે, તે. ૧ જાઈ, ૨ જુઈ, ૩ ડમરો, ૪ મરવો, ૫ કેતકી, ૬ કેવડો, એ આદિ ગુલ્મના ઘણા ભેદ છે. ૩.

ચોથે લતા તે, ૧ નાગલતા, ૨ અશોકલતા, ૩ ચંપકલતા,

૪ ભોંઈલતા, ૫ પદ્મલતા, એ આદિ લતાના ઘણા ભેદ છે. ૪.

પાંચમે વેલા તે, જે વનસ્પતિના વેલા ચાલે તેને વેલા કહિયે. તે ૧ આરિયાના વેલા, ૨ તુરીયાના વેલા, ૩ કારેલાના વેલા, ૪ કંકોડાના વેલા, ૫ કોળાનાં વેલા, ૬ કોઠિંબડાના વેલા, ૭ તુંબડાના વેલા, ૮ દુધીના વેલા, ૯ ચણક ચીભડીના વેલા, ૧૦ ચણોઠીના વેલા, એ આદિ વેલાના ઘણા ભેદ છે. ૫.

છઠે પાવગ તે, જે ગાંઠાળાં ઝાડ હોય તેને પાવગ કહિયે. તે ૧ શેરડી, ૨ એરડી, ૩ સરકડ, ૪ સાંઠો, ૫ નેતર, ૬ વાંસ, એ આદિ પાવગના ઘણા ભેદ છે. ૬.

સાતમે તૃણ તે, ૧ ડાભડાનાં તૃણ[1], ૨ આરાતારાનાં તૃણ, ૩ કડવાળીનાં તૃણ, ૪ ઝેઝવાનાં તૃણ, ૫ ધરોનાં તૃણ, ૬ કાલીયાનાં તૃણ, એ આદિ તૃણના ઘણા ભેદ છે. ૭.

આઠમે વલીયા તે, ઉંચા ને ગોળ ઝાડ હોય તેને વલીયા કહિયે. તે. ૧ સોપારીનાં ઝાડ, ૨ ખારેક્નાં ઝાડ, ૩ ખજુરનાં ઝાડ, ૪ કેળનાં ઝાડ, ૫ તજનાં ઝાડ, ૬ એલાયચીનાં ઝાડ, ૭ લવીંગના ઝાડ, ૮ તાડનાં ઝાડ, ૯ તમાલનાં ઝાડ, ૧૦ નાળીયેરીનાં ઝાડ, એ આદિ વલીયાના ઘણા ભેદ છે. ૮.

નવમે હરિતકાય તે, ભાજીની જાતિને હરિતકાય કહિયે. ૧ મુળાની ભાજી, ૨ મેથીની ભાજી, ૩ તાંદળજાની ભાજી, ૪ સુવાની ભાજી, ૫ લુણીની ભાજી, ૬ અફીણની ભાજી, એ આદિ હરિતકાયના ઘણા ભેદ છે. ૯.

દશમે ઔષધિ[2] તે, ચોવીશ જાતિનાં ધાન્યને ઔષધિ કહિયે. તે ધાન્યના બે ભેદ; ૧ લાસા, ૨ કઠોળ; તેમાં લાસા તે ૧ ઘઉં, ૨ જવ, ૩ જુવાર, ૪ બાજરી, ૫ ડાંગર ૬ વરી, ૭ બંટી, ૮

૧. તૃણ = ઘાસ

૨. ઔષધિ = રોગ મટાડે, ભૂખ મટાડે, તે ધાન્યને ઔષધિ કહે છે

બાવટો, ૯ કાંગ, ૧૦ ચિણ્યોઝિણો, ૧૧ કોદરા, ૧૨ મકાઈ એ આદિ લાસાના ઘણા ભેદ છે. બીજે કઠોળ તે, ૧ મગ ૨ મઠ ૩ અડદ, ૪ તુવેર ૫ ઝાલર, ૬ વટાણા, ૭ ચોળા, ૮ ચણા, ૯ લાંગ, ૧૦ કળથી, ૧૧ મસુર, ૧૨ અળસી એ આદિ કઠોળના ઘણા ભેદ છે. એ લાસાને કઠોળના ઘણા ભેદ છે. એ લાસાને કઠોળ મળીને ૨૪ જાતિનાં ધાન્ય તેને ઔષધિ કહીયે. ૧૦.

અગિયારમે જલવૃક્ષ તે, ૧ પોયણા, ૨ કમલ પોયણા, ૩ ઘીતેલા, ૪ સિંઘોડા, ૫ સેવાળ, ૬ કમળકાકડી એ આદિ જલવૃક્ષના ઘણા ભેદ છે. ૧૧.

બારમે કોસંડા તે, ૧ બિલાડીની બલી, ૨ બિલાડીના ટોપ એ આદિ ભૂમિ ભેદી બહાર નીકળે તેવા કોસંડાના ઘણા ભેદ છે. ૧૨. એ બાર ભેદ જાણવા.

પ્રત્યેક પાકામાં સંખ્યાતા જીવ છે. અધવધરામાં[1] અસંખ્યાતા જીવ છે. કુમળામાં, ઉગતામાં, ચક્ર પડે તેમાં અનંત જીવ છે. પ્રત્યેક વનસ્પતિના વૃક્ષ દશ બોલે કરીને શોભે, તે દશ બોલ-૧ મૂળ, ૨ કંદ, ૩ સ્કંધ, ૪ ત્વચા, ૫ શાખા, ૬ પ્રવાલા ૭ પત્ર, ૮ ફૂલ, ૯ ફળ ૧૦ બીજ, એ દશ બોલે કરીને શોભે. એ પ્રત્યેક વનસ્પતિના ભેદ કહ્યા.

## બીજે સાધારણ વનસ્પતિના ભેદ.

કંદમૂળની જાતિને સાધારણ વનસ્પતિ કહિયે. તે ૧ લસણ ૨ ડુંગળી, ૩ આદુ, ૪ સૂરણ, ૫ રતાળુ, ૬ પેંડાલુ, ૭ બટાટા ૮ થેક, ૯ સકરકંદ, ૧૦ મૂળાના કંદ, ૧૧ નીલી હળદર, ૧૨ નીલી ગળી, ૧૩ ગાજર, ૧૪ અંકુરા, ૧૫ ખુરસાંણી, ૧૬ કુંવર, ૧૭ મોથ્ય, ૧૮ અમૃતવેલ, ૧૯ થોહર, ૨૦ બીડ, ૨૧ અડવીના ગાંઠીયા, ૨૨ ગરમર, એ આદિ કંદમૂળના ઘણા ભેદ

૧. અધવકરું-કાચું, જ્યાં જ્યાં લીલાશ છે ત્યાં. દા.ત. કોથમરીનાં પાન, ફણસી આદિશાકની ઉપરની છાલ

છે, તેને સાધારણ કહીએ. કંદમૂળ એક સોયની અગ્ર ઉપર રહે, એટલામાં અસંખ્યાતા પ્રતર છે. એકેકા પ્રતરમાં અસંખ્યાતી શ્રેણી છે, એકેકી શ્રેણીમાં અસંખ્યાતા ગોળા છે, એકેકા ગોળામાં અસંખ્યાતા શરીર છે, એકેકા શરીરમાં અનંત અનંત જીવ છે; એ સાધારણ વનસ્પતિના ભેદ જાણવા. એ વનસ્પતિકાયની દયા પાળીએ, તો આ ભવ ને પરભવ નિરાબાધ પરમસુખ પામીએ. વનસ્પતિકાયનું આયુષ્ય જઘન્ય અંતર્મુહૂર્તનું, ઉત્કૃષ્ટ દશહજાર વર્ષનું, તેમાં નિગોદનું આયુષ્ય જઘન્ય અંતર્મુહૂર્તનું ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તનું, ચવે ને ઉપજે, વનસ્પતિ કાયનું સંસ્થાન વિવિધ પ્રકારનું છે. તેનાં કુળ ૨૮ લાખ ક્રોડ જાણવા. ઇતિ વનસ્પતિકાયના ભેદ.

* * *

## છઠે ત્રસકાયના ભેદ

ત્રસકાય તે, જે જીવ (ત્રસ એટલે હાલી ચાલી શકે) તડકેથી છાંયે જાય ને છાંયેથી તડકે જાય તેને ત્રસકાય કહિયે. તેના ચાર ભેદ. ૧ બેઈન્દ્રિય, ૨ તેઈન્દ્રિય, ૩ ચૌરેન્દ્રિય, ૪ પંચેન્દ્રિય.

બેઈંદ્રિયના ૨ ભેદ 'અપર્યાપ્તા અને પર્યાપ્તા' બેઈંદ્રિય તે ૧ કાય ૨ મુખ, એ બેઈન્દ્રિય હોય તેને બેઈંદ્રિય કહીએ. તેના જીવ તે, ૧ શંખ, ૨ કોડી, ૩ છીપ, ૪ જળો, ૫ કીડા, ૬ પોરા, ૭ વાળા, ૮ અળસીયાં ૯ કરમીયાં, ૧૦ ચરમિયાં, ૧૧ કાતરા, ૧૨ ચુડેલ, ૧૩ મેર, ૧૪ એળ, ૧૫ વાંતરા, ૧૬ લાળીયા, એ આદિ બેઈંદ્રિયના ઘણા ભેદ છે. બેઈંદ્રિયનું આયુષ્ય જઘન્ય અતંર્મુહૂર્તનું, ઉત્કૃષ્ટ બાર વર્ષનું. તેના કુળ સાત લાખ ક્રોડ છે.

બીજે તેઈંદ્રિયના ૨ ભેદ 'અપર્યાપ્તા અને પર્યાપ્તા' તેઈંદ્રિય તે ૧ કાય, ૨ મુખ, ૩ નાસિકા, એ ત્રણ ઈંદ્રિય હોય તેને તેઈંદ્રિય કહીએ તેના જીવ તે, ૧ જૂ ૨ લીખ, ૩ માંકડ, ૪ ચાંચડ, ૫ કંથવા, ૬ ધનેડાં, ૭ ઉધઈ, ૮ ઝિમેલ ૯ ભુંડ, ૧૦ કીડી, ૧૧ મકોડા, ૧૨ જીંધોડા, ૧૩ જુઆ, ૧૪ ગધૈયાં, ૧૫ કાનખજુરા, ૧૬ સવા, ૧૭ મમોલા, એ આદિ તેઈંદ્રિયના ઘણા ભેદ છે. તેનું આયુષ્ય જઘન્ય અંતર્મુહર્તનું, ઉત્કૃષ્ટ ઓગણપચાસ દિવસનું. તેના કુળ આઠ લાખ ક્રોડ છે.

ત્રીજે ચૌરેંદ્રિયના ૨ ભેદ અપર્યાપ્તા અને પર્યાપ્તા' ચૌરેંદ્રિય તે ૧ કાય, ૨ મુખ, ૩ નાસિકા ૪ ચક્ષુ, એ ચાર ઈંદ્રિય હોય તેને ચૌરેંદ્રિય કહિયે; તેના જીવ ૧ વાંદા ૨ ભમરા ૩ ભમરી ૪ વિંછી, ૫ માખી, ૬ તીડ, ૭ પતંગ, ૮ મચ્છર, ૯ મસલા ૧૦ ડાંસ, ૧૧ મંસ, ૧૨ તમરાં, ૧૩ કરોળિયા, ૧૪ કંસારી ૧૫ તીડ ગોડા, ૧૬ ફુદાં ૧૭ ખપેડી, ૧૮ બગાઈ, ૧૯ રૂપેલી એ આદિ ચૌરેન્દ્રિયના ઘણા ભેદ છે. તેનું આયુષ્ય જઘન્ય અંતર્મુહુતનું ઉત્કૃષ્ટ છ માસનું તેના કુળ નવ લાખ ક્રોડ છે.

ચોથે પંચેન્દ્રિયના ભેદ. પંચેઈંદ્રિય તે ૧ કાય, ૨ મુખ ૩ નાસિકા, ૪ નેત્ર, ૫ કાન, એ પાંચ ઈંદ્રિય હોય તેને પંચેંદ્રિય કહીયે તેના ચાર ભેદ. ૧ નારકી, ૨ તિર્યંચ ૩ મનુષ્ય, ૪ દેવ.

પ્રથમ નારકીના ભેદ. નારકીના સાત ભેદ. તે સાત નરકના નારકી. સાત નરકનાં નામ. ૧ ધમા, ૨ વંશા, ૩ શિલા, ૪ અંજના ૫ રીષ્ટા, ૬ મઘા, ૭ માઘવતી, એ સાત નરકના નામ.

સાત નરકનાં ગોત્ર. ૧ રત્નપ્રભા, ૨ શર્કરપ્રભા ૩ વાલુકપ્રભા ૪ પંકપ્રભા, ૫ ધૂમપ્રભા, ૬ તમસ્ પ્રભા ૭ તમ:તમસ્ પ્રભા

એ સાત નરકનાં ગોત્ર ગુણ નિષ્પન્નથી છે તે શું શું ગુણ છે, તે.

૧ રત્નપ્રભામાં રત્નના કુંડ છે.

૨ શર્કરપ્રભામાં મરડીયા પાણા છે.

૩ વાલુકપ્રભામાં વેળુ છે.

૪ પંકપ્રભામાં લોહી માંસના કાદવ જેવા પુદ્ગલો છે.

૫ ધૂમ્રપ્રભામાં ધૂમાડો છે.

૬ તમસ્પ્રભામાં અંધકાર છે.

૭ તમઃતમસ્ પ્રભામાં અંધકારમાંહિ અંધકાર છે.

નારકીની સ્થિતિ, જઘન્ય દશ હજાર વર્ષની, ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમની તેનાં કુળ પચીસ લાખ ક્રોડ જાણવા. ઈતિ નરકનો વિસ્તાર સંપૂર્ણ,

## બીજે તિર્યંચનો વિસ્તાર.

તિર્યંચના પાંચ ભેદ. ૧ જળચર, ૨ સ્થળચર, ૩ ઉરપરિસર્પ, ૪ ભુજપરિસર્પ, ૫ ખેચર, એ પાંચ ભેદ. એકેકાના બબ્બે ભેદ તે, સંમૂર્છિમ, ૨ ગર્ભજ, એ બે ભેદ.

પ્રથમ જળચરના ભેદ. જે જળમાં ચાલે તેને જળચર કહિયે. તે જીવ, ૧ મચ્છ, ૨ કચ્છ, ૩ મગરમચ્છ, ૪ કાચબા ૫ ગ્રાહ, ૬ દેડકા, ૭ સુસુમાલ, ઈત્યાદિક જળચરના ઘણા ભેદ છે. તેના કુળ સાડાબાર લાખ ક્રોડ છે.

બીજે સ્થળચરના ભેદ. સ્થળ ઉપર ચાલે તેને સ્થળચર કહિયે. તે સ્થળચરના ચાર ભેદ. ૧ એક ખુર, ૨ બે ખુર, ૩ ગંડીપદ, ૪ શ્વાનપદ; તેમાં એક ખુર તે જેના પગે એક ખરી હોય તે જીવ; ૧ ઘોડા, ૨ ગધેડાં, ૩ ખચ્ચર ગધેડાં, ઈત્યાદિ

એક ખુરના ઘણા ભેદ છે, ૧.

બે ખુર તે જેના પગે બે ખરી હોય તે, તેના જીવ; ૧ ગાય, ૨ ભેંસ, ૩ બળદ, ૪ બકરાં, ૫ હરણ, ૬ રોઝ, ૭ સસલાં, ઈત્યાદિક બે ખુરના ઘણા ભેદ છે.

ગંડીપદ તે જેના પગ ગોળ હોય તે જીવ. ૧ હાથી, ૨ ગેંડા, ઈત્યાદિક ગંડીપદ ના ઘણા ભેદ છે. ૩.

શ્વાનપદ તે જેના પગ નોરવાળા હોય તે જીવ. ૧ વાઘ. ૨ સિંહ, ૩ ચિત્તા, ૪ દીપડા, ૫ કુતરા, ૬ બિલાડી, ૭ લાલી ૮ શિયાળ, ૯ જરખ, ૧૦ રીંછ, ૧૧ વાંદરાં, ઈત્યાદિક શ્વાનપદના ઘણા ભેદ છે. એ સ્થળચરના ભેદ સંપૂર્ણ. તેના કુળ દશ લાખ ક્રોડ છે.

ત્રીજે ઉરપરિસર્પના ભેદ. ઉરપરિસર્પ તે હૈયાભર ચાલે તે (સર્પની જાત) ને ઉરપરિસર્પ કહિયે. તેના ૪ ભેદ. ૧ અહિ, ૨ અજગર, ૩ અશાલિયો, ૪ મહુરગ, એ ચાર.

પ્રથમ અહિ, તે પાંચવર્ણા સર્પ. ૧ કાળો, ૨ નીલો, ૩ રાતો, ૪ પીળો, ૫ ધોળો.

બીજે અજગર તે, મનુષ્યને ગળી જાય તે.

ત્રીજે અશાલિયો તે, બે ઘડીમાં ૪૮ ગાઉ લાંબો થાય, ચક્રવર્તીની રાજ્યધાની તળે, અથવા નગરની ખાળ હેઠે ઉપજે. તેને ભસ્મ નામા દાહ થાય, તે ૪૮ ગાઉની માટી ગળી જાય, તેટલામાં કૂવો પાડે તેને અશાલિયો કહિયે.

ચોથે મહુરગ તે, એક હજાર જોજનનો લાંબો સર્પ અઢી દ્વીપ બહાર રહે તેને મહૂરગ કહિયે.

ઉરપરિસર્પના કુળ દશ લાખ ક્રોડ છે ઈતિ ઉરપરિસર્પના ભેદ સંપૂર્ણ.

ચોથે ભુજપરિસર્પના ભેદ. જે ભુજાએ કરી ચાલે તેને ભુજપરિસર્પ કહિયે. તે જીવ, ૧ કોળ, ૨ નોળ, ૩ ઉંદર ૪ ખિસકોલી, ૫ બ્રાહ્મણી, ૬ ગરોળી, ૭ કાકીડો, ૮ ચંદન ઘો, ૯ પાટલા ઘો ઈત્યાદિક ભુજપરિસર્પના ઘણા ભેદ છે તેના કુળ નવ લાખ ક્રોડ છે.

પાંચમે ખેચર. જે જીવ આકાશે ઉડે તેને ખેચર કહિયે. તે ખેચરના ૪ ભેદ. ૧ ચર્મ પંખી, ૨ રોમ પંખી, ૩ સમુદ્ગ પંખી, ૪ વીતત પંખી.

૧ ચર્મ પંખી. તે ચામડા સરખી પાંખ હોય તેવા જીવ. ૧ વાગોલો, ૨ ચામાચીડિયાં (કાનકડીયાં) ઈત્યાદિક ચર્મ પંખીના ઘણા ભેદ છે.

૨ રોમ પંખી તે સુંવાળી પાંખના પંખી હોય તેને રોમ પંખી કહિયે. તે જીવ, ૧ મોર, ૨ કબુતર, ૩ ચકલાં ૪ કાગડા, ૫ કાબર, ૬ મેના, ૭ પોપટ, ૮ સમળી, ૯ બગલાં, ૧૦ કોયલ, ૧૧ ઢેલ, ૧૨ શકરા, ૧૩ હોલા, ૧૪ શુડા, ૧૫ તેતર, ૧૬ બાજ, ઈત્યાદિ રોમ પંખીના ઘણા ભેદ છે. એ બે પંખી અઢી દ્વીપની અંદર છે અને બહાર પણ છે.

૩ સમુદ્ગ પંખી તે ડાબલાની પેઠે જેની પાંખ બીડેલ રહે તેવા જીવ.

૪ વીતત પંખી, તે જેની પાંખ પહોળી જ રહે, તેવાં પંખી. એ બે પંખી અઢી દ્વીપ બહાર છે. તેના કુળ બાર લાખ ક્રોડ છે. ગર્ભજ તિર્યંચની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્તની, ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમની; સંમૂર્છિમ તિર્યંચની સ્થિતિ જઘન્ય અંતર્મૂહૂર્તની ઉત્કૃષ્ટ પૂર્વ ક્રોડની*. વિસ્તાર દંડકથી જાણવો. ઈતિ તિર્યંચના ભેદ સંપૂર્ણ.

* ક્રોડ પૂર્વથી અધિક સ્થિતિવાળા તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યને જુગલિયા કહે છે.

## ત્રીજે મનુષ્યના ભેદ

મનુષ્યના બે ભેદ. ૧ ગર્ભજ, ૨ સંમૂર્છિમ.

ગર્ભજના ત્રણ ભેદ. ૧ પંદર કર્મભૂમિના મનુષ્ય, ૨ ત્રીશ અકર્મભૂમિના મનુષ્ય, ૩ છપ્પન અંતરદ્વીપના મનુષ્ય.

## સંમૂર્છિમ મનુષ્યના ભેદ

મનુષ્ય સંમૂર્છિમ તે મનુષ્ય ગર્ભજના ૧૦૧ ક્ષેત્રમાં, ૧૪ સ્થાનકમાં ઉપજે છે;

૧ ગર્ભજ મનુષ્યની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્તની, ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમની. ૨ સંમૂર્છિમ મનુષ્યની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્તની, ઉત્કૃષ્ટ પણ અંતર્મુહૂર્તની. મનુષ્યના કુળ બાર લાખ ક્રોડ છે. ઈતિ મનુષ્યના ભેદ.

## ચોથે દેવના ભેદ

દેવના ચાર ભેદ. ૧ ભવનપતિ, ૨ વાણવ્યંતર, ૩ જ્યોતિષી, ૪ વૈમાનિક.

પ્રથમ ભવનપતિના ભેદ. ભવનપતિના ૨૫ ભેદ. ૧ દશ અસુર કુમારાદિક, ૨ પંદર પરમાધામી, એવં ૨૫.

૧ દશ અસુર કુમારાદિકનાં નામ. ૧ અસુર કુમાર, ૨ નાગ કુમાર, ૩ સુવર્ણ કુમાર, ૪ વિદ્યુત્ કુમાર, ૫ અગ્નિ કુમાર, ૬ દ્વીપ કુમાર, ૭ ઉદધિકુમાર, ૮ દિશા કુમાર, ૯ વાયુ (પવન) કુમાર, ૧૦ સ્તનિત કુમાર,

૨ પંદર પરમાધામીનાં નામ. ૧ અંબ ૨ અંબરિસ, ૩ શામ, ૪ સબલ ૫ રૂદ્ર, ૬ વૈરૂદ્ર, ૭ કાલ, ૮ મહાકાલ, ૯ અસિપત્ર, ૧૦ ધનુષ્ય, ૧૧ કુંભ, ૧૨ વાલુ, ૧૩ વૈતરણી, ૧૪ ખરસ્વર, ૧૫ મહાઘોષ, એવં પંદર.

એવં કુલ પચીશ જાતિના ભવનપતિ કયાં રહે છે ? પહેલી નરકે એક લાખ ને અઠોતેર હજાર જોજનની પોલાર છે, તે મધ્યે બાર અંતરો છે, તેમાંના નીચેના દશ અંતરોમાં ભવનપતિને રહેવાનાં ભવન છે.

બીજે વાણવ્યંતરના ભેદ. વાણવ્યંતરના ૨૬ ભેદ. ૧ સોળ જાતિના દેવ, ૨ દશ જાતિના જૃંભિકા, એવં ૨૬.

૧ સોળ જાતિના વ્યંતર દેવ તે, ૧ પિશાચ, ૨ ભૂત, ૩ યક્ષ, ૪ રાક્ષસ, ૫ કિન્નર, ૬ કિંપુરૂષ, ૭ મહોરગ, ૮ ગંધર્વ ૯ આણપન્ની, ૧૦ પાણપન્ની, ૧૧ ઈસીવાઈ, ૧૨ ભૂઈવાઈ, ૧૩ કંદીય, ૧૪ મહાકંદીય, ૧૫ કોહંડ, ૧૬ પયંગદેવ. એવં સોળ જાતિના વ્યંતરદેવ.

૩ દશ જાતિના જૃંભિકા* તે, ૧ આણ જૃંભિકા, ૨ પાણ જૃંભિકા, ૩ લયન જૃંભિકા, ૪ શયન જૃંભિકા, ૫ વસ્ત્ર જૃંભિકા, ૬ ફૂલ જૃંભિકા ૭ ફલ જૃંભિકા, ૮ બીય જૃંભિકા, ૯ વિદ્યુત જૃંભિકા ૧૦ અવિયત (ઘરવખરીનાં) જૃંભિકા, એવં દશ જાતિના જૃંભિકા એ ૨૬ જાતિના વાણવ્યંતર કયાં રહે છે ? પૃથ્વીનું દળ એક હજાર જોજનનું છે, તે મધ્યેથી સો જોજનનું દળ હેઠે મૂકીએ, સો જોજન દળ ઉપર મૂકીએ, વચ્ચે આઠસેં જોજનની પોલાર છે. તે મધ્યે સોળ જાતિના વ્યંતરનાં નગર છે તે નાનાં ભરતક્ષેત્ર જેવડા છે, તેથી મોટાં મહાવિદેહ ક્ષેત્ર જેવડાં છે, તેથી મોટા જંબુદ્વીપ જેવડાં છે, તે વ્યંતરના નગર જાણવાં, જે દશ જાતિના જૃંભિકા દેવ છે તે, પૃથ્વીનું સો જોજનનું દળ ઉપરનું છે, તેમાં દશ જૃંભિકા દેવ છે તે, પૃથ્વીનું સો જોજનનું દળ ઉપરનું છે, તેમાં દશ જોજન નીચે મૂકીએ, દશ જોજન ઉપર મૂકીએ, વચ્ચે એંશી જોજનની પોલાર છે તેમાં રહે છે તે જૃંભિકા સંધ્યા વેળાએ, મધ્ય રાત્રિએ સવારે, બપોરે, અસ્તુ, અસ્તુ કરતા

* જૃંભકા - માલિક દેવો

ફરે છે, (જે હસતું હોય તે હસતું રહેજો, રોતું હોય તે રોતું રહેજો, એમ કહે છે.) માટે તે વખતે જેમ તેમ ન બોલવું; પહાડ, પર્વત, ઝાડ ઉપર તથા ઝાડ નીચે એ આદિ ઘણી સારી મનને ગમે તેવી જગ્યાએ વાણવ્યંતર દેવો આવે છે તથા વસે છે.

ત્રીજે જ્યોતિષીના ભેદ. જ્યોતિષીના ૧૦ ભેદ. ૧ ચંદ્ર, ૨ સૂર્ય, ૩ ગ્રહ, ૪ નક્ષત્ર, ૫ તારા, એ પાંચ જ્યોતિષી અઢી દ્વીપ માંહી ચર છે; અઢી દ્વીપ બહાર પાંચે સ્થિર છે; તે જ્યોતિષીની ગાથા-

તારા, રવિ, ચંદ, રિખ્ખા, બહુ, સુકા; જૂવ, મંગલ, સણીઆ; સગ સય નેઉઆ, દસ, અસિય ચઉ, ચઉ, કમસો તીયા ચઉસો. ૧

અર્થ - પૃથ્વીથી સાતસેં ને નેવુ જોજન ઉંચે જઈએ, ત્યારે તારાઓનાં વિમાન આવે, પૃથ્વીથી આઠસો જોજન જઈએ ત્યારે સૂર્યનું વિમાન આવે, પૃથ્વીથી આઠસો એંસી જોજન જઈએ ત્યારે ચંદ્રનું વિમાન આવે, પૃથ્વીથી આઠસો ચોરાશી જોજન જઈએ ત્યારે નક્ષત્રનાં વિમાન આવે, આઠસો અઠયાશી જોજન જઈએ ત્યારે બુધનો તારો આવે. આઠસો એકાણું જોજન ઉંચે જઈએ ત્યારે શુક્રનો તારો આવે, આઠસો ચોરાણું જોજન ઉંચે જઈએ ત્યારે બૃહસ્પતિનો તારો આવે, આઠસો સત્તાણું જોજન જઈએ ત્યારે મંગળનો તારો આવે, એ પૃથ્વીથી નવસો જોજન જઈએ ત્યારે શનિશ્ચરનો તારો આવે એ રીતે ૧૧૦ જોજન જ્યોતિષ ચક્ર જાણપણે છે. પાંચ ચર છે, પાંચ સ્થિર છે, પાંચ ચર તે કોને કહિયે ? અઢી દ્વીપ માંહી છે તે ફરે છે. તેને પાંચ ચર કહિયે. પાંચ સ્થિર તે કોને કહિયે ? અઢી દ્વીપ બહાર છે. ફરતા નથી, સ્થિર છે. જ્યાં સૂર્ય ત્યાં સૂર્ય છે. જ્યાં ચંદ્ર ત્યાં ચંદ્ર છે. તેને પાંચ સ્થિર કહીએ.

ચોથે વૈમાનિકના ભેદ. વૈમાનિકના ૩૮ ભેદ. ત્રણ કિલ્વિષી બાર દેવલોક, નવ લોકાંતિક, નવ ગ્રૈવેયક, પાંચ અનુત્તર વિમાન. એવં ૩૮.

પ્રથમ કિલ્વિષીના ભેદ. ૧ પહેલાં કિલ્વિષી ત્રણ પલ્યની સ્થિતિવાળા, પહેલા બીજા દેવલોકમાં નીચે રહે છે. ૨ બીજા કિલ્વિષી ત્રણ સાગરની સ્થિતિવાળા, ત્રીજા ચોથા દેવલોકમાં નીચે રહે છે. ૩ ત્રીજા કિલ્વિષી તેર સાગરની સ્થિતિવાળા છઠ્ઠા દેવલોકમાં નીચે રહે છે. જે દેવ, ગુરૂ, ધર્મની નિંદા કરનાર અને તપ સંયમની ચોરી કરનારાં મરીને કિલ્વિષી દેવ થાય છે. જેમ મનુષ્યમાં નીચ, ચંડાલ જાતિ હોય છે તેમ દેવોમાં તેઓ કુરૂપ, અશુભ, મિથ્યાત્વી અને અજ્ઞાની હોય છે.

બીજે બાર દેવલોક. ૧ સુધર્મા દેવલોક, ૨ ઈશાન દેવલોક, ૩ સનતકુમાર દેવલોક, ૪ માહેન્દ્ર દેવલોક, ૫ બ્રહ્મ દેવલોક, ૬ લાંતક દેવલોક, ૭ મહાશુક્ર દેવલોક, ૮ સહસ્ત્રાર દેવલોક, ૯ આણત દેવલોક, ૧૦ પ્રાણત દેવલોક. ૧૧ આરણ દેવલોક, ૧૨ અચ્યુત દેવલોક, એવં ૧૨ દેવલોકનાં નામ.

## બાર દેવલોક કેટલા ઉંચા, કેવા આકારે ને કેટલાં વિમાન, તેનો વિસ્તાર

જ્યોતિષ ચક્ર ઉપર અસંખ્યાતા જોજનની ક્રોડા ક્રોડી પ્રમાણે ઉંચે જઈએ ત્યારે પહેલું સુધર્મા ને બીજું ઈશાન એ બે દેવલોક આવે, તે બે છાલકાના આકારે છે. એકકું અર્ધ ચંદ્રમાને આકારે છે, બન્ને મળી પૂર્ણ ચંદ્રમાને આકારે છે. પહેલાંમાં બત્રીસ લાખ ને બીજામાં અઠાવીશ લાખ વિમાન છે. ત્યાંથી અસંખ્યાતા જોજનની ક્રોડાક્રોડી પ્રમાણે ઉંચે જઈએ ત્યારે ત્રીજું સનતકુમાર અને ચોથું માહેંદ્ર એ બે દેવલોક આવે, તે બે લગડાને આકારે છે; એકેકું અર્ધચંદ્રમાને આકારે છે, બન્ને મળી પૂર્ણ ચંદ્રમાને

આકારે છે. ત્રીજામાં બાર લાખ અને ચોથામાં આઠ લાખ વિમાન છે. તે ઉપરાંત અસંખ્યાતા જોજનના ક્રોડા ક્રોડી પ્રમાણે ઉંચે જઈએ ત્યારે પાંચમું બ્રહ્મ દેવલોક આવે, તે પૂર્ણ ચંદ્રમાને આકારે છે, તેમાં ચાર લાખ વિમાન છે. તે ઉપરાંત અસંખ્યાતા જોજનની ક્રોડાક્રોડી પ્રમાણે ઉંચે જઈએ, ત્યારે છઠ્ઠું લાંતક દેવલોક આવે, તે પૂર્ણ ચંદ્રમાને આકારે છે. તેમાં ૫૦ હજાર વિમાન છે. ત્રે ઉપરાંત અસંખ્યાત જોજનની ક્રોડાક્રોડી પ્રમાણે ઉંચે જઈએ, ત્યારે સાતમું મહાશુક્ર દેવલોક આવે, તે પૂર્ણ ચંદ્રમાને આકારે છે, તેમાં ૪૦ હજાર વિમાન છે. તે ઉપરાંત અસંખ્યાત જોજનની ક્રોડાક્રોડી પ્રમાણે ઉંચે જઈએ ત્યારે, આઠમું સહસ્ત્રા દેવલોક આવે, તે પૂર્ણ ચંદ્રમાને આકારે છે. તેમાં છ હજાર વિમાન છે. તે ઉપર અસંખ્યાતા જોજનની ક્રોડાક્રોડી પ્રમાણે ઉંચે જઈએ, ત્યારે નવમું આણત, ને દશમું પ્રાણત એ બે દેવલોક આવે, તે લગડાને આકારે છે, અકેકું અર્ધ ચંદ્રમાને આકારે છે. બન્ને મળી પૂર્ણ ચંદ્રમાને આકારે છે. બન્નેમાં મળી ૪૦૦ વિમાન છે. તે ઉપર અસંખ્યાતા જોજનની ક્રોડાક્રોડી પ્રમાણે ઉંચે જઈએ, ત્યારે અગિયારમું આરણ અને બારમું અચ્યુત એ બન્ને દેવલોક આવે. તે લગડાને આકારે છે. અકેકું અર્ધ ચંદ્રમાને આકારે છે. બન્ને મળી પૂર્ણ ચંદ્રમાને આકારે છે, બન્નેમાં મળી ૩૦૦ વિમાન છે, એવં બાર દેવલોકના સર્વ થઈને ૮૪,૯૬,૭૦૦ વિમાન છે.

## ત્રીજે નવ લોકાંતિક

પાંચમા દેવલોકનાં ત્રીજા અરિષ્ટ નામે પ્રતરની પાસે દક્ષિણ દિશામાં પૃથ્વી પરિણામરૂપ કાળા રંગની અખાડાને આકારે નવ કૃષ્ણરાજિ છે. તેમાં ૪ દિશાએ ૪, ૪ વિદિશાએ ૪ અને એક મધ્યમાં એમ નવ વિમાન છે તેમા નવ લોકાંતિક દેવ રહે છે. તેના નામ -

૧ સારસ્વત ૨ આદિત્ય, ૩ વન્હિ, ૪ વરૂણ, ૫ ગર્દતોયા,

૬ તોષિયા ૭ અવ્યાબાધા. ૮ અગીચ્ચા ૯ રિઠ્ઠા એ નવ લોકાંતિક દેવતા જ્યારે તીર્થંકર દેવ દીક્ષા લેનાર હોય, ત્યારે (તેઓ લોક (ત્રસનાળ)નાં કિનારા (અંત) પર રહેતાં હોવાથી લોકાંતિક કહેવાય છે.) આવીને એમ કહે, અહો ! ત્રિલોકનાથ ! તીર્થમાર્ગ પ્રવર્તાવો, મોક્ષ માર્ગ ચાલતો કરો એવી રીતે કહેવાનો નવ લોકાંતિકનો જીત પરંપરા વ્યવહાર છે. તેની સ્થિતિ જઘન્ય ઉત્કૃષ્ટ આઠ સાગરની છે. તેઓ સમકિતી હોય છે.

## ચોથે નવ ગ્રૈવેયક

(ગાથા) ભદ્દે, સુભદ્દે, સુજાએ, સુમાણસે, પીયદંસણે; સુદંસણે, આમોહે, સુપડિબધ્ધે, જસોધરે,

અર્થ-બારમા દેવલોક ઉપર અસંખ્યાતા જોજનની ક્રોડાક્રોડી પ્રમાણે ઉંચે ચડીએ ત્યારે નવ ગ્રૈવેયકની પહેલી ત્રીક આવે. તે ગાગર બેડાંના આકારે છે. તેનાં નામ. ૧ ભદ્દે, ૨ સુભદ્દે ૩ સુજાએ એ પહેલી ત્રીકે ૧૧૧ વિમાન છે, ૧. તે ઉપર અસંખ્યાતા જોજનની ક્રોડાક્રોડી પ્રમાણે ઉંચે જઈએ ત્યારે બીજી ત્રીક આવે, તે ગાગર બેડાંને આકારે છે, તેનાં નામ ૪ સુમાણસે, ૫ પ્રિયદંસણે, ૬ સુદંસણે, એ બીજી ત્રીકે ૧૦૭ વિમાન છે. ૨. તે ઉપર અસંખ્યાતા જોજનની ક્રોડાક્રોડી પ્રમાણે ઉંચે જઈએ ત્યારે ત્રીજી ત્રીક આવે; તે ગાગર બેડાંને આકારે છે; તેનાં નામ ૭ આમોહે, ૮ સુપડિબધ્ધે, ૯ જશોધરે ત્રીજી ત્રીકે ૧૦૦ વિમાન છે,

## પાંચમે પાંચ અનુત્તર વિમાન

નવમી ગ્રૈવેયક ઉપર અસંખ્યાતા જોજનની ક્રોડાક્રોડી પ્રમાણે ઉંચે જઈએ. ત્યારે પાંચ અનુત્તર વિમાન આવે. તેનાં નામ, ૧ વિજય, ૨ વિજ્યંત, ૩ જ્યંત, ૪ અપરાજીત, ૫ સર્વાર્થસિદ્ધ, એ સર્વ થઈને ૮૪,૯૭,૦૨૩ વિમાન થયાં. દેવની સ્થિતિ જઘન્ય

દશ હજાર વર્ષની, ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમની. દેવના કુળ ૨૬ લાખ ક્રોડ જાણવા.

## સિદ્ધશિલાનું વર્ણન

તે સર્વાર્થસિદ્ધ વિમાનની ધ્વજા પતાકાથકી ૧૨ જોજન ઉંચે જઈએ. ત્યારે સિદ્ધશિલા આવે. તે ૪૫ લાખ જોજનની લાંબી ને પહોળી છે. વચ્ચે આઠ જોજન જાડી છે. ઉતરતા છેડે માખીની પાંખ કરતાં પાતળી છે, સાફ સોનાના પતરાથી અધિક ઉજળી, ગોક્ષીર સરખી, શંખ, ચંદ્ર, અંકરત્ન, રૂપાના પટ, મોતીના હાર, ક્ષીરસાગરના પાણી થકી પણ ઘણી ઉજળી છે. તે સિદ્ધશિલાનાં બાર નામ. ૧ ઈષત્ ૨ ઈષત્ પ્રાગભાર, ૩ તનુ, ૪ તનુ તનુ, ૫ સિદ્ધિ, ૬ સિદ્ધાલય, ૭ મુક્તિ, ૮ મુક્તાલય, ૯ લોકાગ્ર, ૧૦ લોકસ્તુભિકા, ૧૧ લોકપ્રતિબોધિકા, ૧૨ સર્વ પ્રાણીભૂત જીવસત્વ સૌખ્યાવહિકા, એ બાર નામ. તે સિદ્ધશિલાની ફરતી પરિધિ૧,૪૨,૩૦,૨૪૯ જોજન, એક ગાઉ સતરસો છાસઠ ધનુષ્ય, પોણા છ આંગળ ઝાઝેરી છે. તે સિદ્ધશિલા ઉપર એક જોજન ઉંચે જઈએ, તે એક છેલ્લા જોજનના (માઠેરે, સીડીનાં આકારે) એક ગાઉના છ ભાગ કરીએ તેમાં પાંચ ભાગ હેઠે મૂકીયે, બાકી એક ભાગ રહ્યો, તેમાં સિદ્ધ ભગવંત બિરાજે છે. તે પાંચસે ધનુષ્યના સિદ્ધ થયા હોય તે; ૩૩૩ ધનુષ્ય ને ૩૨ આંગળ ક્ષેત્ર અવગાહીને રહ્યા છે. સાત હાથના સિદ્ધ થયા હોય તે, ચાર હાથને સોળ આંગળ ક્ષેત્ર અવગાહીને રહ્યા છે. બે હાથના સિદ્ધ થયા હોય તે, એક હાથ ને આઠ આંગળ ક્ષેત્ર અવગાહીને રહ્યા છે. તે સિદ્ધ ભગવંત કેવા છે ? અવર્ણે, અગંધે, અરસે, અસ્પર્શે, જન્મ મરણ રહિત, આત્મિક ગુણે કરી સહિત છે. તેવા સિદ્ધ ભગવંતને મારી સમય સમયની વંદણા હજો. ઈતિ સિદ્ધશિલાનું વર્ણન.

# ૬ કાય સ્વરૂપ

| નં. | નામ | કુળની કોડાકોડી | + ઉ.આયુષ્ય | વર્ણ | સંઠાણ | ÷ એક અંતર્મુહૂર્તમાં ઉ. જન્મ મરણ | જીવાયોની |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | પૃથ્વીકાય | ૧૨ લાખ ક્રોડ | ૨૨૦૦૦ વર્ષ | પીળો | મસુરની દાળ | ૧૨૮૨૪ | ૭ લાખ |
| ૨ | અપકાય | ૭ લાખ ક્રોડ | ૭૦૦૦ વર્ષ | સફેદ | પાણીનો પરપોટો | ૧૨૮૨૪ | ૭ લાખ |
| ૩ | તેઉકાય | ૩ લાખ ક્રોડ | ૩ અહોરાત્ર | લાલ | સોયની ભારી | ૧૨૮૨૪ | ૭ લાખ |
| ૪ | વાઉકાય | ૭ લાખ ક્રોડ | ૩૦૦૦ વર્ષ | નીલો | ધ્વજા-પતાકા | ૧૨૮૨૪ | ૭ લાખ |
| ૫ | વનસ્પતિ કાય | ૨૮ લાખ ક્રોડ | | | | | |
| | પ્રત્યેક | | ૧૦૦૦૦ વર્ષ | વિવિધ | વિવિધ | ૩૨૦૦૦ | ૧૦ લાખ |
| | સાધારણ | | જ.ઉ.અંતરમુહૂર્ત | વિવિધ | વિવિધ | ૬૫૫૩૬ | ૧૪ લાખ |
| ૬ | ત્રસકાય : | | | | | | |
| | બેઈન્દ્રિય | ૭ લાખ ક્રોડ | ૧૨ વર્ષ | વિવિધ | વિવિધ | ૮૦ | ૨ લાખ |
| | તેઈન્દ્રિય | ૮ લાખ ક્રોડ | ૪૯ દિવસ | વિવિધ | વિવિધ | ૬૦ | ૨ લાખ |
| | ચૌરેન્દ્રિય | ૯ લાખ ક્રોડ | ૬ માસ | વિવિધ | વિવિધ | ૪૦ | ૨ લાખ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| નારકી | ૨૫ લાખ. ક્રોડ | જ.૧૦૦૦૦ વર્ષ<br>ઉ. ૩૩ સાગરોપમ | વિવિધ | વિવિધ | | ૪ લાખ |
| તિર્યંચ : | | ગર્ભજની<br>ઉ. સ્થિતિ | | સંમુર્ચ્છિમની<br>ઉ. સ્થિતિ | | ૨ લાખ |
| જળચર | ૧૨ાા લાખ ક્રોડ | પૂર્વ ક્રોડ | વિવિધ | પૂર્વક્રોડ | ૧ | |
| સ્થળચર | ૧૦ લાખ ક્રોડ | ત્રણ પલ્ય | વિવિધ | વિવિધ૮૪૦૦૦ વર્ષ | ૧ | |
| ઉરપર | ૧૦ લાખ ક્રોડ | પૂર્વક્રોડ | વિવિધ | વિવિધ૫૩૦૦૦ વર્ષ | ૧ | |
| ભૂજપર | ૯ લાખ ક્રોડ | પૂર્વક્રોડ | વિવિધ | વિવિધ૪૨૦૦૦ વર્ષ | ૧ | |
| ખેચર | ૧૨ લાખ ક્રોડ | પલ્યનો અસં,ભાગ | વિવિધ | વિવિધ૭૨૦૦૦ વર્ષ | ૧ | |
| મનુષ્ય | ૧૨ લાખ ક્રોડ | ત્રણ પલ્ય | વિવિધ | વિવિધઅંતર્મૂહૂર્ત | | ૧૪ લાખ |
| દેવતા | ૨૬ લાખ ક્રોડ | જ. ૧૦૦૦૦ વર્ષ<br>ઉ. ૩૩ સાગરોપમ | વિવિધ | વિવિધ | | ૪ લાખ |
| | કુલ ૧,૯૭ાા લાખ ક્રોડ કુળ છે. | | | | કુલ | ૮૪ લાખ |

+ દેવતા-નારકી સિવાય બાકી બધાનું જઘન્ય આયુષ્ય અંતર્મુહુર્ત જાણવું.

÷ તમામનો જઘન્ય ૧ ભવ જાણવો.



ઈતિ છકાયના બોલ સંપૂર્ણ

# અથ શ્રી પચીસ બોલનો થોકડો

૧ પહેલે બોલે મહાવીર પ્રભુએ એકાકી દીક્ષા લીધી અને મોક્ષ પણ એકલા જ ગયા. ઊર્ધ્વલોકે સર્વાર્થ સિદ્ધ વિમાન એક લાખ જોજનનું છે, તીરછા લોકે જંબૂદ્વીપ એક લાખ જોજનનો છે. અધો લોકે સાતમી નરકે અપઈઠાણ નરકાવાસો એક લાખ જોજનનો છે, ચિત્રા નક્ષત્ર, શાંતિ નક્ષત્ર, આર્દ્રા નક્ષત્ર એ ત્રણ નક્ષત્રનો એકેકો તારો કહ્યો છે. ૨ બીજે બોલે ધર્મકરણી કરતી વખતે બે દિશા સન્મુખ બેસી કરવી તે પૂર્વે અને ઉત્તર. બે પ્રકારે ધર્મ કહ્યો છે; ગૃહસ્થ ધર્મ અને સાધુ ધર્મ. બે પ્રકારે જીવ કહ્યા છે, સિદ્ધના જીવ અને સંસારી જીવ. બે પ્રકારે દુઃખ કહ્યું છે, તે શારીરિક દુઃખ અને માનસિક દુઃખ. પૂર્વાફાલ્ગુની નક્ષત્ર, ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર, પૂર્વા ભાદ્રપદ્ર અને ઉત્તરાભાદ્રપદ્ર એ ચાર નક્ષત્રના બબ્બે તારા કહ્યા છે. ૩ ત્રીજે બોલે શ્રાવક ત્રણ મનોરથ ચિંતવે તે એવી રીતે કે હે ભગવાન ! હું આરંભ અને પરિગ્રહ કયારે છાંડીશ ? હે ભગવાન ! હું પંચમહાવ્રતધારી ક્યારે થઈશ ? હે ભગવાન ! હું આલોયણા કરી સંથારો કયારે કરીશ ? તે વખતને ધન્ય છે. ત્રણ પ્રકારના જિન કહ્યા; ૧ અવધિજ્ઞાની જિન, ૨. મનઃપર્યવજ્ઞાની જિન. ૩ કેવળજ્ઞાની જિન, ત્રણ પ્રકારના પાત્ર સાધુને ખપે તે ૧. માટીનું, ૨. તુંબડાનું, ૩. કાષ્ઠનું, સાત નક્ષત્રના ત્રણ ત્રણ તારા કહ્યા છે. અભિચ, શ્રવણ, અશ્વિની, ભરણી, મૃગશર, પુષ્ય, જયેષ્ઠા એ સાત નક્ષત્ર. ૪ ચોથે બોલે શ્રાવકને ચાર વિસામા કહ્યા છે. ભાર વહેનારને દષ્ટાંતે. એવી રીતે કે ભાર એક ખભેથી બીજે ખભે લે તે એક વિસામો. ૧, કોઈ જગ્યાએ ઓટલો કે ચોતરે બોજો મૂકીને લઘુનીત કરવા જાય કે વડીનીત કરવા જાય તે બીજો

વિસામો. ૨, ગામ દૂર હોય, રસ્તામાં ધર્મશાળા કે યક્ષનું દેવળ આવે ત્યાં રાત રહે તે ત્રીજો વિસામો. ૩, પોતાને કે ધણીને ત્યાં ભાર મૂકે તે ચોથો વિસામો. ૪. હવે એ દષ્ટાંત શ્રાવકના ઉપર ઉતારે છે. તે જેમ ભાર લીધો તેમ શ્રાવકને બોજો તે અઢાર પાપ રૂપ. તેના ચાર વિસામા નીચે પ્રમાણે; શ્રાવક આઠમ, પાખી ઉપવાસ, એકાસણું કરે તે પાપ રૂપ બોજો, એક ખાંધેથી બીજે ખાંધે લેવા રૂપ તે પહેલો વિસામો. કેમકે ઉપવાસ કર્યો તે પોતાની જાતને માટે ખાવાનું બંધ કર્યું અથવા પાપ બંધ કર્યું. પણ બીજાને માટે કરવું પડે છે, તેથી પહેલો વિસામો જાણવો, ૧. શ્રાવક એક સામાયિક, બે સામાયિક અથવા બે ઘડીનું ચાર ઘડીનું દેશાવગાસિક કરે તે બીજો વિસામો જાણવો. કેમકે એટલો વખત પાપમાંથી રોકાયો, ૨. શ્રાવક આઠમ પાખીના પૌષધ કરે તે રાત રહેવા રૂપ ત્રીજો વિસામો, ૩. શ્રાવક આલોયણા કરી સંથારો કરે ત્યારે સર્વ પાપથી નિવર્ત્યો એ ભાર ઘેર મૂકવા રૂપ ચોથો વિસામો, ૪. શ્રાવકને ચાર પ્રકારનું ભોજન કહ્યું છે તે જેમકે રાત્રીએ રાંધે અને દિવસે ખાય તે અશુદ્ધ. ૧. દિવસે રાંધે અને રાત્રીએ ખાય તે પણ અશુદ્ધ. ૨, રાત્રે રાંધે અને રાત્રે ખાય તે પણ અશુદ્ધ, ૩, દિવસે રાંધે અને દિવસે ખાય તે શુદ્ધ. ૪, વળી એ જ ચાર ભાંગા બીજી રીત કહે છે; અંધારી જગ્યાએ રાંધે અને અજવાળે ખાય તે પણ અશુદ્ધ, ૧. અજવાળામાં રાંધે અને અંધારી જગ્યાએ ખાય તે અશુદ્ધ, ૨. અંધારી જગ્યાએ રાંધે અને અંધારી જગ્યાએ ખાય તે અશુદ્ધ, ૩. અજવાળી જગ્યાએ રાંધે અને અજવાળી જગ્યાએ ખાય તે શુદ્ધ, ૪. પૂર્વાષાઢા નક્ષત્ર, ઉત્તરાષાઢા નક્ષત્ર, અનુરાધા નક્ષત્ર, એ ત્રણના ચાર ચાર તારા કહ્યા છે. ૫, પાંચમે બોલે સમકિતના લક્ષણ પાંચ શમ ૧, સંવેગ ૨, નિર્વેદ ૩, અનુકંપા ૪, આસ્થા ૫. પાંચ સમકિતનાં દૂષણ કહ્યા છે મિથ્યાત્વીએ બોલાવ્યા પહેલાં પોતે તેને બોલાવે તે

૧. મિથ્યાત્વીના સામું વારંવાર જોવું તે ૨. મિથ્યાત્વીને પહોંચાડવા જવું તે ૩. કામ વિના તેના મકાન ઉપર જવું તે ૪. વારંવાર તેના મકાન ઉપર જવું તે ૫. એ પાંચ દૂષણ. પાંચ સમકિતના ભૂષણ કહે છે. ધર્મને વિષે ચતુરાઈ રાખે તે ૧, જિનશાસનને અનેક રીતે દિપાવે તે ૨, સાધુની સેવા કરે તે ૩, ધર્મથી ડગતાને સ્થિર કરે તે ૪, સાધુ સ્વધર્મીની વૈયાવચ્ચ કરે તે ૫, એ પાંચ ભૂષણ જાણવા. શરીરમાંહેથી પાંચ ઠેકાણેથી જીવ નીકળે તે કહે છે. પગ ને તળીયેથી નીકળે તે નરકે જાય, ૧. જાંગેથી નીકળે તે તિર્યંચમાં જાય, ૨. છાતીએથી નીકળે તે મનુષ્યમાં જાય ૩. મસ્તકેથી નીકળે તે દેવલોકમાં જાય, ૪. અને સર્વાંગથી નીકળે તે મોક્ષમાં જાય. પાંચ પ્રકારે જીવ ધર્મ ન પામે તે કહે છે. અહંકારી ૧, ક્રોધી ૨, રોગી, ૩, પ્રમાદી ૪ આળસુ ૫, પાંચ નક્ષત્રના પાંચ પાંચ તારા કહ્યા છે તે રોહિણી ૧, પુનર્વસુ ૨, ધનિષ્ઠા, ૩, વિશાખા ૪, હસ્ત ૫, ૬ છઠ્ઠે બોલે છ પ્રકારે સાધુ આહાર કરે તે કહે છે. ક્ષુધાવેદનીય શમાવવાને માટે, ૧. વૈયાવચ્ચ કરવાને માટે, ૨, ઈર્યાસમિતિ શોધવાને માટે, ૩. સંયમના નિર્વાહને માટે, ૪.આયુષ્ય નિભાવવાને માટે, ૫. રાત્રીએ ધર્મ જાગરણ કરવાને માટે, ૬. છ ધર્મના દેવ ગુરુના નામ કહે છે. જૈન ધર્મમાં દેવ અરિહંત, ગુરૂનિર્ગ્રંથ, ૧. બૌદ્ધ મતમાં દેવ બુદ્ધ, ગુરુ ફુંગી, ૨. શીવ મતમાં દેવ રૂદ્ર, ગુરુ યોગી, ૩. દેવી મતમાં દેવી ધર્મ, ગુરુ વૈરાગી, ૪. ન્યાય મતમાં દેવ જગત્ કર્તા, ગુરુ સંન્યાસી, ૫. મીમાંસક-મતમાં દેવ અલખ, ગુરુ દરવેશ, ૬. સમકિતની છ જતના કહે છે. અન્યતીર્થીના ગુણગ્રામ ન કરે, ૧. અન્યતીર્થીને માને, વાંદે ને પૂજે નહિ, ૨. અન્યતીર્થીના બોલાવ્યા વિના પોતે બોલે નહિ, ૩. વારંવાર એની સાથે આલાપ સંલાપ કરે નહિ, ૪. અન્યતીર્થીને તરણતારણ માની અન્ન પાણી આપે નહિ, (દયા, બુદ્ધિ, અનુકંપાનો આગાર)

૫. અન્યતીર્થીને ધર્મબુદ્ધિએ વસ્ત્ર, પાત્ર આપે નહિ. શાતા નિમિત્તે આપે, ૬. છ લેશ્યાના વિચાર કહે છે. કૃષ્ણ લેશ્યાવાળાને જીવ હિંસા કરવાની ઈચ્છા હોય, ૧. નીલ લેશ્યાવાળાને ચોરીની ઈચ્છા હોય, ૨. કાપુત લેશ્યાવાળાને મૈથુનની ઈચ્છા હોય, ૩. તેજુ લેશ્યાવાળાને તપશ્ચર્યા કરવાની ઈચ્છા હોય, ૪. પદ્મલેશ્યાવાળાને દાન દેવાની ઈચ્છા હોય, ૫. શુકલ લેશ્યાવાળાને મોક્ષની ઈચ્છા હોય, ૬. કૃતિકા, અશ્લેષા એ બે નક્ષત્રના છ છ તારા છે; સાતમે બોલે સાત કારણે છદ્મસ્થ જાણવો. પ્રાણાતિપાત લગાડે, ૧. મૃષાવાદ લગાડે, ૨. અદત્તાદાન લગાડે, ૩ શબ્દ, રૂપ, ગંધ, રસ, સ્પર્શ તેનો સ્વાદ લે, ૪. પૂજા સત્કાર વાંછે, ૫. નિર્વદ્ય પ્રરૂપે પણ સાવદ્ય લાગે, ૬. જેવું પ્રરૂપે તેવું કરી શકે નહિ, ૭. એ સાત વાનાં જેનામાં હોય તે છદ્મસ્થ જાણવો. સાત પ્રકારે આઉખું તૂટે તે કહે છે. ૧. અધ્યવસાય - અતિ હર્ષ, શોક, ભયથી, ૨. નિમિત્ત - શસ્ત્ર દંડ વિ. નિમિત્તથી, ૩. આહાર - વધારે કે પ્રતિકૂળ આહારથી, ૪. વેદના - પ્રાણનાશક પીડા થવાથી, ૫. પરાઘાત - ખાડામાં પડવાથી કે વૃક્ષ, મકાન પરથી પડી જવાથી કે વીજળી પડવાથી, ૬. સ્પર્શ - સાપ વિ. ઝેરી પ્રાણીનાં કરડવાથી, ૭. શ્વોચ્છ્વાસ રૂંધાવાથી મરે. એ ૭. હવે સાત નય કહે છે. નૈગમ નય, ૧. સંગ્રહ નય, ૨. વ્યવહાર નય, ૩. ઋજુ સૂત્ર નય, ૪. શબ્દ નય, ૫. સમભિરૂઢ નય, ૬. એવંભૂત નય, ૭. એ સાત પ્રકારે નય કહ્યાં. મઘા નક્ષત્રના સાત તારા કહ્યા છે, ૮. આઠમે બોલે આચાર્યની આઠ સંપદા, આચાર સંપદા, ૧. શરીર સંપદા, ૨, સૂત્ર સંપદા, ૩. વચન સંપદા ૪, પ્રયોગ સંપદા, ૫. મતિ સંપદા, ૬. સંગ્રહ સંપદા, ૭. વાચના સંપદા, ૮. એકલવિહારી સાધુસાધ્વીનાં આઠ અવગુણ કહ્યાં છે તેનાં નામઃ ક્રોધી હોય તે એકલો રહે, ૧. અહંકારી હોય તે એકલો રહે, ૨. કપટી હોય

તે એકલો રહે, ૩. લોભી હોય તે એકલો રહે, ૪. પાપ કરવામાં આસક્ત હોય તે એકલો રહે, ૫ કુતૂહલી મશ્કરો હોય તે એકલો રહે, ૬. ધુતારો હોય તે એકલો રહે, ૭. માઠા આચારનો ધણી હોય તે એકલો રહે, ૮. આઠ ગુણનો ધણી એકલો હોય તેનાં નામઃ સંયમનો દૃઢ પ્રમાણનો ધણી ગુરુની આજ્ઞા લઈ એકલો રહે, ૧. ઘણા સૂત્રનો જાણ એકલો રહે, ૨. જઘન્ય દશ પૂર્વનો ભણેલો, ઉત્કૃષ્ટ ચઉદ પૂર્વનો ભણેલો એકલો રહે, ૩. ચાર જ્ઞાનનો ધણી એકલો રહે, ૪. મહાબળનો ધણી એકલો રહે, ૫. કલેશ રહિત હોય તે એકલો રહે, ૬. સંતોષી હોય તે એકલો રહે, ૭. ધૈર્યવંત હોય તે એકલો રહે, ૮. આઠ ઠેકાણે મનુષ્યને ઘેલાપણું ઉત્પન્ન થાય તે કહે છેઃ નર-નારી પરસ્પર વાતો કરે ત્યારે ઘેલા, ૧. બાળકને રમાડે ત્યારે ઘેલા, ૨. કલેશ કરે ત્યારે ઘેલા, ૩. દારૂ, ભાંગ; કેફી પદાર્થ પીએ ત્યારે ઘેલા, ૪. પેચબંધ પાઘડી બાંધીને ફરે ત્યારે ઘેલા, ૫. અરીસામાં મુખ જુએ ત્યારે ઘેલા; ૬, શયન સમયે ઘેલા, ૭. હોળીમાં પુરુષો અને અષાઢી પૂનમે સ્ત્રીઓ. ૮. દેખતા આઠ પ્રકારે અંધ કહ્યા છે તે કહે છે, કામાંધ ૧; ક્રોધાંધ, ૨. કૃપણાંધ ૩, માનાંધ, ૪. મદ્યાંધ, ૫, ચોરાંધ, ૬. જુગટયાંધ, ૭, ચુગલ્યાંધ, ૮. એ આઠ આંધળા જાણવા. આઠ મહાપાપી કહે છે. આત્મઘાતી મહા પાપી, ૧. વિશ્વાસઘાતી મહા પાપી, ૨. ગુણ ઓળવનાર મહા પાપી, ૩. ગુરુ દ્રોહી મહા પાપી, ૪. કુડીસાક્ષી પૂરે તે મહા પાપી, ૫. ખોટી સલાહ આપે તે મહા પાપી, ૬. પચ્ચક્ખાણ વારંવાર ભાંગે તે મહા પાપી, ૭. હિંસામય ધર્મ પરૂપે તે મહા પાપી. ૮. નવમે બોલે નવ પ્રકારે શરીરમાં રોગ ઉપજે તે કહે છે. ઘણું ખાય તો રોગ ઉપજે, ૧. અજીરણમાં ખાય તથા ઘણું બેસી રહે તો રોગ ઉપજે, ૨. ઘણું ઉંઘે તો રોગ ઉપજે, ૩. ઘણું જાગે તો રોગ ઉપજે, ૪, દિશા

રોકે તો રોગ ઉપજે, ૫. પેશાબ રોકે તો રોગ ઉપજે, ૬. ઘણું ચાલે તો રોગ ઉપજે, ૭. અણગમતી વસ્તુ ભોગવે તો રોગ ઉપજે, ૮ વારંવાર વિષય સેવે તો રોગ ઉપજે, ૯. નવ બોલ સમજવાના કહ્યા તે કહે છે. રજપૂતને ક્રોધ ઘણો, ૧. ક્ષત્રિયને માન ઘણું, ૨. ગણિકાને માયા ઘણી, ૩. બ્રાહ્મણને લોભ ઘણો, ૪. મિત્રને રાગ ઘણો, ૫. શોંક્યને દ્વેષ ઘણો, ૬. જુગારીને શોચ ઘણો, ૭. ચોરની માતાને ચિંતા ઘણી, ૮. કાયરને ભય ઘણો, ૯. દશમે બોલે નારકીના જીવને દશ પ્રકારની વેદના કહે છે. અનંતી ભૂખ, ૧. અનંતી તરસ, ૨, અનંતી ટાઢ, ૩. અનંતી ગરમી, ૪. અનંતો દાહ ૫. અનંતો ભય, ૫. અનંતો જ્વર, ૭. અનંતી ખરજ, ૮. અનંતું પરવશપણું, ૯. અનંતોશોક, ૧૦. દશપ્રકારે શ્રાવકને પસ્તાવું પડે તે કહે છે. સાધુની જોગવાઈ હોય અને પ્રશ્નાદિક પૂછે નહિ તો સાધુ વિહાર કર્યા પછી પસ્તાવું પડે, ૧. વખાણવાણી સાંભળે નહિ તો પસ્તાવું પડે, ૨. સામાયિક-પ્રતિક્રમણ કરે નહિ તો પસ્તાવું પડે, ૩. આહાર પાણી અસુઝતો હોય તો પસ્તાવું પડે, ૪. ભણવાની જોગવાઈ હોય અને ભણે નહિ તો પસ્તાવું પડે, ૫. સ્વધર્મીની ખબર લે નહિ તો પસ્તાવું પડે, ૬. ધર્મ જાગરણ જાગે નહિ તો પસ્તાવું પડે, ૭. સાધુની વિનયભક્તિ કરે નહિ તો પસ્તાવું પડે, ૮. સાધુની સાર સંભાળ લે નહિ તો પસ્તાવું પડે, ૯. સાધુ વિહાર કરી જાય ને ખબર ન પડે તો પસ્તાવું પડે, ૧૦. દશ કારણે દેવતાનું આયુષ્ય બંધાય. ૧. અલ્પકષાયી હોય, ૨. નિર્મળ સમ્યક્ત્વ પાળે, ૩. શ્રાવકનાં વ્રત શુદ્ધ પાળે, ૪. ગત વસ્તુ - ઈષ્ટ વિયોગની ચિંતા કરે, ૫. ધર્માત્માની ભક્તિ કરે, ૬. દયા-દાનની વૃદ્ધિ કરે, ૭ જૈન ધર્માનુરાગી હોય, ૮. બાલતપ કરે, ૯. અકામ નિર્જરા કરે, ૧૦, સાધુનાં વ્રત શુધ્ધ પાળે. દશ પ્રકારે જ્ઞાનમાં વૃદ્ધિ કરનાર નક્ષત્રના નામ : મૃગશર, ૧. આર્દ્રા,

૨. પુષ્ય, ૩. પૂર્વા ભાદ્રપદ્દ, ૪. પૂર્વાષાઢા, ૫. પૂર્વાફાલ્ગુની, ૬. મૂળ, ૭. અશ્લેષા, ૮. હસ્ત, ૯. ચિત્રા, ૧૦. એ દશ નક્ષત્રમાં જ્ઞાન ભણે તો વૃદ્ધિ થાય ને વિઘ્ન જાય, ૧૧. અગિયારમે બોલે મહાવીરનાં ૧૧ ગણધરના નામ કહે છે ઈંદ્રભૂતિ, ૧. અગ્નિભૂતિ, ૨. વાયુભૂતિ, ૩. વ્યક્ત, ૪. સુધર્મા સ્વામી, ૫. મંડિત પુત્ર, ૬. મૌર્યપુત્ર, ૭. અંકપિત, ૮. અચળ ભ્રાતા, ૯. મેતાર્ય, ૧૦. પ્રભાસ., ૧૧. અગિયાર બોલે જ્ઞાન વધે તે કહે છે. ઉદ્યમ કરતાં જ્ઞાન વધે, ૧. નિદ્રા તજે તો જ્ઞાન વધે, ૨. ઉણોદરી કરે તો જ્ઞાન વધે, ૩. થોડું બોલે તો જ્ઞાન વધે, ૪. પંડિતની સોબત કરે તો જ્ઞાન વધે, ૫. વિનય કરે તો જ્ઞાન વધે, ૬. કપટરહિત તપ કરે તો જ્ઞાન વધે, ૭. સંસાર અસાર જાણે તો જ્ઞાન વધે, ૮. માંહોમાંહી ચર્ચા-વાર્તા કરે તો જ્ઞાન વધે, ૯. જ્ઞાની પાસે ભણે તો જ્ઞાન વધે, ૧૦. ઈંદ્રિયોના વિષયનો ત્યાગ કરે તો જ્ઞાન વધે, ૧૧. મૂળ નક્ષત્રના અગિયાર તારા છે, ૧૨. બારમે બોલે બાર કારણે આત્માનું પરમ કલ્યાણ થાય તે કહે છે. સમકિત નિર્મળ પાળે તો આત્માનું પરમ કલ્યાણ થાય. શ્રેણિક રાજાની પેરે, ૧. નિયાણારહિત કરણી કરે તો પરમ કલ્યાણ થાય-તામલી તાપસની પેરે, ૨. મન વચન કાયાના જોગ કબજે રાખે તો પરમ કલ્યાણ થાય. ગજસુકુમાર મુનિની પેરે, ૩. છતી શક્તિએ ક્ષમા કરે તો પરમ કલ્યાણ થાય-પરદેશી રાજાની પેરે, ૪. પાંચ ઈંદ્રિયનું દમન કરે તો પરમ કલ્યાણ થાય - ધર્મરૂચિ અણગારની પેરે, ૫. સાધુનો શુદ્ધ આચાર પાળે તો પરમ કલ્યાણ થાય - ધન્ના અણગારની પેરે, ૬. ધર્મ ઉપર શ્રદ્ધા - પ્રતીતિ રાખે તો પરમ કલ્યાણ થાય. વરૂણ નાગ નટુઆના મિત્રની પેરે, ૭. માયા કપટ છાંડે તો પરમ કલ્યાણ થાય - મલ્લિનાથના છ મિત્રની પેરે, ૮. આશ્રવમાં સંવર નીપજાવે તો પરમ કલ્યાણ થાય - સંજતિ

રાજાની પેરે, ૯. રોગ આવે હાય વોય ન કરે તો પરમ કલ્યાણ થાય - અનાથી નિગ્રંથની પેરે, ૧૦. પરિષહ આવ્યે સમભાવ રાખે તો પરમ કલ્યાણ થાય - મેતારજ મુનિની પેરે, ૧૧. તૃષ્ણા ઉત્પન્ન થઈ તેને પાછી વાળે તો પરમ કલ્યાણ થાય - કપિલ કેવળીની પેરે, ૧૨. ૧૩ - તેરમે બોલે તેર તણખા કહે છે - જન્મરૂપી રૂ અને મરણરૂપી તણખો, ૧. સંજોગરૂપી રૂ અને વિયોગરૂપી તણખો, ૨. શાતારૂપી રૂ અને અશાતારૂપી તણખો, ૩. સંપદા રૂપી રૂ અને આપદારૂપી તણખો, ૪. હરખરૂપી રૂ અને શોક રૂપી તણખો, ૫. શીલરૂપી રૂ અને કુશીલરૂપી તણખો, ૬. જ્ઞાનરૂપી રૂ અને અજ્ઞાનરૂપી તણખો, ૭. સમકિતરૂપી રૂ અને મિથ્યાત્વરૂપી તણખો, ૮. સંજમરૂપી રૂ અને અસંજમરૂપી તણખો, ૯. તપસ્વી રૂપી રૂ અને ક્રોધરૂપી તણખો, ૧૦. વિવેકરૂપી રૂ અને અભિમાનરૂપી તણખો, ૧૧. સ્નેહરૂપી રૂ અને માયારૂપી તણખો, ૧૨. સંતોષરૂપી રૂ અને લોભરૂપી તણખો, ૧૩. એ તેર તણખા, હવે તેર કાઠીઆ[૧] કહે છે. જુગાર, ૧. આળસ, ૨. શોક, ૩. ભય, ૪. વિકથા, ૫. કૌતુક ૬, ક્રોધ, ૭. કૃપણ બુદ્ધિ, ૮. અજ્ઞાન, ૯. વહેમ, ૧૦. નિદ્રા, ૧૧. મદ, ૧૨. મોહ, ૧૩. એ તેર કાઠીઆ. ૧૪, ચૌદમે બોલે વ્યાખ્યાન સાંભળનારનાં ૧૪ ગુણ કહે છે. ભક્તિવંત હોય, ૧. મીઠા બોલો હોય, ૨. ગર્વરહિત હોય, ૩. સાંભળ્યા ઉપર રૂચિ હોય, ૪. ચપળતારહિત એકાગ્ર ચિત્તે સાંભળનાર હોય, ૫. જેવું સાંભળે તેવું પૂછનારને બરાબર કહે, ૬. વાણીને પ્રકાશમાં લાવનાર હોય, ૭. ઘણાં શાસ્ત્ર સાંભળીને તેના રહસ્યનો જાણ હોય, ૮. ધર્મકાર્યમાં આળસ ન કરનાર હોય, ૯. ધર્મ સાંભળતાં નિદ્રા ન કરનાર હોય, ૧૦. બુદ્ધિવંત હોય, ૧૧. દાતાર ગુણ હોય, ૧૨ જેની પાસે ધર્મ સાંભળે તેના ગુણનો

૧. કાઠીઆ = અંતરાય ઉત્પન્ન કરે.

ફેલાવો કરનાર હોય, ૧૩. કોઈની નિંદા ન કરે તેમજ તેમનો વાદવિવાદ ન કરે, ૧૪. ૧૫ પંદરમેં બોલે વિનીત શિષ્યના પંદર ગુણ કહે છે. ગુરુથી નીચા આસને બેસવાવાળો હોય, ૧. ચપળપણા રહિત હોય, ૨. માયા રહિત હોય ૩, કુતૂહલરહિત હોય, ૪. કર્કશ વચનરહિત હોય, ૫. લાંબો પહોંચે તેવો ક્રોધ ન કરનાર હોય, ૬. મિત્ર સાથે મિત્રતા રાખે, ૭. સૂત્ર ભણી મદ ન કરે, ૮. આચાર્યાદિની નિંદા ન કરે, ૯. શિખામણ દેનાર ઉપર ક્રોધ ન કરે, ૧૦. પૂંઠ પાછળ વાલેસરીના ગુણ બોલે, ૧૧. કલેશ, મમતા, રહિત હોય, ૧૨, તત્ત્વનો જાણ હોય, ૧૩. વિનયવંત હોય, ૧૪. લજ્જાવંત તથા ઈંદ્રિયનો દમનાર હોય, ૧૫. સોળમે બોલે સોળ પ્રકારનાં વચન જાણવા તે કહે છે. એક વચન ઘટ, પટ, વૃક્ષ, ૧. દ્વિવચન ઘટૌ, પટૌ, વૃક્ષૌ, ૨. બહુવચન ઘટા :, પટા :, વૃક્ષા :, ૩. સ્ત્રીલિંગે વચન : કુમારી, નગરી, નદી, ૪. પુરુષલિંગે વચન : દેવ, નર, અરિહંત, સાધુ, ૫. નપુંસકલિંગે વચન : કપટં, કમળં, નેત્રં., ૬. અતીતકાળ વચન (ગયો કાળ): કરેલું, થએલું, ૭. અનાગતકાળ વચન (આવતો કાળ) કરશે, થશે, ભાંગશે, ૮. વર્તમાનકાળ વચન : કરે છે, થાય છે, ભણે છે. ૯, પરોક્ષ વચનઃ એકાર્ય તેણે કર્યું, ૧૦. પ્રત્યક્ષ વચનઃ એમ જ છે, ૧૧. ઉપનીત વચનઃ એ પુરુષ રૂપવંત છે, ૧૨. અપનીત વચન : જેમ એ પુરુષ કુરૂપવંત છે ૧૩, ઉપનીત અપનીત વચન : જેમ એ રૂપવંત પણ કુશીલીઓ છે, ૧૪. અપનીત ઉપનીત વચન; જેમ એ પુરુષ કુશીલીઓ પણ રૂપવંત છે, ૧૫. અધ્યાત્મ વચન : ભગ્ન બોલે (તુટેલું વચન) રૂ. વાણીઆની પેરે રૂ પા. ૧૬, સત્તરમે બોલે સત્તર પ્રકારનો સંયમ કહે છે : પૃથ્વીકાયની દયા પાળવી તે સંયમ ૧, અપકાયની દયા પાળવી તે સંયમ ૨, તેઉકાયની ૩, વાયુકાયની ૪, વનસ્પતિકાયની ૫, બેઈંદ્રિયની

૬, તેઈંદ્રિયની ૭, ચૌરેંદ્રિયની ૮, પંચેંદ્રિયની ૯, અજીવકાયની ૧૦, પેહા[૧] ૧૧, ઉપેહા[૨] ૧૨, પમજણાં[૩] ૧૩, પરિઠવણીઆ[૪] ૧૪ મન ૧૫, વચન ૧૬, કાયા ૧૭, એ સત્તર પ્રકારનો સંયમ. ૧૭. અઢારમે બોલે અઢાર દ્રવ્ય દિશા કહે છે. પૂર્વ ૧, પશ્ચિમ ૨, ઉત્તર ૩, દક્ષિણ ૪, ઈશાન ખુણો, ૫, અગ્નિખુણો ૬, નૈઋત્ય ખુણો ૭, વાયવ્ય ખુણો ૮, તથા દિશા અને વિદિશાના આઠ આંતરા એ બધા થઈને સોળ, ઊંચી ૧૭ અને નીચી ૧૮. અઢાર ભાવ દિશા કહે છે; પૃથ્વી ૧, અપ ૨, તેઉ ૩, વાયુ ૪, અગ્રબીઆ[૫] ૫, મૂળબીઆ[૬] ૬, પોરબીઆ[૭] ૭, ખંધબીઆ[૮] ૮, બેઈંદ્રિય ૯ તેઈંદ્રિય ૧૦. ચૌરેંદ્રિય ૧૧, પંચેંદ્રિય ૧૨, તિર્યંચ ૧૩, કર્મભૂમિ ૧૪, અકર્મભૂમિ ૧૫ છપ્પન અંતરદ્વીપા ૧૬, દેવતા ૧૭, નારકી ૧૮, એ અઢાર. ઓગણીસમે બોલે કાઉસગ્ગના ઓગણીસ દોષ કહે છે. ઢીંચણ ઉપર એક પગ રાખીને કાઉસગ્ગ કરે તો દોષ ૧, કાયા આઘીપાછી હલાવે તો દોષ ૨, ઓઠીંગણ દે તો દોષ ૩, માથું નમાવી ઉભો રહે તો દોષ ૪, બે હાથ ઊંચા રાખે તો દોષ ૫, મોઢે, માથે ઓઢે તો દોષ ૬, પગ ઉપર પગ રાખે તો દોષ ૭,

૧. પેહા = (જોયા વગર જમીન ઉપર બેસે) જોઈને જત્નાપૂર્વક જમીન ઉપર બેસે.
૨. ઉપેહા = શત્રુ, મિત્ર, નિષ્ઠ, અનિષ્ઠમાં રાગ-દ્વેષ ન કરવો પરંતુ માધ્યસ્થ ભાવ રાખવો.
૩. પમજણાં = પાત્રાદીકને બરાબર પોંજે.
૪. પરિઠવણીયા = માતૃ આદિને વિધિએ પરઠે.
૫. અગ્રબીયા = જેનું બીજ અગ્રભાગમાં હોય છે તેવા કોરંટક આદિ.
૬. મૂળબીયા = મૂળ જ જેનું બીજ છે તે કમળકાકડી આદિ.
૭. પોરબીયા = ગાંઠમાં જ જેનું બીજ છે તે શેરડી આદિ.
૮. ખંધબીયા= થડ જેનું બીજ છે તે વડ ,પીપળો વિ.

શરીર વાકું રાખે તો દોષ ૮, સાધુની બરાબર રહે તો દોષ ૯, ગાડાની ઊંધની પરે ઊભો રહે તો દોષ ૧૦, કેડેથી વાંકો ઊભો રહે તો દોષ ૧૧, રજોહરણ ઊંચો રાખે તો દોષ ૧૨, એક આસને ન રહે તો દોષ ૧૩, આંખ ઠેકાણે ન રાખે તો દોષ ૧૪, માથું હલાવે તો દોષ ૧૫, ખોખારો કરે તો દોષ ૧૬, શરીર હલાવે તો દોષ ૧૭, શરીર મરડે તો દોષ ૧૮, શૂન્ય ચિત્ત રાખે તો દોષ ૧૯. ૨૦ વીસમે બોલે વીસ પ્રકારે જીવ તીર્થંકર ગોત્ર બાંધે તે કહે છે. અરિહંતનાં ગુણગ્રામ કરે તો કર્મની ક્રોડ ખપાવે, ઉત્કૃષ્ટ રસ આવે તો તીર્થંકર ગોત્ર બાંધે ૧, સિદ્ધનાં ગુણગ્રામ કરે તો ૨, સિદ્ધાંતનાં ગુણગ્રામ કરે તો ૩, ગુરુનાં ગુણગ્રામ કરે તો ૪, સ્થવિરનાં ગુણગ્રામ કરે તો ૫, બહુસૂત્રીનાં ગુણગ્રામ કરે તો ૬, તપસ્વીનાં ગુણગ્રામ કરે તો ૭, જ્ઞાન ઉપર ઉપયોગ વારંવાર રાખે તો ૮, શુદ્ધ સમકિત પાળે તો ૯, વિનય કરે તો ૧૦, બે વખત પ્રતિક્રમણ કરે તો ૧૧, વ્રત પચ્ચક્ખાણ ચોખ્ખાં પાળે તો ૧૨, ધર્મધ્યાન, શુકલધ્યાન ધ્યાવે તો ૧૩, બાર ભેદે તપ કરે તો ૧૪, સુપાત્રને દાન દે તો ૧૫, વૈયાવચ્ચ કરે તો ૧૬, સર્વ જીવને સુખ ઉપજાવે તો ૧૭, અપૂર્વ જ્ઞાન ભણે તો ૧૮, સૂત્રની ભક્તિ કરે તો ૧૯, તીર્થંકરનો માર્ગ દીપાવે તો ૨૦, એ વીસ. ૨૧, એકવીશમે બોલે શ્રાવકના એકવીશ ગુણ કહે છે. અક્ષુદ્ર ૧, યશવંત ૨, સૌમ્ય પ્રકૃતિ ૩, લોકપ્રિય ૪, અક્રુર ૫, પાપ ભીરૂ ૬, શ્રદ્ધાવંત ૭. ચતુરાઈયુકત ૮, લજ્જાવાન ૯, દયાવંત ૧૦, માધ્યસ્થદ્રષ્ટિ ૧૧, ગંભીર ૧૨, ગુણાનુરાગી, ૧૩, ધર્મોપદેશ કરનાર ૧૪, ન્યાયપક્ષી ૧૫. શુદ્ધવિચારક ૧૬, મર્યાદાયુકત વ્યવહાર કરનાર ૧૭, વિનયશીલ ૧૮, કૃતજ્ઞ ૧૯, પરોપકારી ૨૦, સત્કાર્યમાં સદા સાવધાન ૨૧. બાવીસમે બોલે બાવીસ જણ સાથે વાદ ન કરવો તે કહે છે; ધનવંત સાથે ૧, બળવંત સાથે ૨, ઘણા પરિવાર સાથે ૩,

તપસ્વી સાથે ૪, હલકા માણસ સાથે ૫, અહંકારી સાથે ૬, ગુરુ સાથે ૭, સ્થવિર સાથે ૮, ચોર સાથે ૯, જુગારી સાથે ૧૦, રોગી સાથે ૧૧, ક્રોધી સાથે ૧૨, જુઠાબોલા સાથે ૧૩, કુસંગી સાથે ૧૪, રાજા સાથે ૧૫, શીતળ લેશ્યાવાળા સાથે ૧૬, તેજો લેશ્યાવાળા સાથે ૧૭, મોઢે મીઠાબોલા સાથે ૧૮, દાનેશ્રી સાથે ૧૯, જ્ઞાની સાથે ૨૦, ગુણકા સાથે ૨૧, બાળક સાથે ૨૨, એ બાવીસ. ૨૩, ત્રેવીસમે બોલે પાંચ ઈંદ્રિયના ત્રેવીશ વિષય કહે છે, શ્રોતેંદ્રિયના ત્રણ વિષય, જીવ શબ્દ ૧, અજીવ શબ્દ ૨, મિશ્ર શબ્દ ૩, ચક્ષુંઈંદ્રિયના પાંચ વિષય, કાળો, ૧, પીળો ૨, લીલો ૩, રાતો ૪, ધોળો ૫, ઘ્રાણેંદ્રિયના બે વિષય, સુરભિ ગંધ ૧, દુરભિ ગંધ ૨, કુલ દશ. સ્પર્શ ઈંદ્રિયના આઠ વિષય, તે ખરખરો ૧૧, સુંવાળો ૧૨, હલકો ૧૩, ભારે ૧૪, ટાઢો ૧૫, ઉનો ૧૬, લુખો ૧૭, ચીકણો ૧૮, રસઈંદ્રિયના પાંચ વિષય તીખો ૧૯, કડવો ૨૦, કષાયલો ૨૧, ખાટો ૨૨, મીઠો ૨૩, ૨૪ ચોવીસમે બોલે ચોવીસ તોટા કહે છે, ભણવા ગણવાની આળસ કરે તો જ્ઞાનનો તોટો, બહુસૂત્રીની શાખ ૧, સાધુ સાધ્વીનાં દર્શન ન કરે તો સમકિતનો ટોટો, સોમિલ બ્રાહ્મણની શાખ ૨, વખતસર પ્રતિક્રમણ ન કરે તો વ્રત પચ્ચક્ખાણનો ટોટો; ઉત્તરાધ્યયન અધ્યયન ૨૫ ની શાખ ૩, સાધુ - સાધ્વી માંહોમાંહી વૈયાવચ્ચ ન કરે તો તીર્થનો ટોટો; ઠાણાંગની શાખ ૪, તપસ્યાની ને આચારની ચોરી કરે તો દેવતામાં ઊંચી પદવીનો ટોટો, દશવૈકાલિક ભગવતીની શાખ ૫, કઠણ કલુષ ભાવ રાખે તો શીતળતાનો ટોટો, સમવાયાંગની શાખ ૬. અજતનાથી ચાલે તો જીવદયાનો ટોટો; દશ વૈકાલિકની શાખ ૭, રૂપનો ને યૌવનનો મદ કરે તો શુભ કર્મનો ટોટો, પન્નવણાની શાખ ૮, મોટાનો વિનય ન કરે તો તીર્થંકરની આજ્ઞાનો ટોટો, વ્યવહાર સૂત્રની શાખ ૯, માયા કપટ કરે તો

જશ - કીર્તિનોટોટો, આચારાંગની શાખ ૧૦, પાછલી રાત્રે ધર્મ જાગ્રિકા ન જાગે તો ધર્મધ્યાનનો ટોટો, નિશીથની શાખ ૧૧, ક્રોધ ક્લેશ કરે તો સ્નેહભાવનો ટોટો, ચેડા કુણિકની શાખ ૧૨, મન ઊંચું નીચું કરે તો અક્કલનો ટોટો, ભૃગુ પુરોહિતની શાખ ૧૩, સ્ત્રીના લાલચુને બ્રહ્મચર્યનો ટોટો, ઉત્તરાધ્યનની શાખ ૧૪, સાધુ - સાધ્વી, શ્રાવક - શ્રાવિકા માંહેમાંહી હેત મેળાપ ન રાખે તો જૈન ધર્મનો ટોટો, શંખ પોખલીજીની શાખ ૧૫, સુપાત્રને ઉલ્લાસ ભાવે દાન ન આપે તો પુણ્ય પ્રકૃતિનો ટોટો, કપિલા દાસીની શાખ ૧૬, સાધુ ગામ; નગર વિહાર ન કરે તો ધર્મ કથાનો ટોટો, શેલક રાજઋષિની શાખ ૧૭, ભણે નહિ તો જિનશાસનનોં ટોટો, સમાચારીની શાખ ૧૮, વ્રત પચ્ચક્ખાણની આલોયણા કરે નહિ તો મોક્ષના સુખનો ટોટો, પાર્શ્વનાથની બસેં છપ્પન સાધ્વીની શાખ ૧૯, અરિહંત; ધર્મ ને ચાર તીર્થના અવર્ણવાદ બોલે તો સત્ ધર્મનો ટોટો, ઠાણાંગની શાખ ૨૦ સાધુનું વચન માને નહીં તો ઊંચી ગતિનો ટોટો, બ્રહ્મદત્તની શાખ ૨૧, સાધુ - સાધ્વી, ગુરુ - ગુરુણીની આજ્ઞા ઉલ્લંઘે તો આરાધકપણાનો ટોટો, સુકુમાલિકાની શાખ તથા ખંધકજીની શાખ ૨૨, ભગવાનનાં વચન ઉપર શ્રદ્ધા ન રાખે તો શુદ્ધ માર્ગનો ટોટો, જમાલીની શાખ ૨૩, ભણેલું વારંવાર સંભાળે નહિ તો મેળવેલી વિદ્યાનો ટોટો, જવઋષિની શાખ ૨૪. ૨૫ પચીસમે બોલે સાડાપચીશ આર્યદેશ તથા તેની નગરીનાં નામ કહે છે, મગધ દેશ - રાજગૃહિ નગરી ૧, અંગ દેશ, ચંપાનગરી ૨, બંગદેશ - તામલિક નગરી ૩, કલિંગ દેશ - કંચનપુર નગરી ૪, કાશીદેશ - વાણારસી નગરી, ૫, કોશળદેશ - અયોધ્યાનગરી ૬, કુરૂદેશ - ગજપુર નગરી ૭, કુષાવર્તદેશ - સોરીપુર નગરી ૮, પંચાળ દેશ - કંપિલપૂર નગરી, ૯, જંગલ દેશ - અહીછત્રા નગરી ૧૦, કચ્છ દેશ - કૌસંબી નગરી ૧૧, સાંડીલ દેશ -

નંદીપુર નગરી ૧૨, માળવ દેશ - ભદ્દિલપુર નગરી ૧૩, વચ્છ દેશ - વૈરાટનગરી ૧૪, દશારણ દેશ - મૃગાવતી નગરી ૧૫, વરણદેશ - ઈચ્છાપુરી નગરી ૧૬, વિદેહ દેશ - શિવાવતી નગરી ૧૭, સિંધદેશ - વિત્તભય પાટણ નગરી ૧૮, સૌવીર દેશ - મથુરા નગરી ૧૯ વિદેહ - દેશ - મિથિલા નગરી ૨૦ સુરસેન દેશ - પાવાપુર નગરી ૨૧, ભંગદેશ - માંસપુર નગરી ૨૨, પાટણ દેશ - કાંડવતી - નગરી ૨૩, કુણાલ દેશ - સાવથી નગરી ૨૪, સોરઠ દેશ - દ્વારકા નગરી ૨૫, કેકાર્ધ દેશ - શ્વેતાંબિક નગરી ૨૬, એ સાડીપચ્ચીસ આર્યદેશ.

ઈતિ શ્રી પચીસ બોલ

## (૪) પાંત્રીશ બોલ

પહેલે બોલે-ગતિ ચાર, ૧ નારકી, ૨ તિર્યંચ, ૩ મનુષ્ય, ૪ દેવતા. (પન્નવણા પદ ૨૩, ઉ.૨)

બીજે બોલે - જાતિ પાંચ, ૧ એકેન્દ્રિય, ૨ બેઈંદ્રિય, ૩ તેઈંદ્રિય, ૪ ચૌરેંદ્રિય. ૫ પંચેંદ્રિય. (પન્ન. પદ ૨૩ ઉ.૨)

ત્રીજે બોલે - કાય છ ૧ પૃથ્વીકાય, ૨ અપકાય, ૩ તેઉકાય, ૪ વાયુકાય. ૫ વનસ્પતિ કાય, ૬ ત્રસકાય. (ઠાણાંગ-૬ સૂ.૪૮૦, દશવૈ.૪)

ચોથે બોલે - ઈંદ્રિય પાંચ. ૧ શ્રોતેંદ્રિય, ૨ ચક્ષુઈંદ્રિય, ૩ ઘ્રાણેંદ્રિય, ૪ રસેંદ્રિય, ૫ સ્પર્શેન્દ્રિય. (પન્ન. પદ-૧૫, ઠા.૫ સૂ.૪૩૩)

પાંચમે બોલે - પર્યાપ્તિ છ. ૧ આહાર, ૨ શરીર, ૩ ઈંદ્રિય, ૪ શ્વાસોચ્છવાસ, ૫ ભાષા, ૬ મન. (ભગ.શ.૩ ઉ.૧, પન્ન પદ ૨૮)

છઠે બોલે - પ્રાણ દશ. પાંચ ઈંદ્રિયના ૫ પ્રાણ, ૬ મન - બળ, ૭ વચનબળ, ૮ કાયબળ, ૯ શ્વાસોચ્છવાસ, ૧૦ આયુષ્ય (ઠા.૧ સૂ.૪૮ ટીકા)

સાતમે બોલે - શરીર પાંચ, ૧ ઔદારિક, ૩ વૈક્રિય, ૩ આહારક, ૪ તેજસ, ૫ કાર્મણ. (ઠા.૫ સૂ.૩૯૫, પન્ન. પદ ૨૧)

આઠમે બોલે - યોગ પંદર, ૧ સત્ય મનયોગ, ૨ અસત્ય મનયોગ, ૩ મિશ્ર મનયોગ, ૪ વ્યવહાર મનયોગ, ૫ સત્ય વચનયોગ, ૬ અસત્ય વચનયોગ ૭ મિશ્ર વચનયોગ, ૮ વ્યવહાર વચનયોગ ૯ ઔદારિક કાયયોગ, ૧૦ ઔદારિક મિશ્ર કાયયોગ ૧૧ વૈક્રિય કાયયોગ, ૧૨ વૈક્રિય મિશ્ર કાયયોગ, ૧૩ આહારક કાયયોગ, ૧૪ આહારક મિશ્ર કાયયોગ, ૧૫ કાર્મણ કાયયોગ (ભગ.શ.૨૫ ઉ.૧, પન્ન.પદ ૧૬)

નવમે બોલે - ઉપયોગ બાર. ૧ મતિજ્ઞાન, ૨ શ્રુતજ્ઞાન, ૩ અવધિજ્ઞાન, ૪ મનઃપર્યવજ્ઞાન, ૫ કેવળજ્ઞાન, ૬ મતિ અજ્ઞાન, ૭ શ્રુત અજ્ઞાન, ૮ વિભંગજ્ઞાન, ૯ ચક્ષુદર્શન, ૧૦ અચક્ષુદર્શન, ૧૧ અવધિ દર્શન, ૧૨ કેવળ દર્શન. (પન્ન. પદ ૨૯)

દશમે બોલે - કર્મ આઠ. ૧ જ્ઞાનાવરણીય. ૨ દર્શનાવરણીય, ૩ વેદનીય, ૪ મોહનીય, ૫ આયુષ્ય, ૬ નામ, ૭ *ગોત્ર, ૮ અંતરાય. (પન્ન. પદ ૨૩, ઉત્ત. અ.૩૩)*

અગીયારમે બોલે - ગુણઠાણાં ચૌદ, ૧ મિથ્યાત્વ, ૨ સાસ્વાદાન, ૩ મિશ્ર, ૪ અવિરતિ, સમ્યગદષ્ટિ ૫ દેશવિરતિ, (શ્રાવક) ૬ પ્રમત્ત સંજતિ, ૭ અપ્રમત્ત સંજતિ, ૮ નિવૃત્તિ બાદર, ૯ અનિવૃત્તિ બાદર, ૧૦ સૂક્ષ્મ સંપરાય, ૧૧ ઉપશાંત મોહનીય, ૧૨ ક્ષીણ મોહનીય, ૧૩ સયોગી કેવળી, ૧૪ અયોગી કેવળી. (સમવાયાંગ-૧૪)

બારમે બોલે - પાંચ ઈંદ્રિયોના વિષય ૨૩* તે શ્રોતેંદ્રિયના ત્રણ વિષય. ૧ જીવ શબ્દ, ૨ અજીવ શબ્દ ૩ મિશ્ર શબ્દ, ચક્ષુઈંદ્રિયના પાંચ વિષય. ૧ કાળો, ૨ નીલો, ૩ લાલ, ૪ પીળો, ૫ ધોળો. ઘ્રાણેંદ્રિયના બે વિષય. - ૧ સુરભિગંધ ૨ દુરભિગંધ. રસેન્દ્રિયના પાંચ વિષય : ૧. તીખો, ૨. કડવો, ૩. કસાયેલો ૪. ખાટો, ૫. મીઠો. સ્પર્શેંદ્રિયના આઠ વિષય. ૧ સુંવાળો ૨ ખરખરો, ૩ હલકો, ૪ ભારે. ૫ ઉષ્ણ ૬ ટાઢો, ૭ લુખો, ૮ ચોપડયો. (પન્ન. પદ ૧૫, જૈન તત્ત્વ પ્રકાશ)

તેરમે બોલે - પચીશ પ્રકારનું મિથ્યાત્વ. ૧ અભિગ્રહિક મિથ્યાત્વ, ૨ અનાભિગ્રહિક મિથ્યાત્વ, ૩ અભિનિવેશિક મિથ્યાત્વ, ૪ સાંશયિક મિથ્યાત્વ. ૫. અણાભોગ મિથ્યાત્વ (અનાદિકાળના મિથ્યાત્વીને તથા સર્વ અસંજ્ઞીજીવોને આ એક મિથ્યાત્વ જ લાભે) ૬ લૌકિક મિથ્યાત્વ, ૭ લોકોત્તર મિથ્યાત્વ, ૮ કુપ્રાવચન મિથ્યાત્વ, ૯ જિન માર્ગથી ઓછું પ્રરૂપે તે મિથ્યાત્વ, ૧૦ જિન માર્ગથી અધિક પ્રરૂપે તે મિથ્યાત્વ, ૧૧ જિન માર્ગથી વિપરીત પ્રરૂપે તે મિથ્યાત્વ. ૧૨ ધર્મને અધર્મ કહે તે મિથ્યાત્વ, ૧૩ અધર્મને ધર્મ કહે તે મિથ્યાત્વ, ૧૪ જીવને અજીવ કહે તે મિથ્યાત્વ, ૧૫ અજીવને જીવ કહે તે મિથ્યાત્વ, ૧૬ જિનમાર્ગને અન્યમાર્ગ કહે તે મિથ્યાત્વ, ૧૭ અન્ય માર્ગને

---

* પાંચ ઈન્દ્રિયનાં ૨૪૦ વિકાર : શ્રોતેન્દ્રિય (૧૨) ૩ શબ્દ × ૨ (શુભ, અશુભ) × ૨ (રાગ, દ્વેષ) = ૧૨. ચક્ષુ ઈન્દ્રિય (૬૦) - ૫ વર્ણ × (સચેત, અચેત, મિશ્ર) ૩ × ૨ (શુભ, અશુભ) × ૨ (રાગ, દ્વેષ) = ૬૦. ઘ્રાણેન્દ્રિય (૧૨) - ૨ ગંધ × ૩ (સચેત, અચેત, મિશ્ર) × ૨ (રાગ, દ્વેષ) = ૧૨. રસેન્દ્રિય (૬૦) - ૫ રસ × ૩ (સચેત,અ,મિ.) × ૨ (શુ. અશુભ) × ૨ (રાગ, દ્વેષ.) = ૬૦. સ્પર્શેન્દ્રિય - ૮ સ્પર્શ × ૩ (સ,અ,મિ.) × ૨ (શુભ અશુભ) × ૨ (રાગ, દ્વેષ) = ૯૬.

તે કુલ મળી ૧૨ + ૬૦ + ૧૨ + ૬૦ + ૯૬ = ૨૪૦.

જિનમાર્ગ કહે તે મિથ્યાત્વ, ૧૮ સાધુને કુસાધુ કહે તે મિથ્યાત્વ, ૧૯ કુસાધુને સાધુ કહે તે મિથ્યાત્વ ૨૧ આઠ કર્મથી મુકાણા તેને નથી મુકાણા કહે તે મિથ્યાત્વ ૨૧ આઠ કર્મથી નથી મુકાણા તેને મુકાણા કહે તે મિથ્યાત્વ, ૨૨ અવિનય મિથ્યાત્વ, ૨૩ અક્રિયા મિથ્યાત્વ, ૨૪ અજ્ઞાન મિથ્યાત્વ, ૨૫ અશાતના મિથ્યાત્વ. (ઠા.૧૦ સૂ.૭૩૪)

ચૌદમે બોલે - નવતત્ત્વના જાણપણાના ૧૧૫ બોલ. ચૌદ ભેદ જીવના. ૧ સૂક્ષ્મ એકેંદ્રિય, ૨ બાદર એકેંદ્રિય, ૩ બેઈંદ્રિય, ૪ તેઈંદ્રિય, ૫ ચૌરેંદ્રિય, ૬ અસંજ્ઞી પંચેંદ્રિય ૭ સંજ્ઞી પંચેંદ્રિય. તે દરેકના અપર્યાપ્તા ને પર્યાપ્તા. (સમ.૧૪, ભગ. શ.૨૫ ઉ.૧) ચૌદ ભેદ અજીવના, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય એ દરેકના સ્કંધ, દેશ, પ્રદેશ, એમ નવ, અને કાળ મળી દશભેદ અરૂપી અજીવના તથા પુદ્ગલાસ્તિકાય (રૂપી અજીવ) ના ચાર ભેદ. સ્કંધ, દેશ, પ્રદેશ, પરમાણુ. (ઉત્ત.અ.૩૬) નવ ભેદ પુણ્યનાં, અન્નપુન્ને, પાણપુન્ને. લયણપુન્ને, શયનપુન્ને, વત્થપુન્ને, મનપુન્ને, વચનપુન્ને, કાયપુન્ને, નમસ્કારપુન્ને એ (ઠાણાંગ ૯ સૂ. ૬૭૬) ૯. અઢાર ભેદ પાપના તે, અઢાર પાપસ્થાનક. (ભગ.શ.૧ ઉ.૯) વીશ ભેદ આશ્રવના: મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, અશુભયોગ, પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ, શ્રોતેંદ્રિય, ચક્ષુઈંદ્રિય, ઘ્રાણેંદ્રિય, રસેંદ્રિય, સ્પર્શેંદ્રિય એ પાંચને મોકળી મૂકવી તે, મન - વચન - કાયાને મોકળાં મૂકવાં તે. ભંડોપગરણની અયત્ના કરે તે; શુચિ કુસગ્ગ કરે તે. (ઠા.૫ સૂ.૪૧૮, સમ.૫) વીશ ભેદ સંવરના: સમકિત, વ્રત પચ્ચક્ખાણ, અપ્રમાદ, અકષાય, શુભયોગ, જીવદયા, સત્યવચન, અદત્તાદાન ત્યાગ, મૈથુનત્યાગ, અપરિગ્રહ, એ દશ તથા પાંચ ઈંદ્રિય ને ત્રણ જોગનું સંવરવું તે. ભંડ ઉપકરણ ઉપધિ યત્નાએ લીએ મૂકે તે, શુચિ કુસગ્ગ ન કરે

તે, (ઠા.૧૦ સૂ.૭૦૯, પ્રશ્નવ્યા.) બાર ભેદ નિર્જરાના, અણસણ, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ, રસપરિત્યાગ, કાયકલેશ, પ્રતિસંલીનતા, પ્રાયશ્ચિત, વિનય વૈયાવચ્ચ, સજ્ઝાય, ધ્યાન, કાઉસગ્ગ. (ભગ.૨૫ અ.૭, ઉ.અ.૩૦) ચાર ભેદ બંધના; પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, અનુભાગબંધ, પ્રદેશબંધ. (ઠા.૪ સૂ.૨૯૬) ચાર ભેદ મોક્ષના; જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, (ઉત્ત.અ.૨૮) એમ ૧૧૫ બોલ થયા. (ઠણાંગ ૯, સૂ. ૬૬૫)

પંદરમે બોલે - આત્મા આઠ પ્રકારના છેઃ દ્રવ્યાત્મા, કષાયાત્મા, યોગાત્મા, ઉપયોગાત્મા, જ્ઞાનાત્મા, દર્શનાત્મા, ચારિત્રાત્મા, વીર્યાત્મા. (ભગ.શ.૧૨ ઉ.૧૦)

સોળમે બોલે - દંડક ચોવીશ છે. સાત નરકનો એક દંડક, દશ ભવનપતિના, અસુરકુમાર, નાગકુમાર, સુવર્ણકુમાર, વિદ્યુતકુમાર અગ્નિકુમાર, દ્વીપકુમાર, ઉદધિકુમાર, દિશાકુમાર, વાયુકુમાર, સ્તનિતકુમાર, પાંચ સ્થાવરના, પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, ત્રણ વિકલેંદ્રિયના, બેઈંદ્રિય, તેઈંદ્રિય, ચૌરિંદ્રિય, એકતિર્યંચ પંચેંદ્રિયનો; એક મનુષ્યનો, એક વાણવ્યંતર દેવતાનો, એક જ્યોતિષી દેવતાનો, એક વૈમાનિક દેવતાનો; એમ ચોવીશ દંડક થયા. (ઠા.૧ સૂ.૫૧, ભગ.શ.૨૪)

સત્તરમે બોલે - લેશ્યા છ. કૃષ્ણ, નીલ, કાપૂત, તેજુ, પદ્મ, શુકલ.(પન્ન.પદ ૧૭, ઉત્ત.અ.૩૪)

અઢારમે બોલે - દષ્ટિ ત્રણ. મિથ્યાત્વ દષ્ટિ, સમામિથ્યાત્વ દષ્ટિ, સમ્યગદષ્ટિ. (ઠા.૩ સૂ.૧૪૮, પન્ન. પદ ૧૯)

ઓગણીસમે બોલે - ધ્યાન ચાર. આર્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન, શુકલધ્યાન. (ભગ.શ.૨૫ ઉ.૭, ઠા.૪ સૂ.૨૪૭, સમ.૪)

વીશમે બોલે - છ દ્રવ્યના ત્રીશ બોલ. તેમાં પાંચ બોલ ધર્માસ્તિકાયના; દ્રવ્યથકી એક, ક્ષેત્રથકી લોક પ્રમાણે, કાળ થકી

અનાદિ અનંત, ભાવથકી અરૂપી, ગુણથકી ચલણ સહાય. પાંચ બોલ અધર્માસ્તિકાયના; દ્રવ્ય થકી એક, ક્ષેત્રથકી લોક પ્રમાણે, કાળથકી અનાદિ અનંત, ભાવથકી અરૂપી, ગુણથકી સ્થિરસહાય. પાંચ બોલ આકાશાસ્તિકાયના; દ્રવ્યથકી એક, ક્ષેત્રથકી લોકાલોક પ્રમાણે, કાળથકી અનાદિ અનંત, ભાવથકી અરૂપી, ગુણથકી ભાજનગુણ (અવકાશ). પાંચ બોલ કાળના; દ્રવ્યથકી અનંત, ક્ષેત્રથકી અઢીદ્વીપ પ્રમાણે, કાળથકી અનાદિ અનંત, ભાવથકી અરૂપી, ગુણથકી વર્તવાનો ગુણ. પાંચ બોલ પુદ્‌ગલના; દ્રવ્યથકી અનંત, ક્ષેત્રથકી લોક પ્રમાણે, કાળથકી અનાદિ અનંત, ભાવથકી રૂપી, ગુણથકી ગળે ને મળે. પાંચ બોલ જીવના; દ્રવ્યથકી અનંત, ક્ષેત્રથકી આખા લોક પ્રમાણે, કાળથકી આદિ અંતરહિત, ભાવથકી અરૂપી, ગુણથકી ચૈતન્ય ગુણ. (ઠા.૫ સૂ.૪૪૧) (ભગ.શ.૨, ઉ.૧૦) (ઉત્ત.અ.૨૮)

એકવીશમે બોલ - રાશિ બે. જીવરાશિ, અજીવરાશિ. (ઠા.૨ ઉ.૪, સમ.૨,ઉત્ત.અ.૩૬)

બાવીશમે બોલે - શ્રાવકના વ્રત બાર. તેના ભાંગા ૪૯ તેની વિગત. (ઉપાસક દશાંગ-૧, હરિભદ્રી આવશ્યક અ.૧) (ભગ.શ.૮, ઉ.૫)

આંક એક અગીયારનો, એટલે એક કરણ ને એક યોગે કરી એક કોટીએ પ્રત્યાખ્યાન કરે.

તેના ભાંગા નવ તે, અમુક દોષકારી સ્થાનક - જેના પ્રત્યાખ્યાન કરૂં છું તે, ૧ કરૂં નહિ મને કરી, ૨ કરૂં નહિ વચને કરી, ૩ કરૂં નહિ કાયાએ કરી, ૪ કરાવું નહિ મને કરી, ૫ કરાવું નહિ વચને કરી, ૬ કરાવું નહિ કાયાએ કરી, ૭ કરતાંને અનુમોદું નહિ મને કરી, ૮ કરતાંને અનુમોદું નહિ વચને કરી, ૯ કરતાંને અનુમોદું નહિ કાયાએ કરી. એવં ૯ ભાંગા થયા.

આંક એક બારનો, એટલે એક કરણ ને બે યોગે કરી બે કોટીએ પ્રત્યાખ્યાન કરે.

તેના ભાંગા નવ તે, ૧ કરૂં નહિ મને કરી, વચને કરી; ૨ કરૂં નહિ મને કરી, કાયાએ કરી; ૩ કરૂં નહિ વચને કરી; કાયાએ કરી; ૪ કરાવું નહિ, મને કરી, વચને કરી; ૫ કરાવું નહિ મને કરી, કાયાએ કરી; ૬ કરાવું નહિ વચને કરી, કાયાએ કરી; ૭ કરતાંને અનુમોદું નહિ મને કરી, વચને કરી; ૮ કરતાંને અનુમોદું નહિ મને કરી, કાયાએ કરી; ૯ કરતાંને અનુમોદું નહિ, વચને કરી, કાયાએ કરી; એવં ૧૮ ભાંગા.

આંક એક તેરનો, એટલે એક કરણ ને ત્રણ યોગે કરી, ત્રણ કોટીએ પ્રત્યાખ્યાન કરે.

તેના ભાંગા ત્રણ તે, ૧ કરૂં નહિ મને કરી, વચને કરી, કાયાએ કરી. ૨ કરાવું નહિ મને કરી, વચને કરી, કાયાએ કરી; ૩ કરતાં પ્રત્યે અનુમોદું નહિ, મને, વચને, ને કાયાએ કરી. એવં ૨૧ ભાંગા.

આંક એક એકવીસનો, એટલે બે કરણ ને એક યોગે કરી, બે કોટીએ પ્રત્યાખ્યાન કરે.

તેના ભાંગા નવ તે, ૧ કરૂં નહિ, કરાવું નહિ, મને કરી; ૨ કરૂં નહિ, કરાવું નહિ, વચને કરી; ૩ કરૂં નહિ, કરાવું નહિ, કાયાએ કરી; ૪ કરૂં નહિ, અનુમોદું નહિ, મને કરી; ૫ કરૂં નહિ અનમોદું નહિ, વચને કરી; ૬ કરૂં નહિ, અનુમોદું નહિ, કાયાએ કરી; ૭ કરાવું નહિ, અનુમોદું નહિ, મને કરી; ૮ કરાવું નહિ, અનુમોદું નહિ, વચને કરી; ૯ કરાવું નહિ,અનુમોદું નહિ, કાયાએ કરી. એવં ૩૦ ભાંગા.

આંક એક બાવીસનો એટલે બેકરણ, ને બે યોગે કરી ચાર કોટીએ પ્રત્યાખ્યાન કરે.

તેના ભાંગા નવ તે, ૧ કરૂં નહિ, કરાવું નહિ, મને કરી, વચને કરી; ૨ કરૂં નહિ, કરાવું નહિ, મને કરી, કાયાએ કરી; ૩ કરૂં નહિ, કરાવું નહિ, વચને કરી, કાયાએ કરી; ૪ કરૂં નહિ, અનુમોદું નહિ, મને કરી, વચને કરી; ૫ કરૂં નહિ, અનુમોદું નહિ, મને કરી, કાયાએ કરી; ૬ કરૂં નહિ, અનુમોદું નહિ, વચને કરી, કાયાએ કરી; ૭ કરાવું નહિ, અનુમોદુ નહિ, મને કરી, વચને કરી; ૮ કરાવું નહિ, અનુમોદુ નહિ, મને કરી, કાયાએ કરી; ૯ કરાવું નહિ, અનુમોદું નહિ, વચને કરી, કાયાએ કરી. એ ૩૯ ભાંગા થયા.

આંક એક તેવીસનો એટલે બે કરણ, ને ત્રણ યોગે કરી, છે કોટીએ પ્રત્યાખ્યાન કરે.

તેના ભાંગા ત્રણ તે, ૧ કરૂં નહિ, કરાવું નહિ, મને કરી, વચને કરી, કાયાએ કરી; ૨ કરૂં નહિ, અનુમોદું નહિ મને, વચને ને કાયાએ કરી; ૩ કરાવું નહિ, અનુમોદું નહિ, મને, વચને ને કાયાએ કરી. એવં ૪૨ ભાંગા.

આંક એક એકત્રીશનો, એટલે ત્રણ કરણ ને એક યોગે કરી ત્રણ કોટીએ પ્રત્યાખ્યાન કરે.

તેના ભાંગા ત્રણ તે, ૧ કરૂં નહિ, કરાવું નહિ, અનુમોદું નહિ, મને કરી; ૨ કરૂં નહિ, કરાવું નહિ, અનુમોદું નહિ, વચને કરી; ૩ કરૂં નહિ, કરાવું નહિ, અનુમોદું નહિ, કાયાએ કરી. એવં ૪૫ ભાંગા.

આંક એક બત્રીશનો, એટલે ત્રણ કરણ ને બે યોગ કરી, છ કોટીએ પ્રત્યાખ્યાન કરે.

તેના ભાંગા ત્રણ, ૧ કરૂં નહિ, કરાવું નહિ, અનુમોદું નહિ, મને કરી, વચને કરી; ૨ કરૂં નહિ, કરાવું નહિ, અનુમોદું નહિ, મને કરી, કાયાએ કરી; ૩ કરૂં નહિ, કરાવું નહિ, અનુમોદું નહિ, વચને કરી, કાયાએ કરી. એવં ૪૮ ભાંગા.

આંક એક તેત્રીશનો, એટલે ત્રણ કરણ ને ત્રણ યોગે કરી નવ કોટીએ પ્રત્યાખ્યાન કરે.

તેનો ભાંગો એક તે, ૧ કરૂં નહિ, કરાવું નહિ, કરતાં પ્રત્યે અનુમોદું નહિ, મને કરી, વચને કરી, કાયાએ કરી. એ ૪૯ ભાંગા સંપૂર્ણ.

ત્રેવીશમે બોલે - સાધુના પાંચમહાવ્રત. તેના ભાંગા ૨૫૨ (ઠા.૫ સૂ.૩૮૯, દશવૈ. અ.૪) પૃથ્વી, અપ, તેઉ, વાઉ, વનસ્પતિ કાય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય, પંચેન્દ્રિય એ નવની નવકોટિએ દયા તે ૯ × ૯ = ૮૧ પ્રથમ મહાવ્રતનાં ભાંગા.

ક્રોધે, લોભે, ભયે, હાસ્યે, મૃષાવાદ નવ કોટિએ ન બોલે તે ૪ × ૯ = ૩૬ બીજા મહાવ્રતનાં ભાંગા. અલ્પ, બહુ, સૂક્ષ્મ, સ્થૂલ, સચેત, અચેત એ ૬ અદત્તાદાન નવ કોટિએ તે ૯ × ૬ = ૫૪ ત્રીજા મહાવ્રતનાં ભાંગા. દેવતા, મનુષ્ય, તિર્યંચ સાથે નવ કોટિએ મૈથુન ન સેવે તે ૩ × ૯ = ૨૭ ચોથા વ્રતનાં ભાંગા. અલ્પ, બહુ, સૂક્ષ્મ, સ્થુલ, સચેત, અચેત એ ૬ પ્રકારે પરિગ્રહ નવકોટિએ ન રાખે તે ૬ × ૯ = ૫૪ તે પાંચમા મહાવ્રતનાં ભાંગા. (મન, વચન, કાયાએ કરું નહીં, કરાવું નહીં, અનુમોદું નહીં તે ૯ કોટિ) તે કુલ મળીને ૮૧ + ૩૬ + ૫૪ + ૨૭ + ૫૪ = ૨૫૨.

ચોવીશમે બોલે - પ્રમાણ ચાર. પ્રત્યક્ષ, અનુમાન, આગમ, ઉપમાન.

પચીશમે બોલે - ચારિત્ર પાંચ. સામાયિક ચારિત્ર, છેદો-પસ્થાપનીય ચારિત્ર, પરિહારવિશુદ્ધ ચારિત્ર, સૂક્ષ્મસંપરાય ચારિત્ર (ઠા.૫ સૂ.૪૨૮૭ અનુયોગદ્વાર) (ઠા.૫.સૂ.૪૨૮૭, અનુયોગદ્વાર) યથાખ્યાત ચારિત્ર.

છવીશમે બોલે - સાત નય - નૈગમનય, સંગ્રહનય, વ્યવ હારનય, ઋજુસૂત્રનય, શબ્દનય, સમભિરૂઢનય, એવંભૂતનય.

સત્તાવીશમે બોલે - નિક્ષેપા ચાર. નામ નિક્ષેપ, સ્થાપના નિક્ષેપ, દ્રવ્યનિક્ષેપ, ભાવનિક્ષેપ.

અઠ્ઠાવીશમે બોલે - સમકિત પાંચ. ઉપશમસમકિત, ક્ષયોપશમ સમકિત, ક્ષાયિક સમકિત, સાસ્વાદાન સમકિત, વેદક સમકિત.

ઓગણત્રીશમે બોલે - રસનવ, શૃંગારરસ, વીરરસ, કરુણારસ હાસ્યરસ, રૌદ્રરસ, ભયાનકરસ, અદ્‌ભુતરસ, બિભત્સરસ, શાંત રસ,

ત્રીશમે બોલે - ભાવના બાર. અનિત્યભાવના, અશરણભાવના, સંસારભાવના, એકત્વભાવના, અન્યત્વભાવના, અશુચિભાવના, આશ્રવભાવના, સંવરભાવના, નિર્જરાભાવના, લોકસ્વરૂપ ભાવના, બોધિભાવના, ધર્મભાવના.

એકત્રીશમે બોલે - અનુયોગ ચાર છે : દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ, ચરણકરણાનુયોગ, ધર્મકથાનુયોગ.

બત્રીશમે બોલે - દેવતત્ત્વ, ગુરૂતત્ત્વ, ધર્મતત્ત્વ. એ ત્રણ તત્ત્વ.

તેત્રીશમે બોલે - સમવાય પાંચઃ કાળ, સ્વભાવ, નિયત, પૂર્વકૃત (કર્મ), પુરૂષાકાર (ઉદ્યમ).

ચોત્રીશમે બોલે - પાંખડીના ત્રણસેત્રેસઠ ભેદઃ ક્રિયા વાદીના ૧૮૦:, અક્રિયાવાદીના ૮૪, વિનયવાદીના ૩૨, અજ્ઞાનવાદીના ૬૭.

પાંત્રીશમે બોલે - શ્રાવકના ગુણ એકવીશ ૧ અક્ષુદ્ર*, ૨ યશવંત, ૩ સૌમ્ય પ્રકૃતિવાળો, ૪ લોકપ્રિય, ૫ અક્રુર, ૬ પાપભીરૂ, ૭ શ્રદ્ધાવંત ૮. ચતુરાઈયુક્ત, ૯ લજ્જાવાન, ૧૦ દયાવંત, ૧૧. માધ્યસ્થ દૃષ્ટિ, ૧૨. ગંભીર, ૧૩. ગુણાનુરાગી, ૧૪ ધર્મોપદેશ કરનાર, ૧૫. ન્યાયપક્ષી, ૧૬ શુદ્ધ વિચારક, ૧૭ મર્યાદાયુકત વ્યવહાર કરનાર ૧૮ વિનયશીલ, ૧૯. કૃતજ્ઞ ૨૦ પરોપકારી ૨૧ સત્કાર્યમાં સદા સાવધાન.

ઇતિ શ્રી પાંત્રીશ બોલ

* અક્ષુદ્ર - તુચ્છવૃત્તિ નહીં તે

# (૫) સિદ્ધ દ્વાર

(પન્ન. ૫૬ - ૨૦ મુ)

૧, પહેલી નરકના નીકળેલ, એક સમયે, જઘન્ય એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ દશ સિદ્ધ થાય.

૨. બીજી નરકના નીકળેલ, એક સમયે, જઘન્ય એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ દશ સિદ્ધ થાય.

૩. ત્રીજી નરકના નીકળેલ, એક સમયે, જઘન્ય એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ દશ સિદ્ધ થાય.

૪. ચોથી નરકના નીકળેલ, એક સમયે જઘન્ય એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ ચાર સિદ્ધ થાય.

૫. ભવનપતિના નીકળેલ, એક સમયે, જઘન્ય એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ દશ સિદ્ધ થાય.

૬. ભવનપતિની દેવીના નીકળેલ, એક સમયે, જઘન્ય એક સિદ્ધ થાય ઉત્કૃષ્ટ પાંચ સિદ્ધ થાય.

૭. પૃથ્વીકાયના નીકળેલ, એક સમયે, જઘન્ય એક સિદ્ધ થાય, ઉત્કૃષ્ટ ચાર સિદ્ધ થાય.

૮. અપકાયના નીકળેલ, એક સમયે, જઘન્ય એક સિદ્ધ થાય, ઉત્કૃષ્ટ ચાર સિદ્ધ થાય.

૯. વનસ્પતિકાયના નીકળેલ, એક સમયે, જઘન્ય એક સિદ્ધ થાય, ઉત્કૃષ્ટ છ સિદ્ધ થાય.

૧૦. તિર્યંચ ગર્ભજના નીકળેલ, એક સમયે, જઘન્ય એક સિદ્ધ થાય ઉત્કૃષ્ટ દશ સિદ્ધ થાય.

૧૧. તિર્યંચાણીના નીકળેલ, એક સમયે, જઘન્ય એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ દશ સિદ્ધ થાય.

૧૨. મનુષ્ય ગર્ભજના નીકળેલ, એક સમયે, જઘન્ય એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ દશ સિદ્ધ થાય.

૧૩. મનુષ્યાણીના નીકળેલ, એક સમયે, જઘન્ય એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, વીશ સિદ્ધ થાય.

૧૪. વાણવ્યંતરના નીકળેલ, એક સમયે, જઘન્ય એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ દશ સિદ્ધ થાય.

૧૫. વાણવ્યંતરની દેવીના નીકળેલ એક સમયે, જઘન્ય એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ પાંચ સિદ્ધ થાય.

૧૬. જ્યોતિષીના નીકળેલ, એક સમયે, જઘન્ય એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ દશ સિદ્ધ થાય.

૧૭. જ્યોતિષીની દેવીના નીકળેલ, એક સમયે, જઘન્ય એક સિદ્ધ થાય, ઉત્કૃષ્ટ વીશ સિદ્ધ થાય.

૧૮. વૈમાનિકના નીકળેલ, એક સમયે, જઘન્ય એક સિદ્ધ થાય. ઉત્કૃષ્ટ ૧૦૮ સિદ્ધ થાય. (કિલ્વિષી સિવાય)

૧૯. વૈમાનિકની દેવીના નીકળેલ, એક સમયે, જઘન્ય એક સિદ્ધ થાય. ઉત્કૃષ્ટ વીસ સિદ્ધ થાય.

૨૦. સ્વલિંગી, એક સમયે, જઘન્ય એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ ૧૦૮ સિદ્ધ થાય.

૨૧. અન્યલિંગી, એક સમયે, જઘન્ય એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ દશ સિદ્ધ થાય.

૨૨. ગૃહસ્થ-લિંગી, એક સમયે, જઘન્ય એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ ચાર સિદ્ધ થાય.

૨૩. સ્ત્રીલિંગી, એક સમયે, જઘન્ય એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ વીશ સિદ્ધ થાય.

૨૪. પુરુષ લિંગી, એક સમયે, જઘન્ય એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ ૧૦૮ સિદ્ધ થાય.

૨૫. નપુસંક લિંગી, એક સમયે, જઘન્ય એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ દશ સિદ્ધ થાય.

૨૬. ઊર્ધ્વ લોકમાં, એક સમયે, જઘન્ય એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ ચાર સિદ્ધ થાય.

૨૭. અધો લોકમાં એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ વીશ સિદ્ધ થાય.

૨૮. તિર્યક્ (તીર્છા)લોકમાં, એક સમયે, જઘન્ય એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ ૧૦૮ સિદ્ધ થાય.

૨૯. જઘન્ય અવગાહનાના, એક સમયે, જઘન્ય એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, ચાર સિદ્ધ થાય.

૩૦. મધ્યમ અવગાહનાના, એક સમયે, જઘન્ય એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ ૧૦૮ સિદ્ધ થાય.

૩૧. ઉત્કૃષ્ટ અવગાહનાના, એક સમયે, જઘન્ય એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ બે સિદ્ધ થાય.

૩૨. સમુદ્રમાંહી,એક સમયે, જઘન્ય એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ બે સિદ્ધ થાય.

૩૩. નદી પ્રમુખ જલમાંહી, એક સમયે, જઘન્ય એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ ત્રણ સિદ્ધ થાય.

૩૪. તીર્થ સિદ્ધ થાય તો, એક સમયે, જઘન્ય એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ ૧૦૮ સિદ્ધ થાય.

૩૫. અતીર્થ સિદ્ધ થાય તો, એક સમયે, જઘન્ય એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ દશ સિદ્ધ થાય.

૩૬. તીર્થંકર સિદ્ધ થાય તો, એક સમયે, જઘન્ય બે સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ ચાર સિદ્ધ થાય.

૩૭. અતીર્થંકર સિદ્ધ થાય તો, એક સમયે, જઘન્ય એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ ૧૦૮ સિદ્ધ થાય.

૩૮. સ્વયંબોધ સિદ્ધ થાય તો, એક સમયે, જઘન્ય એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ ૧૦ સિદ્ધ થાય.

૩૯. પ્રત્યેક બોધ સિદ્ધ થાય તો, એક સમયે, જઘન્ય એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, ૪ સિદ્ધ થાય.

૪૦. બુધબોહી સિદ્ધ થાય તો, એક સમયે, જઘન્ય એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, ૧૦૮ સિદ્ધ થાય.

૪૧. એક સિદ્ધ થાય તો, એક સમયે, જઘન્ય એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ એક સિદ્ધ થાય.

૪૨. અનેક સિદ્ધ થાય તો, એક સમયે, જઘન્ય બે સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ ૧૦૮ સિદ્ધ થાય.

૪૩. વિજય વિજય પ્રતિ, એક સમયે, જઘન્ય એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ વીશ સિદ્ધ થાય.

૪૪. ભદ્રશાલ વનમાં, એક સમયે, જઘન્ય એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ ચાર સિદ્ધ થાય.

૪૫. નંદન વનમાં, એક સમયે, જઘન્ય એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ ચાર સિદ્ધ થાય.

૪૬. સોમનસ વનમાં, એક સમયે, જઘન્ય એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ ચાર સિદ્ધ થાય.

૪૭. પંડગવનમાં, એક સમયે, જઘન્ય એક સિદ્ધ થાય; *ઉત્કૃષ્ટ બે સિદ્ધ થાય.*

૪૮. અકર્મભૂમિમાં, એક સમયે, જઘન્ય એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ દશ સિદ્ધ થાય.

૪૯. કર્મભૂમિમાં, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, ૧૦૮ સિદ્ધ થાય.

૫૦. પહેલે આરે, એક સમયે, જઘન્ય એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, દશ સિદ્ધ થાય.

૫૧. બીજે આરે, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, દશ સિદ્ધ થાય.

૫૨. ત્રીજે આરે, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, ૧૦૮ સિદ્ધ થાય.

૫૩. ચોથે આરે, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, ૧૦૮ સિદ્ધ થાય.

૫૪. પાંચમે આરે, એક સમયે, જઘન્ય એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, ૨૦ સિદ્ધ થાય. (ચોથા આરાનો જન્મેલો)

૫૫. છઠે આરે, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, દશ સિદ્ધ થાય.

૫૬. અવસર્પિણીમાં, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, ૧૦૮ સિદ્ધ થાય.

૫૭. ઉત્સર્પિણીમાં, એક સમયે, જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, ૧૦૮ સિદ્ધ થાય.

૫૮. નોઉત્સર્પિણી, નોઅવસર્પિણીમાં, એક સમયે, જઘન્ય એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ, ૧૦૮ સિદ્ધ થાય.

એ ૫૮ બોલ અંતર સહિત, એક સમયે, જઘન્ય, ઉત્કૃષ્ટ સિદ્ધ થાય તે કહ્યાં.

---

પ્રથમથી છએ આરામાં સાહરણ અપેક્ષા સમજવું

હવે અંતર રહિત, આઠ, સમય સુધી, સિદ્ધ થાય તો કેટલા સિદ્ધ થાય તે.

એક સમય સુધી જઘન્ય, ૧૦૩ સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ ૧૦૮ સિદ્ધ થાય પછી નિયમા અંતર પડે.

બે સમય સુધી જઘન્ય, ૯૭ સિદ્ધ થાય, ઉત્કૃષ્ટ ૧૦૨ સિદ્ધ થાય પછી નિયમા અંતરપડે.

ત્રણ સમય સુધી જઘન્ય, ૮૫ સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ ૯૬ સિદ્ધ થાય પછી નિયમા અંતર પડે.

ચાર સમય સુધી જઘન્ય, ૭૩ સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ ૮૪ સિદ્ધ થાય પછી નિયમા અંતર પડે.

પાંચ સમય સુધી જઘન્ય, ૬૧ સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ ૭૨ સિદ્ધ થાય પછી નિયમા અંતર પડે.

છ સમય સુધી જઘન્ય, ૪૯ સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ ૬૦ સિદ્ધ થાય પછી નિયમા અંતર પડે.

સાત સમય સુધી જઘન્ય, ૩૩ સિદ્ધ થાય, ઉત્કૃષ્ટ ૪૮ સિદ્ધ થાય પછી નિયમા અંતર પડે.

આઠ સમય સુધી જઘન્ય, એક સિદ્ધ થાય; ઉત્કૃષ્ટ ૩૨ સિદ્ધ થાય પછી નિયમા અંતર પડે. (પંચ સંગ્રહ)

બીજી માન્યતા મુજબ દરેક સમયે ૧-૨-૩ થી ઉત્કૃષ્ટ જેટલા હોય તેટલા આવી પણ માન્યતા છે.

આઠ સમય પછી અંતર પડયા વિના સિદ્ધ થાય નહિ.

ઇતિ સિદ્ધ દ્વાર સંપૂર્ણ

* * *

# (૬) ચોવીશ દંડક. (લઘુદંડક)

ચોવીશ દંડક શ્રી જીવાભિગમ સૂત્ર પ્રતિપત્તિ ૧ મધ્યે છે તેની ગાથા.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| સરીરો | ગાહણં | સંઘયણં, | સંઠાણં | કસાયતહહુંતિ | સન્નાઓ; |
| ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| લેસિં | દિય | સમુગ્ઘાએ, | સન્નિ | વેદેય | પજ્જતિ ॥૧॥ |
| ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ |
| દિટ્ઠિ | દંસણ | નાણઅનાણે | જોગુવઓગે | તહા | કિમાહારે; |
| ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ |
| ઉવવાય | ઠિઈ | સમુહાયે. | ચવણ | ગઈ આગઈ | ચેવ. ॥૨॥ |

## સમુચ્ચય ચોવીશ દ્વાર.

૧. શરીર દ્વાર : શરીર પાંચ, ૧ ઔદારિક શરીર, ૨ વૈક્રિય શરીર, ૩ આહારક શરીર, ૪ તેજસ્ શરીર; પં કાર્મણ શરીર; તેનાં લક્ષણ કહે છે.

૧ ઔદારિક શરીર, તે સડી જાય, પડી જાય, વિણસી જાય, કોહી જાય, બગડી જાય; મુવા પછી કલેવર પડી રહે તેને ઔદારિક શરીર કહીએ. ૧.

૨ વૈક્રિય શરીર, તે સડે નહિ, પડે નહિ, વિણસે નહિ, બગડે નહિ, મુવા પછી કલેવર વિસરાલ થાય, તેને વૈક્રિય શરીર કહિયે. ૨ (કપુરનીગોટી માફક)

૩ આહારક શરીર. તે ચૌદ પૂર્વના ભણનાર લબ્ધિ ધારી સાધુ હોય, તેમને શંકા પડે, ત્યારે એક હાથની કાયા કરીને; મહાવિદેહ ક્ષેત્રમાં, શ્રી સીમંધર

સ્વામીને પ્રશ્ન પૂછવા જાય. પ્રશ્ન પૂછી આવ્યા પછી આલોયણા લે તો આરાધક ને આલોયણા ન લે તો વિરાધક કહેવાય. તેને આહારક શરીર કહિયે.

૪ તેજસ્ શરીર. તે આહાર કરીને આહાર પચાવે તેને તેજસ્ શરીર કહિયે.

૫ કાર્મણ શરીર. તે જીવના પ્રદેશને કર્મના પુદ્ગલ ભેગા છે તેને કાર્મણ શરીર કહિયે. એ શરીર દ્વાર સંપૂર્ણ,

૨ *અવગાહના (ઉંચાઈ) દ્વાર. સમુચ્ચય જીવમાં અવગાહના, જઘન્ય, આંગુલના અસંખ્યાતમા ભાગની, ઉત્કૃષ્ટ હજાર જોજન ઝાઝેરી, ઔદારિક શરીરની અવગાહના જઘન્ય આંગુલના અસંખ્યાતમા ભાગની, ઉત્કૃષ્ટ હજાર જોજન ઝાઝેરી - વનસ્પતિ આશ્રી.

વૈક્રિય શરીરની અવગાહનાની વિગત. ભવધારણી વૈક્રિયની જઘન્ય આંગુલના અસંખ્યાતમા ભાગની, ઉત્કૃષ્ટ ૫૦૦ ધનુષ્યની

ઉત્તર વૈક્રિયની જઘન્ય આંગુલના અસંખ્યાતમાં ભાગની (વાયુકાય અપેક્ષાએ) ઉત્કૃષ્ટ લાખ જોજન ઝાઝેરી

આહારક શરીરની અવગાહના જઘન્ય મૂંઢા હાથની, ઉત્કૃષ્ટ એક હાથની.

તેજસ્ કાર્મણની અવગાહના જઘન્ય આંગુલના અસંખ્યાતમા ભાગની, ઉત્કૃષ્ટ ચૌદ રાજ લોક પ્રમાણે તથા પોતપોતાના શરીર પ્રમાણે. એ અવગાહના દ્વાર સંપૂર્ણ.

* અવસર્પિણી કાળનાં પાંચમા આરાના ૧૦,૫૦૦ વર્ષ પછીના મનુષ્યનાં આંગુલનું માપ તે ઉત્સેધ આંગુલ. દરેક અવગાહના આ આંગુલથી જ સમજવી.

૩ સંહનન દ્વાર (સંઘયણ દ્વાર) સંઘયણ* છ. ૧ વજ્ર-રૂષભનારાચ સંઘયણ, ૨ રૂષભ નારાચ સંઘયણ, ૩ નારાચ સંઘયણ, ૪ અર્ધનારાચ સંઘયણ, ૫ કીલિકા સંઘયણ, ૬ સેવાર્ત્ત સંઘયણ.

૧ વજ્રઋષભનારાચ સંઘયણ તે વજ્ર કહેતાં ખીલી, રૂષભ કહેતાં પાટો વીંટવાનો. નારાચ કહેતાં બે પડખે મર્કટ બંધ, સંહનન (સંઘયણ) કહેતાં હાડકાંનો સંચય. (જેને વિષે બે હાડકાંઓને બે પડખેથી મર્કટ બંધ કરીને બાંધ્યા.) અને પાટા જેવા હાડકાંએ ફરી વીંટયા, તે ત્રણે હાડકાંને ભેદનારૂં વજ્ર કીલક નામનું હાડકું છે. તેણે કરીને સજ્જડ કર્યું તે વજ્રરૂષભનારાચ સંઘયણ.

૨ ઋષભનારાચ સંઘયણ. તે ઉપર પ્રમાણે પણ ફક્ત વજ્ર કહેતાં ખીલી નહિ.

૩ નારાચ સંઘયણ. તે બે પડખે મર્કટબંધ હોય તે.

૪ અર્ધનારાચ સંઘયણ. તે એક પડખે મર્કટબંધ ને બીજે પડખે ખીલી હોય તે.

૫ કીલિકા સંઘયણ. તે બે હાડકાંની સાંધી ઉપર ખીલી મારેલી હોય તે.

૬ સેવાર્ત્ત (છેવટ્ઠુ) સંઘયણ, તે હાડકે હાડકાં અડીને રહેલ હોય તે. ઈતિ સંઘયણ દ્વાર સંપૂર્ણ.

૪ સંસ્થાનદ્વાર. સંસ્થાન છ. ૧ સમચતુરંસ્ત્ર સંસ્થાન, ૨ ન્યગ્રોધ (નિગોહ) પરિમંડલ સંસ્થાન, ૩ સાદિ સંસ્થાન, ૪ વામન સંસ્થાન, ૫ કુબ્જ સંસ્થાન, ૬ હૂંડ સંસ્થાન.

* શરીરનો બાંધો, હાડકાંની મજબૂતાઈ

૧ સમચતુરંસ્ત્ર. તે પગથી તે માથાસુધી શોભાયમાન હોય તેને સમચુતરંસ્ત્ર સંસ્થાન કહિયે. ૧

૨ ન્યગ્રોધપરિમંડલ સંસ્થાન. તે કેડથી તે માથાસુધી શોભાયમાન હોય તેને ન્યગ્રોધપરિમડંલ સંસ્થાન કહિયે. ૨.

૩ સાદિ સંસ્થાન. તે પગથી કેડ સુધી શોભાયમાન હોય તેને સાદિ સંસ્થાન કહિયે. ૩

૪ વામન સંસ્થાન. તે ઠીંગણું સંસ્થાન હોય તેને વામન સંસ્થાન કહિયે.૪

૫ કુબ્જ સંસ્થાન. તે પગ, હાથ, મસ્તક, ગ્રીવા ઓછાં અધિક હોય, બીજા શેષ અવયવ સુંદર હોય તેને કુબ્જ સંસ્થાન કહિયે. ૫.

૬ હૂંડ સંસ્થાન. તે રૂઢ, મૂઢ, મૃગાપુત્ર લોઢવાની પેરે હોય તેને હૂંડ સંસ્થાન કહિયે.

૫. કષાય દ્વાર. કષાય ચાર. તે ૧ ક્રોધ, ૨ માન, ૩ માયા, ૪ લોભ

૬. સંજ્ઞા દ્વાર. સંજ્ઞા ચાર ૧ આહાર સંજ્ઞા. ૨. ભય સંજ્ઞા, ૩ મૈથુન સંજ્ઞા. ૪ પરિગ્રહ સંજ્ઞા

લેશ્યા દ્વાર. લેશ્યા છ. ૧ કૃષ્ણ લેશ્યા, ૨ નીલ લેશ્યા, ૩ કાપોત લેશ્યા, ૪ તેજો લેશ્યા, ૫ પદ્મ લેશ્યા, ૬ શુકલ લેશ્યા.

૮ ઈંદ્રિય દ્વાર. ઈંદ્રિય પાંચ. ૧ શ્રોતેંદ્રિય, ૨ ચક્ષુઈંદ્રિય ૩ ઘ્રાણેંદ્રિય, ૪ રસેંદ્રિય, ૫ સ્પર્શેંદ્રિય.

૯ સમુદ્‌ઘાત[1] દ્વાર. સમુદ્‌ઘાત સાત. ૧. વેદનીય સમુદ્‌ઘાત, ૨. કષાય સમુદ્‌ઘાત, ૩ મારણાંતિક સમુદ્‌ઘાત, ૪ વૈક્રિય સમુદ્‌ઘાત, ૫ તેજસ સમુદ્‌ઘાત, ૬ આહારક સમુદ્‌ઘાત, ૭ કેવળ સમુદ્‌ઘાત.

૧૦ સંજ્ઞી અસંજ્ઞી દ્વાર. સંજ્ઞી તે જેનામાં મન (વિચાર કરવાની શક્તિ) છે ને અસંજ્ઞી તે જેનામાં મન (વિચાર કરવાની શક્તિ) નથી તે.

૧૧ વેદ દ્વાર, વેદ ત્રણ. ૧ સ્ત્રી વેદ, ૨ પુરૂષ વેદ, ૩ નપુંસક વેદ.

૧૨ પર્યાપ્તિ દ્વાર. પર્યાપ્તિ છ. ૧ આહાર પર્યાપ્તિ, ૨ શરીર પર્યાપ્તિ, ૩ ઈંદ્રિય પર્યાપ્તિ; ૪ શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ, ૫ ભાષા પર્યાપ્તિ, ૬ મનઃપર્યાપ્તિ.

૧૩ દૃષ્ટિ દ્વાર. દૃષ્ટિ ત્રણ. ૧ સમકિત દૃષ્ટિ, ૨ મિથ્યાત્વ દૃષ્ટિ, ૩ સમામિથ્યાત્વ દૃષ્ટિ.

૧૪ દર્શન દ્વાર. દર્શન ચાર. ૧ ચક્ષુદર્શન, ૨ અચક્ષુદર્શન; ૩ અવધિ દર્શન, ૪ કેવળ દર્શન.

૧૫ જ્ઞાન દ્વાર. જ્ઞાન પાંચ. ૧ મતિજ્ઞાન, ૨ શ્રુતજ્ઞાન, ૩ અવધિ જ્ઞાન, ૪ મનઃપર્યવ જ્ઞાન, ૫ કેવળ જ્ઞાન, અજ્ઞાન ત્રણ ૧ મતિ અજ્ઞાન, ૨ શ્રુત અજ્ઞાન, ૩ વિભંગજ્ઞાન.

૧૬ યોગ દ્વાર. યોગ પંદર ૧ સત્ય મન યોગ, ૨ અસત્ય મન યોગ, ૩ મિશ્ર મન યોગ, ૪ વ્યવહાર મન

---

૧. એકાગ્રતા પૂર્વક, પ્રબળતા સાથે અનંતાનંત કર્મ પુદ્‌ગલોથી વ્યાપ્ત પોતાનાં આત્મપ્રદેશોને શરીરની બહાર કાઢવાની અથવા નીકળવાની પ્રક્રિયાને સમુદ્‌ઘાત કહે છે.

યોગ, ૫ સત્ય વચન યોગ, ૬ અસત્ય વચન યોગ, ૭ મિશ્ર વચન યોગ, ૮ વ્યવહાર વચન યોગ, ૯ ઔદારિક શરીર કાય યોગ, ૧૦ ઔદારિક મિશ્ર શરીર કાય યોગ, ૧૧ વૈક્રિય શરીર કાય યોગ, ૧૨ વૈક્રિય મિશ્ર શરીર કાય યોગ ૧૩ આહારક શરીર કાય યોગ, ૧૪ આહારક મિશ્ર શરીર કાય યોગ, ૧૫ કાર્મણ શરીર કાય યોગ.

૧૭ ઉપયોગ દ્વાર. ઉપયોગ બાર ૧ મતિજ્ઞાન ૨ શ્રુતજ્ઞાન ૩ અવધિજ્ઞાન ૪ મન:પર્યવજ્ઞાન, ૫ કેવળજ્ઞાન, ૬ મતિઅજ્ઞાન, ૭ શ્રુત અજ્ઞાન; ૮ વિભંગ જ્ઞાન, ૯ ચક્ષુ દર્શન, ૧૦ અચક્ષુ દર્શન, ૧૧ અવધિ દર્શન, ૧૨ કેવળ દર્શન.

૧૮ આહાર દ્વાર. આહાર ત્રણ પ્રકારનો ૧ ઓજ આહાર, ૨ રોમ આહાર, ૩ કવલ આહાર તે સચિત આહાર, અચિત આહાર, મિશ્ર આહાર.

૧૯ ઉપજવાનો દ્વાર. તે ચોવીશ દંડકનો આવે. તે સાત નરકનો એક દંડક, ૧. દશ ભવનપતિના દશ દંડક, ૧૧; પૃથ્વીકાયનો એક દંડક. ૧૨, અપકાયનો એક દંડક, ૧૩; તેજસ્કાયનો એક, ૧૪; વાયુકાયનો એક, ૧૫; વનસ્પતિનો એક, ૧૬; બે ઈંદ્રિયનો એક ૧૭; ત્રિઈંદ્રિયનો એક, ૧૮; ચૌરેન્દ્રિયનો એક; ૧૯; તિર્યંચ પંચેન્દ્રિયનો એક, ૨૦; મનુષ્યનો એક, ૨૧; વાણવ્યંતરનો એક, ૨૨; જ્યોતિષનો એક, ૨૩; વૈમાનિકનો એક. ૨૪.

૨૦ સ્થિતિ દ્વાર. સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્તની ઉત્કૃષ્ટ તેત્રીશ સાગરોપમની.

૨૧ મરણ દ્વાર. સમોહિયા મરણ, ને અસમોહિયા મરણ; સમોહિયા મરણ તે એળની પેઠે ચાલે; સમુદ્ઘાત અવસ્થામાં મરણ થવું. અસમોહિયા મરણ તે દડીની પેઠે ચાલે.

૨૨ ચવણ દ્વાર તે ચોવીસ દંડકમાં જાય પૂર્વે કહ્યા તે.

૨૩ આગતિ દ્વાર તે ચાર ગતિમાંથી આવે ૧ નારકીની ગતિમાંથી, ૨ તિર્યંચની ગતિમાંથી, ૩ મનુષ્યની ગતિમાંથી, ૪ દેવની ગતિમાંથી.

૨૪ ગતિ દ્વાર. પાંચ ગતિમાં જાય તે ૧ નારકીની ગતિમાં, ૨ તિર્યંચની ગતિમાં, ૩ મનુષ્યની ગતિમાં, ૪ દેવની ગતિમાં, ૫ સિદ્ધની ગતિમાં.

## નારકીનો ૧ તથા દેવના ૧૩ દંડક = ૧૪ દંડક સાથે

૧ શરીર દ્વાર.

નારકીમાં શરીર ત્રણ ૧ વૈક્રિય, ૨ તેજસ, ૩ કાર્મણ.

દેવમાં શરીર ત્રણ ૧ વૈક્રિય, ૨ તેજસ, ૩ કાર્મણ.

૨ અવગાહના દ્વાર.

### નારકીની અવગાહના

૧ પહેલી નરકે, અવગાહના જઘન્ય, આંગુલના અસંખ્યાતમા ભાગની, ઉત્કૃષ્ટ પોણાઆઠ ધનુષ્ય ને છ આંગુલની છે; ૧.

૨ બીજી નરકે, અવગાહના જઘન્ય, આંગુલના અસંખ્યાતમા ભાગની, ઉત્કૃષ્ટ સાડાપંદર ધનુષ્ય ને બાર આંગુલની છે; ૨.

૩ ત્રીજી નરકે, અવગાહના, જઘન્ય, આંગુલના અસંખ્યાતમા ભાગની ઉત્કૃષ્ટ સવાએકત્રીશ ધનુષ્યની છે; ૩.

૪ ચોથી નરકે, અવગાહના જઘન્ય, આંગુલના અસંખ્યાતમા ભાગની ઉત્કૃષ્ટ સાડીબાસઠ ધનુષ્યની છે; ૪.

૫ પાંચમી નરકે, અવગાહના, જઘન્ય, આંગુલના અસંખ્યાતમા ભાગની ઉત્કૃષ્ટ સવાસો ધનુષ્યની છે; ૫.

૬ છઠ્ઠી નરકે, અવગાહના; જઘન્ય, આંગુલના અસંખ્યાતમા ભાગની, ઉત્કૃષ્ટ અઢીસો ધનુષ્યની છે; ૬.

૭ સાતમી નરકે, અવગાહના, જઘન્ય, આંગુલના અસંખ્યાતમા ભાગની, ઉત્કૃષ્ટ પાંચસો ધનુષ્યની છે. ઉત્તર વૈક્રિય કરે તો જઘન્ય આંગુલના સંખ્યાતમા ભાગની, ઉત્કૃષ્ટ ઠામ બમણી (જે જે નરકે ઉત્કૃષ્ટ કહી છે તેથી બમણી જાણવી,) યાવત્ સાતમી નરકે એકહજાર ધનુષ્યની જાણવી; ૭

## દેવની આવગહના

૧ ભવનપતિના દેવ - દેવીની અવગાહના, જઘન્ય, આંગુલના અસંખ્યાતમા ભાગની, ઉત્કૃષ્ટ સાત હાથની છે; ૧.

૨ વાણવ્યંતર દેવ - દેવીની અવગાહના, જઘન્ય, આંગુલના અસંખ્યાતમા ભાગની, ઉત્કૃષ્ટ સાત હાથની છે; ૨.

૩ જ્યોતિષીના દેવ - દેવીની અવગાહના, જઘન્ય, આંગુલના અસંખ્યાતમા ભાગની, ઉત્કૃષ્ટ સાત હાથની છે; ૩.

૪ વૈમાનિકની અવગાહના જુદી જુદી નીચે મુજબ.

પહેલા - બીજા દેવલોકના દેવની તથા તેની દેવીની અવગાહના જઘન્ય, આંગુલના અસંખ્યાતમા ભાગની, ઉત્કૃષ્ટ સાત હાથની છે; ૨.

ત્રીજા - ચોથા દેવલોકના દેવની અવગાહના, જઘન્ય, આંગુલના અસંખ્યાતમા ભાગની, ઉત્કૃષ્ટ છ હાથની છે; ૪.

પાંચમા - છઠ્ઠા દેવલોકના દેવની અવગાહના, જઘન્ય, આંગુલના અસંખ્યાતમા ભાગની, ઉત્કૃષ્ટ પાંચ હાથની છે; ૬.

સાતમા - આઠમા દેવલોકના દેવની અવગાહના, જઘન્ય, આંગુલના અસંખ્યાતમા ભાગની, ઉત્કૃષ્ટ ચાર હાથની છે; ૮.

નવમા - દશમા - અગિયારમા - બારમા દેવલોકના દેવની અવગાહના, જઘન્ય, આંગુલના અસંખ્યાતમા ભાગની, ઉત્કૃષ્ટ ત્રણ હાથની છે; ૧૨.

નવ ગ્રૈવેયકના દેવની અવગાહના, જઘન્ય, આંગુલના અસંખ્યાતમા ભાગની, ઉત્કૃષ્ટ બે હાથની છે.

પાંચ અનુત્તર વિમાનના દેવની અવગાહના, જઘન્ય, આંગુલના અસંખ્યાતમા ભાગની, ઉત્કૃષ્ટ એક હાથની છે.

ભવનપતિથી બારદેવલોક સુધીના દેવ ઉત્તર વૈક્રિય કરે તો, જઘન્ય, આંગુલના સંખ્યાતમા ભાગની, ઉત્કૃષ્ટ લાખ જોજનની અવગાહના.

નવગ્રૈવેયક અને પાંચ અનુત્તર વિમાનના દેવોને ઉત્તર વૈક્રિય કરવાપણું નથી.

૩. સંહનન દ્વાર.

નારકી, અસંઘયણી.

દેવ, અસંઘયણી.

૪. સંસ્થાન દ્વાર.

નારકીમાં હૂંડ સંસ્થાન.

દેવમાં સમચતુરંસ્ત્ર સંસ્થાન.

૫. કષાય દ્વાર.

નારકીમાં કષાય ચાર.

દેવમાં કષાય ચાર.

૬. સંજ્ઞા દ્વાર.

નારકીમાં સંજ્ઞા ચાર

દેવમાં સંજ્ઞા ચાર.

૭. લેશ્યા દ્વાર.

નારકીમાં લેશ્યા ત્રણ.

પહેલી બીજી નરકે, કાપોત લેશ્યા,

ત્રીજી નરકે કાપોતવાળા ઘણા ને
નીલ લેશ્યાવાળા થોડા.

*ચોથી નરકે, નીલ લેશ્યા.*

પાંચમી નરકે, નીલ લેશ્યાવાળા ઘણા
ને કૃષ્ણવાળા થોડા.

છઠ્ઠી નરકે, કૃષ્ણ લેશ્યા.

સાતમી નરકે, મહાકૃષ્ણ લેશ્યા.

## દેવતામાં લેશ્યા

૧૦ ભવનપતિ, ૧૫ પરમાધમી, ૧૬ વાણવ્યંતર, અને ૧૦ જૃંભકા એ ૫૧ જાતના દેવતામાં લેશ્યા. ચાર. તે (૧) કૃષ્ણ, (૨) નીલ, (૩) કાપોત, (૪) તેજો.

૧૦ જ્યોતિષી પહેલું - બીજું દેવલોક અને પહેલા કિલ્વિષીમાં એક તેજો લેશ્યા.

ત્રીજું, ચોથું, પાંચમુ દેવલોક, ૯ લોકાંતિક અને બીજા કિલ્વિષીમાં એક પદ્મ લ્રેશ્યા.

છઠ્ઠા દેવલોકથી નવ ગ્રૈવેયક સુધી તથા ત્રીજા કિલ્વિષીમાં એક શુકલ લેશ્યા.

પાંચ અનુત્તર વિમાનમાં એક પરમશુકલ લેશ્યા.

૮ ઈંદ્રિય દ્વાર.

દેવતામાં ઈન્દ્રિય પાંચ.

નારકીમાં ઈંદ્રિય પાંચ.

૯ સમુદ્ઘાત દ્વાર.

નારકીમાં ચાર સમુદ્ઘાત ૧ વેદનીય, ૨ કષાય, ૩ મારણાંતિક, ૪ વૈક્રિય.

દેવમાં પાંચ સમુદ્ઘાત ૧ વેદનીય, ૨ કષાય, ૩ મારણાંતિક, ૪ વૈક્રિય, ૫ તેજસ.

ભવનપતિથી બારમા દેવલોક સુધી પાંચ સમુદ્ઘાત.

નવ ગ્રૈવેયકથી પાંચ અનુત્તર વિમાન સુધી ત્રણ સમુદ્ઘાત.

૧ વેદનીય, ૨ કષાય, ૩ મારણાંતિક.

૧૦ સંજ્ઞી દ્વાર.

* નરકમાં,

પહેલી નરકે સંજ્ઞી અસંજ્ઞી.

બીજી નરકથી સાતમી નરક સુધી, સંજ્ઞી.

* દેવમાં

ભવનપતિ ને વાણવ્યંતરમાં સંજ્ઞી ને અસંજ્ઞી.

જ્યોતિષીથી પાંચ અનુત્તર વિમાન સુધી, સંજ્ઞી.

૧૧ વેદ દ્વાર.

નારકીમાં નપુંસક વેદ.

દેવમાં ભવનપતિ વાણવ્યંતર, જ્યોતિષી, પહેલા બીજા દેવલોક સુધી બે વેદ તે ૧ સ્ત્રી વેદ, ૨ પુરૂષ વેદ.

ત્રીજા દેવલોકથી અનુત્તર વિમાન સુધી ૧ પુરૂષવેદ

૧૨ પર્યાપ્તિ દ્વાર.

(ભાષા, મન બે સાથે બાંધે).

નારકીમાં પર્યાપ્તિ[1] પાંચ, ને અપર્યાપ્તિ પાંચ.

દેવમાં પર્યાપ્તિ પાંચ, ને અપર્યાપ્તિ પાંચ.

૧૩ દૃષ્ટિ દ્વાર.

---

૧. પર્યાપ્તિ = શકિત વિશેષ

* અસંજ્ઞી તિર્યંચ મરીને આ ગતિમાં ઉપજે છે તે અપર્યાપ્તા દશામાં અસંજ્ઞી જ હોય છે. પર્યાપ્તા થયા બાદ અવધિ કે વિભંગ જ્ઞાન ઉપજે છે. એ અપેક્ષા લેવી.

નારકીમા દૃષ્ટિ ત્રણ.

દેવમાં,

ભવનપતિથી નવ ગ્રૈવેયક સુધી દૃષ્ટિ ત્રણ.

પાંચ અનુત્તર વિમાનમાં દૃષ્ટિ એક તે સમકિત દૃષ્ટિ.

૧૪ દર્શન દ્વાર.

નારકીમાં દર્શન ત્રણ. ૧ ચક્ષુ દર્શન, ૨ અચક્ષુ દર્શન, ૩ અવધિ દર્શન.

દેવમાં દર્શન ત્રણ. ૧ ચક્ષુદર્શન, ૨ અચક્ષુદર્શન, ૩ અવધિદર્શન.

૧૫ જ્ઞાન દ્વાર.

નારકીમાં ત્રણ જ્ઞાન ને ત્રણ અજ્ઞાન.

દેવમાં,

ભવનપતિથી નવ ગ્રૈવેયક સુધી ત્રણ જ્ઞાન, ને ત્રણ અજ્ઞાન પાંચ અનુત્તર વિમાનમાં ત્રણ જ્ઞાન.

૧૬ યોગ[૧] દ્વાર.

નારકીમાં યોગ અગિયાર.

દેવમાં યોગ અગિયાર.

તે યોગનાં નામ. ૧ સત્ય મનયોગ, ૨ અસત્ય મનયોગ, ૩ મિશ્ર મનયોગ, ૪ વ્યવહાર મનયોગ, ૫ સત્ય વચનયોગ, ૬ અસત્ય વચનયોગ, ૭ મિશ્ર વચનયોગ, ૮ વ્યવહાર વચનયોગ, ૯ વૈક્રિય શરીર કાયયોગ, ૧૦ વૈક્રિય મિશ્ર શરીર કાયયોગ, ૧ કાર્મણ શરીર કાયયોગ.

૧૭ ઉપયોગ દ્વાર.

---

૧. યોગ = વ્યાપાર, ક્રિયા.

નારકીથી નવ ગ્રૈવેયક સુધી ઉપયોગ નવ; ૧ મતિજ્ઞાન ૨ શ્રુતજ્ઞાન, ૩ અવધિ જ્ઞાન, ૪ મતિ અજ્ઞાન, ૫ શ્રુત અજ્ઞાન; ૬ વિભંગ જ્ઞાન, ૭ ચક્ષુદર્શન, ૮ અચક્ષુદર્શન, ૯ અવધિદર્શન.

પાંચ અનુત્તર વિમાનમાં છ ઉપયોગ, તે ત્રણ જ્ઞાન, ત્રણ દર્શન.

૧૮ આહાર દ્વાર.

નારકી, દેવમાં બે પ્રકારનો આહાર. ૧ ઓજ, ૨ રોમ. છ દિશાનો આહાર લે. કરે એક પ્રકારનો. નારકી અચિત કરે પણ અશુભ કરે. દેવ અચિત કરે, પણ શુભ કરે.

## ૧૯ ઉપજવાના દ્વાર. ૨૨ ચવવાનાં દ્વાર.

પહેલી નરકથી માંડીને છઠ્ઠી નરક સુધીમાં મનુષ્ય, તિર્યંચ પંચેંન્દ્રિય એ બે દંડકનો આવે; જાય બે દંડકમાં, તે મનુષ્ય ને તિર્યંચ પંચેંન્દ્રિયમાં.

સાતમી નરકમાં બે દંડકનો આવે, તે મનુષ્ય ને તિર્યંચ પંચેન્દ્રિયનો; જાય એક દંડકમાં તે તિર્યંચ પંચેન્દ્રિયમાં.

ભવનપતિ, વાણવ્યંતર; જ્યોતિષી, ને પહેલા બીજા દેવલોક સુધી, બે દંડકનો આવે, તે મનુષ્ય ને તિર્યંચનો, જાય પાંચ દંડકમાં, ૧ પૃથ્વી, ૨ પાણી; ૩ વનસ્પતિ; ૪ મનુષ્ય; ને ૫. તિર્યંચમાં.

ત્રીજા દેવલોકથી આઠમા દેવલોક સુધી બે દંડકનો આવે; મનુષ્ય ને તિર્યંચ; એ બેનો આવે, જાય બે દંડકમાં; તે મનુષ્ય ને તિર્યંચમાં.

નવમા દેવલોકથી અનુત્તર વિમાન સુધી એક દંડકનો આવે તે ૧ મનુષ્યનો; જાય એક મનુષ્યમાં.

## ૨૦ સ્થિતિ દ્વાર

નારકીની સ્થિતિ નીચે મુજબ છે.

પહેલી નરકના નારકીની સ્થિતિ; જઘન્ય, દશ હજાર વર્ષની, ઉત્કૃષ્ટ એક સાગરની,

બીજી નરકની, જ૦ એક સાગરની, ઉ૦ ત્રણ સાગરની;

ત્રીજી નરકની, જ૦ ત્રણ સાગરની, ઉ૦ સાત સાગરની;

ચોથી નરકની, જ૦ સાત સાગરની, ઉ૦ દશ સાગરની;

પાંચમી નરકની, જ૦ દશ સાગરની, ઉ૦ સત્તર સાગરની;

છઠ્ઠી નરકની, જ૦ સત્તર સાગરની, ઉ૦ બાવીશ સાગરોપમની;

*સાતમી નરકની, જ૦ બાવીશ સાગરોપમની, ઉ૦ તેત્રીશ* સાગરોપમની.

દેવની સ્થિતિ નીચે મુજબ.

દક્ષિણ દિશાના અસુરકુમારના દેવની સ્થિતિ, જઘન્ય, દશહજાર વર્ષની; ઉત્કૃષ્ટ, એક સાગરોપમની. તેની દેવીની સ્થિતિ, જઘન્ય, દશ હજાર વર્ષની; ઉત્કૃષ્ટ, સાડાત્રણ પલ્યની. તેના નવનિકાયના દેવની સ્થિતિ, જઘન્ય, દશ હજાર વર્ષની; ઉત્કૃષ્ટ, દોઢ પલ્યની; તેની દેવીની સ્થિતિ, જઘન્ય, દશહજાર વર્ષની ઉત્કૃષ્ટ, પોણા પલ્યની.

ઉત્તર દિશાના અસુરકુમારના દેવની સ્થિતિ, જઘન્ય, દશ હજાર વર્ષની; ઉત્કૃષ્ટ. એક સાગર ઝાઝેરી; તેની દેવીની સ્થિતિ જઘન્ય દશ હજાર વર્ષની; ઉત્કૃષ્ટ, સાડાચાર પલ્યની. તેના નવ નિકાયના દેવની સ્થિતિ, જઘન્ય, દશ હજાર વર્ષની. ઉત્કૃષ્ટ, બે પલ્યમાં દેશ ઓછી; તેની દેવીની સ્થિતિ, જઘન્ય, દશ હજાર

વર્ષની, ઉત્કૃષ્ટ એક પલ્યમાં દેશ ઓછી.

વાણવ્યંતરના દેવની સ્થિતિ, જઘન્ય, દશ હજાર વર્ષની; ઉત્કૃષ્ટ એક પલ્યની. વાણવ્યંતરની દેવીની સ્થિતિ, જઘન્ય દશ હજાર વર્ષની; ઉત્કૃષ્ટ અર્ધ પલ્યની.

ચંદ્રના દેવની સ્થિતિ, જઘન્ય, પા પલ્યની, ઉત્કૃષ્ટ, એક પલ્ય, ને એક લાખ વર્ષની. તેની દેવીની સ્થિતિ, જઘન્ય, પા પલ્યની, ને ઉત્કૃષ્ટ, અર્ધ પલ્ય ને પચાસ હજાર વર્ષની.

સૂર્યના દેવની સ્થિતિ, જઘન્ય, પા પલ્યની, ઉત્કૃષ્ટ, એક પલ્ય ને એક હજાર વર્ષની. તેની દેવીની સ્થિતિ, જઘન્ય પા પલ્યની, ઉત્કૃષ્ટ અર્ધ પલ્ય ને પાંચસેં વર્ષની.

ગ્રહના દેવની સ્થિતિ, જઘન્ય, પા પલ્યની, ઉત્કૃષ્ટ, એક પલ્યની, તેની દેવીની સ્થિતિ, જઘન્ય, પા પલ્યની, ઉત્કૃષ્ટ અર્ધ પલ્યની.

નક્ષત્રના દેવની સ્થિતિ, જઘન્ય, પા પલ્યની, ઉત્કૃષ્ટ, અર્ધ પલ્યની. તેની દેવીની સ્થિતિ, જઘન્ય, પા પલ્યની, ઉત્કૃષ્ટ પા પલ્ય ઝાઝેરી.

તારાના દેવની સ્થિતિ, જઘન્ય, પલ્યનો આઠમો ભાગ, ઉત્કૃષ્ટ, પા પલ્યની. તેની દેવીની સ્થિતિ, જઘન્ય, પલ્યના આઠમા ભાગની, ઉત્કૃષ્ટ, પલ્યના આઠમા ભાગ ઝાઝેરી.

પહેલા દેવલોકના દેવની સ્થિતિ જઘન્ય, એક પલ્યની, ઉત્કૃષ્ટ, બે સાગરની. તેની દેવીની, જઘન્ય, એક પલ્યની, ઉત્કૃષ્ટ, સાત પલ્યની; તેની અપરિગૃહિતા દેવીની, જઘન્ય, એક પલ્યની, ઉત્કૃષ્ટ પચાશ પલ્યની.

બીજા દેવલોકના દેવની સ્થિતિ, જઘન્ય, એક પલ્ય ઝાઝેરી, ઉત્કૃષ્ટ, બે સાગર ઝાઝેરી, તેની દેવીની સ્થિતિ, જઘન્ય, એક

પલ્ય ઝાઝેરી, ઉત્કૃષ્ટ, નવ પલ્યની, તેની અપરિગૃહિતા દેવીની સ્થિતિ, જઘન્ય, એક પલ્ય ઝાઝેરી, ઉત્કૃષ્ટ પંચાવન પલ્યની.

ત્રીજા દેવલોકના દેવની સ્થિતિ, જઘન્ય, બે સાગરની, ઉત્કૃષ્ટ, સાત સાગરની.

ચોથા દેવલોકના દેવની સ્થિતિ, જઘન્ય, બે સાગર ઝાઝેરી, ઉત્કૃષ્ટ, સાત સાગરોપમ ઝાઝેરી.

પાંચમા દેવલોકના દેવની સ્થિતિ, જઘન્ય, સાત સાગરની ઉત્કૃષ્ટ, દશ સાગરની.

છઠ્ઠા દેવલોકના દેવની સ્થિતિ, જઘન્ય, દશ સાગરની, ઉત્કૃષ્ટ ચૌદ સાગરની,

સાતમા દેવલોકના દેવની સ્થિતિ, જઘન્ય ચૌદ સાગરની, ઉત્કૃષ્ટ, સત્તર સાગરની.

આઠમા દેવલોકના દેવની સ્થિતિ, જઘન્ય સત્તર સાગરની, ઉત્કૃષ્ટ, અઢાર સાગરની.

નવમા દેવલોકના દેવની સ્થિતિ, જઘન્ય, અઢાર સાગરની, ઉત્કૃષ્ટ ઓગણીશ સાગરની.

દશમા દેવલોકના દેવની સ્થિતિ, જઘન્ય, ઓગણીશ સાગરની, ઉત્કૃષ્ટ, વીશ સાગરોપમની,

અગિઆરમાં દેવલોકના દેવની સ્થિતિ, જઘન્ય, વીશ સાગરની, ઉત્કૃષ્ટ, એકવીશ સાગરોપમની.

બારમા દેવલોકના દેવની સ્થિતિ, જઘન્ય, એકવીશ સાગરોપમની, ઉત્કૃષ્ટ, બાવીશ સાગરોપમની.

પહેલી ગ્રૈવેયકે સ્થિતિ, જઘન્ય, બાવીશ સાગરોપમની, ઉત્કૃષ્ટ, ત્રેવીશ સાગરોપમની,

બીજી ગ્રૈવેયકે સ્થિતિ, જઘન્ય, ત્રેવીશ સાગરોપમની, ઉત્કૃષ્ટ, ચોવીશ સાગરોપમની,

ત્રીજી ગ્રૈવેયકે સ્થિતિ, જઘન્ય, ચોવીશ સાગરોપમની, ઉત્કૃષ્ટ પચીશ સાગરોપમની.

ચૌથી ગ્રૈવેયકે સ્થિતિ, જઘન્ય, પચીશ સાગરોપમની ઉત્કૃષ્ટ છવીશ સાગરોપમની,

પાંચમી ગ્રૈવેયકે સ્થિતિ, જઘન્ય, છવીશ સાગોરપમની, ઉત્કૃષ્ટ, સત્તાવીશ સાગરોપમની,

છઠ્ઠી ગ્રૈવેયકે સ્થિતિ, જઘન્ય, સત્તાવીશ સાગરોપમની, ઉત્કૃષ્ટ, અઠ્ઠાવીસ સાગરોપમની.

સાતમી ગ્રૈવેયકે સ્થિતિ, જઘન્ય, અઠ્ઠાવીશ સાગરોપમની, ઉત્કૃષ્ટ, ઓગણત્રીશ સાગરોપમની.

આઠમી ગ્રૈવેયકે સ્થિતિ, જઘન્ય, ઓગણત્રીશ સાગરોપમની ઉત્કૃષ્ટ, ત્રીશ સાગરોપમની.

નવમી ગ્રૈવેયકે સ્થિતિ. જઘન્ય, ત્રીશ સાગરોપમની, ઉત્કૃષ્ટ, એકત્રીશ સાગરોપમની.

ચાર અનુત્તર વિમાનના દેવની સ્થિતિ, જઘન્ય, એકત્રીશ સાગરોપમની, ઉત્કૃષ્ટ, તેત્રીશ સારોગપમની.

પાંચમા અનુત્તર વિમાનના (સર્વાર્થ સિદ્ધનાં) દેવની સ્થિતિ, જઘન્ય, ઉત્કૃષ્ટ તેત્રીશ સાગરોપમની.

૨૧ મરણ દ્વાર, તે સમોહિયા મરણ ને અસમોહિયા મરણ.

સમોહિયા તે એળની પેઠે ચાલે.

અસમોહિયા તે દડીની પેઠે ચાલે.

૨૩ - ૨૪ આગતિ, -ગતિ દ્વાર, બે સાથે.

પહેલી નરકથી છઠ્ઠી નરક સુધી, બે ગતિનો આવે, તે મનુષ્ય ને તિર્યંચનો. જાય બે ગતિમાં, તે મનુષ્ય ને તિર્યંચમાં.

સાતમી નરકમાં, બે ગતિનો આવે, તે મનુષ્ય ને તિર્યંચનો, જાય એક ગતિમાં, તે તિર્યંચમાં.

ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી, વૈમાનિક, આઠમા દેવલોક સુધી, બે ગતિનો આવે તે મનુષ્ય ને તિર્યંચનો. જાય બે ગતિમાં, તે મનુષ્ય ને તિર્યંચમાં.

નવમા દેવલોકથી સર્વાર્થસિદ્ધ વિમાન સુધી, એક ગતિનો આવે તે મનુષ્યનો. જાય એક ગતિમાં તે મનુષ્યમાં.

પ્રાણ-૧૦, ગુણ.- ૧ થી ૪

ઈતિ નારકી તથા દેવના થઈને ચૌદ દંડક સંપૂર્ણ

એ વૈક્રિય શરીરવાળા ચૌદ દંડક કહ્યા.

## પાંચ એકેંદ્રિયના પાંચ દંડક

### ૧. શરીર

પાંચ એકેંદ્રિયમાં વાયુકાય વિના બાકીના ચાર એકેંદ્રિયમાં શરીર ત્રણ તે, ૧ ઔદારિક, ૨ તેજસ્, ૩ કાર્મણ.

વાયુકાયમાં શરીર ચાર. ૧ ઔદારિક, ૨ વૈક્રિય, ૩ તેજસ્, ૪ કાર્મણ.

### ૨. અવગાહના દ્વાર

પૃથ્વીઆદિ ચાર એકેંદ્રિયની અવગાહના, જઘન્ય, આંગુલના અસંખ્યાતમા ભાગની, ઉત્કૃષ્ટ પણ આંગુલના અસંખ્યાતમાં ભાગની. વાયુકાય ઉત્તર વૈક્રિય કરે તો જઘન્ય, ઉત્. આંગુલનાં અસંખ્યાતમા ભાગની.

વનસ્પતિની અવગાહના, જઘન્ય, આંગુલના અસંખ્યાતમાં ભાગની, ઉત્કૃષ્ટ, હજાર જોજન ઝાઝેરી, કમલ પોયણા આશ્રી જાણવી.

૩ સંહનનદ્વાર. પાંચ એકેંદ્રિયમાં એક સેવાર્ત સંહનન.

૪ સંસ્થાન દ્વાર. પાંચ એકેંદ્રિયમાં એક હુંડ સંસ્થાન.

૫ કષાય દ્વાર. પાંચ એકેંદ્રિયમાં કષાય ચાર.

૬ સંજ્ઞા દ્વાર. પાંચ એકેંદ્રિયમાં સંજ્ઞા ચાર.

### ૭ લેશ્યા દ્વાર

પૃથ્વી, પાણી, વનસ્પતિ, એ ત્રણ બાદર એકેંદ્રિયનાં અપર્યાપ્તામાં લેશ્યા ચાર, તે ૧ કૃષ્ણ, ૨ નીલ, ૩ કાપોત, ૪ તેજો. પર્યાપ્તમાં પહેલી ત્રણ. તેજસ્, વાયુ એ બેમાં ત્રણ લેશ્યા, ૧ કૃષ્ણ, ૨ નીલ. ૩ કાપોત.

### ૮ ઈંદ્રિય દ્વાર

પાંચ એકેંદ્રિયમાં એક ઈંદ્રિય તે એક સ્પર્શેંદ્રિય.

### ૯ સમુદ્‌ઘાત દ્વાર.

પાંચ એકેંદ્રિયમાં વાયુકાય વિના બાકીની ચાર એકેંદ્રિયમાં, ત્રણ સમુદ્‌ઘાત, તે ૧ વેદનીય, ૨ કષાય, ૩ મારણાંતિક.

વાયુકાયમાં ચાર સમુદ્‌ઘાત. ૧ વેદનીય, ૨ કષાય, ૩ મારણાંતિક, ૪ વૈક્રિય.

૧૦ સંજ્ઞી દ્વાર. પાંચે એકેંદ્રિય અસંજ્ઞી.

૧૧ વેદ દ્વાર. પાંચ એકેંદ્રિયમાં નપુંસક વેદ.

૧૨ પર્યાપ્તિ દ્વાર. પાંચ એકેંદ્રિયમાં પર્યાપ્તિ ચાર, અપર્યાપ્તિ પહેલી ચાર.

૧૩ દૃષ્ટિ દ્વાર. પાંચ એકેંદ્રિયમાં દૃષ્ટિ એક, તે ૧ મિથ્યાત્વ દૃષ્ટિ.

૧૪ દર્શન દ્વાર. પાંચ એકેંદ્રિયમાં એક અચક્ષુ દર્શન.

૧૫ જ્ઞાન દ્વાર. પાંચ એકેંદ્રિયમાં બે અજ્ઞાન, તે ૧ મતિ અજ્ઞાન ૨ શ્રુત અજ્ઞાન.

### ૧૬ યોગ દ્વાર.

પાંચ એકેંદ્રિયમાં વાયુકાય વિના બાકીની ચાર એકેંદ્રિયમાં યોગ ત્રણ, તે ૧ ઔદારિક શરીર કાયયોગ, ૨ ઔદારિક મિશ્ર શરીર કાયયોગ, ૩ કાર્મણ શરીર કાયયોગ. વાયુકાયમાં યોગ પાંચ. ૧ ઔદારિક શરીર કાયયોગ, ૨ ઔદારિક મિશ્ર શરીર કાયયોગ, ૩ વૈક્રિય શરીર કાયયોગ, ૪ વૈક્રિય મિશ્ર શરીર કાયયોગ ૫ કાર્મણ શરીર કાયયોગ.

### ૧૭ ઉપયોગ દ્વાર.

પાંચ એકેંદ્રિયમાં ઉપયોગ ત્રણ ૧ મતિ અજ્ઞાન, ૨ શ્રુત અજ્ઞાન, ૩ અચક્ષુદર્શન.

### ૧૮ આહાર દ્વાર

પાંચ એકેંદ્રિયમાં ત્રણ દિશિનો, ચાર દિશિનો, પાંચ દિશિનો આહાર લે, ને વ્યાઘાત ન પડે તો છ દિશિનો આહાર લે. બે પ્રકારનો આહાર, તે ૧ ઓજસ્, ૨ રોમ. તે ૧ સચિત્ત ૨ અચિત્ત, ૩ મિશ્ર.

### ૧૯ ઉપજવાનાં, ૨૨ ચવવાનાં દ્વાર.

પૃથ્વી, પાણી, વનસ્પિતકાય એ ત્રણ એકેંદ્રિયમાં ત્રેવીશ દંડકનો આવે, તે એક નારકી વર્જીને; જાય દશ દંડકમાં તે પાંચ એકેંદ્રિય, ત્રણ વિકલેંદ્રિય, એ આઠ ને મનુષ્યને તિર્યંચ એ બે મળી દશ દંડકમાં જાય.

તેજસ્કાય ને વાયુકાય એ બે એકેંદ્રિયમાં દશ દંડકનો આવે, તે પાંચ એકેંદ્રિય, ત્રણ વિકલેંદ્રિય, એક મનુષ્ય, ને એક તિર્યંચ એ દશ દંડકનો આવે. ને નવ દંડકમાં જાય તે પાંચ એકેંદ્રિય, ત્રણ વિકલેંદ્રિય ને તિર્યંચ પંચેદ્રિય એ નવમાં જાય.

## ૨૦ સ્થિતિ દ્વાર.

પૃથ્વીકાયની સ્થિતિ, જઘન્ય, અંતર્મુહુર્ત્તની, ઉત્કૃષ્ટ, બાવીશ હજાર વર્ષની.

અપ્‌કાયની સ્થિતિ, જઘન્ય, અંતર્મુહૂર્ત્તની, ઉત્કૃષ્ટ સાત હજાર વર્ષની.

તેજસ્કાયની સ્થિતિ, જઘન્ય, અંતર્મુહુર્ત્તની; ઉત્કૃષ્ટ ત્રણ અહોરાત્રિની.

વાયુકાયની સ્થિતિ. જઘન્ય, અંતમુહુર્ત્તની, ઉત્કૃષ્ટ, ત્રણ હજાર વર્ષની.

વનસ્પતિકાયની સ્થિતિ, જઘન્ય, અંતર્મુહુત્તની, ઉત્કૃષ્ટ દશહજાર વર્ષની.

## ૨૧ મરણ દ્વાર

તેમાં સમોહિયા તે એળની પેઠે ચાલે.

અસમોહિયા તે દડીની પેઠે ચાલે.

૨૩ આગતિ દ્વાર ને ૨૪ ગતિદ્વાર.

પૃથ્વીકાય, અપકાય, વનસ્પિતકાય, એ ત્રણ એકેંદ્રિયમાં ત્રણ ગતિનો આવે, તે ૧ મનુષ્ય, ૨ તિર્યંચ, ૩ દેવનો; જાય બે ગતિમાં, તે ૧ મનુષ્ય ને ૨ તિર્યંચમાં. તેજસ્કાય ને વાયુકાય એ બે એકેંદ્રિયમાં, બે ગતિનો આવે, તે ૧ મનુષ્યનો, ૨ તિર્યંચનો; જાય એક ગતિમાં, તે તિર્યંચમાં

પ્રાણ-૪, ગુણ.- ૧ પ્રથમ

ઇતિ પાંચ એકેંદ્રિયના પાંચ દંડક સંપૂર્ણ

* * *

## બેઈંદ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિયને અસંજ્ઞી તિર્યંચ (સંમૂર્છિમ) પંચેંદ્રિયના દંડક.

### ૧ શરીર

બેઈંદ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય, ને તિર્યંચ સંમૂર્છિમ પંચેંદ્રિયમાં શરીર ત્રણ, તે ૧ ઔદારિક, ૨ તેજસ્ ૩ કાર્મણ.

### ૨ અવગાહના.

બેઈંદ્રિયની અવગાહના. જઘન્ય, આંગુલના અસંખ્યાતમાં ભાગની, ઉત્કૃષ્ટ, બાર જોજનની.

તેઈંદ્રિયની અવગાહના જઘન્ય, આંગુલના અસંખ્યાતમા ભાગની, ઉત્કૃષ્ટ ૩ ગાઉની.

ચૌરેન્દ્રિયની અવગાહના. જઘન્ય આંગુલના અસંખ્યાતમા ભાગની ઉત્કૃષ્ટ ચાર ગાઉની.

અસંજ્ઞી તિર્યંચ (સંમૂર્છિમ) પંચેદ્રિયની અવગાહના. જઘન્ય, આંગુલના અસંખ્યાતમા ભાગની ઉત્કૃષ્ટ જુદી જુદી નીચે મુજબ.

ગાથા

જોયણ સહસ્સ, ગાઉઅં પુહુત્તં તત્તો જોયણ પુહુત્તં;

દોણ્હં તું ધણુહ પુહુત્તં સમૂછીમેં હોઈ ઉચ્ચત્ત. ૧

૧ જલચરની, એક હજાર જોજનની.

૨ સ્થળચરની, પૃથક્ ગાઉની છે. (બે થી નવ ગાઉ સુધીની)

૩ ઉરપરિસર્પની, પૃથક્ યોજનની છે. (બેથી નવ યોજન સુધીની.)

૪ ભુજપરિસર્પની, પૃથક્ ધનુષ્યની છે. (બેથી નવ ધનુષ્યની.)

૫ ખેચરની, પૃથક્ ધનુષ્યની છે. (બેથી નવ ધનુષ્ય સુધીની) બધાની જઘન્ય, અંગુલના અસંખ્યાતમાં ભાગની.

### ૩ સંહનન દ્વાર.

ત્રણ વિકલેંદ્રિય (બેઈંદ્રિય, તેઈન્દ્રિય,ચૌરેઇન્દ્રિય) ને તિર્યંચ સંમૂર્છિમ પંચેદ્રિયમાં, સંહનન એક તે, એક સેવાર્ત્ત.

### ૪ સંસ્થાન દ્વાર.

ત્રણ વિકેલંદ્રિય ને તિર્યંચ સંમૂર્છિમ પંચેંદ્રિયમાં, સંસ્થાન તે એક હુંડ.

૫ કષાય દ્વાર. તેમાં કષાય ચાર.

૬. સંજ્ઞા દ્વાર. તેમાં સંજ્ઞા ચાર

૭. લેશ્યા દ્વાર. તેમાં લેશ્યા ત્રણ. ૧ કૃષ્ણ, ૨ નીલ, ૩ કાપોત.

### ૮ ઈંદ્રિય દ્વાર.

બેઈંદ્રિયમાં ઈંદ્રિય બે.

તેઈન્દ્રિયમાં ઈંદ્રિય ત્રણ.

ચૌરેંન્દ્રિયમાં ઈંદ્રિય ચાર.

તિર્યંચ સંમૂર્છિમ પંચેંદ્રિયમાં ઈંદ્રિય પાંચ.

### ૯ સમુદ્ઘાત.

તેમાં સમુદ્ઘઘાત ત્રણ તે, ૧ વેદનીય, ૨ કષાય, ૩ મારણાંતિક.

### ૧૦ સંજ્ઞી અસંજ્ઞી દ્વાર.

ત્રણ વિકલેંદ્રિય તથા સંમૂર્છિમ તિર્યંચ પંચેંદ્રિય અસંજ્ઞી.

### ૧૧ વેદ દ્વાર.

તેમાં વેદ એક તે, નપુંસક.

### ૧૨ પર્યાપ્તિ દ્વાર.

તેમાં પર્યાપ્તિ પાંચ ૧ આહાર પર્યાપ્તિ, ૨ શરીર પર્યાપ્તિ, ૩ ઇંદ્રિય પર્યાપ્તિ ૪ શ્વાસોશ્વાસ પર્યાપ્તિ, ૫ ભાષા પર્યાપ્તિ.

### ૧૩ દૃષ્ટિ દ્વાર.

બેઈંદ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય, ને તિર્યંચ સંમૂર્છિમ પંચેંદ્રિયના અપર્યાપ્તમાં દૃષ્ટિ બે તે, ૧ સમકિત દૃષ્ટિ, ૨ મિથ્યાત્વ દૃષ્ટિ. પર્યાપ્તમાં એક મિથ્યાત્વ દૃષ્ટિ.

### ૧૪ દર્શન દ્વાર.

બેઈંદ્રિય, તેઈન્દ્રિયમાં દર્શન એક, તે ૧ અચક્ષુદર્શન ચૌરેન્દ્રિય ને તિર્યંચ સંમૂર્છિમ પંચેંદ્રિયમાં દર્શન બે, ૧ ચક્ષુદર્શન, ૨ અચક્ષુદર્શન.

### ૧૫ જ્ઞાન દ્વાર.

અપર્યાપ્તમાં જ્ઞાન બે. ૧ મતિ જ્ઞાન, ૨ શ્રુતજ્ઞાન. અજ્ઞાન બે, ૧ મતિ અજ્ઞાન, ૨ શ્રુત અજ્ઞાન. પર્યાપ્તમાં અજ્ઞાન બે.

### ૧૬ યોગ દ્વાર.

તેમાં યોગ ચાર. ૧ ઔદારિક શરીર કાયયોગ, ૨ ઔદારિક મિશ્ર શરીર કાયયોગ, ૩ કાર્મણ શરીર કાયયોગ ૪ વ્યવહાર વચનયોગ.

### ૧૭ ઉપયોગ દ્વાર.

બેઈંદ્રિય, તેઈન્દ્રિય અપર્યાપ્તમાં પાંચ ઉપયોગ. ૧ મતિજ્ઞાન, ૨ શ્રુતજ્ઞાન, ૩ મતિ અજ્ઞાન, ૪ શ્રુતઅજ્ઞાન ૫ અચક્ષુદર્શન. પર્યાપ્તમાં ત્રણ ઉપયોગ, બે અજ્ઞાન ને અચક્ષુદર્શન. ચૌરેન્દ્રિયને

તિર્યંચ સમૂર્છિમ પંચેંદ્રિયના અપર્યાપ્તમાં છ ઉપયોગ. ૧ મતિજ્ઞાન, ૨ શ્રુતજ્ઞાન, ૩ મતિ અજ્ઞાન, ૪ શ્રુતઅજ્ઞાન, ૫ ચક્ષુદર્શન, ૬ અચક્ષુદર્શન, પર્યાપ્તમાં ચાર ઉપયોગ, બે અજ્ઞાન, બે દર્શન.

### ૧૮ આહાર દ્વાર.

આહાર છ દિશાનો લે, ત્રણ પ્રકારે કરે તે, ૧ ઓજસ્ ૨ રોમ, ૩ કવલ, તે ૧ સચિત્ત, ૨ અચિત ૩ મિશ્ર.

### ૧૯ ઉપજવાના દ્વાર, ૨૨ ચવવાના દ્વાર.

બેઈંદ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય એ ત્રણમાં દશ ઔદારિકનો આવે, તે પાંચ એકેંદ્રિય, ત્રણ વિકલેંદ્રિય, મનુષ્ય, ને તિર્યંચનો; ને જાય તે દશ દંડકમાં.

તિર્યંચ સંમૂર્છિમ પંચેંદ્રિયમાં દશ ઔદારિકનો આવે તે ઉપર મુજબ દશ કહ્યા તે, જાય બાવીશ દંડકમાં તે જ્યોતિષી, ને વૈમાનિક એ બે વિનાના બાવીશ દંડકમાં જાય,

### ૨૦ સ્થિતિ દ્વાર.

બેઈંદ્રિયની સ્થિતિ, જઘન્ય, અંતર્મુહૂર્ત્તની, ઉત્કૃષ્ટ બાર વર્ષની.

તેઈન્દ્રિયની સ્થિતિ, જઘન્ય, અંતર્મુહૂર્ત્તની, ઉત્કૃષ્ટ ૪૯ દિવસની.

ચૌરેન્દ્રિયની સ્થિતિ, જઘન્ય, અંતર્મુહૂર્ત્તની; ઉત્કૃષ્ટ છ માસની.

તિર્યંચ સંમૂર્છિમ પંચેંદ્રિયની સ્થિતિ, જુદી જુદી નીચે મુજબ.

#### ગાથા

પુવ્વ ક્રોડ ચઉરાશી, તેપન, બાયાલાસ બહુત્તેર;
સહસાઈ વાસાઈ, સમુછિમે આઉયં હોઈ.

જલચરની સ્થિતિ, જઘન્ય, અંતર્મુહૂર્ત્તની; ઉત્કૃષ્ટ, પૂર્વક્રોડ વર્ષની.

સ્થળચરની સ્થિતિ, જઘન્ય, અંતર્મુહૂર્ત્તની; ઉત્કૃષ્ટ, ચોરાશી હજાર વર્ષની.

ઉરપરિસર્પની સ્થિતિ, જઘન્ય, અંતર્મુહૂર્ત્તની; ઉત્કૃષ્ટ ત્રેપન હજાર વર્ષની.

ભુજપરિસર્પની સ્થિતિ, જઘન્ય, અંતર્મુહૂર્ત્તની, ઉત્કૃષ્ટ બેંતાળીશ હજાર વર્ષની.

ખેચરની સ્થિતિ, જઘન્ય, અંતર્મુહૂર્ત્તની, ઉત્કૃષ્ટ, બહોંતેર હજાર વર્ષની.

## ૨૧ મરણ દ્વાર.

સમોહિયા મરણ, તે એળની પેરે ચાલે,

અસમોહિયા મરણ, તે દડીની પેરે ચાલે.

## ૨૩ આગતિ દ્વાર, ૨૪ ગતિ દ્વાર.

બેઈંદ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિયમાં બે ગતિનો આવે તે ૧ મનુષ્ય, ને ૨ તિર્યંચનો; જાય બે ગતિમાં તે એક મનુષ્ય, ને ૨ તિર્યંચમાં.

તિર્યંચ સંમૂર્છિમ પંચેંદ્રિયમાં બે ગતિનો આવે તે, ૧ મનુષ્યનો, ને ૨ તિર્યંચનો, જાય ચાર ગતિમાં તે, ૧ નારકી, ૨ તિર્યંચ, ૩ મનુષ્ય, ને ૪ દેવ એ ચારમાં જાય.

પ્રાણ - બેઈ.૬, તેઈ.૭, ચૌરે.૮, અસંજ્ઞી પંચે. ૯, ગુણ.-૨

ઇતિ ત્રણ વિકલેંદ્રિય, (બેઈંદ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય), ને તિર્યંચ સંમૂર્છિમ પંચેદ્રિયના દંડક સંપૂર્ણ.

* * *

## તિર્યંચ ગર્ભજ પંચેંદ્રિયનો એક દંડક

### ૧ શરીર.

તિર્યંચ ગર્ભજ પંચેંદ્રિયમાં શરીર ચાર. ૧ ઔદારિક, ૨ વૈક્રિય, ૩ તેજસ્, ૪ કાર્મણ.

### ૨ અવગાહના. ગાથા.

જોયણ સહસ્સં છ ગાઉ આઈ તતો જોયણ સહસ્સં;

ગાઉ પુહુત્તં ભુજએ ધણુહ પુહુત્તં ચ પખીસુ.

જલચરની, જઘન્ય આંગુલના અસંખ્યાતમાં ભાગની; ઉત્કૃષ્ટ, એક હજાર જોજનની.

સ્થલચરની, જઘન્ય, આંગુલના અસંખ્યાતમા ભાગની, ઉત્કૃષ્ટ, છ ગાઉની.

ઉરપરિસર્પની, જઘન્ય, આંગુલના અસંખ્યાતમા ભાગની ઉત્કૃષ્ટ, એક હજાર જોજનની.

ભુજપરિસર્પની, જઘન્ય, આંગુલના અસંખ્યાતમા ભાગની; ઉત્કૃષ્ટ, પૃથક્ ગાઉની.

ખેચરની, જઘન્ય, આંગુલના અસંખ્યાતમા ભાગની; ઉત્કૃષ્ટ, પૃથક્ ધનુષ્યની. પાંચેય ઉત્તર વૈક્રિય કરે તો, જઘન્ય આંગુલના સંખ્યાતમા ભાગની, ઉત્કૃષ્ટ, ૯૦૦ જોજનની.

૩ સંહનન દ્વાર. સંહનન છ.

૪ સંસ્થાન દ્વાર. તેમાં સંસ્થાન છ.

૫ કષાય દ્વાર. તેમાં કષાય ચાર.

૬ સંજ્ઞા દ્વાર. તેમાં સંજ્ઞા ચાર.

૭ લેશ્યા દ્વાર. તેમાં લેશ્યા છ.

૮ ઈંદ્રિય દ્વાર. તેમાં ઈંદ્રિય પાંચ.

૯ સમુદ્ઘાત દ્વાર. તેમાં સમુદ્ઘાત પાંચ તે ૧ વેદનીય ૨ કષાય, ૩ મારણાંતિક, ૪ વૈક્રિય, ૫ તેજસ્,

૧૦ સંજ્ઞી દ્વાર. તે સંજ્ઞી.

૧૧ વેદ દ્વાર. તેમાં વેદ ત્રણ.

૧૨ પર્યાપ્તિ દ્વાર. તેમાં પર્યાપ્તિ છ, ને અપર્યાપ્તિ છ.

૧૩ દૃષ્ટિ દ્વાર. તેમાં દૃષ્ટિ ત્રણ.

### ૧૪ દર્શન દ્વાર.

તેમાં દર્શન ત્રણ તે, ૧ ચક્ષુ દર્શન ૨ અચક્ષુદર્શન ૩ અવધિ દર્શન.

### ૧૫ જ્ઞાન દ્વાર.

તેમાં જ્ઞાન ત્રણ તે, ૧ મતિ જ્ઞાન, ૨ શ્રુત જ્ઞાન, ૩ અવધિ જ્ઞાન, અજ્ઞાન પણ ત્રણ તે, ૧ મતિ અજ્ઞાન, ૨ શ્રુત અજ્ઞાન, ૩ વિભંગ જ્ઞાન.

### ૧૬ યોગ દ્વાર.

તેમાં યોગ તેર તે, ૧ સત્ય મનયોગ, ૨ અસત્ય મનયોગ, ૩ મિશ્ર મનયોગ, ૪ વ્યવહાર મનયોગ, ૫ સત્ય વચનયોગ, ૬ અસત્ય વચન યોગ, ૭ મિશ્ર વચનયોગ, ૮ વ્યવહાર વચનયોગ, ૯ ઔદારિક શરીર કાયયોગ, ૧૦ ઔદારિક મિશ્ર શરીર કાયયોગ, ૧૧ વૈક્રિય શરીર કાયયોગ ૧૨ વૈક્રિય મિશ્ર શરીર કાયયોગ ૧૩ કાર્મણ શરીર કાયયોગ.

### ૧૭. ઉપયોગ દ્વાર

તિર્યંચ ગર્ભજમાં ઉપયોગ નવ તે, ૧ મતિ જ્ઞાન ૨ શ્રુત જ્ઞાન, ૩ અવધિ જ્ઞાન ૪ મતિ અજ્ઞાન ૫ શ્રુત અજ્ઞાન ૬ વિભંગ જ્ઞાન ૭ ચક્ષુદર્શન ૮ અચક્ષુ દર્શન, ૯ અવધિ દર્શન.

૧૮ આહાર દ્વાર. તેમાં આહાર ત્રણ પ્રકારનો.

૧૯ ઉપજવાનાં દ્વાર. તેમાં ચોવીશ દંડકનો આવે.

૨૨ ચવવાનાં દ્વાર. જાય પણ ચોવીશ દંડકમાં.

### ૨૦ સ્થિતિ દ્વાર

જલચરની, જઘન્ય, અંતર્મુહૂર્ત્તની, ઉત્કૃષ્ટ, પૂર્વ ક્રોડ વર્ષની.

સ્થલચરની, જઘન્ય, અંતર્મુહૂર્ત્તની; ઉત્કૃષ્ટ, ત્રણ પલ્યની.

ઉરપરિસર્પની, જઘન્ય, અંતર્મુહૂર્ત્તની; ઉત્કૃષ્ટ પૂર્વ ક્રોડ વર્ષની.

ભુજપરિસર્પની, જઘન્ય, અંતર્મુહૂર્ત્તની; ઉત્કૃષ્ટ, પૂર્વ ક્રોડ વર્ષની.

ખેચરની, જઘન્ય, અંતર્મુહૂત્તની; ઉત્કૃષ્ટ, પલ્યના અસંખ્યાતમા ભાગની.

### ૨૧ મરણ દ્વાર.

સમોહિયા મરણ તે એળની પેઠે ચાલે.

અસમોહિયા મરણ તે દડીની પેઠે ચાલે.

૨૩ આગતિ દ્વાર. ચાર ગતિનો આવે.

૨૪ ગતિદ્વાર. તે ચાર ગતિમાં જાય.

પ્રાણ-૧૦, ગુણ. ૧ થી ૫.

ઇતિ તિર્યંચ ગર્ભજ પંચેંદ્રિયનો એક દંડક સંપૂર્ણ.

## મનુષ્ય ગર્ભજ પંચેંદ્રિયનો એક દંડક.

### ૧ શરીર. મનુષ્ય ગર્ભજમાં શરીર પાંચ.

### ૨ અવગાહના દ્વાર.

અવસર્પિણી કાળમાં

મનુષ્ય ગર્ભજની અવગાહના પહેલો આરો બેસતાં ત્રણ ગાઉની, ઉતરતે આરે બે ગાઉની.

બીજો આરો બેસતાં બે ગાઉની, ઉતરતે આરે એક ગાઉની.

ત્રીજો આરો બેસતાં એક ગાઉની, ઉતરતે આરે પાંચસો ધનુષ્યંની.

ચોથો આરો બેસતાં પાંચસો ધનુષ્યની, ઉતરતે આરે સાત હાથની.

પાંચમો આરો બેસતાં સાત હાથની, ઉતરતે આરે એક હાથની.

છઠ્ઠો આરો બેસતાં એક હાથની ઉતરતે આરે મૂંઢા હાથની.

મહાવિદેહ ક્ષેત્ર : જ. આંગુલનો અસંખ્યાતમો ભાગ ઉત્કૃષ્ટ ૫૦૦ ધનુષ્યની.

ઉત્સર્પિણી કાળમાં

પહેલાં આરો બેસતાં મૂંઢા હાથની, ઉતરતે આરે એક હાથની.

બીજા આરો બેસતાં એક હાથની, ઉતરતે આરે સાત હાથની.

ત્રીજો આરો બેસતાં સાત હાથની, ઉતરતે આરે પાંચસો ધનુષ્યની.

ચોથો આરો બેસતાં પાંચસેં ધનુષ્યની, ઉતરતે આરે એક ગાઉની.

પાંચમો આરો બેસતાં એક ગાઉની ઉતરતે આરે બે ગાઉની.

છઠ્ઠો આરો બેસતાં બે ગાઉની, ઉતરતે આરે ત્રણ ગાઉની.

મનુષ્ય વૈક્રિય કરે તો જઘન્ય, આંગુલનો સંખ્યાતમો ભાગ; ઉત્કૃષ્ટ, લાખ યોજન અધિક.

૩ સંહનન દ્વાર. તેમાં સંહનન છ.

૪ સંસ્થાન દ્વાર. તેમાં સંસ્થાન છ.

૫ કષાય દ્વાર. તેમાં કષાય ચાર. તથા અકષાયી.

૬ સંજ્ઞા દ્વાર. તેમાં સંજ્ઞા ચાર. તથા નોસંજ્ઞાપયુક્ત.

૭ લેશ્યા દ્વાર. તેમાં લેશ્યા છ. તથા અલેશી.

૮ ઈંદ્રિય દ્વાર. તેમાં ઈંદ્રિય પાંચ. તથા અણિન્દ્રિય

૯ સમુદ્ઘાત દ્વાર. તેમાં સમુદ્ઘાત સાત.

૧૦ સંજ્ઞી દ્વાર. તેમાં સંજ્ઞી

૧૧ વેદ દ્વાર. તેમાં વેદ ત્રણ. તથા અવેદી.

૧૨ પર્યાપ્તિ દ્વાર. તેમાં પર્યાપ્તિ છ. અપર્યાપ્તિ છ.

૧૩ દૃષ્ટિ દ્વાર. તેમાં દૃષ્ટિ ત્રણ.

૧૪ દર્શન દ્વાર. તેમાં દર્શન ચાર.

૧૫ જ્ઞાન દ્વાર. તેમાં જ્ઞાન પાંચ, અજ્ઞાન ત્રણ.

૧૬ યોગ દ્વાર. તેમાં યોગ પંદર. તથા અયોગી.

૧૭ ઉપયોગ દ્વાર. તેમાં ઉપયોગ બાર.

૧૮ આહાર દ્વાર. તેમાં આહાર ત્રણ પ્રકારનો. તથા અણાહારક

૧૯ ઉપજવાના દ્વાર. મનુષ્ય ગર્ભજમાં બાવીશ દંડકનો આવે, તે તેજસ્કાય, ને વાયુકાયના બે દંડક વર્જીને બાવીશ દંડકનો આવે.

૨૨ ચવવાનાં દ્વાર. જાય ચોવીશ દંડકમાં.

## ૨૦ સ્થિતિ દ્વાર.

### અવસર્પિણી કાળમાં

પહેલો આરો બેસતાં, ત્રણ પલ્યની સ્થિતિ; ઉતરતે આરે બે પલ્યની.

બીજો આરો બેસતાં, બે પલ્યની સ્થિતિ; ઉતરતે આરે એક પલ્યની.

ત્રીજો આરો બેસતાં, એક પલ્યની સ્થિતિ. ઉતરતે આરે ક્રોડ પૂર્વની.

ચોથો આરો બેસતાં,ક્રોડ પૂર્વની સ્થિતિ; ઉતરતે આરે બસો વર્ષમાં ઊણી.

પાંચમો આરો બેસતાં, બસો વર્ષમાં ઊણી સ્થિતિ; ઉતરતે આરે વીશ વર્ષની.

છઠ્ઠો આરો બેસતાં, વીશ વર્ષની; ઉતરતે આરે સોળ વર્ષની.

### ઉત્સર્પિણી કાળમાં

પહેલો આરો બેસતાં, સોળ વર્ષની; ઉતરતે આરે વીશ વર્ષની.

બીજો આરો બેસતાં, વીશ વર્ષની; ઉતરતે આરે બસો વર્ષમાં ઊણી.

ત્રીજે આરો બેસતાં, બસો વર્ષમાં ઊણી; ઉતરતે આરે ક્રોડ પૂર્વની.

ચોથો આરો બેસતાં, ક્રોડ પૂર્વની; ઉતરતે આરે એક પલ્યની.

પાંચમો આરો બેસતાં, એક પલ્યની; ઉતરતે આરે બે પલ્યની.

છઠ્ઠો આરો બેસતાં બે પલ્યની, ઉતરતે આરે ત્રણ પલ્યની સ્થિતિ.

જુગલિક કાળ વર્જીને બધે જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની જાણવી.

મહાવિદેહ ક્ષેત્રમાં સ્થિતિ. જ. અંતર્મુહૂર્તની, ઉત્કૃષ્ટ ૧ ક્રોડ પૂર્વ.

### ૨૧ મરણ દ્વાર.

મરણ બે. ૧ સમોહિયા મરણ, ૨ અસમોહિયા મરણ.

૨૩ આગતિ દ્વાર. મનુષ્ય ગર્ભજમાં ચાર ગતિનો આવે, તે ૧ નારકી, ૨ તિર્યંચ, ૩ મનુષ્ય, ૪ દેવનો.

૨૪ ગતિ દ્વાર. મનુષ્ય ગર્ભજ જાય પાંચ ગતિમાં.

પ્રાણ-૧૦, ગુણ - ૧ થી ૧૪.

ઈતિ મનુષ્ય ગર્ભજનો દંડક સંપૂર્ણ.

* * *

## મનુષ્ય સંમૂર્છિમનો વિસ્તાર

### ૧ શરીર.

મનુષ્ય સંમૂર્છિમમાં શરીર ત્રણ તે, ૧ ઔદારિક, ૨ તેજસ્, ૩ કાર્મણ,

## ૨ અવગાહના દ્વાર.

તેની અવગાહના, જઘન્ય અને ઉત્કૃષ્ટ આંગુલના અસંખ્યાતમા ભાગની,

૩ સંહનન દ્વાર. તેમાં સંહનન એક, તે સેવાર્ત.

૪ સંસ્થાન દ્વાર. તેમાં સંસ્થાન એક તે, હૂંડ.

૫ કષાય દ્વાર. તેમાં કષાય ચાર.

૬ સંજ્ઞા દ્વાર. તેમાં સંજ્ઞા ચાર.

૭ લેશ્યા દ્વાર. તેમાં લેશ્યા ત્રણ તે, ૧ કૃષ્ણ, ૨ નીલ, ૩ કાપોત.

૮ ઈંદ્રિય દ્વાર. તેમાં ઈંદ્રિય પાંચ.

૯ સમુદ્‌ઘાત દ્વાર. તેમાં સમુદ્‌ઘાત ત્રણ તે, ૧ વેદનીય ૨ કષાય, ૩ મારણાંતિક.

૧૦ સંજ્ઞી દ્વાર. તેમાં અસંજ્ઞી.

૧૧ વેદ દ્વાર. તેમાં વેદ એક તે, નપુસંક વેદ.

૧૨ પર્યાપ્તિ દ્વાર. તેમાં પર્યાપ્તિ ચાર; ને અપર્યાપ્તિ ચાર.

૧૩ દૃષ્ટિ દ્વાર. તેમાં દૃષ્ટિ એક, ૧ મિથ્યાત્વ દૃષ્ટિ.

૧૪ દર્શન દ્વાર. તેમાં દર્શન બે, ૧ ચક્ષુદર્શન, ૨ અચક્ષુદર્શન.

૧૫ જ્ઞાન દ્વાર. તેમાં જ્ઞાન નથી. અજ્ઞાન બે તે, ૧ મતિ-અજ્ઞાન, ૨ શ્રુત અજ્ઞાન.

## ૧૬ યોગ દ્વાર

તેમાં યોગ ત્રણ તે, ૧ ઔદારિક શરીર કાયયોગ, ૨ ઔદારિક મિશ્ર શરીર કાયયોગ, ૩ કાર્મણ શરીર કાયયોગ

### ૧૭ ઉપયોગ દ્વાર

ઉપયોગ ચાર, ૧૩ મતિ અજ્ઞાન, ૨ શ્રુત અજ્ઞાન; ૩ ચક્ષુ દર્શન, ૪ અચક્ષુદર્શન.

### ૧૮ આહાર દ્વાર.

આહાર બે પ્રકારનો, ૧ ઓજસ્, ૨ રોમ; તે ૧ સચિત્ત, ૨ અચિત્ત, ૩ મિશ્ર.

### ૧૯ ઉપજવાના દ્વાર.

મનુષ્ય સંમૂર્છિમમાં આઠ દંડકનો આવે તે, પૃથ્વીકાય, ૨ અપકાય, ૩ વનસ્પતિકાય, ૪ બેઈદ્રિય, ૫ તેઇન્દ્રિય, ૬ ચૌરેન્દ્રિય, ૭ મનુષ્ય, ૮ તિર્યંચ પંચેંદ્રિય એ આઠનો આવે.

### ૨૨ ચવવાનાં દ્વાર.

તે પાંચ એકેંદ્રિય, ત્રણ વિકલેંદ્રિય, મનુષ્યં અને તિર્યંચ એ દશ દંડકમાં જાય.

### ૨૦ સ્થિતિ દ્વાર.

તેની સ્થિતિ જઘન્ય, અંતર્મુર્હૂત્તની; ઉત્કૃષ્ટ, અંતમુહૂર્તની,

૨૧ મરણ દ્વાર મરણ બે, ૧ સમોહિયા મરણ, ૨ અસમોહિયા મરણ.

૨૩ આગતિ દ્વાર તેમાં બે ગતિનો આવે તે, ૧ મનુષ્ય ૨ તિર્યંચનો.

૨૪ ગતિ દ્વાર. જાય બે ગતિમાં તે મનુષ્ય ને તિર્યંચમાં પ્રાણ-૯, ગુણ. - ૧ પ્રથમ (થોડુંક વચ્ચેથી છાપવું)

ઈતિ મનુષ્ય સંમૂર્છિમનો વિસ્તાર સંપૂર્ણ.

* * *

## જુગલીયાનો વિસ્તાર.

### ૧ શરીર દ્વાર. ૧ ઔદારિક, ૨ તેજસ, ૩ કાર્મણ.

### ૨ અવગાહના દ્વાર.

હેમવય, હિરણ્યવયમાં જઘન્ય, આંગુલના અસંખ્યાતમાં ભાગની; ઉત્કૃષ્ટ, એક ગાઉની.

હરિવાસ, રમ્યકવાસમાં જઘન્ય, આંગુલના અસંખ્યાતમા ભાગની; ઉત્કૃષ્ટ, બે ગાઉની.

દેવકુરૂ, ઉત્તરકુરૂમાં, જઘન્ય, આંગુલના અસંખ્યાતમા ભાગની; ઉત્કૃષ્ટ ત્રણ ગાઉની.

૩ સંહનન દ્વાર. સંહનન એક તે, ૧ વજ્રઋષભનારાચ સંહનન.

૪ સંસ્થાન દ્વાર. સંસ્થાન એક તે, ૧ સમુચતુરંસ્ત્ર સંસ્થાન.

૫ કષાય દ્વાર. કષાય ચાર.

૬ સંજ્ઞા દ્વાર. સંજ્ઞા ચાર.

૭ લેશ્યા દ્વાર. લેશ્યા ચાર, તે ૧ કૃષ્ણ, ૨ નીલ, ૩ કાપોત, ૪ તેજો.

૮ ઇંદ્રિય દ્વાર. ઇંદ્રિય પાંચ.

૯ સમુદ્દ્ઘાત દ્વાર. સમુદ્દ્ઘાત ત્રણ તે, ૧ વેદનીય, ૨ કષાય, ૩ મારણાંતિક.

૧૦ સંજ્ઞી દ્વાર. ૩૦. અકર્મભુમિમાં સંજ્ઞી અને છપ્પન અંતરદ્વીપમાં સંજ્ઞી, અસંજ્ઞી.

૧૧ વેદ દ્વાર. તેમાં વેદ બે તે, ૧ સ્ત્રીવેદ, ૨ પુરુષવેદ.

૧૨ પર્યાપ્તિ દ્વાર. તેમાં પર્યાપ્તિ છ, ને અપર્યાપ્તિ છ

## ૧૩ દૃષ્ટિ દ્વાર.

ત્રીશ અકર્મ ભૂમિમાં દૃષ્ટિ બે તે, ૧ સમકિત દૃષ્ટિ ૨ મિથ્યાત્વ દૃષ્ટિ.

છપ્પન અંતરદ્વીપમાં દૃષ્ટિ એક, તે મિથ્યાત્વ દૃષ્ટિ.

## ૧૪ દર્શન દ્વાર.

સર્વમાં દર્શન બે તે, ૧ ચક્ષુદર્શન ૨ અચક્ષુદર્શન.

## ૧૫ જ્ઞાન દ્વાર.

ત્રીશ અકર્મ ભુમિમાં બે જ્ઞાન તે; ૧ મતિજ્ઞાન, ૨ શ્રુતજ્ઞાન તથા અજ્ઞાન બે તે ૧ મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન.

છપ્પન અંતરદ્વીપમાં, બે અજ્ઞાન, ૧ મતિઅજ્ઞાન, ૨ શ્રુતઅજ્ઞાન.

## ૧૬ યોગ દ્વાર

સર્વમાં યોગ અગિયાર તે, ૧ સત્ય મનયોગ, ૨ અસત્ય મનયોગ, ૩ મિશ્ર મનયોગ, ૪ વ્યવહાર મનયોગ, ૫ સત્ય વચનયોગ, ૬ અસત્ય વચનયોગ, ૭ મિશ્ર વચનયોગ ૮ વ્યવહાર વચનયોગ, ૯ ઔદારિક શરીર કાયયોગ, ૧૦ ઔદારિક મિશ્ર શરીર કાયયોગ, ૧૧ કાર્મણ શરીર કાયયોગ.

## ૧૭ ઉપયોગ દ્વાર.

૩૦ અકર્મ ભૂમિમાં ઉપયોગ છ તે, ૧ મતિજ્ઞાન ૨ શ્રુતજ્ઞાન, ૩ મતિઅજ્ઞાન, ૪ શ્રુતઅજ્ઞાન, ૫ ચક્ષુદર્શન, ૬ અચક્ષુદર્શન.

છપ્પન અંતરદ્વીપમાં ઉપયોગ ચાર; તે ૧મતિ અજ્ઞાન ૨ શ્રુત અજ્ઞાન, ૩ ચક્ષુદર્શન, ૪ અચક્ષુદર્શન.

## ૧૮ આહાર દ્વાર.

જુગલીયામાં આહાર ત્રણ પ્રકારનો.

૧૯. ઉપજવાનાં દ્વાર. ૨૨ ચવવાના દ્વાર.

ત્રીશ અકર્મભૂમિમાં બે દંડકનો આવે, તે ૧ મનુષ્ય, ૨ તિર્યંચનો.

જાય તેર દંડકમાં તે દશ ભવનપતિના દશ દંડક ૧૦. વાણવ્યંતર, ૧૧. જ્યોતિષી, ૧૨. વૈમાનિક ૧૩ એ તેર દંડકમાં.

છપ્પન અંતરદ્વીપમાં, બે દંડકનો આવે, તે ૧ મનુષ્યનો ૨ તિર્યંચનો. જાય અગિયાર દંડકમાં તે, દશ ભવનપતિ, એક વાણવ્યંતર એ અગિયારમાં જાય.

## ૨૦ સ્થિતિ દ્વાર.

હેમવય, હિરણ્યવયમાં. જઘન્ય એક પલ્યમાં દેશ ઉણી, ઉત્કૃષ્ટ એક પલ્યની.

હરિવાસ, રમ્યકવાસમાં, જઘન્ય બે પલ્યમાં દેશ ઉણી, ઉત્કૃષ્ટ બે પલ્યની.

દેવકુરૂ, ઉત્તરકુરૂમાં, જઘન્ય ત્રણ પલ્યમાં દેશ ઉણી, ઉત્કૃષ્ટ ત્રણ પલ્યની.

છપ્પન અંતરદ્વીપમાં જઘન્ય પલ્યના અસંખ્યાતમાં ભાગમાં દેશ ઉણી, ઉત્કૃષ્ટ પલ્યના અસંખ્યાતમાં ભાગની.

## ૨૧ મરણ દ્વાર.

મરણ બે. ૧ સમોહિયા મરણ, ૨ અસમોહિયા મરણ.

## ૨૩ આગતિ દ્વાર.

તેમાં આવે બે ગતિનો ૧ મનુષ્ય ને ૨ તિર્યંચનો.

૨૪ ગતિ દ્વાર.

જાય એક ગતિમાં તે, ૧ દેવમાં.

પ્રાણ-૧૦, ગુણ.૩૦ અકર્મ. માં-૨, ૫૬ અંતર.માં-૧.

ઈતિ જુગલિયાનો વિસ્તાર સંપૂર્ણ

ઈતિ મનુષ્યનો દંડક સંપૂર્ણ.

* * *

## સિદ્ધનો વિસ્તાર

૧ શરીર દ્વાર. સિદ્ધમાં શરીર નથી.

૨ અવગાહના દ્વાર, પાંચસેં ધનુષ્યના સિદ્ધ થયા હોય તેની ત્રણસેં તેત્રીશ ધનુષ્ય ને બત્રીશ આંગુલની.

સાત હાથના સિદ્ધ થયા હોય તેની ચાર હાથ ને સોળ આંગુલની.

બે હાથના સિદ્ધ થયા હોય તેની એક હાથ અને આઠ આંગુલની.

૩ સંહનન દ્વાર. સિદ્ધ અસંહનની (અસંઘયણી).

૪ સંસ્થાન દ્વાર. સિદ્ધ અસંસ્થાની.

૫ કષાય દ્વાર. સિદ્ધ અકષાયી.

૬ સંજ્ઞા દ્વાર. સિદ્ધને સંજ્ઞા નથી.

૭ લેશ્યા દ્વાર. સિદ્ધને લેશ્યા નથી.

૮ ઈંદ્રિય દ્વાર. સિદ્ધને ઈંદ્રિયો નથી.

૯ સમુદ્ઘાત દ્વાર. સિદ્ધને સમુદ્ઘાત નથી.

૧૦ સંજ્ઞી દ્વાર. સિદ્ધને સંજ્ઞી નથી, અસંજ્ઞી નથી.

૧૧ વેદ દ્વાર. સિદ્ધને વેદ નથી.

૧૨ પર્યાપ્તિ દ્વાર. સિદ્ધને પર્યાપ્તિ નથી, અપર્યાપ્તિ નથી.

૧૩ દૃષ્ટિ દ્વાર. સિદ્ધમાં સમકિતદૃષ્ટિ.

૧૪ દર્શન દ્વાર. સિદ્ધમાં કેવલદર્શન.

૧૫ જ્ઞાન દ્વાર. સિદ્ધમાં કેવલજ્ઞાન.

૧૬ યોગ દ્વાર. સિદ્ધને યોગ નથી.

૧૭ ઉપયોગ દ્વાર. સિદ્ધને ઉપયોગ બે, ૧ કેવલજ્ઞાન ૨ કેવલદર્શન.

૧૮ આહાર દ્વાર. સિદ્ધને આહાર નથી.

૧૯ ઉપજવાનાં દ્વાર. સિદ્ધમાં ઉપજવું છે.

૨૦ સ્થિતિ દ્વાર. સિદ્ધને આદિ છે. પણ અંત (છેડો) નથી.

૨૧ મરણ દ્વાર. એકે મરણ નથી.

૨૨ ચવણ દ્વાર. સિદ્ધને ચવવું નથી.

૨૩ આગતિ દ્વાર. આગતિ, તે એક મનુષ્યનો આવે.

૨૪ ગતિ દ્વાર. સિદ્ધને ગતિ નથી.

એવા સિદ્ધ ભગવંતજીને, મારો ત્રણે કાલ નમસ્કાર હો.

ઈતિ લઘુ દંડક સંપૂર્ણ

* * *

# (૭) આઠ કર્મની પ્રકૃતિ

પન્નવણાપદ-૨૩, ઉ.૧

## પ્રથમ આઠ કર્મના નામ

૧ જ્ઞાનાવરણીય, ૨ દર્શનાવરણીય, ૩ વેદનીય ૪ મોહનીય, ૫ આયુષ્ય, ૬ નામ, ૭ ગોત્ર, ૮ અંતરાય

કર્મ- જે કર્મ કાર્મણ વર્ગણાનાં પુદ્ગલો (ચૌસ્પર્શી) મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગનાં કારણે આત્મા સાથે બંધાય તેને કર્મ કહે છે.

## આઠ કર્મનાં લક્ષણ.

૧ પહેલું જ્ઞાનાવરણીય કર્મ તે આંખના પાટા સમાન. ૨ બીજું દર્શનાવરણીય કર્મ તે રાજાના પોળીઆ સમાન. ૩ ત્રીજું વેદનીય કર્મ તે મધ તથા અફીણે ખરડયા ખડ્ગ સમાન ૪ ચોથું મોહનીય કર્મ તે મદિરાપાન સમાન, ૫ પાચમું આયુષ્ય કર્મ તે હેડ સમાન. ૬ છઠ્ઠું નામ કર્મ તે ચિતારા સમાન. ૭ સાતમું ગોત્ર કર્મ તે કુંભારના ચાકડા સમાન. ૮ આઠમું અંતરાય કર્મ તે રાજાના ભંડારી સમાન. ૧ જ્ઞાનાવરણીય કર્મે અનંત જ્ઞાન ગુણ ઢાંકયો છે. ૨ દર્શનાવરણીય કર્મે અનંત દર્શનગુણ ઢાંકયો છે. ૩ વેદનીય કર્મે અનંત અવ્યાબાધ આત્મિક સુખ રોકયું છે. ૪ મોહનીય કર્મે ક્ષાયક સમકિત ગુણ રોકયો છે ૫ આયુષ્ય કર્મે અક્ષય સ્થિતિ ગુણ રોકયો છે. ૬ નામ કર્મે અમૂર્તિ ગુણ રોકયો છે. ૭ ગોત્ર કર્મે અગુરૂ લઘુ ગુણ રોકયો છે. ૮ અંતરાય કર્મે અનંત આત્મિક શક્તિ ગુણ રોકયો છે.

## આઠ કર્મની પ્રકૃતિ, તથા આઠ કર્મ કેટલા પ્રકારે બાંધે, તથા કેટલા પ્રકારે ભોગવે, તથા આઠ કર્મની સ્થિતિ, એ સર્વ ભેદ.

### ૧ જ્ઞાનાવરણીય કર્મનો વિસ્તાર.

જ્ઞાનાવરણીય કર્મની પાંચ પ્રકૃતિ ૧ મતિજ્ઞાનાવરણીય, ૨ શ્રુત જ્ઞાનાવરણીય, ૩ અવધિ જ્ઞાનાવરણીય, ૪ મનઃપર્યવ જ્ઞાનાવરણીય, ૫ કેવલ જ્ઞાનાવરણીય.

જ્ઞાનાવરણીય કર્મ છ પ્રકારે બાંધે, ૧ નાણ પડિણિયાએ તે જ્ઞાનના તથા જ્ઞાનીના અવર્ણવાદ બોલે તો જ્ઞાનાવરણીય કર્મ બાંધે. ૨ નાણ નિન્હવણિયાએ, તે જ્ઞાન પમાડનારનાં ઉપકાર ઓળવે તો જ્ઞાનાવરણીય કર્મ બાંધે. ૩ નાણ અંતરાયેણં, તે જ્ઞાનની અંતરાય

પાડે તો જ્ઞાનાવરણીય કર્મ બાંધે. ૪ નાણ પઓસેણં તે જ્ઞાન કે જ્ઞાની ઉપર દ્વેષ કરે તો જ્ઞાનાવરણીય કર્મ બાંધે. ૫ નાણ આસાયણાએ. તે જ્ઞાનની તથા જ્ઞાનીની આશાતના કરે તો જ્ઞાનાવરણીય કર્મ બાંધે. ૬ નાણ વિસંવાયણા જોગેણં. તે જ્ઞાની સાથે ખોટો વિવાદ કરે તો જ્ઞાનાવરણીય કર્મ બાંધે. એ છ પ્રકારે બાંધે.

### જ્ઞાનાવરણીય કર્મ દશ પ્રકારે ભોગવે.

૧ શ્રોત્ર-આવરણ, ૨ શ્રોત્રવિજ્ઞાન-આવરણ, ૩ નેત્ર-આવરણ, ૪ નેત્ર-વિજ્ઞાન-આવરણ, ૫ ઘ્રાણ-આવરણ, ૬ ઘ્રાણવિજ્ઞાન-આવરણ, ૭ રસ-આવરણ, ૮ રસવિજ્ઞાન-આવરણ, ૯ સ્પર્શ-આવરણ, ૧૦ સ્પર્શ વિજ્ઞાન-આવરણ.

જ્ઞાનાવરણીય કર્મની સ્થિતિ, જઘન્ય, અંતર્મુહૂર્ત્તની; ઉત્કૃષ્ટ ત્રીશ ક્રોડાક્રોડી સાગરોપમની અબાધાકાળ ઉ. ત્રણ હજાર વર્ષનો.

### ૨ દર્શનાવરણીય કર્મનો વિસ્તાર.

દર્શનવારણીય કર્મની પ્રકૃતિ નવ.

૧ નિદ્રા, તે સુખે ઉંઘે, સુખે જાગે.

૨ નિદ્રા નિદ્રા, તે દુ:ખે ઉંઘે, દુ:ખે જાગે.

૩ પ્રચલા તે બેઠા બેઠા ઉંઘે.

૪ પ્રચલા પ્રચલા, તે બોલતાં બોલતાં, ખાતાં ખાતાં ઉંઘે.

૫ થીણદ્ધિ (સ્ત્યાનર્દ્ધિ) નિંદ્રા, તે ઉંઘને વિષે અર્ધ વાસુદેવનું બળ આવે, ત્યારે ઉંઘમાં ને ઉંઘમાં ઉઠે, ઉઠીને પટારો ઉઘાડે, ઉઘાડીને માંહેથી ઘરેણાંનો ડાબલો લે, અને લૂગડાંનો બચકો બાંધીને તે લઈને નદીએ જાય, તે ઘરેણાંનો ડાબલો હજાર મણની શિલા ઉંચી કરી તેની નીચે દાટે ને લૂગડા ધોઈને ઘેર આવે, સવારે જાગે પણ ખબર ન પડે. ઘરેણાનો ડાબલો શોધે પણ જડે નહિ. એવી નિદ્રા ફરીથી છ મહિને આવે ત્યારે

ઘરેણાંનો ડાબલો દાટયો હોય ત્યાંથી લઈને આવે, ને જ્યાં હોય ત્યાં મૂકે, ત્યારપછી કાળ કરે એવી ઉંઘવાળો હોય તે મરીને નરકે જાય. તેને થીણદ્ધિ (સ્ત્યાનર્દ્ધિ) નિદ્રા કહિયે. આ વાત ઉત્. બળની છે. જઘન્ય અને મધ્યમ બળ પણ હોઈ શકે અને તો તે કોઈપણ ગતિમાં જઈ શકે.

૬ ચક્ષુ દર્શનાવરણીય, ૭ અચક્ષુ દર્શનાવરણીય, ૮ અવધિ દર્શનાવરણીય, ૯ કેવળ દર્શનાવરણીય, એવં નવ.

દર્શનાવરણીય કર્મ છ પ્રકારે બાંધે.

૧ દંસણ પડિણિયાએ, તે ચક્ષુ આદિ ૪ દર્શનનાં કે તે દર્શનોના ધારકના અવર્ણવાદ (વાંકાં) બોલે તો દર્શનાવરણીય કર્મ બાંધે. ૧.

૨ દંસણ નિન્હવણિયાએ, તે દર્શન અને દર્શનીના ઉપકાર ઓળવે તો દર્શનાવરણીય કર્મ બાંધે. ૨.

૩ દંસણ અંતરાએણં, તે દર્શન અને દર્શનનાં સાધનોમાં અંતરાય પાડે તો દર્શનાવરણીય કર્મ બાંધે. ૩.

૪ દંસણ પઓસેણં, તે દર્શન કે દર્શનીના ઉપર દ્વેષ કરે તો દર્શનાવરણીય કર્મ બાંધે ૪.

૫ દંસણ આસાયણાએ, તે દર્શન અને દર્શનીની આશાતના કરે તો દર્શનાવરણીય કર્મ બાંધે ૫.

૬ દંસણ વિસંવાયણા જોગેણં, તે દર્શની સાથે ખોટા ઝગડા, વિખવાદ કરે તો દર્શનાવરણીય કર્મ બાંધે. ૬.

દર્શનાવરણીય કર્મ નવ પ્રકારે ભોગવે.

૧ નિદ્રા, ૨ નિદ્રા નિદ્રા, ૩ પ્રચલા, ૪ પ્રચલા પ્રચલા, ૫ થીણદ્ધિ નિદ્રા, ૬ ચક્ષુદર્શનાવરણીય ૭ અચક્ષુદર્શનાવરણીય ૮ અવધિદર્શનાવરણીય. ૯ કેવલદર્શનાવરણીય. દર્શનાવરણીય

કર્મની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્તની; ઉત્કૃષ્ટ, ત્રીશ ક્રોડા ક્રોડી સાગરોપમની, અબાધા કાળ ઉ. ત્રણ હજાર વર્ષનો ઈતિ દર્શનાવરણીય કર્મનો વિસ્તાર સંપૂર્ણ.

### ૩ વેદનીય કર્મનો વિસ્તાર

વેદનીય કર્મના બે ભેદ, ૧ શાતા વેદનીય, ૨ અશાતા વેદનીય.

વેદનીય કર્મની સોળ પ્રકૃતિ, તેમાં શાતા વેદનીયની આઠ પ્રકૃતિ, ને અશાતા વેદનીયની આઠ પ્રકૃતિ.

પ્રથમ શાતા વેદનીય કર્મની આઠ પ્રકૃતિ

૧ મનોજ્ઞ શબ્દ, ૨ મનોજ્ઞ રૂપ, ૩ મનોજ્ઞ ગંધ, ૪ મનોજ્ઞ રસ, ૫ મનોજ્ઞ સ્પર્શ, ૬ મન સૌખ્ય, ૭ વચનસૌખ્ય, ૮ કાય સૌખ્ય.

### અશાતા વેદનીય કર્મની આઠ પ્રકૃતિ.

૧ અમનોજ્ઞ શબ્દ, ૨ અમનોજ્ઞરૂપ, ૩ અમનોજ્ઞ ગંધ, ૪ અમનોજ્ઞ રસ, ૫ અમનોજ્ઞ સ્પર્શ, ૬ મન દુઃખ, ૭ વચન દુઃખ, ૮ કાય દુઃખ. કુલ સોળ પ્રકૃતિ.

વેદનીય કર્મ ૨૨ પ્રકારે બાંધે, તેમાં શાતા વેદનીય દશ પ્રકારે બાંધે તે.

(૧) પાણાણું કંપિયાએ (પ્રાણી અનુકંપા) (૨) ભૂયાણું કંપિયાએ (ભૂત અનુકંપા) (૩) જીવાણું કંપિયાએ (જીવ અનુકંપા) (૪) સત્તાણુ કંપિયાએ (સત્વ અનુકંપા) (૫) બહુણં પાણાણં ભૂયાણં જીવાણં સત્તાણં અદુઃખણિયાએ (બહુ પ્રાણી ભૂત જીવ સત્વોને દુઃખ આપવું નહિ) (૬) અસોયણિયાએ (શોક કરાવવો નહિ) (૭) અઝુરણિયાએ (ઝુરણા કરાવવી નહિ. (૮) અટીપ્પણિયાએ (ટપક ટપક આંસુ પડાવવા નહિ) (૯) અપીટ્ટણિયાએ (પીટવું નહિ) (૧૦) અપરિતાવણિયાએ (પરિતાપના કરાવવી નહિ) એ દશ પ્રકારે બાંધે.

## અશાતા વેદનીય બાર પ્રકારે બાંધે તે

૧. પર દુઃખણિયાએ (બીજાને દુઃખ આપવું) ૨. પર સોયણિયાએ (પરને શોક કરાવવો) ૩ પર ઝુરણિયાએ (પરને ઝુરણા કરાવવી) ૪. પર ટીપ્પણિયાએ (પરને આંસુ પડાવવા) ૫. પર પીટ્ટણિયાએ (પરને પીટવું) ૬. પર પરિતાવણિયાએ (પરને પરિતાપના આપવી) ૭ બહુણં પાણાણં ભૂયાણં જીવાણં સત્તાણં દુઃખણિયાએ (બહુ પ્રાણી ભૂત જીવ સત્વોને દુઃખ આપવું) ૮. સોયણિયાએ (શોક કરાવવો) ૯. ઝુરણિયાએ (ઝુરણા કરાવવી) ૧૦. ટીપ્પણિયાએ (ટપક ટપક આંસુ પડાવવા) ૧૧. પીટ્ટણિયાએ (પીટવું) ૧૨. પરિતાવણિયાએ (પરિતાપના કરવી) એવં બાર. કુલ બાવીશ

વેદનીય કર્મ સોળ પ્રકારે ભોગવે, તે સોળ પ્રકૃત્તિ કહી તે પ્રમાણે.

## વેદનીય કર્મની સ્થિતિ

શાતા વેદનીયની સ્થિતિ, જઘન્ય બે સમયની; ઉત્કૃષ્ટ પંદર ક્રોડા ક્રોડી સાગરોપમની; આબાધાકાળ કરે તો જઘન્ય અંતર્મુહર્તનો, ઉત્કૃષ્ટ, દોઢ હજાર વર્ષનો.

અશાતા વેદનીયની સ્થિતિ, જઘન્ય, એક સાગરના સાત ભાગ કરીએ તે માંહેના ત્રણ ભાગને એક પલ્યને અસંખ્યાતમે ભાગ ઉણી, ઉત્કૃષ્ટ ત્રીશ ક્રોડાક્રોડી સારગરોપમની. એનો અબાધાકાળ ત્રણ હજાર વર્ષનો.

## ૪ મોહનીય કર્મનો વિસ્તાર

મોહનીય કર્મના બે ભેદ, ૧ દર્શન મોહનીય, ૨ ચારિત્ર મોહનીય.

૧ દર્શન મોહનીયની ત્રણ પ્રકૃત્તિ, ૧ સમ્યક્ત્વ મોહનીય,

૨ મિથ્યાત્વ મોહનીય, ૩ સમામિથ્યાત્વ મોહનીય.

૨ ચારિત્ર મોહનીયના બે ભેદ, કષાયચારિત્ર મોહનીય, ૨ નોકષાય ચારિત્ર મોહનીય.

કષાય ચારિત્ર મોહનીયની સોળ પ્રકૃતિ, નોકષાય ચારિત્ર મોહનીયની નવ પ્રકૃતિ, એવં કુલ અઠાવીશ.

કષાય ચારિત્ર મોહનીયની સોળ પ્રકૃતિ

૧ અનંતાનુબંધી ક્રોધ, તે પર્વત ફાટયા સમાન;

૨ અનંતાનુબંધી માન, તે પથ્થરના સ્થંભ સમાન;

૩ અનંતાનુબંધી માયા, તે વાંસના મૂળ સમાન;

૪ અનંતાનુબંધી લોભ, તે કીરમજીના રંગ સમાન;

એ ચારેની ગતિ નરકની, સ્થિતિ જાવ જીવની, ઘાત કરે સમકિતની.

૫ અપ્રત્યાખ્યાની ક્રોધ, તે તળાવની તિરાડ સમાન;

૬ અપ્રત્યાખ્યાની માન, તે હાડકાંના સ્થંભ સમાન;

૭ અપ્રત્યાખ્યાની માયા, તે ઘેટાંનાં શીંગડાં સમાન;

૮ અપ્રત્યાખ્યાની લોભ, તે નગરની ગટરનાં કાદવ સમાન.

એ ચારેની ગતિ તિર્યંચની, સ્થિતિ એક વર્ષની, ઘાત કરે દેશ વ્રતની.

૯ પ્રત્યાખ્યાનવરણીય ક્રોધ, તે વેળુ મધ્યે લીંટી સમાન;

૧૦ પ્રત્યાખ્યાનાવરણીય માન, તે લાકડાના સ્થંભ સમાન;

૧૧ પ્રત્યાખ્યાનાવરણીય માયા, તે ગૌમુત્રિકા સમાન;

૧૨ પ્રત્યાખ્યાનાવરણીય લોભ, તે ગાડાનાં ખંજન સમાન.

એ ચારેની ગતિ મનુષ્યની, સ્થિતિ ચાર માસની, ઘાત કરે સાધુપણાની.

૧૩ સંજ્વલનનો ક્રોધ, તે ભરતીથી થતા પાણી મધ્યે લીંટી સમાન;

૧૪ સંજ્વલનનું માન, તે નેતરના સ્થંભ સમાન;

૧૫ સંજ્વલનની માયા, તે વાંસની છોઈ સમાન;

૧૬ સંજ્વલનનો લોભ, તે પતંગ તથા હલદરના રંગ સમાન;

એ ચારે ગતિ કરે દેવની, સ્થિતિ પંદર દિવસની, ઘાત કરે યથાખ્યાત ચારિત્રની. એ ૧૬ કષાય ચારિત્ર મોહનીય.

નોકષાય ચારિત્ર મોહનીયની નવ પ્રકૃતિ

૧ હાસ્ય, ૨ રતિ, ૩ અરતિ, ૪ ભય, ૫ શોક, ૬ દુ:ગંછા, ૭ સ્ત્રી વેદ, ૮ પુરુષ વેદ, ૯ નપુંસક વેદ, એવં નવ થઈને કુલ ૨૫ ને પ્રથમ દર્શન-મોહનીયની ત્રણ પ્રકૃતિ, કુલ અઠાવીશ પ્રકૃતિ થઈ.

**મોહનીય કર્મ છ પ્રકારે બાંધે તે.**

૧ તીવ્ર ક્રોધ ૨ તીવ્ર માન, ૩ તીવ્ર માયા ૪ તીવ્ર લોભ, ૫ તીવ્ર દર્શન મોહનીય, ૬ તીવ્ર ચારિત્ર મોહનીય.

મોહનીય કર્મ પાંચ પ્રકારે ભોગવે તે.

૧ સમ્યક્ત્વ મોહનીય, ૨ મિથ્યાત્વ મોહનીય, ૩ સમ્યક્ત્વ મિથ્યાત્વ મોહનીય, ૪ કષાય ચારિત્ર મોહનીય, ૫ નોકષાય ચારિત્ર મોહનીય.

મોહનીય કર્મની સ્થિતિ, જઘન્ય, અંતમુહુર્તની; ઉત્કૃષ્ટ સીત્તેર ક્રોડાક્રોડી સાગરોપમની, અબાધાકાળ જઘન્ય અંતર્મુહૂર્તનો; ઉત્કૃષ્ટ સાત હજાર વર્ષનો.

## ૫ આયુષ્ય કર્મનો વિસ્તાર.

આયુષ્ય કર્મની ચાર પ્રકૃતિ. તે ૧ નારકીનું આયુષ્ય, ૨ તિર્યંચનું આયુષ્ય, ૩ મનુષ્યનું આયુષ્ય, ૪ દેવનું આયુષ્ય.

### આયુષ્ય કર્મ સોળ પ્રકારે બાંધે, તેની વિગત.

નારકીનું આયુષ્ય ચાર પ્રકારે બાંધે તે. ૧ મહા આરંભ, ૨ મહા પરિગ્રહ ૩ કુણિમ આહાર, ૪ પંચેંદ્રિય વધ, એવં ચાર.

તિર્યંચનું આયુષ્ય ચાર પ્રકારે બાંધે તે. ૧ માયા સહિત અલિક, ૨ નિવડ માયા અલિક, ૩ અલિક વચન, ૪ ખોટાં તોલ ખોટાં માપ, એવં ચાર કુલ આઠ.

મનુષ્યનું આયુષ્ય ચાર પ્રકારે બાંધે તે. ૧ ભદ્ર પ્રકૃતિ, ૨ વિનયપ્રકૃતિ, ૩ સાનુક્રોશ, ૪ અમત્સર, એવં ચાર. કુલ બાર.

દેવનું આયુષ્ય ચાર પ્રકારે બાંધે તે. ૧ સરાગ સંયમ, ૨ સંયમાસંયમ; ૩ બાલતવોકર્મ, ૪ અકામ નિર્જરા, એવં ચાર. કુળ સોળ.

### આયુષ્ય કર્મ ચાર પ્રકારે ભોગવે,

૧ નારકી, નારકીનું ભોગવે, ૨ તિર્યંચ, તિર્યંચનું ભોગવે, ૩ મનુષ્ય, મનુષ્યનું ભોગવે, ૪ દેવ, દેવનું ભોગવે.

### આયુષ્ય કર્મની સ્થિતિ.

નારકી અને દેવની સ્થિતિ, જઘન્ય દશ હજાર વર્ષને અંતર્મુહૂર્ત્ત અધિક; ઉત્કૃષ્ટ તેત્રીશ સાગર ને પૂર્વ ક્રોડીનો ત્રીજો ભાગ અધિક.

મનુષ્ય અને તિર્યંચ. એ બેની સ્થિતિ, જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ ત્રણ પલ્ય ને પૂર્વક્રોડીનો ત્રીજો ભાગ અધિક.

## ૬ નામ કર્મનો વિસ્તાર.

નામ કર્મના બે ભેદ, ૧ શુભ નામ, ૨ અશુભ નામ. નામ કર્મની ૯૩ પ્રકૃતિ, તેના ૪૨ થોક.

૧ ગતિ નામ, ૨ જાતિ નામ, ૩ શરીર નામ, ૪ શરીર અંગોપાંગ નામ, ૫ શરીર બંધન નામ, ૬ શરીર સંઘાતન નામ, ૭ સંઘયણ નામ, ૮ સંસ્થાન નામ, ૯ વર્ણ નામ, ૧૦ ગંધ નામ, ૧૧ રસ નામ, ૧૨ સ્પર્શ નામ, ૧૩ અનુપૂર્વી નામ, ૧૪ વિહાયગતિ નામ, ૧૫ અગુરુ લઘુ નામ, ૧૬ ઉપઘાત નામ, ૧૭ પરાઘાત નામ, ૧૮ ઉચ્છ્વાસ નામ, ૧૯ ઉદ્યોત નામ ૨૦ આતાપ નામ, ૨૧ તીર્થંકર નામ, ૨૨ નિર્માણ નામ, ૨૩ ત્રસ નામ, ૨૪ બાદર નામ, ૨૫ પર્યાપ્ત નામ, ૨૬ પ્રત્યેક નામ, ૨૭ સ્થિર નામ, ૨૮ શુભ નામ, ૨૯ સૌભાગ્ય નામ, ૩૦ સુસ્વર નામ, ૩૧ આદેય નામ, ૩૨ યશોકીર્તિનામ, ૩૩ સ્થાવર નામ, ૩૪ સૂક્ષ્મ નામ, ૩૫ અપર્યાપ્ત નામ, ૩૬ સાધારણ નામ, ૩૭ અસ્થિર નામ, ૩૮ અશુભ નામ, ૩૯ દુર્ભાગ્ય નામ, ૪૦ દુઃસ્વર નામ, ૪૧ અનાદેય નામ, ૪૨ અયશોકીર્તિનામ.

## ૪૨ થોકની ૯૩ પ્રકૃતિ

પહેલી ગતિ નામના ચાર ભેદ. (૧) નરકની ગતિ (૨) તિર્યંચની ગતિ (૩) મનુષ્યની ગતિ. (૪) દેવની ગતિ, એવં ચાર.

બીજે જાતિ નામના પાંચ ભેદ. (૧)એકેન્દ્રિયની જાતિ, (૨) બેઈંદ્રિયની જાતિ (૩) તેઈન્દ્રિયની જાતિ (૪) ચૌરેન્દ્રિયની જાતિ (૫) પંચેન્દ્રિયની જાતિ એવં નવ.

ત્રીજે શરીર નામના પાંચ ભેદ. (૪) ઔદારિક શરીર,

(૨) વૈક્રિય શરીર, (૩) આહારક શરીર, (૪ ) તેજસ્ શરીર (૫) કાર્મણ શરીર. એવં ચૌદ.

ચોથે શરીર અંગોપાંગના ત્રણ ભેદ. (૧) ઔદારિક શરીર અંગો પાંગ (૨) વૈક્રિય શરીર અંગો પાંગ (૩) આહારક શરીર અંગો પાંગ. એવં ત્રણ. કુલ સત્તર.

પાંચમે શરીર બંધન નામના પાંચ ભેદ. (૧) ઔદારિક શરીર બંધન (૨) વૈક્રિય શરીર બંધન (૩) આહારક શરીર બંધન (૪) તેજસ્ શરીર બંધન (૫) કાર્મણ શરીર બંધન. એવં પાંચ. કુલ બાવીશ.

છઠ્ઠે શરીર સંઘાતકરણના પાંચ ભેદ. ૧ ઔદારિક શરીર સંઘાતકરણ, ૨ વૈક્રિય શરીર સંઘાતકરણ, ૩ આહારક શરીર સંઘાતકરણ, ૪ તેજસ્ શરીર સંઘાતકરણ, ૫ કાર્મણ શરીર સંઘાતકરણ, એવં પાંચ થઈ, કુલ સત્તાવીશ.

સાતમે સંહનન નામના છ ભેદ, ૧ વજ્રરૂષભનારાચ સંહનન ૨ રૂષભનારાચ સંહનન, ૩ નારાચ સંહનન, ૪ અર્ધનારાચ સંહનન, ૫ કીલિકા સંહનન, ૬ સેવાર્ત સંહનન એવં છ, કુલ તેત્રીશ.

આઠમે સંસ્થાન નામના છ ભેદ. ૧ સમચતુરંસ્ત્ર સંસ્થાન ૨ ન્યગ્રોધ પરિમંડળ સંસ્થાન, ૩ સાદિ સંસ્થાન, ૪ કુબ્જ સંસ્થાન, ૫ વામન સંસ્થાન, ૬ હૂંડ સંસ્થાન, એવં છ, કુલ ઓગણચાળીશ.

નવમે વર્ણના પાંચ ભેદ. ૧ કાળો, ૨ નીલો, ૩ રાતો, ૪ પીળો, ૫ ધોળો, એવં પાંચ. કુલ ચુમ્માળીશ.

દશમે ગંધના બે ભેદ. ૧ સુરભિ ગંધ, ૨ દુરભિ ગંધ, એવં બે. કુલ છેંતાળીશ.

અગીઆરમે રસના પાંચ ભેદ. ૧ તીખો, ૨ કડવો, ૩ તુરો, ૪ ખાટો, ૫ મીઠો, એવં પાંચ, કુલ એકાવન.

બારમે સ્પર્શના આઠ ભેદ. ૧ હળવો, ૨ ભારે, ૩ કર્કશ, ૪ સુંહાળો, ૫ ટાઢો, ૬ ઉન્હો, ૭ લુખો, ૮ ચોપડયો. એવં આઠ, કુલ ઓગણસાઠ.

તેરમે અનુપૂર્વીના ચાર ભેદ, ૧ નારકીની અનુપૂર્વી, ૨ તિર્યંચની અનુપૂર્વી ૩ મનુષ્યની અનુપૂર્વી ૪ દેવની અનુપૂર્વી એવં ચાર. કુલ ત્રેસઠ.

ચૌદમે વિહાય ગતિ નામના બે ભેદ. (૧) પ્રશસ્ત વિહાય ગતિ-તે ગંધ હસ્તીની પેઠે શુભ ચાલવાની ગતિ, (૨) અપ્રશસ્ત વિહાય ગતિ-તે ઊંટની પેઠે અશુભ ચાલવાની ગતિ, એવં બે. કુલ પાંસઠ.

પંદરમે અગુરૂ લઘુ નામનો એક ભેદ. એવં છાસઠ.

સોળમે ઉપઘાત નામનો એક ભેદ. એવં સડસઠ.

સત્તરમે પરાઘાત નામનો એક ભેદ. એવં અડસઠ.

અઢારમે ઉચ્છવાસ નામનો એક ભેદ. એવં ઓગણોસીતેર.

ઓગણીસમે ઉદ્યોત નામનો એક ભેદ. એવં સીતેર.

વીશમે આતાપ નામનો એક ભેદ. એવં એકોતેર.

એક્વીસમે તીર્થંકર નામ. (જિન નામ) એવં બોંતેર.

બાવીસમે નિર્માણ નામ. કુલ તોતેર થયા.

બાકી જે વીશ બોલ રહ્યા તે દરેકના એક એક ભેદ છે. સર્વ થઈ ૯૩ ભેદ તે ૯૩ પ્રકૃતિ સંપૂર્ણ.

## નામ કર્મ ૮ પ્રકારે બાંધે તેમાં શુભ નામ કર્મ ૪ પ્રકારે બાંધે તે

૧ કાયાની સરલતા તે કાયાના યોગ સારા પ્રવર્તાવે, ૨ ભાષાની સરલતા તે વચનના યોગ સારા પ્રવર્તાવે; ૩ ભાવની સરલતા તે મનના યોગ સારા પ્રવર્તાવે. ૪ અકલેશકારી પ્રવર્તન; તે ખોટા રાડ, ઝગડા, વિવાદ ન કરે.

## અશુભ નામ કર્મ ચાર પ્રકારે બાંધે તે

૧ કાયાની વક્રતા ૨ ભાષાની વક્રતા ૩ ભાવની વક્રતા ૪ કલેશકારી પ્રવર્તન.

## નામ કર્મ ૨૮ પ્રકારે ભોગવે તે

૧ શુભ નામ કર્મ ચૌદ પ્રકારે ભોગવે ૨ અશુભ નામ કર્મ ચૌદ પ્રકારે ભોગવે.

## શુભ નામ કર્મ ચૌદ પ્રકારે ભોગવે તે

૧ ઇષ્ટ શબ્દ ૨ ઇષ્ટ રૂપ ૩ ઇષ્ટ ગંધ ૪ ઇષ્ટ રસ ૫ ઇષ્ટ સ્પર્શ ૬ ઇષ્ટ ગતિ ૭ ઇષ્ટ સ્થિતિ ૮ ઇષ્ટ લાવણ્ય ૯ ઇષ્ય યશો કીર્તિ ૧૦ ઇષ્ટ ઉત્થાન, કર્મ, બલવીર્ય, પુરૂષાકાર પરાક્રમ ૧૧ ઇષ્ટ સ્વર ૧૨ કાંત સ્વર ૧૩ પ્રિય સ્વર ૧૪ મનોજ્ઞ સ્વર. એ ચૌદ.

## અશુભ નામ કર્મ ચૌદ પ્રકારે ભોગવે

૧ અનિષ્ટ શબ્દ, ૨ અનિષ્ટ રૂપ, ૩ અનિષ્ટ ગંધ, ૪ અનિષ્ટ રસ, ૫ અનિષ્ટ સ્પર્શ, ૬ અનિષ્ટ ગતિ ૭ અનિષ્ટ સ્થિતિ, ૮ અનિષ્ટ લાવણ્ય, ૯ અનિષ્ટ યશોકીર્તિ, ૧૦ અનિષ્ટ ઉત્થાન, કર્મ, બલવીર્ય, પુરૂષાકાર પરાક્રમ, ૧૧ હીણ

સ્વર, ૧૨ દીન સ્વર, ૧૩ અનિષ્ટ સ્વર, ૧૪ અકાન્ત સ્વર, એ ચૌદ, કુલ ૨૮.

નામ કર્મની સ્થિતિ, જઘન્ય આઠ મુહૂર્ત્તની, ઉત્કૃષ્ટ વીશ ક્રોડાક્રોડી સાગરોપમની. અબાધાકાળ બે હજાર વર્ષનો.

## ૭ ગોત્ર કર્મનો વિસ્તાર

ગોત્ર કર્મના બે ભેદ, ૧ ઉંચ ગોત્ર, ૨ નીચ ગોત્ર.

ગોત્ર કર્મની સોળ પ્રકૃતિ, તેમાં ઉંચ ગોત્રની આઠ પ્રકૃતિ ને નીચ ગોત્રની આઠ પ્રકૃત્તિ.

### ઉંચ ગોત્રની આઠ પ્રકૃતિ

૧ જાતિ વિશિષ્ટ, ૨ કુળ વિશિષ્ટ, ૩ બળ વિશિષ્ટ, ૪ રૂપ વિશિષ્ટ, ૫ તપ વિશિષ્ટ, ૬ સૂત્ર વિશિષ્ટ, ૭ લાભ વિશિષ્ટ, ૮ ઐશ્વર્ય વિશિષ્ટ.

### નીચ ગોત્રની આઠ પ્રકૃતિ

૧ જાતિ વિહીન, ૨ કુળ વિહીન, ૩ બળ વિહીન, ૪ રૂપ વિહીન, ૫ તપ વિહીન, ૬ સૂત્ર વિહીન, ૭ લાભ વિહીન, ૮ ઐશ્વર્ય વિહીન.

ગોત્ર કર્મ સોળ પ્રકારે બાંધે, તેમાં ઉંચ ગોત્ર આઠ પ્રકારે બાંધે, ને નીચ ગોત્ર આઠ પ્રકારે બાંધે.

ઉંચ ગોત્ર આઠ પ્રકારે બાંધે તે. ૧ જાતિ અમદ, ૨ કુળ અમદ, ૩ બળ અમદ, ૪ રૂપ અમદ, ૫ તપ અમદ, ૬ સૂત્ર અમદ, ૭ લાભ અમદ ૮ ઐશ્વર્ય અમદ.

નીચ ગોત્ર આઠ પ્રકારે બાંધે તે. ૧ જાતિ મદ, ૨ કુળ મદ, ૩ બળ મદ, ૪ રૂપ મદ, ૫ તપ મદ, ૬ સૂત્ર મદ, ૭ લાભ મદ, ૮ ઐશ્વર્ય મદ, એવં આઠ, કુલ સોળ.

ગોત્ર કર્મ સોળ પ્રકારે ભોગવે, *તેમાં ઉંચ ગોત્ર આઠ*

પ્રકારે, ને નીચ ગોત્ર આઠ પ્રકારે. તે જે પ્રમાણે ઉંચ ગોત્ર તથા નીચ ગોત્રની આઠ આઠ પ્રકૃતિ છે તે જ આઠ આઠ પ્રકારે ભોગવે.

ગોત્ર કર્મની સ્થિતિ, જઘન્ય, આઠ મુહૂર્ત્તની; ઉત્કૃષ્ટ વીશ ક્રોડાક્રોડી સાગરોપમની. અબાધા કાળ બે હજાર વર્ષનો.

## ૮ અંતરાય કર્મનો વિસ્તાર.

### અંતરાય કર્મની પાંચ પ્રકૃતિ.

૧ દાનાંતરાય, ૨ લાભાંતરાય, ૩ ભોગાંતરાય, ૪ ઉપભોગાંતરાય, ૫ વીર્યાંતરાય, એ પાંચ.

અંતરાય કર્મ પાંચ પ્રકારે બાંધે, તે ઉપર પ્રમાણે.

અંતરાય કર્મ પાંચ પ્રકારે, ભોગવે, તે પણ ઉપર પ્રમાણે.

અંતરાય કર્મની સ્થિતિ, જઘન્ય, અંતર્મુહુર્ત્તની; ઉત્કૃષ્ટ ત્રીશ ક્રોડાક્રોડી સાગરોપમની. અબાધાકાળ ત્રણ હજાર વર્ષનો.

ઇતિ શ્રી આઠ કર્મની પ્રકૃતી.

## (૮) ગતાગતિ

### પન્નવણા પદ - ૬

* * *

**ગાથા**

૧ ૨ ૩ ૪ ૫
બારસ, ચઉવીસાઈ, સંતર એગસમય કત્તા, ય ;
૬ ૭ ૮
ઉવટ્ટણ, પરભવ આઉયં, ચ અઠે વ આગરિસા. ૧.

## પહેલો બારસ દ્વાર.

નારકી, તિર્યંચ, મનુષ્ય, દેવ, એ ચાર ગતિમાં ઉત્પન્ન થવાનું તથા ચવવાનું અંતર પડે તો જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ બાર મુહુર્ત્તનું અંતર પડે. સિદ્ધગતિમાં અંતર પડે તો જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ છ માસનું. ચવવાનું નથી.

## વિરહ પદ

## (શ્રી પન્નવણા સૂત્રનાં ૬ઠ્ઠા પદનો અધિકાર)

## તેમજ બીજો ચઉવીશ દ્વાર.

૧ પહેલી નરકે, અંતર પડે તો જઘન્ય, એક સમય, ઉત્કૃષ્ટ, ચોવીશ મુહુર્ત્તનું;

૨ બીજી નરકે, અંતર પડે તો જઘન્ય, એક સમય, ઉત્કૃષ્ટ સાત દિવસનું;

૩ ત્રીજી નરકે, જઘન્ય, એક સમય, ઉત્કૃષ્ટ, પંદર દિવસનું;

૪ ચોથી નરકે, જઘન્ય, એક સમય, ઉત્કૃષ્ટ, એક માસનું;

૫ પાંચમી નરકે, જઘન્ય, એક સમય, ઉત્કૃષ્ટ, બે માસનું;

૬ છઠ્ઠી નરકે, જઘન્ય, એક સમય, ઉત્કૃષ્ટ, ચાર માસનું;

૭ સાતમી નરકે, જઘન્ય, એક સમય, ઉત્કૃષ્ટ, છ માસનું;

ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી, પહેલા બીજા દેવલોક સુધી અંતર પડે તો જઘન્ય, એક સમય, ઉત્કૃષ્ટ ચોવીશ મુહુર્ત્તનું;

ત્રીજે દેવલોકે અંતર પડે તો, જઘન્ય, એક સમય, ઉત્કૃષ્ટ, નવ દિવસ ને વીશ મુહુર્ત્તનું;

ચોથે દેવલોકે અંતર પડે તો, જઘન્ય, એક સમય, ઉત્કૃષ્ટ, બાર દિવસ ને દશ મુહૂર્ત્તનું;

પાંચમે દેવલોકે અંતર પડે તો, જઘન્ય, એક સમય, ઉત્કૃષ્ટ, સાડીબાવીશ દવસનું;

છઠ્ઠે દેવલોકે અંતર પડે તો, જઘન્ય, એક સમય, ઉત્કૃષ્ટ પીસ્તાળીશ દિવસનું;

સાતમે દેવલોકે અંતર પડે તો, જઘન્ય, એક સમય, ઉત્કૃષ્ટ એંશી દિવસનું;

આઠમે દેવલોકે અંતર પડે તો, જઘન્ય, એક સમય, ઉત્કૃષ્ટ, સો દિવસનું;

નવમે-દશમે દેવલોકે અંતર પડે તો, જઘન્ય, એક સમય, ઉત્કૃષ્ટ, સંખ્યાતા માસનું; (એક વર્ષની અંદર)

અગિયારમે-બારમે દેવલોકે અંતર પડે તો, જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ સંખ્યાતા વર્ષનું; (સો વર્ષની અંદર)

ગ્રૈવેયકની પહેલી ત્રિકે અંતર પડે તો, જઘન્ય, એક સમય, ઉત્કૃષ્ટ સંખ્યાતા સો વર્ષનું; (એક હજાર વર્ષની અંદર)

ગ્રૈવેયકની બીજી ત્રિકે અંતર પડે તો, જઘન્ય, એક સમય, ઉત્કૃષ્ટ, સંખ્યાતા હજાર વર્ષનું; (એક લાખની અંદર)

ગ્રૈવેયકની ત્રીજી ત્રિકે અંતર પડે તો, જઘન્ય, એક સમય, ઉત્કૃષ્ટ, સંખ્યાતા લાખ વર્ષનું; (પલ્યના અસંખ્યાતમાં ભાગની અંદર)

ચાર અનુત્તર વિમાને અંતર પડે તો, જઘન્ય, એક સમય, ઉત્કૃષ્ટ, પલ્યના અસંખ્યાતમા ભાગનું; (પલ્યના સંખ્યાતમા ભાગની અંદર)

પાંચમાં સર્વાર્થ સિદ્ધ વિમાને અંતર પડે તો, જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ પલ્યના સંખ્યાતમા ભાગનું;

પાંચે એકેંદ્રિયમાં અંતર નથી;

ત્રણ વિકલેંદ્રિય ને તિર્યંચ સંમૂર્છિમમાં અંતર પડે તો, જઘન્ય, એક સમય, ઉત્કૃષ્ટ, અંતમુહુર્ત્તનું;

તિર્યંચ ગર્ભજ, અને મનુષ્ય ગર્ભજમાં અંતર પડે તો જઘન્ય, એક સમય, ઉત્કૃષ્ટ, બાર મુહુર્ત્તનું;

મનુષ્ય સંમૂર્છિમમાં અંતર પડે તો, જઘન્ય, એક સમય, ઉત્કૃષ્ટ, (ચોવીશ મુહુર્ત્તનું;)

સિદ્ધમાં અંતર પડે તો, જઘન્ય, એક સમય, ઉત્કૃષ્ટ છ માસનું. એમ જ સિદ્ધ વર્જી ચવવાનું ઉત્પન્ન વિરહની પેરે જાણવું.

સિદ્ધમાં એક સમયે જઘન્ય, એક, બે, ત્રણ; ઉત્કૃષ્ટ, એકસો ને આઠ ઉત્પન્ન થાય. એમજ ઉદ્દ્વર્તન પણ સિદ્ધ વર્જી સર્વને જાણવું. ઈતિ એક સમયે ઉત્પન્ન થવાનો તથા ચવવાનો ચોથો દ્વાર સંપૂર્ણ. (વિશેષ વિરહ પદનાં આધારે ભરત ક્ષેત્રમાં સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકાનો વિરહ પડે તો જ. ૬૩ હજાર વર્ષનો અને અરિહંત, ચક્રવર્તી, વાસુદેવ, બળદેવનો જઘ.૮૪ હજાર વર્ષનો ઉ.દેશે ઉણો ૧૮ ક્રોડા ક્રોડ સાગરોપમનો વિરહ પડે. સમ્યક્ત્વીનો ઉ.૭ દિવસનો, નવીન શ્રાવકનો ઉ.૧૨ દિવસનો, નવીન સાધુનો ઉ.૧૫ દિવસનો.)

### બીજો દ્વાર સંપૂર્ણ.

### ત્રીજો સઅંતર નિરંતર દ્વાર.

સઅંતર કહેતાં અંતર સહિત, નિરંતર કહેતાં અંતર રહિત ઉપજે તે.

પાંચ એકેંદ્રિયના પાંચ દંડક વર્જીને, બાકીના ઓગણીશ દંડક તથા સિદ્ધમાં સઅંતર તથા નિરંતર ઉપજે.

પાંચ એકેંદ્રિયના પાંચ દંડકમાં નિરંતર ઉપજે. એમજ ઉદ્વર્તન (ચવવાનું) પણ સિદ્ધને વર્જી સર્વને જાણવું.

### ત્રીજો દ્વાર સંપૂર્ણ.

ચોથે એક સમયમાં જે બોલમાં જેટલા ઉપજે તથા ચવે તે દ્વાર.

સાત નારકી, ૭. દશ ભવનપતિ, ૧૭. વાણવ્યંતર, ૧૮. જ્યોતિષી, ૧૯. પહેલાથી આઠ દેવલોક, ૨૭. ત્રણ વિકલેંદ્રિય, ૩૦. તિર્યંચ સંમૂર્છિમ, ૩૧. તિર્યંચ ગર્ભજ, ૩૨. મનુષ્ય સંમૂર્છિમ, ૩૩. એ તેત્રીશ બોલમાં એક સમયમાં જઘન્ય, એક, બે, ત્રણ, ઉત્કૃષ્ટ ઉપજે તો સંખ્યાતા તથા અસંખ્યાતા ઉપજે.

નવમું-દશમું-અગિયારમું-બારમું એ ચાર દેવલોક ૪, નવ ગ્રૈવેયક ૧૩ પાંચ અનુત્તર વિમાન ૧૮, મનુષ્ય ગર્ભજ ૧૯, એ ઓગણીશ બોલમાં જઘન્ય, એક, બે, ત્રણ ઉત્કૃષ્ટ સંખ્યાતા ઉપજે; પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, એ ચાર એકેંદ્રિયમાં, સમયે સમયે, અસંખ્યાતા ઉપજે.

વનસ્પતિમાં, સમયે સમયે સંખ્યાતા, અસંખ્યાતા અને (યથાસ્થાને) અનંતા ઉપજે.

### પાંચમો કત્તા (ક્યાંથી આવે), છઠો ઉદ્‌વર્તન (ચવીને જાય) તે બંને દ્વાર.

૫૬૩ માંહેના જે જે બોલનો આવીને ઉત્પન્ન થાય તે

[કિસ્માત્‌ (ક્યાંથી) આવે.] ને ચવીને ૫૬૩ માંહેના જે જે બોલમાં જાય તે ગતિ (ઉદ્‌વર્તન).

૧ પહેલી નરકે ૨૫ બોલની આગતિ. તે પંદર કર્મ ભૂમિ, પાંચ સંજ્ઞી તિર્યંચ, પાંચ અસંજ્ઞી તિર્યંચ પંચેંદ્રિય, એ પચીસ પર્યાપ્તની.

* ગતિ ૪૦ બોલની, તે પંદર કર્મ ભૂમિ, પાંચ સંજ્ઞી તિર્યંચ, એ વીશના અપર્યાપ્તા તથા પર્યાપ્તા એમ ચાળીશની.

૨ બીજી નરકે, વીશ બોલની આગતિ, તે ૧૫ કર્મભૂમિ, પાંચ સંજ્ઞી તિર્યંચ, એમ ૨૦ પર્યાપ્તની.

ગતિ ૪૦ બોલની, તે પહેલી નરક પ્રમાણે.

૩ ત્રીજી નરકે, ઓગણીશ બોલની આગતિ, તે બીજી નરકમાં જે વીશ બોલનો આવે છે. તેમાંથી એક ભુજપરિસર્પ બાદ કરતાં બાકીના ઓગણીશની.

ગતિ ૪૦ બોલની તે પહેલી નરક પ્રમાણે.

૪ ચોથી નરકે અઢાર બોલની આગતિ, તે બીજી નરકમાં જે વીશ બોલનો આવે છે, તેમાંથી ૧ ભુજપરિસર્પ, ૨ ખેચર, એ બે બાદ કરતાં બાકીના અઢારની.

ગતિ ૪૦ બોલની, તે પહેલી નરક પ્રમાણે.

૫ પાંચમી નરકે સત્તર બોલની આગતિ, તે બીજી નરકમાં જે વીશ બોલનો આવે છે, તેમાંથી ૧ ભૂજપરિસર્પ, ૨ ખેચર, ૩ સ્થળચર એ ત્રણ બાદ કરતાં બાકીના સત્તર બોલની.

ગતિ ૪૦ બોલની, તે પહેલી નરક પ્રમાણે.

૬ છઠી નરકે સોળ બોલની આગતિ, તે બીજી નરકમાં જે વીશ બોલનો આવે છે, તેમાંથી ૧ ભૂજપરિસર્પ, ૨ ખેચર, ૩ સ્થળચર, ૪ ઉરપસિસર્પ એ ચાર બાદ કરતાં બાકીના સોળની.

ગતિ ૪૦ બોલની, તે પહેલી નરક પ્રમાણે.

---

* નારકી અને દેવતા કાળ કરીને મનુષ્ય કે તિર્યંચમાં જન્મે છે તે અપર્યાપ્ત અવસ્થામાં મરતા નથી. તે અપેક્ષાએ કોઈ માત્ર પર્યાપ્તાજ માને છે.

૭ સાતમી નરકે સોળ બોલની આગતિ, તે પંદર કર્મ ભૂમિને જળચર એ સોળની, તે મધ્યેની સ્ત્રી મરીને ન આવે, પુરૂષ તથા નપુંસક મરીને આવે.

ગતિ દશ બોલની, તે પાંચ સંજ્ઞી તિર્યંચના અપર્યાપ્તા અને પર્યાપ્તાની.

૮ પચીશ ભવનપતિ, છવીશ વાણવ્યંતર, એ એકાવન જાતિની દેવની આગતિ, ૧૧૧ બોલની; તે ૧૦૧ સંજ્ઞી મનુષ્ય, પાંચ સંજ્ઞી તિર્યંચ પંચેંદ્રિય અને પાંચ અસંજ્ઞી પંચેન્દ્રિય, એવં ૧૧૧ ના પર્યાપ્તાની.

ગતિ ૪૬ બોલની તે પંદર કર્મભૂમિ, પાંચ સંજ્ઞી તિર્યંચ એવં વીશ, બાદર પૃથ્વીકાય ૨૧ બાદર અપકાય ૨૨, બાદર વનસ્પતિકાય ૨૩, એ ત્રેવીશના અપર્યાપ્તા અને પર્યાપ્તાની.

૯ જ્યોતિષી અને પહેલા દેવલોકે ૫૦ બોલની આગતિ, તે પંદર કર્મભૂમિ, ત્રીશ અકર્મભૂમિ, પાંચ સંજ્ઞી તિર્યંચ, એવં પચાસ પર્યાપ્તાની.

ગતિ ૪૬ બોલની, તે ભવનપતિ પ્રમાણે,

૧૦ બીજા દેવલોકે ચાળીશ બોલની આગતિ, તે પંદર કર્મભૂમિ, પાંચ સંજ્ઞી તિર્યંચ, એ વીશ ને ત્રીશ અકર્મભૂમિમાંથી પાંચ હેમવય, પાંચ હિરણ્યવય એ દશ બાદ કરતાં, બાકીના વીશ, એવં ચાળીશ પર્યાપ્તની.

ગતિ ૪૬ બોલની, તે ભવનપતિ પ્રમાણે.

૧૧ પહેલા કિલ્વિષીમાં ત્રીશ બોલની આગતિ, તે પંદર કર્મભૂમિ પાંચ સંજ્ઞી તિર્યંચ, પાંચ દેવકુરૂ, પાંચ ઉત્તરકુરૂ, એવં ત્રીશના પર્યાપ્તની.

ગતિ ૪૬ બોલની, તે ભવનપતિ પ્રમાણે.

૧૨ ત્રીજા દેવલોકથી આઠમા દેવલોક સુધીના, નવ લોકાંતિક્ના, ને બીજા ને ત્રીજા કિલ્વિષી, એ સત્તર જાતિના દેવની વીશ બોલની આગતિ, તે પંદર કર્મભૂમિ, પાંચ સંજ્ઞી તિર્યંચ, એ વીશના પર્યાપ્તની.

ગતિ ૪૦ બોલની, તે પંદર કર્મભૂમિ, પાંચ સંજ્ઞી તિર્યંચ, એ વીશના અપર્યાપ્તા અને પર્યાપ્તાની.

૧૩ નવમા, દશમા, અગિયારમાં, બારમા, એ ચાર દેવલોક, નવ ગ્રૈવેયક, પાંચ અનુત્તર વિમાન, એ અઢાર જાતિના દેવની આગતિ, પંદર બોલની તે પંદર કર્મભૂમિના પર્યાપ્તની.

ગતિ ૩૦ બોલની, તે પંદર કર્મભૂમિના અપર્યાપ્તા અને પર્યાપ્તાની.

૧૪ પૃથ્વી, પાણી, વનસ્પતિ, એ ત્રણની આગતિ, બસેં ને તેંતાળીશ બોલની, તે એકસો ને એક મુષ્ય સંમૂર્છિમના અપર્યાપ્ત, ને પંદર કર્મભૂમિના અપર્યાપ્ત ને પર્યાપ્ત એવં ત્રીશ, કુલ એકસો એકત્રીશ; ને અડતાળીશ જાતિના તિર્યંચ, એવં ૧૭૯, ને ચોસઠ જાતિના દેવ (તે પચીશ ભવનપતિ, છવીશ વાણવ્યંતર, ૫૧, ને દશ જ્યોતિષી, ૬૧, પહેલા કિલ્વિષી, ૬૨, પહેલું બીજું દેવલોક, ૬૪) ના પર્યાપ્ત; એવં બસેં ને તેંતાળીશ બોલની.

ગતિ ૧૭૯ બોલની તે, એકસો ને એક મનુષ્ય સંમૂર્છિમના અપર્યાપ્ત, ને પંદર કર્મભૂમિના અપર્યાપ્તને પર્યાપ્ત એવં ત્રીશ કુલ ૧૩૧; ને અડતાળીશ જાતિના તિર્યંચ, એવં ૧૭૯ ની.

૧૫ તેજસ, વાયુની આગતિ, ૧૭૯ બોલની તે ઉપર લખેલ છે તે.

ગતિ અડતાળીશ બોલની, તે ૪૮ જાતિના તિર્યંચની.

૧૬ ત્રણ વિકલેંદ્રિયની આગતિ ૧૭૯ બોલની તે ૧૭૯ બોલ ઉપર કહેલ છે તે.

ગતિ પણ ૧૭૯ બોલની ઉપર મુજબ.

૧૭ અસંજ્ઞી તિર્યંચની આગતિ ૧૭૯ બોલની, તે એકસો ને એક મનુષ્ય સંમૂર્છિમના અપર્યાપ્ત અને પંદર કર્મભૂમિના અપર્યાપ્તને પર્યાપ્ત, એવં ત્રીશ, કુલ ૧૩૧; ને અડતાળીશ જાતિના તિર્યંચ, એવં ૧૭૯ ની.

ગતિ ૩૯૫ બોલની તે, છપ્પન અંતરદ્વીપ ને એકાવન જાતિના દેવ ૧૦૭, પહેલી નરક ૧૦૮, તે એકસોઆઠના અપર્યાપ્ત ને પર્યાપ્ત એવં ૨૧૬, ને ૧૭૯ ઉપર કહ્યા છે તે, કુલ ૩૯૫ની.

૧૮ સંજ્ઞી તિર્યંચની આગતિ ૨૬૭ બોલની, તે ૮૧ જાતિના દેવ (નવાણું જાતિના દેવતામાંથી ઉપરના ચાર દેવલોક, નવ ગ્રૈવયકે, પાંચ અનુત્તર વિમાન એવં અઢાર બાદ કરતાં બાકીના એકાશી.) સાત નારકીના પર્યાપ્ત, ૮૮, ને ૧૭૯ બોલ ઉપર કહેલ છે તે, એવં ૨૬૭.

## પાંચેની જુદી જુદી ગતિ.

૧ જળચરની ૫૨૭ બોલની તે, પાંચસેં ત્રેસઠ માંહેથી નવમા દેવલોકથી સર્વાર્થસિદ્ધ સુધીના ૧૮ જાતિના દેવના અપર્યાપ્ત ને પર્યાપ્ત એવં છત્રીશ બોલ બાદ કરતાં બાકીના ૫૨૭ ની,

૨ ઉરપરિસર્પની ૫૨૩ બોલની તે, ઉપર પાંચસેં સત્તાવીશ કહ્યા તેમાંથી, છઠ્ઠી ને સાતમી નરકના અપર્યાપ્ત ને પર્યાપ્ત એ ચાર બાદ કરતાં બાકીના ૫૨૩ બોલની.

૩ સ્થળચરની ૫૨૧ બોલની તે, ઉરપરિસર્પના પાંચસો ત્રેવીશમાંથી પાંચમી નરકના અપર્યાપ્ત ને પર્યાપ્ત એ બે બાદ કરતાં બાકીના ૫૨૧ ની.

૪ ખેચરની ૫૧૯ બોલની તે, ૫૨૧ બોલમાંથી ચોથી નરકના અપર્યાપ્ત ને પર્યાપ્ત એ બે બાદ કરતાં બાકીના ૫૧૯ બોલની.

૫ ભુજપરિસર્પની ૫૧૭ બોલની તે, ૫૧૯ બોલમાંથી ત્રીજી નરકના અપર્યાપ્ત ને પર્યાપ્ત એ બે બાદ કરતાં બાકીના ૫૧૭ બોલની.

૧૯ અસંજ્ઞી મનુષ્યની આગતિ ૧૭૧ બોલની તે, ઉપર ૧૭૯ બોલ કહેલ છે. તેમાંથી તેજસ, વાયુના આઠ બાદ કરતાં બાકીના ૧૭૧ ની.

ગતિ ૧૭૯ બોલની તે ઉપર ૧૭૯ બોલ કહેલ છે તે.

૨૦ પંદર કર્મભૂમિના સંજ્ઞી મનુષ્યની આગતિ, ૨૭૬ બોલની તે, ૧૭૯ બોલ કહેલ છે, તેમાંથી તેજસ વાયુના આઠ બાદ કરતાં બાકી ૧૭૧ રહ્યા તે, ને નવાણું જાતિના દેવ, એ ૨૭૦ ને પહેલેથી છ નરક સુધી, એવં ૨૭૬ ની.

ગતિ ૫૬૩ ની તથા મોક્ષની.

૨૧ ત્રીશ અકર્મભૂમિના સંજ્ઞી મનુષ્યની આગતિ, વીશ બોલની તે, પંદર કર્મભૂમિ. પાંચ સંજ્ઞી તિર્યંચ, એ વીશ પર્યાપ્તાની.

## જુદી જુદી ગતિ નીચે મુજબ.

પાંચ દેવકુરૂ, પાંચ ઉત્તરકુરૂ, એ દશ ક્ષેત્રના જુગલીયાની ૧૨૮ બોલની, તે ચોસઠ જાતિના દેવના અપર્યાપ્ત ને પર્યાપ્ત એ ૧૨૮ ની.

પાંચ હરિવાસ, પાંચ રમ્યકવાસ એ દશ ક્ષેત્રના જુગલીયાની ૧૨૬ બોલની, તે ઉપરના ૧૨૮ બોલમાંથી પહેલા કિલ્વિષીના અપર્યાપ્તને પર્યાપ્ત, એ બે બાદ, એવં ૧૨૬ની.

પાંચ હેમવય, પાંચ હિરણ્યવય, એ દશ ક્ષેત્રના જુગલીયાની ૧૨૪ બોલની, તે ઉપરના ૧૨૬ બોલમાંથી બીજા દેવલોકના અપર્યાપ્ત ને પર્યાપ્ત, એ બાદ કરતાં બાકીના ૧૨૪ની.

છપ્પન અંતરદ્વીપના જુગલીયાની આગતિ પચીશ બોલની તે, પંદર કર્મભૂમિ, પાંચ સંજ્ઞી તિર્યંચ, પાંચ અસંજ્ઞી તિર્યંચ એવં ૨૫ પર્યાપ્તની.

ગતિ ૧૦૨ બોલની, તે પચીશ ભવનપતિ, છવીશ વાણવ્યંતર એ ૫૧ ના અપર્યાપ્ત ને પર્યાપ્ત એવં ૧૦૨ બોલની.

એ બાવીશ બોલ સંપૂર્ણ. એ બાવીશ બોલમાં ચોવીશ દંડકની ગતાગતિ કહી.

* * *

નવ ઉત્તમ પદવીધર તથા મિથ્યાત્વી તથા ત્રણ વેદ, એ

## તેર બોલની ગતાગતિ

૧ તીર્થંકરની આગતિ ૩૮ બોલની, તે વૈમાનિકના ૩૫ ભેદ ને પહેલેથી ત્રણ નરક એ ૩૮ ના પર્યાપ્તાની.

ગતિ મોક્ષની.

૨ ચક્રવર્તીની આગતિ ૮૨ બોલની તે, નવાણું જાતિના દેવમાંથી પંદર પરમાધામી, ત્રણ કિલ્વિષી એ અઢાર બાદ કરતાં બાકીના ૮૧ ને પહેલી નરક, કુલ ૮૨ ના પર્યાપ્તાની.

ગતિ ૧૪ બોલની, તે સાત નરકના અપર્યાપ્ત ને પર્યાપ્ત એ ચૌદની. (જો તે દીક્ષા લે તો દેવની કે મોક્ષની.)

૩ વાસુદેવની આગતિ ૩૨ બોલની. તે બાર દેવલોક, નવ લોકાંતિક, નવગ્રૈવેયક, ને પહેલી બીજી નરક, કુલ ૩૨ ના પર્યાપ્તની.

ગતિ ચૌદ બોલની, તે સાત નરકના અપર્યાપ્તા અને પર્યાપ્તા એ ૧૪ ની.

૪ બળદેવની આગતિ ૮૩ બોલની, તે ચક્રવર્તીના ૮૨ બોલ કહ્યા તે તથા બીજી નરક, કુલ ૮૩ ના પર્યાપ્તાની.

ગતિ ૭૦ બોલની. તે વૈમાનિકના ૩૫ ભેદના અપર્યાપ્ત ને પર્યાપ્ત, એવં ૭૦ની અથવા મોક્ષની. (તે સાધુની ગતિ સમજવી.)

૫ કેવલીની આગતિ, ૧૦૮ બોલની, તે નવાણુ જાતિના દેવમાંથી પંદર પરમાધામી ને ત્રણ કિલ્વિષી, એ અઢાર બાદ કરતાં બાકીના ૮૧; ને પંદર કર્મભૂમિ, પાંચ સંજ્ઞી તિર્યંચ, પૃથ્વી, પાણી, વનસ્પતિ, એ ૧૦૪ને પહેલેથી ચાર નરક, એવં ૧૦૮ પર્યાપ્તની,

ગતિ મોક્ષની.

૬ સાધુની આગતિ ૨૭૫ બોલની, તે ઉપર ૧૭૯ બોલ કહેલ છે તેમાંથી તેજસ વાયુના આઠ બાદ કરતાં બાકીના ૧૭૧ ને ૯૯ જાતિના દેવ, એ ૨૭૦ ને પ્રથમની પાંચ નરક, એ ૨૭૫ ની.

ગતિ ૭૦ બોલની, તે વૈમાનિકના ૩૫ ભેદના અપર્યાપ્તા અને પર્યાપ્તા અથવા મોક્ષની.

૭ શ્રાવકની આગતિ ૨૭૬ બોલની, તે સાધુની ૨૭૫ બોલની કહી છે તે, ને છઠ્ઠી નરકના પર્યાપ્ત, એવં ૨૭૬ની.

ગતિ ૪૨ બોલની, તે બાર દેવલોક, નવ લોકાંતિક, એ ૨૧ ના અપર્યાપ્ત ને પર્યાપ્ત એવં ૪૨ ની.

૮ સમ્યક્ત્વ દષ્ટિની આગતિ ૩૬૩ બોલની, તે નવાણું જાતિના દેવના પર્યાપ્ત, ને ૧૦૧ સંજ્ઞી મનુષ્યના પર્યાપ્ત એવં

૨૦૦ ને ૧૦૧ સંમૂર્છિમના અપર્યાપ્ત એવં ૩૦૧ ને ૧૫ કર્મભૂમિના અપર્યાપ્ત, ૩૧૬, સાત નરકના પર્યાપ્ત, એવં ૩૨૩ ને તિર્યંચના ૪૮ ભેદમાંથી તેજસ્, વાયુના આઠ બાદ કરતાં બાકીના ચાળીશ, એવં ૩૬૩ ની.

ગતિ ૨૮૨ ની તે, ૮૧ જાતિના દેવ, ૧૫ કર્મભૂમિ, ૩૦ અકર્મભૂમિ, ૫ સંજ્ઞી તિર્યંચ તથા ૬ નારકી એ ૧૩૭ ના અપર્યાપ્તા અને પર્યાપ્તા એવં ૨૭૪ તથા ૩ વિકલેંન્દ્રિય અને પાંચ અસંજ્ઞી તિર્યંચના અપર્યાપ્તા એવં ૨૮૨ (મતાંતરથી ૨૫૮ ભેદની મનાય છે. ૨૮૨ માંથી અકર્મભૂમિનાં ૬૦ બાદ કરી ૧૫ પરમાધામી તથા ૩ કિલ્વિષિના ૩૬ ઉમેરી ૨૫૮-પરંતુ ૨૮૨ ની ગણના યોગ્ય લાગે છે.)

૯ માંડલિક રાજાની આગતિ ૨૭૬ બોલની-તે શ્રાવકની આગતિ પ્રમાણે-ગતિ ૫૩૫ બોલની તે ૫૬૩ ભેદમાંથી ૯ ગ્રૈવેયક, ૫ અનુત્તર વિમાન એ ૧૪ ના અપર્યાપ્તા ને પર્યાપ્તા એમ ૨૮ બાદ કરતાં ૫૩૫ બોલની.

૧૦ મિથ્યાત્વ દૃષ્ટિની આગતિ ૩૭૧ બોલની તે નવાણું જાતિના દેવતા ને ૧૭૯ બોલ આગળ કહેલ છે તે, એવં ૨૭૮, સાત, નરકના પર્યાપ્ત એવં ૨૮૫, ને ૮૬ જાતિના જુગલીયાના પર્યાપ્ત એવં ૩૭૧ ની (તે ૧૯૨ અમર વર્જિને)

ગતિ ૫૫૩ ની તે, ૫૬૩ બોલમાંથી પાંચ અનુત્તર વિમાનના અપર્યાપ્ત અને પર્યાપ્ત એ દશ બાદ કરતાં ૫૫૩ ની.

૧૧ સ્ત્રી વેદની આગતિ ૩૭૧ બોલની, મિથ્યાદૃષ્ટિ પ્રમાણે.

ગતિ ૫૬૧ બોલની, તે સાતમી નરકના અપર્યાપ્ત ને પર્યાપ્ત એ બે બાદ કરતાં બાકીના ૫૬૧ની.

૧૨ પુરૂષ વેદની આગતિ ૩૭૧ બોલની તે મિથ્યાત્વ દૃષ્ટિની આગતિ પ્રમાણે.

ગતિ ૫૬૩ ની.

૧૩ નપુંસક વેદની આગતિ ૨૮૫ બોલની, તે નવાણુ જાતિના દેવના પર્યાપ્ત ને આગળ ૧૭૯ બોલ કહ્યા છે તે, ને સાત નરકના પર્યાપ્ત, એવં ૨૮૫.

ગતિ ૫૬૩ ની.

ઇતિ પાંચમો-છઠ્ઠો દ્વાર સંપૂર્ણ.

## સાતમો આયુષ્ય દ્વાર

આ ભવના આયુષ્યના કેટલામે ભાગે પરભવના આયુષ્યનો બંધ પડે તે.

દશ ઔદારિકના દંડક સોપકર્મી અને નોપકર્મી જાણવા.

નારકીનો એક દંડક ને દેવના ૧૩, એ ચૌદ દંડક નોપકર્મી જાણવા.

દશ ઔદારિકના દંડક છે, તેમાં જેઓને અસંખ્યાત વર્ષનાં આયુષ્ય છે, તેઓ નોપકર્મી છે, સંખ્યાત વર્ષના આયુષ્યવાળા છે, તેમાં સોપકર્મી છે ને નોપકર્મી છે.

નોપકર્મી તે નિશ્ચયે આયુષ્યને ત્રીજે ભાગે પરભવનું આયુષ્ય બાંધે.

સોપકર્મી તે, આયુષ્યને ત્રીજે ભાગે, તેને ત્રીજે ભાગે, છેવટે અંતર્મુહૂર્ત્ત રહે ત્યારે પણ પરભવનું આયુષ્ય બાંધે.

અસંખ્યાત વર્ષના મનુષ્ય, તિર્યંચ તથા નારકી, દેવ નોપકર્મી છે. તેઓ નિશ્ચયે આયુષ્યના છ માસ શેષ રહે ત્યારે પરભવનું આયુષ્ય બાંધે. પરભવ જતાં જીવ છ બોલ સાથે આયુષ્ય નિદ્ધત કરે છે.

૧ જાતિ, ૨ ગતિ, ૩ સ્થિતિ, ૪ અવગાહના, ૫ પ્રદેશ અને ૬ અનુભાગ.

ઈત સાતમો દ્વાર સંપૂર્ણ.

## આઠમો આકર્ષ દ્વાર.

આકર્ષ-તે તથાવિધ પ્રયત્ને કરી કર્મ પુદ્‌ગલનું ગ્રહવું-ખેંચવું. જેમ ગાય પાણી પીતાં ભયથી પાછું જુએ, વળી પીએ, તેમ જીવ જાતિ નિદ્ધત્તાદિ આયુષ્યને જઘન્ય એક, બે, ત્રણ, ઉત્કૃષ્ટ આઠ આકર્ષે કરી બાંધે.

## તે આકર્ષનો અલ્પ-બહુત્વ.

સર્વથી થોડા જીવ આઠ આકર્ષે કરી જાતિ નિદ્ધત્તાયુષ્યને બાંધનારા, તેથી સાતે કરી બાંધનાર સંખ્યાતગુણ, તેથી છથી બાંધનાર સંખ્યાતગુણ, તેથી પાંચથી બાંધનાર સંખ્યાતગુણ, તેથી ચારથી બાંધનાર સંખ્યાતગુણ, તેથી ત્રણથી બાંધનાર સંખ્યાતગુણ, તેથી બેથી બાંધનાર સંખ્યાતગુણ, તેથી એકથી બાંધનાર સંખ્યાતગુણ.

ઈતિ શ્રી ગતાગતિ

* * *

# (૯) છ આરાના ભાવ.

જંબુદ્વીપ. પન્નતિ. વૃક્ષકાર-૨

## દશ ક્રોડાક્રોડી સાગરોપમના છ આરા જાણવા.

### પહેલો આરો.

ચાર ક્રોડાક્રોડી સાગરોપમનો પહેલો આરો સુષમ સુષમ નામે એટલે અતિશય સુંદર જાણવો. એ આરાને વિષે ત્રણ ગાઉનું શરીર ને ત્રણ પલ્યોપમનું આયુષ્ય જાણવું, ઉતરતે આરે બે ગાઉનું શરીર ને બે પલ્યોપમનું આયુષ્ય જાણવું. એ આરાને

વિષે શરીરમાં ૨૫૬ પાંસળીઓ જાણવી, ને ઉતરતે આરે ૧૨૮ પાંસળીઓ જાણવી. એ આરાને વિષે, વજ્રઋષભનારાચ સંહનન, ને સમચતુરંસ્ત્રસંસ્થાન જાણવું. એ આરાને વિષે સ્ત્રી પુરુષનાં રૂપ ઘણાં શોભાયમાન દેખાય. એ આરાને વિષે અઠમભક્તે (ત્રણ દિવસે) આહારની ઈચ્છા થાય, ત્યારે શરીર પ્રમાણે આહાર કરે. જમીનની સરસાઈ (રસ) સાકર સરખી જાણવી. ઉતરતે આરે જમીનની સરસાઈ (રસ) ખાંડ સરખી જાણવી. એ આરાને વિષે દશ પ્રકારના કલ્પવૃક્ષ મનવાંછિત સુખ આપે, તે દશ પ્રકારના કલ્પવૃક્ષ તેની પાસે જે ફળ છે તે જ આપે છે એટલે દશે કલ્પવૃક્ષ મળીને દશ વસ્તુ આપે છે પણ જે મનમાં ચિંતવે તે આપવા સમર્થ નથી. મનવાંછિત સુખની-

**ગાથા.**

**મતંગાય ભિંગા, તુડીયંગા દીવા જોઈ ચિતગા;**
**ચિતરસા મણવેગા, ગિહગારા અનિયગણાઉ. ૧**

અર્થ - ૧ મતંગા કહેતા, મધુર રસનાં ફળનાં કલ્પવૃક્ષ ૨ ભિંગા કહેતાં, રત્નજડાવ ભાજનનાં કલ્પવૃક્ષ ૩ તુડીયંગા કહેતાં, ૪૯ જાતિનાં વાજિંત્રનાં કલ્પૃવક્ષ ૪ દીવ કહેતાં રત્નજડાવ દીવાનાં કલ્પવૃક્ષ ૫ જોઈ કહેતાં રત્નજડાવ સૂર્યની જ્યોતિનાં કલ્પવૃક્ષ ૬ ચિતગા કહેતાં; ચિત્રામણ સહિત ફૂલની માળાનાં કલ્પવૃક્ષ ૭ ચિતરસા કહેતાં, ચિત્તને ગમે તેવાં રસવંતાં ભોજનનાં કલ્પવૃક્ષ ૮ મણવેગા કહેતાં રત્નજડાવ આભરણનાં કલ્પવૃક્ષ ૯ ગિહગારા કહેતાં, ૪૨ ભોમીયા આવાસનાં કલ્પવૃક્ષ ૧૦ અનિયગણાઉ કહેતાં, નાકને વાયરે ઉડે એવાં ઝીણાં રત્નજડાવ વસ્ત્રનાં કલ્પવૃક્ષ. એ દશ પ્રકારનાં કલ્પવૃક્ષ જુગલીયાને સુખ આપે. એ આરાને વિષે જુગલીયાને આયુષ્યના ૭ માસ બાકી રહે તે વખતે જુગલીયા પરભવનું આયુષ્ય બાંધે, ત્યારે જુગલાણી

એક જોડું પ્રસવે, તે જોડાની પ્રતિપાલના (આસનાવાસના) ઓગણપચાસ દહાડાની કરે. જુગલ જુગલાણીને ક્ષણ માત્રનો વિયોગ ન પડે. તેમને છીંક કે બગાસું કે ઓડકાર આવે ત્યારે મરીને+ દેવગતિમાં* જાય. ગતિ એક દેવની. એ આરાને વિષે ઝેર નહિ, વેર નહિ, ઈર્ષ્યા નહિ, જરા (ઘડપણ) નહિ, રોગ નહિ, કુરૂપ નહિ, પરિપૂર્ણ અંગ ઉપાંગને વિષે સુખ ભોગવે; તે પૂર્વનાં દાન પુન્યનાં ફળ જાણવાં. ઈતિ પહેલા આરાના ભાવ સંપૂર્ણ.

## બીજો આરો.

પહેલો આરો ઉતરીને બીજો આરો બેસે, ત્યારે વર્ણ, ગંધ, રસ સ્પર્શના પર્યવ અનંત અનંત ઓછા થાય. એ આરો ત્રણ ક્રોડાક્રોડી સાગરોપમનો જાણવો; એ આરો સુષમ નામે જાણવો એટલે સુંદર જાણવો. એ આરાને વિષે બે ગાઉનું શરીર ને બે પલ્યોપમનું આયુષ્ય જાણવું. ઉતરતે આરે એક ગાઉનું શરીર ને એક પલ્યોપમનું આયુષ્ય જાણવું. એ આરાને વિષે વજ્રઋષભનારાચ સંહનન, સમચતુરંસ્ત્ર સંસ્થાન જાણવું. એ આરાને વિષે ૧૨૮ પાંસળીયો, ઉતરતે આરે ૬૪ પાંસળીયો જાણવી. એ આરાને વિષે છઠ્ઠભક્તે (બે દિવસે) આહારની ઈચ્છા ઉપજે, ત્યારે શરીર પ્રમાણે આહાર કરે, જમીનની સરસાઈ (રસ) ખાંડ સરખી જાણવી, ઉતરતે આરે ગોળ સરખી જાણવી. એ આરાને વિષે દશ પ્રકારનાં કલ્પવૃક્ષ દશ પ્રકારના મનવાંછિત સુખ આપે, તે ઉપર પહેલા આરામાં કહ્યાં તે પ્રમાણે જાણવાં એ આરાને વિષે જુગલીયાના આયુષ્યના છ માસ બાકી રહે, ત્યારે જુગલીયા પરભવનું આયુષ્ય બાંધે, તે વખતે જુગલાણી એક જોડું

* યુગલનું જેટલું આયુ મનુષ્ય ગતિમાં હોય છે તેટલું અથવા એથી થોડુંક ઓછું આયુ. દેવગતિમાં પામે છે.

+ જુગલિયાનાં ક્ષેત્રમાં ભૂમિની સ્નિગ્ધતા-સરસતાને કારણે શરીર ગળી જાય છે. મરણક્રિયા દેવ કરે તે આગમિક નથી.

પ્રસવે, તે જોડાની પ્રતિપાલના ચોસઠ દિવસ કરે. જુગલ જુગલાણીને ક્ષણ માત્રનો વિયોગ ન પડે. તેમને છીંક, બગાસું કે ઓડકાર આવે ત્યારે તે મરીને દેવગિતમાં જાય. ગતિ એક દેવની જાણવી. એ આંરાને વિષે ઝેર. નહિ, વેર નહિ, ઈર્ષ્યા નહિ, જરા (ઘડપણ) નહિ રોગ નહિ; કુરૂપ નહિ, પરિપૂર્ણ અંગ ઉપાંગને વિષે સુખ ભોગવે; તે પૂર્વના દાન, પુન્યનાં ફળ જાણવાં. ઈતિ બીજા આરાના ભાવ સંપૂર્ણ.

## ત્રીજો આરો

*બીજો આરો ઉતરીને ત્રીજો આરો બેસે ત્યારે વર્ણ, ગંધ, રસ,* સ્પર્શના પર્યવ અનંત અનંત હીણા થાય. એ આરો બે ક્રોડા ક્રોડી સાગરોપમનો. એ આરો સુષમ દુઃષમ નામે જાણવો, એટલે સુંદરતા ઘણી ને વિષમતા થોડી જાણવી. એ આરાને વિષે એક ગાઉનું શરીર ને એક પલ્યોપમનું આયુષ્ય, ઉતરતે આરે પાંચસે ધનુષ્યનું શરીર ને ક્રોડ પૂર્વનું આયુષ્ય એ આરાને વિષે વજ્રઋષભનારાચ સંઘયણ ને સમચતુરંસ્ત્ર સંસ્થાન જાણવું. ઉતરતે આરે ૬ સંઘયણ અને છ સંસ્થાન જાણવા એ આરાને વિષે ૬૪ પાંસળીઓ, ઉતરતે આરે ૩૨ પાંસળીઓ જાણવી. એ આરાને વિષે ચઉથભકતે (એક દિવસે) આહારની ઈચ્છા ઉપજે, ત્યારે શરીર પ્રમાણે આહાર કરે. જમીનની સરસાઈ (રસ) ગોળ સરખી જાણવી, ઉતરતે આરે સારી જાણવી. એ આરાને વિષે કલ્પવૃક્ષ દશ પ્રકારનાં સુખ આપે. એ આરાને વિષે જુગલીયાના આયુષ્યમાં છેલ્લા છ માસ બાકી રહે ત્યારે જુગલીયા પરભવનું આયુષ્ય બાંધે તે વારે જુગલાણી એક જોડું પ્રસવે, તે જોડાની પ્રતિપાલના ઓગણએંશી દિવસની કરે. જુગલ જુગલાણીને ક્ષણ માત્રનો વિયોગ ન પડે. તેમને છીંક, બગાસું કે ઓડકાર આવે ત્યારે તે મરીને દેવ ગતિમાં જાય. એ ત્રણ આરા જુગલીયાના. એકલો જુગલ ધર્મ જાણવો. એ ત્રીજા આરામાં જુગલીયા સુધી, ગતિ એક દેવની જાણવી. એ આરાને વિષે જુગલીયા ધર્મ સુધી ઝેર નહિ, વેર નહિ, ઈર્ષ્યા નહિ, જરા નહિ;

રોગ નહિ, કુરૂપ નહિ, પરિપૂર્ણ અંગ ઉપાંગને વિષે સુખ ભોગવે તે પૂર્વનાં દાન, પુન્યનાં ફળ જાણવાં. ઈતિ જુગલીયા ધર્મ સંપૂર્ણ.

ત્રીજા આરાના જતાં શેષ ચોરાસી લાખ પૂર્વ ત્રણ વર્ષ અને સાડાઆઠ મહિના રહ્યા ત્યારે સર્વાર્થ સિદ્ધ મહાવિમાનમાં ૩૩ સાગરોપમનું આયુષ્ય ભોગવીને ત્યાંથી ચવીને, વનિતા નગરીને વિષે, નાભિરાજાને ઘેર, મરૂદેવી રાણીની કુક્ષીમાં શ્રી ઋષભદેવ સ્વામી ઉપજ્યાં. પછી સવા નવ માસે જન્મ થયો. પ્રથમ ઋષભનુ સ્વપ્ન દીઠું. માટે ઋષભદેવ નામ પાડ્યું. તે ઋષભદેવ સ્વામીએ યુગલ ધર્મ નિવારી (કાઢી નાંખી) ને ૧ અસિ, ૨ મસિ, ૩ કૃષિ, ઈત્યાદિક બહોતેર કળા પુરુષને શીખવી. સ્ત્રીને ચોસઠ કળા શીખવી. અનુકંપા વાસ્તે વીશ લાખ પૂર્વ તો કુંવરપણામાં રહ્યા. ત્રેસઠ લાખ પૂર્વનું રાજ્ય પાળ્યું, પછી પોતાના પુત્ર ભરતને રાજ્ય સોંપી. પોતે ચાર હજાર પુરૂષ સહિત સંયમ લીધો. સંયમ લીધા પછી એક હજાર વર્ષે કેવળજ્ઞાન ઉપજ્યું, એમ છદ્મસ્થપણું તથા કેવળપણું મળીને પૂરૂં એક લાખ પૂર્વનો સંયમ પાળીને, અષ્ટાપદ પર્વત ઉપર, પદ્મ આસને બેસીને દશ હજાર સાધુ સહિત, ભગવંત મોક્ષ પધાર્યા, તે સ્વામીજીના પાંચ કલ્યાણીક, ઉત્તરાષાઢા નક્ષત્રમાં થયા, તે ૧ પહેલે કલ્યાણીકે ઉત્તરાષાઢા નક્ષત્રમાં સર્વાર્થ સિદ્ધ વિમાનથી ચવીને મરૂદેવી રાણીની કુક્ષીમાં ઉપજ્યા; ૨ બીજે કલ્યાણીકે ઉત્તરાષાઢા નક્ષત્રમાં જન્મ થયો; ૩ ત્રીજે કલ્યાણીકે ઉત્તરાષાઢા નક્ષત્રમાં રાજ્યાસને બિરાજ્યા; ૪ ચોથે કલ્યાણીકે ઉત્તરાષાઢા નક્ષત્રમાં દીક્ષા લીધી; ૫ પાંચમે કલ્યાણીકે ઉત્તરાષાઢા નક્ષત્રમાં કેવળજ્ઞાન પામ્યા અને અભિજિત નક્ષત્રમાં પ્રભુજી મોક્ષ પધાર્યા. એ જુગલીયા ધર્મ નિવાર્યા પછી ગતિ પાંચ જાણવી. ઈતિ ત્રીજા આરાના ભાવ સંપૂર્ણ.

## ચોથો આરો.

ત્રીજો આરો ઉતરીને ચોથો આરો બેઠો, ત્યારે વર્ણ, ગંધ, રસ, સ્પર્શના પર્યવ અનંત અનંત ઓછા થયા. એ આરો એક ક્રોડાક્રોડી સાગરોપમમાં બેંતાળીશ હજાર વર્ષ ઓછો જાણવો. એ આરો દુઃષમ સુષમ નામે જાણવો, એટલે વિષમતા ઘણી, ને સુંદરતા થોડી જાણવી. એ આરાને વિષે પાંચસેં ધનુષ્યનું શરીર ને ક્રોડ પૂર્વનું આયુષ્ય જાણવું. ઉતરતે આરે સાત હાથનું શરીર ને બસો વર્ષમાં ઊણું આયુષ્ય જાણવું. એ આરાને વિષે સંહનન છ, સંસ્થાન છ. એ આરાને વિષે ૩૨ પાંસળીઓ, ઉતરતે આરે ૧૬ પાંસળીયો જાણવી. એ આરાને વિષે દિન દિન પ્રત્યે આહારની ઈચ્છા થાય, તે વારે પુરૂષ ૩૨ કવલનો, ને સ્ત્રી ૨૮ કવલનો આહાર કરે. ધરતીની સરસાઈ (રસ) સારી જાણવી, ઉતરતે આરે તેથી ઓછી જાણવી. એ આરાને વિષે શેષ ૭૫ વરસ અને સાડાઆઠ મહિના બાકી રહ્યા ત્યારે દશમાં પ્રાણત દેવલોકે વીશ સાગરોપમનું આયુષ્ય ભોગવી, ચવીને માહણકુંડ (બ્રાહ્મણકુંડ) નગરીને વિષે ઋષભદત્ત બ્રાહ્મણના ઘેર, દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષીમાં શ્રી મહાવીર સ્વામી ઉપન્યા, ત્યાં સ્વામી ૮૨ રાત્રી રહ્યાં. ૮૩ મી રાત્રીએ શક્રેંદ્રનું આસન ચળ્યું, ત્યારે શક્રેંદ્રે ઉપયોગ મુકીને જોયું તો શ્રી મહાવીર સ્વામી ભિક્ષુકને કુળે ઉપન્યા એમ જાણ્યું, એ અનંતે કાળે આશ્ચર્ય થયું. તે વારે શક્રેંદ્રે હરિણગમેષી દેવને બોલાવીને કહ્યું કે તમે જાઓ, જઈને શ્રી મહાવીર સ્વામીનો ગર્ભ ક્ષત્રિયકુંડ નગરને વિષે, સિદ્ધાર્થ રાજાને ઘેર, ત્રિશલાદેવી રાણીની કુક્ષીએ મુકો; અને ત્રિશલાદેવી રાણીની કુક્ષીએ પુત્રીપણે ગર્ભ છે, તે દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષીમાં મુકો, એમ કહ્યું. ત્યારે તે હરિણગમેષી દેવે ત્યાં તથૈતિ (કહો છો તેમ કરીશ) એમ કહીને તેજ વખતે તે માહણકુંડ આવ્યો, ને ત્યાં ભગવંતને નમસ્કાર કરીને કહ્યું જે, હે સ્વામી, તમે સારૂં જાણશો.

હું તમારો ગર્ભ સાહરૂં છું. તે વખતે દેવાનંદા બ્રાહ્મણીને અવસ્વાપિની નિદ્રા મુકીને ગર્ભ સાહર્યો, તે લઈ ક્ષત્રિયકુંડ નગરને વિષે, સિદ્ધાર્થ રાજાને ઘેર, ત્રિશલાદેવી રાણીની કુક્ષીમાં મૂકયો, અને ત્રિશલાદેવી રાણીની કુક્ષીમાં જે પુત્રીનો ગર્ભ હતો, તે દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષીમાં મુકયો. પછી સર્વ થઈ સવાનવ માસે ભગવંતનો જન્મ થયો. પછી દિવસે દિવસે વધવા લાગ્યા. અનુક્રમે યૌવનાવસ્થા પામ્યા, ત્યારે યશોદા નામે સ્ત્રી પરણ્યા. સાંસારિક સુખ ભોગવતાં એક પુત્રી થઈ, તેનું નામ પ્રિયદર્શના પાડયું. ત્રીશ વર્ષ સંસારમાં રહ્યા. માતાપિતા મરણ પામ્યા પછી, એકાએકપણે સંયમ લીધો. સંયમ લઈને સાડાબાર વર્ષ ને એક પખવાડીયા લગી સખત તપ, જપ, ધ્યાન ધરીને ભગવંતને ઉનાળાનો બીજો માસ, ચોથો પક્ષ, તે વૈશાખ શુદી દશમ, તે સુવર્ત્ત નામા દિવસે, વિજય નામા મુહૂર્ત્તે, ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રે, ચંદ્ર શુભ આવ્યે, પૂર્વ દિશે જતાં છાયાએ વીયંતા નામા પાછલી પોરસીએ, જૂંભિયા નગરની બહાર, ઋજુવાલિકા નદીને ઉત્તર દિશાને તટે સામાધિક ગાથાપતિ કૃષ્ણીના ક્ષેત્રને વિષ વૈયાવૃત્યી યક્ષના સ્થાનકના ઈશાન ખુણે, ત્યાં શાલવૃક્ષની નજીક, ઉકડુ અને ગોધુમ આસને તડકાની આતાપના લેતાં થકાં, એવે શુભ પ્રકારે પાણી પીવા રહિત, ચઉવિહારો છઠ્ઠભક્ત કરે, શ્રી મહાવીર ઉંચા ઢીંચણ, નીચું મસ્તક, એવી રીતે ધર્મધ્યાનમાંહી પ્રવર્તતાં ધ્યાનરૂપ કોઠાને વિષે પહોંચ્યા છતે, શુકલ ધ્યાનના ચાર ભેદ છે તેણે અંતરાલે (વચ્ચે) વર્તતાં થકાં આઠ કર્મ મધ્યે, ૧ જ્ઞાનાવરણીય, ૨ દર્શનાવરણીય, ૩ મોહનીય, ૪ અંતરાય, એ ચાર ઘનઘાતી કર્મ અરિ કહેતાં શત્રુ સમાન, વૈરી સમાન, ઝોટિંગ સમાન તેને હણી, ક્ષય કરી, દૂર કરીને મહા પ્રકાશ કરે, એવું કેવલજ્ઞા઼ન કેવલદર્શન પ્રાપ્ત કર્યું ઓગણત્રીસ વર્ષ ને સાડાપાંચ મહિના સુધી. કેવળજ્ઞાનપણે વિચર્યા. એવં સર્વ થઈને બહોંતેર

વર્ષનું આયુષ્ય ભોગવીને, ચોથા આરાના શેષ જતાં ત્રણ વર્ષ ને સાડાઆઠ મહિના બાકી રહ્યા, ત્યારે આસોવદ અમાસને દીને. (આગમીક ભાષામાં કાર્તિકવદી અમાસ) પાવાપુરી નગરીને વિષે, એકાએકપણે સ્વામી નિર્વાણ (મોક્ષ) પધાર્યા. તે ભગવંતના પાંચ કલ્યાણીક ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં થયા; તે ૧ પહેલે કલ્યાણીકે, ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં દશમા પ્રાણત દેવલોકથી ચવીને દેવાનંદાની કુક્ષીએ ઉપન્યા; ૨ બીજે કલ્યાણીકે, ગર્ભનું સાહરણ થયું; ૩ ત્રીજે કલ્યાણીકે, જન્મ થયો; ૪ ચોથે કલ્યાણીકે, દીક્ષા લીધી; ૫ પાંચમે કલ્યાણીકે, કેવળજ્ઞાન પામ્યા. સ્વાતિ નક્ષત્રમાં ભગવંત મોક્ષ નિર્વાણ પધાર્યા, એ આરાને વિષે ગતિ પાંચ જાણવી. શ્રી મહાવીર દેવ નિર્વાણ પધાર્યા, તેજ વખતે શ્રી ગૌતમ સ્વામીને કેવળજ્ઞાન ઉપન્યું, તે ગૌતમ સ્વામી ૧૨ વર્ષ કેવળ પ્રવર્જ્યા પાળી મોક્ષ પધાર્યા, તેજ વખતે શ્રી સુધર્મા સ્વામીને કેવળજ્ઞાન ઉપન્યું, તે સુધર્મા સ્વામી આઠ વર્ષ કેવળ પ્રવર્જ્યા પાળી મોક્ષ પધાર્યા, તેજ વખતે શ્રી જંબૂસ્વામીને કેવળજ્ઞાન ઉપન્યું, તે જંબૂસ્વામી ૪૪ વર્ષ લગી કેવળ પ્રવર્જ્યા પાળીને મોક્ષ પધાર્યા, એવં સર્વ થઈને શ્રી મહાવીર દેવને મોક્ષ પધાર્યા પછી ૬૪ વર્ષ લગી કેવળજ્ઞાન રહ્યું, પછી વિચ્છેદ ગયું, (નષ્ટ થયું.) એ આરાને વિષે જન્મેલ હોય, તે પાંચમા આરામાં મોક્ષ જાય, પરંતુ પાંચમા આરાનો જન્મેલ હોય, તે પાંચમા આરામાં મોક્ષ જાય નહિ. જંબૂસ્વામીજી મોક્ષ પધાર્યા પછી દશ બોલ વિચ્છેદ ગયા તે આ પ્રમાણે :- ૧ પરમ અવધિજ્ઞાન, ૨ મનઃ પર્યવજ્ઞાન; ૩ કેવળજ્ઞાન, ૪ પરિહાર વિશુદ્ધ ચારિત્ર ૫ સૂક્ષ્મ સંપરાય ચારિત્ર, ૬ યથાખ્યાત ચારિત્ર, ૭ પુલાકલબ્ધિ, ૮ ક્ષપક - ઉપશમ શ્રેણી, ૯ આહારક શરીર, ૧૦ જીનકલ્પી સાધુ, એ દશ બોલ વિચ્છેદ ગયા (નષ્ટ થયા.) ઈતિ ચોથા આરાના ભાવ સંપૂર્ણ.

## પાંચમો આરો

ચોથો આરો ઉતરીને પાંચમો આરો બેઠો, ત્યારે વર્ણ, ગંધ, રસ, સ્પર્શના પર્યવ અનંત અનંત ઓછા થયા. એ આરો એકવીશ હજાર વર્ષનો જાણવો. એ આરો દુઃષમ નામે જાણવો, એટલે એકલી તદ્દન વિષમતા જાણવી. એ આરાને વિષે સાત હાથનું શરીર અને બસો વર્ષમાં ઊણું આયુષ્ય જાણવું. ઉતરતે આરે એક હાથનું શરીર ને વીશ વર્ષનું આયુષ્ય જાણવું. એ આરાને વિષે સંહનન છ; સંસ્થાન છ; ઉતરતે આરે સેવાર્ત્ત સંહનન, હુંડ સંસ્થાન, એ આરાને વિષે ૧૬ પાંસળીયો, ઉતરતે આરે આઠ પાંસળીયો જાણવી. એ આરાને વિષે દિન દિન પ્રત્યે આહારની ઇચ્છા ઉપજે, તે વારે પોતપોતાના શરીર પ્રમાણે આહાર કરે. જમીનની સરસાઈ (રસ) થોડી એટલે કાંઈક સારી જાણવી, ઉતરતે આરે કુંભારના નીંભાડાની છાર સરખી જાણવી. એ આરાને વિષે ગતિ ચાર જાણવી. (પાંચમી મોક્ષ ગતિએ ન જાય.) પાંચમા આરાના લક્ષણના ૩૨ બોલ નીચે પ્રમાણે :-

૧. નગર, તે ગામડાં સરખાં થશે.

૨. ગામડાં તે, મસાણ સરખાં થશે.

૩. ભલા (ઉંચા) કુળના છોરૂ, તે દાસ, દાસી સરખા (નીચા કુળના) થશે.

૪. પ્રધાનો લાલચી થશે.

૫. રાજાઓ યમદંડ સરખા થશે.

૬. સારા કુળની સ્ત્રી તે લજ્જા રહિત થશે.

૭. સારા કુળની સ્ત્રી તે વેશ્યા સરખી થશે.

૮. પુત્ર પોતાના છંદે (મરજી મુજબ, સ્વતંત્ર) ચાલશે.

૯. શિષ્ય ગુરૂના અપવાદ બોલશે.

૧૦. દુર્જન લોક સુખી થશે.

૧૧ સજ્જન લોક દુઃખી થશે.

૧૨. દુર્ભિક્ષ દુકાળ ઘણા પડશે.

૧૩. ઉંદર, સર્પાદિની દાઢ ઘણી થશે.

૧૪. બ્રાહ્મણો અર્થના લોભી થશે.

૧૫. હિંસાએ ધર્મ પ્રવર્તાવનાર ઘણા થશે.

૧૬. એક ધર્મના ઘણા ભેદ થશે.

૧૭. મિથ્યાત્વી દેવ ઘણા થશે.

૧૮. મિથ્યાત્વી લોક ઘણા થશે.

૧૯. માણસને દેવદર્શન દુર્લભ થશે.

૨૦. વિદ્યાધરના વિદ્યાપ્રભાવ થોડા રહેશે.

૨૧ ગોરસ (દૂધ, દહીં, ઘી,) માં સરસાઈ થોડી રહેશે.

૨૨ બળદ પ્રમુખનાં બળ, આયુષ્ય થોડાં રહેશે.

૨૩ સાધુ, સાધ્વીને માસ કલ્પ તથા ચોમાસું કર્યા જેવાં ક્ષેત્ર થોડાં રહેશે.

૨૪ શ્રાવક ની અગિયાર પ્રતિમા તથા સાધુની બાર પ્રતિમા વિચ્છેદ જશે. (આ ૧૧ પ્રતિમાનો વિચ્છેદ કોઈ માનતા નથી)

૨૫ ગુરૂ શિષ્યને ભણાવશે નહિ.

૨૬ શિષ્ય અવિનીત, કલેશી ઘણા થશે.

૨૭ અધર્મી, કલેશી, ઝગડાખોર, કુમાણસ ઘણા થશે, ને

સુમાણસ થોડા થશે.

૨૮ આચાર્ય પોતપોતાના ગચ્છની પરંપરા, સમાચારી જુદી જુદી પ્રવર્તાવશે તથા મૂઢ, મૂર્ખ માણસને મોહ, મિથ્યાત્વના પાશમાં નાંખશે, ઉત્સૂત્ર ભાખશે, નિંદનિક, કુબુદ્ધિક ઘણા થશે, પોતપોતાની પરંપરામાં રાચશે,

૨૯ સરલ, ભદ્રિક, ન્યાયી, પ્રમાણિક પુરૂષ થોડા રહેશે.

૩૦ મ્લેચ્છનાં રાજ્ય ઘણાં થશે.

૩૧ હિંદુનાં રાજ્ય અલ્પ ઋદ્ધિવાળાં ને થોડાં રહેશે.

૩૨ મોટા કુળના રાજા તે નીચ કામ કરશે. અન્યાય, અધર્મ તથા કુવ્યસનમાં ઘણાં રાચશે. એ ૩૨ બોલ સંપૂર્ણ

એ આરાને વિષે ધન સર્વ વિચ્છેદ જશે. લોઢાની ધાતુ રહેશે. ચામડાની મહોરો ચાલશે, તે ધનવંત કહેવાશે. એ આરાને વિષે એક ઉપવાસ, તે માસખમણ સરખો થશે.

આરાને વિષે જ્ઞાન સર્વ વિચ્છેદ જશે, ફક્ત દશવૈકાલિક સૂત્રના પહેલા ૪ અધ્યયન રહેશે (કોઈ માને છે કે, ૧ દશવૈકાલિક ૨ ઉત્તરાધ્યયન, ૩ આચારાંગ ૪ આવશ્યક, એ ચાર સૂત્ર રહેશે. તે ઉપર ચાર જીવ એકાવતારી થશે. તે ચાર જીવનાં નામ. ૧ દુપસહ નામે આચાર્ય, ૨ ફાલ્ગુની નામે સાધ્વી, ૩ જીનદાસ નામે શ્રાવક, ૪ નાગશ્રી નામે શ્રાવિકા. એ સર્વ થઈને ૨૦૦૪ પાંચમા આરાના છેડા સુધી શ્રી મહાવીરના યુગંધર જાણવા)

અષાઢ સુદી ૧૫ ને દિને શક્રેંદ્રનું આસન ચળશે, ત્યારે શક્રેંદ્ર ઉપયોગ મુકીને જોશે કે આજે પાંચમો આરો ઉતરીને કાલે છઠ્ઠો આરો બેસશે, માટે જાણીને શક્રેંદ્ર આવશે. આવીને તે ચાર જીવને કહેશે, કે કાલે છઠ્ઠો આરો બેસશે, માટે આલોચી, પડિક્કમી, નિંદી, નિઃશલ્ય થાઓ, એમ શક્રેંદ્ર કહેશે. પછી તે

ચાર જીવ તે પ્રમાણે કરી, સર્વને ખમાવી, નિઃશલ્ય થઈ સંથારો કરશે, તે વખતે સંવર્તક, મહાસંવર્તક નામે વાયરો થશે, તેણે કરી પહાડ, પર્વત, ગઢ, બેટ, કુવા, વાવ, સર્વ સ્થાનક વિસરાલ (નાશ) થશે. માત્ર ૧ વૈતાઢય પર્વત, ૨ ગંગા નદી, ૩ સિંધુ નદી, ૪ રૂષભકુટ, ૫ લવણની ખાડી, એ પાંચ સ્થાનક રહેશે. બીજા સર્વ સ્થાનક તૂટી પડશે. તે ચાર જીવ સમાધિ પરિણામે કાળ કરીને પહેલા દેવલોકે જશે, ત્યારે ચાર બોલ વિચ્છેદ જશે. ૧ પહેલે પ્રહરે જૈન ધર્મ વિચ્છેદ જશે, ૨ બીજે પ્રહરે મિથ્યાત્વીનો ધર્મ વિચ્છેદ જશે, ૩ ત્રીજે પ્રહરે રાજાની રીતભાત વિચ્છેદ જશે, ૪ ચોથે પ્રહરે બાદર અગ્નિ વિચ્છેદ જશે.

નોટઃ કૌંસમાં લખેલી વાત સિદ્ધાંતમાં નથી, ગ્રંથની છે અને ચર્ચાસ્પદ છે.

એ પાંચમા આરાના છેડા સુધી ચાર ગતિમાં જીવ જાય, એક પાંચમી મોક્ષ ગતિમાં ન જાય. ઇતિ પાંચમાં આરાના ભાવ સંપૂર્ણ.

## છઠ્ઠો આરો

જ્યારે પાંચમો આરો ઉતરીને છઠ્ઠો આરો બેસશે તે વખતે વર્ણ, ગંધ, રસ, સ્પર્શના પર્યવ અનંત અનંત ઓછા થશે. એ આરો એકવીશ હજાર વર્ષનો જાણવો. એ આરો દુઃષમ દુઃષમ નામે જાણવો; એટલે એ આરો ઘણો ભયંકર – ઘણો ત્રાસદાયક જાણવો. એ આરાને વિષે એક હાથનું શરીર, ને ૨૦ વર્ષનું આયુષ્ય, ઉતરતે આરે મૂઢા હાથનું શરીર, ને ૧૬ વર્ષનું આયુષ્ય, જાણવું. એ આરે સંહનન એક સેવાર્ત્ત, સંસ્થાન એક હૂંડ,, ઉતરતે આરે પણ એમજ જાણવું. એ આરાને વિષે આઠ પાંસળીઓ, ઉતરતે આરે ચાર પાંસળીયો, એ આરાને વીષે છે

વર્ષની સ્ત્રી ગર્ભ ધરશે, તે કાળા, કુદર્શની, રીસાળ, નખ કે કેશ ઘણા એવાં છોકરાં જણશે. તે કૂતરીની પેઠે પરિવાર સાથે ફેરવશે. એ આરાને વિષે ગંગા નદી, સિંધુ નદીમાં વૈતાઢય પર્વતના મૂળે ૭૨ બીલ્લ હોશે, તે બીલ્લમાં મનુષ્ય તથા તિર્યંચ બીજમાત્ર રહેશે, ગંગા સિંધુનો સાડીબાંસઠ જોજનનો પટ છે તેમાં રથના ચીલા પ્રમાણે પહોળું તથા ગાડાની ધરી બૂડે એટલું ઉંડું પાણી રહેશે; તેમાં મચ્છ, કચ્છ ઘણા થશે. તે બહોંતેર બીલ્લના મનુષ્ય, સંધ્યા ને પ્રભાત સમયે મચ્છ કચ્છ કાઢીને વેળુમાં ભારશે, તે સૂર્યના તાપથી તેમજ ટાઢથી સીઝવાઈ રહેશે, તેનો મનુષ્ય આહાર કરશે, તેનાં હાડકાં, તથા ચામડાં તિર્યંચ ચાટીને રહેશે. મનુષ્યના માથાની ખોપરીમાં પાણી લાવીને પીશે. એ રીતે એકવીશ હજાર વર્ષ પૂરાં કરશે. જે માણસ દાન પુન્યરહિત, તેમજ નમોક્કાર (નમસ્કાર) રહિત, પ્રત્યાખ્યાન રહિત, સમકિત વિનાનો હશે, તે એવા આરાને વિષે આવીને ઉપજશે. એવું જાણી જે કોઈ મનુષ્ય જૈન ધર્મ પાળશે; અથવા જૈનધર્મની આસ્થા રાખશે તે જીવ આ ભવાબ્ધિમાંથી તરીને પરમ સુખ પામશે.

(આ અવસર્પિણી કાળનાં છ આરા થયાં તેજ પ્રમાણે ઉત્ સર્પિણી કાળનાં છ આરા હોય છે. બન્ને મળી ૨૦ ક્રોડાક્રોડી સાગરનું કાળચક્ર થાય છે. અવ. કાળમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, સંઘયણ, સંઠાણ ક્રમશઃ હીન થાય છે. ઉત્. કાળમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ આદિની ક્રમશઃ વૃદ્ધિ થાય છે. ઉત્. કાળનો પ્રથમ આરો અવસર્પિણીનાં છઠ્ઠા આરા જેવો હોય છે. તેજ પ્રમાણે-, બીજો, ત્રીજો, ચોથો, પાંચમો, છઠ્ઠો અવસર્પિણીનાં પાંચમા, ચોથા, ત્રીજા, બીજા, પ્રથમ આરા જેવો હોય છે. વિશેષતા એટલી કે ઉત્.નો પ્રથમ આરો પૂર્ણ થયા પછી બીજા આરાનાં પ્રારંભમાં ૭ દિવસ સુધી પુષ્કર વરસાદ પડે છે. પછી

૭ દિવસ વર્ષા બંધ રહે છે. એમ અનુક્રમે ૭-૭ દિવસ દૂધ, ઘી, અમૃત, રસનો વરસાદ વરસે છે. જેનાથી પ્રથમ આરાનાં અશુભ ભાવ, રૂક્ષતા, ઉષ્ણતા આદિ નષ્ટ થઈ શુભવર્ણ આદિની ઉત્પત્તિ થાય છે. પૃથ્વીમાં ફળદ્રુપતા ઉત્પન્ન થાય છે. ફળફૂલ, વૃક્ષોથી પૃથ્વી છવાઈ જાય છે. ત્યારે બિલમાં રહેલાં માનવો બહાર નીકળી વનસ્પતિ જોઈ માંસાહાર નજ કરવાનો નિશ્ચય કરે છે. ઉત્.નાં ૪થા આરામાં ૩ વર્ષને ૮॥ મહિના વીત્યા પછી ૨૪મા તિર્થંકરનો જન્મ થશે. ૮૪ લાખ પૂર્વનું આયુ હશે. તે શિલ્પકલા આદિ શિક્ષા નહીં આપે. કારણકે ચાલી આવતી હશે. તેમનાં મોક્ષ ગયા પછી રાજ્યધર્મ અને ચારિત્ર ધર્મ વિચ્છેદ જશે. પછી અકર્મભૂમિ જેવો વ્યવહાર રહેશે)

ઈતિ છઠ્ઠા આરાના ભાવ સંપૂર્ણ.

## ૧૦ દ્વારના જીવસ્થાનક.

ગાથા. (સમવાયાંગ-૧૪)

૧ ૨ ૩ ૪ ૫

જીવઠાણ નામ લખ્ખણ ઠિઈ, કિરિયા કમ્મસત્તાઅ

૬ ૭ ૮ ૯ ૧૦

બંધ, ઉદરીણ, ઉદય, નિજ્જરા, છ ભાવ, દસ દારાએ. ૧

અર્થ : દશ દ્વારનાં નામ. ૧ પહેલો ચઉદ જીવસ્થાનકના નામનો દ્વાર ૨ બીજો લક્ષણદ્વાર. ૩ ત્રીજો સ્થિતિદ્વાર. ૪ ચોથો ક્રિયાદ્વાર. ૫ પાંચમો કર્મસત્તા દ્વાર. ૬ છઠ્ઠો કર્મ બંધ દ્વાર. ૭ સાતમો કર્મ ઉદીર્ણ દ્વાર. ૮ આઠમો કર્મ ઉદય દ્વાર. ૯ નવમો કર્મનિર્જરા દ્વાર. ૧૦ દશમો છ ભાવ દ્વાર.

## દશ દ્વારનો વિસ્તાર

### પહેલો નામદ્વાર, તે ચૌદ જીવસ્થાનકમાં નામ.

૧ મિથ્યાત્વ જીવસ્થાનક, ૨. સાસ્વાદાન જીવસ્થાનક. ૩ સમમિથ્યાત્વ દૃષ્ટિ જીવસ્થાનક. ૪ અવ્રતી સમદૃષ્ટિ જીવસ્થાનક ૫ દેશવ્રતી જીવસ્થાનક. ૬ પ્રમત સંયતિ જીવસ્થાનક. ૭ અપ્રમત્ત સંયતિ જીવસ્થાનક. ૮ નિવર્તિ બાદર જીવસ્થાનક. ૯અનિવર્તિ બાદર જીવસ્થાનક. ૧૦ સૂક્ષ્મ સંપરાય જીવસ્થાનક ૧૧ ઉપશમ મોહનીય જીવસ્થાનક. ૧૨ ક્ષીણ મોહનીય જીવ સ્થાનક. ૧૩ સયોગી કેવલી જીવસ્થાનક. ૧૪ અજોગી કેવલી જીવસ્થાનક. ઈતિ નામ દ્વાર સંપૂર્ણ

### બીજો લક્ષણ દ્વાર.

૧ મિથ્યાત્વ દૃષ્ટિ જીવસ્થાનક્નું લક્ષણ, જે મિથ્યાત્વના બે પ્રકાર. ૧ ઉણાઈરિત, ૨ તવાઈરિત.

૧ ઉણાઈરિત, તે ઓછું અધિકું સર્દહે તથા પ્રરૂપે

૨ તવાઈરિત તે વિપરીત સર્દહે તથા પ્રરૂપે.

### મિથ્યાત્વના ચાર ભેદ.

૧. એક મૂળથી જ વીતરાગનાં વચન સર્દહે નહિ, ત્રણસે ત્રેસઠ પાખંડીવત્, શાખ સૂયગડાંગની. (સૂત્રકૃતાંગની.)

૨ એક કાંઈક સર્દહે કાંઈક ન સર્દહે જમાલી પ્રમુખ સાત નીન્હવવત્, શાખ સૂત્ર ઉવવાઈ તથા ઠાણાંગના સાતમે ઠાણે.

૩ એક આઘું પાછું ઓછું અધિકું સર્દહે; ઉદકપેઢાલ પુત્રવત્, શાખ સૂત્ર સૂયગડાંગ બીજા શ્રુતસ્કંધના સાતમા અધ્યયને.

૪ એક જ્ઞાનાંતરાદિક તેર બોલને વિષે શંકા, કંખા વેદે

તે. ૧ જ્ઞાનાંતર, ૨ દર્શનાંતર, ૩ ચારિત્રાંતર, ૪ લિંગાંતર ૫ પ્રવચનાંતર, ૬ પ્રાવચનાંતર, ૭ કલ્પાંતર, ૮ માર્ગાંતર, ૯ મતાંતર, ૧૦ ભંગાંતર, ૧૧ નયાંતર, ૧૨ નિયમાંતર, ૧૩ પ્રમાણાંતર, તેની શાખ સૂત્ર ભગવતી શતક પહેલે, ઉદ્દેશો ત્રીજે.

૨ સાસ્વાદન સમદૃષ્ટિ જીવસ્થાનકનું લક્ષણ, જે સમકિત વમતો વમતો છેડે, પરાસ માત્ર રહે. બે ઈંદ્રિયાદિક ને અપર્યાપ્ત વખતે હોય, પર્યાપ્ત થયા પછી મટી જાય; સંજ્ઞી પંચેંદ્રિય ને પર્યાપ્ત થયા પછી પણ હોય, તેને સાસ્વાદન સમદૃષ્ટિ જીવસ્થાનક કહીએ. શાખ સૂત્ર જીવાભિગમ, દંડકને અધિકારે.

૩ ત્રીજું સમમિથ્યાત્વ દૃષ્ટિ જીવસ્થાનકનું લક્ષણ, જે મિથ્યાત્વમાંથી નીકળ્યો પણ સમકિત પામ્યો નથી એવે અંતરાલે અધ્યવસાયને રસે કરીને પ્રવર્તતો થકો આયુષ્ય કર્મ બાંધે નહિ, કાળ પણ કરે નહિ, શાથી જે થોડા કાળ માટે, અનિશ્ચયપણા માટે ત્રીજેથી પડીને પહેલે આવે અથવા ત્યાંથી ચોથા આદિ જીવસ્થાનકે જાય, ત્યારે આયુષ્ય બાંધે, કાળ પણ કરે. શાખ, સૂત્ર ભગવતી, શતક ત્રીશમે અને છવીશમે

૪ ચોથું અવ્રતી સમદૃષ્ટિ જીવસ્થાનકનું લક્ષણ, જે શંકા કાંક્ષારહિતપણે વીતરાગનાં વચન શુદ્ધ ભાવે સર્દહે, તથા પ્રતીત આણી રોચવે, ચોરી પ્રમુખ વિરૂદ્ધ આચરણ આચરે નહિ. શા માટે જે લોક મધ્યે હિલનીક, નિંદનીક કહેવાય માટે, સમ્યક્ત્વીને વ્યવહાર ન પહોંચે; તેની શાખ સૂત્ર ઉત્તરાધ્યયનના ૨૮ મા મોક્ષ માર્ગના અધ્યયને.

૫ દેશવ્રતી જીવસ્થાનકનું લક્ષણ, જે યથાતથ્ય સમકિત સહિત, વિજ્ઞાન વિવેક સહિત, દેશથકી વ્રત આદરે, તે જઘન્ય, એક નોકારસી પ્રત્યાખ્યાન તથા એક જીવને હણવાનાં

પ્રત્યાખ્યાન, ઉત્કૃષ્ટ ૧૧ શ્રાવકની પ્રતિમા આદરે તેને દેશવ્રતી જીવસ્થાનક કહિએ.

૬ પ્રમત્તસંયતિ જીવસ્થાનકનું લક્ષણ, જે સમકિતસહિત સર્વ વ્રત આદરે, પ્રમતનો અર્થ જે (અપ્રમત્ત જીવસ્થાનકે સંજ્વલનના ચાર કષાય છે તે થકી) પ્ર કહેતાં વિશેષે, મત્ત કહેતા માતો છે. સંજ્વલનનો ક્રોધ, માન, માયા, લોભ તેને પ્રમત સંયતિ જીવસ્થાનક કહિયે, પણ પ્રમાદી ન કહિયે.

૭ સાતમા અપ્રમત સંયતિ જીવસ્થાનકનું લક્ષણ, જે અ કહેતાં નથી. પ્ર કહેતા વિશેષે, મત્ત કહેતાં માતો, સંજ્વલનનો ક્રોધ, માન, માયા, લોભ એટલે છટ્ઠાથી કાંઈક પાતળો છે, તેને અપ્રમત્ત સંયતિ જીવસ્થાનક કહિયે.

૮ આઠમા નિવર્તિ બાદર જીવસ્થાનકનું લક્ષણ, જે નિવર્તિ કહેતાં નિવર્ત્યો છે, સંજ્વલનના ક્રોધ અને માનથકી તેને નિવર્તિ બાદર જીવસ્થાનક કહિયે.

૯ નવમું અનિવર્તિ બાદર જીવસ્થાનકનું લક્ષણ, અનિવર્તિ કહેતાં, નથી નિવર્ત્યો, સંજ્વલનના લોભ થકી તેને અનિવર્તિ બાદર જીવસ્થાનક કહિયે.

૧૦ દશમું સૂક્ષ્મ સંપરાય જીવસ્થાનકનું લક્ષણ, જે થોડોક સંજ્વલનના લોભનો ઉદય છે, તેને સૂક્ષ્મસંપરાય જીવસ્થાનક કહિયે.

૧૧ અગિયારમું ઉપશાંત મોહનીય જીવસ્થાનકનું લક્ષણ, જે મોહનીય કર્મની ૨૮ પ્રકૃતિ ઉપશમાવી છે તેને ઉપશાંત મોહનીય જીવસ્થાનક કહિયે.

૧૨ બારમું ક્ષીણ મોહનીય જીવસ્થાનકનું લક્ષણ, જે મોહનીય કર્મની ૨૮ પ્રકૃતિ ક્ષય કરી છે તેને ક્ષીણ મોહનીય જીવસ્થાનક કહિયે.

૧૩ સયોગી કેવળી જીવસ્થાનકનું લક્ષણ, જે મન, વચન, કાયાના શુભ યોગ સહિત, કેવળજ્ઞાન, કેવળદર્શન, પણે પ્રવર્તે, તેને સયોગી કેવળી જીવસ્થાનક કહિયે.

૧૪ ચૌદમું અયોગી કેવળી જીવસ્થાનકનું લક્ષણ, જે શરીર સહિત, મન, વચન, કાયાના યોગ રૂંધીને કેવળજ્ઞાન, કેવળદર્શનપણે પ્રવર્તે તેને અયોગી કેવળી જીવસ્થાનક કહિયે.

**ઈતિ બીજો લક્ષણ દ્વાર સંપૂર્ણ**

## ત્રીજો સ્થિતિ દ્વાર

પહેલા મિથ્યાત્વ જીવસ્થાનકની સ્થિતિ, ત્રણ પ્રકારની.

૧. અનાદિ અપર્યવસિત, તે મિથ્યાત્વની આદિ નથી અને અંત(છેડો)પણ નથી, તે અભવ્ય જીવોનું મિથ્યાત્વ જાણવું.

૨. અનાદિ સપર્યવસિત, તે મિથ્યાત્વની આદિ નથી, પણ અંત (છેડો)છે, તે ભવ્ય જીવોનું મિથ્યાત્વ જાણવું.

૩. સાદિ સપર્યવસિત, તે મિથ્યાત્વની આદિ છે અને અંત પણ છે. અનાદિકાળનું જીવને મિથ્યાત્વ હતું તે ભવ્ય જીવ કોઈક વારે સમકિત પામ્યો તેમાંથી સંસાર પરિભ્રમણ યોગ કર્મને વિશેષે કરી, સમકિતથી પડયો ને મિથ્યાત્વ પામ્યો. તે ભવ્ય જીવ સમદૃષ્ટિ પડિવાઈ આશ્રી જાણવું. તે મિથ્યાત્વની સ્થિતિ, જઘન્ય, અંતર્મુહૂર્તની, ઉત્કૃષ્ટ અર્ધ પુદ્ગલ પરાવર્તનમાં દેશ ન્યૂન. તે જીવ, નિશ્ચયથી સમકિત પામી મોક્ષ જાય.

મિથ્યાત્વ જીવસ્થાનકની સ્થિતિ કહી, તેની શાખ, સૂત્ર જીવાભિગમ ૯મી પ્રતિપત્તિને અધિકારે.

૨ બીજા જીવસ્થાનકની સ્થિતિ, જ. ૧ સમય ઉ. છ. આવલિકાની.

૩ ત્રીજા જીવસ્થાનકની સ્થિતિ જ. અને ઉ. અંતર્મુહૂર્તની.

૪ ચોથા જીવસ્થાનકની સ્થિતિ, જઘન્ય અંતર્મુહૂર્તની ઉત્કૃષ્ટ, છાસઠ સાગરોપમ ઝાઝેરી.

૫ પાંચમા જીવસ્થાનકની સ્થિતિ, જઘન્ય અંતર્મુહૂર્તની; ઉત્કૃષ્ટ ક્રોડ પૂર્વમાં દેશ ન્યૂન.

૬ છઠ્ઠા જીવસ્થાનકની સ્થિતિ, પરિણામી આશ્રી, જઘન્ય, એક સમય; ઉત્કૃષ્ટ ક્રોડ પૂર્વમાં દેશ ન્યૂન. પ્રવર્ત્તન આશ્રી, જઘન્ય, અંતર્મુહૂર્તની ઉત્કૃષ્ટ, ક્રોડ પૂર્વમાં દેશ ન્યૂન. તે ધર્મદેવ આશ્રી; તેની શાખ, સૂત્ર ભગવતી શતક બારમે, ઉદ્દેશે નવમે.

૭ સાતમા, ૮ આઠમા,૯ નવમા, ૧૦ દશમા, ૧૧ અગિયારમા એ પાંચ જીવસ્થાનકની સ્થિતિ જઘન્ય એક સમયની ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની. તેની શાખ, સૂત્ર ભગવતી શતક બારમે ઉદ્દેશે નવમે.

૧૨ બારમા જીવસ્થાનકની સ્થિતિ, જઘન્ય, અંતર્મુહુર્તની, ઉત્કૃષ્ટ, અંતર્મુહુર્તની.

૧૩ તેરમા જીવસ્થાનકની સ્થિતિ, જઘન્ય, અંતર્મુહુર્તની ઉત્કૃષ્ટ, ક્રોડ પૂર્વમાં દેશ ન્યૂન.

૧૪ ચૌદમા જીવસ્થાનકની સ્થિતિ, જઘન્ય, અંતર્મુહૂર્તની, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની. તે અંતમુહુર્ત કેવું, લઘુ પાંચ અક્ષર (અ, ઈ, ઉ, ઋ, લુ)ઉચ્ચારે, એટલા વખતનો જે કાળ, તે અંતર્મુહૂર્ત જાણવું. ઇતિ ત્રીજો સ્થિતિદ્વાર સંપૂર્ણ.

## ચોથો ક્રિયાદ્વાર.

ક્રિયા પચીશ છે, તે ૧ કાઈયા ક્રિયા ઇત્યાદિક પચીશ ક્રિયા પ્રથમ લખી છે, તેમાંની ક્રિયા જે જે જીવસ્થાનકે જેટલી જે જે કારણે કરીને લાગે તેનો વિસ્તાર. કર્મ આઠ છે, તેમાં એક ચોથું મોહનીય કર્મ સરદાર છે. તે મોહનીય કર્મની ૨૮ પ્રકૃતિ છે.

તે ૨૮ પ્રકૃતિનો વિસ્તાર કર્મપ્રકૃતિના થોકડા મધ્યે લખેલ છે. તે મોહનીય કર્મની પ્રકૃતિની સત્તા, ઉદય, ક્ષયોપશમ, ક્ષયને લીધે જે જે ક્રિયા લાગે, અને જે જે ક્રિયા ન લાગે તે કહિયે છીએ.

પહેલે મિથ્યાત્વ જીવસ્થાનકે, જે મોહનીય કર્મની ૨૮ પ્રકૃતિ છે, તેમાંથી અભવ્યને છવીશ પ્રકૃતિની સત્તા છે, તે ૧ સમકિત મોહનીય, ૨ સમમિથ્યાત્વ મોહનીય, એ બે વર્જીને. કેટલાએક ભવ્ય જીવને ૨૮ પ્રકૃતિનો ઉદય છે, તેમાં મિથ્યાત્વનું બળ વિશેષ છે, તેમાં બેનું ખરૂં, ને ત્રણનો વાદ બેનું ખરૂં તે, ૧ સમકિત મોહનીય, ૨ સમમિથ્યાત્વ મોહનીય, એ બેનું ખરૂં. ત્રણનો વાદ તે, ૧ અક્રિયાવાદી, ૨ અજ્ઞાનવાદી, ૩ વિનયવાદી એ ત્રણનો વાદ; તેણે કરીને ચોવીશ સંપરાયક્રિયા લાગે. ૧.

બીજે જીવસ્થાનકે મોહનીય કર્મની ૨૮ પ્રકૃતિમાંની અઠાવીશનો ઉદય છે, તેમાં સાસ્વાદનનું બળ વિશેષ છે, તેમાં બેનું ખરૂં ને બેનો વાદ. ખરૂં તે ૧ મિથ્યાત્વ મોહનીય ૨ સમમિથ્યાત્વ મોહનીય, એ બેનું ખરૂં ને બેનો વાદ તે ૧. અક્રિયાવાદી, ૨. અજ્ઞાનવાદી એ બેનો વાદ, તેણે કરીને ત્રેવીશ સંપરાય ક્રિયા લાગે. ૨.

ત્રીજે સમમિથ્યાત્વ દૃષ્ટિ જીવસ્થાનકે, મોહનીય કર્મની ૨૮ પ્રકૃતિ માંહેની ૨૮ નો ઉદય. તેમાં સમ મિથ્યાત્વનું બળ વિશેષ

છે, તેમાં બેનું ખરૂં, ને બેનો વાદ. બેનું ખરૂં તે ૧ સમકિત મોહનીય, ૨ મિથ્યાત્વ મોહનીય, એ બેનું ખરૂં બેનો વાદ તે ૧ અજ્ઞાનવાદી, ૨ વિનયવાદી, એ બેનો વાદ; તેણે કરીને ૨૪ સંપરાય ક્રિયા લાગે. ૩.

ચોથે અવ્રતી સમદષ્ટિ જીવસ્થાનકે, મોહનીય કર્મની ૨૮ પ્રકૃતિ માંહેની સાતનો ક્ષયોપશમ, એકવીશનો ઉદય, સાતનો ક્ષયોપશમ, તે અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ, સમકિત મોહનીય ૫, મિથ્યાત્વ મોહનીય ૬, સમમિથ્યાત્વ મોહનીય ૭, એ સાતનો ક્ષયોપશમ. ૨૧ નો ઉદય તે, ઉપર જે સાત બોલ કહ્યા તે વર્જ્યા; સાતના ક્ષયોપશમ માટે, એક મિથ્યાદર્શનવત્તિયા ક્રિયા ન લાગે; એકવીશના ઉદય માટે, તેવીશ સંપરાય ક્રિયા લાગે. ૪.

પાંચમે દેશવ્રતી જીવસ્થાનકે, મોહનીય કર્મની ૨૮ પ્રકૃતિ માંહેની ૧૧ નો ક્ષયોપશમ, ૧૭ નો ઉદય. અગિયારનો ક્ષયોપશમ તે ૧ અનંતાનુબંધી ક્રોધ ૨ માન, ૩ માયા, ૪ લોભ, ૫ સમકિત મોહનીય, ૬ મિથ્યાત્વ મોહનીય, ૭ સમમિથ્યાત્વ મોહનીય, ૮ અપ્રત્યાખ્યાની ક્રોધ, ૯ માન, ૧૦ માયા, ૧૧ લોભ, એ અગિયારનો ક્ષયોપશમ. સત્તરનો ઉદય, તે જે ઉપર અગિયાર બોલ કહ્યા તે વર્જ્યા, શેષ સત્તરનો ઉદય; ૧૧ ના ક્ષયોપશમ માટે મિથ્યાત્વદર્શનવત્તિયા ક્રિયા, અપ્રત્યાખ્યાન ક્રિયા, એ બે ક્રિયા ન લાગે; સત્તરના ઉદય માટે ૨૨ સંપરાય ક્રિયા લાગે ૫.

છટ્ઠે પ્રમત્ત સંયતિ જીવસ્થાનકે, મોહનીય કર્મની ૨૮ પ્રકૃતિ માંહેની ૧૫ નો ક્ષયોપશમ, તેરનો ઉદય, ૧૫નો ક્ષયોપશમ તે, ૧ અનુંતાનુંબંધી ક્રોધ, ૨ માન, ૩ માયા, ૪ લોભ, ૫ સમકિત મોહનીય, ૬ મિથ્યાત્વ મોહનીય, ૭ સમમિથ્યાત્વ મોહનીય, ૮ અપ્રત્યાખ્યાની ક્રોધ, ૯ માન, ૧૦ માયા, ૧૧ લોભ, ૧૨ પ્રત્યાખ્યાની ક્રોધ, ૧૩ માન, ૧૪ માયા, ૧૫ લોભ, એ ૧૫

નો ક્ષયોપશમ. તેરનો ઉદય, તે ઉપર કહ્યા તે ૧૫ વર્જ્યા, શેષ ૧૩ નો ઉદય; ૧૫ ના ક્ષયોપશમ માટે ત્રણ સંપરાય ક્રિયા ન લાગે; તેરના ઉદયે કરીને, ૨૨ માંથી પરિગ્રહિકી વર્જીને ૨૧ ક્રિયા લાગે. છઠ્ઠે જીવસ્થાનકે આરંભ નહિ કરે, પણ ઘૃતના કુંભવત.

સાતમે જીવસ્થાનકે, મોહનીય કર્મની ૨૮ પ્રકૃતિ માંહેની ૧૫ નો ક્ષયોપશમ, ૧૩ નો ઉદય. ઉપર કહ્યા તે ૧૫ ક્ષયોપશમ માટે નવ સંપરાય ક્રિયા ન લાગે; ૧૩ ઉદય માટે, ૨૧ માંની કાયિકી આદિ પાંચ તથા આરંભીયા વર્જીને ૧૫ લાગે. તે ૭ માંથી ૧૦ માં જીવસ્થાનક સુધી જાણવું.

આઠમે જીવસ્થાનકે, મોહનીય કર્મની ૨૮ પ્રકૃતિ માહેની સાતનો ઉપશમ અથવા ક્ષય ૮નો ક્ષયોપશમ, તેરનો ઉદય, સાતનો ઉપશમ અથવા ક્ષય થાય તે ૧ અનંતાનુબંધી ક્રોધ, ૨ માન, ૩ માયા, ૪ લોભ, ૫ સમકિત મોહનીય, ૬ મિથ્યાત્વ મોહનીય, ૭ સમમિથ્યાત્વ મોહનીય, એ સાતનો ઉપશમ અથવા ક્ષય. ૮ નો ક્ષયોપશમ તે, અપ્રત્યાખ્યાની ચાર, પ્રત્યાખ્યાની ચાર એવં આઠ, એ આઠનો ક્ષયોપશમ, ૧૩ ઉદય તે, નોકષાયના નવ, સંજ્વલનનો ક્રોધ, માન, માયા, અને લોભ એ તેરનો ઉદય. આઠના ક્ષયોપશમ માટે તેવીશ સંપરાય ક્રિયા ન લાગે. તેર ઉદય માટે એક માયાવત્તિયા ક્રિયા લાગે. ૮ (પાંચ ક્રીયા માંથી)

નવમે જીવસ્થાનકે, મોહનીય કર્મની ૨૮ પ્રકૃતિ માંહેની ૧૬ નો ઉપશમ અથવા ક્ષય, ૧૧ નો ક્ષયોપશમ, એક નો ઉદય. તેમાં સોળનો ઉપશમ અથવા ક્ષય, તે અનંતાનુંબંધીના ચાર, ૫ સમકિત મોહનીય, ૬ મિથ્યાત્વ મોહનીય, ૭ સમમિથ્યાત્વ મોહનીય, ને ત્રણ વેદ તથા હાસ્યઆદી એ ૬ નો

ઉપશમ અથવા ક્ષય. અગિયારનો ક્ષયોપશમ તે અપ્રત્યાખ્યાની ચાર, પ્રત્યાખ્યાની ચાર, ૮, ૯ સંજ્વલનો ક્રોધ , ૧૦ માન, ૧૧ માયા એ અગિયારનો ક્ષયોપશમ. નવમાના અંતે એકનો ઉદય તે સંજ્વલનનો લોભ, એ એકનો ઉદય ૧૧ ના ક્ષયોપશમ માટે ૨૩ સંપરાય ક્રિયા ન લાગે, એકના ઉદય માટે એક માયાવત્તિયા ક્રિયા લાગે. (પાંચ ક્રિયા માંથી)

દશમે જીવસ્થાનકે, મોહનીય કર્મની ૨૮ પ્રકૃતિ માંહેની ૨૭ નો ઉપશમ અથવા ક્ષય એક થોડા સંજ્વલનના લોભનો ઉદય. ૨૭ ના ઉપશમ અથવા ક્ષયે કરી ૨૩ સંપરાય ક્રિયા ન લાગે, એક સંજ્વલનના લોભને ઉદયે કરી, એક માયાવત્તિયા ક્રિયા લાગે. ૧૦. (પાંચ ક્રિયા માંથી)

અગિયારમે જીવસ્થાનકે, મોહનીય કર્મની ૨૮ પ્રકૃતિ તે સર્વે ઉપશમાવી છે, તેણે કરીને ૨૪ સંપરાય ક્રિયા ન લાગે, પણ સાત કર્મનો ઉદય છે, તેણે કરીને એક ઈર્યાપથિકી (ઇરિયાવહિયા) ક્રિયા લાગે. ૧૧.

બારમે જીવસ્થાનકે, મોહનીય કર્મની ૨૮ પ્રકૃતિ છે, તે સર્વે ખપાવી છે, માટે ૨૪ સંપરાય ક્રિયા ન લાગે, પણ સાત કર્મનો ઉદય છે, તેણે કરીને એક ઈર્યાપથિકા ક્રિયા લાગે. ૧૨.

તેરમે જીવસ્થાનકે, ચાર ઘાતીયા કર્મ ખપાવ્યાં છે, તેણે કરીને ૨૪ સંપરાય ક્રિયા ન લાગે, ચાર અઘાતિયા કર્મના ઉદયે કરીને એક ઈર્યાપથિકી ક્રિયા લાગે. ૧૩.

ચૌદમે જીવસ્થાનકે, ચાર ઘાતીયા કર્મ ખપાવ્યાં છે. ચારનો ઉદય તેમાં, પણ વેદનીય કર્મનું બળ હતું. તે ભાંગ્યું તે ભણી ત્યાં એક પણ ક્રિયા ન લાગે. ઈતિ ચોથો ક્રિયાદ્વાર સંપૂર્ણ.

## પાંચમો કર્મની સત્તાનો દ્વાર.

પહેલેથી માંડીને નિરંતર ૧૧ મા જીવસ્થાનક પર્યંત્ આઠે કર્મની સત્તા, બારમે જીવસ્થાનકે સાત કર્મની સત્તા, મોહનીય ન હોય. તેરમે ને ચૌદમે જીવસ્થાનકે ચાર કર્મની સત્તા તે ૧ વેદનીય કર્મ, ૨ આયુષ્ય કર્મ, ૩ નામ કર્મ, ૪ ગોત્ર કર્મ.

## ઈતિ પાંચમો કર્મની સત્તાનો દ્વાર સંપૂર્ણ.

## છઠ્ઠો કર્મના બંધનો દ્વાર.

પહેલે તથા બીજે જીવસ્થાનકે સાત તથા આઠ કર્મ બાંધે, સાત બાંધે તો આયુષ્ય કર્મ વર્જીને સાત કર્મ બાંધે ચોથાથી સાતમા જીવસ્થાનક સુધી સાત તથા આઠ કર્મ બાંધે. સાત બાંધે તો આયુષ્ય કર્મ વર્જીને, ત્રીજા. આઠમા, નવમા જીવસ્થાનકે સાત કર્મ બાંધે, તે આયુષ્ય કર્મ વર્જીને. દશમે જીવસ્થાનકે છ કર્મ બાંધે તે આયુષ્ય ને મોહનીય એ બે કર્મ વર્જીને, અગિયારમે બારમે તેરમે જીવસ્થાનકે એક જ શાતાવેદનીય કર્મ બાંધે, ચૌદમે જીવસ્થાનકે એક પણ કર્મ ન બાંધે. ઈતિ કર્મના બંધનો છઠ્ઠો દ્વાર સંપૂર્ણ.

## સાતમો કર્મની ઉદીરણાનો દ્વાર.

પહેલે, બીજે, ચોથે, પાંચમે, અને છઠ્ઠે જીવસ્થાનકે છ અથવા સાત અથવા આઠ કર્મની ઉદીરણા કરે. સાતની કરે તો આયુષ્ય વર્જીને છની કરે તો આયુષ્ય અને વેદનીય વર્જીને. ત્રીજે *જીવ સ્થાનકે આઠ કર્મની ઉદીરણા કરે. સાતમે, આઠમે અને* નવમે જીવ સ્થાનકે છ કર્મની ઉદીરણા કરે તે આયુષ્ય અને વેદનીય વર્જીને. દશમે છ અથવા પાંચ કર્મની ઉદીરણા કરે. છની કરે તો આયુષ્ય અને વેદનીય એ બે વર્જીને અને પાંચની કરે તો આયુષ્ય અને વેદનીય અને મોહનીય એ ત્રણ વર્જીને. અગીયારમે જીવ સ્થાનકે પાંચની ઉદીરણા કરે. બારમે પાંચ અથવા બેની

ઉદીરણા કરે. બેની કરે તો નામ તથા ગોત્રની. તેરમે જીવસ્થાનકે બેની ઉદીરણા કરે તે નામ અને ગોત્રની. ચૌદમે ઉદીરણા ન કરે.

## ઈતિ સાતમો કર્મ ઉદીરણા દ્વાર સંપૂર્ણ.

આઠમો કર્મના ઉદયનો દ્વાર, ને નવમો કર્મની નિર્જરાનો દ્વાર.

પહેલેથી માંડીને નિરંતર દશમા જીવસ્થાનક સુધી, આઠ કર્મનો ઉદય ને આઠ કર્મની નિર્જરા. અગિયારમે, બારમે જીવસ્થાનકે, મોહનીય વર્જીને સાતનો ઉદય ને સાતની નિર્જરા. તેરમે, ચૌદમે જીવસ્થાનકે, ચાર કર્મનો ઉદય ને ચાર કર્મની નિર્જરા, તે ૧ વેદનીય, ૨ આયુષ્ય, ૩ નામ, ૪ ગોત્ર, એ ચાર.

## ઈતિ ઉદય નિર્જરા દ્વાર સંપૂર્ણ.

## દશમો છ ભાવનો દ્વાર. (અનુયોગ દ્વાર)

છ ભાવનાં નામ. ૧ ઔદયિક, ૨ ઔપશમિક, ૩ ક્ષાયિક ૪ ક્ષયોપશમિક, ૫ પારિણામિક ૬ સાન્નિપાતિક.

### છ ભાવના ભેદ.

૧ ઔદયિક ભાવના બે ભેદ. ૧ જીવ ઔદયિક, ૨ અજીવ ઔદયિક.

૧. જીવ ઔદયિકના બે ભેદ. ૧ ઔદયિક, ૨ ઔદયિક નિષ્પન્ન. ૧ તેમાં આઠ કર્મનો ઉદય છે, તેને ઔદયિક કહિયે, અને ૨ આઠ કર્મના ઉદય થકી જે જે પદાર્થ નીપજે તેને ઔદયકિ નિષ્પન્ન કહિયે. તે આઠ કર્મના ઉદય થકી શા શા પદાર્થ નીપજે તે ગાથા અર્થે કરીને બત્રીશ બોલ જેમ છે તેમ કહિયે છીએ.

ગાથા.

ગઈ, કાય, કસાય, વેદ, લેસ્સ, મિચ્છદિઠિ, અવિરિએ;

અસન્ની અનાણી આહારે, છઉમથ્થ સજોગી સંસારથ્થઅસિદ્ધેય.

અર્થ-ગતિ ચાર, ૪, કાય છ, ૧૦. કષાય ચાર. ૧૪. વેદ ત્રણ, ૧૭. લેશ્યા છ, ૨૩. મિથ્યાત્વદૃષ્ટિ એક, ૨૪. અવ્રતીપણું એક, ૨૫. અસંજ્ઞીપણું એક ૨૬. અજ્ઞાન એક, ૨૭ આહારકપણું એક, ૨૮. છદ્મસ્થપણું, ૨૯. સજોગીપણું ૩૦. સંસારને વિષે રહેવાપણું ૩૧. અસિદ્ધપણું, ૩૨. એ પ્રમાણે ૩૨ બોલ જીવ ઔદયિકથી પામે. એ જીવ ઔદયિકના ભેદ કહ્યા. ૧.

૨ અજીવ ઔદયિકના ચૌદ ભેદ. ૧ ઔદારિક શરીર, ૨ ઔદારિક શરીર જે જે પુદ્ગલ પરિણમે. ૩ વૈક્રિય શરીર, ૪ વૈક્રિય શરીરે જે જે પુદ્ગલ પરિણમે, ૫ આહારક શરીર, ૬ આહારક શરીરે જે જે પુદ્ગલ પરિણમે, ૭ તેજસ્ શરીર, ૮ તેજસ શરીરે જે જે પુદ્ગલ પરિણમે, ૯ કાર્મણ શરીર, ૧૦ કાર્મણ શરીર જે જે પુદ્ગલ પરિણમે, ૧ વર્ણ, ૧૨. ગંધ, ૧૩ રસ, ૧૪ સ્પર્શ એ અજીવ ઔદયિકના ભેદ સંપૂર્ણ. ૨. (૫ વર્ણ, ૨ ગંધ, ૨ રસ, ૮ સ્પર્શ લેતાં ૩૦ બોલ પણ થાય છે.)

બીજે ઔપશમિક ભાવના બે ભેદ. ૧ ઔપશમિક ને ૨ ઔપશમિક નિષ્પન્ન. ઔપશમિક તે મોહનીય કર્મની ૨૮ પ્રકૃતિ ઉપશમાવી છે તે. ઔપશમિક નિષ્પન્ન તે મોહનીય કર્મના ઉપશમ થકી જે જે પદાર્થ નીપજે તેને ઔપશમિક નિષ્પન્ન કહિયે.

ઉપશમથી શા શા પદાર્થ નીપજે તેની ગાથા તથા અર્થ

ગાથા.

કસાય પેજ્જદોસે, દંસણમોહણીજે ચરિત્તમોહણીજે;

સમ્મત ચરીત્ત લદ્ધી, છઉમથ્થે વીયરાગે ય. ૧

અર્થ - કષાય ચાર, ૪. રાગ, ૫. દ્વેષ, ૬. દર્શન મોહનીય, ૭. ચારિત્ર મોહનીય, ૮. એ આઠની ઉપશમતા. સમકિત તથા ઉપશમ ચારિત્રની લબ્ધિની પ્રાપ્તિ, ૯. છદ્મસ્થપણું ૧૦. યથાખ્યાત ચારિત્રપણું, ૧૧. એ અગિયાર બોલ ઉપશમથી પામે. ૧. તેમજ એ જ અગિયાર બોલ, ઉપશમ નિષ્પન્નથી પણ પામે. ૨. ઇતિ ઉપશમભાવ સંપૂર્ણ.

ત્રીજે ક્ષાયિક ભાવના બે ભેદ. ૧ ક્ષાયિક, ૨ ક્ષાયિક નિષ્પન્ન. તેમાં ક્ષાયિક તે આઠ કર્મને ખપાવે તે. ૧. ક્ષાયિક નિષ્પન્ન તે આઠ કર્મ ખપાવ્યા પછી જે જે પદાર્થ નીપજે તેને ક્ષાયિક નિષ્પન્ન કહિયે. ૨. ક્ષાયિક નિષ્પન્નના આઠ ભેદ.

૧. જ્ઞાનાવરણીય કર્મ ખપાવે ત્યારે કેવળજ્ઞાન પામે; ૨ દર્શનાવરણીય કર્મ ખપાવે ત્યારે કેવળદર્શન પામે; ૩ વેદનીય કર્મ ખપાવે ત્યારે નિરાબાધપણું પામે; ૪ મોહનીય કર્મ ખપાવે ત્યારે ક્ષાયિક સમ્યક્ત્વ પામે; ૫ આયુષ્ય કર્મ ખપાવે ત્યારે અક્ષયપણું પામે; ૬ નામ કર્મ ખપાવે ત્યારે અરૂપીપણું પામે; ૭ ગોત્ર કર્મ ખપાવે ત્યારે અગુરૂલઘુપણું પામે; ૮ અંતરાય કર્મ ખપાવે ત્યારે વીર્યપણું પામે. ઇતિ ક્ષાયિક ભાવના ભેદ સંપૂર્ણ.

ચોથે ક્ષાયોપશમિક ભાવના ભેદ. ૧ ક્ષાયોપશમિક, ૨ ક્ષાયોપશમિક નિષ્પન્ન. ક્ષાયોપશમિક તે, ઉદય આવ્યાં કર્મને ખપાવે, ને ઉદય નથી આવ્યાં તેને ઉપશમાવે તેને ક્ષાયોપશમિક કહિયે. ક્ષાયોપશમિક નિષ્પન્ન, તે ક્ષયોપશમમાંથી જે જે પદાર્થ નીપજે તેને ક્ષાયોપશમિક નિષ્પન્ન કહીયે.

ક્ષાયોપશમિકથી શા શા પદાર્થ નીપજે તેની ગાથા તથા અર્થ.

ગાથા.

દશ ઉવઉગ તિદિઠિ, ચઉ ચરિત્ત, ચરિતાચરિતે ય;

દાણાઇ પંચ લદ્ધિ, વીરિયત્તિ પંચ ઈંદિએ. ૧

દુવાલસ, અંગધરે, નવ પુવ્વી જાવ ચઉદશ પુવિએ;

ઉવસમ, ગણી પડિમાએ, ઇઈ ખઉસમ નીફન્ને. ૨

અર્થ - ૧૦ ઉપયોગ છદ્મસ્થના, ૧૦. ૩ દૃષ્ટિ, ૧૩. ૪ ચારિત્ર પહેલાં, ૧૭. શ્રાવકપણું, ૧૮. દાનાદિક પંચલબ્ધિ, ૨૩. ૩ વીર્ય, ૨૬. ૫ ઈંદ્રિય, ૩૧. ૧૨ અંગનું ધરવું, ૪૩. ૯ પૂર્વનું ભણવું, યાવત્ ૧૪ પૂર્વનું ભણવું, ૪૪. ઉપશમ, ૪૫. આચાર્યની પ્રતિમા, ૪૬. એ ૪૬ બોલ ક્ષાયોપશમિકથી નીપજે. ક્ષાયોપમશિક નિષ્પન્નથી પણ તે પ્રમાણે.

પાંચમે પારિણામિક ભાવના બે ભેદ. ૧ સાદિ પારિણામિક, ૨ અનાદિ પારિણામિક. તેમાં પ્રથમ અનાદિ પારિણામિકના દશ ભેદ. ૧ ધર્માસ્તિકાય, ૨ અધર્માસ્તિકાય, ૩ આકાશાસ્તિકાય, ૪ જીવાસ્તિાય, ૫ પુદ્દગલાસ્તિકાય, ૬ અદ્ધાકાળ, ૭ ભવ્ય, ૮ અભવ્ય, ૯ લોક, ૧૦ અલોક. એ દશ સર્વદા છે. સાદિ પરિણામિકના ભેદ છે તે ગાથા અર્થે કરીને કહિયે છીએ.

ગાથા.

જુના સુરા, જુના ગુલા, જુના ઘિયં, જુના તંદુલ, ચેવ;

અભયં, અભયરૂખા, સંદ્ધ ગંધવ્વ નગરા. ૧

*ઉક્કાવાએ દિસિદાહે, ગજ્જીએ વિજ્જુએ, ણિગ્ઘાએ;*

*જુવએ જખ્ખાલિત્તએ ધુમિત્તા મહીતા રજોઘાએ. ૨*

ચંદોવરાગા, સુરોવરાગા, ચંદોપડિવેસા સુરોપડિવેસા;
પડિચંદાપડિસુરા, ઈંદધણુઉદગ, મછા, કવિહંસા અમોહે. ૩
વાસા, વાસહરાચેવ, ગામ ઘર ણગરા,
પયલ પાયાલ ભવણા અ, નિરઅ પાસાએ. ૪
પુઢવિસત્ત કપ્પોબાર, ગેવિજ્ય અણુત્તર સિદ્ધિ;
પમ્માણુ પોગ્ગલદોપ્પએસી, જાવ અણંત પપ્એસી ખંધે. ૫

અર્થ - જુનો દારૂ, જુનો ગોળ, જુનું ઘૃત (ઘી), જુના ચોખા, વાદળાં, વાદળાંની રેખા સંધ્યાનો વર્ણ, ગંધર્વનાં ચિહ્ન, નગરનાં ચિહ્ન. (૧) ઉલ્કાપાત, ૨ દિશિદાહ, ૩ ગર્જના, ૪ વિજળી, ૫ નિર્ઘાત, (કાટકો) ૬ શુક્લપક્ષનો બાલોચંદ્રમાં, ૭ આકાશે જક્ષનાં ચિહ્ન, ૮ ધૂયર કાલી, ૯ ધૂયર ઉજળી, ૧૦ રજોઘાત, (૨) ચંદ્રમાનું ગ્રહણ, સૂર્યનું ગ્રહણ, ચંદ્રમાં જળકુંડે, સૂર્ય જળકુંડે, એકી-વખતે બે ચંદ્ર, બે સૂર્ય દેખાય, ઈંદ્ર ધનુષ્ય પાણીભર્યાં વાદળા. મચ્છનાં ચિન્હ વાંદરાનાં ચિન્હ, હંસનાં ચિન્હ, બાણનાં ચિહ્ન, (૩) ક્ષેત્ર વર્ષઘર પર્વત, ગ્રામ, ઘર, નગર, પ્રાસાદ (મહેલ), પાતાલ કલશા, ભવનપતિનાં ભવન, નરકાવાસા. (૪) સાત પૃથ્વી, કલ્પ (દેવલોક) બાર, નવ ગ્રૈવેયક, અનુત્તર વિમાન પાંચ, સિદ્ધશિલા, પરમાણુ પુદ્ગલ, બે પ્રદેશી સ્કંધ યાવત્ અનંતપ્રદેશી સ્કંધ (૫) એ બોલ કહ્યા તેમાં પુદ્ગલ જાય તથા આવે, ગળે તથા મળે, તેને સાદિ પારિણામિક કિહયે.

છઠે સાન્નિપાતિક ભાવ, તેના ૨૬ ભાંગા છે, બે સંયોગી દશ, ત્રણ સંયોગી દશ, ચાર સંયોગી પાંચ, પાંચ સંયોગી એક, એમ છવીશ છે. તે યંત્રે કરીને કહીએ છીએ.

## બે સંયોગી દશ ભાંગા.

| ભાંગા | ઔદયિક | ઔપશમિક | ક્ષાયિક | ક્ષાયોપશમિક | પારિણામિક |
|---|---|---|---|---|---|
| | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ |
| ૨ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ |
| ૩ | ૧ | ૦ | ૦ | ૧ | ૦ |
| ૪ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૫ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ |
| ૬ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ |
| ૭ | ૦ | ૧ | ૦ | ૦ | ૧ |
| ૮ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ |
| ૯ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ |
| ૧૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ |

નવમો ભાંગો સિદ્ધને લાભે.

## ત્રણ સંયોગી દશ ભાંગા

| ભાંગા | ઔદયિક | ઔપશમિક | ક્ષાયિક | ક્ષાયોપશમિક | પારિણામિક |
|---|---|---|---|---|---|
| | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧૧ | ૧ | ૧ | ૧ | ૦ | ૦ |
| ૧૨ | ૧ | ૧ | ૦ | ૧ | ૦ |
| ૧૩ | ૧ | ૧ | ૦ | ૦ | ૧ |
| ૧૪ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ |
| ૧૫ | ૧ | ૦ | ૧ | ૦ | ૧ |
| ૧૬ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ |
| ૧૭ | ૦ | ૧ | ૧ | ૧ | ૦ |
| ૧૮ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ |
| ૧૯ | ૦ | ૧ | ૦ | ૧ | ૧ |
| ૨૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૧ |

પંદરમો ભાંગો તેરમે, ચૌદમે જીવસ્થાનકે લાભે. સોળમો ભાંગો પહેલા સાત જીવસ્થાનકે લાભે.

## ચાર સંયોગી પાંચ ભાંગા.

| ભાંગા | ઔદયિક | ઔપશમિક | ક્ષાયિક | ક્ષાયોપશમિક | પારિણામિક |
|---|---|---|---|---|---|
| | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૨૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૦ |
| ૨૨ | ૧ | ૧ | ૧ | ૦ | ૧ |
| ૨૩ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ |
| ૨૪ | ૧ | ૦ | ૧ | ૧ | ૧ |
| ૨૫ | ૦ | ૧ | ૧ | ૧ | ૧ |

૨૩મો ભાંગો ઉપશમ શ્રેણીના આઠમાંથી ૧૧માં જીવસ્થાનક સુધી લાભે. ૨૪મો ભાંગો ક્ષપક શ્રેણીના ૮ માંથી (૧૧માં વર્જી) બારમાં જીવસ્થાનક સુધી લાભે.

## પાંચ સંયોગી એક ભાંગો.

| ભાંગા | ઔદયિક | ઔપશમિક | ક્ષાયિક | ક્ષાયોપશમિક | પારિણામિક |
|---|---|---|---|---|---|
| | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૨૬ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |

ક્ષાયિક સમકિત જીવ ઉપશમ શ્રેણી માંડે ત્યારે આ ભાંગો લાભે.

આ છઠ્ઠા સાન્નિપાતિક ભાંગા યંત્રે કરી કહ્યા. એ છવીશ ભાંગામાં પાંચ ભાંગા પારિણામિક છે, બાકીનાં ૨૧ ભાંગા અપારિણામિક છે. એ છઠ્ઠા સાન્નિપાતિક ભાવના છવીશ ભાંગા સંપૂર્ણ.

ઇતિ છ દ્વારના ભાવ સંપૂર્ણ.

ઇતિ શ્રી જીવસ્થાનક સંપૂર્ણ.

# (૧૦ સ) શ્રી ગુણસ્થાનદ્વાર.

ગાથા

નામ, લખણ, ગુણ ઠિઈ, કિરિયા, સત્તા, બંધ, વેદેય,
ઉદય, ઉદિરણા, ચેવ, નિજ્જરા, ભાવ, કારણા. ૧
પરિસહ, મગ્ગ, આયાય, જીવાય ભેદે, જોગ, ઉવિઊગ,
લેસ્સા, ચરણ, સમ્મત્તં, અપ્પાબહુચ્ચ, ગુણઠાણેહિ. ૨

પહેલો નામદ્વાર.

પહેલું મિથ્યાત્વ ગુણઠાણું. બીજું સાસ્વાદાન ગુ૦. ત્રીજું સમામિથ્યાત્વ ગુ૦, ચોથું અવિરતિ સમ્યકત્વદષ્ટિ ગુ૦, પાંચમું દેશવિરતિ ગુ૦, છઠ્ઠું પ્રમત્તસંજતિ, ગુ૦, સાતમું અપ્રમત્તસંજતિ

ગુ૦, આઠમું નિયટ્ટિબાદર ગુ૦, નવમું અનિટ્ટિબાદર ગુ૦, દશમું સૂક્ષ્મ સંપરાય ગુ૦, અગિયારમું ઉપશાંતમોહ ગુ૦, બારમું ક્ષીણમોહ ગુ., તેરમું સજોગિ કેવલિગુ., ચઉદમું અજોગિ કેવલિ ગુણઠાણું. એ નામદ્વાર સમાપ્ત.

### લક્ષણગુણ દ્વાર.

પહેલા મિથ્યાત્વ ગુણઠાણાનાં લક્ષણ-શ્રી વીતરાગની વાણીથી ઓછું, અધિક, વિપરીત સર્દહે, પ્રરૂપે, ફરસે, તેને મિથ્યાત્વ કહિયે. ઓછી પ્રરૂપણા તે કેને કહિયે ? જેમ કોઈ કહે જે જીવ અંગુઠા માત્ર છે, તંદુલ માત્ર છે શામા માત્રા છે, દીપક માત્ર છે, તેને ઓછી પ્રરૂપણા કહિયે. ૧. અધિકી પ્રરૂપણા તે કેને કહિયે ? એક જીવ સર્વ લોક બ્રહ્માંડ માત્રમાં વ્યાપી રહ્યો છે તેને અધિકી પ્રરૂપણા કહિયે. ૨. વિપરીત પ્રરૂપણા તે કેને કહિયે ? કોઈ કહે જે પંચ ભૂત* થકી આત્મા ઉપન્યો છે, અને એને વિનાશે જીવ પણ વિણસે છે, તે જડ છે, તે થકી ચૈતન્ય ઉપજે વિણસે, એમ કહે તેને વિપરીત પ્રરૂપણા કહિયે. ૩. એ મિથ્યાત્વ. એમ નવ તત્ત્વનું વિપરીતપણું સર્દહે, પ્રરૂપે, ફરસે તેને મિથ્યાત્વ કહિયે. જૈન માર્ગે આત્મા અકૃત્રિમ, અખંડ, અવિનાશી, નિત્ય છે, શરીર માત્ર વ્યાપક છે. તે વારે ગૌતમ સ્વામી વંદના કરીને શ્રીભગવંતને પૂછતા હવા. સ્વામિનાથ ! તે મિથ્યાત્વી જીવને શું ગુણ નિપજ્યો ? તે વારે શ્રીભગવંતે કહ્યું, તે જીવરૂપ દડીને કર્મરૂપ ગેડિયે કરી ૪ ગતિ, ૨૪ દંડક, ૮૪ લાખ જીવાયોનિમાંહિ વારંવાર પરિભ્રમણ કરે પણ સંસારનો પાર પામે નહિ.

બીજા ગુણઠાણાનાં લક્ષણ - જેમ કોઈ પુરૂષ ખીરખાંડનું ભોજન જમ્યો, ત્યારપછી વમન કર્યું તે વારે કોઈક પુરૂષે પુછયું, ભાઈ, કાંઈ સ્વાદ રહ્યો ? ત્યારે કહે જે થોડો સ્વાદ રહ્યો, તે

* પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, આકાશ

સમાન સમકિત, અને વમ્યો તે સમાન મિથ્યાત્વ. ૧. બીજું દૃષ્ટાંત-જેવો ઘંટાનો નાદ પહેલો ગહેર ગંભીર, પછી રણકો રહી ગયો, ગહેર ગંભીર સમાન સમકિત ગયું ને રણકો રહી ગયો, તે સમાન સાસ્વાદન. ૨. ત્રીજું દૃષ્ટાંત જીવરૂપ આંબો ને પરિણામરૂપ ડાળથી, સમકિતરૂપ ફળ, તે મોહરૂપ વાયરે કરી પરિણામરૂપ ડાળથી સમકિતરૂપ ફળ તૂટ્યું, મિથ્યાત્વરૂપ ધરતીયે આવી પડયું નથી, વચમાં છે, ત્યાં સુધી સાસ્વાદાન સમકિત કહિયે અને જ્યારે ધરતીયે આવી પડયું, ત્યારે મિથ્યાત્વ. ૩. ગોતમસ્વામિ હાથ જોડી માન મોડી શ્રીભગવંતને પૂછતા હવા, સ્વામિનાથ ! તે જીવને શું ગુણ નિપજ્યો ? ત્યારે શ્રી ભગવંત કહે છે, દેશે ઉણું અર્ધ પુદ્ગલ સંસાર ભોગવવો રહ્યો. જેમ કોઈ પુરૂષને માથે લાખ ક્રોડનું દેણું હતું તે પરદેશ જઈને કમાઈ આવ્યો, દેણું દેતાં એક અધેલીનું દેણું રહ્યું તેનું વ્યાજ થયું, તેટલો સંસાર ભોગવવો રહ્યો, સાસ્વાદાન સમકિત પાંચ વાર આવે*.

ત્રીજા ગુણઠાણાનાં લક્ષણ-ત્રીજું મિશ્ર ગુણઠાણું. તે બે વસ્તુ મળીને મિશ્ર શ્રીખંડને દૃષ્ટાંતે. શ્રીખંડ જેમ ખાટો ને મીઠો, મીઠાશ સમાન સમકિતને ખટાશ સમાન મિથ્યાત્વ. તે જિન માર્ગ પણ રૂડો જાણે. તથા અન્ય માર્ગ પણ રૂડો જાણે. જેમ કોઈક નગર બહાર સાધુ મહાપુરૂષ પધાર્યા છે, તેને શ્રાવક વાંદવા જાય છે, તેવામાં મિશ્ર દૃષ્ટિવાળો મિત્ર મળ્યો. તેણે પુછયું જે કયાં જાઓ છો ? તે વારે શ્રાવક કહે છે કે સાધુ મહાપુરુષને વાંદવા જઈએ છીએ; તે વારે મિશ્ર દૃષ્ટિવાળો કહે. એને વાંદે શું થાય ? તે વારે શ્રાવક કહે જે મહા લાભ થાય, તે વારે કહે જે હું પણ વાંદવા આવું, એમ કહીને મિશ્રગુણ - ઠાણાવાળે વાંદવાને પગ ઉપાડયો, તેવામાં બીજો મહા મિથ્યાત્વી મિત્ર મળ્યો તેણે પુછયું કે

*નિયમા આવે જ એવું નહીં. કોઈને એક-બે વાર આવે કે ન પણ આવે. ઉપશમ સમકિતમાં પણ તેમ જ સમજવું.

કયાં ભણી જાવ છો ? તે વારે મિશ્ર - ગુણઠાણવાળો કહે જે સાધુ મહાપુરૂષને વાંદવા જઈએ છીએ. તે વારે મહામિથ્યામતિ કહે જે એને વાંદે શું થાય ? એ તો મેલા ઘેલા છે એમ કહીને ભોળવી નાંખ્યો અને પાછો વાળ્યો. તે વારે સાધુજ્ઞાનીને શ્રાવકે વાંદીને પૂછયું કે સ્વામિ ! વાંદવા પગ ઉપાડ્યો તેને શું ગુણ નિપજ્યો ? તે વારે જ્ઞાની ગુરૂ કહે છે, જે કાળા અડદ સરખો હતો તે છડિદાળ સરખો થયો. કૃષ્ણપક્ષી ટળીને શુકલપક્ષી થયો, અનાદિ કાળનો ઉલટો હતો તે સુલટો થયો, સમકિત સન્મુખ થયો પણ પગ ભરવા સમર્થ નહિ. તે વારે ગૌત્તમ સ્વામી હાથ જોડી, માન મોડી, વંદણા નમસ્કાર કરીને શ્રીભગવંતને પૂછતા હવા, સ્વામિનાથ ! તે જીવને શું ગુણ નિપજ્યો ? તે વારે શ્રીભગવંત કહે છે, તે જીવ ૪ ગતિ, ૨૪ દંડકમાં ભમીને પણ ઉત્કૃષ્ટો દેશે ઉણો અર્દ્ધ પુદ્દગલ પરાવર્તનમાં સંસારનો પાર પામશે.

ચોથું અવિરતિ સમ્યક્ત્વદષ્ટિ ગુણઠાણું - તેનાં શું લક્ષણ ? ૭ પ્રકૃતિને ક્ષયોપશમાવે, અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ, સમ્યક્ત્વમોહનીય, મિથ્યાત્વમોહનીય, મિશ્રમોહનીય, એ ૭ પ્રકૃતિને કાંઈક ઉદય આવે તેને ક્ષય કરે અને સત્તામાં દલ છે તેને ઉપશમાવે તેને ક્ષયોપશમ સમ્યક્ત્વ કહીયે. તે સમ્યક્ત્વ અસંખ્યાતી વાર આવે. ૭ પ્રકૃતિના દલને સર્વથા ઉપશમાવે, ઢાંકે તેને ઉપશમ સમ્યકત્વ કહિયે. તે સમકિત પાંચ વાર આવે. ૭ પ્રકૃતિના દલનો ક્ષય કરે તે વારે ક્ષાયક સમકિત કહિયે. તે સમ્યક્ત્વ ૧ વાર આવે. ચોથે ગુણઠાણે આવ્યો થકો જીવાદિક પદાર્થ દ્રવ્યથકી, ક્ષેત્રથકી, કાલથકી, ભાવથકી, નોકારસી આદિ છમાસી તપ જાણે, સદ્દહે, પ્રરૂપે પણ ફરસી શકે નહિ. તે વારે ગૌતમ-સ્વામી હાથ જોડી માન મોડી શ્રીભગવંતને પુછતા હવા, સ્વામિનાથ ! તે જીવને શું ગુણ નિપજ્યો ? તે વારે શ્રીભગવંત

કહે, ગૌતમ ! તે જીવ સમકિત વ્યવહારપણે શુદ્ધ પ્રવર્તતો જઘન્ય ત્રીજે ભવે મોક્ષ જાય, ઉત્કૃષ્ટો પંદર ભવે મોક્ષ જાય, વેદક સમકિત એક વાર આવે, એક સમયની સ્થિતિ છે. પૂર્વે જો આયુષનો બંધ પડયો ન હોય તો ૭ બોલમાં બંધ પાડે નહિ. નરકનું આયુષ, ભવનપતિનું આયુષ, તિર્યંચનું આયુષ, વાણવ્યંતરનું આયુષ, જ્યોતિષનું આયુષ્ય, સ્ત્રીવેદ, નપુંસકવેદ, એ ૭ બોલનો આયુષનો બંધ પાડેનહિ. તે જીવ ૮ આચાર*

---

સમકિત :

ઉપશમ સમકિત : ૭ પ્રકૃતિનાં પ્રદેશોદય તથા વિપાકોદયને સર્વથા ઢાંકે ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત સુધી. ક્ષયોપશમ સમકિતઃ અનંતાનુબંધી કષાયનો વિસંયોજન રૂપી ક્ષય (સર્વથા નહીં) દર્શનત્રીકનો વિપાકોદય નહીં. પ્રદેશ ઉદયે હોય તે. ક્ષાયિક સમકિતઃ ૭ પ્રકૃતિનો સર્વથા ક્ષય. સાસ્વાદન સમકિત : અનંતાનુબંધી કષાયનો વિપાકોદય તથા દર્શનત્રીકનો ઉપશમ. વેદક સમકિત : ક્ષાયિકનો પ્રથમ સમય, ક્ષયોપશમનો છેલ્લો સમય. (કર્મગ્રંથ-૩)

* સમકિતનાં ૮ આચાર (ઉત્. સુ. અ. ૨૮)

(૧) નિશંકિત- જીન પ્રવચનમાં કોઈપણ પ્રકારની શંકા ન કરવી.

(૨) નિકાંક્ષિત -અસત્ય મતો તથા સાંસારિક સુખોની ઈચ્છા ન કરવી.

(૩) નિર્વિચિકિત્સય - ધર્મનાં ફલમાં સંદેહ રહિત થવું.

(૪) અમુઢ દૃષ્ટિ - ઘણાં મત મતાંતરોનો વિવાદાસ્પદ વિચારોને જોઈને દીગ્મૂઢ ન થવું, પરંતુ પોતાની શ્રદ્ધા મજબૂત કરી રાખવી.

(૫) ઉપબુંહા - ગુણી પુરૂષોને જોઈને તેમની પ્રશંસા કરવી તથા પોતાનામાં એવા ગુણો આવે તેવો પ્રયત્ન કરવો.

(૬) સ્થિરીકરણ -ધર્મથી વિમુખ થતાં જીવોને પાછા ધર્મમાં સ્થિર કરવા.

(૭) વાત્સલ્ય - સ્વધર્મનું હીત કરવું અને સ્વધર્મીઓ પ્રત્યે પ્રેમ *રાખવો અને તેમની ભોજન વિ. થી ભક્તિ કરવી.*

(૮) પ્રભાવના - સત્ય ધર્મની પ્રભાવના, ઉન્નતિ અને પ્રચાર કરવો.

સમકિતના આરાધી ચતુર્વિધસંઘની વાછલકા+ પરમહર્ષ ભક્તિ કરતો થકો જઘન્ય પહેલે દેવલોકે ઉપજે, ઉત્૦ બારમે દેવલોકે ઉપજે, પન્નવણાની શાખે. પૂર્વ કર્મને ઉદયે કરીને વ્રત પચ્ચખાણ કરી ન શકે પણ અનેક વરસની શ્રમણોપાસકની પ્રવર્જ્યાનો પાલક કહિયે. દશાશ્રુતસ્કંધે શ્રાવક કહ્યા છે તે માટે દર્શન શ્રાવકને અવિરત સમદૃષ્ટિ કહિયે.

પાંચમું દેશ વિરતિ ગુણઠાણું - તેનાં શું લક્ષણ ? ૭ પ્રકૃતિ પૂર્વે કહી તેનો ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ કરી, અપ્રત્યાખ્યાની ક્રોધ, માન, માયા અને લોભ એ ૪ પ્રકૃતિનો ઉપશમ કે ક્ષયોપશમ કરે ત્યારે દેશ વિરતિ ગુણ સ્થાનકે આવે. પાંચમે ગુણઠાણે આવ્યો થકો જીવાદિક પદાર્થ દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી, નોકારસી આદિ દઈને છમાસી તપ જાણે, સર્દહે, પ્રરુપે, શક્તિ પ્રમાણે ફરસે, એક પચ્ચખાણથી માંડીને ૧૨ વ્રત ૧૧ શ્રાવકની પડિમા આદરે, યાવત્ સંલેખણા સુધી અનશન કરી આરાધે. તે વારે ગૌતમસ્વામી હાથ જોડી માન મોડી શ્રીભગવંતને પૂછતા હવા, તે જીવને શું ગુણ નીપજ્યો ? તે વારે શ્રીભગવંતે કહ્યું, જ૦ ત્રીજે ભવે મોક્ષ જાય, ઉ૦ ૧૫ ભવે મોક્ષ જાય જ૦ પહેલે દેવલોકે ઉપજે, ઉત્૦ ૧૨ મે દેવલોકે ઉપજે, તેને સાધુના વ્રતની અપેક્ષાએ દેશવિરતિ કહિયે, પણ પરિણામથી અવ્રતની ક્રિયા ઉતરી ગઈ છે, અલ્પ ઈચ્છા, અલ્પ આરંભ, અલ્પ પરિગ્રહી, સુશીલ, સુવ્રતી, ધર્મિષ્ટ, ધર્મવૃત્તિ, કલ્પઉગ્રવિહારી,૦ મહાસંવેગવિહારી×, ઉદાસી, વૈરાગ્યવંત, એકાંતઆર્ય, સમ્યગમાર્ગી, સુસાધુ, સુપાત્ર, ઉત્તમ ક્રિયાવાદી, આસ્તિક્ય,

---

+ વાચ્છલકા - વાત્સલ્ય પૂર્વક ઉત્સાહ ભેર

૦ શ્રાવકનાં કલ્પ (નિયમોને) યથા તથ્ય પાળવાવાળાં.

× મોક્ષ તરફનાં મહાન વેગવાળાં

આરાધક, જૈનમાર્ગ પ્રભાવક, અરિહંતના શિષ્ય વર્ણવ્યા છે, ગીતાર્થ જાણે છે. સિદ્ધાંતની શાખ છે. શ્રાવકપણું એક ભવમાં પ્રત્યેક હજાર વાર આવે.

છઠ્ઠું પ્રમત્ત ગુણઠાણું તેના શું લક્ષણ ? પૂર્વેની ૭ પ્રકૃતિ કહી તેનો ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ કરે અને અપ્રત્યાખ્યાની ક્રોધ માન, માયા અને લોભ તથા પ્રત્યાખ્યાનાવરણીય ક્રોધ, માન, માયા અને લોભ એ આઠ પ્રકૃતિનો ઉપશમ કે ક્ષયોપશમ કરે ત્યારે છઠ્ઠું પ્રમત્ત સંયતિ ગુણઠાણું પ્રાપ્ત કરે. તે વારે ગૌતમસ્વામી હાથ જોડી માન મોડી શ્રીભગવંતને પૂછતા હવા. તે જીવને શું ગુણ નીપજ્યો ? તે વારે શ્રીભગવંતે કહ્યું જે તે જીવ દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી, જીવાદિક નવ પદાર્થ તથા નોકારસી આદિ છમાસી તપ જાણે, સર્દહે, પ્રરૂપે, ફરસે. સાધુપણું એક ભવમાં ઉ. નવસેં વાર આવે. તે જીવ જઘન્ય તેજ ભવે મોક્ષ જાય, ઉત્0 ૧૫ ભવે મોક્ષ જાય. આરાધક જીવ જઘ0 પહેલે દેવલોકે ઉપજે, ઉત્0 અનુત્તર વિમાને ઉપજે, ૧૭ ભેદે સંજમ નિર્મળ પાળે. ૧૨ ભેદે તપસ્યા કરે, પણ જોગ ચપલ, કષાય ચપલ, વચન ચપલ, દૃષ્ટિમાં ચપલતાનો અંશ છે. તેણે કરીને યદ્યપિ ઉત્તમ અપ્રમાદિ થકા રહે છે તો પણ પ્રમાદ રહે છે; માટે પ્રમાદપણે કરી તથા કૃષ્ણાદિક લેશ્યા અશુભ જોગ કોઈક કાળે પ્રણિત પ્રણમે છે. માટે કષાય પ્રકૃષ્ટમત્ત* થઈ જાય છે, તેને પ્રમત્તસંજતિ ગુણઠાણું કહિયે.

સાતમું અપ્રમત્ત સંજતિ ગુણઠાણું - તેનું શું લક્ષણ ? પાંચ પ્રમાદ છાંડે તે વારે સાતમે ગુણઠાણે આવે. તે પાંચ પ્રમાદનાં નામ.

* પ્રકૃષ્ટમત્ત - મજબૂત થઈ જવું.

ગાથા.

મદ્ય+, વિષય, કસાય, નિંદ્રા, વિકહા, પંચમાં ભણિયા,
એએ પંચ પમાયા, જીવા પાડંતિ સંસારે.

એ પાંચ પ્રમાદ છાંડે તેને શું ગુણ નિપજ્યો ? તે જીવ જીવાદિ પદાર્થ દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી તથા નોકારસી આદિ દઈને છમાસી તપ ધ્યાન જુગતપણે○ જાણે, સર્દહે, પ્રરૂપે, ફરસે, તે જીવ જઘન્ય તેજ ભવે મોક્ષ જાય, ઉત્કૃષ્ટો ત્રીજે ભવે મોક્ષ જાય. ગતિ તો પ્રાયેઃ કલ્પાતીતની થાય. ધ્યાનને વિષે, અનુષ્ઠાનને વિષે અપ્રમત્ત ઉદ્યત થકાં રહે છે. તથા શુભ લેશ્યાપણે જ કરીને નથી પ્રમત કષાય જેને અપ્રમત્ત સંજતિ ગુણઠાણું કહિયે.

આઠમું નિયટ્ટિ બાદર ગુણઠાણું - તેનું શું લક્ષણ ? ગૌતમસ્વામી હાથ જોડી માન મોડી શ્રીભગવંતને પૂછતા હવા સ્વામીનાથ ! તે જીવને શું ગુણ નીપજ્યો ? તે વારે શ્રી ભગવંતે કહ્યું, પરિણામધારા, અપૂર્વ કરણ જે કોઈ કાળે જીવને, કોઈ દિને આવ્યું નથી, તે શ્રેણિ જુગત જીવાદિક પદાર્થ દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી, નોકારસી આદિ દઈ છમાસી તપ, જાણે, સર્દહે, પ્રરૂપે, ફરસે, તે જીવ જઘન્ય તેજ ભવે મોક્ષ જાય. ઉત્○ ત્રીજે ભવે મોક્ષ જાય અહીંથી શ્રેણિ ૨ કરે. ઉપશમશ્રેણિ, ને ક્ષપકશ્રેણિ. ઉપશમ શ્રેણિવાળો જીવ તે મોહનીય કર્મની પ્રકૃતિના દલને ઉપશમાવતો અગ્યારમાં ગુણઠાણા સુધી જાય, પડિવાઈજ થાય. હિયમાન પરિણામ પરિણમે અને ક્ષપક શ્રેણિવાળો જીવ તે મોહનીય કર્મની પ્રકૃતિના દલને ખપાવતો

+ મદ્ય - જેની આદત પડી જાય તેવું કેફી પીણું (ચા-કોફી-મદિરા)
○ જુગતપણે - સાથે, (તપ અને ધ્યાન બન્ને સાથે)

શુદ્ધ મૂલમાંથી નિર્જરા કરતો નવમે દશમે ગુણઠાણે થઈને બારમે ગુણઠાણે જાય. અપડિ-વાઈજ હોય. વર્દ્ધમાન પરિણામ પરિણમે. નિયટ્ટિબાદરનો અર્થ તે નિવર્ત્યો છે, બાદર કષાયથી, બાદર સંપરાય★ ક્રિયાથી, શ્રેણિ કરવે, અભ્યયંતર પરિણામે, અધ્યવસાય સ્થિર કરવે, બાદર ચપલતાથી નિવર્ત્યો છે માટે નિયટ્ટિબાદર ગુણઠાણું કહિયે. તથા બીજું નામ અપૂર્વકરણ ગુણઠાણું કહિયે. જે કોઈ કાળે જીવે પૂર્વે એ શ્રેણિ કરી ન હતી અને એ ગુણઠાણે પહેલું જ કરણ તે પંડિતવીર્યનું આવરણ ક્ષયકરણ રૂપ કરણપરિણામધારા વર્દ્ધનરૂપ શ્રેણિ કરે તેને અપૂર્વ કરણ ગુણઠાણું કહિયે. આઠમા. ગુ. સ્થાનકના છેડે હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, દુગંછા, એ છનો ઉપશમ કે ક્ષય કરતા કુલ મોહનીયની ૨૧ પ્રકૃતિ જાય છે.

નવમું અનિયટ્ટિબાદર ગુણઠાણું - તેનું શું લક્ષણ ? સત્તાવીશ પ્રકૃતિનો ક્ષયકરે અથવા ઉપશમાવે ૨૧ પ્રકૃતિ પૂર્વે કહી તે અને સંજ્વલનનો ક્રોધ, માન માયા, સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ, એવં ૨૭ પ્રકૃતિને ક્ષયકરે અથવા ઉપશમાવે તે વારે ગૌતમસ્વામી હાથ જોડી માન મોડી શ્રીભગવંતને પૂછતા હવા. સ્વામિનાથ ! તે જીવને શું ગુણ નિપજ્યો ? તે વારે ભગવંતે કહ્યું તે જીવ જીવાદિક પદાર્થ તથા નોકારસી આદિ દઈને છમાસી તપ દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી, નિર્વિકાર અમાયી વિષય નિરવંછાપણે જાણે, સર્દહે, પ્રરૂપે, ફરસે. તે જીવ જઘન્ય તેજ ભવે મોક્ષ જાય, ઉત્૦ ત્રીજા ભવે મોક્ષ જાય. અનિયટ્ટિબાદર તે સર્વથા પ્રકારે નિવર્ત્યો નથી અંશે માત્ર હજી બાદર સંપરાયક્રિયા રહી છે માટે અનિયટ્ટિબાદર ગુણઠાણું કહિયે. આઠમા નવમા

★ સંપરાય - કષાય

ગુણઠાણાના શબ્દાર્થ ઘણા ગંભીર છે; તે અન્ય પંચસંગ્રહાદિક ગ્રંથ તથા સિદ્ધાંતથી સમજવા.

દશમું સૂક્ષ્મ સંપરાય ગુણઠાણું - તેનું શું લક્ષણ ? ૨૭ પ્રકૃતિનો ક્ષય અથવા ઉપશમ લઈને આવે અને ફક્ત એક સંજ્વલનના લોભનો ઉદય રહે છે. તે વારે ગૌતમસ્વામી હાથ જોડી, માન મોડી, શ્રીભગવંતને પૂછતા હવા. સ્વામિનાથ, તે જીવને શું ગુણ નિપજ્યો ? તે વારે ભગવંતે કહ્યું, તે જીવ દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી, જીવાદિક પદાર્થ તથા નોકારસી આદિ દઈને છમાસી તપ, નિરાભિલાષ, નિર્વંછક, નિર્વેદકતાપણે[1], નિરાશી[2], અવ્યામોહ[3], અવિભ્રમપણે[4], જાણે, સર્દહે, પ્રરૂપે, ફરસે, તે જીવ જઘન્ય તેજ ભવે મોક્ષ જાય, ઉત્૦ ત્રીજે ભવે મોક્ષ જાય. સૂક્ષ્મ થોડીક લગારેક પાતલીશી સંપરાય ક્રિયા રહી છે તેને સૂક્ષ્મસંપરાય ગુણઠાણું કહિયે.

અગ્યારમું ઉપશાંતમોહ ગુણઠાણું - તેનું શું લક્ષણ ? ૨૮ પ્રકૃતિને ઉપશમાવે, તે ૨૭ પ્રકૃતિ પૂર્વે કહી તે, અને સંજ્વલનનો લોભ ૧ એવં ૨૮ મોહનીય કર્મની પ્રકૃતિને ઉપશમાવે, સર્વથા ઢાંકે, ભસ્મ ભારી પ્રછન્ન અગ્નિવત્★ તે વારે ગૌતમસ્વામી હાથ જોડી માન મોડી શ્રી ભગવંતને પૂછતા હવા. સ્વામિનાથ ! તે જીવને શું ગુણ નિપજ્યો ? તે વારે શ્રીભંગવતે કહ્યું, તે જીવ જીવાદિક પદાર્થ દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી, નોકારસી આદિ દઈને છમાસી તપ વીતરાગ ભાવે યથાખ્યાત ચારિત્રપણે જાણે, સર્દહે, પ્રરૂપે, ફરસે, એવામાં જો કાળ કરે તો અનુત્તર વિમાનમાં જાય. પછી મનુષ્ય થઈ મોક્ષ જાય. અગીયારમા ગુણ.

૧. વેદ રહિતપણું, ૨. આશારહિત, ૩. જેનો મોહ નાશ પામ્યો છે, ૪. ભ્રમરહિત.

★ ભસ્મ ભારી પ્રછન્ન અગ્નિવત્ - રાખથી ઢાંક્યા અગ્નિની જેમ.

ની સ્થિતિ પૂરી થતા દશમે આવે ત્યાં પહેલાજ સમયે સૂક્ષ્મ લોભનો ઉદય થાય. દશમાંથી પડે તો પહેલા ગુણઠાણા સુધી પણ જાય. પણ અગ્યારમેથી ચઢવું તો નથી. ઉપશાંત એટલે ? ઉપશમ્યો છે મોહ સર્વથા, જળે કરી અગ્નિ ઓલવ્યાની પેરે નહિ. પણ ઢાંકયો છે, માટે ઉપશાંતમોહ ગુણઠાણું કહિયે.

બારમું ક્ષીણમોહ ગુણઠાણું - તેનું શું લક્ષણ ? જે ૨૮ પ્રકૃતિને સર્વથા ખપાવે. ક્ષપકશ્રેણિ, ક્ષાયકભાવ, ક્ષાયકસમકિત, ક્ષાયક યથાખ્યાત ચારિત્ર, કરણ સત્ય[1]; જોગ સત્ય[2], ભાવ સત્ય[3], અમાયી, અકષાયી, વીતરાગી, ભાવનિર્ગ્રંથ, સંપૂર્ણ સંવુડ[+], સંપૂર્ણ ભાવિતાત્મા, મહાતપસ્વી, મહાસુશીલ, અમોહી, અવિકારી, મહાજ્ઞાની, મહાધ્યાની, વર્ધમાન પરિણામી, અપડિવાઈ થઈ અંતર્મુહૂર્ત રહે. એ ગુણઠાણે કાળ કરવો નથી. પુનર્ભવ છે નહિ. છેલ્લે સમયે પાંચ જ્ઞાનાવરણીય, નવ દર્શનાવરણીય, પંચવિધ અંતરાય બારમાંના ચરમ સમયે ક્ષય કરી તેરમા ગુણઠાણાનાં પ્રથમ સમયે કેવળ જયોત પ્રગટે; માટે ક્ષીણ તે ક્ષય કર્યો છે મોહ સર્વથા જે ગુણઠાણે તેને ક્ષીણમોહ ગુણઠાણું કહિયે.

તેરમું સજોગી કેવલી ગુણઠાણું - તેનું શું લક્ષણ ? દશ બોલ સહિત તેરમે ગુણઠાણે વિચરે. સજોગી, સશરીરી, સલેશી, શુકલલેશી, યથાખ્યાત ચારિત્રી, ક્ષાયક સમકિત, પંડિત વીર્ય શુકલધ્યાન, કેવલજ્ઞાન કેવલદર્શન, એ ૧૦ બોલસહિત જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્o દેશેઉણી પૂર્વક્રોડી સુધી વિચરે. ઘણા જીવને તારી

---

+ સંપૂર્ણ સંવુડ - સર્વ ૧. રહિત. કરણ સત્ય - ઉપદેશ તથા આચરણ બન્ને સત્ય હોય તે, જોગ ૨. સત્ય - મન, વચન, કાયાનાં જોગને સત્ય પરિણમાવે, ૩. ભાવ સત્ય - ભાવની વિશુદ્ધિ કરે તે, શૈલશીપણે - પર્વતની જેમ નિશ્ચલ.

પ્રતિબોધી નિહાલ કરીને, બીજા ત્રીજા શુકલધ્યાનના પાયાને ધ્યાઈને, ચઉદમે જાય. સજોગી તે શુભ મન વચન, કાયાના જોગસહિત છે. બાહ્ય ચલોપકરણ[૧] છે. ગમનાગમનાદિક ચેષ્ટાશુભ સહિત છે. કેવલજ્ઞાન, કેવલદર્શન ઉપયોગ સમયાંતર અવિછિન્નપણે શુદ્ધ પ્રણમે; માટે સજોગી કેવલી ગુણઠાણું કહિયે.

ચઉદમું અજોગી કેવલી ગુણઠાણું - તેનું શું લક્ષણ ? શુક્લધ્યાનનો ચોથો પાયો, સમુછિન્નક્રિયા★, અનંતર અપ્રતિપાતી, અનિવૃત્તિધ્યાતા[૨], મનજોગ રૂંધી, વચન જોગ રૂંધી, કાયજોગ રૂંધી આન પ્રાણ+ નિરોધ કરી, (૧૩ મા. ગુ. સ્થાનના છેડે આ ક્રિયા થાય છે) રૂપાતીત પરમ શુક્લ ધ્યાન ધ્યાતા, ૭ બોલ સહિત વિચરે. તેરમે ૧૦ બોલ કહ્યા તેમાંથી સજોગી, સલેશી, શુકલ લેશી, એ ત્રણ વર્જીને શેષ ૭ બોલસહિત સકલગીરિનો રાજા મેરૂ તેની પેરે અડોલ, અચલ, સ્થિર અવસ્થાને પામે, શૈલેશીપણે રહી, પંચલઘુ અક્ષર ઉચ્ચાર પ્રમાણ કાલ રહી, શેષ વેદનીય, આયુષ્ય, નામ, ગોત્ર, એ ૪ કર્મક્ષીણ કરીને મુકિતપદ પામે. શરીર ઔદારિક, તેજસ, કાર્મણ સર્વથા છાંડીને સમશ્રેણિ, રૂજુગતિ, અન્ય આકાશપ્રદેશને ન અવગાહતો, અણફરસતો, એકસમય માત્રમાં ઉર્ધ્વગતિ અવિગ્રહગતિયે ત્યાં જાય એરંડબીજ બંધન મુકતવત્. નિર્લેપ તુંબીવત્, કોદંડ મુક્ત બાણવત્, ઈંધનવન્હિમુકત ધુમ્રવત્, ત્યાં

★ સમુછિન્નક્રિયા - સર્વક્રિયા રહિત.

+ આન પ્રાણ - શ્વાસોશ્વાસ

૧.બાહ્ય ચલોપકરણ - સાધુનાં જે ઉપકરણ લઈ મૂકી શકાય તે વસ્ત્ર, પાત્રાદિક

૨. અનિવૃત્તિધ્યાતા - શુક્લ ધ્યાનનો ચોથો પાયો જેમાંથી પાછા ફરવાનું નથી તેવું ધ્યાન.

સિદ્ધક્ષેત્રે જઈ સાકારોપયોગે સિદ્ધ થાય, બુદ્ધ થાય. પારંગત થાય, પરંપરાગત થાય, સકલ કાર્ય અર્થ સાધી કૃતકૃતાર્થ°, નિષ્ઠિતાર્થ×, અતુલ સુખસાગર નિમગ્ન, સાદિ અનંત ભાંગે સિદ્ધ થાય, એ સિદ્ધ પદનો ભાવસ્મરણ ચિંતન મનન કદા કાળે મુજને હોશે ? તે ઘટિ પલ ધન્ય સફળ હોશે. અજોગી તે જોગરહિત કેવલસહિત વિચરે તેને અજોગી કેવલી ગુણઠાણું કહિયે. ઈતિ લક્ષણ ગુણદ્વાર બીજો સંપૂર્ણ

## ત્રીજો સ્થિતિ દ્વાર.

પહેલા ગુણઠાણાની સ્થિતિ ૩ પ્રકારની છે. અણાદિયા અપજ્જવસિયા તે જે મિથ્યાત્વની આદિ નથી ને અંત પણ નથી તે અભવ્ય જીવના મિથ્યાત્વ આશ્રી ૧. અણાદિયા સપજ્જવસિયા તે જે મિથ્યાત્વની આદિ નથી પણ અંત છે તે ભવ્ય જીવના મિથ્યાત્વ આશ્રી. ૨. સાદિયા સપજ્જવસિયા તે જે મિથ્યાત્વની આદિ પણ છે ને અંતે પણ છે, પડિવાઈ સમદષ્ટિના મિથ્યાત્વ આશ્રી. તેની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્૦ અર્ધપુદ્ગલ પરાવર્તન દેશે ઉણી, પછી અવશ્ય સમકિત પામીને મોક્ષ જાય.૩ બીજા ગુણઠાણાની સ્થિતિ જઘ૦ ૧ સમયની ઉત્૦ ૬ આવલિકાની. ત્રીજા ગુણઠાણાની સ્થિતિ જ૦ ઉ૦ અંતર્મુહુર્તની, ચોથા ગુણઠાણાની સ્થિતિ જ૦ અંતર્મુહુર્તની ઉ૦ ૬૬ સાગરોપમ ઝાઝેરાની, તે ૨૨ સાગરોપમની સ્થિતિએ ૩ વાર બારમે દેવલોકે ઉપજે, ચાર પૂર્વ ક્રોડિ અધિક મનુષ્યના ભવ આશ્રી જાણવી. પાંચમા, છઠા અને તેરમા ગુણઠાણાની સ્થિતિ જ૦ અંત૦ ઉ૦ દેશે ઉણી તે સાડા આઠ વર્ષ ઉણી પૂર્વક્રોડની. સાતમાંથી તે અગ્યારમા ગુ૦ સુધી જ૦ ૧ સમય,

° કૃતકૃતાર્થ – સંપૂર્ણ કાર્યની સિદ્ધિ

× નિષ્ઠિતાર્થ – હવે કાંઈ જ કાર્ય કરવાનું બાકી નથી.

ઉ૦ અંત૦ બારમા ગુ૦ સ્થિતિ જ૦ ઉ૦ અંત૦ ચઉદમા ગુણઠાણાની સ્થિતિ પાંચ હ્રસ્વ અક્ષર (અ. ઇ. ઉ. ઋ. લુ) બોલવા પ્રમાણે જાણવી. ઇતિ ત્રીજો સ્થિતિ દ્વાર સમાપ્ત. ૩.

## ચોથો ક્રિયા દ્વાર.

પહેલે બીજે ને ત્રીજે ગુણઠાણે ૨૪ ક્રિયા લાભે, ઈરિયાવહ્રિયા ક્રિયા વર્જીને. ચોથે ગુ૦ ૨૩ ક્રિયા લાભે, ઇરિયાવહિયા ને મિચ્છાદંસણ વત્તિયા એ ૨ વર્જીને. પાંચમે ગુ૦ ૨૨ ક્રિયા લાભે, ઉપરની બે તથા અપચ્ચક્ખાણ વત્તિયા એ ૩ વર્જીને. છઠ્ઠે ગુણઠાણે ૨૨ માંથી પારિગ્ગહિયા વર્જીને ૨૧ ક્રિયા લાભે. સાતમે ગુણઠાણેથી તે દશમા ગુણઠાણા સુધી ૨૧ માંથી કાઈયા આદી પાંચ અને આરંભીયા વર્જીને ૧૫ ક્રિયા લાગે. અગ્યારમે, બારમે, તેરમે ગુણઠાણે ૧ ઇરિયાવહિયા ક્રિયા લાભે. ચઉદમે ગુણ૦ કોઈ ક્રિયા લાભે નહિ. ઈતિ ૪ થો ક્રિયા દ્વાર સમાપ્ત. ૪.

## પાંચમો સત્તા દ્વાર.

પહેલા ગુણઠાણાથી તે અગ્યારમા ગુણઠાણા સુધી આઠ કર્મની સત્તા. બારમે ૭ કર્મની સત્તા, ૧ મોહનીય કર્મ વર્જીને. તેરમે, ચઉદમે ગુણ૦ ૪ કર્મની સત્તા, વેદનીય, આયુષ્ય, નામ, ગોત્ર. ૫ મો સત્તા દ્વાર સમાપ્ત. ૫.

## છઠો બંધ દ્વાર.

પહેલા ગુણઠાણાથી તે સાતમા ગુણઠાણા સુધી ત્રીજું ગુણઠાણું વર્જીને ૮ કર્મ બાંધે. અને જો ૭ બાંધે તો આયુષ્ય વર્જીને. ત્રીજે, આઠમે, નવમે ગુ૦ ૭ કર્મ બાંધે, આયુષ્ય વર્જીને. દશમે ગુણ૦ ૬ કર્મ બાંધે, આયુષ્ય, ને મોહનીય એ ૨ વર્જીને. અગ્યારમે, બારમે, તેરમે ગુણ૦ ૧ સાતા વેદનીય બાંધે.

ચઉદમે ગુણ૦ અબંધ. ઈતિ ૬ ઠો બંધ દ્વાર સમાપ્ત. ૬.

## સાતમો વેદે દ્વાર ને આઠમો ઉદય દ્વાર.

પહેલા ગુણઠાણાથી તે દશમા ગુણઠાણા સુધી ૮ કર્મવેદે ને ૮ નો ઉદય. અગ્યારમે, બારમે ૭ કર્મ વેદે ને ૭ નો ઉદય, મોહનીય વર્જીને. તેરમે, ચઉદમે, ૪ કર્મ વેદે ને ૪ નો ઉદય, વેદનીય, આયુષ્ય, નામ, ગોત્ર. ઈતિ ૭ મો વેદ દ્વાર ને ૮ નો ઉદય દ્વાર સમાપ્ત ૭-૮

## નવમો ઉદિરણા દ્વાર.

પહેલા ગુણઠાણાથી છઠ્ઠા સુધી, ત્રીજું વર્જીને આઠ અથવા સાત કર્મની ઉદિરણા થાય. સાતની કરે તો આયુષ્ય વર્જીને, છ ની કરે તો આયુષ્ય અને વેદનીય વર્જીને. ત્રીજે આઠ કર્મની ઉદિરણા થાય. સાતમે, આઠમે તથા નવમે છ કર્મની ઉદિરણા થાય તે આયુષ્ય તથા વેદનીય વર્જીને. દશમે છ અથવા પાંચની ઉદિરણા થાય. છની થાય તો આયુષ્ય અને વેદનીય બે વર્જીને અને પાંચની થાયતો આયુષ્ય, વેદનીય અને મોહનીયએ ત્રણ વર્જીને. અગીયારમે પાંચ કર્મની ઉદિરણા થાય. બારમે ગુણઠાણે પાંચ અથવા બે કર્મની ઉદિરણા થાય તે નામ અને ગોત્રની. તેરમે બે કર્મની તે નામ અને ગોત્રની. ચૌદમે ઉદિરણા નથી. ઈતિ નવમો ઉદિરણા દ્વાર સમાપ્ત. ૯.

## દશમો નિર્જરા દ્વાર.

પહેલાથી દસમા ગુણ સુધી આઠ કર્મની નિર્જરા. અગીયારમે તથા બારમે સાત કર્મની નિર્જરા તે મોહનીય વર્જીને. તેરમે, ચૌદમે ચાર કર્મની નિર્જરા તે વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર. ઈતિ દશમો નિર્જરા દ્વાર સમાપ્ત ૧૦.

## એગીયારમો ભાવ દ્વાર

ઉદય ભાવ, ઉપશમ ભાવ, ક્ષાયિક ભાવ, ક્ષયોપશમ

ભાવ, પારિણામિક ભાવ અને સન્નિવાઈ ભાવ. પહેલે, બીજે અને ત્રીજે ૩ ભાવ તે ઉદય, ક્ષયોપશમ અને પારિણામિક. ચોથાથી ૧૧ મા સુધી ઉપશમ શ્રેણીવાળાને પાંચ ભાવ તે ઉદય, ઉપશમ, ક્ષાયિક, ક્ષયોપશમ અને પારિણામિક અને ચોથાથી માંડી બારમા સુધી ક્ષપક શ્રેણીવાળાને ૪ ભાવ તે ઉદય, ક્ષાયિક, ક્ષયોપશમ અને પારિણામિક. તેરમે, ચૌદમે ૩ ભાવ તે ઉદય, ક્ષાયક અને પારિણામિક. સિદ્ધમાં ૨ ભાવ તે ક્ષાયિક અને પારિણામિક. ઈતિ અગીયારમો ભાવ દ્વાર સમાપ્ત ૧૧.

### બારમો કારણ દ્વાર.

કર્મબંધનનાં કારણ પાંચ તે મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, જોગ. પહેલે, ત્રીજે ગુ૦ ૫ કારણ લાભે. બીજે ચોથે ૪ કારણ લાભે, મિથ્યાત્વ વર્જીને. પાંચમે છઠ્ઠે ગુણ૦ ૩ કારણ લાભે, મિથ્યાત્વ, અવિરતિ એ ૨ વર્જીને. સાતમેથી દશમા ગુણઠાણા સુધી ૨ કારણ લાભે, કષાય અને જોગ એ ૨ લાભે. અગ્યારમે, બારમે, તેરમે ૧ કારણ લાભે તે ૧ જોગ. ચઉદમે કોઈ કારણ નથી. ઈતિ ૧૨ મો કારણ દ્વાર સમાપ્ત ૧૨.

### તેરમો પરિષહ દ્વાર.

ચાર કર્મના ઉદયે ૨૨ પરિષહ લાભે :

૨૦ ૨૧

(૧) જ્ઞાનાવરણીય કર્મના ઉદયે બે પરિષહ તે પ્રજ્ઞા અને અજ્ઞાન

૧ ૨ ૩

(૨) વેદનીય કર્મના ઉદયે ૧૧ પરિષહ તે ક્ષુધા, તૃષા, શિત,

૪ ૫ ૯ ૧૧ ૧૩ ૧૬ ૧૭ ૧૮

ઉષ્ણ, દંશમસગ, ચર્યા, સેજા, વધ, રોગ, તૃણફાસ અને મેલ

(૩) મોહનીય કર્મના ઉદયે ૮ પરિષહ :

૨૨

(અ) દર્શનમોહનીયના ઉદયે એક દંશણનો અને

૬ ૭ ૮

(અ) ચારિત્રમોહનીયના ઉદયે સાત તે અચેલ, અરતિ, સ્ત્રી,

૧૦ ૧૨ ૧૪ ૧૯

બેસવાનો, આક્રોશનો, યાચના અને સત્કાર પુરસ્કાર.

૧૫

(૪) અંતરાય કર્મના ઉદયે એક પરિષહ તે અલાભ.

પહેલેથી ચોથા ગુણ. સુધી યદ્યપી ૨૨ પરિષહ લાભે પણ તે દુઃખરૂપ છે. નિર્જરા રૂપ પરિણમે નહિ. ૫, ૬, ૭ ગુણ ૨૨ પરિષહ લાભે. એક સમયે ૨૦ વેદે. ટાઢનો ત્યાં તાપનો નહિ અને તાપનો ત્યાં ટાઢનો નહિ. ચાલવાનો ત્યાં બેસવાનો નહિ અને બેસવાનો ત્યાં ચાલવાનો નહિ. આઠમે ગુણ. ૨૧ પરિષહ લાભે તે દંશણનો વર્જીને. નવમે ગુણઠાણે ૧૮ પરિષહ લાભે તે અચેલ, અરતિ અને બેસવાનો એ ત્રણ વર્જીને. દશમે, અગીયારમે, બારમે ગુણ૦ ૧૪ પરિષહ લાભે તે સ્ત્રી, આક્રોશ, યાચના અને સત્કાર પુરસ્કાર એ ચાર વર્જીને એક સમયે ૧૨ વેદે. તેરમે ચૌદમે ૧૧ પરિષહ લાભે તે ઉપરના ૧૪ માંથી પ્રજ્ઞા અને અજ્ઞાન એ બે જ્ઞાનાવરણીય કર્મના ઉદયે હતા અને ૧ અલાભનો અંતરાય કર્મના ઉદયે હતો તે ત્રણ વર્જીને ૧૧ લાભે. એક સમયે ૯ વેદે. ટાઢનો ત્યાં તાપનો નહિ અને તાપનો ત્યાં ટાઢનો નહિ અને ચાલવાનો ત્યાં સેજ્જાનો નહિ અને સેજ્જાનો ત્યાં ચાલવાનો નહિ. (સેજ્જા-સ્થાન, મકાન). ઇતિ ૧૩ મો પરિષહ દ્વાર સમાપ્ત ૧૩.

## ચૌદમો માર્ગણા દ્વાર.

પહેલે ગુણઠાણે માર્ગણા ૪, ત્રીજે, ચોથે, પાંચમે, સાતમે જાય. બીજે ગુણ૦ માર્ગણા ૧, પડી ને પહેલે આવે પણ ચડવું નથી. ત્રીજે માર્ગણા ૪, પડે તો પહેલે આવે અને ચડે તો ચોથે, પાંચમે અને સાતમે જાય. ચોથે માર્ગણા ૫, પડે તો પહેલે, બીજે, ત્રીજે આવે અને ચડે તો પાંચમે, સાતમે જાય. પાંચમે માર્ગણા ૫, પડે તો પહેલે, બીજે, ત્રીજે, ચોથે આવે અને ચડે તો સાતમે જાય છઠે માર્ગણા ૬, પડે તો પહેલે, બીજે, ત્રીજે, ચોથે, પાંચમે આવે અને ચડે તો સાતમે જાય. સાતમે, માર્ગણા★ ૩, પડે તો છઠે, ચોથે આવે અને ચડે તો આઠમે જાય. આઠમે માર્ગણા ૩, પડે તો સાતમે, ચોથે આવે અને ચડે તો નવમે જાય. નવમે માર્ગણા ૩, પડે તો આઠમે, ચોથે આવે, ચડે તો દશમે જાય. દશમે માર્ગણા ૪, પડે તો નવમે, ચોથે આવે ચડે તો અગ્યારમે, બારમે જાય. અગ્યારમે માર્ગણા ૨, કાળ કરે તો (અનુત્તર વિમાને) ચોથે જાય, પડે તો દશમે આવે. ચડવું નથી. બારમે માર્ગણા ૧, તેરમે જાય, પડવું નથી. તેરમે માર્ગણા ૧, ચૌદમે જાય, પડવું નથી. ચૌદમે માર્ગણા એકે નથી. મોક્ષે જાય. ઈતિ માર્ગણા દ્વાર સમાપ્ત. ૧૪.

## પંદરમો આત્મા દ્વાર.

આત્મા ૮; દ્રવ્યઆત્મા, કષાયઆત્મા, યોગઆત્મા, ઉપયોગ - આત્મા, જ્ઞાનઆત્મા, દર્શનઆત્મા, ચારિત્રઆત્મા, વીર્યઆત્મા એવં ૮. પહેલે, ત્રીજે ગુણ૦ ૬ આત્મા, જ્ઞાન ને ચારિત્ર એ ૨ વર્જીને. બીજે ચોથે ગુણ૦ ૭ આત્મા, ચારિત્ર વર્જીને. પાંચમે ગુણઠાણે પણ ૭ આત્મા, દેશથી ચારિત્ર છે. છઠેથી દશમા ગુણઠાણા સુધી ૮ આત્મા. અગ્યારમે, બારમે, તેરમે ગુ૦ ૭

★ સાતમા ગુણ. થી આગળ બંધ પડે તો ચોથેની માર્ગણા છે તે કાળ કરીને દેવ થાય તે આશ્રી જ જાણવી.

આત્મા, કષાય વર્જીને. ચૌદમે ગુ૦ ૬ આત્મા, કષાય ને જોગ વર્જીને. સિદ્ધમાં ૪ આત્મા જ્ઞાનઆત્મા, દર્શનઆત્મા, દ્રવ્યઆત્મા, ઉપયોગઆત્મા. ઇતિ ૧૫ મો, આત્મા દ્વાર સમાપ્ત.

## સોળમો જીવ ભેદ દ્વાર.

પહેલે ગુણઠાણે ૧૪ ભેદ લાભે. બીજે ગુણ૦ ૬ ભેદ લાભે, બેઇંદ્રિય, તેઈન્દ્રિય, ચઉરિંદ્રિય, અસંજ્ઞી તિર્યંચ પંચેંદ્રિય, એ ૪ ના અપર્યાપ્તા ને સંજ્ઞી પંચેંદ્રિયનો અપર્યાપ્તો ને પર્યાપ્તો એ ૬. ત્રીજે ગુણ૦ ૧ સંજ્ઞી પંચેંદ્રિયનો પર્યાપ્તો લાભે. ચોથે ગુણઠાણે ૨ ભેદ લાભે. સંજ્ઞી પંચેંદ્રિયનો અપર્યાપ્તો ને પર્યાપ્તો એ ૨. પાંચમાંથી તે ૧૪ મા ગુણઠાણા સુધી ૧ સંજ્ઞી પંચેંદ્રિયનો પર્યાપ્તો લાભે. ઇતિ ૧૬ મો જીવભેદ દ્વાર સમાપ્ત. ૧૬.

## સત્તરમો જોગ દ્વાર.

પહેલે, બીજે ને ચોથે ગુણઠાણે જોગ ૧૩ લાભે, બે આહારકના વર્જીને, ત્રીજે ગુણ૦ ૧૦ જોગ લાભે, તે ૪ મનના, ૪ વચનના, ૧ ઔદારિકનો, ૧ વૈક્રિયનો એવં ૧૦ લાભે. પાંચમે ગુણઠાણે ૧૨ જોગ; આહારકના ૨ ને એક કાર્મણનો એ ૩ વર્જીને ૧૨ લાભે. છઠ્ઠે ગુ૦ ૧૪ જોગ લાભે, ૧ કાર્મણનો વર્જીને. સાતમે ગુ. ૯ જોગ તે ૪ મનના, ૪ વચનના, ૧ ઔદારિકનો, એવં ૯. આઠમાંથી માંડીને ૧૨ મા ગુણઠાણા સુધી જોગ ૯ લાભે તે ૪ મનના ૪ વચનના ને ૧ ઔદારિકનો એ ૯. તેરમે ગુણઠાણે જોગ ૭ લાભે, બે મનના, બે વચનના, એ ૪ ને ઔદારિકનો, ઔદારિકનો મિશ્ર, કાર્મણ કાયજોગ, એવં ૭. અથવા ૫ જોગ[1] લાભે. બે મનનાં, બે વચનનાં, ૧ ઔદારિકનો. ચૌદમે ગુણ૦ જોગ નથી. ઇતિ ૧૭ મો જોગ દ્વાર સમાપ્ત. ૧૭.

★ મિશ્ર યોગનો ઉપયોગ એક શરીરમાંથી બીજા શરીરમાં જતી વખતે કરે.
૧. ૧૩મે ગુણ. કેવળ સમુદ્ઘાત ન કરે તો પાંચ જોગ લાભે.

## અઢારમો ઉપયોગ દ્વાર.

પહેલે ને ત્રીજે ગુણઠાણે ૬ ઉપયોગ લાભે. ૩ અજ્ઞાન ને ૩ દર્શન એવં ૬. બીજે, ચોથે, પાંચમે ગુણ૦ ૬ ઉપયોગ લાભે, ૩ જ્ઞાન, ૩ દર્શન, એવં ૬. છઠ્ઠાથી તે બારમા ગુણઠાણા સુધી ઉપયોગ ૭ લાભે તે ૪ જ્ઞાન ને ૩ દર્શન એવં ૭. ૧૦મા ગુણઠાણામાં ઉપયોગ ૭ તે લબ્ધિની અપેક્ષાએ. ફકત સાકાર ઉપયોગ હોવાથી ૪ ઉપયોગ જ્ઞાનના. તેરમે, ચૌદમે ગુણઠાણે તથા સિદ્ધમાં ૨ ઉપયોગ, કેવલજ્ઞાન ને કેવલદર્શન. ઇતિ ૧૮ મો ઉપયોગ દ્વાર સમાપ્ત. ૧૮.

## ઓગણીશમો લેશ્યા દ્વાર.

પહેલાથી તે છઠ્ઠા ગુણઠાણા સુધી ૬ લેશ્યા લાભે. સાતમે ગુણ૦ ઉપલી ૩ લેશ્યા લાભે. આઠમેથી માંડીને બારમા ગુણઠાણા સુધી ૧ શુક્લ લેશ્યા લાભે, તેરમે ગુણઠાણે ૧ પરમ શુકલલેશ્યા લાભે, ચૌદમે ગુ૦ લેશ્યા નથી. ઇતિ ૧૯ મો લેશ્યા દ્વાર સમાપ્ત ૧૯.

## વીસમો ચારિત્ર દ્વાર.

પહેલાથી તે ચોથા ગુણઠાણા સુધી કોઈ ચારિત્ર નથી. પાંચમે ગુણઠાણે દેશથી સામાયિક ચારિત્ર છે. છઠ્ઠે સાતમે ગુણઠાણે ૩ ચારિત્ર લાભે; સામાયિક ચારિત્ર, છેદોપસ્થાપનીય ચારિત્ર, પરિહારવિશુદ્ધ ચારિત્ર એ ૩ લાભે આઠમે, નવમે ગુણઠાણે ૨ ચારિત્ર લાભે, સામાયિક ને છેદોપસ્થાપનીય. દશમે ગુણ૦ ૧ સુક્ષ્મસંપરાય ચારિત્ર લાભે. અગ્યારમેથી તે ચૌદમા ગુણઠાણા સુધી ૧ યથાખ્યાત ચારિત્ર લાભે. ઇતિ ૨૦ મો ચારિત્ર દ્વાર સમાપ્ત. ૨૦.

## એકવીસમો સમકિત દ્વાર.

પહેલે ને ત્રીજે ગુણઠાણે સમકિત નથી. બીજે ગુણ૦ ૧ સાસ્વાદાન સમકિત લાભે. ચોથે, પાંચમે, છઠ્ઠે અને સાતમે ગુણ૦ ઉપશમ, ક્ષયોપશમ, વેદક અને ક્ષાયિક એ ચાર લાભે. આઠમે, નવમે, દશમે અગ્યારમે ૨ સમકિત લાભે, ઉપશમ ને ક્ષાયક.

બારમે, તેરમે, ચૌદમે ગુણઠાણે તથા સિદ્ધમાં ૧ ક્ષાયક સમકિત લાભે. ઈતિ ૨૧ મો સમકિત દ્વાર સમાપ્ત ૨૧.

### બાવીસમો અલ્પબહુ ત્વ દ્વાર.

સર્વથી થોડા અગ્યારમા ગુણઠાણાવાળા, એક સમયે ઉપશમશ્રેણીવાળા ૫૪ જીવ લાભે માટે. ૧. તેથી બારમા ગુણઠાણાવાળા સંખ્યાતગૂણા, એક સમયે ક્ષપક શ્રેણીવાળા એકસો ને આઠ જીવ લાભે માટે. ૨. તેથી આઠમા, નવમા, દશમા ગુણઠાણાવાળા સંખ્યાતગુણા. જઘન્ય બસો ઉત્૦ નવસો લાભે માટે. ૩. તેથી તેરમા ગુણઠાણાવાળા સંખ્યાતગુણા, જઘ૦ બે ક્રોડી ઉત્૦ નવ ક્રોડી લાભે માટે. ૪. તેથી સાતમા ગુણઠાણાવાળા સંખ્યાતગુણા, જઘ૦ બસો ક્રોડી, ઉત્૦ નવસો ક્રોડી લાભે માટે. ૫. તેથી છઠ્ઠા ગુણઠાણાવાળા સંખ્યાતગુણા જઘ૦ બે હજાર ક્રોડી ઉત્૦ નવ હજાર ક્રોડી લાભે માટે. ૬. તેથી પાંચમા ગુણઠાણાવાળા અસંખ્યાતગુણા તિર્યંચ શ્રાવક ભળ્યા માટે. ૭ તેથી બીજા ગુણઠાણાવાળા અસંખ્યાતગુણા ૪ ગતિમાં લાભે માટે. ૮. તેથી ત્રીજા ગુણઠાણાવાળા અસંખ્યાતગુણા, ૪ ગતિમાં વિશેષ છે માટે. ૯. તેથી ચોથા ગુણઠાણાવાળા અસંખ્યાતગુણા, ઘણી સ્થિતિ છે માટે ૧૦. તેથી ચૌદમા ગુણઠાણાવાળા ને સિદ્ધ ભગવંતજી અનંતગુણા ૧૧. તેથી પહેલા ગુણઠાણાવાળા અનંતગુણા, એકેંદ્રિય પ્રમુખ સર્વ મિથ્યાદૃષ્ટિ છે માટે. ૧૨ ઈતિ ૨૨ મો અલ્પબહુત્વ દ્વાર સમાપ્ત ૨૨. ઈતિ ગુણઠાણાના ૨૨ દ્વાર સમાપ્ત.

## ભાવ ૬.

## (અનુયોગ દ્વાર સૂત્રમ્)

ઉદયભાવ, ઉપશમભાવ, ક્ષાયકભાવ, ક્ષયોપશમભાવ, પારિણામિક ભાવ ને સન્નિવાઈ ભાવ.[1]

[1] સન્નિવાઈ ભાવ - બીજા પાંચ ભાવોનું ભાંગાના રૂપમાં જોડાણ.

ઉદય ભાવના ૨ ભેદ. જીવ ઉદય નિષ્પન્ન ને અજીવ ઉદય નિષ્પન્ન. જીવ ઉદય નિષ્પન્નમાં ૩૩ બોલ પામે; ૪ ગતિ, ૬ કાય, ૬ લેશ્યા, ૪ કષાય, ૩ વેદ એવં ૨૩ ને મિથ્યાત્વ ૧, અજ્ઞાન ૨ અવિરતિ ૩, અસંજ્ઞીપણું ૪, આહારકપણું ૫, છદ્મસ્થપણું ૬, સજોગીપણું ૭, સંસાર પરિયટ્ટણા ૮, અસિદ્ધ ૯, અકેવલી ૧૦, એવં ૩૩. અજીવ ઉદય નિષ્પન્નનાં ૩૦ બોલ પામે; ૫ વર્ણ, ૨ ગંધ, ૫ રસ, ૮ સ્પર્શ, ૫ શરીર, ૫ શરીરના વ્યાપાર એવં ૩૦ એવં ઉભય મળી ૩૩ ને ૩૦ ત્રેસઠ ભેદ ઉદયભાવના કહ્યા. ૧.

ઉપશમ ભાવે ૧૧ બોલ છે. ચાર કષાયનો ઉપશમ ૪, રાગનો ઉપશમ ૫, દ્વેષનો ઉપશમ ૬, દર્શનમોહનીયનો ઉપશમ ૭, ચારિત્ર મોહનીયનો ઉપશમ એવં ૮, મોહનીયની પ્રકૃતિ અને ઉવસમિયા દંશણલદ્ધિ[1] તે સમકિત ૯, ઉવસમિયા ચરિત્તલદ્ધિ[2] ૧૦, ઉવસમિયા અકષાય છઉમથ વીતરાગલદ્ધિ[3] એવં ૧૧. ૨.

ક્ષાયક ભાવે ૩૭ બોલ છે. ૫ જ્ઞાનાવરણીય, ૯ દર્શનાવરણીય, ૨ વેદનીયની, ૧ રાગની, ૧ દ્વેષની, ૪ કષાયની, ૧ દર્શનમોહનીયની, ૧ ચારિત્રમોહનીયની, ૪ આયુષ્યની, ૨ નામની, ૨ ગોત્રની, ૫ અંતરાયની, એમ ૩૭ પ્રકૃતિનો ક્ષય કરે તેને ક્ષાયકભાવ કહિયે. તે ૯ બોલ પામે, ક્ષાયક સમકિત, ક્ષાયક યથાખ્યાત ચારિત્ર, કેવલજ્ઞાન, કેવલ દર્શન અને ક્ષાયક દાનાદિ પાંચ લબ્ધિ, એવં ૯ બોલ. ૩.

ક્ષયોપશમભાવે ૩૦ બોલ છે. ૪ જ્ઞાન પ્રથમના, ૩ અજ્ઞાન, ૩ દર્શન, ૩ દૃષ્ટિ, ૪ ચારિત્ર પ્રથમના, ૧ ચરિત્તાચરિત્ત તે શ્રાવકપણું પામે, ૧ આચાર્યગણિની પદવી, ૧ ચૌદ પૂર્વ જ્ઞાનની પ્રાપ્તિ, ૫ ઈંદ્રિયની લબ્ધિ, ૫ દાનાદિ લબ્ધિ, એવં સર્વ મળી ૩૦ બોલ. ૪.

---

૧. ઉપશમ સમકિતની પ્રાપ્તિ. ૨. ઉપશમ ભાવનાં ચારિત્રની પ્રાપ્તિ.
૩. અગિયારમા ગુણસ્થાનકની પ્રાપ્તિ.

પારિણામિક ભાવના ૨ ભેદ, સાદિપારિણામિક, અનાદિ પારિણામિક, સાદિ વિણસે. અનાદિ વિણસે નહિ, સાદિ પારિણામિકના અનેક ભેદ છે. જુની સુરા, મદિરા, જુનો ગોળ, તંદુલ એ આદિ ૭૩ બોલ, ભગવતિની શાખે છે. અનાદિ પારિણામિક ભાવના ૧૦ બોલ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, જીવાસ્તિકાય, કાળ, લોક, અલોક, ભવ્ય, અભવ્ય, એવં ૧૦. ૫.

સન્નિવાઈ ભાવના ૨૬ ભાંગા. ૧૦ દ્વિકસંજોગીના, ૧૦ ત્રિકસંજોગીના, ૫ ચોકસંજોગીના, ૧ પંચસંજોગીનો એવં ૨૬ ભાંગા એનો વિચાર શ્રીઅનુયોગદ્વાર સિદ્ધાંતથી જાણવો. ૬

### ૧૪ ગુણસ્થાનક ઉપર ૯ ક્ષેપક દ્વાર,

પ્રથમ હેતુ દ્વાર : કર્મ બંધના મૂળ હેતુ ૧ મિથ્યાત્વ, ૨ અવ્રત, ૩ કષાય, અને ૪ જોગ. એ ચાર છે. ઉત્તર હેતુ ૫૭ છે. તે ૫ મિથ્યાત્વ, ૧૨ અવ્રત (છ કાય, ૫ ઈન્દ્રિય, ૧ મન) ૨૫ કષાય અને ૧૫ જોગ એવં ૫૭.

પહેલે ગુણ૦ ૫૫ હેતુ તે આહારકના ૨ વર્જીને.

બીજે ગુણ૦ ૫૦ હેતુ તે ૧૨ અવ્રત, ૨૫ કષાય અને ૧૩ જોગ. (તે આહારકનાં ૨ વર્જીને) એવં ૫૦.

ત્રીજે ગુણ૦ ૪૩ હેતુ તે ૧૨ અવ્રત, ૨૧ કષાય (અનંતા૦ ૪ વર્જીને) ૧૦ જોગ, તે (ચાર મનના, ચાર વચનના, ૧ ઔદારિક અને ૧ વૈક્રિયનો)એવં ૪૩.

ચોથે ગુણ૦ ૪૬ હેતુ તે ૧૨ અવ્રત, ૨૧ કષાય અને ૧૩ જોગ (આહારકનાં ૨ વર્જીને)એવં ૪૬.

પાંચમે ગુણ૦ ૪૦ હેતુ તે ૧૧ અવ્રત, (ત્રસકાય વર્જીને) ૧૭ કષાય (૪ અનંતાનુબંધી અને ૪ અપ્રત્યાખ્યાની વર્જીને) અને ૧૨ જોગ (૪ મનનાં, ૪ વચનનાં ઔદારિક, ઔદારિક મિશ્ર, વૈક્રિય, વૈક્રિય મિશ્ર) એવં ૪૦.

છઠ્ઠે ગુણ૦ ૨૭ હેતુ તે ૧૩ કષાય (સંજવલનનો ચોક અને નવ નોકષાય)અને ૧૪ જોગ (કાર્મણ વર્જીને)એવં ૨૭

સાતમે ગુણ૦ ૨૪ હેતુ તે ૧૩ કષાય અને ૧૧ જોગ (૪ મનનાં, ૪ વચનનાં, ૧ ઔદારિક, ૧ વૈક્રિય અને ૧ આહારક)એવં ૨૪.

આઠમે ગુણ૦ ૨૨ હેતુ તે ૧૩ કષાય અને ૯ જોગ (૪ મનનાં, ૪ વચનનાં ૧ ઔદારિક)એવં ૨૨.

નવમે ગુણ૦ ૧૬ હેતુ તે ૭ કષાય (૪ સંજવલનનાં, ૩ વેદ) અને ૯ જોગ. એવં ૧૬.

દશમે ગુણ૦ ૧૦ હેતુ તે ૧ સંજવલનનો લોભ અને ૯ જોગ. એવં ૧૦.

અગીયારમે તથા બારમે. ૯ હેતુ તે ૯ જોગ.

તેરમે ગુણ૦ ૭ હેતુ તે, જોગ (૨ મનનાં, ૨ વચનનાં, ઔદારિક, ઔદારિક મિશ્ર અને કાર્મણ કાય યોગ) એવં ૭.

ચૌદમે ગુણ૦ હેતુ નથી. અબંધક છે.

બીજો દંડક દ્વાર. પહેલે ગુ૦ ૨૪ દંડક, બીજો ગુણ૦ ૧૯ દંડક, તે ૫ સ્થાવરના વર્જ્યા. ત્રીજે ચોથે ગુણ૦ ૧૬ દંડક તે ૩ વિકલેંદ્રિય વર્જ્યા. પાંચમે ગુણ૦ ૨ દંડક, સંજ્ઞીમનુષ્ય સંજ્ઞી તિર્યંચ એ ૨. છઠ્ઠાથી તે ચૌદમાં ગુણ૦ સુધી ૧ મનુષ્યનો દંડક, ઈતિ બીજો દંડક દ્વાર સમાપ્ત

ત્રીજો જીવાયોનિ દ્વાર. પહેલે ગુણ. ૮૪ લાખ જીવા યોનિ. બીજે ગુણ૦ ૩૨ લાખ તે એકેંદ્રિયની ૫૨ લાખ વર્જિ. ત્રીજે ચોથે ગુણ૦ ૨૬ લાખ જીવાયોનિ. પાંચમે ગુણ૦ ૧૮ લાખ જીવાયોનિ. છઠ્ઠાથી તે ૧૪ મા ગુણઠાણા સુધી ૧૪ લાખ જીવાયોની. ઈતિ ત્રીજો યોનિ દ્વાર સમાપ્ત.

ચોથો અંતર દ્વાર. પહેલે ગુણ૦ જઘ૦ અંતર્મુહૂર્ત, ઉત્૦ ૬૬ સાગર ઝાઝેરાનું. બીજા ગુણ. નું અંતર જઘન્ય પલ્યનો અસંખ્યાતમો ભાગ ઉત્કૃષ્ટ દેશે ઉણું, અર્ધપુદ્ગલ પરાવર્તન. ત્રીજાથી અગીયારમાં ગુણસ્થાનકે અંતર જઘન્ય અંતર્મૂહૂત ઉત્૦ અર્ધપુદ્ગલ દેશે ઉણું. બારમે તેરમે ને ચૌદમે ગુણ૦ આંતરૂં નથી, એ એક જીવઆશ્રી. ઈતિ ૪ અંતર દ્વાર સમાપ્ત.

પાંચમો ધ્યાન દ્વાર. પહેલે, બીજે, ત્રીજે ગુણ૦ ૨ ધ્યાન પહેલા. ચોથે, પાંચમે ગુણ૦ ૩ ધ્યાન પહેલા. છઠ્ઠે ગુણ૦ ૨ ધ્યાન આર્ત્તધ્યાન ને ધર્મ ધ્યાન. સાતમે ગુણ૦ ૧ ધર્મધ્યાન. આઠમેથી માંડીને ચૌદમા ગુણ૦ ૧ શુકલધ્યાન. ઈતિ ૫ મો ધ્યાન દ્વાર સમાપ્ત.

છઠ્ઠો સ્પર્શના દ્વાર. પહેલું ગુણઠાણું ૧૪ રાજલોક સ્પર્શે, બીજું ગુણ૦ હેઠું પંડગવનથી તે ૬ ઠી નરક સુધી સ્પર્શે તથા ઊંચું અધોગામની વિજયથી તે ૯ ગ્રૈવેયક સુધી સ્પર્શે. ત્રીજું ગુણ૦ લોકનો સંખ્યાતમો ભાગ સ્પર્શે. ચોથું ગુણ૦ અધોગામની વિજયથી ૧૨ મા દેવલોક સુધી સ્પર્શે અથવા પંડગવનથી છઠી નરક સુધી સ્પર્શે. પાંચમું ગુ૦ વાળા પણ એમજ અધોગામની વિજયથી ૧૨ મા દેવલોક સુધી સ્પર્શે. છઠ્ઠા ગુણઠાણાવાળા અધોગામની વિજયથી ૫ અનુત્તરવિમાન સુધી સ્પર્શે. સાતમાથી બારમા ગુણ૦ લોકનો અસંખ્યાતમો ભાગ સ્પર્શે. તેરમું ગુણ૦ સર્વલોક સ્પર્શે કેવળ સમુદ્ઘાત અપેક્ષા. ચૌદમું ગુણ૦ લોકનો અસંખ્યાતમો ભાગ સ્પર્શે. ઈતિ ૬ ઠો સ્પર્શના દ્વાર સમાપ્ત.

સાતમો દ્વાર :

(૧) વાટે વ્હેતા જીવના ગુણ સ્થાનક ત્રણ તે ૧, ૨, ૪,

(૨) અપડિવાઈ ગુણ સ્થાનક ત્રણ તે ૧૨, ૧૩, ૧૪.

(૩) અમર ગુણ સ્થાનક ત્રણ તે ૩, ૧૨, ૧૩.

(૪) તીર્થંકર નામ કર્મ પાંચ ગુણ. બાંધે તે ૪, ૫, ૬, ૭, ૮.

(૫) તીર્થંકર પાંચ ગુણ૦ ન સ્પર્શે તે ૧, ૨, ૩, ૫, ૧૧.

(૬) શાશ્વત ગુણ સ્થાનક પાંચ તે ૧, ૪, ૫, ૬, ૧૩.

(૭) અનાહારક ગુણ સ્થાનક પાંચ તે ૧, ૨, ૪, ૧૩, ૧૪.

(૮) તદ્ભવ મોક્ષગામી જીવ ૧૩ ગુણ. સ્પર્શે તે ૧૧ મું વર્જીને બધા.

કોઈ અંતકૃત જીવ ૧-૨-૩-૫-૬-૧૧ વરજીને આઠ ગુણ. સ્પર્શે.

આઠમો દ્વાર : ગુણ સ્થાનક ૧ થી ૭ સુધીમાં ૬ સંઘયણ લાભે. ગુણ૦ ૮ થી ૧૧ સુધી ઉપશમ શ્રેણી વાળાને પહેલા ત્રણ સંઘયણ લાભે. ગુણ૦ ૮ થી ૧૪ સુધી ક્ષપક શ્રેણી વાળાને સંઘયણ એક વજ્રઋષભનારાચસંઘયણ.

નવમો દ્વાર : આર્યાજી, અવેદી, પરિહાર વિશુદ્ધ ચારિત્રવંત, પુલાક લબ્ધીવંત, અપ્રમત સાધુ, ૧૪ પૂર્વી સાધુ, આહારક શરીરી અને કેવળીનું કોઈ દેવતા સાહારણ કરી શકે નહિ. ક્ષેપક દ્વાર સમાપ્ત. ઈતિ ગુણ સ્થાનક દ્વાર સમાપ્ત.

## (૧૧) તેત્રિશ બોલ

(આવશ્યક સુત્ર તથા ઉત્તરાધ્યન અ. ૩૧)

એક પ્રકારે અસંયમ - સર્વ આશ્રવથી નહિ નિવર્ત્તવું તે. બે પ્રકારે બંધ - ૧ રાગબંધ, ૨ દ્વેષબંધ.

ત્રણ પ્રકારે દંડ - ૧ મનદંડ, ૨ વચનદંડ, ૩ કાયદંડ- ત્રણ

પ્રકારે ગુપ્તિ-૧ મન ગુપ્તિ, ૨ વચન ગુપ્તિ, ૩ કાય ગુપ્તિ. ત્રણ પ્રકારે શલ્ય. ૧ માયા શલ્ય, ૨ નિદાન શલ્ય, ૩ મિથ્યા-દર્શન શલ્ય. ત્રણ પ્રકારે ગર્વ ૧ ઋદ્ધિગર્વ, ૨ રસગર્વ ૩ શાતાગર્વ. ત્રણ પ્રકારે વિરાધના, ૧ જ્ઞાન વિરાધના. ૨ દર્શન વિરાધના, ૩ ચારિત્ર વિરાધના.

ચાર પ્રકારે કષાય - ૧ ક્રોધ કષાય, ૨ માન કષાય, ૩ માયા કષાય, ૪ લોભ કષાય, ચાર પ્રકારે સંજ્ઞા, ૧ આહાર સંજ્ઞા, ૨ ભય સંજ્ઞા, ૩ મૈથુન સંજ્ઞા, ૪ પરિગ્રહ સંજ્ઞા, ચાર પ્રકારે કથા, ૧ સ્ત્રી કથા, ૨ ભત્ત કથા, ૩ દેશ કથા, ૪ રાજકથા. ચાર પ્રકારે ધ્યાન, ૧ આર્ત્ત ધ્યાન, ૨ રૌદ્ર ધ્યાન, ૩ ધર્મધ્યાન, ૪ શુકલ ધ્યાન.

પાંચ પ્રકારે ક્રિયા - ૧ કાયિકી ક્રિયા, ૨ આધિકરણિકી ક્રિયા, ૩ પ્રાદ્વેષિકી ક્રિયા, ૪ પારિતાપનિકી ક્રિયા, ૫ પ્રાણાતિ પાતિકી ક્રિયા, પાંચ પ્રકારે કામ ગુણ. ૧ શબ્દ, ૨ રૂપ, ૩ ગંધ, ૪ રસ, ૫ સ્પર્શ. પાંચ પ્રકારે મહાવ્રત, ૧ સર્વ પ્રાણાતિપાતથી વિરામ, ૨ સર્વ મૃષાવાદથી વિરામ, ૩ સર્વ અદત્તથી વિરામ, ૪ સર્વ મૈથુનથી વિરામ, ૫ સર્વ પરિગ્રહથી વિરામ. પાંચ પ્રકારેસમિતિ, ૧ ઈર્યા સમિતિ, ૨ ભાષા સમિતિ, ૩ એષણા સમિતિ, ૪ આદાન ભંડમત્ત નિક્ષેપના સમિતિ, ૫ ઉચ્ચાર પ્રશ્રવણ-ખેલ, જલ, શ્લેષ્મ વગેરેને પરિઠવવાની સમિતિ. પાંચ પ્રકારે પ્રમાદ, ૧ મદ્ય ૨ વિષય ૩ કષાય, ૪ નિંદ્રા, ૫ વિકથા.

છ પ્રકારે જીવનિકાય - ૧ પૃથ્વીકાય. ૨ અપકાય, ૩ તેજસકાય, ૪ વાયુકાય, ૫ વનસ્પતિકાય, ૬ ત્રસકાય. છ પ્રકારે લેશ્યા, ૧ કૃષ્ણલેશ્યા, ૨ નીલલેશ્યા; ૩ કાપોતલેશ્યા, ૪ તેજો-લેશ્યા, ૫ પદ્મલેશ્યા, ૬ શુક્લલેશ્યા.

સાત પ્રકારે ભય, ૧ આલોક ભય : મનુષ્યને મનુષ્યથી

ભય થાય છે તે. ૨ પરલોક ભય : દેવ તિર્યંચથી ભય થાય તે. ૩ આદાન ભય : ધનથી ભય થાય તે. ૪ અકસ્માત ભય : છાયાદિ દેખી ભય થાય તે. ૫ વેદના ભય : દુઃખથી ભય થાય તે. ૬ મરણથી ભય થાય તે. ૭ અપયશ ભય - અપકીર્તિથી ભય થાય તે.

આઠ પ્રકારે મદ - ૧ જાતિ મદ, ૨ કુલ મદ, ૩ બલ મદ, ૪ રૂપ મદ, ૫ તપ મદ. ૬ શ્રુત મદ, ૭ લાભ મદ ૮ ઐશ્વર્ય મદ,

નવ પ્રકારે બ્રહ્મચર્ય ગુપ્તિ - ૧ સ્ત્રી, પશુ, પંડક[1] રહિત આલય (સ્થાનક) માં રહેવું, ઉંદર બિલાડીના દૃષ્ટાંતે. ૨ મનને આનંદ આપે તેવી ને કામ - રાગને વૃદ્ધિ કરે તેવી સ્ત્રી સાથે કથા - વાર્તા ન કરવી, લીંબુ-રસના (જીભ) ને દૃષ્ટાંતે. ૩ સ્ત્રીના આસને બેસવું નહિ તેમજ સ્ત્રી સાથે સહવાસ કરવો નહિ. કોળાની ગંધે કણીકનો વક જાય તે દૃષ્ટાંતે. ૪ સ્ત્રીનાં અંગ અવયવ તેમ તેની સુરચના ને તેનું બોલવું, નિરીક્ષણ વગેરેને, વિષય રાગ દૃષ્ટિથી જોવું નહિ. સૂર્ય - ચક્ષુના દૃષ્ટાંત. ૫ સ્ત્રી સંબંધી કૂજિત, રૂદન, ગીત, હાસ્ય, આક્રંદ વગેરે સંભળાય તે ભીંત કે દિવાલના અંતરે નિવાસ નહિ કરવો, લાખ - અગ્નિના દૃષ્ટાંતે. ૬ પૂર્વગત સ્ત્રી સંબંધી ક્રીડા, હાસ્ય; રતિ, દર્પ, સ્નાન, સાથે જમવું વગેરે યાદ કરવું નહિ, સર્પના ઝેરના દૃષ્ટાંતે. ૭ સ્વાદિષ્ટ તેમ મજબૂત પ્રણિત આહાર કરવો નહિ. ત્રિદોષીને ઘૃતના દૃષ્ટાંતે. ૮ મર્યાદાકાળે ધર્મયાત્રા નિમિત્તે જોઈએ તેથી વધારે આહાર કરવો નહિ. કાગળની કોથળીમાં નાણાંને દૃષ્ટાંતે. ૯ શરીર સુંદર ને વિભુષિત લાગે તેવી શૃંગાર - શોભા કરવી નહિ. ગરીબનાં રત્નને દૃષ્ટાંતે.

૧. પંડક - નપુસંક

દશ પ્રકારે શ્રમણધર્મ - ૧ ક્ષમા-સહન કરતાં શીખવું ૨ મુત્તિ-નિર્લોભતા રાખવી. ૩ આર્જવ - નિખાલસ - સ્વચ્છ હૃદય રાખવું. ૪ માર્દવ- કોમલ ( ) વિનય બુદ્ધિ રાખવી, અહંકાર મદ નહિ કરવો. ૫ લાઘવે અલ્પ ( ) થોડાં ઉપકરણ - સાધન રાખવાં. ૬ સત્ય સત્યતાથી ( ) પ્રામાણિકતાથી વર્તવું, ૭ સંયમ - શરીર-ઈંદ્રિયો વગેરેને નિયમમાં રાખવાં. ૮ તપ - શરીર દુર્બળ થાય તેમ ઉપવાસાદિ તપ કરવો. ૯ ચિયાએ- સમસ્ત પરિગ્રહ ત્યાગરૂપ મૂર્ચ્છારહિત થવું. ૧૦ બ્રહ્મચર્ય - શુદ્ધ આચાર, નિર્મલ પવિત્ર વૃત્તિમાં રહેવું.

દશ પ્રકારે સમાચારી - ૧ આવશ્યં સ્થાનકથી બહાર જવું હોય. ત્યારે ગુરૂ કે ઉપરીને કહેવું કે આવશ્યક મારે જવું છે. ૨ નિષેધિક સ્થાનકમાં આવવું હોય ત્યારે કહેવું કે નિશ્રીત કાર્ય કરીને હું આવ્યો છું. ૩ આપૂચ્છના. પોતાનું કાર્ય હોય તો ગુરૂને પૂછવું. ૪ પ્રતિપૂચ્છના. બીજા સાધુઓનું કાર્ય હોય ત્યારે વારંવાર ગુરૂને જણાવવા પૂછવુ ૫ છંદના. ગુરૂ કે વડાને પોતાની પાસેની વસ્તુ આમંત્રણ કરવી. ૬ ઈચ્છાકાર. ગુરૂ કે વડાને કહેવું : ''હે પૂજ્ય ! આપની ઈચ્છા છે - સૂત્રાર્થ જ્ઞાન આપશો ?'' ૭ મિથ્યાકાર. પાપ લાગ્યું હોય તે ગુરૂ પાસે મિથ્યા કહી માફ કહેવું. ૮ તથ્યકાર. ગુરૂ કથન પ્રતિ કહે કે આપ કહો છો તેમ કરીશ. ૯ અભ્યુત્થાન. ગુરૂ કે વડા આવતાં સાત આઠ ડગલાં સામાં જવું; તેમ જતાં સાત આઠ ડગલાં સુધી મૂકવા જવું. ૧૦ ઉપસંપદા. ગુર્વાદિ પાસે સૂત્રાર્થ લક્ષ્મી પામવા હંમેશાં તત્પર રહેવું.

અગીયાર પ્રકારે શ્રાવકપ્રતિમા - ૧ પહેલી પ્રતિમા એક માસની. તેમાં શુદ્ધ, સત્ય, ધર્મ રૂચિ હોય, પણ નાના વ્રત ઉપવાસાદિ અવશ્ય કરવાને તે શ્રાવકને નિયમ ન હોય, તે દર્શન શ્રાવક પ્રતિમા ૨ બીજી પ્રતિમા બે માસની. તેમાં સત્ય ધર્મની

રુચિ સાથે નાના શીલવ્રત-ગુણવ્રત પ્રત્યાખ્યાન પોષધોપવાસાદિ કરે પણ સામાયિક દિશાવકાશિક વ્રત કરવાને નિયમ ન હોય, તે ઉપાસક પ્રતિમા. ૩ ત્રીજી પ્રતિમા ત્રણ માસની. તેમાં ઉપર પ્રમાણે, ઉપરાંત સામાયિકાદિ કરે, પણ અષ્ટમી ચતુર્દશી અમાવાસ્યા પૂર્ણમાસી વગેરે પર્વમાં પૌષધોપવાસ કરવાને નિયમ ન હોય ૪ ચોથી પ્રતિમા ચાર માસની. તેમાં પ્રતિપૂર્ણ પૌષધોપવાસ અષ્ટમિઆદિ સર્વ પર્વમાં કરે. ૫ પાંચમી પ્રતિમા પાંચ માસની. તેમાં પૂર્વોક્ત સર્વ સાચવે; વિશેષ એક રાત્રિમાં કાર્યોત્સર્ગ કરે, ને તે પાંચ બોલ સાચવે; ૧ સ્નાન ન કરે, ૨ રાત્રિભોજન ન કરે, ૩ કાછડી ન વાળે, ૪ દિવસે બ્રહ્મચર્ય સાચવે, ૫ રાત્રિમાં પરિણામ કરે. ૬ છઠ્ઠી પ્રતિમા છ માસની - તેમાં પૂર્વોક્ત ઉપરાંત સર્વ વખતે બ્રહ્મચર્ય સાચવે. ૭ સાતમી પ્રતિમા જઘન્ય એક દિવસ, ઉત્કૃષ્ટ સાત માસની, તેમાં સચિત્ત આહાર જમે નહિ, પણ પોતાને આરંભ ત્યાગ કરવા નિયમ ન હોય. ૮ આઠમી પ્રતિમા જઘન્ય એક દિવસથી ઉત્કૃષ્ટ આઠ માસની, તેમાં આરંભ કરે નહિ. ૯ નવમી પ્રતિમા ઉત્કૃષ્ટ નવ માસની, તેમાં આરંભ કરવા સાથે કરાવવાના પણ નિયમ કરે. ૧૦ દશમી પ્રતિમા ઉત્કૃષ્ટ દશ માસની, તેમાં પૂર્વોક્ત સાથે આરંભ કરીને આપે તે પણ લેવાના નિયમ કરે, ઉપરાંત શિરમુંડન કરાવે અથવા શિખા રાખે. કોઈએ એક વાર પૂછયાં થકાં તથા વારંવાર પૂછ્યાં થકાં બે ભાષા બોલવી કલ્પે, જાણે તો હા પાડવી કલ્પે, ને ન જાણે ના પાડવી કલ્પે, ૧૧ અગિયારમી પ્રતિમા ઉત્કૃષ્ટ અગિયાર માસની, તેમાં શિરમુંડન કરાવે, કે કેશ લોચ કરાવે, સાધુ-શ્રમણ સમાન ઉપકરણ પાત્ર રજોહરણ વગેરે ધરે, સ્વજ્ઞાતિમાં ગૌચરી અર્થે ભ્રમણ કરે, કહે કે હું પ્રતિમાધારી શ્રાવક છું, ભિક્ષા આપશો ? સાધુ માફક ઉપદેશ આપે. સાડા પાંચ વર્ષ ૧૧ પ્રતિમામાં જાય છે.

બાર ભિક્ષુની પ્રતિમા (અભિગ્રહ રૂપ) - ૧ પહેલી પ્રતિમા એક માસની, તે શરીર ઉપર મમતા - સ્નેહભાવ ન રાખે. શરીરની શુશ્રુષા ન કરે, જે કોઈ મનુષ્ય દેવ તિર્યંચનો પરિષહ ઉત્પન્ન થાય તે સમ પરિણામે સહન કરે. ૧.

૨. એકદાતિ આહારની, એકદાતિ પાણીની લેવી કલ્પે. તે આહાર શુદ્ધ નિર્દોષ; કોઈ શ્રમણ, બ્રાહ્મણ, અતિથિ, કૃપણ, રાંક પ્રમુખ દ્વિપદ તથા ચતુષ્પદને અંતરાય ન પડે તેમ; વળી એક માણસ જમતો હોય તથા એકને અર્થે રાંધ્યું હોય તે આહાર લે, બે જમતામાંથી આપે તો ન લે; ત્રણ, ચાર, પાંચ વિગેરે જમવા બેઠા હોય તેમાંથી આપે તો ન લે; ગર્ભવંતી માટે નિપજાવ્યો હોય તે ન લે; તથા નવપ્રસૂતિનો આહાર ન લે; તથા બાળકને દૂધ પાતાં હોય તેના હાથનો ન લે; વળી એક પગ ઉમરામાં ને એક પગ ઉમરા બહાર એમ પગ રાખી વહોરાવે તો લે, નહિ તો ન લે.

૩. પ્રતિમાધારી સાધુને ત્રણ કાળ ગૌચરીના કહ્યા છે; આદિમ, મધ્યમ, ચરિમ એટલે એક દિવસના ત્રણ ભાગ કરે, પહેલામાં ગૌચરી જાય તો બીજા ભાગમાં ન જાય, એમ ત્રણેમાં સમજવું.

૪ પ્રતિમાધારી સાધુને છ પ્રકારે ગૌચરી કરવી કહી છે. ૧ પેટીને આકારે (ચૌખુણી). ૨ અર્ધ પેટીને આકારે (બે પંક્તિ). ૩ બળદના મૂત્રને આકારે. ૪ પતંગ ટીડ ઉડે તે માફક અંતરે અંતરે કરે. ૫ શંખના આવર્ત્તનની પેરે ગૌચરી કરે. ૬ જાતાં તથા વળતાં ગૌચરી કરે. એ છ પ્રકાર.

૫. પ્રતિમાધારી સાધુ જે ગામમાં જાય ત્યાં જાણે કે આ પ્રતિમાધારી સાધુ છે તો એક રાત્રિ રહે ને ન જાણે તો બે રાત્રિ રહે, તે ઉપરાંત રહે તો છેદ તથા પરિહાર તપ જેટલી રાત્રિ રહે તેટલા દિનનું પ્રાયશ્ચિત પામે.

૬. પ્રતિમાધારી સાધુ ચાર પ્રકારે બોલે. ૧ યાચના કરે ત્યારે. ૨ પંથ પ્રમુખ પૂછતાં. ૩ આજ્ઞા માગતાં. ૪ પ્રશ્નાદિકનો ઉત્તર આપતાં.

૭. પ્રતિમાધારી સાધુને ત્રણ પ્રકારનાં સ્થાનક જોવાં, પ્રતિલેખવાં કલ્પે. ૧ આરામરૂપ ઘર, ૨ છત્રીના આકારે, ૩ ઝાડતળે.

૮. પ્રતિમાધારી સાધુ એ ત્રણ સ્થાનકને યાચે - માગે.

૯. એ ત્રણ પ્રકારનાં સ્થાનકને વિષે રહેવું કરે.

૧૦. પ્રતિમાધારી સાધુને ત્રણ પ્રકારની શય્યા જોવી કલ્પે ૧ પૃથ્વીરૂપ, ૨. શિલારૂપ, ૩ કાષ્ટરૂપ.

૧૧. એ ત્રણ પ્રકારની શય્યા યાચના કરવી કલ્પે.

૧૨. એ ત્રણ પ્રકારની શય્યા ભોગવવી કલ્પે.

૧૩. પ્રતિમાધારી સાધુ જે સ્થાનકમાં રહ્યા હોય ત્યાં કોઈ સ્ત્રી પ્રમુખ આવે તો તે સ્ત્રી પ્રમુખના ભયે કરી બહાર નીકળે નહીં; તથા બહાર હાથ ઝાલી કાઢે તો ઈર્યાસમિતિ શોધતાં નીકળે.

૧૪. પ્રતિમાધારી સાધુ જે ઘરમાં રહ્યા હોય ત્યાં કોઈ અગ્નિ લગાડે તો તેના ભયે કરી બહાર નીકળે નહિ. કોઈ બળાત્કારે કાઢે તો ઈર્યાસમિતિ શોધતાં નીકળે.

૧૫. પ્રતિમાધારી સાધુને પગને વિષે કાંટો પ્રમુખ વાગે તો તેને કાઢવો ન કલ્પે.

૧૬. પ્રતિમાધારી સાધુને આંખમાં નાના જીવ તથા નાના બીજ તથા રજ પ્રમુખ પેસે તો કાઢવા ન કલ્પે, ઈર્યાએ ચાલવું કલ્પે.

૧૭. પ્રતિમાધારી સાધુને, જ્યાં સૂર્ય આથમે ત્યાંથી એક

પગ માત્ર પણ પછી ચાલવું ન કલ્પે. એટલે પ્રતિલેખનની વેળા સુધી વિહાર કરે.

૧૮. પ્રતિમાધારી સાધુને, સચિત્ત પૃથ્વી ઉપર સૂવું બેસવું, થોડી નિદ્રા પણ કરવી ન કલ્પે, ને પૂર્વે જોએલા સ્થાનકે ઉચ્ચાર પ્રમુખ પરિઠવવું કલ્પે.

૧૯. સચિત્ત રજે કરી પગ પ્રમુખ ખરડાએલા હોય તેવા શરીરે ગૃહસ્થના ઘરે ગૌચરી જવું ન કલ્પે.

૨૦. પ્રતિમાધારી, સાધુને પ્રાશુક શીતળ તથા ઉષ્ણ પાણીએ કરી હાથ, પગ, કાન, નાક, આંખ પ્રમુખ એક વાર ધોવું, વારંવાર ધોવું ન કલ્પે, અશુચિનો લેપ લાગ્યો હોય તે તથા ભોજનથી ખરડાએલ હોય તેટલું ધોવું કલ્પે.

૨૧. પ્રતિમાધારી સાધુ ઘોડો, હાથી, બળદ, પાડો, વરાહ (સૂઅર), શ્વાન, વાઘ ઈત્યાદિક દુષ્ટ જીવ સામાં આવતાં હોય તો તેના ભયે કરી પગ માત્ર પાછો લે નહિ પણ સુંવાળો જીવ સામો આવતો હોય તો તેની દયાને કારણે યત્ના માટે પાછા ઓસરે.

૨૨. પ્રતિમાધારી સાધુ વિહાર કરતાં તડકેથી છાંયે ન જાય, છાંયેથી તડકે ન જાય. ટાઢ તાપ સમપરિણામે સહન કરે.

બીજી પ્રતિમા એક માસની તેમાં બે દાતિ આહાર અને બે દાતિ પાણીની લેવી કલ્પે.

ત્રીજી પ્રતિમા એક માસની તેમાં ત્રણ દાતિ આહાર અને ત્રણ દાતિ પાણીની લેવી કલ્પે.

ચોથી પ્રતિમા એક માસની તેમાં ચાર દાતિ આહાર અને ચાર દાતિ પાણીની લેવી કલ્પે.

પાંચમી પ્રતિમા એક માસની તેમાં પાંચ દાતિ આહાર અને પાંચ દાતિ પાણી.

છઠ્ઠી પ્રતિમા એક માસની તેમાં છ દાતિ આહાર અને છ દાતિ પાણી.

સાતમી પ્રતિમા એક માસની તેમાં સાત દાતિ આહાર અને સાત દાતિ પાણી.

આઠમી પ્રતિમા સાત રાત્રિ દિવસની તેમાં પાણી વિના એકાંતર ઉપવાસ કરે. ગ્રામ નગર, રાજધાની વગેરેની બહાર સ્થાનક કરે, ત્રણ આસનો વાળે, ચત્તા સુવે, પાસુ વાળી સુવે, અને પલાંઠી વાળી સુવે, કોઈ પણ પરિષહથી ડરે નહિ.

નવમી પ્રતિમા સાત રાત્રિ દિવસની ઉપર પ્રમાણે વિશેષ ત્રણમાંથી એક આસન કરે. દંડ આસન, લગડ આસન અને ઉત્કટ આસન.

દશમી પ્રતિમા સાત રાત્રિ દિવસની ઉપર પ્રમાણે. વિશેષ ત્રણમાંથી એક આસન કરે, ગોદૂહ આસન, વીરાસન ને અમ્બુખુજ આસન.

અગિઆરમી પ્રતિમા એક અહોરાત્રિની. પાણી વિના છઠ્ઠ ભક્ત કરે, ગામ બહાર બે પગ સંકોચી હસ્ત લાંબા કરી કાર્યોત્સર્ગ કરે.

બારમી પ્રતિમા એક રાત્રિની પાણી વિના અઠમ ભક્ત કરે, ગામ, નગર બહાર શરીર ત્યજીને અણમિલા લોચને એક પુદ્ગળ ઉપર સ્થિર દ્રષ્ટિ કરી તમામ ઇંદ્રિયો ગુપ્ત કરી બન્ને પગ એકત્ર કરી, બે હસ્ત લંબાવી દૃઢાસને રહે. તેવા વખતે દેવ, મનુષ્ય કે તિર્યંચ સંબંધી ઉપસર્ગ થાય તે સહે. સમ્યક્ પ્રકારે આરાધન થાય તો અવધિ જ્ઞાન, મનઃપર્યવ જ્ઞાન કે કેવળ જ્ઞાન પ્રાપ્ત થાય. જો અહિત થાય તો, ઉન્માદ પામે દીર્ઘ કાલિક રોગ થાય ને કેવળી પ્રજ્ઞપ્ત ધર્મથી ભ્રષ્ટ થાય. એ પ્રતિમામાં કુલ આઠ માસ થાય છે,

તેર પ્રકારે ક્રિયાસ્થાનક.

(૧) અર્થ દંડ - પોતાના માટે હિંસા કરે.

(૨) અનર્થ દંડ - પરને માટે હિંસા કરે.

(૩) હિંસા દંડ - તે મને હણે છે, હણ્યો હતો કે હણશે એમ સંકલ્પીને હણે.

(૪) અકસ્માત્ દંડ - એકને મારવા જતાં વચમાં બીજાની હિંસા થાય.

(૫) દષ્ટિવિપર્યાસ દંડ - દુશ્મન ધારીને મિત્રને હણે.

(૬) મૃષાવાદ દંડ - અસત્ય બોલી દંડાય.

(૭) અદત્તાદાન દંડ - ચોરી કરી દંડાય.

(૮) અભ્યસ્થ દંડ - મનમાં દુષ્ટ, અનિષ્ટ કલ્પનાઓ કરે.

(૯) નામ દંડ - અભિમાન કરે.

(૧૦) મિત્રદોષ દંડ - માતા, પિતા મિત્રવર્ગને નજીવા અપરાધે ભારે દંડ કરે.

(૧૧) માયા દંડ - કપટ કરે.

(૧૨) લોભ દંડ - લાલચ તૃષ્ણા કરે,

(૧૩) ઈર્યાપથિક દંડ - માર્ગમાં ચાલતા હિંસા થાય તે

---

ચૌદ પ્રકારે જીવ - (૧) સૂક્ષ્મ એકેન્દ્રિય અપર્યાપ્ત. (૨) સૂક્ષ્મ એકેન્દ્રિય પર્યાપ્ત. (૩) બાદર એકેન્દ્રિય અપર્યાપ્ત (૪) બાદર એકેન્દ્રિય પર્યાપ્ત (૫) બેઈન્દ્રિય અપર્યાપ્ત. (૬) બેઈન્દ્રિય પર્યાપ્ત. (૭) તેઈન્દ્રિય અપર્યાપ્ત. (૮) તેઈન્દ્રિય પર્યાપ્ત. (૯) ચૌરેન્દ્રિય અપર્યાપ્ત. (૧૦) ચૌરેન્દ્રિય પર્યાપ્ત. (૧૧) અસંજ્ઞી પંચેન્દ્રિય અપર્યાપ્ત. (૧૨) અસંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત. (૧૩) સંજ્ઞી

પંચેઇન્દ્રિય અપર્યાપ્ત. (૧૪) સંજ્ઞી પંચેઈન્દ્રિય પર્યાપ્ત.

પંદર પ્રકારે પરમાધામીદેવ - (૧) અંબ (૨) અંબરિશ (૩) શામ (૪) સબળ (૫) રૂદ્ર (૬) વૈરૂદ્ર (૭) કાલ (૮) મહાકાલ (૯) અસિપત્ર (૧૦) ધનુષ્ય (૧૧) કુંભ (૧૨) વાલુક (૧૩) વૈતરણી (૧૪) ખરસ્વર (૧૫) મહાઘોષ.

## સોળમે સૂત્રકૃતના પ્રથમ શ્રુતસ્કંધનાં સોળ અધ્યયન

(૧) સ્વસમય પરસમય, (૨) વૈદારિક, (૩) ઉપસર્ગ પ્રજ્ઞા, (૪) સ્ત્રીપ્રજ્ઞા, (૫) નરક વિભક્તિ, (૬) વીર સ્તુતિ, (૭) કુશીલ પરિભાષા, (૮) વીર્યાધ્યયન, (૯) ધર્મધ્યાન, (૧૦) સમાધિ, (૧૧) મોક્ષમાર્ગ, (૧૨) સમવસરણ, (૧૩) યથાતથ્ય, (૧૪) ગ્રંથી, (૧૫) યમતિથિ, (૧૬) ગાથા.

સત્તર પ્રકારે સંયમ - ૧ પૃથ્વીકાય સંયમ, ૨ અપકાય સંયમ, ૩ તેજસ્કાય સંયમ, ૪ વાયુકાય સંયમ, ૫ વનસ્પતિકાય સંયમ, ૬ બેઈન્દ્રિકાય સંયમ, ૭ ત્રિઈન્દ્રિયકાય સંયમ, ૮ ચૌઈન્દ્રિયકાય સંયમ, ૯ પંચેન્દ્રિયકાય સંયમ, ૧૦ અજીવકાય સંયમ, ૧૧ પ્રેક્ષા સંયમ, (જોયા વગર ન બેસે) ૧૨ ઉત્પ્રેક્ષા સંયમ, (નવદીક્ષીત વિ. ને મદદ કરે) ૧૩ પારીઠાવણીયા સંયમ, ૧૪ પ્રમાર્જના સંયમ, ૧૫ મનઃ સંયમ, ૧૬ વચન સંયમ, ૧૭ શરીર સંયમ.

અઢાર પ્રકારે બ્રહ્મચર્ય - ઔદારિક શરીર સંબંધી ભોગ ૧ મનથી, ૨, વચનથી, ૩ શરીરથી, સેવે નહિ,૩ સેવરાવે નહિ, ૬, સેવતા પ્રતિ અનુમોદન આપે નહિ. ૯. એમ વૈક્રિય શરીર સંબંધી ૯ પ્રકારે ત્યજે.

ઓગણીશ પ્રકારે જ્ઞાતા સૂત્રનાં અધ્યયન - ૧ ઉત્ક્ષિપ્ત -મેઘકુમારનું. ૨ ધન્ય સાર્થવાહ ને વિજય ચોરનું. ૩ મયૂર ઈંડાનું ૪ કૂર્મ (કાચબા)નું. ૫ શૈલક રાજર્ષિનું. ૬ તુંબડાનું. ૭ ધન્ય

સાર્થવાહ ને ચાર વહુનું. ૮ મલ્લી ભગવતીનું. ૯ જિનપાલ જિનરક્ષિતનું. ૧૦ ચંદ્રની કલાનું. ૧૧ દાવાનલનું. ૧૨ જિતશત્રુ રાજા ને સુબુદ્ધિ પ્રધાનનું. ૧૩ નંદમણિયારનું. ૧૪ તેતલિ પુત્ર પ્રધાન ને પોટીલા - સોનાર પુત્રીનું. ૧૫ નંદિ ફલનું ૧૬ અમરકંકાનું. ૧૭ સમુદ્ર અશ્વનું. ૧૮ સુસીમા દારિકાનું. ૧૯ પુંડરીક કુંડરીકનું.

વીશ પ્રકારે અસમાધિક સ્થાનક - (૧) ઉતાવળું ઉતાવળું ચાલે તે. (૨) પૂંજ્યા વિના ચાલે તે. (૩) દુષ્ટ રીતે પૂંજે તે. (૪) પાટ, પાટલા, શૈય્યા વગેરે વધારે રાખે તે. (૫) રત્નાધિક (વડા) સામું બોલે તે. (૬) સ્થવિર, વૃદ્ધ ગુરૂ, આચાર્યજીનો ઉપઘાત (નાશ) કરે તે. (૭) એકેન્દ્રિયાદિ જીવને શાતા, રસ, વિભૂષા નિમિત્તે હણે તે. (૮) ક્ષણ ક્ષણ પ્રતિ ક્રોધ કરે તે. (૯) ક્રોધમાં હમેશાં પ્રદીપ્ત રહે તે. (૧૦) પૃષ્ટમાંસ ખાય તે. (અન્યના પાછળથી અવર્ણ નિન્દા બોલે તે.) (૧૧) નિશ્ચયવાળી ભાષા બોલે તે. (૧૨) નવો કલેશ ઉત્પન્ન કરે તે. (૧૩) ઉપશાંત થયેલ કલેશ ને ફરીથી જાગૃત કરે તે. (૧૪) અકાળે સ્વાધ્યાય કરે તે. (૧૫) સચિત્ત પૃથ્વીથી હસ્ત પગ ખરડાએલા હોય ને આહારાદિ લેવા જાય તે. (૧૬) શાન્તિ વખતે કે પ્રહર રાત્રિ ગયા પછીથી ગાઢ અવાજ કરે તે. (૧૭) ગચ્છમાં ભેદ ઉત્પન્ન કરે તે. (૧૮) ગચ્છમાં કલેશ ઉત્પન્ન કરી માંહોમાંહે દુઃખ ઉત્પન્ન કરે તે. (૧૯) સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી અશનાદિ ભોજન લીધાં જ કરે તે. (૨૦) અનેષણિક, અપ્રાશુક આહાર લે તે.

એકવીસ પ્રકારે શબલ કર્મ - (૧) હસ્તકર્મ કરે તે. (૨) મૈથુન સેવે તે. (૩) રાત્રિભોજન જમે તે. (૪) આધાકર્મી ભોગવે તે. (૫) રાજપિંડ જમે તે. (૬) પાંચ બોલ સેવે તે. ૧ વેચાતું લાવીને આપે ને લે તે. ૨ ઉછીનું લાવીને આપે ને લે તે. ૩ બળાત્કારે આપે ને લે તે. ૪ સહીઆરીની આજ્ઞા વિના આપે ને લે તે. ૫ સ્થાનકમાં સામું આણી આપીને લે તે. (૭)

વારંવાર પ્રત્યાખ્યાન કરીને ભાંગે તે. (૮) મહીનાની અંદર ત્રણ ઉદક લેપ કરે તે. (૯) છ માસમાં એક ગણથી બીજા ગણમાં જાય તે. (૧૦) એક માસની અંદર ત્રણ માયાનાં સ્થાન ભોગવે તે, (૧૧) શય્યાંતરનો આહાર જમે તે. (૧૨) ઈરાદાપૂર્વક હિંસા કરે તે. (૧૩) ઈરાદાપૂર્વક અસત્ય બોલે તે. (૧૪) ઈરાદાપૂર્વક ચોરી કરે તે. (૧૫) ઈરાદાપૂર્વક સચિત્ત પૃથ્વી ઉપર સ્થાનક, શય્યા, ને બેઠક કરે તે. (૧૬) ઈરાદાપૂર્વક સચિત મિશ્ર પૃથ્વી ઉપર શય્યાદિક કરે તે. (૧૭) સચિત્ત શિલા, પથ્થર, ઝીણા જીવો રહે તેવાં કાષ્ટ તથા જીવસહિત અંડ, પ્રાણી, બીજ, હરિત વિગેરે જીવવાળા સ્થાનક ઉપર, આશ્રય, બેઠક, પથારી કરે તે. (૧૮) ઈરાદાપૂર્વક (૧) મૂળ, (૨) કંદ, (૩) સ્કંધ, (૪) ત્વચા, (૫) શાખા, (૬) પ્રશાખા, (૭) પત્ર, (૮) પુષ્પ, (૯) ફળ, (૧૦) બીજ, એ દશ સચિત્તનો આહાર જમે તે. (૧૯) એક વર્ષની અંદર દશ ઉદક લેપ કરે તે. (૨) એક વર્ષની અંદર દશ માયાનાં સ્થાનક સેવે તે. (૨૧) જળથી ભીના હસ્ત, પાત્ર, ભાજન વગેરે કરીને અશનાદિ આપે તે લઈને ઈરાદાપૂર્વક ભોગવે તે.

બાવીશ પ્રકારે પરિષહ - (૧) ક્ષુધા. (૨) તૃષા. (૩) શીત. (૪) તાપ. (૫) ડાંસ-મચ્છર (૬) અચેલ (નહિ વસ્ત્ર.) (૭) અરતિ. (૮) સ્ત્રી. (૯) ચાલવું તે. (૧૦) એક આસને સ્થિર રહેવું તે. (૧૧) સ્થાનનો. (૧૨) આક્રોશ (૧૩) વધ. (૧૪) યાચના. (૧૫) અલાભ. (૧૬) રોગ. (૧૭) તૃણસ્પર્શ. (૧૮) જલ (મેલ). (૧૯) સત્કાર. પુરસ્કાર. (૨૦) પ્રજ્ઞા (૨૧) અજ્ઞાન. (૨૨) દર્શન.

ત્રેવીશ પ્રકારે સૂત્રકૃત સૂત્રનાં અધ્યયન-સોળમાં બોલમાં સોળ અધ્યયન કહ્યાં છે તે, ને સાત નીચે મુજબ.

(૧) પુંડરીક કમળ. (૨) ક્રિયાસ્થાનક. (૩) આહાર-પ્રતિજ્ઞા. (૪) પ્રત્યાખ્યાન ક્રિયા. (૫) અણગાર સુત. (૬) આર્દ્રકુમાર. (૭) ઉદક (પેઢાલ પુત્ર).

ચોવીશ પ્રકારના દેવ - (૧) દશ ભવનપતિ. (૨) આઠ વાણવ્યંતર. (૩) પાંચ જ્યોતિષી. (૪) એક વૈમાનિક.

## પચીશ પ્રકારે પાંચ મહા વ્રતની ભાવના

૧ લા મહાવ્રતની પાંચ ભાવના - (૧) ઈર્યાસમિતિ ભાવના. (૨) મનસમિતિ ભાવના. (૩) વચનસમિતિ ભાવના (૪) એષણાસમિતિ ભાવના. (૫) આદાન-ભંડ-મત નિક્ષેપના સમિતિ ભાવના.

૨ જા મહાવ્રતની પાંચ ભાવના - (૧) વિચાર્યા વિના બોલવું નહિ. (૨) ક્રોધથી બોલવું નહિ. (૩) લોભથી બોલવું નહિ. (૪) ભયથી બોલવું નહિ. (૫) હાસ્યથી બોલવું નહિ.

૩ જા મહાવ્રતની પાંચ ભાવના - (૧) નિર્દોષ સ્થાનક યાચી લેવું. (૨) તૃણ પ્રમુખ યાચી લેવું. (૩) સ્થાનકાદિ સુધારવું નહિ. (૪) સ્વધર્મીનું અદત્ત લેવું નહિ. (૫) સ્વધર્મીની વૈયાવચ્ચ કરવી.

૪ થા મહાવ્રતની પાંચ ભાવના - (૧) સ્ત્રી, પશુ, પંડકવાળા સ્થાનકને સેવવું નહિ. (૨) સ્ત્રી સાથે વિષય સંબંધી કથા વાર્તા કરવી નહિ. (૩) વિષય કે રાગદષ્ટિથી સ્ત્રીનાં અંગ, અવયવ નીરખવાં નહિ. (૪) પૂર્વગત સુખ ક્રીડા સંભારવાં નહિ. (૫) સ્વાદિષ્ટ, મજબુત આહાર જમવો નહિ.

૫ મા મહાવ્રતની પાંચ ભાવના - (૧) સારા શબ્દ ઉપર રાગ ને માઠા શબ્દો ઉપર દ્વેષ કરવો નહિ. (૨) સારા રૂપ ઉપર રાગ ને માઠા રૂપ ઉપર દ્વેષ કરવો નહિ. (૩) સારી ગંધ ઉપર

રાગ ને માઠી ગંધ ઉપર દ્વેષ કરવો નહિ. (૪) સારા રસ ઉપર રાગ ને માઠા રસ ઉપર દ્વેષ કરવો નહિ. (૫) સારા સ્પર્શ ઉપર રાગ ને માઠા સ્પર્શ ઉપર દ્વેષ કરવો નહિ.

છવીશ પ્રકારે દશાશ્રુતસ્કંધના, બૃહત્કલ્પ ને વ્યવહારનાં અધ્યયન - (૧) દશ દશાશ્રુતસ્કંધનાં, (૨) છ બૃહતકલ્પનાં, (૩) દશ વ્યવહારનાં અધ્યયન છે.

સત્તાવીશ પ્રકારે અણગારના ગુણ - (૧) સર્વ પ્રાણાતિપાતથી વિરામ, (૨) સર્વ મૃષાવાદથી વિરામ, (૩) સર્વ અદત્તાદાનથી વિરામ, (૪) સર્વ મૈથુનથી વિરામ, (૫) સર્વ પરિગ્રહથી વિરામ, (૬) શ્રોતેન્દ્રિય નિગ્રહ, (૭) ચક્ષુઇન્દ્રિય નિગ્રહ, (૮) ઘ્રાણેન્દ્રિય નિગ્રહ, (૯) રસેન્દ્રિય નિગ્રહ, (૧૦) સ્પર્શેન્દ્રિય નિગ્રહ, (૧૧) ક્રોધવિજ્ય, (૧૨) માનવિજ્ય. (૧૩) માયાવિજ્ય, (૧૪) લોભવિજ્ય, (૧૫) ભાવસત્ય, (૧૬) કરણસત્ય, (૧૭) યોગસત્ય, (૧૮) ક્ષમા, (૧૯) વૈરાગ્ય, (૨૦) મનસમાધારણતા, (૨૧) વચનસમાધારણતા, (૨૨) કાયસમાધારણતા, (૨૩) જ્ઞાન, (૨૪) દર્શન, (૨૫) ચારિત્ર, (૨૬) વેદના સહિષ્ણુતા, (૨૭) મરણ સહિષ્ણુતા.

અઠાવીશ પ્રકારે આચારકલ્પ - (૧) માસ પ્રાયશ્ચિત. (૨) માસ ને પાંચ દિવસ. (૩) માસ ને દશ દિવસ. (૪) માસ ને પંદર દિવસ. (૫) માસ ને વીશ દિવસ. (૬) માસ ને પચિસ દિવસ. (૭) બે માસ. (૮) બે માસ ને પાંચ દિવસ. (૯) બે માસ ને દશ દિવસ. (૧૦) બે માસ ને પંદર દિવસ. (૧૧) બે માસને વીશ દિવસ. (૧૨) બે માસ ને પચીસ દિવસ. (૧૩) ત્રણ માસ. (૧૪) ત્રણ માસ ને પાંચ દિવસ. (૧૫) ત્રણ માસ ને દશ દિવસ. (૧૬) ત્રણ માસને પંદર દિવસ. (૧૭) ત્રણ માસ ને વીશ દિવસ. (૧૮) ત્રણ માસ ને પચ્ચીસ દિવસ. (૧૯) ચાર માસ (૨૦) ચાર માસ ને પાંચ દિવસ. (૨૧) ચાર

માસ ને દશ દિવસ. (૨૨) ચાર માસ ને પંદર દિવસ. (૨૩) ચાર માસ ને વીશ દિવસ. (૨૪) ચાર માસ ને પચ્ચીસ દિવસ. (૨૫) પાંચ માસ. એ પચ્ચીસ ઉપઘાતિક★ છે. (૨૬) અનુ-ઘાતિકારોપણ.+ (૨૭) કૃત્સ્ન (સંપૂર્ણ) (૨૮) અકૃત્સ્ન (અસંપૂર્ણ).

ઓગણત્રીશ પ્રકારે પાપ સૂત્ર - ૧. ભૂમિકંપ શાસ્ત્ર, ૨. ઉત્પાત શાસ્ત્ર,○ ૩. સ્વપ્ન શાસ્ત્ર. ૪. અંતરીક્ષ શાસ્ત્ર. (જેમાં આકાશનાં ચિન્હો સમાય છે). ૫. અંગ ફરકવાનાં શાસ્ત્ર ૬. સ્વર શાસ્ત્ર ૭. વ્યંજન શાસ્ત્ર (મસા, તલ વગેરે સમાય છે.) ૮. લક્ષણ શાસ્ત્ર. એ આઠ સૂત્રથી (મુળ પાઠ) આઠ વૃત્તિથી (ટીકાથી)ને આઠ વાર્તિકથી (વિસ્તાર) કુલ ચોવિશ. ૨૫. વિકથા અનુયોગ. ૨૬. વિદ્યા અનુયોગ. ૨૭. મંત્ર અનુયોગ. ૨૮. યોગ અનુયોગ. ૨૯. અન્ય તીર્થિક પ્રવૃત્ત અનુયોગ.

ત્રીશ પ્રકારે મહા મોહનીયનાં સ્થાનક - (૧) સ્ત્રી, પુરૂષ, નપુંસકને અથવા કોઈ ત્રસ પ્રાણીને જળમાં પેસારીને જળરૂપ શસ્ત્રે કરીને મારે તે મહામોહનીય કર્મ બાંધે.

૨. હાથે કરી પ્રાણીના મુખ પ્રમુખ બાંધી, શ્વાસ રૂંધી જીવને મારે તો મહામોહનીય.

૩. અગ્નિ પ્રજાળી, વાડાદિકમાં પ્રાણી રોકી, ધૂમાડે કરી, આકુળવ્યાકુળ કરી મારે તો મહામોહનીય.

૪. ઉત્તમાંગ જે મસ્તક તેને ખડ્ગાદિકે કરી ભેદે-છેદે-ફાડે તો મહામોહનીય.

૫. ચામડા પ્રમુખની વાધરીએ કરી મસ્તકાદિ શરીરને તાણી બાંધી વારંવાર અશુભ પરિણામે કરી કદર્થના કરે તો મહા-મોહનીય.

★ લઘુ પ્રાયશ્ચિત + ગુરૂ પ્રાયશ્ચિતનું આરોપણ કરવું.
○ ધરતીકંપ આદિનાં જ્ઞાનના શાસ્ત્ર.

૬. વિશ્વાસકારી વેષે કરી-માર્ગ પ્રમુખને વિષે જીવને હણે-તે લોકમાં ઉપહાસ્ય થાય તેવી રીતે તથા પોતે કર્તવ્ય કરી આનંદ માને તે મહામોહનીય.

૭. કપટે કરી પોતાનો દુષ્ટ આચાર ગોપવે તથા પોતાની માયાએ કરી અન્યને પણ પાશમાં નાંખે, તથા શુદ્ધ સૂત્રાર્થ ગોપવે તો મહામોહનીય.

૮. પોતે અનેક ચોરી બાળઘાત (અન્યાય) પ્રમુખ કર્મ કીધાં હોય, તે દોષ નિર્દોષી પુરૂષ ઉપર નાંખે, તથા યશસ્વીનો યશ ઘટાડવા માટે અછત આળ આપે તો મહામોહનીય.

૯. પરને રૂડું મનાવવા માટે દ્રવ્ય ભાવથી ઝગડા (કલેશ) વધારવા માટે, જાણતો થકો સભા મધ્યે સત્ય મૃષા (મીશ્ર) ભાષા બોલે તો મહામોહનીય.

૧૦. રાજાનો ભંડારી પ્રમુખ તે, રાજા, પ્રધાન તથા સમર્થ કોઈ પુરૂષની લક્ષ્મી પ્રમુખ લેવા ચાહે, તથા તેની સ્ત્રી વિણસાડે, તથા તેના રાગી પુરૂષોનાં મન ફેરવે, તથા રાજાને રાજ્ય કર્તવ્યથી બહાર કરે તો મહામોહનીય.

૧૧. સ્ત્રીઓને વિષે ગૃદ્ધ થઈ પરણ્યા છતાં કુમારપણાનું (હું કુંવારો છું) બિરૂદ ધરાવે તો મહામોહનીય.

૧૨. ગાયોની મધ્યે ગર્દભ માફક સ્ત્રીના વિષય વિષે ગૃદ્ધથકો આત્માનું અહિત કરનાર માયામૃષા બોલે. અબ્રહ્મચારી છતાં બ્રહ્મચારીનું બિરૂદ ધરાવે તો મહામોહનીય. (લોકમાં ધર્મનો અવિશ્વાસ થાય, ધર્મી ઉપર પ્રતીતિ ન રહે, તે માટે.)

૧૩. જેની નિશ્રાએ આજીવિકા કરે છે તેની લક્ષ્મીને વિષે

લુબ્ધ થઈ તેની લક્ષ્મી લૂંટે તથા પર પાસે લૂંટાવે તો મહામોહનીય; ચિલાતી ચોરવત્.

૧૪. જેણે દરિદ્રપણું (નિર્ધનપણું) મટાડી, માપદાર (હોદ્દાદાર) કર્યો, તે મહર્દ્ધિપણું પામ્યા પછી, ઈર્ષા દોષે કરી, કલુષિત ચિત્ત કરી, તે ઉપકારી પુરૂષને વિપત્તિ આપે તથા ધન પ્રમુખ આપવાની અંતરાય પાડે તો મહામોહનીય.

૧૫. પોતાનું ભરણપોષણ કરનાર, રાજા, પ્રધાન પ્રમુખ તથા જ્ઞાન પ્રમુખના અભ્યાસ કરાવનાર ગુર્વાદિકને હણે તો મહામોહનીય; સર્પણી જેમ ઈંડાને હણે તેમ.

૧૬. દેશનો રાજા તથા વાણીયાના વૃંદનો પ્રવર્ત્તાવક (વ્યવહારીઓ) તથા નગરશેઠ એ ત્રણ ઘણા યશના ધણી છે, તેને હણે તો મહામોહનીય.

૧૭. જે ઘણા જનને આધારભૂત (સમુદ્રમાં દ્વીપ સમાન) છે તેમને હણે તો મહામોહનીય.

૧૮. સંયમ લેવા સાવધાન થયો છે તેને, તથા સંયમ લીધેલો છે તેને, ધર્મથી ભ્રષ્ટ કરે તો મહામોહનીય.

૧૯. અનંતજ્ઞાની તથા અનંતદર્શી એવા તીર્થંકર દેવના અવર્ણવાદ બોલે તો મહામોહનીય.

૨૦. તીર્થંકર દેવના પ્રરૂપિત ન્યાય માર્ગનો દ્વેષી થઈ અવર્ણવાદ બોલે, નિંદા કરે ને શુદ્ધ માર્ગથી લોકોના મન ફેરવે તો મહામોહનીય.

૨૧. આચાર્ય ઉપાધ્યાય જે સૂત્ર પ્રમુખ વિનયને શિખવે છે-ભણાવે છે તેવા પુરૂષને હીલે, નિંદે, ખીંસે તો મહામોહનીય.

૨૨. આચાર્ય ઉપાધ્યાયને સાચે મને આરાધે નહિ, તથા અહંકારી થકો ભક્તિ ન કરે તો મહામોહનીય.

૨૩. અબહુશ્રુત્ (અલ્પસૂત્રી) થકો શાસ્ત્રે કરી પોતાની શ્લાઘા કરે તથા સ્વાધ્યાયનો વાદ કરે તો મહામોહનીય.

૨૪. અતપસ્વી થકો તપસ્વીનું બિરૂદ ધરાવે તો (લોકોને છેતરવા માટે) મહામોહનીય.

૨૫. ઉપકારને અર્થે ગુર્વાદિનો તથા સ્થવિર ગ્લાન પ્રમુખનો છતી શક્તિએ વિનય વૈયાવચ્ચ ન કરે (કહે જે મારી સેવા એણે પૂર્વે કરી નહોતી એમ તે ધૂર્ત્ત માયાવી મલિન ચિત્તનો ધણી પોતાની બોધ બીજનો નાશ કરનાર અનુકંપારહિત હોય) તો મહામોહનીય.

૨૬. ચાર તીર્થનો ભેદ કરે એવી કથા વાર્તા પ્રમુખ (કલેશરૂપ શસ્ત્રાદિક)નો પ્રયોગ કરે તો મહામોહનીય.

૨૭. પોતાની શ્લાઘા વધારવા તથા બીજા સાથે મિત્રતા કરવા અધર્મયોગ એવા વશીકરણ નિમિત્ત મંત્ર પ્રમુખ પ્રયોજે, તો મહામોહનીય.

૨૮. જે કોઈ મનુષ્ય સંબંધી ભોગ તથા દેવ સંબંધી ભોગને અતૃપ્તપણે ગાઢ પરિણામથી આસકત થઈ આસ્વાદન કરે તો મહામોહનીય.

૨૯. મહર્દ્ધિક, મહાજ્યોતિવાન્, મહાયશસ્વી દેવોના બળ વીર્ય પ્રમુખનો અવર્ણવાદ બોલે તો મહામોહનીય.

૩૦. અજ્ઞાની થકો લોકમાં પૂજા (શ્લાઘા)નો અર્થી વૈમાનિક વ્યંતર પ્રમુખ દેવને નહિ દેખતો થકો કહે જે હું દેખું છું, તેવું કહે તો મહામોહનીય.

એકત્રિશ પ્રકારે સિદ્ધના આદિગુણ - આઠ કર્મની એકત્રિશ પ્રકૃતિનો વિજય તે એકત્રિશ ગુણ. તે એકત્રિશ પ્રકૃતિ નીચે મુજબ-

(૧) જ્ઞાનાવરણીય કર્મની પાંચ પ્રકૃતિ - (૧) મતિ જ્ઞાનાવરણીય. (૨) શ્રુત જ્ઞાનાવરણીય. (૨) અવધિ જ્ઞાનાવરણીય. (૪) મનઃર્યપવ જ્ઞાનાવરણીય. (૫) કેવળ જ્ઞાનાવરણીય.

(૨) દર્શનાવરણીય કર્મની નવ પ્રકૃતિ- (૧) નિદ્રા (૨) નિદ્રાનિદ્રા (૩) પ્રચલા (૪) પ્રચલા પ્રચલા (૫) થીણદ્ધી (સત્યાનર્દ્ધિ) (૬) ચક્ષુ દર્શનાવરણીય (૭) અચક્ષુ દર્શનાવરણીય (૮) અવધિ દર્શનાવરણીય (૯) કેવળ દર્શનાવરણીય.

(૩) વેદનીય કર્મની બે પ્રકૃતિ - (૧) શાતા વેદનીય (૨) આશાતા વેદનીય.

(૪) મોહનીય કર્મની બે પ્રકૃતિ - (૧) દર્શન મોહનીય. (૨) ચારિત્ર મોહનીય.

(૫) આયુષ્ય કર્મની ચાર પ્રકૃતિ - (૧) નરક આયુષ્ય. (૨) તિર્યંચ આયુષ્ય. (૩) મનુષ્ય આયુષ્ય. (૪) દેવ આયુષ્ય.

(૬) નામ કર્મની બે પ્રકૃતિ - (૧) શુભ નામ. (૨) અશુભ નામ.

(૭) ગોત્ર કર્મની બે પ્રકૃતિ - (૧) ઉચ્ચ ગોત્ર. (૨) નીચ ગોત્ર.

(૮) અંતરાય કર્મની પાંચ પ્રકૃતિ - (૧) દાનાંતરાય. (૨) લાભાંતરાય. (૩) ભોગાંતરાય. (૪) ઉપભોગાંતરાય (૫) વીર્યાંતરાય.

બત્રિશ પ્રકારે યોગ સંગ્રહ - ૧. જે કાંઈ પાપ લાગ્યું હોય તેનું પ્રાયશ્ચિત લેવાનો સંગ્રહ કરવો. ૨ જે કોઈ પ્રાયશ્ચિત લે તે બીજાને નહિ કહેવાનો સંગ્રહ કરવો. ૩. વિપત્તિ આવ્યે ધર્મવિષે દૃઢ રહેવા સંગ્રહ કરવો. ૪. નિશ્રારહિત તપ કરવાનો સંગ્રહ

કરવો. ૫. સૂત્રાર્થ ગ્રહણ કરવાનો સંગ્રહ કરવો. ૬. શુશ્રૂષા ટાળવાનો સંગ્રહ કરવો. ૭. અજ્ઞાત કુળની ગૌચરી કરવાનો સંગ્રહકરવો. ૮. નિર્લોભી થવાનો સંગ્રહ કરવો. ૯ બાવીશ પરિષહ સહવાનો સંગ્રહ કરવો. ૧૦. સરલ નિખાલસ સ્વભાવ રાખવાનો સંગ્રહ કરવો. ૧૧. સત્ય સંયમ રાખવાનો સંગ્રહ કરવો. ૧૨ સમ્યક્ત્વ નિર્મળ રાખવાનો સંગ્રહ કરવો. ૧૩. સમાધિથી રહેવાનો સંગ્રહ કરવો. ૧૪. પંચ આચાર પાળવાનો સંગ્રહ કરવો ૧૫. વિનય કરવાનો સંગ્રહ કરવો. ૧૬. ધૃતિ (ધીરજ) રાખવાનો સંગ્રહ કરવો. ૧૭. વૈરાગ્ય રાખવાનો સંગ્રહ કરવો. ૧૮. શરીરને સ્થિર રાખવાનો સંગ્રહ કરવો. ૧૯. સુવિધિસારા અનુષ્ઠાનનો સંગ્રહ કરવો. ૨૦. આશ્રવ રોકવાનો સંગ્રહ કરવો ૨૧. આત્માના દોષ ટાળવાનો સંગ્રહ કરવો. ૨૨. સર્વ વિષયથી વિમુખ રહેવાનો સંગ્રહ કરવો. ૨૩. પ્રત્યાખ્યાન કરવાનો સંગ્રહ કરવો. ૨૪. દ્રવ્યથી ઉપધિ ત્યાગ, ભાવથી ગર્વાદિકનો ત્યાગ કરવો. ૨૫. અપ્રમાદી થવાનો સંગ્રહ કરવો ૨૬. કાળે કાળે ક્રિયા કરવાનો સંગ્રહ કરવો. ૨૭ ધર્મધ્યાનનો સંગ્રહ કરવો. ૨૮. સંવર યોગનો સંગ્રહ કરવો. ૨૯. મરણ આતંક (રોગ) ઉપજ્યે મનને ક્ષોભ ન કરવાનો સંગ્રહ કરવો. ૩૦. સ્વજનાદિકનો ત્યાગ કરવાનો સંગ્રહ કરવો. ૩૧. પ્રાયશ્ચિત લીધું હોય તે કરવાનો સંગ્રહ કરવો. ૩૨. આરાધક પંડિતનું મૃત્યુ થાય તેમ આરાધના કરવાનો સંગ્રહ કરવો.

તેત્રિશ પ્રકારે આશાતના - ૧. શિષ્ય રત્નાધિક (વડા=ગુરુ) આગળ અવિનયપણે ચાલે તે આશાતના. ૨. શિષ્ય વડાની બરાબર ચાલે તે આશાતના. ૩. શિષ્ય વડાની પાછળ અવિનયપણે ચાલે તે આશાતના. ૪.૫.૬. એ પ્રમાણે વડાની આગળ, બરાબર ને પાછળ અવિનયપણે ઊભો રહે તે આશાતના. ૭.૮.૯. એ પ્રમાણે વડાની આગળ, બરાબર ને

પાછળ અવિનયપણે બેસે તે આશાતના. ૧૦. શિષ્ય વડાની સાથે બહિર ભૂમિ જાય ને વડા પહેલા શુચિ થઈ આગળ આવે તે ૧૧. વડા સાથે વિહાર-ભૂમિ જઈ આવી ઈરિયાપથિકા પહેલા પ્રતિક્રમે તે. ૧૨. કોઈ પુરૂષ આવે તે વડાને બોલાવવા યોગ્ય છે તેવું જાણીને પહેલાં પોતે બોલાવે ને પછી વડા બોલાવે તે. ૧૩ રાત્રિએ વડા બોલાવે કે અહો આર્ય ! કોણ નિદ્રામાં છે ને *કોણ જાગૃત છે ? તેવું બોલતાં સાંભળીને ઉત્તર ન આપે તે* (૧૪) અશનાદિ વહોરી લાવીને પ્રથમ અન્ય શિષ્યાદિની આગળ કહે પછી વડાને કહે તે. (૧૫) અશનાદિ લાવીને પ્રથમ અન્ય શિષ્યાદિને બતાવે પછી વડાને બતાવે તે. (૧૬) અશનાદિ વહોરી લાવીને પ્રથમ અન્ય શિષ્યને આમંત્રણ કરે પછી વડાને આમંત્રણ કરે તે. (૧૭) વડા સાથે અથવા અન્ય સાધુ સાથે અન્નાદિ વહોરી લાવી વડાને કે વૃદ્ધ સાધુને પૂછ્યા વિના પોતાનો જેના ઉપર પ્રેમ છે તેઓને થોડું થોડું વહેંચી આપે તે (૧૮) વડા સાથે જમતાં ત્યાં સારૂં પત્ર, શાક, રસસહિત, મનોજ્ઞ ઉતાવળથી જમે તો આશાતના. (૧૯) વડાના બોલાવ્યા છતાં સાંભળીને મૌન રહે તે. (૨૦) વડાના બોલાવ્યાં છતાં પોતાના આસને રહી હા કહે, પરંતુ કામ બતલાવશે તેવા ભયથી વડા પાસે જાય નહિં તે. (૨૧) વડાના બોલાવ્યાથી આવે ને કહે કે શું કહો છો ? એવું મોટા સાદે અવિનયથી કહે તે. (૨૨) વડા કહે કે આ કાર્ય તમે કરો તમને લાભ થશે, ત્યારે શિષ્ય વડા પ્રતિ કહે કે તમે જ કરો તમોને લાભ થશે, તે (૨૩) શિષ્ય વડા પ્રત્યે કઠોર, કર્કશ ભાષા વાપરે તે. (૨૪) શિષ્ય વડાને, જેમ વડા શબ્દ વાપરે તેના શબ્દો તેવી જ રીતે વાપરે તે. (૨૫) વડા ધર્મ વ્યાખ્યાન આપતા હોય ત્યારે સભામાં જઈ બોલે કે તમો કહો છો તે ક્યાં છે ? એમ કહે તે. (૨૬) વડા ધર્મ વ્યાખ્યાન કહેતાં શિષ્ય કહે કે તમો તદ્દન ભુલી ગયા છો, તે. (૨૭) વડા ધર્મ વ્યાખ્યાન

આપતાં શિષ્ય પોતે સારૂં ન જાણી ખુશી ન રહે તે. (૨૮) વડા ધર્મ વ્યાખ્યાન આપતાં સભામાં ભેદ થાય તેમ અવાજ કરી બોલી ઉઠે કે વખત થઈ ગયો છે, આહારાદિ લેવા જવાનું છે વિગેરે, કહી ભંગ કરે તે (૨૯) વડા ધર્મ વ્યાખ્યાન આપતાં શ્રોતાઓનાં મનને નાખુશી ઉત્પન્ન કરે તે (૩૦) વડાનું ધર્મ વ્યાખ્યાન બંધ થયું ન હોય તેટલામાં શિષ્ય પોતે વ્યાખ્યાન શરૂ કરે તે. (૩૧) વડાની શય્યા - પથારીને પગે કરી ઘસે, હાથે કરી આસ્ફાલન કરે તે. (૩૨) વડાની શય્યા, પથારી ઉપર ઊભો રહે. બેસે, સૂવે, તે. (૩૩) વડાથી ઉચ્ચ આસને કે બરાબર આસને બેસવું, ઊભા રહેવું, સૂવું વગેરે કરે તે.

ઈતિ તેત્રિશ બોલ સંપૂર્ણ.

## (૧૨) નંદી સૂત્રમાંથી પાંચ જ્ઞાનનું વિવેચન

૧ જ્ઞેય, ૨ જ્ઞાન, ૩ જ્ઞાની, તેના અર્થ.

૧ જ્ઞેય જાણવા યોગ્ય તે સામો પદાર્થ. ૨. જ્ઞાન તે જીવનો ઉપયોગ, જીવનું લક્ષણ, જીવના ગુણનું જાણપણું તે. ૩. જ્ઞાની તે જાણે તે - જાણવાવાળો જીવ - અસંખ્યાત પ્રદેશી આત્મા.

### જ્ઞાન શબ્દનો વિશેષ અર્થ

૧. જેણે કરી વસ્તુને જાણીએ તે જ્ઞાન.

૨. જે થકી વસ્તુને જાણીએ તે જ્ઞાન.

૩. જેને વિષે વસ્તુને જાણીએ તે જ્ઞાન.

૪. જાણવું તે જ્ઞાન.

એ ચાર અર્થ કહ્યા.

### જ્ઞાનના ભેદ.

જ્ઞાનના પાંચ ભેદ છે. ૧ મતિ જ્ઞાન, ૨ શ્રુતજ્ઞાન, ૩ અવધિ જ્ઞાન, ૪ મનઃપર્યવ જ્ઞાન, ૫ કેવળ જ્ઞાન.

**મતિ જ્ઞાનના બે ભેદ.**

૧ સામાન્ય, ૨ વિશેષ.

૧ સામાન્ય પ્રકારે તે મતિ કહીએ.

૨ વિશેષ પ્રકારે તે મતિ જ્ઞાન તથા મતિ અજ્ઞાન કહીએ.

સમ્યક્દ્રષ્ટિની મતિ, તે મતિજ્ઞાન.

મિથ્યાદષ્ટિની મતિ, તે મતિઅજ્ઞાન.

**શ્રુતજ્ઞાનના બે ભેદ.**

૧ સામાન્ય, ૨ વિશેષ,

૧. સામાન્ય પ્રકારે તે શ્રુત કહીએ.

૨. વિશેષ પ્રકારે તે શ્રુતજ્ઞાન તથા શ્રુતઅજ્ઞાન કહીએ.

સમ્યક્દષ્ટિનું શ્રુત તે શ્રુત જ્ઞાન.

મિથ્યાદષ્ટિનું શ્રુત તે શ્રુત અજ્ઞાન.

૧ મતિ જ્ઞાન, ૨ શ્રુત જ્ઞાન, એ બે જ્ઞાન અન્યોઅન્ય પરસ્પર માંહોમાંહે ક્ષીરનીરની પેરે મળી રહે છે, જીવ અને અભ્યંતર શરીરની પેરે છે. જ્યારે બે જ્ઞાન સાથે હોય ત્યારે પણ પહેલાં મતિ પછી શ્રુત હોય છે. અહીં બે જ્ઞાનને વિષે આચાર્ય વિશષે કરી સમજાવે છે.

જીવ મતિએ કરી જાણે તે મતિ જ્ઞાન, શ્રુતે કરી જાણે તે શ્રુત જ્ઞાન.

***મતિ જ્ઞાનનું વર્ણન.***

**મતિ જ્ઞાનના બે ભેદ.**

૧. શ્રુત નિશ્રિત - તે સાંભળ્યા વચનને અનુસારે મતિ વિસ્તરે.

૨. અશ્રુત નિશ્રિત - તે નહિ સાંભળ્યું; નહિ જોયું તો પણ તેમાં મતિ વિસ્તરે.

### અશ્રુત નિશ્રિતના ચાર ભેદ.

૧. ઔત્પાતિકા.

૨. વૈનયિકા,

૩. કાર્મિકા,

૪. પારિણામિકા.

૧. ઔત્પાતિકા બુદ્ધિ - તે પૂર્વે નહિ જોયું, નહિ સાંભળ્યું તેમાં એકદમ વિશુદ્ધ અર્થગ્રાહી બુદ્ધિ ઉપજે, ને તે બુદ્ધિ ફળને ઉત્પન્ન કરે તેને ઔત્પાતિકા બુદ્ધિ કહીએ,

૨. વૈનયિકા બુદ્ધિ - તે ગુરૂ - વડાનો વિનય ભક્તિ કરવાથી બુદ્ધિની ઉત્પત્તિ થાય, શાસ્ત્રના અર્થ - રહસ્ય સમજે તેને વૈનયિકા બુદ્ધિ કહીએ.

૩. કાર્મિકા (કામીયા) બુદ્ધિ - તે જોતાં, લખતાં, ચિતરતાં, ભણતાં, સાંભળતાં, દેખતાં, વણતાં, વાવતાં, શીવતાં એ આદિ અનેક શિલ્પકળા વિગેરેનો અભ્યાસ કરતાં તેમાં કુશળ થાય તે કાર્મિકા (કામીયા) બુદ્ધિ કહીએ.

૪. પારિણામિકા બુદ્ધિ - તે જેમ જેમ વય પરિણમે તેમ તેમ બુદ્ધિ પરિણમે તથા બહુસૂત્રી, સ્થવિર, પ્રત્યેક બુદ્ધાદિ પ્રમુખને આલોચન કરતાં બુદ્ધિમાં વૃદ્ધિ થઈ, જાતિસ્મરણાદિ જ્ઞાન થાય તેને પારિણામિકા બુદ્ધિ કહીએ.

### શ્રુત નિશ્રિત મતિ જ્ઞાનના ચાર ભેદ.

૧ અવગ્રહ, (ગ્રહણ કરવું) ૨ ઈહા, (વિચારવું) ૩ અવાય, (નિર્ણય કરવો) ૪ ધારણા. (જ્ઞાનને ધારણ કરવું)

### અવગ્રહના બે ભેદ.

૧ વ્યંજનાવગ્રહ ૨ અર્થાવગ્રહ.

## વ્યંજનાગ્રહના ચાર ભેદ.

૧ શ્રોતેંદ્રિય વ્યંજનાવગ્રહ, ૨ ઘ્રાણેંદ્રિય વ્યંજનાવગ્રહ, ૩ રસેંદ્રિય વ્યંજનાવગ્રહ, ૪ સ્પર્શેંદ્રિય વ્યંજનાવગ્રહ.

વ્યંજનાવગ્રહ - તે જે પુદ્ગલો ઈંદ્રિયોને વિષે સામા આવી પડે, ને ઈંદ્રિયો તે પુદ્ગલોને ગ્રહે, સરાવલાને દૃષ્ટાંતે, તેને વ્યંજનાવગ્રહ કહિયે.

ચક્ષુઈંદ્રિય ને મન તે રૂપાદિ પુદ્ગલની સામાં જઈને તેમને ગ્રહે છે, માટે ચક્ષુઈંદ્રિય ને મન એ બેને વ્યંજનાવગ્રહ નથી ને શેષ ચાર ઈંદ્રિયોને વ્યંજનાવગ્રહ છે.

શ્રોતેંદ્રિય વ્યંજનાવગ્રહ તે - કાને કરી શબ્દના પુદ્ગલને ગ્રહે.

ઘ્રાણેંદ્રિય વ્યંજનાવગ્રહ તે - નાસિકાથી ગંધના પુદ્ગલને ગ્રહે.

રસેંદ્રિય વ્યંજનાવગ્રહ તે - જીહ્વાએ કરી રસના પુદ્ગલને ગ્રહે.

સ્પર્શેંદ્રિય વ્યંજનાવગ્રહ તે - શરીરે કરી સ્પર્શના પુદ્ગલને ગ્રહે.

વ્યંજનાવગ્રહને સમજવાને-

૧ પડિબોહગદિઠ્ઠતેણં, ૨ મલ્લગદિઠ્ઠતેણં, આ બે દૃષ્ટાંત આપે છે.

પડિબોહગદિઠ્ઠતેણં - પ્રતિબોધક (જગાડવાનું) દૃષ્ટાંત, જેમ કોઈ પુરુષ સુતો છે, તેને બીજો કોઈ પુરૂષે બોલાવ્યો 'હે દેવદત્ત' ત્યારે તેણે સાંભળીને જાગીને 'હું' ઉત્તર આપ્યો. ત્યારે શિષ્ય સમજવાને શંકાથી પૂછે છે; હે સ્વામિન્ ! તે પુરૂષે હુંકારો આપ્યો તે શું તેણે એક સમયના, કે બે સમયના, કે ત્રણ સમયના, કે ચાર સમયના, કે યાવત્ સંખ્યાત સમયના, કે અસંખ્યાત સમયના

પ્રવેશ્યા શબ્દ પુદ્‌ગલને ગ્રહ્યા ?

ગુરૂ કહે છે - એક સમયના નહિ. બે-ત્રણ-ચાર યાવત્‌ સંખ્યાત સમયના નહિ, પણ અસંખ્યાત સમયના પ્રવેશ્યા શબ્દ પુદ્‌ગલને ગ્રહ્યા.

એમ ગુરૂના કહેવાથી પણ શિષ્યને સમજણ પડી નહિ ત્યારે બીજું મલ્લક (સરાવલા)નું દૃષ્ટાંત કહે છે :

જેમ, કુંભારના નીંભાડામાંથી તુરતનું લાવેલું કોરૂં સરાવલું હોય ને તેમાં એક જળબિંદુ મૂકે, પણ તે જળબિંદુ જણાય નહિ, એમ બે, ત્રણ, ચાર, ઘણાં જળબિંદુ મૂકે પણ તે સરાવલું બરાબર ભીંજાય નહિ, પણ ઘણાં જળબિંદુથી ભીંજાય પછી જળબિંદુ એક ઠરે ને એમ કરતાં વધતાં વધતાં પા સરાવલું થાય, પછી અર્ધ ને ઘણી વખતે પૂર્ણ ભરાય, પછી તે સરાવલું ઉભરાય, તેમ કાનમાં એક સમયના પ્રવેશ્યા (પેઠા) પુદ્‌ગલને ગ્રહી શકે નહિ. જેમ એક જળબિંદુ સરાવલામાં જણાય નહિ એમ બે, ત્રણ, ચાર, સંખ્યાત સમયના પણ પુદ્‌ગલને ગ્રહી શકે નહિ. અર્થને પકડી શકે, સમજી શકે તેમાં અસંખ્યાત સમય જોઈએ ને તે અસંખ્યાત સમયના પ્રવેશ્યા પુદ્‌ગલ જ્યારે કાનમાં ભરાય અને ઉભરાઈ જાય ત્યારે 'હું' એમ કહી શકે પણ સમજે નહિ જે એ કોનો શબ્દ, એ વ્યંજનાવગ્રહ.

## અર્થાવગ્રહના છ ભેદ.

૧ શ્રોતેંદ્રિય અર્થાવગ્રહ, ૨ ચક્ષુઈંદ્રિય અર્થાવગ્રહ, ૩ ઘ્રાણેંદ્રિય અર્થાવગ્રહ, ૪ રસેંદ્રિય અર્થાવગ્રહ, ૫ સ્પર્શેંદ્રિય અર્થાવગ્રહ, ૬ નોઈંદ્રિય (મન) અર્થાવગ્રહ.

એ અવગ્રહનાં નામ માત્ર છે તેના અર્થ સમજાવે છે.

શ્રોતેંદ્રિય અર્થાવગ્રહ – તે કાને કરી શબ્દના અર્થને ગ્રહે.

ચક્ષુઈંદ્રિય અર્થાવગ્રહ - તે ચક્ષુએ કરી રૂપના અર્થને ગ્રહે.

ઘ્રાણેંદ્રિય અર્થાવગ્રહ - તે નાશિકાએ કરી ગંધના અર્થને ગ્રહે.

રસેંદ્રિય અર્થાવગ્રહ - તે જીહ્‌વાએ કરી રસના અર્થને ગ્રહે.

સ્પર્શેંદ્રિય અર્થાવગ્રહ - તે શરીરે કરી સ્પર્શના અર્થને ગ્રહે.

નોઈંદ્રિય અર્થાવગ્રહ - તે મનદ્વારા દરેક પદાર્થના અર્થને ગ્રહે.

વ્યંજનાવગ્રહના ચાર ભેદ અને અર્થાવગ્રહના છ ભેદ મળી અવગ્રહના એ દશ ભેદ છે. અવગ્રહે કરી સામાન્ય પ્રકારે અર્થને ગ્રહે, પણ જાણે નહિ, જે એ કોનો શબ્દ વા ગંધ પ્રમુખ છે પછી ત્યાંથી ઈહા મતિજ્ઞાનમાં પ્રવેશ કરે. ઇહા તે વિચારે, જે અમુકનો શબ્દ વા ગંધ પ્રમુખ છે, પણ નિશ્ચય થાય નહીં, પછી અવાય મતિજ્ઞાન માં પ્રવેશ કરે. અવાય તે નિશ્ચય કરવો, જે એ અમુકનો જ શબ્દ વા ગંધ પ્રમુખ છે. પછી ધારણા મતિજ્ઞાનમાં પ્રવેશ કરે. ધારણા તે ધારી રાખે, જે અમુક શબ્દ વા ગંધ પ્રમુખ આ પ્રકારે હતો.

એમ ઇહાના છ ભેદ. શ્રોતેંદ્રિય ઇહા, યાવત્ નોઈંદ્રિય ઈહા. એમ અવાયના છ ભેદ. શ્રોતેંદ્રિય અવાય, યાવત્ નોઈંદ્રિય અવાય. એમ ધારણાના છ ભેદ. શ્રોતેંદ્રિય ધારણા યાવત્ નોઈંદ્રિય ધારણા.

તેમનો કાલ કહે છે. અવગ્રહનો કાલ, એક સમય થી અસંખ્યાત સમયના પ્રવેશ્યા પુદ્‌ગલને છેલ્લા સમયે જાણે, જે મને કોઈક બોલાવે છે.

ઇહાનો કાલ, અંતર્મુહુર્ત, તે વિચાર ચાલ્યા કરે, કે જે મને બોલાવે છે તે આ હશે કે એ ?

અવાયનો કાલ, અંતર્મુહુર્ત - નિશ્ચય કરવાનો, જે મને અમુકે જ બોલાવ્યો છે. શબ્દ ઉપર નિશ્ચય કરે,

ધારણાનો કાલ, સંખ્યાતા વર્ષ અથવા અસંખ્યાતા વર્ષ સુધી ધારી રાખે, જે અમુક વેળાએ અમુકનો શબ્દ સાંભળ્યો હતો તે આ પ્રકારે હતો. એ અવગ્રહના દશ ભેદ, ઈહાના છ ભેદ, અવાયના છ ભેદ, ધારણાના છ ભેદ, સર્વ મળી શ્રુત નિશ્રિત મતિજ્ઞાનના ૨૮ ભેદ.

મતિજ્ઞાન સમુચ્ચય ચાર પ્રકારે : ૧ દ્રવ્યથી. ૨ ક્ષેત્રથી. ૩ કાલથી. ૪ ભાવથી. ૧ દ્રવ્યથી મતિજ્ઞાની સામાન્યથી ઉપદેશે કરી સર્વ દ્રવ્ય જાણે પણ ન દેખે. ૨ ક્ષેત્રથી મતિજ્ઞાની સામાન્યથી ઉપદેશે કરી સર્વ ક્ષેત્રની વાત જાણે પણ ન દેખે ૩ કાલથી મતિજ્ઞાની સામાન્યથી ઉપદેશે કરી સર્વ કાલની વાત જાણે પણ ન દેખે. ૪ ભાવથી સામાન્યથી ઉપદેશે કરી સર્વ ભાવની વાત જાણે પણ ન દેખે. નહીં દેખવાનું કારણ મતિજ્ઞાનને દર્શન નથી.

ભગવતી સૂત્રમાં (શ.૮ ઉ.૨) પાસઈ પાઠ છે, તે પણ શ્રદ્ધા વિષે છે, પણ જોવું તેમ નથી. (કારણ કે મતિજ્ઞાનતે પરોક્ષ જ્ઞાન છે.) ઈતિ મતિજ્ઞાન સંપૂર્ણ.

## સૂત્ર (શ્રુત) જ્ઞાનનું વર્ણન.

શ્રુતજ્ઞાનના ૧૪ ભેદ ૧ અક્ષર શ્રુત. ૨ અનક્ષર શ્રુત. ૩ સંજ્ઞી શ્રુત. ૪ અસંજ્ઞી શ્રુત. ૫ સમ્યક્ શ્રુત. ૬. મિથ્યા શ્રુત. ૭ સાદિક શ્રુત. ૮ અનાદિક શ્રુત. ૯ સપર્યવસિત શ્રુત. ૧૦ અપર્યવસિત શ્રુત. ૧૧ ગમિક શ્રુત. ૧૨ અગમિક શ્રુત. ૧૩ અંગપ્રવિષ્ટ શ્રુત. ૧૪ અનંગપ્રવિષ્ટ શ્રુત (અંગબાહિર)

૧ અક્ષર શ્રુત તેના ત્રણ ભેદ. ૧ સંજ્ઞા અક્ષર, ૨ વ્યંજન અક્ષર. ૩ લબ્ધિ અક્ષર.

૧ સંજ્ઞા અક્ષર શ્રુત તે અક્ષરના આકારનું જ્ઞાન; જેમકે ક, ખ, ગ, પ્રમુખ સર્વ અક્ષરની સંજ્ઞાનું જ્ઞાન. ક અક્ષરનો ઘાટ દેખી કહે જે એ ખ નહિ, ગ નહિ, એમ સર્વ અક્ષરની ના કહીને કહે કે એ તો ક જ છે. એમ સંસ્કૃત, પ્રાકૃત, ગોડી, ફારસી, દ્રાવિડી, હિંદી એ આદિ અનેક પ્રકારની લિપિમાં અનેક પ્રકારના અક્ષરના ઘાટ છે તેનું જે જ્ઞાન તે સંજ્ઞા અક્ષર શ્રુતજ્ઞાન.

૨ વ્યંજન અક્ષર શ્રુત, તે હસ્વ, દીર્ઘ, કાનો, માત્રા, અનુસ્વાર પ્રમુખની સંયોજનાએ કરી બોલવું તે વ્યજંનાક્ષર શ્રુત.

૩ લબ્ધિ અક્ષર શ્રુત તે ઈંદ્રિયાર્થના જાણપણાની લબ્ધિથી અક્ષરનું જ્ઞાન થાય તે. તેના છ ભેદ

૧ શ્રોતેંદ્રિય લબ્ધિ અક્ષર શ્રુત તે કાને ભેરી પ્રમુખનો શબ્દ સાંભળી કહે, જે એ ભેરી પ્રમુખનો શબ્દ છે, તો ભેરી પ્રમુખ અક્ષરનું જ્ઞાન શ્રોતેંદ્રિયલબ્ધિથી થયું તે માટે શ્રોતેંદ્રિય લબ્ધિ અક્ષરશ્રુત કહીએ.

૨ ચક્ષુ ઈંદ્રિય લબ્ધિ અક્ષર શ્રુત તે આંખે આંબા પ્રમુખનું રૂપ દેખીને કહે જે એ આંબા પ્રમુખનું રૂપ છે, તો આંબા પ્રમુખ અક્ષરનું જ્ઞાન ચક્ષુઈન્દ્રિય લબ્ધિથી થયું, તે માટે ચક્ષુઈંદ્રિય લબ્ધિ અક્ષર શ્રુત કહીએ.

૨ ઘ્રાણેંદ્રિય લબ્ધિ અક્ષરશ્રુત નાસિકાએ કેતકી પ્રમુખની ગંધ લઈને જાણે જે એ કેતકી પ્રમુખની ગંધ છે, તે ઘ્રાણેંદ્રિય લબ્ધિથી કેતકી પ્રમુખ અક્ષરનું જ્ઞાન થયું, માટે ઘ્રાણેંદ્રિય લબ્ધિ અક્ષરશ્રુત કહીએ.

૪ રસેંદ્રિય લબ્ધિ અક્ષર શ્રુત તે જીહ્વાએ કરી સાકર પ્રમુખનો સ્વાદ જાણીને એ સાકર પ્રમુખનો સ્વાદ છે, એ અક્ષરનું જ્ઞાન રસેંદ્રિયથી થયું, માટે રસેંદ્રિય લબ્ધિઅક્ષર શ્રુત કહીએ.

૫ સ્પર્શેંદ્રિય લબ્ધિ અક્ષર શ્રુત તે શીત, ઉષ્ણ, આદિ સ્પર્શ થવાથી જાણે જે એ શીત વા ઉષ્ણ છે, માટે તે અક્ષરનું જ્ઞાન સ્પર્શેંદ્રિયથી થયું માટે સ્પર્શેંદ્રિય લબ્ધિ અક્ષર શ્રુત કહીએ.

૬ નોઈંદ્રિય લબ્ધિ અક્ષર શ્રુત તે મને કરી ચિંતવતાં, વિચારતાં સ્મરણ થયું જે મેં અમુક ચિંતવ્યું વા વિચાર્યું તો તે સ્મરણના અક્ષરનું જ્ઞાન મનથી - નોઈંદ્રિયથી, થયું માટે નોઈંદ્રિય લબ્ધિ અક્ષર શ્રુત કહીએ. એ લબ્ધિ અક્ષર શ્રુતના છ ભેદ સંપૂર્ણ. ઈતિ અક્ષર શ્રુતના ભેદ.

૨ અનક્ષર શ્રુત - તે અનેક પ્રકારે છે. તે અક્ષરના ઉચ્ચાર કર્યા વિના શબ્દ, છીંક, ઉધરસ, ઉચ્છ્વાસ, નિઃશ્વાસ, બગાસાં, નાક નિષીકવું તથા નગારાં પ્રમુખનો શબ્દ, અનંક્ષરી વાણી માટે, એને અનક્ષર શ્રુત કહીએ.

૩ સંજ્ઞી શ્રુત-તેના ત્રણ ભેદ. ૧ સંજ્ઞી કાલિકોપદેશ.

૨ સંજ્ઞી હેતૂપદેશ. ૩. સંજ્ઞી દૃષ્ટિવાદોપદેશ.

૧ સંજ્ઞી કાલિકોપદેશ-તે શ્રુત સાંભળીને વિચારે તે. ૧ વિચારવું, ૨ નિશ્ચય કરવું, ૩ સમુચ્ચય અર્થનું ગવેષવું, ૪ વિશેષ અર્થનું ગવેષવું, ૫ ચિંતવવું, ૬ નિશ્ચય કરી વળી વિચારવું, એ છ બોલ સંજ્ઞી જીવને હોય તે સંજ્ઞી કાલિકો-પદેશ શ્રુત.

૨ સંજ્ઞી હેતૂપદેશ - તે સંજ્ઞી ધારી રાખે.

૩ સંજ્ઞી દૃષ્ટિવાદોપદેશ-તે ક્ષયોપશમ ભાવે સાંભળે. એટલે કે સંજ્ઞી શ્રુત તે શાસ્ત્રને હેતુ સહિત, દ્રવ્ય અર્થ સહિત, કારણ યુક્તિ સહિત, ઉપયોગ સહિત, પૂર્વાપર વિચાર સહિત ભણે, ભણાવે, સાંભળે તે માટે સંજ્ઞી શ્રુત કહીએ.

૪ અસંજ્ઞી શ્રુતના ત્રણ ભેદ ૧ અસંજ્ઞી કાલિકોપદેશ ૨ અસંજ્ઞી હેતૂપદેશ ૩ અસંજ્ઞી દૃષ્ટિવાદોપદેશ.

૧ અસંજ્ઞી કાલિકોપદેશ શ્રુત-તે સાંભળે પણ વિચારે નહિ. સંજ્ઞીને છ બોલ છે, તે અસંજ્ઞીને નથી.

૨ અસંજ્ઞી હેતૂપદેશ શ્રુત-તે સાંભળી ધારી રાખે નહિ.

૩ અસંજ્ઞી દૃષ્ટિવાદોપદેશ શ્રુત-તે ક્ષયોપશમ ભાવે ન સાંભળે. તે ત્રણ બોલ અસંજ્ઞી આશ્રી કહ્યા. એટલે કે અસંજ્ઞી શ્રુત, તે ભાવાર્થ રહિત, વિચાર તથા ઉપયોગ શૂન્ય, પૂર્વાપર આલોચ રહિત, નિર્ણય રહિત, ઓઘ સંજ્ઞાએ ભણે તથા ભણાવે, વા સાંભળે તે માટે અસંજ્ઞી શ્રુત કહીએ.

૫ સમ્યક્ શ્રુત-તે અરિહંત, તીર્થંકર, કેવળજ્ઞાની, કેવળદર્શની, દ્વાદશ ગુણે કરી સહિત, અઢાર દોષ રહિત, ચોત્રીશ અતિશય પ્રમુખ અનંત ગુણના ધારક, તેમના પ્રરૂપેલા બાર અંગ અર્થરૂપ આગમ, તથા ગણધર પુરૂષોએ-શ્રુતરૂપ-(મૂલરૂપ) બાર આગમ ગુંથ્યા તે, તથા ચૌદ પૂર્વીએ, તેર પૂર્વીએ, બાર પૂર્વીએ, અગીયાર પૂર્વીએ, તથા દશ પૂર્વીએ; જૈ શ્રુત તથા અર્થરૂપ વાણી પ્રકાશી તે સમ્યક્ શ્રુત. દશ પૂર્વમાં ન્યૂન જેને જ્ઞાન હોય, તેમનાં પ્રકાશેલાં સમશ્રુત હોય વા મિથ્યાશ્રુત હોય.

૬ મિથ્યાશ્રુત-તે જે પૂર્વોકત ગુણરહતિ, રાગદ્વેષસહિત પુરૂષોએ પોતાની મતિ કલ્પનાએ કરી, મિથ્યાત્વ દૃષ્ટિએ કરી, જે શાસ્ત્ર રચ્યાં જેવાં કે ભારત, રામાયણ, વૈદ્યક, જ્યોતિષ તથા ૨૯ જાતિનાં પાપશાસ્ત્ર પ્રમુખ ગ્રંથ તે મિથ્યાશ્રુત. તે મિથ્યાત્વ દૃષ્ટિને મિથ્યાશ્રુતપણે પરિણમે. (સાચા કરી ભણે માટે). પણ જો સમ્યક્ શ્રુતની સાથે મેળવતાં જુઠાં જાણી ત્યજે તો સમ્યક્શ્રુતપણે પરિણમે. તેજ મિથ્યાશ્રુત સમ્યક્ત્વવાન્ પુરૂષને સમ્યક્ બુદ્ધિએ કરી વાંચતા સમ્યક્ત્વના રસે કરી પરિણમે તે બુદ્ધિનો પ્રભાવ જાણવો. વળી આચારાંગાદિક સમ્યક્ શાસ્ત્ર તે પણ સમ્યક્વાન પુરૂષને સમ્યક્ થઈ પરિણમે ને મિથ્યાત્વ દૃષ્ટિવાન્ પુરુષને તેજ શાસ્ત્ર મિથ્યાત્વપણે

પરિણમે એ રહસ્ય છે.૭ સાદિક શ્રુત, ૮ અનાદિક શ્રુત, ૯ સપર્યવસિત શ્રુત ૧૦ અપર્યવસિત શ્રુત, એ ચાર પ્રકારના શ્રુતનો, ભાવાર્થ સાથે છે. બાર અંગ વ્યવચ્છેદ થયાં આશ્રી આદિક અંતસહિત અને વ્યવચ્છેદ ન થયાં આશ્રી આદિક અંત રહિત તે સમુચ્ચય ચાર પ્રકારે છે તે દ્રવ્યથી એક પુરૂષે ભણવા માંડ્યું તેને સાદિક સપર્યવસિત કહીએ, ને ઘણા પુરૂષ પરંપરા આશ્રી અનાદિક અપર્યવસિત કહીએ. ક્ષેત્રથી ૫ ભરત, ૫ ઈરવત, દશ ક્ષેત્ર આશ્રી સાદિક સપર્ય વસિત ૫ - મહાવિદેહ આશ્રી અનાદિક અપર્યવસિત. કાલથી ઉત્સર્પિણિ અવસર્પિણિ આશ્રી સાદિક સપર્યવસિત નો ઉત્સર્પિણિ નોઅવસર્પિણિ આશ્રી અનાદિક અપર્યવસિત. ભાવથી તીર્થંકરોએ ભાવ પ્રકાશ્યા તે આશ્રી સાદિક સપર્યવસિત. ક્ષયોપશમભાવ આશ્રી અનાદિક અપર્યવસિત અથવા ભવ્યનું શ્રુત તે આદિક અંતસહિત, અભવ્યનું શ્રુત તે આદિક અંતરહિત તે ઉપર દૃષ્ટાંત છે સર્વ આકાશના અનંત પ્રદેશ છે. તે એકેક આકાશ પ્રદેશમાં અનંત પર્યાય છે. તે સર્વ પર્યાયથી અનંત ગુણે અધિક એક અગુરૂલઘુ પર્યાય અક્ષર થાય. અક્ષર તે ક્ષરે નહી, અપ્રતિહત, પ્રધાન, જ્ઞાન, દર્શન જાણવું તે. અક્ષર કેવલ સંપૂર્ણ જ્ઞાન જાણવું-તેમાંથી સર્વ જીવને સર્વ પ્રદેશે અક્ષરના અનંતમા ભાગે જાણપણું સદાકાળ ઉઘાડું રહે છે. શિષ્ય પૂછે છે હે સ્વામિન્ ! જો તેટલું જાણપણું ઢંકાય તો શું થાય ? ત્યારે ગુરૂ કહે છે, - કે જો તેટલું જાણપણું ઢંકાય તો જીવપણું મટીને અજીવ થાય, અને ચૈતન્ય મટીને જડપણું થાય, માટે હે શિષ્ય ! જીવના સર્વ પ્રદેશે અક્ષરના અનંતમા ભાગે જ્ઞાન સદા ઉઘાડું છે. જેમ વર્ષાકાળે કરી ચંદ્ર તથા સૂર્ય ઢાંક્યા થકા પણ સર્વથા ચંદ્ર તથા સૂર્યની પ્રભા ઢાંકી જાતી નથી, તેમ અનંત જ્ઞાનાવરણીય કર્મના આવરણનો ઉદય થયા છતાં પણ ચૈતન્યપણું સર્વથા આવરાતું (ઢંકાતું) નથી. નિગોદના જીવને પણ અક્ષરના અનંતમા ભાગે સદાજ્ઞાન ઉઘાડું રહે છે.

૧૧. ગમિક શ્રુત તે બારમું અંગ દૃષ્ટિવાદ ઘણી વાર સરખા પાઠ આવે તે માટે.

૧૨. અગમિક શ્રુત તે કાલિક શ્રુત ૧૧ અંગ આચારાંગ પ્રમુખ.

૧૩ * અંગપ્રવિષ્ટ-બાર અંગ (આચારાંગાદિથી દષ્ટિવાદ સુધી) સૂત્રમાં તેનો વિસ્તાર ઘણો છે, ત્યાંથી જોવું.

૧૪ અનંગ પ્રવિષ્ટ - સમુચ્ચય બે પ્રકારે. ૧ આવશ્યક. ૨ આવશ્યક વ્યતિરિક્ત. ૧. આવશ્યકના છ અધ્યયન, સામાયિક પ્રમુખ ૨ આવશ્યક વ્યતિરિક્તના ભે ભેદ : ૧ કાલિક શ્રુત, ૨ ઉત્કાલિત શ્રુત.

૧ કાલિક શ્રુત + - તેના અનેક પ્રકાર છે. તે ઉત્તરાધ્યયન દશા શ્રુતસ્કંધ, બૃહતકલ્પ, વ્યવહાર પ્રમુખ એકત્રીશ સૂત્ર કાલિકનાં નામ નંદિસૂત્ર મધ્યે આપ્યાં છે, તથા જે જે તિર્થંકરના જેટલા શિષ્ય તેટલા પઈન્ના⁰ સિદ્ધાંત જાણવાં. જેમ ઋષભદેવના ૮૪૦૦૦ પઈન્ના તથા મધ્ય ૨૨ તીર્થંકરના સંખ્યાતા હજાર પઈન્ના તથા મહાવીર સ્વામીના ૧૪ હજાર પઈન્ના તથા સર્વ ગણધરના કર્યા, તથા પ્રત્યેક બુદ્ધના કર્યા પઈન્ના તે સર્વ કાલિક જાણવા, એ કાલિક શ્રુત.

---

* અથવા સમુચ્ચય બે પ્રકારે શ્રુત કહ્યાં છે., તે અંગપવિઠંચ (અંગપ્રવિષ્ટ) તથા અંગ બાહિરં (અનંગ પ્રવિષ્ટ) ગમિક તથા અગમિકના ભેદમાં સમાવેશ સૂત્રકારે કર્યો છે. મૂળનાં નામ પણ જુદા આપ્યાં છે.

+ પહેલે પહોર તથાં ચોથે પહોર સ્વાધ્યાય થાય તેને કાલિક શ્રુત કહીયે.

*0 ભગવાનનાં ચાર બુદ્ધિવાળાં શિષ્યોની બનાવેલ રચના.*

૨ ઉત્કાલિક શ્રુત* - તે અનેક પ્રકારનાં છે. તે દશવૈકાલિક પ્રમુખ ૨૯ પ્રકારના શાસ્ત્રનાં નામ નંદિસૂત્રમાં આપ્યાં છે તે આદિ દઈને અનેક પ્રકારનાં શાસ્ત્ર છે, પણ વર્તમાનમાં ઘણાં વ્યચ્છેદ છે.

દ્વાદશાંગ સિદ્ધાંત આચાર્યની પેટી સમાન, અતિત કાલે અનંત જીવો આજ્ઞાએ આરાધીને સંસાર દુઃખથી મુક્ત થયા. વર્તમાનમાં સંખ્યાતા જીવો દુઃખથી મુક્ત થાય છે. અનાગત કાલે આજ્ઞાએ આરાધી, અનંત જીવો દુઃખથી મુક્ત થશે. એમ સૂત્ર વિરાધીને ત્રણે કાળ આશ્રી સંસારમાં રખડવા વિષે જાણવું. શ્રુતજ્ઞાન (દ્વાદશાંગરૂપ) સદાકાળ લોક આશ્રી છે.

શ્રુતજ્ઞાન - સમુચ્ચય ચાર પ્રકારે છે. દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી.

દ્રવ્યથી - શ્રુતજ્ઞાની ઉપયોગે કરી સર્વ દ્રવ્ય જાણે દેખે; તે શ્રદ્ધાએ કરી તથા સ્વરૂપ આલેખવે કરી.

ક્ષેત્રથી - શ્રુતજ્ઞાની ઉપયોગે કરી, સર્વ ક્ષેત્રની વાત જાણે દેખે; પૂર્વવત્.

કાલથી - શ્રુતજ્ઞાની ઉપયોગે કરી સર્વ કાલની વાત જાણે દેખે.

ભાવથી - શ્રુતજ્ઞાની ઉપયોગે કરી સર્વ ભાવ જાણે, દેખે. ઈતિ શ્રુતજ્ઞાનનું વર્ણન.

## અવધિ જ્ઞાનનું વર્ણન

૧ અવધિ જ્ઞાનના મુખ્ય બે ભેદ : ભવપ્રત્યયિક, ક્ષાયોપશમિક.

* અસ્વાધ્યાયનો વખત વર્જી ચારે પહોરે સ્વાધ્યાય થાય માટે ઉત્કાલિક કહિયે,

૧ ભવપ્રત્યયિકના બે ભેદ તે, ૧ નારકીને, ૨ દેવ (ચાર પ્રકારના) ને હોય; તે ભવ સંબંધી જ્યારથી ઉત્પન્ન થાય તે ભવના અંત સુધી હોય.

૨ ક્ષયોપશમિકના બે ભેદ તે ૧ સંજ્ઞી મનુષ્યને, ૨ સંજ્ઞી તિર્યંચ પંચેંદ્રિયને; ક્ષયોપશમ ભાવથી ઉત્પન્ન થાય તે, અથવા ક્ષમાદિક ગુણે કરી સહિત અણગારને ઉત્પન્ન થાય.

અવધિજ્ઞાનના છ પ્રકાર સંક્ષેપથી કહ્યા છે તેના નામ. ૧ અનુગામિક, ૨ અનાનુગામિક, ૩ વર્ધમાનક, ૪ હિયમાનક, ૫ પ્રતિપાતિ, ૬ અપ્રતિપાતિ.

૧ અનુગામિક જ્યાં જાય ત્યાં તે સાથે આવે. તે બે પ્રકારનું છે-૧ અંતઃગત, ૨ મધ્યગત.

૧. અંતઃગત અવધિજ્ઞાનના ત્રણ પ્રકાર.

૧ પુરતઃ અંતઃગત - (પુરઓ અંતગત)તે શરીરના આગલા ભાગના ક્ષેત્રમાં જાણે દેખે.

૨ માર્ગતઃ અંતઃગત - (મગ્ગઓ અંતગત) તે શરીરના પૃષ્ટ ભાગના ક્ષેત્રમાં જાણે દેખે.

૩ પાર્શ્વત અંતઃગત - (પાસઓ અંતગત) તે શરીરના બે પાર્શ્વ ભાગના ક્ષેત્રમાં જાણે દેખે.

અંતઃગત અવધિ ઉપર દૃષ્ટાંત છે. જેમ કોઈ પુરૂષ હરકોઈ દીપ પ્રમુખ અગ્નિનું ભાજન તથા મણિપ્રમુખ હાથમાં લઈને આગળ કરી ચાલતો જાય તો આગળ દેખે. જો પુંઠે રાખે તો પુંઠે દેખે; તેમ બે પડખે રાખી ચાલે તો બે પડખે દેખે; જે પાસે રાખે તે તરફ દેખે; બીજી બાજુ ન દેખે; એ રહસ્ય છે વળી જે બાજુ તરફ જાણે દેખે તે બાજુ તરફ સંખ્યાતા, અસંખ્યાતા યોજન લગી જાણે દખે.

૨ મધ્યગત - તે સર્વ દિશી તથા વિદિશી તરફ (ચૌતરફ) સંખ્યાતા અસંખ્યાતા યોજન લગી જાણે દેખે. પૂર્વોક્ત દીપ પ્રમુખ ભાજન માથે મૂકીને ચાલે તો તે ચૌતરફ દેખે તેમ.

૨ અનાનુગામિક અવધિજ્ઞાન - તે જે સ્થાનમાં અવધિ જ્ઞાન ઉપજ્યું હોય તે સ્થાને રહીને જાણે દેખે. અન્યત્ર તે પુરૂષ જાય તો ન જાણે દેખે. તે ચારે દિશાએ સંખ્યાતા અસંખ્યાતા યોજન સંલગ્ન તથા અસંલગ્નપણે જાણે દેખે. જેમ કોઈ પુરૂષે દીવી પ્રમુખ અગ્નિનું ભાજન તથા મણિ પ્રમુખ કોઈ પણ સ્થાન પ્રતિ મૂકયું હોય તે સ્થાન પ્રતિ ચૌતરફ દેખે પણ અન્યત્ર ન દેખે તેમ અનાનુગામિક અવધિજ્ઞાન જાણવું.

૩ વર્દ્ધમાનક અવધિજ્ઞાન - તે પ્રશસ્ત લેશ્યાના અધ્યવસાયે કરી, તથા વિશુદ્ધ ચારિત્રના પરિણામે કરી, સર્વ પ્રકારે અવધિ જ્ઞાનની વૃદ્ધિ થાય તેને વર્ધમાનક અવધિજ્ઞાન કહિયે તે જઘન્યથી, સૂક્ષ્મ નિગોદિઆ જીવે ત્રણ સમય ઉત્પન્ન થયામાં શરીરની જે અવગાહના બાંધી હોય એટલું ક્ષેત્ર જાણે, ઉત્કૃષ્ટથી સર્વ અગ્નિના જીવ, સૂક્ષ્મ, બાદર, પર્યાપ્ત, અપર્યાપ્ત એ ચાર જાતિના તે પણ જે સમયે ઉત્કૃષ્ટ હોય તે અગ્નિના જીવ, એકેક આકાશ પ્રદેશે અંતર રહિત મુકતાં જેટલા અલોકમાં લોક જેવડાં અસંખ્યાતા ખંડ (ભાગ વિકલ્પ) ભરાય તેટલું ક્ષેત્ર સર્વ દિશી વિદિશીએ દેખે. અવધિજ્ઞાન રૂપી પદાર્થ દેખે એ રહસ્ય છે. મધ્યમ અનેક ભેદે છે તે કહે છે. વૃદ્ધિ ચાર પ્રકારે થાય. ૧. દ્રવ્યથી, ૨ ક્ષેત્રથી, ૩ કાલથી, ૪ ભાવથી. તે આ પ્રમાણે :

૧ કાલથી જાણપણું વધે ત્યારે શેષ ૩ બોલનું જાણપણું વધે.

૨ ક્ષેત્રથી જાણપણું વધે ત્યારે કાલની ભજના તથા દ્રવ્ય, ભાવના જાણપણાની વૃદ્ધિ થાય.

૩ દ્રવ્યથી જાણપણું વધે ત્યારે, કાલની તથા ક્ષેત્રની ભજના, ભાવની વૃદ્ધિ.

૪ ભાવથી જાણપણું વધે. ત્યારે શેષ ત્રણ બોલની ભજના.

તે વિસ્તારથી સમજાવે છે : સર્વ વસ્તુમાં કાલનું જાણપણું સૂક્ષ્મ છે. જેમ કોઈ ચોથા આરાનો જન્મ્યો, નિરોગી બલિષ્ટ

શરીર, ને વજ્રઋષભનારાચ સંહનનવાળો ઓગણપચાશ પાનની બીડી લઈને તે ઉપર સારા લોહની સુઈ હોય તેણે કરીને વિંધે; એ વિંધતાં એક પાનથી બીજા પાનમાં સૂઈ પહોંચતા અસંખ્યાતા સમય થઈ જાય છે, એવો કાલ સૂક્ષ્મ છે. ૧. તેથી ક્ષેત્ર અસંખ્યાતા ગણુ સૂક્ષ્મ છે. જેમ એક આંગુલ પ્રમાણે ક્ષેત્રમાં અસંખ્યાતી શ્રેણી છે. એકેકી શ્રેણીમાં અસંખ્યાતા આકાશ પ્રદેશ છે. સમય સમય પ્રતિ એકેક આકાશ પ્રદેશ જો અપહરાય તો તેટલામાં અસંખ્યાતા કાલચક્ર વહી જાય, તો એક શ્રેણી પૂરી થાય નહીં એવું ક્ષેત્ર સૂક્ષ્મ છે. ૨ તેથી દ્રવ્ય અનંતગુણ સૂક્ષ્મ છે. એક આંગુલ પ્રમાણે ક્ષેત્રમાં અસંખ્યાત શ્રેણી લઈએ. આંગુલ પ્રમાણે લાંબી ને એક પ્રદેશ પ્રમાણે પહોળી તેમાં અસંખ્યાત આકાશ પ્રદેશ છે એકેક આકાશ પ્રદેશ ઉપર અનંત પરમાણુઓ તથા દ્વિપ્રદેશી, ત્રિપ્રદેશી, યાવત અનંત પ્રદેશી, સ્કંધ પ્રમુખ દ્રવ્યો છે. તે દ્રવ્યમાંથી સમય સમય પ્રતિ એકેક દ્રવ્ય અપહરતા અનંત કાલચક્ર થાય, તોપણ ખૂટે નહીં, એવું દ્રવ્ય, ક્ષેત્રથી સૂક્ષ્મ છે. ૩ દ્રવ્યથી ભાવ અનંતગુણ સૂક્ષ્મ છે. પૂર્વોક્ત શ્રેણીમાં જે દ્રવ્યો કહ્યાં છે તે દ્રવ્યોમાં એકેક દ્રવ્યમાં અનંત પર્યવ (ભાવ) છે. તે જેમ એક પરમાણુમાં એક વર્ણ, એક ગંધ, એક રસ, બે સ્પર્શ છે. તેમાં એક વર્ણમાં અનંત પર્યવ છે. તે એકગુણ કાળો, દ્વિગુણ કાળો, ત્રિગુણ કાળો યાવત્ અનંતગુણ કાળો છે. એમ પાંચે બોલમાં અનંત પર્યવ છે. એમ પાંચે વર્ણમાં, બે ગંધમાં, પાંચ રસમાં ને આઠ સ્પર્શમાં અનંત પર્યવ છે. દ્વિપ્રદેશી સ્કંધમાં, ૨ વર્ણ, ૨ ગંધ, ૨ રસ, ૪ સ્પર્શ છે. એ દશ ભેદમાં પણ પૂર્વોક્ત રીતિએ અનંત પર્યવ છે. એમ સર્વ દ્રવ્યમાં પર્યવની ભાવના કરવી. એમ સર્વ દ્રવ્યના પર્યવ એકઠા કરીએ પછી સમય સમય પ્રતિ એકેક પર્યવને અપહરતાં અનંત કાળચક્ર (ઉત્સર્પિણી-અવસર્પિણી) થાય ત્યારે પરમાણુ દ્રવ્યના પર્યવ પૂરા થાય એમ દ્વિપ્રદેશી સ્કંધોના પર્યવ, ત્રિપ્રદેશી

સ્કંધોના પર્યવ, યાવત્ અનંત પ્રદેશી સ્કંધોના પર્યવ, અપહરતા અનંત અનંત કાલચક્ર જાય, તો પણ પૂર્ણ થાય નહિ (ખૂટે નહીં) એવો દ્રવ્યથી ભાવ સૂક્ષ્મ છે. ૪. ૧ કાલને ચણાની ઉપમા. ૨ ક્ષેત્રને જારની ઉપમા. ૩ દ્રવ્યને તલની ઉપમા. ૪ ભાવને ખસખસની ઉપમા સમજવાને આપી છે.

પૂર્વે ચાર પ્રકારની વૃદ્ધિની રીત કહી તેમાં ક્ષેત્રથી અને કાલથી કેવી રીતે વર્ધમાન જ્ઞાન થાય તે કહે છે.

૧ ક્ષેત્રથી આંગુલનો અસંખ્યાતમો ભાગ જાણે દેખે, તે કાલથી આવલિકાના અસંખ્યાતમા ભાગની વાત અતીત અનાગત જાણે દેખે.

૨. ક્ષેત્રથી આંગુલનો સંખ્યાતમો ભાગ જાણે દેખે. તે કાલથી આવલિકાના સંખ્યાતમા ભાગની વાત અતીત અનાગત જાણે દેખે.

૩ ક્ષેત્રથી એક આંગુલ માત્ર ક્ષેત્ર જાણે દેખે, તે કાલથી આવલિકામાં કાંઈક ન્યૂન જાણે દેખે.

૪ ક્ષેત્રથી પૃથક્ (બેથી નવ સુધી)આંગુલની વાત જાણે દેખે. તે કાલથી આવલિકા સંપૂર્ણ કાલની વાત અતીત અનાગત જાણે દેખે.

૫ ક્ષેત્રથી એક હાથ પ્રમાણે જાણે દેખે, તે કાલથી અંતર્મુહૂર્ત (મુહૂર્તમાં ન્યૂન) કાલની વાત અતીત અનાગત જાણે દેખે.

૬ ક્ષેત્રથી ધનુષ્ય પ્રમાણે ક્ષેત્ર જાણે દેખે, તે કાલથી પ્રત્યેક મુહુર્તની વાત જાણે દેખે.

૭ ક્ષેત્રથી ગાઉ પ્રમાણ ક્ષેત્ર જાણે દેખે, તે કાલથી એક દિવસમાં કાંઈક ન્યૂન વાત જાણે દેખે.

૮ ક્ષેત્રથી એક યોજન પ્રમાણ ક્ષેત્ર જાણે દેખે. તે કાલથી પ્રત્યેક દિવસની વાત જાણે દેખે.

૯ ક્ષેત્રથી પચીશ યોજન ક્ષેત્રના ભાવ જાણે દેખે, તે

કાલથી પક્ષમાં ન્યૂનની વાત જાણે દેખે.

૧૦ ક્ષેત્રથી ભરત ક્ષેત્ર પ્રમાણે ક્ષેત્રના ભાવ જાણે દેખે, તે કાલથી પક્ષ (અર્ધ માસ) પૂર્ણની વાત જાણે દેખે.

૧૧ ક્ષેત્રથી જંબુદ્વીપ પ્રમાણ ક્ષેત્રની વાત જાણે દેખે, તે કાલથી માસ એક ઝાઝેરાની વાત જાણે દેખે.

૧૨ ક્ષેત્રથી અઢી દ્વીપની વાત જાણે દેખે, તે કાલથી એક વર્ષની વાત જાણે દેખે.

૧૩ ક્ષેત્રથી પંદરમા રૂચક દ્વીપ સુધી જાણે દેખે, તે કાલથી પૃથક્ વર્ષની વાત જાણે દેખે.

૧૪ ક્ષેત્રથી સંખ્યાતા દ્વીપ સમુદ્રની વાત જાણે દેખે, તે કાલથી સંખ્યાતા કાલની વાત જાણે દેખે.

૧૫. ક્ષેત્રથી સંખ્યાતા તથા અસંખ્યાતા દ્વીપ સમુદ્રની વાત જાણે દેખે, તે કાલથી અસંખ્યાતા કાલની વાત જાણે દેખે. એ પ્રમાણે ઉર્ધ્વલોક, અધોલોક, તિર્યક્‌લોક એ ત્રણે લોકમાં વધતાં વર્ધમાન પરિણામે અલોકમાં અસંખ્યાતા લોક પ્રમાણે ખંડો જાણવાની શક્તિ પ્રકટ થાય. એ વર્દ્ધમાનક અવધિજ્ઞાન.

૪. હિયમાનક અવધિ જ્ઞાન, તે અપ્રશસ્ત લેશ્યાના પરિણામે કરી અશુભ ધ્યાને કરી અવિશુધ્ધ ચારિત્રના પરિણામથી (ચારિત્રના મલિનપણાથી) વર્ધમાનક અવધિ જ્ઞાનની હાનિ થાય થોડે થોડે ઘટતું જાય-તેને હિયમાનક અવધિ જ્ઞાન કહીએ. એ હિયમાનક અવધિ જ્ઞાન.

૫ પ્રતિપાતિ અવધિજ્ઞાન-જે અવધિજ્ઞાન પ્રાપ્ત થયું તે એક વખતે જ નાશ પામે તે જઘન્ય ૧ આંગુલનો અસંખ્યાતમો ભાગ. ૨ આંગુલનો સંખ્યાતમો ભાગ. ૩ વાલાગ્ર. ૪ પૃથક્ વાલાગ્ર. ૫ લિંખ, ૬ પૃથક્ લિંખ. ૭ યૂંકા (જૂ) ૮ પૃથક્ જૂ. ૯ જવ. ૧૦ પૃથક્ જવ. ૧૧ આંગુલ. ૧૨ પૃથક્ આંગુલ. ૧૩ પગ ૧૪ પૃથક્ પગ. ૧૫ વહેંત. ૧૬ પૃથક્ વહેંત ૧૭ હાથ. ૧૮ પૃથક્ હાથ. ૧૯ કુક્ષિ

(બે હાથ) ૧૦ પૃથક્ કુક્ષિ. ૨૧ ધનુષ્ય. ૨૨ પૃથક્ ધનુષ્ય. ૨૩ ગાઉ. ૨૪ પૃથક્ ગાઉ ૨૫ યોજન. ૨૬ પૃથક્ યોજન. ૨૭ સો યોજન ૨૮ પૃથક્ સો યોજન. ૨૯ સહસ્ત્ર યોજન. ૩૦ પૃથક્ સહસ્ત્ર યોજન. ૩૧ લક્ષ યોજન. ૩૨ પૃથક્ લક્ષ યોજન. ૩૩ ક્રોડ યોજન. ૩૪ પૃથક્ ક્રોડ યોજન. ૩૫ ક્રોડા ક્રોડ યોજન ૩૬ પૃથક ક્રોડાક્રોડ યોજન એ પ્રમાણે ક્ષેત્ર અવધિજ્ઞાનથી જુએ, પછી નાશ પામે. ઉત્કૃષ્ટ લોક પ્રમાણક્ષેત્ર જુએ, પછી નાશ પામે. દીવો જેમ પવનને યોગે કરી હોલવાઈ જાય તેમ. એ પ્રતિપાતિ અવધિજ્ઞાન.

૬ અપ્રતિપાતિ (અપડિવાઈ) અવધિ જ્ઞાન-તે આવ્યું જાય નહિ. તે સંપૂર્ણ ચૌદ રાજલોક જાણે દેખે, ને અલોકમાં એક આકાશ પ્રદેશ માત્ર ક્ષેત્રની વાત જાણે દેખે તોપણ પડે નહિ. એમ બે પ્રદેશ તથા ત્રણ પ્રદેશ, યાવત્ લોક પ્રમાણ અસંખ્યાત ખંડ જાણવાની શક્તિ થાય, (શકિત છે પણ અલોકમાં ખંડ-રૂપી પદાર્થ નથી તેથી દેખતા નથી.) તેને અપ્રતિપાતિ અવધિ જ્ઞાન કહીએ. અલોકમાં રૂપી પદાર્થ નથી. જો ત્યાં રૂપી પદાર્થ હોત તો દેખત, એટલે એટલી જાણવાની શક્તિ છે. એ જ્ઞાન તીર્થંકર પ્રમુખને બાળપણેથી જ હોય. કેવળ જ્ઞાન પામ્યા પછી એ ઉપયોગ ન હોય. એ છ ભેદ અવધિ જ્ઞાનના કહ્યા.

સમુચ્ચય અવધિ જ્ઞાનના ચાર પ્રકાર છે. ૧ દ્રવ્યથી અવધિ જ્ઞાની જઘન્ય અનંત રૂપી દ્રવ્ય જાણે દેખે. ઉત્કૃષ્ટ સર્વ રૂપી દ્રવ્ય જાણે દેખે. ૨ ક્ષેત્રથી અવધિ જ્ઞાની જઘન્ય આંગુલનો અસંખ્યાતમો ભાગ ક્ષેત્રથી જાણે દેખે, ઉત્કૃષ્ટ લોક જેવડા અસંખ્યાત ખંડો અલોકમાં દેખે. ૩ કાળથી અવધિ જ્ઞાની જઘન્ય આવલિકાના અસંખ્યાતમા ભાગની વાત જાણે દેખે. ઉત્કૃષ્ટ અસંખ્યાત ઉત્સર્પિણી, અવસર્પિણી, અતીત અનાગત કાલની વાત જાણે દેખે. ૪ ભાવથી જઘન્ય અનંત ભાવને જાણે દેખે ઉત્કૃષ્ટ સર્વ ભાવના અનંતમા ભાગને જાણે દેખે (વર્ણાદિક પર્યાયને).

સંસ્થાન - અવધિજ્ઞાનનો દેખવાનો આકાર, ૧ નારકીને અવધિ ત્રાપાને આકારે છે. ૨ ભવનપતિને પાલાને આકારે છે. ૩ તિર્યંચ તથા મનુષ્યને અનેક પ્રકારે છે. ૪ વ્યંતરને પટહ વાજીંત્રને આકારે છે. ૫ જ્યોતિષીને ઝાલરને આકારે છે. ૬ બાર દેવલોકના દેવને ઉર્ધ્વ મૃદંગને આકારે છે. ૭ નવ ગ્રૈવેયકને ફૂલની ચંગેરીને* આકારે છે. ૮ પાંચ અનુત્તર વિમાનના દેવને અવધિ કંચુકીને આકારે છે.

નારકી દેવને-અવધિજ્ઞાન-૧ આનુગામિક, ૨ અપ્રતિપાતિ, ૩ અવસ્થિત, એ ત્રણ પ્રકારનું છે.

મનુષ્ય ને તિર્યંચને અવધિજ્ઞાન - ૧ અનુગામિક, ૨ અનાનુમાગિક, ૩ વર્ધમાનક, ૪ હીયમાનક, ૫ પ્રતિપાતિ, ૬ અપ્રતિપાતિ, ૭ અવસ્થિત, ૮ અનવસ્થિત છે.

એ વિષય દ્વાર પ્રમુખ પ્રજ્ઞાપના સૂત્રના ૩૩ મા પદથી લખ્યો છે. નંદિસૂત્ર મધ્યે સંક્ષેપમાં છે. અવધિજ્ઞાનના વિષયનો કોઠો પાછળનાં પૃષ્ઠ પર છે.

ઈતિ અવધિ જ્ઞાનનું વર્ણન સંપૂર્ણ.

## મનઃપર્યવ જ્ઞાનનો વિસ્તાર

અત્રે મનના ચાર પ્રકાર જાણવા.

૧. લબ્ધિમન : મન પર્યાપ્તિ પૂર્ણ થયા પછી મનયોગમાં પ્રર્વતાવવાની - મનન કરવાની શકિત તે લબ્ધિમન.

૨. સંજ્ઞા મન : જે મનથી તે જીવને સંજ્ઞી કહેવામાં આવે તે મનની પાછળ તેનું નામ સંજ્ઞી પડે તે સંજ્ઞામન.

---

★ *ફૂલોનો ગુંચ્છો*

## અવધિ જ્ઞાનનો વિષય (દેખવાની શક્તિ)

| વિષય | ૧ રત્નપ્રભા | ૨ શર્કરપ્રભા | ૩ વાલુકપ્રભા | ૪ પંકપ્રભા | ૫ ધૂમ્ર પ્રભા | ૬ તમ: પ્રભા | ૭ તમ: તમ: પ્રભા |
|---|---|---|---|---|---|---|---|
| જઘન્ય ક્ષેત્ર દેખે તે. | ૩॥ ગાઉ. | ૩ ગાઉ. | ૨॥ ગાઉ. | ૨ ગાઉ. | ૧॥ ગાઉ | ૧ ગાઉ. | ૦॥ ગાઉ. |
| ઉત્કૃષ્ટ ક્ષેત્ર દેખે તે. | ૪ ગાઉ. | ૩॥ ગાઉ. | ૩ ગાઉ. | ૨॥ ગાઉ. | ૨ ગાઉ. | ૧॥ ગાઉ. | ૧ ગાઉ. |

| વિષય | અસુર કુમાર | ૯ નિકાય વ્યંતર | તિર્યંચ પંચેદ્રિંય સંજ્ઞી | સંજ્ઞી મનુષ્ય | જ્યોતિષી | દેવલોક ૧-૨ | દેવલોક ૩-૪ |
|---|---|---|---|---|---|---|---|
| જઘન્ય દેખે | ૨૫ યોજન. | ૨૫ યોજન | આંગુલનો અસંખ્યાત ભાગ. | આંગુલનો અસંખ્યાત ભાગ. | આંગુલનો સંખ્યાત ભાગ. | આંગુલનો અસંખ્યાત ભાગ | આંગુલનો અસંખ્યાત ભાગ. |
| ઉત્કૃષ્ટ દેખે | અસંખ્યાતા દ્વીપ સમુદ્ર | સંખ્યાત દ્વીપ સમુદ્ર | અસંખ્યાતા દ્વીપ સમુદ્ર | અલોકમાં અસંખ્યાતા ખંડ | સંખ્યાતા દ્વિપ સમુદ્ર | રત્નપ્રભા.નો હેઠલો ચરમાંત. | શર્કરપ્રભાનો હેઠલો ચરમાંત |

અસુરકુમાર-નવનિકાય-વ્યંતરમાં જે ૨૫ યોજન તે જઘન્ય સ્થિતિના દેવો માટે ઉત્કૃષ્ટ સમજવું-જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ જુએ તેમ સમજવું.

| વિષય | દેવલોક ૫-૬ | દેવલોક ૭-૮ | દેવલોક ૯-૧૦-૧૧-૧૨ | પહેલેથી છઠ્ઠી ગ્રૈવેયક | ૭-૮-૯ ગ્રૈવેયક | ૫ અનુત્તર વિમાન |
|---|---|---|---|---|---|---|
| જઘન્ય દેખે | આંગુલનો અસંખ્યાત ભાગ | આંગુલનો અસંખ્યાત ભાગ | આંગુલનો અસંખ્યાત ભાગ | આંગુલનો અસંખ્યાત ભાગ | આંગુલનો અસંખ્યાત ભાગ | ચઉદ રાજલોક માં કાંઈક ઓછું દેખે |
| ઉત્કૃષ્ટ દેખે. | ત્રીજી નરક નો હેઠલો ચરમાંત | ચોથી નરકનો હેઠલો ચરમાંત | પાંચમી નરકનો હેઠલો ચરમાંત | છઠ્ઠી નરકનો હેઠલો ચરમાંત | સાતમી નરક નો હેઠલો ચરમાંત. | ,, |

વૈમાનિક ઉંચુ પોતપોતાના વિમાનની ધ્વજા સુધી દેખે. ત્રિછાલોકમાં પલ્યોપમનાં આયુષ્યવાળા દેવતા સંખ્યાત દ્વીપ સમુદ્ર દેખે અને સાગરોપમના આયુષ્યવાળા દેવ અસંખ્યાત દ્વીપ સમુદ્ર દેખે. યંત્રમાં અધોલોક આશ્રી કહ્યું છે.

## ઈતિ વિષયદ્વાર સંપૂર્ણ

| ૧ અવધિજ્ઞાન | આભ્યતર | બાહ્ય |
|---|---|---|
| નારકી દેવતાને | લાભે. | ૦ |
| તિર્યંચમાં | ૦ | લાભે |
| મનુષ્યમાં | લાભે. | લાભે |

૧. અવધિજ્ઞાન આભ્યંતર બાહ્ય દ્વાર યંત્રથી જાણવો.

| ૨ અવધિજ્ઞાન | દેશથી | સર્વથી |
|---|---|---|
| નારકી દેવતા તિર્યંચ | લાભે | ૦ |
| મનુષ્યમાં | લાભે | લાભે |

૨. અવધિજ્ઞાન દેશથી સર્વથી યંત્રથી જાણવો.

૩ વર્ગણામન : મનયોગમાં પ્રવર્તાવવા માટે જે મનોદ્રવ્યની વર્ગણા (પુદ્ગલો) ગ્રહણ કરવામાં આવે તે.

૪ પર્યાયમન : મનોવર્ગણાના પુદ્ગલોને મનયોગમાં પ્રર્વતાવવું તે પર્યાયમન. ચારે ગતિમાં રહેલા સંજ્ઞી જીવોને ચારે પ્રકારના મન હોય છે.

મન:પર્યવ જ્ઞાન કોને ઉત્પન્ન થાય તે.

૧. મનુષ્ય, ૨. સંજ્ઞી, ૩. કર્મભૂમિના, ૪. સંખ્યાતા વર્ષનાં આયુષ્યવાળા, ૫. પર્યાપ્ત, ૬. સમદૃષ્ટિ, ૭. સંયતિ, ૮. અપ્રમત્ત સંયતિ, ૯. લબ્ધિવાનને જ ઉત્પન્ન થાય. અમનુષ્ય, અસંજ્ઞી, અકર્મ ભૂમિના, અસંખ્યાતા વર્ષનાં આયુષ્યવાળાને, અપર્યાપ્ત, મિથ્યાદૃષ્ટિ, સમામિથ્યાદૃષ્ટિ, અવ્રતી, દેશવિરતિ, પ્રમત્ત સંયતિ, અલબ્ધિવાળાને ઉત્પન્ન ન થાય.

મન:પર્યવ જ્ઞાન બે પ્રકારે છે : ૧ ઋજુમતિ મન:પર્યવ જ્ઞાન, ૨ વિપુલમતિ મન:પર્યવ જ્ઞાન. ઋજુમતિ તે સામાન્યપણે જાણેઃ વિપુલમતિ તે વિશેષપણે જાણે.

મન:પર્યવ જ્ઞાન સમુચ્ચય ચાર પ્રકારે છે : ૧ દ્રવ્યથી, ૨ ક્ષેત્રથી, ૩ કાળથી, ૪ ભાવથી,

૧ દ્રવ્યથી, ઋજુમતિ અનંત અનંત પ્રદેશી સ્કંધ જાણે દેખે તે સામાન્યથી. વિપુલમતિ તેથી અધિક સ્પષ્ટપણે નિર્ણય સહિત જાણે દેખે.

૨ ક્ષેત્રથી, ઋજુમતિ જઘન્ય આંગુલનો અસંખ્યાતમો ભાગ, ઉત્કૃષ્ટ નીચે રત્નપ્રભા ના પ્રથમ કાંડનો ઉપરનો નાનો પ્રત્તર તેના હેઠલા તળ સુધી, એટલે સમભૂતળ પૃથ્વીથી ૧૦૦૦ યોજન નીચે દેખે. ઉર્ધ્વ જ્યોતિષીના ઉપરના તળ સુધી દેખે, એટલે સમભૂતળથી ૯૦૦ યોજન ઉંચું દેખે. ત્રિછું દેખે તો મનુષ્ય ક્ષેત્રમાં અઢી દ્વીપ તથા બે સમુદ્રને વિષે સંજ્ઞી

પંચેંદ્રિય પર્યાપ્તના મનોગત ભાવ જાણે દેખે. વિપુલમતિ તે (ઋજુમતિ)થી અઢી આંગુલ અધિક વિશેષ સ્પષ્ટ નિર્ણય સહિત જાણે દેખે.

૩ કાળથી, ઋજુમતિ જઘન્ય પલ્યોપમના અસંખ્યાતમા ભાગની વાત જાણે દેખે; ઉત્કૃષ્ટ પલ્યોપમના અસંખ્યાતમા ભાગની અતીત અનાગત કાળની વાત જાણે દેખે. વિપુલમતિ તે (ઋજુમતિ)થી વિશેષ સ્પષ્ટ નિર્ણય સહિત નિર્મળ જાણે દેખે.

૪ ભાવથી, ઋજુમતિ તે જઘન્ય અનંત દ્રવ્યના ભાવ (વર્ણાદિપર્યાય)ને જાણે દેખે, ઉત્કૃષ્ટ સર્વ ભાવોના અનંતમે ભાગે જાણે દેખે. વિપુલમતિ તેથી સ્પષ્ટ નિર્ણય સહિત વિશેષ અધિક જાણે દેખે.

મનઃપર્યવ જ્ઞાની અઢી દ્વીપમાં રહેલાં સંજ્ઞી પંચેંદ્રિયના મનોગત ભાવને જાણે છે. અનુમાનથી જેમ ધૂમાડો દેખી અગ્નિનો નિશ્ચય થાય તેમ મનોગત ભાવથી દેખે છે,

ઇતિ મનઃપર્યવ જ્ઞાન સંપૂર્ણ.

## કેવળ જ્ઞાનનું વર્ણન.

કેવળ જ્ઞાનના બે ભેદ. ૧ ભવસ્થ કેવળ જ્ઞાન, ૨ સિદ્ધ કેવળ જ્ઞાન. ભવસ્થ કેવળ જ્ઞાનના બે ભેદ. ૧ સયોગી ભવસ્થ કેવળ જ્ઞાન. ૨ અયોગી ભવસ્થ કેવળ જ્ઞાન વગેરે. તેનો વિસ્તાર સૂત્રથી જાણવો. સિદ્ધ કેવળ જ્ઞાનના બે ભેદ. ૧ અનંતર સિદ્ધ★ કેવળ જ્ઞાન. ૨ પરંપર સિદ્ધ કેવળ જ્ઞાન.+ તેનો વિસ્તાર સૂત્રથી જાણવો. તે કેવળ જ્ઞાન સમુચ્ચય ચાર પ્રકારે છે. ૧ દ્રવ્યથી, ૨ ક્ષેત્રથી, ૩ કાળથી, ૪ ભાવથી.

---

★ પ્રથમ સમયનાં સિદ્ધ

+ બીજા સમયથી અનંતા સમય સુધીના સિદ્ધ

૧ દ્રવ્યથી કેવળજ્ઞાની સર્વ રૂપી અરૂપી દ્રવ્ય જાણે દેખે.

૨ ક્ષેત્રથી કેવળજ્ઞાની સર્વ ક્ષેત્ર (લોકાલોક)ની વાત જાણે દેખે.

૩ કાળથી કેવળજ્ઞાની સર્વ કાળની ભૂત, ભવિષ્ય, વર્તમાન એ ત્રણકાળ ની વાત જાણે દેખે.

૪. ભાવથી કેવળજ્ઞાની સર્વ રૂપી અરૂપી દ્રવ્યના ભાવને સર્વ પ્રકારે જાણે દેખે.

કેવળ જ્ઞાન આવરણરહિત, વિશુદ્ધ, લોકાલોક પ્રકાશક, એક જ પ્રકારે સર્વ કેવળીને હોય.

ઈતિ કેવળ જ્ઞાન સંપૂર્ણ.

ઈતિ પાંચ જ્ઞાનનું વિવેચન સંપૂર્ણ.

## (૧૩) ત્રેવિશ પદવી.

(જંબુદ્વિપ પન્નતિ વૃ. ૩. તથા પન્નવણા પદ-૧)

નવ ઉત્તમ પદવી, સાત એકેંદ્રિય રત્નની પદવી, સાત પંચેંદ્રિય રત્નની પદવી.

પ્રથમ નવ ઉત્તમ પદવીનાં નામ.

૧ તીર્થંકરની પદવી, ૨ ચક્રવર્તીની પદવી, ૩ વાસુદેવની પદવી, ૪ બલદેવની પદવી, ૫ માંડલિકની પદવી, ૬ કેવળીની પદવી, ૭ સાધુની પદવી, ૮ શ્રાવકની પદવી, ૯ સમકિતની પદવી.

સાત એકેંદ્રિય રત્નનાં નામ.

૧ ચક્ર રત્ન, ૨ છત્ર રત્ન, ૩ ચર્મ રત્ન, ૪ દંડ રત્ન, ૫ ખડ્ગ રત્ન, ૬ મણી રત્ન, ૭ કાકણ્ય રત્ન.

સાત પંચેંદ્રિય રત્નનાં નામ.

૧ સેનાપતિ રત્ન, ૨ ગાથાપતિ રત્ન, ૩ વાર્ધિક રત્ન, ૪ પુરોહિત રત્ન, ૫ સ્ત્રી રત્ન, ૬ ગજ રત્ન, ૭ અશ્વ રત્ન. એ ચૌદ રત્ન ચક્રવર્તીને હોય.

એ ચૌદ રત્ન, ચક્રવર્તીનું જે જે કાર્ય કરે છે તે

સંબંધી વિવેચન.

પ્રથમ સાત એકેંદ્રિય રત્ન.

૧ ચક્ર રત્ન-છ ખંડ સાધવાનો માર્ગ દેખાડે, ૨ છત્ર રત્ન-અડતાલિશ ગાઉ સુધી છાયા કરે, ૩ ચર્મ રત્ન-નદી વગેરે જળાશય ઉપર નાવ માફક કામ કરે, ૪ દંડ રત્ન-ગુફાના દરવાજા ઉઘાડે, ૫ ખડ્ગ રત્ન-શત્રુને હણે, ૬ મણિરત્ન-હસ્તિ રત્નના કપાલપર બાંધવાથી પ્રકાશ આપે ૭ કાકણ્ય રત્ન-ગુફામાં યોજન યોજનને અંતરે વર્તુલાકારે ઘસવાથી સૂર્યમંડળ સમાન પ્રકાશ આપે.

સાત પંચેંદ્રિય રત્ન.

૧ સેનાપતિ રત્ન, દેશ ઉપર વિજય મેળવે, ૨ ગાથાપતિ રત્ન, ચોવીશ જાતિના ધાન્ય નિપજાવે, ૨ વાર્ધિક રત્ન, બેંતાલીશ ભૂમિના આવાસ, પૂલ વગેરે બનાવે, ૪ પુરોહિત રત્ન, વાગ્યા ઘા રૂઝવે, વિઘ્ન ટાળે, શાન્તિ કર્મ કરે. ધર્મ કથા સંભળાવે, ૫ સ્ત્રી રત્ન, વિષયના ઉપભોગમાં આવે, ૬-૭ ગજ રત્ન ને અશ્વ રત્ન, એ બે બેસવાને કામ આવે.

## ચૌદ રત્ન કયાં જન્મ લે છે તે.

૧ ચક્ર રત્ન, ૨ છત્ર રત્ન, ૩ દંડ રત્ન, ૪ ખડગ્ રત્ન, એ ચાર રત્ન ચક્રવર્તીની આયુધશાળામાં ઉત્પન્ન થાય.

૧ ચર્મ રત્ન, ૨ મણિ રત્ન, ૩ કાકણ્ય રત્ન, એ ત્રણ લક્ષ્મીના ભંડારમાં ઉત્પન્ન થાય.

૧ સેનાપતિ રત્ન, ૨ ગાથાપતિ રત્ન, ૩ વાર્ધિક રત્ન, ૪ પુરોહિત રત્ન, એ ચાર ચક્રવર્તીના નગરમાં ઉત્પન્ન થાય.

૧ સ્ત્રી રત્ન વિદ્યાધરની શ્રેણીમાં ઉત્પન્ન થાય.

૧ ગજ રત્ન ને ૨ અશ્વ રત્ન એ બે વૈતાઢય પર્વતના મૂળમાં ઉત્પન્ન થાય.

### ચૌદ રત્નની અવગાહનાનું પ્રમાણ

૧ ચક્ર રત્ન, ૨ છત્ર રત્ન, ૩ દંડ રત્ન એ ત્રણ રત્ન એક ધનુષ્ય પ્રમાણે હોય. ચર્મ રત્ન બે હાથનું હોય. ખડગ રત્ન પચાસ આંગુલ લાંબું, સોળ આંગુલ પહોળું, અર્ધ આંગુલ જાડું હોય ને ચાર આંગુલની મુષ્ટિ હોય. મણિ રત્ન ચાર આંગુલ લાંબુ, બે આંગુલ પહોળું ને તેને ત્રણ ખૂણા હોય. કાકણ્ય રત્ન છએ બાજુથી ચાર આંગુલ લાંબું, ચાર આંગુલ પહોળું, ચાર આંગુલ ઉંચુ, તેને છ તલ (તળીયા), આઠ ખૂણા, બાર હાંસ્યો, સોનીની એરણને આકારે હોય. આઠ સોનૈયા જેટલું ભારે હોય છે.

### સાત પંચેંદ્રિય રત્નનું પ્રમાણ.

૧ સેનાપતિ, ૨ ગાથાપતિ, ૩ વાર્ધિક, ૪ પુરોહિત, એ ચાર રત્ન ચક્રવર્તીની અવગાહના પ્રમાણે હોય. સ્ત્રી રત્ન, ચક્રવર્તીથી ચાર આંગુલ નીચી હોય. ગજ રત્ન ચક્રવર્તીથી બમણો ઉચો હોય. અશ્વ રત્ન કાનથી પૂચ્છ લગી

એક સો આઠ આંગુલ લાંબો હોય, તેને નવાણું આંગુલની પરિધિ (ઘેરાવો) છે, તે જમીનથી એંશી આંગુલ ઉંચો સોળ આંગુલની જંઘા, વીશ આંગુલની ભુજા, ચાર આંગુલના ઢીંચણ, ચાર આંગુલની ખરી, ચાર આંગુલના કાન, બત્રીસ આંગુલનું મુખ છે.

એ ત્રેવિશ પદવીના નામ તથા ચક્રવર્તીના ચૌદ રત્નનું વિવેચન કહ્યું.

નરકાદિક ચાર ગતિમાંથી નીકળી જીવો ત્રેવીશ પદવીમાં કેટલી ને કઈ પદવી પામે તેના પંદર બોલ.

૧ પહેલી નરકથી નીકળી જીવ ત્રેવીશ પદવી માંહેની સોળ પદવી પામે તેમાં સાત એકેંદ્રિય રત્ન નહિ.

૨ બીજી નરકથી નીકળી જીવ પંદર પદવી પામે તે સાત એકેંદ્રિય ને ચક્રવર્તી એ આઠ નહિ.

૩ ત્રીજી નરકથી નીકળી જીવ તેર પદવી પામે તે સાત એકેંદ્રિયને ચક્રવર્તી, વાસુદેવ, બલદેવ એ દશ નહિ.

૪ ચોથી નરકથી નીકળી જીવ બાર પદવી પામે તે ઉપરની દશ ને તીર્થંકર એ અગીયાર નહિ.

૫ પાંચમી નરકથી નીકળી જીવ અગીયાર પદવી પામે તે ઉપરની અગીયાર ને કેવળી એ બાર નહિ.

૬ છઠ્ઠી નરકથી નીકળી જીવ દશ પદવી પામે, તે ઉપરની બાર ને સાધુ એ તેર નહિ.

૭ સાતમી નરકથી નીકળી જીવ ત્રણ પદવી પામે, તે ૧ ગજ, ૨ અશ્વ, ૩ સમકિત એ ત્રણ પામે. સમકિત પામે તો તિર્યંચમાં. મનુષ્ય તો થાય જ નહિ.

૮ ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષીથી નીકળી જીવ એકવીશ પદવી પામે, તે તીર્થંકર, વાસુદેવ એ બે નહિ.

૯ પહેલા, બીજા દેવલોકથી નીકળી જીવ ત્રેવીશ પદવી પામે.

૧૦ ત્રીજાથી આઠમા સુધીના દેવલોકથી નીકળી જીવ સોળ પદવી પામે, તેમાં સાત એકેંદ્રિય રત્ન નહિ.

૧૧ નવમા દેવલોકથી તે નવમી ગ્રૈવેયક સુધી નીકળી જીવ ચૌદ પદવી પામે, તે સાત એકેંદ્રિય રત્ન, ગજ ને અશ્વ એ નવ નહિ.

૧૨ પાંચ અનુત્તર વિમાનથી નીકળી જીવ આઠ પદવી પામે, તે સાત એકેંદ્રિય રત્ન, સાત પંચેંદ્રિય રત્નને વાસુદેવ એ પંદર નહિ.

૧૩ પૃથ્વી, પાણી, વનસ્પતિ, મનુષ્ય, તિર્યંચ-પંચેંદ્રિયથી નીકળી જીવ ઓગણીશ પદવી પામે, તે તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ, બળદેવ એ ચાર નહિ.

૧૪ તેજસ્, વાયુથી નીકળી જીવ નવ પદવી પામે, તે સાત એકેંદ્રિય, ગજ અને અશ્વ એ નવ પામે.

૧૫ ત્રણ વિકલેંદ્રિયથી નીકળી જીવ અઢાર પદવી પામે, તે તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ, બલદેવ, કેવળી એ પાંચ નહિ.

એ નરકાદિક ગતિથી આવ્યો જીવ જેટલી પદવી પામે તે કહ્યું.

કઈ કઈ પદવીવાળો જીવ નરકાદિ ચાર ગતિમાં જાય તે.

૧ પહેલી, બીજી, ત્રીજી, ચોથી એ ચાર નરકમાં અગીયાર પદવીનો જાય, તે ૭ પંચેંદ્રિય રત્ન, ૮ ચક્રવર્ત્તિ,

૯ વાસુદેવ ૧૦ સમકિત દૃષ્ટિ, ૧૧ માંડલિક રાજા એ અગીયાર.

૨ પાંચમી, છઠ્ઠી નરકમાં નવ પદવીનો જાય તે સાત પંચેંદ્રિય રત્નમાંની ગજ અને અશ્વ એ બે વિના શેષ ૫, ૬ ચક્રવર્તિ, ૭ વાસુદેવ, ૮ સમકિતી, ૯ માંડલિક રાજા એ નવ.

૩ સાતમી નરકમાં સાત પદવીનો જાય, તે સાત પંચેંદ્રિય રત્નમાંથી ગજ, અશ્વ, સ્ત્રી એ ત્રિણ વિના શેષ ૪, ૫ ચક્રવર્તિ, ૬ વાસુદેવ, ૭ માંડલિક રાજા એ સાત.

૪ ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી, ને પહેલાથી આઠમા દેવલોકમાં દશ પદવીનો જાય, તે સાત પંચેંદ્રિય રત્નમાંથી સ્ત્રી વિના શેષ ૬, ૭ સાધુ, ૮ શ્રાવક, ૯ સમકિતી ૧૦ માંડલિક રાજા એ દશ.

૫ નવમાંથી બારમા દેવલોક સુધીમાં આઠ પદવીનો જાય, તે સાત પંચેંદ્રિય રત્નમાંથી સ્ત્રી, ગજ, અશ્વ એ ત્રણ વિના શેષ, ૪, ૫ સાધુ, ૬ શ્રાવક, ૭ સમકિતી, ૮ માંડલિક રાજા એ આઠ.

૬ નવ ગ્રૈવેયકમાં બે પદવીનો જાય, તે સાધુ અને સમકિતી.

૭ પાંચ અનુત્તર વિમાનમાં બે પદવીનો જાય, તે સાધુ ને સમકિતી એ બે.

૮ પાંચ સ્થાવરમાં ચૌદ પદવીનો જાય તે સાત એકેંદ્રિય રત્ન ને સાત પંચેંદ્રિય રત્નમાંથી સ્ત્રી વિના શેષ, ૬ એ ૧૩ ને માંડલિક રાજા એ ચૌદ.

૯ ત્રણ વિકલેંદ્રિય, તિર્યંચ, મનુષ્ય એટલામાં પંદર પદવીનો જાય, તે ઉપરની ચૌદ ને ૧ સમદૃષ્ટિ. એ પંદર.

સન્ની, અસંન્ની, તીર્થંકર, ચક્રવર્તી વગેરેમાં ત્રેવીશ પદવી માંહેની જે જે પદવી લાભે તેના ૫૫ બોલ.

૧ સંન્નીમાં ૧૫ પદવી લાભે, તે સાત એકેંદ્રિય રત્નને કેવળી એ આઠ નહિ.

૨ અસંન્નીમાં ૮ પદવી લાભે, તે સાત એકેંદ્રિય રત્ન ને સમકિત એ આઠ.

૩ તીર્થંકરમાં ૬ પદવી લાભે, તે ૧ તીર્થંકર, ૨ ચક્રવર્તિ, ૩ કેવળી, ૩ સાધુ, ૫ સમકિત, ૬ માંડલિક એ છ લાભે.

૪ ચક્રવર્તિમાં ૬ પદવી લાભે, તે તીર્થંકરની કહી તે પ્રમાણે.

૫ વાસુદેવમાં ૩ પદવી લાભે, તે ૧ વાસુદેવ, ૨ માંડલિક ૩ સમકિત, એ ત્રણ.

૬ બળદેવમાં ૫ પદવી લાભે, તે ૧ બળદેવ, ૨ કેવળી, ૩ સાધુ, ૪ સમકિત, ૫ માંડલિક એ પાંચ.

૭ માંડલિકમાં ૯ પદવી લાભે, તે નવ ઉત્તમ પદવી.

૮ મનુષ્યમાં ૧૩ પદવી લાભે, તે નવ ઉત્તમ પદવી ને સાત પંચેંદ્રિય રત્નમાંથી ગજ, અશ્વ, સ્ત્રી એ ત્રણ વિના શેષ ૪, એ ૧૩.

૯ મનુષ્યાણીમાં ૫ પદવી લાભે, તે ૧ સ્ત્રીરત્ન, ૨ શ્રાવક-શ્રાવીકા, ૩ સમકિત, ૪ સાધ્વી, ૫ કેવળી, એ પાંચ.

૧૦ તિર્યંચમાં ૧૧ પદવી લાભે, તે સાત એકેંદ્રિય રત્ન, ૮ ગજ, ૯ અશ્વ, ૧૦ શ્રાવક, ૧૧ સમકિત, એ અગીયાર.

૧૧ તિર્યંચાણીમાં ૨ પદવી લાભે, ૧ સમકિત, ૨ શ્રાવિકા એ બે.

૧૨ સવેદીમાં ૨૨ પદવી લાભે, તે કેવળી નહિ.

૧૩ સ્ત્રી વેદમાં ચાર પદવી લાભે, તે ૧ સ્ત્રીરત્ન, ૨ શ્રાવિકા, ૩ સમકિત, ૪ સાધ્વી એ ચાર.

૧૪ પુરૂષ વેદમાં ૧૪ પદવી લાભે, તે સાત એકેંદ્રિય રત્ન, કેવળી ને સ્ત્રીરત્ન એ નવ નહિ.

૧૫ અવેદીમાં ૪ પદવી લાભે, તે ૧ તીર્થંકર, ૨ કેવળી, ૩ સાધુ, ૪ સમકિત, એ ચાર.

૧૬ નરક ગતિમાં એક પદવી લાભે, તે સમકિતની.

૧૭ તિર્યંચ ગતિમાં ૧૧ પદવી લાભે, તે સાત એકેંદ્રિય રત્ન ને ૮ ગજ, ૯ અશ્વ, ૧૦ શ્રાવક, ૧૧ સમકિત. એ અગીયાર.

૧૮ મનુષ્ય ગતિમાં ૧૪ પદવી લાભે, તે નવ ઉત્તમ પદવી ને સાત પંચેંદ્રિય રત્નમાંથી ગજ, અશ્વ એ બે વિના ચૌદ.

૧૯ દેવગતિમાં એક પદવી લાભે, તે સમકિતની.

૨૦ આઠ કર્મ વેદકમાં ૨૧ પદવી લાભે, તે તીર્થંકર ને કેવળી એ બે નહિ.

૨૧ સાત કર્મવેદકમાં ૨ પદવી લાભે, તે સાધુ, સમકિત એ બે.

૨૨ ચાર કર્મવેદકમાં ચાર પદવી લાભે, તે ૧ તીર્થંકર ૨ કેવળી, ૩ સાધુ, ૪ સમકિત એ ચાર.

૨૩ જઘન્ય અવગાહનામાં એક પદવી લાભે, તે સમકિત.

૨૪ મધ્યમ અવગાહનામાં ૨૩ પદવી લાભે.

૨૫ ઉત્કૃષ્ટ અવગાહનામાં એક પદવી લાભે, તે સમકિત.

૨૬ અઢી દ્વીપમાં ત્રેવીશ પદવી લાભે.

૨૭ અઢી દ્વીપ બહાર ૪ પદવી લાભે, તે ૧ કેવળી ૨ સાધુ, ૩ શ્રાવક, ૪ સમકિત એ ચાર.

૨૮ ભરતક્ષેત્રમાં મધ્યમ પદવી ૮ લાભે, તે સાત એકેંદ્રિય રત્ન, સાત પંચેન્દ્રિય રત્ન ને ચક્રવર્તી એ ૧૫ નહિ.

૨૯ ભરતક્ષેત્રમાં ઉત્કૃષ્ટ ૨૧ પદવી લાભે, તે વાસુદેવ, બલદેવ એ બે નહિ.

૩૦ ઉર્ધ્વલોકમાં ૫ પદવી લાભે, તે ૧ કેવળી, ૨ સાધુ, ૩ શ્રાવક, ૪ સમકિત, ૫ માંડલિક એ પાંચ.

૩૧ અધોલોક તથા ત્રીછાલોકમાં ૨૩ પદવી લાભે.

૩૨ સ્વલિંગમાં ૪ પદવી લાભે, તે ૧ તીર્થંકર. ૨ કેવળી, ૩ સાધુ, ૪ સમકિત એ ચાર.

૩૩ અન્યલિંગમાં ૪ પદવી લાભે, તે ૧ કેવળી ૨ સાધુ ૩ શ્રાવક ૪ સમકિત એ ચાર.

૩૪ ગૃહસ્થલિંગ મનુષ્યમાં ૧૪ પદવી લાભે, તે નવ ઉત્તમ પદવી, સાત પંચેંદ્રિય રત્નમાંથી ગજ ને અશ્વ એ બે વિના ચૌદ લાભે.

૩૫ સમૂર્છિમમાં ૮ પદવી લાભે, તે સાત એકેંદ્રિય રત્ન ને સમકિત એ આઠ.

૩૬ ગર્ભજમાં ૧૬ પદવી લાભે, તેમાં સાત એકેંદ્રિય રત્ન નહિ.

૩૭ નોગર્ભજમાં ૮ પદવી લાભે, તે સાત એકેન્દ્રિય રત્ન ને સમકિત એ આઠ.

૩૮ એકેંદ્રિયમાં ૭ પદવી લાભે, તે સાત્ત એકેંદ્રિય રત્ન .

૩૯ ત્રણ વિકલેંદ્રિયમાં ૧ પદવી લાભે તે સમકિત.

૪૦ પંચેંદ્રિયમાં ૧૫ પદવી લાભે, તે સાત એકેંદ્રિય રત્ન ને કેવળી એ આઠ વિના.

૪૧ અનિંદ્રિયમાં ૪ પદવી લાભે તે ૧ તીર્થંકર, ૨ કેવળી, ૩ સાધુ, ૪ સમકિત એ ચાર.

૪૨ સંયતિમાં ૪ પદવી લાભે, તે અનિંદ્રિય પ્રમાણે.

૪૩ અસંયતિમાં ૨૦ પદવી લાભે, તે ૧ કેવળી, ૨ સાધુ ૩ શ્રાવક, એ ત્રણ વિના.

૪૪ સંયતાસંયતિમાં ૧૦ પદવી લાભે, તે સાત પંચેંદ્રિય રત્નમાંથી સ્ત્રી રત્ન વગર ૬, ૭ બળદેવ ૮ શ્રાવક, ૯ સમકિત, ૧૦ માંડલિક એ દશ.

૪૫ સમકિત દષ્ટિમાં ૧૫ પદવી લાભે, તે સાત એકેંદ્રિય રત્ન ને સ્ત્રી રત્ન વિના.

૪૬ મિથ્યા દષ્ટિમાં ૧૭ પદવી લાભે, તે સાત એકેંદ્રિય રત્ન, સાત પંચેંદ્રિય રત્ન એ ૧૪, ૧૫ ચક્રવર્તી, ૧૬ વાસુદેવ, ૧૭ માંડલિક એ સત્તર.

૪૭ મતિ, શ્રુત ને અવધિ જ્ઞાનમાં ૧૪ પદવી લાભે, તે નવ ઉત્તમ પદવીમાંથી કેવળી વિના ૮, સાત પંચેંદ્રિય રત્નમાંથી સ્ત્રી વિના ૬, એ ચૌદ.

૪૮ મનઃપર્યવ જ્ઞાનમાં ૩ પદવી લાભે, તે ૧ તીર્થંકર ૨ સાધુ ૩ સમકિત એ ત્રણ.

૪૯ કેવળ જ્ઞાન, કેવળ દર્શનમાં ૪ પદવી લાભે, તે ૧ તીર્થંકર, ૨ કેવળી, ૩ સાધુ, ૪ સમકિત એ ચાર.

૫૦ મતિ, શ્રુત અજ્ઞાનમાં ૧૭ પદવી લાભે, તે સાત

એકેંદ્રિય રત્ન, સાત પંચેંદ્રિય રત્ન એ ૧૪, ૧૫ ચક્રવર્તિ, ૧૬ વાસુદેવ, ૧૭ માંડલિક, એ સત્તર.

૫૧ વિભંગ જ્ઞાનમાં ૯ પદવી લાભે તે સાત પંચેંદ્રિય રત્નમાંથી સ્ત્રી રત્ન વિના ૬, ૭ ચક્રવર્તિ, ૮ વાસુદેવ, ૯ માંડલિક એ નવ.

૫૨ ચક્ષુદર્શનમાં ૧૫ પદવી લાભે, તે નવ ઉત્તમ પદવીમાંથી કેવળી વિના ૮ ને ૭ પંચેંદ્રિય રત્ન એ પંદર.

૫૩ અચક્ષુદર્શનમાં ૨૨ પદવી લાભે તેમાં કેવળી નહિ.

૫૪ અવધિ દર્શનમાં ૧૪ પદવી લાભે, તે નવ ઉત્તમ પદવીમાંથી કેવળી વિના ૮ ને સાત પંચેંદ્રિય રત્નમાંથી સ્ત્રી રત્ન વિના ૬, એ ચૌદ.

૫૫ નપુંસક લિંગમાં ૫ પદવી લાભે, તે ૧ કેવળી, ૨ સાધુ, ૩ શ્રાવક, ૪ સમકિત, ૫ માંડલિક, એ પાંચ.

ઇતિ ત્રેવિશ પદવી સંપૂર્ણ

* * *

## (૧૪) પાંચ શરીર

શ્રી પ્રજ્ઞાપના સૂત્રના ૨૧મા પદમાં પાંચ શરીરનો અધિકાર સોળદ્વાર.

૧ નામ દ્વાર, ૨ અર્થ દ્વાર, ૩ સંસ્થાન દ્વાર, ૪ સ્વામી દ્વાર, ૫ અવગાહના દ્વાર, ૬ પુદ્‌ગલ ચયન દ્વાર, ૭ સંયોજન દ્વાર, ૮ દ્રવ્યાર્થક દ્વાર, ૯ પ્રદેશાર્થક દ્વાર, ૧૦ દ્રવ્યાર્થક પ્રદેશાર્થક દ્વાર, ૧૧ સૂક્ષ્મ દ્વાર, ૧૨ અવગાહના અલ્પબહુત્વ દ્વાર, ૧૩ પ્રયોજન દ્વાર, ૧૪ વિષય દ્વાર, ૧૫ સ્થિતિ દ્વાર, ૧૬ અંતર દ્વાર.

### ૧ નામ દ્વાર.

૧ ઔદારિક શરીર, ૨ વૈક્રિય શરીર, ૩ આહારક શરીર, ૪ તેજસ શરીર, ૫ કાર્મણ શરીર.

### ૨ અર્થ દ્વાર.

૧ ઉદાર તે સર્વ શરીરથી પ્રધાન, તીર્થંકર, ગણધર આદિ પુરૂષોને મુક્તિપદ મેળવવામાં સહાય કરે છે. ને ઉદાર કહેતાં સહસ્ત્ર યોજનમાન શરીર, તેથી તેને ઔદારિક શરીર કહીએ.

૨ વૈક્રિય તે રૂપ પરાવર્તન કરવાની શક્તિ. તથા એક, અનેક, નાના, મોટા, ખેચર, ભૂચર, દશ્ય, અદશ્ય, આદિ વિવિધ રૂપ, વિવિધ ક્રિયાથી બનાવે તેને વૈક્રિય શરીર કહીએ. તે વૈક્રિય શરીર. બે પ્રકારે છે:

૧ ભવ પ્રત્યયિક-તે, દેવ, નારકીને સ્વાભાવિક જ હોય.

૨ લબ્ધિ પ્રત્યયિક-તે, મનુષ્ય, તિર્યંચને પ્રયત્નથી હોય.

આહારક - તે ચૌદ પૂર્વધર મહાત્માને તપશ્ચર્યાદિક યોગે કરી લબ્ધિ ઉપજે, તે તીર્થંકર દેવાધિદેવની ઋદ્ધિ દેખવા, મનની અંદર ઉત્પન્ન થયેલ સંશયને ટાળવા, જીવદયા માટે, તથા ૧૪ પૂર્વનું અધૂરૂં જ્ઞાન પૂર્ણ કરવા માટે. ઉત્તમ પુદ્ગલનો આહાર લઈને જઘન્ય હાથ ન્યુન્, ઉત્કૃષ્ટ ૧ હાથનું સ્ફટીક સમાન સફેદ કોઈ ન દેખે તેવું શરીર બનાવે, તેથી તેને આહારક શરીર કહીએ.

૪ તેજસ્-તે તેજના પુદ્ગલથી અદશ્ય ભૂક્ત આહારને પચાવે તથા લબ્ધિવંત તેજો લેશ્યા મૂકે તેને તેજસ શરીર કહીએ.

૫ કાર્મણ-તે કર્મના પુદ્ગલથી નીપજ્યું, જેના ઉદયથી જીવ પુદ્ગલ ગ્રહીને તે કર્માદિ રૂપપણે પરિણમાવે તથા આહારને ખેંચે તેથી તેને કાર્મણ શરીર કહીએ.

### ૩ સંસ્થાન દ્વાર.

૧ ઔદારિક શરીરમાં સંસ્થાન ૬ - ૧ સમચતુરંસ્ત્ર

સંસ્થાન, ૨ ન્યગ્રોધ પરિમંડલ સંસ્થાન, ૩ સાદિ સંસ્થાન, ૪ વામન સંસ્થાન, ૫ કુબ્જ સંસ્થાન, ૬ હુંડ સંસ્થાન.

૨ વૈક્રિયમાં ભવ પ્રત્યયિકમાં દેવને સમચતુરંસ્ત્ર સંસ્થાન ને નારકીને હુંડ સંસ્થાન, લબ્ધિ પ્રત્યયિકમાં મનુષ્ય, તિર્યંચમાં સમચતુરંસ્ત્ર સંસ્થાન ને નાના પ્રકારનું. વાયુમાં હુંડ સંસ્થાન.

૩ આહારકમાં એક સમચતુરંસ્ત્ર સંસ્થાન.

૪-૫ તેજસ ને કાર્મણમાં છ સંસ્થાન.

### ૪ સ્વામી દ્વાર.

૧ ઔદારિક શરીરના સ્વામી મનુષ્ય ને તિર્યંચ છે.

૨ વૈક્રિય શરીરના સ્વામી ચારે ગતિના જીવ છે.

૩ આહારક શરીરના સ્વામી ચૌદ પૂર્વધારી સાધુ છે.

૪-૫ તેજસ્-કાર્મણ શરીરના સર્વ સંસારી જીવ છે.

### ૫ અવગાહના દ્વાર.

૧ ઔદારિક શરીરની અવગાહના જઘન્ય આંગુલનો અસંખ્યાતમો ભાગ, ઉત્કૃષ્ટ હજાર યોજન ઝાઝેરી.

૨ વૈક્રિય શરીરની અવગાહના જઘન્ય આંગુલનો અસંખ્યાતમો ભાગ, ઉત્કૃષ્ટ ૫૦૦ ધનુષ્ય. ઉત્તર વૈક્રિય કરે તો જઘન્ય આંગુલનો સંખ્યાતમો ભાગ, ઉત્કૃષ્ટ લાખ યોજન અધિક. બાદર વાયુકાયનાં પર્યાપ્તાને જ. ઉ. આંગુલનો અસંખ્યાતમો ભાગ.

૩ આહારક શરીરની અવગાહના જઘન્ય હાથ ન્યૂન, ઉત્કૃષ્ટ એક હાથ.

૪-૫ તેજસ્-કાર્મણ શરીરની અવગાહના જઘન્ય આંગુલનો અસંખ્યાતમો ભાગ, ઉત્કૃષ્ટ ચૌદ રાજલોક પ્રમાણે.

### ૬ પુદ્‌ગલચયન (આહાર કેટલી દિશાનો લે) દ્વાર.

ઔદારિક, તેજસ્ ને કાર્મણ શરીરવાળા ત્રણ, ચાર, પાંચ અને છ દિશાનો આહાર લે.

વૈક્રિય ને આહારક શરીરવાળા છ દિશાનો લે.

૭ સંયોજન દ્વાર.

૧ ઔદારિક શરીરમાં આહારક, વૈક્રિયની ભજના (હોય કે ન હોય), તૈજસ, કાર્મણની નિયમા (હોય જ).

૨ વૈક્રિય શરીરમાં ઔદારિકની ભજના આહારક ન હોય તેજસ્, કાર્મણની નિયમા.

૩ આહારક શરીરમાં વૈક્રિય ન હોય. ઔદારિક, તેજસ્, કાર્મણ હોય.

૪ તેજસ્ માં ઔદારિક, વૈક્રિય, આહારકની ભજના. કાર્મણની નિયમા.

૫ કાર્મણમાં ઔદારિક, વૈક્રિય, આહારકની ભજના, તેજસ્ ની નિયમાં.

૮ દ્રવ્યાર્થક દ્વાર.

૧ સર્વથી થોડા આહારકના દ્રવ્ય તે જઘન્ય, ૧-૨-૩ ઉત્કૃષ્ટ પૃથક્ હજાર. તેથી, ૨ વૈક્રિયના દ્રવ્ય અસંખ્યાત ગુણ. તેથી ૩ ઔદારિકના દ્રવ્ય અસંખ્યાત ગુણ. તેથી ૪-૫ તૈજસ્-કાર્મણના દ્રવ્ય એ બે પરસ્પર સરખા ને ઔદારિકથી અનંત ગુણ અધિક.

૯ પ્રદેશાર્થક દ્વાર.

૧ સર્વથી થોડા આહારકના પ્રદેશ. તેથી ૨ વૈક્રિયના પ્રદેશ અસંખ્યાત ગુણ. તેથી ૩ ઔદારિકના અસંખ્યાત ગુણ. તેથી ૪ તેજસ્ના અનંતુગુણ તેથી ૫ કાર્મણના અનંતગુણ.

૧૦ દ્રવ્યાર્થકને પ્રદેશાર્થક દ્વાર.

૧ સર્વથી થોડા આહારકના દ્રવ્યાર્થ, તેથી ૨ વૈક્રિયના

દ્રવ્યાર્થ અસંખ્યાત ગુણ. તેથી ૩ ઔદારિકના દ્રવ્યાર્થ અસંખ્યાત ગુણ. તેથી ૪ આહારકના પ્રદેશ અનંત ગુણ તેથી.૫ વૈક્રિયના પ્રદેશ અસંખ્યાત ગુણ. તેથી ૬ ઔદારિકના પ્રદેશ અસંખ્યાત ગુણ. તેથી ૭-૮ તૈજસ્-કાર્મણ એ બેના દ્રવ્યાર્થ પરસ્પર સરખા ને ઉપરથી અનંત ગુણ અધિક. તેથી ૯ તૈજસ્ ના પ્રદેશ અનંત ગુણ અધિક. તેથી ૧૦ કાર્મણના પ્રદેશ અંનત ગુણ અધિક.

### ૧૧ સૂક્ષ્મ દ્વાર.

૧ સર્વથી સ્થૂલ (જાડા) ઔદારિક શરીરના પુદ્ગલ, તેથી ૨ વૈક્રિય શરીરના પુદ્ગલ સૂક્ષ્મ, તેથી ૩ આહારક શરીરના પુદ્ગલ સૂક્ષ્મ, તેથી ૪ તૈજસ્ શરીરના પુદ્ગલ સુક્ષ્મ. તેથી ૫ કાર્મણ શરીરના પુદ્ગલ સુક્ષ્મ.

### ૧૨ અવગાહનાનો અલ્પબહુત્વ દ્વાર.

૧ સર્વથી થોડી ઔદારિક શરીરની જઘન્ય અવગાહના તેથી ૨-૩ તેજસ્-કાર્મણની જઘન્ય અવગાહના માંહો-માંહે સરખી ને ઉપરથી વિશેષ. ૪ તેથી વૈક્રિયની જઘન્ય અવગાહના અસંખ્યાત ગુણી. ૫ તેથી આહારકની જઘન્ય અવગાહના અસંખ્યાત ગુણી. ૬ તેથી આહારકની ઉત્કૃષ્ટ અવગાહના વિશેષ. ૭ તેથી ઔદારિકની ઉત્કૃષ્ટ અવગાહના સંખ્યાત ગુણી. ૮ તેથી વૈક્રિયની ઉત્કૃષ્ટ અવગાહના સંખ્યાત ગુણી. તેથી ૯-૧૦ તૈજસ્-કાર્મણની ઉત્કૃષ્ટ અવગાહના માંહેમાંહે સરખી ને ઉપરથી અસંખ્યાત ગુણી.

### ૧૩ પ્રયોજન દ્વાર.

૧ ઔદારિક શરીરનું પ્રયોજન મોક્ષને સાધ્ય કરવાનું. ૨ વૈક્રિય શરીરનું પ્રયોજન વિવિધ રૂપ કરવાનું. ૩ આહારક શરીરનું પ્રયોજન સંશય ટાળવાનું. ૪ તૈજસ્ શરીરનું પ્રયોજન પુદ્ગલને પાચન કરવાનું. ૫ કાર્મણ શરીરનું પ્રયોજન આહાર ને કર્મને આકર્ષવાનું.

## ૧૪ વિષય (શક્તિ) દ્વાર

૧ ઔદારિક શરીરનો વિષય પંદરમાં રૂચક દ્વીપ સુધી જવાનો. ૨ વૈક્રિય શરીરનો વિષય અસંખ્ય દ્વીપ સમુદ્ર સુધી જવાનો. ૩ આહારક શરીરનો વિષય અઢી દ્વીપ સમુદ્ર સુધી જવાનો. ૪ તૈજસ્ કાર્મણનો વિષય સર્વ લોકમાં જવાનો.

## ૧૫ સ્થિતિ દ્વાર.

૧ ઔદારિક શરીરની સ્થિતિ જઘન્ય અંતર્મુહુર્ત, ઉત્કૃષ્ટ ત્રણ પલ્યની. ૨ વૈક્રિય શરીરની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ૩૩ સાગરની. ૩ આહારક શરીરની સ્થિતિ જ. ઉત્. અંતર્મુહૂર્તની. ૪-૫ તેજસ્ કાર્મણ શરીરની સ્થિતિ બે પ્રકારે છે તે, ૧ અભવ્ય આશ્રયી આદિ નથી ને અંત પણ નથી; ૨ મુક્તગામી આશ્રયી, આદિ નથી પણ અંત છે.

## ૧૬ અંતર દ્વાર.

૧ ઔદારિક શરીરને મૂકી ફરીથી ઔદારિક શરીર લેતાં અંતર પડે (વખત જાય) તો જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ૩૩ સાગર. ૨ વૈક્રિય શરીર મૂકી વૈક્રિય શરીર લેતાં અંતર પડે તો જઘન્ય અંતર્મુહૂર્ત ઉ. અનંતકાળ. ૩ આહારક શરીરને અંતર પડે તો જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અર્ધ પુદ્ગલ પરાવર્તનથી કાંઈ થોડું. ૪-૫ તૈજસ્-કાર્મણ શરીરને અંતર નથી. અંતરદ્વારનો બીજો અર્થ-આહારક શરીર વર્જીને ચાર શરીર લોકમાં સદા લાભે. આહારક શરીર હોય કે ન હોય-ન હોય તો ઉત્કૃષ્ટ છ માસ સુધી અંતર પડે. (આહારક શરીર એક ભવમાં બે વાર, આખા સંસાર આશ્રી ચાર વખત આવી શકે.)

ઈતિ પાંચ શરીર સંપૂર્ણ.

(જે આત્મ પ્રદેશોને અવગાહીને રહે તે શરીર.)

## (૧૫) પાંચ ઈંદ્રિય.

શ્રી પ્રજ્ઞાપના સૂત્રના પંદરમા પદના પ્રથમ ઉદેશે પાંચ ઈંદ્રિયનો વિસ્તાર અગીયાર દ્વારથી છે.

### અગીયાર દ્વાર ગાથા.

૧ સંઠાણં, ૨ બાહુલ્લં, ૩ પોહત્તં, ૪ કઈપએસ, ૫ ઉગાઢે; ૬ અપ્પબહુ, ૭ પુઠ, ૮ પવિઠે, ૯ વિષય, ૧૦ અણગાર, ૧૧ આહારે.

### પાંચ ઈંદ્રિય.

૧ શ્રોત્રેંદ્રિય ૨ ચક્ષુઈંદ્રિય. ઘ્રાણેન્દ્રિય ૪ રસેન્દ્રિય. ૫ સ્પર્શેંદ્રિય.

### ૧ સંસ્થાન દ્વાર.

૧ શ્રોત્રેદ્રિયનો સંસ્થાન (આકાર) કદંબ વૃક્ષનાં ફુલ સરખો. ૨ ચક્ષુઈંદ્રિયનો સંસ્થાન મસુરની દાળ સરખો. ૩ ઘ્રાણેઈન્દ્રિયનો સંસ્થાન ધમણ સરખો. ૪ રસેંદ્રિયનો સંસ્થાન અસ્ત્રાની ધાર સરખો. ૫ સ્પર્શેંદ્રિયનો સંસ્થાન નાના (વિવિધ) પ્રકારનો.

### ૨ બાહુલ્ય (જાડાપણું) દ્વાર.

પાંચે ઈંદ્રિયનું જાડપણું જઘન્ય-ઉત્કૃષ્ટ આંગુલના અસંખ્યાતમા ભાગનું.

### ૩ પૃથુત્વ (લાંબપણું)દ્વાર.

૧ શ્રોત્ર, ૨ ચક્ષુ ૩ ને ઘ્રાણ એ ત્રણ ઈંદ્રિયનું લાંબપણું જઘન્ય-ઉત્કૃષ્ટ આંગુલના અસંખ્યાતમા ભાગનું. ૪ રસેંદ્રિયનું લાંબપણું જઘન્ય આંગુલના અસંખ્યાતમા ભાગનું, ઉત્કૃષ્ટ પૃથક્ (૨ થી ૯) આંગુલનું, ૫ સ્પર્શેંદ્રિયનું લાંબપણું જઘન્ય આંગુલના અસંખ્યાતમા ભાગનું, ઉત્કૃષ્ટ હજાર યોજનથી કાંઈક વિશેષ.

### ૪ પ્રદેશ દ્વાર.

પાંચ ઈંદ્રિયના અનંત પ્રદેશ છે.

### ૫ અવગાહ દ્વાર

પાંચ ઈંદ્રિય છે તેમાં દરેક ઈંદ્રિય આકાશ પ્રદેશ- (આકાશનું અવગાહવું તે)-અસંખ્યાત અવગાહ્યા છે.

દરેક ઈંદ્રિયના અનંત અનંત કર્કશ અને ભારે સ્પર્શ છે, તેમ અનંત અનંત હલકા ને મૃદુ સ્પર્શ છે.

### ૬ અલ્પ બહુત્વ.

### પ્રદેશનો અલ્પ બહુત્વ દ્વાર.

૧ સર્વથી થોડા ચક્ષુઈંદ્રિયના પ્રદેશ, તેથી ૨ શ્રોત્રેંદ્રિયના પ્રદેશ સંખ્યાત ગુણ, તેથી ૩ ઘ્રાણેંદ્રિયના પ્રદેશ સંખ્યાતગુણ, તેથી ૪ રસેંદ્રિયના પ્રદેશ અસંખ્યાત ગુણ, તેથી ૫ સ્પર્શેંદ્રિયના પ્રદેશ સંખ્યાત ગુણ.

### આકાશ પ્રદેશ અવગાહનાનો અલ્પ બહુત્વ.

૧ સર્વથી થોડા ચક્ષુઈંદ્રિયના અવગાહ્યા આકાશ પ્રદેશ, તેથી ૨ શ્રોત્રેંદ્રિયના અવગાહ્યા આકાશ પ્રદેશ સંખ્યાત ગુણ, તેથી ૩ ઘ્રાણેંદ્રિયના અવગાહ્યા આકાશ પ્રદેશ સંખ્યાત ગુણ, તેથી ૪ રસેંદ્રિયના અવગાહ્યા આકાશ પ્રદેશ અસંખ્યાત ગુણ, તેથી ૫ સ્પર્શેંદ્રિયના અવગાહ્યા આકાશ પ્રદેશ સંખ્યાત ગુણ.

### પ્રદેશ ને અવગાહ્યા એ બેનો સાથે અલ્પ બહુત્વ.

સર્વથી થોડા ૧ ચક્ષુઈંદ્રિયના અવગાહ્યા આકાશ પ્રદેશ તેથી ૨ શ્રોત્રેંદ્રિયના અવગાહ્યા સંખ્યાત ગુણ, તેથી, ૩ ઘ્રાણેંદ્રિયના અવગાહ્યા સંખ્યાત ગુણ, તેથી ૪ રસેંદ્રિયના અવગાહ્યા અસંખ્યાત ગુણ, તેથી ૫ સ્પર્શેંદ્રિયના અવગાહ્યા સંખ્યાત ગુણ, તેથી ૬ ચક્ષુઈંદ્રિયના પ્રદેશ અનંત ગુણ, તેથી ૭ શ્રોત્રેન્દ્રિયના પ્રદેશ સંખ્યાત

ગુણ, તેથી ૮ ઘ્રાણેંદ્રિયના પ્રદેશ સંખ્યાત ગુણ, તેથી ૯ રસેંદ્રિયના પ્રદેશ અસંખ્યાત ગુણ, તેથી ૧૦ સ્પર્શેંદ્રિયના પ્રદેશ સંખ્યાત ગુણ.

કર્કશ અને ભારે સ્પર્શના અલ્પ બહુત્વ.

સર્વથી થોડા ૧ ચક્ષુઈંદ્રિયના કર્કશ ભારે સ્પર્શ, તેથી ૨ શ્રોત્રેંદ્રિયના અનંત ગુણ, તેથી ૩ ઘ્રાણેદ્રિંયના અનંત ગુણ, તેથી ૪ રસેદ્રિંયના અનંત ગુણ, તેથી ૫ સ્પર્શેંદ્રિયના અનંત ગુણ.

હલકા ને મૃદુ (સુંવાળા) સ્પર્શનો અલ્પ બહુત્વ.

સર્વથી થોડા ૧ સ્પર્શેંદ્રિયના હલકા મૃદુ સ્પર્શ, તેથી ૨ રસેંદ્રિયના હલકા મૃદુ સ્પર્શ અનંત ગુણ, તેથી ૩ ઘ્રાણેંદ્રિયના અનંત ગુણ, તેથી ૪ શ્રોત્રેંદ્રિયના અનંત ગુણ, તેથી ૫ ચક્ષુઈંદ્રિયના અનંત ગુણ.

કર્કશ ભારે ને લઘુ (હલકા)મૃદુ સ્પર્શનો સાથે અલ્પ બહુત્વ.

સર્વથી થોડા ૧ ચક્ષુઈંદ્રિયના કર્કશ ભારે સ્પર્શ, તેથી ૨ શ્રોત્રેંદ્રિયના કર્કશ ભારે સ્પર્શ અનંત ગુણ,તેથી ૩ ઘ્રાણેંદ્રિયના કર્કશ ભારે સ્પર્શ અનંત ગુણ, તેથી ૪ રસેંદ્રિયના કર્કશ ભારે સ્પર્શ અનંત ગુણ, તેથી ૫ સ્પર્શેંદ્રિયના કર્કશ ભારે સ્પર્શ અનંત ગુણ, તેથી ૬ સ્પર્શેંદ્રિયના હલકા મૃદુ સ્પર્શ અનંત ગુણ, તેથી ૭ રસેંદ્રિયના હલકા મૃદુ સ્પર્શ અનંત ગુણ, તેથી ૮ ઘ્રાણેંદ્રિયના હલકા મૃદુ સ્પર્શ અનંત ગુણ, તેથી ૯ શ્રોત્રેંદ્રિયના હલકા મૃદુ સ્પર્શ અનંત ગુણ, તેથી ૧૦ ચક્ષુઈંદ્રિયના હલકા મૃદુ સ્પર્શ અનંત ગુણ.

૭ સ્પૃષ્ટ દ્વાર.

ઈંદ્રિયોને જે પુદ્‌ગલો આવી સ્પર્શે તે પુદ્‌ગલોને ઈંદ્રિયો ગ્રહે તે.

પાંચ ઈંદ્રિયમાં ચક્ષુ ઈંદ્રિય વિના ચાર ઈંદ્રિયોને પુદ્‌ગલો આવી સ્પર્શે છે. ચક્ષુઈંદ્રિયને આવી સ્પર્શતા નથી.

### ૮ પ્રવિષ્ટ દ્વાર.

જે ઈંદ્રિયોને વિષે અભિમુખ (સામાં) પુદ્ગલો આવીને પ્રવેશ કરે તેને પ્રવિષ્ટ કહીએ.

પાંચ ઈંદ્રિયમાં ચક્ષુ ઈંદ્રિય વિના ચાર ઈંદ્રિય પ્રવિષ્ટ છે, ને ચક્ષુ ઈંદ્રિય અપ્રવિષ્ટ છે.

### ૯ વિષય (શક્તિ) દ્વાર.

દરેક જાતિની દરેક ઈંદ્રિયનો વિષય જઘન્ય આંગુલનો અસંખ્યાતમો ભાગ. ઉત્કૃષ્ટ યંત્ર મુજબ.

| જાતિ પાંચ | શ્રોતેંદ્રિય | ચક્ષુઈંદ્રિય | ઘ્રાણેંદ્રિય | રસેંદ્રિય | સ્પર્શેંદ્રિય |
|---|---|---|---|---|---|
| એકેંદ્રિય. | ૦ | ૦ | ૦ | ૦ | ૪૦૦ ધનુ. |
| બેઈંદ્રિય... | ૦ | ૦ | ૦ | ૬૪ ધનુ. | ૮૦૦ ધનુ. |
| તિઈંદ્રિય... | ૦ | ૦ | ૧૦૦ ધનુ. | ૧૨૮ધનુ. | ૧૬૦૦ ,, |
| ચૌરિંદ્રિય... | ૦ | ૨૯૫૪ યો. | ૨૦૦ ધનુ. | ૨૫૬ધનુ. | ૩૨૦૦ ,, |
| અસંજ્ઞી પંચેંદ્રિય... | ૧ યોજ. | ૫૯૦૮ યો. | ૪૦૦ ધનુ. | ૫૧૨ધનુ. | ૬૪૦૦ ,, |
| સંજ્ઞી પંચેંદ્રિય... | ૧૨યોજ. | ૧ લાખયો-જનઝાઝેરી | ૯ યોજન | ૯યોજન | ૯યોજન. |

(આ માપને આત્માંગુલથી સમજવા)

### ૧૦ અનાકાર (ઉપયોગ) દ્વાર.

#### જઘન્ય ઉપયોગ કાળનો અલ્પ બહુત્વ.

સર્વથી થોડો ૧ ચક્ષુઈંદ્રિયનો જઘન્ય ઉપયોગ કાળ, તેથી ૨ શ્રોત્રેંદ્રિયનો જઘન્ય ઉપયોગ કાળ વિશેષ, તેથી ૩ ઘ્રાણેંદ્રિયનો

જઘન્ય ઉપયોગ કાળ વિશેષ તેથી ૪ રસેંદ્રિયનો જઘન્ય ઉપયોગ કાળ વિશેષ, તેથી ૫ સ્પર્શેંદ્રિયનો જઘન્ય ઉપયોગ કાળ વિશેષ.

ઉત્કૃષ્ટ ઉપયોગ કાળનો અલ્પ બહુત્વ.

સર્વથી થોડો ૧ ચક્ષુઈંદ્રિયનો ઉત્કૃષ્ટ ઉપયોગ કાળ, તેથી ૨ શ્રોત્રેંદ્રિયનો ઉત્કૃષ્ટ ઉપયોગ કાળ વિશેષ, તેથી ૩ ઘ્રાણેંદ્રિયનો ઉત્કૃષ્ટ ઉપયોગ કાળ વિશેષ, તેથી ૪ રસેંદ્રિયનો ઉત્કૃષ્ટ ઉપયોગ કાળ વિશેષ, તેથી ૫ સ્પર્શેંદ્રિયનો ઉત્કૃષ્ટ ઉપયોગ કાળ વિશેષ.

ઉપયોગ જઘન્ય ઉત્કૃષ્ટ બેનો એકઠો અલ્પ બહુત્વ.

સર્વથી થોડો ૧ ચક્ષુઈંદ્રિયનો જઘન્ય ઉપયોગ કાળ, તેથી ૨ શ્રોત્રેંદ્રિયનો જઘન્ય ઉપયોગ કાળ વિશેષ, તેથી ૩ ઘ્રાણેંદ્રિયનો જઘન્ય ઉપયોગ કાળ વિશેષ, તેથી ૪ રસેંદ્રિયનો જઘન્ય ઉપયોગ કાળ વિશેષ, તેથી ૫ સ્પર્શેંદ્રિયનો જઘન્ય ઉપયોગ કાળ વિશેષ, તેથી ૬ ચક્ષુઈંદ્રિયનો ઉત્કૃષ્ટ ઉપયોગ કાળ વિશેષ, તેથી ૭ શ્રોત્રેંદ્રિયનો ઉત્કૃષ્ટ ઉપયોગ કાળ વિશેષ, તેથી ૮ ઘ્રાણેંદ્રિયનો ઉત્કૃષ્ટ કાળ વિશેષ, તેથી ૯ રસેંદ્રિયનો ઉત્કૃષ્ટ ઉપયોગ કાળ વિશેષ, તેથી ૧૦ સ્પર્શેંદ્રિયનો ઉત્કૃષ્ટ ઉપયોગ કાળ વિશેષ.

૧૧ મો આહાર દ્વાર સૂત્ર શ્રી પ્રજ્ઞાપનામાંથી જાણવો.

ઈતિ પાંચ ઈંદ્રિય સંપૂર્ણ

## (૧૬) રૂપી અરૂપીના બોલ

(ભગવતીસૂત્ર. શ. ૧૨ ઉ.૧)

* * *

ગાથા

કમ્મઠ પાવઠાણાય, મણ વયજોગા ય કમ-દેહે;
સુહુમ પ્પએસિ ખંધે, એ સવ્વે ચઉ ફાસા.

અર્થ : કર્મ (૧ જ્ઞાનાવરણીય, ૨ દર્શનાવરણીય,

૩ વેદનીય, ૪ મોહનીય, ૫ આયુષ્ય, ૬ નામ, ૭ ગોત્ર, ૮ અંતરાય) આઠ ૮, પાપસ્થાનક (૧ પ્રાણાતિપાત, ૨ મૃષાવાદ, ૩ અદત્તાદાન, ૪ મૈથુન, ૫ પરિગ્રહ, ૬ ક્રોધ, ૭ માન ૮ માયા, ૯ લોભ, ૧૦ રાગ, ૧૧ દ્વેષ, ૧૨ ક્લેશ, ૧૩ અભ્યાખ્યાન, ૧૪ પૈશુન, ૧૫ પરપરિવાદ, ૧૬ રતિ અરતિ ૧૭ માયા મૃષા, ૧૮ મિથ્યાદર્શનશલ્ય) અઢાર ૧૮, એ ૨૬, ૨૭ મન યોગ, ૨૮ વચન યોગ, ૨૯ કાર્મણ શરીર, ૩૦ સૂક્ષ્મ પ્રદેશી સ્કંધ. એ સર્વે ત્રીશ બોલ રૂપી ચઉસ્પર્શી છે તેમાં સોળ સોળ બોલ લાભે, તે પાંચ વર્ણ, (૧ કાળો, ૨ નીલો, ૩ રાતો, ૪ પીળો, ૫ ધોળો), બે ગંધ (તે ૬ સુરભી ગંધ, ૭ દુરભી ગંધ), પાંચ રસ, (તે ૮ તીખો, ૯ કડવો, ૧૦ કસાયેલો, ૧૧ ખાટો, ૧૨ મીઠો), ચાર સ્પર્શ, (તે ૧૩ શીત, ૧૪ ઉષ્ણ, ૧૫ લુખો, ને ૧૬ સ્નિગ્ધ.) (૧)

ગાથા.

ઘણ તણ વાય, ઘનોદહિ, પુઢવિસતેવ સતનિરીયાણ;
અસંખેજ દિવ, સમુદ્દા, કપ્પા, ગેવીજા અણુત્તરા સિદ્ધિ ૨

અર્થ : ૧ ધનવાત, ૨ તનુવાત, ૩ ઘનોદધિ પૃથ્વી સાત-નરકની ૧૦, ૧૧ અસંખ્યાત દ્વીપ, ૧૨ અસંખ્યાત સમુદ્ર, બાર દેવલોક - ૨૪, નવ ગ્રૈવેયક - ૩૩, પાંચ અનુત્તર વિમાન - ૩૮ સિધ્ધશિલા - ૩૯ (૨)

ગાથા.

ઉરાલીયા ચઉદેહા, પોગલ કાય, છ દવ્વ લેસ્સા ય;
તહેવ કાય જોગેણં, એ સવ્વેણં અઠ ફાસા. ૩

અર્થ : ૪૦ ઔદારિક શરીર, ૪૧ વૈક્રિય શરીર, ૪૨ આહારક શરીર, ને ૪૩ તૈજસ્ શરીર એ ચાર દેહ.

૪૪ પુદ્ગલાસ્તિકાયનો બાદર સ્કંધ, છ દ્રવ્ય લેશ્યા (૧ કૃષ્ણ, ૨ નીલ, ૩ કાપોત, ૪ તેજો, ૫ પદ્મ, ૬ શુક્લ) ૫૦, ૫૧ કાય યોગ, એ સઘળા ૫૧ બોલ રૂપી આઠ સ્પર્શ છે તેમાં વીસ વીસ બોલ લાભે, તે પાંચ વર્ણ - ૫ - બે ગંધ - ૭, પાંચ રસ - ૧૨, આઠ સ્પર્શ - તે ૧૩ શીત, ૧૪ ઉષ્ણ, ૧૫ લુખો, ૧૬ સ્નિગ્ધ, ૧૭ ભારે, ૧૮ હળવો, ૧૯ ખરખરો, ને ૨૦ સુંવાળો. (૩)

ગાથા.

પાવ ઠાણા વિરઈ, ચઉ ચઉ બુદ્ધિ ઉગ્ગહે;

સન્ના ધમ્મથી પંચ ઉઠાણં, ભાવ લેસ્સાતિ દિઠીય. ૪

અર્થ : અઢારે પાપસ્થાનકની વિરતિ (પાપસ્થાનકથી નિવર્તવું) ૧૮, ચાર બુદ્ધિ તે ૧૯ ઔત્પાતિકા, ૨૦ કામીયા, ૨૧ વિનયા, ને ૨૨ પારિણામીયા; ચાર મતિ તે ૨૩ અવગ્રહ ૨૪ ઈહા, ૨૫ અવાય, ને ૨૬ ધારણા; ચાર સંજ્ઞા તે ૨૭ આહાર સંજ્ઞા, ૨૮ ભય સંજ્ઞા, ૨૯ મૈથુન સંજ્ઞા, ને ૩૦ પરિગ્રહ સંજ્ઞા; ૩૧ ધર્માસ્તિકાય, ૩૨ અધર્માસ્તિકાય, ૩૩ આકાશાસ્તિકાય, ૩૪ કાલ, ને ૩૫ જીવાસ્તિકાય; પાંચ ઉઠાણ-તે ૩૬ ઉત્થાન, ૩૭ કર્મ, ૩૮ વીર્ય, ૩૯ બલ, ને ૪૦ પુરૂષાકાર પરાક્રમ. છ ભાવ લેશ્યા-૪૬, ને ત્રણ દૃષ્ટિ તે ૪૭ સમકિત દૃષ્ટિ, ૪૮ મિથ્યા દૃષ્ટિ, ને ૪૯ મિશ્ર દૃષ્ટિ (૪)

ગાથા.

દંસણ નાણ સાગરા, અણાગાર ચઉવીસે દંડગા જીવ;

એ સવ્વે અવન્ના, અરૂવી અફાસગા ચેવ. ૫

અર્થ - દર્શન ચાર તે ૫૦ ચક્ષુદર્શન, ૫૧ અચક્ષુદર્શન, ૫૨ અવધિદર્શન, ને ૫૩ કેવળદર્શન; જ્ઞાન પાંચ તે ૫૪ મતિજ્ઞાન, ૫૫ શ્રુતજ્ઞાન, ૫૬ અવધિજ્ઞાન, ૫૭ મનઃપર્યવ જ્ઞાન,

ને ૫૮ કેવળજ્ઞાન; ૫૯ જ્ઞાનનો ઉપયોગ તે સાકાર ઉપયોગ, ૬૦ દર્શનનો ઉપયોગ તે અનાકાર ઉપયોગ, ૬૧ ચઉવીશે દંડકના જીવ.

એ સઘળા ૬૧ બોલમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ કાંઈ ન લાભે કારણ કે એ સર્વ બોલ અરૂપીના છે.

ઈતિ રૂપી અરૂપીના બોલ સંપૂર્ણ.

* * *

## (૧૭) અથ શ્રી મહોટો બાસઠીઓ

(પન્નવણા સુત્ર પદ-ત્રીજુ)

(अनुष्टुपवृत्त)

जीव १ गई २ इंदिय ३ काए ४ । जोग ५ वेद ६ कसाय ७ लेस्सा ८ ॥ सम्मत ९ नाण १० दंसण ११ । संजय १२ उवओग १३ आहारे १४ ॥ १ ॥ भाखग १५ परित १६ पज़ति १७ । सुहुम १८ सन्नि १९ भवत्थि २० चरिमेय २१ ॥ जीवेयखेत्तबंधे । पुग्गलएमहादंऽएचेव ॥ २ ॥

એ બે ગાથાનો વિસ્તાર કહે છે.

### ૧. જીવદ્વાર.

૧. સમુચ્ચય જીવમાં જીવના ભેદ ૧૪, ગુણઠાણા ૧૪, જોગ ૧૫, ઉપયોગ ૧૨, લેશ્યા ૬, અલ્પ બહુત્વ ૧.

### ૨. ગતિદ્વાર.

૧. નરક ગતિમાં; જીવના ભેદ ૩. ૧ સંજ્ઞીનો અપર્યાપ્તો ૨ પર્યાપ્તો ને ૩ અસંજ્ઞીનો અપર્યાપ્તો. ગુણઠાણા ૪ પ્રથમ, જોગ ૧૧; ૪ મનના, ૪ વચનના, ૧ વૈક્રિય, ૧ વૈક્રિયનો મિશ્ર, ૧ કાર્મણકાયજોગ, એવં ૧૧. ઉપયોગ ૯; ૩ જ્ઞાન, ૩ અજ્ઞાન, ૩ દર્શન. લેશ્યા ૩ પ્રથમ.

૨ તિર્યંચની ગતિમાં, જીવના ભેદ ૧૪, ગુ૦ ૫ પ્રથમ, જોગ ૧૩ આહારકના ૨ વર્જીને, ઉપ૦ ૯, ૩ જ્ઞાન, ૩ અજ્ઞાન, ૩ દર્શન. લેશ્યા ૬.

૩ તિર્યંચાણીમાં, જીવના ભેદ ૨, સંજ્ઞીનો અપર્યાપ્તો ને પર્યાપ્તો. ગુ૦ ૫ પ્રથમ, જોગ ૧૩, ઉપયોગ ૯, ૩ જ્ઞાન, ૩ અજ્ઞાન, ૩ દર્શન. લેશ્યા ૬.

૪ મનુષ્યની ગતિમાં, જીવના ભેદ ૩; ૧ સંજ્ઞીનો અપર્યાપ્તો, ૨ પર્યાપ્તો, ૩ અસંજ્ઞીનો અપર્યાપ્તો, ગુ. ૧૪, જોગ ૧૫, ઉપયોગ ૧૨, લેશ્યા ૬.

૫ મનુષ્યાણીમાં, જીવના ભેદ ૨, સંજ્ઞીના. ગુ. ૧૪, જોગ ૧૩ આહારકના ૨ વર્જીને, ઉપયોગ ૧૨, લેશ્યા ૬.

૬ દેવતાની ગતિમાં; જીવના ભેદ ૩, ૧ સંજ્ઞીનો અપર્યાપ્તો, ૨ પર્યાપ્તો. ૩ અસંજ્ઞીનો અપર્યાપ્તો. ગુ. ૪ પહેલા, જોગ ૧૧; ૪ મનના, ૪ વચનના, ૨ વૈક્રિયના, ૧ કાર્મણનો. ઉપયોગ ૯ લેશ્યા ૬.

૭ દેવાંગનામાં; જીવના ભેદ ૨, ૧ સંજ્ઞીનો અપર્યાપ્તો ને ૨ પર્યાપ્તો, ગુ૦ ૪ પ્રથમ; જોગ ૧૧, ૪ મનના, ૪ વચનના, ૨ વૈક્રિયના ને ૧ કાર્મણનો, ઉપયોગ ૯. લેશ્યા ૪.

૮ સિદ્ધગતિમાં, જીવના ભેદ નથી, ગુણઠાણા નથી, જોગ નથી, ઉપયોગ ૨; ૧ કેવળજ્ઞાન, ૨ કેવળદર્શન, લેશ્યા નથી.

એ આઠ ભેદનો અલ્પબહુત્વઃ સર્વથી થોડી મનુષ્યણી ૧. તેથી મનુષ્ય (સંમુચ્છિર્મ ભળતા) અસંખેજ્જગુણા ૨. તેથી નારકી અસંખેજ્જગુણા ૩. તેથી તિર્યંચાણી અસંખેજ્જગુણી ૪ તેથી દેવતા અસંખેજ્જગુણા ૫ તેથી દેવી સંખેજ્જગુણી ૬. તેથી સિદ્ધભગવંત અનંતગુણા ૭. તેથી તિર્યંચ અનંતગુણા ૮.

### ૩ ઈંદ્રિયદ્વાર.

૧ સંઈદિયામાં, જીવના ભેદ ૧૪, ગુણઠાણા ૧૨ પ્રથમ, જોગ ૧૫, ઉપયોગ ૧૦ તે ૧ કેવળજ્ઞાન, ૨ કેવળદર્શન એ ૨ વર્જીને, લેશ્યા ૬.

૨ એકેંદ્રિયમાં; જીવના ભેદ ૪, ૧ સૂક્ષ્મ એકેંદ્રિયનો અપર્યાપ્તો ને ૨ પર્યાપ્તો, ૩ બાદર એકેંદ્રિયનો અપર્યાપ્તો ને પર્યાપ્તો. ગુ૦ ૧ પ્રથમ, જોગ ૫, ઔદારિક ૧. ઔદારિકનો મિશ્ર ૨. વૈક્રિય ૩. વૈક્રિયનો મિશ્ર ૪. કાર્મણ કાયજોગ ૫. ઉપયોગ ૩; ૨ અજ્ઞાન ને ૧ અચક્ષુદર્શન; લેશ્યા ૪.

૫ બેઈંદ્રિય ૧, તેઈંદ્રિય ૨, ચૌરેંદ્રિય એ ૩ માં, જીવના ભેદ ૨ પોતપોતાનો અપર્યાપ્તો ૧ ને પર્યાપ્તો ૨, ગુ૦ ૨ પહેલા, જોગ ૪; ૨ ઔદારિકના, ૧ કાર્મણનો ને ૧ વ્યવહાર વચનનો ઉપયોગ, બેઈંદ્રિય તેઈંદ્રિયમાં, ૫, ૨ જ્ઞાન, ૨ અજ્ઞાન ને ૧ અચક્ષુદર્શન અને ચૌરેંદ્રિયમાં ૬ તે ૧ ચક્ષુદર્શન વધ્યું, લેશ્યા ૩.

૬. પંચેંદ્રિયમાં, જીવના ભેદ ૪, ૧ સંજ્ઞીનો અપર્યાપ્તો, ૨ પર્યાપ્તો, ૩ અસંજ્ઞીનો અપર્યાપ્તો ને ૪ પર્યાપ્તો, ગુ૦ ૧૨ પ્રથમ, જોગ ૧૫, ઉપયોગ ૧૦ કેવળજ્ઞાન ૧, કેવળ દર્શન ૨ એ ૨ વર્જ્યા, લેશ્યા ૬.

૭ અણિંદિયામાં જીવનો ભેદ ૧ સંજ્ઞીનો પર્યાપ્તો, ગુણ૦ ૨ તેરમું ને ચૌદમું, જોગ ૭; ૨ મનના તે સત્ય મન ૧, વ્યવહાર મન ૨, બે વચનના તે સત્ય વચન ૧, વ્યવહાર વચન ૨ અને ઔદારિકનો ૫, ઔદારિકનો મિશ્ર ૬, કાર્મણકાય જોગ ૭. ઉપયોગ ૨ કેવળજ્ઞાન ૧, કેવળદર્શન ૨. લેશ્યા ૧ શુકલ.

એનો અલ્પબહુત્વ; સર્વથી થોડા પંચેંદ્રિયા ૧, તેથી ચૌરેંદ્રિયા વિશેષાહિયા ૨, તેથી તેઈંદ્રિયા વિશેષાહિયા ૩, તેથી બેઈંદ્રિયા વિશેષાહિયા ૪, તેથી અણિંદિયા અનંતગુણા ૫, તેથી એકેંદ્રિયા અનંતગુણા ૬, તેથી સઈંદ્રિયા વિશેષાહિયા ૭.

### ૪ કાય દ્વાર

૧ સકાયામાં, જીવના ભેદ ૧૪, ગુણઠાણા ૧૪, જોગ ૧૫ ઉપયોગ ૧૨ લેશ્યા ૬.

૪ પૃથ્વીકાય ૧, અપકાય ૨, વનસ્પતિકાય ૩ એ ૩ માં જીવના ભેદ ૪, ગુણ૦ ૧. જોગ ૩, ઉપયોગ, ૩, લેશ્યા ૪.

૬ તેઉકાય ૧, વાઉકાય ૨ એ ૨માં જીવના ભેદ ૪, ગુ૦ ૧, જોગ, તેઉમાં ૩ ને વાઉમાં ૫ તે ૨ વૈક્રિયના વધ્યા, ઉપયોગ ૩, લેશ્યા ૩.

૭ ત્રસકાયમાં જીવના ભેદ ૧૦ તે ૪ એકેંદ્રિયના વર્જ્યા, ગુણઠાણા ૧૪, જોગ ૧૫, ઉપયોગ ૧૨, લેશ્યા ૬.

૮ અકાયામાં જીવના ભેદ નથી, ગુણઠાણા નથી, જોગ નથી, ઉપયોગ ૨, લેશ્યા નથી.

એનો અલ્પબહુત્વ, સર્વથી થોડા ત્રસકાય ૧, તેથી તેઉકાય અસંખેજ્જગુણા ૨, તેથી પૃથ્વીકાય વિશેષાહિયા ૩, તેથી અપકાય વિશેષાહિયા * ૪, તેથી વાઉકાય વિશેષાહિયા ૫, તેથી અકાયા અનંતગુણા ૬, તેથી વનસ્પતિકાયા અનંતગુણા ૭, તેથી સકાયા વિશેષાહિયા ૮.

### ૫ જોગ દ્વાર

૧ સજોગીમાં, જીવના ભેદ ૧૪, ગુણઠાણા ૧૩, જોગ ૧૫, ઉપયોગ ૧૨, લેશ્યા ૬.

૨ મનજોગીમાં, જીવનો ભેદ ૧, સંજ્ઞીનો પર્યાપ્તો, ગુ૦ ૧૩, જોગ, ૧૪ એક કાર્મણનો વર્જીને, ઉપયોગ ૧૨, લેશ્યા ૬.

* વિશેષાહિયા-વિશેષ અધિકા : બમણાં કરતાં ઓછા.

દા.ત. સંખ્યા ૧૦૦ તેના બમણા ૨૦૦ માટે ૧૦૧ થી ૧૯૯ને વિશેષાહિયા અને ૨૦૦ને સંખ્યાતગણા અને તેથી વધુને પણ સંખ્યાતગણા ગણવા.

૩ વચનજોગીમાં, જીવના ભેદ ૫, બેઈંદ્રિય ૧, તેઈંદ્રિય ૨, ચૌરેંદ્રિય ૩, અસંજ્ઞીપંચેદ્રિય ૪, સંજ્ઞીપંચેન્દ્રિય ૫, એ ૫ ના પર્યાપ્તા, ગુણઠાણા ૧૩, જોગ ૧૪, કાર્મણ વર્જીને, ઉપયોગ ૧૨, લેશ્યા ૬.

૪ કાયજોગીમાં, જીવના ભેદ ૧૪, , ગુણઠાણા ૧૩, જોગ ૧૫, ઉપયોગ ૧૨, લેશ્યા ૬.

૫ અજોગીમાં જીવના ભેદ ૧ સંજ્ઞીનો પર્યાપ્તો. ગુણઠાણું ૧ ચૌદમું, જોગ નહિ, ઉપયોગ ૨ કેવળજ્ઞાન ને કેવળદર્શન, લેશ્યા નથી.

એહનો અલ્પબહુત્વ, સર્વથી થોડા મનજોગી ૧, તેથી વચનજોગી અસંખેજ્જગુણા ૨, તેથી અજોગી અનંતગુણા ૩, તેથી કાયજોગી અનંતગુણા ૪, તેથી સજોગી વિશેષાહિયા ૫.

૬ વેદ દ્વાર.

૧ સવેદીમાં, જીવના ભેદ ૧૪, ગુણ૦ ૯ પ્રથમ, જોગ ૧૫; ઉપયોગ ૧૦, કેવળજ્ઞાન ૧. કેવળદર્શન ૨ વર્જીને, લેશ્યા ૬.

૨-૩ સ્ત્રી વેદ ૧, પુરૂષવેદ ૨, એ ૨ માં, જીવનાભેદ ૨, સંજ્ઞીના,ગુણ૦ ૯, જોગ પુરૂષવેદમાં ૧૫, અને સ્ત્રીવેદમાં ૧૩, તે ૨ આહારકના વર્જીને, ઉપયોગ ૧૦, લેશ્યા ૬.

૪ નપુંસકવેદમાં, જીવના ભેદ ૧૪, ગુણ૦ ૯, જોગ ૧૫, ઉપયોગ ૧૦, કેવળજ્ઞાન ૧, કેવળદર્શન ૨ વર્જીને, લેશ્યા ૬.

૫ અવેદીમાં જીવનો ભેદ ૧ સંજ્ઞીનો પર્યાપ્તો, ગુણ૦ ૬, નવમાંથી તે ૧૪ મા સુધી, જોગ ૧૧, ૪ મનના, ૪ વચનના, ૨ ઔદારિકના ને ૧ કાર્મણનો એવં ૧૧. ઉપયોગ ૯, ૩ અજ્ઞાન વર્જીને, લેશ્યા ૧, શુક્લ.

એનો અલ્પબહુત્વ, સર્વથી થોડા પુરૂષવેદી ૧, તેથી સ્ત્રી

વેદી સંખેજ્જગુણા ૨, તેથી અવેદી અનંતગુણા ૩, તેથી નપુંસકવેદી અનંતગુણા ૪, તેથી સવેદી વિશેષાહિયા ૫.

### ૭ કષાયદ્વાર.

૧ સકષાયીમાં, જીવના ભેદ ૧૪, ગુણ૦ ૧૦ પ્રથમ, જોગ ૧૫, ઉપયોગ ૧૦, કેવળજ્ઞાન ૧, કેવળદર્શન ૨ વર્જીને, લેશ્યા ૬.

૪ ક્રોધ ૧, માન ૨, માયા ૩, એ ૩ માં; જીવના ભેદ ૧૪, ગુણઠાણા ૯, જોગ ૧૫, ઉપયોગ ૧૦, લેશ્યા ૬.

૫ લોભકષાયીમાં, જીવનાભેદ ૧૪, ગુણઠાણા ૧૦ પહેલાં, જોગ ૧૫, ઉપયોગ ૧૦, લેશ્યા ૬.

૬ અકષાયીમાં, જીવનો ભેદ ૧, સંજ્ઞીનો પર્યાપ્તો. ગુણ૦ ૪ ઉપરના, જોગ ૧૧, ૪ મનના, ૪ વચનના, ૨ ઔદારિકના, ૧ કાર્મણનો એવં ૧૧, ઉપયોગ ૯, ૫ જ્ઞાન, ૪ દર્શન એવં ૯, *લેશ્યા ૧. શુક્લ.*

એનો અલ્પબહુત્વ, સર્વથી થોડા અકષાયી ૧, તેથી માનકષાયી અનંતગુણા ૨, તેથી કોહકષાયી વિશેષાહિયા ૩, તેથી માયાકષાયી વિશેષાહિયા ૪, તેથી લોભકષાયી વિશેષાહિયા તેથી સકષાયી વિશેષાહિયા.

### ૮ લેશ્યાદ્વાર.

૧ સલેશીમાં, જીવના ભેદ ૧૪, ગુણઠાણા ૧૩, જોગ ૧૫, ઉપયોગ ૧૨, લેશ્યા ૬.

૪ કૃષ્ણ ૧, નીલ ૨, કાપુત ૩, એ ૩ લેશ્યામાં, જીવના ભેદ ૧૪, ગુણઠાણા ૬ પ્રથમ, જોગ ૧૫, ઉપયોગ ૧૦, બે કેવળના વર્જ્યા, લેશ્યા પોતપોતાની.

૫ તેજુલેશીમાં, જીવના ભેદ ૩, સંજ્ઞીનો અપર્યાપ્તો ૧,

પર્યાપ્તો ૨, બાદર એકેંદ્રિયનો અપર્યાપ્તો ૩, ગુણ૦ ૭ પ્રથમ, જોગ ૧૫, ઉપયોગ ૧૦, લેશ્યા ૧ તેજુ.

૬ પદ્મલેશીમાં, જીવના ભેદ ૨ સંજ્ઞીના ગુણ૦ ૭ પ્રથમ, જોગ ૧૫, ઉપયોગ ૧૦, લેશ્યા ૧ પદ્મ.

૭ શુકલલેશીમાં જીવના ભેદ ૨ સંજ્ઞીના, ગુણ૦ ૧૩ પ્રથમ, જોગ ૧૫, ઉપયોગ ૧૨, લેશ્યા ૧ શુક્લ.

૮ અલેશીમાં, જીવનો ભેદ ૧ સંજ્ઞીનો પર્યાપ્તો. ગુણ૦ ૧ ચૌદમું, જોગ નથી, ઉપયોગ ૨, કેવળજ્ઞાન ૧ ને કેવળદર્શન ૨, લેશ્યા નથી.

એહનો અલ્પબહુત્વ, સર્વથી થોડા શુકલલેશી ૧, તેથી પદ્મલેશી સંખેજ્જગુણા ૨, તેથી તેજુલેશી સંખેજ્જગુણા ૩, તેથી અલેશી અનંતગુણા ૪, તેથી કાપુતલેશી અનંતગુણા ૫, તેથી નીલલેશી વિશેષાહિયા ૬, તેથી કૃષ્ણલેશી વિશેષાહિયા, ૭ તેથી સલેશી વિશેષાહિયા ૮.

## ૯ સમૂક્તિ દ્વાર.

૧ સમુચ્ચય સમ્યક્ત્વદૃષ્ટિમાં, જીવના ભેદ ૬, બેઈંદ્રિય ૧, તેઈંદ્રિય ૨ ચૌરેંદ્રિય ૩, અસંજ્ઞીપંચેંદ્રિય ૪, એ ૪ ના અપર્યાપ્તા અને સંજ્ઞીપંચેંદ્રિયનો અપર્યાપ્તો ને પર્યાપ્તો એવં ૬, ગુણ૦ ૧૨ પહેલું ત્રીજું વર્જીને, જોગ ૧૫, ઉપયોગ ૯, ૩ અજ્ઞાન વર્જીને, લેશ્યા ૬.

૨ સાસ્વાદાન સમ્યક્ત્વદૃષ્ટિમાં, જીવના ભેદ ૬, ગુણ૦ બીજું, જોગ ૧૩ આહારકના ૨ વર્જીને, ઉપયોગ ૬; ૩ જ્ઞાન ૩ દર્શન. લેશ્યા ૬.

૩ ઉપશમ સમ્યક્ત્વદૃષ્ટિમાં, જીવના ભેદ ૨ સંજ્ઞીના, ગુણ૦ ૮, ચોથાથી ૧૧ મા સુધી, જોગ ૧૫, ઉપયોગ ૭; ૪ જ્ઞાન, ૩ દર્શન. લેશ્યા ૬.

૪ ક્ષયોપશમ ને વેદક સમ્યક્ત્વદષ્ટિમાં, જીવના ભેદ ૨ સંજ્ઞીના, ગુણ૦ ક્ષયોપશમ સમ્યક્ત્વદષ્ટિમાં ૪ થી સાતમા સુધી અને વેદકમાં ૪ થી સાતમા સુધી, જોગ ૧૫, ઉપ૦ ૭, લેશ્યા ૬.

૫ ક્ષાયિક સમ્ય૦ જીવના ભેદ ૨ સંજ્ઞીના, ગુણઠાણા ૧૧, ચોથાથી તે ચૌદમા સુધી, જોગ ૧૫, ઉપયોગ ૯, ૩ અજ્ઞાન વર્જીને, લેશ્યા ૬.

૬ મિથ્યાત્વદષ્ટિમાં જીવના ભેદ ૧૪, ગુણઠાણા ૧ પ્રથમ, જોગ ૧૩, આહારકના ૨ વર્જીને, ઉપયોગ ૬; ૩ અજ્ઞાન, ૩ દર્શન, લેશ્યા ૬.

૭ સમામિથ્યાત્વ દષ્ટિમાં, જીવનો ભેદ ૧ સંજ્ઞીનો પર્યાપ્તો, ગુણઠાણું ૧ ત્રીજું. જોગ ૧૦; ૪ મનના, ૪ વચનના ૧ ઔદારિકનો, ૧ વૈક્રિયનો એવં ૧૦, ઉપયોગ ૬; લેશ્યા ૬.

એનો અલ્પબહુત્વ, સર્વથી થોડા સાસ્વાદાન સમકિતિ ૧, તેથી ઉપશમ સમકિતિ સંખેજ્જગુણા ૨, તેથી મિશ્રદષ્ટિ અસંખેજ્જગુણા ૩, તેથી ક્ષયોપશમ અને વેદક સમકિતિ માંહોમાંહે તુલ્ય અને અસંખેજ્જગુણા ૫, તેથી ક્ષાયિક સમકિતિ અનંતગુણા ૬ તેથી સમુચ્ચય સમકિતિ વિશેષાહિયા ૭, તેથી મિથ્યાત્વ દષ્ટિ અનંતગુણા ૮.

## ૧૦ જ્ઞાનદ્વાર.

૧ સમુચ્ચયજ્ઞાનીમાં, જીવના ભેદ ૬, બેઈંદ્રિય ૧, તેઈંદ્રિય ૨, ચૌરેંદ્રિય ૩, અસંજ્ઞીપંચેંદ્રિય ૪; એ ૪ ના અપર્યાપ્તા ને સંજ્ઞીનો અપર્યાપ્તો અને પર્યાપ્તો એવં ૬, ગુણઠાણા ૧૨ પહેલું ત્રીજું વર્જીને, જોગ ૧૫, ઉપયોગ ૯; ૫ જ્ઞાન ને ૪ દર્શન, લેશ્યા ૬,

૩ મતિજ્ઞાની ૧, શ્રુતજ્ઞાની ૨ એ બેમાં, જીવના ભેદ ૬, ગુણઠાણા ૧૦, પહેલું, ત્રીજું, તેરમું, ચૌદમું, વર્જીને, જોગ ૧૫, ઉપયોગ ૭, લેશ્યા ૬.

૪ અવધિજ્ઞાનમાં, જીવના ભેદ ૨ સંજ્ઞીના, ગુણઠાણા ૧૦. (૪ થી ૧૩), જોગ ૧૫, ઉપયોગ ૭, લેશ્યા ૬.

૫ મનઃપર્યવજ્ઞાનીમાં, જીવનો ભેદ ૧ સંજ્ઞીનો પર્યાપ્તો, ગુણઠાણા ૭, છઠ્ઠાથી બારમા સુધી, જોગ ૧૪ કાર્મણનો વર્જીને, ઉપયોગ ૭, લેશ્યા ૬,

૬ કેવળજ્ઞાનીમાં, જીવનો ભેદ ૧ સંજ્ઞીનો પર્યાપ્તો, ગુ૦ ૨, તેરમું ને ચૌદમું, જોગ ૭, ઉપયોગ ૨, લેશ્યા ૧ પરમશુક્લ.

૭ અજ્ઞાનીમાં, જીવના ભેદ ૧૪, ગુણઠાણા ૨ પહેલું ને ત્રીજું, જોગ, ૧૩ આહારકના ૨ વર્જીને, ઉપયોગ ૬, ૩ અજ્ઞાન, ૩ દર્શન, લેશ્યા ૬.

૯ મતિશ્રુત અજ્ઞાનીમાં, જીવના ભેદ ૧૪, ગુણઠાણા ૨ પહેલું, ત્રીજું, જોગ ૧૩, ઉપયોગ ૬, લેશ્યા ૬.

૧૦ વિભંગજ્ઞાનીમાં, જીવના ભેદ ૨ સંજ્ઞીના, ગુણઠાણા ૨ પહેલું ને ત્રીજું, જોગ ૧૩, ઉપયોગ ૬, લેશ્યા ૬.

એનો અલ્પબહુત્વ, સર્વથી થોડા મનપર્યવ જ્ઞાની ૧, તેથી અવધિજ્ઞાની અસંખ્યાતગુણા ૨, તેથી મતિજ્ઞાની ને શ્રુતજ્ઞાની માંહોમાંહી તુલ્ય ને વિશેષાહિયા ૪, તેથી વિભંગજ્ઞાની અસંખ્યાતગુણા ૫, તેથી કેવળજ્ઞાની અનંતગુણા ૬, તેથી જ્ઞાની વિશેષાહિયા, ૭ તેથી મતિશ્રુતઅજ્ઞાની માંહોમાંહી તુલ્ય ને અનંતગુણા ૯, તેથી અજ્ઞાની વિશેષાહિયા ૧૦.

## ૧૧ દર્શનદ્વાર.

૧ ચક્ષુદર્શનમાં, જીવના ભેદ ૬. ચૌરેંદ્રિય ૧, અસંજ્ઞી

પંચેંદ્રિય ૨, સંજ્ઞીપંચેંદ્રિય ૩, એ ૩ ના અપર્યાપ્તા ને પર્યાપ્તા ગુણઠાણા ૧૨ પ્રથમ, જોગ ૧૪ કાર્મણનો વર્જીને, ઉપયોગ ૧૦ કેવળનાં ૨ વર્જ્યા; લેશ્યા ૬.

૨ અચક્ષુદર્શનીમાં, જીવના ભેદ ૧૪, ગુણઠાણા ૧૨, જોગ ૧૫, ઉપયોગ ૧૦, લેશ્યા ૬.

૩ અવધિદર્શનીમાં, જીવના ભેદ ૨, ગુણઠાણા ૧૨, જોગ ૧૫, ઉપયોગ ૧૦, લેશ્યા ૬.

૪ કેવળદર્શનીમાં જીવનો ભેદ ૧, ગુણઠાણા ૨, તેરમું, ચૌદમું, જોગ ૭, ઉપયોગ ૨, લેશ્યા ૧.

એનો અલ્પબહુત્વ, સર્વથી થોડા અવધિદર્શની ૧, તેથી ચક્ષુદર્શની અસંખ્યાતગુણા ૨, તેથી કેવળદર્શની અનંતગુણા ૩, તેથી અચક્ષુદર્શની અનંતગુણા ૪.

## ૧૨ સંજયદ્વાર.

૧ સંજતિમાં જીવનો ભેદ ૧. સંજ્ઞીનો પર્યાપ્તો, ગુણઠાણા ૯, છઠ્ઠાથી તે ૧૪ મા સુધી, જોગ ૧૫, ઉપયોગ ૯, ૩ અજ્ઞાન વર્જીને, લેશ્યા ૬.

૩ સામાયિક ૧, છેદોપસ્થાપનીય ૨, એ બે ચારિત્રમાં, જીવનો ભેદ ૧ સંજ્ઞીનો પર્યાપ્તો, ગુણઠાણા ૪, છઠ્ઠાથી ૯મા સુધી, જોગ ૧૪, કાર્મણનો વર્જીને, ઉપયોગ ૭; ૪ જ્ઞાન ને ૩ દર્શન, લેશ્યા ૬.

૪ પરિહારવિશુદ્ધ ચારિત્રમાં, જીવનો ભેદ ૧. ગુણઠાણા ૨. છઠ્ઠું ને સાતમું, જોગ ૯, ૪ મનના, ૪ વચનના, ને ૧ ઔદારિકનો, ઉપયોગ ૭, લેશ્યા ૩ ઉપલી.

૫ સૂક્ષ્મસંપરાય ચારિત્રમાં, જીવનો ભેદ ૧. ગુણઠાણું ૧ દશમું, જોગ ૯, ઉપયોગ ૭, (લબ્ધિ અપેક્ષાએ તથા ફકત સાકાર ઉપયોગ હોવાથી ઉપોયગ ૪) લેશ્યા ૧ શુકલ.

૬ યથાખ્યાત ચારિત્રમાં, જીવનો ભેદ ૧, ગુણઠાણા ૪ ઉપલા, જોગ ૧૧, ૪ મનના, ૪ વચનના, ૨ ઔદારિકના ને ૧ કાર્મણનો, ઉપયોગ ૯, ૩ અજ્ઞાન વર્જીને, લેશ્યા ૧.

૭ સંજતાસંજતિમાં, જીવનો ભેદ ૧, ગુણઠાણું ૧ પાંચમું, જોગ ૧૨, આહારકના ૨ ને ૧ કાર્મણનો વર્જીને, ઉપયોગ ૬; ૩ જ્ઞાન ને ૩ દર્શન, લેશ્યા, ૬.

૮ અસંજતિમાં, જીવના ભેદ ૧૪, ગુણઠાણા ૪ પ્રથમ, જોગ ૧૩ આહારકના ૨ વર્જીને, ઉપયોગ ૯; ૩ જ્ઞાન, ૩ અજ્ઞાન, ૩ દર્શન. લેશ્યા ૬.

૯ નો સંજતિ, નો અસંજતિ, નો સંજતાસંજતિમાં, જીવનો ભેદ ૦, ગુણ ૦, જોગ નથી, ઉપયોગ ૨, લેશ્યા નથી.

એનો અલ્પબહુત્વ સર્વથી થોડા સૂક્ષ્મસંપરાય ચારિત્રિયા ૧, તેથી પરિહાર વિશુદ્ધ ચારિત્રિયા સંખેજ્જગુણા ૨, તેથી યથાખ્યાત ચારિત્રિયા સંખેજ્જગુણા ૩, તેથી છેદોપસ્થાપનિય ચારિત્રિયા સંખેજ્જગુણા ૪, તેથી સામાયિક ચારિત્રિયા સંખેજ્જગુણા ૫, તેથી સંજતિ વિશેષાહિયા ૬, તેથી સંજતાસંજતિ અસંખ્યાતગુણા ૭, તેથી નોસંજતિ, નોઅસંજિત, નોસંજતાસંજતિ અનંતગુણા ૮, તેથી અસંજતિ અનંતગુણા ૯

## ૧૩ ઉપયોગ દ્વાર

૧ સાગારોવઉત્તામાં, જીવના ભેદ ૧૪, ગુણઠાણા ૧૪, જોગ ૧૫, ઉપયોગ ૧૨, લેશ્યા ૬.

૨ અણાગારોવઉત્તામાં, જીવના ભેદ ૧૪, ગુણઠાણા ૧૩ દશમું વર્જીને, જોગ ૧૫, ઉપયોગ ૧૨, લેશ્યા ૬.

એનો અલ્પબહુત્વ સર્વથી થોડા અણાગારોવઉત્તા ૧, તેથી સાગારોવઉત્તા સંખેજ્જગુણા ૨,

## ૧૪ આહારદ્વાર

૧ આહારકમાં, જીવના ભેદ ૧૪, ગુણઠાણા ૧૩ પહેલાં જોગ ૧૪, કાર્મણનો વર્જીને, ઉપયોગ ૧૨, લેશ્યા ૬.

૨ અણાહારકમાં જીવના ભેદ ૮ સાત અપર્યાપ્તા ને ૧ સંજ્ઞીનો પર્યાપ્તો, ગુણ૦ ૫ પહેલું, બીજું, ચોથું, તેરમું ને ચૌદમું એ ૫ જોગ ૧ કાર્મણનો ઉપયોગ ૧૦ મનપર્યવજ્ઞાન ૧ ને ચક્ષુદર્શન ૨. એ વર્જીને, લેશ્યા ૬.

એનો અલ્પબહુત્વ સર્વથી થોડા અણાહારક ૧, તેથી આહારક અસંખેજ્જગુણા ૨.

## ૧૫ ભાષગદ્વાર

૧ ભાષગામાં, જીવના ભેદ ૫ બેઈંદ્રિય ૧. તેઈંદ્રિય ૨, ચૌરેંદ્રિય ૩, અસંજ્ઞીપંચેંદ્રિય ૪, સંજ્ઞીપંચેંદ્રિય ૫, એ ૫ ના પર્યાપ્તા, ગુણઠાણા ૧૩ પ્રથમ, જોગ ૧૪ કાર્મણનો વર્જીને, ઉપયોગ ૧૨, લેશ્યા ૬.

૨ અભાષગમાં જીવના ભેદ ૧૦, તે ૧૪ માંથી બેઈંદ્રિય ૧, તેઈંદ્રિય ૨, ચૌરેંદ્રિય ૩, અસંજ્ઞીપંચેંદ્રિય ૪, એ ૪ ના પર્યાપ્તા વજર્યા, ગુણ ૫ તે પહેલું ૧, બીજું ૨ ચોથું ૩, તેરમું ૪, ચૌદમું ૫, જોગ ૫ તે ૨ ઔદારિકના, ૨ વૈક્રિયના ને ૧ કાર્મણ, ઉપયોગ ૧૧ તે મનપર્યવજ્ઞાન નહિ, લેશ્યા ૬.

એનો અલ્પબહુત્વ, સર્વથી થોડા ભાષગા ૧, તેથી અભાષગા અનંતગુણા ૨.

## ૧૬ પરિતદ્વાર

૧ પરિત્તસંસારી★માં જીવના ભેદ ૧૪, ગુણ૦ ૧૪, જોગ ૧૫, ઉપયોગ ૧૨, લેશ્યા ૬.

★ પરિત્તદ્વાર - શુકલ પક્ષી હોય તે જ

૨ અપરિત્તસંસારીમાં, જીવના ભેદ ૧૪, ગુણ૦ ૧ પહેલું, જોગ ૧૩ આહારકના ૨ વર્જીને, ઉપયોગ ૬, અજ્ઞાન ૩, દર્શન ૩, લેશ્યા ૬.

૩ નોપરિત્ત નોઅપરિત્તમાં, જીવના ભેદ ૦, ગુણ૦ ૦, જોગ નથી, ઉપયોગ ૨, લેશ્યા નથી.

એનો અલ્પબહુત્વ, સર્વથી થોડા પરિત્ત ૧, તેથી નોપરિત્ત નોઅપરિત્ત અનંતગુણા ૨, તેથી અપરિત્ત અનંતગુણા ૩.

## ૧૭ પર્યાપ્તાદ્વાર

૧ પર્યાપ્તામાં, જીવના ભેદ ૭, ગુણઠાણા ૧૪, જોગ ૧૫, ઉપયોગ ૧૨, લેશ્યા ૬.

૨ અપર્યાપ્તામાં જીવના ભેદ ૭, ગુણ૦ ૩ તે પહેલું બીજું ને ચોથું, જોગ ૫ તે ૨ ઔદારિકના, ૨ વૈક્રિયના ને ૧ કાર્મણનો, ઉપ૦ ૯; ૩ જ્ઞાન, ૩ અજ્ઞાન, ૩ દર્શન, એવં ૯, લેશ્યા ૬.

૩ નોપર્યાપ્તા નોઅપર્યાપ્તામાં, જીવના ભેદ૦, ગુણ૦ ૦; જોગ નથી, ઉપ૦ ૨, લેશ્યા નથી.

એનો અલ્પબહુત્વ, સર્વથી થોડા નોપર્યાપ્તા નોઅપર્યાપ્તા ૧, તેથી અપર્યાપ્તા અનંતગુણા ૨, તેથી પર્યાપ્તા સંખેજ્જગુણા ૩.

## ૧૮ સૂક્ષ્મદ્વાર.

૧ સૂક્ષ્મમાં, જીવના ભેદ ૨, સૂક્ષ્મ એકેંદ્રિયનો અપર્યાપ્તો ૧ ને પર્યાપ્તો ૨, ગુણ૦ ૧ પ્રથમ, જોગ ૩; બે ઔદારિક્નાં, ૧ કાર્મણનો ઉપ૦ ૩, બે અજ્ઞાન ને ૧ અચક્ષુદર્શન. લેશ્યા ૩.

૨ બાદરમાં, જીવના ભેદ ૧૨ તે ૨ સૂક્ષ્મના વર્જ્યા, ગુણ૦ ૧૪, જોગ ૧૫, ઉપયોગ ૧૨, લેશ્યા ૬.

૩ નો સૂક્ષ્મ, નો બાદરમાં, જીવના ભેદ ૦, ગુણ૦ ૦,

જોગ નથી, ઉપયોગ ૨, લેશ્યા નથી.

એનો અલ્પબહુત્વ, સર્વથી થોડા નોસૂક્ષ્મ નોબાદર ૧, તેથી બાદર અનંતગુણા ૨, તેથી સૂક્ષ્મ અસંખેજ્જગુણા ૩.

## ૧૯ સંજ્ઞીદ્વાર.

૧ સંજ્ઞીમાં, જીવના ભેદ, ૨, ગુણઠાણા ૧૨ પહેલાં. જોગ ૧૫, ઉપયોગ ૧૦ કેવળના ૨ વર્જ્યા, લેશ્યા ૬.

૨ અસંજ્ઞીમાં, જીવના ભેદ ૧૨ તે ૨ સંજ્ઞીના વર્જ્યા, ગુણ૦ ૨ પ્રથમ, જોગ ૬; ૨ ઔદારિકના ૨ વૈક્રિયના, ૧ કાર્મણનો, ૧ વ્યવહાર વચનનો એવં ૬, ઉપયોગ ૬, ૨ જ્ઞાન; ૨ અજ્ઞાન ૨ દર્શન ૬, લેશ્યા ૪ પ્રથમ.

૩ નોસંજ્ઞી નોઅસંજ્ઞીમાં, જીવનો ભેદ ૧ સંજ્ઞીનો પર્યાપ્તો, ગુ૦ ૨ તેરમું; ચૌદમું, જોગ ૭, ઉપ૦ ૨, લેશ્યા ૧ પરમ શુક્લ.

એનો અલ્પબહુત્વ સર્વથી થોડા સંજ્ઞી ૧, તેથી નોસંજ્ઞી નોઅસંજ્ઞી અનંતગુણા ૨, તેથી અસંજ્ઞી અનંતગુણા ૩.

## ૨૦ ભવ્યઅભવ્ય દ્વાર.

૧ ભવ્યમાં, જીવના ભેદ ૧૪, ગુણઠાણા૦ ૧૪; જોગ ૧૫, ઉપયોગ ૧૨, લેશ્યા ૬.

૨ અભવ્યમાં જીવના ભેદ ૧૪, ગુણ૦ ૧ પ્રથમ, જોગ ૧૩, આહારકના ૨ વર્જીને ઉપયોગ ૬, લેશ્યા ૬.

૩ નોભવ્ય નોઅભવ્યમાં, જીવના ભેદ ૦, ગુણ૦ ૦, જોગ ૦ નથી. ઉપયોગ ૨, લેશ્યા નથી.

એનો અલ્પબહુત્વ, સર્વથી થોડા અભવ્ય ૧, તેથી નોભવ્ય નોઅભવ્ય અનંતગુણા ૨ તેથી ભવ્ય અનંતગુણા ૩.

## ૨૧ ચરમદ્વાર.

૧ ચરમમાં, જીવના ભેદ ૧૪, ગુણઠાણા ૧૪, જોગ ૧૫, ઉપયોગ, ૧૨ લેશ્યા ૬.

૨ અચરમમાં, જીવના ભેદ ૧૪, ગુણ૦ ૧ પ્રથમ, જોગ ૧૩ આહારકના ૨ વર્જીને, ઉપયોગ ૮ ત્રણ અજ્ઞાન ત્રણ દર્શન (અભવ્યને) તથા કેવળજ્ઞાન કેવળદર્શન (સિદ્ધને), લેશ્યા ૬.

એનો અલ્પબહુત્વ; સર્વથી થોડા * અચરમ ૧, તેથી ચરમ અનંતગુણા ૨.

★૧ સમુચ્ચય કેવલીમાં, જીવના ભેદ ૨ સંજ્ઞીના, ગુ૦ ૧૧ ઉપલા, જોગ ૧૫, ઉપયોગ ૯; ૩ અજ્ઞાન વર્જીને, લેશ્યા ૬.

૨ વીતરાગીમાં; જીવનો ભેદ ૧, ગુ૦ ૪, તે અગિયારમાંથી ચૌદમા સુધી, જોગ ૧૧, ઉપયોગ ૯, લેશ્યા ૧.

૩ જુગલિયામાં, જીવના ભેદ ૨/૩ સંજ્ઞીના, ગુ૦ ૨ પહેલું, ને ચોથું, જોગ ૧૧ તે ૪ મનના, ૪ વચનના, ૨ ઔદારિકના ને ૧ કાર્મણનો એવં ૧૧, ઉપયોગ ૬; બે જ્ઞાન, બે અજ્ઞાન, ૨ દર્શન એવં ૬, લેશ્યા ૪ પ્રથમ.

૪ અસંજ્ઞી તિર્યંચ પંચેંદ્રિયમાં, જીવના ભેદ ૨, ગુ૦ ૨ પ્રથમ, જોગ ૪ તે ૨ ઔદારિકના, ૧ કાર્મણનો ને ૧ વ્યવહાર વચનનો એવં ૪, ઉપયોગ ૬; ૨ જ્ઞાન, ૨ અજ્ઞાન ૨ દર્શન, લેશ્યા ૩ પ્રથમ.

૫ સમુર્ચ્છિમ મનુષ્યમાં, જીવનો ભેદ ૧ ગુ૦ ૧ પહેલું, જોગ ૩ તે ૨ ઔદારિકના ને ૧ કાર્મણનો, ઉપયોગ ૪; ૨ અજ્ઞાન ને ૨ દર્શન, લેશ્યા ૩.

* અચરમ એટલે જેનો છેડો નહીં તે. અભવી તથા સિદ્ધ ભગવંતને અચરમ જાણવા. ચરમ એટલે જેનો છેડો આવી શકે તે. ભવ્ય જીવો.

★ સમકિત પ્રવર્તતું હોય તેવાં જીવો જે ભવિષ્યમાં કેવળી થશે. પરંતુ પડિવાઈ સમ્યક્ત્વ દૃષ્ટિ નહીં. ૪થી ૧૪મા ગુણસ્થાનવર્તી જીવો.

એનો અલ્પબહુત્વ, સર્વથી થોડા જુગલિયા ૧, તેથી સમુર્ચ્છિમ મનુષ્ય અસંખેજ્જગુણા ૨, તેથી અસંજ્ઞી તિર્યંચપંચેન્દ્રિય. અસંખેજ્જગુણા ૩, તેથી વીતરાગી અનંતગુણા ૪, તેથી સમુચ્ચય કેવળી વિશેષાહિયા ૫.

૧ ઔદારિક શરીરમાં, જીવના ભેદ ૧૪, ગુણ૦ ૧૪, જોગ ૧૫, ઉપયોગ ૧૨, લેશ્યા ૬.

૨ વૈક્રિય શરીરમાં, જીવના ભેદ ૪; ૨ સંજ્ઞીના ને ૧ અસંજ્ઞીનો * અપર્યાપ્તો અને ૧ બાદર વાઉકાયનો પર્યાપ્તો એવં ૪, ગુણ૦ ૭ પ્રથમ, જોગ ૧૨; ૨ આહારકના ને ૧ કાર્મણનો એ ૩ વર્જ્યા, ઉપયોગ ૧૦ તે ૨ કેવળના વર્જ્યા, લેશ્યા, ૬.

૩ આહારક શરીરમાં, જીવનો ભેદ ૧ સંજ્ઞીનો પર્યાપ્તો ગુ૦ ૨, છઠ્ઠું ને સાતમું જોગ ૧૨; ૨ વૈક્રિયના ને કાર્મણનો એ ૩ વર્જ્યા, ઉપ૦ ૭; ૪ જ્ઞાન ને ૩ દર્શન, લેશ્યા ૬.

૫ તેજસ, કાર્મણ શરીરમાં, જીવના ભેદ ૧૪, ગુણઠાણા ૧૪, જોગ ૧૫, ઉપયોગ ૧૨, લેશ્યા ૬.

એનો અલ્પબહુત્વ સર્વથી થોડા આહારક શરીર ૧, તેથી વૈક્રિય શરીર અસંખ્યાતગુણા ૨, તેથી ઔદારિક શરીર અસંખ્યાતગુણા ૩, તેથી તેજસ કાર્મણ શરીર માંહોમાંહી તુલ્ય ને અનંતગુણા ૫.

**ઇતિ મહોટો બાસઠીઓ સમાપ્ત**

---

* અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય મરીને પહેલી નરકે તથા ૫૧ જાતના દેવતામાં ઉપજે છે ત્યાં અપર્યાપ્તાવસ્થામાં અસંજ્ઞી જ હોય છે. એ અપેક્ષાએ વૈક્રિય શરીરમાં અસંજ્ઞીના અપર્યાપ્તાનો ભેદ ગણેલ છે.

## (૧૮) બાવન બોલ

### પહેલો દ્વાર - સમુચ્ચય જીવનો

૧ સમુચ્ચય જીવમાં - ભાવ ૫, ઉદય, ઉપશમ, ક્ષાયક, ક્ષયોપશમ, પારિણામિક આત્મા ૮. લબ્ધિ ૫. વીર્ય ૩.★ દષ્ટિ ૩. ભવ્ય અભવ્ય ૨, દંડક ૨૪. પક્ષ ૨.+

### બીજા ગતિદ્વારના ૮ ભેદ.

૧ નારકીમાં - ભાવ ૫, આત્મા ૭ ચારિત્ર વર્જીને, લબ્ધિ ૫. વીર્ય ૧ બાલવીર્ય; દષ્ટિ ૩, ભવ્ય અભવ્ય ૨, દંડક ૧ નારકીનો. પક્ષ ૨.

૨ તિર્યંચમાં - ભાવ ૫, આત્મા ૭ (ચારિત્ર વર્જીને), લબ્ધિ ૫, વીર્ય ૨ બાલવીર્ય ને બાલપંડિત વીર્ય, દષ્ટિ ૩, ભવ્ય અભવ્ય ૨, દંડક ૯-પાંચ સ્થાવર, ત્રણ વિગલેંદ્રિય એક તિર્યંચ પંચેંદ્રિય. પક્ષ ૨.

૩ તિર્યંચાણીમાં - ભાવ ૫, આત્મા, ૭, ઉપર મુજબ લબ્ધિ ૫, વીર્ય ૨, દૃષ્ટિ ૩, ભવ્ય અભવ્ય ૨, દંડક ૧, પક્ષ ૨.

૪ મનુષ્યમાં-ભાવ ૫, આત્મા, ૮, લબ્ધિ ૫, વીર્ય ૩, દષ્ટિ ૩, ભવ્ય અભવ્ય ૨, દંડક ૧ મનુષ્યનો. પક્ષ ૨.

૫ મનુષ્યાણીમાં - ભાવ ૫, આત્મા ૮, લબ્ધિ ૫, વીર્ય ૩, દષ્ટિ ૩, ભવ્ય અભવ્ય ૨, દંડક ૧, પક્ષ ૨.

૬ દેવતામાં - ભાવ ૫, આત્મા ૭, ચારિત્ર વર્જીને, લબ્ધિ ૫, વીર્ય ૧ બાલવીર્ય, દષ્ટિ ૩, ભવ્ય અભવ્ય ૨, દંડક ૧૩ દેવતાના, પક્ષ ૨.

૭ દેવાંગનામાં - ભાવ ૫, આત્મા ૭, લબ્ધિ ૫, વીર્ય ૧ બાલવીર્ય, દૃષ્ટિ ૩, ભવ્ય અભવ્ય ૨, દંડક ૧૩ દેવતાના, પક્ષ ૨.

★ વીર્ય - બાલવીર્ય (૧ થી ૪ ગુણ.), બાલપંડિત વીર્ય (૫ મું ગુણ.) પંડિત વીર્ય (૬ થી ૧૪ ગુણ.)

+ પક્ષ ૨ - શુકલપક્ષી, કૃષ્ણપક્ષી.

૮. સિદ્ધગતિમાં-ભાવ ૨ ક્ષાયક, પારિણામીક, આત્મા ૪ દ્રવ્ય, જ્ઞાન, દર્શન, ઉપયોગ; લબ્ધિ નથી, વીર્ય નથી, દૃષ્ટિ ૧ સમકિત દૃષ્ટિ, ભવ્ય અભવ્ય નહીં, દંડક નથી. પક્ષ નથી.

**ત્રીજા ઈંદ્રિય દ્વારના ભેદ ૭**

૧ સંઈંદ્રિયમાં - ભાવ ૫, આત્મા ૮, લબ્ધિ ૫, વીર્ય ૩, દૃષ્ટિ ૩, ભવ્ય અભવ્ય ૨, દંડક ૨૪, પક્ષ ૨.

૨ એકેંદ્રિયમાં - ભાવ ૩ - ઉદય, ક્ષયોપશમ, પારિણામિક આત્મા ૬ (જ્ઞાન ને ચારિત્ર વર્જીને), *લબ્ધિ ૫, વીર્ય ૧ બાલવીર્ય, દૃષ્ટિ ૧ મિથ્યાત્વ દૃષ્ટિ, ભવ્ય અભવ્ય ૨, દંડક ૫, પક્ષ ૨.

૩ બેઈંદ્રિયમાં - ભાવ ૩ ઉપર મુજબ, આત્મા ૭ ચારિત્ર વર્જીને, લબ્ધિ ૫, વીર્ય ૧ ઉપર પ્રમાણે. દૃષ્ટિ ૨ સમકિત દૃષ્ટિ ને મિથ્યાત્વ દૃષ્ટિ, ભવ્ય અભવ્ય ૨, દંડક ૧ પોતાનો, પક્ષ ૨.

૪ તેઈન્દ્રિયમાં-ભાવ ૩, આત્મા ૭, લબ્ધિ ૫, વીર્ય ૧, દૃષ્ટિ ૨, ભવ્ય અભવ્ય ૨, દંડક ૧ પોતાનો, પક્ષ ૨.

૫ ચૌરેન્દ્રિયમાં - ભાવ ૩,આત્મા ૭, લબ્ધિ ૫, વીર્ય ૧, દૃષ્ટિ ૨, ભવ્ય અભવ્ય ૨, દંડક ૧ પોતાનો, પક્ષ ૨.

૬ પંચેંદ્રિયમાં - ભાવ ૫, આત્મા ૮, લબ્ધિ ૫, વીર્ય ૩, દૃષ્ટિ ૩, ભવ્ય અભવ્ય ૨, દંડક ૧૬, (૧૩ દેવતાના ૧ નારકીનો ૧ મનુષ્યનો ૧ તિર્યંચનો એવં ૧૬), પક્ષ ૨.

૭ અનિંદ્રિયમાં - ભાવ ૩ - ઉદય, ક્ષાયક, પારિણામિક, આત્મા ૭ (કષાય વર્જીને), લબ્ધિ ૫, વીર્ય-પંડિતવીર્ય, દૃષ્ટિ ૧ સમકિત દૃષ્ટિ, ભવ્ય ૧, દંડક ૧ મનુષ્યનો, પક્ષ ૧ શુકલ.

* લબ્ધિ ૫ : (૧) ક્ષયોપશમ (૨) વિશુદ્ધ (૩) દેશના (૪) પ્રકરણ (૫) પ્રયોગ.

### ચોથો દ્વાર - સકાયના ભેદ ૮.

૧ સકાયમાં - ભાવ ૫, આત્મા ૮, લબ્ધિ ૫, વીર્ય ૩, દૃષ્ટિ ૩, ભવ્ય અભવ્ય ૨, દંડક ૨૪, પક્ષ ૨.

૨ પૃથ્વીકાયમાં, ૩ અપકાયમાં, ૪ તેઉકાયમાં, ૫ વાઉકાયમાં તથા ૬ વનસ્પતિકાયમાં - ભાવ ૩ - ઉદય, ક્ષયોપશમ, પારિણામિક; આત્મા ૬, (જ્ઞાન ને ચારિત્ર વર્જીને) લબ્ધિ ૫, વીર્ય ૧, દૃષ્ટિ ૧, ભવ્ય અભવ્ય ૨, દંડક ૧ પોતપોતાનો, પક્ષ ૨.

૭ ત્રસકાયમાં - ભાવ ૫, આત્મા ૮, લબ્ધિ ૫, વીર્ય ૩, દૃષ્ટિ ૩, ભવ્ય અભવ્ય ૨, દંડક ૧૯ (પાંચ એકેંદ્રિયનાં વર્જીને), પક્ષ ૨.

૮ અકાયમાં - ભાવ ૨, આત્મા ૪, લબ્ધિ નથી, વીર્ય નથી, દૃષ્ટિ ૧, નોભવી નોઅભવી, દંડક નથી, પક્ષ નથી.

### પાંચમો સજોગી દ્વાર-ભેદ ૫.

૧ સજોગીમાં - ભાવ ૫, આત્મા ૮, લબ્ધિ ૫, વીર્ય ૩, દૃષ્ટિ ૩, ભવ્ય અભવ્ય ૨, દંડક ૨૪, પક્ષ ૨.

૨ મનજોગીમાં - ભાવ ૫, આત્મા ૮, લબ્ધિ ૫, વીર્ય ૩, દૃષ્ટિ ૩, ભવ્ય અભવ્ય ૨, દંડક ૧૬ (પાંચ સ્થાવર ને ત્રણ વિકલેંદ્રિય વર્જીને), પક્ષ ૨.

૩ વચનજોગીમાં - ભાવ ૫, આત્મા ૮, લબ્ધિ ૫, વીર્ય ૩, દૃષ્ટિ ૩, ભવ્ય અભવ્ય ૨, દંડક ૧૯ (પાંચ સ્થાવર વર્જીને), પક્ષ ૨.

૪ કાયજોગીમાં - ભાવ ૫, આત્મા ૮, લબ્ધિ ૫, વીર્ય ૩, દૃષ્ટિ ૩, ભવ્ય અભવ્ય ૨, દંડક ૨૪, પક્ષ ૨.

૫ અજોગીમાં - ભાવ ૩ ઉદય, ક્ષાયક, પારિણામિક, આત્મા ૬, (કષાય, જોગ વર્જીને), લબ્ધિ ૫, વીર્ય ૧, પંડિત વીર્ય, દૃષ્ટિ ૧ સમકિત દૃષ્ટિ, ભવ્ય ૧, દંડક ૧ મનુષ્યનો, પક્ષ ૧ શુકલ.

છઠ્ઠો દ્વાર - સવેદના ૫ ભેદ.

૧ સવેદમાં - ભાવ ૫, આત્મા ૮, લબ્ધિ ૫, વીર્ય ૩, દૃષ્ટિ ૩, ભવ્ય અભવ્ય ૨, દંડક ૨૪, પક્ષ ૨.

૨ સ્ત્રીવેદમાં, ૩ પુરૂષવેદમાં - ભાવ ૫, આત્મા ૮, લબ્ધિ ૫, વીર્ય ૩, દૃષ્ટિ ૩, ભવ્ય અભવ્ય ૨, દંડક ૧૫, પક્ષ ૨,

૪ નપુંસકવેદમાં - ભાવ ૫, આત્મા ૮, લબ્ધિ ૫, વીર્ય ૩, દૃષ્ટિ ૩, ભવ્ય અભવ્ય ૨, દંડક ૧૧, (દેવતાના ૧૩ વર્જીને) પક્ષ ૨.

૫ અવેદમાં - ભાવ ૫, આત્મા ૮, લબ્ધિ ૫, વીર્ય ૧, દૃષ્ટિ ૧, ભવી ૧, દંડક ૧ મનુષ્યનો, પક્ષ ૧ શુકલ.

સાતમો દ્વાર - કષાયના ભેદ ૬.

૧ સકષાયમાં - ભાવ ૫, આત્મા ૮, લબ્ધિ ૫, વીર્ય ૩, દૃષ્ટિ ૩, ભવ્ય અભવ્ય ૨, દંડક ૨૪ પક્ષ ૨.

૨ ક્રોધકષાયમાં, ૩ માનકષાયમાં, ૪ માયા કષાયમાં, ૫ લોભકષાયમાં - ભાવ ૫, આત્મા ૮, લબ્ધિ ૫, વીર્ય ૩, દૃષ્ટિ ૩, ભવ્ય અભવ્ય ૨, દંડક ૨૪, પક્ષ ૨.

૬ અકષાયમાં - ભાવ ૫, આત્મા ૭, લબ્ધિ ૫, વીર્ય ૧, દૃષ્ટિ ૧ સમકિત, ભવ્ય ૧, દંડક ૧ મનુષ્ય, પક્ષ ૧ શુકલ.

આઠમો દ્વાર - સલેશીના ભેદ ૮.

૧ સલેશીમાં - ભાવ ૫, આત્મા ૮, લબ્ધિ ૫, વીર્ય ૩, દૃષ્ટિ ૩, ભવ્ય અભવ્ય ૨, દંડક ૨૪, પક્ષ ૨.

૨ કૃષ્ણલેશ્યામાં, ૩. નીલલેશ્યામાં, ૪ કાપોતલેશ્યામાં, - ભાવ ૫, આત્મા ૮, લબ્ધિ ૫, વીર્ય ૩, દૃષ્ટિ ૩, ભવ્ય અભવ્ય ૨, દંડક ૨૨ (જ્યોતિષી, વૈમાનિક વર્જીને), પક્ષ ૨.

૫ તેજોલેશ્યામાં - ભાવ ૫, આત્મા ૮, લબ્ધિ ૫, વીર્ય ૩, દૃષ્ટિ ૩, ભવ્ય અભવ્ય ૨, દંડક ૧૮-૧૩ દેવના, ૧ મનુષ્યનો, ૧ તીર્યંચ પંચેંદ્રિયનો, ૩ પૃથ્વી, પાણી, વનસ્પતિ. એવં ૧૮, પક્ષ ૨.

૬ પદ્મલેશ્યામાં, ૭ શુકલલેશ્યામાં - ભાવ ૫, આત્મા ૮, લબ્ધિ ૫, વીર્ય ૩, દૃષ્ટિ ૩, ભવ્ય અભવ્ય ૨, દંડક ૩, વૈમાનિક, મનુષ્ય ને તિર્યંચ પંચેન્દ્રિય, પક્ષ ૨.

૮ અલેશીમાં - ભાવ ૩, આત્મા ૬, લબ્ધિ ૫, વીર્ય ૧, પંડિત વીર્ય, દૃષ્ટિ ૧ સમકિત, ભવ્ય ૧, દંડક ૧ મનુષ્યનો, પક્ષ ૧ શુકલ.

### નવમો દ્વાર - સમકિતના ભેદ ૭.

૧ સમદૃષ્ટિમાં - ભાવ ૫, આત્મા ૮ , લબ્ધિ ૫, વીર્ય ૩, દૃષ્ટિ ૧ સમકિત, ભવ્ય ૧, દંડક ૧૯ (પાંચ એકેંદ્રિયના દંડક વર્જીને), પક્ષ ૧ શુકલ.

૨ સાસ્વાદાન સમદૃષ્ટિમાં - ભાવ ૩ (ઉદય, ક્ષયોપશમ, પારિણામિક), આત્મા ૭, લબ્ધિ ૫, વીર્ય ૧ બાલવીર્ય, દૃષ્ટિ ૧ સમકિત, ભવ્ય ૧, દંડક ૧૯ (પાંચ સ્થાવર વર્જીને), પક્ષ ૧ શુકલ.

૩ ઉપશમ સમદૃષ્ટિમાં - ભાવ ૪ (ક્ષાયક વર્જીને), આત્મા

૮, લબ્ધિ ૫, વીર્ય ૩, દૃષ્ટિ ૧, ભવ્ય ૧, દંડક ૧૬ (પાંચ સ્થાવર, ત્રણ વિગલેંદ્રિય વર્જીને), પક્ષ ૧, શુકલ.

૪ વેદક સમદૃષ્ટિમાં - ભાવ ૩, આત્મા ૮, લબ્ધિ ૫, વીર્ય ૩, દૃષ્ટિ ૧ સમકિત, ભવ્ય ૧, દંડક ૧૬ ઉપર પ્રમાણે, પક્ષ ૧ શુકલ.

૫ ક્ષાયક સમદૃષ્ટિમાં - ભાવ ૪ ઉપશમ વર્જીને, આત્મા ૮, લબ્ધિ ૫, વીર્ય ૩, દૃષ્ટિ ૧, ભવ્ય ૧, દંડક ૧૬, પક્ષ ૧ શુકલ.

૬ મિથ્યાત્વ દૃષ્ટિમાં - ભાવ ૩, આત્મા ૬, લબ્ધિ ૫, વીર્ય ૧, દૃષ્ટિ ૧, ભવ્ય અભવ્ય ૨, દંડક ૨૪, પક્ષ ૨.

૭ સમમિથ્યાત્વ દૃષ્ટિમાં - ભાવ ૩, આત્મા ૬, લબ્ધિ ૫, વીર્ય ૧, બાલવીર્ય, દૃષ્ટિ ૧, ભવ્ય ૧, દંડક ૧૬, પક્ષ ૧ શુકલ.

**દશમો દ્વાર - સમુચ્ચયજ્ઞાન દ્વારના ભેદ ૧૦.**

૧ સમુચ્ચય જ્ઞાનમાં - ભાવ ૫, આત્મા ૮, લબ્ધિ ૫, વીર્ય ૩, દૃષ્ટિ ૧, ભવ્ય ૧, દંડક ૧૯, પક્ષ ૧ શુકલ.

૨ મતિ જ્ઞાનમાં, ૩ શ્રુતજ્ઞાનમાં-ભાવ ૫, આત્મા ૮, લબ્ધિ ૫, વીર્ય ૫, દૃષ્ટિ ૧, ભવ્ય ૧, દંડક ૧૯, પક્ષ ૧, શુકલ.

૪ અવધિ જ્ઞાનમાં - ભાવ ૫, આત્મા ૮, લબ્ધિ ૫, વીર્ય ૩, દૃષ્ટિ ૧, ભવ્ય ૧, દંડક ૧૬, પક્ષ ૧ શુકલ.

૫ મનઃપર્યવ જ્ઞાનમાં-ભાવ ૫, આત્મા ૮, લબ્ધિ ૫. વીર્ય ૧, દૃષ્ટિ ૧, ભવ્ય ૧, દંડક ૧, મનુષ્યનો, પક્ષ ૧, શુકલ.

૬ કેવલ જ્ઞાનમાં - ભાવ ૩ - ઉદય, ક્ષાયક, પારિણામિક,

આત્મા ૭ (કષાય વર્જીને), લબ્ધિ ૫, વીર્ય ૧, દૃષ્ટિ ૧, ભવ્ય ૧, દંડક ૧, પક્ષ ૧.

૭ સમુચ્ચય અજ્ઞાન, ૮ મતિ અજ્ઞાન, ૯ શ્રુત અજ્ઞાન એ ત્રણમાં - ભાવ ૩, આત્મા ૬, લબ્ધિ ૫, વીર્ય ૧ બાલવીર્ય, દૃષ્ટિ ૧ મિથ્યાત્વ દૃષ્ટિ અને મિશ્રદ્રષ્ટિ (ભવ્ય), ભવ્ય અભવ્ય ૨, દંડક ૨૪, પક્ષ ૨.

૧૦. વિભંગ જ્ઞાનમાં - ભાવ ૩ - ઉદય, ક્ષયોપશમ, પારિણામિક, આત્મા ૬ (જ્ઞાન, ચારિત્ર વર્જીને), લબ્ધિ ૫, વીર્ય ૧ બાલવીર્ય, દૃષ્ટિ ૧ મિથ્યાત્વ. અને ૨ મિશ્ર (ભવ્ય) ભવ્ય, અભવ્ય ૨, દંડક ૧૬ પાંચ સ્થાવર ને ત્રણ વિગલેંદ્રિય વર્જીને, પક્ષ ૨.

### અગ્યારમો દ્વાર - દર્શન દ્વારના ભેદ ૪.

૧ ચક્ષુદર્શનમાં ભાવ ૫, આત્મા ૮, લબ્ધિ ૫, વીર્ય ૩, દૃષ્ટિ ૩, ભવ્ય અભવ્ય ૨, દંડક ૧૭, પક્ષ ૨.

૨ અચક્ષુ દર્શનમાં - ભાવ ૫, આત્મા ૮, લબ્ધિ ૫, વીર્ય ૩, દૃષ્ટિ ૩, ભવ્ય અભવ્ય ૨, દંડક ૨૪, પક્ષ ૨.

૩ અવધિ દર્શનમાં - ભાવ ૫, આત્મા ૮, લબ્ધિ ૫, વીર્ય ૩, દૃષ્ટિ ૩, ભવ્ય અભવ્ય ૨, દંડક ૧૬, પક્ષ ૨.

૪ કેવળ દર્શનમાં - ભાવ ૩, આત્મા ૭ (કષાય વર્જીને), લબ્ધિ ૫, વીર્ય ૧ પંડિત, દૃષ્ટિ ૧ સમકિત, ભવ્ય ૧, દંડક ૧ મનુષ્યનો, પક્ષ ૧ શુકલ.

### બારમો દ્વાર - સમુચ્ચય સંયતિના ભેદ ૯.

૧ સંયતિમાં - ભાવ ૫, આત્મા ૮, લબ્ધિ ૫, વીર્ય ૧ પંડિત, દૃષ્ટિ ૧ સમકિત, ભવ્ય ૧, દંડક ૧, પક્ષ ૧ શુકલ.

૨ સામાયિક ચારિત્રમાં, ૩ છેદોપસ્થાપનિકમાં ૪ પરિહાર વિશુધ્ધ ચારિત્રમાં, ૫ સૂક્ષ્મ સંપ. ચારિત્રમાં - ભાવ ૫, આત્મા ૮, લબ્ધિ ૫, વીર્ય ૧ પંડિત, દષ્ટિ ૧ સમકિત, ભવ્ય ૧, દંડક ૧, પક્ષ ૧ શુકલ.

૬ યથાખ્યાત ચારિત્રમાં - ભાવ ૫, આત્મા ૭ (કષાય વર્જીને), લબ્ધિ ૫, વીર્ય ૧, દષ્ટિ ૧, ભવ્ય ૧, દંડક ૧, પક્ષ ૧.

૭ અસંયતિમાં - ભાવ ૫, આત્મા ૭ (ચારિત્ર વર્જીને) લબ્ધિ ૫, વીર્ય ૧ બાળવીર્ય, દષ્ટિ ૩, ભવ્ય અભવ્ય ૨, દંડક ૨૪, પક્ષ ૨.

૮ સંયતાસંયતિમાં - ભાવ ૫, આત્મા ૭ (ચારિત્ર વર્જીને) લબ્ધિ ૫, વીર્ય ૧ બાળપંડિત, દષ્ટિ ૧ સમકિત, ભવ્ય ૧, દંડક ૨, પક્ષ ૧ શુકલ.

૯ નો સંયતિ નોઅસંયતિ નોસંયતાસંયતિમાં - ભાવ ૨ ક્ષાયક, પારિણામિક, આત્મા ૪, લબ્ધિ નથી, વીર્ય નથી, દષ્ટિ ૧ સમકિત, નોભવ્ય નોઅભવ્ય, દંડક નથી, પક્ષ નથી.

### તેરમો દ્વાર - ઉપયોગ દ્વારના ભેદ ૨.

૧ સાકાર ઉપયોગમાં - ભાવ ૫, આત્મા ૮, લબ્ધિ ૫, વીર્ય ૩, દષ્ટિ ૩, ભવ્ય અભવ્ય ૨, દંડક ૨૪, પક્ષ ૨.

૨ અનાકાર ઉપયોગમાં - ભાવ ૫, આત્મા ૮, લબ્ધિ ૫, વીર્ય ૩, દષ્ટિ ૩, ભવ્ય અભવ્ય ૨, દંડક ૨૪, પક્ષ ૨.

### ચૌદમો દ્વાર - આહારકના ૨ ભેદ.

૧ આહારકમાં - ભાવ ૫, આત્મા ૮, લબ્ધિ ૫, વીર્ય ૩, દષ્ટિ ૩, ભવ્ય અભવ્ય ૨, દંડક ૨૪, પક્ષ, ૨.

૨ અનાહારકમાં - ભાવ ૫, આત્મા ૮, લબ્ધિ ૫, વીર્ય ૨

બાળ અને પંડિત, દ્રષ્ટિ ૨, ભવ્ય અભવ્ય ૨, દંડક ૨૪, પક્ષ ૨.

### પંદરમો દ્વાર - ભાષકદ્વારના ભેદ ૨.

૧ ભાષકમાં - ભાવ ૫, આત્મા ૮, લબ્ધિ ૫, વીર્ય ૩, દ્રષ્ટિ ૩, ભવ્ય અભવ્ય ૨, દંડક ૧૯, પક્ષ ૨.

૨ અભાષકમાં - ભાવ ૫, આત્મા ૮, લબ્ધિ ૫, વીર્ય ૩, દ્રષ્ટિ ૨, ભવ્ય અભવ્ય ૨, દંડક ૨૪, પક્ષ ૨.

### સોળમો દ્વાર - પરિતદ્વારના ભેદ ૩.

૧ પરિતમાં - ભાવ ૫, આત્મા ૮, લબ્ધિ ૫, વીર્ય ૩, દ્રષ્ટિ ૩, ભવ્ય ૧, દંડક ૨૪, પક્ષ ૧ શુકલ.

૨ અપરિતમાં - ભાવ ૩, આત્મા ૬ (જ્ઞાન, ચારિત્ર વર્જીને), લબ્ધિ ૫, વીર્ય ૧, દ્રષ્ટિ ૧, ભવ્ય અભવ્ય ૨, દંડક ૨૪, પક્ષ ૧ કૃષ્ણ.

૩ નોપરિત નોઅપરિતમાં - ભાવ ૨, આત્મા ૪, લબ્ધિ નથી, વીર્ય નથી, દ્રષ્ટિ ૧ સમકિત, નોભવી નોઅભવી, દંડક નથી, પક્ષ નથી.

### સત્તરમો દ્વાર - પર્યાપ્તદ્વારના ભેદ ૩.

૧ પર્યાપ્તમાં - ભાવ ૫, આત્મા ૮, લબ્ધિ ૫, વીર્ય ૩, દ્રષ્ટિ ૩, ભવ્ય અભવ્ય ૨, દંડક ૨૪, પક્ષ ૨.

૨ અપર્યાપ્તમાં - ભાવ ૫, આત્મા ૭ (ચારિત્ર વર્જીને), લબ્ધિ ૫, વીર્ય ૧ બાળવીર્ય, દ્રષ્ટિ ૨, ભવ્ય અભવ્ય ૨, દંડક ૨૪, પક્ષ ૨.

૩ નોપર્યાપ્ત નોઅપર્યાપ્તમાં - ભાવ ૨ ક્ષાયક ને પારિણામિક, આત્મા ૪, લબ્ધિ નથી, વીર્ય નથી, દ્રષ્ટિ ૧ સમકિત દ્રષ્ટિ; નોભવ્ય નોઅભવ્ય, દંડક નથી, પક્ષ નથી.

### અઢારમો દ્વાર - સૂક્ષ્મદ્વારના ભેદ ૩.

૧ સૂક્ષ્મમાં - ભાવ ૩, આત્મા ૬, લબ્ધિ ૫, વીર્ય ૧ બાળ વીર્ય, દષ્ટિ ૧ મિથ્યાત્વ, ભવ્ય અભવ્ય ૨, દંડક ૫ (પાંચ સ્થાવરના), પક્ષ ૨.

૨ બાદરમાં - ભાવ ૫, આત્મા ૮, લબ્ધિ ૫, વીર્ય ૩, દષ્ટિ ૩, ભવ્ય અભવ્ય ૨, દંડક ૨૪, પક્ષ ૨.

૩ નોસૂક્ષ્મ નોબાદરમાં - ભાવ ૨, આત્મા ૪; લબ્ધિ નથી, વીર્ય નથી, દ્રષ્ટિ ૧, નો ભવ્ય નોઅભવ્ય, દંડક નથી, પક્ષ નથી.

### ઓગણીશમો દ્વાર - સંજ્ઞી દ્વારના ભેદ ૩.

૧ સંજ્ઞીમાં - ભાવ ૫, આત્મા ૮, લબ્ધિ ૫, વીર્ય ૩, દષ્ટિ ૩, ભવ્ય અભવ્ય ૨, દંડક ૧૬ (પાંચ સ્થાવર ત્રણ વિગલેંદ્રિય વર્જીને), પક્ષ ૨.

૨ અસંજ્ઞીમાં - ભાવ ૩, આત્મા ૭ ચારિત્ર વર્જીને, લબ્ધિ ૫, વીર્ય ૧ બાળ વીર્ય, દષ્ટિ ૨, ભવ્ય અભવ્ય ૨, દંડક ૨૨, પક્ષ ૨.

૩ નોસંજ્ઞી નોઅસંજ્ઞીમાં - ભાવ ૩, આત્મા ૭, (કષાય વર્જીને), લબ્ધિ ૫, વીર્ય ૧ પંડિત, દ્રષ્ટિ ૧ સમકિત દષ્ટિ, ભવ્ય ૧, દંડક ૧, પક્ષ ૧ શુકલ.

### વીસમો દ્વાર - ભવ્ય દ્વારના ભેદ ૩.

૧ ભવ્યમાં - ભાવ ૫, આત્મા ૮, લબ્ધિ ૫, વીર્ય ૩, દષ્ટિ ૩, ભવ્ય ૧, દંડક ૨૪, પક્ષ ૨.

૨ અભવ્યમાં - ભાવ ૩, આત્મા ૬, લબ્ધિ ૫, વીર્ય ૧ બાલવીર્ય, દષ્ટિ ૧ મિથ્યાત્વ, અભવ્ય ૧, દંડક ૨૪, પક્ષ ૧ કૃષ્ણ.

૩ નોભવ્ય નોઅભવ્ય - ભાવ ૨ ક્ષાયક ને પારિણામિક, આત્મા ૪, લબ્ધિ નથી, વીર્ય નથી, દૃષ્ટિ ૧ સમકિત, ભવ્ય અભવ્ય નથી, દંડક નથી, પક્ષ નથી.

## એકવીસમો દ્વાર - ચરમદ્વારના ભેદ ૫.

૧ ચરમમાં - ભાવ ૫, આત્મા ૮, લબ્ધિ ૫, વીર્ય ૩, દૃષ્ટિ ૩, ભવ્ય ૧, દંડક ૨૪, પક્ષ ૨.

૨ * અચરમમાં ભાવ ૪, (ઉપશમ વર્જી), આત્મા ૭ (ચારિત્ર વર્જીને), લબ્ધિ ૫, વીર્ય ૧ બાલવીર્ય, દૃષ્ટિ ૨ સમકિત દૃષ્ટિ ને મિથ્યાત્વ દૃષ્ટિ, અભવ્ય ૧, દંડક ૨૪, પક્ષ ૧ કૃષ્ણ.

## શરીર દ્વારના ૫ ભેદ.

૧ ઔદારિકમાં - ભાવ ૫, આત્મા ૮, લબ્ધિ ૫, વીર્ય ૩, દૃષ્ટિ ૩, ભવ્ય અભવ્ય ૨, દંડક ૧૦, પક્ષ ૨.

૨ વૈક્રિયમાં - ભાવ ૫, આત્મા ૮, લબ્ધિ ૫, વીર્ય ૩, દૃષ્ટિ ૩, ભવ્ય અભવ્ય ૨, દંડક ૧૭ (૧૩ દેવના, ૧ નારકીનો ૧ મનુષ્યનો, ૧ તીર્યંચનો, ૧ વાયરાનો, એવં ૧૭), પક્ષ ૨.

૩ આહારકમાં - ભાવ ૫, આત્મા ૮, લબ્ધિ ૫, વીર્ય ૧ પંડિત વીર્ય, દૃષ્ટિ ૧ સમકિત દૃષ્ટિ, ભવ્ય ૧, દંડક ૧, પક્ષ ૧ શુકલ.

૪ તેજસ ૫, કાર્મણમાં - ભાવ ૫, આત્મા ૮, લબ્ધિ ૫, વીર્ય ૩, દૃષ્ટિ ૩, ભવ્ય અભવ્ય ૨, દંડક ૨૪, પક્ષ ૨.

## ગુણસ્થાનક દ્વાર.

* અચરમ એટલે અભવ્ય તથા સિદ્ધભગવંત.

૨ મિથ્યાત્વ ગુણસ્થાનકમાં - ભાવ ત્રણ - ઉદય, ક્ષયોપશમ, પારિણામિક, આત્મા છ - જ્ઞાન અને ચારિત્ર વર્જીને, લબ્ધિ પાંચ, વીર્ય એક તે બાળવીર્ય, દષ્ટિ એક તે મિથ્યાત્વ દષ્ટિ, ભવ્ય અભવ્ય બે, દંડક ચોવીસ, પક્ષ બે.

૨ સાસ્વાદાન સમદષ્ટિ ગુણસ્થાનકમાં - ભાવ ત્રણ - ઉદય, ક્ષયોપશમ ને પારિણામિક, આત્મા સાત તે ચારિત્ર વર્જીને, લબ્ધિ પાંચ, વીર્ય એક તે બાળ વીર્ય, દષ્ટિ એક તે સમકિત દષ્ટિ, ભવ્ય એક, દંડક ઓગણીસ - પાંચ એકેંદ્રિયના વર્જીને, પક્ષ એક તે શુકલ પક્ષ.

૩ મિશ્ર ગુણસ્થાનકમાં - ભાવ ત્રણ - ઉદય, ક્ષયોપશમ ને પારિણામિક, આત્મા છ - જ્ઞાન ને ચારિત્ર વર્જીને, લબ્ધિ પાંચ, વીર્ય એક તે બાળવીર્ય, દષ્ટિ એક તે સમમિથ્યાત્વ દષ્ટિ, ભવ્ય એક, દંડક સોળ તે પાંચ એકેંદ્રિય તથા ત્રણ વિકલેંદ્રિય વર્જીને; પક્ષ એક તે શુકલ પક્ષ.

૪ અવ્રતિ સમ્યક્ત્વષ્ટિમાં - ભાવ પાંચ, આત્મા સાત તે ચારિત્ર વર્જીને, લબ્ધિ પાંચ, વીર્ય એક તે બાળવીર્ય, દષ્ટિ એક તે સમકિત દષ્ટિ, ભવ્ય એક, દંડક સોળ તે ઉપર મુજબ, પક્ષ એક તે શુકલ પક્ષ.

૫ દેશવિરતિ ગુણસ્થાનકમાં - ભાવ પાંચ, આત્મા સાત, દેશથી ચારિત્ર છે. સર્વથી નથી, લબ્ધિ પાંચ, વીર્ય એક તે બાળ પંડિત વીર્ય, દષ્ટિ એક તે સમકિત દષ્ટિ, ભવ્ય એક, દંડક બે મનુષ્ય ને તીર્યંચ, પક્ષ એક તે શુકલ પક્ષ.

૬ પ્રમત્તસંજતિ ગુણ.માં, ૭ અપ્રમત્તસંજતિ ગુણ.માં, ૮ નિયટ્ટિબાદર ગુણ. ૯ અનિયટ્ટિબાદર ગુણ.માં, ૧૦ સૂક્ષ્મસંપરાય ગુણ.માં - ભાવ પાંચ, આત્મા આઠ, લબ્ધિ પાંચ, વીર્ય એક તે

પંડિત વીર્ય, દષ્ટિ એક તે સમકિત દષ્ટિ, ભવ્ય એક, દંડક એક તે મનુષ્યનો, પક્ષ એક તે શુકલ પક્ષ.

૧૧ ઉપશાંત મોહનીય ગુણસ્થાનકમાં-ભાવ પાંચ, આત્મા સાત તે કષાયવર્જીને, લબ્ધિ પાંચ, વીર્ય એક તે પંડિત વીર્ય, દૃષ્ટિ એક તે સમકિત દૃષ્ટિ, ભવ્ય એક, દંડક એક તે મનુષ્યનો, પક્ષ એક તે શુકલ પક્ષ.

૧૨ ક્ષીણ મોહનીય ગુણસ્થાનકમાં - ભાવ ચાર તે ઉપશમ વર્જીને, આત્મા સાત તે કષાય વર્જીને, લબ્ધિ પાંચ, વીર્ય એક તે પંડિત વીર્ય, દષ્ટિ એક તે સમકિત દ્રષ્ટિ, ભવ્ય એક, દંડક ૧ તે મનુષ્યનો, પક્ષ એક તે શુકલ પક્ષ.

૧૩ સજોગી કેવલી ગુણસ્થાનકમાં - ભાવ ત્રણ - ઉદય, ક્ષાયક ને પારિણામિક, આત્મા સાત તે કષાય વર્જીને, લબ્ધિ પાંચ, વીર્ય એક તે પંડિત વીર્ય, દ્રષ્ટિ એક તે સમકિત દ્રષ્ટિ, ભવ્ય એક, દંડક એક તે મનુષ્યનો, પક્ષ એક તે શુકલ પક્ષ.

૧૪ અજોગી કેવલી ગુણસ્થાનકમાં - ભાવ ત્રણ - ઉદય, ક્ષાયક ને પારિણામિક, આત્મા છ તે કષાય ને જોગ વર્જીને, લબ્ધિ પાંચ, વીર્ય એક તે પંડિત વીર્ય, દ્રષ્ટિ એક સમકિત, ભવ્ય એક, દંડક એક તે મનુષ્યનો, પક્ષ એક તે શુકલ પક્ષ.

ઇતિ બાવન બોલ સંપૂર્ણ.

# (૧૮) શ્રોતા અધિકાર.

શ્રોતા અધિકાર શ્રી નંદિસૂત્રમાં છે તે નીચે મુજબ ;

ગાથા

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| સેલ ઘણ, | કુડગ, | ચાલણી, | પરિપુણગ, | હંસ |
| ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| મહિસ, | મેસે ય; | મસગ | જલૂગ, | બિરાલી, |
| ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | |
| જાહગ, | ગો, | ભેરી, | આભીરી | સા.૧ |

ચૌદ પ્રકારના શ્રોતા છે, તેમાં પ્રથમ સેલ ઘણ તે પત્થર ઉપર જેમ મેઘ વરસે પણ પત્થર પાણીથી ભીંજાય નહિ, તેમ એકેક શ્રોતા વ્યાખ્યાનાદિક સાંભળે પણ સમ્યક્ જ્ઞાન પામે નહિ, બુદ્ધ થાય નહિ.

દૃષ્ટાંત - કુશિષ્ય રૂપી પત્થર, સદ્‌ગુરુરૂપી મેઘ, અને બોધ રૂપી પાણી. મુંગશેલીઆ તથા પુષ્કરાવર્ત્ત મેઘનું દૃષ્ટાંત : જેમ પુષ્કરાવર્ત્ત મેઘથી મુંગશેલીઓ પલળ્યો નહિ તેમ એકેક કુશિષ્ય મહાન સંવેગાદિક ગુણયુક્ત આચાર્યના પ્રતિબોધ્યા પણ સમજે નહિ, વૈરાગ્ય રંગ પામે નહિ. માટે તે શ્રોતા છાંડવા યોગ્ય છે એ અવિનીતનો દૃષ્ટાંત જાણવો.

જેમ કાળી ભૂમિને વિષે મેઘ વરસે તો તે ઘણી ભીંજે તથા પાણી પણ રાખે, તથા ગોધૂમાદિક (ઘઉં પ્રમુખ)ની ઘણી નિષ્પત્તિ કરે તેમ વિનિત સુશિષ્ય પણ ગુરૂની ઉપદેશરૂપ વાણી સાંભળી હૃદયમાં ધારી રાખે વૈરાગ્યે કરી ભીંજાય, અને અનેક બીજા

ભવ્ય જીવને વિનય ધર્મ વિષે પ્રવર્ત્તાવે માટે તે શ્રોતા આદરવા યોગ્ય છે. ૧

૨ કુડગ : કુંભનો દૃષ્ટાંત. તે કુંભના આઠ ભેદ છે. તેમાં પ્રથમ ઘડો સંપૂર્ણ ઘડાના ગુણે કરી વ્યાપ્ત છે તેના ત્રણ ગુણ. ૧ તે મધ્યે પાણી ભર્યા થકા કિંચિત્ બહાર જાય નહિ. ૨ પોતે શીતળ છે માટે બીજાની પણ તૃષા ઉપશમાવે-શીતલ કરે. ૩ પરની મલિનતા પણ પાણીથી દૂર કરે. તેમ એકેક શ્રોતા વિનયાદિ ગુણે કરી સંપૂર્ણ ભર્યા છે તે ત્રણ ગુણ કરે. ૧ ગુર્વાદિકનો ઉપદેશ સર્વ ધારી રાખે - કિંચિત વિસરે નહિ. ૨. પોતે જ્ઞાન પામી શીતલ દશા પામ્યા છે અને ભવ્ય જીવને ત્રિવિધ તાપ શમાવી શીતળ કરે. ૩ ભવ્ય જીવની સંદેહ રૂપી મલિનતા ટાળે. એ શ્રોતા આદરવાયોગ્ય છે.

૨ એક ઘડો પડખે કાણો છે તેમાં પાણી ભરે તો અડધું પાણી રહે ને અડધું પાણી વહી જાય. તેમ એકેક શ્રોતા વ્યાખ્યાનાદિ સાંભળે તો અડધું ધારી રાખે - અડધું વિસરી જાય.

૩ એક ઘડો હેઠે કાણો છે તેમાં પાણી ભરે તો સર્વ પાણી વહી જાય પણ રહે નહિ તેમ એકેક શ્રોતા વ્યાખ્યાનાદિ સાંભળે તો સર્વ વિસારે પણ ધારે નહિ.

૪ એક ઘડો નવો છે તેમાં પાણી ભરે તો થોડે થોડે ઝમીને ખાલી થાય, તેમ એકેક શ્રોતા જ્ઞાનાદિ અભ્યાસ કરે પણ થોડે થોડે જ્ઞાન વિસારે.

૫ એક ઘડો દુર્ગંધ વાસિત છે, તેમાં પાણી ભરે તો પાણીના ગુણને બગાડે, તેમ એકેક શ્રોતા મિથ્યાત્વાદિક દુર્ગંધે કરી વાસિત છે તેમને સૂત્રાદિક ભણાવતાં જ્ઞાનના ગુણને વિણસાડે.

૬ એક ઘડો સુગંધે કરી વાસિત છે તેમાં પાણી ભરે તો

ગુણને વધારે તેમ એકેક શ્રોતા સમકિતાદિક સુગંધે કરી વાસિત છે તેમને સૂત્રાદિક ભણાવતાં જ્ઞાનના ગુણને દીપાવે.

૭ એક ઘડો કાચો છે તેમાં પાણી ભરે તો તે ઘડો ભીંજાઈ વિણસી જાય, તેમ એકેક શ્રોતા અલ્પ બુદ્ધિવાળાને સૂત્રાદિકનું જ્ઞાન આપતાં તે નયપ્રમુખને નહિ જાણવાથી તે જ્ઞાનથી તથા માર્ગથી ભ્રષ્ટ થાય.

૮ એક ઘડો ખાલી છે તે ઉપર બુઝારૂ ઢાંકી વર્ષાકાળે નેવાં હેઠે પાણી ઝીલવા મૂક્યું, પણ પાણી અંદર આવે નહિ ને તળે પાણી ઘણું થવાથી ઉપર તરે ને વાયરાદિકે કરી ભીંત પ્રમુખે અથડાઈને ફૂટી જાય; તેમ એકેક શ્રોતા સદ્ગુરુની સભામાં વ્યાખ્યાન સાંભળવા બેસે પણ ઉંઘ પ્રમુખના યોગે કરી જ્ઞાનરૂપ પાણી હૃદયમાં આવે નહિ ને ઘણી ઉંઘના પ્રભાવે કરી ખોટા ડોળરૂપ વાયરે કરી અથડાય છે, તો સભાથી અપમાન પ્રમુખ પામે તથા ઉંઘમાં પડવાથી પોતાના શરીરને નુકસાન થાય

ઇતિ આઠ ઘડાના દૃષ્ટાંતરૂપ બીજા પ્રકારના શ્રોતાનું સ્વરૂપ.

૩ ચાલણી : એકેક શ્રોતા ચાલણી સમાન છે, ચાલણીના બે પ્રકાર. એક પ્રકાર - એવો છે કે ચાલણી પાણીમાં મૂકે ત્યારે પાણીથી સંપૂર્ણ ભરી દેખાય અને ઉપાડી લઈએ ત્યારે ખાલી દેખાય; તેમ એકેક શ્રોતા વ્યાખ્યાનાદિ સભામાં સાંભળવા બેસે ત્યારે વૈરાગ્યાદિ ભાવનાએ કરી સંપૂર્ણ ભર્યા દેખાય અને સભામાંથી ઉઠી બહાર જાય ત્યારે વૈરાગ્ય રૂપ પાણી કિંચિત્ પણ દેખાય નહિ. એ શ્રોતા છાંડવા યોગ્ય છે.

બીજો પ્રકાર: ચાલણીએ ઘઉં પ્રમુખનો આટો (લોટ) ચાળવા માંડયો, ત્યારે આટો નીકળી જાય ને કાંકરા પ્રમુખ કચરો ગ્રહી રાખેતેમ એકેક શ્રોતા વ્યાખ્યાનાદિ સાંભળતાં ઉપદેશ તથા સૂત્રના

ગુણ જાવા દે અને સ્ખલના પ્રમુખ અવગુણરૂપ કચરો ગ્રહી રાખે, માટે તે છાંડવા યોગ્ય છે.

૪ પરિપુણગ : તે સુઘરી પક્ષીના માળાનો દૃષ્ટાંત. સુઘરી પક્ષીના માળાથી ઘૃત (ઘી) ગાળતાં ઘૃત ઘૃત નીકળી જાય અને કીટી પ્રમુખ કચરો ગ્રહી રાખે, તેમ એકેક શ્રોતા આચાર્ય પ્રમુખના ગુણ ત્યાગ કરી અવગુણ ગ્રહણ કરે એ શ્રોતા છાંડવા યોગ્ય છે.

૫ હંસ : હંસને દૂધ પાણી એકઠાં કરી પીવા માટે આપ્યાં હોય તો તે પોતાની ચાંચમાં ખટાશના ગુણે કરી દૂધ પીએ ને પાણી ન પીએ. તેમ વિનિત શ્રોતા ગુર્વાદિકના ગુણ ગ્રહે ને અવગુણ ન લે એ આદરણીય છે.

૬ મહિષ : - ભેંસો જેમ પાણી પીવા માટે જલાશયમાં જાય; પાણી પીવા જલમાં પ્રથમ પ્રવેશ કરે, પછી મસ્તક પ્રમુખે કરી પાણી ડોહળે ને મલમૂત્ર કરી પછી પોતે પીવે, પણ શુદ્ધ જલ પોતે ન પીએ, અન્ય યૂથને પણ પીવા ન દે, તેમ કુશિષ્ય શ્રોતા વ્યાખ્યાનાદિકમાં ક્લેશરૂપ પ્રશ્નાદિક કરી વ્યાખ્યાન ડોહળે, પોતે શાંતપણે સાંભળે નહિ ને અન્ય સભાજનોને શાંત રસથી સાંભળવા ન દે એ છોડવા યોગ્ય છે.

૭ મેષ : - બકરાં જેમ પાણી પીવા જલસ્થાનકે નદી પ્રમુખમાં જાય, ત્યારે કાંઠે રહી પગ નીચા નમાવી પાણી પીએ. ડોહળે નહિ, ને અન્ય યૂથને પણ નિર્મલું પીવા દે. તેમ વિનિત શિષ્ય શ્રોતા વ્યાખ્યાનાદિક નમ્રતા તથા શાંત રસથી સાંભળે, અન્ય સભાજનોને સાંભળવા દે, એ આદરણીય છે.

૮ મસગ : તેના બે પ્રકાર - પ્રથમ મસગ તે ચામડાની કોથલી તેમાં વાયરો ભરાય ત્યારે અત્યંત ફુલેલી દેખાય પણ તૃષા

શમાવે નહિ, વાયરો નીકળી જાય ત્યારે ખાલી થાય, તેમ એકેક શ્રોતા અભિમાનરૂપ વાયરે કરી શુષ્ક જ્ઞાનીવત તડાકા મારે પણ પોતાના તથા અન્યના આત્માને શાંત રસ પમાડે નહિ. એ છાંડવા યોગ્ય છે.

બીજો પ્રકાર-મસગ તે મચ્છર નામે જંતુ અન્યને ચટકા મારી પરિતાપ ઉપજાવે પણ ગુણ ન કરે અને ખણજ ઉત્પન્ન કરે, તેમ એકેક કુશ્રોતા ગુર્વાદિકને, જ્ઞાન-અભ્યાસ કરાવતાં ઘણો પરિશ્રમ આપે તથા કુવચનરૂપ ચટકા મારે પણ ગુણ તે વૈયાવચ્ચ પ્રમુખ કાંઈ પણ ન કરે, ચિત્તમાં અસમાધિ ઉપજાવે, એ છોડવા યોગ્ય છે.

૯ જલુગ તેના બે પ્રકાર - પ્રથમ પ્રકાર જલો નામે જંતુ, ગાય પ્રમુખના સ્તનમાં વળગે ત્યારે લોહી પીએ પણ દૂધ ના પીએ, તેમ એકેક અવિનિત કુશિષ્ય, શ્રોતા આચાર્યાદિકના સાથે રહ્યા થકા તેમના છિદ્રો ગવેષે પણ ક્ષમાદિક ગુણ ન ગ્રહણ કરે, માટે છાંડવા યોગ્ય છે.

બીજો પ્રકાર - જળો નામે જંતુ ગુમડા ઉપર મુકીએ ત્યારે ચટકો મારે ને દુઃખ ઉપજાવે અને મુડદાલ (બગડેલું) લોહી પીએ ને પછી શાંતિ કરે, તેમ એકેક વિનિત શિષ્ય, શ્રોતા આચાર્યાદિક સાથે રહ્યા થકા પ્રથમ વચનરૂપ ચટકો ભરે-કાલે, અકાલે બહુ અભ્યાસ કરતાં મહેનત કરાવે - પછી સંદેહ રૂપી બિગાડ કાઢી ગુર્વાદિકને શાંતિ ઉપજાવે - પરદેશી રાજાવત્ એ આદરવા યોગ્ય છે.

૧૦ બિરાલી - બિલાડી દુધનું ભાજન સીંકાથી ભોંયપર નીચુ નાંખીને રજકણ સહિત દુધ પીએ, તેમ એકેક શ્રોતા આચાર્યદિક પાસે સૂત્રાદિક અભ્યાસ કરતાં અવિનય બહુ કરે, તથા પર પાસે પ્રશ્ન પૂછાવી સૂત્રાર્થ ધારે પણ પોતે વિનય કરી ધારે નહિ; માટે તે શ્રોતા છાંડવા યોગ્ય છે.

૧૧ જાહગ - સેંહલો તે તિર્યંચની જાત વિશેષ - તે પ્રથમ પોતાની માતાનું દુધ થોડે થોડે પીએ ને તે પાચન થયા પછી વળી થોડું પીએ, એમ થોડે થોડે દુધથી પોતાના શરીરને પુષ્ટ કરે,પછી મોટા ભુજંગનાં માન મર્દન કરે, તેમ એકેક શ્રોતા આચાર્યાદિક પાસેથી પોતાની બુદ્ધિ પ્રમાણે કાલે કાલે થોડે થોડે સૂત્રાદિ અભ્યાસ કરે, અભ્યાસ કરતાં ગુર્વાદિકને અત્યંત સંતોષ ઉપજાવે, કેમકે આપેલો પાઠ બરાબર અસ્ખલિત કરે ને તે કર્યા પછી વળી બીજી વાર અને ત્રીજી વાર એમ થોડે થોડે લે ને પછી બહુશ્રુત થઈ મિથ્યાત્વી લોકોના માન મર્દન કરે, એ આદરવા યોગ્ય છે.

૧૨ ગો તે 'ગાય' ના બે પ્રકાર, પ્રથમ પ્રકાર - જેમ દૂધવતી ગાયને કોઈ એક શેઠ, પાડોશીને ત્યાં આપી ગામ જાય, પણ તે પાડોશી ઘાસ પાણી પ્રમુખ બરાબર ગાયને નહિ આપવાથી ગાય ભૂખે, તૃષાએ પીડાતી થકી દૂધમાં સૂકાય, ને દુઃખી થાય, તેમ એકેક અવિનિત શ્રોતા એ ગુર્વાદિકનો, આહાર પાણી પ્રમુખે વૈયાવચ્ચ નહિ કરવાથી તેમનો દેહ ગ્લાનિ પામે ને સૂત્રાદિકમાં ઘટાડો થાય ને અપયશ પામે.

બીજો પ્રકાર - એક શેઠ પાડોશીને દૂઝણી ગાય સોંપી ગામ ગયો. પાડોશીએ ઘાસ, પાણી પ્રમુખ રૂડે પ્રકારે આપવાથી દૂધમાં વધારો થયો ને તે કીર્તિને પામ્યો, તેમ એકેક વિનિત શ્રોતા (શિષ્ય) ગુર્વાદિકનો આહાર પાણી પ્રમુખ વૈયાવૃત્યની વિધિએ કરી ગુર્વાદિકને શાતા ઉપજાવે તો તેમને જ્ઞાનમાં વધારો થાય ને તે કીર્તિને પામે એ શ્રોતા આદરવા યોગ્ય છે.

૧૩ ભેરી - તેના બે પ્રકાર. પ્રથમ પ્રકાર એ છે જે, ભેરીનો વગાડનાર પુરૂષ રાજાના હુકમ પ્રમાણે ભેરી વગાડે તો રાજા ખુશી થઈ તેને પુષ્કળ દ્રવ્ય આપે, તેમ વિનિત શિષ્ય તીર્થંકર તથા ગુર્વાદિકની આજ્ઞા પ્રમાણે સૂત્રાદિકની સ્વાધ્યાય

તથા ધ્યાન પ્રમુખ અંગીકાર કરે તો કર્મરૂપ રોગ મટે અને સિદ્ધ ગતિ રૂપ અનંત લક્ષ્મી પામે એ આદરવા યોગ્ય છે.

બીજો પ્રકાર - જેમ ભેરી વગાડનાર પુરૂષ રાજાના હુકમ પ્રમાણે ભેરી વગાડે નહિ તો રાજા કોપાયમાન થઈ દ્રવ્ય આપે નહિ તેમ અવિનિત શિષ્ય તીર્થંકરની તથા ગુર્વાદિકની આજ્ઞા પ્રમાણે સૂત્રાદિકની સ્વાધ્યાય ધ્યાન કરે નહિ, તો તેમનો કર્મરૂપ રોગ મટે નહિ અને સિદ્ધ ગતિનું સુખ પામે નહિ એ છાંડવા યોગ્ય છે.

૧૪ આભીરી - પ્રથમ - પ્રકાર - આભીર સ્ત્રી - પુરૂષ એક ગ્રામથી પાસેના શહેરમાં ગાડવામાં ઘૃત ભરી વેચવા ગયાં, ત્યાં બજારમાં ઉતારતાં ઘૃત ભાજન - વાસણ ફુટી ગયું. ઘૃત ઢળી ગયું. પુરૂષે સ્ત્રીને ઘણા ઠપકાવાળા કુવચનો કહ્યાં. ત્યારે સ્ત્રીએ પણ તે ભર્તાને સામાં કુવચનો કહ્યાં, આખરે ઘૃત બધું ઢોળાઈ ગયું ને બન્ને બહુ શોક કરવા લાગ્યાં. જમીન પરનું ઘૃત પાછળથી લુછી લીધું ને વેચ્યું, કીંમત મળી, તે લઈ સાંજે ગામ જતાં ચોરોએ લૂંટી લીધી. બહુ નિરાશ થયાં. લોકોએ પૂછવાથી સર્વ વૃત્તાન્ત કહ્યો લોકોએ ઠપકો દીધો. તેમ ગુરૂએ વ્યાખ્યાન ઉપદેશમાં આપેલ સાર - ઘૃતને લડાઈ - ઝગડો કરી ઢોળી નાંખે ને છેવટે ક્લેશ કરી દુર્ગતિ પામે. આ શ્રોતા છાંડવા યોગ્ય છે.

બીજો પ્રકાર - ઘૃત ભરી શહેરમાં જતાં બજારમાં ઉતરતાં વાસણ ફૂટયું કે તરત જ એકદમ મળી ભેગા થઈ તે ઘૃત ભરી લીધું પણ બહુ નકશાન થવા દીધું નહિ. તે ઘૃતને વેચી પૈસા મેળવી સારા સંઘાત સાથે ગામમાં સુખે સુખે જેમ અન્ય સુજ્ઞ પુરૂષો પહોંચે, તેમ વિનીત શિષ્ય શ્રોતા ગુરૂ પાસેથી વાણી સાંભળી શુદ્ધ ભાવપૂર્વક તે અર્થ - સૂત્રને ધારી રાખે, સાચવે, અસ્ખલિત ન કરે. વિસ્મૃતિ થાય તો ગુરૂ પાસે ફરી ફરી માફી માંગી, ધારે, પૂછે, પણ કકળાટ ઝઘડો કરે નહિ, જે ઉપર ગુરૂ

પ્રસન્ન થાય. સંયમ જ્ઞાનની વૃદ્ધિ થાય, પરિણામે સદ્ગતિ મળે. આવા શ્રોતા આદરણીય છે.

ઈતિ શ્રોતા અધિકાર સંપૂર્ણ.

## (૨૦) અઠાણું બોલનો અલ્પ બહુત્વ

સૂત્ર શ્રી પન્નવણાજી પદ ત્રીજું.

| અનુક્રમ | અઠાણું બોલનો અલ્પ બહુત્વ મહાદંડક | જીવના ભેદ ૧૪ | ગુણસ્થાન ૧૪ | યોગ ૧૫ | ઉપયોગ ૧૨ | લેશ્યા ૬ |
|---|---|---|---|---|---|---|
| ૧. | ગર્ભજ મનુષ્ય સર્વ થકી થોડા. | ૨ | ૧૪ | ૧૫ | ૧૨ | ૬ |
| ૨. | મનુષ્યાણી સંખ્યાત ગુણ. | ૨ | ૧૪ | ૧૩ | ૧૨ | ૬ |
| ૩. | બાદર તેજસ્કાય પર્યાપ્ત અસંખ્યાત ગુણ. | ૧ | ૧ | ૧ | ૩ | ૩ |
| ૪. | પાંચ અનુત્તર વિમાન ના દેવ અસંખ્યાત ગુણ. | ૨ | ૧ | ૧૧ | ૬ | ૧ |
| ૫. | ઉપરની ત્રીકના દેવ સંખ્યાત ગુણ. | ૨ | ૪ | ૧૧ | ૯ | ૧ |
| ૬. | મધ્ય ત્રીકના દેવ સંખ્યાત ગુણ. | ૨ | ૪ | ૧૧ | ૯ | ૧ |
| ૭. | નીચેની ત્રીકના દેવ સંખ્યાત ગુણ. | ૨ | ૪ | ૧૧ | ૯ | ૧ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૮. બારમા દેવલોકના દેવ સંખ્યાત ગુણ. | ૨ | ૪ | ૧૧ | ૯ | ૧ |
| ૯. અગીયારમાં દેવલોકના દેવ સંખ્યાત ગુણ. | ૨ | ૪ | ૧૧ | ૯ | ૧ |
| ૧૦. દસમા દેવલોકના દેવ સંખ્યાત ગુણ. | ૨ | ૪ | ૧૧ | ૯ | ૧ |
| ૧૧. નવમા દેવલોકના દેવ સંખ્યાત ગુણ. | ૨ | ૪ | ૧૧ | ૯ | ૧ |
| ૧૨. સાતમી નરકના નારકી અસંખ્યાત ગુણ. | ૨ | ૪ | ૧૧ | ૯ | ૧ |
| ૧૩. છઠ્ઠી નરકના નારકી અસંખ્યાત ગુણ. | ૨ | ૪ | ૧૧ | ૯ | ૧ |
| ૧૪. આઠમા દેવલોકના દેવ અસંખ્યાત ગુણ. | ૨ | ૪ | ૧૧ | ૯ | ૧ |
| ૧૫. સાતમા દેવલોકના દેવ અસંખ્યાત ગુણ. | ૨ | ૪ | ૧૧ | ૯ | ૧ |
| ૧૬. પાંચમી નરકના નારકી અસંખ્યાત ગુણ. | ૨ | ૪ | ૧૧ | ૯ | ૨ |
| ૧૭. છઠ્ઠા દેવલોકના દેવ અસંખ્યાત ગુણ. | ૨ | ૪ | ૧૧ | ૯ | ૧ |
| ૧૮. ચોથી નરકના નારકી અસંખ્યાત ગુણ. | ૨ | ૪ | ૧૧ | ૯ | ૧ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૯. પાંચમા દેવલોકના દેવ અસંખ્યાત ગુણ. | ૨ | ૪ | ૧૧ | ૯ | ૧ |
| ૨૦. ત્રીજી નરકના નારકી અસંખ્યાત ગુણ. | ૨ | ૪ | ૧૧ | ૯ | ૨ |
| ૨૧. ચોથા દેવલોકના દેવ અસંખ્યાત ગુણ. | ૨ | ૪ | ૧૧ | ૯ | ૧ |
| ૨૨. ત્રીજા દેવલોકના દેવ અસંખ્યાત ગુણ. | ૨ | ૪ | ૧૧ | ૯ | ૧ |
| ૨૩. બીજી નરકના નારકી અસંખ્યાત ગુણ. | ૨ | ૪ | ૧૧ | ૯ | ૧ |
| ૨૪. સંમૂચ્છિમ મનુષ્ય અસંખ્યાત ગુણ. | ૧ | ૧ | ૩ | ૪ | ૩ |
| ૨૫. બીજા દેવલોકના દેવ અસંખ્યાત ગુણ. | ૨ | ૪ | ૧૧ | ૯ | ૧ |
| ૨૬. બીજા દેવલોકની દેવી સંખ્યાત ગુણ. | ૨ | ૪ | ૧૧ | ૯ | ૧ |
| ૨૭. પહેલા દેવલોકનાં દેવ સંખ્યાત ગુણ. | ૨ | ૪ | ૧૧ | ૯ | ૧ |
| ૨૮. પહેલા દેવલોકની દેવી સંખ્યાત ગુણ. | ૨ | ૪ | ૧૧ | ૯ | ૧ |
| ૨૯. ભવનપતિના દેવ અસંખ્યાત ગુણ. | ૩ | ૪ | ૧૧ | ૯ | ૪ |
| ૩૦. ભવનપતિની દેવી અસંખ્યાત ગુણ. | ૨ | ૪ | ૧૧ | ૯ | ૪ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૧. પહેલી નરકના નારકી અસંખ્યાત ગુણ. | ૩ | ૪ | ૧૧ | ૯ | ૧ |
| ૩૨. ખેચર પુરૂષ તિર્યંચયોનિ અસંખ્યાત ગુણ, | ૨ | ૫ | ૧૩ | ૯ | ૬ |
| ૩૩. ખેચરની સ્ત્રી સંખ્યાત ગુણ | ૨ | ૫ | ૧૩ | ૯ | ૬ |
| ૩૪. સ્થલચર પુરૂષ સંખ્યાત ગુણ | ૨ | ૫ | ૧૩ | ૯ | ૬ |
| ૩૫. સ્થલચરની સ્ત્રી સંખ્યાત ગુણ | ૨ | ૫ | ૧૩ | ૯ | ૬ |
| ૩૬. જલચર પુરૂષ સંખ્યાત ગુણ | ૨ | ૫ | ૧૩ | ૯ | ૬ |
| ૩૭. જલચરની સ્ત્રી સંખ્યાત ગુણ | ૨ | ૫ | ૧૩ | ૯ | ૬ |
| ૩૮. વાણવ્યંતરના દેવ સંખ્યાત ગુણ. | ૩ | ૪ | ૧૧ | ૯ | ૪ |
| ૩૯. વાણવ્યંતરની દેવી સંખ્યાત ગુણ. | ૨ | ૪ | ૧૧ | ૯ | ૪ |
| ૪૦. જ્યોતિષીના દેવ સંખ્યાત ગુણ | ૨ | ૪ | ૧૧ | ૯ | ૧ |
| ૪૧. જ્યોતિષીની દેવી સંખ્યાત ગુણ. | ૨ | ૪ | ૧૧ | ૯ | ૧ |
| ૪૨. ખેચર નપુંસક તિર્યંચયોનિ સંખ્યાત ગુણ. | ૨/૪ | ૫ | ૧૩ | ૯ | ૬ |
| ૪૩. સ્થલચર નપુંસક સંખ્યાંત ગુણ. | ૨/૪ | ૫ | ૧૩ | ૯ | ૬ |
| ૪૪. જલચર નપુંસક સંખ્યાત ગુણ. | ૨/૪ | ૫ | ૧૩ | ૯ | ૬ |
| ૪૫. ચૌરેદ્રિંય પર્યાપ્ત સંખ્યાત ગુણ. | ૧ | ૧ | ૨ | ૪ | ૩ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૪૬. પંચેંદ્રિય પર્યાપ્ત વિશેષાધિક | ૨ | ૧૨ | ૧૪ | ૧૦ | ૬ |
| ૪૭. બેઈંદ્રિય પર્યાપ્ત વિશેષાધિક | ૧ | ૧ | ૨ | ૩ | ૩ |
| ૪૮. તેઈંદ્રિય પર્યાપ્ત વિશેષાધિક | ૧ | ૧ | ૨ | ૩ | ૩ |
| ૪૯. પંચેંદ્રિય અપર્યાપ્ત અસંખ્યાત ગુણ. | ૨ | ૩ | ૫ | ૮/૯ મનુ./દિ.ના. | ૬ |
| ૫૦. ચૌરેદ્રિય અપર્યાપ્ત વિશેષાધિક | ૧ | ૨ | ૩ | ૬ | ૩ |
| ૫૧. તેઈંદ્રિય અપર્યાપ્ત વિશેષાધિક | ૧ | ૨ | ૩ | ૫ | ૩ |
| ૫૨. બેઈંદ્રિય અપર્યાપ્ત વિશેષાધિક | ૧ | ૨ | ૩ | ૫ | ૩ |
| ૫૩. પ્રત્યેક શરીરી બાદર વનસ્પતિ કાય પર્યાપ્ત અસંખ્યાત ગુણ. | ૧ | ૧ | ૧ | ૩ | ૩ |
| ૫૪. બાદર નિગોદ પર્યાપ્ત શરીર અસંખ્યાત ગુણ. | ૧ | ૧ | ૧ | ૩ | ૩ |
| ૫૫. બાદર પૃથ્વીકાય પર્યાપ્ત અસંખ્યાત ગુણ. | ૧ | ૧ | ૧ | ૩ | ૩ |
| ૫૬. બાદર અપકાય પર્યાપ્ત અસંખ્યાત ગુણ. | ૧ | ૧ | ૧ | ૩ | ૩ |
| ૫૭. બાદર વાયુકાય પર્યાપ્ત અસંખ્યાત ગુણ. | ૧ | ૧ | ૪ | ૩ | ૩ |
| ૫૮. બાદર તેજસ્કાય અપર્યાપ્ત અસંખ્યાત ગુણ. | ૧ | ૧ | ૩ | ૩ | ૩ |
| ૫૯. પ્રત્યેક શરીરી બાદર વનસ્પતિ કાય અપર્યાપ્તમાં અસંખ્યાત ગુણ. | ૧ | ૧ | ૩ | ૩ | ૪ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૬૦. બાદર નિગોદ અપર્યાપ્તનાં શરીર અસંખ્યાત ગુણ. | ૧ | ૧ | ૩ | ૩ | ૪ |
| ૬૧. બાદર પૃથ્વીકાય અપર્યાપ્ત અસંખ્યાત ગુણ. | ૧ | ૧ | ૩ | ૩ | ૪ |
| ૬૨. બાદર અપકાય અપર્યાપ્ત અસંખ્યાત ગુણ. | ૧ | ૧ | ૩ | ૩ | ૪ |
| ૬૩. બાદર વાયુકાય અપર્યાપ્ત અસંખ્યાત ગુણ. | ૧ | ૧ | ૩ | ૩ | ૩ |
| ૬૪. સૂક્ષ્મ તેજસ્કાય અપર્યાપ્ત અસંખ્યાત ગુણ. | ૧ | ૧ | ૩ | ૩ | ૩ |
| ૬૫. સૂક્ષ્મ પૃથ્વીકાય અપર્યાપ્ત વિશેષાધિક. | ૧ | ૧ | ૩ | ૩ | ૩ |
| ૬૬. સૂક્ષ્મ અપકાય અપર્યાપ્ત વિશેષાધિક. | ૧ | ૧ | ૩ | ૩ | ૩ |
| ૬૭. સૂક્ષ્મ વાયુકાય પર્યાપ્ત વિશેષાધિક | ૧ | ૧ | ૩ | ૩ | ૩ |
| ૬૮. સૂક્ષ્મ તેજસ્કાય પર્યાપ્ત સંખ્યાતગુણ | ૧ | ૧ | ૧ | ૩ | ૩ |
| ૬૯. સૂક્ષ્મ પૃથ્વીકાય પર્યાપ્ત વિશેષાધિક. | ૧ | ૧ | ૧ | ૩ | ૩ |
| ૭૦. સૂક્ષ્મ અપકાય પર્યાપ્ત વિશેષાધિક | ૧ | ૧ | ૧ | ૩ | ૩ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૭૧. સૂક્ષ્મ વાયુકાય પર્યાપ્ત વિશેષાધિક. | ૧ | ૧ | ૩ | ૩ | ૩ |
| ૭૨. સૂક્ષ્મ નિગોદ અપર્યાપ્તના શરીર અસંખ્યાત ગુણ. | ૧ | ૧ | ૩ | ૩ | ૩ |
| ૭૩. સૂક્ષ્મ નિગોદ પર્યાપ્તનાં શરીર અસંખ્યાત ગુણ. | ૧ | ૧ | ૧ | ૩ | ૩ |
| ૭૪. અભવ્ય જીવ અનંતગુણ. | ૧૪ | ૧ | ૧૩ | ૬ | ૬ |
| ૭૫. સમ્યક્ દૃષ્ટિ પ્રતિપાતી અનંતગુણ. (પૂર્વપર્યાય અપેક્ષાએ) | ૧૪ | ૧૪ | ૧૫ | ૧૨ | ૬ |
| (વર્તમાન પર્યાય અપેક્ષાએ) | ૧૪ | ૨ | ૧૩ | ૬ | ૬ |
| ૭૬.સિદ્ધ અનંતગુણ. | ૦ | ૦ | ૦ | ૨ | ૦ |
| ૭૭. બાદર વનસ્પતિકાય પર્યાપ્ત અનંતગુણ. | ૧ | ૧ | ૧ | ૩ | ૩ |
| ૭૮. બાદર જીવ પર્યાપ્ત (સાધારણ અને પ્રત્યેક) વિશેષાધિક | ૬ | ૧૪ | ૧૫ | ૧૨ | ૬ |
| ૭૯. બાદર વનસ્પતિકાય અપર્યાપ્ત અસંખ્યાત ગુણ. | ૧ | ૧ | ૩ | ૩ | ૪ |
| ૮૦. બાદર જીવ અપર્યાપ્ત વિશેષાધિક | ૬ | ૩ | ૫ | ૯ | ૬ |
| ૮૧. સમુચ્ચય બાદર જીવ વિશેષાધિક | ૧૨ | ૧૪ | ૧૫ | ૧૨ | ૬ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૮૨. સૂક્ષ્મ વનસ્પતિકાય અપર્યાપ્ત અસંખ્યાત ગુણ. | ૧ | ૧ | ૩ | ૩ | ૩ |
| ૮૩. સૂક્ષ્મ જીવ અપર્યાપ્ત વિશેષાધિક. | ૧ | ૧ | ૩ | ૩ | ૩ |
| ૮૪. સૂક્ષ્મ વનસ્પતિકાય પર્યાપ્ત સંખ્યાત ગુણ. | ૧ | ૧ | ૧ | ૩ | ૩ |
| ૮૫. સૂક્ષ્મ જીવ પર્યાપ્ત વિશેષાધિક. | ૧ | ૧ | ૧ | ૩ | ૩ |
| ૮૬. સમુચ્ચય સૂક્ષ્મ જીવ વિશેષાધિક. | ૨ | ૧ | ૩ | ૩ | ૩ |
| ૮૭. ભવ્ય સિદ્ધિ જીવ વિશેષાધિક. | ૧૪ | ૧૪ | ૧૫ | ૧૨ | ૬ |
| ૮૮. નિગોદના જીવ વિશેષાધિક. | ૪ | ૧ | ૩ | ૩ | ૩ |
| ૮૯. સમુચ્ચય વનસ્પતિકાયના જીવ વિશેષાધિક. | ૪ | ૧ | ૩ | ૩ | ૪ |
| ૯૦. એકેંદ્રિય જીવ વિશેષાધિક | ૪ | ૧ | ૫ | ૩ | ૪ |
| ૯૧. તિર્યંચ યોનિના જીવ વિશેષાધિક | ૧૪ | ૫ | ૧૩ | ૯ | ૬ |
| ૯૨. મિથ્યાત્વ દૃષ્ટિ જીવ વિશેષાધિક | ૧૪ | ૧ | ૧૩ | ૬ | ૬ |
| ૯૩. અવિરતિ જીવ વિશેષાધિક | ૧૪ | ૪ | ૧૩ | ૯ | ૬ |
| ૯૪. સકષાયી જીવ વિશેષાધિક | ૧૪ | ૧૦ | ૧૫ | ૧૦ | ૬ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૯૫. છદ્મસ્થ જીવ વિશેષાધિક | ૧૪ | ૧૨ | ૧૫ | ૧૦ | ૬ |
| ૯૬. સયોગી જીવ વિશેષાધિક | ૧૪ | ૧૩ | ૧૫ | ૧૨ | ૬ |
| ૯૭. સંસારસ્થ જીવ વિશેષાધિક | ૧૪ | ૧૪ | ૧૫ | ૧૨ | ૬ |
| ૯૮. સર્વ જીવ વિશેષાધિક. | ૧૪ | ૧૪ | ૧૫ | ૧૨ | ૬ |

ઈતિ અઠાણું બોલનો અલ્પ બહુત્વ સંપૂર્ણ.

## (૨૧) પુદ્‌ગલ પરાવર્ત્ત

ભગવતી સૂત્રના ૧૨ મા શતકના ૪ થા ઉદ્દેશમાં પુદ્‌ગલ પરાવર્ત્તનો વિચાર છે, તે નીચે મુજબ :-

ગાથા.

૧ ૨ ૩ ૪ ૫ ૬
નામ, ગુણ, ત્તિસંખ્ખં, ત્તિ ઠાણં કાલં, કાલોવમં ચ;
૭ ૮ ૯
કાલઅપ્પબહુ, પુગ્ગલ મઝ પુગ્ગલ, પુગ્ગલકરણં અપ્પબહુ.
(આ ગાથા મૂળ પાઠમાં નથી, ટીકામાં છે.) ૧

પુદ્‌ગલ પરાવર્ત્ત એ વિષય સમજવાને ૯ દ્વારે કરી સ્પષ્ટીકરણ કરી કહે છે.

૧ નામ દ્વાર - ૧ ઔદારિક પુદ્‌ગલ પરાવર્ત્ત, ૨ વૈક્રિય પુદ્‌ગલ પરાવર્ત્ત, ૩ તેજસ્ પુદ્‌ગલ પરાવર્ત્ત, ૪ કાર્મણ પુદ્‌ગલ પરાવર્ત્ત, ૫ મનો પુદ્‌ગલ પરાવર્ત્ત, ૬ વચન પુદ્‌ગલ પરાવર્ત્ત, ૭ શ્વાસોચ્છ્‌વાસ પુદ્‌ગલ પરાવર્ત્ત.

૨ ગુણ દ્વાર - પુદ્‌ગલ પરાવર્ત્ત એટલે શું, તે કેમ, કેટલા પ્રકારે ? ને તે શી રીતે સમજવું, એ સહજ પ્રશ્ન શિષ્ય બુદ્ધિથી થાય છે ત્યારે ગુરૂ એમ સમજાવે છે કે : જીવે આ જગત્ - વિશ્વમાં જેટલા પુદ્‌ગલો છે તે સર્વને લઈ લઈને મૂકયાં છે. મૂકી મૂકીને ફરી ફરી લીધાં છે. એટલે કે, પુદ્‌ગલ પરાવર્ત્ત શબ્દનો અર્થ એ છે કે પુદ્‌ગલ ઝીણામાં ઝીણા રજકણથી માંડીને સ્થૂલમાં સ્થૂલ જે પુદ્‌ગલ તે સર્વમાં અગર તે સર્વથી જીવે પરાવર્ત્ત - સમગ્ર પ્રકારે ફરવું કર્યું, સર્વમાં ભ્રમણ કર્યું, ને તે પુદ્‌ગલો ઔદારિકપણે (ઔદારિક શરીરમાં રહી ઔદારિક યોગ્ય પુદ્‌ગલ ગ્રહણ કરે તે) વૈક્રિયપણે, (વૈક્રિય શરીરમાં રહી વૈક્રિય યોગ્ય પુદ્‌ગલ ગ્રહણ કરે તે) તૈજસ્‌પણે, ઉપર કહ્યા એ સાતેપણે, જીવે

લીધા છે ને મૂક્યા છે; તે પણ સૂક્ષ્મપણે ને બાદરપણે લીધા છે ને મૂક્યા છે; દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી. એમ ચારે પ્રકારે જીવે પુદ્‌ગલ પરાવર્ત્ત કર્યા છે; તે સ્પષ્ટ નીચે પ્રમાણે.

પુદ્‌ગલ પરાવર્ત્તના બે ભેદઃ - ૧ બાદર, ને ૨ સૂક્ષ્મ. તે ૧ દ્રવ્યથી, ૨ ક્ષેત્રથી, ૩ કાળથી, ૪ ભાવથી.

**૧. દ્રવ્યથી બાદર પુદ્‌ગલ પરાવર્ત્ત** - તે જગત્‌માંના સર્વ પુદ્‌ગલો ઔદારિકપણે, વૈક્રિયપણે, એમ સાતે પ્રકારે પુદ્‌ગલો પૂરા કરે પણ અનુક્રમે નહિ, એટલે કે ઔદારિકપણે પુદ્‌ગલો પૂરા કર્યા પહેલાં વૈક્રિયપણે લે, વા તૈજસ્‌પણે લે, ગમે તે પુદ્‌ગલ પરાવર્ત્તપણે વચમાં લઈ પછી ઔદારિકપણાના લીધા પુદ્‌ગલો પૂરા કરે, એમ સાતે પ્રકારે અવળા સવળા જગત્‌ના સર્વ પુદ્‌ગલોને પૂર્ણ કરે, તેને બાદર પુદ્‌ગલ પરાવર્ત કહીએ.

**૨. દ્રવ્યથી સૂક્ષ્મ પુદ્‌ગલ પરાવર્ત**-તે જગત્‌માંના સર્વ પુદ્‌ગલોને ઔદારિકપણે પૂર્ણ કરે, પછી વૈક્રિયપણે, પછી તૈજસપણે, એમ, એક પછી એક, અનુક્રમે કરી સાતે પુદ્‌ગલ પરાવર્ત્તપણે પૂર્ણ કરે, તેને સૂક્ષ્મ પુદ્‌ગલ પરાવર્ત્ત કહીએ.

**૩. ક્ષેત્રથી બાદર પુદ્‌ગલ પરાવર્ત્ત** - તે ચૌદ રાજલોકના જેટલા આકાશપ્રદેશ છે, તે સર્વ આકાશપ્રદેશને દરેક પ્રદેશે મરી મરીને અનુક્રમ વિના ગમે તેમ કરી પૂર્ણ કરે.

**૪. ક્ષેત્રથી સૂક્ષ્મ પુદ્‌ગલ પરાવર્ત્ત** - તે ચૌદ રાજલોકના આકાશ પ્રદેશને અનુક્રમે એક પછી એક ૧-૨-૩-૪-૫-૬-૭-૮-૯-૧૦ એમ દરેક પ્રદેશમાં મરીને પૂર્ણ કરે. તેમાં પહેલાં પ્રદેશે મરીને ત્રીજા પ્રદેશે મરે અથવા ૫ મા ૮ મા ગમે તે પ્રદેશે મરે, તે પુદ્‌ગલ પરાવર્ત્ત કરવામાં ન ગણાય. અનુક્રમે દરેક પ્રદેશે મરી સમસ્ત લોક પૂર્ણ કરે.

**૫. કાલથી બાદર પુદ્‌ગલ પરાવર્ત્ત** - તે એક કાલચક્ર

(જેમાં ઉત્સર્પિણીને અવસર્પિણી સમાય)તેના પ્રથમ સમયે મરે પછી બીજા કાલચક્રના બીજા સમયે મરે કે ગમે તે ત્રીજા સમયે મરે. એમ ત્રીજા કાલચક્રના ગમે તે સમયે મરે એટલે કે એક કાલચક્રના જેટલા સમય થાય, તેટલા કાલચક્રના એક એક સમયે મરી એક કાલચક્ર પૂર્ણ કરે.

**૬. કાલથી સૂક્ષ્મ પુદ્‌ગલ પરાવર્ત્ત**-તે કાલચક્રના પ્રથમ સમયે મરે, તેમ બીજા કાલચક્રના બીજા સમયે મરે, ત્રીજા કાલચક્રના ત્રીજા સમયે મરે, ચોથા કાલચક્રના ચોથા સમયે મરે, વચમાં નિયમ વિના ગમે તે સમયે મરે તે હિસાબમાં ન ગણાય. એમ એક કાલચક્રના જેટલા સમય તેટલા કાલચક્રના અનુક્રમે નિયમિત સમયે મરે.

**૭. ભાવથી બાદર પુદ્‌ગલ પરાવર્ત્ત** = તે જીવનાં અનુભાગબંધ સ્થાન અસંખ્યાતા લોકાકાશના પ્રદેશની સંખ્યા જેટલાં છે. તે બધા અનુભાગબંધ સ્થાનોને ક્રમથી કે ક્રમ વિના મરણ કરીને પૂરાં કરે ત્યારે બાદર ભાવ પુદ્‌ગલ પરાવર્ત્ત થાય.

**૮. ભાવથી સૂક્ષ્મ પુદ્‌ગલ પરાવર્ત્ત**-ઉપરોક્ત અનુભાગબંધ સ્થાનમાં સૌથી જઘન્ય અનુભાગબંધ સ્થાનમાં કોઈ જીવ મરે ત્યાર પછી બીજા સ્થાન પછી ત્રીજા સ્થાન એમ ક્રમની ગણતરી કરી (વચ્ચેના ગમે તેટલા મરણને ગણતરીમાં લીધા વગર) બધાં સ્થાનોને સ્પર્શ કરી મરતાં જેટલો કાળ થાય તેને સૂક્ષ્મ ભાવ પુદ્‌ગલ પરાવર્ત્ત કહેવાય.

ઈતિ ગુણદ્વાર.

**૩ જો-ત્રિસંખ્યા દ્વાર.**

૧. પુદ્‌ગલ પરાવર્ત્ત-સર્વ જીવે કેટલા કર્યા ? ૨. એક વચને એક જીવે - ૨૪ દંડકમાં કેટલા પુદ્‌ગલ પરાવર્ત કર્યા ૩. બહુવચને સર્વ જીવે - ૨૪ દંડકે કેટલા પુદ્‌ગલ પરાવર્ત્ત કર્યા ?

૧. સર્વ જીવે ઔદારિક પુદ્‌ગલ પરાવર્ત્ત, વૈક્રિય પુદ્‌ગલ પરાવર્ત્ત, તેજસ પુદ્‌ગલ પરાવર્ત્ત એ સાતે પુદ્‌ગલ પરાવર્ત્ત,

અનંત અનંત વાર કર્યા. ૭.

૨. **એકવચને** - તે એક જીવે, એક નારક જીવે, ઔદારિક પુદ્ગલ પરાવર્ત, વૈક્રિય પુદ્ગલ પરાવર્ત્ત, એ સાતે પુદ્ગલ પરાવર્ત્ત, અતિત (ગયા) કાલે, અનંત અનંત વાર કર્યા. ભવિષ્ય કાલે કોઈ પુદ્ગલ પરાવર્ત્ત કરશે નહિ. (મોક્ષ જશે તે) કોઈ કરશે. જે કરશે તે જઘન્ય, ૧-૨-૩ પુદ્ગલ પરાવર્ત્ત કરશે. ઉત્કૃષ્ટ અનંત કરશે. એમ ભવનપતિ વગેરે ૨૪ દંડકના એક એક જીવે સાત પુદ્ગલ પરાવર્ત્ત ગયા કાલે અનંત કર્યા, કેટલાકો ભવિષ્ય કાલે કરશે નહિ, મોક્ષ જશે તે માટે, જે કરશે તે ૧-૨-૩ ઉત્કૃષ્ટ અનંત કરશે. સાત પુદ્ગલ પરાવર્ત્ત, ૨૪ દંડક સાથે ગણતાં ૧૬૮ (પ્રશ્ન) થાય.

૩. **બહુ વચને** - તે સર્વ જીવે - સર્વ નારક જીવે પૂર્વ કાલે ઔદારિક પુદ્ગલ પરાવર્ત્ત એ સાતે પુદ્ગલ પરાવર્ત્ત અનંત અનંત કર્યા. ભવિષ્યકાલે ઘણાઓ અનંત કરશે. એમ જ ૨૪ દંડકના બહુ જીવોએ અનંત પુદ્ગલ પરાવર્ત્ત કર્યા ને ભવિષ્યકાલમાં કરશે. તેના પણ ૧૬૮ (પ્રશ્ન) થાય છે.

૭+૧૬૮+૧૬૮=૩૪૩ (પ્રશ્ન) થાય છે.

**૪ થો ત્રિસ્થાનક દ્વાર.** ૧. એક જીવે કયા કયા સ્થાને, કયા કયા પુદ્ગલ પરાવર્ત્ત કર્યા ? કયા કયા પુદ્ગલ પરાવર્ત્ત કરશે ? ૨. બહુ જીવે કયા કયા સ્થાને પુદ્ગલ પરાવર્ત્ત કર્યા કરશે. ? ૩. સર્વ જીવે કયા કયા દંડકમાં કયા કયા પુદ્ગલ પરાવર્ત્ત કર્યા ?

૧. એક વચને-તે એક જીવે નારકપણે ઔદારિક પુદ્ગલ પરાવર્ત્ત કર્યું નથી, કરશે નહિ, વૈક્રિય પુદ્ગલ પરાવર્ત્ત કર્યું છે, કરશે. જે કરશે તે જઘન્ય ૧-૨-૩ ઉત્કૃષ્ટ અનંત કરશે. એમ તૈજસ પુદ્ગલ પરાવર્ત્ત, કાર્મણ પુદ્ગલ પરાવર્ત્ત યાવત્ શ્વાસોચ્છ્વાસ પુદ્ગલ પરાવર્ત્ત કર્યા ને હવે પછી કરશે. તે ઉપર

પ્રમાણે. એમ અસુરકુમારપણે, પૃથ્વીપણે યાવત્ વૈમાનિકપણે પૂર્વે ઔદારિક પુદ્ગલ પરાવર્ત્ત, વૈક્રિય પુદ્ગલ પરાવર્ત્ત યાવત્ શ્વાસોચ્છ્વાસ પુદ્ગલ પરાવર્ત્ત કર્યા ને કરશે (તેમાં સમજવાનું એમ છે કે જે દંડકમાં જે જે પુદ્ગલ પરાવર્ત્ત હોય તે કરે, ન હોય તે ન કરે). એક નૈરયિકજીવે ૨૪ દંડકમાં રહી સાત સાત (હોય તો હા, નહિ તો ના) પુદ્ગલ પરાવર્ત્ત કર્યા તે ૨૪X૭=૧૬૮ થયા. એમ ૨૪ દંડકનો જીવ ૨૪ દંડકમાં રહી સાત સાત પુદ્ગલ પરાવર્ત્ત કરે. તે ૧૬૮X૨૪= ૪૦૩૨ પ્રશ્ન પુદ્ગલ પરાવર્ત્તના થાય છે.

૨. બહુ વચને - તે સર્વ જીવે નૈરયિકપણે ઔદારિક પુદ્ગલ પરાવર્ત્ત નથી કર્યું, નહિ કરશે. વૈક્રિય પુદ્ગલ પરાવર્ત્ત યાવત્ શ્વાસોચ્છ્વાસ પુદ્ગલ પરાવર્ત્ત કર્યા કરશે. એમજ અસુરકુમારપણે, પૃથ્વીપણે યાવત્ વૈમાનિકપણે, જે જે ઘટે તે તે પુદ્ગલ પરાવર્ત્ત કર્યા ને કરશે એમ ૨૪ દંડકમાં બહુ જીવે પુદ્ગલ પરાવર્ત્ત સાત સાત કર્યા કરશે. પૂર્વ પ્રમાણે આના પણ ૪૦૩૨ પશ્ન થાય છે.

૩. કયા કયા દંડકમાં પુદ્ગલ પરાવર્ત્ત કર્યા તે સર્વ જીવે પાંચ એકેંદ્રિય, ત્રણ વિકલેંદ્રિય, તિર્યંચ પંચેંદ્રિય ને મનુષ્ય, એ દશ દંડકમાં ઔદારિક પુદ્ગલ પરાવર્ત્ત અનંત અનંત વાર કર્યા. ૧ નૈરયિક, ૧૦ ભવનપતિ, ૧૨ વાયુકાય, ૧૩ સંજ્ઞી તિર્યંચ પંચેંદ્રિય પર્યાપ્ત, ૧૪ સંજ્ઞી મનુષ્ય પર્યાપ્ત, ૧૫ વાણવ્યંતર, ૧૬ જ્યોતિષી, ૧૭ વૈમાનિક એ ૧૭ દંડકમાં સર્વ જીવે વૈક્રિય પુદ્ગલ પરાવર્ત્ત અનંત અનંત વાર કર્યા. ૨૪ દંડકમાં તૈજસ્ પુદ્ગલ પરાવર્ત્ત, કાર્મણ પુદ્ગલ પરાવર્ત, શ્વાસોચ્છ્વાસ પુદ્ગલ પરાવર્ત્ત, સર્વ જીવે અનંત અનંત વાર કર્યા, ૧૪ નૈરયિક-દેવના દંડક, ૧૫ સંજ્ઞી તિર્યંચ પંચેંદ્રિય, ૧૬ સંજ્ઞી મનુષ્ય એ ૧૬ દંડકમાં સર્વ જીવે મન પુદ્ગલ પરાવર્ત્ત અનંત અનંતવાર કર્યા.

પાંચ એકેંદ્રિય વિના ૧૯ દંડકમાં સર્વ જીવે વચન પુદ્ગલ પરાવર્ત્ત અનંતવાર કર્યા. એ ૧૩૩ પ્રશ્ન થાય છે. ત્રણે સ્થાનકના આઠ હજાર એકસો ને અઠાણું પ્રશ્ન થાય છે. ઈતિ ત્રિસ્થાનક દ્વાર.

૫ કાલદ્વાર - અનંત ઉત્સર્પિણી અનંત અવસર્પિણી જાય ત્યારે એક ઔદારિક પુદ્ગલ પરાવર્ત્ત થાય. એમ વૈક્રિય પુદ્ગલ પરાવર્ત્ત એટલો કાલ જતાં થાય છે. સાતે પુદ્ગલ પરાવર્ત્તમાં અનંત અનંત કાલચક્ર વહી જાય છે. ઈતિ કાલદ્વાર.

૬ કાલની ઉપમા - કાલ (વખત) સમજવાને દૃષ્ટાંત આપે છે, તેમાં પ્રથમ પરમાણુથી શરૂ કરે છે. પરમાણુ તે ઝીણામાં ઝીણો રજકણ, જે રજકણ અતીદ્રિંય (ઈંદ્રિયને અગમ્ય) છે.જેનો ભાગ, ખંડ કે કટકો કોઈ પણ શસ્ત્રથી કે કોઈ પણ રીતે થઈ શકે નહિ. ઘણો જ ઝીણો સૂક્ષ્મમાં સૂક્ષ્મ એવો જે ભાગ તે પરમાણું. ૧. અનંત સૂક્ષ્મ પરમાણુએ એક વ્યવહાર પરમાણુ થાય. ૨. અનંત વ્યવહાર પરમાણુએ એક ઉષ્ણ સ્નિગ્ધ પરમાણુ થાય. ૩. અનંત ઉષ્ણ સ્નિગ્ધ પરમાણુએ એક એક શીત સ્નિગ્ધ પરમાણુ થાય, ૪. આઠશીત સ્નિગ્ધ પરમાણુએ એક ઉર્ધ્વરેણું થાય. ૫. આઠ ઉર્ધ્વરેણુએ એક ત્રસ રેણુ થાય. ૬. આઠ ત્રસરેણુએ એક રથ રેણુ થાય, ૭. આઠ રથરેણુએ દેવ-ઉત્તર કુરૂ મનુષ્યનો એક વાલાગ્ર થાય. ૮. તે આઠ વાલાગ્રે, હરિ, રમ્યૂકવર્ષના મનુષ્યનો એક વાલાગ્ર થાય. ૯. તે આઠ વાલાગ્રે હેમવય, હિરણ્યવય મનુષ્યનો એક વાલાગ્ર થાય. ૧૦. તે આઠ વાલાગ્રે પૂર્વ વિદેહ, પશ્ચિમ વિદેહ મનુષ્યનો એક વાલાગ્ર થાય, ૧૧. તે આઠ વાલાગ્રે ભરત, ઐરવત મનુષ્યનો એક વાલાગ્ર થાય. ૧૨. તે આઠ વાલાગ્રે એક લીખ. ૧૩. આઠ લીખે એક જૂ. ૧૪. આઠ જુ એ એક અર્ધજવ. ૧૫. આઠ અર્ધજવે એક ઉત્સેધ અંગુલ. ૧૬. છ ઉત્સેધ અંગુલે એક પગનું પહોળપણું, ૧૭. બે પગ પહોળપણે એક વેંત ૧૮. બે વેંતે એક હાથ બે

હાથે એક કુક્ષિ. ૧૯. બે કુક્ષિએ એક ધનુષ્ય, ૨૦. બે હજાર ધનુષ્યે એક ગાઉ, ૨૧. તે ચાર ગાઉએ એક યોજન. તે એક યોજનનો કૂવો લાંબો, પહોળો ને ઉંડો જાણે કે હોય તેમ કલ્પીએ, ને તેમાં દેવ - ઉત્તરકુરૂ મનુષ્યના વાળ - એક એક વાળના અસંખ્ય ખંડ કરીએ, એ અસંખ્ય ખંડવાળા વાળોથી તળાથી તે ઉપર સુધી સજ્જડ - ગાઢ, ઠાંસીને તે કૂવો ભર્યો હોય, કે જેના પરથી ચક્રવર્તીનું લશ્કર ચાલ્યું જાય, પણ એક વાળ નમે નહિ. નદીનો પ્રવાહ ધોધમાર ચાલ્યો જાય, પણ અંદર પાણી ઉતરી શકે નહિ. કદાચ અગ્નિ પણ તે ઉપર લાગે, પણ અંદર જઈ શકે નહિ. તેવા કૂવામાંથી સો સો વર્ષે * એક એક વાળ ખંડ કાઢે ને સો સો વર્ષે એક એક ખંડ કાઢતાં જ્યારે તે કૂવો ખાલી થાય, તેટલામાં જેટલો વખત જાય, તેને શાસ્ત્રકાર એક પલ્ય કહે છે. ને તેવા દશ ક્રોડાક્રોડ પલ્યે એક સાગર થાય છે. વીશ ક્રોડાક્રોડ સાગર સમાય તેટલા વખતે એક કાલચક્ર થાય છે.

ઈતિ કાલઉપમા દ્વાર.

૭. કાલ અલ્પ બહુત્વ દ્વાર - ૧. અનંત કાલચક્ર જાય ત્યારે એક કાર્મણ પુદ્ગલ પરાવર્ત્ત થાય. ૨. અનંત કાર્મણ પુદ્ગલ પરાવર્ત્ત જાય ત્યારે એક તેજસ્ પુદ્ગલ પરાવર્ત્ત થાય, ૩. અનંત તેજસ્ પુદ્ગલ પરાવર્ત્ત જાય ત્યારે એક ઔદારિક પુદ્ગલ પરાવર્ત્ત થાય. ૪. તે અનંત પુદ્ગલ જાય ત્યારે એક

* અસંખ્ય સમયે એક આવલિકા, સંખ્યાત આવલિકાએ એક ઉચ્છવાસ, સંખ્યાત આવલિકાએ એક નિશ્વાસ બે મળી એક પ્રાણ. સાત પ્રાણે એક સ્તોક, (જરા થોડો વખત), સાત સ્તોકે એક લવ (બે કાષ્ટોનું માપ), ૭૭ લવે એક મુહૂર્ત્ત, ત્રીશ મુહૂર્ત્તે એક અહોરાત્રિ, ૧૫ અહોરાત્રિએ એક પક્ષ, બે પક્ષે માસ, બાર માસે એક વર્ષ.

શ્વાસોચ્છ્વાસ પુદ્‌ગલ પરાવર્ત્ત થાય. ૫. તે અનંત જાય ત્યારે એક મન પુદ્‌ગલ પરાવર્ત્ત થાય. ૬. તે અનંત જાય ત્યારે એક વચન પુદ્‌ગલ પરાવર્ત્ત થાય. ૭. તે અનંત જાય ત્યારે એક વૈક્રિય પુદ્‌ગલ પરાવર્ત્ત થાય.

ઇતિ કાલ અલ્પ બહુત્ત્વ દ્વાર

**૮. પુદ્‌ગલ મધ્ય પુદ્‌ગલ પરાવર્ત્ત** જાય તે - ૧. એક કાર્મણ પુદ્‌ગલ પરાવર્ત્તમાં અનંત કાલચક્ર જાય. ૨. એક તૈજસ્ પુદ્‌ગલ પરાવર્ત્તમાં અનંત કાર્મણ પુદ્‌ગલ પરાવર્ત્ત જાય. ૩. એક ઔદારિક પુદ્‌ગલ પરાવર્ત્તમાં અનંત તેજસ્ પુદ્‌ગલ પરાવર્ત જાય. ૪. એક શ્વાસોચ્છ્વાસ પુદ્‌ગલ પરાવર્ત્તમાં અનંત ઔદારિક પુદ્‌ગલ પરાવર્ત્ત જાય. ૫. એક મનઃપુદ્‌ગલ પરાવર્ત્તમાં અનંત શ્વાસોચ્છ્વાસ પુદ્‌ગલ પરાવર્ત્ત જાય. ૬. એક વચન પુદ્‌ગલ પરાવર્ત્તમાં અનંત મનઃ પુદ્‌ગલ પરાવર્ત્ત જાય. ૭. એક વૈક્રિય પુદ્‌ગલ પરાવર્ત્તમાં અનંત વચન પુદ્‌ગલ પરાવર્ત્ત જાય.

ઇતિ પુદ્‌ગલ મધ્ય પુદ્‌ગલ પરાવર્ત્ત દ્વાર.

**૯. પુદ્‌ગલ પરાવર્ત્ત કર્યા તેનો અલ્પ બહુત્વ** - ૧. સર્વ જીવે, સર્વથી થોડા વૈક્રિય પુદ્‌ગલ પરાવર્ત્ત કર્યા, ૨. તેથી વચન પુદ્‌ગલ પરાવર્ત્ત અનંતગુણ અધિક કર્યા, ૩. તેથી મનઃપુદ્‌ગલ પરાવર્ત્ત અનંતગુણ અધિક કર્યા, ૪. તેથી શ્વાસોચ્છ્વાસ પુદ્‌ગલ પરાવર્ત્ત અનંત ગુણ અધિક કર્યા, ૫. તેથી ઔદારિક પુદ્‌ગલ પરાવર્ત્ત અનંતગુણ અધિક કર્યા, ૬. તેથી તૈજસ્ પુદ્‌ગલ પરાવર્ત્ત અનંત ગુણ અધિક કર્યા, ૭. તેથી કાર્મણ પુદ્‌ગલ પરાવર્ત્ત અનંતગુણ અધિક કર્યા.

ઇતિ પુદ્‌ગલ કરણ અલ્પ બહુત્વ.

ઇતિ પુદ્‌ગલ પરાવર્ત્ત સંપૂર્ણ.

## (૨૨) જીવોની માર્ગણાના ૫૬૩ પ્રશ્નો

| અનુક્રમ | કયાં કયાં સ્થાન પર મલે છે તેની માર્ગણાના પ્રશ્નો | નરકના ૧૪ ભેદ | તિર્યંચના ૪૮ ભેદ | મનુષ્યના ૩૦૩ ભેદ | દેવતાના ૧૯૮ ભેદ |
|---|---|---|---|---|---|
| ૧. | અધોલોકમાં કેવલીમાં જીવના ભેદ કેટલા ? | ૦ | ૦ | ૧ | ૦ |
| ૨. | નિશ્ચય એકાવતારીમાં | ૦ | ૦ | ૦ | ૨ |
| ૩. | તેજોલેશી એકેન્દ્રિયમાં | ૦ | ૩ | ૦ | ૦ |
| ૪. | પૃથ્વીકાયમાં | ૦ | ૪ | ૦ | ૦ |
| ૫. | મિશ્ર દ્રષ્ટિ તિર્યંચમાં | ૦ | ૫ | ૦ | ૦ |
| ૬. | ઉર્ધ્વલોકની દેવીમાં | ૦ | ૦ | ૦ | ૬ |
| ૭. | નરકના પર્યાપ્તમાં | ૭ | ૦ | ૦ | ૦ |
| ૮. | બે યોગવાલા તિર્યંચમાં | ૦ | ૮ | ૦ | ૦ |
| ૯. | ઉર્ધ્વલોક નોગર્ભજ તેજોલેશ્યામાં | ૦ | ૩ | ૦ | ૬ |
| ૧૦. | એકાંત સમ્યક્ દ્રષ્ટિમાં | ૦ | ૦ | ૦ | ૧૦ |
| ૧૧. | વચનયોગી ચક્ષુઇન્દ્રિય તિર્યંચમાં | ૦ | ૧૧ | ૦ | ૦ |
| ૧૨. | અધોલોકના ગર્ભજમાં | ૦ | ૧૦ | ૨ | ૦ |
| ૧૩. | વચનયોગી તિર્યંચમાં | ૦ | ૧૩ | ૦ | ૦ |
| ૧૪. | અધોલોકનાં વચનયોગી ઔદારિક શરીરમાં | ૦ | ૧૩ | ૧ | ૦ |
| ૧૫. | કેવલીમાં | ૦ | ૦ | ૧૫ | ૦ |
| ૧૬. | ઊર્ધ્વલોક પંચેંદ્રિય તેજોલેશ્યામાં | ૦ | ૧૦ | ૦ | ૬ |
| ૧૭. | સમ્યક્દ્રષ્ટિ ઘ્રાણેન્દ્રિય તિર્યંચમાં | ૦ | ૧૭ | ૦ | ૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮. સમ્યક્ દ્રષ્ટિ તિર્યંચમાં | ૦ | ૧૮ | ૦ | ૦ |
| ૧૯. ઉર્ધ્વલોકનાં તેજોલેશ્યામાં | ૦ | ૧૩ | ૦ | ૬ |
| ૨૦. મિશ્રદ્રષ્ટિ ગર્ભજમાં | ૦ | ૫ | ૧૫ | ૦ |
| ૨૧. ઔદારિક શરીરમાંથી વૈક્રિય કરવાવાળામાં | ૦ | ૬ | ૧૫ | ૦ |
| ૨૨. એકેન્દ્રિય જીવોમાં | ૦ | ૨૨ | ૦ | ૦ |
| ૨૩. અધોલોકના મિશ્ર દ્રષ્ટિમાં | ૭ | ૫ | ૧ | ૧૦ |
| ૨૪. ઘ્રાણેન્દ્રિય તિર્યંચમાં | ૦ | ૨૪ | ૦ | ૦ |
| ૨૫. અધોલોકનાં વચનયોગી દેવોમાં | ૦ | ૦ | ૦ | ૨૫ |
| ૨૬. ત્રસ તિર્યંચમાં | ૦ | ૨૬ | ૦ | ૦ |
| ૨૭. ઉર્ધ્વલોક શુકલલેશી અભાષક | ૦ | ૫ | ૦ | ૨૨ |
| ૨૮. બાદર તિર્યંચ એક સંહનનવાળામાં | ૦ | ૨૮ | ૦ | ૦ |
| ૨૯. અધોલોક ત્રસ ઔદારિકમાં | ૦ | ૨૬ | ૩ | ૦ |
| ૩૦. એકાંત મિથ્યાત્વી તિર્યંચમાં | ૦ | ૩૦ | ૦ | ૦ |
| ૩૧. અધોલોક પુરૂષવેદ ભાષકમાં | ૦ | ૫ | ૧ | ૨૫ |
| ૩૨. પદ્મલેશી મિશ્ર દૃષ્ટિમાં | ૦ | ૫ | ૧૫ | ૧૨ |
| ૩૩. પદ્મલેશી વચનયોગીમાં | ૦ | ૫ | ૧૫ | ૧૩ |

નોટઃ અપર્યાપ્ત અવસ્થામાં ન મરે તેને અમર ભેદમાં ગણાય છે. ૭ નરકનાં અપ.+૯૯ દેવનાં અપ.+૮૬ જુગલીયા અપ.=૧૯૨ અમર ભેદ. શાશ્વતા એટલે જ થાળામાં, જે જગ્યાએ હોય તે જગ્યા કદાપિ ખાલી ન થાય. એક જીવ ત્યાંથી મરીને જાય તો બીજો જીવ ત્યાં આવી જાય તે. ૭ નરકનાં પર્યા.+૪૩ તિ. (સંજ્ઞી પંચે.નાં અપ.વર્જી) +૯૯ દેવનાં પર્યા.+૧૦૧ મનુ.ના ગર્ભજ.= ૨૫૦ ભેદ શાશ્વતાનાં.

| | | | | |
|---|---|---|---|---|
| ૩૪. ઉર્ધ્વલોકમાં એકાંત મિથ્યાત્વીમાં | ૦ | ૨૮ | ૦ | ૬ |
| ૩૫. અવધિદર્શન ઔદારિક શરીરમાં | ૦ | ૫ | ૩૦ | ૦ |
| ૩૬. ઉર્ધ્વલોક એકાંત નપુંસકમાં | ૦ | ૩૬ | ૦ | ૦ |
| ૩૭. અધોલોક પંચેન્દ્રિય નપુંસકમાં | ૧૪ | ૨૦ | ૩ | ૦ |
| ૩૮. અધોલોક મનયોગીમાં | ૭ | ૫ | ૧ | ૨૫ |
| ૩૯. અધોલોક એકાંત અસંજ્ઞીમાં | ૦ | ૩૮ | ૧ | ૦ |
| ૪૦. ઔદારિક શુકલલેશીમાં | ૦ | ૧૦ | ૩૦ | ૦ |
| ૪૧. ઉર્ધ્વલોકમાં તિર્યંચ શાશ્વતા | ૦ | ૪૧ | ૦ | ૦ |
| ૪૨. શુકલ લેશી વચનયોગીમાં | ૦ | ૫ | ૧૫ | ૨૨ |
| ૪૩. ઉર્ધ્વલોકમાં મનયોગીમાં | ૦ | ૫ | ૦ | ૩૮ |
| ૪૪. શુકલ દેશી દેવતાઓમાં | ૦ | ૦ | ૦ | ૪૪ |
| ૪૫. કર્મભૂમિ મનુષ્યોમાં | ૦ | ૦ | ૪૫ | ૦ |
| ૪૬ અધોલોક વચનયોગીમાં | ૭ | ૧૩ | ૧ | ૨૫ |
| ૪૭. શુકલ લેશી ઉર્ધ્વલોકમાં અવધિજ્ઞાની | ૦ | ૫ | ૦ | ૪૨ |
| ૪૮. અધોલોકમાં ત્રસ અભાષક | ૭ | ૧૩ | ૩ | ૨૫ |
| ૪૯. ઉર્ધ્વલોક શુકલ લેશી અવધિ દર્શની | ૦ | ૫ | ૦ | ૪૪ |
| ૫૦. જ્યોતિષીની આગતિમાં | ૦ | ૫ | ૪૫ | ૦ |
| ૫૧. અધોલોકમાં ઔદારિક શરીરીમાં | ૦ | ૪૮ | ૩ | ૦ |
| ૫૨. ઉર્ધ્વલોક શુકલ લેશી સમ્યક્ દ્રષ્ટિમાં | ૦ | ૧૦ | ૦ | ૪૨ |

| | | | | |
|---|---|---|---|---|
| ૫૩. અધોલોકમાં એકાંત નપુંસકવેદમાં | ૧૪ | ૩૮ | ૧ | ૦ |
| ૫૪. ઉર્ધ્વલોક શુકલ લેશીમાં | ૦ | ૧૦ | ૦ | ૪૪ |
| ૫૫. અધોલોક બાદર નપુંસકમાં | ૧૪ | ૩૮ | ૩ | ૦ |
| ૫૬. તિર્છા લોક મિશ્ર દ્રષ્ટિમાં | ૦ | ૫ | ૧૫ | ૩૬ |
| ૫૭. અધોલોક પર્યાપ્તમાં | ૭ | ૨૪ | ૧ | ૨૫ |
| ૫૮. અધોલોક અપર્યાપ્તમાં | ૭ | ૨૪ | ૨ | ૨૫ |
| ૫૯. કૃષ્ણ લેશી મિશ્ર દ્રષ્ટિમાં | ૩ | ૫ | ૧૫ | ૩૬ |
| ૬૦ અકર્મ ભૂમિ સંજ્ઞી મનુષ્યમાં | ૦ | ૦ | ૬૦ | ૦ |
| ૬૧. ઉર્ધ્વ લોક અણાહારકમાં | ૦ | ૨૩ | ૦ | ૩૮ |
| ૬૨. અધોલોક એકાંત મિથ્યાત્વીમાં | ૧ | ૩૦ | ૧ | ૩૦ |
| ૬૩. ઉર્ધ્વ અધોલોક દેવો મરવાળામાં | ૦ | ૦ | ૦ | ૬૩ |
| ૬૪. પદ્મલેશી સમ્યક્ દ્રષ્ટિમાં | ૦ | ૧૦ | ૩૦ | ૨૪ |
| ૬૫. અધોલોક તેજોલેશીમાં | ૦ | ૧૩ | ૨ | ૫૦ |
| ૬૬. પદ્મલેશીમાં | ૦ | ૧૦ | ૩૦ | ૨૬ |
| ૬૭. અધોલોકના નોગર્ભજ પ્રત્યેક શરીરી મરવાવાળા | ૭ | ૩૪ | ૧ | ૨૫ |
| ૬૮. તેજોલેશી મિશ્ર દ્રષ્ટિમાં | ૦ | ૫ | ૧૫ | ૪૮ |
| ૬૯. ઉર્ધ્વલોક બાદર શાશ્વતમાં | ૦ | ૩૧ | ૦ | ૩૮ |
| ૭૦. અધોલોકમાં અભાષકમાં | ૭ | ૩૫ | ૩ | ૨૫ |
| ૭૧. અધોલોકમાં અવધિ દર્શનમાં | ૧૪ | ૫ | ૨ | ૫૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૭૨. તીર્છાલોકમાં દેવતામાં | ૦ | ૦ | ૦ | ૭૨ |
| ૭૩. અધોલોકમાં બાદર મરવાવાળામાં | ૭ | ૩૮ | ૩ | ૨૫ |
| ૭૪. તિર્છાલોક નોગર્ભજ શાશ્વતા | ૦ | ૩૮ | ૦ | ૩૬ |
| ૭૫. ઉર્ધ્વ લોકમાં અવધિ જ્ઞાનમાં | ૦ | ૫ | ૦ | ૭૦ |
| ૭૬. ઉર્ધ્વ લોકમાં દેવતાઓમાં | ૦ | ૦ | ૦ | ૭૬ |
| ૭૭. અધોલોકમાં ચક્ષુ ઈન્દ્રિય નોગર્ભજમાં | ૧૪ | ૧૨ | ૧ | ૫૦ |
| ૭૮. ઉર્ધ્વ લોક નોગર્ભજ સમ્યગ દ્રષ્ટિમાં | ૦ | ૮ | ૦ | ૭૦ |
| ૭૯. ઉર્ધ્વ લોકમાં શાશ્વતામાં | ૦ | ૪૧ | ૦ | ૩૮ |
| ૮૦. ધાતકી ખંડમાં ત્રસમાં | ૦ | ૨૬ | ૫૪ | ૦ |
| ૮૧. સમ્યક્ દ્રષ્ટિ દેવતાઓના પર્યાપ્તમાં | ૦ | ૦ | ૦ | ૮૧ |
| ૮૨. શુક્લ લેશી સમ્યગ દ્રષ્ટિમાં | ૦ | ૧૦ | ૩૦ | ૪૨ |
| ૮૩. અધોલોકમાં મરવાવાળામાં | ૭ | ૪૮ | ૩ | ૨૫ |
| ૮૪. શુક્લ લેશી જીવોમાં | ૦ | ૧૦ | ૩૦ | ૪૪ |
| ૮૫. અધોલોક કૃષ્ણલેશી ત્રસમાં | ૬ | ૨૬ | ૩ | ૫૦ |
| ૮૬. ઉર્ધ્વ લોકમાં પુરૂષ વેદમાં | ૦ | ૧૦ | ૦ | ૭૬ |
| ૮૭. ઉર્ધ્વ લોક ઘ્રાણેન્દ્રિય સમ્યગ દ્રષ્ટિમાં | ૦ | ૧૭ | ૦ | ૭૦ |
| ૮૮. ઉર્ધ્વ લોકમાં સમ્યગ દ્રષ્ટિમાં | ૦ | ૧૮ | ૦ | ૭૦ |
| ૮૯. અધોલોકમાં ચક્ષુઈન્દ્રિયમાં | ૧૪ | ૨૨ | ૩ | ૫૦ |
| ૯૦. મનુષ્ય સમ્યગ્ દ્રષ્ટિમાં | ૦ | ૦ | ૯૦ | ૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૯૧. અધોલોકમાં ઘ્રાણેન્દ્રિયમાં | ૧૪ | ૨૪ | ૩ | ૫૦ |
| ૯૨. ઉર્ધ્વ લોકમાં ત્રસ મિથ્યાત્વમાં | ૦ | ૨૬ | ૦ | ૬૬ |
| ૯૩. અધોલોકમાં ત્રસમાં | ૧૪ | ૨૬ | ૩ | ૫૦ |
| ૯૪. દેવતા મિથ્યાત્વી પર્યાપ્તમાં | ૦ | ૦ | ૦ | ૯૪ |
| ૯૫. નોગર્ભજ અભાષક સમ્યગ્ દ્રષ્ટિમાં | ૬ | ૮ | ૦ | ૮૧ |
| ૯૬. ઉર્ધ્વ લોકમાં પંચેન્દ્રિયમાં | ૦ | ૨૦ | ૦ | ૭૬ |
| ૯૭. અધોલોકમાં કૃષ્ણલેશી બાદરમાં | ૬ | ૩૮ | ૩ | ૫૦ |
| ૯૮. ધાતકી ખંડમાં પ્રત્યેક શરીરીમાં | ૦ | ૪૪ | ૫૪ | ૦ |
| ૯૯. વચનયોગી દેવતાઓમાં | ૦ | ૦ | ૦ | ૯૯ |
| ૧૦૦. ઉર્ધ્વ લોક પ્રત્યેક શરીરી બાદર મિથ્યાત્વીમાં | ૦ | ૩૪ | ૦ | ૬૬ |
| ૧૦૧. વચનયોગી મનુષ્યોમાં | ૦ | ૦ | ૧૦૧ | ૦ |
| ૧૦૨. ઉર્ધ્વ લોકમાં ત્રસમાં | ૦ | ૨૬ | ૦ | ૭૬ |
| ૧૦૩. અધોલોકમાં નોગર્ભજમાં | ૧૪ | ૩૮ | ૧ | ૫૦ |
| ૧૦૪. એકાંતમાં મિથ્યાત્વ શાશ્વતામાં | ૦ | ૩૦ | ૫૬ | ૧૮ |
| ૧૦૫. અધોલોકમાં બાદરમાં | ૧૪ | ૩૮ | ૩ | ૫૦ |
| ૧૦૬. મનયોગી ગર્ભજમાં | ૦ | ૫ | ૧૦૧ | ૦ |
| ૧૦૭. અધોલોકમાં કૃષ્ણ લેશીમાં | ૬ | ૪૮ | ૩ | ૫૦ |
| ૧૦૮. ઔદારિક શરીર સમ્યગ્ દ્રષ્ટિમાં | ૦ | ૧૮ | ૯૦ | ૦ |
| ૧૦૯. કૃષ્ણલેશીવૈક્રિયશરીરનોગર્ભજમાં | ૬ | ૧ | ૦ | ૧૦૨ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૧૦. ઉર્ધ્વલોક બાદર પ્રત્યેક શરીરમાં | ૦ | ૩૪ | ૦ | ૭૬ |
| ૧૧૧. અધોલોકમાં પ્રત્યેક શરીરમાં | ૧૪ | ૪૪ | ૩ | ૫૦ |
| ૧૧૨. ઉર્ધ્વ લોકમાં મિથ્યાત્વીમાં | ૦ | ૪૬ | ૦ | ૬૬ |
| ૧૧૩. વચનયોગી ઘ્રાણેન્દ્રિય ઔદારિકમાં | ૦ | ૧૨ | ૧૦૧ | ૦ |
| ૧૧૪. ઔદારિક વચનયોગીમાં | ૦ | ૧૩ | ૧૦૧ | ૦ |
| ૧૧૫. અધોલોકમાં | ૧૪ | ૪૮ | ૩ | ૫૦ |
| ૧૧૬. મનુષ્ય અપર્યાપ્તા મરવાવાળામાં | ૦ | ૦ | ૧૧૬ | ૦ |
| ૧૧૭. ક્રિયાવાદી સમોસરણ નોપકર્મી આયુષ્ય અમરમાં | ૬ | ૦ | ૩૦ | ૮૧ |
| ૧૧૮. ઉર્ધ્વલોક પ્રત્યેક શરીરમાં | ૦ | ૪૨ | ૦ | ૭૬ |
| ૧૧૯. ઘ્રાણેન્દ્રિય મિશ્રયોગ શાશ્વતમાં | ૭ | ૧૨ | ૧૫ | ૮૫ |
| ૧૨૦. એકાંત અસંજ્ઞી અપર્યાપ્તમાં | ૦ | ૧૯ | ૧૦૧ | ૦ |
| ૧૨૧. વિભંગ જ્ઞાન મરવાવાળામાં | ૭ | ૫ | ૧૫ | ૯૪ |
| ૧૨૨. કૃષ્ણલેશી વૈક્રિય શરીર સ્ત્રીવેદમાં | ૦ | ૫ | ૧૫ | ૧૦૨ |
| ૧૨૩. ત્રણ શરીરી ઔદારિક શાશ્વતામાં | ૦ | ૩૭ | ૮૬ | ૦ |
| ૧૨૪. લવણ સમુદ્રમાં ઘ્રાણેન્દ્રિય અપર્યાપ્તમાં | ૦ | ૧૨ | ૧૧૨ | ૦ |
| ૧૨૫. લવણ સમુદ્રમાં તેજોલેશીમાં | ૦ | ૧૩ | ૧૧૨ | ૦ |
| ૧૨૬. મરવાવાળા ગર્ભજ જીવોમાં | ૦ | ૧૦ | ૧૧૬ | ૦ |

મિશ્ર યોગ - અપર્યાપ્તામાં નિયમા હોય, પર્યાપ્તમાં વૈક્રિયકે આહારક કરવાવાળામાં હોય.

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨૭. વૈક્રિય શરીર મરવાવાળામાં | ૭ | ૬ | ૧૫ | ૯૯ |
| ૧૨૮. દેવીમાં | ૦ | ૦ | ૦ | ૧૨૮ |
| ૧૨૯. એકાંત અસંજ્ઞી બાદરમાં | ૦ | ૨૮ | ૧૦૧ | ૦ |
| ૧૩૦. લવણ (સમુદ્ર) ત્રસ મિશ્રયોગીમાં | ૦ | ૧૮ | ૧૧૨ | ૦ |
| ૧૩૧. મનુષ્ય નપુંસક વેદમાં | ૦ | ૦ | ૧૩૧ | ૦ |
| ૧૩૨. શાશ્વતા મિશ્રયોગીમાં | ૭ | ૨૫ | ૧૫ | ૮૫ |
| ૧૩૩. મનયોગી સમ્યગ દૃષ્ટિ અસંખ્યાત ભવવાળામાં | ૭ | ૫ | ૪૫ | ૭૬ |
| ૧૩૪. બાદર ઔદારિક શાશ્વતમાં | ૦ | ૩૩ | ૧૦૧ | ૦ |
| ૧૩૫. પ્રત્યેક શરીરી એકાંત અસંજ્ઞીમાં | ૦ | ૩૪ | ૧૦૧ | ૦ |
| ૧૩૬. ત્રણ લેશી ઔદારિક શરીરમાં | ૦ | ૩૫ | ૧૦૧ | ૦ |
| ૧૩૭. ક્રિયાવાદી અશાશ્વતમાં | ૬ | ૫ | ૪૫ | ૮૧ |
| ૧૩૮. મનયોગી સમ્યક્ દૃષ્ટિમાં | ૭ | ૫ | ૪૫ | ૮૧ |
| ૧૩૯. ઔદારિક શરીર નોગર્ભજમાં | ૦ | ૩૮ | ૧૦૧ | ૦ |
| ૧૪૦. કૃષ્ણલેશી અમરમાં | ૩ | ૦ | ૮૬ | ૫૧ |
| ૧૪૧. એકાન્ત નપુંસક પ્રત્યેક શરીર બાદરમાં | ૧૪ | ૨૬ | ૧૦૧ | ૦ |
| ૧૪૨. પંચેન્દ્રિય સમ્યક્ દૃષ્ટિ અપર્યાપ્તામાં | ૬ | ૧૦ | ૪૫ | ૮૧ |
| ૧૪૩. એકાંત નપુંસક બાદરમાં | ૧૪ | ૨૮ | ૧૦૧ | ૦ |
| ૧૪૪ નોગર્ભજ શાશ્વતમાં | ૭ | ૩૮ | ૦ | ૯૯ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૪૫. અપર્યાપ્ત સમ્યગ દૃષ્ટિમાં | ૬ | ૧૩ | ૪૫ | ૮૧ |
| ૧૪૬. ત્રસ નોગર્ભજ એકાંત મિથ્યાત્વીમાં | ૧ | ૮ | ૧૦૧ | ૩૬ |
| ૧૪૭. લવણસમુદ્રના અભાષકમાં | ૦ | ૩૫ | ૧૧૨ | ૦ |
| ૧૪૮. સ્ત્રીવેદ વૈક્રિય શરીરમાં | ૦ | ૫ | ૧૫ | ૧૨૮ |
| ૧૪૯. સંજ્ઞી એકાંત મિથ્યાત્વીમાં | ૧ | ૦ | ૧૧૨ | ૩૬ |
| ૧૫૦. તિર્છાલોક વચનયોગીમાં | ૦ | ૧૩ | ૧૦૧ | ૩૬ |
| ૧૫૧. તિર્છાલોક પંચેન્દ્રિય નપુંસકમાં | ૦ | ૨૦ | ૧૩૧ | ૦ |
| ૧૫૨. તિર્છાલોક પંચેન્દ્રિય શાશ્વતમાં | ૦ | ૧૫ | ૧૦૧ | ૩૬ |
| ૧૫૩. એકાંત નપુંસક વેદમાં | ૧૪ | ૩૮ | ૧૦૧ | ૦ |
| ૧૫૪. તિર્છાલોક ચક્ષુઈન્દ્રિય શાશ્વતા | ૦ | ૧૭ | ૧૦૧ | ૩૬ |
| ૧૫૫. તિર્છાલોકમાં પ્રત્યેક બાદર પર્યાપ્તમાં | ૦ | ૧૮ | ૧૦૧ | ૩૬ |
| ૧૫૬. તિર્છાલોક બાદર પ્રયાપ્તમાં | ૦ | ૧૯ | ૧૦૧ | ૩૬ |
| ૧૫૭. મનુષ્ય એકાંત મિથ્યાત્વી અપર્યાપ્તમાં | ૦ | ૦ | ૧૫૭ | ૦ |
| ૧૫૮. નોગર્ભજ એકાંત મિથ્યાદષ્ટિ બાદરમાં | ૧ | ૨૦ | ૧૦૧ | ૩૬ |
| ૧૫૯. તિર્છાલોક પ્રત્યેક શરીરી પર્યાપ્તમાં | ૦ | ૨૨ | ૧૦૧ | ૩૬ |
| ૧૬૦. તિર્છાલોક કૃષ્ણલેશી સમ્યગ્ દષ્ટિમાં | ૦ | ૧૮ | ૯૦ | ૫૨ |
| ૧૬૧. તિર્છાલોકમાં પર્યાપ્તમાં | ૦ | ૨૪ | ૧૦૧ | ૩૬ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬૨. દેવતા સમ્યગ દષ્ટિમાં | ૦ | ૦ | ૦ | ૧૬૨ |
| ૧૬૩. સ્ત્રીવેદ અવધિ દર્શનમાં | ૦ | ૫ | ૩૦ | ૧૨૮ |
| ૧૬૪. પ્રત્યેક શરીરી નોગર્ભજ એકાંત મિથ્યાત્વ દ્રષ્ટિમાં | ૧ | ૨૬ | ૧૦૧ | ૩૬ |
| ૧૬૫. પંચેન્દ્રિય નપુંસક વેદમાં | ૧૪ | ૨૦ | ૧૩૧ | ૦ |
| ૧૬૬. અભાષક મરવાવાળામાં | ૦ | ૩૫ | ૧૩૧ | ૦ |
| ૧૬૭. કૃષ્ણલેશી ઘ્રાણેન્દ્રિય વચનયોગીમાં | ૩ | ૧૨ | ૧૦૧ | ૫૧ |
| ૧૬૮. કૃષ્ણલેશી વચનયોગીમાં | ૩ | ૧૩ | ૧૦૧ | ૫૧ |
| ૧૬૯. તિર્છાલોકમાં નોગર્ભજ કૃષ્ણલેશી ત્રસમાં | ૦ | ૧૬ | ૧૦૧ | ૫૨ |
| ૧૭૦. તેજોલેશી વચનયોગીમાં | ૦ | ૫ | ૧૦૧ | ૬૪ |
| ૧૭૧. નોગર્ભજ કૃષ્ણલેશી ત્રસ મરવાવાળામાં | ૩ | ૧૬ | ૧૦૧ | ૫૧ |
| ૧૭૨. કૃષ્ણલેશી સ્ત્રીવેદ સમ્યગ્ દ્રષ્ટિમાં | ૦ | ૧૦ | ૯૦ | ૭૨ |
| ૧૭૩. તેજોલેશી અભાષકમાં | ૦ | ૮ | ૧૦૧ | ૬૪ |
| ૧૭૪. નોગર્ભજ કૃષ્ણલેશી અપર્યાપ્તમાં | ૩ | ૧૯ | ૧૦૧ | ૫૧ |
| ૧૭૫. ઔદારિક શરીર ચાર લેશીમાં | ૦ | ૩ | ૧૭૨ | ૦ |
| ૧૭૬. લવણ સમુદ્ર ત્રસ એકાંત મિથ્યાત્વીમાં | ૦ | ૮ | ૧૬૮ | ૦ |
| ૧૭૭. તિર્છાલોકમાં પંચેન્દ્રિય સમ્યગ્ દષ્ટિમાં | ૦ | ૧૫ | ૯૦ | ૭૨ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૭૮. તિર્છાલોકમાં ચક્ષુઈન્દ્રિય સમ્યગ્ દષ્ટિમાં | ૦ | ૧૬ | ૯૦ | ૭૨ |
| ૧૭૯. તિર્છાલોકમાં સમુચ્ચય નપુંસક વેદમાં | ૦ | ૪૮ | ૧૩૧ | ૦ |
| ૧૮૦. તિર્છાલોકમાં સમ્યગ્ દ્રષ્ટિમાં | ૦ | ૧૮ | ૯૦ | ૭૨ |
| ૧૮૧. નોગર્ભજ ચક્ષુઈન્દ્રિય સમ્યગ્ દ્રષ્ટિમાં | ૧૩ | ૬ | ૦ | ૧૬૨ |
| ૧૮૨. નોગર્ભજ ઘ્રાણેન્દ્રિય સમ્યગ દ્રષ્ટિમાં | ૧૩ | ૭ | ૦ | ૧૬૨ |
| ૧૮૩. નોગર્ભજ સમ્યગ્ દ્રષ્ટિમાં | ૧૩ | ૮ | ૦ | ૧૬૨ |
| ૧૮૪. મિશ્રયોગી દેવતા વૈક્રિય શરીરમાં | ૦ | ૦ | ૦ | ૧૮૪ |
| ૧૮૫. કૃષ્ણલેશી સમ્યગ દ્રષ્ટિમાં | ૫ | ૧૮ | ૯૦ | ૭૨ |
| ૧૮૬. નીલલેશી સમ્યગ દ્રષ્ટિમાં | ૬ | ૧૮ | ૯૦ | ૭૨ |
| ૧૮૭. અભાષક મનુષ્ય એક સંસ્થાનીમાં | ૦ | ૦ | ૧૮૭ | ૦ |
| ૧૮૮. વિભંગજ્ઞાની દેવતાઓમાં | ૦ | ૦ | ૦ | ૧૮૮ |
| ૧૮૯. તિર્છાલોક નોગર્ભજ ત્રસમાં | ૦ | ૧૬ | ૧૦૧ | ૭૨ |
| ૧૯૦. લવણ સમુદ્રમાં ચક્ષુઈન્દ્રિયમાં | ૦ | ૨૨ | ૧૬૮ | ૦ |
| ૧૯૧. તિર્છાલોક કૃષ્ણલેશી નોગર્ભજમાં | ૦ | ૩૮ | ૧૦૧ | ૫૨ |
| ૧૯૨. લવણસમુદ્રમાં ઘ્રાણેન્દ્રિયમાં | ૦ | ૨૪ | ૧૬૮ | ૦ |
| ૧૯૩. સમુચ્ચયનપુંસક વેદમાં | ૧૪ | ૪૮ | ૧૩૧ | ૦ |
| ૧૯૪. લવણ સમુદ્રમાં ત્રસ જીવોમાં | ૦ | ૨૬ | ૧૬૮ | ૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯૫. સમ્યગ દ્રષ્ટિ વૈક્રિય શરીરમાં | ૧૩ | ૫ | ૧૫ | ૧૬૨ |
| ૧૯૬. તેજોલેશીમાં સમ્યગ દ્રષ્ટિમાં | ૦ | ૧૦ | ૯૦ | ૯૬ |
| ૧૯૭. એકવેદી ચક્ષુઈન્દ્રિયમાં | ૧૪ | ૧૨ | ૧૦૧ | ૭૦ |
| ૧૯૮. એકાંત મિથ્યાત્વી અભાષકમાં | ૧ | ૨૨ | ૧૫૭ | ૧૮ |
| ૧૯૯. નોગર્ભજ વૈક્રિય મિશ્રયોગીમાં | ૧૪ | ૧ | ૦ | ૧૮૪ |
| ૨૦૦. વચનયોગી ત્રણ શરીરમાં | ૭ | ૮ | ૮૬ | ૯૯ |
| ૨૦૧. એકવેદી ત્રસમાં | ૧૪ | ૧૬ | ૧૦૧ | ૭૦ |
| ૨૦૨. નોગર્ભજ વિભંગજ્ઞાનીમાં | ૧૪ | ૦ | ૦ | ૧૮૮ |
| ૨૦૩. નોગર્ભજ વૈક્રિય શરીરી મિથ્યાત્વીમાં | ૧૪ | ૧ | ૦ | ૧૮૮ |
| ૨૦૪. એકાંત મિથ્યાત્વદ્રષ્ટિ ત્રણ શરીરી મરવાવાળામાં | ૦ | ૨૯ | ૧૫૭ | ૧૮ |
| ૨૦૫. એકાંત મિથ્યાત્વદ્રષ્ટિ મરવાવાળામાં | ૦ | ૩૦ | ૧૫૭ | ૧૮ |
| ૨૦૬. લવણ સમુદ્રમાં બાદરમાં | ૦ | ૩૮ | ૧૬૮ | ૦ |
| ૨૦૭. મનયોગી મિથ્યાત્વીમાં | ૭ | ૫ | ૧૦૧ | ૯૪ |
| ૨૦૮. ઘણા ભાવવાળા અવધિજ્ઞાનમાં | ૧૩ | ૫ | ૩૦ | ૧૬૦ |
| ૨૦૯. સમુચ્ચય સંખ્યાત કાલના ત્રસ મરવાવાળામાં | ૧ | ૨૬ | ૧૩૧ | ૫૧ |
| ૨૧૦. અવધિ જ્ઞાનીમાં | ૧૩ | ૫ | ૩૦ | ૧૬૨ |
| ૨૧૧. તિર્છા લોકમાં નોગર્ભજમાં | ૦ | ૩૮ | ૧૦૧ | ૭૨ |
| ૨૧૨. મનયોગી જીવોમાં | ૭ | ૫ | ૧૦૧ | ૯૯ |
| ૨૧૩. એકાંત મિથ્યાત્વીમાં મનુષ્યમાં | ૦ | ૦ | ૨૧૩ | ૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૧૪. મિથ્યાત્વી વૈક્રિય મિશ્રયોગીમાં | ૧૪ | ૬ | ૧૫ | ૧૭૯ |
| ૨૧૫. ઔદારિક તેજોલેશ્યામાં | ૦ | ૧૩ | ૨૦૨ | ૦ |
| ૨૧૬. લવણ સમુદ્રમાં | ૦ | ૪૮ | ૧૬૮ | ૦ |
| ૨૧૭. વચનયોગી પંચેન્દ્રિયમાં | ૭ | ૧૦ | ૧૦૧ | ૯૯ |
| ૨૧૮. ત્રસ વૈક્રિય મિશ્રમાં | ૧૪ | ૫ | ૧૫ | ૧૮૪ |
| ૨૧૯. વૈક્રિય મિશ્રમાં | ૧૪ | ૬ | ૧૫ | ૧૮૪ |
| ૨૨૦. વચનયોગીમાં | ૭ | ૧૩ | ૧૦૧ | ૯૯ |
| ૨૨૧. અચરમ બાદર પર્યાપ્તમાં | ૭ | ૧૯ | ૧૦૧ | ૯૪ |
| ૨૨૨. પંચેન્દ્રિય શાશ્વતમાં | ૭ | ૧૫ | ૧૦૧ | ૯૯ |
| ૨૨૩. વૈક્રિય મિથ્યાત્વીમાં | ૧૪ | ૬ | ૧૫ | ૧૮૮ |
| ૨૨૪. ચક્ષુઈન્દ્રિય શાશ્વતામાં | ૭ | ૧૭ | ૧૦૧ | ૯૯ |
| ૨૨૫. પ્રત્યેક શરીર બાદર પર્યાપ્તમાં | ૭ | ૧૮ | ૧૦૧ | ૯૯ |
| ૨૨૬. ઔદારિક શરીરી અપર્યાપ્તમાં | ૦ | ૨૪ | ૨૦૨ | ૦ |
| ૨૨૭. નોગર્ભજ બાદર અભાષકમાં | ૭ | ૨૦ | ૧૦૧ | ૯૯ |
| ૨૨૮. ત્રસ શાશ્વતામાં | ૭ | ૨૧ | ૧૦૧ | ૯૯ |
| ૨૨૯. પ્રત્યેક શરીરી પર્યાપ્તમાં | ૭ | ૨૨ | ૧૦૧ | ૯૯ |
| ૨૩૦. ત્રસ ઔદારિક શરીરી અભાષકમાં | ૦ | ૧૩ | ૨૧૭ | ૦ |
| ૨૩૧. પર્યાપ્ત જીવોમાં | ૭ | ૨૪ | ૧૦૧ | ૯૯ |
| ૨૩૨. પંચેન્દ્રિય ઔદારિક મિશ્રયોગીમાં | ૦ | ૧૫ | ૨૧૭ | ૦ |
| ૨૩૩. વૈક્રિય શરીરમાં | ૧૪ | ૬ | ૧૫ | ૧૯૮ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩૪. ઔદારિક મિશ્રયોગીમાં ઘ્રાણેન્દ્રિયમાં | ૦ | ૧૭ | ૨૧૭ | ૦ |
| ૨૩૫. ઔદારિક મિશ્રયોગી ત્રસમાં | ૦ | ૧૮ | ૨૧૭ | ૦ |
| ૨૩૬. મનુષ્યની આગતિ નોગભર્જમાં | ૬ | ૩૦ | ૧૦૧ | ૯૯ |
| ૨૩૭. ઔદારિક શરીરી પંચેન્દ્રિય મરવાવાળામાં | ૦ | ૨૦ | ૨૧૭ | ૦ |
| ૨૩૮. પ્ર૦ શરીરી બાદર શાશ્વતમાં | ૭ | ૩૧ | ૧૦૧ | ૯૯ |
| ૨૩૯. સમદ્રષ્ટિ મિશ્રયોગીમાં | ૧૩ | ૧૮ | ૬૦ | ૧૪૮ |
| ૨૪૦. શાશ્વત બાદરમાં | ૭ | ૩૩ | ૧૦૧ | ૯૯ |
| ૨૪૧. પ્ર૦ શરીરી નોગર્ભજ મરનારામાં | ૭ | ૩૪ | ૧૦૧ | ૯૯ |
| ૨૪૨. બાદર ઔદારિક મિશ્રયોગીમાં | ૦ | ૨૫ | ૨૧૭ | ૦ |
| ૨૪૩. ઔદારિક એકાન્ત મિથ્યાત્વીમાં | ૦ | ૩૦ | ૨૧૩ | ૦ |
| ૨૪૪. ત્રણ શરીર નોગર્ભજ મરનારામાં | ૭ | ૩૭ | ૧૦૧ | ૯૯ |
| ૨૪૫. સમુ. અસંજ્ઞી ત્રસમાં | ૧ | ૨૧ | ૧૭૨ | ૫૧ |
| ૨૪૬. પ્ર૦ શરીર શાશ્વતામાં | ૭ | ૩૯ | ૧૦૧ | ૯૯ |
| ૨૪૭. અવધિ દર્શનમાં | ૧૪ | ૫ | ૩૦ | ૧૯૮ |
| ૨૪૮. તિર્યક્ પંચેંદ્રિય અપર્યાપ્તમાં | ૦ | ૧૦ | ૨૦૨ | ૩૬ |
| ૨૪૯. તિર્યક્ ચક્ષુઈંદ્રિય અપર્યાપ્તામાં | ૦ | ૧૧ | ૨૦૨ | ૩૬ |
| ૨૫૦. ભવ્યસિદ્ધિ શાશ્વતમાં | ૭ | ૪૩ | ૧૦૧ | ૯૯ |
| ૨૫૧. તિર્યક્ ત્રસ અપર્યાપ્તામાં | ૦ | ૧૩ | ૨૦૨ | ૩૬ |
| ૨૫૨. ઔદારિક અભાષકમાં | ૦ | ૩૫ | ૨૧૭ | ૦ |
| ૨૫૩. મિશ્રયોગી મરનારામાં | ૭ | ૩૦ | ૧૩૧ | ૮૫ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૫૪. સ્ત્રીવેદ મિશ્રયોગીમાં | ૦ | ૧૦ | ૧૧૬ | ૧૨૮ |
| ૨૫૫. પંચેન્દ્રિય એકાન્ત મિથ્યાત્વીમાં | ૧ | ૫ | ૨૧૩ | ૩૬ |
| ૨૫૬. ચક્ષુઈંદ્રિય એકાન્ત મિથ્યાત્વીમાં | ૧ | ૬ | ૨૧૩ | ૩૬ |
| ૨૫૭. ઘ્રાણેંદ્રિય એકાન્ત મિથ્યાત્વીમાં | ૧ | ૭ | ૨૧૩ | ૩૬ |
| ૨૫૮. ત્રસ એકાન્ત મિથ્યાત્વીમાં | ૧ | ૮ | ૨૧૩ | ૩૬ |
| ૨૫૯. ધર્મદેવની આગતિના ઘ્રાણેંદ્રિયમાં | ૫ | ૨૪ | ૧૩૧ | ૯૯ |
| ૨૬૦. પંચેન્દ્રિય ત્રણ શરીરી સમ્યક્ દ્રષ્ટિમાં | ૧૩ | ૧૦ | ૭૫ | ૧૬૨ |
| ૨૬૧. કૃષ્ણલેશી અશાશ્વતામાં | ૩ | ૫ | ૨૦૨ | ૫૧ |
| ૨૬૨. પુરૂષવેદી સમ્યક્દ્રષ્ટિમાં | ૦ | ૧૦ | ૯૦ | ૧૬૨ |
| ૨૬૩. પ્ર૦ શરીરી સમુચ્ચય અસંજ્ઞીમાં | ૧ | ૩૯ | ૧૭૨ | ૫૧ |
| ૨૬૪. તિર્યક્ કૃષ્ણલેશી સ્ત્રીવેદમાં | ૦ | ૧૦ | ૨૦૨ | ૫૨ |
| ૨૬૫. ઔદારિક શરીર મરનારામાં | ૦ | ૪૮ | ૨૧૭ | ૦ |
| ૨૬૬. પંચેન્દ્રિય કૃષ્ણ. અનાહારીમાં | ૩ | ૧૦ | ૨૦૨ | ૫૧ |
| ૨૬૭. ચક્ષુઈંદ્રિય કૃષ્ણ અનાહારીમાં | ૩ | ૧૧ | ૨૦૨ | ૫૧ |
| ૨૬૮. એક દષ્ટિ ત્રસકાયમાં | ૧ | ૮ | ૨૧૩ | ૪૬ |
| ૨૬૯. તિર્યક્ કૃષ્ણ. ત્રસ મરનારામાં | ૦ | ૨૬ | ૨૧૭ | ૨૬ |
| ૨૭૦. બાદર એકાંત મિથ્યાત્વીમાં | ૧ | ૨૦ | ૨૧૩ | ૩૬ |
| ૨૭૧. મનુષ્યની આગતિના મિથ્યાત્વીમાં | ૬ | ૪૦ | ૧૩૧ | ૯૪ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૭૨. મનુષ્યની આગતિના પ્ર૦ શરીરમાં | ૬ | ૩૬ | ૧૩૧ | ૯૯ |
| ૨૭૩. નીલલેશી એકાંત મિથ્યાત્વીમાં | ૦ | ૩૦ | ૨૧૩ | ૩૦ |
| ૨૭૪. કૃષ્ણલેશી ,, | ૧ | ૩૦ | ૨૧૩ | ૩૦ |
| ૨૭૫. ક્રિયાવાદી સમોસરણમાં | ૧૩ | ૧૦ | ૯૦ | ૧૬૨ |
| ૨૭૬. મનુષ્યની આગતિમાં | ૬ | ૪૦ | ૧૩૧ | ૯૯ |
| ૨૭૭. ચાર લેશ્યાવાળામાં | ૦ | ૩ | ૧૭૨ | ૧૦૨ |
| ૨૭૮. તિર્યક્ બાદર અભાષકમાં | ૦ | ૨૫ | ૨૧૭ | ૩૬ |
| ૨૭૯. ચક્ષુઈ સમ્યગ્૦ ઘણા ભવવાળામાં | ૧૩ | ૧૬ | ૯૦ | ૧૬૦ |
| ૨૮૦. પંચેન્દ્રિય સમ્યગ્ દષ્ટિમાં | ૧૩ | ૧૫ | ૯૦ | ૧૬૨ |
| ૨૮૧. ચક્ષુઈંદ્રિય ,, | ૧૩ | ૧૬ | ૯૦ | ૧૬૨ |
| ૨૮૨. ઘ્રાણેન્દ્રિય ,, | ૧૩ | ૧૭ | ૯૦ | ૧૬૨ |
| ૨૮૩. ત્રસકાય ,, | ૧૩ | ૧૮ | ૯૦ | ૧૬૨ |
| ૨૮૪. તિર્યક્ લોકના પુરૂષવેદમાં | ૦ | ૧૦ | ૨૦૨ | ૭૨ |
| ૨૮૫. ચક્ષુઈ. એક સંસ્થાન ઔદારિકમાં | ૦ | ૧૨ | ૨૭૩ | ૦ |
| ૨૮૬. એક દષ્ટિવાળા પ્રત્યેક શરીરીમાં | ૧ | ૨૬ | ૨૧૩ | ૪૬ |
| ૨૮૭. તિર્યક્ તેજોલેશીમાં | ૦ | ૧૩ | ૨૦૨ | ૭૨ |
| ૨૮૮. ત્રણ શરીરી મનુષ્યમાં | ૦ | ૦ | ૨૮૮ | ૦ |
| ૨૮૯. ત્રસ એક સંસ્થાન ઔદારિકમાં | ૦ | ૧૬ | ૨૭૩ | ૦ |
| ૨૯૦. એક દષ્ટિવાળા જીવોમાં | ૧ | ૩૦ | ૨૧૩ | ૪૬ |
| ૨૯૧. તિર્યક્ કૃષ્ણલેશી મરનારામાં | ૦ | ૪૮ | ૨૧૭ | ૨૬ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૯૨. જ. અં. ઉ. ૨ સાગર ૧ સંઠાણ મરનારામાં | ૨ | ૩૮ | ૧૮૭ | ૬૫ |
| ૨૯૩. ચક્ષુઈ. કૃષ્ણલેશી મરનારામાં | ૩ | ૨૨ | ૨૧૭ | ૫૧ |
| ૨૯૪. નોગર્ભજની આગતિના કૃષ્ણ૦ ત્રસમાં | ૦ | ૨૬ | ૨૧૭ | ૫૧ |
| ૨૯૫. ઘ્રાણેઈ. કૃષ્ણલેશી મરનારામાં | ૩ | ૨૪ | ૨૧૭ | ૫૧ |
| ૨૯૬. એકાંત સંજ્ઞીમાં | ૧૩ | ૫ | ૧૩૧ | ૧૪૭ |
| ૨૯૭. ત્રસ કૃષ્ણલેશી મરનારામાં | ૩ | ૨૬ | ૨૧૭ | ૫૧ |
| ૨૯૮. પંચેન્દ્રિય અર્પાપ્તા એક સંસ્થાનીમાં | ૭ | ૫ | ૧૮૭ | ૯૯ |
| ૨૯૯. ચક્ષુઈંદ્રિય અપર્યાપ્તા એક સંસ્થાનીમાં | ૭ | ૬ | ૧૮૭ | ૯૯ |
| ૩૦૦. સ્ત્રીવેદ એક સંસ્થાની | ૦ | ૦ | ૧૭૨ | ૧૨૮ |
| ૩૦૧. એક સંસ્થાની ઔદારિક બાદરમાં | ૦ | ૨૮ | ૨૭૩ | ૦ |
| ૩૦૨. ઘ્રાણે૦ એક સંસ્થાની અચરમ મરનારમાં | ૭ | ૧૪ | ૧૮૭ | ૯૪ |
| ૩૦૩. મનુષ્યમાં | ૦ | ૦ | ૩૦૩ | ૦ |
| ૩૦૪. નોગર્ભજ પંચેન્દ્રિય મિશ્રયોગીમા | ૧૪ | ૫ | ૧૦૧ | ૧૮૪ |
| ૩૦૫. સમ્યગ૦ આગતિ કૃષ્ણ બાદરમાં | ૩ | ૩૪ | ૨૧૭ | ૫૧ |
| ૩૦૬. તિર્યક ઘ્રાણેન્દ્રિય મિશ્રયોગીમાં | ૦ | ૧૭ | ૨૧૭ | ૭૨ |
| ૩૦૭. તિર્યક્ ત્રસ મિશ્રયોગીમાં | ૦ | ૧૮ | ૨૧૭ | ૭૨ |
| ૩૦૮. અશાશ્વતા મિથ્યાત્વીમાં | ૭ | ૫ | ૨૦૨ | ૯૪ |
| ૩૦૯. સમ્ય૦ આગતિ એક સંસ્થાની ત્રસમાં | ૭ | ૧૬ | ૧૮૭ | ૯૯ |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૧૦. ઔદારિક ત્રણ શરીરી એક સંસ્થાનીમાં | ૦ | ૩૭ | ૨૭૩ | ૦ |
| ૩૧૧. ઔદારિક એક સંસ્થાનીમાં | ૦ | ૩૮ | ૨૭૩ | ૦ |
| ૩૧૨. નોગર્ભજની આગતિ કૃષ્ણ૦ પ્રત્યેક શરીરી | ૦ | ૪૪ | ૨૧૭ | ૫૧ |
| ૩૧૩. અશાશ્વતામાં | ૭ | ૫ | ૨૦૨ | ૯૯ |
| ૩૧૪. કૃષ્ણલેશી સ્ત્રીવેદમાં | ૦ | ૧૦ | ૨૦૨ | ૧૦૨ |
| ૩૧૫. પ્ર૦ શરીરી કૃષ્ણ૦ મરનારામાં | ૩ | ૪૪ | ૨૧૭ | ૫૧ |
| ૩૧૬. ત્રસ અનાહારી અચરમમાં | ૭ | ૧૩ | ૨૦૨ | ૯૪ |
| ૩૧૭. નોગર્ભજ ઘ્રાણે૦ મિથ્યા૦ માં | ૧૪ | ૧૪ | ૧૦૧ | ૧૮૮ |
| ૩૧૮. શ્રોત્રેન્દ્રિય અપર્યાપ્તામાં | ૭ | ૧૦ | ૨૦૨ | ૯૯ |
| ૩૧૯. કૃષ્ણલેશી મરનારામાં | ૩ | ૪૮ | ૨૧૭ | ૫૧ |
| ૩૨૦. ત્રણ શરીરી સ્ત્રીવેદમાં | ૦ | ૫ | ૧૮૭ | ૧૨૮ |
| ૩૨૧. ત્રસ અપર્યાપ્તામાં | ૭ | ૧૩ | ૨૦૨ | ૯૯ |
| ૩૨૨. બાદર અનાહારી અચરમમાં | ૭ | ૧૯ | ૨૦૨ | ૯૪ |
| ૩૨૩. નોગર્ભજ પંચેન્દ્રિયમાં | ૧૪ | ૧૦ | ૧૦૧ | ૧૯૮ |
| ૩૨૪. ત્રણ શરીરી ત્રસ મિથ્યા૦ મરનારામાં | ૭ | ૨૧ | ૨૦૨ | ૯૪ |
| ૩૨૫. ઔદારિક ચક્ષુઈંદ્રિયમાં | ૦ | ૨૨ | ૩૦૩ | ૦ |
| ૩૨૬. મિથ્યાત્વી એક સંસ્થાની મરનારામાં | ૭ | ૩૮ | ૧૮૭ | ૯૪ |
| ૩૨૭. નોગર્ભજ ઘ્રાણેન્દ્રિયમાં | ૧૪ | ૧૪ | ૧૦૧ | ૧૯૮ |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૨૮. બાદર અભાષક અચરમમાં | ૭ | ૨૫ | ૨૦૨ | ૯૪ |
| ૩૨૯. ઔદારિક ત્રસમાં | ૦ | ૨૬ | ૩૦૩ | ૦ |
| ૩૩૦. ઔદારિક એકાંત ભવધારણી દેહમાં | ૦ | ૪૨ | ૨૮૮ | ૦ |
| ૩૩૧. નોગર્ભજ બાદર મિથ્યા૦માં | ૧૪ | ૨૮ | ૧૦૧ | ૧૮૮ |
| ૩૩૨. ત્રસ મિથ્યાત્વી એકાંત સંખ્યાતા કાળની સ્થિતિવાળા | ૭ | ૨૪ | ૨૦૭ | ૯૪ |
| ૩૩૩. ચક્ષુઈ. એકાંત સંખ્યાતા કાળની સ્થિતિવાળા | ૭ | ૨૦ | ૨૦૭ | ૯૯ |
| ૩૩૪. તિર્યક્ અધોલોકની સ્ત્રીમાં | ૦ | ૧૦ | ૨૦૨ | ૧૨૨ |
| ૩૩૫. ઘ્રાણઈ. એકાંત સંખ્યાતા કાળની સ્થિતિ વાળામાં | ૭ | ૨૨ | ૨૦૭ | ૯૯ |
| ૩૩૬. કાર્મણ યોગ ત્રસમાં | ૭ | ૧૩ | ૨૧૭ | ૯૯ |
| ૩૩૭. નોગર્ભજ પ્ર૦ શરીરી અચરમમાં | ૧૪ | ૩૪ | ૧૦૧ | ૧૮૮ |
| ૩૩૮. અભાષક અચરમમાં | ૭ | ૩૫ | ૨૦૨ | ૯૪ |
| ૩૩૯. ઉર્ધ્વ તિર્યક્૦ના મરનારામાં | ૦ | ૪૮ | ૨૧૭ | ૭૪ |
| ૩૪૦. નોગર્ભજ બાદર ત્રણ શરીરીમાં | ૧૪ | ૨૭ | ૧૦૧ | ૧૯૮ |
| ૩૪૧. ઔદારિક બાદરમાં | ૦ | ૩૮ | ૩૦૩ | ૦ |
| ૩૪૨. ઘ્રાણેન્દ્રિય મિથ્યા૦ મરનારામાં | ૭ | ૨૪ | ૨૧૭ | ૯૪ |
| ૩૪૩. તેજો લેશ્યાવાળા જીવોમાં | ૦ | ૧૩ | ૨૦૨ | ૧૨૮ |
| ૩૪૪. ત્રસ મિથ્યા૦ મરનારામાં | ૭ | ૨૬ | ૨૧૭ | ૯૪ |
| ૩૪૫. ત્રણ શરીરી મિ૦ ,, | ૭ | ૪૨ | ૨૦૨ | ૯૪ |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૪૬. પ્રત્યે૦ શરીરી જ.અં.ઉ. ૧૬ સાગર સ્થિતિ મરનારામાં | ૫ | ૪૪ | ૨૧૭ | ૮૦ |
| ૩૪૭. અનાહારક જીવોમાં | ૭ | ૨૪ | ૨૧૭ | ૯૯ |
| ૩૪૮. બાદર અભાષકમાં | ૭ | ૨૫ | ૨૧૭ | ૯૯ |
| ૩૪૯. ત્રસ પણે મરનારામાં | ૭ | ૨૬ | ૨૧૭ | ૯૯ |
| ૩૫૦. નોગર્ભજ ત્રણ શરીરીમાં | ૧૪ | ૩૭ | ૧૦૧ | ૧૯૮ |
| ૩૫૧. ઔદારિક શરીરીમાં | ૦ | ૪૮ | ૩૦૩ | ૦ |
| ૩૫૨. જ.અં.ઉ, ૧૭ સાગરની સ્થિતિના મરનારામાં | ૬ | ૪૮ | ૨૧૭ | ૮૧ |
| ૩૫૩. નોગર્ભજની ગતિના ત્રસ ત્રણ શરીરીમાં | ૨ | ૨૧ | ૨૨૮ | ૧૦૨ |
| ૩૫૪. મિથ્યા૦ એકાન્ત સંખ્યા સ્થિતિમાં | ૭ | ૪૬ | ૨૦૭ | ૯૪ |
| ૩૫૫. તિર્યક્ લોક પંચેન્દ્રિય એક સંસ્થાનીમાં | ૦ | ૧૦ | ૨૭૩ | ૭૨ |
| ૩૫૬. બાદર મિથ્યા૦ મરનારામાં | ૭ | ૩૮ | ૨૧૭ | ૯૪ |
| ૩૫૭. સમ્ય૦ આગતિના બાદરમાં | ૭ | ૩૪ | ૨૧૭ | ૯૯ |
| ૩૫૮. અભાષકમાં | ૭ | ૩૫ | ૨૧૭ | ૯૯ |
| ૩૫૯. તિર્યક્ ઘ્રાણેન્દ્રિય એક સંસ્થાનીમાં | ૦ | ૧૪ | ૨૭૩ | ૭૨ |
| ૩૬૦. ઉર્ધ્વલોક તિર્યક્ પુરૂષવેદમાં | ૦ | ૧૦ | ૨૦૨ | ૧૪૮ |
| ૩૬૧. તિર્યક્ ત્રસ એક સંસ્થાનીમાં | ૦ | ૧૬ | ૨૭૩ | ૭૨ |
| ૩૬૨. પ્ર. શરીરી મિથ્યા૦ મરનારામાં | ૭ | ૪૪ | ૨૧૭ | ૯૪ |
| ૩૬૩. સમ્ય૦ આગતિમાં | ૭ | ૪૦ | ૨૧૭ | ૯૯ |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૬૪. નોગર્ભજની ગતિના બાદર ત્રણ શરીરીમાં | ૨ | ૩૨ | ૨૨૮ | ૧૦૨ |
| ૩૬૫. જ.અં.ઉ. ૨૯ સાગરની સ્થિતિએ મરનારમાં | ૭ | ૪૮ | ૨૧૭ | ૯૩ |
| ૩૬૬. મિથ્યા૦ મરનારામાં | ૭ | ૪૮ | ૨૧૭ | ૯૪ |
| ૩૬૭. પ્ર. શરીરી મરનારામાં | ૭ | ૪૪ | ૨૧૭ | ૯૯ |
| ૩૬૮. પુરૂષ એક સંસ્થા૦ ઘણા ભવવાળામાં | ૦ | ૦ | ૧૭૨ | ૧૯૬ |
| ૩૬૯. અધો૦ તિર્ય૦ ચક્ષુ૦ મિશ્રયોગીમાં | ૧૪ | ૧૬ | ૨૧૭ | ૧૨૨ |
| ૩૭૦. કૃષ્ણલેશી સંખ્યા૦ સ્થિતિવાળામાં | ૩ | ૪૮ | ૨૧૭ | ૧૦૨ |
| ૩૭૧. સમુચ્ચય મરનારામાં | ૭ | ૪૮ | ૨૧૭ | ૯૯ |
| ૩૭૨. તિર્ય૦ કૃષ્ણ૦ ત્રણ શરીરી બાદરમાં | ૦ | ૩૨ | ૨૮૮ | ૫૨ |
| ૩૭૩. તિર્યક્ બાદર એક સંસ્થાનીમાં | ૦ | ૨૮ | ૨૭૩ | ૭૨ |
| ૩૭૪. અ૦ તિ૦ બાદર કૃષ્ણ૦ એકાંત ભવધારણી દેહ | ૩ | ૩૨ | ૨૮૮ | ૫૧ |
| ૩૭૫. તિર્ય૦ પંચેન્દ્રિય કૃષ્ણલેશીમાં | ૦ | ૨૦ | ૩૦૩ | ૫૨ |
| ૩૭૬. એક સંસ્થાની મિશ્રયોગી પંચેન્દ્રિય અનેરિયામાં | ૦ | ૫ | ૧૮૭ | ૧૮૪ |
| ૩૭૭. તિર્ય૦ ચક્ષુ૦ કૃષ્ણ લેશીમાં | ૦ | ૨૨ | ૩૦૩ | ૫૨ |
| ૩૭૮. ભૂજપરની ગતિના પંચે૦ સંજ્ઞીમાં | ૪ | ૧૦ | ૨૦૨ | ૧૬૨ |

ભવધારણી - વૈક્રિય લબ્ધિ ન ખેરવે તે

| | | | | |
|---|---|---|---|---|
| ૩૭૯. તિર્યક ઘ્રાણેન્દ્રિય કૃષ્ણલેશીમાં | ૦ | ૨૪ | ૩૦૩ | ૫૨ |
| ૩૮૦. પુરૂષ ત્રણ શરીરી અચરમમાં | ૦ | ૫ | ૧૮૭ | ૧૮૮ |
| ૩૮૧. તિર્યં૦ ત્રસ કૃષ્ણલેશીમાં | ૦ | ૨૬ | ૩૦૩ | ૫૨ |
| ૩૮૨. તિર્યં૦ ત્રણ શરીરી કૃષ્ણલેશીમાં | ૦ | ૪૨ | ૨૮૮ | ૫૨ |
| ૩૮૩. તિર્યં૦ એક સંસ્થાનીમાં | ૦ | ૩૮ | ૨૭૩ | ૭૨ |
| ૩૮૪. સંજ્ઞી ,, | ૧૪ | ૦ | ૧૭૨ | ૧૯૮ |
| ૩૮૫. નોગર્ભજની ગતિના બાદરમાં | ૨ | ૩૮ | ૨૪૩ | ૧૦૨ |
| ૩૮૬. અધો. તિર્યં. બાદર પ્રત્યેક ભવધારીણી અવગાહના | ૭ | ૩૦ | ૨૮૮ | ૬૧ |
| ૩૮૭. ઉર્ધ્વ૦ તિર્યં૦ ત્રસ મિથ્યા એકાંત ભવધારણી દેહમાં | ૦ | ૨૧ | ૨૮૮ | ૭૮ |
| ૩૮૮. અધો. તિર્ય. એકાંત ભવધારણી દેહ બાદરમાં | ૭ | ૩૨ | ૨૮૮ | ૬૧ |
| ૩૮૯. સંજ્ઞી અભવ્ય ત્રણ શરીરી અતિર્યંચમાં | ૧૪ | ૦ | ૧૮૭ | ૧૮૮ |
| ૩૯૦. પુરૂષવેદ ત્રણ શરીરમાં | ૦ | ૫ | ૧૮૭ | ૧૯૮ |
| ૩૯૧. પંચેન્દ્રિય કૃષ્ણ૦ એક સંસ્થાનીમાં | ૬ | ૧૦ | ૨૭૩ | ૧૦૨ |
| ૩૯૨. તિર્યં૦ બાદર ત્રણ શરીરીમાં | ૦ | ૩૨ | ૨૮૮ | ૭૨ |
| ૩૯૩ તિર્યં૦ બાદર કૃષ્ણલેશીમાં | ૦ | ૩૮ | ૩૦૩ | ૫૨ |
| ૩૯૪. સંજ્ઞી અભવ્ય ત્રણ શરીરીમાં | ૧૪ | ૫ | ૧૮૭ | ૧૮૮ |
| ૩૯૫. તિર્યં૦ પંચેન્દ્રિયમાં | ૦ | ૨૦ | ૩૦૩ | ૭૨ |
| ૩૯૬. પુરૂષવેદી મિથ્યાદષ્ટિ જ.અં.ઊ. ૨૮ સાગરની સ્થિતિમાં | ૦ | ૧૦ | ૨૦૨ | ૧૮૪ |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૯૭. તિર્યં૦ ચક્ષુ ઈન્દ્રિયમાં | ૦ | ૨૨ | ૩૦૩ | ૭૨ |
| ૩૯૮. અધો૦ તિ૦ એકાંત ભવધારણી દેહમાં | ૭ | ૪૨ | ૨૮૮ | ૬૧ |
| ૩૯૯. તિર્યં૦ ઘ્રાણેન્દ્રિયમાં | ૦ | ૨૪ | ૩૦૩ | ૭૨ |
| ૪૦૦. અભવ્ય પુરૂષ વેદમાં | ૦ | ૧૦ | ૨૦૨ | ૧૮૮ |
| ૪૦૧. તિર્યં૦ ત્રસ જીવોમાં | ૦ | ૨૬ | ૩૦૩ | ૭૨ |
| ૪૦૨. ,, ત્રણ શરીરમાં | ૦ | ૪૨ | ૨૮૮ | ૭૨ |
| ૪૦૩. તિર્યં૦ કૃષ્ણલેશીમાં | ૦ | ૪૮ | ૩૦૩ | ૫૨ |
| ૪૦૪. સમુ૦ સંજ્ઞી અસં. ભવવાળા અતિર્યંચમાં | ૧૪ | ૦ | ૨૦૨ | ૧૮૮ |
| ૪૦૫. ઉરપરની ગતિના ચક્ષુ૦ મિશ્રયોગીમાં | ૧૦ | ૧૭ | ૨૧૭ | ૧૬૨ |
| ૪૦૬. ઉરપરની ગતિના ઘ્રાણ૦ મિશ્રયોગીમાં | ૧૦ | ૧૬ | ૨૧૭ | ૧૬૨ |
| ૪૦૭. બાદર પ્ર. કૃષ્ણ૦ એક સંસ્થાનીમાં | ૬ | ૨૬ | ૨૭૩ | ૧૦૨ |
| ૪૦૮. તિર્યં૦ એકાંત છદ્મસ્થમાં | ૦ | ૪૮ | ૨૮૮ | ૭૨ |
| ૪૦૯. બાદર કૃષ્ણ એક સંસ્થાનીમાં | ૬ | ૨૮ | ૨૭૩ | ૧૦૨ |
| ૪૧૦. પુરૂષવેદમાં | ૦ | ૧૦ | ૨૦૨ | ૧૯૮ |
| ૪૧૧. તિર્યં૦ પ્ર૦ શરીરી બાદરમાં | ૦ | ૩૬ | ૩૦૩ | ૭૨ |
| ૪૧૨. સ્ત્રીની ગતિના, સંજ્ઞી મિથ્યા૦ માં | ૧૨ | ૧૦ | ૨૦૨ | ૧૮૮ |
| ૪૧૩. પ્રશસ્ત લેશ્યામાં | ૦ | ૧૩ | ૨૦૨ | ૧૯૮ |
| ૪૧૪. સંજ્ઞી મિથ્યાત્વીમાં | ૧૪ | ૧૦ | ૨૦૨ | ૧૮૮ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૪૧૫. | પ્ર૦ શરીરી કૃષ્ણ૦ એક સંસ્થાનીમાં | ૬ | ૩૪ | ૨૭૩ | ૧૦૨ |
| ૪૧૬. | અપ્રશસ્ત લેશી ત્રણ શરીરી બા૦ એક સંસ્થાનીમાં | ૧૪ | ૨૭ | ૨૭૩ | ૧૦૨ |
| ૪૧૭. | સ્ત્રીની ગતિ કૃષ્ણ૦ એક સંસ્થાનીમાં | ૪ | ૩૮ | ૨૭૩ | ૧૦૨ |
| ૪૧૮. | પ્ર૦ બાદર એક સંસ્થા૦ એકાંત ભવ ધારણી દેહમાં | ૭ | ૨૫ | ૨૭૩ | ૧૧૩ |
| ૪૧૯. | કૃષ્ણ લેશ્યા એક સંસ્થાનીમાં | ૬ | ૩૮ | ૨૭૩ | ૧૦૨ |
| ૪૨૦. | મિશ્રયોગી બાદર એકાંત અસંયમમાં | ૧૪ | ૨૦ | ૨૦૨ | ૧૮૪ |
| ૪૨૧. | સ્ત્રીની ગતિ અપ્રશસ્ત લેશી પ્ર૦ શરીર એક સંસ્થાનીમાં | ૧૨ | ૩૪ | ૨૭૩ | ૧૦૨ |
| ૪૨૨. | સ્ત્રીની ગતિના સંજ્ઞીમાં | ૧૨ | ૧૦ | ૨૦૨ | ૧૯૮ |
| ૪૨૩. | પ્ર૦ શરીરી મિશ્રયોગી એકાંત અસંયમમાં | ૧૪ | ૨૩ | ૨૦૨ | ૧૮૪ |
| ૪૨૪. | સમુચ્ચય સંજ્ઞીમાં | ૧૪ | ૧૦ | ૨૦૨ | ૧૯૮ |
| ૪૨૫. | મિશ્રયોગી એકાંત અપચ્ચક્ખાણીમાં | ૧૪ | ૨૫ | ૨૦૨ | ૧૮૪ |
| ૪૨૬. | કૃષ્ણલેશી બા૦ પ્ર૦ ત્રણ શરીરીમાં | ૬ | ૩૦ | ૨૮૮ | ૧૦૨ |
| ૪૨૭. | અપ્રશસ્ત લેશી એક સંસ્થાનીમાં | ૧૪ | ૩૮ | ૨૭૩ | ૧૦૨ |
| ૪૨૮ | કૃષ્ણ૦ બાદર ત્રણ શરીરીમાં | ૬ | ૩૨ | ૨૮૮ | ૧૦૨ |
| ૪૨૯. | ,, ,, એકાંત અસંયમમાં | ૬ | ૩૩ | ૨૮૮ | ૧૦૨ |
| ૪૩૦. | સ્ત્રી ગતિના ત્રસ મિશ્ર૦ ઘણા ભવવાળા | ૧૨ | ૧૮ | ૨૧૭ | ૧૮૩ |
| ૪૩૧. | સ્ત્રી૦ ગતિના ત્રસ મિશ્ર. | ૧૨ | ૧૮ | ૨૧૭ | ૧૮૪ |
| ૪૩૨. | ત્રસ મિશ્રયોગી સંખ્યા૦ ભવવાળા | ૧૪ | ૧૮ | ૨૧૭ | ૧૮૩ |

| | | | | |
|---|---|---|---|---|
| ૪૩૩. ત્રસ મિશ્રયોગી | ૧૪ | ૧૮ | ૨૧૭ | ૧૮૪ |
| ૪૩૪. કૃષ્ણ પ્ર૦ ત્રણ શરીરીમાં | ૬ | ૩૮ | ૨૮૮ | ૧૦૨ |
| ૪૩૫. મિશ્રયોગી બા. મિથ્યા. | ૧૪ | ૨૫ | ૨૧૭ | ૧૭૯ |
| ૪૩૬. બા૦ ત્રણ શરીરી અપ્રશસ્ત લેશીમાં | ૧૪ | ૩૨ | ૨૮૮ | ૧૦૨ |
| ૪૩૭. બાદર એકાંત અપચ્ચ. અપ્રશસ્ત લેશીમાં | ૧૪ | ૩૩ | ૨૮૮ | ૧૦૨ |
| ૪૩૮. કૃષ્ણ૦ ત્રણ શરીરીમાં | ૬ | ૪૨ | ૨૮૮ | ૧૦૨ |
| ૪૩૯. ,, એકાંત અપચ્ચ૦ | ૬ | ૪૩ | ૨૮૮ | ૧૦૨ |
| ૪૪૦. મિશ્રયોગ બાદરમાં | ૧૪ | ૨૫ | ૨૧૭ | ૧૮૪ |
| ૪૪૧. અધો૦ તિ.ના ચક્ષુ૦ ત્રણ શ૦ | ૧૪ | ૧૭ | ૨૮૮ | ૧૨૨ |
| ૪૪૨. પ્ર૦ ત્રણ શ૦ અપ્રશસ્ત લેશીમાં | ૧૪ | ૩૮ | ૨૮૮ | ૧૦૨ |
| ૪૪૩. પ્ર૦ મિશ્ર યોગીમાં | ૧૪ | ૨૮ | ૨૧૭ | ૧૮૪ |
| ૪૪૪. પ્ર૦ એકાંત ભવધા૦ દેહ ઘણા ભવવાળા | ૭ | ૩૮ | ૨૮૮ | ૧૧૧ |
| ૪૪૫. અધો તિ. ત્રણ શરીરી ત્રસમાં | ૧૪ | ૨૧ | ૨૮૮ | ૧૨૨ |
| ૪૪૬. અપ્ર. લેશ્યા ત્રણ શરીરી | ૧૪ | ૪૨ | ૨૮૮ | ૧૦૨ |
| ૪૪૭. એકાંત અસંયમ અપ્રશસ્ત લેશી | ૧૪ | ૪૩ | ૨૮૮ | ૧૦૨ |
| ૪૪૮. ,, ભવધા૦ દેહ ઘણા ભવવાળા | ૭ | ૪૨ | ૨૮૮ | ૧૧૧ |
| ૪૪૯. સ્ત્રીગતિના એકાંત ભવ૦ દેહ | ૬ | ૪૨ | ૨૮૮ | ૧૧૩ |
| ૪૫૦. ભવસિદ્ધિ એકાંત ,, ,, | ૭ | ૪૨ | ૨૮૮ | ૧૧૩ |
| ૪૫૧. ઉરપરની ગતિ કૃ. પ્રત્યેક શરીરી | ૨ | ૪૪ | ૩૦૩ | ૧૦૨ |
| ૪૫૨. ભુજપર ,, અધો૦ તિ૦ પ્ર૦ ત્રણ શરીરી | ૪ | ૩૮ | ૨૮૮ | ૧૨૨ |

| | | | | |
|---|---|---|---|---|
| ૪૫૩. સ્ત્રી૦ ગતિ કૃ૦ પ્ર૦ શરીરી | ૪ | ૪૪ | ૩૦૩ | ૧૦૨ |
| ૪૫૪. ઉર્ધ્વ તિ. એકાંત છદ્દ. પંચે. ઘણા ભવમાં | ૦ | ૨૦ | ૨૮૮ | ૧૪૬ |
| ૪૫૫. કૃષ્ણ૦ પ્ર૦ શરીરી | ૬ | ૪૪ | ૩૦૩ | ૧૦૨ |
| ૪૫૬. અધો૦ તિ૦ ત્રણ શરીરી બાદર | ૧૪ | ૩૨ | ૨૮૮ | ૧૨૨ |
| ૪૫૭. અપ્રશસ્ત લેશી બાદર | ૧૪ | ૩૮ | ૩૦૩ | ૧૦૨ |
| ૪૫૮. ઉર્ધ્વ તિ૦ના એકાંત છદ્મસ્થ ચક્ષુ૦ | ૦ | ૨૨ | ૨૮૮ | ૧૪૮ |
| ૪૫૯. ઉર્ધ્વ તિ.ના એક સંસ્થાનીમાં | ૦ | ૩૮ | ૨૭૩ | ૧૪૮ |
| ૪૬૦. ,, ,, એકાંત છદ્મસ્થ ઘ્રાણ૦ | ૦ | ૨૪ | ૨૮૮ | ૧૪૮ |
| ૪૬૧. અધો. તિ૦ના ચક્ષુ૦ | ૧૪ | ૨૨ | ૩૦૩ | ૧૨૨ |
| ૪૬૨. ,, ,, બાદર એકાંત છદ્મસ્થમાં | ૧૪ | ૩૮ | ૨૮૮ | ૧૨૨ |
| ૪૬૩. ,, ,, ઘ્રાણ૦ | ૧૪ | ૨૪ | ૩૦૩ | ૧૨૨ |
| ૪૬૪. સ્ત્રી ગતિના અધો૦ તિ૦ ત્રણ શરીરી | ૧૨ | ૪૨ | ૨૮૮ | ૧૨૨ |
| ૪૬૫. અધો તિ૦ના ત્રસ. | ૧૪ | ૨૬ | ૩૦૩ | ૧૨૨ |
| ૪૬૬. અધો૦ તિ૦ ત્રણ શરીરી | ૧૪ | ૪૨ | ૨૮૮ | ૧૨૨ |
| ૪૬૭. અપ્રશસ્ત લેશ્યામાં | ૧૪ | ૪૮ | ૩૦૩ | ૧૦૨ |
| ૪૬૮. ઉર્ધ્વ૦ તિ૦ ત્રણ શરીરી બાદર | ૦ | ૩૨ | ૨૮૮ | ૧૪૮ |
| ૪૬૯. ,, ,, એકાંત અસંયમ બાદર | ૦ | ૩૩ | ૨૮૮ | ૧૪૮ |
| ૪૭૦. અધો૦ ,, ,, છદ્મસ્થ સ્ત્રી ગતિમાં | ૧૨ | ૪૮ | ૨૮૮ | ૧૨૨ |
| ૪૭૧. ઉર્ધ્વ૦ ,, પંચેદ્રિયમાં | ૦ | ૨૦ | ૩૦૩ | ૧૪૮ |
| ૪૭૨. અધો તિ૦ એકાંત છદ્મસ્થ | ૧૪ | ૪૮ | ૨૮૮ | ૧૨૨ |
| ૪૭૩. ઉર્ધ્વ ,, ના ચક્ષુ ઈન્દ્રિયમાં | ૦ | ૨૨ | ૩૦૩ | ૧૪૮ |

| | | | | |
|---|---|---|---|---|
| ૪૭૪. ઉર્ધ્વ તિ. એકાંત છદ્મસ્થ બાદર | ૦ | ૩૮ | ૨૮૮ | ૧૪૮ |
| ૪૭૫. ,, ,, ઘ્રાણેન્દ્રિયમાં | ૦ | ૨૪ | ૩૦૩ | ૧૪૮ |
| ૪૭૬. ,, ,, ત્રણ શરીરી ઘણા ભવવાળા | ૦ | ૪૨ | ૨૮૮ | ૧૪૬ |
| ૪૭૭. ,, ,, ત્રસમાં | ૦ | ૨૬ | ૩૦૩ | ૧૪૮ |
| ૪૭૮. ,, ,, ત્રણ શરીરી | ૦ | ૪૨ | ૨૮૮ | ૧૪૮ |
| ૪૭૯. ,, ,, એકાંત અસંયમમાં | ૦ | ૪૩ | ૨૮૮ | ૧૪૮ |
| ૪૮૦. ,, ,, એકાંત છદ્મસ્થ પ્રત્યેક શરીરી | ૦ | ૪૪ | ૨૮૮ | ૧૪૮ |
| ૪૮૧. સ્ત્રીની ગતિના અધો તિ૦ ,, ,, | ૧૨ | ૪૪ | ૩૦૩ | ૧૨૨ |
| ૪૮૨. ઉર્ધ્વ તિ૦ એકાંત છદ્મસ્થ ઘણા ભવવાળા | ૦ | ૪૮ | ૨૮૮ | ૧૪૬ |
| ૪૮૩. અધો તિ૦ પ્રત્યેક શરીરીમાં | ૧૪ | ૪૪ | ૩૦૩ | ૧૨૨ |
| ૪૮૪. ઉર્ધ્વ તિ૦ એકાંત છદ્મસ્થમાં | ૦ | ૪૮ | ૨૮૮ | ૧૪૮ |
| ૪૮૫. સ્ત્રીની ગતિના અધો તિર્યકમાં | ૧૨ | ૪૮ | ૩૦૩ | ૧૨૨ |
| ૪૮૬. ભુજપરની ગતિના ત્રણ શરીરી બાદર | ૪ | ૩૨ | ૨૮૮ | ૧૬૨ |
| ૪૮૭. અધો તિ૦ લોકમાં | ૧૪ | ૪૮ | ૩૦૩ | ૧૨૨ |
| ૪૮૮. ખેચરની ગતિના ત્રણ શરીરી બાદર | ૬ | ૩૨ | ૨૮૮ | ૧૬૨ |
| ૪૮૯. ઉર્ધ્વ તિ. બાદરમાં | ૦ | ૩૮ | ૩૦૩ | ૧૪૮ |
| ૪૯૦. સ્થળચરની ગતિના ત્રણ શરીરી બાદર | ૮ | ૩૨ | ૨૮૮ | ૧૬૨ |
| ૪૯૧. ખેચરની ગતિના પંચેન્દ્રિયમાં | ૬ | ૨૦ | ૩૦૩ | ૧૬૨ |
| ૪૯૨. ઉરપરની ગતિના ત્રણ શરીરી બાદર | ૧૦ | ૩૨ | ૨૮૮ | ૧૬૨ |

| | | | | |
|---|---|---|---|---|
| ૪૯૩. ઉર્ધ્વ તિ૦ પ્રત્યેક શરીરી ઘણા ભવવાળામાં | ૦ | ૪૪ | ૩૦૩ | ૧૪૬ |
| ૪૯૪. ખેચરની ગતિના પ્રત્યેક ત્રણ શરીરીમાં | ૬ | ૩૮ | ૨૮૮ | ૧૬૨ |
| ૪૯૫. ઉર્ધ્વ તિ૦ પ્રત્યેક શરીરીમાં | ૦ | ૪૪ | ૩૦૩ | ૧૪૮ |
| ૪૯૬. ભૂજપરની ગતિના ત્રણ શરીરીમાં | ૪ | ૪૨ | ૨૮૮ | ૧૬૨ |
| ૪૯૭. ખેચરની ગતિના ત્રસમાં | ૬ | ૨૬ | ૩૦૩ | ૧૬૨ |
| ૪૯૮. ખેચરની ગતિના ત્રણ શરીરીમાં | ૬ | ૪૨ | ૨૮૮ | ૧૬૨ |
| ૪૯૯. ઉર્ધ્વ તિ૦ લોકમાં | ૦ | ૪૮ | ૩૦૩ | ૧૪૮ |
| ૫૦૦. સ્થલચરની ગતિના ત્રણ શરીરીમાં | ૮ | ૪૨ | ૨૮૮ | ૧૬૨ |
| ૫૦૧. ત્રસ એક સંસ્થાનીમાં | ૧૪ | ૧૬ | ૨૭૩ | ૧૯૮ |
| ૫૦૨. ઉરપરની ગતિના ત્રણ શરીરીમાં | ૧૦ | ૪૨ | ૨૮૮ | ૧૬૨ |
| ૫૦૩. સંજ્ઞી તિર્યંચની ગતિના ઘ્રાણેન્દ્રિયમાં | ૧૪ | ૨૪ | ૩૦૩ | ૧૬૨ |
| ૫૦૪. ખેચરની ગતિના એકાંત છદ્મસ્થમાં | ૬ | ૪૮ | ૨૮૮ | ૧૬૨ |
| ૫૦૫. સંજ્ઞી તિર્યંચની ગતિના ત્રસમાં | ૧૪ | ૨૬ | ૩૦૩ | ૧૬૨ |
| ૫૦૬. સંજ્ઞી તિર્યંચની ગતિના ત્રણ શરીરીમાં | ૧૪ | ૪૨ | ૨૮૮ | ૧૬૨ |
| ૫૦૭. અંતરદ્વીપના પર્યાપ્તના અલદ્ધિયામાં | ૧૪ | ૪૮ | ૨૪૭ | ૧૯૮ |
| ૫૦૮. ઉરપર તિર્યંચ ગતિના એકાંત સકષાયીમાં | ૧૦ | ૪૮ | ૨૮૮ | ૧૬૨ |
| ૫૦૯. સ્થલચર તિ૦ ગતિના પ્રત્યેક શરીરી બાદરમાં | ૮ | ૩૬ | ૩૦૩ | ૧૬૨ |
| ૫૧૦. તિર્યંચણીની ગતિના એકાંત સયોગી | ૧૨ | ૪૮ | ૨૮૮ | ૧૬૨ |

| | | | | |
|---|---|---|---|---|
| ૫૧૧. એક સંસ્થાન પ્રત્યેક શરીરી બાદરમાં | ૧૪ | ૨૬ | ૨૭૩ | ૧૯૮ |
| ૫૧૨. તિર્યંચ ગતિના એકાન્ત સયોગીમાં | ૧૪ | ૪૮ | ૨૮૮ | ૧૬૨ |
| ૫૧૩. એક સંસ્થાન મિથ્યાત્વીમાં | ૧૪ | ૩૮ | ૨૭૩ | ૧૮૮ |
| ૫૧૪. મધ્ય જીવોને સ્પર્શનારા એકાન્ત છદ્મસ્થ ચક્ષુઈન્દ્રિયમાં | ૧૪ | ૨૨ | ૨૮૮ | ૧૯૦ |
| ૫૧૫. તિર્યંચણીની ગતિના બાદરમાં | ૧૨ | ૩૮ | ૩૦૩ | ૧૬૨ |
| ૫૧૬. મધ્ય જીવોના સ્પર્શનારા એકાંત છદ્મસ્થ ઘ્રાણેદ્રિયમાં | ૧૪ | ૨૪ | ૨૮૮ | ૧૯૦ |
| ૫૧૭. એક સંસ્થાન સ્ત્રીની ગતિના પ્રત્યેક શરીરીમાં | ૧૨ | ૩૪ | ૨૭૩ | ૧૯૮ |
| ૫૧૮. પંચેન્દ્રિમાં એકાંત છદ્મસ્થ ઘણા ભવવાળા | ૧૪ | ૨૦ | ૨૮૮ | ૧૯૬ |
| ૫૧૯. ઘ્રાણેન્દ્રિય એકાંત છદ્મસ્થ અસંયમમાં | ૧૪ | ૧૯ | ૨૮૮ | ૧૯૮ |
| ૫૨૦. પંચેન્દ્રિય એકાંત છદ્મસ્થમાં | ૧૪ | ૨૦ | ૨૮૮ | ૧૯૮ |
| ૫૨૧. એક સંસ્થાની ઘણા ભવવાળામાં | ૧૪ | ૩૮ | ૨૭૩ | ૧૯૬ |
| ૫૨૨. એકાંત સકષાય ચક્ષુ૦ | ૧૪ | ૨૨ | ૨૮૮ | ૧૯૮ |
| ૫૨૩. એક સંસ્થાનીમાં | ૧૪ | ૩૮ | ૨૭૩ | ૧૯૮ |
| ૫૨૪. એકાંત સકષાય ઘ્રાણેન્દ્રિયમાં | ૧૪ | ૨૪ | ૨૮૮ | ૧૯૮ |
| ૫૨૫. પંચેન્દ્રિય મિથ્યાત્વીમાં | ૧૪ | ૨૦ | ૩૦૩ | ૧૮૮ |
| ૫૨૬. એકાંત સકષાય ત્રસમાં | ૧૪ | ૨૬ | ૨૮૮ | ૧૯૮ |
| ૫૨૭. તિર્યંચની ગતિમાં | ૧૪ | ૪૮ | ૩૦૩ | ૧૬૨ |
| ૫૨૮. એકાંત છદ્મસ્થ બાદર મિથ્યાત્વીમાં | ૧૪ | ૩૮ | ૨૮૮ | ૧૮૮ |
| ૫૨૯. સ્ત્રી ગતિના ત્રસ મિથ્યાત્વીમાં | ૧૨ | ૨૬ | ૩૦૩ | ૧૮૮ |

| | | | | |
|---|---|---|---|---|
| ૫૩૦. સ્ત્રી ગતિના ત્રણ શરીરી બા૦ એકાંત સકષાયમાં | ૧૨ | ૩૨ | ૨૮૮ | ૧૯૮ |
| ૫૩૧. સ્ત્રીની ગતિના પંચેન્દ્રિય સંખ્યાતા ભવવાળામાં | ૧૨ | ૨૦ | ૩૦૩ | ૧૯૬ |
| ૫૩૨. ત્રણ શરીરી બાદરમાં | ૧૪ | ૩૨ | ૨૮૮ | ૧૯૮ |
| ૫૩૩. એકાંત અસંયમ બાદરમાં | ૧૪ | ૩૩ | ૨૮૮ | ૧૯૮ |
| ૫૩૪. એકાંત છદ્મસ્થ અભવ્ય. પ્રત્યેક શરીરીમાં | ૧૪ | ૪૪ | ૨૮૮ | ૧૮૮ |
| ૫૩૫. પંચેન્દ્રિય જીવોમાં | ૧૪ | ૨૦ | ૩૦૩ | ૧૯૮ |
| ૫૩૬. સ્ત્રીની ગતિના બા૦ એકાંત સકષાયમાં | ૧૨ | ૩૮ | ૨૮૮ | ૧૯૮ |
| ૫૩૭. સ્ત્રીની ગતિના ઘ્રાણેંદ્રિયમાં | ૧૨ | ૨૪ | ૩૦૩ | ૧૯૮ |
| ૫૩૮. એકાંત છદ્મસ્થ બાદરમાં | ૧૪ | ૩૮ | ૨૮૮ | ૧૯૮ |
| ૫૩૯. ઘ્રાણેન્દ્રિયમાં | ૧૪ | ૨૪ | ૩૦૩ | ૧૯૮ |
| ૫૪૦. સ્ત્રીની ગતિના ત્રણ શરીરીમાં | ૧૨ | ૪૨ | ૨૮૮ | ૧૯૮ |
| ૫૪૧. ત્રસ જીવોમાં | ૧૪ | ૨૬ | ૩૦૩ | ૧૯૮ |
| ૫૪૨. ત્રણ શરીરી એકાંત છદ્મસ્થ | ૧૪ | ૪૨ | ૨૮૮ | ૧૯૮ |
| ૫૪૩. એકાંત અસંયમમાં | ૧૪ | ૪૩ | ૨૮૮ | ૧૯૮ |
| ૫૪૪. પ્ર૦ શ૦ એકાંત છદ્મ૦ | ૧૪ | ૪૪ | ૨૮૮ | ૧૯૮ |
| ૫૪૫. સમ્ય૦ તિર્યંચના અલદ્ધિયામાં | ૧૪ | ૩૦ | ૩૦૩ | ૧૯૮ |
| ૫૪૬. એકાંત છદ્મ૦ ઘણા ભવવાળામાં | ૧૪ | ૪૮ | ૨૮૮ | ૧૯૬ |
| ૫૪૭. સ્ત્રીગતિ પ્ર૦ શ૦ મિથ્યા૦ | ૧૨ | ૪૪ | ૩૦૩ | ૧૮૮ |
| ૫૪૮. એકાંત છદ્મસ્થમાં | ૧૪ | ૪૮ | ૨૮૮ | ૧૯૮ |

અલદ્ધિયા - વર્જીને.

| | | | | |
|---|---|---|---|---|
| ૫૪૯. મિથ્યા. પ્ર૦ શરીરીમાં | ૧૪ | ૪૪ | ૩૦૩ | ૧૮૮ |
| ૫૫૦. સમ્ય૦ નારકીના અલબ્ધિયા | ૧ | ૪૮ | ૩૦૩ | ૧૯૮ |
| ૫૫૧. સ્ત્રી ગતિ મિથ્યાત્વી | ૧૨ | ૪૮ | ૩૦૩ | ૧૮૮ |
| ૫૫૨. એકેન્દ્રિય પર્યાપ્તના અલબ્ધિયા | ૧૮ | ૩૭ | ૩૦૩ | ૧૯૮ |
| ૫૫૩. મિથ્યાત્વી | ૧૪ | ૪૮ | ૩૦૩ | ૧૮૮ |
| ૫૫૪. નવ ગ્રૈવેયકના પર્યાપ્તના અલબ્ધિયા | ૧૪ | ૪૮ | ૩૦૩ | ૧૮૯ |
| ૫૫૫. જીવોના મધ્યભેદ સ્પર્શનારા | ૧૪ | ૪૮ | ૩૦૩ | ૧૯૦ |
| ૫૫૬. નરક પર્યાપ્તના અલબ્ધિયા | ૭ | ૪૮ | ૩૦૩ | ૧૯૮ |
| ૫૫૭. સ્ત્રી ગતિના પ્ર૦ શરીરીમાં | ૧૨ | ૪૪ | ૩૦૩ | ૧૯૮ |
| ૫૫૮. તિર્ય૦ પં. વૈક્રિયના અલબ્ધિયા | ૧૪ | ૪૩ | ૩૦૩ | ૧૯૮ |
| ૫૫૯. પ્રત્યેક શરીરીમાં | ૧૪ | ૪૪ | ૩૦૩ | ૧૯૮ |
| ૫૬૦ તેજોલેશી એકેન્દ્રિયના અલબ્ધિયા | ૧૪ | ૪૫ | ૩૦૩ | ૧૯૮ |
| ૫૬૧. ઘણા ભવવાળા જીવોમાં | ૧૪ | ૪૮ | ૩૦૩ | ૧૯૬ |
| ૫૬૨. એકેન્દ્રિય વૈક્રિય શ૦ અલબ્ધિયામાં | ૧૪ | ૪૭ | ૩૦૩ | ૧૯૮ |
| ૫૬૩. સર્વ સંસારી જીવોમાં | ૧૪ | ૪૮ | ૩૦૩ | ૧૯૮ |

ઈતિ જીવોની માર્ગણાના ૫૬૩ પ્રશ્નો સંપૂર્ણ.

## (૨૩) ચાર કષાય.

**પન્નવણા પદ-૧૪**

શ્રી પન્નવણાજી સૂત્ર પદ ચૌદમે કષાયનો થોકડો ચાલ્યો. તેમાં શ્રી ગૌતમ સ્વામી વીર ભગવાન્‌ને પૂછતા હતા કે, હે ભગવન્ ! કષાય કેટલા પ્રકારે કહ્યા છે ? ભગવન્ કહે, હે ગૌતમ ! કષાય ૧૬ પ્રકારે કહ્યા છે. ૧-પોતાને માટે, ૨-પરને માટે, ૩-તદુભયા કહેતાં બન્ને માટે, ૪-ખેત્ત કહેતાં ઉઘાડી જમીનને માટે, ૫-વથ્થુ કહેતાં ઢાંકી જમીનને માટે, ૬-શરીર માટે, ૭-ઉપધિને માટે, ૮-નિરર્થક, ૯-જાણતાં, ૧૦-અજાણતાં ૧૧-ઉપશાંતપણે★ ૧૨-અણુપશાંતપણે+, ૧૩-અનંતાનુબંધી ક્રોધ, ૧૪-અપ્રત્યાખ્યાની ક્રોધ, ૧૫-પ્રત્યાખ્યાનાવરણીય ક્રોધ, ૧૬-સંજ્વલનનો ક્રોધ, એવં ૧૬. તે ૧૬ સમુચ્ચય જીવ આશ્રી અને ચોવીસ દંડક આશ્રી એમ ૨૫ ને ૧૬ થી ગુણતાં ૪૦૦ થાય. હવે કષાયના દળીયા કહે છે. ચણીયા=, ઉપચણીયા, બાંધ્યા, વેદ્યા, ઉદીરીયા, નિર્જર્યા, એવં ૬, તે ભૂતકાળ, વર્તમાનકાળ, અને ભવિષ્યકાળ આશ્રી એમ ૬ ને ૩ થી ગુણતાં ૧૮ થાય. તે ૧૮ એક જીવ આશ્રી અને ૧૮ બહુ જીવ આશ્રી એવં ૩૬ થાય. તે સમુચ્ચય જીવ આશ્રી, અને ચોવીસ દંડક આશ્રી એમ ૩૬ ને ૨૫ થી ગુણતાં ૯૦૦ થાય અને ૪૦૦ ઉપર કહ્યા, તે મળી કુલ ૧૩૦૦ ક્રોધના, ૧૩૦૦ માનના, ૧૩૦૦ માયાના, અને ૧૩૦૦ લોભના, એવં ૫૨૦૦ થાય.

**ઈતિ ચાર કષાય સંપૂર્ણ**

---

★ ઉદય અવસ્થાને નહી પ્રાપ્ત થયેલ.

+ ઉદય અવસ્થાને પ્રાપ્ત થયેલ

= ચણીયા - કર્મ પુદ્‌ગલોનું આવવું, ઉપચણીયા - તેને વધુ પુષ્ટ કરવાં, બાંધ્યા - નિદ્ધત કે નિકાચીત બંધ કરવો. વેદ્યા - દર્દ આદિ દુઃખનું વેદન કરવું તે, ઉદીરીયા - તપ આદિથી ઉદીરણા કરવી. નિર્જર્યા - આત્માથી કર્મદલિકોને જુદા કરવા.

# (૨૪) શ્વાસોચ્છ્વાસ

### પન્નવણા પદ-૭

શ્રી પન્નવણાજી સૂત્ર પદ સાતમે શ્વાસોચ્છ્વાસનો થોકડો ચાલ્યો, તેમાં ગૌતમ સ્વામી વીર પ્રભુને પૂછતાં હવાં કે હે *ભગવન્ ! નારકી અને દેવતા કેવી રીતે શ્વાસોચ્છ્વાસ લે છે ?* વીર પ્રભુએ કહ્યું કે હે ગૌતમ ? નારકીના જીવ નિરંતર ધમણની પેરે શ્વાસોચ્છ્વાસ લે છે. અસુરકુમારના દેવતા જઘન્ય સાત થોક, ઉત્કૃષ્ટ એક પક્ષ ઝાઝેરો શ્વાસોચ્છ્વાસ લે છે. વાણવ્યંતરને નવ નિકાયના દેવતા જઘન્ય સાત થોક, ઉત્કૃષ્ટ. પ્રત્યેક મુહૂર્તે. જ્યોતિષી જ૦ અને ઉ૦ પ્રત્યેક મુહૂર્તે. પહેલે દેવલોકે જ૦ પ્રત્યેક મુહૂર્તે અને ઉ૦ બે પક્ષે૦ બીજે દેવલોકે જ૦ પ્રત્યેક મુહૂર્તે ઝાઝેરૂં ઉ૦ બે પક્ષ ઝાઝેરે. ત્રીજે દેવલોકે જ૦ બે પક્ષે અને ઉ૦ સાત પક્ષે૦ ચોથે દેવલોકે જ૦ બે પક્ષ ઝાઝેરે અને ઉ૦ સાત પક્ષ ઝાઝેરે. પાંચમે દેવલોકે જ૦ સાત પક્ષે અને ઉ૦ દસ પક્ષે૦ છઠે દેવલોકે જ૦ દસ પક્ષે ઉ૦ ચૌદ પક્ષે. સાતમે દેવલોકે જ૦ ચૌદ પક્ષે૦ ઉ૦ સતર પક્ષે૦ આઠમે દેવલોકે જ૦ સત્તર પક્ષે૦ ઉ૦ અઢાર પક્ષે. નવમે દેવલોકે જ૦ અઢાર પક્ષે૦ ઉ૦ ઓગણીસ પક્ષે૦ દશમે દેવલોકે જ૦ ઓગણીસ પક્ષે૦ ઉ૦ વીસ પક્ષે. અગિયારમે દેવલોકે જ૦ વીસ પક્ષે૦ ઉ૦ એકવીસ પક્ષે, બારમે દેવલોકે જ૦ એકવીસ પક્ષે ઉ૦ બાવીસ પક્ષે૦ પહેલી ત્રિકમાં જ૦ બાવીસ પક્ષે૦ ઉ૦ પચીસ પક્ષે. બીજી ત્રિકમાં જ૦ પચીસ પક્ષે૦ ઉ૦ અઠાવીસ પક્ષે. ત્રીજી ત્રિકમાં જ૦ અઠાવીસ પક્ષે૦ ઉ૦ એકત્રીસ પક્ષે. ચાર અનુત્તર વિમાનમાં જ૦ એકત્રીસ પક્ષે૦ ઉ૦ તેત્રીસ પક્ષે. સર્વાર્થ સિદ્ધમાં જ૦ અને ઉ૦ તેત્રીસ પક્ષે. એમ તેત્રીસ પખવાડીયે શ્વાસોચ્છ્વાસ કરે.

ઈતિ શ્વાસોચ્છ્વાસ સંપૂર્ણ.

ઠાણાંગ-૪ ઉ.૨-ઠાણાંગ-૧૦. તથા નિશીથસૂત્ર

# (૨૫) અસઝ્ઝાયો.

## અસજ્ઝાયો

| આકાશ સંબંધી ૧૦ અસજ્ઝાય | કાળ મર્યાદા |
|---|---|
| (૧) તારો આકાશેથી ખરે તો | એક પ્રહર |
| (૨) દિશા દાહ ૧ | જ્યાં સુધી રહે |
| (૩) આકાશમાં ૨ મેઘ ગર્જના થાય તો | બે પ્રહર |
| (૪) આકાશમાં ૨ વીજળી ચમકે તો | એક પ્રહર |
| (૫) આકાશમાં ૨ વીજળી કડકે તો | ૪-૮-૧૨ પ્રહર |
| (૬) શુક્લ પક્ષની ૧-૨-૩ ની રાત | પ્રથમ પ્રહર સુધી |
| (૭) આકાશમાં યક્ષનું ચિન્હ હોય તો | જ્યાં સુધી દેખાય |
| (૮) કરા પડે તો | જ્યાં સુધી પડે |
| (૯) ધુમ્મસ હોય તો | જ્યાં સુધી રહે |
| (૧૦) રજુ (ધૂળ) વરસે તો | જ્યાં સુધી વરસે |

### ઔદારિક સંબધી ૧૦ અસજ્ઝાય

(૧૧-૧૩) હાડકાં, રક્ત અને માંસ એ તિર્યંચના ૬૦ હાથની અંદર હોય, મનુષ્યનાં હોય તો ૧૦૦ હાથની અંદર, મનુષ્યનું હાડકું બળી કે ગળી ગયું ન હોય તો બાર વર્ષ સુધી

(૧૪) અશુચિની દુર્ગંધ આવે અથવા દેખાય - ત્યાં સુધી

(૧૫) સ્મશાન ભૂમિ - સો હાથથી વધુ નજીક હોય તો

(૧૬) ચંદ્ર ગ્રહણ - ખંડ ગ્રહણમાં ૮ પ્રહર, પૂર્ણ હોય તો ૧૨ પ્રહર

(૧૭) સૂર્ય ગ્રહણ - ખંડ ગ્રહણમાં ૧૨ પ્રહર, પૂર્ણ હોય તો

૧૬ પ્રહર

(૧૮) રાજાનું અવસાન થતાં નવો રાજા ઘોષિત ન થાય ત્યાં સુધી

(૧૯) યુધ્ધ સ્થાનથી નજીક - યુદ્ધ ચાલે ત્યાં સુધી

(૨૦) ઉપાશ્રયમાં (૬૦-૧૦૦ હાથમાં) પંચેન્દ્રિયનું કલેવર પડ્યું હોય ત્યાં સુધી

(૨૧-૨૫) અષાઢ, ભાદરવો, આસો, કારતક અને ચૈત્ર મહિનાની પુનમ ૩ ની દિવસ-રાત્રીની અસજ્ઝાય

(૨૬-૩૦) આ પૂનમ પછીની એકમની પણ દિવસ - રાત્રીની અસજ્ઝાય

(૩૧-૩૪) પ્રભાત, મધ્યાહન ૪, સંધ્યા, મધ્યરાત્રી આ ચાર સંધિકાળમાં ૧-૧ મુહૂર્ત

(૩૫/૩૬) હુતાશની પ્રગટે ત્યારે તથા ધુળેટીનાં દિવસની.

આ અસજ્ઝાયને ટાળીને સ્વાધ્યાય કરવો જોઈએ તથા ખુલ્લે મોઢે ન બોલવું જોઈએ, તથા લાઈટના કે દિવાના અજવાળામાં ન વાચવું જોઈએ.

---

(૧) આકાશમાં કોઈપણ દિશામાં નગર બળતુ હોય કે અગ્નિની જ્વાળા ઉડતી હોય એવું દેખાય. જ્યાં ઉપર પ્રકાશ નીચે અંધારું હોય તે દિશા-દાહ.

(૨) મેઘ ગર્જનાદિમાં અકાળ, આર્દ્રા નક્ષત્રથી સ્વાતિ નક્ષત્રને માનવો.

(૩) અષાઢ આદિની પૂનમમાં દેવતા તિર્ચ્છાલોકમાં ઉત્સવ ઉજવવા આવે છે અને એકમે પાછા ફરે છે. તે દિવસો દરમ્યાન સૂત્ર અશુધ્ધિને કારણે દેવ ઉપદ્રવ કરી શકે માટે.

(૪) મધ્યાહન એટલે સૂર્યોદય ને સૂર્યાસ્તનો મધ્ય ભાગ. તેની એક ઘડી પહેલા અને એક ઘડી પછી. તેમજ પ્રભાતમાં સૂર્યોદય પહેલા ૩૬ મીનીટ, પછી ૧૨ મીનીટ તથા સંધ્યામાં સૂર્યાસ્ત પહેલા ૧૨ મીનીટ, પછી ૩૬ મીનીટ.

## (૨૬) બત્રીસ સૂત્રોનાં નામ

| ક્રમ | નામ | અંગ/ઉપાંગ | ગાથા | કાલિક/ ઉત્કાલિક |
|---|---|---|---|---|
| ૧. | આચારાંગ | અંગ | ૨૫૦૦ | કાલિક |
| ૨. | સૂત્ર કૃતાંગ | અંગ | ૨૧૦૦ | કાલિક |
| ૩. | સ્થાનાંગ | અંગ | ૩૭૭૦ | કાલિક |
| ૪. | સમવાયાંગ | અંગ | ૧૫૫૭ | કાલિક |
| ૫. | ભગવતી (વિવાહ પ્રજ્ઞપ્તિ) | અંગ | ૧૫૭૫૨ | કાલિક |
| ૬. | જ્ઞાતા (ધર્મ કથાંગ) | અંગ | ૫૫૦૦ | કાલિક |
| ૭. | ઉપાસક દશાંગ | અંગ | ૮૧૨ | કાલિક |
| ૮. | અન્ત કૃતાંગ | અંગ | ૯૦૦ | કાલિક |
| ૯. | અનુત્તરોપપાતિક | અંગ | ૨૯૨ | કાલિક |
| ૧૦. | પ્રશ્ન વ્યાકરણ | અંગ | ૧૨૫૦ | કાલિક |
| ૧૧. | વિપાક | અંગ | ૧૨૧૬ | કાલિક |
| ૧૨. | ઉપપાતિક | ઉપાંગ | ૧૧૬૭ | ઉત્કાલિક |
| ૧૩. | રાજપ્રશ્નીય | ઉપાંગ | ૨૦૭૮ | ઉત્કાલિક |
| ૧૪. | જીવાજીવાભિગમ | ઉપાંગ | ૪૭૦૦ | ઉત્કાલિક |
| ૧૫. | પ્રજ્ઞાપના | ઉપાંગ | ૭૭૮૭ | ઉત્કાલિક |
| ૧૬. | જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ | ઉપાંગ | ૪૧૮૬ | કાલિક |
| ૧૭. | ચંદ્ર પ્રજ્ઞપ્તિ | ઉપાંગ | ૨૨૦૦ | કાલિક |
| ૧૮. | સૂર્ય પ્રજ્ઞપ્તિ | ઉપાંગ | ૨૨૦૦ | ઉત્કાલિક |
| ૧૯. | નિરયાવલિકા | ઉપાંગ | | કાલિક |
| ૨૦. | કલ્પવતંસિકા | ઉપાંગ | | કાલિક |
| ૨૧. | પુષ્પિકા | ઉપાંગ | ૧૧૦૯ | કાલિક |
| ૨૨. | પુષ્પચૂલિકા | ઉપાંગ | | કાલિક |
| ૨૩. | વૃષ્ણિદશા | ઉપાંગ | | કાલિક |
| ૨૪. | દશવૈકાલિક | મૂળ | ૭૦૦ | ઉત્કાલિક |

| | | | |
|---|---|---|---|
| ૨૫. ઉત્તરાધ્યયન | મૂળ | ૨૧૦૦ | કાલિક |
| ૨૬. નંદી | મૂળ | ૭૦૦ | ઉત્કાલિક |
| ૨૭. અનુયોગ | મૂળ | ૧૮૯૯ | ઉત્કાલિક |
| ૨૮. બૃહત્કલ્પ | છેદ | ૪૭૩ | કાલિક |
| ૨૯. વ્યવહાર | છેદ | ૬૦૦ | કાલિક |
| ૩૦. નિશીથ | છેદ | ૮૧૫ | કાલિક |
| ૩૧. દશાશ્રુત સ્કંધ | છેદ | ૧૮૩૦ | કાલિક |
| ૩૨. આવશ્યક | | ૧૦૦ | કાલિક |

| | |
|---|---|
| ૧૧ અંગ - ૩૫૭૫૯ | ૨૪ કાલિક સૂત્ર |
| ૧૨ ઉપાંગ - ૨૫૩૮૭ | ૮ ઉત્કાલિક સૂત્ર |
| ૪ મૂળ - ૫૩૯૯ | * સુત્તાગમે પ્રમાણે |
| ૪ છેદ - ૩૭૧૮ | ૭૨,૦૦૦ ગાથા થાય છે. |
| આવશ્યક - ૧૦૦ | |
| કુલ ગાથા - ૭૦૩૪૩* | |

બત્રીશમું સૂત્ર-આવશ્યક સૂત્ર.

ઈતિ સૂત્રનાં નામ સંપૂર્ણ.

## (૨૭) અપર્યાપ્તા તથા પર્યાપ્તા દ્વાર

(પન્ન.પદ-૨૮)

શિષ્ય-(વિનયપૂર્વક નમન કરી પૂછે છે) હે ગુરૂ ! જીવ તત્ત્વનો બોધ આપતી વખતે આપે કહ્યું હતું કે જીવ ઉપજતી વખતે અપર્યાપ્તો તથા પર્યાપ્તો કહેવાય છે, તો તે શી રીતે કહેવાય છે, તે કૃપા કરી કહો.

ગુરૂ-હે શિષ્ય ! જીવને આહાર, શરીર, ઈંદ્રિય, શ્વાસોચ્છ્વાસ, ભાષા અને મન એ છ પર્યાપ્તિ છે. અને તે ચારે ગતિના જીવોને લાગુ રહેવાથી, પાંચસેં ને ત્રેસઠ ભેદ ગણી શકાય છે. તેમાં પહેલી આહાર પર્યાપ્તિ લાગુ થાય છે. તે એવી

રીતે કે જે જીવનું આયુષ્ય પૂરૂં થાય, ત્યારે તે શરીર છોડીને નવી ગતિની યોનિમાં ઉપજવા જાય છે. તેમાં અવિગ્રહ ગતિ એટલે સીધી ને સરલ બાંધી આવેલો હોય, તે જીવ જે સમયે ચવેલો હોય, તે જ સમયમાં આવી ઉપજે છે. તે જીવને આહારનું આંતરૂં પડતું નથી, તેવા બંધનવાળો જીવ એટલે સદા આહારિક કહેવાય છે, એવો ભગવતીનો ન્યાય છે. હવે બીજો પ્રકાર વિગ્રહ ગતિનો બંધ બાંધી આવનારા જીવોનો કહેવાય છે, તેના ત્રણ પ્રકાર છે તેમાં કેટલાક જીવો શરીર છોડ્યા પછી એક સમયને આંતરે, કેટલાક બે સમયને આંતરે ને કેટલાક ત્રણ સમયને આંતરે એટલે ચોથે સમયે ઉપજવા પામે છે. એમ ચારે રીતે સંસારી જીવો ઉપજી શકે છે. આ બીજી વિગ્રહ એટલે વિષમ ગતિ કરી ઉપજવા જનારા જીવોને એક બે ત્રણ સમય ઉપજતાં આંતરૂં પડે છે, તેનું કારણ ગ્રંથકારો આકાશ પ્રદેશની શ્રેણીના વિભાગો તરફ ખેંચાઈ જવાનું કહે છે. તેનો ગુપ્ત ભેદ ગીતાર્થ ગુરૂગમ્ય છે. તેવા જીવ જેટલો સમય વાટે રોકાય, તેટલો સમય આહાર વગરના અણ-આહારિક કહેવાય છે. તે જીવ બાંધેલી યોનિસ્થાનમાં પ્રવેશ કરી ઉપજે (વાસ કરે), તેજ સમયે તે યોનિસ્થાન જે પુદ્‌ગલના બંધારણથી બંધાયા હોય, તેજ પુદ્‌ગલનો આહાર, તાવડામાં નાંખેલા વડાની રીતે કરે છે. તેનું નામ ઓજ આહાર કર્યો કહેવાય, અને તે જીંદગીમાં એકજ વાર કરે છે. તેવો આહાર ખેંચી પરિણમાવતાં એક સમય લાગે છે. ત્યારે આહાર પર્યાપ્તિ પૂરી થાય છે. (૧) તે પરિણમાવેલા આહારના રસનો એવો ગુણ છે, કે તેનાં રજકણો એકઠાં થવાથી સાત ધાતુરૂપે સ્થૂળ શરીરની આકૃતિ બને છે, અને મૂળ ધાતુઓ જીન્દગી સુધી સ્થૂળ શરીરને ટકાવી રાખે છે એવા શરીર રૂપ ફૂલમાં વાસનાની રીતે જીવ રહી શકે છે. તે બીજી શરીર પર્યાપ્તિ કહેવાય છે. તેવી આકૃતિ બંધાતાં એક અંતર્મુહૂર્ત લાગે છે. ત્યારે

શરીર પર્યાપ્તિ પૂરી થાય છે. ત્યાં સુધીનાં આહારને ઓજ આહાર કહેવાય છે. ત્યાર પછી રોમ આહાર ચાલુ થાય છે. (૨) તે શરીરની મજબૂતી થતાં જ, તેમાં ઈંદ્રિયોનાં અવયવ પ્રગટ થાય છે. તેમ થતાં અંતર્મુહૂર્તનો વખત લાગે છે. તે ત્રીજી ઈંદ્રિય પર્યાપ્તિ કહેવાય છે. (૩) ઉપર મુજબ શરીર તથા ઈન્દ્રિય મજબુત થયા પછી સૂક્ષ્મ રીતે એક અંતર્મુહૂર્તમાં પવનની ધમણ શરૂ થાય છે, તે ચોથી શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ કહેવાય છે. (૪) તે પછી એક અંતર્મુહૂર્તમાં ભાષાનાં પુદ્‌ગલો ગ્રહણ કરવાની શકિત પેદા થાય છે. તેનું નામ પાંચમી ભાષા પર્યાપ્તિ કહેવાય છે. (૫) એક અંતર્મુહુર્તમાં મનનાં પુદ્‌ગલો લેવાની શકિત પેદા થાય છે તેને મન પર્યાપ્તિ કહે છે. (૬) ઉપરની રીતે એક સમય અને પાંચ અંતર્મુહુર્તે છ પર્યાપ્તિ બંધાય છે. આ શબ્દ શ્રવણ કરતાં જ શિષ્ય શંકા કરે છે કે શાસ્ત્રકારો છ પર્યાપ્તિ બાંધવાના વખતને એક અંતર્મુહૂર્ત કહે છે, તેનું કેમ ?

ગુરુ- હે વત્સ ! મુહૂર્ત પૂરી બે ઘડીને કહે છે. તેનો એક જ ભેદ છે, પણ અંતર્મુહૂર્તમાં જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એવા ત્રણ ભેદ છે. તેમાં બે સમયથી લઈને નવ સમય સુધીનું જઘન્ય અંતર્મુહૂર્ત કહેવાય છે. (૧) તે પછીનું અંતર્મુહૂર્ત દશ સમયનું, અગીઆર સમયનું, એમ એકેક સમય ગણતાં મધ્યમ અંતર્મુહૂર્તના અસંખ્યાતા ભેદ થાય છે. (૨) અને બે ઘડીમાં એક સમય બાકી રહે તે ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત કહેવાય છે. (૩) છ પર્યાપ્તિ બાંધતાં છ અંતર્મુહૂર્ત કહેવામાં આવે છે. તે જઘન્ય તથા મધ્યમ ગણવા અને છેવટ છ પર્યાપ્તિ એક અંતર્મુહૂર્તની કહેવામાં આવી છે, તે ઉત્કૃષ્ટિ સમજવી. ઉપરની છ પર્યાપ્તિમાંથી એકેંદ્રિયને પહેલી ચાર હોય છે. બેઈંદ્રિય, તેંઈંદ્રિય. ચૌરિંદ્રિય અને અસંજ્ઞીતિર્યંચ પંચેદ્રિયને, પાંચ અને સંજ્ઞી પંચેદ્રિયને છ પૂરી હોય છે. એ પર્યાપ્તાનો અર્થ કહ્યો.

હવે અપર્યાપ્તાનો અર્થ કહે છે.

અપર્યાપ્તાના બે ભેદ છે. તેમાં પહેલો કરણ અપર્યાપ્તો, અને બીજો લબ્ધિ અપર્યાપ્તો. એ બેમાંથી પહેલા કરણ અપર્યાપ્તાના બે ભેદ છે, તે એમ કે ત્રીજી ઇંદ્રિય પર્યાપ્તિબાંધી ન રહે, ત્યાં સુધી કરણ અપર્યાપ્તો અને તે બંધાઈ રહે ત્યારે કરણ પર્યાપ્તો કહેવાય છે. હવે લબ્ધિ અપર્યાપ્તના બે ભેદ છે, તે એમ કે એકેંદ્રિય વિગેરેથી પંચેંદ્રિય સુધીમાં, જેને જેટલી પર્યા૦ કહી છે, તેને તેટલીમાંથી એકેકી અધૂરી રહે ત્યાં સુધી લબ્ધિ અપર્યાપ્તો કહે છે અને પોતાની જાતિની હદ સુધી પૂરી બંધાઈ રહે, ત્યારે તેને લબ્ધિ પર્યાપ્તો કહે છે. એ કરણ તથા લબ્ધિ અપર્યાપ્તાના ચાર ભેદ કહ્યા.

શિષ્ય- હે ગુરુ ! જે જીવ મરણ પામે છે, તે અપર્યાપ્તામાં કે પર્યાપ્તામાં !

ગુરુ- હે શિષ્ય ! જ્યારે ત્રીજી ઇંદ્રિય પર્યા. બાંધીને જીવ કરણ પર્યાપ્તો થાય છે ત્યારે મરણ નીપજી શકે છે. એ ન્યાયથી કરણ પર્યાપ્તો થઈ મરણ પામે છે, પણ કરણ અપર્યાપ્તાપણે કોઈ જીવ મરણ પામે નહિ. તેમજ બીજી રીતે અપર્યાપ્તપણાનું મરણ કહેવામાં આવે છે. તે લબ્ધિ અપર્યાપ્તાનું મરણ સમજવું. તે એમ કે ચારવાળો ત્રીજી, પાંચવાળો ત્રીજી, ચોથી, અને છવાળો ત્રીજી, ચોથીને પાંચમી પર્યા. પૂરી બાંધવા પછી મરણ પામે છે. હવે બીજી રીતે અપર્યાપ્તો તથા પર્યાપ્તો એને કહેવાય છે કે જેને જેટલી પર્યા૦ પ્રાપ્ત થઈ, અર્થાત્ બંધાઈ રહી હોય તેને તેટલીનો પર્યાપ્તો કહેવાય છે, અને હવે પછી બાંધવાની છે, તેનો અપર્યાપ્તો; એટલે તેવી પર્યા ની પ્રાપ્તિ થઈ શકી નથી એમ પણ કહેવાય છે.

ઉપર બતાવેલા અપર્યાપ્તા તથા પર્યાપ્તાના ભેદનો અર્થ સમજી, ગર્ભજ, નોગર્ભજ, અને એકેંદ્રિય વગેરે અસંજ્ઞી પંચેંદ્રિયવાળા જીવોને તે ભેદ લાગુ કરવાથી, જીવ તત્ત્વના પાંચસે ને ત્રેસઠ ભેદ વ્યવહાર નયથી ગણાય છે અને તે સર્વ કર્મ વિપાકનાં ફળ છે. તેમાં જીવની ચોરાશી લાખ

યોનિનો સમાવેશ થાય છે. તેવી યોનિમાં ફરી ફરીને ઉપજવું, જન્મવું અને મરણને આધીન થવું, તેવા જન્મ મરણને સંસાર સમુદ્ર કહેવાય છે, અને તે સર્વ સમુદ્રોથી અનંત ગુણો મોટો છે, તેનો કિનારો પામવા માટે ધર્મ રૂપી નૌકા છે, તે નૌકાના ચલાવનાર જ્ઞાની ગુરુ છે. તેનું શરણ લઈ, આજ્ઞા મુજબ વિચરી, પ્રવર્ત્તન કરનારો ભાવિક ભવ્ય, સલામતી સાથે, પ્રાપ્ત થયેલી જીંદગીનું સાર્થક હાંસલ કરી શકે છે, તેમજ સર્વ કોઈએ કરવું તે યોગ્ય છે.

**ઈતિ અપર્યાપ્તા તથા પર્યાપ્તા દ્વાર સંપૂર્ણ.**

## (૨૮) ગર્ભવિચાર (ભગ.શ.૧.ઉ.૭)

ગુરુ - હે શિષ્ય ! પન્નવણા સૂત્રનો તથા ગ્રંથકારોનો અભિપ્રાય જોતાં, સર્વ જન્મ મરણનાં દુઃખનો મુખ્યતાએ કરીને ચોથા મોહનીય કર્મના ઉદયમાં સમાવેશ થાય છે. તે મોહનીયમાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાયકર્મ એ ત્રણનો સમાવેશ છે. કર્મ એકાંત પાપ છે તેનું ફળ અશાતા અને દુઃખ છે. એ ચારે કર્મના આકર્ષથી આયુષ્ય કર્મ બંધાય છે, આયુષ્ય શરીરમાં રહીને ભોગવાય છે તે ભોગવવાનું નામ વેદનીય કર્મ કહેવાય છે. તે વેદનીયમાં શાતા તથા અશાતા વેદનીયનો સમાવેશ થાય છે. તેની સાથે જ નામ તથા ગોત્ર કર્મ જોડાયેલા હોય છે, અને તે આયુષ્ય કર્મ સાથે સંબંધ રાખે છે, આ ચાર કર્મ શુભ તથા અશુભ એવાં બે પરિણામથી બંધાય છે તેથી તે મિશ્ર કહેવાય છે. તેના ઉદય ઉપરથી પુન્ય તથા પાપની ગણના કરી શકાય છે; આ પ્રમાણે આઠ કર્મ બંધાય છે અને જન્મ મરણ રૂપ ક્રિયા કરી ભોગવાય છે. તેમાં મોહનીય કર્મ રાજા છે. તેનો દીવાન આયુષ્ય કર્મ છે. મન તેઓનો હજુરી સેવક છે. તે મોહ રાજાના આદેશ મુજબ નિત્ય

નવાં કર્મનો સંચય કરી બંધ બાંધે છે. તે સર્વ પન્નવણાજીના કર્મ પ્રકૃતિ પદથી સમજવું. મન હમેશાં ચંચળ અને ચપળ છે અને તે કર્મ સંચય કરવામાં અપ્રમાદી, અને કર્મ છોડવામાં પ્રમાદી છે. તેથી લોકમાં રહેલા જડ ચૈતન્ય પદાર્થો સાથે, રાગ-દ્વેષની મદદ વડે, જોડાય છે તેથી તેને મન જોગ કહીને બોલાવાય છે. એવા મન જોગથી નવા કર્મની આવક આવે છે. તેનો પાંચ ઈંદ્રિયદ્વારા ભોગોપભોગ કરે છે. એમ એક પછી એક વિપાકનો ઉદય થાય છે. તે સર્વનું મૂળ મોહ છે. તે પછી મન, તે પછી ઇન્દ્રિય વિષય અને તેનાથી પ્રમાદ વધે છે. તેવા પ્રમાદને વશ પડેલો પ્રાણી ઈંદ્રિયોનું પોષણ કરવાના રસ સિવાય, રત્નત્રયાત્મક અભેદાનંદના આનંદની લહેરનો રસીલો થઈ શકતો નથી. તે બદલ ઉંચનીચ કર્મના ખેંચાણથી નરક વિગેરે ચારે ગતિમાં જાવ આવ કરે છે. તેમાં વિશેષે કરીને દેવ ગતિ સિવાય ત્રણ ગતિમાં જન્મ અશુચિથી ભરેલાં છે. તેમાં પણ નરકકુંડમાં તો કેવળ મળ, મૂત્ર અને માંસ રૂંધીરનો કાદવ ભરેલો છે. તેમાં છેદન ભેદન થવાનું ભયંકર દુઃખ છે. તે દુઃખનો ચિતાર સુયગડાંગ સૂત્રથી જાણવો ત્યાંથી મનુષ્ય-તિર્યંચની ગતિમાં આવે છે. ત્યાં ગર્ભવાસ મળે છે. તે કેવળ અશુદ્ધ અને અશુચિનો ભંડાર છે. પાયખાનાની અપેક્ષાએ જોતાં તે કાયમ અખૂટ કીચથી ભરેલો છે. તે ગર્ભસ્થાન નરક સ્થાનનું ભાન કરાવે છે, તેમજ ઉપજનારો જીવ નરકમાં નારકીના નમુનાનું ભાન કરાવે છે. ફેર માત્ર આટલો જ કે નરકમાં છેદન, ભેદન, તાડન, તરજણા, ખાંડણ, પીસણ અને દહન સાથે દશ પ્રકારની ક્ષેત્ર વેદના છે, તે ગર્ભમાં નથી, પણ ગતિના પ્રમાણમાં ભયંકર કષ્ટ ને દુઃખ છે.

## ઉપજનારાની સ્થિતિનું તથા ગર્ભસ્થાનનું વિવેચન

શિષ્ય - હે ગુરૂ ! તે ગર્ભસ્થાનમાં આવી ઉપજનારો જીવ, ત્યાં કેટલા દિવસ, કેટલી રાત્રી, કેટલા મુહૂર્ત રહે ? અને તેટલા વખતમાં કેટલા શ્વાસોચ્છ્વાસ લે છે ?

ગુરૂ - હે શિષ્ય ! તે ઉપજનારો જીવ બસેંને સાડી સીતોતેર અહોરાત્રિ રહે છે. વાસ્તવિક રીતે જોતાં એટલો જ ગર્ભનો કાળ છે. તે જીવ આઠ હજાર ત્રણસો ને પચીસ મુહૂર્ત ગર્ભ સ્થાનમાં રહે છે. ચૌદ લાખ દશ હજાર બસેં ને પચીસ શ્વાસોચ્છ્વાસ લે છે. તેમ છતાં વધઘટ થતી જણાય છે, તે સર્વે કર્મવિપાકનો વ્યાઘાત સમજવો. ગર્ભસ્થાનને માટે સમજવાનું કે માતાના નાભી મંડળ નીચે ફૂલને આકારે બે નાડી છે, તે બેની નીચે ઊંધા કમલને આકારે એક ત્રીજી નાડી છે તે યોનિ નાડી કહેવાય છે. તેમાં યોનિ જામે છે. તે યોનિ જીવને ઉપજવાનું ઠેકાણું છે. તે ઠેકાણામાં પિતા તથા માતાના પુદ્‌ગલનું મિશ્રણ થાય છે તે યોનિરૂપ ફૂલની નીચે આંબાની માંજરને આકારે, એક માંસની પેશી હોય છે, તે પેશી દરેક મહિને પ્રવાહિત થવાથી, સ્ત્રી ઋતુધર્મમાં આવે છે. તે રૂધીર ઉપરની યોની નાડીમાં જા આવ કરે છે, કેમકે તે નાડી ખૂલેલી જ હોય છે. ચોથે દિવસે ઋતુસ્ત્રાવ બંધ પડે છે, પણ અભ્યંતરમાં સૂક્ષ્મ સ્ત્રાવ રહે છે, ત્યારે સ્નાન કરી શુચિ થવાય છે. પાંચમે દિવસે યોનિ નાડીમાં સૂક્ષ્મ રૂધીરનો જોગ હોય છે, તેજ વખતે વીર્ય બિંદુની પ્રાપ્તિ થઈ હોય, તો તેટલા વખતને મિશ્ર યોનિ કહેવાય છે, અને તે ફળ પ્રાપ્ત થવા યોગ્ય ગણાય છે તેવું મિશ્રપણું બારમુહૂર્ત પહોંચે છે. તેટલી હદ સુધીમાં જીવ ઉપજી શકે છે. તેમાં એક બે અને ત્રણ વગેરે નવ લાખ સુધી ઉપજે છે. તેઓનું આઉખું જઘન્ય અંતર્મુહૂર્ત. ઉત્કૃષ્ટું ત્રણ પલ્યોપમ સુધીનું હોય છે. તે જીવનો

પિતા એક જ હોય છે, પણ બીજી અપેક્ષાઓ જોતાં છેવટ નવસેં પિતા સુધી શાસ્ત્ર કહે છે. તે સંજોગથી નહિ; પણ નદીના પ્રવાહ સામે બેસી, સ્નાન કરવા વખતે, ઉપરવાડેથી ખેંચાઈ આવતાં પુરૂષના બિંદુમાં સેંકડો રજકણો સ્ત્રીના શરીરમાં પિચકારીના આકર્ષણની રીતે આવી ભરાય છે. કર્મજોગે તેનો કવચિત્ ગર્ભ જામી જાય છે. તેમાં જેટલાં પુરૂષનાં રજકણો આવેલાં હોય તે સર્વ તેના પિતા સ્વરૂપે ગણાય છે. એકી સાથે દશ હજાર સુધી ગર્ભ પાકે છે. તે મચ્છી તથા સર્પની માતાનો ન્યાય છે. મનુષ્યને ત્રણ સુધી પાકે છે. બાકી મરણ પામે છે એક જ વખત નવ લાખ ઉપજી મરણ પામ્યા હોય તો તે સ્ત્રી જન્મ વાંઝણી રહે છે બીજી રીતે જે સ્ત્રી કામાંધ થઈને અનિયમિત રીતે વિષય સેવે અથવા વ્યભિચારિણી બનીને હદ ઉપરાંત પરપુરૂષ સેવે, તે સ્ત્રી વાંઝણી થાય છે. તેવા બીજકનો નાશ થાય છે. તેના શરીરમાં ઝેરી જીવો ઉપજે છે. તેના ડંખથી વિકાર વધે છે, તેથી તે સ્ત્રી, દેવ - ગુરૂ - ધર્મ - કુળની મર્યાદા તથા શિયળ વ્રતને લાયક રહી શકતી નથી. તેવી બીજકભંગ સ્ત્રીનો સ્વભાવ નિર્દય અને અસત્યવાદી હોય છે. જે સ્ત્રી દયાળુ અને સત્યવાદી હોય, તે સ્ત્રી પોતાના શરીરનું જતન કરે છે. કામવાસનાને કબજે રાખે છે. પોતાની પ્રજાનું રક્ષણ કરવા અર્થે સંસારી સુખના પ્યારની હદ મર્યાદા રાખે છે. તેથી તેવી સ્ત્રીઓ પુત્ર પુત્રીનું સારૂં ફળ પામે છે. એકલા રૂધીરથી કે એકલા બિંદુથી પ્રજા પ્રાપ્ત થતી નથી, તેમજ ઋતુના રૂધીર સિવાય બીજા રૂધીર, પ્રજા પ્રાપ્તિને કામે આવતાં નથી, એક ગ્રંથકાર કહે છે, કે સૂક્ષ્મ રીતે સોળ દિવસ ઋતુસ્ત્રાવ રહે છે. તે રોગીને નહિ. પણ નિરોગી શરીરવાળી સ્ત્રીને તેમ થાય છે, અને તે પ્રજાપ્રાપ્તિને લાયક કહેવાય છે. તે સોળમાંથી પહેલા ત્રણ દિવસને ગ્રંથકારો નિષેધે છે. તેવો નીતિ માર્ગનો ન્યાય છે અને તે ન્યાય પુણ્યાત્મા જીવો

કબુલ રાખે છે, બીજે મતે ચાર દિવસનો નિષેધ છે, કારણ કે ચોથે દિવસે ઉગેલો જીવ થોડા જ વખતમાં મરે છે. તે જીવે તો શક્તિહીણ થાય ને માબાપને બોજારૂપ નીવડે છે. પાંચમાંથી સોળમા સુધીના દિવસો નીતિશાસ્ત્રના ન્યાય મુજબ ગર્ભાધાન સંસ્કારના ગણાય છે. તેમાંનું એક પછી એક બાળ બીજક પડતા ચડતું બળીયાવર રૂપમાં, તેજમાં, બુદ્ધિમાં અને એ વગેરે સર્વ સંસ્કારોમાં, શ્રેષ્ઠ તથા દીર્ઘાયુષ્યવાળું અને કુટુંબપાળક નીવડે છે. પાંચથી સોળમી સુધીની અગીયાર રાત્રી છે, તેમાંથી છઠ્ઠી, આઠમી, દસમી, બારમી, અને ચૌદમી એ પાંચ બેકીની રાત્રીનો બીજક બહુવચને પુત્રીરૂપ ફળ આપે છે. તેમાં વિશેષ એ છે કે પાંચમી રાત્રીમાં ઉપજેલી પુત્રી જન્મવા પછી ઘણી પુત્રીઓની માતા થાય છે. પાંચમી, સાતમી, નવમી, અગીઆરમી, તેરમી અને પંદરમી એ એકીની રાત્રીનો બીજક, પુત્રરૂપે જન્મી બહાર આવે છે, અને તે ઉપર કહેલા ગુણવાળું નીવડે છે. દિવસનો બીજક શાસ્ત્રથી નિષેધ છે. તેમ છતાં થાય તો કુટુંબની અને વ્યવહારિક સુખની તથા ધર્મની હાનિ કરનાર નીવડે છે.

બીજકની રીત-બિંદુનાં રજકણો વધારે અને રૂધીરનાં થોડા હોય તો પુત્રરૂપ ફળ નીપજે છે, રૂધીર વધારે ને બિંદુ થોડું હોય તો પુત્રીરૂપ ફળ નીપજે છે. બે સરખાં હોય તો નપુંસકરૂપ ફળ નીવડે છે. (હવે તેનું ઠેકાણું કહે છે.) માતાની જમણી કૂખે પુત્ર, ડાબી કૂખે પુત્રી અને બે કુખની વચ્ચે નપુંસક પાકે છે, (હવે તે ગર્ભની સ્થિતિ કહે છે.) મનુષ્ય ઉત્કૃષ્ટો બાર વરસ ગર્ભમાં જીવતો રહી શકે છે. તે પછી મરે છે, પણ શરીર રહે છે. તે શરીર ચોવીસ વરસ સુધી રહી શકે છે. તે સુકા શરીરમાં ચોવીસમે વરસે નવો જીવ ઉપજે તો મહા મુશીબતે જન્મે, ન જન્મે તો માતા મરે. સંજ્ઞી તિર્યંચ આઠ વર્ષ સુધી ગર્ભમાં જીવતો રહી શકે છે. (હવે આહારની રીત કહે છે.) યોનિ કમળમાં

આવી ઉપજનારો જીવ, પ્રથમ માતા પિતાના મળેલાં મિશ્ર પુદ્દગલનો આહાર કરીને પછી ઉપજે છે. તેનો અર્થ પ્રજાદ્વારથી જાણવો. વિશેષ એટલો જ કે અહીંના આહારમાં માતા પિતાનાં પુદ્દગલ કહેવાય છે. તે આહારથી સાત ધાતું નીપજે છે. તેમાં પહેલું રસી, બીજું લોહી, ત્રીજું માંસ, ચોથું હાડ, પાંચમી હાડની મજ્જા, છઠ્ઠું ચર્મ, સાતમું વીર્ય ને નસા જાળ, એ સાતે મળીને બીજી શરીર પર્યા૦ અર્થાત્ સૂક્ષ્મ પૂતળું કહેવાય છે. છ પર્યા૦ બંધાયા પછી તે બીજક સાત દિવસમાં ચોખાના ધોવાણ જેવો તોલદાર થાય છે. ચૌદમાં દિવસ સુધીમાં પાણીના પરપોટા જેવા આકારમાં આવે છે. એકવીશમાં દિવસ સુધીમાં નાકના શ્લેષ્મ જેવો અને અઠાવીશમાં દિવસ સુધીમાં અડતાળીશ માસા જેટલો વજનદાર થાય છે. પૂરે મહિને બોરના ઠળીઆ જેવડો, અગર છોટી કેરીની ગોટલી જેવો થાય છે. તેનું વજન એક કરખણ ઉણો એક પળનું થાય છે. તે પળ એને કહેવાય છે, કે સોળ માસાનું એક કરખણ, તેવા ચાર કરખણના તોલને પળ કહેવાય છે. બીજે માસે કાચી કેરી જેવો, ને ત્રીજે માસે પાકી કેરી જેવો થાય છે. તે વખતથી ગર્ભ પ્રમાણે માતાને ડહોળા (દોહદ-ભાવ) થાય છે. અર્થાત્ સારે ગર્ભે ઊંચા અને નરસે ગર્ભે નીચા મનોરથ થાય છે. અને તે કર્મ પ્રમાણે ફળે છે. તે ઉપરથી સારા નરસા ગર્ભની પરીક્ષા થાય છે. ચોથે માસે કણકના પીંડા જેવો થાય, તેથી માતાનું શરીર પુષ્ટિ પામે છે. પાંચમે માસે પાંચ અંકુરા ફૂટે છે. તેમાં બે હાથ, બે પગ, મસ્તક, છઠ્ઠે માસે રૂધીર તથા રોમ, નખ ને કેશની વૃદ્ધિ થાય છે. તેમાં સાડાત્રણ ક્રોડ રોમ છે. તેમાંથી બે ક્રોડ ને એકાવન લાખ ગળા ઉપર અને નવાણું લાખ ગળા નીચે છે. બીજે મતે, તેટલી સંખ્યાતનાં રોમ ગાડરનાં કહેવાય છે, તે વિચાર જોતાં વ્યાજબી લાગે છે. એકેકા રોમને ઊગવા જેટલી જગામાં પોણાબેથી કાંઈક વધારે રોગ ભરેલા છે. તેનો સરવાળો

ગણતાં છ ક્રોડ બાર લાખ પચાશ હજાર રોગ થાય છે અને તે પુન્યના ઉદયથી ઢંકાએલા રહે છે. અહીંથી રોમ આહારની શરૂઆત થવાનો સંભવ છે. તત્ત્વં તુ સર્વજ્ઞગમ્યં. તે આહાર, માતાના રૂધીરનો સમયે સમયે લેવામાં આવે છે ને સમયે સમયે પ્રગમે છે. સાતમે માસે સાતસેં શીરા એટલે રસહરણી નાડીઓ બંધાય છે, તે દ્વારા શરીરનું પોષણ થાય છે. તેથી ગર્ભને પુષ્ટિ મળે છે. તેમાંથી સ્ત્રીને છસો ને સિતેર, નપુંસકને છસો ને એંશી, અને પુરૂષને સાતસો પૂરી હોય છે. પાંચસો માંસની પેશીઓ બંધાય છે, તેમાંથી સ્ત્રીને ત્રીસ ને નપુંસકને વીસ ઓછી હોય છે. તે પેશીવડે હાડ ઢંકાયેલા હોય છે તે હાડમાં સર્વ મળીને ત્રણસો ને સાઠ સાંધા છે. એકેકા સાંધા ઉપર આઠ આઠ મર્મનાં ઠેકાણાં છે, તે મર્મસ્થાન ઉપર એક ટકોર વાગતાં મરણ પામે છે. બીજે મતે એકસો ને સાઠ સંધિ, અને એકસો ને સીતેર મર્મના સ્થાનક કહેવાય છે, ઉપરાંત સર્વજ્ઞગમ્ય. તે શરીરમાં છ અંગ હોય છે. તેમાંથી માંસ, લોહી, અને મસ્તકની મજ્જા (ભેજું) એ ત્રણ અંગ માતાનાં છે, તેમજ હાડ, હાડની મજ્જા અને નખ કેશ રોમ, એ ત્રણ અંગ પિતાનાં છે. આઠમે માસે સર્વ અંગ ઉપાંગ પૂર્ણ નીપજી રહે છે. તે ગર્ભને લઘુનીત વડીનીત, શ્લેષ્મ, ઉધરસ, છીંક, બગાસું, ઓડકાર વગેરે કાંઈ હોતું નથી. તે જે જે આહાર ખેંચે છે, તે આહારના રસવડે ઇન્દ્રિયોને પુષ્ટિ મળે છે. હાડ, હાડની મજ્જા, ચરબી નખ કેશની વૃદ્ધિ થાય છે. તે આહાર લેવાની બીજી રીત એ છે કે માતાની તથા ગર્ભની નાભી ઉપરની રસહરણી નાડી એ બે પરસ્પરમાં વાળાના આંટાની જેમ વીંટાઈ રહી છે. તેમાં ગર્ભની નાડીનું મોઢું માતાની નાભીમાં જોડાયેલું છે. માતાના કોઠામાં આહારનો પેલો કવલ પડે છે, તે નાભી પાસે અટકે છે. તેનો રસ બને છે. તે રસ, ગર્ભ પોતાની જોડાયેલી રસહરણી નાડીથી ખેંચી પુષ્ટ થાય છે, તે શરીરમાં

બોંતેર કોઠા છે, તેમાં પાંચ કોઠા મોટા છે. તેમાંથી શિયાળામાં બે કોઠા આહારના એક કોઠો પાણીનો, ઉનાળામાં બે કોઠા પાણીના એક કોઠો આહારનો, ચોમાસામાં બે કોઠા આહારના અને બે કોઠા પાણીના કહેવાય છે, એક કોઠો સદાકાળ ખાલી રહે છે. સ્ત્રીને એક છઠ્ઠો કોઠો વધારે છે. તેમાં ગર્ભ રહે છે. પુરૂષને બે કાન, બે ચક્ષુ, બે નાસિકા, મુખ, લઘુનીત અને વડીનીત એ નવ દ્વાર અપવિત્ર અને સદાકાળ વહેતાં રહે છે. સ્ત્રીને બે થાન અને ગર્ભ દ્વાર એ ત્રણ મળીને બાર દ્વાર સદાકાળ વહેતાં રહે છે. તે શરીરમાં અઢાર પૃષ્ટદંડક નામની પાંસળીઓ છે. તે વાંસની કરોડ સાથે જોડાયેલી છે. તે સિવાય બે પાંસાની બાર કડક પાંસળીઓ છે, તે ઉપર સાત પડ ચામડીનાં મઢાયેલાં છે, છાતીના પડદામાં બે કાળજાં છે, તેમાં એક પડદા સાથે જડાયેલોને બીજો કાંઈક લટકતો છે. પેટના પડદામાં બે અંતસ (નળ) કહ્યા છે, તેમાં પહેલો સ્થૂળ છે, તે મળસ્થાન અને બીજો સૂક્ષ્મ છે, તે લઘુનીત સ્થાન કહેવાય છે. વળી બે પ્રણવસ્થાન એટલે ભોજન પાન પ્રગમવાની જગા છે. દક્ષિણ (જમણે પાસે) પ્રગમે તો દુઃખ ઉપજે છે, વામ (ડાબે પાસે) પ્રગમે તો સુખ ઉપજે છે. સોળ આંતરા છે. ચાર આંગળની ગ્રીવા (ડોક) છે. ચાર પળની જીભ છે. બે પળની આંખો છે. ચાર પળનુ મસ્તક છે. નવ આંગળની જીભ છે, બીજે મતે સાત આંગળની કહેવાય છે. આઠ પળનું હૃદય છે. પચીસ પળનું કાળજું છે. (હવે સાત ધાતુનાં પ્રમાણ - માપ) તે શરીરમાં એક આઢો રૂધીરનો અને અડધો આઢો માંસનો હોય છે. એક પાથો માથાનો ભેજો, એક આઢો લઘુનીત, એક પાથો વડીનીતનો છે. કફ, પિત્ત, ને શ્લેષ્મ એ ત્રણનો એકેકો કલવ અને અર્ધો કલવ વીર્યનો હોય છે. એ સર્વને મૂળ ધાતુ કહેવાય છે. એ ધાતુ ઉપર શરીરનો ટકાવ છે. એ સાતે ધાતુ પોતાના વજન પ્રમાણે રહે ત્યાં સુધી શરીર નિરોગી અને પ્રકાશ વાળું રહે

છે. તેમાં વધઘટ થવાથી શરીર, રોગને આધીન થાય છે.

નાડીનું વિવેચન - તે શરીરમાં યોગશાસ્ત્રને ન્યાયે બોંતેર હજાર નાડી છે. તેમાંથી નવસેં નાડી મોટી છે. તેમાંથી નવ નાડી ધમણી ને મોટી છે. તેના થડકારા ઉપરથી રોગની તથા સચેત શરીરની પરીક્ષા થાય છે. તે બે પગની ઘુંટી નીચે બે, એક નાભીની, એક હૃદયની, એક તાળવાની, બે લમણાની અને બે હાથની, એ નવ, એ સર્વ નાડીઓની મૂળ રાજ્યધાની નાભી છે. તેની વિગત એ છે કે નાભીથી એકસો ને સાઠ નાડી, પેટ તથા હૃદય ઉપર પથરાઈને ઠેઠ ઊંચે મસ્તક સુધી પહોંચી છે. તેના બંધનથી મસ્તક સ્થિર રહે છે. તે નાડીઓ મસ્તકને નિયમ મુજબ રસ પહોંચાડે છે, તેથી મસ્તક સતેજ આરોગ્ય ને તર રહે છે. તે નાડીઓમાં નુકસાન હોય, ત્યારે આંખ, નાક, કાન, અને જીભ એ સર્વ કમજોર થાય છે, રોગીષ્ટ બને છે, શૂળ, ઝામર, વગેરે વ્યાધિઓનો પ્રકોપ થાય છે.

નાભીથી બીજી એકસો ને સાઠ નાડી નીચી ચાલે છે, તે પગનાં તળીયાં સુધી પહોંચી છે. તેના આકર્ષણથી ગમનાગમન કરવાનું, ઉભું રહેવાનું તથા બેસવાનું બને છે. તે નાડીઓ ત્યાં સુધી રસ પહોંચાડી આરોગ્ય રાખે છે ને નાડીમાં નુકસાન થવાથી સંધિવા, પક્ષઘાત, સાથળના ચસકા, કળતર, તોડ, ફાટ, માથાના ભેજાનો દુઃખાવો અને આધાશીશી, વગેરે રોગનો પ્રકોપ થાય છે.

નાભીથી ત્રીજી એકસો ને સાંઠ નાડી તીર્છી ચાલીને બે હાથની આંગળીઓ સુધી પહોંચી છે. તેટલો ભાગ તેનાથી મજબૂત રહે છે. તેને નુકશાન થવાથી પાસાશૂળ, પેટનાં અનેક દર્દો, મુખપાકનાં, દાંતનાં દર્દો વગેરે અનેક રોગનો પ્રકોપ થાય છે,

નાભીથી ચોથી એકસો ને સાંઠ નાડી નીચી મર્મસ્થાન ઉપર પથરાઈને, અપાન દ્વાર સુધી પહોંચી છે. તેની શક્તિ વડે બંધેજ

રહી શકે છે. તેને નુકશાન થવાથી લઘુનીત, વડીનીતની કબજીયાત અથવા અનિયમિત છૂટ થઈ પડે છે. તેમજ વાયુ, કૃમિપ્રકોપ, ઉદર વિકાર; હરસ, ચાંદી, પ્રમેહ, પવનરોધ, પાંડુરોગ, જળોદર, કઠોદર, ભગંદર, સંગ્રહણી વગેરેનો પ્રકોપ થાય છે. નાભીથી પચીસ નાડી ઉપડીને ઊંચી શ્લેષમ દ્વાર સુધી પહોંચી છે, તે શ્લેષ્મની ધાતુને પુષ્ટિ આપે છે. તેની નુકશાનીથી શ્લેષ્મ, પીનસનો રોગ થાય છે. તેમજ બીજી પચીસ નાડી તે તરફ આવીને પિત્ત ધાતુને પુષ્ટિ આપે છે, તેની નુકશાનીથી પિત્તનો પ્રકોપ અને જ્વરાદિક રોગ થાય છે, તેમજ ત્રીજી દશ નાડી વીર્ય ધારણ કરનારી છે, તે વીર્યને પુષ્ટિ આપે છે. તેમાં નુકશાન થવાથી સ્વપ્ન ધાતુ, મુખલાળ, ખરાબ પેશાબ વગેરેથી નબળાઈમાં વધારો થાય છે. એ સર્વે મળીને સાતસો નાડી રસ ખેંચી પુષ્ટિ આપે છે અને તે શરીરને ટકાવી રાખનારી છે. તે નિયમિત રીતે ચાલવાથી નિરોગ અને નિયમભંગ થવાથી રોગ થાય છે. તે સિવાયની બસો નાડી ગુપ્ત ને જાહેર રીતે શરીરનું પોષણ કરે છે, તેથી નવસો નાડી કહેવાય છે.

ઉપરની રીતે નવમા માસની હદ સુધીમાં સર્વ અવયવ સાથે શરીર મજબૂત થઈ જાય છે. જ્યારથી ગર્ભનું બીજક રોપાયાની ખબર પડે, ત્યારથી જે સ્ત્રી બ્રહ્મચારિણી રહે છે તેનો ગર્ભ ઘણો ભાગ્યશાળી, મજબૂત બાંધાનો, તથા બળીયાવર અને સ્વરૂપવાન્ થાય છે, ન્યાય નીતિવાળો અને ધર્મી નીવડે છે, તે ઉભયના કૂળનો ઉદ્ધાર કરી, માતા પિતાને યશ આપે છે, અને પાંચે ઈંદ્રિયો ચોખી પામે છે. જે સ્ત્રી ગર્ભ રહ્યો જાણે છે, તેમ છતાં જન્મવાના છેલ્લા દિવસ સુધી, નિર્દયબુદ્ધિ રાખી કુશીલ સેવ્યાં કરે, તેમાં જો પુત્રી ગર્ભમાં હોય તો, તેનાં માતાપિતા દુષ્ટમાં દુષ્ટ, પાપીમાં પાપી, રૌ રૌ નરકના અધિકારી થાય છે, તેમજ તેનો ગર્ભ મરણ પામે છે; તેમ છતાં જીવતો રહે તો કાણા,

કુબડા, કોઢીયા, લુલા, પાંગળા, બોબડા, મૂંગા, ઈંદ્રિયહીણા કુરૂપ, દુબળા, શક્તિહીણ બાંધાના તથા ઘાટ વગરનાં થઈ જાય છે; ક્રોધી, રીસાળ, ક્લેશી, પ્રપંચી; અને ખોટી ચાલે ચાલનારા નીવડે છે. એમ સમજી પોતાની પ્રજાનું ભલું ઈચ્છનારી માતાઓ ગર્ભકાળથી શિયળવંતી બને છે, તેઓને ધન્ય છે.

વિશેષમાં ઉપર બતાવેલા ગર્ભવાસના સ્થાનકમાં મહાકષ્ટ ને પીડા ભોગવવી પડે છે; તેનું દૃષ્ટાંત એ છે કે જેમ કોઈ પુરૂષનું શરીર કોઢ તથા પતના રોગથી નીંગળતું હોય, તેને સાડાત્રણ ક્રોડ સોય, અગ્નિમાં ધખાવી તેનાં સાડાત્રણ ક્રોડ રૂંવાડામાં પરાવે; તેનાં ઉપર ખાર ને ચુનાનું પાણી છાંટે; તે પછી આળા ચામડાંથી મઢીને તડકે નાંખે, અને દડાની જેમ અથડાવે; તે વખતની પીડાનું પ્રમાણ, કેટલું ભયંકર છે ? તે તે ભોગવનારો તથા સર્વજ્ઞ પરમાત્મા જાણે દેખે છે. એવી ગર્ભવેદના પહેલે મહિને ભોગવવી પડે છે. તેથી બીજે મહિને બમણી, ત્રીજે મહિને ત્રણ ગણી, એમ ચડતાં ચડતાં નવમે મહિને નવગણી પીડા થાય છે. અથવા દરેક રૂંવાડે નવનવ સોય પરોવવાના ન્યાયની પીડા સમજવી. ગર્ભવાસની જગા નાની છે, અને ગર્ભનું સ્થૂળ મોટું છે. તેથી સજ્જડ ભીંસાઈને, કેરીની માફક ઊંધે માથે લટકીને રહેવું પડે છે. તે વખતે બે ઢીંચણ છાતીમાં ભરાવેલા, અને બે હાથની મુઠી આંખો આડી દીધેલી હોય છે. કર્મજોગે બીજો ને ત્રીજો ગર્ભ જોડે હોય તો, તે વખતની સંકડાશનું અને મુંઝવણનું માપ કરી શકાતું નથી. માતા જંગલ જાય ત્યારે ગર્ભના નાકની દાંડી ઉપર થઈ નિકાલ થાય છે. ખરાબમાં ખરાબ માદળ માં પડેલો હોય છે. બેઠેલી માતા ઉભી થાય, તે વખતે ગર્ભ જાણે છે, કે હું આસમાનમાં ફેંકાઈ ગયો છું. હેઠે બેસતી વખતે જાણે છે, કે હું પાતાળમાં પટકાઈ ગયો છું. ચાલતી વખતે જાણે છે કે હું મસકમાં ભરેલા દહીંની માફક ડખોળાઉ છું. રસોઈ કરવા

વખતે જાણે છે કે હું ઈંટની ભઠ્ઠીમાં ભરાઈ બળું છું. ઘંટીએ બેસતી વખતે જાણે છે કે હું કુંભારને ચાકડે ચડયો છું. માતા ચત્તી સૂવે ત્યારે ગર્ભ જાણે છે કે મારી છાતી પર પર સવામણની શિલા પડી છે. કુશીલ સમયમાં ગર્ભને ઉખળ સમુળનો ન્યાય મળે છે. એવી રીતે માતા પિતાના કરેલા તથા ગર્ભસ્થાનથી મળેલા એવા બે જાતના દુઃખોથી પીડાયેલા, કુટાયેલા, ખંડાયેલા અને અશુચિથી તરબોળ થયેલા દુઃખી પ્રાણીની દયા શીયળવંતી ધર્માત્મા માતા પિતા વિના કોણ રાખી શકે ? અર્થાત્ પાપી સ્ત્રી પુરૂષોમાંથી કોઈ નહિ, ગર્ભનો જીવ, માતાને સુખે સુખી અને માતાને દુઃખે દુઃખી હોય છે. જેવા સ્વભાવવાળી માતા હોય તેવા સ્વભાવની છાયા ગર્ભમાં પડે છે. ગર્ભમાંથી બહાર આવ્યા પછી, તે પુત્ર પુત્રીના આચાર, વિચાર; આહાર, વ્યવહાર વગેરે સર્વ માતાના સ્વભાવ મુજબ નીવડે છે. તે ઉપરથી માતા પિતાના ઉચ્ચ નીચ બિજકની તથા જશ અપજશ વગેરેની પરીક્ષા, પ્રજારૂપ ફોટોગ્રાફ ઉપરથી વિવેકી સ્ત્રી પુરૂષો કરી શકે છે, કેમકે તે ચિત્ર માતા પિતાની પ્રકૃતિને આધારે ચિત્રાયેલું છે. માતા ધર્મધ્યાનમાં, ઉપદેશ શ્રવણ કરવામાં તથા દાન પુન્ય કરવામાં અને ભલી ભાવના ભાવવામાં જોડાઈ હોય તો ગર્ભ પણ તેવા વિચારમાં હોય છે. તે વખતે ગર્ભનું મરણ થાય તો તે દેવલોકમાં જઈ શકે છે, તેમજ માતા આર્ત ને રૌદ્ર ધ્યાનમાં હોય તો ગર્ભ પણ આર્ત, રૌદ્ર ધ્યાની હોય છે. તે વખતે ગર્ભનું મરણ થાય તો તે નરકમાં જાય છે. માતા મહા કપટમાં જોડાઈ હોય તે વખતે તે ગર્ભનું મરણ થાય તો તે તિર્યંચમાં જાય છે. માતા મહાભદ્રિય અને પ્રપંચ વગરના વિચારમાં જોડાઈ હોય, તે વખતે ગર્ભ મરે તો તે મનુષ્યમાં જાય છે. એમ ગર્ભમાંથી ચારે ગતિમાં જઈ શકે છે. ગર્ભકાળ પૂરો થાય, ત્યારે માતા તથા ગર્ભની નાભીની વિંટાયેલી રસહરણી નાડી ઉખડી જાય છે. ત્યારે જન્મ થવાની તૈયારી થાય

છે. તેમાં માતા તથા ગર્ભના પુન્યનું તથા આયુષ્યનું બળ હોય, તો સીધે રસ્તે જન્મ થઈ શકે છે. તે વખતે કેટલાક માથા તરફથી, તો કેટલાક પગ તરફથી જન્મે છે. પણ જો બંને ભારે કર્મી હોય તો, ગર્ભ આડો પડી જાય છે. તેથી બેઉ મરણ પામે છે, અથવા માતાના બચાવની ખાતર પાપી ગર્ભના જીવપર, ખેધ કરીને છરીના શસ્ત્રથી ખંડોખંડ કરી જીન્દગીપારની શિક્ષાએ પહોંચાડે છે. તેનો કોઈને સોગ, સંતાપ, થતો નથી. સીધે રસ્તે જન્મ લેનારાઓ સોના રૂપાના તાર જેવા છે. માતાનું શરીર જતરડો છે. જેમ સોની તાર ખેંચે, તેમ ગર્ભ ખેંચાઈ કોટી કષ્ટે બહાર આવે છે. અર્થાત્ નવમે મહિને કહેલી પીડાને ક્રોડ ગણી કરતાં જે દુઃખ થાય છે, તે દુઃખ જન્મ વખતે થાય છે, અને મરતી વખતે તે દુઃખને ક્રોડાક્રોડગણું કરતાં જે દુઃખ થાય છે; તે સર્વ દુઃખ બેહદ છે. તે સર્વ પોતાનાં કરેલાં પુન્ય પાપનાં ફળ છે, અને તે ઉદય કાળમાં ભોગવાય છે. એ સર્વ મોહનીય કર્મનો સંતાપ છે.

ઉપર મુજબ ગર્ભ કાળ, તથા ગર્ભસ્થાન અને ગર્ભમાં ઉપજનારા જીવની સ્થિતિનું વિવેચન એ સર્વ તંદુલ વિયાલીયા પઈન્ના તથા ભગવતીજી અને અન્ય ગ્રંથાંતરના ન્યાય મુજબ ગુરૂએ શિષ્યને ઉપદેશમાં કહી બતાવ્યું. છેવટમાં કહ્યું, કે જન્મવા પછી ભંગીયાણીનો દરજ્જો લઈ માતાએ ઘણી સંભાળથી ઉછેરી પુખ્ત ઉંમરનો કીધો છે. તે પ્રજાની આશામાં માતાનું જોબન લુંટાયું છે, વ્યાવહારિક સુખપર તિલાંજલિ કરી છે, તે સર્વને તથા ગર્ભવાસના અને જન્મવા વખતનાં દુઃખોને ભૂલી જઈ જોબન મદમાં છકેલાં પુત્ર - પુત્રીઓ, મહા ઉપકારી માતાને તિરસ્કારની દૃષ્ટિ વડે ધિક્કાર આપી, અનાદર કરે છે, વસ્ત્રાલંકારથી શોભિતાં બને છે. તેલ, ફુલેલ, ચુવા, ચંદન, ચંપા, ચમેલી, અગર, તગર, અમર અને અત્તર વગેરેમાં ગરકાવ બની ફૂલ

હાર ને ગજરા ધારણ કરે છે, તેની સુગંધના અભિમાનની આંધીમાં એમ માનતાં હશે, કે આ સર્વ શોભા અને સુગંધ મારા ચામડાથી વીંટાયેલા શરીરમાંથી બહાર આવતી હશે, તેવી શોભા અને સુગંધ માતા પિતા વગેરે કોઈના ચામડામાં નથી, એવા મિથ્યાભિમાનની આંધીમાં પડેલા બેભાન, અજ્ઞાન પ્રાણીને માટે ગર્ભવાસના તથા નરક નિગોદનાં અનંત દુઃખ તૈયાર છે; પણ એટલું તો સિદ્ધ છે કે સર્વ બગાડો પાપી માતાની ગેરસમજણના સ્વભાવનો અને કમભાગ્ય ઉપજનારા પાપી ગર્ભના વક્ર કર્મનો છે. હવે બીજા પક્ષમાં વિવેકી અને ધર્માત્મા તથા શિયળવ્રત ધારણ કરનારી સગર્ભા માતાઓનાં પુત્ર પુત્રીઓ જન્મી ઉછરે છે, તેઓની જન્મ ક્રિયા પણ તેવીજ છે, પણ માત્ર સ્વભાવની છાયા પડવામાં ફેર છે. તેવી માતાઓના સ્વભાવનું સ્તનપાન કરી, પુખ્ત ઉંમરે પહોંચેલાં પુત્ર, પુત્રીઓ પણ, પોતપોતાનાં પુન્યના ઉદય મુજબ સર્વ વૈભવનો ઉપભોગ કરે છે, તેમ છતાં પોતાનાં માતા પિતા સાથે સદ્ વિનયથી વર્તી શકે છે. ગુરૂજનોમાં ભક્તિપરાયણ નીવડે છે. લજ્જા, દયા,' ક્ષમાદિ ગુણોમાં, અને પ્રભુપ્રાર્થનામાં આગળ વધે છે. અભિમાનથી વિમુખ રહી, મૈત્રી ભાવની સન્મુખ થાય છે. જીન્દગીમાં સાર્થક, યોગ્ય, સત્સંગ, કરી જ્ઞાન મેળવે છે, અને શરીર સંપત્તિ વિગેરેથી ઉદાસ રહી આત્મસ્મરણમાં જીન્દગી પૂર્ણ કરે છે; તેમજ સર્વ કોઈ વિવેકદષ્ટિવાળા સ્ત્રી પુરૂષોએ આ અશુચિથી પ્રાપ્ત થયેલા ગંદા શરીરની નીપજ ઉપર ધ્યાન રાખી મમતા ઘટાડવી જોઈએ, મિથ્યાભિમાનથી પાછા હઠવું જોઈએ, મળેલી જીન્દગીને સાર્થક કરવા યોગ્ય કાર્ય કરવામાં ઉદ્યમ કરવો જોઈએ, જેથી કરીને ઉપર કહેલા ગર્ભવાસના દુઃખને આધિન થવું ન પડે.

ઇતિ ગર્ભ વિચાર સંપૂર્ણ

# (૨૯) નક્ષત્ર પરિચય

## જંબુદ્વિપ પન્નતિ, વ-૭

નભચક્રમાં તારાનાં કેટલાંક ઝુમખાં એવાં છે કે તે સર્વદા એક સરખાં આકારનાં અને માંહોમાંહેના અંતરના ન્યૂનાધિકતા ન થાય તેવાં છે. તેથી તે નક્ષત્ર કહેવાય છે, એવાં નક્ષત્રો કુલ ૨૮ છે. દરેક નક્ષત્રનો ચંદ્રમા સાથેનો યોગ લગભગ સાઠ ઘડીનો હોય છે, પણ અભિજિત (અભિચ) નક્ષત્ર ૧૯ ઘડીનું છે તેથી તેની પહેલાનું ઉત્તરાષાઢા ૪૫ ઘડીનું હોવાથી તેમાં તેની ૧૫ ઘડી અને અભિચ પછીનું શ્રવણ નક્ષત્ર ૫૬ ઘડીનું હોવાથી તેમાં તેની ચાર ઘડી ભેળવી અભિજિતને જુદું નક્ષત્ર કેટલાક ગણતા નથી. આ રીતે ૨૭ નક્ષત્રોની બાર રાશિઓ ગણવામાં આવે છે. દરેક રાશિમાં સવા બે નક્ષત્ર હોય છે.

આ નીચે નક્ષત્રોનાં નામ, આકાર તથા તારાની સંખ્યા દર્શાવવામાં આવી છે.

| નામ | આકાર | તારાની સંખ્યા |
|---|---|---|
| ૧ અભિજિત | ગાયના મસ્તક જેવો | ૩ |
| ૨ શ્રવણ | કાવડના જેવો | ૩ |
| ૩ ધનિષ્ટા | પોપટના પાંજરા જેવો | ૫ |
| ૪ શતભિષા | વિખરોયલાં ફૂલ જેવો | ૧૦૦ |
| ૫ પૂર્વા ભાદ્રપદ | અર્ધ વાવડી જેવો | ૨ |
| ૬ ઉત્તરા ભાદ્રપદ | અર્ધ વાવડી જેવો | ૨ |
| ૭ રેવતી | વહાણ જેવો | ૩૨ |
| ૮ અશ્વિની | ઘોડાની ખૂંધ જેવો | ૩ |

| | | |
|---|---|---|
| ૯ ભરણી | સ્ત્રીના મર્મસ્થાન જેવો | ૩ |
| ૧૦ કૃતિકા | હજામની કોથળી જેવો | ૬ |
| ૧૧ રોહિણી | ગાડાના ઊંટડા જેવો | ૫ |
| ૧૨ મૃગશીર્ષ | મૃગલાના મુખ જેવો | ૩ |
| ૧૩ આર્દ્રા | લોહીબિંદુ જેવો | ૧ |
| ૧૪ પુનર્વસુ | ત્રાજવાં જેવો | ૫ |
| ૧૫ પુષ્ય | બે જોડેલાં રામપાત્ર જેવો | ૩ |
| ૧૬ આશ્લેષા | ધ્વજા જેવો | ૬ |
| ૧૭ મઘા | પડેલા ગઢની દીવાલ જેવો | ૭ |
| ૧૮ પૂર્વાફાલ્ગુની | અર્ધા પલંગ જેવો | ૨ |
| ૧૯ ઉત્તરાફાલ્ગુની | અર્ધા પલંગ જેવો | ૨ |
| ૨૦ હસ્ત | હાથના પંજા જેવો | ૫ |
| ૨૧ ચિત્રા | ખીલેલા પુષ્પ જેવો | ૧ |
| ૨૨ સ્વાતિ | નાગફણી (ખીલા) જેવો | ૧ |
| ૨૩ વિશાખા | ઘોડાની દામણી જેવો | ૫ |
| ૨૪ અનુરાધા | એકાવળી હાર જેવો | ૪ |
| ૨૫ જયેષ્ઠા | હાથીદાંત જેવો | ૩ |
| ૨૬ મૂળ | વીંછી જેવો | ૧૧ |
| ૨૭ પૂર્વાષાઢા | હાથીની ચાલનાં પગલાં જેવો | ૪ |
| ૨૮ ઉત્તરાષાઢા | બેઠેલા સિંહ જેવો | ૪ |

ઉપર મુજબ નક્ષત્રોના આકાર અને તારાની સંખ્યા ઉપરથી નક્ષત્ર ઓળખવાં સુગમ પડે છે, છતાં ગુરુગમથી જાણી લેવાં.

ચંદ્રમાંની ગતિ મંદ અને નક્ષત્રની ગતિ શીઘ્ર હોવાથી રોજ રોજ એક એક નક્ષત્ર બદલાતું રહે છે. આથી તે દૈનિક નક્ષત્ર કહેવાય છે.

સૂર્યની ગતિ ચંદ્રના કરતાં શીઘ્ર પણ નક્ષત્રના કરતાં મંદ હોવાથી ચંદ્રમાંના કરતાં સૂર્ય સાથે તે નક્ષત્રો વધારે વખત (અમુક દિવસો) સુધી રહે છે તે સૂર્ય નક્ષત્ર કહેવાય છે. ઋતુઓના પરિવર્તન આ સૂર્ય નક્ષત્ર ઉપર અવલંબે છે.

ઘણું કરીને દરેક. મહિનાની પૂર્ણિમાએ જે નક્ષત્ર ચંદ્ર સાથે રહી રાત પૂરતું હોય છે તે નક્ષત્રના નામ ઉપરથી મહિનાનાં નામ પડેલાં છે. જેમકે કૃતિકા ઉપરથી કાર્તિક, મૃગશીર્ષ ઉપરથી માગશર, યાવત્ અશ્વિની ઉપરથી આશ્વિન.

શ્રી ઠાણાંગ સૂત્રના દશમે ઠાણે નીચેનાં દશ નક્ષત્રો જ્ઞાનવૃદ્ધિકારક કહ્યાં છે - ૧ મૃગશીર્ષ, ૨ આદ્રા, ૩ પુષ્પ, ૪-૫-૬ ત્રણે પૂર્વા, ૭ મૂળ, ૮ આશ્લેષા, ૯ હસ્ત અને ૧૦ ચિત્રા.

**ઈત નક્ષત્ર પરિચય સંપૂર્ણ**

## (૩૦) પાંચ દેવ

(ભગવતીસૂત્ર, શતક ૧૨ ઉદ્દેશો ૯ મો)

ગાથા.

નામ ગુણ ઉવાએ, ઠી વીયુ ચવણ સંચિઠણા,

અંતર અપ્પાં બહુયં ચ, નવ ભેએ દેવ દારાએ ૧.

નામ દ્વાર ૧. ગુણ દ્વાર ૨. ઉવવાય દ્વાર ૩. સ્થિતિ દ્વાર ૪. રૂદ્ધિ તથા વિકુવણા દ્વાર ૫. ચવણ દ્વાર ૬. સંચિઠાણા દ્વાર

૭. અવગાહના દ્વાર ૮. અંતર દ્વાર ૯. અલ્પ બહુત્વ દ્વાર ૧૦ એ દશ દ્વાર, પાંચ દેવ ઉપર ઉતારે છે.

પ્રથમ નામ દ્વાર - ભવિય દ્રવ્યદેવ ૧, નરદેવ ૨, ધર્મદેવ ૩, દેવાધિદેવ ૪, ભાવદેવ ૫, ઈતિ પહેલું નામ દ્વાર ૧.

બીજું ગુણ દ્વાર - મનુષ્ય તથા તિર્યંચ પંચેંદ્રિય જેને દેવતામાં ઉપજવું છે તેને ભવિય દ્રવ્યદેવ કહીએ. ૧. નરદેવ કયે ગુણે કહીએ ? ચક્રવર્તીની રિદ્ધિ ભોગવે તે ગુણે નરદેવ કહીએ. ચક્રવર્તીની રિદ્ધિ વર્ણવીએ છીએ. નવનિધાન, ચૌદ રત્ન, ચોરાશી લાખ હાથી, ચોરાશી લાખ ઘોડા, ચોરાશી લાખ રથ, છન્નુક્રોડ પાયદલ, બત્રીસ હજાર મુકુટબંધી રાજા, બત્રીસ હજાર સામાનિક રાજા, સોળ હજાર દેવતા ચાકરી કરે, ચોંસઠ હજાર સ્ત્રી, ત્રણસેંને સાઠ રસોઈયા, વીસ હજાર સોનાના આગાર વગેરે. ૨ ધર્મદેવ કયે ગુણે કહીએ ? આઠ પ્રવચન માતાના સેવનાર, નવવાડ વિશુદ્ધ બ્રહ્મચર્યના પાલણહાર, દશવિધ યતિધર્મના પાલણહાર, બાર ભેદે તપસ્યાના કરનાર, સત્તર ભેદે સંજમના પાળનાર, બાવીસ પરિસહના સહનાર, સત્તાવીસ ગુણે કરી સહિત, તેત્રીસ આશાતનાના ટાળનાર, છન્નુ દોષરહિત આહાર પાણીના લેનાર, એવે ગુણે ધર્મદેવ કહીએ. ૩. દેવાધિદેવ કયે ગુણે કહીએ ? ચોત્રીસ અતિશયે કરી બિરાજમાન, પાંત્રીસ વચન વાણીના ગુણે કરી સહિત, ચોસઠ ઈંદ્રના પૂજનીક, એક હજાર ને અષ્ટ ઉત્તમ લક્ષણના ધણી, અઢાર દોષરહિત અને બાર ગુણે કરી સહિત હોય; અઢાર દોષરહિત તે અજ્ઞાન ૧, ક્રોધ ૨, મદ ૩, માન ૪, માયા ૫, લોભ ૬, રતિ ૭, અરતિ ૮, નિદ્રા ૯, શોક ૧૦, અસત્ય ૧૧, ચોરી ૧૨, મત્સર ૧૩, ભય ૧૪, પ્રાણીવધ ૧૫, પ્રેમ ૧૬, ક્રીડા પ્રસંગ ૧૭, હાસ્ય ૧૮ એ ૧૮દોષ રહિત. બાર ગુણે કરી સહિત તે ૧૨ ગુણ કહે છે : - જ્યાં જ્યાં ભગવંત ઊભા રહે, બેસે, સમોસરે ત્યાં ત્યાં

દશ બોલ સહિત તે ભગવંતથી બારગુણો ઊંચો તત્કાળ અશોક વૃક્ષ થઈ આવે ને સ્વામીને છાંયડો કરે. ૧. ભગવંત જ્યાં જ્યાં સમોસરે ત્યાં ત્યાં પાંચવર્ણાં અચેત ફૂલની વૃષ્ટિ થાય ને ઢિંચણ પ્રમાણે ઢગલા થાય ૨. ભગવંતની જોજન પ્રમાણે વાણી વિસ્તરે ને સહુનાં મનનો સંશય હરે. ૩. ભગવંતને ચોવીસ જોડ ચામર વિંઝાય. ૪. સ્ફટિક રત્નમય પાદપીઠ સહિત સિંહાસન સ્વામીની આગળ થાય. ૫. ભામંડળ અંબોડાને ઠેકાણે તેજમંડળ બિરાજે. દિશોદિશના અંધકાર ટાળે. ૬. આકાશે સાડાબાર ક્રોડ ગેબી વાજાં વાગે. ૭. ભગવંતની ઉપર ત્રણ છત્ર ઉપરાઉપરી બિરાજે. ૮. અનંત જ્ઞાન અતિશય. ૯. અનંત અર્ચા અતિશય - પરમ પૂજ્યપણું. ૧૦. અનંત વચન અતિશય. ૧૧. અનંત અપાયાગમ અતિશય, તે સર્વ દોષ રહિતપણું. ૧૨. એ બાર ગુણે કરી સહિત હોય તેને દેવાધિદેવ કહીએ. (૧ થી ૮ અતિશય છે, ૯ થી ૧૨ ગુણ છે.) ૪. ભાવદેવ તે ભવનપતિ ૧. વાણવ્યંતર ૨. જ્યોતિષી ૩. વૈમાનિક ૪. એ ચાર જાતિના દેવતાને ભાવે પ્રવર્ત્તે છે તેને ભાવ દેવ કહીએ. ૫. ઈતિ બીજું ગુણ દ્વાર

૩ જું ઉવવાય દ્વાર : ભવિય દ્રવ્યદેવમાં ૧૭૯ ની લટ, ૭ નારકી, સર્વાર્થ સિદ્ધ છોડી ૯૮ દેવનાં પર્યાપ્તા મળી ૨૮૪ બોલનાં આવે. નરદેવ પહેલી નરક, ૧૦ ભવનપતિ, ૨૬ વાણવ્યંતર, ૧૦ જ્યોતિષી, ૧૨ દેવલોક, ૯ લોકાંતિક, ૯ ગ્રૈવેયક, ૫ અનુ. વિમાનનાં પર્યાપ્તા મળી ૮૨ બોલનાં આવે. ધર્મદેવ - ૧૭૧ ની લટ (તેઉ વાઉનાં વર્જી), ૯૯ દેવ, પાંચ નરકનાં પર્યાપ્તા મળી ૨૭૫ બોલનાં આવે. દેવાધિદેવ - ૧૨ દેવલોક, ૯ લોકાંતિક, ૯ ગ્રૈવેયક, ૫ અનુ. વિમાન, પ્રથમ ત્રણ નરકનાં પર્યાપ્ત એ ૩૮ બોલનાં આવે. ભાવ દેવમાં ૧૦૧ સંજ્ઞી મનુષ્ય, ૫ સંજ્ઞી તિર્યંચ, ૫ અસંજ્ઞી તિર્યંચ પંચે. એ સર્વનાં પર્યાપ્તા મળી ૧૧૧ બોલનાં આવીને ઉપજે.

ચોથું સ્થિતિ દ્વાર - ભવિય દ્રવ્યદેવની સ્થિતિ જઘન્ય

અંતર્મુહૂર્તની અને ઉત્૦ ત્રણ પલ્યની. ૧. નરદેવની જઘ૦ સાતસો વર્ષની ઉત્૦ ચોરાશી લાખ પૂર્વની. ૨. ધર્મદેવની જઘ૦ અંતર્મુહૂર્તની ઉત્૦ દેશે ઉણી પૂર્વ ક્રોડીની. ૩. દેવાધિદેવની જઘ૦ ૭૨ વર્ષની, ઉત્૦ ૮૪ લાખ પૂર્વની ૪. ભાવદેવની જઘ૦ દસ હજાર વર્ષની, ઉત્૦ ૩૩ સાગરની ૫. ઈતિ ચોથું સ્થિતિ દ્વાર.

પાંચમું રૂદ્ધિ તથા વિકુવણા દ્વાર - ભવિય દ્રવ્યદેવમાં તથા ધર્મદેવમાં જેને વૈક્રિય લબ્ધિ ઉપની હોય તેને, તથા નરદેવ ભાવદેવને તો હોયજ. એ ૪ વૈક્રિય રૂપ કરે તો જઘન્ય ૧, ૨, ૩, ઉત્કૃષ્ટ સંખ્યાતા રૂપ કરે. શક્તિ તો અસંખ્યાતા રૂપ કરવાની છે, પણ કરે નહિ. દેવાધિદેવની શક્તિ અનંત છે, પણ કરે નહિ. ઈતિ પાંચમું રૂદ્ધિ તથા વિકુવણા દ્વાર.

૬ઠ્ઠો ચવણ દ્વાર - ભવિય દ્રવ્ય દેવ ચવી ૧૯૮ ભેદનાં દેવ થાય. નરદેવની ગતિ ૧૪ ભેદ, ૭ નરકનાં અપ. ને પર્યાપ્તા. ધર્મ દેવ ૧૨ દેવલોક, ૯ લોકાંતિક, ૯ ગ્રૈવેયક, ૫ અનુ. વિમાન એ ૩૫ નાં અપ. ને પર્યાપ્તા, ૭૦ બોલમાં જાય. દેવાધિદેવની ગતિ મોક્ષ. ભાવદેવ ૧૫ કર્મભૂમિ, ૫ સંજ્ઞી તિર્યંચ, બાદર પૃથ્વી, પાણી, વનસ્પતિ એ ૨૩ નાં અપ. ને પર્યાપ્તા ૪૬ બોલમાં જાય. ઈતિ છઠ્ઠો ચવણ દ્વાર.

સાતમું સંચિઠણા દ્વાર... સંચિઠણા તે શું ? દેવનાદેવપણે રહે તો કેટલો કાળ રહે તે કહે છે : - ભવિય દ્રવ્યદેવની સંચિઠણા જ૦ અંતર્મુહૂર્તની, ઉત્૦ ૩ પલ્યોપમની ૧. નરદેવની જ૦ સાતસે વર્ષની, ઉત્૦ ૮૪ લાખ પૂર્વની ૨. ધર્મદેવની, પરિણામ આશ્રી એક સમય, પ્રવર્તન આશ્રી જ૦ અંતર્મુહૂર્તની ઉત્૦ દેશે ઉણી પૂર્વ ક્રોડીની. ૩. દેવાધિદેવની જ૦ ૭૨ વર્ષની ઉત્૦ ૮૪ લાખ પૂર્વની ૪. ભાવદેવની જ૦ દશ હજારની, ઉ૦ ૩૩ સાગરોપમની ૫. ઈતિ સાતમું સંચિઠણા દ્વાર.

આઠમો અવગાહના દ્વાર : ભવિય દ્રવ્ય દેવની અવગાહના જ.

આંગુલનો અસંખ્યાતમો ભાગ ઉ. ૧૦૦૦ જોજન૦ નરદેવની અવગાહના જ. સાત ધનુષ્ય ઉ. ૫૦૦ ધનુષ્ય૦ ધર્મદેવની અવગાહના જ. બે હાથ ઉ. ૫૦૦ ધનુષ્ય૦ દેવાધિદેવની અવગાહના જ. સાત હાથ ઉ. ૫૦૦ ધનુષ્ય. ભાવદેવની અવગાહના જ. એક હાથ ઉ. સાત હાથ. ઈતિ આઠમો અવગાહના દ્વાર.

નવમું અંતર દ્વાર - ભવિષ્ય દ્રવ્યદેવનું આંતરું પડે તો જ૦ દશ હજાર વર્ષ અને અંતર્મુહૂર્ત અધિક, ઉત્૦ અનંતકાલનું ૧. નરદેવનું જ૦ એક સાગર ઝાઝેરૂં, ઉત્૦ અર્ધ પુદ્ગલ પરાવર્તન દેશે ઉણું. ૨. ધર્મદેવનું જ૦ બે પલ્ય ઝાઝેરૂં, ઉત્૦ અર્ધપુદ્ગલ પરાવર્ત દેશે ઉણું. ૩. દેવાધિદેવનું આંતરૂં નથી. ૪. ભાવદેવનું જ૦ અંતર્મુહૂર્તનું, ઉત્૦ અનંતાકાળનું. ૫. ઈતિ નવમો અંતર દ્વાર.

દશમો અલ્પ બહુત્વ દ્વાર - સર્વથી થોડા નરદેવ ૧. તેથી દેવાધિદેવ સંખ્યાત ગુણા ૨. તેથી ધર્મદેવ સંખ્યાત ગુણા ૩. તેથી ભવિય દ્રવ્યદેવ અસંખ્યાત ગુણા ૪. તેથી ભાવદેવ અસંખ્યાત ગુણા ૫. ઈતિ દશમો અલ્પ બહુત્વદ્વાર.

**ઈતિ પાંચ દેવનો થોકડો સંપૂર્ણ**

## (૩૧) આરાધક-વિરાધક

(શ્રી ભગવતીજી સૂત્ર શતક પહેલે, ઉદ્દેશે બીજે)

**દેવોત્પાતનાં ૧૪ બોલ**

(પન્નવણા સૂત્ર-૨૦મા ક્રિયાપદનો અધિકાર)

૧. અસંજતિ ભવિય દ્રવ્યદેવ* જઘન્ય ભવનપતિ ઉત્કૃષ્ટા નવ ગ્રૈવેયક સુધી જાય.

૨. આરાધક સાધુ જ૦ પહેલા દેવલોક સુધી. ઉ૦ સર્વાર્થસિદ્ધ વિમાન સુધી જાય.

---

* શ્રમણનાં વેશમાં રહી શ્રમણોની ચર્યાનું પાલન કરનાર મિથ્યા દૃષ્ટિ જીવો.

૩. વિરાધક સાધુ જ૦ ભવનપતિ,
ઉ૦ પહેલા દેવલોક સુધી જાય.

૪. આરાધક શ્રાવક જ૦ પહેલા દેવલોક સુધી જાય,
ઉ૦ બારમા દેવલોક સુધી જાય.

૫. વિરાધક શ્રાવક જ૦ ભવનપતિ,
ઉ૦ જ્યોતિષી સુધી જાય.

૬. અસંજ્ઞી તિર્યંચ જ૦ ભવનપતિ,
ઉ૦ વાણવ્યંતર સુધી જાય.

૭. તાપસના મતવાળા (કંદમૂળ ભક્ષક આદી)
જ૦ ભવનપતિ, ઉ૦ જ્યોતિષી સુધી જાય.

૮. કંદર્પિયા સાધુ (હાંસી મજાક કરનારા)
જ૦ ભવનપતિ, ઉ૦ પહેલા દેવલોક સુધી જાય.

૯. ચરક પરિવ્રાજક મતવાળા જ૦ ભવનપતિ, (અંખડ
સંન્યાસીનાં મતવાળાં) ઉ૦ પાંચમા દેવલોક સુધી જાય.

૧૦. કિલ્વિષિકો જ૦ ભવનપતિ, (જમાલીનાં મતવાળાં)
ઉ૦ છઠ્ઠા દેવલોક સુધી જાય.

૧૧. સંજ્ઞી તિર્યંચ જ૦ ભવનપતિ,
ઉ૦ આઠમા દેવલોક સુધી જાય.

૧૨. આજીવિકા* (ગોશાળાના) મતવાળા જ૦ ભવનપતિ,
ઉ૦ બારમા દેવલોક સુધી જાય.

૧૩. આભિયોગીકો (મંત્રતંત્ર કરનારા) જ૦ ભવનપતિ,
ઉ૦ બારમા દેવલોક સુધી જાય.

૧૪. દર્શન વિરાધક સ્વલિંગી સાધુ જ૦ ભવનપતિ,
ઉ૦ નવગ્રૈવેયક સુધી જાય.

ઈતિ આરાધક વિરાધકનો થોકડો સંપૂર્ણ

---

* ચિત્રપટ આદિ બતાવીને પોતાની આજીવિકા કરનારા.

## (૩૨) ત્રણ જાગરિકા

ભગવતી શ. ૧૨. ઉ. ૧

શ્રી વીર ભગવાનને ગૌતમસ્વામી પૂછતા હતા, કે હે ભગવન્ ! જાગરિકા કેટલા પ્રકારે કહી છે ?

ભગવાન કહે - હે ગૌતમ ! જાગરિકા ત્રણ પ્રકારની કહી છે, તે સાંભળ - ૧ ધર્મ જાગરણ, ૨. અધર્મ જાગરણ, ૩ સુદખુ જાગરણ. તેમાં પ્રથમ ધર્મ જાગરણના ચાર ભેદ - ૧. આચાર ધર્મ, ૨. ક્રિયા ધર્મ. ૩. દયા ધર્મ, ૪. સ્વભાવ ધર્મ.

તેમાં પ્રથમ આચાર ધર્મના પાંચ ભેદ - ૧. જ્ઞાનાચાર, ૨. દર્શનાચાર, ૩. ચારિત્રાચાર, ૩. તપાચાર, ૫. વીર્યાચાર. તેમાં જ્ઞાનાચારના ૮. ભેદ, દર્શનાચારના ૮ ભેદ, ચારિત્રાચારના ૮ ભેદ, તપાચારના ૧૨ ભેદ, વીર્યાચારના ૩ ભેદ, એ રીતે ૩૯ થયા.

જ્ઞાનાચારના ૮ ભેદ : - ૧. જ્ઞાન ભણવાને વખતે જ્ઞાન ભણવું, ૨. જ્ઞાન લેતાં વિનય કરવો, ૩. જ્ઞાન તથા જ્ઞાનીનું બહુમાન કરવું, ૪. જ્ઞાન ભણતાં યથાશક્તિ તપ કરવો, ૫. અર્થ તથા ગુરૂને ગોપવવા નહિ, ૬. અક્ષર શુદ્ધ, ૭. અર્થ શુદ્ધ, ૮. અક્ષર, અર્થ બન્ને શુદ્ધ ભણે.

દર્શનાચારના ૮ ભેદ : - ૧. જૈન ધર્મમાં શંકારહિતપણું, ૨. પાખંડ ધર્મની વાંછારહિતપણું, ૩. કરણીના ફળનું સંદેહરહિતપણું, ૪. પાખંડીના આડંબર દેખી મૂંઝાય નહિ, ૫. સ્વધર્મની પ્રશંસા કરે, ૬. ધર્મથી પડતાને સ્થિર કરે, ૭. સ્વધર્મની ભક્તિ કરે, ૮. જૈન ધર્મને અનેક રીતે દીપાવે, કૃષ્ણ શ્રેણિકની પેરે.

ચારિત્રાચારના ૮ ભેદ : - ૧ ઈર્યા સમિતિ, ૨. ભાષા સમિતિ, ૩. એષણા સમિતિ, ૪. આયાણભંડમતનિખેવણા સમિતિ, ૫. ઉચ્ચારપાસવણ ખેલ, જલ, સિંઘાણ પારિઠાવણીઆ સમિતિ, ૬. મન ગુપ્તિ, ૭. વચન ગુપ્તિ, ૮. કાય ગુપ્તિ.

તપાચારના બાર ભેદ : છ બાહ્ય અને છ આભ્યંતર, એ બાર. છ બાહ્ય તપનાં નામ - ૧ અણસણ, ૨ ઉણોદરી, ૩. વૃત્તિસંક્ષેપ, ૪. રસપરિત્યાગ, ૫. કાયકલેશ, ૬. ઈંદ્રિયપ્રતિસંલીનતા. આભ્યંતર તપના છ ભેદ: ૧ પ્રાયશ્ચિત, ૨ વિનય, ૩ વૈયાવચ્ચ, ૪. સજ્ઝાય, ૫ ધ્યાન, ૬ કાયોત્સર્ગ. એમ કુલ બાર ભેદ તપાચારના જાણવા. તેમાં ઈહલોક, પરલોક્ના સુખની વાંછારહિત તપ કરે. અથવા આજીવિકારહિત તપ કરે એ તપના બાર આચાર જાણવા.

વીર્યાચારના ત્રણ ભેદ : ૧. બળ, વીર્ય, ધર્મનાં કામમાં ગોપવે નહિ. ૨. પૂર્વોક્ત ૩૬ બોલમાં ઉદ્યમ કરે, ૩. શક્તિ અનુસારે કામ કરે, એવં ૩૯ ભેદ આચાર ધર્મના કહ્યા.

હવે બીજો ક્રિયાધર્મ : તેના સીત્તેર ભેદનાં નામ : ચાર પ્રકારે પિંડ વિશુદ્ધિ[૧], ૪, પાંચ સમિતિ, ૫, બાર પ્રકારની ભાવના ૧૨, સાધુની બાર પડિમા ૧૨, પાંચ ઈંદ્રિયનો નિરોધ ૫, પચીસ પ્રકારની પડિલેહણા ૨૫, ત્રણ ગુપ્તિ ૩, ચાર અભિગ્રહ ૪, એવં ૭૦. તેને કરણ સિત્તેરિ કહે છે.

૫ મહાવ્રત, ૧૦ યતિધર્મ, ૧૭ પ્રકારનો સંયમ, ૧૦ પ્રકારની વૈયાવચ્ચ, ૯ બ્રહ્મચર્યની વાડ, ૩ (જ્ઞાન, દર્શન, ચારિત્ર) રત્ન, ૧૨ તપ, ૪ કષાયનો નિગ્રહ એ ૭૦ ભેદને ચરણ સિત્તેરી કહે છે.

હવે ત્રીજો દયાધર્મ : તેના આઠ ભેદનાં નામ કહે છે ૧. પ્રથમ સ્વદયા*, તે પોતાના આત્માને પાપથી બચાવે તે, ૨. પરદયા, તે બીજા જીવની રક્ષા કરવી તે, ૩. દ્રવ્ય દયા, તે દેખાદેખીથી દયા પાળે તે, અથવા શરમથી જીવની રક્ષા કરવી તે, અથવા કૂળ આચારે દયા પાળે તે, ૪. ભાવદયા, તે જ્ઞાનના જોગે કરીને જીવને જીવાત્મા જાણીને તે ઉપર અનુકંપા લાવી, તેનો જીવ

* સ્વદયામાં પરદયાની નિયમા અને પરદયામાં સ્વદયાની ભજના.

૧. પિંડ એટલે આહાર માટે દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવથી, વિશુદ્ધિ એટલે અચેત પ્રાસુક આદિ સુઝતા દ્રવ્ય લેવા.

બચાવવો તે, ૫. વહેવાર દયા, તે જેવી શ્રાવકને દયા પાળવાની કહી છે તે સાચવે તે, ઘરનાં અનેક કામકાજ કરતાં જતના રાખવી તે. ૬. નિશ્ચય દયા, તે આપણા આત્માને કર્મબંધથી છોડાવવો; તેનો ખુલાસો એ છે કે પુદ્ગલ પરવસ્તુ છે. તેના ઉપરથી મમતા ઉતારીને, તેનો પરિચય છાંડીને, આપણા આત્માના ગુણમાં રમણ કરવું, જીવનું કર્મરહિત શુદ્ધ સ્વરૂપ પ્રગટ કરવું, તે નિશ્ચય દયા, ચૌદમા ગુણસ્થાનકને અંતે સંપૂર્ણ લાભે. ૭. સ્વરૂપ દયા, તે કોઈ જીવને મારવાને ભાવે, પહેલાં તે જીવને સારી રીતે ખવરાવે અને શરીરે માતો કરે, સાર સંભાળ લે, એ દયા ઉપરથી દેખાવ માત્ર છે, પરંતુ પાછળથી તે જીવને મારવાના પરિણામ છે, તે ઉત્તરાધ્યયન સૂત્રના સાતમા અધ્યયને બોકડાના અધિકારથી સમજવું. ૮ અનુબંધ દયા, તે જીવને ત્રાસ પમાડે પણ અંતરથી તેને શાતા દેવાનો કામી છે. તે, જેમકે માતા પુત્રને રોગ મટાડવાને અર્થે કડવું ઔષધ પાય પણ અંતરથી તેનું ભલું ઇચ્છે છે, તથા જેમ પિતા પુત્રને ભલી શિખામણ આપવા માટે ઉપરથી તર્જના કરે, મારે. પણ અંતરથી તેના ગુણ વધારવા માટે ભલું ઇચ્છે છે.

ચોથો સ્વભાવ ધર્મ : - તે જે વસ્તુ જીવ અથવા અજીવ તેની જે પ્રણતિ છે, તેના બે ભેદ : - તેમાં એક શુદ્ધ સ્વભાવથી અને બીજો કર્મના સંજોગથી અશુદ્ધ પ્રણતિ છે તે જીવને વિષય કષાયના સંજોગથી વિભાવના થાય છે. હવે જીવ અને પુદ્ગલને વિભાવ છે. તેને દૂર કરીને જીવ આપણા જ્ઞાનાદિક ગુણમાં રમણ કરે, તે સ્વભાવ ધર્મ અને પુદ્ગલનો એક વર્ણ, એક ગંધ, એક રસ, બે સ્પર્શમાં રમણ થાય તે પુદ્ગલનો શુદ્ધ સ્વભાવ ધર્મ જાણવો. એ સિવાય બીજા ચાર દ્રવ્યમાં સ્વભાવ ધર્મ છે, પણ વિભાવ ધર્મ નથી, તે ચલણ ગુણ, સ્થિર ગુણ, અવકાશ ગુણ, વર્તના ગુણ, તે પોતપોતાના સ્વભાવને છોડતા નથી તે માટે શુદ્ધ સ્વભાવ ધર્મ છે. એ ચાર પ્રકારની ધર્મ જાગરિકા કહી.

બીજી અધર્મ જાગરિકા : - તે સંસારમાં ધન કુટુંબ પરિવારનો સંજોગ મેળવવો, તેને માટે આરંભાદિક કરવા, તેની રક્ષા કરવી,તેના ઉપર દૃષ્ટિ રાખવી, તે અધર્મ જાગરિકા જાણવી.

ત્રીજી સુદખુ જાગરિકા : તે સુ કહેતાં ભલી, દખુ કહેતાં ચતુરાઈવાળી જાગરિકા, એ જાગરિકા શ્રાવકને હોય છે, કેમકે સમ્યક્ જ્ઞાન, દર્શન સહિત ધન - કુટુંબાદિક તથા વિષય કષાયને ખોટા જાણે છે, દેશથી નિવર્ત્યા છે, ઉદય ભાવથી ઉદાસીનપણે રહે છે, ત્રણ મનોરથ ચિંતવે છે. તે સુદખુ જાગરિકા જાણવી.

ઇતિ ત્રણ જાગરિકા સંપૂર્ણ.

## (૩૩) છ કાયના ભવ

શ્રી ગૌતમ સ્વામી વીર ભગવાન્ ને વંદણા નમસ્કાર કરી પૂછતા હવા કે, હે ભગવન્ ! છ કાયના જીવ અંતર્મુહૂર્તમાં કેટલા ભવ કરે ?

વીર ભગવાને કહ્યું, હે ગૌતમ ! પૃથ્વી, પાણી, અગ્નિ, વાયરો, એ જઘન્ય એક ભવ કરે, ઉત્કૃષ્ટા બાર હજાર આઠસેં ચોવીસ ભવ એક અંતર્મુહૂર્તમાં કરે. વનસ્પતિના બે ભેદ, તે પ્રત્યેક અને સાધારણ. પ્રત્યેક, જઘન્ય એક ભવ, ઉત્કૃષ્ટ બત્રીસ હજાર ભવ કરે અને સાધારણ જઘન્ય એક ભવ અને ઉત્કૃષ્ટ પાંસઠ હજાર પાંચસે છત્રીસ ભવ કરે. બેઈંદ્રિય, જઘન્ય એક ભવ અને ઉત્કૃષ્ટા એંસી ભવ કરે. તેઈન્દ્રિય, જઘન્ય એક ભવ અને ઉત્કૃષ્ટા સાઠ ભવ કરે. ચૌરેંદ્રિય, જઘન્ય એક ભવ અને ઉત્કૃષ્ટા ચાલીસ ભવ કરે. અસંજ્ઞી તિર્યંચ પંચેંદ્રિય, જઘન્ય એક ભવ અને ઉત્કૃષ્ટા ચોવીસ ભવ કરે. સંજ્ઞી તિર્યંચ અને સંજ્ઞી મનુષ્ય, જઘન્ય અને ઉત્કૃષ્ટો એક ભવ કરે. સંમૂર્ચ્છીમ મનુષ્ય જઘન્ય ૧ ભવ. ઉ. ૧ ભવ કરે. એક મુહૂર્ત (બે ઘડી) ની ૧,૬૭,૭૭,૨૧૬ આવલિકા થાય. અને એક ક્ષુલ્લક (નાનામાં નાનો) ભવ. - ૨૫૬ આવલિકાથી નાનો ન હોય.

ઇતિ છ કાયના ભવ સંપૂર્ણ.

# (૩૪) અવધિ પદ.

શ્રી પન્નવણાજી સૂત્ર પદ તેત્રીસમે અવધિ પદનો થોકડો ચાલ્યો તેમાં પ્રથમ દશ દ્વાર છે, તેનાં નામ કહે છે : ભેદ દ્વાર ૧૦ વિષય દ્વાર ૨૦ સંઠાણ દ્વાર ૩૦ આભ્યંતર અને બાહ્ય દ્વાર ૪૦ દેશ થકી અને સર્વ થકી ૫૦ અણુગામી ૬૦ હીયમાન અને વર્દ્ધમાન ૭૦ અવઠીયા ૮૦ પડિવાઈ ૯૦ અપડિવાઈ ૧૦.

૧ - પહેલો ભેદ દ્વાર - તેમાં નારકી અને દેવતા ભવ પ્રત્યે દેખે એટલે ઉપજતી વખતે સાથે અવધિજ્ઞાન હોય છે. તિર્યંચ અને મનુષ્ય ક્ષયોપશમ પ્રમાણે દેખે.

૨ - બીજો વિષય દ્વાર - એટલે પહેલી નરકના નારકી જઘન્ય સાડાત્રણ ગાઉ દેખે, ઉત્કૃષ્ટ ચાર ગાઉ દેખે. બીજી નરકના નારકી જઘન્ય ત્રણ ગાઉ, ઉત્કૃષ્ટ સાડાત્રણ ગાઉ દેખે. ત્રીજી નરકના નારકી જ૦ અઢી ગાઉ, ઉ૦ ત્રણ ગાઉ દેખે. ચોથી નરકના નારકી જ૦ બે ગાઉ, ઉ૦ અઢી ગાઉ દેખે. પાંચમીના જ૦ દોઢ ગાઉ, ઉ૦ બે ગાઉ દેખે. છઠ્ઠીના જ૦ એક ગાઉ, ઉ૦ દોઢ ગાઉ દેખે. સાતમીના જ૦ અર્ધ ગાઉ, ઉ૦ એક ગાઉ દેખે. અસુરકુમાર (ભવનપતિ) જ૦ પચીસ જોજન સુધી દેખે, ઉ૦ ત્રણ પ્રકારનું દેખે. ઊંચું પહેલા બીજા દેવલોક સુધી, નીચું ત્રીજી નરકના તળા સુધી, અને ત્રીછું પલ્યના આઉખાવાળા સંખ્યાતા દ્વીપ સમુદ્ર દેખે અને સાગરના આઉખાવાળા અસંખ્યાતા દ્વીપ સમુદ્ર દેખે. વાણવ્યંતર અને નવ નિકાયના દેવતા જ૦ પચીસ જોજન, ઉ૦ ત્રણ પ્રકારનું દેખે. ઊંચુ પહેલાં દેવલોક સુધી, નીચું પાતાળ કળશા સુધી, અને ત્રીછું સંખ્યાત દ્વીપ સમુદ્ર દેખે, જ્યોતિષી અને પહેલા બીજા દેવોલોકના દેવતા જ૦ આંગુલનો અસંખ્યાતમો ભાગ ઉ૦ ત્રણ પ્રકારનું દેખે. ઊંચું પોતાના વિમાનની ધ્વજા સુધી, નીચું પહેલી નરકના તળા સુધી,

અને ત્રીછું પલ્યના આઉખાવાળા સંખ્યાત દ્વીપ સમુદ્ર દેખે અને સાગરના આઉખાવાળા અસંખ્યાતા દ્વીપ સમુદ્ર દેખે. ત્રીજા દેવલોકથી યાવત્ સર્વાર્થસિદ્ધ વિમાનના દેવતા ઊંચું પોતપોતાના વિમાનની ધ્વજા સુધી દેખે, ત્રીછું અસંખ્યાતા દ્વીપ સમુદ્ર દેખે, નીચું ત્રીજા ચોથાવાળા બીજી નરકના તળા સુધી, પાંચમા છઠ્ઠાવાળા ત્રીજી નરકના તળા સુધી, ૭-૮ દેવલોકવાળા ચોથી નરકના તળા સુધી, નવમાંથી બારમાં સુધીના પાંચમી નરકના તળા સુધી, નવ ગ્રૈવેયકના છઠ્ઠી નરકના તળા સુધી, ચાર અનુત્તર વિમાનના સાતમી નરકના તળા સુધી, અને સર્વાર્થસિદ્ધના દેવતા દેશે ઉણી લોકનાલીકા સુધી દેખે. તિર્યંચ, જ૦ આંગુલનો અસંખ્યાતમો ભાગ, ઉ૦ અસંખ્યાતા દ્વીપ સમુદ્ર દેખે. મનુષ્ય, જ૦ આંગુલનો અસંખ્યાતમો ભાગ, ઉ૦ આખા લોક અને અલોકમાં લોક જેવડા અસંખ્યાતા ખંડ જોવાની શક્તિ છે.

૩ - ત્રીજો સંઠાણ દ્વાર - નારકી, ત્રાપાને આકારે દેખે, ભવનપતિ, પાલાને આકારે દેખે, વાણવ્યંતર, પડહને આકારે દેખે. જ્યોતિષી, ઝાલરને આકારે દેખે, બાર દેવલોક્ના દેવતા, મૃદંગને આકારે દેખે, નવ ગ્રૈવેયકના દેવતા, ફૂલની ચંગેરીના આકારે દેખે, અનુત્તર વિમાનના દેવતા, કુંવારી કન્યાના કંચવાને આકારે દેખે.

૪ - ચોથો આભ્યંતર અને બાહ્ય દ્વાર - નારકી દેવતા આભ્યંતર દેખે, તિર્યંચ બાહ્ય દેખે, મનુષ્ય આભ્યંતર અને બાહ્ય દેખે, કારણ કે તીર્થંકર દેવને અવધિજ્ઞાન સાથે જ હોય છે.

૫ - પાંચમો દેશ અને સર્વથકી દ્વાર-નારકી, તિર્યંચ અને દેવતા દેશ થકી અને મનુષ્ય દેશથી તથા સર્વ થકી દેખે.

૬ - છઠ્ઠો અણુગામી અને અણાણુગામી દ્વાર - નારકી દેવતાને અણુગામી કહેતાં, સાથે જનારૂં અવધિજ્ઞાન હોય, મનુષ્ય અને તિર્યંચને અણુગામી અને અણાણુગામી બન્ને હોય.

૭-૮ સાતમો હિયમાન - વર્દ્ધમાન અને આઠમો અવઠીયા દ્વાર - નારકી દેવતાને અવઠીયા કહેતાં હોય તેટલું અવધિજ્ઞાન રહે, મનુષ્ય અને તિર્યંચને હિયમાન, વર્દ્ધમાન અને અવઠીયા એ ત્રણે પ્રકારનું હોય.

૯-૧૦ નવમો પડીવાઈ અને દશમો અપડીવાઈ દ્વારનારકી અને દેવતાને અપડીવાઈ અવધિ જ્ઞાન હોય, મનુષ્ય અને તિર્યંચને પડીવાઈ અને અપડીવાઈ બન્ને જાણવા.

ઇતિ અવધિ પદ સંપૂર્ણ.

## (૩૫) ધર્મધ્યાન

ઉવવાઈ સૂત્રપાઠ.

સેકિંતં ધમ્મેઝાણે ? ચઉવ્વિહે, ચઉ પડિહારે પન્નતે તં જહા; આણાવિજએ ૧. અવાયવિજએ ૨. વિવાગવિજએ ૩. સંઠાણ વિજએ ૪. ધમ્મસ્સણંજૂઝાણસ્સ ચત્તારિ લક્ખણા પન્નતા તંજહા. આણારૂઈ ૧. નિસગ્ગરૂઈ ૨. સુત્તરઈ ૩. ઉવએસરૂઈ ૪. ધમ્મસ્સણં ઝાણસ્સ ચત્તારિ આલંબણા પન્નતા તંજહા, વાયણા ૧. પુચ્છણા ૨. પરિયટ્ટણા ૩. ધમ્મકહા ૪. ધમ્મસ્સણં જૂઝાણસ્સ ચત્તારિ અણુપ્પેહા પન્નતા તંજહા. એગચ્ચાણુપ્પેહા ૧. અણિચ્ચાણુપ્પેહા ૨. અસરણાણુપ્પેહા ૩. સંસારાણુપ્પેહા ૪.

એ સૂત્ર પાઠ કહ્યો. હવે સૂત્રનો અર્થ કહે છે. ધર્મ ધ્યાનના ચાર ભેદ. - તે માંહે પહેલા ભેદનો અર્થ કહે છે. આણા વિજએ કહેતાં વીતરાગની આજ્ઞાનો વિચાર ચીંતવવો તે. વીતરાગની આજ્ઞા જે સમકિત સહિત બાર વ્રત, શ્રાવકની અગિયાર પડિમા, પંચ મહાવ્રત, ભિક્ખુની બાર પડિમા, શુભધ્યાન, શુભયોગ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, છકાયની રક્ષા એ વીતરાગની આજ્ઞા

આરાધવી, તેમાં સમય માત્રનો પ્રમાદ ન કરવો. ચતુર્વિધ તીર્થનાં ગુણ કીર્તન કરવાં એ ધર્મધ્યાનનો પહેલો ભેદ કહ્યો.

**હવે ધર્મધ્યાનનો બીજો ભેદ કહે છે.** - અવાયવિજએ કહેતાં સંસાર માંહે જીવ જે થકી દુ:ખ પામે છે તેનો વિચાર ચિંતવવો, તેનો એ વિચાર, મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, અશુભયોગ તથા અઢાર પાપસ્થાનક, છકાયની હિંસા. એ દુ:ખનાં કારણ જાણી એવો આશ્રવમાર્ગ છાંડીને સંવર માર્ગ આદરવો, જેથી જીવ દુ:ખ ન પામે. એ ધર્મધ્યાનનો બીજો ભેદ કહ્યો.

**હવે ધર્મધ્યાનનો ત્રીજો ભેદ કહે છે.** - વિવાગવિજએ કહેતાં જીવ જે સુખ દુ:ખ ભોગવે છે. તે શા થકી તેનો વિચાર ચિંતવવો તેનો એ વિચાર, જીવે જેવે રસે કરી પૂર્વે જેવા શુભાશુભ જ્ઞાનાવરણીયાદિક કર્મ ઉપાર્જ્યાં છે, તે શુભાશુભ કર્મના ઉદયથી જીવ તેવાં સુખ દુ:ખ અનુભવે છે. તે અનુભવતાં થકા કોઈ ઉપર રાગ દ્વેષ ન આણીએ. સમતાભાવ આણીએ. મન, વચન, કાયાના શુભયોગ સહિત શ્રી જૈનધર્મને વિષે પ્રવર્તિએ, જેથી નિરાબાધ પરમ સુખ પામીએ. એ ધર્મધ્યાનનો ત્રીજો ભેદ કહ્યો.

**હવે ધર્મધ્યાનનો ચોથો ભેદ કહે છે.** - સંઠાણવિજએ કહેતાં ત્રણ લોકના આકારનું સ્વરૂપ ચિંતવીએ. તેનું એ સ્વરૂપ, આ લોક સુપઈઠિકને આકારે છે. જીવ અજીવે સંપૂર્ણ ભર્યો છે. અસંખ્યાતા જોજનની ક્રોડાક્રોડી પ્રમાણે ત્રીછો લોક છે તેમાં અસંખ્યાતા દ્વીપ - સમુદ્ર છે, તથા અસંખ્યાતા વાણવ્યંતરના નગર છે, તથા અસંખ્યાતા જ્યોતિષીનાં વિમાન છે, તથા અસંખ્યાતી જ્યોતિષીની રાજધાની છે. તેમાં અઢી દ્વીપ માંહે તીર્થંકર જઘન્ય ૨૦ ઉત્કૃષ્ટા એકસો સિતેર હોય, તથા કેવળી જઘન્ય બે ક્રોડી, ઉત્કૃષ્ટા નવ ક્રોડી, તથા સાધુ જઘન્ય બે હજાર ક્રોડી, ઉત્કૃષ્ટા નવ હજાર ક્રોડી તેમને વંદામિ, નમંસામિ, સક્કારેમિ, સમ્માણેમિ, કલ્લાણં, મંગલં,

દેવયં, ચેઈયં, પજ્જુવાસામિ. ત્રિછાલોકમાંહે અસંખ્યાતા શ્રાવક શ્રાવિકા છે, તેના ગુણગ્રામ કરીએ. તે ત્રિછા લોકથકી અસંખ્યાત ગણો અધિકો ઉર્ધ્વલોક છે. તેમાં બાર દેવલોક, નવ ગ્રૈવેયક, પાંચ અનુત્તર વિમાન સર્વ થઈ ને ચોરાસી લાખ સત્તાણું હજાર ત્રેવીસ વિમાન છે. તે ઉપર સિદ્ધશીલા છે. તેથી ઉપર સિદ્ધ ભગવંત બિરાજે છે. તેમને વંદામિ જાવ પજ્જુવાસામિ. તે ઉર્ધ્વ લોકથી નીચે અધોલોક છે. તેમાં ચોરાસી લાખ નરકાવાસ છે. સાતક્રોડ બ્હોંતેર લાખ ભવનપતિનાં ભવન છે. એવા લોકનાં સર્વ સ્થાનક સમકિત સહિત કરણી વિના સર્વ જીવે અનંતી વાર જન્મ મરણે કરી ફરસી મૂકયા છે, એમ જાણી સમકિત સહિત શ્રુત અને ચારિત્ર ધર્મની આરાધના કરીએ જેથી અજરામર પદ પામીયે. એ ધર્મધ્યાનનો ચોથો ભેદ કહ્યો.

**હવે ધર્મધ્યાનનાં ચાર લક્ષણઃ–** તેમાં ધર્મધ્યાનનું પહેલું લક્ષણ કહે છે. આણારૂઈ કહેતાં વીતરાગની આજ્ઞા અંગીકાર કરવાની રૂચિ ઉપજે તેને આણારૂઈ કહિયે. એ ધર્મધ્યાનનું પહેલું લક્ષણ કહ્યું.

**હવે ધર્મધ્યાનનું બીજું લક્ષણ કહે છેઃ–** નિસર્ગરૂઈ કહેતાં જીવને સ્વભાવેજ તથા જાતિસ્મરણાદિક જ્ઞાને કરી શ્રુતસહિત ચારિત્ર ધર્મ કરવાની રૂચિ ઉપજે, તેને નિસર્ગરૂચિ કહિયે, એ ધર્મધ્યાનનું બીજું લક્ષણ કહ્યું.

**હવે ધર્મધ્યાનનું ત્રીજું લક્ષણ કહે છેઃ–** સુત્તરૂઈ કહેતાં સૂત્રના બે ભેદ અંગપવિઠ અને અંગબાહિર, અંગપવિઠ તે આચારાંગાદિ ૧૨ અંગ તેમાં ૧૧ કાલિક, અને બારમું અંગ દૃષ્ટિવાદ તે ઉત્કાલિક. અંગ બાહિરના ૨ ભેદ, આવશ્યક અને આવશ્યક વ્યતિરિકત. આવશ્યક તે સામાયિકાદિક છ અધ્યયન તે ઉત્કાલિક, તથા ઉત્તરાધ્યયનાદિક કાલિકસૂત્ર, તથા ઉવવાઈ પ્રમુખ ઉત્કાલિક સૂત્ર, સાંભળવા તથા ભણવાની રૂચિ ઉપજે તેહને

સૂત્રરૂચિ કહીએ. એ ધર્મધ્યાનનું ત્રીજું લક્ષણ કહ્યું.

**હવે ધર્મધ્યાનનું ચોથું લક્ષણ :– ઉવએસરૂઈ** કહે છે. ઉવએસરૂઈ કહેતાં અજ્ઞાને કરી ઉપાર્જ્યા કર્મ તે જ્ઞાને કરી ખપાવીએ, જ્ઞાને કરી નવાં કર્મ ન બાંધીએ; મિથ્યાત્વે કરી ઉપાર્જ્યા કર્મ તે સમકિતે કરી ખપાવીએ, સમકિતે કરી નવાં કર્મ ન બાંધીએ; અવ્રતે કરી ઉપાર્જ્યા કર્મ તે વ્રતે કરી ખપાવીએ, વ્રતે કરી નવાં કર્મ ન બાંધીએ; પ્રમાદે કરી ઉપાર્જ્યા કર્મ તે અપ્રમાદે કરી ખપાવીએ; અપ્રમાદે કરી નવાં કર્મ ન બાંધીએ; કષાયે કરી ઉપાર્જ્યા કર્મ તે કષાયને અણકરવે કરીને ખપાવીએ, કષાયને અણકરવે કરીને નવાં કર્મ ન બાંધીએ, અશુભ યોગે કરી ઉપાર્જ્યા કર્મ તે શુભ યોગે કરી ખપાવીએ, શુભ યોગે કરી નવા કર્મ ન બાંધીએઃ પાંચ ઈંદ્રિયના સ્વાદરૂપ આસવે કરી ઉપાર્જ્યા કર્મ તે તપરૂપ સંવરે કરી ખપાવીએ, તપરૂપ સંવરે કરી નવાં કર્મ ન બાંધીએ; માટે અજ્ઞાનાદિક આશ્રવ માર્ગ છોડીને જ્ઞાનાદિક સંવર માર્ગ આદરવો એવો તીર્થંકરનો ઉપદેશ સાંભળવાની રૂચિ ઉપજે, તેને ઉપદેશ રૂચિ કહીએ, તથા ઉગાઢ રૂચિ પણ કહીએ. એ ધર્મ ધ્યાનનું ચોથું લક્ષણ કહ્યું.

**હવે ધર્મધ્યાનના ચાર આલંબન કહે છેઃ– વાયણા, પૂછણા, પરિયટ્ટણા, ધર્મ કથા.** હવે ધર્મધ્યાનનું પહેલું આલંબન વાયણા કહે છે. વાયણા તે કોને કહીએ ? વિનય સહિત જ્ઞાન તથા નિર્જરાને અર્થે સૂત્રના અર્થના જાણ ગુર્વાદિક સમીપે સૂત્ર તથા અર્થની વાંચણી લેવી, તેને વાયણા કહીએ. એ ધર્મધ્યાનનું પહેલું આલંબન કહ્યું. હવે ધર્મધ્યાનનું બીજું આલંબન પૂછણા કહે છે. પૂછણા તે કેને કહિએ ? અપૂર્વજ્ઞાન પામવાને અર્થે તથા જૈનમત દીપાવવાને અર્થે તથા સંદેહ નિવારવાને અર્થે તથા પરની પરીક્ષા લેવાને અર્થે યથાયોગ્ય વિનય સહિત ગુર્વાદિકને પ્રશ્ન પૂછીએ તેને પૂછણા કહિએ. એ ધર્મધ્યાનનું બીજું આલંબન કહ્યું.

હવે ધર્મધ્યાનનું ત્રીજું આલંબન પરિયટ્ટણાઃ- કહે છે. પરિયટ્ટણા તે કેને કહિએ ? પૂર્વે જે જિનભાષિત સૂત્ર અર્થ ભણ્યા છે, તે અસ્ખલિત કરવાને અર્થે તથા નિર્જરાને અર્થે શુદ્ધ ઉપયોગ સહિત શુદ્ધ સૂત્ર અર્થની વારંવાર સજ્ઝાય કરે તેને પરિયટ્ટણા કહિયે. એ ધર્મધ્યાનનું ત્રીજું આલંબન કહ્યું.

હવે ધર્મધ્યાનનું ચોથું આલંબન ધર્મકથા કહે છે.- ધર્મકથા તે કેને કહિએ ? વીતરાગે જે ભાવ જેવા પ્રરૂપ્યા છે, તે ભાવ પોતે ગ્રહીને વિશેષ નિશ્ચય કરીને શંકા કંખા વિતિગિચ્છા રહિતપણે પોતાની નિર્જરાને અર્થે પરના ઉપકારને અર્થે સભા મધ્યે તે ભાવ તેવા જ પ્રરૂપીએ તેને ધર્મકથા કહીએ, એવી ધર્મકથા કહેતાં થકાં અને સાંભળીને સદ્દહતા થકાં તે બન્ને વીતરાગની આજ્ઞાના આરાધક હોય તે ધર્મકથા - સંવરરૂપી વૃક્ષ સેવીએ, તેથી મનવંછિત સુખ પામીએ. તે સંવરરૂપી વૃક્ષ વખાણીએ છીએ. તે સંવરરૂપી વૃક્ષ કેવું છે ? જેનું વિશુદ્ધ સમકિતરૂપ મૂળ છે. ધૈર્ય રૂપ કંદ છે. વિનયરૂપ વેદિકા છે. તીર્થંકર તથા ચાર તીર્થના ગુણ કીર્તનરૂપ થડ છે. પાંચ મહાવ્રતરૂપ મોટી શાખા છે. પચ્ચીસ ભાવનારૂપ ત્વચા છે. શુભધ્યાનને શુભયોગરૂપ પ્રધાન પલ્લવ પત્ર છે. ગુણરૂપ ફુલ છે, શીયલરૂપ સુગંધ છે. આનંદરૂપ રસ છે. મોક્ષરૂપ પ્રધાન ફલ છે. મેરૂ ગિરિના શિખર ઉપર જેમ ચૂલિકા બિરાજે છે. તેમ સમકિતીના હૃદયમાં સંવરરૂપિ વૃક્ષ બિરાજે છે. એવી સંવરરૂપી શીતળ છાંયા જેને પરિણમે તેના ભવોભવનાં પાપ ટળે ને તે પરમ અતુલ સુખ પામે, ઈત્યાદિ ચાર પ્રકારની કથા. વિક્ષેપણી, આક્ષેપણી, સંવેગણી, નિર્વ્વેગણી, એ ચાર કથા વિસ્તારપણે કહે તેને ધર્મકથા કહીએ એ ધર્મ – ધ્યાનનું ચોથું આલંબન કહ્યું. આક્ષેપણી પ્રમુખ ૪ કથાનો વિસ્તાર ચોથે ઠાણે બીજે ઉદ્દેશે સૂત્ર ૫૮ મધ્યે છે.

હવે ધર્મધ્યાનની ચાર અણુપ્પેહા કહે છે અણુપ્પેહા તે કોને કહીએ ? જીવ દ્રવ્ય અને અજીવદ્રવ્ય તેનો સ્વભાવ સ્વરૂપ જાણવાને અર્થે સૂત્રના અર્થ વિસ્તારે ચિંતવીએ તેને અણુપ્પેહા કહીએ.

**હવે ધર્મધ્યાનની પહેલી અણુપ્પેહા કહે છેઃ–** એગચ્ચાણુપ્પેહા તે કોને કહીએ ? જીવ અસંખ્યાત પ્રદેશી, અરૂપી, સદા સઉ-પયોગી તે ચૈતન્યરૂપ એવો એક મારો આત્મા નિશ્ચયનયે છે. તેમ સર્વ આત્મા નિશ્ચયનયે એવા જ છે. અને વ્યવહારનયે આત્મા અનાદિકાલનો અચૈતન્ય, જડ, વર્ણાદિ ૨૦ રૂપ સહિત પુદ્ગલનો સંયોગી થકો ત્રસ ને સ્થાવર રૂપ લઈને, નૃત્યકાર નટુવાની પેરે અનેક રૂપે અનેક છંદે પ્રવર્તે છે. તે ત્રસનો ત્રસરૂપે પ્રવર્તે તો જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટો બે હજાર સાગર ઝાઝેરા સુધી રહે. અને સ્થાવરનો સ્થાવરપણે પ્રવર્તે તો જઘન્ય અંતર્મુહૂર્ત–ઉત્કૃષ્ટો અનંતી ઉત્સર્પિણી અવસર્પિણી કાલથી, ક્ષેત્રથી અનંતા લોક પ્રમાણ અલોકના આકાશ પ્રદેશ થાય, તેટલા કાલચક્ર ઉત્સર્પિણી અવસર્પિણી જાણવી. તેના અસંખ્યાતા પુદ્ગલ પરાવર્તન થાય. આંગુલને અસંખ્યાતમે ભાગે આકાશપ્રદેશ આવે તેટલા અસંખ્યાતા પુદ્ગલ પરાવર્તન થાય. સ્થાવર મધ્યે પુદ્ગલ લઈ ખેલ્યો એ વ્યવહાર નયથી જીવ જાણીએ. વળી ત્રસ સ્થાવર મધ્યે રહ્યો થકો સ્ત્રીપુરુષ નપુંસક વેદે પુદ્ગલને સંયોગે ખેલ્યો, પ્રવર્ત્યો, અનેક રુપો ધારણ કર્યાં, તે કહે છે. કોઈક પ્રસ્તાવે દેવીપણે ભવનપત્યાદિકથી ઈશાન દેવલોક સુધી ઈંદ્રની ઈંદ્રાણી સુરૂપવંતી અપ્સરા થઈ. જઘન્ય ૧૦ હજાર વર્ષ ઉત્કૃષ્ટા ૫૫ પલ્યોપમ, દેવાંગનાને રૂપે અનંતીવાર જીવ ખેલ્યો. દેવતાપણે ભવનપત્યાદિકથી જાવ નવ ગ્રૈવેયક સુધી મહર્ધિક દેવપણે મહાશક્તિવંત ઈંદ્રાદિક લોકપાળ પ્રમુખપણે રૂપવંત દેદીપ્યમાન વાંછિતભોગ સંયોગ પણે પ્રવર્ત્યો. જઘન્ય ૧૦ હજાર વર્ષ ઉત્કૃષ્ટા ૩૧ સાગરોપમ એમ અનંતીવાર ભોગી થયો. ઈંદ્ર મહારાજે એક

ભવમાંહિ ૭ પલ્યોપમની દેવી, બાવિસ ક્રોડાક્રોડ, પંચાસી લાખ ક્રોડ, એકોત્તેર હજાર ક્રોડ, ચારસે અઠ્ઠાવીસ ક્રોડ, સત્તાવન લાખ ચૌદ હજાર બસો ને અઠાયાસી ઉપર પાંચ એટલી દેવી ભોગવી તો પણ તૃપ્તિ ન પામ્યો. મનુષ્ય મધ્યે સ્ત્રી પુરૂષપણે થયો. દેવકુરૂ, ઉત્તરકુરૂ મધ્યે યુગલયુગલાણી થયો. ત્યાં મહા મનોહર રૂપ મનવાંછિત સુખ ભોગવ્યાં. દસ પ્રકારના કલ્પવૃક્ષથી મનવાંછિત સુખ ભોગવ્યાં. સ્ત્રી પુરૂષને ક્ષણ માત્રનો વિયોગ ન પડે. ૩ પલ્યોપમ સુધી નિરંતર સુખ વિલસ્યાં. હરિવાસ રમ્યક્વાસ મધ્યે ૨ પલ્યોપમ, હેમવયક્ષેત્ર, હિરણવયક્ષેત્ર મધ્યે ૧ પલ્ય સુધી, છપ્પન અંતરદ્વીપ મધ્યે પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ, યુગલ યુગલાણીપણે અનંતીવાર, સ્ત્રી પુરૂષના રૂપ લઈ ખેલ્યો પણ આત્મા તૃપ્તિ ન પામ્યો. વળી ચક્રવર્તીને ઘરે સ્ત્રી રત્નપણે લક્ષ્મી સરિખા રૂપ અનંતીવાર જીવ લઈ ખેલ્યો પણ તૃપ્તિ ન પામ્યો. વાસુદેવ, માંડલીક રાજા, પ્રધાન, વ્યવહારીયાને ઘરે સ્ત્રી પણે મનોજ્ઞ સુખોમાં પૂર્વક્રોડાદિકનાં આઉખાપણે પ્રવર્ત્યો. વળી તેજ જીવ મનુષ્ય મધ્યે કુરૂપવાન, દુર્ભાગી, નીચ કુળ, દરિદ્રી ભર્તારની સ્ત્રી પણે, અલછરૂપ દુર્ભાગીપણે નટવાપણે પ્રવર્ત્યો. છતાં મનુષ્યપણે સ્ત્રી પુરૂષના અવતાર પૂરા ન થયા. વળી તિર્યંચ પંચેંદ્રિય જલચરાદિ મધ્યે સ્ત્રી વેદે, પુરૂષ વેદે પ્રવર્ત્યો. વળી તે જીવ સાત નરકમાં, પાંચ એકેંદ્રિયમાં, ત્રણ વિકલેંદ્રીય તથા અસંજ્ઞી તિર્યંચ અને અસંજ્ઞી મનુષ્ય મધ્યે નિયમા નપુંસકવેદે અને સંજ્ઞી તિર્યંચ અને મનુષ્ય મધ્યે પણ નપુંસક હોય તે સર્વે નપુસંક વેદે જીવ પ્રવર્ત્યો. પરમાર્થે લાગઠ સ્ત્રી વેદે પ્રવર્ત્યો. તે ઉત્કૃષ્ટા એકસો દસ પલ્ય અને પૃથક્ પૂર્વ ક્રોડ સુધી સ્ત્રી વેદે ખેલ્યો, જઘન્ય આઉખા ભોગવ્યા આશ્રી અંતર્મુહૂર્ત, પુરૂષવેદે ઉત્કૃષ્ટો પૃથક સો સાગર ઝાઝેરા સુધી પુરૂષ વેદ મધ્યે ખેલ્યો. જઘન્ય આઉખા ભોગવ્યા આશ્રી અંતર્મુહૂર્ત. નપુંસકવેદે

ઉત્કૃષ્ટો અનંતા કાલચક્ર, અસંખ્યાતા પુદ્ગલ પરાવર્ત્તન સુધી નપુંસક વેદે ખેલ્યો. જ્યાં ગયો ત્યાં એકલો પુદ્ગલને સંયોગે અનેક રૂપ પરાવર્ત્તન કીધાં, એ સર્વ વ્યવહાર નય જીવને વિષે જાણવો. એવા પરિભ્રમણનો મિટાવણહાર શ્રી જૈનધર્મને વિષે શુદ્ધ સદ્દહણા સહિત શુદ્ધ ઉદ્યમ પરાક્રમનું ફોરવવું થાય ત્યારે જ આત્માનું સાધન થાય. તે વારે સિદ્ધપણું પામે. તેમાં એકલો જ નિશ્ચય નય આત્મા જાણવો. જ્યારે શુદ્ધ વ્યવહારે પ્રવર્તે ને અશુદ્ધ વ્યવહાર મટાડે તે વારે સિદ્ધ હોય એવો મારો એક આત્મા છે. જે ભણી અપર પરિવાર તે સ્વાર્થ રુપી છે, અને પઉગસા[૧], મીસસા[૨] અને વીસસા[૩] પુદ્ગલ તે પર્યવે કરી જેવે સ્વભાવે છે, તેવે સ્વભાવે ન રહે તે પણ અશાશ્વતા છે, તે માટે એક મારો પોતાનો આત્મા પોતાના કાર્યનો સાધક શાશ્વતો જાણીને પોતાના આત્માનું સાધન કરીયે. એ ધર્મધ્યાનની પહેલી અણુપ્પેહા કહી.

હવે ધર્મધ્યાનની બીજી અણુપ્પેહા કહે છેઃ– અણીચ્ચાણુપ્પેહા તે કેને કહીયે ? રુપી પુદ્ગલની અનેક પ્રકારે યતના કરીએ. તે પણ અનિત્ય છે. નિત્ય એક શ્રી જૈનધર્મ પરમ સુખદાયક છે. પોતાના આત્માને નિત્ય જાણીને સમકિતાદિક સંવરે કરીને પુષ્ટ કરીયે એ ધર્મધ્યાનની બીજી અણુપ્પેહા કહી.

હવે ધર્મ ધ્યાનની ત્રીજી અણુપ્પેહા કહે છેઃ– અસરણાણુપ્પેહા તે કેને કહિયે ? આ ભવને વિષે અને પરભવ પહોંચતાં જીવને એક સમકિતપૂર્વક જૈનધર્મ વિના જન્મજરા મરણનાં દુઃખ નિવારવા બીજો કોઈ શરણ સમર્થ નથી, એમ જાણી શ્રી જૈનધર્મનું શરણ કરીયે, જેથી પરમ સુખ ઉપજે. એ ધર્મધ્યાનની ત્રીજી અણુપ્પેહા કહી.

હવે ધર્મધ્યાનની ચોથી અણુપ્પેહા કહે છે. સંસારાણુપ્પેહા

૧. પઉગસા – પ્રયોગથી બનાવેલ ૨. મીસસાબન્નેનાં મિશ્રણથી
૩. વીસસા – કુદરતી બનતાં

તે કેને કહિયે ? સ્વાર્થરૂપ સંસાર સમુદ્ર માંહે જન્મ જરા મરણ સંયોગ વિયોગ શારીરિક માનસિક દુઃખ, કષાય, મિથ્યાત્વ, તૃષ્ણારૂપ ઘણા જલ કિલ્લોલાદિકની લહેરે કરી ચાર ગતિ, ચોવીસ દંડકને વિષે પરિભ્રમણ કરતાં જગત જીવને શ્રી જૈન ધર્મરૂપ દ્વિપનો આધાર છે. તથા સંજમરૂપ નાવાનો શુદ્ધ સમકિતરૂપ નિર્જામક નાવનો ખેડણહાર છે. એવી નાવાએ કરી જીવ સિદ્ધિરૂપ મહા નગરને વિષે પહોંચે. ત્યાં અનંત અતુલ વિમલ સિદ્ધનાં સુખ, જીવ પામે એ ધર્મધ્યાનની ચોથી અણુપ્પેહા કહી. એવા ધર્મધ્યાનના ગુણ જાણીને સદા ધર્મધ્યાન ધ્યાઈયે જેથી પરમ સુખ પામીયે.

ઈતિ ધર્મધ્યાન સંપૂર્ણ

## (૩૬) છ લેશ્યા

શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યયન ચોત્રીસમે છ લેશ્યાનો થોકડો ચાલ્યો છે. તેમાં પ્રથમ લેશ્યાના અગિયાર દ્વાર કહે છે : - નામ, વર્ણ, રસ, ગંધ, સ્પર્શ, પરિણામ, લક્ષણ, સ્થાનક, સ્થિતિ, ગતિ અને ચવન, એ અગીયાર નામ કહ્યાં. હવે તેનો વિસ્તાર કહે છે.

**પ્રથમ નામદ્વાર કહે છે :-** કૃષ્ણ લેશ્યા, નીલ લેશ્યા, કાપુત લેશ્યા, તેજુ લેશ્યા, પદ્મ લેશ્યા, અને શુકલ લેશ્યા.

**બીજો વર્ણ દ્વાર કહે છે :-** કૃષ્ણ લેશ્યાનો વર્ણ - જેવો પાણી સહિત મેઘ કાળો, જેવાં પાડાનાં શીંગડાં કાળાં, જેવાં અરીઠાનાં બીજ, જેવું ગાડાનું ખંજન, આંખની કીકી એ કરતાં અનન્ત ગુણો કાળો.

નીલ લેશ્યાનો વર્ણ - જેવો અશોક વૃક્ષ નીલો, જેવી

ચાસપક્ષીની પાંખ, વૈડુર્યરત્ન એથી અનન્ત ગુણો નીલ લેશ્યાનો નીલો વર્ણ છે.

કાપુત લેશ્યાનો વર્ણ - જેવાં અળશીનાં ફુલ, જેવી કોયલની પાંખ, જેવી પારેવાની ડોક કાંઈક રાતી કાંઈક કાળી, એ કરતાં અનન્તગુણો અધિક કાપુત લેશ્યાનો વર્ણ જાણવો.

તેજુ લેશ્યાનો વર્ણ - જેવો ઉગતો સૂર્ય રાતો, જેવી સુડાની ચાંચ, જેવી દીવાની શીખા, એ કરતાં અનન્તગુણો અધિક રાતો.

પદ્મ લેશ્યાનો વર્ણ - જેવી હરતાળ, જેવી હળદર, જેવાં શણના ફૂલ, એ કરતાં અનન્ત ગુણો અધિક પીળો.

શુકલ લેશ્યાનો વર્ણ - જેવો શંખ, જેવું અંકરત્ન, જેવું મોગરાનું ફુલ, જેવું ગાયનું દુધ, જેવો રૂપાનો હાર, એ કરતાં અનન્ત ગુણો અધિક શ્વેત.

**ત્રીજો લેશ્યાના રસનો દ્વાર કહે છે :–** કૃષ્ણ લેશ્યાનો રસ - જેવું કડવું તુંબડું, જેવો કડવો લીંબડાનો રસ, જેવો રોહીણી નામે વનસ્પતિનો રસ, એથી અનન્ત ગુણો અધિક કડવો રસ. ૧. નીલ લેશ્યાનો રસ - જેવો સૂંઠનો તીખો રસ, જેવો પીપર - મરીનો રસ, એથી અનંત ગુણો અધિક તીખો રસ. ૨. કાપુત લેશ્યાનો રસ - જેવો કુણી કાચી કેરીનો રસ, જેવો કાચાં કોઠાના રસ, એથી અનન્ત ગુણો અધિક ખાટો રસ. ૩. તેજુ લેશ્યાનો રસ - જેવો પાકા આંબાનો રસ, જેવો પાકા કોઠાનો રસ, એથી અનંત ગુણો કાંઈક ખાટો ને કાંઈક મીઠો રસ. ૪. પદ્મ લેશ્યાનો રસ જેવો વારૂણીનો રસ, જેવો આશપ (દ્રાક્ષાસવ)નો રસ, જેવો મધુનો રસ એથી અનન્ત ગુણો મધુરો રસ. ૫. શુકલ લેશ્યાનો રસ જેવો ખજુરનો રસ, જેવો દ્રાક્ષનો રસ, જેવો દૂધનો રસ, જેવો સાકરનો રસ એથી અનન્ત ગુણો અધિક મીઠો રસ ૬.

ચોથો લેશ્યાના ગંધનો દ્વાર કહે છે :- જેવો ગાયના મડાનો*, કુતરાના મડાનો*, સર્પના મડાનો, એથી અનન્ત ગુણો અધિક અપ્રશસ્ત, પ્રથમ ત્રણ માઠી લેશ્યાનો ગંધ જાણવો. જેવો કપુર, કેવડો, પ્રમુખ સુગંધી પદાર્થ વાટતાં (ઘુંટતાં) જેવી સુગંધ નીકળે તે કરતાં અનન્ત ગુણો પ્રશસ્ત ત્રણ સારી લેશ્યાનો ગંધ જાણવો.

પાંચમો લેશ્યાના સ્પર્શનો દ્વાર કહે છે : - જેવી કરવતની ધાર, જેવી ગાયની જીભ જેવું મુંઝનું તથા વાંસનું પાન, તે કરતાં અનંત ગુણો માઠી અપ્રશસ્ત લેશ્યાનો કર્કશ સ્પર્શ જાણવો. જેવી બુર નામે વનસ્પતિ, જેવું માખણ, જેવાં સરસવના ફુલ, જેવું મખમલ એ કરતાં અનન્ત ગુણો અધિક પ્રશસ્ત લેશ્યાનો સ્પર્શ સુંવાળો જાણવો.

છટ્ઠો લેશ્યાના પરિણામનો દ્વાર કહે છે : - લેશ્યા ત્રણ પ્રકારે પરિણમે. જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ તથા નવ પ્રકારે પરિણમે. તે ઉપર ત્રણ કહી. તેના એકેકના ત્રણ ભેદ થાય. જેમકે, જઘન્યનો જઘન્ય, જઘન્યનો મધ્યમ, જઘન્યનો ઉત્કૃષ્ટ એ રીતે દરેકના ત્રણ ત્રણ ભેદ કરતાં નવ ભેદ થાય. એમ નવના સત્તાવીશ ભેદ થાય, એમ સત્તાવીસના એકાશી ભેદ થાય, એકાશીના બસો ને તેંતાલીસ ભેદ થાય, એટલે ભેદે લેશ્યા પરિણમે.

સાતમો લેશ્યાનાં લક્ષણનો દ્વાર :- તેમાં પ્રથમ કૃષ્ણ લેશ્યાનાં લક્ષણ કહે છે - પાંચ આશ્રવનો સેવનાર ત્રણ અગુપ્તિવંત, છકાય જીવનો હિંસક, આરંભનો તીવ્ર પરિણામી તથા દ્વેષી, પાપ કરવામાં સાહસિક, કઠોર પરિણામી, જીવહિંસા સુગ રહિત કરનાર, અજીતેંદ્રી એવા જોગે કરી સહિત હોય તેને કૃષ્ણ લેશ્યાનું લક્ષણ જાણવું. નીલ લેશ્યાના લક્ષણ કહે છે તે ઈર્ષ્યાવંત (કદાગ્રહી), મૂર્ખવંત, તપ રહિત, માયાવી, પાપ કરતાં લાજે

* મૃત કલેવર

નહીં, ગૃધી, ધૂતારો, પ્રમાદી, રસનો લોલુપી, માયાનો ગવેષ, આરંભનો અત્યાગી, પાપને વિષે સાહસિક, એ નીલ લેશ્યાનાં લક્ષણ જાણવાં. કાપૂત લેશ્યાના લક્ષણ કહે છે - વાંકાબોલો, વાંકા કામ કરનાર, માયા કરીને હરખાય, સરળપણા રહિત, મોઢે જુદો અને પુઠે જુદો, મિથ્યા ખોટા વચનનો બોલનાર, ચોરી, મત્સરનો કરનાર, એ કાપુત લેશ્યાનાં લક્ષણ જાણવાં. તેજુ લેશ્યાનાં લક્ષણ કહે છે - મર્યાદાવંત, માયા રહિત, ચપળપણા રહિત, કુતૂહલ રહિત, વિનયવંત, દમીતેંદ્રી, શુભ જોગવંત ઉપધાન તપસહિત દૃઢ ધર્મી, પ્રિય ધર્મી, પાપ થકી બીએ એ તેજુ લેશ્યાનાં લક્ષણ જાણવાં. પદ્મ લેશ્યાનાં લક્ષણ કહે છે ક્રોધ, માન, માયા, લોભ પાતળા કર્યા છે, પ્રશાંત ચિત્ત, આત્માનો દમણહાર, યોગ ઉપધાન સહિત હોય, થોડાબોલો, ઉપશાંત, જીતેંદ્રી એ પદ્મ લેશ્યાનાં લક્ષણ જાણવાં. શુકલ લેશ્યાનાં લક્ષણ કહે છે - અતિ આર્તધ્યાન, રૌદ્રધ્યાનથી રહિત, ધર્મધ્યાન, શુકલધ્યાન સહિત દશ પ્રકારની ચિત્ત સમાધિએ કરી સહિત, આત્માનો દમણહાર ઈત્યાદિક શુકલ લેશ્યાનાં લક્ષણ જાણવાં.

**આઠમો લેશ્યાના સ્થાનકનો દ્વાર કહે છે** - અસંખ્યાતી ઉત્સર્પિણી, અવસર્પિણીના જેટલા સમય થાય તથા અસંખ્યાતા લોકના જેટલા આકાશ પ્રદેશ થાય, એટલાં લેશ્યાનાં સ્થાનક જાણવાં.

**નવમો લેશ્યાની સ્થિતિનો દ્વાર કહે છે** - કૃષ્ણ લેશ્યાની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્તની, ઉત્કૃષ્ટી ૩૩ સાગરોપમ ને અંતર્મુહૂર્ત અધિક; નીલ લેશ્યાની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્તની ઉત્કૃષ્ટી દશસાગરોપમ ને પલ્યનો અસંખ્યાતમો ભાગ અધિક; કાપુત લેશ્યાની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્તની ઉત્કૃષ્ટી ત્રણ સાગરોપમ ને પલ્યનો અસંખ્યાતમો ભાગ અધિક; તેજુ લેશ્યાની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્તની, ઉત્કૃષ્ટી બે સાગર ને પલ્યનો અસંખ્યાતમો ભાગ અધિક; પદ્મ લેશ્યાની સ્થિતિ

જ. અંતર્મુહુર્તની, ઉત્કૃષ્ટી દશ સાગરોપમ ને અંતર્મુહૂર્ત અધિક; શુકલ લેશ્યાની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્તની ઉત્કૃષ્ટી ૩૩ સાગરોપમ ને અંતર્મુહૂર્ત અધિક. એ સમુચ્ચય લેશ્યાની સ્થિતિ કહી. હવે ચાર ગતિની લેશ્યાની સ્થિતિ કહે છે. પ્રથમ નારકીની લેશ્યાની સ્થિતિ કહે છે - કાપુત લેશ્યાની સ્થિતિ જઘન્ય દશ હજાર વર્ષ ની, ઉત્કૃષ્ટી ત્રણ સાગરોપમ ને પલ્યનો અસંખ્યાતમો ભાગ. નીલ લેશ્યાની સ્થિતિ જઘન્ય ત્રણ સાગર ને પલ્યનો અસંખ્યાતમો ભાગ, ઉત્કૃષ્ટી દશ સાગર ને પલ્યનો અસંખ્યાતમો ભાગ, કૃષ્ણ લેશ્યાની સ્થિતિ જઘન્ય દસ સાગર ને પલ્યનો અસં. ભાગ, ઉત્કૃષ્ટી તેત્રીસ સાગર ને અંતર્મુહૂર્ત અધિક. એ નારકીની લેશ્યા કહી. હવે મનુષ્ય - તિર્યંચની લેશ્યાની સ્થિતિ કહે છે - છદમસ્થ આશ્રી છએ લેશ્યાની સ્થિતિ જઘન્ય, અને ઉત્કૃષ્ટી અંતર્મુહૂર્તની. સજોગી કેવળી આશ્રી શુકલ લેશ્યાની સ્થિતિ જઘન્ય અંત૰ ૯૦ દેશે ઉણી ક્રોડ પૂર્વની. હવે દેવતાની લેશ્યાની સ્થિતિ કહે છે. - ભવનપતિ, વાણવ્યંતર આશ્રી કૃષ્ણ લેશ્યાની સ્થિતિ જઘન્ય દશહજાર વર્ષની, ઉત્કૃષ્ટી પલ્યના અસંખ્યાતમા ભાગની, નીલ લેશ્યાની સ્થિતિ જઘન્ય કૃષ્ણ લેશ્યાની ઉત્કૃષ્ટી સ્થિતિથી એક સમય અધિક અને ઉત્કૃષ્ટી પલ્યનો અસંખ્યાતમો ભાગ. કાપુત લેશ્યાની સ્થિતિ જઘન્ય નીલ લેશ્યાની ઉત્કૃષ્ટી સ્થિતિથી એક સમય અધિક અને ઉત્કૃષ્ટી પલ્યના અસંખ્યાતમા ભાગની. ભવનપતિમાં તેજુ લેશ્યાની સ્થિતિ જઘન્ય દશહજાર વર્ષ, ઉ. એક સાગર ઝાઝેરી. વાણવ્યંતરમાં તેજુ લેશ્યાની સ્થિતિ જ. દશ હજાર વર્ષ, ઉ. એક પલ્ય. જ્યોતિષી માં તેજુલેશ્યાની સ્થિતિ જ. પલ્યનો આઠમો ભાગ, ઉ. એક પલ્યને એક લાખ વર્ષ. વૈમાનિકમાં તેજુ લેશ્યાની સ્થિતિ જ. એક પલ્ય, ઉ. બે સાગર ઝાઝેરી. પદ્મ લેશ્યાની સ્થિતિ જ. બે સાગર, ઉ. દશ સાગર. શુકલ લેશ્યાની સ્થિતિ જ. દશ સાગર, ઉ. તેત્રીસ સાગર ને અંતર્મુહૂર્ત અધિક.

દશમો લેશ્યાની ગતિનો દ્વાર કહે છે : કૃષ્ણ, નીલ, કાપુત એ ત્રણ અપ્રશસ્ત અધમ લેશ્યા તેણે કરી જીવ દુર્ગતિએ જાય. તેજુ, પદ્મ, શુકલ એ ત્રણ ધર્મ લેશ્યા, તેણે કરીને જીવ સુગતિએ જાય.

અગીઆરમો લેશ્યાના ચવનનો દ્વાર કહે છે - સઘળી લેશ્યા પ્રથમ પરિણમતી વખતે કોઈ જીવને ઉપજવું કે ચવવું નથી તથા લેશ્યાના છેલ્લા સમયે કોઈ જીવને ઉપજવું કે ચવવું નથી. પરભવને વિષે કેમ ચવે તે કહે છે - લેશ્યા પરભવની આવી થકી અંતર્મુહૂર્ત ગયા પછી શેષ અંતર્મુહૂર્ત આઉખા આડા રહે થકે જીવ પરલોકને વિષે જાય.

ઈતિ શ્રી લેશ્યાનો થોકડો સંપૂર્ણ.

## (૩૭) યોની પદ.

**પન્નવણા પદ-૯**

શ્રીપન્નવણાજી સૂત્ર પદ ૯ મે યોનીનો અધિકાર ચાલ્યો છે. યોની ત્રણ પ્રકારની છે. શીતયોની, ઉષ્ણયોની, શીતોષ્ણયોની. હવે તેનો વિસ્તાર કહે છે : - પહેલી નરકથી ત્રીજી નરક સુધી શીતયોનીયા, ચોથી નરકે શીતયોનીયા ઘણા અને ઉષ્ણયોનીયા થોડા, પાંચમી નરકે ઉષ્ણયોનીયા ઘણા અને શીતયોનીયા થોડા, છઠ્ઠી નરકે ઉષ્ણયોનીયા, સાતમી નરકે મહા ઉષ્ણયોનીયા. અગ્નિ વર્જીને ચારે સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય, સમુચ્છિમ તિર્યંચ અને સમુચ્છિમ મનુષ્યમાં ત્રણ યોની પામે. તેઉકાયમાં એક ઉષ્ણયોની. સંજ્ઞી તિર્યંચ, સંજ્ઞી મનુષ્ય અને દેવતામાં યોની એક શીતોષ્ણયોની. હવે તેનો અલ્પ બહુત્વ કહે છે - સર્વથી થોડા શીતોષ્ણયોનીયા, તેથી ઉષ્ણયોનીયા અસંખ્યાત ગુણા, તેથી અયોનીયા સિદ્ધ ભગવંત અનન્ત ગુણા. તેથી શીતયોનીયા અનન્તગુણા. વળી યોની ત્રણ

પ્રકારે કહી છે - સચેત, અચેત, ને મિશ્ર. નારકી અને દેવતામાં યોની એક અચેત. પાંચ સ્થાવર, ત્રણ વિકલેંદ્રિય, સમુચ્છિંમ તિર્યંચ અને સમુચ્છિંમ મનુષ્યમાં યોની ત્રણ પામે છે. સંજ્ઞી તિર્યંચ અને સંજ્ઞી મનુષ્યમાં યોની એક મિશ્ર. હવે તેનો અલ્પબહુત્વ કહે છે. સર્વથી થોડા મિશ્ર યોનીયા, તેથી અચેત યોનીયા અસંખ્યાત ગુણા, તેથી અયોનિયા અનંતગુણા, તેથી સચેત યોનિયા અનંતગુણા. વળી યોની ત્રણ પ્રકારની - સંવુડા, વિયડા ને સંવુડાવિયડા. સંવુડા કહેતાં ઢાંકી, વિયડા કહેતાં ઉઘાડી, સંવુડા વિયડા કહેતાં કાંઈક ઢાંકી અને કાંઈક ઉઘાડી. હવે પાંચ સ્થાવર, દેવતા અને નારકીમાં યોની એક સંવુડા. ત્રણ વિકલેન્દ્રિય, અસંજ્ઞી તિર્યંચ અને સમુચ્છિંમ મનુષ્યમાં યોની એક વિયડા પામે. સંજ્ઞી તિર્યંચ અને સંજ્ઞી મનુષ્યમાં યોની એક સંવુડાવિયડા. હવે તેનો અલ્પબહુત્વ કહે છે. સર્વથી થોડા સંવુંડાવિયડા, તેથી વિયડા યોનીયા અસંખ્યાતગુણા, તેથી અયોનીયા અનન્તગુણા, તેથી સંવુડા યોનીયા અનન્તગુણા. વળી યોની ત્રણ પ્રકારની છે. સંખા કહેતાં શંખને આકારે, કચ્છા કહેતાં કાચબાને આકારે. વંશપતા કહેતાં વાંસનાં પાંદડાને આકારે. ચક્રવર્તીની સ્ત્રીરત્નની યોની શંખને આકારે. તે યોનીવાળી સ્ત્રીને સંતાન ન થાય. ૬૩ શલાકા પુરૂષની માતાની યોની કાચબાને આકારે હોય, અને સર્વ મનુષ્યની માતાની યોની વાંસના પાંદડાને આકારે હોય.

ઇતિ શ્રી યોની પદનો થોકડો સંપૂર્ણ.

# (૩૮) આઠ આત્માનો વિચાર

ભગવતી શ. ૧૨ ઉ. ૧૦

શિષ્ય પૂછે છે, કે હે ભગવન ! સંગ્રહનયને મતે આત્મા એકજ સ્વરૂપી કહેવામાં આવ્યો છે, તેમ છતાં બીજે મતે તે આત્માના ભિન્ન ભિન્ન પ્રકાર કહેવાય છે, તો શું આત્માના જુદા જુદા ભેદ છે ? જો હોય તો તે કેટલા ?

ગુરુ જવાબમાં કહે છે, હે શિષ્ય ! ભગવતીજીનો અભિપ્રાય જોતાં આત્મા તે તો આત્મા જ છે. તે આત્મા સ્વશક્તિએ કરીને એક જ રીતે એકજ સ્વરૂપી છે. સમાન પ્રદેશી અને સમાન ગુણી છે. તેથી નિશ્ચયે એકજ ભેદ કહેવાય છે. પણ વ્યવહાર નયની અપેક્ષા કેટલાક કારણોને લઈને આઠ આત્મા કહેવાય છે. તે જેવા કે દ્રવ્ય આત્મા ૧. કષાય આત્મા ૨. જોગ આત્મા ૩ ઉપયોગ આત્મા ૪. જ્ઞાન આત્મા. ૫. દર્શન આત્મા. ૬. ચારિત્ર આત્મા ૭. અને વીર્ય આત્મા ૮. એ આઠ ગુણે કરી આઠ નામ કહેવાય છે, અને તે એક બીજા સાથે મળી જવાથી તેના અનેક વિકલ્પ ભેદ થાય છે, તે યંત્રથી જણાશે.

| ૧ દ્રવ્ય આત્મામાં | ૨ કષાય આ. | ૩ જોગ આ. | ૪ ઉપયોગ આ. | ૫ જ્ઞાન આ. | ૬ દર્શન આ | ૭ ચારિત્ર આ. | ૮ વીર્ય આત્મામાં |
|---|---|---|---|---|---|---|---|
| કષાય આત્માની ભજના. | દ્રવ્ય આત્મા ની નિયમા | દ્રવ્ય આત્મા ની નિયમા | દ્રવ્ય આત્મા ની નિયમા | દ્રવ્ય આત્મા ની નિયમા | દ્રવ્ય આત્મા ની નિયમા | દ્રવ્ય આત્મા ની નિયમા | દ્રવ્ય આત્મા નીયમા |
| જોગ આત્માની ભજના | જોગ આત્મા ની નિયમા | કષાય આત્મા ની ભજના | કષાય આત્મા ની ભજના | કષાય આત્મા ની ભજના | કષાય આત્મા ની ભજના | કષાય આત્મા ની ભજના | કષાય આત્માની ભજના |
| ઉપયોગ આત્માની નિયમા | ઉપયોગ આત્માની નિયમા | ઉગયોગ આ. ની નિયમા | જોગ આત્મા ની ભજના | જોગ આત્મા ની ભજના | જોગ આત્મા ની ભજના | જોગ આત્મા ની ભજના | જોગ આત્માની ભજના |
| જ્ઞાન આ.ની ભજના. | જ્ઞાન આત્મા. ની ભજના | જ્ઞાન આત્મા ની ભજના | જ્ઞાન આત્મા ની ભજના | ઉપયોગ આ ની નિયમા | ઉપયોગ આ ની નિયમા | ઉપયોગ આ ની નિયમા | ઉપયોગ આત્મા ની નિયમા |
| દર્શન આ.ની નિયમા | દર્શન આત્મા ની નિયમા | દર્શનઆત્મા ત્માની નિયમા | દર્શન આત્મા, ની નિયમા | દર્શન આત્મા ત્માની નિયમા | જ્ઞાન આત્મા ત્માની ભજના | જ્ઞાન આત્મા ની નિયમા | જ્ઞાન આત્માની ભજના |
| ચારિત્ર આ.ની. ભજના | ચારિત્ર આ.ની. ભજના | ચારિત્ર આ.ની. ભજના | ચારિત્ર આ.ની. ભજના | ચારિત્ર આ.ની. ભજના | ચારિત્ર આ.ની. ભજના | દર્શન આ. આ.ની. નિયમા | દર્શન આ.ની. નિયમા |
| વીર્ય આ.ની ભજનાં | વીર્ય આત્મા. ની નિયમા | વીર્ય આત્મા. ની નિયમા | વીર્ય આત્માની ભજના | વીર્ય આત્માની ભજના | વીર્ય આત્મા ની ભજના | વીર્ય આ. ની નિયમા | ચરિત્ર આત્માની ભજના |

ઉપરના યંત્રમાં ભજનાનો અર્થ, હોય અથવા ન હોય તેને કહેવાય છે. નીયમાનો અર્થ નિશ્ચયે હોય તેને કહેવાય છે.

હવે તેનો અલ્પબહુત્વ દ્વાર કહે છે. સર્વથી થોડા ચારિત્ર આત્મા તેથી જ્ઞાન આત્મા અનંતગુણા, તેથી કષાય આત્મા અનંતગુણા, તેથી જોગ આત્મા વિશેષાહિયા, તેથી વીર્ય આત્મા વિશેષાહિયા, તેથી દ્રવ્ય આત્મા તથા ઉપયોગ આત્મા તથા દર્શન આત્મા માંહોમાંહે તુલ્ય ને તેથી વિશેષાહિયા. એ સામાન્ય વિચાર કહ્યો. હવે આઠ આત્માનો વિશેષ વિચાર કહે છે.

શિષ્ય પૂછે છે, કૃપાળુ ગુરુ ! આત્મા દ્રવ્યે એકજ શક્તિ વાળો અને અસંખ્યાત પ્રદેશી સત્ ચિદ્ ને આનંદઘન કહેવામાં આવ્યો છે, એવો નિશ્ચય નયનો અભિપ્રાય છે. પણ વ્યવહાર નયને મતે કયા કારણને લઈને આઠ નામ કહેવામાં આવ્યા હશે ? વળી તે આત્મા કયા કયા સંજોગો સાથે જોડાઈને ગતાગતિ કરે છે ? તે કૃપા કરીને કહો.

ગુરુ બે સવાલના જવાબમાં કહે છે. - હે શિષ્ય ! કારણ માત્ર એજ છે કે શુદ્ધ આત્મદ્રવ્યમાં પાંચ જ્ઞાન, બે દર્શન તથા પાંચ ચારિત્રનો સમાવેશ થાય છે, તે સર્વ આત્મ શુદ્ધિના કારણ અર્થાત્ સાધન છે. તેમાં આત્મબલ ને આત્મવીર્ય ફોરવવાથી કર્મમુક્ત થવાય છે, ને બીજા પક્ષમાં એટલે તેથી વિરૂદ્ધ સામા પક્ષમાં અશુદ્ધ આત્મદ્રવ્યમાં પચીસ કષાય, પંદર જોગ, ત્રણ અજ્ઞાન, અને બે દર્શનનો સમાવેશ થાય છે. તે સર્વ આત્મા અશુદ્ધતાના કારણ અર્થાત્ સાધન છે. તેમાં બલ વીર્ય ફોરવવાથી ચાર ગતિઓમાં જા-આવ કરવાનું બને છે. તેને લીધે સંસારી જીવો ગતાગતિ કરે છે. તેમ થવા વખતે દરેક આત્મા જુદા જુદા સંજોગો સાથે જોડાય છે, તે નીચેના યંત્રથી જાણી શકાશે.

| આઠ આત્માનો બીજો યંત્ર | જીવના ચઉદ ભેદમાંથી | ચઉદ ગુણઠાણા માંથી | પંદર જોગમાંથી | બાર ઉપયોગમાંથી | છ લેશ્યામાંથી |
|---|---|---|---|---|---|
| ૧ દ્રવ્ય આત્મામાં | સમુચ્ચયે ૧૪ ભેદ લાભે | સમુચ્ચયે ૧૪ ગુણ ઠાણા લાભે | સમુચ્ચયે ૧૫ જોગ લાભે | સમુચ્ચયે બાર ઉપયોગ | સમુચ્ચયે છ લેશ્યા |
| ૨ કષાય આત્મામાં | ૧૪ લાભે ઠાણા | પહેલા ૧૦ ગુણ | ૧૫ લાભે દર્શન વર્જીને ૧૦ | કેવળજ્ઞાનને કેવળ લાભે | ૬ લેશ્યા |
| ૩ જોગ આત્મામાં | ૧૪ લાભે ઠાણા લાભે | પહેલેથી તેર ગુણ | ૧૫ લાભે | ૧૨ લાભે | ૬ લેશ્યા |
| ૪ ઉપયોગ આત્મામાં | ૧૪ લાભે | ૧૪ ગુણઠાણા | ૧૫ જોગ લાભે | ૧૨ ઉપયોગ લાભ | ૬ લેશ્યા |
| ૫ જ્ઞાન આત્મામાં | ૩ વિકલેંદ્રિય. અસંજ્ઞીના અપ ર્યાપ્તાને સંજ્ઞીના બે. એ-છ | પહેલુ ને ત્રીજુ વરજી બાકી ૧૨ ગુણઠાણા લાભે | ૧૫ લાભે | ત્રણ અજ્ઞાન વરજી ને નવ ઉપયોગ લાભે | ૬ લેશ્યા |
| ૬ દર્શન આત્મામાં | ૧૪ લાભે | ૧૪ લાભે | ૧૫ લાભે | ૧૨ ઉપયોગ લાભે | ૬ લેશ્યા |
| ૭ ચારિત્ર આત્મામાં | ૧ સંજ્ઞીનો પર્યાપ્તો લાભે | પહેલાં પાંચ વરજી ને પાછલાં નવ ગુણઠાણા લાભે | ૧૫ લાભે | ૩ અજ્ઞાન વરજીને નવ ઉપયોગ લાભે | ૬ લેશ્યા |
| ૮. વીર્ય આત્મામાં | ૧૪ લાભે | ૧૪ લાભે | ૧૫ લાભે | ૧૨ ઉપયોગ લાભે | ૬ લેશ્યા |

## (૩૯) વ્યવહાર સમકિતના ૬૭ બોલ

આ સડસઠ બોલોના પ્રથમ બાર દ્વાર કહે છે. (૧) સદ્દહણા ચાર. (૨) લીંગ ત્રણ. (૩) વિનયના દસ પ્રકાર. (૪) શુદ્ધતાના ૩ ભેદ. (૫) લક્ષણ પાંચ. (૬) ભૂષણ પાંચ. (૭) દૂષણના પાંચ ભેદ. (૮) પ્રભાવના ૮. (૯) આગાર છ. (૧૦) જયણા છ. (૧૧) સ્થાનક છ. (૧૨) ભાવના છ. હવે તે દ્વાર વિસ્તારથી કહે છે.

(૧) સદ્દહણા ચાર પ્રકારથી - (૧) પરતીર્થીનો અધિક પરિચય ન કરે. (૨) અધર્મ પાખંડીયોની પ્રશંસા ન કરે. (૩) પોતાના મતના પાસત્થા[૧], ઉસન્ના[૨] અને કુલિંગી[૩] આદીકની સોબત ન કરે, એ ત્રણેનો પરિચય કરવાથી શુદ્ધ તત્ત્વની પ્રાપ્તિ થઈ શકે નહિ. (૪) પરમાર્થ ના જાણવાવાળા સંવિજ્ઞ ગીતાર્થની ઉપાસના કરવાથી શુદ્ધ શ્રદ્ધાને ધારણ કરે.

(૨) લિંગના ત્રણ ભેદ - (૧) જેમ જુવાન પુરુષ રંગરાગ ઉપર રાચે તેમ ભવ્યાત્મા શ્રી જૈનશાસન પર રાચે. (૨) જેમ ક્ષુધાવાન પુરુષ ખીરખાંડના ભોજનનો પ્રેમસહિત આદર કરે તેમ વીતરાગની વાણીનો આદર કરે. (૩) જેમ વ્યવહારિક જ્ઞાન શીખવાની તીવ્ર ઈચ્છા હોય, ને શીખડાવનાર મળે ત્યારે શીખીને આ લોકમાં સુખી થાય તેમ વીતરાગના કહેલા સૂત્રોનું હંમેશા સૂક્ષ્માર્થ ન્યાયવાળું જ્ઞાન શીખીને આ લોક ને પરલોકમાં મનોવાંછીત સુખને પ્રાપ્ત કરે.

(૩) વિનયના દશ ભેદ - (૧) અરિહંતનો વિનય કરે. (૨) સિદ્ધનો વિનય કરે. (૩) આચાર્યનો વિનય કરે. (૪) ઉપાધ્યાયનો વિનય કરે, (૫) સ્થિવરનો વિનય કરે, (૬) ગણ (ઘણા આચાર્યોનો સમૂહ) નો વિનય કરે: (૭) કૂળ (બહુ આચાર્યોના શિષ્યનો સમૂહ)નો વિનય કરે, (૮) સ્વધર્મીનો વિનય

૧. જેનો આચાર શિથિલ છે. ૨. જે સંયમથી થાકી ગયેલ છે. ૩. જેનો વેષ જૈન સાધુથી વિપરીત છે.

કરે. (૯) સંઘનો વિનય કરે. (૧૦) સંભોગીનો વિનય કરે, એ દશનો બહુ માનપૂર્વક વિનય કરે. જૈનશાસનમાં વિનય મૂલ ધર્મ કહેવાય છે. વિનય કરવાથી અનેક સદ્‌ગુણોની પ્રાપ્તિ થાય છે.

(૪) શુદ્ધતાના ત્રણ ભેદ - (૧) મન શુદ્ધતા - મનથી અરિહંત દેવ કે જે ૩૪ અતિશય, ૩૫ વાણી, ૮ મહા પ્રતિહાર્ય સહિત, ૧૮ દૂષણ રહિત, ૧૨ ગુણ સહિત, એવા જે દેવ તેજ અમર દેવ છે, તેજ સાચા દેવ છે. એના સિવાય હજારો કષ્ટ પડે તો પણ બીજા સરાગી દેવોને મનથી પણ સ્મરણ ન કરે. (૨) વચન શુદ્ધતા - વચનથી ગુણકીર્તન અરિહંતના કરે, એ સિવાય બીજા સરાગી દેવોના ન કરે. (૩) કાયા શુદ્ધતા - કાયાથી અરિહંત સિવાય બીજા સરાગી દેવોને નમસ્કાર ન કરે.

(૫) લક્ષણના પાંચ ભેદ - (૧) સમ - શત્રુ મિત્ર ઉપર સમભાવ રાખવો. (૨) સંવેગ - વૈરાગ્ય ભાવ રાખવો અને સંસાર અસાર છે. વિષય અને કષાયથી અનંતાકાલ ભવ ભ્રમણ કરે છે, તો આ ભવમાં સારી સામગ્રી મળી છે, તો ધર્મને આરાધવો, ઇત્યાદિ વિચાર કરવો. (૩) નિર્વેદ - શરીર અથવા સંસારના અનિત્યપણાનું ચિંતવન કરવું. બને ત્યાંસુધી આ મોહમય જગતથી અલગ રહેવું અથવા જગતારક જીનરાજની દીક્ષા લઈ કર્મ શત્રુઓને જીતીને સિદ્ધ પદને પ્રાપ્ત કરવાની હંમેશાં અભિલાષા (ભાવના) રાખવી. (૪) અનુકંપા - પોતાની તથા પરના આત્માની અનુકંપા કરવી અથવા દુઃખી જીવોને સુખી કરવા. (૫) આસ્થા - ત્રિલોક પૂજનીક શ્રી વીતરાગ દેવનાં વચનો ઉપર દૃઢ શ્રદ્ધા રાખવી ને હિતાહિતનો વિચાર કરવો અથવા અસ્તિત્વ ભાવમાં રમણતા કરવી એજ વ્યવહાર સમકિતનું લક્ષણ છે. તો જે વાતની અધુરાશ હોય તેને પૂરી કરવી.

(૬) ભૂષણના પાંચ ભેદ - (૧) જૈનશાસનમાં ધૈર્યવંત હોય ને શાસનનાં દરેક કાર્યો ધૈર્યતાથી કરે. (૨) જૈન શાસનનો ભક્તિવાન હોય. (૩) શાસનમાં ક્રિયાવાન હોય. (૪) શાસનમાં ચતૂર હોય. શાસનનાં દરેક કાર્ય એવી ચતૂરાઈથી (બુદ્ધિબળથી) કરે કે જેથી નિર્વિઘ્નતાથી પાર પડી જાય. (૫) શાસનમાં ચતુર્વિધ સંઘની ભક્તિ તથા બહુમાન કરવાવાળો હોય. આ પાંચ ભૂષણોથી શાસનની શોભા રહે છે.

(૭) દૂષણના પાંચ ભેદ - (૧) શંકા-જીનવચનમાં શંકા કરે. (૨)કંખા-બીજા મતોના આડંબર દેખી તેની વાંચ્છા કરે. (૩) વિતિગિચ્છા - ધર્મકરણીના ફળમાં સંદેહ કરે કે આનું ફલ હશે કે નહિ.અત્યારે વર્તમાન તો કંઈ દેખાતું નથી એવો સંદેહ કરે. (૪) પરપાખંડીનો હમેશાં પરિચય કરે. (૫) પરપાખંડીઓની પ્રશંસા કરવી.એ પાંચ સમકિતના દૂષણ કહેવાય, તે જરૂર ટાળવા જોઈએ.

(૮) પ્રભાવનાના આઠ પ્રકાર - (૧) જે કાલમાં જેટલા સૂત્રાદિ હોય એને ગુરુગમથી જાણે એ શાસનનો પ્રભાવક બને છે. (૨) મોટા આડંબરથી ધર્મકથા વ્યાખ્યાન કરીને શાસનના જ્ઞાનની પ્રભાવના કરે. (૩) મહાન વિકટ તપશ્ચર્યા કરીને શાસનની પ્રભાવના કરે. (૪) ત્રણ કાલ અથવા ત્રણ મતનો જાણનાર હોય. (૫) તર્ક, વિતર્ક, હેતું, વાદ, યુક્તિ, ન્યાય તથા વિદ્યાદિ બલથી વાદીઓનો શાસ્ત્રાર્થથી પરાજય કરીને શાસનની પ્રભાવના કરે. (૬) પુરુષાર્થ વાળો પુરુષ દીક્ષા લઈને શાસનની પ્રભાવના કરે. (૭) કવિતા કરવાની શક્તિ હોયતો કવિતા કરીને શાસનની પ્રભાવના કરે. (૮) બ્રહ્મચર્ય આદિ કોઈ મોટાં વ્રત લે તો પ્રગટ રીતે ઘણા માણસોની વચમાં લે, કારણ કે એથી લોકોને શાસન પર શ્રદ્ધા અથવા વ્રતાદિ લેવાની રૂચી વધે છે. અથવા દુર્બળ સ્વધર્મી ભાઈઓને સહાયતા કરવી એ પણ પ્રભાવના છે.

(૯) આગારના છ ભેદ - સમકિતની અંદર છ પ્રકારના આગાર છે - (૧) રાજાનો આગાર (૨) દેવતાનો (૩) ન્યાતનો (૪) માતા-પિતા અને ગુરુનો (૫) બલાત્કારનો (૬) દુષ્કાલમાં સુખથી આજીવિકા ન ચાલે તો. એ છ પ્રકારના આગારોથી સમકિતમાં કોઈ અનુચિત કાર્ય કરવું પડે તો સમકિત નો ભંગ થતો નથી.

(૧૦) જયણાના છ પ્રકાર - (૧) આલાપ - સ્વધર્મી ભાઈઓની સાથે એકવાર બોલે. (૨) સંલાપ - સ્વધર્મી ભાઈઓની સાથે વારંવાર બોલે. (૩) મુનિને દાન દેવું અથવા સ્વધર્મી ભાઈઓની વાત્સલ્યતા કરવી. (૪) એવું વારંવાર પ્રતિદિન કરે. (૫) ગુણીજનોના ગુણ પ્રગટ કરે. (૬) તથા વંદન નમસ્કાર બહુમાન કરે.

(૧૧) સ્થાનના છ પ્રકાર - (૧) ધર્મરૂપી નગર તથા સમકિતરૂપી દરવાજો (૨) ધર્મરૂપી વૃક્ષ તથા સમ્યક્ત્વરૂપી થડ (૩) ધર્મરૂપી પ્રાસાદ તથા સમકિત રૂપી નીંવ (પાયો) (૪) ધર્મરૂપી ભોજન તથા સમકિતરૂપી થાળ (૫) ધર્મરૂપી માલ તથા સમકિતરૂપી દુકાન (૬) ધર્મરૂપી રત્ન તથા સમકિતરૂપી તિજોરી. એ છ ભેદ.

(૧૨) ભાવનાના છ પ્રકાર - (૧) જીવ ચૈતન્ય લક્ષણ યુક્ત અસંખ્યાત પ્રદેશી નિષ્કલંક અમૂર્તિ છે. (૨) અનાદિ કાલથી જીવ અને કર્મનો સંયોગ છે. જેમ દૂધમાં ઘૃત તથા તલમાં તેલ, ધૂળમાં ધાતુ, ફૂલમાં સુગંધ, ચંદ્રની કાંતિમાં અમૃત એ પ્રમાણે અનાદિ સંયોગ છે. (૩) જીવ સુખ-દુઃખનો કર્તા છે અને ભોક્તા છે, નિશ્ચય નયથી કર્મનો કર્તા સકર્મક જીવ છે. અને વ્યવહારનયથી જીવ છે. (૪) જીવ, દ્રવ્ય, ગુણ, પર્યાય, પ્રાણ અને ગુણસ્થાનક સહિત છે. (૫) ભવ્ય જીવનો મોક્ષ થાય છે. (૬) જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ

મોક્ષનો ઉપાય છે : એ છ ભેદ.

આ થોકડાને કંઠસ્થ મોઢે કરીને વિચાર કરો કે આ ૬૭ બોલ વ્યવહાર સમકિતના છે. એમાંથી મારામાં કેટલા છે અને પછી અધૂરા હોય તેમાં આગળ વધવાની કોશીષ કરો અને પુરુષાર્થ દ્વારા એને પ્રાપ્ત કરો.

**ઈતિ વ્યવહાર સમકિતના ૬૭ બોલ સંપૂર્ણ.**

## (૪૦) કાય-સ્થિતિ.

**પન્નવણા સુત્ર પદ ૧૮**

સમજણ - સ્થિતિ ૨ પ્રકારની છે. ભવસ્થિતિ અને કાય - સ્થિતિ. એક ભવમાં જેટલો કાળ રહે તે ભવસ્થિતિ જેમ કે - પૃથ્વીકાયની ભવસ્થિતિ જ. અં. ઉ. ૨૨ હજાર વર્ષની.

કાયસ્થિતિ* = પૃથ્વીકાય આદિ એક જ કાયના જીવ તે જ કાયમાં વારંવાર જન્મ-મરણ કરતાં રહે અને બીજી કાય-અપ, તેઉ, વાઉ, આદિમાં ન ઉપજે ત્યાં સુધીની સ્થિતિ તે.

પુઢવી કાળ=દ્રવ્યથી અસં. ઉત્સ૦ અવ૦ કાળ, ક્ષેત્રથી અસંખ્યાત લોકનાં આકાશપ્રદેશ ખાલી થાય તેટલો કાળ. કાળથી અસંખ્યાતો કાળ, ભાવથી આંગળને અસં. ભાગના આકાશ પ્રદેશ જેટલા લોક.

---

* કાય પરત - અનાદિના અવ્યવહાર રાશિ (સૂક્ષ્મ નિગોદ) માંથી નીકળેલ જીવને કાય પરત કહેવાય

સંસાર પરત - અર્ધ પુદ્ગલ પરાવર્તમાં આવેલ શુકલપક્ષી જીવને સંસાર પરત કહેવાય.

કાય અપરત - અવ્યવાહર રાશીના જીવને કાય અપરત કહેવાય.

સંસાર અપરત - કૃષ્ણ પક્ષમાં રહેલ જીવ તે સંસાર અપરત કહેવાય.

અસંખ્યાતો કાળ (બાદર કાળ) :– દ્રવ્યથી અસં. ઉત્સર્પિણી અવસર્પિણી કાળ, ક્ષેત્રથી આંગુલનાં અસંખ્યાતમા ભાગમાં રહેલા આકાશ પ્રદેશ પ્રમાણ.

અર્ધ પુદ્ગલ પરાવર્તન કાળ-દ્રવ્યથી અનંતી ઉત્સ૦ અવસ૦, ક્ષેત્રથી અનંતા લોક, કાળથી અનંતો કાળ અને ભાવથી અર્ધ પુદ્ગલ પરાવર્તન.

વનસ્પિતકાળ=દ્રવ્યથી અનંત ઉત્સ૦ અવસ૦. ક્ષેત્રથી અનંતા લોક. કાળથી અનંતો કાળ અને ભાવથી અસં. પુદ્ગલ પરાવર્તન. તે આવલિકાનાં અસંખ્યાતમા ભાગમાં જેટલા અસંખ્યાતા સમય જાય તેટલાં પુદ્ગલ પરાવર્ત્ત.

અ૦ સા૦=અનાદિ સાંત, સા૦ સા૦-સાદિ સાંત.

ગાથા

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮
જીવ ગઈન્દિય કાએ જોગ વેદ કસાય લેસાય
૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪
સમ્મત્ત ણાણ દંસણ સંયમ ઉવઓગ આહારે (૧)
૧૫ ૧૬ ૧૭ ૧૮ ૧૯ ૨૦ ૨૧ ૨૨
ભાસગયં પરિત્ત પજ્જત્ત સુહૂમ સન્ની ભવત્થિ ચરિમેય
એતેસિત પદાણં કાયઠિઈ હોઈ ણાયવ્વા (૨)

| ક્રમ | માર્ગણા | જઘ૦ કાયસ્થિતિ | ઉત્કૃષ્ટ કાયસ્થિતિ |
|---|---|---|---|
| ૧ | સમુચ્ય જીવની | સાશ્વતા | સાશ્વતા |
| ૨ | નારકીની | ૧૦ હજાર વર્ષ | ૩૩ સાગરોપમ |
| ૩ | દેવતાની | ૧૦ હજાર વર્ષ | ૩૩ સાગરોપમ |
| ૪ | દેવીની | ૧૦ હજાર વર્ષ | પંચાવન પલ્યની |

| | | | |
|---|---|---|---|
| ૫ | તિર્યંચની (નપું) | અંતર્મુહૂર્ત | અનંતકાળ (વન૦) |
| ૬ | તિર્યંચાણી, તિર્યંચ પુરુષ | અંતર્મુહૂર્ત | ૩ પલ્ય ને પ્રત્યેક ક્રોડ પૂર્વ |
| ૭ | મનુષ્યની | અંતર્મુહૂર્ત | ૩ પલ્ય ને પ્રત્યેક ક્રોડ પૂર્વ |
| ૮ | મનુષ્યાણીની | અંતર્મુહૂર્ત | ૩ પલ્ય ને પ્રત્યેક ક્રોડ પૂર્વ |
| ૯ | સિદ્ધ ભગવાનની | શાશ્વતા | શાશ્વતા |
| ૧૦ | અપર્યાપ્તા નારકીની | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૧૧ | અપર્યાપ્તા દેવતાની | અતંર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૧૨ | અપર્યાપ્તા દેવીની | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૧૩ | અપર્યાપ્તા તિર્યંચની | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૧૪ | અપર્યાપ્તા તિર્યંચાણીની | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૧૫ | અપર્યાપ્તા મનુષ્યની | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૧૬ | અપર્યાપ્તા મનુષ્યાણીની | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૧૭ | પર્યાપ્તા નારકી | ૧૦ હજાર વર્ષ માં અં. મુ. ઉણી | ૩૩ સાગરમાં અં.મુ. ઉણી. |
| ૧૮ | પર્યાપ્તા દેવતા | ૧૦ હજાર વર્ષમાં અં.મુ. ઉણી | ઉ. ૩૩ સાગરમાં અં.મુ. ઉણી |
| ૧૯ | પર્યાપ્તા દેવી | ,, ,, | ઉ. ૫૫ પલ્યમાં અ.મુ.ઉણી |
| ૨૦ | ,, તિર્યંચ | અંતર્મુહૂર્ત | ૩ પલ્યમાં અ. મુ. ઉણી. |
| ૨૧ | ,, તિર્યંચાણી | ,, | ,, ,, ,, ,, |
| ૨૨ | ,, મનુષ્ય | ,, | ,, ,, ,, ,, |
| ૨૩ | ,, મનુષ્યાણી | ,, | ,, ,, ,, ,, |
| ૨૪ | સઈન્દ્રિય | ૦ | અનાદિઅનંત, અના.સા. |
| ૨૫ | એકેન્દ્રિય | અંતર્મુહૂર્ત | અનંતકાળ (વન૦ કાળ) |
| ૨૬ | બેઈન્દ્રિય | ,, | સંખ્યાતા વર્ષ |

| | | | |
|---|---|---|---|
| ૨૭ | તેઈન્દ્રિય | અંતર્મુહૂર્ત | સંખ્યાતા વર્ષ |
| ૨૮ | ચૌરેન્દ્રિય | ,, | ,, |
| ૨૯ | પંચેન્દ્રિય | ,, | ૧૦૦૦ સાગર સાધિક |
| ૩૦ | અનિન્દ્રિય | ૦ | સાદિ અનંત |
| ૩૧ | સકાયી | ૦ | અ. અનં, અ૦ સાંત |
| ૩૨ | પૃથ્વીકાય | અંતર્મુહૂર્ત | અસંખ્યાતો કાલ (પુઢવી કાળ) |
| ૩૩ | અપ ,, | ,, | ,, |
| ૩૪ | તેઉ ,, | ,, | ,, |
| ૩૫ | વાઉ ,, | ,, | ,, |
| ૩૬ | વનસ્પતિ કાય | અંતર્મુહૂર્ત | અનંતકાળ (વન૦) |
| ૩૭ | ત્રસકાય | ,, | ૨૦૦૦ સાગરને સં૦ વર્ષ. |
| ૩૮ | અકાય | સાદિ અનંત | સાદિ અનંત |
| ૩૯ | થી ૪૫, ૩૧ થી ૩૭ નં. ના અપર્યાપ્તા | અંતર્મુહૂર્ત | અંતર્મૂહૂર્ત |
| ૪૬ | થી ૫૦, ૩૨ થી ૩૬ નં. ના પર્યાપ્તા | ના અપર્યાપ્તા ,, | સંખ્યાતા હજાર વર્ષ. તેઉકાયની સં.દિવસની |
| ૫૧ | સકાયનાં પર્યાપ્તા | ,, | પ્રત્યેક સો સાગર સાધિક (પર્યાપ્તા નામ કર્મનોઉદય) |
| ૫૨ | ત્રસકાય પર્યાપ્તા | અંતર્મુહૂર્ત | પ્રત્યેક સો સાગર સાધિક |
| ૫૩ | સમુચ્ચય બાદર | ,, | અસં. કાળ - અંગુલનાં અસં. ભાગજેટલાંલોક્નાઆકાશપ્રદેશ |
| ૫૪ | બાદર વનસ્પતિ | ,, | |
| ૫૫ | સમુચ્ચય નિગોદ | ,, | અનંતકાળ (અઢી ક્ષેત્ર પુદ્ગલ પરાવર્તન) |
| ૫૬ | બાદર ત્રસકાય | ,, | ૨૦૦૦ સાગર ઝાઝેરી |
| ૫૭થી ૬૨ | બાદર પૃ૦, અ૦, તે૦, વા૦, પ્ર૦ વ૦, બા૦ નિગોદ | અંતર્મુહૂર્ત ,, | ૭૦ કોડાકોડ સાગર |
| ૬૩ થી ૬૯ | સમુચ્ચયસૂક્ષ્મ, સૂક્ષ્મ પૃ૦ અ૦, તે૦, વા૦, વ૦, નિગોદ | ,, | અસંખ્યાતો કાળ (પુઢવી કાળ) |
| ૭૦ | થી ૮૬ નં. ૫૩ થી ૬૯ના અપર્યાપ્તા | ,, | અંતર્મુહૂર્ત |

| | | | |
|---|---|---|---|
| ૮૭ થી ૯૩ | સમુચ્ચય સૂક્ષ્મ, સૂક્ષ્મ પૃ., અ., તે., વા., વ. અને નિ.ના પર્યાપ્રા | ના અંતર્મુહૂર્ત | અંતર્મુહર્ત |
| ૯૪ થી ૯૭ | બાદર પૃ,. અ,વા અને પ્ર. બા. વન. ના પર્યાપ્રા | | સંખ્યાતા હજારો વર્ષ |
| ૯૮ | બાદર તેઉના પર્યાપ્રા | ,, | સંખ્યાતી અહોરાત્રિ |
| ૯૯ | સમુચ્ચય બાદર | ,, | પ્ર. સો સાગર સાધિક |
| ૧૦૦ | સમુચ્ચય નિગોદના પર્યાપ્રા | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૧૦૧ | બાદર નિગોદના પર્યાપ્તા | | ,, |
| ૧૦૨ | સયોગી | ૦ | અ. અનં, અ૦ સાંત |
| ૧૦૩ | મન યોગી | ૧ સમય | અંતર્મુહૂર્ત |
| ૧૦૪ | વચન ,, | ,, | અંતર્મુહૂર્ત |
| ૧૦૫ | કાય ,, | અંતર્મુહૂર્ત | અનંતકાળ (વન૦) |
| ૧૦૬ | અયોગી | ૦ | સાદિ અનંત |
| ૧૦૭ | સવેદી | ૦ | અ.અ., અ.સાં., સા,સાં; - જ.અંત. ઉ.દેશેઉણું અર્ધ પુદ્ગલ |
| ૧૦૮ | સ્ત્રીવેદ | ૧ સમય | ૧૧૦ પલ્ય. પ્ર. ક્રોડપૂર્વ અધિક |
| ૧૦૯ | પુરુષ દેવ | અંતર્મુહૂર્ત | પ્રત્યેક સો સાગર સાધિક |
| ૧૧૦ | નપુંસક વેદ | ૧ સમય | અનંતકાળ (વન૦) |
| ૧૧૧ | અવેદી | સાદિઅનંત સા. સાં. | જ. ૧સ. ઉ.અંમુ. |
| ૧૧૨ | સકષાયી | અ.અ., અ.સાં, સાદિ સાંત- | સાદિ સાંત જ. અંત.અને ઉ. દેશ ઉણા અર્ધ પુ૦ |
| ૧૧૩ | ક્રોધ કષાયી | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૧૧૪ | માન ,, | ,, | ,, |
| ૧૧૫ | માયા ,, | ,, | ,, |

| | | | |
|---|---|---|---|
| ૧૧૬ | લોભ ,, | ૧ સમય | ,, |
| ૧૧૭ | અકષાયી | સા.અ.,સા.સાં. - જ. ૧ સમય, ઉ. અં.મુ | |
| ૧૧૮ | સલેશી | ૦ | અ. અ,અ. સાં. |
| ૧૧૯ | કૃષ્ણ લેશી | અંતર્મુહૂર્ત | ૩૩ સાગર,અ.મુ. અધિક |
| ૧૨૦ | નીલ ,, | ,, | ૧૦ સાગર, પલ્યઅસં. ભાગ અધિક |
| ૧૨૧ | કાપોત ,, | ,, | ૩ ,, ,, |
| ૧૨૨ | તેજો ,, | ,, | ૨ ,, ,, |
| ૧૨૩ | પદ્મ ,, | ,, | ૧૦ ,, અંત.. અધિક |
| ૧૨૪ | શુક્લ ,, | ,, | ૩૩ સાગર અને અંત-અધિક |
| ૧૨૫ | અલેશી | ૦ | સાદિ અનંત |
| ૧૨૬ | સમ્યક્ત્વ દષ્ટિ | અંત.સા. અં.અનં. સા.સાં. | (૬૬ સાગર અધિક) |
| ૧૨૭ | મિથ્યા ,, | ,, અ.અ., | અ.સાં |
| ૧૨૮ | મિથ્યા દષ્ટિ સાદિસાંત | અં.મુ. | દેશેઉણું અર્ધ પુ. પ. |
| ૧૨૯ | મિશ્ર દષ્ટિ | ,, | અં.મુ. |
| ૧૩૦ | ક્ષાયક સમ્યકત્વ | ૦ | સાદિ અનંત |
| ૧૩૧ | ક્ષયોપશમ સમ્યક્ત્વ | અં. મુ. | ૬૬ સાગર સાધિક |
| ૧૩૨ | સાસ્વાદાન ,, | ૧ સમય | ૬ આવલિકા |
| ૧૩૩ | ઉપશમ ,, | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૧૩૪ | વેદક ,, | એક સમય | ૬૬ સાગર અધિક |
| ૧૩૫ | સનાણી | અંતર્મુહૂર્ત | સા. અ., સા. સાં, ૬૬ સાગર સાધિક |
| ૧૩૬ | મતિ જ્ઞાની | ,, | ૬૬ સાગર સાધિક |
| ૧૩૭ | શ્રુત ,, | ,, | ,, |
| ૧૩૮ | અવધિ ,, | ૧ સમય | ,, |

| | | |
|---|---|---|
| ૧૩૯ મનઃપર્યવ,, | અંત. | દેશ ઉણા પૂર્વક્રોડ |
| ૧૪૦ કેવળ ,, | ૦ | સાદિ અનંત |
| ૧૪૧ અજ્ઞાની | અ. અ, અ. સાં, સા. સાંત સા. સાં. ની સ્થિતિ - જ. અં. મુ. ઉ. અર્ધ પુ. ૫. દેશે ઉણુ | |
| ૧૪૨ મતિ અજ્ઞાની | | |
| ૧૪૩ શ્રુત ,, | | |
| ૧૪૪ વિભંગ જ્ઞાની | ૧ સમય ૩૩ સાગર સાધિક (દેશે ઉણુ, પૂર્વ ક્રોડ) | |
| ૧૪૫ ચક્ષુ દર્શની | અંતર્મુહૂર્ત | એક હજાર સાગર સાધિક |
| ૧૪૬ અચક્ષુ ,, | ૦ | અ. અ., અ. સાં. |
| ૧૪૭ અવધિ ,, | ૧ સમય | ૧૩૨ સાગર સાધિક |
| ૧૪૮ કેવળ ,, | ૦ | સાદિ અનંત |
| ૧૪૯ સંયતી | ૧ સમય | દેશે ઉણુ પૂર્વક્રોડ |
| ૧૫૦ અસંયતી | અં. મુ. | અ.અ., અ.સાં,સા સાં. |
| ૧૫૧ ,, સાદિ સાંત | ,, | અનંતકાળ (અર્ધ પુ.પ.) દેશેઉણુ |
| ૧૫૨ સંયતાસંયત | ,, | દેશેઉણુ પૂર્વક્રોડ |
| ૧૫૩ નોસંયત નોઅસંયત | ૦ | સાદિ અનંત |
| ૧૫૪ સામાયિક ચારિત્ર | ૧ સમય | દેશેઉણુ પૂર્વ ક્રોડ |
| ૧૫૫ છેદોપસ્થાપનીય ,, | ૧ સમય | દેશેઉણુ પૂર્વકોડ |
| ૧૫૬ પરિહાર વિશુદ્ધ ,, | ૧ સમય | ,, |
| ૧૫૭ સૂક્ષ્મ સંપરાય ચારિત્ર | ૧ સમય | અંતર્મુહૂર્ત |
| ૧૫૮ યથાખ્યાત ,, | ,, | દેશઉણો પૂર્વ ક્રોડ |
| ૧૫૯ સાકાર ઉપયોગ | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૧૬૦ અનાકાર ઉપયોગ | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |

| | | | |
|---|---|---|---|
| ૧૬૧ | આહારક છદ્મસ્થ | ૧-૨-૩ સમય | ન્યૂન એક ક્ષુલ્લક ભવ (૨૫૬ આવલિકા) ઉ. અસંખ્યાતો કાળ, બાદર કાળ |
| ૧૬૨ | ,, કેવળી | અંતર્મુહૂર્ત | દેશઉણા પૂર્વ ક્રોડ |
| ૧૬૩ | અણાહારી છદ્મસ્થ | ૧ સમય | ૩ સમય |
| ૧૬૪ | ,, કેવળી સયોગી | ૩ ,, | ૩ ,, |
| ૧૬૫ | ,, ,,અયોગી (ભવસ્થ) | ૫ હ્રસ્વઅક્ષર | ઉચ્ચારણ કાળ. |
| ૧૬૬ | સિદ્ધ | ૦ | સાદિ અનંત |
| ૧૬૭ | ભાષક | ૧ સમય | અંતર્મુહૂર્ત |
| ૧૬૮ | અભાષક સિધ્ધ | ૦ | |
| ૧૬૯ | ,, સંસારી | અંતર્મુહૂર્ત | અનંતકાળ (વન-કાળ) |
| ૧૭૦ | કાય પરત | ,, | અસં. કાળ (પુઢવીકાળ) |
| ૧૭૧ | સંસાર પરત (શુક્લપક્ષી) | ,, | અર્ધ પુ૦ પ. |
| ૧૭૨ | કાય અપરત | અંતર્મુહુર્ત | અનંત કાળ (વન-કાળ) |
| ૧૭૩ | સંસાર પરત (કૃષ્ણપક્ષી) | ૦ | અ. અ, અ.સાંત |
| ૧૭૪ | નો પરત નો અપરત | ૦ | સાદિ અનંત |
| ૧૭૫ | પર્યાપ્તા | અંતર્મુહુર્ત | પ્રત્યેક સો સાગર સાધિક |
| ૧૭૬ | અપર્યાપ્તા | ,, | અંતર્મુહુર્ત |
| ૧૭૭ | નોપર્યાપ્તાનોઅપર્યાપ્તા | ૦ | સાદિ અનંત |
| ૧૭૮ | સૂક્ષ્મ | અંતર્મુહૂર્ત | અસં.કાળ (પુઢવી કાળ) |
| ૧૭૯ | બાદર | ,, ,, | (લોકાકાશ) આંગુલના- અસં. ભાગના આકાશ પ્રદેશો જેટલો લોકાકાશ |
| ૧૮૦ | નોસૂક્ષ્મ નોબાદર | ૦ | સાદિઅનંત |
| ૧૮૧ | સંજ્ઞી | અંતર્મુહૂર્ત | પ્ર૦ સો સાગર સાધિક |

| | | | |
|---|---|---|---|
| ૧૮૨ | અસંજ્ઞી | ,, | અનંતકાળ (વન૦) |
| ૧૮૩ | નોસંજ્ઞી નોઅસંજ્ઞી | ૦ | સાદિ અનંત |
| ૧૮૪ | ભવ સિદ્ધિયા | ૦ | અનાદિ સાંત |
| ૧૮૫ | અભવ સિદ્ધિયા | ૦ | ,, અનંત |
| ૧૮૬ | નોભવ સિદ્ધિયાનોઅભ૦સિ૦ | ૦ | સાદિ ,, |
| ૧૮૭ થી ૧૯૧ | પાંચ અસ્તિકાય સ્થિતિ | ૦ | અનાદિ અનંત |
| ૧૮૮ | ચરમ | ૦ | અનાદિ સાંત |
| ૧૮૯ | અચરમ | ૦ | અ.અ.સા.અ. |
| | (અભવી તથા સિદ્ધના જીવો) | | |

ઇતિ કાયસ્થિતિ સંપૂર્ણ

## (૪૧) યોગોનો અલ્પ બહુત્વ

**શ્રી ભગવતી સૂત્ર શતક ૨૫ ઉદ્દેશા ૧લામાં ચાલતો અધિકાર**

જીવના આત્મપ્રદેશોમાં અધ્યવસાય ઉપજે છે. અધ્યવસાયથી જીવ શુભાશુભ કર્મ (પુદ્ગલો)ને ગ્રહે છે તે પરિણામ એ સૂક્ષ્મ છે. પરિણામોની પ્રેરણાથી લેશ્યા થાય છે, અને લેશ્યાની પ્રેરણાથી મન, વચન, કાયના યોગ થાય છે.

યોગ બે પ્રકારના છે. ૧ જઘન્ય યોગ=૧૪ જીવોના ભેદમાં સામાન્ય યોગ સંચાર, ૨ ઉત્કૃષ્ટ યોગ, તરતમતા મુજબ. તેનો અલ્પ બહુત્વ નીચે મુજબ છે : -

(૧) સૌથી થોડા સૂક્ષ્મ એકેન્દ્રિયના અપર્યાપ્તાનો જઘન્ય યોગ તેથી-

(૨) બાદર એકેન્દ્રિયના અપર્યાપ્તાનો જ૦ યોગ અસં૦ ગુણા ,,

(૩) બેઈદ્રિયના ,, ,, ,,

(૪) તેઈદ્રિયના ,, ,, ,,

(૫) ચૌરેન્દ્રિયના ,, ,, ,,

(૬) અસંજ્ઞી પંચેન્દ્રિયના ,, ,, ,, ,,

(૭) સંજ્ઞી ,, ,, ,, ,, ,,

(૮) સૂક્ષ્મ એકેન્દ્રિયના પર્યાપ્તાનો જ૦ યોગ અસં. ગુણા, તેથી-

(૯) બાદર ,, ,, ,, ,, ,,

(૧૦)સૂક્ષ્મ ,, અર્યાપ્તાનો ઉ૦ યોગ ,, ,,

(૧૧)બાદર ,, ,, ,, ,, ,, ,,

(૧૨)સૂક્ષ્મ ,, પર્યાપ્તાનો ,, ,, ,,

(૧૩)બાદર ,, ,, ,, ,, ,,

(૧૪)બેઈન્દ્રિયના પર્યાપ્તાનો જ૦ યોગ અસં૦ ગુણા, તેથી-

(૧૫)તેઈદ્રિયના ,, ,, ,, ,,

(૧૬)ચૌરેન્દ્રિયના ,, ,, ,, ,,

(૧૭)અસંજ્ઞી પંચેન્દ્રિયના ,, ,, ,,

(૧૮)સંજ્ઞી ,, ,, ,, ,,

(૧૯)બેઈન્દ્રિયના અપર્યાપ્તાનો ઉ૦ યોગ ,,

(૨૦)તેઈન્દ્રિયના ,, ,, ,,

(૨૧)ચૌરેન્દ્રિયના ,, ,, ,,

(૨૨)અસંજ્ઞી પંચેંદ્રિયના ,, ઉ-યોગ અસં-ગુણો

(૨૩)સંજ્ઞી ,, ,, ,, ,,

(૨૪)બેઈન્દ્રિય પર્યાપ્તાનો ,, ,,

(૨૫) તેઈન્દ્રિયનો ,, ,,

(૨૬) ચૌરેન્દ્રિયના ,, ,, ,,

(૨૭) અસંજ્ઞી પંચેન્દ્રિયના ,, ,,

(૨૮) સંજ્ઞી ,, ,, ,,

ઈતિ યોગોનો અલ્પબહુત્વ સંપૂર્ણ

## (૪૨) પુદ્‌ગલોનો અલ્પ બહુત્વ

**શ્રી ભગવતી સૂત્ર શતક ૨૫ ઉદ્દેશો ૪થામાં ચાલતો અધિકાર.**

પુદ્‌ગલ પરમાણું, સંખ્યાત પ્રદેશી, અસં૦ પ્રદેશી અને અનંત પ્રદેશી સ્કંધનો દ્રવ્ય, પ્રદેશ અને દ્રવ્ય પ્રદેશનો અલ્પબહુત્વ કહે છે.

(૧) સૌથી થોડા અનંત પ્રદેશી સ્કંધના દ્રવ્ય તેથી-

(૨) પરમાણુ પુદ્‌ગલના દ્રવ્ય અનંત ગુણા ,,

(૩) સંખ્યાત પ્રદેશીના ,, સંખ્યાત ,,

(૪) અસં૦ પ્રદેશીનાં પ્રત્ય અસં. ગુણા.

પ્રદેશાપેક્ષા અલ્પબહુત્વ પણ ઉપરના દ્રવ્યવત્

### દ્રવ્ય અને પ્રદેશોનો ભેગો અલ્પબહુત્વ.

(૧) સૌથી થોડા અનંતપ્રદેશી સ્કંધના દ્રવ્ય તેથી

(૨) અનંત પ્રદેશી દ્રવ્યના પ્રદેશ અનંત ગુણા, તેથી

---

નજરે પડે તે અનંત પ્રદેશી પુદ્‌ગલ જ જોઈ શકાય. પરંતુ સંખ્યાત પ્રદેશી કે અસંખ્યાત પ્રદેશી પુદ્‌ગલ જોઈ ન શકાય. અનંત પ્રદેશી પુદ્‌ગલ પણ બધાં જ ન જોઈ શકાય. ફક્ત બાદર સ્વભાવી જ જોઈ શકાય.

## કર્કશ સ્પર્શ દ્રવ્યાપેક્ષા અલ્પબહુત્વ.

(૧) સૌથી થોડા એક ગુણ કર્કશના દ્રવ્ય તેથી-
(૨) સં. ગુ૦ કર્કશના દ્રવ્ય સંખ્યાત ગુણા ,,
(૩) અસં. ગુ૦ ,, ,, અસં. ગુણા ,,
(૪) અનંતગુણ ,, ,, અનંત ગુણા

## કર્કશ સ્પર્શ પ્રદેશાપેક્ષા અલ્પબહુત્વ.

(૧) સૌથી થોડા એક ગુણ કર્કશનાં પ્રદેશ તેથી-
(૨) સંખ્યાતગુણ કર્કશના પ્રદેશ અસંખ્યાતગુણા, તેથી-
(૩) અસં૦ ,, ,, ,, ,, ,,
(૪)અનંત ,, ,, ,, અનંત ગુણા ,,

## કર્કશ દ્રવ્ય પ્રદેશાપેક્ષા અલ્પબહુત્વ

(૧) સૌથી થોડા એક ગુણ કર્કશના દ્રવ્ય પ્રદેશ, તેથી
(૨)સંખ્યાતગુણ કર્કશના પુદ્ગલદ્રવ્ય અસંખ્યાતગુણા; તેથી-
(૩) ,, ,, ,, નાં પ્રદેશ ,, ,,
(૪) અસં. ,, ,, ,, દ્રવ્ય અસં. ,, ,,
(૫) ,, ,, ,, પુદગલદ્રવ્યનાં પ્રદેશ અસં. ,,
(૬) અનંત ,, ,, ,, દ્રવ્ય અનંત ગુણા ,,
(૭) ,, ,, ,, ,, પ્રદેશ ,, ,,

એમજ મૃદુ, ગુરૂ, લઘુના સમજવા. કુલ ૬૯ અલ્પબહુત્વ થયા. ૩ દ્રવ્યના, ૩ ક્ષેત્રના, ૩ કાળના અને ૬૦ ભાવના.

ઈતિ પુદ્ગલોનો અલ્પબહુત્વ સંપૂર્ણ

# (૪૩) આકાશ શ્રેણી.

## શ્રી ભગવતી સૂત્ર શતક ૨૫ ઉ૦ ૩ નો અધિકાર

જ્યાં જીવ અને પુદ્‌ગલોની ગતિ હોય છે, એ આકાશ પ્રદેશોની પંક્તિને શ્રેણી કહે છે. સમુચ્ચય આકાશ પ્રદેશની દ્રવ્યપેક્ષા શ્રેણી અનંતી છે. પૂર્વાદિ છ દિશાની અને અલોકાકાશની શ્રેણી અનંતી છે.

દ્રવ્યાપેક્ષા લોકાકાશની તથા છયે દિશાની શ્રેણી અસંખ્યાતી છે
પ્રદેશાપેક્ષા સમુચ્ચય આકાશ પ્રદેશની તથા છયે દિશાની શ્રેણી અનંતી છે.

,, લોકાકાશ ,, ,, ,, ,, ,, અસંખ્યાતી છે. , અલોકાકાશ શ્રેણી સંખ્યાતી, અસંખ્યાતી, અનંતી છે. પૂર્વાદિ ૪ દિશામાં અનંતી છે અને ઉંચી નીચી દિશામાં ત્રણેય પ્રકાર.

સમુચ્ચય શ્રેણી તથા છયે દિશાની શ્રેણી અનાદિ અનંત છે. લોકાકાશની શ્રેણી તથા છયે દિશાની શ્રેણી સાદિસાંત છે. અલોકાકાશની શ્રેણી સ્યાત્ સાદિસાંત છે, સ્યાત્ સાદિ અનંત છે, સ્યાત્ અનાદિ સાંત છે અને સ્યાત્ અનાદિ અનંત છે.

(૧) સાદિ સાંત-લોકના વ્યાઘાતમાં.

(૨) સાદિ અનંત લોકના અંતમાં અલોકની આદિ છે પણ અંત નથી,

(૩) અનાદિ સાંત- અલોક અનાદિ છે, પણ લોક પાસે અંત છે.

(૪) અનંત - જ્યાં લોકનો વ્યાઘાત ન પડે ત્યાં.

ચાર દિશામાં સાદિસાંત સિવાયના ૩ ભાંગા. ઊંચી નીચી દિશામાં ૪ ભાંગા.

દ્રવ્યાપેક્ષા શ્રેણી કડજુમ્મા છે. છ દિશામાં અને દ્રવ્યાપેક્ષા લોકાકાશની શ્રેણી છ દિશાની શ્રેણી અને અલોકાકાશની શ્રેણી પણ એજ. પ્રદેશાપેક્ષા આકાશ શ્રેણી તથા છ દિશામાં શ્રેણી કડજુમ્મા છે. પ્રદેશાપેક્ષા લોકાકાશની શ્રેણી સ્યાત્ કડજુમ્મા છે, સ્યાત્ દાવરજુમ્મા છે. પૂર્વાદિ ૪ દિશા અને ઊંચી, નીચી દિશાપેક્ષા કડજુમ્મા છે.

પ્રદેશાપ્રેક્ષા અલોકાકાશની શ્રેણી સ્યાત્ કડજૂમ્મા જાવ સ્યાત્ કલયુગા છે. એવં ૪ દિશાની શ્રેણી, પરંતુ ઊંચી નીચી દિશામાં કલયુગા સિવાયની ત્રણ શ્રેણી છે.

શ્રેણી ૭ પ્રકારે પણ છે. - ઋજુ, A એક વંકા, M (ઊભયનો વકા), L એક ખૂણાવાળી, Z બે ખૂણાવાળી, O ચક્રવાલ, અર્ધ ચક્રવાલ.

જીવ અનુશ્રેણી (સમ) ગતિ કરે, વિશ્રેણીગતિ ન કરે, પુદ્‌ગલો પણ અનુશ્રેણી ગતિ જ કરે. વિશ્રેણીગતિ ન કરે.

ઈતિ આકાશ શ્રેણી સંપૂર્ણ

---

કડજુમ્માઃ જે સંખ્યાને ૪ વડે ભાગતાં ૪ શેષ બાકી રહે તે.
કલિયોગાઃ " " " ૧ " " "
દાવરજુમ્માઃ " " " ૨ " " "
ત્રિયોગાઃ " " " ૩ " " "

## (૪૪) બળનો અલ્પબહુત્વ

### પૂર્વાચાર્યોની પ્રાચીન પ્રતના આધારે.

(૧) સૌથી થોડું સૂક્ષ્મ નિગોદના અપર્યાપ્તાનું બળ, તેથી-

| | | | | |
|---|---|---|---|---|
| (૨) બાદર | નિગોદના | અપર્યાપ્તાનું | બળ | અસંખ્યાત ગણું તેથી- |
| (૩) સૂક્ષ્મ | ,, | પર્યાપ્તાનું | ,, | ,, |
| (૪) બાદર | ,, | ,, | ,, | ,, |
| (૫) સૂક્ષ્મ | પૃથ્વીકાયના | અપર્યા૦ | ,, | |
| (૬) ,, | ,, | પર્યા૦ | ,, | ,, |
| (૭) બાદર | ,, | અપર્યા૦ | ,, | ,, |
| (૮) બાદર | ,, | પર્યા૦ | ,, | ,, |
| (૯) ,, | વનસ્પતિના | અપર્યા૦ | ,, | |
| (૧૦) ,, | ,, | પર્યા૦ | ,, | ,, |
| (૧૧) તનુવાયનું | ,, | ,, | ,, | ,, |
| (૧૨) ધનોદધિનું | ,, | ,, | ,, | ,, |
| (૧૩) ધનવાયુનું | ,, | ,, | ,, | ,, |
| (૧૪) કુંથવાનું | | ,, | ,, | ,, |
| (૧૫) લીંખનું | બળ | પાંચગણું | તેથી | |
| (૧૬) જૂનું | બળ | દશગણું | તેથી- | |
| (૧૭) કીડીમકોડાનું | ,, | વીસગણું | ,, | |
| (૧૮) માખીનું | ,, | પાંચ ,, | ,, | |
| (૧૯) ડાંસમચ્છરનું | ,, | દશ ,, | ,, | |
| (૨૦) ભમરાનું | ,, | વીશ ,, | ,, | |
| (૨૧) તીડનું | ,, | પચાસ,, | ,, | |
| (૨૨) ચકલીનું | ,, | સાઠ,, | ,, | |

| | | | | |
|---|---|---|---|---|
| (૨૩)પારેવાનું | બળ | પંદર ગુણ | | તેથી |
| (૨૪)કાગડાનું | ,, | સો ,, | | ,, |
| (૨૫)કુકડાનું | ,, | સો,, | | ,, |
| (૨૬)સાપનું | ,, | હજાર,, | | ,, |
| (૨૭)મોરનું | ,, | પાંચસો ,, | | ,, |
| (૨૮)વાંદરાનું | ,, | હજાર ,, | | ,, |
| (૨૯)ઘેટાનું | ,, | સો ,, | | ,, |
| (૩૦)મેંઢાનું | ,, | હજાર ,, | | ,, |
| (૩૧)પુરૂષ (મનુષ્ય)નું | | સો ,, | | ,, |
| (૩૨)વૃષભનું | ,, | બાર ,, | | ,, |
| (૩૩) અશ્વનું | ,, | દશ ,, | | ,, |
| (૩૪)પાડાનું | ,, | બાર ,, | | ,, |
| (૩૫)હાથીનું | બળ | પાંચસો ગણું, | | તેથી- |
| (૩૬)સિંહનું | ,, | ,, | ,, | ,, |
| (૩૭)અષ્ટાપદનું | ,, | બે હજાર,, | | ,, |
| (૩૮)બળદેવનું | ,, | દશહજાર,, | | ,, |
| (૩૯)વાસુદેવનું | ,, | બે ,, | ,, | |
| (૪૦)ચક્રવર્તીનું | ,, | બે ,, | ,, | |
| (૪૧)વ્યંતરદેવનું | ,, | ક્રોડ ,, | ,, | |

| | | | | |
|---|---|---|---|---|
| (૪૨)નાગાદિ ભવનપતિનું | બળ | અસંખ્ય ,, | | ,, |
| (૪૩)અસુર કુમાર દેવોનુ | બળ | અસંખ્ય ગણું | | તેથી |
| (૪૪)તારા | ,, ,, | ,, | ,, | ,, |
| (૪૫)નક્ષત્ર | ,, ,, | ,, | ,, | ,, |
| (૪૬)ગ્રહ | ,, ,, | ,, | ,, | ,, |
| (૪૭)વ્યંતર ઈન્દ્રનું | ,, | ,, | ,, | ,, |
| (૪૮)નાગાદિદેવોનાઈન્દ્રોનું | ,, | ,, | ,, | ,, |

(૪૯)અસુર દેવોના ઈન્દ્રનું બળ અસંખ્યાતગુણ તેથી
(૫૦)જ્યોતિષી ,, ,, ,, ,, ,,
(૫૧)વૈમાનિક દેવોનું ,, ,, ,,
(૫૨),, દેવોના ઈન્દ્રોનું બળ ,, ,, ,,
(૫૩)ત્રણે કાળનાં ઈન્દ્રોથી પણ તીર્થંકરની કનિષ્ઠ (ટચલી) આંગળીનું બળ અનંતગણું છે. (તત્ત્વ કેવળી ગમ્ય).

**ઈતિ બળનો અલ્પબહુ ત્વ સંપૂર્ણ.**

## (૪૫) સમકિતનાં ૧૨ દ્વાર.

(૧) નામ (૨) લક્ષણ (૩) આવણ (૪) પાવણ (૫) પરિણામ (૬) ઉચ્છેદ (૭) સ્થિતિ (૮) અંતર (૯) નિરંતર (૧૦) આગરેશ (૧૧) ક્ષેત્રસ્પર્શના અને (૧૨) અલ્પબહુત્વ

નામદ્વાર - સમકિતનાં ૪ પ્રકાર. ક્ષાયક, ઉપશમ, ક્ષપોપશમ અને વેદક સ૦

૨. લક્ષણ દ્વાર

(૧) ચાર અનંતાનુબંધીનો ક્ષય કરે અને ત્રણને ઉપશમાવે તે ક્ષયોપશમ સમકિત.

(૨) પાંચ પ્રકૃતિઓનો ક્ષય કરે અને બેને ઉપશમાવે તે ક્ષયોપશમ સમકિત.

(૩) છ પ્રકૃતિઓનો ક્ષય કરે, અને એકને ઉપશમાવે ક્ષયોપશમ સમકિત.

---

સાસ્વાદન સમકિત - છ આવલિકા માત્રનું હોવાથી વિવેચન આપેલ નથી. ઉચ્છેદ થાય - આવ્યું જાય.

(૪) ચાર પ્રકૃતિઓનો ક્ષય કરે, બેને ઉપશમાવે અને એકને વેદે તે ક્ષયોપશમ વેદક સમકિત.

(૫) પાંચ પ્રકૃતિઓનો ક્ષય કરે, એકને ઉપશમાવે અને એકને વેદે તે ક્ષયોપશમ વેદક સમકિત.

(૬) છ પ્રકૃતિઓને ઉપશમાવે અને એકને વેદે તે ઉપશમ વેદક સમકિત.

(૭) સાતેય પ્રકૃતિઓને ઉપશમાવે તે ઉપશમ સમકિત.

(૮) છ પ્રકૃતિઓનો ક્ષય કરે અને એકને વેદે તે ક્ષાયિક વેદક સમકિત.

(૯) સાતેય પ્રકૃતિઓનો ક્ષય કરે તે ક્ષાયિક સમકિત.

૩. આવણદ્વાર - ક્ષાયક સમ્યક્ત્વ માત્ર મનુષ્યભવમાં આવે શેષ ત્રણ સમ્ય૦ ચાર ગતિમાં આવે.

૪. પાવણદ્વાર-ચારેય સમ્ય૦ ચારેય ગતિમાં પાવે (હોય).

૫. પરિમાણ-ક્ષાયક સમ્ય૦ અનંતા (સિધ્ધ આશ્રી). શેષ ત્રણ સમ્ય૦ વાળા અસંખ્યાતા જીવ.

૬. ઉચ્છેદદ્વાર-ક્ષાયક સમ્ય૦ નો ઉચ્છેદ કદિ ન થાય શેષ ત્રણ ઉચ્છેદ થાય.

૭. સ્થિતિદ્વાર-ક્ષાયક સમ્ય૦ સાદિ અનંત. ઉપશમ સમ્ય૦ જ. ઉ. અં. મું. ક્ષયોપ૦ સ્થિતિ જ૦ અં. મું ઉ૦ ૬૬ સાગર ઝાઝેરી. વેદકની સ્થિતિ જ. ૧ સમય ઉ. ૬૬ સાગર ઝાઝેરી.

૮. અંતરદ્વાર-ક્ષાયક સમ્ય૦ નો આંતરો ન પડે. શેષ ૩ નો આંતરો પડે તો જ.અં.ઉ. અનંતકાળ યાવત્ દેશ ઉણા અર્ધ પુદ્ગલ પરાવર્તન.

૯. નિરંતરદ્વાર-ક્ષાયક સમકિત નિરંતર આઠ સમય સુધી આવે શેષ ૩ સમ્ય૦ આવલિકાના અસં. ભાગના જેટલો સમય નિરંતર આવે.

૧૦. આગરેશદ્વાર (કેટલી વખત આવે)-ક્ષાયક સમ્ય૦ એક વારજ આવે. ઉપશમ સમ્ય૦ એક ભવમાં જ૦ ૧ વાર ઉ૦ ૨ વાર આવે અને ઘણા ભવ આશ્રી જ૦ ૨ વાર ઉ૦ ૫ વાર આવે. શેષ ૨ સમ્ય૦ એક ભવ આશ્રી જ૦ ૧ વાર ઉ૦ પ્રત્યેક હજાર વાર અને ઘણા ભાવ આશ્રી જ૦ ૨ વાર ઉ૦ અસંખ્યાતી વાર આવે.

૧૧. ક્ષેત્ર સ્પર્શના દ્વાર-ક્ષાયક સમ્ય૦ આખો લોક સ્પર્શે (કેવળી સમુ૦ આશ્રી). શેષ ૩ સમ્ય૦ દેશઉણા સાત રાજુલોક સ્પર્શે.

૧૨. અલ્પ બહુત્વ દ્વાર - સૌથી થોડા ઉપશમ સમકિતી, તેથી ક્ષયોપશમ સમકિતી અસં. ગુણા, તેથી વેદક સમકિતી વિશેષાધિક, તેથી ક્ષાયિક સમકિતી અનંત ગુણા (સિદ્ધ અપેક્ષા) તેથી સમુચ્ચય સમકિતી વિશેષાધિક.

ઇતિ સમકિતનાં ૧૨ દ્વાર સંપૂર્ણ.

## (૪૬) ખંડા જોયણ.

સૂત્ર શ્રી જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિનો અધિકાર

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭

ખંડા જોયણ વાસા પવ્વય કૂડા તિત્થ સેઢીઓ

૮ ૯ ૧૦

વિજય દહ સલિલાઓ પિંડએ હોઈ સંગહણી ।૧।

એક લાખ યોજન લાંબા પહોળા જંબુદ્વીપમાં (જેમાં આપણે રહીએ છીએ તે) ૧ ખંડ, ૨ યોજન, ૩ વાસ, ૪ પર્વત, ૫ ફૂટ, (પર્વત ઉપરના), ૬ તીર્થ, ૭ તીર્થ શ્રેણી, ૮ વિજય, ૯ દ્રહ અને ૧૦ નદીઓ કેટલી છે ? એ બતાવાશે.

જંબુદ્વીપ ઘંટીના પડ જેવો ગોળ છે. તેની પરીધિ

૩,૧૬,૨૨૭ યોજન, ૩ ગાઉ, ૧૨૮ ધનુષ્ય, ૧૩॥ આંગળ, એક જવ, ૧ જું, ૧ લીંખ, ૬ વાલાગ્ર અને ૧ વ્યવ. પરમાણુ જેટલી છે. તેને ફરતો કોટ (જગતિ) છે. ૧ પદ્મવર વેદિકા, ૧ વનખંડ અને ૪ દરવાજાથી સુશોભિત છે.

(૧) **ખંડ દ્વાર** - દક્ષિણ ઉત્તર ભરત જેવડા ખંડ કરીએ તો જંબુદ્વીપના ૧૯૦ ખંડ થઈ શકે.

| નં. | ક્ષેત્ર નામ | ખંડ | જોજન-કળા |
|---|---|---|---|
| ૧ | ભરતક્ષેત્ર | ૧ | ૫૨૬-૬ |
| ૨ | ચુલહેમવંત પર્વત | ૨ | ૧૦૫૨-૧૨ |
| ૩ | હેમવાય ક્ષેત્ર | ૪ | ૨૧૦૫-૫ |
| ૪ | મહાહેમવંત પર્વત | ૮ | ૪૨૧૦-૧૦ |
| ૫ | હરિવાસ ક્ષેત્ર | ૧૬ | ૮૪૨૧-૧ |
| ૬ | નિષિધ પર્વત | ૩૨ | ૧૬૮૪૨-૨ |
| ૭ | મહાવિદેહ ક્ષેત્ર | ૬૪ | ૩૩૬૮૪-૪ |
| ૮ | નિલવંત પર્વત | ૩૨ | ૧૬૮૪૨-૨ |
| ૯ | રમ્યક્વાસ ક્ષેત્ર | ૧૬ | ૮૪૨૧-૧ |
| ૧૦ | રૂપી પર્વત | ૮ | ૪૨૧૦-૧૦ |
| ૧૧ | હિરણવાય ક્ષેત્ર | ૪ | ૨૧૦૫-૫ |
| ૧૨ | શીખરી પર્વત | ૨ | ૧૦૫૨-૧૨ |
| ૧૩ | ઐરવતક્ષેત્ર | ૧ | ૫૨૬-૬ |
| | | ૧૯૦ | ૧૦૦૦૦૦-૦ |

૧૯ કળાનો ૧ યોજન સમજવો.

**પૂર્વ-પશ્ચિમના ૧ લાખ યોજનનું માપ.**

| નં. | ક્ષેત્રનાં નામ | યોજન |
|---|---|---|
| ૧ | મેરૂપર્વતની પહોળાઈ | ૧૦૦૦૦ |
| ૨ | પૂર્વ ભદ્રશાળ વન | ૨૨૦૦૦ |
| ૩ | ,, આઠ વિજય | ૧૭૭૦૨ |
| ૪ | ,, ચાર વસ્ખાર પર્વત | ૨૦૦૦ |
| ૫ | ,, ત્રણ અંતર નદી | ૩૭૫ |
| ૬ | ,, સીતામુખ વન | ૨૯૨૩ |
| ૭ | પશ્ચિમ ભદ્રશાળ વન | ૨૨૦૦૦ |
| ૮ | ,, આઠ વિજય | ૧૭૭૦૨ |
| ૯ | ,, ચાર વસ્ખાર પર્વત | ૨૦૦૦ |
| ૧૦ | ,, ત્રણ અંતર નદી | ૩૭૫ |
| ૧૧ | ,, સીતામુખ વન | ૨૯૨૩ |
| | | કુલ ૧૦૦૦૦૦ |

(૨) **યોજનદ્વાર** - ૧ લાખ જોજનના લાંબા પહોળા જંબુદ્વિપના એક એક યોજનના ૧૦ અબજ ખંડ થઈ શકે. જો ૧ યોજન સમચોરસ જેવડા ખંડ કરે તો ૭,૯૦,૫૬,૯૪,૧૫૦ ખંડ થતાં ૩૫૧૫ ધનુષ્ય અને ૬૦ આંગળ ક્ષેત્ર વધે.

(૩) **વાસાદ્વાર** - મનુષ્યને રહેવાના વાસ ૭ તથા ૧૦ છે. કર્મભૂમિના મનુષ્યોના ૩ ક્ષેત્ર-ભરત, ઐરવત અને મહાવિદેહ, અકર્મભૂમિના મનુષ્યોના ૪ ક્ષેત્ર હેમવાય, હિરણવાય, હરિવાસ, રમ્યક્વાસ એ સાત, ૧૦ ગણવા હોય તો મહાવિદેહ ક્ષેત્રના ૪ ભાગ કરવા. (૧) પૂર્વ

મહાવિદેહ, (૨) પશ્ચિમ મહાવિદેહ, (૩) દેવકુરુ અને (૪) ઉત્તરકુરુ એમ ૧૦ થાય છે.

જગતિ (કોટ) ૮ જોજન ઉંચો છે અને પહોળો મૂળમાં ૧૨, મધ્યમાં આઠ અને ઉપર ૪ યોજનનો પહોળો છે. બધો વજ્ર રત્નમય છે. જગતિની એક બાજુ ઝરૂખાની લાઈન છે. તે ૦ાા યોજન ઊંચી, ૫૦૦ ધનુષ્ય પહોળી છે. કોષીશા અને કાંગરા રત્નમય છે.

જગતિ ઉપર મધ્યમાં પદ્મવર વેદિકા છે. તે ૦ાા યોજન ઊંચી ૫૦૦ ધનુષ્ય પહોળી છે. બન્ને બાજુ નીલા પન્નાના સ્તંભ અને તે ઉપર સુંદર પુતળીઓ અને મોતીની માળાઓ છે. મધ્ય ભાગમાં પદ્મવર વેદિકાઓને લીધે બે વિભાગ થયેલ છે. (૧) અંદરના વિભાગમાં અનેક જાતના વૃક્ષવાળું વનખંડ છે. તેમાં ૫ વર્ણનું રત્નમય તૃણ છે. વાયુના સંચારે તેમાં ૬ રાગ ને ૩૬ રાગણી નીકળે છે. તેમાં બીજી વાવો અને પર્વતો છે. અનેક આસનો છે. ત્યાં વ્યંતર દેવદેવીઓ ક્રીડા કરે છે. (૨) બહારના વિભાગમાં તૃણ નથી. બાકીની રચના અંદરના વિભાગ જેવી છે.

મેરૂ પર્વતથી ચારે દિશામાં ૪૫-૪૫ હજાર યોજન પર ચાર દરવાજા છે. પૂર્વે વિજય, દક્ષિણે વિજયંત, પશ્ચિમે જયંત અને ઉત્તરે અપરાજિત નામે છે. દરેક દરવાજો ૮ યોજન ઉંચો, ૪ યોજન પહોળો છે. દરવાજા ઉપર નવભૂમિ અને સફેદ ઘુમ્મટ, છત્ર, ચામર, ધ્વજા અને ૮-૮ મંગલીક છે. દરવાજાની બંને તરફ બબ્બે ચોતરા છે. તેની ઉપર પ્રાસાદ, તોરણ, ચંદનકળશ, ઝારી, થાળ, ધૂપકડછા અને મનોહર પુતળીઓથી શોભે છે.

## ક્ષેત્રોનો વિસ્તાર

**(૧) ભરત ક્ષેત્ર** - મેરુની દક્ષિણે અર્ધચંદ્રાકારે છે. મધ્યમાં વૈતાઢ્ય પર્વત્ત આવવાથી ભરતના બે ભાગ થયા છે.

ઉત્તર ભરત અને દક્ષિણ ભરત. ભરતની મર્યાદા કરનાર ચૂલહેમવંત પર્વત પર પદ્મદ્રહ છે. તેમાંથી ગંગા અને સિંધુ નદી નીકળીને તમસ્ત્રગુફા અને ખંડપ્રભા ગુફાની નીચે વૈતાઢ્ય પર્વતને ભેદીને લવણ સમુદ્રને મળે છે. આથી ભરતના છ ખંડ થાય છે.

દક્ષિણ ભરત ૨૩૮ જોજન ૩ કલાનું છે. તેમાં ૩ ખંડ છે. મધ્ય ખંડમાં ૧૪ હજાર દેશ છે. મધ્ય ભાગમાં કોશલ દેશ, વનિતા (અયોધ્યા) નગરી છે. તે ૧૨ યો. લાંબી, ૯ યો. પહોળી છે પૂર્વમાં ૧ હજાર અને પશ્ચિમમાં ૧ હજાર દેશ છે. કુલ દક્ષિણ ભરતમાં ૧૬ હજાર દેશ છે. એવાજ ૧૬,૦૦૦ દેશ ઉત્તર ભરતમાં છે. આ ભરતમાં કાળચક્રનો પ્રભાવ છે. (છ આરા વત્)

(૨) **ઐરવત ક્ષેત્ર** - મેરુની છેક ઉતરે શીખરી પર્વતથી આગળ ઐરવત છે.

(૩) **મહાવિદેહ ક્ષેત્ર** - નિષિધ અને નીલવંત પર્વતની વચ્ચે છે. પલંગને સંઠાણે છે. ૩૨ વિજય છે. મધ્યમાં ૧૦ હજાર યો૦ ના વિસ્તાર વાળો મેરુ છે. પૂર્વ પશ્ચિમ બન્ને તરફ ૨૨-૨૨ હજાર યો૦ ભદ્રશાલ વન છે. બન્ને તરફ ૧૬-૧૬ વિજય છે.

મેરુની ઉત્તરે અને દક્ષિણે ૨૫૦-૨૫૦ યો૦ ના ભદ્રશાલ વન છે. દક્ષિણમાં નિષિધ સુધી દેવકુરુ અને ઉત્તરમાં નીલવંત સુધી ઉત્તરકુરુ છે. એ બન્ને ક્ષેત્રો બબ્બે ગજદંતે કરીને અર્ધચંદ્રાકાર છે. આ ક્ષેત્રોમાં યુગલમનુષ્ય ૩ ગાઉની અવઘેણા ઉત્સેધ આંગુલનું અને ૩ પલ્યના આયુવાળા વસે છે. દેવકુરુમાં કુડશામલી વૃક્ષ, ચિત્રવિચિત્ર પર્વત, ૧૦૦ કંચનગિરિ પર્વત અને ૫ દ્રહ છે. એમજ ઉત્તરકુરુમાં પણ છે. પણ તે જંબુ સુદર્શન વૃક્ષ છે.

નિષિધ અને મહાહેમવંત પર્વતો વચ્ચે હરિવાસ ક્ષેત્ર છે

તથા નીલવંત અને રૂપી પર્વતો વચ્ચે રમ્યક્‌વાસ ક્ષેત્ર છે. એ બન્ને ક્ષેત્રોમાં ૨ ગાઉની અવઘેણા અને ૨ પલ્યની સ્થિતિવાળા યુગલ મનુષ્યો રહે છે.

મહા હેમવંત અને ચુલ હેમવંત પર્વતની વચ્ચે હેમવાય ક્ષેત્ર અને રૂપી તથા શીખરી પર્વતની વચ્ચે હિરણવાય ક્ષેત્ર છે. એ બન્ને ક્ષેત્રોમાં ૧ ગાઉની અવઘેણા અને ૧ પલ્યના આયુવાળા યુગલ મનુષ્યો છે.

| ક્ષેત્ર | દક્ષિણ-ઉત્તર પહોળાઈ | બાહુ યો.કળા | જીવા યો.કળા | ધનુષ્ય પીઠ યો.કળા |
|---|---|---|---|---|
| દક્ષિણ ભરત | ૨૩૮ યો૦ | ૩ કળા | ૯૭૪૮-૧૨ | ૯૭૬૬-૧ |
| ઉત્તર | ,, | ૧૮૯૨-૭॥ | ૧૪૪૭૧-૬ | ૧૪૫૨૮-૧૧ |
| હેમવાય ક્ષેત્ર | ૨૧૦૫-૫ | ૬૭૫૫-૩ | ૩૭૬૭૪-૧૬ | ૩૮૭૪૦-૧૦ |
| હરિવાસ ,, | ૮૪૨૧-૧ | ૧૩૩૬૧-૬ | ૭૩૯૦૧-૧૭ | ૮૪૦૧૬-૪ |
| મહાવિદેહ ,, | ૩૩૬૮૪-૪ | ૩૩૭૬૭-૭ | ૧૦૦૦૦૦ | ૧૫૮૧૧૩-૧૬ |
| દેવકુરુ ,, | ૧૧૮૪૨-૨ | ૦ | ૫૩૦૦૦ | ૬૦૪૧૮-૧૨ |
| ઉત્તરકુરુ ,, | ૧૧૮૪૨-૨ | ૦ | ૫૩૦૦૦ | ૬૦૪૧૮-૧૨ |
| રમ્યક્ વાસ,, | ૮૪૨૧-૧ | ૧૩૩૬૧-૬ | ૭૩૯૦૧-૧૭ | ૮૪૦૧૬-૪ |
| હિરણવાય ,, | ૨૧૦૫-૫ | ૬૭૫૫-૩ | ૩૭૬૭૪-૧૬ | ૩૮૭૪૦-૧૦ |
| દક્ષિણ ઐરવત | ૨૩૮-૩ | ૧૮૯૨-૭॥ | ૧૪૪૭૧-૬ | ૧૪૫૨૮-૧૧ |
| ઉત્તર ,, | ૨૩૮-૩ | ૦ | ૯૭૪૮-૧૨ | ૯૭૬૬-૧ |

(૪) પવ્વય (પર્વત) દ્વાર - ૨૬૯ પર્વત શાશ્વતા છે. દેવકુરુમાં ૫ દ્રહ છે. તેના બન્ને તટ પર દશ દશ કંચનગિરિ સર્વ સુવર્ણમય છે. દશ તટ પર ૧૦૦ પર્વત છે. એવાજ ૧૦૦ કંચનગિરિ ઉત્તરકુરુમાં છે તથા ૩૪ દીર્ઘ વૈતાઢય, ૧૬ વસ્આર પર્વત, ૬ વર્ષધર પર્વત, ૪ ગજદંતા પર્વત, ૪ વૃતલવૈતાઢ્ય, ૪ ચિતવિચિતાદિ અને ૧ મેરુ પર્વત એમ ૨૬૯ છે.

૩૪ દીર્ઘવૈતાઢચ - ૩૨ વિજયવિદેહ, ૧ ભરત-૧ ઐરવતના મધ્યભાગમાં છે. ૧૬ વસ્ખાર - ૧૬ - ૧૬ વિજયમાં સીતા, સીતોદા નદીથી ૮ - ૮ વિજયના ૪ ભાગ થયા છે. તેના ૭ અંતર છે. તેમાં ૪ વસ્ખાર પર્વત ૩ અંતર નદી છે. એક એક વિભાગમાં ૪ વસ્ખાર પર્વત એવં ૪ વિભાગમાં ૧૬ વસ્ખાર છે. તેનાં નામ - ચિત્ર, વિચિત્ર, નિલન, એકશૈલ, ત્રિકુટ, વૈશ્રમણ, અંજન, મર્યાજન, અંકવાઈ, પવમાવાઈ, આશીવિષ, સુહાવહ, ચંદ્ર, સૂર્ય, નાગ, દેવ.

૬. વર્ષ ધર - ૭ મનુષ્ય ક્ષેત્રોની વચ્ચે વચ્ચે ૬ વર્ષ ધર : (ચૂલ હેમવંત, મહા હેમવંત, નિષિધ, નીલવંત, રૂપી અને શીખરી) પર્વત છે.

૪. ગજદંતા પર્વત - દેવકુરૂ, ઉત્તરકુરૂ અને વિજય વચ્ચે આવેલ છે. નામ - ગંધમર્દન, માલવંત, વિદ્યુત્પ્રભા અને સુમાનસ.

૪. વૃતલ વૈતાઢચ - હેમવાય, હિરણવાય, હરિવાસ, રમ્યક્વાસની વચ્ચે છે. નામ - સદાવાઈ, વયડાવાઈ, ગન્ધાવાઈ, માલવંતા.

૪. ચિતવિચિતાદિ - નિષિધ પર્વત પાસે સીતા નદીના બે તટ પર ચિત અને વિચિત પર્વત છે, તથા નીલવંત પાસે સીતોદાના બે તટ પર જમગ અને સમગ બે પર્વતો છે.

૧. જંબુદ્વિપની બરાબર મધ્યમાં મેરૂ પર્વત છે.

| પર્વતના નામ | ઉંડાઈ | ઊંચાઈ | વિસ્તાર |
|---|---|---|---|
| ૨૦૦ કંચનગિરિ પર્વતો | ૨૫ યો. | ૧૦૦ યો. | ૧૦૦ યો. |
| ૩૪ દીર્ઘ વૈતાઢચ ,, | ૨૫ ગાઉ | ૨૫ યો. | ૫૦ યો. |
| ૧૬ વસ્ખાર ,, | ૫૦૦ ગાઉ | ૫૦૦ યો. | ૫૦૦ યો. |
| | | | યોજન કળા |

| | | | |
|---|---|---|---|
| ચૂલ હેમવંત અને શીખરી | ૨૫ યો. | ૧૦૦ યો. | ૧૦૫૨-૧૨ |
| મહા હેમવન્ત અને રૂપી | ૫૦ યો. | ૨૦૦ યો. | ૪૨૧૦-૧૦ |
| નિષિધ અને નીલવંત | ૧૦૦ યો. | ૪૦૦ યો. | ૧૬૮૪૨- ૨ |
| ૪ ગજદંતા પર્વતો | ૧૨૫ યો. | ૫૦૦ યો. | ૩૦૨૦૯- ૬ |
| ૪ વૃત વૈતાઢ્ય | ૨૫૦ યો. | ૧૦૦૦ યો. | ૧૦૦૦- ૦ |
| ચિત, વિચિત, જમગ, સમગ | ૨૫૦ યો. | ૧૦૦૦ યો. | ૧૦૦૦- ૦ |
| મેરૂ પર્વત | ૧૦૦૦ યો. | ૯૯૦૦૦ યો. | ૧૦૦૯૦ યો. |

મેરૂ પર ૪ વન છે. ભદ્રશાલ, નંદન, સુમાનસ અને પંડકવન.

(૧) ભદ્રશાલવન - પૂર્વ - પશ્ચિમ ૨૨૦૦૦ યો૦ ઉત્તર - દક્ષિણ ૨૫૦ યો૦ વિસ્તાર છે. મેરૂથી ૫૦ યો૦ દૂર ચારે દિશામાં ૪ સિદ્ધાયતન છે. તેમાં યક્ષ પ્રતિમાઓ છે. મેરૂથી ઈશાનમાં ૪ પુષ્કરણી (વાવ) છે ૫૦ યો૦ લાંબી, ૨૫ યો૦ પહોળી, ૧૦ યો૦ ઊંડી વેદિકા, વનખંડ, તોરણાદિ યુક્ત છે. ચાર વાવની મધ્યે ઈશાનેંદ્રનો મહેલ છે. ૫૦૦ યો૦ ઊંચો, ૨૫૦ યો૦ વિસ્તારવાળો છે. એવી જ રીતની રચનાવાળી -

અગ્નિ કોણમાં ૪ વાવ છે. ઉત્પલા, ગુમ્મા, નિલના, ઉજ્વલા
મધ્યે શક્રેન્દ્રનો મહેલ છે.

વાયુ ,, ૪ '' લિંગા, લીંગનામ, અંજના, અંજન પ્રભા
મધ્યે શક્રેન્દ્રના પ્રાસાદ સિંહાસન છે.

નૈરૂત્ય ,, ૪ '' શ્રીકન્તા, શ્રીચંદા, શ્રીમહીતા, શ્રીનલીતા,
મધ્યે ઈશાનેંદ્રના પ્રાસાદ સિંહાસન છે.

આઠ વિદિશામાં ૮ હસ્તિકૂટ પર્વતો છે : પદ્મુત્તર, નીલવંત, સુહસ્તિ, અંજનગિરિ, કુમુદ, પોલાશ, વિઢિસ અને

રોયણગિરિ. તે દરેક ૧૨૫ યો. ધરતીમાં ૫૦૦ યો૦ ઊંચા, મૂળમાં ૫૦૦ યો૦, મધ્યે ૩૭૫ યો૦; અને ઉપર ૨૫૦ યો૦ વિસ્તારવાળા છે. અનેક વૃક્ષ, ગુચ્છા, ગુમા, વેલી, તૃણથી શોભે છે. વિદ્યાધરો અને દેવોનું ક્રિડાસ્થાન છે.

(૨) **નંદન વન** - ભદ્રશાલથી ૫૦૦ યો૦ ઊંચે મેરૂ પર વલયાકારે છે. ૫૦૦ યો૦ વિસ્તાર છે. વેદિકા, વનખંડ, ૪ સિદ્ધાયતન, ૧૬ વાવ, ૪ પ્રાસાદ પૂર્વવત છે. ૯ ફૂટ છે. નંદનવનકૂટ, મેરુકૂટ, નિષિધકૂટ, હેમવંતકૂટ, રજીતકૂટ, રૂચિત સાગરચિંત્ત, વજી અને બલકૂટ. ૮ ફૂટ ૫૦૦ યો૦ ઉંચા છે આઠેય પર ૧ પલ્યવાળી આઠ દેવીઓના ભુવન છે. નામ મેઘંકરા, મેઘવતી, સુમેઘા, હેમમાલિની, સુવચ્છા, વચ્છમિત્રા, વજ્જસેના, બલહકા દેવી. બલકૂટ ૧૦૦૦ યો૦ ઊંચો, મૂળમાં ૧૦૦૦ યો૦, મધ્યે ૭૫૦ યો૦, ઉપર ૫૦૦ યો. વિસ્તાર છે. બલદેવતાના મહેલ છે. શેષ ભદ્રશાલવન જેવી સુંદરતા અને વિસ્તાર છે.

(૩) **સુમાનસ વન** - નંદનવનથી ૬૨૫૦૦ યો૦ ઊંચે છે. ૫૦૦ યો૦ વિસ્તારવાળું મેરૂની ચોતરફ છે. વેદિકા, વનખંડ, ૧૬ વાવ, ૪ સિદ્ધાયતન, શક્રેન્દ્ર, ઈશાનેન્દ્રના ૪ મહેલો આદિ પૂર્વવત.

(૪) **પંડક વન** - સુમાનસ વનથી ૩૬૦૦૦ યો૦, ઊંચે મેરૂ શિખર પર છે. ૪૯૪ યો૦ ચુડી આકારે છે. મેરૂની ૧૨ યો૦ની ચુલિકાને ચોતરફ વિંટાયેલ છે. વેદિકા વનખંડ, ૪ સિદ્ધાયતન, ૧૬ વાવ, મધ્યે ૪ મહેલ સર્વ પૂર્વવત્.

મધ્યની મેરૂ ચૂલિકા મૂળમાં ૧૨ યો૦, મધ્યે ૮ યો૦, ઉપર ૪ યો૦ના વિસ્તારવાળી ૪૦ યો૦ ઊંચી છે. વૈડુર્ય રત્નમય છે. ૧ વેદિકા વનખંડથી વિંટાયેલ છે. મધ્યે ૧ સિદ્ધાયતન છે.

પંડક વનની ૪ દિશામાં ૪ શિલાઓ છે. પંડૂ, પંડૂબલ, રક્ત અને રત્નકંબલ. દરેક શિલા ૫૦૦ યો૦ લાંબી, ૨૫૦ યો૦ પહોળી, ૪ યો૦ જાડી, અર્ધચન્દ્રકારે છે. પૂર્વપશ્ચિમ શિલાઓ પર બબ્બે સિંહાસન છે. ત્યાં મહાવિદેહના તીર્થંકરોનો જન્માભિષેક, ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક દેવો કરે છે. ઉત્તરદક્ષિણે એકેક સિંહાસન છે. ત્યાં ભરત ઐરવતના તીર્થંકરોનો અભિષેક ૪ નિકાયના દેવો કરે છે.

મેરૂ પર્વતના ૩ કરંડ છે. હેઠલો ૧૦૦૦ યો૦ ધરતીમાં, મધ્યનો ૬૩૦૦૦ યો૦ ધરતી પર અને ઉપલો ૩૬૦૦૦ યો૦નો કુલ ૧ લાખ યોજનનો શાશ્વતો મેરૂ છે.

(૫) કૂટ દ્વાર - ૪૬૭ કૂટ પર્વતો પર અને ૫૮ કૂટ ક્ષેત્રોમાં છે.

| | કૂટ સંખ્યા | ઊંચા યોજન | મૂળ વિસ્તાર | ઊંચો વિ૦ |
|---|---|---|---|---|
| ચૂલ હેમવંત પર | ૧૧ | ૫૦૦ | ૫૦૦ | ૨૫૦ |
| મહા હેમવંત પર | - ૮ | ,, | ,, | ,, |
| નિષિધ પર | ૯ | ,, | ,, | ,, |
| નીલવંત - પર | ૯ | ,, | ,, | |
| રૂપી ,, | ૮૦ | ,, | ,, | ,, |
| શિખરી ,, | ૧૧ | ,, | ,, | ,, |
| વૈતાઢય ૩૪x૯= | ૩૦૬ | ૨૫ ગાઉ | ૨૫ ગાઉ | ૧૨ા ગાઉ |
| વસ્ખાર ૧૬x૪= | ૬૪ | ૫૦૦ | ૫૦૦ | ૨૫૦ |
| વિદ્યુતપ્રભા ગજદંતાપર | ૯ | ,, | ,, | ,, |
| માલવંતા ,, | ૯ | ,, | ,, | ,, |
| સુમાનસ , | ૭ | ,, | ,, | ,, |

| | | | | |
|---|---|---|---|---|
| ગંધમાલ , | ૭ | ૫૦૦ | ૫૦૦ | ૨૫૦ |
| મેરૂના નંદન વનમાં | ૯/૪૬૭ | ,, | ,, | ,, |
| ભદ્રશાલના વનમાં | ૮ | ,, | ,, | ,, |
| દેવકુરૂમાં | ૮ | ૮ યો. | ૮ યો. | ૪ યો. |
| ઉત્તરકુરૂમાં | ૮ | ,, ,, | ,, યો. | ,, |
| ચક્રવર્તીના વિજયમાં | ૩૪/૨૫૨ | ,, ,, | ,, ,, | ,, |

ગજદંતાના ૨ અને નંદનવનના ૧ કૂટને ૧૦૦૦ યો૦ ઊંચા, ૧૦૦૦ યો૦ મૂળમાં અને ઊંચે ૫૦૦ યોજનનો વિસ્તાર સમજવો.

૭૬ કૂટો (૧૬ વસ્ખાર, ૮ દેવકુરૂ, ૮ ઉત્તરકુરૂ, ૩૪ વૈતાઢય) પર યક્ષ ગૃહો છે.

શેષ કૂટો પર દેવદેવીના મહેલો છે. ૪ વનમાં ચાર-ચાર (૧૬), મેરૂચૂલાપર ૧, જંબુ વૃક્ષ પર ૧, શામલી વૃક્ષ પર ૧, યક્ષ ગૃહ; કુલ ૯૫ શાશ્વતા સિદ્ધાયતન છે.

(૬) તીર્થદ્વાર - ૩૪ વિજય (૩૨ વિદેહના, ૧ ભરત, ૧ ઐરવત)માં દરેકમાં ત્રણ ત્રણ લૌકિક તીર્થ છે; મગધ, વરદામ અને પ્રભાસ. જ્યારે ચક્રવર્તીઓ ખંડ સાધવા જાય ત્યારે ત્યાં રોકાય છે. અઠ્ઠમ કરે છે. તીર્થંકરોના જન્માભિષેક માટે પણ એ તીર્થોનું જલ અને ઔષધિ દેવો લાવે છે.

(૭) શ્રેણીદ્વાર - વિદ્યાધરોની તથા દેવોની ૧૩૬ શ્રેણી છે. વૈતાઢય પર ૧૦ યો૦ ઊંચે વિદ્યા૦ની ૨ શ્રેણી છે. દક્ષિણ શ્રેણીમાં ૫૦ અને ઉત્તર શ્રેણીમાં ૬૦ નગરો છે. ત્યાંથી ૧૦ યો૦ ઊંચે અભિયોગ દેવોની બે શ્રેણી (ઉત્તર, દક્ષિણની)છે.

એમ ૩૪ વૈતાઢ્ય પર ચાર ચાર શ્રેણી છે. કુલ ૩૪x૪ = ૧૩૬ શ્રેણીઓ છે.

(૮) વિજયદ્વાર - કુલ ૩૪ વિજય છે. જ્યાં ચક્રવર્તી છ ખંડનું એક છત્ર રાજ્ય કરી શકે છે. ૩૨ વિજય તો મહાવિદેહ ક્ષેત્રમાં છે. નીચે મુજબ : -

| પૂર્વવિદેહ | સીતા નદી | પશ્ચિમવિદેહ | સીતોદા નદી |
|---|---|---|---|
| ઉત્તર કિનારે ૮ | દક્ષિણ કિનારે ૮ | ઉત્તર કિનારે ૮ | દક્ષિણ કિનારે ૮ |
| કચ્છ વિજય | વચ્છ વિજય | પદ્મ વિજય | વિપ્રા વિજય |
| સુકચ્છ ,, | સુવચ્છ ,, | સુપદ્મ ,, | સુવિપ્રા ,, |
| મહાકચ્છ ,, | મહાવચ્છ ,, | મહાપદ્મ ,, | મહાવિપ્રા ,, |
| કચ્છવતી ,, | વચ્છવતી ,, | પદ્માવતી ,, | વિપ્રાવતી ,, |
| આવ્રતા ,, | રમા ,, | સંખા ,, | વગ્ગુ ,, |
| મંગળા ,, | રમક ,, | કુમુદા ,, | સુવગ્ગુ ,, |
| પુરકલા ,, | રમણિક ,, | નિલીના ,, | ગન્ધીલા ,, |
| પુષ્કલાવતી ,, | મંગળાવતી ,, | સલીલાવતી ,, | ગંન્ધીલાવતી ,, |

પ્રત્યેક વિજય ૧૬૫૯૨ યો૦ ૨ કળા દક્ષિણોત્તર લાંબી અને ૨૨૨ાા યો૦ પૂર્વ - પશ્ચિમમાં પહોળી છે. એ ૩૨ તથા ૧ ભરતક્ષેત્ર, ૧ ઐરવત ક્ષેત્ર, એમ ૩૪ વિજયમાં ૩૪ ચક્રવર્તી ન થઈ શકે છે. આ ૩૪ વિજયોમાં, ૩૪ દીર્ઘ વૈતાઢ્ય પર્વત, ૩૪ તમસ ગુફા, ૩૪ ખંડ પ્રભા ગુફા, ૩૪ રાજધાની, ૩૪ નગરી, ૩૪ કૃતમાલી દેવ, ૩૪ નટમાલી દેવ, ૩૪ ઋષભકુટ ૩૪ ગંગા નદી, ૩૪ સિંધુ નદી, એ બધા શાશ્વત છે.

(૯) દ્રહદ્વાર - ૬ વર્ષધર પર્વતો પર છ દ્રહ છે. ૫ દેવકુરૂમાં અને ૫ ઉત્તરકુરુમાં છે.

| દ્રહનાનામ (કુંડ) | ક્યા પર્વત ઉપર છે. | લંબાઈ. યો૦ | પહોળાઈ યો૦ | ઉંડાઈ યો૦ | દેવી | કમળ |
|---|---|---|---|---|---|---|
| પદ્મ દ્રહ. | ચુલહેમવંત | ૧૦૦૦ | ૫૦૦ | ૧૦ | શ્રીદેવી | ૧૨૦૫૦૧૨૦ |
| મહાપદ્મ ,, | મહાહેમવંત | ૨૦૦૦ | ૧૦૦૦ | ૧૦ | લક્ષ્મી | ૨૪૧૦૦૨૪૦ |
| તીગચ્છ ,, | નિષિધ | ૪૦૦૦ | ૨૦૦૦ | ૧૦ | ધૃતિ | ૪૮૨૦૦૪૮૦ |
| કેશરી ,, | નીલવંત | ૪૦૦૦ | ૨૦૦૦ | ૧૦ | બુદ્ધિ | ૪૮૨૦૦૪૮૦ |
| મહાપુંડરીક,, | રૂપી | ૨૦૦૦ | ૧૦૦૦ | ૧૦ | હ્રી | ૨૪૧૦૦૨૪૦ |
| પુંડરીક ,, | શિખરી | ૧૦૦૦ | ૫૦૦ | ૧૦ | કીર્તિ | ૧૨૦૫૦૧૨૦ |
| ૧૦ દ્રહ | જમીન પર | ૧૦૦૦ | ૫૦૦ | ૧૦ | ૧૦દેવતા | ૨૪૧૦૦૨૪૦ |
| | | | | | કુલ | ૧૯૨૮૦૧૯૨૦ |

દેવકુરૂના ૫ દ્રહ - નિષેધ, દેવકુરૂ, સૂર્ય, સૂલસ અને વિધુતપ્રભ દ્રહ.

ઉત્તરકુરૂના ૫ દ્રહ - નીલવંત, ઉત્તરકુરૂ, ચંદ્ર, ઐરવત, અને માલવંત દ્રહ

(૧૦) નદી દ્વાર - ૧૪,૭૦,૦૦૦ નદીઓ છે. નીચેના યંત્રથી વિગત જાણવી.

ની.ઉ. = નીકળતાં ઉંડી, પ્ર.ઉ. = સમુદ્રમાં પ્રવેશતાં ઉંડી

ની.વિ. = નીકળતાં વિસ્તાર, પ્ર.વિ. = સમુદ્રમાં પ્રવેશતા વિસ્તાર.

| નદી | પર્વતથી | કુંડથી | ની. ઉ. | ની વિ. | પ્ર. ઉ. | પ્ર વિ. | પરિવાર નદીઓનો |
|---|---|---|---|---|---|---|---|
| ગંગા | ચુલહેમ૦ | પદ્મ | ૦ાાગાઉ | ૬ા યો. | ૧ાયો. | ૬રાાયો. | ૧૪૦૦૦ |
| સિંધુ | ,, | ,, | ,, | ,, | ,, | ,, | ૧૪૦૦૦ |
| રોહિતા | ,, | ,, | ૧ ગાઉ | ૧૨ાાયો | રાાયો. | ૧૨૫યો | ૨૮૦૦૦ |
| રોહિતંસા | મહાહેમ૦ | મહાપદ્મ | ,, | ,, | ,, | ,, | ૨૮૦૦૦ |
| હરિકંતા | ,, | ,, | ૨ગાઉ | ૨૫યો. | ૫ યો. | ૨૫૦યો. | ૫૬૦૦૦ |
| હરિ | નિષિધ | તીગચ્છ | ,, | ,, | ,, | ,, | ૫૬૦૦૦ |
| સલીલા | ,, | ,, | | | | | |
| સીતા | ,, | ,, | ૪ગાઉ | ૫૦યો. | ૧૦યો. | ૫૦૦યો. | ૫૩૨૦૦૦ |
| સીતોદા | નીલવંત | કેશરી | ,, | ,, | ,, | ,, | ૫૩૨૦૦૦ |
| નરકંતા | ,, | ,, | ૨ગાઉ | ૨૫ યો. | ૫ યો. | ૨૫૦યો. | ૫૬૦૦૦ |
| નારીકંતા | રૂપી | મહાપુંડરીક | ,, | ,, | ,, | ,, | ૫૬૦૦૦ |
| રૂપકુલા | ,, | ,, | ૧ગાઉ | ૧૨ાાયો. | રાાયો. | ૧૨૫યો. | ૨૮૦૦૦ |
| સુવર્ણકુલા | શિખરી | પુંડરીક | ,, | ,, | ,, | ,, | ૨૮૦૦૦ |
| રકતા | ,, | ,, | ૦ાાગાઉ | ૬ા યો. | ૧ાયો. | ૬રાાયો. | ૧૪૦૦૦ |
| રકતોદા | ,, | ,, | ,, | ,, | ,, | ,, | ૧૪૦૦૦ |
| વિદેહની | કુંડોથી | ધરતીપર | ,, | ,, | ,, | ,, | ૧૪૦૦૦ |
| જમ્બીએ | | | | | | | ૧૪૭૦૦૦૦ |

દરેક નદી, ઉપર બતાવેલ પર્વત ઉપરના કુંડથી નીકળીને આગળ વહેતા ગંગાપ્રભાસ, સિંધુપ્રભાસ, આદિ કુંડમાં ધોધ રૂપે પડે છે. ત્યાંથી આગળ જતાં અર્ધા પરિવાર જેટલી નદીઓ મળે

છે. તે સાથે વચ્ચે આવતા પહાડને તોડીને આગળ વહે છે. ત્યાં અર્ધા પરિવારની નદીઓ મળે છે. તે સાથે વહીને જંબુદ્વીપની જગતિથી બહાર લવણસમુદ્રને મળે છે.

ગંગાપ્રભાસ આદિ કુંડોમાં ગંગાદ્વિપ આદિ નામના એકેક દ્વિપ છે. તેમાં એજ નામની એકેક દેવી સપરિવાર રહે છે. આ કુંડો દ્વિપો અને દેવીઓ નદીનાં જેવાં નામે છે. એ નામો શાશ્વતાં છે.

યંત્રમાં બતાવ્યા મુજબ ૭૮ મૂળ નદીઓ અને તેના પરિવારની (મળનારી) ૧૪,૭૦,૦૦૦ નદીઓ છે. એ ઉપરાંત મહાવિદેહના ૩૨ વિજયોના ૨૮ અંતર છે. તેમાં ૧૬ વસ્ખાર પર્વત પહેલા લખ્યા છે અને શેષ ૧૨ અંતરમાં, ૧૨ અંતરનદીઓ છે. તેનાં નામઃ - ગૃહવન્તી, દ્રહવંતી, પંકવંતી, તંતજલા, મંતજલા, ઉગમજલા, ક્ષીરોદા, સિંહસોતા, અંતોબહની, ઉપમાલની, ફેનમાલની અને ગંભીરમાલની. આ દરેક નદી ૧૨૫ યો૦ પહોળી, ૨।। યો૦ ઉંડી અને ૧૬૫૯૨ યો૦ ૨ કળાની લાંબી છે. એવં કુલ નદીઓ ૧૪,૭૦,૦૦૦ છે. વધુ વિસ્તાર જંબુદ્વિપ પ્રજ્ઞપ્તિ સૂત્રથી જાણવો.

ઈતિ ખંડા જોયણ સંપૂર્ણ.

* * *

## (૪૭) ધર્મની સન્મુખથવાનાં ૧૫ કારણ.

(૧) નીતિમાન હોય કારણકે નીતિ ધર્મની માતા છે.

(૨) હિંમતવાન ને બહાદુર હોય કારણકે કાયરોથી ધર્મ બની શકે નહિ.

(૩) ધૈર્યવાન હોય કારણકે દરેક કાર્યોમાં આતુરતા (સાહસ) ન કરે.

(૪) બુદ્ધિમાન હોય કારણકે દરેક કાર્ય પોતાની મતિએ વિચારીને કરે.

(૫) અસત્યને ધિક્કારી કાઢનાર હોય અને સત્ય વચન બોલનાર હોય.

(૬) નિષ્કપટી હોય, હૃદય સાફ સ્ફટિક રત્ન માફક હોય.

(૭) વિનયવાન હોય, મધુર ભાષાનો બોલનાર હોય.

(૮) ગુણગ્રાહી હોય અને સ્વ આત્મશલાઘા ન કરે. (પોતે પોતાના ગુણ બીજાને માન પામવા ખાતર ન કહે.)

(૯) પ્રતિજ્ઞાનો પાલક હોય, એટલે જે નિયમો કરેલ હોય તેનો બરાબર પાલક હોય,

(૧૦) દયાવાન હોય એટલે પરોપકારની બુદ્ધિ હોય,

(૧૧) સત્ય ધર્મનો અર્થી હોય ને સત્યનોજ પક્ષ કરનાર હોય.

(૧૨) જિતેન્દ્રિય - હોય ને કષાયની મંદતા હોય.

(૧૩) આત્મકલ્યાણની દ્રઢ ઈચ્છાવાળો હોય.

(૧૪) તત્ત્વવિચારમાં નિપુણ હોય, ને તત્ત્વમાંજ રમણતા કરે.

(૧૫) જેની પાસે ધર્મ પામ્યો હોય, તેનો ઉપકાર કોઈ વખત ભૂલે નહિ અને વખત આવે પાછો ઉપકારી ઉપર સામો પોતે ઉપકાર કરનાર હોય.

ઈતિ ધર્મની સન્મુખ થવાનાં પંદર કારણ સંપૂર્ણ.

## (૪૮) માર્ગાનુસારીના ૩૫ ગુણ.

૧ ન્યાય સંપન્ન દ્રવ્ય મેળવે, ૨ સાત કુવ્યસનનો ત્યાગી, ૩ અભક્ષ્યનો ત્યાગી, ૪ ગુણપરીક્ષાથી લગ્ન-સંબંધ જોડે, ૫ પાપભીરૂ, ૬ દેશહિતકર વર્તનવાળો, ૭ પરનિંદાનો ત્યાગી, ૮ અતિપ્રગટ, અતિગુપ્ત કે ઘણા દ્વારવાળા મકાનમાં ન રહે ૯ સદ્‌ગુણીની સોબત કરે, ૧૦ બુદ્ધિમાન ૮ ગુણનો ધારક, ૧૧ કદાગ્રહી ન હોય, (સરળ હોય), ૧૨ સેવાભાવી (પોષ્ય વર્ગનો પોષક) હોય, ૧૩ વિનયી, ૧૪ ભયસ્થાન ત્યાગે, ૧૫ આયવ્યય (આવક-ખર્ચ)નો હિસાબ રાખે, ૧૬ (ઉચિત સભ્ય) વસ્ત્રાભૂષણ પહેરે ૧૭ સ્વાધ્યાય કરે (રોજ નિયમિત ધાર્મિક વાંચન, શ્રવણ કરે), ૧૮ અજીર્ણમાં ભોજન ન કરે. ૧૯ યોગ્ય વખતે (ભૂખ લાગે ત્યારે મિત[૧], પથ્ય[૨], નિયમિત) ભોજન કરે, ૨૦ સમયનો સદુપયોગ કરે ૨૧ ત્રણ પુરૂષાર્થ (ધર્મ, અર્થ, કામ)માં વિવેકી ૨૨ સમયજ્ઞ (દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનો જાણ) હોય, ૨૩ શાંત પ્રકૃતિવાળો ૨૪ બ્રહ્મચર્ય ધ્યેય સમજનારો, ૨૫ સત્ય-વ્રતધારી, ૨૬ દીર્ઘદર્શી, ૨૭ દયાળુ ૨૮ પરોપકારી, ૨૯ કૃતઘ્ન ન થતાં કૃતજ્ઞ હોય (અપકારી પર પણ ઉપકાર કરે) ૩૦ આત્મપ્રશંસા ન ઈચ્છે, ન કરે, ન કરાવે, ૩૧ વિવેકી (યોગ્યા-યોગ્યનો ભેદ સમજનાર) હોય, ૩૨ લજ્જાવાન હોય, ૩૩ ધૈર્યવાન હોય, ૩૪ ષડ્રિપુ (ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ)નો નાશ કરવાનો કામી હોય. ૩૫ ઈન્દ્રિયોને જીતે (જિતેન્દ્રિય હોય).

એ ૩૫ ગુણધારી હોય તે નૈતિક ધાર્મિક-જૈન જીવનને યોગ્ય થઈ શકે.

ઈતિ-માર્ગાનુસારીના ૩૫ ગુણ સંપૂર્ણ.

---

૧. મર્યાદામાં, ૨. પચે તેટલું.

## (૪૯) શ્રાવકના ૨૧ ગુણ

| | |
|---|---|
| ૧. ઉદાર હૃદયી હોય - અક્ષુદ્ર | ૨. યશવંત હોય - રૂપવંત |
| ૩. સૌમ્ય પ્રકૃતિવાળા હોય | ૪. લોકપ્રિય ,, |
| ૫. અક્રુર (પ્રકૃતિવાળા),, | ૬. પાપભીરૂ ,, |
| ૭. ધર્મ શ્રદ્ધાવાન્ શાઠય રહિત | ૮. દાક્ષિણ્ય (ચતુરાઈ)યુક્ત હોય |
| ૯. લજ્જાવાન્ હોય | ૧૦.દયાવંત હોય. |
| ૧૧ માધ્યસ્થ દૃષ્ટિ ,, | ૧૨.ગંભીર - સહિષ્ણુ - વિવેકી હોય |
| ૧૩ ગુણાનુરાગી ,, | ૧૪.ધર્મોપદેશ કરનાર હોય. |
| ૧૫.ન્યાયપક્ષી હોય | ૧૬.શુદ્ધ વિચારક હોય |
| ૧૭.મર્યાદાયુક્ત વ્યવહાર કરનાર | ૧૮.વિનયશીલ ,, |
| ૧૯.કૃતજ્ઞ (ઉપકારનો જાણ હોય) | ૨૦.પરોપકારી ,, |

૨૧.સત્કાર્ય માં સદા સાવધાન હોય.

ઈતિ શ્રાવકના ૨૧ ગુણ સંપૂર્ણ.

## (૫૦) વહેલા મોક્ષ જવાના ૨૩ બોલ.

૧ મોક્ષની અભિલાષા રાખવાથી, ૨ ઉગ્ર તપશ્ચર્યા કરવાથી, ૩ ગુરૂમુખે સૂત્ર સિદ્ધાંત સાંભળવાથી, ૪ આગમ સાંભળી તેવી પ્રવૃત્તિ કરવાથી, ૫ પાંચેય ઈન્દ્રિય વશ કરવાથી, ૬ છકાય જીવોની રક્ષા કરવાથી, ૭ ભોજન સમયે સાધુ સાધ્વીની ભાવના ભાવવાથી, ૮ સદ્દ્જ્ઞાન ભણવા ભણાવવાથી ૯ નિયાણારહિત એક કોટીથી વ્રતમાં રહેતો થકો નવ કોટીએ વ્રત પચ્ચક્ખાણ કરવાથી, ૧૦ દશ પ્રકારની વૈયાવચ્ચ કરવાથી, ૧૧ કષાયને પાતળા પાડી નિર્મૂળ કરવાથી, ૧૨ છતી શક્તિએ ક્ષમા કરવાથી, ૧૩ લાગેલ પાપોની તરત આલોચના કરવાથી,

૧૪ લીધેલ વ્રતો નિર્મળ રીતે પાળવાથી, ૧૫ અભયદાન - સુપાત્રદાન દેવાથી, ૧૬ શુદ્ધ મનથી શીયળ (બ્રહ્મચર્ય) પાળવાથી, ૧૭ નિર્વદ્ય (પાપરહિત) મધુર વચન બોલવાથી, ૧૮ લીધેલ સંયમભારને અખંડ પાળવાથી, ૧૯ ધર્મ - શુકલ ધ્યાન ધ્યાવવાથી, ૨૦ દર માસે છ છ પૌષધ કરવાથી, ૨૧ ઉભયકાળ આવશ્યક કરવાથી, ૨૨ પાછલી રાત્રે ધર્મ જાગરણ કરી, ત્રણ મનોરથાદિ+ ચિંતવવાથી, ૨૩ મરણાન્તે આલોચનાદિથી શુદ્ધ થઈ સમાધિ પંડિત-મરણ મરવાથી.

આ ૨૩ બોલને સમ્યક્ પ્રકારે જાણીને, સેવન કરવાથી જીવ વહેલો મોક્ષે જાય.

**ઈતિ વહેલા મોક્ષ જવાના ૨૩ બોલ સંપૂર્ણ.**

## (૫૧)તીર્થંકરનામ બાંધવાનાં૨૦ કારણો.

**શ્રી જ્ઞાતાસૂત્રના આઠમા અધ્યયનનો અધિકાર.**

૧ શ્રી અરિહંત ભગવાનના ગુણકીર્તન કરવાથી.

૨ શ્રી સિદ્ધ ,, ,, ,, ,, ,,

૩ આઠ પ્રવચન (૫ સમિતિ, ૩ ગુપ્તિ)નું આરાધન કરવાથી

૪ ગુણવંત ગુરુના ગુણકીર્તન કરવાથી

૫ સ્થવિર (વૃદ્ધ મુનિ)ના ,, ,,

+ ઠા. ૩જા ઠાણે - ત્રણ મનોરથનું ચિંતન મહાનિર્જરાનું કારણ - શ્રાવકનાં ત્રણ મનોરથ (૨) હું ક્યારે અલ્પ આરંભી અને અલ્પ પરિગ્રહી બનીશ. (૨) હું ક્યારે આ દુઃખ અને પાપ રૂપ સંસારનો ત્યાગ કરી સંયમ ગ્રહણ કરીશ. (૩) હું ક્યારે સંથારો લઈ, પંડિત મરણે મરીશ. તે દિવસ ધન્ય બનશે.

૬ બહુશ્રુતના ગુણકીર્તન કરવાથી

૭ તપસ્વીના ,, ,,

૮ ભણેલા જ્ઞાનને વારંવાર ચિંતવવાથી

૯ સમકિત નિર્મળ પાલન કરવાથી

૧૦ વિનય (૭-૧૦-૧૩૪ પ્રકારના)કરવાથી

૧૧ કાળ-અકાળ આવશ્યક કરવાથી

૧૨ લીધેલ વ્રત પચ્ચક્ખાણ નિર્મળ પાળવાથી

૧૩ શુભ (ધર્મ-શુકલ) ધ્યાન ધ્યાવવાથી

૧૪ બાર પ્રકારની નિર્જરા તપ કરવાથી

૧૫ દાન (અભયદાન - સુપાત્રદાન) દેવાથી

૧૬ વૈયાવચ્ચ (૧૦ પ્રકારની સેવા) કરવાથી

૧૭ ચતુર્વિધ સંઘને સમાધિ (સેવા - શોભા) દેવાથી

૧૮ નવું નવું અપૂર્વ તત્ત્વજ્ઞાન ભણવાથી

૧૯ સૂત્ર સિદ્ધાંતની ભક્તિ (સેવા) કરવાથી

૨૦ મિથ્યાત્વનાશ અને સમકિત ઉદ્યોત કરવાથી (પ્રવચનની પ્રભાવના કરવાથી)

જીવ અનંતાનંત કર્મોને ખપાવે છે. એ સત્કાર્યો કરતાં ઉત્કૃષ્ટ રસાયણ (ભાવના) આવે તો તીર્થંકર નામ કર્મ બંધાય.

ઇતિ તીર્થંકર નામ બાંધવાનાં ૨૦ કારણો સંપૂર્ણ

## (૫૨) પરમ કલ્યાણના ૪૦ બોલ.

| ગુણ | | | દષ્ટાંત | સૂત્રની સાક્ષી. |
|---|---|---|---|---|
| ૧ | સમકિત નિર્મળ પાળવાથી | -પરમકલ્યાણ થાય. | શ્રેણિક મહારાજ | ઠાણાંગ સૂત્ર |
| ૨ | નિયાણા રહિત તપશ્ચર્યાથી | ,, | તામલી તાપસ | ભગવતી ,, |
| ૩ | ત્રણ યોગો નિશ્ચળ કરવાથી | ,, | ગુજસુકુમાળમુનિ | અંતગડ ,, |
| ૪ | સમભાવે ક્ષમા ,, | ,, | અર્જુન માળી | ,, ,, |
| ૫ | પાંચ મહાવ્રત નિર્મળ પાળવાથી | ,, | ગૌત્તમસ્વામી | ભગવતી ,, |
| ૬ | પ્રમાદ છોડી અપ્રમાદી થવાથી | ,, | શૈલગ રાજર્ષિ | જ્ઞાતા ,, |
| ૭ | ઈન્દ્રિયદમન કરવાથી | ,, | હરકેશી મુનિ. | ઉત્તરાધ્યયન ,, |
| ૮ | મિત્રોમાં માયા-કપટ ન કરવાથી | ,, | મલ્લિનાથ પ્રભુ. | જ્ઞાતા ,, |
| ૯ | ધર્મચર્યા ,, | ,, | કેશી-ગૌતમ | ઉત્તરાધ્યન૦ ,, |
| ૧૦ | સત્યધર્મ પર શ્રદ્ધા,, | ,, | વરૂણનાગ નટુઆના મિત્ર | ભગવતી ,, |
| ૧૧ | જીવોપર કરૂણા ,, | ,, | મેઘકુમાર હાથીભવે, | જ્ઞાતા ,, |
| ૧૨ | સત્ય વાત નિઃશંકપણે કહેવાથી | ,, | આણંદ શ્રાવક. | ઉપાસકદશાંગ |
| ૧૩ | કષ્ટ પડતાં પણ વ્રતોની દઢતાથી | ,, | અબંડને ૭૦૦ શિષ્ય | ઉવવાઈ ,, |
| ૧૪ | શુદ્ધ મને શીયળ પાળવાથી | ,, | સુદર્શન શેઠ. | સુદર્શનચરિત્ર |
| ૧૫ | પરિગ્રહની મમતા છોડવાથી | ,, | કપીલ બ્રાહ્મણ. | ઉત્તરાધ્યયન સૂત્ર |

| | | | |
|---|---|---|---|
| ૧૬ | ઉદાર ભાવે સુપાત્ર દાન દેવાથી | પરમ કલ્યાણ થાય | સુમુખ ગાથાપતિ. વિપાક ,, |
| ૧૭ | વ્રતથી ડગતાને સ્થિર કરવાથી | ,, | રાજેમતી. ઉત્તરાધ્યયન. |
| ૧૮ | ઉગ્ર તપસ્યા કરવાથી | ,, | ધન્નામુનિ અનુત્તરોવવાઈ ,, |
| ૧૯ | અગ્લાનપણે વૈયાવચ્ચ કરવાથી | ,, | પંથકમુનિ જ્ઞાતા સૂત્ર |
| ૨૦ | સદૈવ અનિત્ય ભાવના ભાવવાથી | ,, | ભરત ચક્રિ૦ જંબુદ્વિપ પ્ર૦ ,, |
| ૨૧ | અશુભ પરિણામો રોકવાથી | ,, ,, | પ્રસન્નચંદ્ર રાજર્ષિ. શ્રેણિકચરિત્ર |
| ૨૨ | સત્યજ્ઞાન પર શ્રદ્ધા રાખવાથી | ,, | અર્હન્નક શ્રાવક જ્ઞાતા સૂત્ર |
| ૨૩ | ચતુર્વિધ સંઘની વૈયાવચ્ચથી | ,, | સનતકુમાર ચક્રિ. પૂર્વે ભવે ભગવતી ,, |
| ૨૪ | ચડતે ભાવે મુનિસેવા કરવાથી | ,, | બાહુબલી પૂર્વ ભવે, ઋષભદેવચરિત્ર |
| ૨૫ | શુદ્ધ અભિગ્રહ ,, | ,, | પાંચ પાંડવ જ્ઞાતા સૂત્ર |
| ૨૬ | ધર્મદલાલી ,, | ,, | શ્રીકૃષ્ણ વાસુદેવ, અંતગડ ,, |
| ૨૭ | સુત્રજ્ઞાનની ભક્તિ ,, | ,, | ઉદાઈ રાજા ભગવતી ,, |
| ૨૮ | જીવદયા પાલન ,, | ,, | ધર્મરૂચી અણગાર, જ્ઞાતા ,, |
| ૨૯ | વ્રતથી પડતાંજ સાવ ચેત થઈ જાય | ,, | અરણિક અણગાર, આવશ્યક ,, |
| ૩૦ | આપત્તિ આવ્યે ધૈર્ય રાખવાથી | ,, | ખંધક (ઋષિ) અણગારના ૫૦૦ શીષ્યો ભગવતી સૂત્ર |
| ૩૧ | જિનરાજની ભક્તિ કરવાથી | ,, | પ્રભાવતી રાણી ઉત્તરાધ્યયન સૂત્ર (ગ્રથ) |
| ૩૨ | પ્રાણની પરવા મૂકી દયા પાળે | ,, | મેઘરથ રાજા શાંતિનાથ ચરિત્ર |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૩ | છતી શક્તિએ ક્ષમા કરવાથી | પરમ કલ્યાણ થાય | પ્રદેશી રાજા | રાયપ્રશ્નીય સૂત્ર |
| ૩૪ | સગા ભાઈનો પણ મોહ છોડવાથી | ,, | રામ-બળદેવ, | ૬૩ શ્લાઘા પુ. ચારિત્ર |
| ૩૫ | દેવાદિના ઉપસર્ગ સહેવાથી. | | કામદેવ, | ઉપાસક૦ સૂત્ર |
| ૩૬ | દેવ-ગુરૂ વંદનમાં નિર્ભિક થવાથી. | ,, | સુદર્શન શેઠ | અંતગડ ,, |
| ૩૭ | ચર્ચાથી વાદીઓને જીતવાથી. | ,, | મંડુક શ્રાવક | ભગવતી ,, |
| ૩૮ | મળેલા નિમિત્ત પર શુભ ભાવનાથી. | ,, | આર્દ્રકુમાર | સૂત્રકૃતાંગ ,, |
| ૩૯ | એકત્વ ભાવના ભાવવાથી | ,, | નમિરાજર્ષિ | ઉત્તરાધ્ય, ,, |
| ૪૦ | વિષયસુખમાં ગૃદ્ધ ન થવાથીં | ,, | જિનરક્ષ-જિનપાલ. | જ્ઞાતા ,, |

**ઈતિ પરમ કલ્યાણના ૪૦ બોલ સંપૂર્ણ**

# (૫૩) તીર્થંકરના ૩૪ અતિશય.

## સમવાયાંગ સૂત્ર-૩૪

૧. તીર્થંકરના કેશ, નખ ન વધે, સુશોભિત રહે. ૨ શરીર નિરોગી રહે. ૩ લોહીમાંસ ગોક્ષીર★ જેવાં હોય. ૪ શ્વાસોશ્વાસ પદ્મકમળ જેવો સુગંધી. ૫ આહારનિહાર અદૃશ્ય. ૬ આકાશમાં ધર્મચક્ર ચાલે. ૭ આકાશમાં ૩ છત્ર ધરાય. ૮. બે ચામર વિંજાય ૯. આકાશે પાદપીઠ સહિત સિંહાસન ચાલે ૧૦. આકાશમાં ઈંદ્રધ્વજ ચાલે ૧૧ તીર્થંકરની અવગાહનાથી બાર ગણું ઊંચું અશોક

★ ગોક્ષીર -મીઠા દૂધ જેવા.

વૃક્ષ રહે. ૧૨ ભામંડળ હોય ૧૩ વિષમ ભૂમિ સમ થાય. ૧૪ કાંટા ઊંધા થઈ જાય. ૧૫ છયે ઋતુ અનુકૂળ થાય. ૧૬ અનુકૂળ વાયુ વાય. ૧૭ પાંચ વર્ણના અચેત ફૂલની દેવતા વૃષ્ટિ કરે. ૧૮ અશુભ પુદ્ગલોનો નાશ થાય. ૧૯ સુગંધી વર્ષાથી ભૂમિ છંટાય. ૨૦ શુભ પુદ્ગલ પ્રગટે. ૨૧ યોજનગામી વાણીની ધ્વનિ હોય. ૨૨ અર્ધમાગધી ભાષામાં દેશના દે. ૨૩ સર્વ સભા પોતાની ભાષામાં સમજે. ૨૪ જન્મ વેર, જાતિ વેર શાંત થાય. ૨૫ અન્યમતી પણ દેશના સાંભળે અને વિનય કરે. ૨૬ પ્રતિવાદી નિરૂત્તર બને. પચ્ચીશ યો૦ સુધી નીચે પ્રમાણે કોઈ જાતના ઉપદ્રવ ન થાય. ૨૭ મહામારી (પ્લેગ) ન થાય. ૨૮ તીડ, મચ્છર વિ.કોઈ ઉપદ્રવ ન થાય. ૨૯ સ્વચક્રનો ભય ન હોય. ૩૦ પરલશ્કરનો ભય ન હોય. ૩૧ અતિવૃષ્ટિ ન થાય. ૩૨ અનાવૃષ્ટિ ન થાય. ૩૩ દુકાળ ન પડે. ૩૪ પહેલાં થયેલ ઉપદ્રવ શાંત થાય.

૨-૩-૪-૫ અતિશય જન્મથી હોય, ૧૨ મું તથા ૨૧ થી ૩૪ સુધીનાં ૧૫ અતિશય કેવળજ્ઞાન થયા પછી પ્રગટે અને બાકીનાં ૧૫ અતિ. દેવકૃત હોય છે.

**ઈતિ તીર્થંકરના ૩૪ અતિશય સંપૂર્ણ.**

## (૫૪) બ્રહ્મચર્યની ૩૨ ઉપમા

**શ્રી પ્રશ્ન વ્યાકરણ સૂત્રના અધ્ય૦ ૯ માને આધારે.**

| | | | |
|---|---|---|---|
| ૧ | સૌ જ્યોતિષી સમૂહમાં ચંદ્રમાં તેમ | સૌ વ્રતોમાં બ્રહ્મવ્રત (શીયળ) | મોટું |
| ૨ | ,, ખાણોમાં સોનાની ખાણ કિંમતી | ,, ,, | કિંમતી |
| ૩ | ,, રત્નોમાં વૈડૂર્ય રત્ન પ્રધાન તેમ | ,, ,, | મોટું ને પ્રધાન |
| ૪ | ,, આભૂષણોમાં મુગટ ,, ,, | ,, ,, | ,, |
| ૫ | ,, વસ્ત્રોમાં *ક્ષેમયુગલ ,, ,, | ,, ,, | ,, |
| ૬ | ,, ચંદનમાં ગોશીર્ષ ચંદન ,, | ,, ,, | ,, |

૭ ,, ફુલોમાં અરવિંદકમળ ,, સો વ્રતોમાં બ્રહ્મ. મોટુંને પ્રધાન
૮ ,, ઔષધીશ્વરમાં ચૂલહેમવંત ,, ,, ,, ,,
૯ ,, નંદીઓમાં સીતા, સીતોદા ,, ,, ,,
૧૦ ,, સમુદ્રોમાં સ્વયંભુરમણ ,, ,, ,,
૧૧ ,, પર્વતોમાં મેરૂ ઊંચો ને પ્રધાન ,, ,, ,,
૧૨ ,, હાથીઓમાં ઐરાવત ,, ,, ,,
૧૩ ,, ચતુષ્પદોમાં કેશરીસિંહ ,, ,, ,,
૧૪ ,, ભવનપતિમાં ધરણેન્દ્ર ,, ,, ,,
૧૫ ,, સુવર્ણ કુમારદેવમાં વેણુદેવેંદ્ર ,, ,, ,,
૧૬ ,, દેવલોકમાં બ્રહ્મલોક મોટું ને પ્રધાન ,, ,,
૧૭ ,, સભાઓમાં સૌધર્મી સભા મોટી ,, ,,
૧૮ ,, સ્થિતિના દેવોમાં સર્વાર્થ સિદ્ધ ,, ,, ,, ,,
૧૯ ,, દાનોમાં અભયદાન મોટું પ્રધાન ,, ,, ,, ,,
૨૦ ,, રંગોમાં કિરમજી રંગ ,, ,, ,, ,, ,, ,,
૨૧ ,, સંસ્થાનોમાં સમચઉરસ્ત્ર ,, ,, ,, ,, ,, ,,
૨૨ ,, સંહનનોમાં વજ્રઋષભના૦ ,, ,, ,, ,, ,,
૨૩ ,, સૌ લેશ્યામાં શુકલ લેશ્યા મોટી ને ,, ,,
૨૪ ,, ધ્યાનોમાં શુકલ ધ્યાન ,, ,, ,, ,, ,,
૨૫ ,, જ્ઞાનમાં કેવળજ્ઞાન ,, ,, ,, ,, ,,
૨૬ ,, ક્ષેત્રોમાં મહાવિદેહક્ષેત્ર ,, ,, ,, ,, ,,
૨૭ ,, સાધુઓમાં તીર્થંકર ,, ,, ,, ,, ,,
૨૮ ,, ગોળ પર્વતોમાં કુંડળ પર્વત ,, ,, ,, ,, ,,
૨૯ ,, વૃક્ષોમાં સુદર્શનવૃક્ષ ,, ,, ,, ,, ,,

* ક્ષેમ યુગલ-ભગવાન મહાવીરને ઈન્દ્રએ આપેલ દેવદુષ્ય વસ્ત્ર.

| | | | |
|---|---|---|---|
| ૩૦ ,, વનોમાં નંદનવન ,, | ,, ,, | ,, | ,, |
| ૩૧ ,, ઋદ્ધિમાં ચક્રવર્તી નીઋદ્ધિ ,, | ,, ,, | ,, | ,, |
| ૩૨ ,, યોદ્ધામાં વાસુદેવ ,, | ,, ,, | ,, ,, | |

**ઈતિ બ્રહ્મચર્યની ૩૨ ઉપમા સંપૂર્ણ.**

## (૫૫) શ્રમણ નિગ્રંથનાં સુખની તુલ્યતા

ભગ.શ.૧૪ ઉ.૯

૧ માસ નિર્મળ.સંયમ પાળવાથી વાણવ્યંતરનાં દેવનું સુખ ઉલ્લંઘી જાય.

૨ માસ નિર્મળ સંયમ પાળવાથી નવનિકાયના દેવનું સુખ ઉલ્લંઘી જાય.

૩ માસ નિર્મળ સંયમ પાળવાથી અસુરકુમારના દેવનું સુખ ઉલ્લંઘી જાય.

૪ માસ નિર્મળ સંયમ પાળવાથી ગ્રહ-નક્ષત્ર તારાના દેવનું સુખ ઉલ્લંઘી જાય.

૫ માસ નિર્મળ સંયમ પાળવાથી ચંદ્ર-સૂર્યના દેવનું સુખ ઉલ્લંઘી જાય.

૬ માસ નિર્મળ સંયમ પાળવાથી ૧-૨ દેવલોકના દેવનું સુખ ઉલ્લંઘી જાય.

૭ માસ નિર્મળ સંયમ પાળવાથી ૩-૪ દેવલોકના દેવનું સુખ ઉલ્લંઘી જાય.

૮ માસ નિર્મળ સંયમ પાળવાથી ૫-૬ દેવલોકના દેવનું સુખ ઉલ્લંઘી જાય.

૯ માસ નિર્મળ સંયમ પાળવાથી ૭-૮ દેવલોકના દેવનું સુખ ઉલ્લંઘી જાય.

૧૦ માસ નિર્મળ સંયમ પાળવાથી ૯ થી ૧૨ દેવલોકના દેવનું સુખ ઉલ્લંઘી જાય.

૧૧ માસ નિર્મળ સંયમ પાળવાથી ૯ ગ્રૈવેયકના દેવનું સુખ ઉલ્લંઘી જાય.

૧૨ માસ નિર્મળ સંયમ પાળવાથી ૫ અનુત્તર વાસી દેવતાનું સુખ ઉલ્લંઘી જાય.

એ પછી શુદ્ધ શુદ્ધતર પરિણામવાળા થઈ સિદ્ધ થાય છે યાવત્ સર્વ દુઃખો અંત કરે છે.

## (૫૬) ષટ્દ્રવ્ય પર ૩૧ દ્વાર

(ભગવતી શ. ૧૩. ઉ. ૪. ફક્ત ૨૮ અને ૩૦મા દ્વાર માટે)

૧ નામદ્વાર, ૨ આદિ, ૩ સંઠાણ, ૪ દ્રવ્ય, ૫ ક્ષેત્ર, ૬ કાળ, ૭ ભાવ, ૮ સામાન્ય-વિશેષ, ૯ નિશ્ચય, ૧૦ નય, ૧૧ નિક્ષેપ, ૧૨ ગુણ, ૧૩ પર્યાય, ૧૪ સાધારણ, ૧૫ સાધર્મી, ૧૬ પારિણામિક, ૧૭ જીવ, ૧૮ મૂર્તિ, ૧૯ પ્રદેશ, ૨૦ એક, ૨૧ ક્ષેત્રક્ષેત્રી, ૨૨ ક્રિયા, ૨૩ નિત્ય, ૨૪ કારણ, ૨૫ કર્તા, ૨૬ ગતિ, ૨૭ પ્રવેશ, ૨૮ પૃચ્છા, ૨૯ સ્પર્શના, ૩૦ પ્રદેશસ્પર્શના અને ૩૧ અલ્પબહુત્વ દ્વાર.

૧ નામદ્વાર - ૧ ધર્મ, ૨ અધર્મ, ૩ આકાશ, ૪ જીવ, ૫ પુદ્ગલાસ્તિકાય, ૬ કાળદ્રવ્ય.

૨ આદિદ્વાર - દ્રવ્યાપેક્ષા બધા દ્રવ્ય અનાદિ છે. ક્ષેત્રાપેક્ષા પુદગલ, જીવ, ધર્મ, અધર્મ, લોક વ્યાપક છે, તે માટે સાદિ છે. માત્ર આકાશ અનાદિ છે કાળાપેક્ષા ષટ્દ્રવ્ય અનાદિ છે. ભાવાપેક્ષા ષટ્ દ્રવ્યમાં ઉત્પાદ વ્યય અપેક્ષાએ સાદિસાન્ત છે.

૩ સંઠાણદ્વાર - ધર્માસ્તિકાયનું સંઠાણ ગાડાના ઓધણજેવું,

oo
oooo
oooooo
oooooooo

આ રીતે વધતા લોકાન્ત સુધી અસંખ્ય પ્રદેશી છે.

એવું જ અધર્માસ્તિકાયનું સંઠાણ,

આકાશાસ્તિકાયનું સંઠાણ લોકમાં ડોકના દાગીના જેવું, અલોકમાં ઓઘણાકાર. જીવ તથા પુદ્ગલનાં સં૦ અનેક પ્રકારનાં અને કાળને આકાર નહિ, પ્રદેશ નથી માટે.

૪ દ્રવ્ય દ્વાર - ગુણપર્યાયના સમૂહયુક્ત હોય તેને દ્રવ્ય કહે છે. દરેક દ્રવ્યના મૂળ છ સ્વભાવ છે. અસ્તિત્વ, વસ્તુત્વ, દ્રવ્યત્વ, પ્રમેયત્વ, સતત્વ, અગુરૂલઘુત્વ. ઉત્તર-સ્વભાવ અનંત છે. યથા નાસ્તિત્વ, નિત્ય, અનિત્ય, એક, અનેક, ભેદ, અભેદ, ભવ્ય, અભવ્ય, વકતવ્ય, પરમ ઈત્યાદિ. ધર્મ, અધર્મ, આકાશ એક એક દ્રવ્ય છે. જીવ, પુદ્ગલ, કાળ અનંત છે. વિશેષ સ્વભાવ પોતપોતાના ગુણ છે જેમાં છ દ્રવ્યો અરસપરસ ભીન્નતા ધરાવે છે.

૫. ક્ષેત્ર દ્વાર - ધર્મ, અધર્મ, જીવ અને પુદ્ગલ લોક-વ્યાપક છે. આકાશ લોકાલોક વ્યાપક છે અને કાળ ૨ા દ્વિપમાં પ્રવર્તનરૂપ છે અને ઉત્પાદ વ્યય રૂપે લોકાલોક વ્યાપક છે.

---

| | |
|---|---|
| અસ્તિત્વ - | જે શક્તિનાં કારણે દ્રવ્યનો કદી નાશ ન થાય તે. |
| વસ્તુત્વ - | જે શક્તિનાં કારણે દ્રવ્યમાં અર્થ ક્રિયા હોય તે. જેમ કે ઘડાની અર્થ ક્રિયા - જળને ધારણ કરવું તે. |
| દ્રવ્યત્વ - | જે શક્તિના કારણથી દ્રવ્ય સદાએ સરખા ન રહે અને જેની પર્યાયો હંમેશાં બદલાતી રહે તે. |
| પ્રમેયત્ત્વ - | જે શક્તિનાં કારણથી દ્રવ્ય કોઈને કોઈ જ્ઞાનનો વિષય હોય તે. |
| સતત્ત્વ - | દ્રવ્યનું સદા રહેવું પડે તે. |
| અગુરૂ લઘુત્ત્વ - | જે શક્તિના કારણથી એક દ્રવ્ય બીજા દ્રવ્ય રૂપે ન પરીણમે તથા એક દ્રવ્યના અનેક અથવા અનંત ગુણ વિખરાઈને જુદા જુદા ન થઈ જાય તે. |
| ક્ષેત્ર - ક્ષેત્રી - | જગ્યા આપે તે ક્ષેત્ર, તેનો ઉપયોગ કરે તે ક્ષેત્રી. |

૬. કાળ દ્વાર - ધર્મ, અધર્મ, આકાશ અને જીવ દ્રવ્યાપેક્ષા અનાદિ અનંત છે. ઉત્પાદવ્યય (ક્રિયાપેક્ષા) અપેક્ષા સાદિસાંત છે. પુદ્ગલ દ્રવ્યાપેક્ષા અનાદિ અનંત, પ્રદેશાપેક્ષા સાદિસાંત. કાળદ્રવ્ય દ્રવ્યાપેક્ષા અનાદિ અનંત, સમયાપેક્ષા સાદિસાંત છે.

૭. ભાવ દ્વાર - પુદ્ગલ રૂપી છે. શેષ ૫ દ્રવ્યો અરૂપી છે.

૮. સામાન્ય - વિશેષ દ્વાર - સામાન્યથી વિશેષ બળવાન છે. જેમ સામાન્યતઃ દ્રવ્ય ૧ છે, વિશેષતઃ છ છે. ધર્માસ્તિકાયનો વિશેષ ગુણ ચલન સહાય છે. અધર્મા૦ નો સ્થિર સહાય. આકાશાસ્તિ૦નો અવગાહનાદાન, કાળનો વર્તના, જીવાસ્તિ૦નો ચૈતન્ય, પુદ્ગલાસ્તિ૦નો પૂરણ, ગલન, વિધ્વંસન ગુણ અને સામાન્ય ગુણો છયે દ્રવ્યોના અનંત અનંત છે.

૯. નિશ્ચય વ્યવહાર દ્વાર - નિશ્ચયથી બધા દ્રવ્ય પોતપોતાના ગુણોમાં પ્રવર્તે છે. વ્યવહારમાં અન્ય દ્રવ્યોને પોતાના ગુણથી સહાયતા આપે છે. જેમ લોકાકાશમાં બધાં દ્રવ્યો રહે છે તો તેને આકાશ અવગાહનમાં સહાયક થાય છે; પણ અલોકમાં અન્ય દ્રવ્યો નથી તો અવગાહનમાં સહાયતા નથી દેતા. છતાં અવગાહન ગુણમાં ષટ્ગુણ હાનિ વૃદ્ધિ સદા થયા કરે છે એવી જ રીતે બધા દ્રવ્યો માટે જાણવું.

૧૦. નય દ્વાર - અંશ જ્ઞાનને નય કહે છે. નય ૭ છે. તેનાં નામ - ૧ નૈગમ, ૨ સંગ્રહ, ૩ વ્યવહાર, ૪ ઋજુસૂત્ર, ૫ શબ્દ, ૬ સમભિરૂઢ અને ૭ એવંભૂત નય. એ સાતે નયવાળાની માન્યતા કેવી છે ? એ જાણવા માટે જીવ દ્રવ્ય ઉપર ૭ નય ઉતારે છે.

| | | | |
|---|---|---|---|
| ૧ | નૈગમ નયવાળો- | જીવ, નામના બધાને ગ્રહણ કરે. | |
| ૨ | સંગ્રહ ,, | જીવ કહેવાથી જીવના અસંખ્ય પ્રદેશો ગ્રહણ કરે. | |
| ૩ | વ્યવહાર ,, | ,, ,, | ત્રસ સ્થાવર જીવોને ગ્રહણ કરે. |

| | | | |
|---|---|---|---|
| ૪ | ઋજુસૂત્ર ,, | ,, ,, | સુખદુ:ખ ભોગવતા જીવ ગ્રહણ કરે. |
| ૫ | શબ્દ ,, | ,, ,, | જીવનાં ભાવપ્રાણોને ગ્રહણ કરે |
| ૬ | સમભિરુઢ ,, | ,, ,, | કેવળજ્ઞાની (ક્ષાયક સમકિતી) ગ્રહણ કરે |
| ૭ | એવંભૂત ,, | ,, ,, | સિદ્ધ અવસ્થાના (ક્ષાયક સમકિતી) ગ્રહણ કરે |

એ રીતે સાતેય નય બધા દ્રવ્યો પર ઉતારી શકાય.

૧૧. નિક્ષેપા દ્વાર - નિક્ષેપા ૪ છે - ૧ નામ, ૨ સ્થાપના, ૩ દ્રવ્ય અને ૪ ભાવર્નિક્ષેપ.

૧ દ્રવ્યના નામ માત્રને નામ નિક્ષેપ કહેવો.

૨ દ્રવ્યની સદશ કે અવદશ સ્થાપના (આકૃતિ)ને સ્થાપના નિક્ષેપ કહેવો.

૩ દ્રવ્યની ભૂત કે ભવિષ્ય પર્યાયને વર્તમાનમાં કહેવી તે દ્રવ્ય નિક્ષેપ.

૪ દ્રવ્યની મૂળ ગુણયુક્ત દશાને ભાવ નિક્ષેપ કહે છે. ષટ્ દ્રવ્ય પર એ ચારેય નિક્ષપ ઉતારીને પણ બોધ કરી શકાય.

૧૨. ગુણ દ્વાર - પ્રત્યેક દ્રવ્યમાં ચાર ચાર ગુણો છે.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧ | ધર્માસ્તિકાયમાં | ૪ ગુણ-અરૂપી, | અચેતન, | અક્રિય | અને ચલનસહાય |
| ૨ | અધર્મા૦ ,, | ૪ ,, ,, | ,, | ,, | ,, સ્થિર ,, |
| ૩ | આકાશાસ્તિ,, | ૪ ,, ,, | ,, | ,, | ,, અવગાહદાન. |
| ૪ | જીવાસ્તિ૦ ,, | ૪ ,, અરૂપી, | ચૈતન્ય, | સક્રિય | અને ઉપયોગ યા જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્ય. |

| | | |
|---|---|---|
| ૫ | કાળદ્રવ્યમાં | ૪ ,, અરૂપી, અચેતન, અક્રિય અને વર્તનાગુણ |
| ૬ | પુદ્ગલાસ્તિ૦ | ,,૪ ,, રૂપી, અચેતન, સક્રિય અને પૂરણગલન |

**૧૩ પર્યાય દ્વાર** - પ્રત્યેક દ્રવ્યની ચાર ચાર પર્યાયો છે,

| | | |
|---|---|---|
| ૧ | ધર્માસ્તિ૦ ની | ૪ પર્યાય-સ્કંધ, દેશ, પ્રદેશ અને અગુરૂલઘુ |
| ૨ | અધર્માસ્તિ૦ | ,, ,, ,, ,, ,, |
| ૩ | આકાશાસ્તિ૦ | ,, ,, ,, ,, ,, |
| ૪ | જીવાસ્તિ૦ | ,, અવ્યાબાધ, અનાવગાહ, અમૂર્ત ,, |
| ૫ | પુદગલાસ્તિ૦ | ,, વર્ણ, ગન્ધ, રસ, સ્પર્શ. |
| ૬ | કાળદ્રવ્ય | ,, ભૂત, ભવિષ્ય, વર્તમાન, અગુરૂલઘુ |

**૧૪ સાધારણ દ્વાર** - સાધારણ ધર્મ જે અન્ય દ્રવ્યમાં પણ લાભે; જેમ ધર્માસ્તિ૦ માં અગુરૂલઘુ. અસાધારણ ધર્મ જે અન્ય દ્રવ્યમાં ન લાભે; જેમ ધર્માસ્તિકાયમાં ચલનસહાય ઇત્યાદિ.

**૧૫ સાધર્મી દ્વાર** - ષટ્ દ્રવ્યોમાં પ્રતિસમય ઉત્પાદ-વ્યયપણું છે, કેમકે અગુરૂલઘુ પર્યાયમાં ષટ્ ગુણ હાનિ વૃદ્ધિ થાય છે તે છયે દ્રવ્યોમાં સમાન છે.

**૧૬ પરિણામી દ્વાર** - નિશ્ચય નયથી છયે દ્રવ્યો પોતપોતાના ગુણોમાં પરિણમે છે. વ્યવહારથી જીવ અને પુદ્ગલ અન્યાન્ય સ્વભાવમાં પરિણમે છે. જેમ જીવ મનુષ્યાદિરૂપે અને પુદ્ગલ બે પ્રદેશી યાવત્ અનંત પ્રદેશ સ્કંધ રૂપે પરિણમે છે.

**૧૭ જીવ દ્વાર** - જીવાસ્તિકાય જીવ છે. શેષ ૫ દ્રવ્ય અજીવ છે.

**૧૮ મૂર્તિ દ્વાર** - પુદ્ગલ રૂપી છે. શેષ અરૂપી છે. કર્મ સંગે જીવ પણ રૂપી છે.

**૧૯ પ્રદેશ દ્વાર** - ૫ દ્રવ્ય સપ્રદેશી છે. કાળ દ્રવ્ય

અપ્રદેશી છે. ધર્મ - અધર્મ અસંખ્ય પ્રદેશી છે. આકાશ (લોકાલોક અપેક્ષા) અનંત પ્રદેશી છે. એકેક જીવ અસંખ્ય પ્રદેશી છે. અનંત જીવોના અનંત પ્રદેશ છે. પુદ્ગલ પરમાણું ૧ પ્રદેશી છે; પરંતુ પુદ્ગલ દ્રવ્ય અનંત પ્રદેશી છે.

૨૦ એક દ્વાર - ધર્મ, અધર્મ, આકાશ એકેક દ્રવ્ય છે, શેષ ૩ અનંત છે.

૨૧ ક્ષેત્રક્ષેત્રી દ્વાર - આકાશ ક્ષેત્ર છે. બાકીના ક્ષેત્રી છે. એટલે કે પ્રત્યેક લોકાકાશ પ્રદેશ પર પાંચેય દ્રવ્ય પોતપોતાની ક્રિયા કરવા છતાં એક બીજામાં મળી જતા નથી.

૨૨ ક્રિયા દ્વાર - નિશ્ચયથી બધા દ્રવ્યો પોતપોતાની ક્રિયા કરે છે. વ્યવહારથી જીવ અને પુદ્ગલ ક્રિયા કરે છે. શેષ અક્રિય છે.

૨૩ નિત્ય દ્વાર - દ્રવ્યાસ્તિક નયથી બધા દ્રવ્ય નિત્ય છે. પર્યાય અપેક્ષાથી બધા અનિત્ય છે. વ્યવહાર નયથી જીવ, પુદ્ગલ અનિત્ય છે. શેષ દ્રવ્ય નિત્ય છે.

૨૪ કારણ દ્વાર - પાંચેય દ્રવ્ય જીવને કારણ છે, પણ જીવ કોઈને કારણ નથી. જેમ જીવ કર્તા અને ધર્મા૦ કારણ મળવાથી જીવને ચલન કાર્યની પ્રાપ્તિ થઈ. એમજ બીજા દ્રવ્યો સમજવા.

૨૫ કર્તા દ્વાર - નિશ્ચયથી બધા દ્રવ્ય પોતપોતાના સ્વભાવકાર્યના કર્તા છે, વ્યવહારથી જીવ અને પુદ્ગલ કર્તા છે. શેષ અકર્તા છે.

૨૬ ગતિ દ્વાર - આકાશની ગતિ (વ્યાપકતા) લોકાલોકમાં છે. શેષ લોકમાં છે.

૨૭ પ્રવેશ દ્વાર - એક એક આકાશ પ્રદેશ પર પાંચેય દ્રવ્યોનો પ્રવેશ છે. તેઓ પોતપોતાની ક્રિયા કર્યે જાય છે. છતાં એક બીજા ભળી જતાં નથી જેમ એક નગરમાં ૫ માણસ

પોતપોતાના કાર્ય કરતા રહે પણ એકરૂપ ન થાય.

૨૮ પૃચ્છા દ્વાર - શ્રી ગૌતમસ્વામી શ્રી વીરપ્રભુને સવિનયે નીચેના પ્રશ્ન કરે છે.

૧ ધર્મા૦ના ૧ પ્રદેશને ધર્મા૦ કહે છે શું ? ઉત્તર :– નહિ (એવંભૂત નયાપેક્ષા) ધર્મા૦ના ૧-૨-૩ જાવ સંખ્યાત, અસંખ્યાત પ્રદેશ, જેમાં ધર્મા૦નો ૧ પણઃપ્રદેશ બાકી હોય ત્યાં સુધી ધર્મા૦ ન કહેવાય સંપૂર્ણ-પ્રદેશયુક્તને જ ધર્મા. કહે છે.

૨ કેવી રીતે ? એવંભૂત નયવાળો થોડા પણ ટુટેલા અપૂર્ણ પદાર્થ ને પદાર્થ ન માને; અખંડિત દ્રવ્યનેજ દ્રવ્ય કહે તેમ બધા દ્રવ્યો માટે સમજવું.

૩ લોકનો મધ્ય પ્રદેશ કયાં છે ?

ઉ૦ રત્નપ્રભા ૧,૮૦,૦૦૦ યોજનની છે. તેની નીચે ૨૦,૦૦૦ યોજન ઘનોદધિ છે. તેની નીચે અસંખ્ય યોજન ઘનવાયુ, અંસ૦ યો૦ તનવાયુ અને અસં૦ યો૦ આકાશ છે. તે આકાશના અસંખ્યાતમાં ભાગમાં લોકનો મધ્ય ભાગ છે.

૪. અધોલોકનો મધ્યપ્રદેશ કયાં છે ? ઉ. પંકપ્રભા નીચેના આકાશ પ્રદેશ સાધિકમાં

૫. ઉર્ધ્વ ,, ,, ,, ? ઉ૦ બ્રહ્મદેવલોકના ત્રીજા રિષ્ટ પરતલમાં

૬. તીર્છા ,, ,, ,, ? ઉ૦ મેરૂપર્વતના ૮ રૂચક પ્રદેશોમાં છે.

એજ રીતે ધર્મા૦, અધર્મા, આકાશા૦, કાળ (દ્રવ્ય) ના પ્રશ્નોત્તર સમજવા, જીવનો મધ્ય પ્રદેશ ૮ રૂચક પ્રદેશોમાં છે. કાળનો મધ્ય પ્ર૦ વર્તમાન સમય છે.

૨૯. સ્પર્શનાદ્વાર - ધર્માસ્તિકાય, તે અધર્મા૦, લોકાકાશ,

જીવ અને પુદ્ગલ દ્રવ્યને સમ્પૂર્ણ સ્પર્શી રહી છે. કાળને કયાંક સ્પર્શે, કયાંક ન સ્પર્શે. એવી જ રીતે શેષ ૪ અસ્તિકાય સ્પર્શે. કાળ દ્રવ્ય ૨ાા દ્વીપમાં બધા દ્રવ્યોને સ્પર્શે અન્ય ક્ષેત્રમાં નહિ.

૩૦ . પ્રદેશ સ્પર્શના દ્વાર -

| | | | |
|---|---|---|---|
| ધર્મા૦નો ૧ પ્રદેશ | ધર્મા૦ના | કેટલા પ્રદેશને સ્પર્શે? | જ. ૩ પ્ર૦ ઉ ૬ પ્ર. ને સ્પર્શે |
| ,, | ,, | અધર્મા૦ ,, ,, ,, ? | જ.૪ ,, ઉ. ૭ ,, ,, |
| ,, | ,, | આકાશ૦ ,, ,, ,, ? | જ. ૭ ,, ઉ. ૭ ,, ,, |
| ,, | ,, | જીવ-પુદ્ગલ ,, ,, ,, ? | અનંત પ્રદેશોને સ્પર્શે. |
| ,, | ,, | કાળદ્રવ્ય ,, ,, ,, ? | સ્યાત્ અનંત સ્પર્શે. સ્યાત્ નહિ. |

એવં અધર્માસ્તિકાયની પ્રદેશ સ્પર્શના જાણવી.

આકાશ. નો ૧ પ્રદેશ ધર્મા.ના જ. ૧-૨-૩ પ્રદેશ,

ઉ. ૭ પ્રદેશને સ્પર્શે. શેષ પ્રદેશ સ્પર્શના ધર્માસ્તિકાયવત્ જાણવી.

| | |
|---|---|
| જીવ૦નો ૧ પ્રદેશ ધર્મા૦ના જ. ૪ ઉ.૭ પ્રદેશને સ્પર્શે. | શેષ પ્ર. સ્પ-શર્ના ધર્મા-સ્તિકાયવત્ |
| પુદ્ગલ૦ ,, ,, જ. ૪ ઉ.૭ ,, ,, | |
| કાળદ્રવ્યનો ૧ સમય ,, પ્રદેશને સ્યાત્ સ્પર્શે, સ્યાત નહિ | |

પુદ્ગલા૦ના ૨ પ્રદેશ ધર્મા૦ના જ. બમણાથી ૨ અધિક (૬) પ્રદેશને સ્પર્શે અને ઉ. પાંચગણાથી ૨ અધિક ૫x૨=૧૦+૨=૧૨ પ્રદેશ સ્પર્શે.

એવીજ રીતે ૩-૪-૫ જાવ અનંત પ્રદેશ જ૦ બમણાથી ૨ અધિક ઉ૦ પાંચગણાથી ૨ અધિક પ્રદેશને સ્પર્શે.

૩૧. અલ્પબહુત્વ દ્વાર - દ્રવ્ય અપેક્ષા - ધર્મ, અધર્મ, આકાશ પરસ્પર તુલ્ય છે, તેથી જીવ દ્રવ્ય અનંતગણા, તેથી

પુદ્ગલ અનંતગણા, તેથી કાલ અનંતો.

પ્રદેશ અપેક્ષા - સર્વથી થોડા ધર્મ, અધર્મના પ્રદેશ, તેથી જીવના પ્રદેશ અનંતગણા તેથી પુદ્ગલના પ્ર૦ અનં૦, તેથી કાળદ્રવ્યના પ્ર૦ અનંત૦ તેથી આકાશ૦ પ્રદેશ અનંતગણા.

દ્રવ્ય અને પ્રદેશનો ભેળો અલ્પબહુત્વ : - સૌથી થોડા ધર્મ, અધર્મ, આકાશના દ્રવ્ય. તેથી ધર્મ, અધર્મના પ્રદેશ અસંખ્ય૦, તેથી જીવ દ્રવ્ય, અનં૦ તેથી જીવના પ્રદેશ અસં૦ તેથી પુદ્ગલ દ્રવ્ય અનં૦, તેથી પુ૦ પ્રદેશ અસં૦ તેથી કાળના દ્રવ્ય પ્રદેશ અનં૦ તેથી આકાશ પ્રદેશ અનંતગણા.

ઈતિ ષટ્દ્રવ્ય પર ૩૧ દ્વાર સંપૂર્ણ

## (૫૭) ચાર ધ્યાન

ઠાણાંગ-૪. ઉ ૧

ધ્યાનના ૪ ભેદઃ - આર્ત, રૌદ્ર, ધર્મ અને શુકલધ્યાન. (૧) આર્તધ્યાનના ૪ પાયા - ૧. મનોજ્ઞ વસ્તુની અભિલાષા કરે, ૨. અમનોજ્ઞ વસ્તુનો વિયોગ ચિંતવે, ૩. રોગાદિ અનિષ્ટનો વિયોગ ચિંતવે અને ૪. પરભવના સુખ માટે નિયાણું કરે.

આર્તધ્યાનનાં ૪ લક્ષણ - ૧ ચિંતા - શોક કરવો, દીનતા બતાવવી ૨ અશ્રુપાત કરવો, ૩ આક્રન્દ(વિલાપ) શબ્દ કરીને રોવું અને ૪ છાતી, માથું આદિ કૂટીને રોવું (વારંવાર કલેશયુક્ત બોલવું)

(૨) રૌદ્રધ્યાનના ૪ પાયા - હિંસામાં, જુઠમાં, ચોરીમાં, કારાગૃહમાં ફસાવવામાં આનંદ માનવો (એ પાપ કરીને કે કરવામાં ખુશી થવું.)

રૌદ્રધ્યાનનાં ૪ લક્ષણ - ૧. થોડા અપરાધ પર ઘણો ગુસ્સો, દ્વેષ કરે, ૨. વધુ અપરાધ પર અત્યંત ગુસ્સો - દ્વેષ કરે, ૩. અજ્ઞાનતાથી દ્વેષ રાખે અને ૪. જાવજીવ સુધી દ્વેષ રાખે.

(૩) **ધર્મધ્યાનના ૪ પાયા** - ૧. વીતરાગની આજ્ઞાનું ચિંત્વન કરે. ૨. કર્મ આવવાનાં સ્થાન (કારણ)ને વિચારે, ૩. શુભાશુભ કર્મ વિપાકને વિચારે અને ૪. લોક સંસ્થાનનો વિચાર કરે.

**ધર્મધ્યાનનાં ૪ લક્ષણ** - ૧. વીતરાગ - આજ્ઞાની રૂચિ, ૨. નિ:સર્ગ (જ્ઞાનાદિ ઉપજવાથી થયેલી) રૂચિ, ૩. ઉપદેશ રૂચિ અને ૪. સૂત્ર (સિદ્ધાંત-આગમ) રૂચિ.

ધર્મધ્યાનનાં ૪ અવલંબન - વાંચના, પૃચ્છના, પરાવર્તના અને ધર્મકથા.

**ધર્મધ્યાનની ૪ અનુપ્રેક્ષા** - ૧. એગચ્ચાણુપેહા-જીવ એકલો આવ્યો, એકલો જશે, એવો જીવના એકલાપણાનો વિચાર, ૨. અણિચ્ચાણુ પેહા = સંસારની અનિત્યતાનો વિચાર, ૩. અસરણાણુપેહા = સંસારમાં કોઈ કોઈનું શરણ નથી ઈ૦ વિચાર, અને ૪. સંસારાણુપેહા = સંસારની સ્થિતિ (દશા)નો વિચાર કરવો.

(૪) **શુકલ ધ્યાનના ૪ પાયા** - ૧. એક એક દ્રવ્યમાં ભિન્ન ભિન્ન અનેક પર્યાય - ઉપનેવા, વિન્હેવા, ધ્રુવેવા - ભાવો નો વિચાર કરવો, ૨. અનેક દ્રવ્યોમાં એક ભાવ (અગુરૂ લઘુ આદિનો) વિચાર કરવો, ૩. અચળાવસ્થામાં ત્રણેય યોગોનું નિરૂદ્ધપણું વિચારે, ૪. ચૌદમાં ગુણસ્થાનની સૂક્ષ્મ ક્રિયાથી પણ નિવર્તવું ચિંતવે.

શુકલધ્યાનનાં ૪ અવલંબન - ૧. દેવાદિના ઉપસર્ગથી ચલિત ન થાય, ૨. સૂક્ષ્મભાવ (ધર્મની ઝીણવટ) સાંભળીને ગ્લાનિ ન લાવે, ૩. શરીર-આત્માને ભિન્ન ચિંતવે, અને ૪. શરીરને અનિત્ય સમજી પુદ્‌ગલને પરવસ્તુ જાણીને તેમનો ત્યાગ કરે.

**શુકલધ્યાનનાં ૪ લક્ષણ** - ૧. ક્ષમા, ૨. નિર્લોભતા, ૩. નિષ્કપટતા, ૪. મદ રહિતતા.

શુકલધ્યાનની ૪ અનુપ્રેક્ષા - ૧. આ જીવે અનંતવાર સંસાર ભ્રમણ કર્યું છે, એમ વિચારે, ૨. સંસારની બધી પૌદ્ગલિક વસ્તુ અનિત્ય છે. શુભ પુદ્ગલ, અશુભ રૂપે અને અશુભ, શુભ રૂપે પરિણમે છે, માટે શુભાશુભ પુદ્ગલોમાં આસક્ત બનીને રાગદ્વેષ ન કરવો. ૩. સંસાર પરિભ્રમણનું મૂળ કારણ શુભાશુભ કર્મ છે. કર્મબંધનના મૂળ કારણ ૪ હેતુ છે, એમ વિચારે અને ૪. કર્મહેતુઓને છોડીને સ્વસત્તામાં રમણતા કરવાનો વિચાર. આવા વિચારોમાં તન્મય (એક રૂપ) થઈ જવાય તે શુકલ ધ્યાન.

ઈતિ ચાર ધ્યાન સંપૂર્ણ.

## (૫૮) આરાધના પદ.

શ્રી ભગવતી સૂત્રશતક ૮ માનો ઉદેશો ૧૦ શો કરી. આરાધના ૩ પ્રકારની-જ્ઞાનની, દર્શન (સમકિત)ની અને ચારિત્રની.

જ્ઞાનારાધના : ઉ. ૧૪ પૂર્વનું જ્ઞાન,. મધ્યમ ૧૧ અંગનું જ્ઞાન, જ. ૮ પ્રવચન માતાનું જ્ઞાન.

દર્શનારાધના : ઉ. ક્ષાયક સમકિત, મધ્યમ ક્ષયોપશમ તથા ઉપશમ સમકિત જ. સાસ્વાદન સમકિત

ચારિત્રારાધના : ઉ. યથાખ્યાત ચારિત્ર, મધ્યમ સુક્ષ્મ - સંપરાય તથા પરિહારવિશુદ્ધ-ચારિત્ર.
જ૦ સામાયિક તથા છેદોપસ્થાપનીય ચારિત્ર.

(ઉપરનું વર્ણન ટીકામાં જોવા મળે છે. મૂળ પાઠમાં નથી. એક માન્યતા એમ પણ છે કે, ઉત્કૃષ્ટ, મધ્યમ અને જઘન્ય આરાધના કરવાની તમન્ના અને પુરુષાર્થ જ અહિં લઈ શકાય-અને તો જ હવે *પછીનું વર્ણન યથાર્થ* ઠરે છે. તત્ત્વ કેવળી ગમ્ય.)

| | | |
|---|---|---|
| ઉ. | જ્ઞાન આ૦માં દર્શન આ૦ | બે (ઉત્કૃષ્ટી અને મધ્યમ) |
| ઉ. | ,, ,, ચારિત્ર ,, | બે ,, ,, |
| ઉ. | દર્શન ,, ,, ,, | ત્રણ (જ૦ મ૦ ઉ૦) |
| ઉ. | ,, ,, જ્ઞાન ,, | ,, ,, |
| ઉ. | ચારિત્ર ,, ,, ,, | ,, ,, |
| ઉ. | ,, ,, દર્શન ,, | (નિયમા ઉત્કૃષ્ટ) |

| | | | |
|---|---|---|---|
| ઉ. | જ્ઞાન આ૦ વાળા | જ૦ એકજ ભવ કરે, | ઉ૦ ૨ ભવ કરે. |
| મ. | ,, ,, | જ૦ ૨ ,, | ઉ૦ ૩ ,, |
| જ. | ,, ,, | જ૦ ૩ ,, | ઉ૦ ૧૫ ,, |

દર્શન અને ચારિત્રની આરાધના પણ ઉપર માફક.

જીવોમાં જ્ઞાન, દર્શન અને ચારિત્રની આરાધના ઉત્કૃષ્ટી,

મધ્યમ અને જઘન્ય રીતે થઈ શકે છે. તેના ભાંગા (પ્રકાર) ૧૭ થઈ શકે છે. (કુલ ૨૭ ભાંગા થાય તેમાં બાકીનાં ૧૦ ભાંગા બનતાં નથી) તે નીચે મુજબ.

(તેનાં ચિન્હ-ઉ. ૩, મ.૨, જ. ૧ સમજવાં. ક્રમ-જ્ઞાન, દર્શન, ચારિત્ર સમજવો.)

| | | | |
|---|---|---|---|
| ૩-૩-૩ | ૨-૩-૨ | ૨-૧-૨ | ૧-૩-૧ |
| ૩-૩-૨ | ૨-૩-૧ | ૨-૧-૧ | ૧-૨-૨ |
| ૩-૨-૨ | ૨-૨-૨ | ૧-૩-૩ | ૧-૨-૧ |
| ૨-૩-૩ | ૨-૨-૧ | ૧-૩-૨ | ૧-૧-૨ |
| | | | ૧-૧-૧ |

ઈતિ આરાધના પદ સંપૂર્ણ.

# (૫૮) સંજ્ઞા - પદ

## શ્રી પન્નવણા સૂત્રના આઠમા પદનો અધિકાર

**સંજ્ઞા-જીવોની ઇચ્છા. સંજ્ઞા ૧૦ પ્રકારની છે.** આહાર, ભય, મૈથુન, પરિગ્રહ ક્રોધ, માન, માયા, લોભ, લોક અને ઓઘ સંજ્ઞા.

**આહાર સંજ્ઞા ૪ કારણથી ઉપજે** - ૧. પેટ ખાલી થવાથી, ૨. ક્ષુધા વેદનીયના ઉદયથી, ૩. આહાર દેખવાથી, ૪. આહારની ચિંતવના કરવાથી. (વેદનીય કર્મના ઉદયથી)

**ભય સંજ્ઞા ૪ કારણથી ઉપજે** - ૧. અધૈર્ય રાખવાથી, ૨. ભયમોહના ઉદયથી, ૩. ભય ઉપજાવનારા પદાર્થ જોવાથી, ૪. ભયની ચિંતવના કરવાથી. (મોહનીય કર્મના ઉદયથી)

**મૈથુન સંજ્ઞા ૪ કારણથી ઉપજે** - ૧. શરીર પુષ્ટ બનાવવાથી, ૨. વેદમોહના કર્મોદયથી, ૩. સ્ત્રી આદિને દેખવાથી, ૪. કામભોગની ચિંતવના કરવાથી. (મોહનીય કર્મના ઉદયથી)

**પરિગ્રહ સંજ્ઞા ૪ કારણથી ઉપજે** - ૧. મમત્વ વધારવાથી, ૨. લોભમોહના ઉદયથી, ૩. ધનમાલ જોવાથી, ૪. ધન પરિગ્રહની ચિંતવના કરવાથી. (મોહનીય કર્મના ઉદયથી)

**ક્રોધ, માન, માયા, લોભ સંજ્ઞા ૪ કારણથી ઉપજે**- ૧. ક્ષેત્ર (ખુલ્લી જમીન) માટે, ૨. વત્થુ (ઢાંકેલા-મકાનાદિ) માટે, ૩. શરીર-ઉપધી માટે, ૪. ધનધાન્યાદિ ઔષધિ માટે. (મોહનીય કર્મના ઉદયથી)

---

વેદનીય અને મોહનીયનાં ઉદયથી તથા જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીયનાં ક્ષયોપશમથી થવાવાળી અનેક પ્રકારની આહારાદિની પ્રાપ્તિની ક્રિયાને સંજ્ઞા કહે છે.

લોક સંજ્ઞા - અન્ય લોકોને દેખીને પોતે એવું કામ કરવું. (જ્ઞાનાવરણીય કર્મના ક્ષયથી)

ઓઘ સંજ્ઞા - શૂન્ય ચિત્તે વિલાપ કરે, ખંજોળે, ઘાસ તોડે, ધરતી ખોતરે ઇ૦ (દર્શનાવરણીય કર્મના ઉદયથી)

નરકાદિ ૨૪ દંડકમાં દશ દશ સંજ્ઞા હોય છે. કોઈમાં સામગ્રી અધિક મળવાથી પ્રવૃત્તિરૂપે છે. કોઈમાં સત્તારૂપે છે. સંજ્ઞાનું અસ્તિત્વ છઠ્ઠા ગુણસ્થાન સુધી છે. હવે તેનો અલ્પબહુત્વ કહે છે.

## આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ સંજ્ઞાનો અલ્પબહુત્વ.

નારકીમાંસૌથી થોડી મૈથુન સજ્ઞા તેથી આહાર સં. પરિગ્રહસં. ભયસ. સંખ્યાત. ગણી.

તિર્યંચમાં સૌથી થોડી પરિગ્રહ સંજ્ઞા, તેથી મૈથુન સં. ભયસં. આહારસં. સખ્યાત. ગણી.

મનુષ્યમાં સૌથી થોડી ભય, સંજ્ઞા, તેથી આહાર સં., પરિગ્રહ સં., મૈથુનસં. સંખ્યાત. ગણી

દેવતામાં સૌથી થોડી આહાર સંજ્ઞા, તેથી ભય સં., મૈથુન સં,, પરિગ્રહસં. સંખ્યાતગણી.

## ક્રોધ માન, માયા અને લોભ સંજ્ઞાનો અલ્પબહુત્વ.

નારકીમાં સૌથી થોડો લોભ, તેથી માયા સં., માન સં, ક્રોધ સંખ્યા. ગણી

તિર્યંચમાં ,, થોડું માન, ,, ક્રોધ વિશેષ, લોભ વિશેષ, માયા વિશેષ અધિક.

મનુષ્યમાં ,, થોડી માયા તેથી લોભ વિશેષ, તેથી ક્રોધ ,, ,, તેથી માન વિશેષ અધિક

દેવતામાં ,, થોડો ક્રોધ, તેથી માન સંખ્યા., માયા સંખ્યા., લોભ સંખ્યા. ગણો.

ઇતિ સંજ્ઞા - પદ સંપૂર્ણ.

## (૬૦) વેદના - પદ.

### શ્રી પન્નવણા સૂત્રના ૩૫ માં પદનો અધિકાર.

જીવ ૭ પ્રકારે વેદના વેદે. ૧. શીત, ૨. દ્રવ્ય, ૩. શરીર, ૪. શાતા, ૫. દુઃખ, ૬. અભૂગમિયા, અને ૭. નિદાદ્વાર. હવે એ ૭ દ્વારનો વિસ્તાર કરે છે.

૧. વેદના ૩ પ્રકારે - શીત, ઉષ્ણ અને શીતોષ્ણ. સમુચ્ચય જીવ ૩ પ્રકારની વેદના વેદે. ૧-૨-૩ નારકીમાં ઉષ્ણ વેદના વેદે. (કારણ, નેરઈયા શીત યોનિના છે). ચોથી નારકીમાં ઉષ્ણ વેદના વેદનારા ઘણા, શીત વેદનાવાળા થોડા. (બે વેદના) પાંચમી નારકીમાં ઉષ્ણ વેદના વેદનારા થોડા, શીત વેદનાવાળા ઘણા. છઠ્ઠી નારકીમાં શીત વેદના અને સાતમી નર્કમાં મહાશીત વેદના છે. શેષ ૨૩ દંડકમાં ત્રણેય પ્રકારની વેદના વેદાય છે.

૨. વેદના ૪ પ્રકારની - દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી. સમુચ્ચય જીવ અને ૨૪ દંડકમાં ચાર પ્રકારની વેદના વેદાય છે. દ્રવ્ય વે૦=ઇષ્ટ અનિષ્ટ પુદ્ગલોની વેદના. ક્ષેત્ર વે. =નારકાદિ શુભાશુભ ક્ષેત્રની. કાળ વે.=શીત, ઉષ્ણ કાળની વેદના. ભાવવે૦=મંદતીવ્ર રસ (અનુભાગ)ની.

૩. વેદના ૩ પ્રકારે - શારીરિક, માનસિક, અને શરીર-મનની સાથે. સમુચ્ચય જીવમાં ૩ પ્રકારની વેદના. સંજ્ઞીના ૧૬ દંડકમાં ૩ પ્રકાર. ૫ સ્થાવર, ૩ વિકલેંદ્રિયમાં ૧ શારીરિક વેદના.

૪. વેદના ૩ પ્રકારે - શાતા, અશાતા અને શાતા-અશાતા સાથે. સમુચ્ચય જીવ અને ૨૪ દંડકમાં ત્રણેય પ્રકારની વેદના છે.

*૫. વેદના ૩ પ્રકારે - સુખ, દુઃખ અને સુખદુઃખ. સમુચ્ચય* જીવ અને ૨૪ દંડકમાં ત્રણેય પ્રકારની વેદના વેદાય.

૬. વેદના ૨ પ્રકારે - ૧ ઉદીરણાજન્ય (લોચ, તપશ્ચર્યાદિથી); ૨ ઉદયજન્ય (કર્મ ઉદય આવવાથી), તિર્યંચ પંચે૦ અને મનુષ્યમાં બન્ને પ્રકારની વેદના, શેષ ૨૨ દંડકમાં ઉદયજન્ય (ઔપક્રમીય) વેદના હોય.

૭. વેદના ૨ પ્રકારે - નિદા અને અનિદા. નારકી, ૧૦ ભવનપતિ, અને વ્યંતર; એ ૧૨ દંડકમાં બે વેદના૦ સંજ્ઞી નિદા વેદે, અસંજ્ઞી અનિદા વેદે. (સંજ્ઞી, અસંજ્ઞી મનુષ્ય, તિર્યંચમાંથી મરીને ગયા તે અપેક્ષા સમજવી.)

પાંચ સ્થાવર, ૩ વિકલેન્દ્રિય અનિદા વેદના વેદે. (અસંજ્ઞી હોવાથી) તિર્યંચ પંચેંદ્રિય અને મનુષ્યમાં બન્ને પ્રકારની વેદના. જ્યોતિષી અને વૈમાનિકમાં બંને પ્રકારની વેદના છે, કારણ કે બે પ્રકારના દેવતા છે.

૧. અમાયી સમ્યક્ દૃષ્ટિ-નિદા વેદના (મનના જાણપણા સહિત વેદે છે.)

૨. માયી મિથ્યા દૃષ્ટિ-અનિદા વેદના (મનના જાણપણા રહિત) વેદે છે.

**ઇતિ વેદના પદ સંપૂર્ણ.**

## (૬૧) સમુદ્‌ઘાત - પદ

**શ્રી પન્નવણા સૂત્રના ૩૬ મા પદનો અધિકાર.**

એકાગ્રતાપૂર્વક, પ્રબળતા સાથે અનંતાનંત કર્મપુદ્‌ગલોથી વ્યાપ્ત પોતાના આત્મપ્રદેશોને શરીરની બહાર કાઢવાની અથવા નીકળવાની પ્રક્રિયાને સમુદ્‌ઘાત કહે છે.

(૧) નામદ્વાર-વેદનીય, કષાય, મારણાંતિક, વૈક્રિય, તૈજસ,

આહારક અને કેવળી સમુદ્‌ઘાત. એ સાત સમુ૦ ને ૨૪ દંડક ઉપર ઉતારે છે.

સમુચ્ચય જીવોમાં ૭ સમુ૦, નારકીમાં ૪ સમુ૦ પ્રથમની, દેવતાના ૧૩ દંડકમાં ૫ સમુ૦ પ્રથમની, વાયુમાં ૪ સમુ૦ પ્રથમની, ૪ સ્થાવર, ૩ વિકલે૦માં ૩ સમુ૦ પ્રથમની, તિર્યંચ પંચે૦ માં ૫ પ્રથમની, મનુષ્યમાં ૭ સમુદ્‌ઘાત લાભે.

(૨) કાળદ્વાર - છ સમુ૦નો કાળ અસંખ્યાત સમયના અંતર્મુહૂર્ત સુધીનો અને કેવળી સમુ૦નો કાળ ૮ સમયનો છે.

(૩) ૨૪ દંડક એકેક જીવની અપેક્ષા - વેદનીય, કષાય, મારણાંતિક, વૈક્રિય અને તૈજસ સમુ૦ ૨૪ દંડકના એક એક જીવે ભૂતકાળમાં અનંતી કરી અને ભવિષ્યમાં કોઈ કરશે, કોઈ નહિ કરે, કરે તો ૧-૨-૩ જાવ સંખ્યાત, અસંખ્યાત, અનંત કરે.

આહારક સમુ૦ ૨૩ દંડકના એકેક જીવે ભૂતકાળમાં સ્યાત્ કરી, સ્યાત્ ન કરી. જો કરી છે તો ૧-૨-૩ વાર, ભવિષ્યમાં જો કરે તો ૧-૨-૩-૪ વાર કરશે. મનુષ્ય દંડકના એકેક જીવે ભૂતકાળમાં તો ૧-૨-૩-૪ વાર કરી શેષ પૂર્વવત.

કેવળી સમુ૦ ૨૩ દંડકના એકેક જીવો એ ભૂતકાળમાં નથી કરી. ભવિષ્યમાં કરે તો ૧ વાર કરશે. મનુષ્યમાં કરી હોય તો ભૂતમાં ૧ વાર, ભવિષ્યમાં પણ ૧ વાર કરશે.

(૪) ઘણા જીવ અપેક્ષા ૨૪ દંડક - પાંચ (પ્રથમની) સમુ૦ ૨૪ દંડકના ઘણા જીવોએ ભૂતકાળમાં અનંતી કરી ભવિષ્યમાં અનંતી કરશે.

આહારક સમુ૦ ૨૨ દંડકના ઘણા જીવો આશ્રી ભૂતકાળમાં અસંખ્યાતી કરી અને ભવિષ્યમાં અસંખ્યાતી કરશે. વનસ્પતિમાં

ભૂત-ભવિષ્યની અનંતી કહેવી. મનુષ્યમાં ભૂતભવિષ્યની સ્યાત્ સંખ્યાતી, સ્યાત્ અસંખ્યાતી કહેવી.

કેવળી સમુ૦ ૨૨ દંડકમાં ભૂતમાં નથી કરી. ભવિષ્યમાં અસંખ્યાત કરશે, વનસ્પતિમાં ભૂતમાં નથી કરી, ભવિષ્યમાં અનંત કરશે. મનુષ્યના ઘણા જીવે ભૂતમાં કરી હોય તો ૧-૨-૩ ઉ૦ પ્રત્યેક સો ભવિષ્યમાં સ્યાત્ સંખ્યાતી સ્યાત્ અસંખ્યાતી કરશે.

**(૫) પરસ્પરની અપેક્ષા ૨૪ દંડક** - એક એક નેરિયાએ ભૂતકાળમાં નેરિયાપણે અનંતી વેદનીય સમુ૦ કરી, ભવિષ્યમાં કોઈ કરશે, કોઈ નહિ કરે, જો કરે તો ૧-૨-૩ સંખ્યાતી, અસંખ્યાતી, અનંતી કરે. એવું એકેક નેરિયા અસુરકુમારપણે, યાવત્ વૈમાનિક દેવપણે કહેવી.

એકેક અસુરકુમારે નેરિયાપણે વેદની સમુ૦ ભૂતમાં અનંતી કરી ભવિષ્યમાં કરે તો જાવ અનંતી કરશે. અસુરકુમારે અસુરકુમારપણે વેદની સમુ૦ ભૂતમાં અનંત કરી. ભવિષ્યમાં કરે તો ૧-૨-૩ જાવ અનંતી કરશે. એમ વૈમાનિક સુધી કહેવી. એમ ૨૪ દંડકમાં સમજવી.

કષાય સમુ૦ એકેક નેરિયે નેરિયાપણે ભૂતમાં અનંતી કરી, ભવિષ્યમાં કરે તો ૧-૨-૩ જાવ અનંતી કરશે. એકેક નારકીએ અસુરકુમારપણે ભૂતમાં અનંતી કરી, ભવિષ્યમાં કરે તો સંખ્યાતી, અસંખ્યાતી, અનંતી કરશે. એમજ વ્યંતર, જ્યોતિષી, વૈમાનિકપણે ભવિષ્યમાં કરે તો અસંખ્યાતી અનંતી કરશે.

ઔદારિકના ૧૦ દંડકમાં ભૂતકાળે અનંતી કરી. ભવિષ્યમાં કરે તો ૧-૨-૩ જાવ અનંતી કરશે. એવં ભવનપતિ પણ કહેવા.

એકેક પૃથ્વીકાયી જીવે નારકીપણે કષાય સમુ૦ ભૂતમાં અનંતી કરી, અને ભવિષ્યમાં કરશે તો સ્યાત્ સંખ્યા૦, અસંખ્યાતી૦ અનંતી કરશે. એવં ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક પણ ભવિષ્યમાં સંખ્યાતી, અસંખ્યાતી, અનંતી કરશે. ઔદારિકના ૧૦ દંડકમાં ભવિષ્યમાં સ્યાત્ ૧-૨-૩ જાવ સંખ્યાતી, અસંખ્યાતી, અનંતી કરશે. એમ ઔદારિકના ૧૦ દંડક, વ્યંતર, જ્યોતિષી, વૈમાનિક અસુરકુમારની માફક જાણવા.

એકેક નારકીએ નારકી પણે મારણાંતિક સમુ૦ ભૂતમાં અનંતી કરી, ભવિષ્યમાં જો કરે તો ૧-૨-૩ સંખ્યાતી જાવ અનંતી કરશે. એવં ૨૪ દંડક કહેવા. પણ સ્વસ્થાન પરસ્થાન સર્વત્ર ૧-૨-૩ કહેવી, કારણ મારણાંતિક સમુ૦ એક ભવમાં એક જ વાર થાય છે.

એકેક નારકીએ નારકીપણે વૈક્રિય સમુ૦ ભૂતમાં અનંતી કરી, ભવિષ્યમાં જો કરે તો ૧-૨-૩ જાવ અનંતી કરશે. એમ ચોવીશે દંડક, ૧૭ દંડકપણે કષાય સમુ૦ જેમ કરે. સાત દંડક (૪ સ્થાવર, ૩ વિકલેન્દ્રિય)માં વૈક્રિય સમુ૦ નથી.

એકેક નારકીએ નારકીપણે તૈજસ સમુ૦ ભૂતમાં નથી કરી. ભવિષ્યમાં નહિ કરે.

એકેક નારકીએ અસુરકુમારપણે ભૂતકાળમાં તૈજસ સમુ૦ અનંતી કરી અને ભવિષ્યમાં કરશે તો ૧-૨-૩ જાવ અનંતી કરશે. એમ તૈજસ સમુ૦ ૧૫ દંડકમાં મારણાંતિક માફક.

આહારક સમુ૦ મનુષ્ય સિવાયના ૨૩ દંડકના જીવોએ પોતાના કે અન્ય ૨૩ દંડકપણે નથી કરી અને કરશે પણ નહિ. એકેક ૨૩ દંડકના જીવે મનુષ્યપણે આહારક સમુ૦ જો કરી હોયતો ૧-૨-૩ અને ભવિષ્યમાં જો કરેતો ૧-૨-૩-૪ વાર કરશે.

કેવળી સમુ૦ મનુષ્ય સિવાયના ૨૩ દંડકના જીવોએ પોતાના કે અન્ય ૨૩ દંડકપણે ભૂત માં નથી કરી અને ભવિષ્યમાં કરશે નહિ. મનુષ્યપણે ભૂતમાં નથી કરી, ભવિષ્યમાં કરે તો ૧ વાર કરશે. એકેક મનુષ્યે ૨૩ દંડકપણે કેવળી સમુ૦ કરી નથી અને કરશે પણ નહિ. એકેક મનુષ્યે મનુષ્યપણે કેવળી સમુ૦ કરી હોય તો ૧ વાર અને કરશે તો પણ ૧ વાર.

**(૬) ઘણા જીવો પરસ્પર** - ઘણા નારકીએ ઘણા નારકીપણે વેદનીય સમુ૦ ભૂતમાં અનંતી કરી, ભવિષ્યમાં અનંતી કરશે એમ ચોવીશે દંડક માટે પણ સમજવું. શેષ ૨૩ દંડકમાં પણ નારકીવત્ વેદનીય માફક જ કષાય, મારણાંતિક, વૈક્રિય અને તૈજસ સમુ૦નું સમજવું. પણ વૈક્રિય સમુ૦ ૧૭ દંડકમાં અને તૈજસ સમુ૦૧૫ દંડકમાં કહેવું.

ઘણા નારકીએ ૨૩ દંડક (મનુષ્ય સિવાયના) પણે આહા૦ સમુ૦ ન કરી; ન કરશે. મનુષ્યપણે ભૂતમાં અસં૦ કરી, ભવિષ્યમાં અસં૦ કરશે, એવં ૨૩ દંડક (વનસ્પતિ સિવાયના) પણે સમજવું. વનસ્પતિમાં અનંતી કહેવી.

એકેક મનુષ્ય ૨૩ દંડકપણે આહા૦ સમુ૦ કરી નથી અને કરશે પણ નહિ. મનુષ્યપણે ભૂતમાં સ્યાત્ સંખ્યાતી, સ્યાત્ અસંખ્યાતી કરી અને ભવિષ્યમાં પણ કરે તો સ્યાત્ સંખ્યા૦ સ્યાત્ અસંખ્યાતી કરશે.

ઘણા નરકાદિ ૨૩ દંડકના જીવોએ ઘણા નરકાદિ ૨૩ દંડકપણે કેવળી સમુ૦ કરી નથી અને કરશે પણ નહિ. મનુષ્યપણે કરી નથી. જો કરે તો સંખ્યા૦, અસંખ્યા૦ કરશે.

ઘણા મનુષ્યે ૨૩ દંડકપણે કેવળી સમુ૦ કરી નથી. કરશે પણ નહિ. મનુષ્યપણે કરી હોય તો સંખ્યાતી કરી. ભવિષ્યમાં કરે તો સ્યાત્ સંખ્યાતી, સ્યાત્ અસંખ્યાતી કરશે.

(૭) અલ્પબહુત્વદ્વાર-

સમુચ્ચય અલ્પબહુ ત્વ

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧. | સૌથી થોડા | આહા. | સમુ. | વાળા | | |
| ૨. | | કેવળી | સમુ. | ,, | સંખ્યા. | ગણા |
| ૩. | તેથી | તૈજસ | ,, | ,, | અસંખ્યા. | ,, |
| ૪. | ,, | વૈક્રિય | ,, | ,, | ,, | ,, |
| ૫. | ,, | મારણાં. | ,, | ,, | અનંત | ,, |
| ૬. | ,, | કષાય | ,, | ,, | અસં. | ,, |
| ૭. | ,, | વેદની | ,, | ,, | વિશેષ. | |
| ૮. | ,, | અસમોઇયા★ | | | સંખ્યા. | ,, |

મનુષ્યનો અલ્પબહુત્વ

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧. | સૌથી થોડા | આહા. | સમુ. | વાળા | | |
| ૨. | તેથી | કેવળી | ,, | ,, | સંખ્યા. | ગણા |
| ૩. | ,, | તૈજસ | ,, | ,, | ,, | ,, |
| ૪. | ,, | વૈક્રિય | ,, | ,, | ,, | ,, |
| ૫. | ,, | મારણાં. | ,, | ,, | અસં. | ,, |
| ૬. | ,, | વેદની | ,, | ,, | ,, | ,, |
| ૭. | ,, | કષાય | ,, | ,, | સંખ્યા. | ,, |
| ૮. | ,, | અસમોઈયા | | | ,, | ,, |

દેવતાનો અલ્પબહુત્વ

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧ | સૌથી થોડા | તૈજસ | સમુ. | વાળા | | |
| ૨ | તેથી | મારણાં. | ,, | ,, | અસં. | ગણા |
| ૩ | ,, | વેદની. | ,, | ,, | ,, | ,, |
| ૪ | ,, | કષાય | ,, | ,, | સંખ્યા. | ,, |
| ૫ | ,, | વૈક્રિય | ,, | ,, | ,, | ,, |
| ૬ | ,, | અસમોઈયા | | | ,, | ,, |

★ અસમોઈયા - સમુદ્દ્ઘાત વગર જે મરે તે.

### નર્કનો અલ્પબહુત્વ

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧. | સૌથી થોડા | મારણાં. | સમુ. | વાળા | | |
| ૨. | તેથી | વૈક્રિય | ,, | ,, | અસં. | ગણા |
| ૩. | ,, | કષાય | ,, | ,, | સંખ્યા. | ,, |
| ૪ | ,, | વેદની | ,, | ,, | ,, | ,, |
| ૫ | ,, | અસમોઈયા | | | ,, | ,, |

### તિર્યંચ પંચેન્દ્રિયનો અલ્પબહુત્વ

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧ | સૌથી થોડા | તૈજસ | સમુ. | વાળા | | |
| ૨ | તેથી | વૈક્રિય | ,, | ,, | અસં. | ગણા |
| ૩ | ,, | મારણાં. | ,, | ,, | ,, | ,, |
| ૪ | ,, | વેદની | ,, | ,, | ,, | ,, |
| ૫ | ,, | કષાય | ,, | ,, | સંખ્યા. | ,, |
| ૬ | ,, | અસમોઈયા | | | ,, | ,, |

### પૃથ્વ્યાદિ ૪ સ્થાવરનો અલ્પબહુત્વ

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧ | સૌથી થોડા | મારણાં. | સમુ. | વાળા | | |
| ૨ | તેથી | કષાય | ,, | ,, | સંખ્યા. | ગણા |
| ૩ | ,, | વેદની | ,, | ,, | વિશેષાહીયા | |
| ૪ | ,, | અસમોઈયા | | | અસં. | ગણા |

### વાયુકાયનો અલ્પબહુત્વ

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧ | સૌથી થોડા | વૈક્રિય. | સમુ. | વાળા | | |
| ૨ | તેથી | મારણાં. | ,, | ,, | અસં. | ગણા |
| ૩ | ,, | કષાય | ,, | ,, | સંખ્યા. | ,, |
| ૪ | ,, | વેદની | ,, | ,, | વિશેષસાહીયા | |
| ૫. | ,, | અસમોઈયા | | | અસં. | ગણા |

### વિકલેંદ્રિયનો અલ્પબહુત્વ

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧ | સૌથી થોડા | મારણાં. | સમુ. | વાળા | | |
| ૨ | તેથી | વેદની | ,, | ,, | અસં. | ગણા |
| ૩ | ,, | કષાય | ,, | ,, | સંખ્યા. | ગણા |
| ૪ | ,, | અસમોઈયા | | | અસં. | ગણા |

ઈતિ સમુદ્‌ઘાત પદ સંપૂર્ણ.

## (૬૨) ઉપયોગ પદ

### શ્રી પન્નવણા સૂત્રના ૨૯ મા પદનો અધિકાર.

ઉપયોગ. બે પ્રકારના છે, ૧ સાકાર ઉપ૦ અને ૨ નિરાકાર ઉપયોગ, સાકાર ઉપ૦ આઠ પ્રકારનો છે. ૫ જ્ઞાન (મતિ, શ્રુત, અવધિ, મનઃ પર્યવ અને કેવળજ્ઞાન) અને ૩ અજ્ઞાન (મતિ, શ્રુત અજ્ઞાન, વિભંગજ્ઞાન). અનાકાર ઉપ૦ ૪ પ્રકારનો છે; ચક્ષુ, અચક્ષુ, અવધિ અને કેવળદર્શન. હવે ૨૪ દંડકમાં કેટકેટલા ઉપયોગ લાભે તેઃ

| દંડક | નામ | ઉપયોગ | સાકાર | અનાકાર |
|---|---|---|---|---|
| | સમુચ્ચય જીવમાં | ૨ | ૮ | ૪ |
| ૧ | નારકી | ૨ | ૬ | ૩ |
| ૧૩ | દેવતા | ૨ | ૬ | ૩ |
| ૫ | સ્થાવર | ૨ | ૨ | ૧ |
| ૧ | બેઈંદ્રિય | ૨ | ૪ | ૧ |
| ૧ | તેઈંદ્રિય | ૨ | ૪ | ૧ |
| ૧ | ચૌરેન્દ્રિય | ૨ | ૪ | ૨ |
| ૧ | તિર્યંચ પંચેન્દ્રિય | ૨ | ૬ | ૩ |
| ૧ | મનુષ્ય | ૨ | ૮ | ૪ |

ઈતિ ઉપયોગ પદ સંપૂર્ણ

## (૬૩) ઉપયોગ - અધિકાર.

**શ્રી ભગવતી સૂત્રના શતક ૧૩ માના ઉદ્દેશા ૧-૨નો અધિકાર.**

ઉપયોગ ૧૨ છે. ૫ જ્ઞાન, ૩ અજ્ઞાન અને ૪ દર્શન. એ ૧૨ ઉપયોગમાંથી જીવ કઈ ગતિમાં કેટલા સાથે લઈ જાય છે, લાવે છે, એ અહિં બતાવાશે.

(૧) ૧-૨-૩ નરકમાં જતી વખતે ૮ ઉપયોગ (૩ જ્ઞાન, ૩ અજ્ઞાન, ૨ દર્શન - અચક્ષુ ને અવધિ-) લઈને આવે અને ૭ ઉપયોગ (ચક્ષુ દર્શન વિભંગ જ્ઞાન વર્જીને) લઈને નીકળે. ૪-૫-૬ નરકમાં ૮ ઉપયોગ (ઉપરવત્) લઈને આવે અને ૫ ઉપયોગ (૨ જ્ઞાન, ૨ અજ્ઞાન, ૧ અચક્ષુદર્શન) લઈને નીકળે. ૭મી નરકમાં ૫ ઉપયોગ (૩ અજ્ઞાન, ૨ દર્શન) લઈને આવે અને ૩ ઉપયોગ (૨ અજ્ઞાન, ૧ અચક્ષુદર્શન) લઈને નીકળે.

(૨) ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી દેવ ૮ ઉપયોગ (૩ જ્ઞાન, ૩ અજ્ઞાન, ૨ દર્શન) લઈને આવે અને ૫ ઉપયોગ ૨. જ્ઞાન, ૨ અજ્ઞાન, ૧ અચક્ષુ દર્શન) લઈને નીકળે ૧૨ દેવલોક,-૯ ગ્રૈવેયકમાં ૮ ઉપયોગ લઈને આવે અને ૭ ઉપયોગ (વિભંગજ્ઞાન વર્જીને) લઈને નીકળે. અનુત્તર વિમાનમાં ૫ ઉપયોગ (૩ જ્ઞાન, ૨ દર્શન) લઈને આવે અને એજ ૫ ઉપયોગ લઈને નીકળે.

(૩) ૫ સ્થાવરમાં ૩ ઉપયોગ (૨ અજ્ઞાન, ૧ દર્શન) લઈને આવે અને ૩ ઉપ૦ લઈને નીકળે. ૩ વિકલેંદ્રિયમાં ૫ ઉપ૦ (૨ જ્ઞાન, ૨ અજ્ઞાન, ૧ દર્શન) લઈને આવે અને ૩ ઉપ૦ (૨ અજ્ઞાન, ૧ દર્શન) લઈને નીકળે. તિર્યંચ પંચેંદ્રિયમાં ૫ ઉપ૦ લઈને આવે અને ૮ ઉપ૦ લઈને નીકળે. મનુષ્યમાં ૭

ઉપ૫૦ (૩ જ્ઞાન, ૨ અજ્ઞાન, ૨ દર્શન) લઈને આવે અને ૮ ઉપ૫૦ લઈને નીકળે. સિદ્ધમાં કેવળજ્ઞાન, કેવળ દર્શન લઈને આવે અને અનંત કાળ સુધી આનંદઘન રૂપે શાશ્વતા બિરાજે.

ઈતિ ઉપયોગ અધિકાર સંપૂર્ણ.

## (૬૪) નિયંઠા.

### શ્રી ભગવતી સૂત્રના શ. ૨૫ ના ઉ. ૬ ઠ્ઠાનો અધિકાર.

નિગ્રંથોના ૩૬ દ્વાર કહે છે- ૧ પન્નવણા (પ્રરૂપણા), ૨ વેદ, ૩ રાગ (સરાગી), ૪ કલ્પ, ૫ ચારિત્ર, ૬ પડિસેવણ (દોષસેવન), (૭) જ્ઞાન, ૮ તીર્થ, ૯ લિંગ, ૧૦ શરીર, ૧૧ ક્ષેત્ર, ૧૨ કાળ, ૧૩ ગતિ, ૧૪ સંયમસ્થાન, ૧૫ (નિકાસે) ચારિત્ર પર્યાય, ૧૬ યોગ, ૧૭ ઉપયોગ, ૧૮ કષાય, ૧૯ લેશ્યા, ૨૦ પરિણામ (૩), ૨૧ બંધ, ૨૨ વેદે, ૨૩ ઉદીરણા ૨૪ ઉપસંપઝાણ (કયાં જાય ?), ૨૫ સન્નાબહુત્તા, ૨૬ આહાર, ૨૭ ભવ, ૨૮ આગરેસ (કેટલી વખત આવે ?), ૨૯ કાળ-સ્થિતિ, ૩૦ આંતરો, ૩૧ સમુદ્ઘાત, ૩૨ ક્ષેત્ર (વિસ્તાર), ૩૩ સ્પર્શના, ૩૪ ભાવ, ૩૫ પરિમાણ (કેટલા લાભે ?), અને ૩૬ અલ્પબહુત્વ દ્વાર.

૧. પન્નવણા દ્વાર - નિગ્રંથ (સાધુ) ૬ પ્રકારના પ્રરૂપ્યા છે. યથા - ૧ પુલાક, ૨ બકુશ, ૩ પડિસેવણા, ૪ કષાયકુશીલ, ૫ નિગ્રન્થ, ૬ સ્નાતક.

(૧) પુલાક=શાળ (ચોખા) ના પૂળા જેવા, જેમાં સાર વસ્તુ ઓછી અને ઘાસ, માટી વધુ હોય. તેના ૨ ભેદ. ૧ લબ્ધિ પુલાક - કોઈ ચક્રવર્તી આદિ, કોઈ જૈન મુનિની કે જૈનશાસન

આદિની આશાતના કરે તો તેની સેના આદિને ચકચૂર કરવા માટે લબ્ધિનો પ્રયોગ કરે તે. ૨ ચારિત્ર પુલાક-તેના ૫ ભેદ. જ્ઞાનપુલાક, દર્શન પુલાક, ચારિત્ર પુલાક, લિંગપુલાક (અકારણ લિંગ-વેશ બદલે) અને અહાસુહુમ પુલાક (મનથી પણ અકલ્પનીક વસ્તુ ભોગવવા ઇચ્છે.)

(૨) બકુશ - ખળામાં પડેલી શાળવત. તેના ૫ ભેદ. ૧. આભોગ (જાણીને દોષ લગાડે), ૨ અણાભોગ (અજાણતાં દોષ લાગે), ૩ સંવુડા (છાના દોષ લગાડે), ૪ અસંવુડા (પ્રગટ દોષ લગાડે), ૫ અહાસુહુમ (યથાસૂક્ષ્મ) (હાથ, મ્હોં ધોવે, આંખ આંજે. ઈ.)

(૩) પડિસેવણા કુશીલ=શાળના ઉપણેલા ખળા જેવા. તેના ૫ ભેદ. ૧ જ્ઞાન, ૨ દર્શન, ૩ ચારિત્ર-માં અતિચાર લગાડે, ૪ લિંગ પલટાવે, ૫ તપ કરીને દેવાદિની પદવી વાંછે.

(૪) કષાયકુશીલ=ફોતરાંવાળી - કચરા વિનાની શાળ જેવા, તેના ૫ ભેદ, જ્ઞાન દર્શન ચારિત્ર-માં કષાય કરે, કષાય કરીને લિંગ બદલે, તપ કરીને કષાય કરે.

(૫) નિગ્રન્થ=ફોતરાં કાઢેલી=ખાંડેલી શાળ જેવા. તેના ૫ ભેદ, ૧ પ્રથમ સમય નિર્ગ્રન્થ (દશમે ગુણ૦થી ૧૧ કે ૧૨ ગુણ૦ પર ચડતા પ્રથમ સમયના), ૨ અપ્રથમ સમય નિર્ગ્રંથ (૧૧-૧૨ ગુણ૦માં એક સમયથી વધુ થયું હોય), ૩ ચરમ સમય (૧ સમયનું છદ્મસ્થપણું જેને બાકી હોય), ૪ અચરમ સમય (એક સમયથી વધુ સમય જેને છદ્મસ્થપણું બાકી હોય) અને ૫ અહાસુહમ્મ નિર્ગ્રન્થ (સામાન્ય પ્રકારે વર્તે.)

(૬) સ્નાતક=શુદ્ધ, અખંડ, સુગંધી, ચોખા જેવા તેના ૫ ભેદ-૧ અચ્છવી (યોગનિરોધ), ૨ અસબલે (સબલા દોષ રહિત) ૩ અકમ્મે (ઘાતી કર્મરહિત), ૪ સંશુદ્ધ (કેવળી) અને ૫ અપરિસ્સવી (અબંધક).

૨. વેદ દ્વાર - ૧ પુલાક પુરુષ વેદી અને પુરૂષ નપુંસક વેદી, ૨ બકુશ પુ૦ સ્ત્રી૦ નપુ૦ વેદી, ૩ પડિસેવણા-ત્રણ વેદી, ૪ કષાય-કુશીલ ત્રણ વેદી અને અવેદી (ઉપશાંત કે ક્ષીણ), ૫ નિગ્રન્થ અવેદી ઉપશાંત અને ક્ષીણ અને ૬ સ્નાતક ક્ષીણ અવેદી હોય.

૩. રાગ દ્વાર - ૪ નિગ્રન્થ સરાગી, નિગ્રન્થ (પાંચમા) વીતરાગી (ઉપશાંત અને ક્ષીણ), અને સ્નાતક ક્ષીણ વીતરાગી હોય.

૪. કલ્પદ્વાર - કલ્પ પાંચ પ્રકારે (સ્થિત, અસ્થિત, સ્થવિર, જિનકલ્પ, અને કલ્પાતીત) પાલન કરાય. એ કલ્પ ૧૦ પ્રકારના છે. ૧ અચેલ, ૨ ઉદ્દેશી, ૩ રાજપીંડ, ૪ સેજ્જાંતર, ૫ માસકલ્પ, ૬ ચૌમાસીકલ્પ, ૭ વ્રત, ૮ પ્રતિક્રમણ, ૯ કીર્તિધર્મ અને ૧૦ પુરૂષાજ્યેષ્ટ.

એ દશ કલ્પ પહેલા અને છેલ્લા તીર્થંકરના શાસનમાં સ્થિત કલ્પ હોય છે. શેષ તીર્થંકરના શાસનમાં અસ્થિત કલ્પ છે. ઉપરના ૧૦ કલ્પમાંથી ૪-૭-૯-૧૦ એ ચાર સ્થિત કલ્પ છે. ૧-૨-૩-૫-૬-૮ અસ્થિત કલ્પ છે.

સ્થવિર કલ્પ=શાસ્ત્રોક્ત વસ્ત્ર-પાત્રાદિ રાખે.

જિનકલ્પ=જ૦ ૨ ઉ૦ ૧૨ ઉપકરણ રાખે.

કલ્પાતીત=અરિહંત, છદ્મસ્થ, તીર્થંકર અને કેવલી તથા વિતરાગી.

---

અચેલ - કપડાં રહિત અથવા અલ્પ, ફાટેલ, જીર્ણ વસ્ત્ર અથવા અલ્પ કિંમતના.
માસકલ્પ - સાધુને ૨૯ દિવસ તથા સાધ્વીજીને ૫૮ દિવસ
કીર્તિધર્મ - દીક્ષાએ નાના, મોટા દીક્ષીતને વંદના કરે તે વહેવાર

પુલાક=સ્થિત, અસ્થિત, અને સ્થવિર કલ્પી હોય.

બકુશ અને પડિસેવણા નિયંઠામાં કલ્પ ૪, સ્થિત,

અસ્થિત, સ્થવિર અને જિનકલ્પી.

કષાયકુશીલમાં ૫ કલ્પ-ઉપરના ૪ અને કલ્પાતીત. (છદ્‌મસ્થ તિર્થંકર અપેક્ષા)

*નિગ્રંથ અને સ્નાતક-સ્થિત, અસ્થિત અને કલ્પાતીતમાં હોય.*

**૫. ચારિત્ર દ્વાર** - ચારિત્ર ૫ છે. ૧ સામાયિક, ૨. છેદોપસ્થાપનીય, ૩ પરિહાર વિશુદ્ધ, ૪ સૂક્ષ્મ સંપરાય અને ૫. યથાખ્યાત. પુલાક, બકુશ, પડિસેવણામાં પહેલાં બે ચારિત્ર. કષાયકુશીલમાં ૪ ચારિત્ર અને નિગ્રન્થ, સ્નાતકમાં યથાખ્યાત ચારિત્ર હોય.

**૬. પડિસેવણા દ્વાર** - મૂળગુણ પડિ૦ (મહાવ્રતમાં દોષ) અને ઉત્તરગુણ પડિ૦ ૧૦ પચ્ચખાણ આદી ઉત્તર ગુણમાં દોષ લગાડે. પુલાક, પડિસેવણામાં મૂળગુણ ઉત્તર ગુણની બંને પડિસેવણા. બકુશ ઉત્તરગુણ પ્રતિસેવી, મૂળગુણ અપ્રતિસેવી. શેષ ત્રણ નિયંઠા અપડિસેવી (વ્રતોમાં દોષ ન લગાડે).

**૭. જ્ઞાન દ્વાર** - પુલાક, બકુશ, પડિસેવણા નિયંઠામાં બે જ્ઞાન, કે ત્રણ જ્ઞાન. કષાયકુશીલ અને નિગ્રન્થમાં ૨-૩-૩-૪ જ્ઞાન, અને સ્નાતકમાં કેવળજ્ઞાન. શ્રુતજ્ઞાન આશ્રી-પુલાકને જ૦ ૯ મા પૂર્વની ત્રીજી આચાર વત્થુ સુધી ઉ. ૯ પૂર્વ પૂર્ણ. બકુશ અને પડિસેવણાને જ૦ ૮ પ્રવચન, ઉ. દશ પૂર્વ. કષાય કુશીલ તથા નિગ્રન્થ જ૦ ૮ પ્રવચન માતા ઉ૦ ૧૪ પૂર્વ. સ્નાતક સૂત્ર વ્યતિંરિક્ત.

**૮. તીર્થદ્વાર**-પુલાક, બકુશ, પડિસેવણા તીર્થમાં હોય, શેષ

ત્રણ તીર્થમાં અને અતીર્થમાં હોય. અતીર્થમાં પ્રત્યેક બુદ્ધ તથા તીર્થંકર આદિ હોય.

૯. લિંગદ્વાર - છ યે નિયંઠા (સાધુ)દ્રવ્યલિંગ અપેક્ષા સ્વલિંગ અને અન્યલિંગ અને ગૃહસ્થલિંગમાં હોય. ભાવાપેક્ષા સ્વલિંગીજ હોય.

૧૦. શરીરદ્વાર - પુલાક, નિગ્રન્થ અને સ્નાતકમાં ૩ (ઔ., તે., કા.), બકુશ; પડિસે૦ મા ૪ (ઔ., વૈ., તે., કા.), કષાયકુશીલમાં પાંચ શરીર.

૧૧. ક્ષેત્રદ્વાર - છ (બધા) નિયંઠા જન્મ અપેક્ષા ૧૫ કર્મભૂમિમાં હોય. સાહરણ અપેક્ષા ૫ નિયંઠા (પુલાક સિવાય) કર્મભૂમિ અને અકર્મભૂમિમાં હોય. (પ્રસંગોપાત) પુલાક લબ્ધિ, આહારક શરીરી, અવેદી, પરિહાર વિશુદ્ધ, ચૌદ પૂર્વધર, સાધ્વી, અપ્રમાદી, ઉપશમ શ્રેણીવાળા, ક્ષપક શ્રેણીવાળા અને કેવળી થયા બાદ સંહરણ ન થઈ શકે.

૧૨. કાળદ્વાર - પુલાક, નિગ્રન્થ અને સ્નાતક અવસ૦ કાળમાં ત્રીજે, ચોથે આરે જન્મે અને ૩-૪-૫ માં આરામાં પ્રવર્તે. ઉત્સ૦ કાળમાં ૨-૩-૪ આરામાં જન્મે અને ૩-૪ આરામાં પ્રવર્તે. મહાવિદેહમાં સદા હોય.

પુલાકનું સંહરણ ન થાય, પણ નિગ્રન્થ, સ્નાતક સાહરણ અપેક્ષા બીજા કાળમાં પણ હોય. બકુશ, પડિસેવણા ને કષાયકુશીલ અવસ૦ કાળના ૩-૪-૫ આરામાં જન્મે અને પ્રવર્તે. ઉત્સ૦ કાળના ૨-૩-૪ આરામાં જન્મે અને ૩-૪ આરામાં પ્રવર્તે. મહાવિદેહમાં સદા હોય.

## ૧૩. ગતિદ્વાર

| | ગતિ | | સ્થિતિ | |
|---|---|---|---|---|
| નામ | જઘન્ય | ઉત્કૃષ્ટ | જઘન્ય | ઉત્કૃષ્ટ |
| પુલાક | સુધર્મ દેવલોક | સહસ્ત્રાર દેવલોક | પ્રત્યેક પલ્ય૦ | ૧૮ સાગર |
| બકુશ | ,, | અચ્યુત ,, | ,, | ૨૨ ,, |
| પડિસેવણા | ,, | ,, ,, | ,, | ૨૨ ,, |
| કષાય કુશીલ | ,, | અનુત્તર વિમાન | ,, | ૩૩ ,, |
| ઉપશાન્ત નિગ્રંથ | અનુત્તર વિ૦ | પાંચ અનુત્તર વિમાન | ૩૩ સાગર | ૩૩ ,, |
| ક્ષીણ મોહી-નિગ્રંથ તથા સ્નાતક | | મોક્ષ | | સાદિ અનંત |

દેવતામાં ૫ પદવીઓ છે. ૧ ઇન્દ્ર, ૨ લોકપાલ, ૩ ત્રાયસ્ત્રિંશક, ૪ સામાનિક ને ૫ અહમેન્દ્ર. પુલાક, બકુશ, પડિસેવણ પ્રથમ ૪ પદવીમાંની ૧ પદવી પામે. કષાયકુશીલ ૫ માંથી ૧ પદવી પામે. નિર્ગ્રન્થ અહમેન્દ્ર થાય. સ્નાતક મોક્ષે જાય. વિરાધક જ૦ વિરા૦ હોય તો ૪ પદવીમાંથી ૧ પદવી પામે. ઉ૦ વિરા૦ ૨૪ દંડકમાં ભ્રમણ કરે.

**૧૪. સંયમદ્વાર** - સંયમ સ્થાન અસંખ્યાતા છે. ચાર નિયંઠામાં અસંખ્યાતા સંયમ સ્થાન અને નિગ્રન્થ, સ્નાતકમાં

સંયમ સ્થાન એકજ હોય. સૌથી થોડા નિગ્રંથ, સ્નાતકના સંયમ સ્થાન. તેથી પુલાકના સં૦ સ્થા૦ અસંખ્યગણા. તેથી બકુશના સં૦ સ્થા૦ અસંખ્યગણા. તેથી પડિસેવણાના સં૦ સ્થા અસંખ્યગણા. તેથી કષાયકુશીલના સં૦ સ્થા અસંખ્ય ગણા. સંયમ સ્થાન=કષાયની મંદતા-તરતમતા, પર્યવ=આત્મ શુદ્ધિ.

**૧૫. નિકાસે (સંયમના પર્યાય) દ્વાર** - બધાના ચારિત્ર પર્યાય અનંતા અનંતા. પુલાકથી પુલાકના ચારિત્ર પર્યાય પરસ્પર છઠાણ વલિયા. યથા-

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | અનંતભાગ હાનિ | ૨ | અસંખ્યભાગ હાનિ, | ૩ | સંખ્યાત ભાગ હાનિ |
| ૪ | સંખ્યાત ગણી ,, | ૫ | ,, ગણી ,, | ૬ | અનંત ગણી ,, |
| ૧ | અનંતભાગ વૃદ્ધિ | ૨ | ,, ભાગ વૃદ્ધિ | ૩ | સંખ્યાત ભાગ વૃદ્ધિ |
| ૪ | સંખ્યાત ગણી ,, | ૫ | ,, ગણી ,, | ૬ | અનંત ગણી ,, |

પુલાક - બકુશ પડિસેવણાથી અનંતગુણહીન. કષાયકુશીલથી છઠાણવલિયા. નિગ્રન્થ સ્નાતકથી અનંતગુણહીન. બકુશ, પુલાકથી અનંતગુણ વૃદ્ધિ. બકુશ બકુશથી છઠાણવલિયા. બકુશ-પડિસેવણા કષાયકુશીલથી છઠાણવલિયા. નિર્ગ્રન્થ સ્નાતકથી અનંતગુણ હીન.

પડિસેવણા બકુશ માફક સમજવા. કષાયકુશીલ, ચાર નિયંઠા (પુલાક, બકુશ, પડિસે૦, કષાયકુશીલ) થી છઠાણવલિયા અને નિગ્રન્થ સ્નાતકથી અનંત ગુણહીન.

નિગ્રન્થ પ્રથમ ૪ નિયંઠાથી અનંતગુણ અધિક. નિગ્રન્થ સ્નાતકથી સમ તુલ્ય. સ્નાતકને નિગ્રન્થ માફક (ઉપરવત્) જાણવા.

અલ્પબહુત્વ : પુલાક અને કષાયકુશીલના જ૦ ચારિત્ર પર્યાય પરસ્પર તુલ્ય તેથી પુલાકના ઉત્કૃષ્ટ ચારિત્ર પર્યાય અનંતગણા. તેથી બકુશ અને પડિસેવણાના જ. ચા. પ. પરસ્પર તુલ્ય અનંતગુણા. તેથી બકુશના ઉ. ચા. પર્યાય અનંતગણા. તેથી પડિસેવણાના ઉત. ચા. પ. અનંતગણા. તેથી કષાયકુશીલના ઉ. ચા. પ. અનંતગુણા. તેથી નિગ્રન્થ અને

સ્નાતકના જ. ઉ. ચા. પર્યાય પરસ્પર તુલ્ય અને અનંતગુણા.

૧૬. યોગદ્વાર - ૫ નિયંઠા સયોગી અને સ્નાતક સયોગી તથા અયોગી.

૧૭. ઉપયોગ દ્વાર - છયે નિયંઠામાં સાકાર - નિરાકાર બન્ને ઉપયોગ.

૧૮. કષાયદ્વાર - પહેલા ૩ નિયંઠા સકષાયી (સંજ્વલનનો ચોક). કષાયકુશીલમાં સંજ્વલન ૪-૩-૨-૧. નિગ્રન્થ અકષાયી (ઉપશમ કે ક્ષીણ). અને સ્નાતક અકષાયી (ક્ષીણ)

૧૯. લેશ્યાદ્વાર - પુલાક, બકુશ, પડિસેવણામાં ૩ શુભ લેશ્યા. કષાયકુશીલમાં છ લેશ્યા. નિગ્રંથમાં શુકલ. સ્નાતકમાં શુકલ લેશ્યા અથવા અલેશી.

૨૦. પરિણામ દ્વાર★ - પહેલા ૪ નિયંઠામાં ત્રણ પરિણામ. (૧ હીયમાન, ૨ વર્ધમાન, ૩ અવસ્થિત - ૧ ઘટતા, ૨ વધતા, ૩ સમાન) તેમાં હીય૦ વર્ધ૦ ની સ્થિતિ જ૦ ૧ સમય, ઉ૦ અં૦ મું. *અવસ્થિતની જ. ૧ સમય ઉ૦ ૭ સમયની. નિગ્રન્થમાં વર્ધમાન અને અવસ્થિત ૨ પરિણામ. વર્ધમાનની સ્થિતિ જ૦ અને* ઉ૦ અંતરમુહુર્ત, અવસ્થિતની સ્થિતિ જ. ૧ સમય, ઉ. અંત. સ્નાતકમાં ૨ (વર્ધ ૦ અવ૦) વર્ધ૦ ની સ્થિતિ જ૦ અને ઉ૦ અંત. અવ૦ ની સ્થિતિ જ૦ અંત. ઉ૦ દેશેઉણી પૂર્વ ક્રોડની.

૨૧. બંધ દ્વાર - પુલાક ૭ કર્મ (આયુષ્ય સિવાય) બાંધે. બકુશ અને પડિસેવણા ૭-૮ કર્મ બાંધે, કષાયકુશીલ ૬-૭ કે ૮ કર્મ (આયુ - મોહ સિવાય) બાંધે, નિગ્રંથ ૧ શાતાવેદનીય બાંધે અને સ્નાતક શાતાવેદનીય બાંધે અથવા અબંધ.

★ પરિણામ દ્વાર - અવસ્થિતની જઘ. ૧ સમય ઉ.૭ સમયની તે ફકત સરાગી જીવો માટે પરંતુ વિતરાગીને તો અવસ્થિત પરિણામ જ હોય-૭ સમયનું ઉત્કૃષ્ટનું બંધન ન હોય.

૨૨. વેદે દ્વાર - ૪ નિયંઠા ૮ કર્મ વેદે. નિગ્રંથ ૭ કર્મ (મોહ સિવાય) વેદે. સ્નાતક ૪ કર્મ (અઘાતી) વેદે.

૨૩. ઉદીરણા દ્વાર - પુલાક ૬ કર્મ (આયુ, વેદનીય વર્જીને) ની ઉદી૦ કરે. બકુશ પડિસેવણા ૬-૭ કે ૮ કર્મ ઉદેરે. કષાયકુશીલ ૫-૬-૭-૮ કર્મ ઉદેરે. (૫ હોય તો આયુ-મોહ વેદનીય વર્જીને), નિગ્રંથ ૫ કે ૨ કર્મ ઉદેરે (નામ-ગોત્ર) અને સ્નાતક નામ, ગોત્ર ઉદેરે અથવા અનુદિરક.

૨૪. ઉપસંપઝાણં દ્વાર (સ્વીકાર અને ત્યાગ) - પુલાક, પુલાકને છોડીને કષાય કુશીલમાં કે અસંયમમાં જાય. બકુશ બકુશપણાને છોડીને પડિસેવણામાં, કષાય કુશીલમાં, અસંયમમાં કે સંયમા સંયમમાં જાય. એજ ૪ ઠેકાણે પડિસેવણા નિયંઠા જાય. કષાયકુશીલ છ ઠેકાણે (પુ, બ, પડિ, અસંય, સંયમાસં. કે નિગ્રંથમાં) જાય. નિગ્રંથ, નિગ્રંથપણાને છોડીને કષાયકુશીલ, સ્નાતક કે અસંયમમાં જાય અને સ્નાતક મોક્ષમાં જાય.

૨૫. સંજ્ઞા દ્વાર - પુલાક, નિગ્રન્થ અને સ્નાતક, નોસંજ્ઞા બહુત્તા. બકુશ, પડિસેવણા અને કષાયકુશીલ સંજ્ઞાબહુત્તા અને નો સંજ્ઞા બહુત્તા★.

૨૬. આહારક દ્વાર - ૫ નિયંઠા આહારક અને સ્નાતક આહા૦ કે અનાહારક.

૨૭. ભવદ્વાર[1]-પુલાક અને નિગ્રંથ ભવ કરે જ. ૧ ઉ ૩. બકુશ, પડિ૦, કષાયકુ૦ જ. ૧ ઉ. ૮ ભવ કરે અને સ્નાતક તેજ ભવે મોક્ષે જાય.

૨૮. આગરેશ દ્વાર - પુલાક પણું એક ભવમાં જ. [redacted]

★ નો સંજ્ઞા બહુત્તા - આહારનો ઉપભોગ કરે પણ આશક્તિ રહિત માટે.

૧ ભવદ્વારમાં ભવની સંખ્યા તેવા સાધુપણાનાં જ જે ભવ કરે તેજ ગણતરીમાં લીધેલ છે. બાકીનાં ગણ્યાં નથી.

ઉ. ૩ વાર આવે, ઘણા ભવ આશ્રી જ. ૨ વાર ઉ. ૭ વાર આવે. બકુશ, પડિ૦ અને કષાયકુ૦ એક ભવમાં જ.૧ વાર ઉ૦ પ્રત્યેક સો વાર આવે. ઘણા ભવ આશ્રી જ. ૨ વાર ઉ. પ્રત્યેક હજાર વાર (૭૨૦૦ વખત). નિગ્રન્થપણુ એકભવ આશ્રી જ. ૧ વાર ઉ. ૨ વાર. ઘણા ભવ આશ્રી જ. ૨ ઉ. ૫ વાર આવે. સ્નાતકપણું જ. ઉ. એકવાર આવે.

૨૯. કાળદ્વાર- (સ્થિતિ) પુલાક ૧ જીવ અપેક્ષા જ. ઉ. અંત. ઘણા જીવાપેક્ષા જ. ૧ સમય ઉ. અંતર્મુહૂર્તની. બકુશ ૧ જીવાપેક્ષા જ. ૧ સમય ઉ. દેશઉણા પૂર્વક્રોડ, ઘણા જીવાપેક્ષા શાશ્વતા. પડિસે૦, કષાયકુ૦ બકુશવત્. નિગ્રન્થ એક તથા ઘણા જીવાપેક્ષા જ. ૧ સમય ઉ અંતર્મુહૂર્ત, સ્નાતક એક જીવાશ્રયી જ. અં. મુ, ઉ૦ દેશઉણા પૂર્વ ક્રોડ, ઘણા જીવાપેક્ષા શાશ્વતા છે.

૩૦. અંતરદ્વાર - પહેલા ૫ નિયંઠાને અંતર પડે તો ૧ જીવ અપેક્ષા જ. અંત. ઉ. દેશઉણા અર્ધ પુદ્ગલ પરાવર્તન કાળ સુધી. સ્નાતકને એક જીવાપેક્ષા અંતર ન પડે. ઘણા જીવા- પેક્ષા અંતર પડે તો પુલાકને જ. ૧ સમય, ઉ. સંખ્યાતા વર્ષ, નિગ્રન્થને જ. ૧ સમય, ઉ. ૬ માસ. શેષ ૪ નું અંતર ન પડે.

૩૧. સમુદ્ઘાત દ્વાર - પુલાકમાં ૩ સમુ૦ (વેદનીય, કષાય; મારણાંતિક). બકુશમાં તથા પડિસે૦માં ૫ સમુ૦ (વે, ક, મા, વૈક્રિય, તૈજસ). કષાયકુશીલમાં ૬ સમુ૦ (કેવળી સમુ, નહિ.) નિગ્રન્થમાં નહિ. સ્નાતકમાં હોય તો કેવળી સમુદ્ઘાત.

૩૨. ક્ષેત્ર દ્વાર - પાંચ નિયંઠા લોકના અસંખ્યાતમાં ભાગમાં હોય, અને સ્નાતક લોકના અસંખ્યાતમે ભાગ હોય અથવા આખા લોકમાં (કેવળી, સમુ૦ અપેક્ષા) હોય.

૩૩. સ્પર્શના દ્વાર - ક્ષેત્ર દ્વારવત્ કાંઈક ઝાઝેરી.

૩૪. ભાવદ્વાર - પહેલા ૪ નિયંઠા ક્ષયોપશમં ભાવમાં હોય. નિગ્રન્થ ઉપશમ કે ક્ષાયક ભાવમાં હોય અને સ્નાતક ક્ષાયક ભાવમાં હોય.

૩૫. પરિમાણ દ્વાર - (સંખ્યા પ્રમાણ) સ્યાત્ હોય સ્યાત્ ન હોય. હોય તો કેટલા ?

| નામ | વર્તમાન પર્યાય અપેક્ષા | | પૂર્વ પર્યાય અપેક્ષા | |
|---|---|---|---|---|
| | જઘન્ય | ઉત્કૃષ્ટ | જઘન્ય | ઉત્કૃષ્ટ |
| પુલાક હોય તો | ૧-૨-૩ | પ્રત્યેક સો (૨૦૦ થી ૯૦૦) | ૧-૨-૩ | પ્રત્યેક હજાર (૨ થી ૯ હજાર) (૨૦૦થી ૩૦૦ક્રોડ) |
| બકુશ | ૧-૨-૩ | ,, ,, | | પ્રત્યેક સો ક્રોડ (નિયમા) (૪૦૦થી ૬૦૦ક્રોડ) |
| પડિસેવણા | ,, | ,, | | ,, ,, |
| કષાયકુશીલ | ,, | પ્રત્યેક હજાર | | પ્રત્યેક હજાર ક્રોડ (નિયમા) |
| નિગ્રંથ હોયતો | ૧-૨-૩ | ૧૬૨ | ૧-૨-૩ | પ્રત્યેક સો |
| સ્નાતક | ,, | ૧૦૮ | | પ્રત્યેક ક્રોડ નિયમા |

૩૬. અલ્પબહુ ત્વદ્વાર - સૌથી થોડા નિગ્રંથ નિયંઠા, તેથી પુલાકવાળા સંખ્યાત ગણા, તેથી સ્નાતક સંખ્યાત ગણા, તેથી બકુશ, સં૦ તેથી પડિસેવણા સં૦, અને તેથી કષાયકુશીલના જીવ સંખ્યાતગુણા.

ઈતિ નિયંઠા સંપૂર્ણ.

## (૬૫) સંજયા (સંયતિ).

**શ્રી ભગવતીજી સૂત્રના શતક ૨૫ માના ઉદ્દેશા ૭ માનો અધિકાર.**

સંયતિ ૫ પ્રકારના - (તેના ૩૬ દ્વાર નિયંઠા માફક જાણવા) ૧ સામાયિક ચારિત્રી, ૨ છેદોપસ્થાપનીય ચારિત્રી, ૩ પરિહાર-વિશુદ્ધ ચારિત્રી, ૪ સૂક્ષ્મ સંપરાય ચારિત્રી અને ૫ યથાખ્યાત ચારિત્રી.

૧. સામાયિક ચારિત્રીના ૨ ભેદ - (૧) સ્વલ્પ કાળના પ્રથમ અને ચરમ તીર્થંકરના સાધુઓ હોય છે. જ. ૭ દિન, મધ્યમ ૪ માસ, ઉ૦ ૬ માસની કાચી દીક્ષાવાળા. (૨) જાવજીવના - ૨૨ તીર્થંકરના, મહાવિદેહ ક્ષેત્રમા અને પાકી દીક્ષા લીધેલા સાધુઓ. (સામાયિક ચારિત્ર લીધેલા.)

૨ છેદોપસ્થાપનીય (બીજી વાર નવી દીક્ષા લીધેલા) સંયતિના ૨ ભેદ - (૧) સાતિચાર - પૂર્વ સંયમમાં દોષ લાગવાથી નવી દીક્ષા લે તે (૨) નિરતિચાર - શાસન કે સંપ્રદાય બદલીને ફરી દીક્ષા લે જેમ પાર્શ્વજિનના સાધુ મહાવીર પ્રભુના શાસનમાં દીક્ષા લે તે.

૩ પરિહારવિશુદ્ધ ચારિત્ર-૯-૯ વર્ષના ૯ જણ દીક્ષા લે. ૨૦ વર્ષ ગુરૂકૂલ વાસ કરીને જઘ. નવ પૂર્વની ત્રીજી આચાર વત્થુ ઉ.૧૦ પૂર્વ ભણે પછી ગુરૂ આજ્ઞાએ વિશેષ ગુણપ્રાપ્તિ માટે નવેય સાધુઓ પરિહારવિશુદ્ધ ચારિત્ર લે. તેમાંના ૪ મુનિ છ માસ સુધી તપ કરે, ૪ મુનિ વૈયાવચ્ચ કરે અને ૧ મુનિ વ્યાખ્યાન વાંચે. બીજા છ માસમાં ૪ વૈયાવચ્ચી મુનિ તપ કરે, ૪ તપ કરનારા વૈયાવચ્ચ કરે, ૧ મુનિ વ્યાખ્યાન વાંચે. અને ત્રીજા છ માસમાં ૧ વ્યાખ્યાન વાંચનાર તપ કરે. ૧ વ્યાખ્યાન વાંચે

અને ૭ મુનિ વૈયાવચ્ચ કરે. તપશ્ચર્યા, ઉનાળે ૧-૨-૩ ઉપવાસ, શિયાળે ૨-૩-૪ ઉપવાસ, ચોમાસે ૩-૪-૫ ઉપવાસ આ ચારિત્ર છેદોસ્થાપનિય વાળાનેજ હોય છે તેના બે ભેદ નિવિર્શમાનક (તપ કરનાર) અને નિર્વિશકાયિક (વૈયાવચ્ચ કરનાર). એમ ૧૮ માસ તપ કરીને જિનકલ્પી થાય અથવા ફરી ગુરૂકુલવાસ સ્વીકારે. અથવા પરિહાર વિશુદ્ધ કલ્પ ફરી ચાલુકરે.

૪ સૂક્ષ્મ સંપરાય ચારિત્રના ૨ ભેદ - (૧) સંકલેશ પરિણામ - ઉપશમશ્રેણીથી પડનારા, (૨) વિશુદ્ધ પરિણામ- ઉપશમ કે ક્ષપક શ્રેણી પર ચડનારા.

૫ યથાખ્યાત ચારિત્રના ૨ ભેદ - (૧) ઉપશાંત વીતરાગી ૧૧ મા ગુણસ્થાનવાળા. (૨) ક્ષીણ વીતરાગીના ૨ ભેદ-છદ્મસ્થ અને કેવળી (સયોગી તથા અયોગી).

૨. વેદ દ્વાર - સામા., છેદોપ. વાળા સવેદી (૩ વેદ) તથા અવેદી (૯ મા ગુણ૦ અપેક્ષા), પરિ-વિ૦, પુરુષ વેદી કે પુરુષ નપુંસક વેદી. સૂક્ષ્મ સં૦ અને યથા૦ અવેદી.

૩. રાગ દ્વાર - ૪ સંયતિ સરાગી અને યથાખ્યાત સંયતિ વીતરાગી.

૪. કલ્પ દ્વાર - કલ્પના પાંચ ભેદ છે તેની વિગત-

૧ સ્થિત કલ્પ - નિયંઠામાં બતાવેલા ૧૦ કલ્પ, પહેલા તથા છેલ્લા તીર્થંકરના શાસનમાં હોય.

૨ અસ્થિત કલ્પ - ૨૨ તીર્થંકરના સાધુઓમાં તથા પાંચ મહાવિદેહક્ષેત્રમાં હોય. ૧૦ કલ્પમાંથી શય્યાંતર, વ્રત, કૃતકર્મ અને પુરૂષ જ્યેષ્ટ એ ચાર તો સ્થિત છે અને વસ્ત્ર કલ્પ, ઉદેશિક આહાર કલ્પ, રાજપીંડ, માસકલ્પ, ચાતુર્માસિક કલ્પ અને

પ્રતિક્રમણ કલ્પ, એ છ અસ્થિત હોય.

૩. સ્થવિર કલ્પ - મર્યાદાપૂર્વક વસ્ત્ર - પાત્રાદિ ઉપકરણથી ગુરુકૂળવાસ ગચ્છ અને અન્ય મર્યાદાનું પાલન કરે.

૪. જિનકલ્પ - જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ ઉત્સર્ગ પક્ષ સ્વીકારીને અનેક ઉપસર્ગ સહન કરતા જંગલાદિમાં રહે (વિસ્તાર નંદી સૂત્ર).

૫. કલ્પાતીત - અરિહંત, છદ્મસ્થ તિર્થંકર, કેવળી તથા વિતરાગી.

સામાયિક સંયતિમાં ૫ કલ્પ. છેદો૦, પરિ૦ માં ૩ કલ્પ (સ્થિત, સ્થવિર, જિનકલ્પ). સૂક્ષ્મ૦, યથા૦ માં ૩ કલ્પ (સ્થિત અસ્થિત અને કલ્પાતીત) લાભે.

૫. નિયંઠા દ્વાર - સામા૦, છેદો૦ માં ૪ નિયંઠા (પુલાક, બકુશ, પડિસેવણા અને કષાયકુશીલ), પરિ૦ સૂક્ષ્મ૦માં ૧ નિયંઠા (કષાયકુશીલ) અને યથા૦માં ૨ નિયંઠા (નિગ્રંથ અને સ્નાતક) લાભે.

૬. પડિસેવણા દ્વાર - સામા૦, છેદો૦ સંયતિ મૂળગુણ પ્રતિસેવી (૫ મહાવ્રતમાં દોષ લગાડે) તથા ઉત્તરગુણ પ્રતિસેવી (દોષ લગાડે) કે અપ્રતિસેવી (દોષ ન પણ લગાડે). શેષ ત્રણ સંયતિ અપ્રતિસેવી (દોષ ન લગાડે).

૭. જ્ઞાન દ્વાર - ૪ સંયતિમાં ચાર જ્ઞાન (૨-૩-૩-૪) ની ભજના અને યથાખ્યાતમાં ૫ જ્ઞાનની ભજના. જ્ઞાનાભ્યાસ અપેક્ષા - સામા૦ છેદો૦માં જ. અષ્ટ પ્રવચન (૫ સમિતિ, ૩ ગુપ્તિ), ઉ. ૧૪ પૂર્વ સુધી. પરિ૦માં જ. ૯માં પૂર્વની ત્રીજી આચાર વત્થુ સુધી ઉ૦ ૧૦ પૂર્વમાં ન્યુન. સૂક્ષ્મ સં. જ. અષ્ટ

પ્રવચન સુધી ઉ. ૧૪ પૂર્વ સુધી તથા યથાખ્યાત જ. અષ્ટ પ્રવચન ઉ. ૧૪ પૂર્વ અથવા સૂત્ર વ્યતિરિકત (કેવળી આશ્રી).

૮. તીર્થ દ્વાર - સામાયિક, સૂક્ષ્મ સંપરાય અને યથાખ્યાત સંયતિ તીર્થમાં, અતીર્થમાં, તીર્થંકર અને પ્રત્યેક બુદ્ધમાં હોય. છેદો૦, પરિ૦ તીર્થમાંજ હોય.

૯. લિંગ દ્વાર - પરિ૦ દ્રવ્યે - ભાવે સ્વલિંગી હોય. શેષ ચાર સંયતિદ્રવ્યે સ્વલિંગી, અન્યલિંગી કે ગૃહસ્થલિંગી હોય, પણ ભાવે સ્વલિંગી હોય.

૧૦. શરીર દ્વાર - સામા૦, છેદો૦ માં ૩-૪-૫ શરીર હોય, શેષ ત્રણમાં ૩ શરીર.

૧૧. ક્ષેત્ર દ્વાર - સામા૦, સૂક્ષ્મ૦, યથા૦ ૧૫ કર્મભૂમિમાં અને છેદો૦, પરિ૦, ૫ ભરત ૫ ઈરવતમાં હોય. સંહરણ અપેક્ષા અકર્મભૂમિમાં પણ હોય; પણ પરિહાર વિશુદ્ધ સંયતિનું સંહરણ ન થાય.

૧૨. કાળ દ્વાર - સામા૦ અવસર્પિણી કાળના ૩-૪-૫ આરામાં જન્મે અને ૩-૪-૫ આરામાં વિચરે, ઉત્સ૦ ના ૨-૩-૪ આરામાં જન્મે અને ૩-૪ આરામાં પ્રવર્તે. મહાવિદેહમાં પણ હોય. સંહરણ અપેક્ષા અન્ય ક્ષેત્ર (૩૦ અકર્મભૂમિ) માં પણ હોય. છેદો૦, મહાવિદેહમાં ન હોય, શેષ ઉપરવત્. પરિ૦ અવસ૦ કાળના ૩-૪થે આરે જન્મે- અને ૩-૪-૫ પ્રવર્તે, ઉત્સ૦ કાળના ૨-૩-૪ થે આરે જન્મે અને ૩-૪ આરે પ્રવર્તે. સૂક્ષ્મ૦ યથા૦ સંયતિ અવસ૦ ના ૩-૪ આરે જન્મે અને ૩-૪-૫ મે પ્રવર્તે ઉત્સ૦ ના ૨-૩-૪ આરે જન્મે ૩-૪ થે આરે પ્રવર્તે મહાવિદેહમાં પણ લાભે. સંહરણ અન્યત્ર પણ થાય.

## ૧૩. ગતિ દ્વાર-

| | ગતિ | | સ્થિતિ | |
|---|---|---|---|---|
| સં૦ નામ | જઘન્ય | ઉત્કૃષ્ટી | જઘન્ય | ઉત્કૃષ્ટી |
| સામા૦ છેદોપ૦ | સૌધર્મ કલ્પ | અનુત્તર વિમાન | ૨ પલ્ય | ૩૩ સાગર |
| પરિહાર વિશુદ્ધ | ,, | સહસ્ત્રાર ,, | ૨ ,, | ૧૮ ,, |
| સૂક્ષ્મ સંપરાય | અનુત્તર વિ૦ | અનુત્તર ,, | ૩૩ સાગર | ૩૩ ,, |
| યથાખ્યાત | ,, | ,, ,, | ૩૩ ,, | ૩૩ ,, |
| ઉપ૦ મોહી | | | | |
| યથા. ક્ષીણ મોહી | - | - મોક્ષ | - | સાદી અનંત |

દેવતામાં ૫ પદવી છે - ઈંદ્ર, સામાનિક, ત્રાયસ્ત્રિશંક, લોકપાલ અને અહમેન્દ્ર. સામા૦ છેદો૦ આરાધક હોય તો પાંચમાંથી ૧ પદવી પામે. પરિ૦ પ્રથમ ૪ માંથી ૧ પદવી પામે સૂક્ષ્મ૦, યથા૦ ઉપ-મોહી અહમેન્દ્ર પદ પામે. જ૦ વિરાધક હોય તો ૪ પ્રકારના દેવમાં ઉપજે અને ઉ. વિરાધક હોય તો સંસાર ભ્રમણ કરે.

**૧૪. સંયમ સ્થાન** - સામા૦, છેદો૦ પરિ૦માં અસંખ્ય સંયમ સ્થાન હોય. સૂક્ષ્મ૦ માં અંત. ના સમય જેટલા અસંખ્ય અને યથા૦નું સં. સ્થાન એકજ છે. તેનો અલ્પબહુત્વ-

સૌથી થોડા યથા૦ સંયતિના સંયમ સ્થાન.

તેથી સૂક્ષ્મ ના સં. સ્થા. અસંખ્યાત ગણા.

,, પરિ૦ના ,, ,, ,, ,, ,,

,, સામા૦ છેદો૦ના ,, ,, ,, (પરસ્પરતુલ્ય)

૧૫. નિકાસે દ્વાર - એકેક સંયમના પર્યવ (પજવા) અનંત અનંત છે. પહેલા ત્રણ સંયતિના પર્યવ પરસ્પર તુલ્ય તથા ષટ્ગુણ હાનિ વૃદ્ધિ. સૂક્ષ્મ૦ યથા૦થી ૩ સંયમ અનંતગણા ન્યૂન છે. સૂક્ષ્મ૦ ત્રણેયથી અનંતગણા અધિક છે. પરસ્પર ષટ્ગુણ હાનિ વૃદ્ધિ અને યથા૦ થી અનંતગણા ન્યૂન છે. યથા૦ ચારેયથી અનંતગણા અધિક છે. પરસ્પર તુલ્ય છે. અલ્પબહુત્વઃ

| | | | | |
|---|---|---|---|---|
| (૧) સૌથી થોડા સામા૦, છેદો૦ના | જ૦ | સંયમ પર્યવ | (પરસ્પરતુલ્ય) | તેથી |
| (૨) પરિહારવિશુદ્ધના | જઘન્ય | ,, | અનંતગણા | ,, |
| (૩) ,, ,, | ઉત્કૃષ્ટ | ,, | ,, | ,, |
| (૪) સામા૦ છેદો૦ના | ઉત્કૃષ્ટ | ,, | ,, | ,, |
| (૫) સૂક્ષ્મ સંપરાયના | જઘન્ય | ,, | ,, | ,, |
| (૬) ,, | ઉત્કૃષ્ટ | ,, | ,, | ,, |
| (૭) યથાખ્યાતના | જ૦ઉ૦ | ,, | ,, પરસ્પર તુલ્ય. | |

૧૬. યોગ દ્વાર - ૪ સંયતિ સયોગી અને યથા૦ સયોગી અને અયોગી.

૧૭. ઉપયોગ દ્વાર - સૂક્ષ્મ૦માં સાકાર ઉપયોગી હોય. શેષ ચારમાં બન્ને (સાકાર-નિરાકાર) ઉપયોગવાળા હોય છે.

૧૮. કષાય દ્વાર - ૩ સંયતિ સંજ્વલનના ચોક (ચારેય કષાય)માં હોય. સૂક્ષ્મ૦ સંજ્વ૦ લોભમાં હોય અને યથા૦ અકષાયી (ઉપશાંત કે ક્ષીણ) હોય.

૧૯. લેશ્યા દ્વાર - સામા૦ છેદો૦માં છ લેશ્યા. પરિ૦માં ૩ શુભ લેશ્યા. સૂક્ષ્મમાં ૧ શુકલ લેશ્યા. યથા૦માં ૧ શુકલ લેશ્યા તથા અલેશી પણ હોય.

૨૦. પરિણામ દ્વાર - ત્રણ સંયતિમાં ત્રણેય પરિણામ તેની સ્થિતિ - હીયમાન, તથા વર્ધમાનની જ. ૧ સમય, ઉ૦ અંત. ની. અવસ્થિતની જ. ૧ સમય, ઉ. ૭ સમયની. સૂક્ષ્મ૦ માં. ૨

પરિણામ (હિયમાન, વર્ધમાન) તેની સ્થિતિ જ. ૧ સમય ઉ. અં. મુ. યથા૦ માં ૨ પરિણામ, વર્ધમાન (જ. ઉ. અં. મુ ની સ્થિતિ) અને અવસ્થિત (જ. ૧ સમય, ઉ. દેશ ઉણા ક્રોડ પૂર્વની સ્થિતિ).

૨૧. બંધ દ્વાર - ત્રણ સંયતિ ૭-૮ કર્મનો બંધ કરે, સૂક્ષ્મ૦ ૬ કર્મ બાંધે, (મોહ૦ આયુ૦ વર્જીને), યથા૦ બાંધે તો શાતાવેદની અથવા અબંધ.

૨૨. વેદે દ્વાર - ચાર સં૦ ૮ કર્મ વેદે યથા૦ ૭ કર્મ (મોહ વર્જીને) કે ૪ કર્મ (અઘાતીયા) વેદે.

૨૩. ઉદીરણા દ્વાર - સામા૦, છેદો૦, પરિ૦ ૭-૮-૬ કર્મ ઉદેરે. સૂક્ષ્મ૦ ૫-૬ કર્મ ઉદેરે (૬ હોય તો આયુ૦ વેદ વર્જીને, ૫ હોય તો આયુ૦ વેદનીય મોહ૦ વર્જીને). યથા૦, ૫ કર્મ તથા ૨ કર્મ (નામ-ગોત્ર) ઉદેરે તથા ઉદી૦ ન કરે.

૨૪. ઉપસંપજ્ઝાણં દ્વાર - સામા૦ વાળા સંયમ છોડે તો ૪ ઠેકાણે (છેદો૦, સૂક્ષ્મ૦ સંયમા૦ કે અસંયમમાં) જાય. છેદો૦વાળા છોડે તો ૫ ઠેકાણે (સામા૦, પરિ૦. સૂક્ષ્મ૦, સંયમા૦ કે અસંયમમાં) જાય. પરિ૦ વાળા છોડે તો ૨ ઠેકાણે (છેદો૦, અસંયમમાં) જાય. સૂક્ષ્મ૦ વાળા છોડે તો ૪ ઠેકાણે (સામા૦ છેદો૦ યથા૦ અસંયમમાં) જાય. યથા૦વાળા છોડે તો ૩ ઠેકાણે (સૂક્ષ્મ૦ અસંયમ કે મોક્ષમાં) જાય.

૨૫. સંજ્ઞા દ્વાર - ૩ ચારિત્રમાં ૪ સંજ્ઞાવાળા કે સંજ્ઞારહિત. શેષમાં સંજ્ઞા નથી.

૨૬. આહાર દ્વાર - ૪ સંયમમાં આહારિક અને યથા૦ આહારિક, અણાહારિક બન્ને હોય.

૨૭. ભવ દ્વાર - સામાયિક અને છેદોપસ્થાપનિયપણાના જ. ૧ ઉ૦ ૮ ભવ કરે. પરિહાર વિશુદ્ધ તથા સૂક્ષ્મ*. જ૦ ૧

* સૂક્ષ્મ. માંકુલ ત્રણ ભવ જ થાય. ચાર વખત ઉપશમ શ્રેણીમાંડે તો પણ બે ભવમાં જ માંડે, ત્રીજા ભવે ક્ષપક શ્રેણી થાય.

ભવ ઉ૦ ૩ ભવ કરે. યથા૦ જ. ૧ ઉ.૩ ભવ કરીને કે તેજ ભવે મોક્ષે જાય.

## ૨૮. આગરેસ દ્વાર - સંયમ કેટલી વાર આવે ?

| | એક ભવ અપેક્ષા | | ઘણા ભવાપેક્ષા | |
|---|---|---|---|---|
| | જ૦ | ઉત્કૃષ્ટ | જ૦ | ઉત્કૃષ્ટ |
| સામાયિક | ૧ | પ્રત્યેક સો વાર | ૨ | પ્રત્યેક હજાર વાર (૭૨૦૦ વખત) |
| છેદોપસ્થા૦ | ૧ | પ્રત્યેક વીસ વાર (૧૨૦) | ૨ | નવસો વારથી અધિક (૯૬૦) |
| પરિહાર વિ૦ | ૧ | ત્રણ વાર | ૨ | સાત વાર |
| સૂક્ષ્મ સં૦ | ૧ | ચાર ,, | ૨ | નવ વાર |
| યથાખ્યાત | ૧ | બે ,, | ૨ | પાંચ વાર |

## ૨૯ સ્થિતિ દ્વાર - સંયમ કેટલો વખત રહે ?

| નામ | એકજીવાપેક્ષા | | ઘણાજીવાપેક્ષા | |
|---|---|---|---|---|
| | જઘન્ય | ઉત્કૃષ્ટ | જઘન્ય | ઉત્કૃષ્ટ |
| સામાયિક | ૧સમય | દેશઉણાક્રોડપૂર્વ | શાશ્વતા | શાશ્વતા |
| છેદોપસ્થા૦ | ,, | ,, | ૨૫૦વર્ષ | ૫૦લાખક્રોડ સાગર |
| પરિહારવિ૦ | ,, | ૨૯ વર્ષ ઉણા ક્રોડ પૂર્વ | દેશ ઉણા ૨૦૦ વર્ષ | દેશઉણા ૨ક્રોડપૂર્વ |
| સૂક્ષ્મસંપ૦ | ,, | અંતર્મુહૂર્ત | એકસમય | અંતર્મુહૂર્ત |
| યથાખ્યાત | ,, | દેશઉણાક્રોડપૂર્વ | શાશ્વતા | શાશ્વતા |

૩૦ અન્તર દ્વાર - એક જીવાપેક્ષા ૫ સંયતિનું અંતર જ. અંત. ઉ. દેશઉણા અર્ધપુદ્ગલ પરાવર્તન કાળ. ઘણા જીવાપેક્ષા સામા૦ યથા૦નું અંતર ન પડે. છેદો૦નું જ. ૬૩૦૦૦ વર્ષ પરિ૦નું જ. ૮૪૦૦૦ વર્ષનું, બન્નેનું ઉ. દેશઉણા ૧૮ ક્રોડાક્રોડ સાગરનું અને સૂક્ષ્મ૦નું જ. ૧ સમય. ઉ. ૬ માસનું અંતર પડે.

૩૧. સમુદ્ઘાત દ્વાર - સામા૦ છેદો૦માં૦ છ સમુ૦ (કેવળી સમુ૦ વર્જીને), પરિ૦માં ૩ પ્રથમની, સૂક્ષ્મ૦માં નહિ અને યથા૦માં ૧ કેવળી સમુદ્ઘાત.

૩૨ ક્ષેત્ર દ્વાર - પાંચેય સંયતિ લોકના અસંખ્યાતમે ભાગ હોય. યથા૦વાળા કેવળી સમુ૦ કરે તો આખા લોક પ્રમાણ હોય.

૩૩ સ્પર્શના દ્વાર - ક્ષેત્રદ્વાર માફક કહેવી. કાંઈક ઝાઝેરી.

૩૪ ભાવદ્વાર - ૪ સંયતિ ક્ષયોપશમ ભાવમાં હોય અને યથાખ્યાત ઉપશમ કે ક્ષાયક ભાવમાં હોય.

## ૩૫ પરિમાણ (સંખ્યા) દ્વાર - સ્યાત્ લાભે તો-

| | વર્તમાનાપેક્ષા | | પૂર્વ પર્યાય અપેક્ષા | |
|---|---|---|---|---|
| નામ | જઘન્ય | ઉત્કૃષ્ટ | જઘન્ય | ઉત્કૃષ્ટ |
| સામાયિક (હોયતો) | ૧-૨-૩ | પ્રત્યેક હજાર | જ.ઉ. નિયમથી | પ્રત્યેક હજાર ક્રોડ |
| છેદોપસ્થા ,, | ૧-૨-૩ | પ્રત્યેક સો | નિયમા | પ્રત્યેક સો ક્રોડ |
| પરિહાર વિ૦,, | ૧-૨-૩ | ,, ,, | ૧-૨-૩ | પ્રત્યેક હજાર |
| સૂક્ષ્મ સં૦ ,, | ૧-૨-૩ | ૧૬૨(૧૦૮ક્ષપક ૫૪ ઉપશમ) | ૧-૨-૩ | પ્રત્યેક સો |
| યથાખ્યાત ,, | ૧-૨-૩ | ૧૬૨ ,, | નિયમથી | પ્રત્યેક ક્રોડ તે કેવળીનીઅપેક્ષાએ સમજવા. |

૩૬. અલ્પબહુત્વ દ્વાર-

| | | | |
|---|---|---|---|
| સોથી થોડા | સૂક્ષ્મ સંપરાય | સંયમવાળા. | તેથી- |
| પરિહાર વિ૦ | સંયમવાળા | સંખ્યાતગણા | ,, |
| યથાખ્યાત | ,, | ,, | ,, |
| છેદોપસ્થા૦ | ,, | ,, | ,, |
| સામાયિક | ,, | ,, | ,, |

ઈતિ સંજ્યા (સંયતિ) સંપૂર્ણ.

## (૬૬) અષ્ટપ્રવચન

## (૫ સમિતિ ૩ ગુપ્તિ)

**શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના ૨૪ મા અધ્યયનનો અધિકાર.**

પાંચ સમિતિ - (વિધિનાં) નામ-૧. ઈરિયા સમિતિ (રસ્તામાં ચાલવાની વિધિ), ૨. ભાષા સમિતિ (બોલવાની), ૩. એષણા સમિતિ (ગોચરીની), ૪. નિક્ષેપણા સમિતિ (આદાન ભંડમત્ત-વસ્ત્રપાત્રાદિ લેવા મૂકવાની) અને ૫ ઉચ્ચાર, પાસવણ, ખેલ, જલ, સિંઘાણ-પારિઠાવણિયા સમિતિ. (વડીનીત, લઘુનીત, બળખા, લીંટ આદિ પરઠવાની).

ત્રણ ગુપ્તિ - (ગોપવવું) નાં નામ - ૧ મન ગુ૦, ૨ વચન ગુ૦, ૩ કાય ગુપ્તિ. હવે તેનો વિસ્તાર કહે છે.

૧. ઈર્યા સમિતિ - ના ૪ ભેદ (૧) આલંબન-જ્ઞાન, દર્શન, ચારિત્રનું. (૨) કાળ-દિવસનો*. (૩) માર્ગ-કુમાર્ગ છોડીને સુમાર્ગે ચાલવું. (૪) યત્ના (જયણા-સાવધાની)ના ૪ ભેદ-દ્રવ્ય,

* રાત્રે ચક્ષુનો વિષય ન હોવાને કારણે અત્યંત જરૂરી કારણ સિવાય ગમન કરવાની તિર્થંકરની આજ્ઞા નથી. છતાં ચાલવું પડે તો પૂંજીને ચાલે.

ક્ષેત્ર, કાળ, ભાવથી. દ્રવ્યથી છકાય જીવોની યત્ના કરી ચાલે. ક્ષેત્રથી ધુંસરી (૩॥ હાથ) પ્રમાણ જમીન આગળ જોતાં ચાલે, કાળથી દિવસે અને ભાવથી રસ્તે ચાલતાં ૧૦ બોલ વર્જીને ચાલે તે વાંચન, પૂછવું, પર્યટણા, અનુપ્રેક્ષા, ધર્મકથા આદિ ન કરે, તેમજ શબ્દ, રૂપ, ગંધ, રસ, સ્પર્શાદિ વિષયમાં ધ્યાન ન દે.

૨. ભાષા સમિતિ - ના ૪ ભેદ. દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી, (૧) દ્રવ્યથી ૮ પ્રકારની ભાષા (કર્કશ, કઠોર, છેદકારી, ભેદકારી, માર્મિક, મૃષા, સાવદ્ય, નિશ્ચયકારી) ન બોલે. ક્ષેત્રથી રસ્તે ચાલતાં ન બોલે. (૩) કાળથી ૧ પહોર રાત્રિ વીત્યા બાદ જોરથી ન બોલે. (૪) ભાવથી રાગદ્વેષ યુક્ત ભાષા ન બોલે.

૩. એષણા સમિતિ - ના ચાર ભેદ-દ્રવ્યથી, ક્ષેત્રથી કાળથી, ભાવથી. (૧) દ્રવ્યથી– ૪૨ (૧૬ ઉદ્ગમનાં, ૧૬ ઉત્પાદના, ૧૦ એષણાનાં) તથા ૯૬ દોષ ટાળીને નિર્દોષ આહાર પાણી, વસ્ત્ર, પાત્ર, મકાનાદિ યાચે (ગ્રહે). (૨) ક્ષેત્રથી-૨ ગાઉ ઉપરાંત લઈ જઈને આહાર પાણી ન ભોગવે. (૩) કાળથી - પહેલા પહોરનાં આહાર પાણી ચોથા પહોરમાં ન ભોગવે (૪) ભાવથી-માંડલાના ૫ દોષ (સંયોગ★, અંગાલ[૧], ધૂમ[૨], પરિમાણ[૩], કારણ[૪]) ટાળીને અનાસકતપણે ભોગવે.

૪. આદાન ભંડ મત્ત નિક્ખેવણિયા સમિતિ-મુનિઓના ઉપકરણ આ પ્રમાણે- ૧ મુહપત્તિ, ૧ ગુચ્છો, ૧ રજોહરણ, ૧ ચોલપટો (૫ હાથ), ૩ ચાદર (પછેડી) (સાધ્વી ૪ પછેડી રાખે),

★ સ્વાદ ખાતર બીજી વસ્તુ ભેળવવી તે, ૧. વખાણ કરીને ખાવું, ૨. વખોડીને ખાવું, ૩. ભૂખથી ઓછું ખાવું, ૪. ભૂખ વગર ખાવું.

નોટઃ એષણા ત્રણ પ્રકારનીઃ (૧) આહારાદિ ગ્રહણ કરતાં પહેલાં શુદ્ધિ અશુદ્ધિ જોવી તે ગવેષણૈષણા. (૨) આહારદિ ગ્રહણ કરતી વખતે શુદ્ધિ અશુદ્ધિની સાવધાની રાખે તે ગ્રહણૈષણા (૩) આહારાદિ ભોગવતી વખતે શુદ્ધિ અશુદ્ધિનું ધ્યાન રાખે તે પરિભોગૈષણા.

કાષ્ટ-તુમ્બી કે માટીનાં પાત્ર, ૧ આસન, ૧ સંસ્તારક (રા। હાથ લાંબું બિછાવવાનું કપડું). તથા જ્ઞાન, દર્શન ચારિત્ર વૃદ્ધિ નિમિત્ત જરૂરી વસ્તુઓ. (ક્રમશઃ અનુક્રમથી પ્રતિલેખન કરે)

(૧) દ્રવ્યથી ઉપરનાં ઉપકરણો યત્નાથી લે, મૂકે અને વાપરે.

(૨) ક્ષેત્રથી વ્યવસ્થિત રાખે, જ્યાં ત્યાં વીંખણ પીંખણ ન રાખે.

(૩) કાળથી બન્ને વખત (૧ લા, ૪થા પહોરમાં) પડિલેહણ પુંજણ કરે. પહેલા પહોરના પહેલા ચોથા ભાગે અને ચોથા પહોરના છેલ્લા ચોથા ભાગે કરે.

(૪) ભાવથી મમતા રહિત-સંયમ સાધન સમજીને ભોગવે.

(૫) ઉચ્ચાર પાસવણ ખેલ જલ સિંઘાણ પારિઠાવણીયા સમિતિ ના ૪ ભેદ. (૧) દ્રવ્યથી મલમૂત્રાદિ ૧૦ પ્રકારના સ્થાન પર પરઠે નહિ. (૧ માણસોની આવજા થતી હોય ત્યાં, ૨ જીવની ઘાત થાય ત્યાં, ૩ વિષમ ઊંચી નીચી-ભૂમિપર, ૪ પોલી ભૂમિપર, ૫ સચિત્ત ભૂમિપર, ૬ સાંકડી (વિશાળ નહિ) ભૂમિમાં, ૭ તરતની અચિત્ત ભૂમિપર, ૮ નગરગામની નજીકમાં, ૯ લીલ ફુગ હોય ત્યાં, ૧૦ જીવોનાં બીલ (દર) હોય ત્યાં ન પરઠે). (૨) ક્ષેત્રથી વસ્તીને દુર્ગંછા થાય ત્યાં કે જાહેર રસ્તા પર ન પરઠે (૩) કાળથી પરઠણ ભૂમિને કાળોકાળ પડિલેહી, પુંજીને પરઠે. (૪) ભાવથી પરઠવા નીકળે ત્યારે આવસ્સહી ૩ વાર કહે. પરઠતાં પહેલાં શક્રેન્દ્ર મહારાજની આજ્ઞા માગે. ચાર આંગુલ ઉપરથી યત્નાપૂર્વક પરઠે. પરઠતાં વોસિરે ૩ વાર કહે. પરઠીને આવતાં નિસ્સહી ૩ વાર કહે. જલ્દી સૂકાઈ જાય તેમ પરઠે.

હવે ત્રણ ગુપ્તિના ચાર ચાર ભેદ બતાવે છેઃ -

મનગુપ્તિના ૪ ભેદ - (૧) દ્રવ્યથી આરંભ સમારંભમાં મન ન પ્રવર્તાવે. (૨) ક્ષેત્રથી આખા લોકમાં (૩) કાળથી જાવજીવ સુધી (૪) ભાવથી વિષયકષાય, આર્ત, રૌદ્ર, રાગદ્વેષમાં મન ન પ્રવર્તાવે.

૨ વચનગુપ્તિના ૪ ભેદ - (૧) દ્રવ્યથી ચાર વિકથા ન કરે. (૨) ક્ષેત્રથી આખા લોકમાં. (૩) કાળથી જાવજીવ સુધી. (૪) ભાવથી સાવદ્ય (રાગદ્વેષ, વિષયકષાય યુકત) વચન ન બોલે.

કાયગુપ્તિ ના ૪ ભેદ- (૧) દ્રવ્યથી શરીરની શુશ્રુષા (શોભા) ન કરે. (૨) ક્ષેત્રથી આખા લોકમાં, (૩) કાળથી જાવજીવ સુધી, (૪) ભાવથી સાવદ્ય યોગ (પાપકારી કાર્ય) ન પ્રવર્તાવે (ન સેવન કરે.)

ઈતિ અષ્ટ પ્રવચન સંપૂર્ણ.

## (૬૭) બાવન અનાચાર.

### શ્રી દશવૈકાલિક સૂત્રના ત્રીજા અધ્યયનનો અધિકાર

(૧) મુનિને માટે જ તૈયાર થયેલ આહાર, વસ્ત્ર, પાત્ર, કે મકાન ભોગવે તો.

(૨) મુનિને માટે જ ખરીદેલ આહાર વસ્ત્ર, પાત્ર કે મકાન ભોગવે તો

(૩) હંમેશાં એક ઘરનો આહાર ભોગવે તો.

(૪) સામે લાવેલો આહાર ભોગવે તો.

(૫) રાત્રિભોજન કરે તો.

(૬) દેશ સ્નાન કે સર્વ સ્નાન (શરીર લૂઈને કે પૂરી રીતે ન્હાવું તે) કરે તો.

(૭) સચિત્ત અચિત્ત પદાર્થોની સુગંધી લે તો.

(૮) ફૂલ વગેરેની માળા પહેરે તો.

(૯) પંખા, વીંજણાથી પવન ઢોળે (હવા ખાય) તો.

(૧૦) તેલ, ઘી આદિ આહારનો સંગ્રહ કરે તો.

(૧૧) ગૃહસ્થના વાસણમાં ભોજન કરે તો.

(૧૨) રાજપીંડ (બલિષ્ટ) આહાર લે તો.

(૧૩) દાનશાળામાંથી આહારાદિ લે તો.

(૧૪) શરીરનું વિનાકરણ મર્દન કરે કરાવે તો.

(૧૫) વિના કારણે આંગળીથી દાંત ધૂએ તો.

(૧૬) ગૃહસ્થોને સુખશાતા પૂછી ખુશામત કરે તો.

(૧૭) દર્પણ (કાચ) માં આંગોપાંગ નીરખે તો.

(૧૮) ચોપાટ, શેતરંજ આદિ રમત રમેતો, જુગાર કે સટ્ટો કરે તો.

(૧૯) ટાઢતડકા માટે છત્ર (છત્રી આદિ) રાખેતો

(૨૦) રોગનો સાવદ્ય ઈલાજ કરે તો

(૨૧) પગરખાં, મોજા આદિ પગમાં પહેરે તો

(૨૨) અગ્નિકાય આદિનો આરંભ (તાપ આદિ) કરે તો

(૨૩) મકાનની આજ્ઞા દેનારને ત્યાંથી (શય્યાન્તર) વહોરે તો

(૨૪) ગૃહસ્થોને ત્યાં ગાદી તકીયાદિ આસને બેસે તો

(૨૫) ગૃહસ્થોને ત્યાં પલંગ, ખાટ આદિ પર બેસે તો

(૨૬) વિનાકારણે ગૃહસ્થોને ત્યાં બેસીને કથાદિ કરે તો

(૨૭) વિના કારણે શરીર પીઠી, માલિસ આદિ કરે તો અનાચાર લાગે.

(૨૮) ગૃહસ્થ લોકોની વૈયાવચ્ચ, સેવા કરેતો

(૨૯) પોતાની જાતિ કૂળ આદિ બતાવીને આજીવિકા કરે તો

*(૩૦) પૂર્ણ રીતે પકવેલું નથી તેવાં અન્ન કે પાણી ભોગવે તો.*

(૩૧) શરીરમાં રોગાદિ થયે ગૃહસ્થોની સહાયતા લે તો

(૩૨) સચિત્ત મૂળા આદિ લીલોત્રી, (૩૩) સ.આદુ (૩૪) શેરડી, (૩૫) કન્દ, (૩૬) મૂળ, (૩૭) ફળફૂલ, (૩૮) બીજ આદિ, (૩૯) સચિત મીઠુ, (૪૦) સિંધા લુણ, (૪૧) સાંભરલુણ, (૪૨) ધૂડ ખારાનું લુણ, (૪૩) સમુદ્રનું લુણ, (૪૪)કાળું લુણ, (સંચળ આદિ), ભોગવે(વાપરે-ખાય) તો અનાચાર લાગે.

(૪૫) કપડાંને ધૂપ આદિથી સુગંધી બનાવે તો અનાચાર લાગે.

(૪૬) ભોજન કરીને વમન કરે તો ,, ,,

(૪૭) વગર કારણે એનીમા લે તો ,, ,,

(૪૮) વગર કારણે રેચ (જુલાબ) આદિ લે તો ,, ,,

(૪૯) આંખમાં આંજણ, સુરમો લગાડે તો ,, ,,

(૫૦) વિના કારણે દાતણ આદિથી દાંત સાફ કરે તો. ,,

(૫૧) શરીરને તેલ આદિ લગાડી સુંદર બનાવે તો ,, ,,

(૫૨) શરીરની શુશ્રુષા (શોભા) અર્થે વાળ, નખાદિ ઉતારે તો અનાચાર લાગે.

એ બાવન અનાચાર દોષ ટાળીને સાધુજી સદા નિર્મળ ચારિત્ર પાળે.

**ઇતિ બાવન અનાચાર સંપૂર્ણ.**

## (૬૮) આહારના ૧૦૬ દોષ.

મુનિ ૧૦૬ દોષ ટાળીને ગોચરી કરે. તે જુદા જુદા સૂત્રોના આધારે જાણવા. આચારાંગ, સૂયગડાંગ તથા નિશીથ સૂત્રના આધારે ૪૨ દોષ કહે છે :

(૧) આધાકર્મી = મુનિ નિમિત્તે છકાયનો આરંભ કરી બનાવેલ.

(૨) ઉદ્દેશિક = બીજા સાધુને વાસ્તે બનેલો આધાકર્મી આહાર.

(૩) પૂતિકર્મ = નિર્વદ્ય આહારમાં આધાકર્મી અંશ માત્ર મળેલો હોય તે, તેથી રસોઈમાં સાધુ માટે થોડું વધારે કર્યું હોય તે.

(૪) મિશ્રદોષ = કંઈક ગૃહસ્થને માટે, કંઈક સાધુ નિમિત્તે બનેલો મિશ્ર આહાર.

(૫) ઠવણાદોષ = સાધુ માટે રાખી મૂકેલ આહાર હોય તે.

(૬) પાહૂડિય = મ્હેમાન માટે બનેલ હોય

(સાધુ નિમિત્તે મ્હેમાનોની તિથિ હેરફેર થઈ હોય તો.)

(૭) પાવર = જ્યાં અંધારું પડતું હોય ત્યાં સાધુ નિમિત્તે બારી કરાવી દે તે.

(૮) ક્રિય = સાધુ માટે વેચાતો લાવી આપેલ હોય તે.

(૯) પામિચ્ચે = સાધુ માટે ઉધારે ” ” ” ”

(૧૦) પરિયડે = સાધુ માટે વસ્તુ બદલે વસ્તુ આપીને લાવીને આપે તે

(૧૧) અભિહુત = અન્ય સ્થાનથી સામે લાવીને આપે તે.

(૧૨) ભિન્ને = ઝાંપો, કમાડ આદિ ઉઘાડીને આપે તે.

(૧૩) માલોહડ = મેડા (માળ) ઉપરથી મુશ્કેલીથી ઉતારી શકાય તેવો.

(૧૪) અચ્છીજે = નિર્બળ પર દબાણ કરીને સબળ ને અપાવે તે.

(૧૫) અણિસિઠ્ઠે = ભાગીદારીની ચીજ હોય તેમાં કોઈ દેવા ઈચ્છે અને કોઈ દેવા ન ઈચ્છે તેવી વસ્તુ.

(૧૬) અજ્ઝોયર = ગૃહસ્થે સાધુ નિમિત્તે પોતાનો આહાર વધુ બનાવ્યો હોય તે.

(૧૭) ધાઈ દોષ = ગૃહસ્થોનાં બચ્ચાંને રમાડીને લીધેલ હોય તે.

(૧૮) દુઈ દોષ = દૂતિપણુ (સમાચાર લાવવા લઈ જવા) કરીને લીધેલ હોય તે.

(૧૯) નિમિત = ભૂત ભવિષ્યના નિમિત (જોષ) કહીને લીધેલ હોય તે.

(૨૦) આજીવ = જાતિ, કૂળ આદિનું ગૌરવ બતાવીને. ,,

(૨૧) વાણીમગ્ગ = ભિખારી માફક દીનપણે યાચીને ,,

(૨૨) તિગિચ્છં = ઔષધિ (દવા) આદિ બતાવીને ,,

(૨૩) કોહે = ક્રોધ કરીને,

(૨૪) માણે = માન કરીને,

(૨૫) માયા = કપટ કરીને,

(૨૬) લોહે = લોભ કરીને લીધેલ હોય તે.

(૨૭) પુવ્વં પચ્છં સંથુવ = પહેલાં કે પછી દાતારની સ્તુતિ કરીને લે તે.

(૨૮) વિજ્જા = ગૃહસ્થોને વિદ્યા બતાવીને લે તે.

(૨૯) મંત્ત = મંત્ર, તંત્રાદિ બતાવીને.

(૩૦) ચૂન્ન = એક બીજા પદાર્થો મેળવવાથી થતી વસ્તુઓ શીખવીને લે તે.

(૩૧) જોગે = લેપ, વશીકરણ આદિ બતાવીને લે તે.

(૩૨) મૂલકમ્મે = ગર્ભપાત આદિની દવા ,, ,, ,,

ઉપરમાંના પ્રથમ ૧૬ દોષ 'ઉદ્ગમન' એટલે ભદ્રિક શ્રાવકો

ભક્તિને નામે અજ્ઞાન સાધુઓને લગાડે છે. પછીના ૧૬ દોષ 'ઉત્પાત' છે. તે મુનિઓ સ્વયં લગાડે છે.

હવે ૧૦ દોષ સાધુ અને ગૃહસ્થ બન્નેના પ્રયોગે લાગે તે બતાવશે.

(૩૩) 'સંકિએ = જેમાં સાધુ કે ગૃહસ્થને શુદ્ધતા (નિર્દોષતા) ની શંકા હોય તે.

(૩૪) મંકિખએ = વહોરાવનારના હાથની રેખા કે બાલ સચિતથી ભીંજેલ હોય તો.

(૩૫) નિકિખત્તે = સચિત્ત વસ્તુ પર અચિત આહાર મૂકેલો હોય તે.

(૩૬) પહિયે = અચિત વસ્તુ સચિતથી ઢાંકેલ હોય તે.

(૩૭) મિસીયે = સચિત - અચિત વસ્તુ ભેગી હોય તે.

(૩૮) અપરિણિયે = પૂરો અચિત આહાર ન થયો હોય તે.

(૩૯) સહારિયે = એક વાસણથી બીજા (ન વપરાવાના) વાસણમાં લઈને દે તે.

(૪૦) દાયગો = અંગોપાંગથી હીન હોય એવા ગૃહસ્થથી લે કે જેથી તેને હરતાં ફરતાં દુઃખ થતું હોય.

(૪૧) લીત્ત = તરતનું લીપેલ આંગણું હોય ત્યાંથી લે તે.

(૪૨) છંડિયે = વહોરાવતાં વસ્તુ નીચે પડતી, ટપકતી હોય તો

## આવશ્યક સૂત્રમાં બતાવેલા ૫ દોષ : -

(૧) ગૃહસ્થોના દરવાજા, કમાડ ઉઘડાવીને લે તે.

(૨) ગૌ. કૂતરા આદિ માટે ઉતારેલ રોટલી પ્રમુખ લે તે.

(૩) દેવ, દેવીના નૈવેદ્ય, બલિદાન માટે બનેલી ચીજ લે તે

(૪) વિના દેખી ચીજ-વસ્તુ લે તે.

(૫) પહેલાં નિરસ આહાર પૂરતો આવ્યો હોય, ફરીથી સરસ આહાર માટે નિમંત્રણા થાય ત્યારે રસલોલુપતાથી સરસ આહાર લઈ લે તો.

## શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં બતાવેલા ૨ દોષ -

(૧) અન્ય કૂળમાંથી ગોચરી ન કરતાં પોતાના સ્વજન સંબંધીઓને ત્યાંથી જ ગોચરી કરે તે.

(૨) વિના કારણ આહાર લે નહિ અને વિના કારણ આહાર ત્યાગે નહિ.

| ૭ કારણે આહારલે - | ૭ કારણથી આહાર છોડે |
| --- | --- |
| ક્ષુધાવેદની સહન ન થાય તો | રોગાદિ થવાથી. |
| આચાર્યાદિની, વૈયાવચ્ચ હેતુથી. | ઉપસર્ગ આવવાથી. |
| ઈર્યા શોધવા માટે. | બ્રહ્મચર્ય ન પળાય તો. |
| સંયમ નિર્વાહ માટે. | જીવોની રક્ષા માટે. |
| જીવોની રક્ષા કરવા નિમિત્તે | તપશ્ચર્યા માટે. |
| ધર્મ કથાદિ કરવા માટે. | અનશન (સંથારો) કરવા માટે. |

## શ્રી દશવૈકાલિક સૂત્રમાં બતાવેલા ૨૩ દોષ

(૧) નીચા દરવાજામાં થઈ જવાતું હોય ત્યાં ગોચરી કરવાથી.

(૨) અંધારું પડતું હોય એવે ઠેકાણે ,, ,, ,, ,,

(૩) ગૃહસ્થોનાં દ્વાર પર (ખડકી આગળ) બેઠેલ બકરા બકરી

(૪) બચ્ચાં બચ્ચી (૫) કુતરા. (૬) વાછડી આદિને ઓળંગી (ટપી) ને જાય તો.

(૭) અન્ય કોઈ પ્રાણીને ઓળંગી (ટપી) ને જાય તો.

(૮) સાધુને આવતા જાણી ગૃહસ્થે સંઘટ્ટાની (સચિત્તાદિ) ચીજો આઘી પાછી કરી હોય ત્યાંથી ગોચરી લે તો.

(૯) દાન માટે બનાવેલ (૧૦) પુન્ય માટે બનાવેલ

(૧૧) રાંકાભિખારી માટે બનાવેલ (૧૨) બાવા સાધુઓ માટે બનાવેલ આહાર લે તો.

(૧૩) રાજપિંડ (રાજાને જમવાનો બલિષ્ટ) આહાર લે તો.

(૧૪) શય્યાંતર પિંડ - મકાનદાતાને ત્યાંથી આહાર લે તો.

(૧૫) નિત્ય પિંડ - રોજ એકજ ઘરેથી આહાર લે તો,

(૧૬) પૃથ્વ્યાદિ સચિત્ત ચીજોને લાગેલો (અડેલો) આહાર લે તો.

(૧૭) ઈચ્છા પૂરનારી દાનશાળાનો આહાર લે તો

(૧૮) તુચ્છ વસ્તુ (થોડી ખવાય, વધુ પરઠવી પડે તેવી) ગોચરીમા લે તો.

(૧૯) આહાર દેતા પહેલાં સચિત્ત પાણીથી હાથ ધોયા હોય કે વહોરાવ્યા પછી સચિત્ત પાણીથી હાથ ધોવે એવો આહાર લે તો.

(૨૦) નિષિદ્ધ કૂલ (મદ્ય - માંસાદિ અભક્ષ્ય ભોજી) નો આહાર લે તો.

(૨૧) અપ્રતિતકારી (સ્ત્રી - પુરૂષો દુરાચારી હોય તેવા કૂળનો) આહાર લે તો.

(૨૨) ગૃહસ્થે પોતાને ઘરે આવવાની ના કહી હોય તેવા ઘરેથી આહાર લે તો.

(૨૩) મદિરાદિ (કેફી) વસ્તુની ગોચરી કરે તો - મહાદોષ છે.

### શ્રી આચારાંગ સૂત્રમાં બતાવેલા ૮ દોષ :

(૧) મહેમાન માટે બનાવેલ આહાર, તેમના જમ્યા પહેલાં લેતો,

(૨) ત્રસ જીવોનું માંસ સર્વથા નિષિદ્ધ છે તે લે તો મહાદોષ.

(૩) પુન્યાર્થ ધન - ધાન્યમાંથી બનાવેલ આહાર લે તો.

(૪) જમણવાર (ઘણાં માટે ન્યાત ભોજ્ય આદિ)માંથી આહાર લે તો.

(૫) જ્યાં બહુ ભિખારી-ભોજનાર્થી - ભેગા થયા હોય તે ઘરમાંથી આહાર લે તો.

(૬) ભૂમિગ્રહ (ભોંયરાં, ઉંડા ભંડકીયા)માંથી આહાર કાઢીને આપે તે લે તો.

(૭) ગરમ આહારને ફૂંક દઈને વહોરાવે તેવો આહાર લે તો.

(૮) વીંજણાદિથી ઠંડો કરેલો આહાર લે તો - દોષ લાગે.

## શ્રી ભગવતી સૂત્રમાં બતાવેલા ૧૨ દોષ :-

(૧) સંયોગ દોષ - આવેલ આહારને મનોજ્ઞ બનાવવા બીજી ચીજો મેળવે (જેમ દૂધ મોળું છે તેમાં સાકર આદિ) તો.

(૨) દ્વેષ દોષ - નિરસ આહાર મળવાથી નફરત (ચીડ)લાવે તો

(૩) રાગ દોષ - સરસ ,, ,, ખુશી (ગૃદ્ધિ)લાવે તો

(૪) અધિક પ્રમાણમાં (ઠાંસીને) આહાર કરે તો.

(૫) કાલાતિક્રમ દોષ-પહેલા પહોરનો (સવારમાં)લાવેલ આહાર ૪ થા પહોરે (સાંજે) આહાર કરે તો.

(૬) માર્ગાતિક્રમ દોષ-બે ગાઉથી (૭ કિ.મી.) દૂર લઈ જઈને આહાર કરે તો,

(૭) સૂર્યોદય પહેલાં કે સૂર્યાસ્ત પછી આહાર કરે તો.

(૮) દુષ્કાળ કે અટવીમાં દાનશાળાનો આહાર લે તો.

(૯) દુષ્કાળમાં ગરીબો માંટે કરેલો આહાર લે તો.

(૧૦) ગ્લાન-રોગી પ્રમુખ માટે ,, ,, ,,

(૧૧) અનાથો માટે બનાવેલો આહાર લે તો

(૧૨) ગૃહસ્થના આમંત્રણથી તેને ઘેર જઈ આહાર લે તો દોષ લાગે.

### શ્રી પ્રશ્ન વ્યાકરણ સૂત્રમાં બતાવેલા ૫ દોષ :-

(૧) મુનિ માટે આહારનું રૂપાંતર (જેમ બુંદીના લાડવા વાળીને) કરીને દે તેવો આહાર લે તો.

(૨) મુનિ માટે આહારનો પર્યાય પલ્ટીને(જેમ દહીનું રાઈતું કે ઝેરીને) આહાર લે તો.

(૩) ગૃહસ્થોને ત્યાંથી પોતાને હાથે આહાર લે તો.

(૪) મુનિને માટે ઓરડા આદિની અંદરથી લાવીને આપેલો આહાર લે તો.

(૫) મધુર મધુર (ખુશામતી) વચનો બોલીને આહારની યાચના કરે તો.

### શ્રી નિશીથ સૂત્રમાં બતાવેલા ૬ દોષ :-

(૧) ગૃહસ્થોને ત્યાં જઈને 'આ વાસણમાં શું છે ?' એમ પૂછી પૂછીને યાચના કરે તો.

(૨) અનાથ, મજુર પાસેથી યાચીને દીનતાથી આહાર લે તો

(૩) અન્યતીર્થી (બાવા સાધુ)ની ભિક્ષામાંથી યાચીને આહાર લે તો.

(૪) પાસત્થા (શિથિલાચારી) પાસેથી યાચીને ,, ,,

(૫) જૈન મુનિઓની દુર્ગંચ્છા કરનાર કૂળમાંથી ,, ,, ,,

(૬) મકાનની આજ્ઞા દેનાર (શય્યાંતર)ને સાથે લઈ, તેની દલાલીથી આહાર લે તો.

**શ્રી દશાશ્રુત સ્કંધ સૂત્રમાં બતાવેલા ૨ દોષ :-**

(૧) બાળક માટે બનાવેલ આહાર લે તો.

(૨) ગર્ભવતી ,, ,, ,, ,, ,,

**શ્રી બૃહત્કલ્પ સૂત્રમાં બતાવેલ ૧ દોષ :-**

(૧) ચાર પ્રકારનો આહાર રાત્રે વાસી રાખીને બીજે દિવસે ભોગવે તો દોષ.

એવં ૪૨, ૫, ૨, ૨૩, ૮, ૧૨, ૫, ૬, ૨, ૧ = ૧૦૬ તેમાં ૫ માંડલાના, ૧૦૧ ગોચરીના દોષ જાણવા.

ઈતિ આહારના ૧૦૬ દોષ સંપૂર્ણ.

## (૬૮) સાધુ સમાચારી

તથા

## સાધુઓનાં દિનકૃત્ય અને રાત્રિકૃત્ય

**શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના અધ્ય૦ ૨૬ માના આધારે.**

સમાચારી - ૧૦ પ્રકારની છે. (૧) આવસ્સિય, (૨) નિસિહિય, (૩) આપુચ્છણા, (૪) પડિપુચ્છણા, (૫) છંદણા, (૬) ઈચ્છાકાર. (૭) મિચ્છાકાર, (૮) તહકાર, (૯) અબ્ભુઠણા; અને (૧૦) ઉપસંપયા - સમાચારી. તેની સમજણ :-

(૧) આવસ્સિય - સાધુ આવશ્યક - જરૂરી (આહાર, નિહાર, વિહાર), કારણે ઉપાશ્રય (મકાન) થી બહાર જાય ત્યારે 'આવસ્સિય' શબ્દ બોલીને બહાર નીકળે,

(૨) નિસિહિય - કાર્ય પૂરું કરી - નિવર્તી - ને પાછા ઉપાશ્રય - સ્વસ્થાન - માં આવે ત્યારે 'નિસિહિ' શબ્દ બોલતા આવે.

(૩) આપુચ્છણા - ગોચરી, પડિલેહણ આદિ પોતાના સર્વ કાર્ય ગુરૂની આજ્ઞા લઈને કરે.

(૪) પડિપુચ્છણા - અન્ય સાધુઓનાં દરેક કાર્ય ગુરુની આજ્ઞા લઈને કરે.

(૫) છંદણા - આહાર પાણી ગુરૂની આજ્ઞા મુજબ વહેંચી આપે અને પોતાની ભાગે આવેલ આહાર પણ મોટાને આમંત્રીને પછી ખાય.

(૬) ઈચ્છાકાર - (પાત્રલેપાદિ) દરેક કાર્યમાં ગુરૂની ઈચ્છા પૂછીને કરે.

(૭) મિચ્છાકાર - યત્કિંચિત્ અપરાધ માટે ગુરૂ સમક્ષ આત્મનિંદા કરી ''મિચ્છામિ દુકકડં'' દે.

(૮) તહકાર - ગુરુના વચનને સદા 'તહત્ત' પ્રમાણે કહીને પ્રસન્નતાથી કાર્ય કરે.

(૯) અબ્ભુઠણા - ગુરુ, રોગી, તપસ્વી આદિની અગ્લાન પણે વૈયાવચ્ચ કરે.

(૧૦) ઉપસંપયા - જીવન પર્યંત ગુરુકૂળવાસ કરવો. (ગુરુ આજ્ઞા મુજબ વિચરે.)

## દિનકૃત્ય

ચાર પહોર દિવસના અને ચાર પહોર રાત્રિના હોય છે. દિનના કે રાતના ચોથા ભાગને પ્રહર કહેવો (તેની સમજણ આગળના યંત્રથી જાણવી)

(૧) દિવસ ઉગતાંજ પહેલા પહોરના પહેલા ચોથા ભાગમાં બધા ઉપકરણોનું પડિલેહણ કરવું. (૨) ત્યારબાદ ગુરુને પૂછે કે

વૈયાવચ્ચ કરું કે સજ્ઝાય ? ગુરુ આજ્ઞા આપે તેમ ૧ પહોર પૂરો થાય ત્યાં સુધી કરે. (૩) બીજા પહોરમાં ધ્યાન (કરેલ સ્વાધ્યાયની ચિંતવના) કરે. (૪) ત્રીજા પહોરે ગોચરી કરે. પ્રાસુક આહાર લાવીને ગુરુને બતાવી, સંવિભાગ કરી, મોટેરાને આમંત્રીને આહાર કરે. (૫) ચોથા પ્રહરના ૩ ભાગ સુધી સ્વાધ્યાય કરે અને (૬) ચોથા પહોરના ચોથા ભાગમાં ઉપકરણોનું પડિલેહણ કરે તથા પરઠવાની ભૂમિ પણ પહિલેહે; ત્યારબાદ (૭) દેવસી પ્રતિક્રમણ કરે. (છ આવશ્યક કરે).

## રાત્રિકૃત્ય

દેવસિ પ્રતિક્રમણ કર્યા બાદ પહેલે પહોરે અસજ્ઝાય ટાળીને સ્વાધ્યાય કરે. બીજે પહોરે ધ્યાન કરે. સ્વાધ્યાયના અર્થ ચિંતવે, ત્યારબાદ નિદ્રા આવે તો ત્રીજે પહોરે સવિધિ યત્નાપૂર્વક સંથારો સંસ્તરીને સ્વલ્પ નિદ્રા લે ૧ પહોરની નિદ્રા લઈને ચોથા પહોરની શરૂઆતમાં ઉઠવું, નિદ્રાના દોષ ટાળવા કાઉસગ્ગ કરવો, પોણા પહોર સુધી સ્વાધ્યાપ (સજ્ઝાય) કરવી. છેલ્લા (ચોથા) પહોરમાં ચોથા (અંતિમ) ભાગમાં રાઈય પ્રતિક્રમણ કરવું પછી ગુરૂવંદન કરી પચ્ચક્ખાણ કરવાં.

## (૭૦) અહોરાત્રિની ઘડીઓનો યંત્ર

### શ્રી ઉત્તરાધ્યયનના ૨૬ મા અધ્યયનના આધારે

૭ શ્વાસોચ્છ્વાસનો ૧ થોવ, ૭ થોવનો ૧ લવ, ૩૮॥ લવની ૧ ઘડી (૨૪ મિનિટ), પ્રતિદિન ૨॥ લવને ૨॥ થોવ દિવસે વધેઘટે તેનો યંત્ર

| દિવસ કેટલી ઘડીનાં ? | | | | રાત્રિ કેટલી ઘડીની ? | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| માસ | વદ૭મે | વદ અમાસે | શુદ સાતમે | પૂર્ણિમાએ | વદ સાતમે | વદ અમાસે | શુદ સાતમે | પુનમે |
| અષાઢ | ૩૪ાા | ૩પ | ૩પાા | ૩૬ | ૨પાા | ૨પ | ૨૪ાા | ૨૪ |
| શ્રાવણ | ૩પાા | ૩પ | ૩૪ાા | ૩૪ | ૨૪ાા | ૨પ | ૨પાા | ૨૬ |
| ભાદ્રપદ | ૩૩ાા | ૩૩ | ૩૨ાા | ૩૨ | ૨૬ાા | ૨૭ | ૨૭ાા | ૨૮ |
| આસો | ૩૧ાા | ૩૧ | ૩૦ાા | ૩૦ | ૨૮ાા | ૨૯ | ૨૯ાા | ૩૦ |
| કાર્તિક | ૨૯ાા | ૨૯ | ૨૮ાા | ૨૮ | ૩૦ાા | ૩૧ | ૩૧ાા | ૩૨ |
| માગશીર્ષ | ૨૭ાા | ૨૭ | ૨૬ાા | ૨૬ | ૩૨ાા | ૩૩ | ૩૩ાા | ૩૪ |
| પોષ | ૨પાા | ૨પ | ૨૪ાા | ૨૪ | ૩૪ાા | ૩પ | ૩પાા | ૩૬ |
| માઘ | ૨૪ાા | ૨પ | ૨પાા | ૨૬ | ૩પાા | ૩પ | ૩૪ાા | ૩૪ |
| ફાલ્ગુન | ૨૬ાા | ૨૭ | ૨૭ાા | ૨૮ | ૩૩ાા | ૩૩ | ૩૨ાા | ૩૨ |
| ચૈત્ર | ૨૮ાા | ૨૯ | ૨૯ાા | ૩૦ | ૩૧ાા | ૩૧ | ૩૦ાા | ૩૦ |
| વૈશાખ | ૩૦ાા | ૩૧ | ૩૧ાા | ૩૨ | ૨૯ાા | ૨૯ | ૨૮ાા | ૨૮ |
| જયેષ્ઠ | ૩૨ાા | ૩૩ | ૩૩ાા | ૩૪ | ૨૭ાા | ૨૭ | ૨૬ાા | ૨૬ |

ઈતિ અહોરાત્રિની ઘડીઓનો યંત્ર સંપૂર્ણ.

## (૭૧) દિન પહોર માપનો યંત્ર

### શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના અધ્યયન ૨૬ના આધારે.

દિવસમાં પ્રથમ બે પહોરમાં માપ ઉત્તર તરફ મ્હોં રાખીને લેવું અને પાછલા બે પહોરમાં માપ દક્ષિણ તરફ મ્હોં રાખીને લેવું. જમણા પગના ઢીંચણ સુધીનો પડછાયો પડે તે પોતાના પગલાં અને આંગળથી માપવો. એ રીતે પોરસી તથા પોણી પોરસીનું માપ પગલાં અને આંગળ (પ.આ.) બતાવનારો યંત્ર :

| | ૧ લી અને જથી ૧ પોરસી | | | | પોણી પોરસી | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| માસ | વદ ૭મે | અમાસે | સુદ ૭મે | પૂનમે | વદ ૭મે | અમાસે | સુદ ૭મે | પૂનમે |
| | પ.આ | પ.આ | પ.આ | પ.આ. | પ.આ | પ.આ. | પ.આ. | પ.આ. |
| અષાઢ | ૨-૩ | ૨-૨ | ૨-૧ | ૨-૦ | ૨-૯ | ૨-૮ | ૨-૭ | ૨-૬ |
| શ્રાવણ | ૨-૧ | ૨-૨ | ૨-૩ | ૨-૪ | ૨-૭ | ૨-૮ | ૨-૯ | ૨-૧૦ |
| ભાદ્રપદ | ૨-૫ | ૨-૬ | ૨-૭ | ૨-૮ | ૩-૧ | ૩-૨ | ૩-૩ | ૩-૪ |
| આસો | ૨-૯ | ૨-૧૦ | ૨-૧૧ | ૩-૦ | ૩-૫ | ૩-૬ | ૩-૭ | ૩-૮ |
| કાર્તિક | ૩-૧ | ૩-૨ | ૩-૩ | ૩-૪ | ૩-૯ | ૩-૧૦ | ૩-૧૧ | ૪-૦ |
| માગશીર્ષ | ૩-૫ | ૩-૬ | ૩-૭ | ૩-૮ | ૪-૩ | ૪-૪ | ૪-૫ | ૪-૬ |
| પોષ | ૩-૯ | ૩-૧૦ | ૩-૧૧ | ૪-૦ | ૪-૭ | ૪-૮ | ૪-૯ | ૪-૧૦ |
| માઘ | ૩-૧૧ | ૩-૧૦ | ૩-૯ | ૩-૮ | ૪-૯ | ૪-૮ | ૪-૭ | ૪-૬ |
| ફાલ્ગુન | ૩-૭ | ૩-૬ | ૩-૫ | ૩-૪ | ૪-૩ | ૪-૨ | ૪-૧ | ૪-૦ |
| ચૈત્ર | ૩-૩ | ૩-૨ | ૩-૧ | ૩-૦ | ૩-૧૧ | ૩-૧૦ | ૩-૯ | ૩-૮ |
| વૈશાખ | ૨-૧૧ | ૨-૧૦ | ૨-૯ | ૨-૮ | ૩-૭ | ૩-૬ | ૩-૫ | ૩-૪ |
| જ્યેષ્ઠ | ૨-૭ | ૨-૬ | ૨-૫ | ૨-૪ | ૩-૧ | ૩-૦ | ૨-૧૧ | ૨-૧૦ |

ઢીંચણને બદલે વેંતથી માપ કરવું હોય તો ઉપરથી અડધું સમજવું.

**ઈતિ દિન પહોર માપનો યંત્ર સંપૂર્ણ.**

## (૭૨) રાત્રિ પહોર જોવાની રીત.

**શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના અધ્યયન ૨૬ ના આધારે.**

જે કાળને વિષે જે જે નક્ષત્ર આખી રાત્રિ પૂર્ણ કરતાં હોય તે નક્ષત્ર રાત્રિના ચોથા ભાગને વિષે આવે, તે વારે પોરસી આવી

જાણવી. રાત્રિની ચોથી પોરસી છેલ્લા ચોથા ભાગને (બે ઘડી રાત્રિનો) પાઉસ (પ્રભાત) કાળ કહે છે. એ વખતે સજ્ઝાયથી નિવર્તીને પ્રતિક્રમણ કરવું. નક્ષત્રો નીચે મુજબ રહે છે :

શ્રાવણમાં ૧૪ રોજ ઘનિષ્ઠા, ૭ રોજ અભિચ, ૮ રોજ શ્રવણ, ૧ ઘનિષ્ઠા,

ભાદ્રપદમાં ૧૪ રોજ ઉત્તરાષાઢા, ૭ રોજ શતભિખા, ૮ રોજ પૂર્વા. ભાદ્રપદ, ૧ રોજ ઉત્તરા ભા.

આસોમાં ૧૪ ,, ઉત્તરાભાદ્રપદ, ૧૫ રોજરેવતી, ૧ રોજ અશ્વતી

કાર્તિકમાં ૧૪ ,, અશ્વની, ૧૫ ,, ભરણી, ૧ રોજ કૃતિકા

માગશરમાં ૧૪ ,, કૃતિકા, ૧૫ ,, રોહિણી, ૧ ,, મૃગશર.

પોષમાં ૧૪ ,, મૃગશર, ૮ ,, આદ્રા, ૭ ,, પુનર્વસુ, ૧ ,, પુષ્ય.

માઘમાં ૧૪ ,, પુષ્ય, ૧૫ ,, અશ્લેષા, ૧ ,, મઘા ફા.

ફાલ્ગુનમાં ૧૪ ,, મઘા., ૧૫ ,, પૂર્વાફાલ્ગુની ૧ ,, ઉ.ફા.

ચૈત્રમાં ૧૪,, ઉત્તરા ફા., ૧૫,, હસ્તિ, ૧,, ચિત્રા.

વૈશાખમાં ૧૪ ,, ચિત્રા, ૧૫ ,, સ્વાતિ, ૧ ,, વિશાખા

જ્યેષ્ટમાં ૧૪ ,, વિશાખા, ૧૫ ,, અનુરાધા, ૧ ,, જ્યેષ્ટા.

અષાડમાં ૧૪ ,, જ્યેષ્ટા, ૧૫ ,, મૂળ અને ૧ ,, પૂર્વાષાઢા

છેલ્લો એકેક રોજ લખ્યો તે નક્ષત્ર પૂર્ણિમાએ હોય તે મહિનાનો છેલ્લો દિવસ સમજવો. આ મહિના વદ ૧ થી શરૂ થાય છે. વદમાં ગુજરાતી માસથી આગળનો સમજવો. સુદમાં સાથે છે.

ઇતિ રાત્રિ પહોર જોવાની રીત સંપૂર્ણ.

# (૭૩) ૧૪ પૂર્વનો યંત્ર.

| ૧૪ પૂર્વનાં નામ | પદ સંખ્યા | કર્તા | વત્થુ | ચુલ વત્થુ | શાહી હસ્તિ | વિષય-વર્ણન |
|---|---|---|---|---|---|---|
| ઉત્પાદ | ક્રોડ | પાં ચ | ૧૦ | ૪ | ૧ | સર્વ દ્રવ્ય ગુણ પર્યાયનુ ઉત્પાત્ર અને નાશ |
| અગ્રણીય | ૭૦ લાખ | માં | ૧૪ | ૧૨ | ૨ | સર્વ. દ્ર. ગુ. પ. નું જાણપણું |
| વીર્ય | ૬૦ ,, | ગ ણ | ૮ | ૮ | ૪ | જીવોના વીર્યનું વર્ણન |
| અસ્તિ નાસ્તિ | ૧ ક્રોડ | ધ ર | ૧૮ | ૧૦ | ૮ | અસ્તિ નાસ્તિનું સ્વરૂપ અને સ્યાદ્વાદ |
| જ્ઞાન પ્રવાદ | ૨ ,, | શ્રી | ૧૨ | ૦ | ૧૬ | પાંચ જ્ઞાનનું વ્યાખ્યાન |
| સત્ય ” | ૨૬ ,, | | ૨ | ૦ | ૩૨ | સત્યસંયમનું વ્યાખ્યાન |
| આત્મા ,, | ૧ ક્રોડ ૮૦ લાખ | સુ ધ | ૧૬ | ૦ | ૬૪ | નય, પ્રમાણ, દર્શન સહિત આત્મસ્વરૂપ |
| કર્મ ,, | ૮૪ લાખ | ર્મા | ૩૦ | ૦ | ૧૨૮ | કર્મ પ્રકૃતિ, સ્થિતિ અનુભાગ, મૂળ ઉત્તર પ્રકૃતિ |
| પ્રત્યાખ્યાન ,, | ૧ ક્રોડ, ૧ હજાર | સ્વા મી | ૨૦ | ૦ | ૨૫૬ | પ્રત્યાખ્યાનનું પ્રતિપાદ |
| વિદ્યા ,, | ૨૬ ક્રોડ | | ૧૫ | ૦ | ૫૧૨ | વિદ્યાના અતિશયનું |
| કલ્યાણક | ૧ ક્રોડ | | ૧૨ | ૦ | ૧૦૨૪ | ભગવાન્ ના કલ્યાણનું ,, |
| પ્રાણાવાય | ૯ ,, | | ૧૩ | ૦ | ૨૦૪૮ | ભેદસહિતપ્રાણનાવિષયનું |
| ક્રિયાવિશાલ | ૧૨ ,, ૫૦ લાખ | | ૩૦ | ૦ | ૪૦૯૬ | ક્રિયાનું વ્યાખ્યાન. |
| લોકબિંદુસાર | ૯૬ લાખ | | ૨૫ | ૦ | ૮૧૯૨ | બિંદુમાં લોકસ્વરૂપ, સર્વ અક્ષર સન્નિપાત. |

વત્થુઃ અધ્યયન, ચુલવત્થુ - વત્થુનાં પેટા ભેદ (અંતરભેદ)

અંબાડી સહિત હાથીના જેટલા શાહીના ઢગલાથી ૧ પૂર્વ લખાય, એમ ૧૪ પૂર્વ લખવા માટે કુલ ૧૬૩૮૩ હાથી પ્રમાણ શાહી જોઈએ. એટલી શાહીએ લખી શકાય એટલા જ્ઞાનને ૧૪ પૂર્વનું જ્ઞાન કહેવું.

ઈતિ ૧૪ પૂર્વનો યંત્ર સંપૂર્ણ.

## (૭૪) સમ્યક પરાક્રમના ૭૩ બોલ.

**શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના ૨૯ મા અધ્યયનના આધારે.**

(૧)વૈરાગ્ય તે મોક્ષ પહોંચવાની અભિલાષા.

(૨) વિષય ઉપર અભિલાષા રહિતપણું.

(૩) ધર્મ કરવાની શ્રદ્ધા.

(૪) ગુરૂ સ્વધર્મીની સેવાભક્તિ કરવી.

(૫) પાપનું આળોવવું (કહેવું).

(૬) આત્મદોષની આત્મસાક્ષીએ નિંદા કરે.

(૭) ગુરૂ સમીપે પાપની નિંદા કરે

(૮) સામાયિક (સાવદ્ય પાપ નિવૃત્તિની મર્યાદા) કરે.

(૯) તીર્થંકરોની સ્તુતિ કરે.

(૧૦) ગુરૂને વંદણા કરે.

(૧૧) પાપ નિવર્તન પ્રતિક્રમણ કરે.

(૧૨) કાઉસગ્ગ કરે. (૧૩) પ્રત્યાખ્યાન કરે. (૧૪) સંધ્યાવેળાએ પ્રતિક્રમણ કરીને નમોત્થુણં કહે, સ્તુતિ મંગળ કરે. (૧૫) સ્વાધ્યાયનો કાળ પ્રતિલેખે. (૧૬) પ્રાયશ્ચિત લે.

(૧૭) ખમાવે. (૧૮) સ્વાધ્યાય કરે (૧૯) સિદ્ધાંતની વાંચણી દે. (૨૦) સૂત્ર - અર્થના પ્રશ્ન પૂછે. (૨૧) વારંવાર સૂત્રજ્ઞાન ફેરવે. (૨૨) સૂત્રાર્થ ચિંતવે. (૨૩) ધર્મકથા કહે. (૨૪) સિદ્ધાંતની આરાધના કરે. (૨૫) એકાગ્ર શુભ મનની સ્થાપના કરે. (૨૬) સત્તર ભેદે સંયમ પાળે. (૨૭) બાર ભેદ તપ કરે. (૨૮) કર્મ ટાળે. (૨૯) વિષયસુખ ટાળે. (૩૦) અપ્રતિબંધપણું કરે. (૩૧) સ્ત્રી-પશુ-પંડગ (નપુંસક) રહિત સ્થાન ભોગવે. (૩૨) વિશેષે કરી વિષયથી નિવર્તે. (૩૩) પોતાનો તથા બીજાનો લાવેલ આહાર - વસ્ત્રાદિ ભેગા કરી વહેંચી લ્યે તે સંભોગ; તેનું પચ્ચખાણ કરે. (૩૪) ઉપકરણના પચ્ચખાણ કરે. (૩૫) સદોષ આહાર લેવાના પચ્ચખાણ કરે. (૩૬) કષાયના પચ્ચ૦ (૩૭) અશુભ યોગના પચ્ચ૦ (૩૮) શરીર શુશ્રુષાના પચ્ચ૦ (૩૯) શિષ્યના પચ્ચ૦ (૪૦) આહાર પાણીના પચ્ચ૦ (૪૧) દિશારૂપ અનાદિ સ્વભાવના પચ્ચ૦ (૪૨) કપટાઈ રહિત યતિના વેશે અને આચારે પ્રવર્તે. (૪૩) ગુણવંત સાધુની સેવા કરે. (૪૪) જ્ઞાનાદિ સર્વગુણ સંપન્ન હોય. (૪૫) રાગ દ્વેષ રહિત પ્રવર્તે, (૪૬) ક્ષમા સહિત પ્રવર્તે. (૪૭) લોભરહિત પ્રવર્તે. (૪૮) અહંકારરહિત પ્રવર્તે. (૪૯) સરળ (નિષ્કપટ) પણે પ્રવર્તે. (૫૦) શુદ્ધ અંતઃકરણ (સત્યતા) થી પ્રવર્તે. (૫૧) કરણ સત્ય (સવિધિ ક્રિયાકાંડ કરતા) પ્રવર્તે. (૫૨) જોગ (મન, વચન, કાયા) સત્ય પ્રવર્તે. (૫૩) પાપથી મન નિવારીને મન ગુપ્તિપણે પ્રવર્તાવે. (૫૪) વચનગુપ્તિપણે પ્રવર્તાવે. (૫૫) કાયાને (ગુપ્તિપણે) પ્રવર્તાવે. (૫૬) મનને સત્ય ભાવે સ્થાપવાપણે પ્રવર્તાવે. (૫૭) વચનને (સ્વાધ્યાયાદિ પર) સત્ય ભાવે સ્થાપવાપણે પ્રવર્તાવે. (૫૮) કાયાને સત્ય ભાવે પ્રવર્તાવે. (૫૯) શ્રુત જ્ઞાનાદિથી સહિત હોય. (૬૦) સમ્યક્ત્વ સહિત હોય. (૬૧) ચારિત્ર સહિત હોય (૬૨) શ્રોત્રેન્દ્રિય - (૬૩) ચક્ષુ ઈ૦ - (૬૪) ઘ્રાણ ઈ૦ -

(૬૫) રસ ઇ૦- (૬૬) સ્પર્શ ઇ૦ - નો નિગ્રહ કરે. (૬૭-૭૦) ક્રોધ, માન, માયા, લોભ જીતે, (૭૧) રાગ, દ્વેષ અને મિથ્યાત્વને જીતે. (૭૨) મન, વચન, કાયાના યોગોને રૂંધીને શૈલેષી અવસ્થા ધારણ કરે અને (૭૩) કર્મો રહિત થઈને મોક્ષ પહોંચે.

એમ આત્મા ૭૩ બોલે કરીને ક્રમશઃ મોક્ષ પહોંચીને શીતળીભૂત થાય.

**ઈતિ સમ્યક્ પરાક્રમના ૭૩ બોલ સંપૂર્ણ.**

## (૭૫) ૧૪ રાજલોક

લોક અસંખ્યાત ક્રોડાક્રોડી યોજનના વિસ્તારમાં છે. એમાંજ પંચાસ્તિકાય ભરેલી છે. અલોકમાં આકાશ સિવાય કંઈ નથી. લોકનું પ્રમાણ બતાવવાને 'રાજ' એવી માપની સંજ્ઞા છે.

એક 'રાજ' (રાજુ) એટલે ? ૩,૮૧, ૧૨,૯૭૦ મણનો ૧ ભાર, એવા ૧૦૦૦ ભાર વજનના એક ગોળાને ઉંચેથી ફેંકે તે ૬ માસ, ૬ દિન, ૬ પ્રહર, ૬ ઘડી, ૬ પળમાં જેટલો નીચે આવે, તેટલા ક્ષેત્રને ૧ રાજુ કહે છે. એવા ૧૪ રાજુ લાંબો (ઊંચો) આ લોક છે. (ગ્રંથના આધારે છે.)

વળી 'રાજના' ૪ પ્રકાર છે. (૧) ઘનરાજ = લંબાઈ, પહોળાઈ, જાડાઈ એકેક રાજુ. (૨) પરતરરાજ = ઘનરાજનો ચોથો ભાગ. (૩) સૂચિરાજ - પરતરરાજનો ચોથો ભાગ અને (૪) ખંડરાજ - સૂચિરાજનો ચોથો ભાગ.

અધોલોક ૭ રાજુ ઝાઝેરૂ જાડપણે છે. તેમાં એકેક રાજુની જાડી એવી ૭ નરક છે.

| નામ | જાડી | પહોળી | ઘનરાજ | પરતરરાજ | સૂચિરાજ | ખંડરાજ |
|---|---|---|---|---|---|---|
| રત્નપ્રભા | ૧રાજુ | ૧ રાજુ | ૧ રાજુ | ૪ રાજુ | ૧૬ રાજુ | ૬૪ રાજુ |
| શર્કર ,, | ,, | ૨॥ ,, | ૬। ,, | ૨૫ ,, | ૧૦૦ ,, | ૪૦૦ ,, |
| વાલુ ,, | ,, | ૪ ,, | ૧૬ ,, | ૬૪ ,, | ૨૫૬ ,, | ૧૦૨૪ ,, |
| પંક ,, | ,, | ૫ ,, | ૨૫ ,, | ૧૦૦ ,, | ૪૦૦ ,, | ૧૬૦૦ ,, |
| ધૂમ્ર ,, | ,, | ૬ ,, | ૩૬ ,, | ૧૪૪ ,, | ૫૭૬ ,, | ૨૩૦૪ ,, |
| તમ ,, | ,, | ૬॥ ,, | ૪૨। ,, | ૧૬૯ ,, | ૬૭૬ ,, | ૨૭૦૪ ,, |
| તમતમા | ,, | ૭ ,, | ૪૯ ,, | ૧૯૬ ,, | ૭૮૪ ,, | ૩૧૩૬ ,, |
| | | ૩૨ | ૧૭૫॥ | ૭૦૨ | ૨૮૦૮ | ૧૧૨૩૨ |

અધોલોકમાં કુલ ૧૭૫॥ ઘનરાજ, ૭૦૨ પરતરરાજ, ૨૮૦૮ સૂચિરાજ, ૧૧૨૩૨ ખંડરાજ હોય છે.

૧૮૦૦ યોજન જાડપણે ૧ રાજ વિસ્તારવાળો તિર્ચ્છો લોક છે. તેમાં અસંખ્યાત દ્વીપ સમુદ્રો (મનુષ્યતિર્યંચનાં સ્થાન) અને જ્યોતિષી દેવો છે. તિર્છો અને ઉર્ધ્વલોક મળીને ૭ રાજુ ઓછેરો છે.

સમભૂમિથી ૧॥ રાજુ ઊંચે પહેલું બીજું દેવલોક છે. ત્યાંથી ૧ રાજુ ઊંચે ત્રીજું ચોથું દેવલોક છે. ત્યાંથી ૦॥ રાજ ઊંચે બ્રહ્મ દેવલોક છે. ૦। રાજે ઊંચે લાંતક દેવલોક, ત્યાંથી ૦। રાજ ઊંચે સાતમું ૦। રાજ ઊંચે આઠમું, ૦॥ રાજ ઊંચે ૯-૧૦ મું દે., ૦॥ રાજ ઊંચે ૧૧ - ૧૨ દે., ૧ રાજ ઊંચે નવ ગ્રૈવેયક, ૧ રાજ ઊંચે ૫ અનુત્તર વિમાન આવે છે. તેનો ક્રમશઃ વધતો ઘટતો વિસ્તાર માટે યંત્ર-

નોટઃ ૧,૨ દેવલોક ઘનોદધિને આધારે, ૩-૪-૫મું દેવલોક ઘનવાયુનાં આધારે, ૬-૭-૮મું બન્નેનાં આધારે, ૯માંથી અનુત્તર વિમાન સુધી આકાશનાં આધારે.

| સ્થાન | જાડ-પણું | વિસ્તાર | ઘનરાજ | પરતર રાજ | સૂચિ રાજ | ખંડરાજ |
|---|---|---|---|---|---|---|
| સમભૂમિથી | ૦ાા | ૧ | ૦ાા | ૨ | ૮ | ૩૨ |
| ત્યાંથી | ૦ાા | ૧ાા | ૧/૧/૮ | ૪ાા | ૧૮ | ૭૨ |
| ત્યાંથી | ૦ા | ૨ | ૧ | ૪ | ૧૬ | ૬૪ |
| ૧-૨દેવલોકથી | ૦ા | ૨ાા | ૧ાા/૧/૬ | ૬ા | ૨૫ | ૧૦૦ |
| ત્યાંથી | ૦ાા | ૩ | ૪ાા | ૧૮ | ૭૨ | ૨૮૮ |
| ૩-૪ દેવલોક | ૦ાા | ૪ | ૮ | ૩૨ | ૧૨૮ | ૫૧૨ |
| ૫ મા ,, | ૦ાાા | ૫ | ૧૮ાાા | ૭૫ | ૩૦૦ | ૧૨૦૦ |
| ૬ છઠા ,, | ૦ા | ૫ | ૬ા | ૨૫ | ૧૦૦ | ૪૦૦ |
| ૭ મા ,, | ૦ા | ૪ | ૪ | ૧૬ | ૬૪ | ૨૫૬ |
| ૮ મા ,, | ૦ા | ૪ | ૪ | ૧૬ | ૬૪ | ૨૫૬ |
| ૯-૧૦ ,, | ૦ાા | ૩ | ૪ાા | ૧૮ | ૭૨ | ૨૮૮ |
| ૧૧-૧૨ ,, | ૦ાા | ૨ાા | ૩૧/૮ | ૧૨ાા | ૫૦ | ૨૦૦ |
| ત્યાંથી | ૦ા | ૨ાા | ૧ાા/૧/૬ | ૬ા | ૨૫ | ૧૦૦ |
| ૯ ગ્રૈવેયક | ૦ાાા | ૨ | ૩ | ૧૨ | ૪૮ | ૧૯૨ |
| ત્યાંથી | ૦ાા | ૧ાા | ૧/૧/૮ | ૪ાા | ૧૮ | ૭૨ |
| ૫ અનુ૦ વિ. | ૦ાા | ૧ | ૦ાા | ૨ | ૮ | ૩૨ |

કુલ ઉર્ધ્વલોકના ૬૩ાા ઘનરાજ થયા. અને આખા લોકના ૨૩૯ ઘનરાજ.

ઇતિ ૧૪ રાજલોક સંપૂર્ણ.

# (૭૬) નારકી

## પન્નવણા પદ-૨

નારકીનાં ૨૧ દ્વાર - ૧ નામ, ૨ ગોત્ર, ૩ જાડપણું, ૪ પહોળાઈ, ૫ પૃથ્વીપિંડ, ૬ કરંડ, ૭ પાથડા, ૮ આંતરા, ૯ પાથડે પાથડાનો આંતરો, ૧૦ ઘનોદધિ, ૧૧ ઘનવાયુ, ૧૨ તન વાયુ, ૧૩ આકાશ, ૧૪ નરક નરકનું અંતર, ૧૫ નરકાવાસા, ૧૬ અલોક અંતર, ૧૭ વલીયા, ૧૮ ક્ષેત્રવેદના, ૧૯ દેવવેદના, ૨૦ વૈક્રિય, ૨૧ અલ્પબહુત્વ દ્વાર. તેનો વિસ્તાર :

૧. નામ દ્વાર - ૧ ઘમા, ૨ વંશા, ૩ શીલા, ૪ અંજના, ૫ રીઠા, ૬ મઘા, ૭ માઘવતી.

૨. ગોત્રદ્વાર - ૧ રત્નપ્રભા, ૨ શર્કરાપ્રભા, ૪ વાલુપ્રભા, ૪ પંકપ્રભા, ૫ ધૂમપ્રભા, ૬ તમપ્રભા, ૭ તમતમા (મહાતમ) પ્રભા.

૩. જાડપણા દ્વાર - પ્રત્યેક નરક એકેક રાજુ જાડી છે,

૪. પહોળપણા દ્વાર - ૧ લી નર્ક ૧ રાજ પહોળી, ૨ જી ૨॥ રાજ, ત્રીજી ૪ રાજ, ચોથી ૫ રાજ, પાંચમી ૬ રાજ, છઠ્ઠી ૬॥ રાજ, અને ૭મી નર્ક ૭ રાજુ વિસ્તારે પહોળી છે. પણ નેરીયા ૧ રાજુ વિસ્તારે (ત્રસનાળ પ્રમાણ) જ છે.

૫. પૃથ્વી પિંડ દ્વાર - પ્રત્યેક નર્ક અસંખ્ય અસંખ્ય યોજનની છે. પણ પૃથ્વીપિંડ ૧ લી નર્કનો ૧,૮૦,૦૦૦ યો૦, બીજીનો ૧૩૨૦૦૦ યો૦, ત્રીજીનો ૧૨૮૦૦૦ યો૦, ચોથીનો ૧૨૦૦૦૦ યો૦, પાંચમીનો ૧,૧૮,૦૦૦ યો૦, છઠ્ઠીનો ૧,૧૬,૦૦૦ યો૦, અને સાતમીનો ૧,૦૮,૦૦૦ યોજનનો પૃથ્વીપિંડ છે.

૬. કરંડ દ્વાર - પહેલી નર્કમાં ૩ કરંડ છે. (૧) ખરકાંડ -

૧૬ જાતના રત્નમય ૧૬ હજાર યોજનનો, (૨) આયુલબહુ - પાણીમય ૮૦ હજાર યોજનનો, (૩) પંકબહૂલ-કર્દમમય ૮૪ હજાર યોજનનો. કુલ ૧,૮૦,૦૦૦ યોજન છે. શેષ ૬ નરકમાં કરંડ નથી.

૭. પાથડા, આંતર દ્વાર - પૃથ્વી પિંડમાંથી ૧૦૦૦ યોજન ઉપર અને ૧૦૦૦ યોજન નીચે છોડીને બાકીની પોલારમાં આંતરા અને પાથડા છે. ફક્ત ૭ મી નર્કમાં ૫૨૫૦૦ યો૦ ઉપર, ૫૨૫૦૦ યો૦ નીચે છોડીને ૩૦૦૦ યોજનનો ૧ પાથડો છે.

પહેલી નર્કમાં ૧૩ પાથડા, ૧૨ આંતરા છે.

બીજી નર્કમાં ૧૧ પાથડા, ૧૦ આંતરા છે.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ત્રીજી | ,, | ૯ | ,, | ૮ | ,, |
| ચોથી | ,, | ૭ | ,, | ૬ | ,, |
| પાંચમી | ,, | ૫ | ,, | ૪ | ,, |
| છઠ્ઠી | ,, | ૩ | ,, | ૨ | ,, |
| સાતમી | ,, | ૧ | ,, | ૦ | ,, |

પહેલી નર્કના ૧૨ આંતરામાંથી ૨ ઉપરના છોડીને શેષ ૧૦ આંતરામાં દશ જાતના ભવનપતિ દેવો વસે છે, શેષ નર્કોમાં ભવનપતિ દેવોનો વાસ નથી. દરેક પાથડો ૩૦૦૦ યોજનનો છે. તેમાં ૧૦૦૦ યો૦ ઉપર, ૧૦૦૦ યો૦ નીચે છોડીને, મધ્યના ૧૦૦૦ યોજનમાં નારકીને ઉપજવાની કુંભીઓ હોય છે.

૯ પાથડે પાથડાનું અંતર - ૧ લી નર્કમાં ૧૧૫૮૩ ૧/૩ યો૦, બીજીમાં ૯૭૦૦ યો૦, ત્રીજીમાં ૧૨૭૫૦ યો૦, ચોથીમાં ૧૬૧૬૬ $\frac{2}{3}$ યો૦, પાંચમીમાં ૨૫૨૫૦ યો૦, છઠ્ઠીમાં ૫૨૫૦૦

યોજનનું અંતર (છેટું) છે, સાતમીમાં એક જ પાથડો છે.

૧૦ ઘનોદધિ દ્વાર - પ્રત્યેક નરકના નીચે ૨૦ હજાર યોજન નો ઘનોદધિ છે.

૧૧. ઘનવાયુ દ્વાર - પ્રત્યેક નરકના ઘનોદધિ નીચે અસંખ્ય યોજન નો ઘનવાયુ છે.

૧૨. તનવાયુ દ્વાર - પ્રત્યેક નરકના ઘનવાયુ નીચે અસંખ્ય યોજન નો તનવાયુ છે.

૧૩. આકાશ દ્વાર - પ્રત્યેક નરકના તનવાયુ નીચે અસંખ્ય યોજન નો આકાશ છે.

૧૪. નરક-નરકનું આંતર - એક બીજી નરક ને અસંખ્ય અસંખ્ય યો૦ નું અંતર છે.

૧૫. નરકાવાસા દ્વાર - ૧ લી નર્કમાં ૩૦ લાખ, ૨જીમાં ૨૫ લાખ, ત્રીજીમાં ૧૫ લાખ, ચોથીમાં ૧૦ લાખ, પાંચમીમાં ૩ લાખ, છઠ્ઠીમાં ૯૯૯૯૫ અને સાતમી નર્કમાં ૫ નરકવાસા છે. એમ ૮૪ લાખ નરકાવાસમાં ૪/૫ ભાગ (૬૭,૨૦,૦૦૦) નરકાવાસા અસંખ્યાતા યોજનનાં લાંબા પહોળા છે તથા ૧/૫ ભાગ (૧૬,૮૦,૦૦૦) સંખ્યાતા યોજનનાં લાંબા પહોળા છે.

ત્રણ ચપટી વગાડતાં જંબુદ્વીપની ૨૧ વાર પ્રદક્ષિણા કરવાની ગતિવાળા દેવને જ૦ ૧-૨-૩ દિન, ઉ૦ ૬ માસ લાગે. કેટલાકનો છેડો આવે અને કેટલાકનો ન આવે, એવા વિસ્તારવાળા અસંખ્ય યોજનના નરકાવાસા કોઈ કોઈ છે.

૧૬. અલોક અંતર, ૧૭. વલીયા દ્વાર - અલોક અને નારકીને અંતર છે, તેમાં ઘનોદધિ અને તનવાયુના ત્રણ વલય (ચુડી આકારે) છે. તે નીચે મુજબ : -

| નરક | રત્નપ્ર૦ | શર્કરપ્ર૦ | વાલુ ૦પ્ર૦ | પંકપ્ર૦ | ધુમ૦પ્ર૦ | તમ પ્ર૦ | તમતમા પ્ર૦ |
|---|---|---|---|---|---|---|---|
| અલોક અંતર | ૧૨યો૦ | ૧૨ ૨/૩ યો૦ | ૧૩ ૧/૩ યો૦ | ૧૪યો. | ૧૪ ૨/૩ યો૦ | ૧૫ ૧/૩ | ૧૬ યો૦ |
| વલય સંખ્યા | ૩ | ૩ | ૩ | ૩ | ૩ | ૩ | ૩ |
| ઘનો-દધિ | ૬ યો૦ | ૬ ૧/૩ યો૦ | ૬ ૨/૩ યો૦ | ૭યો૦ | ૭ ૧/૩ યો૦ | ૭ ૨/૩ યો૦ | ૮ યો૦ |
| ઘન-વાત | ૪॥ ,, | ૪॥। ,, | ૫ ,, | ૫। ,, | ૫॥ ,, | ૫॥। ,, | ૬ યો૦ |
| તન-વાત | ૧॥ ,, | ૧॥ ૧/૧૨ | ૧॥ ૨/૧૨, | ૧॥। , | ૧॥। ૧/૧૨, | ૧॥। ૨/૧૨, | ૨ યો૦ |

૧૮. ક્ષેત્રવેદના દ્વાર - ૧૦ પ્રકારની છે અનંત - ક્ષુધા, તૃષા, શીત, ઉષ્ણ, દાહ, જ્વર, ડર, ચિંતા, ખુજલી અને પરાધિનતા. એકથી બીજીમાં બીજીથી ત્રીજીમાં એમ અનંતગણી વેદના સાતમી નર્ક સુધી છે. નર્કમાં નામ પ્રમાણેના પદાર્થોની પણ અનંતી વેદના છે.

૧૯. દેવકૃત વેદના - ૧-૨-૩ નરકમાં પરમાધામી દેવો પૂર્વકૃત પાપો યાદ કરાવી કરાવીને વિવિધ પ્રકારે માર દુઃખ દે છે. શેષ નારકી જીવો પરસ્પર લડીને કપાય છે.

૨૦. વૈક્રિય દ્વાર - નારકી ખરાબ (તીક્ષ્ણ) શસ્ત્ર જેવાં રૂપ બનાવે છે અથવા વજ્ર મુખ કીડારૂપ થઈને બીજાનારકીના શરીરમાં પ્રવેશે છે. અંદર ગયા બાદ મોટું રૂપ બનાવીને શરીરના ટુકડે ટુકડા કરે છે.

૨૧. અલ્પબહુત્વ દ્વાર - સૌથી થોડા સાતમી નરકના

નેરિયા. તેથી ઉપર ઉપરના અસંખ્યાતગણા નેરિયા જાણવા. શેષ વિસ્તાર ૨૪ દંડકાદિ થોકડામાંથી જાણવો.

ઇતિ નારકી સંપૂર્ણ.

## (૭૭) ભવનપતિ.

### પન્નવણા-પદ-૨ (જીવાભિગમ)

ભવનપતિ દેવોનાં ૨૧ દ્વાર - ૧ નામ, ૨ વાસા, ૩ રાજધાની, ૪ સભા, ૫ ભવન સંખ્યા, ૬ વર્ણ, ૭ વસ્ત્ર, ૮ ચિન્હ, ૯ ઇન્દ્ર, ૧૦ સામાનિક, ૧૧ લોકપાલ, ૧૨ ત્રાયસ્ત્રિંશ, ૧૩ આત્મરક્ષક, ૧૪ અનીકા, ૧૫ દેવી, ૧૬ પરિષદા, ૧૭ પરિચારણા, ૧૮ વૈક્રિય, ૧૯ અવધિ, ૨૦ સિદ્ધ, ૨૧ ઉત્પન્ન - દ્વાર.

**૧ નામ દ્વાર :** ૧૦ ભેદ - ૧ અસુર કુમાર, ૨ નાગ કુ૦, ૩ સુવર્ણ કુ૦, વિદ્યુત કુ૦, ૫અગ્નિ કુ૦, ૬ દ્વીપ કુ૦, ૭ ઉદધિ કુ૦, ૮ દિશા કુ૦, ૯ વાયુ (પવન) કુ૦ અને ૧૦ સ્તનિત્ કુમાર.

**૨. વાસા દ્વાર :** ૧લી નર્કમાં આવેલા ૧૨ આંતરા પૈકીના નીચેના ૧૦ આંતરામાં દશ જાતિના ભ૦ દેવો છે.

**૩. રાજધાની દ્વાર :** ભ૦ ની રાજધાની તિર્ચ્છા લોકના અરૂણવર દ્વીપ - સમુદ્રોમાં ઉત્તર દિશામાં અમરચંચા બલેન્દ્રની રાજધાની છે અને બીજા નવનિકાયના દેવોની પણ રાજધાનીઓ છે. દક્ષિણ દિશામાં ચમરચંચા ચમરેન્દ્રની અને નવનિકાયના દેવોની પણ રાજધાનીઓ છે.

**૪. સભા દ્વાર :** એકેક ઇન્દ્રને ૫ પાંચ સભા છે. (૧) ઉત્પાત સભા (દેવ ઉપજવાનાં સ્થાન), (૨) અભિષેક

સભા (ઈન્દ્રના રાજ્યાભિષેકનું સ્થાન), (૩) અલંકાર સભા (દેવોને વસ્ત્રાભૂષણ - અલંકાર સજવાનું સ્થાન), (૪) વ્યવસાય સભા (દેવ યોગ્ય ધર્મ - નીતિનાં પુસ્તકોનું સ્થાન). અને (૫) સૌધર્મી સભા (ન્યાય ઈન્સાફ કરવાનું સ્થાન).

૫. ભવન સંખ્યા : કુલ ભવન ૭,૭૨,૦૦,૦૦૦ છે. તેમાં ૪ ક્રોડ, ૬ લાખ ભવન દક્ષિણમાં અને ૩ ક્રોડ, ૬૬ લાખ ભવન ઉત્તર દિશામાં છે. વિસ્તાર યંત્રથી જાણવો.

૬. વર્ણ, ૭. વસ્ત્ર, ૮. ચિન્હ અને ૯. ઈન્દ્ર દ્વાર : યંત્રથી વિસ્તાર જાણવો.

| | ભવન | | | | | ઈન્દ્ર બબ્બે | |
|---|---|---|---|---|---|---|---|
| નામ | ઉત્તરમાં | દક્ષિણમાં | વર્ણ | વસ્ત્રવર્ણ | ચિન્હ | ઉત્તરના | દક્ષિણના |
| અસુર કુ૦ | લાખ ૩૦ | લાખ ૩૪ | કાળો | રાતા | ચુડામણિ | બલેન્દ્ર | ચમરેન્દ્ર |
| નાગ ,, | ૪૦ | ૪૪ | ધોળો | નીલા | નાગફેણ | ભૂતેન્દ્ર | ધરણેન્દ્ર |
| સુવર્ણ ,, | ૩૪ | ૩૮ | સુવર્ણ | ધોળા | ગરૂડ | વેણુદાલી | વેણુદેવ |
| વિદ્યુત ,, | ૩૬ | ૪૦ | રાતો | નીલા | વજ્ર | હરિસિંહ | હરિકંત |
| અગ્નિ ,, | ૩૬ | ૪૦ | ,, | ,, | કલશ | અગ્નિ માનવ | અગ્નિ સિંહ |
| દ્વીપ ,, | ૩૬ | ૪૦ | ,, | ,, | સિંહ | વિશિષ્ટ | પૂર્ણ |
| ઉદધિ ,, | ૩૬ | ૪૦ | સુવર્ણ | સફેદ | ગજ | અમૃત વાહન | અમૃત ગતિ |
| દિશા ,, | ૩૬ | ૪૦ | પાંડૂર | નીલા | અશ્વ | જલપ્રભ | જલકંત |
| વાયુ (પવન) ,, | ૪૬ | ૫૦ | શ્યામ | પંચવર્ણી | મગર | પ્રભંજન | વેલવ |
| સ્તનિત ,, | ૩૬ | ૪૦ | સુવર્ણ | સફેદ | વર્ધમાન | મહાઘોષ | ઘોષ |

૧૦. સામાનિક દેવ : (ઇંદ્રના ઉમરાવ જેવા દેવો) ચમરેંદ્રના ૬૪૦૦૦, બલેન્દ્રના ૬૦ હજાર અને શેષ ૧૮ ઈંદ્રોના છ છ હજાર સામાનિક દેવો છે.

૧૧. લોકપાલ દેવ : (કોટવાલ જેવાં) દરેક ઈન્દ્રોને ચાર ચાર લોકપાલ દેવો છે.

૧૨. ત્રાયસ્ત્રિંશ દેવ : (રાજગુરૂ જેવા) દરેક ઇંદ્રોને તેત્રીસ તેત્રીસ ત્રાયસ્ત્રિંશ દેવો છે.

૧૩. આત્મરક્ષક દેવ : ચમરેન્દ્રને ૨૫૬૦૦૦ દેવ, બલેન્દ્રને ૨૪૦ ૦૦૦ દેવ અને શેષ ઇન્દ્રોને ૨૪-૨૪ હજાર દેવો છે.

૧૪ અનીકા દ્વાર (સેના) : હાથી, ઘોડા, રથ, મહેલ, પાયદલ, ગંધર્વ, નૃત્યકાર એવં ૭ પ્રકારની અનીકા હોય છે. પ્રત્યેક અનીકાની દેવસંખ્યા ચમરેન્દ્રને ૮૧૨૮૦૦૦, બલેન્દ્રને ૭૬૨૦૦૦૦ અને ૧૮ ઇંદ્રને ૩૫૫૬૦૦૦ દેવો હોય છે.

૧૫. દેવી દ્વાર : ચમરેન્દ્રની તથા બલેન્દ્રની ૫-૫ અગ્રમહિષી (પટરાણી) છે. પ્રત્યેક પટરાણીને આઠ હજાર દેવીઓનો પરિવાર છે. એકેક દેવી આઠ હજાર વૈક્રિય કરે એટલે ૩૨ ક્રોડ વૈક્રિય રૂપો થાય. શેષ ૧૮ ઈંદ્રોની છ છ અગ્રમહિષી, એકેકને છ છ હજાર દેવીનો પરિવાર અને બધી છ છ હજાર વૈક્રિય કરે. એમ ૨૧ ક્રોડ, ૬૦ લાખ વૈક્રિય રૂપ થાય.

૧૬. પરિષદા દ્વાર : પરિષદા (સભા) ત્રણ પ્રકારની છે.

૧ આભ્યંતર સભા : સલાહયોગ્ય વડેરાની સભા, જે માનપૂર્વક બોલાવ્યેથી આવે.

૨ મધ્યમ સભા : સામાન્ય વિચારવાળા દેવોની સભા, જે બોલાવ્યેથી આવે, વિનામોકલે જાય.

૩ બાહ્ય સભા : જેને હુકમ દઈ શકાય એવા દેવોની સભા, જે વિનાબોલાવ્યે આવે ને જાય.

| ઈન્દ્રો | આભ્યંતર સભા | | મધ્ય સભા | | બાહ્ય સભા | |
|---|---|---|---|---|---|---|
| | દેવસંખ્યા | સ્થિતિ | દેવસંખ્યા | સ્થિતિ | દેવસંખ્યા | સ્થિતિ |
| ચમરેન્દ્ર | ૨૪૦૦૦ | ૨॥ પલ્ય | ૨૮૦૦૦ | ૨ પલ્ય | ૩૨૦૦૦ | ૧॥ પલ્ય |
| બલેન્દ્ર | ૨૦૦૦૦ | ૩॥ ,, | ૨૪૦૦૦ | ૩ ,, | ૨૮૦૦૦ | ૨॥ ,, |
| દક્ષિણના ૯ ઈન્દ્ર | ૬૦૦૦૦ | ૧ ,, | ૭૦૦૦૦ | ૦॥। ,, | ૮૦૦૦૦ | ૦॥ ,, |
| ઉત્તરના ૯ ઈન્દ્ર | ૫૦૦૦૦ | ૦॥ ,, અધિક | ૬૦૦૦૦ | ૦॥ ,, અધિક | ૭૦૦૦૦ | ૦॥ ,, ન્યુન |

| ઈન્દ્રો | આભ્યંતર સભા | | મધ્ય સભા | | બાહ્ય સભા | |
|---|---|---|---|---|---|---|
| | દેવીસંખ્યા | સ્થિતિ | દેવીસંખ્યા | સ્થિતિ | દેવીસંખ્યા | સ્થિતિ |
| ચમરેન્દ્ર | ૩૫૦ | ૧॥ પલ્ય | ૩૦૦ | ૧ પલ્ય | ૨૫૦ | ૦॥ પલ્ય |
| બલેન્દ્ર | ૪૫૦ | ૨॥ ,, | ૪૦૦ | ૨ ,, | ૩૫૦ | ૧॥ ,, |
| દક્ષિણના ૯ ઈન્દ્ર | ૧૭૫ | ૦॥ ,, ન્યૂન | ૧૫૦ | ૦। ,, અધિક | ૧૨૫ | ૦। ,, |
| ઉત્તરના ૯ ઈન્દ્ર | ૨૨૫ | ૦॥ પલ્ય | ૨૦૦ | ૦॥ પલ્ય ન્યૂન | ૧૭૫ | ૦। ,, અધિક |

૧૭ પરિચારણા દ્વાર : (મૈથુન) પાંચ પ્રકારો : મન, રૂપ, શબ્દ, સ્પર્શ, અને કાર્ય પરિચારણા (મનુષ્યવત્ દેવી સાથે ભોગ).

૧૮ વૈક્રિય દ્વાર : વૈક્રિયરૂપ કરે તો-

ચમરેન્દ્ર, દેવ-દેવીથી આખો જંબુદ્વીપ ભરે, અસંખ્ય દ્વીપ ભરવાની શક્તિ છે, પણ ભરે નહિ.

બલેન્દ્ર દેવ-દેવીથી સાધિક જંબુદ્વીપ ભરે, અસંખ્ય દ્વીપ ભરવાની શક્તિ છે, પણ ભરે નહિ.

શેષ ૧૮ ઈંદ્રો દેવ દેવીથી આખો જંબુદ્વીપ ભરે, સંખ્યાતા દ્વીપ ભરવાની શકિત છે, પણ ભરે નહિ.

લોકપાલ દેવીની શક્તિ સંખ્યાત દ્વીપ ભરવાની. બાકી સૌના સામાનિક, ત્રાયસ્ત્રિંશ દેવ-દેવી અને લોકપાલ દેવની વૈક્રિય શક્તિ પોતાના ઈન્દ્રવત્, વૈક્રિયનો કાળ ૧૫ દિવસનો જાણવો.

૧૯ અવધિ દ્વાર - અસુરકુમાર દેવો જ૦ ૨૫ યો૦, ઉ૦ ઉર્ધ્વ સૌધર્મ દેવલોક, નીચે ત્રીજી નર્ક, તિર્છા અસંખ્ય દ્વીપસમુદ્ર સુધી જાણે દેખે. શેષ ૯ જાતના ભ૦ દેવો જ૦ ૨૫યો૦, ઉ૦ ઉંચે જ્યોતિષીનું તળું, નીચે પહેલી નર્ક, તિર્છા સંખ્યાતા દ્વીપસમુદ્રો સુધી જાણે-દેખે.

૨૦ સિદ્ધ દ્વાર - ભવનપતિમાંથી નીકળેલા દેવો મનુષ્ય થઈ ૧ સમયમાં ૧૦ જીવ મોક્ષ જઈ શકે. ભ૦ દેવીઓ નીકળીને ૫ જીવ મોક્ષ જઈ શકે.

૨૧ ઉત્પન્ન દ્વાર : સર્વ પ્રાણ, ભૂત, જીવ, સત્વ, ભવનપતિ દેવ દેવીપણે અનંત વાર ઉપજ્યા, પણ સત્ય જ્ઞાન વિના ગરજ સરી નહિ. શેષ વિસ્તાર લઘુદંડક આદિ થોકડાથી જાણવો.

ઈતિ ભવનપતિ સંપૂર્ણ.

## (૭૮) વાણવ્યંતર. (જીવાભિગમ)

**વાણવ્યંતરનાં ૨૧ દ્વાર** - ૧ નામ. ૨, વાસા, ૩ નગર, ૪. રાજધાની, ૫ સભા, ૬ વર્ણ, ૭ વસ્ત્ર ૮ ચિન્હ, ૯ ઈન્દ્ર, ૧૦. સામાનિક, ૧૧ આત્મરક્ષક, ૧૨ પરિષદા, ૧૩ દેવી,

૧૪. અનીકા, ૧૫ વૈક્રિય, ૧૬ અવધિ, ૧૭ પરિચારણા, ૧૮ સુખ, ૧૯. સિદ્ધ ૨૦ ભવ, અને ૨૧ ઉત્પન્ન દ્વાર.

૧. નામદ્વાર - ૧૬ વ્યંતર - ૧. પિશાચ, ૨ ભૂત, ૩ જક્ષ, ૪. રાક્ષસ, ૫. કિન્નર, ૬. કિંપુરુષ, ૭. મહોરગ, ૮. ગંધર્વ, ૯. આણપન્ની, ૧૦. પાણપન્ની, ૧૧ ઇસીવાય, ૧૨ ભૂયવાય, ૧૩. કંદિય, ૧૪ મહાકંદિય, ૧૫ કોહંડ અને ૧૬ પયંગદેવ.

૨. વાસાદ્વાર - રત્નપ્રભા નર્કનો ઉપલો ૧ હજાર યો૦નો જે પિંડ છે તેમાં ૧૦૦ યો૦ ઉપર, ૧૦૦ યો૦ નીચે છોડીને ૮૦૦ યો૦ માં ૮ જાતિના વ્યંતર દેવો રહે છે. અને ઉપરના ૧૦૦ યો૦ પિંડમાં ૧૦ યો૦ ઉપર, ૧૦ યો૦ નીચે છોડીને ૮૦ યો૦ માં ૯ થી ૧૬ જાતિના વાણવ્યંતર દેવો રહે છે. (એક માન્યતા એમ કહે છે કે ૮૦૦ યો૦ માં વ્યંતર દેવો અને ૮૦ યો૦ માં ૧૦ જૃમ્ભકા દેવો વસે છે),

૩. નગર દ્વાર - ઉપરના વાસામાં વાણવ્યંતર દેવોના અસંખ્યાતા નગર છે તે સંખ્યાતા સંખ્યાતા યોજનના વિસ્તારવાળા અને રત્નમય છે.

૪. રાજધાની દ્વાર - ભવનપતિથી થોડા વિસ્તારવાળી પ્રાયઃ ૧૨ હજાર યોજનની તિર્છા લોકના દ્વીપસમુદ્રોમાં રત્નમય રાજધાની છે.

૫. સભા દ્વાર - એકેક ઇન્દ્રને ૫-૫ સભાઓ છે, ભવન-પતિ વત્.

૬. વર્ણ દ્વાર - યક્ષ, પિશાચ, મહોરગ, ગંધર્વનો શ્યામવર્ણ કિન્નરનો નીલો, રાક્ષસ અને કિંપુરુષનો ધોળો, ભૂતનો કાળો વર્ણ : એ વાણવ્યંતર દેવો માફક બાકીના ૮ વ્યંતર દેવોનાં શરીર વર્ણ જાણવા.

૭. વસ્ત્ર દ્વાર - પિશાચ, ભૂત, રાક્ષસને નીલાં વસ્ત્ર. યક્ષ, કિન્નર, કિંપુરુષને પીળાવસ્ત્ર. મહોરગ-ગર્ધવનાં શ્યામ વસ્ત્ર, એમ શેષ વ્યંતરોનાં વસ્ત્ર.

૮. ચિન્હ અને ૯ ઈન્દ્ર દ્વાર - દરેક વાણવ્યંતરની જાતના બબ્બે ઈન્દ્ર છે.

| વ્યં૦ દેવ | દક્ષિણ ઈન્દ્ર | ઉત્તર ઈન્દ્ર | ધ્વજા પર ચિન્હ |
|---|---|---|---|
| પિશાચ | કાલેન્દ્ર | મહાકાલેન્દ્ર | કદંબ વૃક્ષ |
| ભૂત | સુરૂપેન્દ્ર | પ્રતિરૂપેન્દ્ર | સુલક્ષ વૃક્ષ |
| યક્ષ | પૂર્ણેન્દ્ર | મણિભદ્ર | વડ વૃક્ષ |
| રાક્ષસ | ભીમ | મહાભીમ | ખટંક ઉપકર |
| કિન્નર | કિન્નર | કિંપુરૂષ | અશોક વૃક્ષ |
| કિંપુરૂષ | સાપુરૂષ | મહા પુરૂષ | ચંપક ,, |
| મહોરગ | અતિકાય | મહાકાય | નાગ ,, |
| ગંધર્વ | ગતિરતિ | ગતિયશ | તુંબરૂ ,, |
| આણપન્ની | સનિહિ | સામાની | કદંબ ,, |
| પાણપન્ની | ધાઈ | વિધાઈ | સુલક્ષ ,, |
| ઈસીવાય | ઋષિ | ઋષિપાલ | વડ ,, |
| ભુયવાય | ઈશ્વર | મહેશ્વર | ખટંક ઉપકર |
| કંદિય | સુવિચ્છ | વિસાળ | અશોક વૃક્ષ |
| મહાકંદિય | હાસ્ય | હાસ્યરતિ | ચમ્પક ,, |
| કોહંડ | શ્વેત | મહાશ્વેત | નાગ ,, |
| પયંગદેવ | પતંગ | પતંગપતિ | તુંબરૂ ,, |

૧૦. સામાનિક દ્વાર - બધા ઈન્દ્રોને ચાર ચાર હજાર સામાનિક દેવો છે.

૧૧. આત્મરક્ષક દ્વાર - બધા ઈન્દ્રોને સોળ સોળ હજાર આત્મરક્ષક દેવો છે.

૧૨. પરિષદા દ્વાર - ભવનપતિ જેવીજ ત્રણ પ્રકારની સભાઓ છે.

| આભ્યંતર | દેવ સંખ્યા | સ્થિતિ | દેવી સંખ્યા | સ્થિતિ |
|---|---|---|---|---|
| આભ્યંતર | ૮૦૦૦ | ૦।। પલ્ય | ૧૦૦ | ૦। પલ્ય ઝાઝેરી |
| મધ્યમ | ૧૦૦૦૦ | ૦।। ,, ન્યૂન | ૧૦૦ | ૦। પલ્ય |
| બાહ્ય | ૧૨૦૦૦ | ૦। પલ્યઝાઝેરી | ૧૦૦ | ૦। ,, ન્યૂન |

૧૩. દેવી દ્વાર - પ્રત્યેક ઈન્દ્રને ચાર ચાર દેવી, એક એક હજારના પરિવાર સહિત, બધી દેવીઓ હજાર હજાર વૈક્રિય રૂપ કરી શકે છે.

૧૪. અનીકા દ્વાર - હાથી, ઘોડા આદિ ૭ પ્રકારની પ્રત્યેકમાં ૫૦૮૦૦૦ દેવ હોય.

૧૫. વૈક્રિય દ્વાર - જંબુદ્વીપ ભરીને રૂપો બનાવે, સંખ્યાત દ્વીપ ભરવાની શક્તિ છે.

૧૬. અવધિ દ્વાર - જ. ૨૫ યો૦, ઉ૦ ઉંચે જ્યોતિષીનું તળું, નીચે પહેલી નર્ક અને તિર્છા અસંખ્યાતા દ્વીપ સમુદ્રો જાણે - દેખે.

૧૭. પરિચારણા દ્વાર - (મૈથુન) ૫ પ્રકારે ભવનપતિવત્.

- ૧૮ સુખ દ્વાર - અબાધિત માનુષી સુખોથી અનંત ગણા સુખ છે.

૧૯. સિદ્ધ દ્વાર - વા૦ દેવોમાંથી નીકળીને ૧ સમયમાં

૧૦ સીઝે અને દેવીમાંથી ૫ સિઝે.

૨૦. ભવ દ્વાર - સંસાર ભ્રમણ કરે તો ૧-૨-૩ જાવ અનંત ભવ કરે.

૨૧. ઉત્પન્ન દ્વાર - સર્વે જીવો અનંતી વાર વાણવ્યંતરમાં ઉત્પન્ન થઈ આવ્યા, પણ એ પૌદ્ગલિક સુખથી સિદ્ધિ થઈ નહિ.

**ઈતિ વાણવ્યંતર સંપૂર્ણ.**

## (૭૯) જ્યોતિષી દેવ.

**પન્નવણા પદ - ૨ (જીવાભિગમ)**

જ્યોતિષી દેવ ૨ાા દ્વીપમાં ચર (ફરનાર) છે અને ૨ાા દ્વીપ બહાર સ્થિર છે. તે પાકી ઈંટના સંસ્થાને છે. સૂર્ય-સૂર્યને અને ચંદ્ર-ચંદ્રને એકેક લાખ યોજનનું અંતર છે. ચર જ્યો૦થી સ્થિર જ્યો૦ અડધી કાંતિવાળા છે. ચંદ્ર સાથે અભિચ નક્ષત્ર અને સૂર્ય સાથે પુષ્ય નક્ષત્રનો સદા યોગ છે. માનુષોત્તર પર્વતથી આગળ, અને અલોકથી ૧૧૧૧ યો૦ આ બાજુ, તેની વચ્ચે સ્થિર જ્યો૦ દેવના વિમાનો છે. પરિવાર ચર જ્યો૦ની માફક જાણવો.

જ્યો૦નાં ૩૧ દ્વાર - ૧ નામ, ૨ વાસા, ૩ રાજધાની, ૪. સભા, ૫. વર્ણ, ૬. વસ્ત્ર, ૭. ચિન્હ, ૮. વિમાન પહોળાઈ ૯. વિમાન જાડાઈ, ૧૦ વિમાનવાહક, ૧૧ માંડલા, ૧૨. ગતિ, ૧૩. તાપક્ષેત્ર, ૧૪. અંતર, ૧૫ સંખ્યા, ૧૬. પરિવાર, ૧૭. ઈન્દ્ર, ૧૮. સામાનિક, ૧૯. આત્મરક્ષક, ૨૦. પરિષદા, ૨૧. અનીકા, ૨૨. દેવી, ૨૩. ગતિ, ૨૪. ઋદ્ધિ, ૨૫. વૈક્રિય, ૨૬. અવધિ, ૨૭. પરિચારણા, ૨૮. સિદ્ધ, ૨૯. ભવ, ૩૦. અલ્પબહુત્વ, ૩૧. ઉત્પન્ન દ્વાર.

નામ દ્વાર - ૧. ચંદ્ર, ૨. સૂર્ય, ૩. ગ્રહ, ૪. નક્ષત્ર અને ૫. તારા

૨. વાસા દ્વાર - તિર્છા લોકમાં સમપૃથ્વીથી ૭૯૦ યો૦ ઉંચે ૧૧૦ યો૦માં અને ૪૫ લાખ યો૦ના વિસ્તારમાં જ્યો૦ દેવોનાં વિમાન છે જેમ કે - ૭૯૦ યો૦ ઊંચે તારાનાં વિમાન૦, ત્યાંથી ૧૦ યો૦ ઊંચે સૂર્યના, ત્યાંથી ૮૦ યો૦ ઊંચે ચંદ્રનાં, ત્યાંથી ૪ યો૦ ઊંચે નક્ષત્રનાં, ત્યાંથી ૪યો૦ ઊંચે બુધનાં, ત્યાંથી ૩ યો૦ ઊંચે શુક્રનાં, ત્યાંથી ૩ યો૦ ઊંચે બૃહસ્પતિનાં, ૩ યો૦ ઊંચે મંગળનાં અને ત્યાંથી ૩ યો૦ ઊંચે શનિશ્ચરનાં વિમાન છે. સર્વસ્થાને તારાનાં વિમાનો ૧૧૦ યોજનમાં છે.

૩. રાજધાની - તિર્છા લોકમાં અસંખ્યાત રાજધાનીઓ છે.

૪. સભા દ્વાર - જ્યોતિષીના ઇન્દ્રોને પણ ૫-૫ સભા છે, ભવનપતિવત્.

૫. વર્ણ દ્વાર - તારાનાં શરીર પંચવર્ણા શેષ ૪ દેવોનો સુવર્ણ જેવો.

૬. વસ્ત્ર દ્વાર - સર્વ વર્ણનાં સુંદર, કોમળ, વસ્ત્રો બધા દેવોના છે.

૭. ચિન્હ દ્વાર - ચંદ્ર પર ચંદ્ર માંડલ, સૂર્ય પર સૂર્ય માંડલ એમ સર્વે દેવોના મુગટ ઉપર પોતપોતાનાં ચિન્હો છે.

૮. વિમાન પહોળાઈ, ૯. જાડાઈ દ્વાર - એક યોજનના ૬૧ ભાગ કરીએ તેમાંના ૫૬ ભાગ (૫૬/૬૧યો૦) ચંદ્ર વિ૦ની, પહોળાઈ ૪૮ ભાગ સૂર્ય વિ૦ની, બે ગાઉ ગ્રહ વિ૦ની, ૧ ગાઉ નક્ષત્ર વિ૦ની અને ૦ાા ગાઉ તારા વિમાનની પહોળાઈ છે. જાડાઈ એથી અડધી અડધી જાણવી સર્વ સ્ફટિક રત્નમય છે.

૧૦ વિમાન વાહક - જ્યોતિષી - વિમાનો આકાશને આધારે રહી શકે છે. પણ માલિકના બહુમાન માટે જે દેવો

વિમાન ઉપાડીને ફરે છે, તેની સંખ્યા - ચંદ્ર સૂર્યના વિમાનને ૧૬-૧૬ હજાર દેવો, ગ્રહના વિ૦ને ૮-૮ હજાર દેવો, નક્ષત્ર વિ૦ને ૪-૪ હજાર અને તારાના વિ૦ને ૨-૨ હજાર દેવો વાહક છે. તેઓ સરખે ભાગે ચારે દિશામાં મુખ રાખી પૂર્વમાં સિંહના રૂપે, પશ્ચિમમાં વૃષભ રૂપે, ઉત્તરમાં અશ્વરૂપે અને દક્ષિણમાં હાથીરૂપે દેવો રહે છે.

૧૧. માંડલા દ્વાર - ચંદ્ર સૂર્ય આદિને ફરવાનો - દક્ષિણાયનથી ઉત્તરાયન જવાના માર્ગને માંડલા કહે છે. માંડલાનું ક્ષેત્ર ૫૧૦ યો૦નું છે. તેમાં ૩૩૦ યો૦ લવણ સમુદ્રમાં અને ૧૮૦ યો૦ જંબુદ્વીપમાં છે. ચંદ્રના ૧૫ માંડલા છે તેમાંના ૧૦ લવણમાં, ૫ જંબુદ્વીપમાં છે. સૂર્યના ૧૮૪ માંડલા માંથી ૧૧૯ લવણમાં અને ૬૫ જંબુદ્વીપમાં છે. ગ્રહના ૮ માંડલામાંથી ૬ લવણમાં અને ૨ જંબુદ્વીપમાં છે. જંબુદ્વીપમાં જ્યોતિષીના જે માંડલા છે તે નિષિધ અને નીલવંત પર્વત ઉપર છે. ચંદ્રના માંડલાનું અંતર ૩૫ ૩૦/૬૧ યો૦નું છે. સૂર્યના માંડલા માંડલાનું અંતર બબ્બે યોજનનું છે. (આ માપ જંબુદ્વીપના છે.)

૧૨. ગતિદ્વાર - સૂર્યની ગતિ કર્કસંક્રાંતે (અષાઢી પૂનમે) ૧ મુહૂર્તમાં ૫૨૫૧ ૨૯/૬૧ ક્ષેત્ર તથા મકર સંક્રાંતે (પોષ પૂનમે) ૧ મુહૂર્તમાં ૫૩૦૫ ૨૯/૬૧ ક્ષેત્ર છે. ચંદ્રની ગતિ કર્ક સંક્રાંતે ૧ મુ૦ માં ૫૦૭૩ ૭૫૪/૧૩૭૨૫ અને મકર સંક્રાંતે ૫૧૨૫ ૬૯૯૦/૧૩૭૨૫

૧૩. તાપક્ષેત્ર - કર્કસંક્રાંતે તાપક્ષેત્ર ૯૭૨૫૬ ૨૨/૬૧ અને ઊગતો સૂર્ય ૪૭૨૬૩ ૨૧/૬૧ યોજન દૂરથી દષ્ટિગોચર થાય છે. મકર સંક્રાંતે તાપક્ષેત્ર ૬૩૬૬૩ ૧૬/૬૧, ઊગતો સૂર્ય ૩૧૮૩૧ ૩૮/૬૧ ॥ યો૦ દૂરથી દષ્ટિગોચર થાય છે.

૧૪. અંતર દ્વાર - અન્તર બે પ્રકારે પડે. ૧ વ્યાઘાત કોઈ

પદાર્થ વચ્ચે આવી જવાથી, અને ૨ નિર્વ્યાઘાત - આડા આવ્યા વિના. વ્યાઘાત અપેક્ષા જ૦ ૨૬૬ યો૦નું અંતર કારણ-નિષિધ, નીલવંત પર્વતનું શિખર ૨૫૦ યો૦ છે. અને ત્યાંથી ૮-૮ યોજન દૂર જ્યો૦ ચાલે છે એટલે ૨૫૦+૮ +૮=૨૬૬. ઉ૦ ૧૨૨૪૨ યોજન કારણ મેરૂ શિખર ૧૦ હજાર યો૦ નું છે અને તેનાથી ૧૧૨૧ યો૦ દૂર જ્યો૦ વિમાનો ફરે છે. એટલે ૧૦૦૦૦+૧૧૨૧+૧૧૨૧=૧૨૨૪૨ યો૦ નું અંતર છે. અલોક અને જ્યો૦ દેવોનું અંતર ૧૧૧૧ યો૦નું મંડલાપેક્ષા અંતર મેરૂ પર્વતની ૪૪૮૮૦ યો૦ અંદરના મંડળનું અને ૪૫૩૩૦ યો૦ બહારના મંડળનું અંતર છે. ચંદ્ર ચંદ્રના મંડળને ૩૫ ૩૦/૬૧ યો૦ નું અને સૂર્ય સૂર્યના મંડળને બે યો૦ નું અંતર છે. નિર્વ્યાઘાત અપેક્ષા જ૦ ૫૦૦ ધનુષ્યનું, અને ઉ૦ ૨ ગાઉનું અંતર છે.

૧૫. સંખ્યા દ્વાર - જંબુદ્વીપમાં ૨ ચંદ્ર, ૨ સૂર્ય છે. લવણ સમુદ્રમાં ૪ ચંદ્ર, ૪ સૂર્ય છે. ઘાતકી ખંડમાં ૧૨ ચંદ્ર, ૧૨ સૂર્ય છે. કાળોદધિ સમુદ્રમાં ૪૨ ચંદ્ર, ૪૨ સૂર્ય છે. પુષ્કરાર્ધ દ્વીપમાં ૭૨ ચંદ્ર, ૭૨ સૂર્ય છે. એમ મનુષ્ય ક્ષેત્રમાં ૧૩૨ ચંદ્ર, ૧૩૨ સૂર્ય છે. આગળ પણ એ જ હિસાબે એટલે પહેલા દ્વીપ કે સમુદ્રમાં જેટલા ચંદ્ર કે સૂર્ય હોય તેહ ત્રણે ગુણીને પાછલી સંખ્યા ઉમેરવી.

દષ્ટાંત - કાળોદધિ સમુદ્રના ચંદ્ર, સૂર્ય જાણવા માટે તેથી પહેલા ઘાતકી ખંડમાં ૧૨ ચંદ્ર ૧૨ સૂર્ય છે તેને ૧૨x૩=૩૬ માં પાછલી સંખ્યા (લવણ સમુદ્રના ૪ અને જંબુદ્વીપના ૨ એમ ૪+૨=૬) ઉમેરતાં ૪૨ થયા.

૧૬. પરિવાર દ્વાર - એકેક ચંદ્ર અને એકેક સૂર્યને ૨૮ નક્ષત્ર, ૮૮ ગ્રહ અને ૬૬૯૭૫ ક્રોડાક્રોડ તારાનો પરિવાર છે.

૧૭. ઇન્દ્ર દ્વાર - અસંખ્ય ચંદ્ર સૂર્ય છે. તે બધા ઇન્દ્રો છે. પરંતુ ક્ષેત્ર અપેક્ષા એક ચંદ્ર ઇન્દ્ર અને ૧ સુર્ય ઇન્દ્ર છે.

૧૮. સામાનિક દ્વાર - એકેક ઈન્દ્રને ૪-૪ હજાર સામાનિક દેવો છે.

૧૯. આત્મરક્ષક દ્વાર - એકેક ઈંદ્રને ૧૬-૧૬ હજાર આત્મરક્ષક દેવો છે.

૨૦. પરિષદા - ત્રણ ત્રણ છે. આભ્યંતર સભામાં ૮૦૦૦ દેવ, મધ્યમ સભામાં ૧૦ હજાર અને બાહ્ય સભામાં ૧૨ હજાર દેવો છે. દેવીઓ ત્રણે સભાની ૧૦૦,૧૦૦,૧૦૦ છે. એમ દરેક ઈંદ્રની સભાઓ.

૨૧. અનીકા - એકેક ઈંદ્રને ૭-૭ અનીકા છે. પ્રત્યેક અનીકાના ૫ લાખ ૮૦ હજાર દેવતા છે. સાત અનીકા ભવનપતિવત્.

૨૨. દેવી દ્વાર - એકેક ઈન્દ્રની ૪-૪ અગ્રમહિષી છે. એકેક પટ્ટરાણીને ચાર ચાર હજાર દેવીઓનો પરિવાર, એકેક દેવી ૪-૪ હજાર વૈક્રિય રૂપ કરે એટલે ૪x૪૦૦૦=૧૬૦૦૦x૪૦૦૦=૬૪૦૦૦૦૦૦ દેવીરૂપ એકેક ઈન્દ્રને છે.

૨૩. ગતિ દ્વાર - સર્વથી મંદ ગતિ ચંદ્રની, તેથી સૂર્યની શીઘ્ર, તેથી ગ્રહની શીઘ્ર, તેથી નક્ષત્રની શીઘ્ર, અને તેથી તારાની શીઘ્ર ગતિ છે.

૨૪. ઋધ્ધિ દ્વાર - સર્વથી થોડી ઋદ્ધિ તારાની, તેથી ઉત્તરોત્તર મહાઋદ્ધિ.

૨૫. વૈક્રિય દ્વાર - વૈક્રિય રૂપથી સંપૂર્ણ જંબુદ્વીપ ભર્યો છે. સંખ્યાતા જંબુદ્વીપ ભરવાની શક્તિ ચંદ્ર સૂર્ય, સામાનિક અને દેવીઓમાં પણ છે.

૨૬. અવધિ - તિર્છા જ૦ ઉ૦ સંખ્યાત દ્વીપ સમુદ્ર, ઊંચે પોતાની ધ્વજા પતાકા સુધી અને નીચે પહેલી નર્ક સુધી જાણે દેખે.

૨૭. પરિચારણા - પાંચેય પ્રકારે (મનુષ્યવત્)ભોગ કરે.

૨૮. સિદ્ધ - જ્યો૦ દેવથી નીકળીને ૧ સમયે ૧૦ જીવ અને જ્યો૦ દેવીથી નીકળીને ૧ સમયે ૨૦ જીવ મોક્ષ જઈ શકે.

૨૯. ભવ દ્વાર - ભવ કરે તો જ૦ ૧-૨-૩ ઉ૦ અનંતાભવ કરે.

૩૦. અલ્પબહુત્વ - સૌથી થોડા ચંદ્ર - સૂર્ય, તેથી નક્ષત્ર, તેથી ગ્રહ અને તારા દેવો સંખ્યાત-સંખ્યાત ગણા.

૩૧. ઉત્પન્ન દ્વાર - જ્યોતિષી દેવપણે આ જીવ અનંત અનંત વાર ઉપજ્યો પણ વીતરાગ આજ્ઞા આરાધ્યા વિના આત્મિક સુખ પામ્યો નહિ.

ચંદ્ર, સૂર્ય ગ્રહણનો વિરહ પડે તો જઘ. ૬ માસનો. ઉ.ચંદ્રનો ૪૨ માસનો તથા સૂર્યનો ૪૮ વર્ષનો પડે.

ઈતિ જ્યોતિષી દેવ વિસ્તાર સંપૂર્ણ.

## (૮૦) વૈમાનિક દેવ.

### પન્નવણા પદ - ૨, જીવાભિગમ

વિમાનવાસી દેવોના ૨૭ દ્વાર - ૧ નામ, ૨ વાસા, ૩. સંસ્થાન, ૪. આધાર, ૫. પૃથ્વીપિંડ, ૬. વિમાન ઊંચાઈ, ૭. વિમાન સંખ્યા, ૮. વિમાન વર્ણ, ૯. વિમાન વિસ્તાર, ૧૦. ઈન્દ્ર નામ, ૧૧. ઈન્દ્ર વિમાન, ૧૨. ચિન્હ, ૧૩. સામાનિક, ૧૪. લોકપાલ, ૧૫ ત્રાયસ્ત્રિંશક, ૧૬ આત્મરક્ષક, ૧૭ અનીકા, ૧૮ પરિષદા, ૧૯ દેવી, ૨૦ વૈક્રિય, ૨૧ અવધિ, ૨૨ પરિચારણા, ૨૩ પુન્ય, ૨૪ સિધ્ધ, ૨૫ ભવ, ૨૬ ઉત્પન્ન અને ૨૭ અલ્પબહુત્વ દ્વાર.

૧. નામ દ્વાર - ૧૨ દેવલોક (સૌધર્મ, ઈશાન, સનત કુમાર, માહેન્દ્ર, બહ્મલોક, લાંતક, મહાશુક્ર, સહસ્ત્રાર; આણત, પ્રાણત, આરણ, અચ્યુત), ૯ ગ્રૈવેયક (ભદ્દે, સુભદ્દે, સુજાએ, સુમાણસે, સુદર્શને, પ્રિયદંસણે, આમોહે, સુપ્રતિબદ્ધે અને યશોધરે), ૫ અનુત્તર વિમાન (વિજય, વિજયંત, જયંત, અપરાજિત અને સર્વાર્થસિદ્ધ), પાંચમા દેવલોકમાં ત્રીજા પરતરમાં નવ લોકાંતિક દેવો છે અને ૩ કિલ્વિષી મળી કુલ ૩૮ જાતના વૈમાનિક દેવો છે.

૨. વાસા દ્વાર - જ્યોતિષી દેવોથી અસંખ્ય ક્રોડા ક્રોડી યો૦ ઊંચે વૈમાનિક દેવોનો નિવાસ છે. રાજધાનીઓ અને ૫-૫ સભાઓ પોતાના દેવલોકમાં જ છે. શક્રેન્દ્ર ઈશાનેન્દ્રના મહેલો, તેમના લોકપાલ અને દેવીઓની રાજધાનીઓ તિર્છાલોકમાં પણ છે.

૩. સંઠાણ દ્વાર - ૧, ૨, ૩, ૪, અને ૯, ૧૦, ૧૧, ૧૨, એ ૮ દેવલોક અર્ધ ચંદ્રકાર છે. ૫, ૬, ૭, ૮ દેવલોક અને ૯ ગ્રૈવેયક પૂર્ણ ચંદ્રાકાર છે. ચાર અનુત્તર વિમાન ત્રિકોણ ચારે તરફ છે. અને વચ્ચે સર્વાર્થસિદ્ધ ગોળ ચંદ્રાકાર છે.

૪. આધાર દ્વાર - વિમાન અને પૃથ્વીપિંડ રત્નમય છે. ૧-૨ દેવ૦ ઘનોદધિના આધારે છે. ૩-૪-૫ દેવ૦ ઘનવાયુને આધારે છે. ૬-૭-૮ દેવ૦ ઘનોદધિ, ઘનવાયુને આધારે. શેષ વિમાનો આકાશને આધારે છે.

૫. પૃથ્વીપિંડ, ૬ વિમાન ઊંચાઈ, ૭ વિમાન અને પરતર, ૮ વર્ણ દ્વાર :

| વિમાન | પૃથ્વીપિંડ | વિ૦ઊંચાઈ | વિ૦ સંખ્યા | પરતર | વર્ણ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨૭૦૦ યો૦ | ૫૦૦ યો૦ | ૩૨ લાખ | ૧૩ | ૫ વર્ણ |
| ૨ | ૨૭૦૦ ,, | ૫૦૦ યો૦ | ૨૮ ,, | ૧૩ | ૫ ,, |
| ૩ | ૨૬૦૦ ,, | ૬૦૦ ,, | ૧૨ ,, | ૧૨ | ૪ ,, |
| ૪ | ૨૬૦૦ ,, | ૬૦૦ ,, | ૮ ,, | ૧૨ | ૪ ,, |
| ૫ | ૨૫૦૦ ,, | ૭૦૦ ,, | ૪ ,, | ૬ | ૩ ,, |
| ૬ | ૨૫૦૦ ,, | ૭૦૦ ,, | ૫૦ હજાર | ૫ | ૩ ,, |
| ૭ | ૨૪૦૦ ,, | ૮૦૦ ,, | ૪૦ ,, | ૪ | ૨ ,, |
| ૮ | ૨૪૦૦ ,, | ૮૦૦ ,, | ૬ ,, | ૪ | ૨ ,, |
| ૯ | ૨૩૦૦ ,, | ૯૦૦ ,, | | ૪ | ૧ ,, |
| ૧૦ | ૨૩૦૦ ,, | ૯૦૦ ,, | ૪૦૦,, | | |
| ૧૧ | ૨૩૦૦ ,, | ૯૦૦ ,, | | ૪ | ૧ ,, |
| ૧૨ | ૨૩૦૦ | ૯૦૦ ,, | ૩૦૦ ,, | ૪ | ૧ ,, |
| ૯ ગ્રૈ. | ૨૨૦૦ ,, | ૧૦૦૦ ,, | ૩૧૮ | ૯ | ૧ ,, |
| ૫ અનુ. | ૨૧૦૦ ,, | ૧૧૦૦ ,, | ૫ | ૧ | ૧ ,, |

૯. **વિમાન વિસ્તાર** - કેટલાક વિમાનનો વિસ્તાર (ચારભાગનો) અસં૦ યોજનનો અને કેટલાક (એક ભાગના) સંખ્યાત યોજનના વિસ્તારના છે. પણ સર્વાર્થસિદ્ધ વિમાન ૧ લાખ યો૦ વિસ્તારે છે.

૧૦. ઈન્દ્ર દ્વાર - ૧૨ દેવલોકના ૧૦ ઈન્દ્રો છે. આગળ બધા અહમેન્દ્ર છે.

૧૧. વિમાન દ્વાર - તીર્થંકરોના કલ્યાણક વખતે મૃત્યુલોકમાં વૈ૦ દેવો જે વિમાનમાં બેસીને આવે છે તેના નામ પાલક, પુષ્પ, સુમાણસ, શ્રીવત્સ, નંદીવર્તન, કામગમનામ, મણોગમ, પ્રિયગમ, વિમલ, સર્વતોભદ્ર.

**૧૨. ચિન્હ, ૧૩. સામાનિક, ૧૪ લોકપાલ, ૧૫ ત્રાયસ્ત્રિંશ ૧૬ આત્મરક્ષક.**

| ઈન્દ્ર | ચિન્હ | સામાનિક | લોકપાલ | ત્રાયસ્ત્રિંશ | આત્મરક્ષક |
|---|---|---|---|---|---|
| શક્રેન્દ્ર | મૃગ | ૮૪૦૦૦ | ૪ | ૩૩ | ૩૩૬૦૦૦ |
| ઈશાનેન્દ્ર | મહિષ | ૮૦ ,, | ૪ | ૩૩ | ૩૨૦૦૦૦ |
| સનત્કુ૦ઈન્દ્ર | સૂવર (વરાહ) | ૭૨ ,, | ૪ | ૩૩ | ૮૮૦૦૦ |
| મહેન્દ્ર | સિંહ | ૭૦ ,, | ૪ | ૩૩ | ૨૮૦૦૦૦ |
| બ્રહ્મેન્દ્ર | બકરો (છગલ) | ૬૦ ,, | ૪ | ૩૩ | ૨૪૦૦૦૦ |
| લાંતકેન્દ્ર | દેડકો | ૫૦ ,, | ૪ | ૩૩ | ૨૦૦૦૦૦ |
| મહાશુક્રેન્દ્ર | અશ્વ | ૪૦ ,, | ૪ | ૩૩ | ૧૬૦૦૦૦ |
| સહસ્ત્રેન્દ્ર | હરિત (હાથી) | ૩૦ ,, | ૪ | ૩૩ | ૧૨૦૦૦૦ |
| પ્રાણતેન્દ્ર | સર્પ | ૨૦ ,, | ૪ | ૩૩ | ૮૦૦૦૦ |
| અચ્યુતેન્દ્ર | ગરૂડ (ખગ) | ૧૦ ,, | ૪ | ૩૩ | ૪૦૦૦૦ |

૧૭. અનીકા દ્વાર - દરેક ઈન્દ્રની અનીકા ૭-૭ પ્રકારની છે. પ્રત્યેક અનીકામાં દેવતા તે તે ઈન્દ્રોના સામાનિકથી ૧૨૭ ગણા દેવો છે.

૧૮. પરિષદા દ્વાર - દરેકને ઈન્દ્રોને ત્રણ ત્રણ પ્રકારની પરિષદો છે.

| ઈન્દ્ર | અભ્યંતર દેવ | મધ્યમ દેવ | બાહ્યપ૦દેવ | દેવીઓ અભ્યંતર મધ્યમ બાહ્ય |
|---|---|---|---|---|
| ૧ | ૧૨ હજાર | ૧૪ હજાર | ૧૬ હજાર | ૭૦૦ ૬૦૦ ૫૦૦ |
| ૨ | ૧૦ ,, | ૧૨ ,, | ૧૪ ,, | ૯૦૦ ૮૦૦ ૭૦૦ |
| ૩ | ૮ ,, | ૧૦ ,, | ૧૨ ,, | નથી |
| ૪ | ૬ ,, | ૮ ,, | ૧૦ ,, | નથી |
| ૫ | ૪ ,, | ૬ ,, | ૮ ,, | નથી |
| ૬ | ૨ ,, | ૪ ,, | ૬ ,, | નથી |
| ૭ | ૧ ,, | ૨ ,, | ૪ ,, | નથી |
| ૮ | ૫૦૦ | એક હજાર | ૨ ,, | નથી |
| ૯ | ૨૫૦ | પાંચસો | ૧ ,, | નથી |
| ૧૦ | ૧૨૫ | અઢીસો | પાંચસો | નથી |

૧૯. દેવી દ્વાર - શકેન્દ્રને આઠ અગ્રમહિષી દેવી છે. એકેક દેવીને ૧૬-૧૬ હજાર દેવીઓનો પરિવાર છે. પ્રત્યેક દેવી ૧૬-૧૬ હજાર વૈક્રિય કરે. એમ જ ઈશાનેન્દ્રની પણ ૮x૧૬૦૦૦=૧૨૮૦૦૦x૧૬૦૦૦=૨૦૪૮૦૦૦,૦૦૦ જાણવી શેષમાં દેવીઓ ન ઉપજે, માત્ર પહેલા બીજા દેવલોકમાં રહે અને આઠમા દેવલોક સુધી જાય ખરી.

૨૦. વૈક્રિય દ્વાર - શકેન્દ્ર વૈક્રિયના દેવ-દેવીથી ૨ જંબુદ્વીપ

ભરી દે, ઈશાનેન્દ્ર બે જંબુ ઝાઝેરા, સનત્કુ૦ ૪ જંબુ૦, મહેન્દ્ર ૪ જંબુ૦ ઝાઝેરા, બ્રહ્મેંદ્ર ૮ જંબુ, લાંતકેન્દ્ર ૮ જંબુ૦ ઝાઝેરા, મહાશુક્ર ૧૬ જંબુ, સહસ્ત્રેન્દ્ર ૧૬ જંબુ૦ ઝાઝેરા, પ્રાણતેન્દ્ર ૩૨ જંબુ૦, અચ્યુતેન્દ્ર ૩૨ જંબુ૦ ઝાઝેરા ભરે. (લોકપાલ, ત્રાયસ્ત્રિંશ દેવીઓ વગેરે પણ પોતાના ઈન્દ્રવત) અસંખ્ય જંબુદ્વીપ ભરવાં જેટલી શક્તિ છે પણ એટલા વૈક્રિય ન કરે.

૨૧. અવધિ દ્વાર - બધા ઈન્દ્રો જ૦ આંગળનો અસંખ્યાતમો ભાગ અવધિથી જાણે દેખે ઉ૦ ઊંચે પોતાના વિમાનની ધ્વજાપતાકા સુધી, તિર્છા અસંખ્ય દ્વીપ - સમુદ્ર જાણે દેખે અને નીચે ૧-૨ દેવલોકવાળા પહેલી નર્ક સુધી, ૩-૪ દેવ૦ બીજી નર્ક સુધી, ૫-૬ દેવ૦ ત્રીજી નર્ક સુધી, ૭-૮ દેવ૦ ચોથી નર્ક સુધી, ૯ થી ૧૨ દેવ૦ પાંચમી નર્ક સુધી, ૯ ગ્રૈવેયક છઠ્ઠી નર્ક સુધી, ૪ અનુત્તર વિમાન ૭મી-નર્ક સુધી અને સવાર્થ સિદ્ધવાળા ત્રસનાળી સંપૂર્ણ (પાતાળ કળશ ઉપર પોતાનાં વિમાન સુધી) જાણે દેખે.

૨૨. પરિચારણા દ્વાર - ૧-૨ દેવ૦ માં પાંચ (મન, શબ્દ, રૂપ, સ્પર્શ અને કાય) પરિચારણા, ૩-૪ દેવ૦માં સ્પર્શ પરિ૦, ૫-૬ દેવમાં રૂપ પરિ૦, ૭-૮ દેવ૦ માં શબ્દ પરિ૦, ૯ થી ૧૨ દે૦માં મન પરિ૦, આગળ નથી.

૨૩. પુન્ય દ્વાર - જેટલાં પુન્ય વ્યંતર દેવ હસી, કુતુહલકરી અનંત શુભ પ્રકૃતિરૂપ કર્મોને (પુણ્યને) ૧૦૦ વર્ષમાં ક્ષય કરે છે. તેટલાં પુન્ય નાગાદિ ૯ દેવો ૨૦૦ વર્ષમાં, અસુર૦ ૩૦૦ વર્ષમાં, ગ્રહ-નક્ષત્ર-તારા ૪૦૦ વર્ષમાં, ચંદ્ર, સૂર્ય, ૫૦૦ વર્ષમાં, સૌધર્મ, ઈશાન ૧૦૦૦ વર્ષમાં, ૩-૪ દેવ૦, ૨૦૦૦ વર્ષમાં, ૫-૬ દેવ૦ ૩૦૦૦ વર્ષમાં, ૭-૮ દે૦ ૪૦૦૦ વર્ષમા, ૯ થી ૧૨ દે૦ ૫૦૦૦ વર્ષમાં, ૧ લી ત્રિક ૧ લાખ વર્ષમાં, બીજી ત્રિક ૨ લાખ વર્ષમાં, ત્રીજી ત્રિક ૩ લાખ વર્ષમાં, ૪ અનુ૦ વિ૦ ૪ લાખ વર્ષમાં અને સર્વાર્થસિદ્ધના દેવતા ૫ લાખ વર્ષમાં એટલા પુન્ય ક્ષય કરે.

૨૪. સિદ્ધ દ્વાર - વૈમાનિક દેવમાંથી નીકળેલા મનુષ્યમાં આવીને એક સમયમાં ૧૦૮ સિદ્ધ થઈ શકે, દેવીમાંથી ૨૦ સિદ્ધ થઈ શકે.

૨૫. ભવ દ્વાર - વૈમાનિક દેવ થયા બાદ ભવ કરે તો જ૦ ૧-૨-૩ સંખ્યાત, અસંખ્યાત, યાવત્ અનંતા ભવ પણ કરે.

૨૬. ઉત્પન્ન દ્વાર - ૯ ગ્રૈવેયક સુધીના વૈમાનિક દેવપણે અનંતી વાર આ જીવ ઉપજ્યો ૪ અનુ૦ વિ૦ માં ગયા બાદ સંખ્યાત (૧૩) ભવમાં અને સર્વાર્થસિદ્ધથી ૧ ભવમાં મોક્ષે જાય.

૨૭. અલ્પબહુત્વ દ્વાર - સૌથી થોડા ૫ અનુ૦ વિમાનના દેવ, તેથી ઉતરતા ૯ માં દેવલોક સુધી સંખ્યાતગણા, ૮ માંથી ઉતરતા બીજા દેવ૦ સુધી અસંખ્યાતગણા દેવ, તેથી બીજા દેવ૦ની દેવી સંખ્યાતગણી, તેથી પહેલા દેવ૦ ના દેવ સં૦ ગણા અને તેથી પહેલા દેવલોકની દેવીઓ સંખ્યાતગણી.

ઇતિ વૈમાનિક દેવાધિકાર સંપૂર્ણ.

## (૮૧)સંખ્યાદિ ૨૧ બોલ અર્થાત્ ડાલાપાલા.

### અનુયોગ દ્વાર - પ્રમાણ પદ.

સંખ્યાના ૨૧ બોલ છે, - ૧ જઘન્ય સંખ્યાતા, ૨ મધ્યમ સંખ્યાતા, ૩ ઉત્કૃષ્ટ સંખ્યાતા, અસંખ્યાતાના ૯ પ્રકાર :

| | | |
|---|---|---|
| ૧ જ૦ પ્રત્યેક અસંખ્યાતા | ૪ જ૦ યુક્તા અસંખ્ય | ૭ જ૦ અસં૦ અસં |
| ૨ મ૦ ,, ,, | ૫ મ૦ ,, ,, | ૮ મ૦ ,, ,, |
| ૩ ઉ૦ ,, ,, | ૬ ઉ૦ ,, ,, | ૯ ઉ૦ ,, ,, |

અનંતના ૯ પ્રકાર* : -

| | | |
|---|---|---|
| ૧ જ. પ્રત્યેક અનંતા | ૪ જ. યુક્તા અનંતા | ૭ જ. અનંતા અનંત |
| ૨ મ. ,, ,, | ૫ મ. ,, ,, | ૮ મ. ,, ,, |
| ૩ ઉ. ,, ,, | ૬ ઉ. ,, ,, | ૯ ઉ. ,, ,, |

જ૦ સંખ્યાતામાં એક બે સુધી ગણના. મધ્યમ સંખ્યાતા ત્રણથી આગળ યાવત્ ઉ૦ સંખ્યાતામાં એક ન્યૂન. ઉ૦ સંખ્યાતા માટે માપ બતાવે છે.

ચારપાલા કલ્પવા (૧) શીલાક, (૨) પ્રતિશીલાક, (૩) મહાશીલાક, અને (૪) અનવસ્થિત. એ પ્રત્યેક પાલા ધાન્ય માપવાની પાલીને આકારે જાણવા. પણ પ્રમાણમાં - ૧ લાખ યો૦ લાંબા-પહોળા, ૩,૧૬૨૨૭ યો૦ અધિકની પરિધિવાળા, ૧ હજાર યો૦ ઊંડા, ૮ યો૦ ની જગતી (કોટ) તે ઉપર ૦।। યો૦ ની વેદિકા હોય તેવા ગોળાકારે કલ્પવા. એમાંના અનવસ્થિત પાલાને સરસવના દાણાથી સંપૂર્ણ ભરીને કોઈ દેવ ઉપાડે. જંબુદ્વીપથી માંડીને એકેક દાણો એકેક દ્વીપ અને સમુદ્રમાં નાંખતો નાંખતો ચાલ્યો જાય. અંતે ૧ દાણો રહે તે દ્વીપ કે સમુદ્રમાં રોકાય. તે દાણો તે જ દ્વીપ કે સમુદ્રમાં નાંખે અને નવો એક દાણો શીલાક પાલામાં નાંખે. ફરીથી જે દ્વીપ યા સમુદ્ર સુધી પહોંચ્યો છે એવડો મોટો, લાંબો પહોળો પાલો પણ ૧ હજાર યો૦ ઊંડો, ૮ યો૦ જગતી, ૦।। યો૦ ની વેદિકાવાળો બનાવે. તેને સરસવથી ભરી આગળના દ્વીપ અને સમુદ્રમાં એકેક દાણો નાંખતો જાય. એક દાણો છેલ્લો રહે ત્યાં રોકાય. તે ૧ દાણો તે જ દ્વીપ કે સમુદ્રમાં નાંખે અને નવો એક

* પ્રથમનાં ૩ અનંતા ખાલી છે. ચોથામાં અભવી જીવો છે. ૫ મા અનંતામાં પડિવાઈ સમ્યગ્ દૃષ્ટિ તથા સિદ્ધ તેથી અનંતગુણા છે. ૬-૭ મા અનંતા ખાલી છે. ૮મા અનંતામાં નિગોદનાં જીવો, આકાશ શ્રેણી તથા કેવળ જ્ઞાન, કેવળ દર્શનની પર્યાય અનુક્રમે અનંતગુણી ૯ મો અનંત ખાલી છે.

શીલાક પાલામાં નાંખે. ફરીથી તે દ્વીપ કે સમુદ્રના વિસ્તાર જેવડો (ઊંડાઈ, જગતી ઉપરવત્) બનાવીને સરસવથી ભરી આગળ ને આગળ એકેક દ્વીપ એકેક સમુદ્રમાં એકેક દાણો નાંખીને શીલાકને ભરે. જ્યારે શીલાક પૂરો ભરાય ત્યારે તેને ઉપાડીને અંતિમ (બાકી મૂકેલ) દ્વીપ કે સમુદ્રથી આગળ એકેક દાણો નાંખતા, નાંખતા ખાલી કરે, અને એક દાણો પ્રતિશીલાક પાલામાં નાંખે. એમ આગળ ને આગળના દ્વીપસમુદ્ર ને અનવસ્થિત પાલો બનાવતાં એકેક દાણાથી શીલાકને ભરવો, શીલાકના એકેક દાણાથી પ્રતિશીલાકને ભરવો. પછી પ્રતિશીલાકને ખાલી કરતા એકેક દાણાથી મહાશીલાકને ભરવો. આવી રીતે મહાશીલાક ભરાઈ રહે, પછી પ્રતિશીલાકને ભરવો. પછી શીલાક અને અનવસ્થિતને ભરી મૂકવો.

આવી રીતે ચારે પાલા ભર્યા છે. છેલ્લો દાણો જે દ્વીપ કે સમુદ્રમાં પડયો હતો ત્યાંથી પ્રથમ દ્વીપ સુધી પડેલા બધા દાણાને એકઠા કરવા તેમાં ચારેય પાલાના દાણા મેળવીને એક ઢગલો કરવો. તેમાંથી ૧ દાણો કાઢી લે તે ઉત્કૃષ્ટ સંખ્યાતા. કાઢેલો ૧ દાણો નાંખી દે તે જઘન્ય પ્રત્યેક અસંખ્યાતા કહેવા. એ દાણાની સંખ્યાને પરસ્પર ગુણે (અભ્યાસ કરે)★ અને જે સંખ્યા થાય તેને જઘન્ય યુક્તા અસંખ્યાતા કહેવા. તેમાંથી ૧ દાણો ન્યૂન તે ઉ૦ પ્ર૦ અસંખ્યાતા, બે દાણા ન્યૂન તે મધ્યમ પ્ર૦ અસંખ્યાતા, (૧ આવલિકાના સમય જ૦ યુક્તા અસંખ્યાતા જાણવા).

જઘન્ય યુક્તા અસંખ્યાતાની રાશિ (ઢગલા) ને પરસ્પર ગુણતાં આવે તે જ૦ અસંખ્યાતા, અસંખ્યાત જાણવા. તેમાંથી ૧ ન્યૂન તે ઉ૦ યુ કતા અસંખ્યાતા. બે ઓછા તે મ૦ યુક્તા અસંખ્યાતા જાણવા.

★ તેને તે જ રકમને તેટલી વાર ગુણવી તેનું નામ અભ્યાસ. ગુણાકાર તે એક વખત કરે જેમ કે ૧૦×૧૦ અને અભ્યાસ એટલે એક સંખ્યાને એજ સંખ્યાથી એટલી જ વખત ગુણવી જેમ કે ૧૦×૧૦×૧૦×૧૦×૧૦×૧૦×૧૦×૧૦×૧૦×૧૦

જ૦ અસં૦ અસંખ્યાતાની રાશિને પરસ્પર ગુણતાં આવે તેને જ૦ પ્ર૦ અનંતા જાણવા. તેમાંથી ૨ ન્યૂન તે મ૦ અસં૦ અસંખ્યાતા અને ૧ ન્યૂન તે ઉ૦ અસંખ્યાતા અસંખ્યાત જાણવા.

જ૦ પ્ર૦ અનંતાની રાશિને પરસ્પર ગુણતા આવે જ૦ યુકતા અનંતા તેમાંથી બે ન્યૂનતે મ૦ પ્ર૦ અનંતા, ૧ ન્યૂન તે ઉ૦ પ્ર૦ અનંતા જાણવા.

જ૦ યુ૦ અનંતાને પરસ્પર ગુણે તો જ૦ અનંતાનંત થાય. તેમાંથી બે ન્યૂન તે મ૦ યુકતા અનંતા, ૧ ન્યૂન તે ઉ૦ યુકતા અનંતા જાણવા.

જઘન્ય અનંતાનંતને પરસ્પર ગુણી (વર્ગ કરી) ને જે આવે તેને મધ્યમ અનંતાનંત કહે છે. એને પરસ્પર ગુણતાં (વર્ગ કરતાં) આવે તે ઉત્કૃષ્ટ અનંતાનંત જાણવા. પણ સંસારમાં ઉત્કૃષ્ટ અનંતાનંત જેટલા કોઈ પદાર્થ નથી. તત્ત્વ કેવળી ગમ્ય.

ઈતિ સંખ્યાદિ ૨૧ બોલ સંપૂર્ણ.

# (૮૨) પ્રમાણ-નય.

## અનુયોગ દ્વાર.

શ્રી અનુયોગ દ્વાર સૂત્ર અને અન્ય ગ્રન્થોને આધારે ૨૪ દ્વાર કહેવાય છે. (૧) સાત નય, (૨) ચાર નિક્ષેપ, (૩) દ્રવ્ય, ગુણ, પર્યાય, (૪) દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, (૫) દ્રવ્ય-ભાવ, (૬) કાર્ય-કારણ, (૭) નિશ્ચય-વ્યવહાર, (૮) ઉપાદાન-નિમિત્ત, (૯) ચાર પ્રમાણ, (૧૦) સામાન્ય-વિશેષ, (૧૧) ગુણ-ગુણી, (૧૨) જ્ઞેય, જ્ઞાન, જ્ઞાની, (૧૩) ઉપન્નેવા, વિગમે વા, ધ્રુવે વા, (૧૪) આધેય-આધાર, (૧૫) આવિર્ભાવ તિરોભાવ, (૧૬) ગૌણતા-મુખ્યતા, (૧૭) ઉત્સર્ગ-અપવાદ, (૧૮) ત્રણ આત્મા, (૧૯) ચાર ધ્યાન, (૨૦) ચાર અનુયોગ, (૨૧) ત્રણ જાગૃતિ, (૨૨) નવ વ્યાખ્યા, (૨૩) આઠ પક્ષ, (૨૪) સપ્તભંગી.

૧. નય - (પદાર્થોના અંશને ગ્રહણ કરે તે) પ્રત્યેક પદાર્થના અનેક ધર્મ છે અને એ દરેકને ગ્રહણ કરનાર એકેક નય ગણાય. એ રીતે અનંત નય થઈ શકે; પણ અત્રે સંક્ષેપથી ૭ નય વર્ણવાશે.

નયના મુખ્ય ૨ ભેદ છે - દ્રવ્યાસ્તિક (દ્રવ્યને ગ્રહનારી) અને પર્યાયાસ્તિક (જે પર્યાયોને ગ્રહણ કરે તે). દ્રવ્યાસ્તિક નયના ૧૦ ભેદ-૧. નિત્ય, ૨. એક, ૩. સત્, ૪. વક્તવ્ય, ૫. અશુદ્ધ, ૬. અન્વય, ૭. પરમ, ૮. શુદ્ધ, ૯. સત્તા, ૧૦. પરમ ભાવ-દ્રવ્યાસ્તિક નય. પર્યાયાસ્તિકનયના ૬ ભેદ-દ્રવ્ય, દ્રવ્ય વ્યંજન, ગુણ, ગુણવ્યંજન, સ્વભાવ અને વિભાવ-પર્યાયાસ્તિક નય. આ બન્ને નયોના ૭૦૦ ભાંગા થઈ શકે છે.

નય સાત - ૧. નૈગમ, ૨. સંગ્રહ, ૩. વ્યવહાર, ૪. ઋજુસૂત્ર, ૫ શબ્દ, ૬ સમભિરૂઢ, ૭ એવંભૂત નય. એમાંથી પહેલા ૪ નયોને દ્રવ્યાસ્તિક, અર્થ કે ક્રિયાનય કહે છે, અને પાછલા ત્રણને પર્યાયાસ્તિક, શબ્દ કે, જ્ઞાન-નય કહે છે. હવે તેનો વિસ્તાર કહે છે.

(૧) નૈગમ નય - જેનો એક (ગમ) સ્વભાવ નથી, અનેક માન, ઉન્માન, પ્રમાણથી વસ્તુ માને. ત્રણે કાળ, ૪ નિક્ષેપા, સામાન્ય, વિશેષ આદિ માને. તેના ૩ ભેદ-

(૧) અંશ - વસ્તુના અંશને ગ્રહીને વસ્તુ માને, જેમ નિગોદને સિદ્ધ સમાન માને.

(૨) આરોપ - ભૂત, ભવિષ્ય અને વર્તમાન, ત્રણે કાળનો વર્તમાનમાં આરોપ કરે.

(૩) વિકલ્પ - અધ્યવસાય ઉત્પન્ન થાય તે. એવા ૭૦૦ વિકલ્પ થઈ શકે છે.

શુદ્ધ નૈગમ નય અને અશુદ્ધ નૈગમ નય એમ બે ભેદ પણ છે.

(૨) સંગ્રહ નય - વસ્તુની મૂળ સત્તાને ગ્રહણ કરે. જેમ

વંશલોચન - એક દવા છે.

સર્વ જીવોને સિદ્ધ સમ જાણે. જેમ એગે આયા આત્મા એક છે (એક સરખા સ્વભાવ અપેક્ષા). ૩ કાળ, ૪ નિક્ષેપા અને સામાન્યને માને. વિશેષ ન માને.

(૩) વ્યવહાર નય - અંતઃકરણ (આંતરિક દશા) ની દરકાર ન કરતાં, બાહ્ય વ્યવહાર માને, જેમ જીવને મનુષ્ય, તિર્યંચ, નારક, દેવ માનવા જન્મયો, મર્યો, વગેરે. પ્રત્યેક રૂપી પદાર્થોમાં વર્ણ, ગંધ આદિ ૨૦ બોલ સત્તામાં છે પણ બાહ્ય દેખાય તેજ માને. જેમ હંસને ધોળો, ગુલાબને સુગંધી, સાકરને મીઠી માને, તેના પણ શુદ્ધ, અશુદ્ધ ૨ ભેદ, સામાન્ય સાથે વિશેષ માને, ૪ નિક્ષેપા, ત્રણે કાળની વાતને માને.

(૪) ઋજુ સૂત્ર - ભૂત, ભવિષ્યની પર્યાયોને છોડી માત્ર વર્તમાન - સરળ - પર્યાયને માને. વર્તમાન કાળ, ભાવનિક્ષેપ અને વિશેષને જ માને. જેમ સાધુ છતાં ભોગમાં ચિત્ત ગયું તેને ભોગી અને ગૃહસ્થ છતાં ત્યાગમાં ચિત્ત ગયું તેને સાધુ માને.

એ ચાર દ્રવ્યાસ્તિક નય છે. એ ચારે નય સમકિત, દેશવ્રત, સર્વ વ્રત, ભવ્ય, અભવ્ય બન્નેમાં હોય પણ શુદ્ધોપયોગ રહિત હોવાથી જીવનું કલ્યાણ નથી થતું.

(૫) શબ્દ નય - સરખા શબ્દનો એકજ અર્થ કરે. વિશેષ, વર્તમાનકાળ અને ભાવનિક્ષેપને જ માને. લિંગભેદ ન માને. શુદ્ધ ઉપયોગ નેજ માને. જેમકે - શક્રેન્દ્ર, દેવેન્દ્ર, પુરેન્દ્ર,, સૂચિપતિ એ બધાને એક માને.

(૬) સમભિરૂઢ નય - શબ્દના ભિન્ન ભિન્ન અર્થને માને, જેમ - શક્રસિંહાસન પર બેઠેલાને જ શક્રેન્દ્ર માને. એક અંશ ન્યૂન હોય તેને પણ વસ્તુ માની લે, વિશેષ ભાવનિક્ષેપ અને વર્તમાન કાળને જ માને.

(૭) એવંભૂત નય - એક અંશ પણ કમ ન હોય એને વસ્તુ માને. શેષને અવસ્તુ માને. વિશેષ, વર્તમાનકાળ અને ભાવનિક્ષેપનેજ માને.

જેમ અસંખ્યાત પ્રદેશ યુક્ત ધર્માસ્તિકાય દ્રવ્ય હોય તો જ તેને ધર્માસ્તિકાય દ્રવ્ય માને. પણ ૨-૪ પ્રદેશને ધર્માસ્તિકાય ન માને. આ નય વાળાંની દૃષ્ટિ ફક્ત ઉપયોગ તરફ જ રહે.

જે નયથીજ એકાંત પક્ષ ગ્રહણ કરે તે નયાભાસ (મિથ્યાત્વી) કહેવાય છે. જેમ સાત આંધળાએ ૧ હાથીના અનુક્રમે દંતશૂળ, સુંઢ, કાન, પેટ, પગ, પૂછડું, અને કુંભ સ્થળ પકડીને કહેવા લાગ્યા કે હાથી સાંબેલા જેવો, ગણેશ જેવો, સુપડા જેવો, કોઠી જેવો, થાંભલા જેવો, ચામર જેવો કે ઘડા જેવો છે. તો સમદૃષ્ટા તો બધાને એકાંતવાદી સમજી મિથ્યા માનશે, પણ બધા નયો મેળવવાથી સત્ય સ્વરૂપ થાય છે અને તેજ સમદૃષ્ટિ કહેવાય.

૨. નિક્ષેપ ચાર - એકેક વસ્તુના જેમ અનંત નય હોઈ શકે, તેમ નિક્ષેપ પણ અનંત હોઈ શકે. પણ અહીં મુખ્ય ચાર નિક્ષેપા વર્ણવ્યા છે. નિક્ષેપા - સામાન્ય રૂપ પ્રત્યક્ષ જ્ઞાન છે. વસ્તુ તત્ત્વગ્રહણમાં અતિ આવશ્યક છે. તેના ચાર ભેદ :

(૧) નામનિક્ષેપ - જીવ કે અજીવનું અર્થ શૂન્ય યથાર્થ કે અયથાર્થ નામ રાખવું તે.

(૨) સ્થાપના નિક્ષેપ - જીવ કે અજીવની સદૃશ (સદ્‌ભાવ) કે અસદૃશ (અસદ્‌ભાવ) સ્થાપના (આકૃતિ, કે ઓઠું) કરવી તે સ્થાપના નિક્ષેપ.

(૩) દ્રવ્ય નિક્ષેપ - ભૂત અને ભવિષ્યકાળની દશાને વર્તમાનમાં ભાવશૂન્ય છતાં કહેવી માનવી; જેમ યુવરાજને કે પદભ્રષ્ટ રાજાને રાજા માનવો, કોઈના કલેવર (મડદાં) ને એના નામે જાણવું.

નિક્ષેપા - કોઈ પણ એક નામવાળી વસ્તુમાં ગુણનું કે અવગુણનું અવલોકન કરીને તેનું શુદ્ધ કે અશુદ્ધ સ્વરૂપ પ્રગટ કરવું તે.

પ્રમાણ - જેના વડે વસ્તુની વસ્તુતા સિદ્ધ થાય અથવા જેનાથી અર્થ, પદાર્થ જાણી શકાય તે.

(૪) ભાવ નિક્ષેપ - સંપૂર્ણ ગુણ યુકત વસ્તુને જ વસ્તુરૂપે માનવી.

દષ્ટાંત - મહાવીર નામ તે નામ નિક્ષેપ. તે ગમે તેનું નામ રાખ્યું હોય, મહાવીર લખ્યું હોય, ચિત્ર કર્યું હોય મૂર્તિ હોય કે કોઈ ચીજ મૂકીને એને મહાવીર તરીકે કહીએ તે મહાવીરનો સ્થાપના નિક્ષેપ કેવળ જ્ઞા્ન થયા પહેલાંના સંસારી જીવનને કે નિર્વાણ પામ્યા બાદના શરીરને મહાવીર માનવા તે મહાવીરનો દ્રવ્ય નિક્ષેપ અને મહાવીર પોતે કેવળજ્ઞાન દર્શન સહિત બિરાજતા હોય તેમને જ મહાવીર કહેવા તે ભાવ નિક્ષેપ માનવો. એ રીતે જીવ, અજીવ આદિ સર્વ પદાર્થોનું ચાર નિક્ષેપા ઉતારી જ્ઞાન થઈ શકે.

૩. દ્રવ્ય-ગુણ-પર્યાય દ્વાર-ધર્માસ્તિકાય આદિ જેમ છ દ્રવ્ય છે; ચલન સહાય આદિ સ્વભાવ તે દરેકના જુદા ગુણ છે. અને દ્રવ્યોમાં ઉત્પાદ્, વ્યય, ધ્રુવ આદિ પરિવર્તન થવું તે પર્યાયો છે.

દષ્ટાંત - જીવ તે દ્રવ્ય, જ્ઞાનદર્શન આદિ ગુણ, મનુષ્ય, તિર્યંચ દેવ, સાધુ આદિ દશા તે પર્યાય સમજવી.

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ દ્વાર - દ્રવ્ય તે જીવ, અજીવ આદિ; ક્ષેત્ર તે આકાશ પ્રદેશ, કાળ તે સમય, ઘડી, જાવ કાળચક્ર; ભાવ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ આદિ. જીવ, અજીવ બધા ઉપર દ્રવ્ય ક્ષેત્ર, કાળ, ભાવ ઉતારી શકાય.

૫. દ્રવ્ય - ભાવ દ્વાર - ભાવને પ્રકટ કરવામાં સહાયક તે દ્રવ્ય છે. જેમ દ્રવ્યથી જીવ અમર શાશ્વત છે, ભાવથી અશાશ્વત છે. દ્રવ્યથી લોક શાશ્વત છે, ભાવથી અશાશ્વતો છે. એટલે કે દ્રવ્ય તે મૂળ વસ્તુ છે, સદૈવ - શાશ્વતી છે. ભાવ તે વસ્તુની પર્યાય છે, - અશાશ્વતી છે.

જેમ ભમરો લાકડું કોતરે છે તેમાં 'ક' જેવો આકાર બની ગયો તે દ્રવ્ય 'ક' અને કોઈ પંડિતે સમજીને 'ક' લખ્યો તે ભાવ 'ક' જાણવો.

૬. કારણ - કાર્ય દ્વાર - કાર્ય (સાધ્ય) ને પ્રગટ કરનાર પહોંચાડનાર તે કારણ છે. કારણ વિના કાર્ય ન થાય જેમ ઘડો બનાવવો તે કાર્ય છે, તો માટી, કુંભાર, ચાકડો આદિ કારણ અવશ્ય જોઈએ માટે કારણ મુખ્ય છે.

૭. નિશ્ચય વ્યવહાર - નિશ્ચયને પ્રકટ કરનાર તે વ્યવહાર છે. વ્યવહાર બળવાન છે. વ્યવહારથી જ નિશ્ચયને પહોંચી શકાય છે. જેમ નિશ્ચયમાં કર્મનો કર્તા કર્મ છે. વ્યવહારથી જીવ કર્મોનો કર્તા મનાય છે. જેમ નિશ્ચયથી આપણે ચાલીએ છીએ અને વ્યવહારથી કહીએ કે ગામ આવ્યું; પાણી ચૂવે તેને કહીએ કે નાળ ચૂવે છે ઇત્યાદિ.

૮. ઉપાદાન - નિમિત્ત - ઉપાદાન તે મૂળ કારણ જે સ્વયંકાર્ય રૂપ પરિણમે. જેમ ઘડાનું ઉપાદાન કારણ માટી અને નિમિત્ત તે સહકારી કારણો. જેમાં ઘડો બનાવવામાં કુંભાર, પાવડો, ચાકડો વગેરે. શુદ્ધ નિમિત્ત કારણ હોય તો ઉપાદાનને સાધક થાય અને અશુદ્ધ નિમિત્ત હોય તો ઉપાદાનનો બાધક પણ થાય.

૯. ચાર પ્રમાણ - પ્રત્યક્ષ, આગમ, અનુમાન અને ઉપમા પ્રમાણ. ૧. પ્રત્યક્ષના ૨ ભેદ-૧ ઇન્દ્રિય પ્રત્યક્ષ (પાંચ ઇંદ્રિયોથી થતું પ્રત્યક્ષ જ્ઞાન) અને ૨ નોઇન્દ્રિય પ્રત્યક્ષ (ઇંદ્રિયોની સહાય વિના માત્ર આત્મશુદ્ધત્તાથી પ્રત્યક્ષ જ્ઞાન થાય તે) તેના ૨ ભેદ - ૧ દેશથી તે અવધિ, મનઃપર્યવજ્ઞાન અને ૨ સર્વથી તે કેવળજ્ઞાન

૨. આગમ પ્રમાણ - શાસ્ત્રવચન, આગમોની હકીકતોને પ્રમાણ માનવી. તેનાં ૩ ભેદ. સુત્તાગમે, અત્થાગમે, તદુભયાગમે. ૩. અનુમાન પ્રમાણ- જે વસ્તુ અનુમાનથી જણાય તે.

તેના ૫ ભેદ.

| | | |
|---|---|---|
| ૧ | કારણથી | - જેમ ઘડાનું કારણ માટી છે, માટીનું કારણ ઘડો નથી. |
| ૨ | ગુણથી | - જેમ પુષ્પમાં સુગંધ, સુવર્ણમાં કોમળતા જીવમાં જ્ઞાન. |
| ૩ | આસરણ | - જેમ ધુમાડાથી અગ્નિ, વીજળીથી વાદળાં આદિ જાણવું તે. |
| ૪ | આવયવેણં | - જેમ દંતશૂળથી હાથી, ચુડીઓથી બૈરી, શાસન રૂચિથી સમકિતી જણાય. |
| ૫ | દિઠ્ઠિસામન્ન | - સામાન્યથી વિશેષને જાણે. જેમ ૧ રૂપીયાને જોઈ ઘણાને જાણે. ૧ માણસને જોવાથી આખા દેશના માણસોને જાણે. |

ભલા, બૂરા ચિહ્ન જોઈને ત્રણેય કાળના જ્ઞાનની કલ્પના અનુમાનથી થઈ શકે છે.

૪. ઉપમા પ્રમાણ - ઉપમા આપવી, સરખામણીથી જ્ઞાન કરવું. તેના ૪ ભેદ. (૧) યથાર્થ (સત્) વસ્તુને યથાર્થ ઉપમા, (૨) યથાર્થ વસ્તુને અયથાર્થ (અસત્) ઉપમા. (૩) અયથાર્થ વસ્તુને યથાર્થ ઉપમા, અને (૪) અયથાર્થ વસ્તુને અયથાર્થ ઉપમા.

૧૦. સામાન્ય - વિશેષ - સામાન્યથી વિશેષ બળવાન્ છે. સમુદાય રૂપ જાણવું તે સામાન્ય. વિવિધ ભેદાનુભેદથી જાણવું તે વિશેષ.

જેમ દ્રવ્ય સામાન્ય, જીવ, અજીવ, એ વિશેષ.

જીવ દ્રવ્ય સામાન્ય. સંસારી, સિદ્ધ વિશેષ, ઈત્યાદિ.

૧૧. ગુણ ગુણી - પદાર્થમાં ખાસ વસ્તુ (સ્વભાવ) છે તે ગુણ છે. અને એ ગુણ જેમાં છે, તે વસ્તુ (ગુણધારક)ને ગુણી કહે છે. જેમ જ્ઞાન તે ગુણ અને જીવ ગુણી. સુગંધ ગુણ, પુષ્પ ગુણી, ગુણ અને ગુણી અભેદ (અભિન્ન) રૂપે રહે છે.

૧૨. જ્ઞેય - જ્ઞાન - જ્ઞાની - જાણવાયોગ્ય (જ્ઞાનના વિષયભૂત) સર્વ દ્રવ્યો જ્ઞેય છે, દ્રવ્યોનું જાણપણું તે જ્ઞાન છે. અને પદાર્થોને જાણનાર તે જ્ઞાની છે. જેમ ધ્યેય, ધ્યાન, ધ્યાની વગેરે.

૧૩. ઉપન્ને વા, વિગમે વા, ધ્રુવેવા - ઉપજવું, નાશ થવું અને નિશ્ચળ રૂપે રહેવું. જેમ જન્મવું, મરવું અને જીવપણે કાયમ (અમર) રહેવું.

૧૪. આધેય - આધાર - ધારી રાખે તે આધાર. તેને આધારે રહે તે આધેય જેમ પૃથ્વી આધાર, ઘટાદિ પદાર્થો આધેય, જીવ આધાર, જ્ઞાનાદિ આધેય.

૧૫. આવિર્ભાવ તિરોભાવ - જે પદાર્થ દૂર છે તે તિરોભાવ અને જે પદાર્થ - ગુણ નજીકમાં છે તે આવિર્ભાવ. જેમ દૂધમાં ઘીનો તિરોભાવ છે અને માખણમાં ઘીનો આવિર્ભાવ છે.

૧૬. ગૌણતા - મુખ્યતા - અન્ય વિષયો છોડીને આવશ્યક વસ્તુનું વ્યાખ્યાન કરાય તે મુખ્યતા, અને જે વસ્તુ ગુપ્તપણે અપ્રધાન પણે રહી હોય તે ગૌણતા છે. જેમ - જ્ઞાનથી મોક્ષ થાય છે, એમ કહેવામાં જ્ઞાનની મુખ્યતા રહી અને દર્શન, ચારિત્ર, તપાદિની ગૌણતા રહી.

૧૭. ઉત્સર્ગ - અપવાદ - ઉત્સર્ગ તે ઉત્કૃષ્ટ માર્ગ છે, અને અપવાદ તેનો રક્ષક છે. ઉત્સર્ગ માર્ગથી પતિત અપવાદનું અવલંબન લઈને ફરીથી ઉત્સર્ગ (ઉત્કૃષ્ટ) માર્ગે પહોંચી શકે છે. જેમ સદા ૩ ગુપ્તિથી રહેવું તે ઉત્સર્ગ માર્ગ અને ૫ સમિતિ તે ગુપ્તિના રક્ષક - સહાયક - અપવાદ માર્ગ છે. જિનકલ્પ ઉત્કૃષ્ટ માર્ગ છે, સ્થવિરકલ્પ અપવાદ માર્ગ છે. ઈત્યાદિ ષટ્દ્રવ્યમાં પણ જાણવા.

૧૮. ત્રણ આત્મા - બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા. બહિરાત્મા શરીર, ધન, ધાન્યાદિ સમૃદ્ધિ, કુટુંબપરિવાર આદિમાં તલ્લીન થવું તે મિથ્યાત્વી.

અંતરાત્મા - બાહ્ય વસ્તુને પર સમજી તેને ત્યાગવા ચાહે ત્યાગે તે, ૪ થી ૧૨ ગુણસ્થાનવાળા.

પરમાત્મા - સર્વ કાર્ય સિદ્ધ થયા. કર્મમુક્ત થઈ સ્વ-સ્વરૂપમાં લીન છે તે સિદ્ધ તથા કેવળજ્ઞાની ભગવંતો પરમાત્મા.

૧૯. ચાર ધ્યાન -

૧ પદસ્થ - પંચ પરમેષ્ઠીના ગુણોનું ધ્યાન કરવું તે.

૨ પિંડસ્થ - શરીરમાં રહેલ અનંત ગુણયુક્ત ચૈતન્યનું અધ્યાત્મધ્યાન કરવું.

૩ રૂપસ્થ - અરૂપી છતાં કર્મયોગે આત્મા સંસારમાં અનેક રૂપ ધારણ કરે છે એ વિચિત્ર સંસાર અવસ્થાનું ધ્યાન કરવું - તેથી છૂટવાના ઉપાય ચિંતવવા તથા અરિહંતના ગુણોનો વિચાર કરવો.

૪ રૂપાતીત - સચ્ચિદાનંદ, અગમ્ય, નિરાકાર, નિરંજન, સિદ્ધ પ્રભુનું ધ્યાન કરવું. શુદ્ધ આત્માના ગુણોનો અનુભવ કરવો.

૨૦. ચાર અનુયોગ - ૧. દ્રવ્યાનુયોગ - જીવ - અજીવ, ચૈતન્ય - જડ (કર્મ), આદિ દ્રવ્યોનાં સ્વરૂપનું જેમાં વર્ણન હોય. ૨. ગણિતાનુયોગ - જેમાં ક્ષેત્ર, પહાડ, નદી, દેવલોક, નારકી, જ્યોતિષી આદિના ગણિતમાપનું વર્ણન હોય. ૩. ચરણકરણાનુયોગ જેમાં સાધુ-શ્રાવકના આચાર, ક્રિયાનું વર્ણન હોય.

૪. ધર્મ કથાનુયોગ જેમાં સાધુ, શ્રાવક, રાજા, રંક, આદિના વૈરાગ્યમય બોધદાયક જીવન પ્રસંગોનું વર્ણન હોય.

૨૧. જાગરણા ત્રણ (૧) બુદ્ધ જાગ્રિકા - તીર્થંકર અને કેવળીઓની દશા (૨) અબુદ્ધ જાગ્રિકા - છદ્મસ્થ મુનિઓની અને (૩) સુદઃખુ જાગ્રિકા - શ્રાવકોની.

૨૨. વ્યાખ્યા નવ - એકેક વસ્તુની ઉપચાર નયથી ૯-૯ રીતે વ્યાખ્યા કરાય.

(૧) દ્રવ્યમાં દ્રવ્યનો ઉપચાર-જેમકાષ્ટમાં વંશલોચન.

(૨) દ્રવ્યમાં ગુણનો ,, - ,, જીવ જ્ઞાનવંત છે.

(૨) ,, પર્યાયનો ,, - ,, આ જીવ સ્વરૂપવાન છે.

(૪) ગુણમાં દ્રવ્યનો ,, - ,, અજ્ઞાની જીવ છે.

(૫) ,, ગુણનો ,, - ,, જ્ઞાની છતાં બહુ ક્ષમાવંત છે.

(૬) ,, પર્યાયનો ,, - ,, આ તપસ્વી ઘણા રૂપાળા છે.

(૭) પર્યાયમાં દ્રવ્યનો ,, - ,, આ પ્રાણી દેવતાનો જીવ છે.

(૮) ,, ગુણનો ,, - ,, આ મનુષ્ય બહુ જ્ઞાની છે.

(૯) ,, પર્યાયનો ,, - ,, આ મનુષ્ય શ્યામ વર્ણનો છે.ઈ.

૨૩. પક્ષ આઠ - એક વસ્તુની અપેક્ષાએ અનેક વ્યાખ્યા થઈ શકે છે. એમાં મુખ્યતયા આઠ પક્ષ લઈ શકાય : નિત્ય, અનિત્ય, એક, અનેક, સત્, અસત્, વકતવ્ય, અવકતવ્ય. આ આઠ પક્ષ નિશ્ચય અને વ્યવહારથી જીવ પર ઉતારે છે.

| પક્ષ | વ્યવહાર નય અપેક્ષા | નિશ્ચય નય અપેક્ષા |
|---|---|---|
| નિત્ય | એક ગતિમાં ફરતાં નિત્ય છે. | જ્ઞાન, દર્શન અપેક્ષા નિત્ય છે |
| અનિત્ય | સમય સમય આયુષ્ય ક્ષય થતાં અનિત્ય છે. | અગુરૂ લઘુ આદિ પર્યાયથી અનિત્ય છે. |
| એક | ગતિમાં વર્તતા એ દશાએ એક છે | ચૈતન્ય અપેક્ષા જીવ એક છે. |
| અનેક | પુત્ર, ભાઈ, આદિ સગપણે અનેક છે. | અસંખ્ય પ્રદેશાપેક્ષા અનેક છે. |
| સત્ | સ્વગતિ, સ્વક્ષેત્રાપેક્ષા સત્ છે. | જ્ઞાનાદિ ગુણાપેક્ષા સત્ છે. |
| અસત્ | પરગતિ, પરક્ષેત્રાપેક્ષા અસત્ છે. | પરગુણ અપેક્ષા અસત્ છે. |
| વકતવ્ય | ગુણસ્થાન આદિની વ્યાખ્યા થઈ શકે તે. | સિદ્ધના ગુણોની જે વ્યાખ્યા થઈ શકે. |
| અવકતવ્ય | જે વ્યાખ્યા કેવળી પણ ન કરી શકે તે અનુક્રમ વગર વ્યાખ્યા ન થઈ શકે. | સિદ્ધના સર્વ ગુણોની વ્યાખ્યા ન થઈ શકે તે |

૨૪. સપ્તભંગી - ૧ સ્યાત્ અસ્તિ, ૨ સ્યાત્ નાસ્તિ, ૩ સ્યાત્ અસ્તિ-નાસ્તિ, ૪ સ્યાત્ અવકતવ્ય, ૫ સ્યાત્ અસ્તિ અવકતવ્ય, ૬ સ્યાત્ નાસ્તિ અવકતત્વ્ય, ૭ સ્યાત્ અસ્તિ - નાસ્તિ અવકતવ્ય.

આ સપ્તભંગી દરેક પદાર્થ (દ્રવ્ય) પર ઉતારી શકાય છે. તેમાંજ સ્યાદ્વાદનું રહસ્ય રહેલું છે. એકેક પદાર્થને અનેક અપેક્ષાએ જોનાર સદા સમભાવી હોય.

દૃષ્ટાંત માટે સિદ્ધ પરમાત્મા પર સપ્તભંગી ઉતારે છે-

૧. સ્યાત્ અસ્તિ-સિદ્ધો સ્વગુણ અપેક્ષા છે.

૨. સ્યાત્ નાસ્તિ - સિદ્ધો પર ગુણ અપેક્ષા નથી (પરગુણોનો અભાવ છે.)

૩. સ્યાદ અસ્તિ નાસ્તિ - સિદ્ધોમાં સ્વગુણોની અસ્તિ અને પરગુણોની નાસ્તિ છે.

૪. સ્યાદ વકતૃવ્ય - અસ્તિ - નાસ્તિ યુગપત્ છે છતાં એક સમયમાં કહી શકાતી નથી.

૫. સ્યાદસ્તિ અવકતવ્ય - સ્વગુણોની અસ્તિ છે છતાં ૧ એક સમયમાં કહી શકાતાં નથી.

૬. સ્યાદનાસ્તિ વકતવ્ય - પરગુણોની નાસ્તિ છે અને એક સમયમાં કહી શકાતાં નથી.

૭. સ્યાત અસ્તિ નાસ્તિ અવકતવ્ય - અસ્તિ - નાસ્તિ બંને છે. પણ એક સમયમાં કહી નથી શકાતા.

એ સ્યાદ્વાદ સ્વરૂપ સમજીને સદા સમભાવી બનીને રહેવું જેથી આત્મકલ્યાણ થાય.

**ઈતિ પ્રમાણ નય વિસ્તાર સંપૂર્ણ.**

## (૮૩) ભાષાપદ.

**શ્રી પન્નવણા સૂત્રના ૧૧ મા પદનો અધિકાર.**

(૧) ભાષા જીવને જ હોય છે, અજીવને નથી હોતી, કોઈ પ્રયોગવશ અજીવમાંથી ભાષા નીકળતી સંભળાય છે તે પણ જીવની સત્તા છે.

(૨) ભાષાની ઉત્પતિ - ઔદારિક, વૈક્રિય અને આહારક, એ ત્રણ શરીર દ્વારા જ છે.

(૩) ભાષાનું સંસ્થાન - વજ્ર જેવું છે. ભાષાના પુદ્દગલો વજ્રસંસ્થાનવાળાં છે.

(૪) ભાષાનાં પુદ્દગલો ઉત્કૃષ્ટ, લોકના છેડા (લોકાંત) સુધી જાય છે.

(૫) ભાષા ૨ પ્રકારની છે - પર્યાપ્ત ભાષા (સત્ય, અસત્ય) અને અપર્યાપ્ત ભાષા (મિશ્ર અને વ્યવહાર ભાષા).

(૬) ભાષક - સમુચ્ચય જીવ અને ત્રસના ૧૯ દંડકમાં ભાષા બોલાય છે. ૫ સ્થાવર અને સિદ્ધ ભગવાન અભાષક છે. ભાષક થોડા છે. અભાષક એથી અનંત ગુણા છે.

(૭) ભાષા ૪ પ્રકારે છે - સત્ય, અસત્ય, વ્યવહાર અને મિશ્ર ભાષા. ૧૬ દંડકમાં ચારેય ભાષા. ત્રણ દંડક (વિકલેન્દ્રિય)માં વ્યવહાર ભાષા છે. ૫ સ્થાવરમાં ભાષા નથી.

(૮) સ્થિર - અસ્થિર - જીવ જે પુદ્‌ગલો ભાષારૂપે ગ્રહે છે તે સ્થિર છે યા અસ્થિર ? આત્માની નજીક રહેલા સ્થિર પુદ્‌ગલોને જ ભાષાપણે ગ્રહે છે તે દ્રવ્ય ક્ષેત્ર, કાળ, ભાવ અપેક્ષા ચાર પ્રકારે ગ્રહણ કરે છે.

૧ દ્રવ્યથી અનંતપ્રદેશી દ્રવ્યને ભાષાપણે ગ્રહે છે.

૨ ક્ષેત્રથી અસંખ્યાત આકાશ પ્રદેશ અવગાહે એવા અનંત પ્રદેશી દ્રવ્યને ભાષાપણે ગ્રહે છે.

૩ કાળથી ૧-૨-૩-૪-૫-૬-૭-૮-૯-૧૦ સંખ્યાતા અને અસંખ્યાતા સમયની એમ ૧૨ બોલની સ્થિતિવાળા પુદ્‌ગલોને ભાષાપણે ગ્રહે છે.

૪ ભાવથી ૫ વર્ણ, ૨ ગંધ, ૫ રસ, ૪ સ્પર્શવાળા પુદ્‌ગલો ભાષાપણે ગ્રહે, તે આ રીતે : - એકેક વર્ણ, એકેક ગંધ, એકેક રસ, એકેક સ્પર્શના અનંતગુણ અધિક અધિકના ૧૩ ભેદ કરવા. એટલે વર્ણના ૫x૧૩=૬૫, ગંધના ૨x૧૩=૨૬, રસના ૫x૧૩=૬૫, અને સ્પર્શના ૪x૧૩=૫૨ બોલ થયા.

તેમાં દ્રવ્યનો ૧ બોલ, ક્ષેત્રનો ૧, અને કાળના ૧૨ બોલ ઉમેરવાથી ૨૨૨ બોલ થાય. એ ૨૨૨ બોલવાળા પુદ્‌ગલ દ્રવ્ય

ભાષાપણે ગ્રહણ થાય છે તે (૧) સ્પર્શ કરેલા, (૨) આત્મ અવગાહન કરેલા, (૩) અનન્તર અવગાહન કરેલા, (૪) અણુ - સૂક્ષ્મ, (૫) બાદર - સ્થૂલ, (૬) ઉર્ધ્વ-દિશાના, (૭) અધોદિશાના, (૮) તિર્છીદિશાના, (૯) આદિના, (૧૦) અંતના, (૧૧) મધ્યના, (૧૨) સ્વવિષયના (ભાષા યોગ્ય), (૧૩) આનુપૂર્વી (ક્રમશઃ), (૧૪) ત્રસનાળીના છ દિશાના, (૧૫) જ. ૧ સમય ઉ. અસંખ્યાત સમયના અં. મુ. ના સાન્તર પુદ્‌ગલ, (૧૬) નિરંતર જ. ૨ સમય ઉ. અસં. સમયના અં. મુ. ના, (૧૭) પ્રથમ સમયના - પુદ્‌ગલો ગ્રહણ કરે અંત સમય ત્યાગે, મધ્યમ ગ્રહે અને છોડતો રહે.

એ ૧૭ બોલ અને ઉપરના ૨૨૨ મળી કુલ ૨૩૯ બોલ થયા. સમુચ્ચય જીવ અને ૧૯ દંડક એમ વીશે ગુણતા ૨૩૯x૨૦=૪૭૮૦ બોલ થયા.

(૯) સત્ય ભાષાપણે પુદ્‌ગલ ગ્રહે તો સમુચ્ચય જીવ અને ૧૬ દંડક એ ૧૭ બોલ. ૨૩૯ પ્રકારે ઉપર મુજબ ગ્રહે. એટલે ૧૭x૨૩૯=૪૦૬૩ બોલ. એવી રીતે અસત્ય ભાષાના ૪૦૬૩ બોલ અને મિશ્રભાષાના ૪૦૬૩ બોલ, તથા વ્યવહાર ભાષાના સમુચ્ચય જીવ અને ૧૯ દંડક એમ ૨૦x ૨૩૯=૪૭૮૦ બોલ, કુલ મળી ૨૧૭૪૯ બોલ એકવચનાપેક્ષા અને ૨૧૭૪૯ બહુવચનાપેક્ષા, કુલ ૪૩૪૯૮ ભાંગા ભાષાના થાય.

(૧૦) ભાષાનાં પુદ્‌ગલો મ્હોંથી નીકળતાં જો તે ભેદાતા નીકળે તો રસ્તામાંથી અનંતગણી વૃદ્ધિ થતા થતા લોકના અંતભાગ સુધી ચાલ્યા જાય છે. જો અભેદાતા પુદ્‌ગલો નીકળે તો સંખ્યાતા યોજન જઈને (વિધ્વંસી) લય પામી જાય છે.

(૧૧) ભાષાના ભેદાતાં પુદ્‌ગલો નીકળે તે ૫ પ્રકારથી (૧) ખંડા ભેદ-પત્થર, લોઢા, કાષ્ટ આદિના ટુકડા થવા વત્

(૨) પરતર ભેદ - અખરખનાં પડવત્. (૩) ચૂર્ણભેદ - ધાન્ય કઠોળવત્. (૪) અણુતડિયા ભેદ - તળાવની સૂકી માટીવત્. (૫) ઉકકરિયા ભેદ - કઠોળ આદિની સીંગ ફાટે તેમ. એ પાંચનો અલ્પબહુત્વ - સર્વથી થોડા ઉકકરિયા, તેથી અણુતડિયા અનંતગુણા, તેથી ચૂર્ણિય અનંતગણા, તેથી પરતર અનંત૦ તેથી ખંડાભેદ ભેદાતા પુદ્ગલો અનંતગણા.

(૧૨) પુદ્ગલની સ્થિતિ જ. ૧ સમય, ઉ. અંત. ની

(૧૩) ભાષકનો આંતરો જ. અંત. ઉ૦ અનંતકાળનો (વનસ્પતિમાં જાય તો).

(૧૪) ભાષા પુદ્ગલ કાયયોગથી ગ્રહણ કરાય છે.

(૧૫) ભાષા પુદ્ગલ વચન યોગથી છોડાય (મૂકાય) છે.

(૧૬) કારણ - મોહ અને અંતરાય કર્મના ક્ષયોપશમ અને વચનયોગથી સત્ય અને વ્યવહાર ભાષા બોલાય છે. જ્ઞાનાવરણ અને મોહકર્મના ઉદયથી અને વચન યોગથી અસત્ય અને મિશ્ર ભાષા બોલાય છે. કેવળી સત્ય અને વ્યવહાર ભાષા જ બોલે. તેમને ૪ ઘાતી કર્મ ક્ષય થયા છે. વિકલેંદ્રિય માત્ર વ્યવહાર ભાષા સંજ્ઞારૂપજ બોલે છે. ચારેય પ્રકારે ૧૬ દંડકના જીવો બોલે છે.

(૧૭) જીવ જે પ્રકારની ભાષાપણે દ્રવ્ય ગ્રહણ કરે તેજ પ્રકારની ભાષા બોલે.

(૧૮) વચન દ્વાર - બોલનાર - વ્યાખ્યાનીએ નીચેનું વચન જ્ઞાન કરવું. એક વચન, દ્વિવચન, બહુવચન; સ્ત્રી વચન, પુરુષવચન, નપુંસક વચન; અધ્યવસાય વચન, વર્ણ (ગુણ કીર્તન), અવર્ણ (અવર્ણ વાદ), વર્ણાવર્ણ (પહેલા ગુણ કર્યા પછી અવર્ણ વાદ), અવર્ણાવર્ણ (પહેલા અવગુણ કહી, પછી ગુણ કહેવા, ભૂત-ભવિષ્ય-વર્તમાનકાળ વચન; પ્રત્યક્ષ-પરોક્ષ વચન,

એ ૧૬ પ્રકાર. સિવાય વિભક્તિ, તદ્ધિત, ધાતુ, પ્રત્યય આદિનો જ્ઞાતા હોય.

(૧૯) શુભ ઈરાદાથી ચાર પ્રકારની ભાષા બોલનાર આરાધક થઈ શકે છે.

(૨૦) ચાર ભાષાનાં ૪૨ નામ છે. સત્ય ભાષાના ૧૦ પ્રકાર. (૧) લોકભાષા સત્ય, (૨) સ્થાપના સત્ય (જે ચિત્રાદિને નામે કહેવાતું હોય તે કહેવું), (૩) નામ સત્ય (ગુણ હોય કે ન હોય, જે નામ હોય તે કહેવું,) (૪) રૂપ સત્ય (તાદશ રૂપ જેવું કહેવું. જેમ હનુમાનજી જેવા રૂપ - પૂતળાને હનુમાન કહે), (૫) અપેક્ષા સત્ય, (૬) સંમત સત્ય, (૭) વ્યવહાર સત્ય, (૮) ભાવ સત્ય, (૯) યોગ સત્ય અને (૧૦) ઉપમા સત્ય.

અસત્ય વચનના ૧૦ પ્રકાર : - ૧. ક્રોધથી, ૨. માનથી, ૩. માયાથી, ૪. લોભથી, ૫. રાગથી, ૬. દ્વેષથી, ૭. હાસ્યથી, ૮. ભયથી, (એ કારણોથી બોલાયેલ ભાષા - આત્મજ્ઞાન ભૂલીને) બોલાયેલ હોવાથી સત્ય છતાં અસત્ય છે. ૯. પરપરિતાપવાળી, ૧૦. પ્રાણાતિપાત (હિંસક) ભાષા, એ ૧૦. પ્રકારની ભાષા અસત્ય છે.

મિશ્ર ભાષા ૧૦ પ્રકાર - આ નગરમાં આટલા માણસ પેદા થયા, આટલા મૃત્યુ પામ્યા, આજે આટલા જન્મ - મરણ થયા, આ બધા જીવ છે, આ બધા અજીવ છે આમાં અડધા જીવ છે, અડધા અજીવ છે, આ વનસ્પતિ બધી અનંતકાય છે આ બધી પરિતકાય છે. પોરસી દિન આવી ગયો, આટલાં વર્ષ થઈ ગયાં; મતલબ કે જે વાતનો નિશ્ચય ન હોય (ભલે કાર્ય થયું હોય) ત્યાં સુધી મિશ્રભાષા.

વ્યવહાર ભાષાના ૧૨ પ્રકાર - (૧) સંબોધિત ભાષા (હે વીર, હે દેવ ઇ, (૨) આજ્ઞા દેવી, (૩) યાચના કરવી,

(૪) પ્રશ્નાદિ પૂછવા, (૫) વસ્તુ - તત્ત્વ - પ્રરૂપણા કરવી, (૬) પ્રત્યાખ્યાનાદિ કરવા, (૭) આગલાની ઈચ્છાનુસાર બોલવું જહાસુહં, (૮) ઉપયોગ શૂન્ય બોલવું, (૯) ઈરાદાપૂર્વક વ્યવહાર કરવો, (૧૦) શંકાયુક્ત બોલવું. (૧૧) અસ્પષ્ટ બોલવું, (૧૨) સ્પષ્ટતાથી બોલવું. જે ભાષામાં અસત્ય ન હોય અને સંપૂર્ણ યા નિશ્ચય સત્ય ન હોય તે વ્યવહાર ભાષા જાણવી.

(૨૧) અલ્પબહુત્વ - સૌથી થોડા સત્ય ભાષક, તેથી મિશ્ર ભાષક અસંખ્યાતગણા, તેથી અસત્ય ભાષક અસંખ્યાતગણા, તેથી વ્યવહાર ભાષક અસંખ્યાતગણા અને તેથી અભાષક (સિદ્ધ તથા એકેંદ્રિય) અનંતગણા.

ઈતિ ભાષાપદ સંપૂર્ણ

## (૮૪) આયુષ્યના ૧૮૦૦ ભાંગા.

### શ્રી પન્નવણા સૂત્રના છઠ્ઠા પદનો અધિકાર.

પાંચ સ્થાવરમાં જીવો નિરંતર ઉપજે અને એમાંથી નિરંતર નીકળે. ૧૯ દંડકમાં જીવો સાંતર અને નિરંતર ઉપજે અને સાંતર તથા નિરંતર નીકળે. સિદ્ધ ભગવાન સાંતર અને નિરંતર ઉપજે પણ સિદ્ધમાંથી નીકળે નહિ. ૪ સ્થાવર સમય સમય અસંખ્યાતા જીવો ઉપજે અને અસંખ્યાતા ચવે. વનસ્પતિમાં સમય સમય અનંતા જીવો ઉપજે અને અનંતા ચવે. ૧૯ દંડકમાં સમય સમય ૧-૨-૩ યાવત્ સંખ્યાતા, અસંખ્યાતા જીવો ઉપજે અને ચવે. સિદ્ધ ભગવાન ૧-૨-૩ જાવ ૧૦૮ ઉપજે પણ ચવે નહિ.

આયુષ્ય બંધ કયારે થાય ? - નારકી દેવતા અને જુગલિયા, આયુષ્યના છ માસ બાકી રહે ત્યારે પરભવનું આયુષ્ય બાંધે. શેષ જીવો બે પ્રકારે બાંધે - સોપક્રમી અને નિરૂપક્રમી. નિરૂપક્રમી તો

નિયમા ત્રીજા ભાગનું આયુષ્ય શેષ રહેતાં આયુષ્ય બાંધે અને સોપક્રમી આયુષ્યના ત્રીજા, નવમાં, સત્યાવીશમા, એક્યાશીમાં, ૨૪૩ મા ભાગમાં કે છેવટના અંતર્મુહૂર્તમાં પરભવનું આયુષ્ય બાંધે. આયુષ્ય કર્મ સાથે જ છ બોલ (જાતિ, ગતિ, સ્થિતિ, અવઘેણા, પ્રદેશ અને અનુભાગ)નો બંધ થાય છે.

સમુચ્ચય જીવ અને ૨૪ દંડકના એકેક જીવ ઉપરના છ બોલોનો બંધ કરે. (૨૫x૬=૧૫૦) એમજ ઘણા જીવો બંધ કરે. ૧૫૦+૧૫૦=૩૦૦; ૩૦૦ નિદ્ધત અને ૩૦૦ નિકાચિત બંધ થાય, એમ ૬૦૦ ભાંગા (પ્રકાર) નામ કર્મ સાથે, ૬૦૦ ગોત્ર સાથે અને ૬૦૦ નામ ગોત્ર (એકઠા) સાથે લગાડવાથી આયુષ્ય કર્મના ૧૮૦૦ ભાંગા થયા.

જીવ જાતિ નિદ્ધત આયુષ્ય બાંધે છે; તે ગાય પાણીને ખેંચીને પીએ તેમ આકર્ષે છે; કેટલી આકર્ષણાથી પુદ્ગલ ગ્રહણ કરે છે, તે વખતે ૧-૨-૩ ઉત્કૃષ્ટ ૮ આકર્ષણા કરે છે. તેનો અલ્પબહુત્વ - સૌથી થોડા જીવ ૮ આકર્ષણા કરનારા તેથી ૭ આકર્ષણા કરનારા જીવો સંખ્યાતગણા, તેથી ૬ આકર્ષણ કરનારા સંખ્યાતગણા, તેથી ૫-૪-૩-૨ અને ૧ આકર્ષનારાથી આયુ બાંધનારા ક્રમશઃ સંખ્યાત સંખ્યાતગણા.

જેમ જાતિ નામ નિદ્ધતનો સમુચ્ચય જીવ અપેક્ષા અલ્પબહુત્વ બતાવ્યો છે, તેમજ ગતિ આદિ ૬ બોલોનો અલ્પ બ૦ ૨૪ દંડક પર થાય. એમ ૧૫૦નો અલ્પબહુત્વ યાવત્ ઉપરના ૧૮૦૦ ભાંગાનો અલ્પબહુત્વ કરી લેવો.

ઇતિ આયુષ્યના ૧૮૦૦ ભાંગા સંપૂર્ણ

## (૮૫) સોપક્રમ - નિરૂપક્રમ.

**શ્રી ભગવતી સૂત્ર શતક ૨૦ માના ઉદ્દેશા ૧૦ માનો અધિકાર.**

સોપક્રમ આયુષ્ય ૭ કારણથી તૂટી શકે છે. ૧. અધ્યવસાય - અતિ હર્ષ, શોક, ભયથી, ૨ નિમિત્ત- શસ્ત્ર દંડ વિ. નિમિત્તથી, ૩.આહારે-વધારે કે પ્રતિકૂળ આહારથી, ૪. વેદના - પ્રાણનાશક વેદના થવાથી, ૫. પરાઘાત - ખાડામાં પડવાથી કે વૃક્ષ, મકાન પર પડી જવાથી, કે પીડા થવાથી, ૬. સ્પર્શ - સાપ વિ. ઝેરી પ્રાણી કરડવાથી. ૭. શ્વાસોચ્છ્વાસ રૂંધાવાથી મરે.

નિરૂપક્રમ આયુષ્ય બાંધેલ પૂરું આયુષ્ય ભોગવે વચ્ચે તૂટે નહિ. જીવ બન્ને પ્રકારના આયુષ્યવાળા હોય છે.

(૧) નારકી, દેવતા, જુગલ તીર્યંચ, જુગલ મનુષ્ય, તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ, પ્રતિવાસુદેવ, બળદેવ એમના આયુષ્ય નિરૂપક્રમી હોય છે. શેષ સર્વ જીવોના બન્ને પ્રકારે છે.

(૨) નારકી સોપક્રમ (સ્વહસ્તે શસ્ત્રાદિથી) ઉપજે, પર ઉપક્રમથી કે વિના ઉપક્રમથી ? ત્રણે પ્રકારથી. મતલબ કે, મનુષ્ય - તિર્યંચપણે જીવે નર્કનું આયુષ્ય બાંધ્યું હોય તે મરતી વખતે પોતાના હાથે, બીજાના હાથે અથવા આયુષ્ય પૂર્ણ થયે મરે. એમ ૨૪ દંડક જાણવા.

(૩) નારકી નર્કથી નીકળે તે સ્વોપક્રમથી, પરોપક્રમથી કે વિના ઉપક્રમથી ? વિના ઉપક્રમથી. એવં ૧૩ દેવતાના દંડકમાં પણ વિના ઉપક્રમથી ચવે. પાંચ સ્થાવર. ત્રણ વિકલેંદ્રિય, તિર્યંચ પંચેંદ્રિય અને મનુષ્ય એ ૧૦ દંડકના જીવો ત્રણે ઉપક્રમથી ચવે.

(૪) નારકી સ્વાત્મઋદ્ધિ (નરકાયુ આદિ)થી ઉત્પન્ન થાય કે પરઋદ્ધિથી ? સ્વઋદ્ધિથી. અને નીકળે (ચવે) પણ સ્વઋદ્ધિથી એવં ૨૩ દંડકમાં જાણવું.

(૫) ૨૪ દંડકના જીવો સ્વપ્રયોગ (મન, વચન, કાય) થી ઉપજે અને નીકળે, પરપ્રયોગથી નહિ.

(૬) ૨૪ દંડકના જીવો સ્વકર્મથી ઉપજે અને નીકળે. (ચવે), પરકર્મથી નહિ.

ઈતિ સોપક્રમ નિરૂપક્રમ સંપૂર્ણ.

## (૮૬) હિયમાણ - વદ્ધમાણ.

### શ્રી ભગવતી સૂત્રના શતક ૫ ઉ૦ ૮ માનો અધિકાર.

(૧) જીવ હિયમાન (ઘટવું) છે કે વર્ધમાન (વધવું) ? હિયમાન નથી કે વર્ધમાન નથી પણ અવસ્થિત (વધ-ઘટ) વિના જેમના તેમ રહે) છે.

(૨) નેરીયા હિયમાન, વર્ધમાન અને અવસ્થિત પણ છે. એવં ૨૪ દંડક. સિદ્ધ ભગવાન વર્ધમાન અને અવસ્થિત છે.

(૩) સમુચ્ચય જીવ અવસ્થિત રહે તો શાશ્વતા. નેરીયા હિયમાન, વર્ધમાન રહે તો જ૦ ૧ સમય, ઉ૦ આવલિકાને અસં૦ ભાગ અને અવસ્થિત રહે તો વિરહકાળથી બમણા. (જુઓ વિરહપદનો થોકડો) એવં ૧૯ દંડકમાં - અવસ્થિત કાળ વિરહકાળથી બમણો, પણ પાંચ સ્થાવરમાં અવસ્થિત કાળ હિયમાનવત્ જાણવો. સિદ્ધોમાં વર્ધમાન જ૦ ૧ સમય, ઉ૦ ૮ સમય અને અવસ્થિત કાળ જ૦ ૧ સમય, ઉ૦ છ માસ.

ઈતિ હિયમાણ વદ્ધમાણ સંપૂર્ણ

## (૮૮) સોવચય સાવચય.

**શ્રી ભગવતીસૂત્રના શતક ૫માના ઉ૦ ૮ માનો અધિકાર.**

૧. સોવચય (વૃદ્ધિ), ૨ સાવચય (હાનિ), ૩ સોવચય સાવચયા (વૃદ્ધિ, હાનિ), અને ૪ નિરૂવચય - નિરવચયા - હાનિ નહિ કે વૃદ્ધિ નહિ, એ ૪ ભાંગા પરના પ્રશ્નોત્તર : - સમુચ્ચય જીવોમાં ચોથો ભાંગો છે, શેષ ૩ નથી. ૨૪ દંડકમાં ચારે ભાંગા લાભે (હોય), સિદ્ધમાં ભાંગા ૨ (સોવચય અને નિરૂવચય - નિરવચયા).

સમુચ્ચય જીવમાં નિરૂવચય - નિરવચયા છે તે સર્વાધ છે અને નારકીમાં નિરૂવચય - નિરવચયા સિવાયના ત્રણ ભાંગાની સ્થિતિ જ૦ ૧ સમયની ઉ૦ આવલિકાના અસં૦ ભાગની તથા નિરૂવચય - નિરવચયાની સ્થિતિ વિરહદ્વારવત્ એમ ૧૯ દંડકમાં જાણવું. સ્થાવરમાં નિરૂવચય - નિરવચય પણ જ૦ ૧ સમય, ઉ૦ આવલિકાને અસંખ્યાતમે ભાગ, સિદ્ધમાં સોવચય જ૦ ૧ સમય, ઉ૦ ૮ સમયની અને નિરૂવચયા - નિરવચયાની જ૦ ૧ સમયની, ઉ૦ ૬ માસની સ્થિતિ જાણવી.

નોટ - પાંચ સ્થાવરમાં અવસ્થિત કાલ તથા નિરૂવચય-નિરવચયા કાલ આવલિકાને અસંખ્યાતમે ભાગ કહેલ છે, તે પરકાયાપેક્ષ છે. સ્વકાયનો વિરહ નથી પડતો.

ઈતિ સોવચય સાવચય સંપૂર્ણ.

# (૮૮) કૃત સંચય

## શ્રી ભગવતી સૂત્રના શતક ૨૦ના ઉદ્દેશા ૧૦ માનો અધિકાર

(૧) કૃત સંચય[1] - જે એક સમયમાં બે જીવોથી સંખ્યાતા જીવ ઉત્પન્ન થાય છે.

(૨) અકૃત સંચય[2] - જે એક સમયમાં અસંખ્યાતા, અનંતા જીવ ઉત્પન્ન થાય છે.

(૨) અવક્તવ્ય સંચય[3] - એક સમયમાં એક જીવ ઉત્પન્ન થાય છે.

૧ નારકી (૭), ૧૦ ભવનપતિ, ૩ વિકલેન્દ્રિય, ૧ તિર્યંચ પંચેંદ્રિય, ૧ મનુષ્ય, ૧ વ્યંતર, ૧ જ્યોતિષી અને ૧ વૈમાનિક, એમ ૧૯ દંડકમાં ત્રણ પ્રકારના સંચય.

પૃથ્વીકાય આદિ ૫ સ્થાવરમાં અકૃત સંચય હોય. શેષ બે સંચય ન હોય. કારણ સમય સમય અસંખ્ય જીવો ઊપજે છે. જો કોઈ સ્થાન પર ૧-૨-૩ આદિ સંખ્યાતા કહ્યા હોય તો તે પર - કાયાપેક્ષા સમજવા.

સિદ્ધ કૃત સંચય તથા અવકતવ્ય સંચય છે, અકૃત સંચય નથી.

### અલ્પબહુત્વ

નારકીમાં સૌથી થોડા અવક્તવ્ય સંચય. તેથી કૃત સંચય સંખ્યાતગણા તેથી અકૃતસંચય અસંખ્યાતગણા. એમ ૧૯ દંડકનો અલ્પબહુત્વ સમજવો.

૫ સ્થાવરમાં એક જ બોલ હોવાથી અલ્પબહુત્વ નથી.

સિદ્ધમાં સૌથી થોડા કૃતસંચય, તેથી અવક્તવ્ય સંચય સંખ્યાતગણા.

ઈતિ કૃત સંચય સંપૂર્ણ.

---

૧. જે જીવ બીજી ગતિમાંથી આવીને એક સમયમાં એક સાથે સંખ્યાતા ઉત્પન્ન થાય તે. ૨. જે એક સમયમાં અસંખ્યાતા ઉત્પન્ન થાય તે અકૃત સંચય.
૩. જે એક સમયમાં એક ઉત્પન્ન થાય તે.

## (૮૯) દ્રવ્ય (જીવાજીવ)

**શ્રી ભગવતી સૂત્રના શતક ૨૫ ના ઉ૦ ૨ જાનો અધિકાર.**

દ્રવ્ય બે પ્રકારના છે. જીવ દ્રવ્ય અને અજીવ દ્રવ્ય. જીવ દ્રવ્ય સંખ્યાતા, અસંખ્યાતા કે અનંતા છે ? અનંતા છે, કારણકે જીવ અનંતા છે.

અજીવ દ્રવ્ય સંખ્યાતા, અસંખ્યાતા કે અનંતા છે ? અનંતા છે. કારણ કે - અજીવ દ્રવ્ય પાંચ છે. - ધર્માસ્તિકાય. અધર્માસ્તિકાયના અસંખ્યાત પ્રદેશો છે. આકાશ અને પુદ્દગલના અનંત પ્રદેશો છે, અને કાળ વર્તમાન એક સમય છે. ભૂતભવિષ્યા પેક્ષા અનંત સમય છે માટે અજીવ દ્રવ્ય અનંતા છે.

પ્ર૦ - જીવ દ્રવ્ય, અજીવ દ્રવ્યના કામમાં આવે છે કે અજીવ દ્રવ્ય જીવ દ્રવ્યના કામમાં આવે છે ?

ઉ૦ - જીવ દ્રવ્ય, અજીવ દ્રવ્યના કામમાં નથી આવતા; પણ અજીવ દ્રવ્ય જીવદ્રવ્યના કામમાં આવે છે. કેમકે - જીવો અજીવ દ્રવ્યને ગ્રહણ કરીને ૧૪ બોલ ઉત્પન્ન કરે છે. યથા - ૧ ઔદારિક, ૨ વૈક્રિય, ૩ આહારક, ૪ તેજસ, ૫ કાર્મણ શરીર, ૫ ઈન્દ્રિયો, ૧૧ મન, ૧૨ વચન, ૧૩ કાયા અને ૧૪ શ્વાસોશ્વાસ.

પ્ર૦ - અજીવ દ્રવ્યને નારકીના નેરીયા કામ આવે કે નેરીયાને અજીવ કામ આવે ?

ઉ૦ - અજીવ દ્રવ્ય ને નેરીયા કામ ન આવે; પણ નેરીયાને અજીવ દ્રવ્ય કામ આવે. અજીવ ગ્રહીને નેરીયા ૧૨ બોલ ઉત્પન્ન કરે. (૩ શરીર, ૫ ઈન્દ્રિય, મન, વચન, કાયા અને શ્વાસોશ્વાસ)

દેવતાના ૧૩ દંડકના પ્રશ્નોત્તર પણ નારકીવત્ ૧૨ બોલ ઉપજાવે.

ચાર સ્થાવરના જીવો ૬ બોલ (૩ શરીર, સ્પર્શેન્દ્રિય, કાય અને શ્વાસોશ્વાસ) ઉપજાવે. વાયુકાયના જીવો ૭ બોલ (ઉપરના ૬ અને વૈક્રિય) ઉપજાવે.

બેઈદ્રિયજીવો ૮ બોલ ઉપજાવે (૩ શરીર ૨ ઈંદ્રિય, ૨ યોગ, ૧ શ્વાસોશ્વાસ).

તેઈંદ્રિય જીવો ૯ ,, ,, (૩ ,, ૩ ,, ૨ ,, ૧ ,,)

ચૌરેન્દ્રિયજીવો ૧૦ ,, ,, (૩ ,, ૪ ,, ૨ ,, ૧ ,,)

તિર્યંચપંચેંદ્રિય ૧૩ ,, ,, (૪ ,, ૫ ,, ૩ ,, ૧ ,,)

મનુષ્યપૂરેપૂરા ૧૪ બોલ ઉપજાવે.

લોક અસંખ્યાત પ્રદેશી હોવા છતાં તેમાં અનંત જીવ અને અજીવ દ્રવ્ય કૂટાગારશાળા તથા પ્રકાશનાં દૃષ્ટાંતથી સમાયાં છે.

ઈતિ દ્રવ્ય - જીવાજીવ સંપૂર્ણ.

## (૯૦) સંસ્થાન દ્વાર.

**શ્રી ભગવતીજી સૂત્રના શતક ૨૫ માના ઉદ્દેશો ત્રીજાનો અધિકાર.**

સંસ્થાન = આકૃતિ, તેના ૨ ભેદ:જીવ સંસ્થાન અને અજીવ સંસ્થાન. જીવ સંસ્થાનના ૬ ભેદ:સમચૌરંસ, સાદિ, નિગ્રોધ પરિમંડળ, વામન, કુબ્જ અને હુંડ સંસ્થાન. અજીવ સંસ્થાનના ૬ ભેદ - પરિમંડળ (ચૂડી આકારે ગોળ), ૨ વટ્ટ (લાડવા જેવું ગોળ). ૩ ત્રંસ (ત્રિકોણ), ૪ ચૌરંસ (ચોરસ), ૫ આયત (લાકડી જેમ લાંબુ), અને ૬ અનવસ્થિત અતિત્થંસ્થ (એ પાંચેથી વિપરીત.)

પરિમંડળ આદિ છએ સંઠાણોના દ્રવ્ય અનંતા છે; સંખ્યાતા કે અસંખ્યાતા નથી.

એ છ એ સંઠાણોના પ્રદેશ પણ અનંતા છે. સંખ્યાતા અસંખ્યાતા નથી.

## છ સંઠાણોનો દ્રવ્યાપેક્ષા અલ્પબહુત્વ

સૌથી થોડા પરિમંડળ સંસ્થાનના દ્રવ્ય. તેથી વટ્ટના દ્રવ્ય સંખ્યાતગણા તેથી ચૌરંસના દ્રવ્ય સંખ્યાતગણા. તેથી ત્રંસના દ્રવ્ય સંખ્યાતગણા. તેથી આયતના દ્રવ્ય સંખ્યાતગણા. તેથી અનવસ્થિતના દ્રવ્ય અસંખ્યાત ગુણા.

**પ્રદેશાપેક્ષા** અલ્પબહુત્વ પણ દ્રવ્યાપેક્ષાવત્ જાણવો.

## દ્રવ્ય - પ્રદેશાપેક્ષા ભેળો અલ્પબહુત્વ.

સૌથી થોડા પરિમંડળ દ્રવ્ય. તેથી વટ દ્રવ્ય સંખ્યાતગણા. તેથી ચૌરંસ દ્રવ્ય સંખ્યાત ગણા તેથી ત્રંસ દ્રવ્ય સંખ્યાતગણા.

,, આયત દ્રવ્ય સંખ્યાતગણા તેથી અનવસ્થિત દ્રવ્ય અસં૦ ગણા.

,, પરિમંડળ પ્રદેશ અસં ગણા તેથી વટ્ટ પ્રદેશ સંખ્યાત ગણા.

,, ચૌરંસ પ્રદેશ સંખ્યાત ગણા તેથી ત્રંસ પ્રદેશ સંખ્યાત ગણા.

,, આયત પ્રદેશ સંખ્યાત ગણા તેથી અનવસ્થિત પ્રદેશ અસં. ગણા.

ઈતિ સંસ્થાન દ્વાર સંપૂર્ણ

## (૯૨) સંસ્થાનના ભાંગા.

### ભગવતી સૂત્રના શતક ૨૫ માના ઉદ્દેશા ત્રીજાનો અધિકાર.

સંસ્થાન ૫ પ્રકારના છે - પરિમંડળ, વટ્ટ, ત્રંસ, ચૌરંસ અને આયત. એ પાંચે સંઠાણ સંખ્યાતા, અસંખ્યાતા નહિ પણ અનંતા અનંતા છે.

૭ નારકી, ૧૨ દેવલોક, ૯ ગ્રૈવેયક, ૫ અનુત્તર વિમાન,

સિદ્ધશિલા અને પૃથ્વી ૩૫ સ્થાનમાં પાચે પ્રકારના અનંતા અનંતા સંસ્થાન છે. એમ ૩૫x૫=૧૭૫ ભાંગા થયા.

એક જવમધ્ય પરિમંડળ સંસ્થાનમાં બીજા પરિમંડળ સંસ્થાન અનંતા છે. એવં યાવત્ આયત સંસ્થાન સુધી અનંત અનંત કહેવા. એવી જ રીતે એક યવમધ્ય પરિમંડળની જેમ બીજા ૪ સંસ્થાનોની વ્યાખ્યા કરવી. એક સંસ્થાનમાં બીજા પાંચે સંસ્થાન અનંતા છે માટે દરેકના ૫x૫=૨૫ બોલ એ ઉક્ત ૩૫ સ્થાનોમાં હોય એટલે ૩૫x૨૫=૮૭૫ અને ૧૭૫ પહેલાંના મળી કુલ ૧૦૫૦ ભાંગા થયા.

**ઈતિ સંસ્થાનના ભાંગા સંપૂર્ણ.**

## (૯૨) ખેતાણુવાઈ

### શ્રી પન્નવણા સૂત્રના ત્રીજા પદનો અધિકાર.

ત્રણ લોકના અહીં છ ભેદ કરીને દરેક ભાગમાં કોણ રહે છે તે બતાવે છે.

(૧) ઉર્ધ્વલોક (જ્યોતિષી દેવોના ઉપલા તળાથી ઉપર) માં - ૧૨ દેવલોક, ૩ કિલ્વિષી, ૯ લોકાંતિક, ૯ ગ્રૈવેયક, ૫ અનુત્તર વિમાન, એ ૩૮ દેવના પર્યાપ્તા, અપર્યાપ્તા (૭૬ દેવ). તથા મેરૂની વાવડી અપેક્ષા બાદર તેઉના પર્યાપ્તા, અપર્યાપ્તા સિવાય ૪૬ જાતના તિર્યંચ હોય, એમ ૭૬+૪૬=૧૨૨ ભેદના જીવો છે.

(૨) અધોલોક (મેરૂની સમભૂમિથી ૯૦૦ યોજન નીચે તિર્છો લોક છે તેથી નીચે)માં જીવના ભેદ ૧૧૫ છે :- ૭

નારકીના ૧૪ ભેદ, ૧૦ ભવનપતિ, ૧૫ પરમાધામીના પર્યાo અપર્યાo એમ ૫૦ દેવ, સલીલાવતી વિજય અપેક્ષા (૧ મહાવિદેહના પર્યાo અપર્યાo અને સંમૂર્છિમ મનુષ્ય એમ) ૩ મનુષ્ય અને ૪૮ તિર્યંચના ભેદ મળી ૧૪+૫૦+૩+૪૮=૧૧૫ છે.

(૩) તિર્છાલોક (૧૮૦૦ યોજન)માં ૩૦૩ મનુષ્ય, ૪૮ તિર્યંચ અને ૭૨ દેવ (૧૬ વ્યંતર, ૧૦ જાંભકા, ૧૦ જ્યોતિષી એ ૩૬ના પર્યાo અપર્યાo) કુલ ૪૨૩ જીવોના ભેદ છે.

(૪) ઉર્ધ્વ - તિર્છાલોક (જ્યોતિષી ઉપલા તળાના ૧ પ્રદેશી પ્રતરથી અને ઉર્ધ્વલોકની નીચેના ૧ પ્રદેશી પ્રતરની વચ્ચે)માં દેવો ગમનાગમન વખતે અને જીવો ચવીને ઉર્ધ્વલોકમાં કે તીર્છાલોકમાં જતાં ગમનાગમન વખતે સ્પર્શ કરે છે.

(૫) અધો - તિર્છા લોકમાં પણ બન્ને પ્રતરોને ચવીને જતા આવતા જીવો સ્પર્શે છે.

(૬) ત્રણે લોક (ઉર્ધ્વ, અધો અને તિર્છાલોક)ને દેવતા, દેવી કે મારણાંતિક સમુદ્ઘાત કરતા જીવો એક સાથે સ્પર્શ કરે.

૨૪ દંડકના જીવો ઉપરોક્ત ૬ લોકમાં ક્યાં ન્યુનાધિક છે ? તેનો અલ્પબહુત્વ :-

૨૦ બોલ - (સમુચ્ચય એકેન્દ્રિય, ૫ સ્થાવર એ ૬ સમુચ્ચય, ૬ પર્યાપ્તા, ૬ અપર્યાપ્તા, ૧ સમુચ્ચય જીવ અને ૧ સમુચ્ચય તિર્યંચ) નો અલ્પબહુત્વ.

સૌથી થોડા ઉર્ધ્વ - તિર્છાલોકમાં, તેથી અધો-તિર્છાલોકમાં વિશેષ. તેથી તિર્છા લોકમાં અસંખ્યાતગણા. તેથી ત્રણે લોકમાં અસંખ્યાતગણા તેથી ઉર્ધ્વલોકમાં અસંખ્યાતગણા તેથી અધો લોકમાં વિશેષ.

૩ બોલ (સમુચ્ચય નારકી, પર્યાપ્ત અને અપર્યાપ્ત) નારકીનો અલ્પબ૦ - સૌથી થોડા ત્રણે લોકમાં, અધો તિર્છાલોકમાં અસંખ્ય૦, અધો લોકમાં અસંખ્યગણા.

છ બોલ - ભવનપતિના (૧ સમુચ્ચય, ૧ પર્યાપ્ત, ૧ અપર્યાપ્ત. એવં ૩ દેવીના) સૌથી થોડા ઉર્ધ્વલોકમાં, તેથી ઉર્ધ્વ - તિર્છા લોકમાં અસંખ્યાત ગણા, તેથી ત્રણે લોકમાં સંખ્યાતગણા, તેથી અંધો - તિર્છા લોકમાં અસંખ્યાત ગણા, તેથી તિર્છા લોકમાં અસંખ્યાત ગણા, તેથી અધો લોકમાં અસંખ્યાતગણા. (દેવ તથા દેવી બંનેનો આ પ્રમાણે સમજવો)

૪ બોલ (તિર્યંચણી, સમુચ્ચય દેવ, સમુ.દેવી, પંચેંદ્રિયના પર્યાપ્ત)નો અલ્પબહુત્વ - સૌથી થોડા ઉર્ધ્વ લોકમાં, તેથી ઉર્ધ્વ - તિર્છા લોકમાં અસંખ્યાતગણા, તેથી ત્રણે લોકમાં સંખ્યાતગણા, તેથી અધો તિર્છા લોકમાં સંખ્યાત ગણા, તેથી અધો લોકમાં સંખ્યાત ગણા, તેથી, તિર્છા લોકમાં ૩ બોલ સંખ્યાતગણા અને તેથી પંચેંદ્રિયના પર્યાપ્ત અસંખ્યાતગણા.

છ બોલ - મનુષ્યના (સમુચ્ચય મનુષ્ય, પર્યાપ્ત, અપર્યાપ્ત એવં ૩ મનુષ્યણીના) સૌથી થોડા ત્રણે લોકમાં, તેથી ઉર્ધ્વ - તિર્છા લોકમાં મનુષ્ય અસંખ્યાતગણા, તેથી અધો-તિર્છા લોકમાં સંખ્યાતગણા, તેથી ઉર્ધ્વલોકમાં સંખ્યાતગણા, તેથી અધો લોકમાં સંખ્યાતગણા, તેથી તિર્છા લોકમાં સંખ્યાતગણા.

મનુષ્યાણીનો અલ્પબહુત્વ મનુષ્ય પ્રમાણે જાણવો. ફરક માત્ર ઉર્ધ્વ - તિર્છા લોકમાં મનુષ્યાણી સંખ્યાત ગુણી જાણવી.

છ બોલ વ્યંતરના (સમુ, વ્યંતર દેવ, પર્યાપ્ત, અપર્યાપ્ત એવં ૩ દેવીના) સૌથી થોડા ઉર્ધ્વ લોકમાં, તેથી ઉર્ધ્વ - તિર્છા લોકમાં અસંખ્યાતગણા, તેથી ત્રણ લોકમાં સંખ્યાતગણા, તેથી અધો-તિર્છા લોકમાં અસંખ્યાતગણા, તેથી અધો લોકમાં સંખ્યાત

ગણા, તેથી તિર્છા લોકમાં સંખ્યાતગણા.

**૭ બોલ જ્યોતિષીના** (૩ દેવના, ૩ દેવીના ઉપરવત્) સૌથી થોડા ઉર્ધ્વલોકમાં, તેથી ઉર્ધ્વ - તિર્છા લોકમાં અસં. ગણા, તેથી ત્રણે લોકમાં સંખ્યાતગણા, તેથી અધો - તિર્છા ,, ,, ,,
અધો ,, ,, તેથી તિર્છા ,, ,,

**૭ બોલ વૈમાનિકના** (૩ દેવના ૩ દેવીના ઉપરવત) સૌથી થોડા ઉર્ધ્વ - તિર્છા લોકમાં, તેથી ત્રણે લોકમાં સંખ્યાતગણા. તેથી અધો - તિર્છાલોકમાં સંખ્યાતગણા, તેથી અધો ,, ,, ,, ,,

તેથી તિર્છા ,, ,, ,, , તેથી ઉર્ધ્વ લોકમાં અસંખ્યાતગણા.

**૭ બોલ ત્રણ વિકલેંદ્રિયના** (૩ પર્યાપ્તા, ૩ અપર્યાપ્તાના) સૌથી થોડા ઉર્ધ્વ લોકમાં, તેથી ઉર્ધ્વ - તિર્છા લોકમાં અસંખ્યાતગણા, તેથી ત્રણ લોકમાં અસંખ્યાતગણા, તેથી અધો - તિર્છા લોકમાં અસંખ્યાતગણા, તેથી અધો લોકમાં સંખ્યાતગણા, તેથી તિર્છા લોકમાં સંખ્યાતગણા.

**૫ બોલ** (સમુ૦ પંચેંદ્રિય, સમુ૦ અપર્યાપ્તા, સમુ૦ ત્રસ, ત્રસના પર્યા૦, અપર્યાપ્તા). સૌથી થોડા ત્રણે લોકમાં, તેથી ઉર્ધ્વ - તિર્છા લોકમાં સંખ્યાતગણા તેથી અધો - તિર્છા લોકમાં સંખ્યાતગણા, તેથી ઉર્ધ્વ લોકમાં સંખ્યાતગણા, તેથી અધો લોકમાં સંખ્યાતગણા, તેથી તિર્છા લોકમાં અસંખ્યાત ગણા.

## પુદ્ગલ ક્ષેત્રાપેક્ષા.

સૌથી થોડા ત્રણે લોકમાં, તેથી ઉર્ધ્વ - તિર્છા લોકમાં અનંતગણા, તેથી અધો - તિર્છા લોકમાં વિશેષ, તેથી તિર્છા લોકમાં અસંખ્યાત્ગણા, તેથી ઉર્ધ્વ લોકમાં અસંખ્યાતગણા, તેથી અધોલોકમાં વિશેષ.

## દ્રવ્ય ક્ષેત્રાપેક્ષા

સૌથી થોડા ત્રણ લોકમાં, તેથી ઉર્ધ્વ - તિર્છા લોકમાં અનંતગણા, તેથી અધો - તિર્છા લોકમાં વિશેષ, તેથી ઉર્ધ્વ લોકમાં અસંખ્યાતણા, તેથી અધોલોકમાં અનંતગણા, તેથી તિર્છા લોકમાં સંખ્યાતગણા.

## પુદ્ગલ દિશાપેક્ષા.

સૌથી થોડા ઉર્ધ્વ દિશામાં, તેથી અધો દિશામાં વિશેષ, તેથી ઈશાન નૈરૂત્ય કોણમાં અસંખ્યાતગણા, તેથી અગ્નિવાયવ્ય કોણમાં વિશેષ, તેથી પૂર્વ દિશામાં અસંખ્યાતગણા, તેથી પશ્ચિમ દિશામાં વિશેષ, તેથી દક્ષિણ દિશામાં વિશેષ, અને તેથી ઉત્તર દિશામાં વિશેષ, પુદ્ગલ જાણવા.

## દ્રવ્ય દિશાપેક્ષા.

સૌથી થોડા દ્રવ્ય અધો દિશામાં, તેથી ઉર્ધ્વ દિશામાં અનંતગણા, તેથી ઈશાન નૈઋત્ય કોણમાં અનંતગણા, તેથી અગ્નિ વાયુ કોણમાં વિશેષ, તેથી પૂર્વ દિશામાં અસંખ્યાતગણા, તેથી પશ્ચિમ દિશામાં વિશેષ, તેથી દક્ષિણ દિશામાં વિશેષ, તેથી ઉત્તર દિશામાં વિશેષ.

ઈતિ ખેતાણુવાઈ સંપૂર્ણ.

# (૯૩) અવઘેણાનો અલ્પબહુત્વ.

(ભગવતી સૂત્ર શતક ૧૯ ઉદ્દેશો - ૩ સૂત્ર - ૨)

| | | | |
|---|---|---|---|
| ૧ | સૌથી થોડી સૂક્ષ્મ નિગોદના અપર્યાપ્તાની જઘન્ય અવઘેણા | | તેથી |
| ૨ | સૂક્ષ્મ વાયુકાયના અપર્યાપ્તની | જ. અવ. | અસંખ્યાતગણી,,, |
| ૩ | ,, તેઉ ,, ,, | ,, ,, | ,, ,, |
| ૪ | ,, અપ ,, ,, ,, | ,, ,, | ,, ,, |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૫ | સૂક્ષ્મ | પૃથ્વીકાયના | અપર્યાપ્તાની | જ. | અવ. | અસંખ્યાતગણી | તેથી |
| ૬ | બાદર | વાયુકાયના | ,, | ,, | ,, | ,, | ,, |
| ૭ | ,, | તેઉકાયના | ,, | ,, | ,, | ,, | ,, |
| ૮ | ,, | અપકાયના | ,, | ,, | ,, | ,, | ,, |
| ૯ | ,, | પૃથ્વીકાયના | ,, | ,, | ,, | ,, | ,, |
| ૧૦ | ,, | નિગોદના | ,, | ,, | ,, | ,, | ,, |
| ૧૧ | પ્રત્યેક શરીરી બાદર વન. | | ,, | ,, | ,, | ,, | ,, |
| ૧૨ | સૂક્ષ્મ | નિગોદના | પર્યાપ્તાની | ,, | ,, | ,, | ,, |
| ૧૩ | ,, | નિગોદના | અપર્યાપ્તાની | ઉ. | અવ. | વિશેષ | તેથી |
| ૧૪ | ,, | નિગોદના | પર્યાપ્તાની | ઉ. | ,, | ,, | ,, |
| ૧૫ | ,, | વાયુકાયના | ,, | જ. | અવ. | અસંખ્યાતગણી | ,, |
| ૧૬ | ,, | વાયુકાયના | અપર્યાપ્તાની | ઉ. | ,, | વિશેષ | ,, |
| ૧૭ | ,, | વાયુકાયના | પર્યાપ્તાની | ઉ. | ,, | ,, | ,, |
| ૧૮ | ,, | તેઉકાયના | પર્યાપ્તાની | જ. | અવ. | અસંખ્યાતગણી. | તેથી |
| ૧૯ | ,, | તેઉકાયના | અપર્યાપ્તાની | ઉ. | ,, | વિશેષ | ,, |
| ૨૦ | ,, | તેઉકાયના | પર્યાપ્તાની | ઉ. | ,, | ,, | ,, |
| ૨૧ | ,, | અપકાયના | ,, | જ. | ,, | અસંખ્યાતગણી. | ,, |
| ૨૨ | ,, | અપકાયના | અપર્યાપ્તાની | ઉ. | ,, | વિશેષ | ,, |
| ૨૩ | ,, | અપકાયના | પર્યાપ્તાની | ,, | ,, | ,, | ,, |
| ૨૪ | ,, | પૃથ્વીકાયના | ,, ,, | જ. | ,, | અસંખ્યાતગણી | ,, |
| ૨૫ | સૂક્ષ્મ | પૃથ્વીકાયના | અપર્યાપ્તાની | ઉ. | અવ. | વિશેષ | તેથી |
| ૨૬ | ,, | પૃથ્વીકાયના | પર્યાપ્તાની | ઉ. | ,, | ,, | ,, |
| ૨૭ | બાદર | વાયુકાયના | અપર્યાપ્તાની | જ. | ,, | અસંખ્યાતગણી | ,, |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૨૮ | બાદર | વાયુકાયના | અપર્યાપ્તાની | ઉ. | અવ. | વિશેષ | તેથી |
| ૨૯ | બાદર | વાયુકાયના | પર્યાપ્તાની | ઉ. | અવ | વિશેષ | તેથી |
| ૩૦ | બાદર | તેઉકાયના | પર્યાપ્તાની | જ. | અવ. | અસંખ્યાતગણી. | તેથી |
| ૩૧ | ,, | તેઉકાયના | અપર્યાપ્તાની | ઉ. | ,, | વિશેષ | ,, |
| ૩૨ | ,, | તેઉકાયના | પર્યાપ્તાની | ઉ. | ,, | ,, | ,, |
| ૩૩ | ,, | અપકાયના | ,, | જ. | ,, | અસંખ્યાતગણી | ,, |
| ૩૪ | ,, | અપકાયના | અપર્યાપ્તાની | ઉ. | ,, | વિશેષ | ,, |
| ૩૫ | ,, | અપકાયના | પર્યાપ્તાની | ઉ. | ,, | વિશેષ | ,, |
| ૩૬ | બાદર | પૃથ્વીકાયના | પર્યાપ્તાની | જ. | અવ. | અસંખ્યાતગણી | તેથી |
| ૩૭ | ,, | પૃથ્વીકાયના | અપર્યાપ્તાની | ઉ. | ,, | વિશેષ | ,, |
| ૩૮ | ,, | પૃથ્વીકાયના | પર્યાપ્તાની | ઉ. | ,, | ,, | ,, |
| ૩૯ | ,, | નિગોદના | ,, | જ. | ,, | અસંખ્યાતગણી | તેથી |
| ૪૦ | ,, | નિગોદના | અપર્યાપ્તાની | ઉ. | ,, | વિશેષ | ,, |
| ૪૧ | ,, | નિગોદના | પર્યાપ્તાની | ઉ. | ,, | ,, | ,, |
| ૪૨ | પ્રત્યેક શરીરી | બાદર વન. | પર્યાપ્તાની | જ. | ,, | અસંખ્યાતગણી | ,, |
| ૪૩ | પ્રત્યેક શરીરી | બાદર વન. | અપર્યાપ્તાની | ઉ. | ,, | ,, | ,, |
| ૪૪ | પ્રત્યેક શરીરી | બાદર વન. | પર્યાપ્તાની | ઉ. | અવ. | અસંખ્યાતગણી | ,, |

ઇતિ અવઘેણાનો અલ્પબહુત્વ સંપૂર્ણ.

## (૯૪) ચરમ પદ

### શ્રી પન્નવણા સૂત્રના દશમા પદનો અધિકાર.

ચરમની અપેક્ષા અચરમ છે અને અચરમની અપેક્ષા ચરમ છે. આમાં ઓછામાં ઓછા બે પદાર્થ હોવા જોઈએ. નીચે રત્નપ્રભાદિ એકેક પદાર્થનો પ્રશ્ન છે. ઉત્તરમાં અપેક્ષાથી નાસ્તિ છે. બીજી અપેક્ષાથી અસ્તિ છે. એનેજ સ્યાદ્વાદ ધર્મ કહે છે.

પૃથ્વી ૮ પ્રકારની છે. ૭ નારકી અને ઈશીપ્રભારા (સિદ્ધશિલા).

પ્રશ્ન-રત્નપ્રભા શું (૧) ચરમ છે ? (૨) અચરમ છે ? (૩) ઘણા ચરમ છે ? (૪) ઘણા અચરમ છે ? (૫) ચરમ પ્રદેશ છે ? (૬) અચરમ પ્રદેશ છે ?

ઉત્તર - રત્નપ્રભા પૃથ્વી દ્રવ્યાપેક્ષા એક છે. માટે ચરમાદિ ૬ બોલ ન હોય. બીજી અપેક્ષા રત્નપ્રભાના મધ્ય ભાગ અને અંતભાગ એવા બે ભાગ કરીને જવાબ અપાય તો ચરમ પદનું અસ્તિત્વ છે. જેમ કે રત્નપ્રભા પૃથ્વી દ્રવ્યાપેક્ષા (૧) ચરમ છે. કેમકે, મધ્ય ભાગની અપેક્ષા બહારનો (અંત) ભાગ ચરમ છે. (૨) અચરમ છે. કેમકે, અંત ભાગની અપેક્ષા મધ્ય ભાગ અચરમ છે ક્ષેત્રાપેક્ષા (૩) ચરમ પ્રદેશ છે. કેમકે મધ્ય પ્રદેશાપેક્ષા અંત પ્રદેશ ચરમ છે. અને (૪) અચરમ પ્રદેશ છે. કેમકે, અંત પ્રદેશાપેક્ષા મધ્યના પ્રદેશ અચરમ છે.

રત્નપ્રભાની જેમ જ નીચેના ૩૬ બોલને ચાર ચાર બોલ લગાડી શકાય. ૭ નારકી, ૧૨ દેવલોક ૯ ગ્રૈવેયક, ૫ અનુત્તર વિમાન, ૧ સિદ્ધશિલા, ૧ લોક અને ૧ અલોક એમ ૩૬x૪=૧૪૪ બોલ થાય છે.

એ ૩૬ બોલોના ચરમ પ્રદેશમાં તારતમ્યતા છે. તેનો

અલ્પબહુત્વ.

રત્નપ્રભાના ચરમાચરમ દ્રવ્ય અને પ્રદેશનો અલ્પબહુત્વ: સૌથી થોડા અચરમ દ્રવ્ય, તેથી ચરમ દ્રવ્ય અસંખ્યાતગણા, તેથી ચરમાચરમ દ્રવ્ય વિશેષ, સૌથી થોડા ચરમ પ્રદેશ, તેથી અચરમ પ્રદેશ અસંખ્યાતગણા, તેથી ચરમાચરમ પ્રદેશ વિશેષ.

દ્રવ્ય અને પ્રદેશોનો સાથે અલ્પબહુત્વ : -

સૌથી થોડા અચરમ દ્રવ્ય, તેથી ચરમ દ્રવ્ય અસંખ્ય ગણા, તેથી ચરમાચરમ દ્રવ્ય વિશેષ, તેથી ચરમ પ્રદેશ અનંતગણા, તેથી અચરમ પ્રદેશ અસંખ્ય ગણા, તેથી ચરમા ચરમ પ્રદેશ વિશેષ, એજ રીતે લોક સિવાયના ૩૫ બોલોનો અલ્પબહુત્વ જાણવો.

અલોકમાં

દ્રવ્યનો અલ્પ બ૦ - સૌથી થોડા અચરમ દ્રવ્ય, તેથી ચરમ દ્રવ્ય અસંખ્ય ગણા, તેથી ચરમાચરમ દ્રવ્ય વિશેષ.

પ્રદેશનો અલ્પ બ૦ સૌથી થોડા ચરમ પ્રદેશ, તેથી અચરમ પ્રદેશ અનંતા ગણા, તેથી ચરમાચરમ દ્રવ્ય વિશેષ.

દ્રવ્ય પ્રદેશનો અલ્પબ૦ - સૌથી થોડા અચરમ દ્રવ્ય, તેથી ચરમ દ્રવ્ય અસં૦ ગણા, તેથી ચરમાચરમ દ્રવ્ય વિશેષ, તેથી ચરમ પ્રદેશ અસંખ્યાત ગણા, તેથી અચરમ પ્રદેશ અનંતગણા, તેથી ચરમાચરમ પ્રદેશ વિશેષ.

**લોકાલોકમાં ચરમાચરમ દ્રવ્યનો અલ્પબહુત્વ.**

સૌથી થોડા લોકાલોકના ચરમ દ્રવ્ય, તેથી લોકના ચરમ દ્રવ્ય અસં૦ ગણા, તેથી અલોકના ચરમ દ્રવ્ય વિશેષ, તેથી *લોકાલોકના ચરમાચરમ દ્રવ્ય વિશેષ.*

## લોકાલોકમાં ચરમાચરમ પ્રદેશનો અલ્પબહુત્વ.

સૌથી થોડા લોકના ચરમ પ્રદેશ, તેથી અલોકના ચરમ પ્રદેશ વિશેષ, તેથી લોકના અચરમ પ્રદેશ અસં. ગણા, તેથી અલોકના અચરમ પ્રદેશ અનંતગણા, તેથી લોકાલોકના ચરમાચરમ પ્રદેશ વિશેષ.

## લોકાલોકમાં દ્રવ્યપ્રદેશ ચરમાચરમનો અલ્પબહુત્વ.

સૌથી થોડા લોકાલોકના ચરમ દ્રવ્ય, તેથી લોકના ચરમ દ્રવ્ય અસં૦ ગણા, તેથી અલોકના ચરમ દ્રવ્ય વિશેષ, તેથી લોકાલોકના ચરમાચરમ દ્રવ્ય વિશેષ, તેથી લોકના ચરમ પ્રદેશ અસં૦ ગણા, તેથી અલોકના ચરમ પ્રદેશ વિશેષ, તેથી લોકના અચરમ પ્રદેશ અસં૦ ગણા, તેથી અલોકના અચરમ પ્રદેશ અનંતગણા, તેથી લોકાલોકના ચરચાચરમ પ્રદેશ વિશેષ.

એ ૯ બોલ અને સર્વ દ્રવ્ય, પ્રદેશ અને પર્યાય; ૧૨ બોલનો અલ્પબહુત્વ.

સૌથી થોડા લોકાલોકના ચરમ દ્રવ્ય, તેથી લોકના ચરમ દ્રવ્ય અસં૦ ગણા, તેથી અલોકના ચરમ દ્રવ્ય વિશેષ, તેથી લોકાલોકના ચરમાચરમ દ્રવ્ય વિશેષ, તેથી લોકના ચરમ પ્રદેશ અસં૦ ગણા, તેથી અલોકના ચરમ પ્રદેશ વિશેષ, તેથી લોકના અચરમ પ્રદેશ અસં૦ ગણા, તેથી અલોકના અચરમ પ્રદેશ અનંતગણા, તેથી લોકાલોકના ચરમાચરમ પ્રદેશ વિશેષ, તેથી સર્વ દ્રવ્ય વિશેષ, તેથી સર્વ પ્રદેશ અનંતગણા, તેથી સર્વ પર્યાય અનંતગણી.

ઇતિ ચરમ પદ સંપૂર્ણ.

# (૯૫) ચરમાચરમ

## શ્રી પન્નવણા સૂત્રના દશમાં પદનો અધિકાર.

દ્વાર ૧૧. - (૧) ગતિ, (૨) સ્થિતિ, (૩) ભવ, (૪) ભાષા, (૫) શ્વાસોશ્વાસ, (૬) આહાર, (૭) ભાવ, (૮) વર્ણ, (૯) ગંધ, (૧૦) રસ, (૧૧) સ્પર્શ દ્વાર.

૧ ગતિદ્વાર - ગતિ અપેક્ષા જીવ ચરમ પણ છે અને અચરમ પણ છે. તેજ ભવે મોક્ષ જવું છે તે ગતિ ચરમ અને હજી ભવ બાકી છે તે અચરમ. એક જીવ અપેક્ષા અને ૨૪ દંડક અપેક્ષા એ ઉપર મુજબ જાણવું ઘણા તથા ૨૪ દંડકના ઘણા જીવ અપેક્ષા એ પણ ચરમ અચરમ ઉપર મુજબ જાણવા.

૨. સ્થિતિ દ્વાર - સ્થિતિ અપેક્ષા એકેક જીવ, ઘણા જીવ, ૨૪ દંડકના એકેક જીવ અને ૨૪ દંડકના ઘણા જીવ સ્યાત ચરમ. સ્યાત અચરમ છે.

૩. ભવ દ્વાર - એજ રીતે એકેક અને ઘણા જીવ અપેક્ષા સમુચ્ચય જીવ અને ચોવીશ દંડક ભવ અપેક્ષા સ્યાત ચરમ છે, સ્યાત્ અચરમ છે.

૪. ભાષા દ્વાર - ભાષા અપેક્ષા ૧૯ દંડક (૫ સ્થાવર સિવાયના)એકેક અને ઘણા જીવ ચરમ પણ છે અને અચરમ પણ છે.

૫. શ્વાસોશ્વાસ દ્વાર - શ્વાસોશ્વાસ અપેક્ષા બધા ચરમ પણ છે. અચરમ પણ છે.

૬. આહાર - અપેક્ષા યથાવત્ ૨૪ દંડકના જીવો ચરમ પણ છે. અચરમ પણ છે.

૭. ભાવ - (ઔદાયિક આદિ) અપેક્ષા યાવત્ ૨૪ દંડકના જીવો ચરમ પણ છે અચરમ પણ છે.

૮ થી ૧૧. વર્ણ, ગંધ, રસ, સ્પર્શના ૨૦ બોલ અપેક્ષા-યાવત્ ૨૪ દંડકના એકેક અને ઘણાજીવો ચરમ પણ છે, અચરમ પણ છે.

ઈતિ ચરમાચરમ સંપૂર્ણ

## (૯૬) જીવ પરિણામ પદ.

### શ્રી પન્નવણા સૂત્રના તેરમા પદનો અધિકાર

જે પરિણતિ પણે પરિણમે તે પરિણામ છે. જેમ જીવ સ્વભાવે નિર્મળ, સચ્ચિદાનંદ રૂપ છે. તથાપિ પર પ્રયોગથી કષાયમાં પરિણમીને કષાયી કહેવાય છે. ઈત્યાદિ પરિણામ બે પ્રકારના છે જીવ પરિ૦, અજીવ પરિ૦.

જીવ પરિણામ - ૧૦ પ્રકારના છે. ગતિ, ઈંદ્રિય, કષાય, લેશ્યા, યોગ, ઉપયોગ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, અને વેદ પરિણામ. એના વિસ્તારથી, ગતિના ૪, ઈંદ્રિયના ૫, કષાયના ૪, લેશ્યાના ૬, યોગના ૩; ઉપયોગના ૨ (સાકાર-જ્ઞાન અને નિરાકાર-દર્શન), જ્ઞાનના ૮ (૫ જ્ઞાન, ૩ અજ્ઞાન), દૃષ્ટિના દર્શનના ૩ (સમ - મિથ્યા - મિશ્રદૃષ્ટિ), ચારિત્રના ૭ (૫ ચારિત્ર, ૧ દેશ વ્રત અને અવ્રત), વેદના ૩, એમ કુલ ૪૫ બોલ છે. અને સમુચ્ચય જીવમાં - (૧) અનેન્દ્રિય (૨) અકષાય, (૩) અલેશી, (૪) અયોગી અને (૫) અવેદી એ પાંચ બોલ મેળવવાથી ૫૦ બોલ થાય છે.

સમુચ્ચ જીવ એ ૫૦ બોલપણે છે માટે એ ૫૦ અસ્તિ ભાવપણે છે હવે તેને ૨૪ દંડક પર ઉતારે છે : -

(૭) સાત નારકીના દંડકમાં ૨૯ બોલ લાભે. ૧ નર્ક ગતિ, ૫ ઈંદ્રિય, ૪ કષાય, ૩ લેશ્યા, ૩ યોગ, ૨ ઉપયોગ, ૬

જ્ઞાન (૩ જ્ઞાન, ૩ અજ્ઞાન), ૩ દર્શન, ૧ અસંયમ ચારિત્ર, ૧ વેદ નપુંસક, એવં ૨૯ બોલ.

(૧૧) ૧૦ ભવનપતિ ૧ વ્યંતર એમ ૧૧ દંડકમાં બોલ ૩૧ લાભે - ઉપરના ૨૯ માં ૧ સ્ત્રીવેદ અને ૧ તેજુ લેશ્યા વધારવી. (નપુંસક વેદને બદલે પુરૂષવેદ)

(૧૨) જ્યોતિષી અને ૧-૨ દેવલોકમાં ૨૮ બોલ; ઉપર માંથી ૩ અશુભ લેશ્યા ઘટાડવી.

(૩) ૩જાથી ૫મા દેવલોક સુધી ૨૭ બોલ. ઉપરમાંથી સ્ત્રી વેદ ઘટાડવો તથા લેશ્યા ૧ પદ્મ ૬ઠા દેવલોકથી નવ ગ્રૈવેયક સુધી ૨૭ બોલ. (ઉપર પ્રમાણે. લેશ્યા ૧ શુકલ ગણવી.) પાંચ અનુત્તર વિમાનમાં ૨૫ બોલ, ૨ દષ્ટિ ને ૩ અજ્ઞાન ઘટાડવા.

(૩) પૃથ્વી, પાણી, વનસ્પતિમાં ૧૮ બોલ, ૧ ગતિ, ૧ ઈંદ્રિય, ૪ કષાય, ૪ લેશ્યા, ૧ યોગ, ૨ ઉપયોગ, ૨ અજ્ઞાન, ૧ દર્શન, ૧ ચારિત્ર, ૧ વેદ એવં ૧૮.

(૨) તેઉ - વાઉમાં ૧૮ બોલ - ઉપરમાંથી ૧ તેજો લેશ્યા ઘટાડવી.

(૧) બેઈન્દ્રિયમાં ૨૨ બોલ - ઉપરના ૧૮ માં ૧ રસેંદ્રિય, ૧ વચનયોગ, ૨ જ્ઞાન, ૧ દષ્ટિ એમ ૫ વધવાથી ૨૩ થયા.

(૧) તેઈન્દ્રિયમાં ૨૪ બોલ-ઉપરના ૨૩ માં ઘ્રાણેન્દ્રિય વધી.

(૧) ચોરેન્દ્રિયમાં ૨૫ બોલ-ઉપરના ૨૪ માં ચક્ષુઈંદ્રિય વધી.

(૧) તિર્યંચ પંચેન્દ્રિયમાં ૩૫ બોલ ૧ ગતિ, ૫ ઈંદ્રિય ૪ કષાય, ૬ લેશ્યા, ૩ યોગ, ૨ ઉપયોગ, ૬ જ્ઞાન, ૩ દષ્ટિ, ૨ ચારિત્ર, ૩ વેદ, એવં ૩૫ બોલ

(૧) મનુષ્યમાં ૪૭ બોલ - ૫૦ - માંથી ૩ ગતિ ઓછી બાકી બધાય લાભે.

ઈતિ જીવ પરિણામ પદ સંપૂર્ણ.

## (૯૭) અજીવ પરિણામ.

### શ્રી પન્નાવણા સૂત્રના ૧૩ મા પદનો અધિકાર.

અજીવ = પુદ્‌ગલનો સ્વભાવ પણ પરિણમનનો છે. તેના પરિણામના ૧૦ ભેદ છે (૧) બંધન પરિણામ, (૨) ગતિ, (૩) સંસ્થાન, (૪) ભેદ, (૫) વર્ણ, (૬) ગંધ, (૭) રસ, (૮) સ્પર્શ, (૯) અગુરૂલઘુ અને (૧૦) શબ્દ પરિણામ.

૧. બંધન પરિણામ - સ્નિગ્ધ (ચીકણા) સ્નિગ્ધનું બંધન ન થાય (જેમ ઘીથી ઘી ન બંધાય) તેમ રૂક્ષ (રૂખા) રૂક્ષનું બંધન ન થાય ( જેમ રાખથી રાખ કે રેતીથી રેતી ન બંધાય). પણ સ્નિગ્ધ અને રૂક્ષ, બે મળવાથી બંધ થાય છે. પણ અડધો અડધ (સમ પ્રમાણમાં) હોય તો બંધ ન થાય. વિષમ (ન્યૂનાધિક) પ્રમાણમાં હોય તો બંધ થાય; તેમજ સ્નિગ્ધ સાથે બંધ થવા માટે બંન્નેના પરમાણુ વચ્ચે બે પ્રદેશનું અંતર હોવું જોઈએ. જેમ કે ૨ ગુણ સ્નિગ્ધ-૪ ગુણ સ્નિગ્ધ, ૩ ગુણ રૂક્ષ- ૫ ગુણ રૂક્ષ.

૨. ગતિ - પુદ્‌ગલોની ગતિ બે પ્રકારની છે. (૧) સ્પર્શ કરતાં ચાલે (જેમ પાણીનો રેલો) અને (૨) સ્પર્શ કર્યા વિના ચાલે (જેમ આકાશમાં પક્ષી).

૩. સંસ્થાન - (આકાર) ઓછામાં ઓછા બે પ્રદેશી જાવ અનંતા પરમાણુના સ્કંધને કોઈને કોઈ સંસ્થાન હોય છે. તેના ૫ ભેદ o પરિમંડલ, o વટ્ટ, ત્રિકોણ△, ચોરસ □, 1 આયતન.

૪. ભેદ - પુદ્‌ગલ ૫ પ્રકારે ભેદાય છે. (૧) ખંડાભેદ (લાકડા પત્થર આદિના કટકા જેમ), (૨) પરતર ભેદ (અબરખ જેમ પડ), (૩) ચૂર્ણ ભેદ (ધાન્યના લોટ જેમ), (૪) ઉકલિયા ભેદ (કઠોળની સીંગ સુકાઈને ફાટે તેમ), (૫) અગુતડીયા (તળાવના તડીયા જેમ).

૫. વર્ણ - મૂળ રંગ પાંચ છે; - કાળો, નીલો, લાલ,

પીળો, ધોળો, એ રંગના સંયોગોથી અનેક જાતના રંગ બની શકે છે. જેમ - બદામી, કેશરી, તપખીરી, ગુલાબી, ખાખી વગેરે.

૬. ગન્ધ - સુગન્ધ અને દુર્ગંધ (એ બે ગંધવાળા પુદ્દગલો હોય છે.)

૭. રસ - મૂળ રસ પાંચ છે. તીખો, કડવો, કસાયલો, ખાટો, મીઠો અને મીઠું (ખારાશ)ઉમેરવાની ષટ્ રસ કહેવાય છે.

૮. સ્પર્શ - આઠ પ્રકારના છે. કર્કશ, મૃદુ, ભારે, હલકો, શીત, ઉષ્ણ, રૂક્ષ, સ્નિગ્ધ.

૯. અગુરૂલઘુ - હલકો નહિ કે ભારે પણ નહિ. જેમ પરમાણું પ્રદેશ, મન, ભાષા, કાર્મણ શરીર આદિના પુદ્દગલ.

૧૦. શબ્દ - બે પ્રકારના છે. સુસ્વર અને દુઃસ્વર.

**ઈતિ અજીવ પરિણામ સંપૂર્ણ.**

## (૯૮) બાર પ્રકારનાં તપ.

શ્રી ઉવવાય સૂત્રમાં ૧૨ પ્રકારનાં તપનો વિસ્તાર ચાલે છે તે કહે છે.

તપ ૧૨ પ્રકારનાં છે. ૬ બાહ્ય તપ (૧ અનશન, ૨ ઉણોદરી, ૩ વૃત્તિસંક્ષેપ, ૪ રસપરિત્યાગ, ૫ કાયક્લેશ, ૬ પ્રતિસંલિનતા) અને ૬ અભ્યંતર તપ (૧ પ્રાયશ્ચિત, ૨ વિનય, ૩ વૈયાવચ્ચ, ૪ સ્વાધ્યાય, ૫ ધ્યાન, ૬ કાઉસગ્ગ). તેનો વિસ્તાર-

૧. અનશનના ૨ ભેદ ઈત્વરીક તે થોડા કાળનો તપ, ૨ અવકાલિક તે જાવજીવનો તપ. ઈત્વરીક તપના અનેક ભેદ છે.

એક ઉપવાસ, બે ઉપવાસ, યાવત્ વર્ષીતપ (૧ વર્ષ સુધીના ઉપવાસ.) વર્ષીતપ પ્રથમ તીર્થંકરના શાસનમાં થઈ શકે, ૨૨ તીર્થંકરના શાસનમાં ૮ માસ, અને ચરમ તીર્થંકરના વખતમાં છ માસ ઉપવાસ કરવાનું સામર્થ્ય હોય.

અવકાલિક (જાવજીવના) અનશન વ્રતના ૨ ભેદ - ૧ એક ભક્ત પ્રત્યાખ્યાન અને ૨ પાદોપગમન પ્રત્યાખ્યાન. એક ભક્ત પ્ર૦ના ૨ ભેદ (૧) વ્યાઘાત - ઉપદ્રવ આવે ત્યારે અમુક હદ સુધી ૪ આહારનાં પચ્ચખાણ કરે. જેમ અર્જુનમાળીના ભયથી સુદર્શન શેઠે કરેલા. (૨) નિર્વ્યાઘાત - ઉપદ્રવરહિત ના બે ભેદ (૧) જાવજીવ સુધી ૪ આહારનો ત્યાગ કરે, (૨) હમેશાં શેર, અધશેર કે પાશેર પાણી થોડા કાળ માટે મોકળું રાખી પછી જાવજીવનો તપ કરે.

પાદોપગમન (વૃક્ષની કાપેલી ડાળ જેમ હાલ્યા ચાલ્યા વિના પડી રહે તેમ સંથારો કરીને સ્થિર થઈ જવું) અનશનના ૨ ભેદ - ૧ વ્યાઘાત (અગ્નિ - સિંહાદિનો ઉપદ્રવ આવ્યેથી) અનશન કરે. જેમ સુકોશલ તથા અતિસુકુમાલ મુનિએ કર્યો. ૨ નિર્વ્યાઘાત (નિરૂપદ્રવે) જાવજીવનો પાદોપગમન કરે. તેને પ્રતિક્રમણાદિ કરવાની જરૂર નથી. એક પ્રત્યાખ્યાન અનશનવાળા પ્રતિક્રમણાદિ જરૂર કરે.

૨. ઉણોદરીતપના ૨ ભેદ - દ્રવ્ય ઉણોદરી અને ભાવ ઉણોદરી. દ્રવ્ય ઉણોદરીના ૨ ભેદ (૧) ઉપકરણ ઉણોદરી (વસ્ત્ર, પાત્ર અને ઈષ્ટ વસ્તુ જરૂરથી ઓછા રાખે - ભોગવે). (૨) ભાવ ઉણોદરીના અનેક પ્રકાર છે. યથા પોણી ઉણોદરી અલ્પાહારી ૮ કવલ (કોળીયા) આહાર કરે, અલ્પ અર્ધ ઉણોદરીવાળા ૨૦ કવલ લે, અર્ધ ઉણોદરી કરે તે ૧૬ કવલ લે, પોણી ઉણોદરી કરે તે ૨૪ કવલ લે, એક કવલ ઉણોદરી કરે તે

૩૧ કવલ લે, ૩૨ કવલે પૂરો આહાર સમજવો. તેથી ઓછા લે એટલી ઉણોદરી, ઉણોદરીથી રસેંદ્રિય જીતાય, કામ જીતાય, નિરોગી થવાય.

ભાવ ઉણોદરીના અનેક ભેદ - અલ્પ ક્રોધ, અલ્પ માન, અલ્પ માયા, અલ્પ લોભ, અલ્પ રાગ, અલ્પ દ્વેષ, અંલ્પ સૂવે, અલ્પ બોલે ઈત્યાદિ.

૩. વૃત્તિસંક્ષેપ (ભિક્ષાચરી)ના અનેક ભેદ - અનેક પ્રકારના અભિગ્રહ ધારણ કરે. જેમ દ્રવ્યથી અમુક વસ્તુ જ લેવી અમુક ન લેવી. ક્ષેત્રથી અમુક ઘર, ગામ કે સ્થાનકેથીજ લેવાનો અભિગ્રહ. કાળથી અમુક કલાકે, દિવસે કે મહિને લેવાનો અભિગ્રહ. ભાવથી અનેક પ્રકારના અભિગ્રહ કરે. જેમ વાસણમાં કાઢતાં દે તો કલ્પે, વાસણમાં નાખતાં દે તો કલ્પે. અન્યને આપી પાછા વળતાં આપે તો કલ્પે, અમુક વસ્ત્રાદિવાળા કે અમુક પ્રકારે કે અમુક ભાવથી દે તો કલ્પે વગેરે અનેક પ્રકારનાં અભિગ્રહ ધારણ કરે.

૪. રસપરિત્યાગ તપના અનેક પ્રકાર છે - વિગય (દૂધ, દહીં, ઘી, ગોળ, સાકર, તેલ, મધ, માખણ આદિ)નો ત્યાગ કરે. પ્રણીત રસ (રસ ઝરતા આહાર)નો ત્યાગ કરે. નિવિ કરે, એકાસન કરે, આયંબિલ કરે, જુની વસ્તુ, બગડેલા અન્ન, લુખા પદાર્થ આદિનો આહાર કરે, ઈત્યાદિ રસવાળા આહારને છોડે.

૫. કાયકલેશ તપના અનેક ભેદ છે - એકજ સ્થાને સ્થિર થઈને રહે, ઉકડું - ગૌદુહ - મયુરાસન - પદ્માસન આદિ ૮૪ પ્રકારના કોઈ યોગાસન કરીને બેસે. સાધુની ૧૨ પડિમા વહેવી આતાપના લેવી. વસ્ત્રરહિત રહેવું. ટાઢ - તડકો સહેવો, પરિષહો સહેવા, થૂંકવું નહિ. કોગળા કરવા નહિ. દાંત ધોવા નહિ. શરીરની સાર સંભાળ કરવી નહિ, શોભીતાં વસ્ત્રો ન

પહેરવાં, આકરાં વચન ગાળો, માર પ્રહાર સહેવા, લોચ કરવો, ઉઘાડે પગે ચાલવું વગેરે.

(૬) **પ્રતિસંલીનતા તપના ચાર ભેદ** - ૧ ઈન્દ્રિય સંલીનતા ૨ કષાય સંલી૦ ૩ યોગ સંલી૦ ૪ વિવિધ શયનાસન સંલીનતા **(૧) ઈન્દ્રિય સંલીનતાના ૫ ભેદ.** (પાંચે ઈન્દ્રિયોને પોતપોતાના વિષયમાં રાગ - દ્વેષ ધરતાં રોકવી.) **(૨) કષાય સંલીનતાના ૪ ભેદ** - ૧ ક્રોધ મટાડી ક્ષમા ધરવી. ૨ માનને ઘટાડી વિનીતતા ધરવી. ૩ માયાને ઘટાડી સરળતા ધરવી. ૪ લોભને ઘટાડી સંતોષ ધરવો. **(૩) યોગ પ્રતિસંલીનતાના ૩ ભેદ** - મન, વચન કાયાને બૂરા કામમાંથી રોકી સન્માર્ગે પ્રવર્તાવવા. **(૪) વિવિધ શય્યાસન સેવન પ્રતિસંલીનતાના અનેક ભેદ** - ઉદ્યાન, ચૈત્ય, દેવાલય, દુકાન, વખાર, સ્મશાન, ઉપાશ્રય આદિ સ્થાને રહીને પાટ, પાટલા, બાજોઠ, પાટીયાં, બિછાનાં, વસ્ત્ર - પાત્રાદિ ફાસુક જગ્યા અંગીકાર કરી વિચરે.

## આભ્યંતર તપનો અધિકાર.

૧. પ્રાયશ્ચિતના દશ ભેદ - ૧ ગુર્વાદિ સન્મુખ પાપ પ્રકાશે. ૨ ગુરૂએ બતાવેલ દોષ અને પુનઃ એ દોષ ન લગાડવાનું સ્વીકારે. ૩ પ્રાયશ્ચિત - પ્રતિક્રમણ કરે. ૪ દોષિત વસ્તુનો ત્યાગ કરે, ૫ દશ, વીશ, ત્રીશ, ચાળીશ લોગસ્સનો કાઉસગ્ગ કરે. ૬ એકાશન, આયંબિલ યાવત્ છમાસી તપ કરે. ૭ છમાસ સુધીની દીક્ષા ઘટાડે. ૮ દીક્ષા ઘટાડી સૌથી નાનો બનાવે. ૯ સમુદાયથી બહાર રાખી કપાળે ધોળા વસ્ત્રનો પાટો બાંધી સાધુજી સાથે આપેલો તપ કરે ૧૦ સાધુ વેશ ઉતરાવી ગૃહસ્થ વેશે છમાસ સુધી સાથે ફેરવી ફરી દીક્ષા દેવી.

૨. વિનયના ભેદ કહે છે - મતિજ્ઞાની, શ્રુતજ્ઞાની, અવધિજ્ઞાની, મનઃપર્યવ જ્ઞાની, કેવળજ્ઞાની, એમની આશાતના

કરવી નહિ, એમનું બહુમાન કરવું, એમના ગુણકીર્તન કરી લાભ લેવો. એ જ્ઞાન વિનય જાણવો.

ચારિત્ર વિનયના ૫ ભેદ - પાંચ પ્રકારના ચારિત્રવાનનો વિનય કરવો.

યોગ વિનયના ૬ ભેદ - મન, વચન, કાયા, એ ત્રણે પ્રશસ્ત અને અપ્રશસ્ત, એમ છ પ્રકારે છે; તેનો વિસ્તારઃ અપ્રશસ્ત કાયા વિનયના ૭ પ્રકાર - અયત્નાથી ચાલે, બોલે ઉભો રહે, બેસે શયન કરે, ઈંદ્રિયો મોકળી મૂકે તથા અંગોપાંગ માઠાં પ્રવર્તાવે એ સાતે અયત્નાથી કરે તે અપ્રશસ્ત વિનય અને યત્નાપૂર્વક (સઘળા) પ્રવર્તાવે તે પ્રશસ્ત વિનય.

વ્યવહારવિનયના ૭ ભેદ - ૧ ગુર્વાદિના વિચાર મુજબ પ્રવર્તે, ૨ ગુરૂ આદિની આજ્ઞા પ્રમાણે વર્તે, ૩ ભાત - પાણી આદિ લાવી આપે, ૪ ઉપકાર યાદ લાવીને કૃતજ્ઞતાપૂર્વક સેવા કરવી, ૫ ગુર્વાદિની ચિંતા - દુઃખ જાણીને દૂર કરવા પ્રયત્ન કરે, ૬ દેશ કાળ અનુસાર ઉચિત પ્રવૃત્તિ કરે, ૭ નિંદ્ય (કોઈને ખરાબ લાગે તેવી) પ્રવૃત્તિ ન કરે.

૩. વૈયાવચ્ચ (સેવા) તપના ૧૦ ભેદ છેઃ - ૧ આચાર્યની, ૨ ઉપાધ્યાયની, ૩ નવદીક્ષિતની, ૪ રોગીની, ૫ તપસ્વીની, ૬ સ્થવિરની, ૭ સ્વધર્મીની, ૮ કુલની, ૯ ગણની, અને ૧૦ સંઘની - વૈયાવચ્ચ (સેવાભક્તિ) કરવી.

૪. સ્વાધ્યાય તપના ૫ ભેદ છે - ૧ સૂત્રાદિની વાંચના લેવી દેવી. ૨ પ્રશ્નાદિ પૂછીને નિર્ણય કરવો. ૩ ભણેલા જ્ઞાનને હમેશાં ફેરવતા રહેવું. ૪ સૂત્ર - અર્થનું ચિંત્વન કરતા રહેવું. ૫ પરિષદામાં ૪ પ્રકારની ધર્મકથા કહેવી.

૫, ધ્યાન તપના ૪ ભેદ છે - આર્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન, શુકલધ્યાન,

આર્તધ્યાનના ૪ ભેદ - ૧ અમનોજ્ઞ (અપ્રિય) વસ્તુનો વિયોગ ચિંતવે. ૨ મનોજ્ઞ (પ્રિય) વસ્તુનો સંયોગ ચિંતવે. ૩ રોગાદિથી ગભરાય. ૪ વિષય - ભોગોમાં આસક્ત બની રહે. તેની ગૃદ્ધિથી દુઃખી થાય. ચાર લક્ષણ - ૧ આક્રંદ કરે, ૨ શોક કરે, ૩ રૂદન કરે, ૪ વિલાપ કરે.

રૌદ્રધ્યાનના ૪ ભેદ - હિંસામાં, અસત્યમાં, ચોરીમાં અને ભોગોપભોગમાં આનંદ માને. ચાર લક્ષણ - ૧ જીવહિંસાનો, ૨ અસત્યનો, ૩ ચોરીનો, થોડો ઘણો દોષ લગાડે, ૪ મરણ પથારી પર પણ પશ્ચાતાપ ન કરે.

ધર્મધ્યાનનાભેદ :- ચાર પાયા - ૧ જિનાજ્ઞાનો વિચાર, ૨ રાગદ્વેષ ઉત્પત્તિનાં કારણોનો વિચાર, ૩ કર્મવિપાકનો વિચાર, ૪ લોક સંસ્થાનનો વિચાર.

ચાર રૂચિ - ૧ તીર્થંકરની આજ્ઞા આરાધવાની રૂચિ, ૨ શાસ્ત્રશ્રવણની રૂચિ, ૩ તત્ત્વાર્થશ્રદ્ધાની રૂચિ, ૪ સૂત્ર સિદ્ધાંત ભણવાની રૂચિ. ચાર અવલંબન - ૧ સૂત્ર સિદ્ધાંતની વાંચણી લેવી - દેવી. ૨ પ્રશ્નાદિ પૂછવા, ૩ ભણેલા જ્ઞાનને ફેરવવું, ૪ ધર્મકથા કરવી. ચાર અનુપ્રેક્ષા - ૧ પુદ્ગલને અનિત્ય - નાશવંત જાણે, ૨ સંસારમાં કોઈ કોઈને શરણ નથી એમ ચિંતવે. ૩ હું એકલો છું એમ ચિંતવે. ૪ સંસાર સ્વરૂપ વિચારે. એ ધર્મધ્યાનના ૧૬ ભેદ થયા.

શુકલ ધ્યાનના ૧૬ ભેદ કહે છે - ચાર પાયા - ૧ પદાર્થોમાં દ્રવ્ય, ગુણ, પર્યાયનો વિવિધ પ્રકારે વિચાર કરે. ૨ એક પુદ્ગલના ઉન્માદાદિ વિચાર બદલે નહિ. ૩ સૂક્ષ્મ ઈર્યાવહિ ક્રિયા લાગે પણ અકષાયી થવાથી બંધ ન પડે. ૪ સર્વ ક્રિયાનો છેદ કરી અલેશી બને. ચાર લક્ષણ - ૧ જીવને શિવરૂપ શરીરથી જુદો જાણે. ૨ સર્વસંગને ત્યાગે. ૩ ચપળપણે ઉપસર્ગ

સહે. ૪ મોહરહિત વર્તે. ચાર અવલંબન - ૧ પૂર્ણ ક્ષમા, ૨ પૂર્ણ નિર્લોભતા, ૩ પૂર્ણ સરળતા, ૪ પૂર્ણ નિરભિમાનતા ચાર અનુપ્રેક્ષા - ૧ પ્રાણાતિપાત આદિ પાપનાં કારણ ચિંતવે. ૨ પુદ્ગલની અશુભતા ચિંતવે. ૩ અનંત પુદ્ગલ પરાવર્તનનું ચિંત્વન કરે, ૪ દ્રવ્યના પલટતા પરિણામ ચિંતવે.

૬. કાયોત્સર્ગ તપનાં બે ભેદ - ૧ દ્રવ્ય કાયોત્સર્ગ, ૨ ભાવ કાયોત્સર્ગ. દ્રવ્ય કાયોત્સર્ગના ૪ ભેદ છે. ૧ શરીરના મમત્વનો ત્યાગ કરે, ૨ સંપ્રદાયનાં મમત્વનો ત્યાગ કરે, ૩ વસ્ત્ર - પાત્રાદિ ઉપકરણનું મમત્વ ત્યાગે, ૪ આહાર પાણી આદિ પદાર્થોનો મમત્વ ત્યાગે. ભાવ કાયોત્સર્ગના ૩ ભેદ છે (૧) કષાય કાયોત્સર્ગ (કષાયનો ત્યાગ કરવો તે,) (૨) સંસાર કાયોત્સર્ગ (૪ ગતિમાં જવાનાં કારણો બંધ કરવાં તે), (૩) કર્મ કાર્યોત્સર્ગ (૮ કર્મબંધનાં કારણો જાણીને ત્યાગ કરે). એ રીતે કુલ બાર પ્રકારના ૩૫૪ ભેદ ઉવવાઈ સૂત્રથી જાણવા.

**ઈતિબાર તપનો વિસ્તાર સંપૂર્ણ.**

## (૯૯)રોહા મુનિના પ્રશ્નોત્તર.

### શ્રી ભગવતી સૂત્રના શતક ૧લાના ઉદ્દેશા છઠ્ઠાનો અધિકાર.

સરળ અને ભદ્રિક પ્રકૃતિવાળા, ઉપશાંત કષાયી રોહા મુનિ જ્ઞાન ધ્યાનમાં રમણતા કરતા હતા. એકદા તેમણે પ્રભુ મહાવીરને નીચેના પ્રશ્નો કર્યા પ્રભુએ તેના શા જવાબ આપ્યા ? એ પ્રશ્નોત્તર નીચે મુજબ :

પ્ર૦ - હે ભગવાન્ ! પહેલાં લોક થયો કે અલોક ?

ઉ૦ - જે પદાર્થની આદિ કે અંત ન જ હોય તેને પહેલાં કે

પછી થયાનું કેમ કહેવાય ? લોક અને અલોક બંને અનાદિ અનંત છે. કારણકે આકાશ શાશ્વત છે અને આકાશ સાથે ધર્માસ્તિકાર્ય, અધર્માસ્તિકાય, જીવાસ્તિકાય, પુદ્‌ગલાસ્તિકાય અને કાળ, એ પાંચે દ્રવ્યો શાશ્વત છે. એ દ્રવ્યો જેટલા આકાશમાં રહે છે, તે લોક છે. બાકીના આકાશને અલોક કહ્યો છે દ્રવ્યાપેક્ષા એ બધા નિત્ય છે. પર્યાયાપેક્ષા અનિત્ય છે માટેજ અનાદિ અનંત શાશ્વત, લોક અલોકનો બનાવનાર કોઈ નથી.

પ્ર૦ - હે ભગવાન્ ! જીવ પહેલાં થયા કે અજીવ ?

ઉ૦ જીવ અને અજીવ બંને શાશ્વત પદાર્થ છે. બંને અનાદિ કાળથી છે. જો જીવ પહેલાં માનીએ તો આકાશ વિના તે રહે ક્યાં ? ધર્માસ્તિકાય વિના ચાલે કેમ ? અધર્માસ્તિકાય વિના સ્થિર કેમ થાય ? પુદ્‌ગલાસ્તિકાય વિના કર્મકાર્ય કેમ ? જો અજીવ પહેલાં હોય તો જીવ વિના ઉપકાર કોનો કરે ? કોના ઉપયોગમાં આવે ? માટે એમાં પહેલાં પછી - પણું નથી.

પ્ર૦ - હે ભગવાન્ ! પહેલાં કૂકડી થઈ કે ઈંડું ?

ઉ૦ કૂકડી ને ઈંડુ બન્ને શાશ્વત છે અનાદિ કાળથી છે.

પ્ર૦ - હે પૂજ્ય ! પહેલાં લોકાન્ત કે અલોકાન્ત ?

ઉ૦ - બન્ને શાશ્વત છે, અનાદિ કાળથી છે.

એવીજ રીતે નીચેના પ્રશ્નોના ઉત્તરમાં પણ શાશ્વત અને અનાદિથી સમજવું.

૧ લોકાન્ત અને સાતમી નરકનો આકાશાંત,

૨ સાતમી નરકનો આકાશાંત અને સાતમી નરકનો તનવાયુ,

૩ ,, ,, તનવાયુ ,, ,, ,, ઘનવાયુ,

૪ ,, ,, ઘનવાયુ ,, ,, ,, ઘનોદધિ,

| | | | |
|---|---|---|---|
| ૫ | ,, ,, | ઘનોદધિ ,, ,, ,, | પૃથ્વીપિંડ |
| ૬ | ,, ,, | પૃથ્વીપિંડ ,, છઠ્ઠી ,, | આકાશાંત |

૧૦ એવી જ રીતે તનવાયુ, ઘનવાયુ, ઘનોદધિ, અને પૃથ્વી પિંડના ૪ બોલ.

૧૫ એવં પાંચમી નરકના પાંચ બોલ, ૨૦ ચોથી નરકના પાંચ બોલ, ૨૫ એવં ત્રીજી નરકનાં પાંચ બોલ,

૩૦ એવં બીજી નરકના પાંચ બોલ, ૩૫ એવં પહેલી નરકના પાંચ બોલ.

૩૫ ,, પહેલી ,, ,,

એવં લોકાન્ત અને દ્વિપાન્ત, જંબૂદ્વિપાદિ અસંખ્યાતા અને લવણાદિ સમુદ્ર અસંખ્યાતા, એવં ભરતાદિ સર્વ ક્ષેત્ર, સર્વ અલાવા લોકાંત સાથે મેળવી દેવા; તથા નરકાદિ ૨૪ દંડક, ષટ્દ્રવ્ય, છ લેશ્યા, આઠ કર્મ, ત્રણ દૃષ્ટિ, ૪ દર્શન, ૫ જ્ઞાન, ૩ અજ્ઞાન, ૪ સંજ્ઞા, ૩ યોગ, ૨ ઉપયોગ, સર્વ દ્રવ્ય, સર્વ પ્રદેશ, સર્વ પર્યાય; એ બધા પ્રશ્નોના ઉત્તર અનાદિ અનંત (શાશ્વતા) છે. હવે ચરમના પ્રશ્ન : -

પ્ર૦ - હે પૂજ્ય ! લોકાન્ત પહેલાં કે કાળ પહેલાં ?

ઉ૦ - બન્ને શાશ્વત - અનાદિ અનંત છે.

જેમ દ્વિપ સમુદ્રોથી કાળસુધી પ્રશ્ન લોકાંત સાથે કર્યા છે, તેમ અલોકાંત સાથે લગાડવા. જેમ લોકાંત અને અલોકાંત સાથે પ્રશ્નોત્તર છે, તેમજ દ્વિપ સાથે નીચેના સર્વ સંયોગ લગાડવા, પછી દ્વિપને છોડીને સમુદ્ર સાથે, પછી સમુદ્રને છોડી ભરતાદિ ક્ષેત્ર સાથે, યાવત્ પર્યાયથી કાળની સાથે, સર્વ બોલોને લગાડવા. ઉ૦ અનાદિ અનંત

ઈશ્વરકર્તૃત્વ માનનારાનું આ પ્રશ્નોથીજ નિરાકરણ થાય છે.

કારણ ઈશ્વર કર્મરહિત, નિષ્ક્રિય, અમૂર્તિ, સચ્ચિદાનંદ, સ્વગુણ (જ્ઞાનદર્શન) યુક્ત છે. જો ઈશ્વર કુંભાર માફક જગતને ઘડવા બેસે તો તેનું ઈશ્વરત્વ જ ન રહે. જગતમાં બે પ્રકારના પદાર્થો છે : - શાશ્વતા અને કૃત્રિમ. શાશ્વતાના કોઈ કર્તા નથી અને કૃત્રિમ ચીજો કર્મ સહિત સંસારી જીવો બનાવે છે. સંસારી જીવ કર્મ સહિત છે, તે કર્મજન્ય સુખ દુઃખ ભોગવે છે, તદાનુસાર ક્રિયા કરે છે, અને તે જીવ જ્યારે તપ સંયમથી શુભાશુભ કર્મોનો નાશ કરશે ત્યારે ઈશ્વરરૂપ થશે.

રોહા મુનિ આ પ્રશ્નોત્તરોથી સંતુષ્ટ થઈ જ્ઞાન ધ્યાનમાં લીન થયા. એટલામાં ગૌતમ સ્વામીએ પ્રભુ સાથે નીચે મુજબ પ્રશ્નોત્તર કર્યા.

પ્ર૦ - હે ભગવાન્ ! લોકસ્થિતિ કેટલા પ્રકારની છે ?

ઉ૦ - આઠ પ્રકારની છે. (૧) આકાશના આધારે તનવાયુ અને તનવાયુને આધારે ઘનવાયુ છે. (૨) વાયુના આધારે પાણી (ઘનોદધિ) છે. (૩) પાણીના આધારે પૃથ્વી (નર્કના પૃથ્વીપિંડ) છે. (૪) પૃથ્વીના આધારે ત્રસ સ્થાવર જીવો રહેલ છે. (૫) અજીવ - જીવોનો સંગ્રહ (ઉપચરિત નયાપેક્ષા શરીરાદિ અજીવ જીવોનો સંગ્રહ સમજવો) (૬) જીવે કર્મોનો સંગ્રહ કરી રાખ્યો છે. (૭) અજીવનો સંગ્રહ જીવ કરે છે અર્થાત્ જીવ ભાષા - મનપણે પુદ્‌ગલોનો સંગ્રહ કરે છે. (૮) જીવ કર્મોનો સંગ્રહ કરે છે.

પ્ર૦ - હે પ્રભુ ? એ લોકસ્થિતિ કેવા પ્રકારે છે ?

ઉ૦ - હે ગૌતમ ! જેમ ચામડાની મસકમાં વાયુ ભરીને મોઢું પાકા દોરાથી બાંધે પછી મધ્ય ભાગે પાકા દોરાથી બંધ લે પછી નીચલો ભાગ વાયુથી ભરેલો રહેવા દઈ ઉપરના વાયુને કાઢીને બદલે પાણી ભરી મોઢું પાકી રીતે બાંધી દે. પછી વચલો બંધ છોડી નાંખે તો પાણી ઉપર હતું ત્યાંજ વાયુના આધારે અદ્ધર

રહે એ રીતે વાયુના આધારથી પાણી (ઘનોદધિ) અને પાણીના આધારે પૃથ્વી રહી છે. યાવત્ જીવ કર્મોનો સંગ્રહ કરે છે. એમ સમજવું.

પ્ર૦ - હે ભગવાન્ ! સૂક્ષ્મ અપકાય હમેશાં વરસે છે ?

ઉ૦ - હા. ગૌતમ, સૂક્ષ્મ અપકાય ઊંચી, નીચી, તિર્છી દિશામાં હમેશાં વરસે છે, પણ સ્થૂળ અપકાયની જેમ દીર્ઘકાળ ટકતી નથી, દિવસે સૂર્યના તાપમાં જલ્દી નાશ પામે છે રાત્રિના વખતે કંઈક ટકે છે. માટે સાધુ - સાધ્વી કે વ્રતધારી શ્રાવકો ખુલ્લી જગાએ રાત્રે રહેતા નથી. કારણવશ જવું પડે તો માથે ઓઢીને ચાલે છે.

**ઈતિ રોહા મુનિના પ્રશ્નોત્તર સંપૂર્ણ.**

## (૧૦૦) દશ પચ્ચક્ખાણ.

### ઠાણાંગ - ૧૦

૧ નમોક્કાર સહિ. (નવકારશી, દિવસ ચઢયા પછી બે ઘડી સુધીનું)

**સૂરે ઉગ્ગએ, નમોક્કારસહિં પચ્ચક્ખામિ ચઉવિહંપિ આહારં, અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થાણાભોગેણં સહસ્સાગારેણં, વોસિરામિ. ૧**

અર્થ - સૂર્ય ઉગ્યાથી, નવકાર ગણીને પાળતાં સુધી પચ્ચખાણ કરૂં છું. ચાર પ્રકારના આહાર એટલે અન્ન, પાણી, મેવા, મિઠાઈ, મુખવાસ તેમાં અન્ય આગાર, ઈચ્છાવિના મોઢામાં પડવાથી, અચાનક પડવાથી (એવા આગાર રાખીને ચારે આહારને) વોસરાવું - તજું છું. ૧

(૨) પોરસિયં (પહોર દિવસ ચઢયા સુધીનું)

સૂરે ઉગ્ગએ, પોરસિયં પચ્ચક્ખામિ, ચઉવિહંપિ આહારં,

અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થાણાભોગેણં, સહસ્સાગારેણં, પચ્છન્ન કાલેણં, દિસામોહેણં, સાહુ વયણેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, વોસિરામિ. ૨.

અર્થ - 'સહસ્સાગારેણં' સુધીના અર્થ ઉપર મુજબ. વાદળાં આદિથી વખત ન જણાયેથી, દિશા ચઢવાથી, સાધુના વચનથી, સર્વ પ્રકારે સમાધિ વર્તતા - ઔષધાદિ-નો આગાર રાખીને, (ચારે આહારને) તજું છું. ૨.

(૩) પુરિમંઢ (બે પહોર સુધીનું)

સૂરે ઉગ્ગએ પુરિમઢં પચ્ચક્ખામિ, ચઉવિહંપિઆહારં, અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થાણાભોગેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુ વયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરામિ. ૩.

અર્થ - 'સાહુવયણેણં' સુધીના અર્થ ઉપર મુજબ, વડેરાના વિનયથી, સર્વ સમાધિ વર્તવાનો આગાર રાખીને, ચારે આહારને તજું છું, ૩.

(૪) દુ વિહાર (અન્ન અને મેવા)નું

એકાસણં પચ્ચક્ખામિ, દુ વિહંપિ આહારં, અસણં, ખાઈમં, અન્નત્થાણાભોગેણં સહસ્સાગારેણં, ૧ સાગારિ આગારેણં, ૨ આઉટ્ટણંપસારેણં, ૩ ગુરૂ અભ્ભુટ્ઠાણેણં, ૪ પરિઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં સવ્વસમાહિ વત્તિયાગારેણં, વોસિરામિ. ૪.

અર્થ - ૧ કારણવશ આસન બદલવું પડે તો ૨ અંગો પાંગ સંકોચવા, પસારવાથી, ૩ ગુરૂઆદિ પધાર્યે ઊભુ થવુ પડે તો, ૪ પરઠવવું પડે તો, (એ આગારોથી). બીજા અર્થ ઉપર મુજબ ૪.

### (૫) એક ટાણાનું (ઠામ ચૌવીહાર)

એકઠાણં પચ્ચક્ખામિ ચઉવિહંપિ આહારં, અસણં, પાણં, ખાઈમં સાઈમં, અન્નત્થાણાભોગેણં, સહસ્સાગા રેણં, સાગારિયાગારેણ, ગુરૂ અભુટ્ઠાણેણં, પરઠિવણિયા ગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરામિ. ૫. (અર્થ ઉપર આવી ગયા છે.)

(એકાસણાનાં પચ્ચક્ખાણમાં 'તિવિહં' શબ્દ વાપરવો.)

### (૬) આયંબિલનું.

આયંબિલં પચ્ચક્ખામિ, તિવિહં (ચઉવિહં) આહારં, અસણં (પાણં), ખાઈમં, સાઈમં, અન્નત્થાણાભોગેણં, સહસ્સાગારેણં, ૧ લેવાલેવેણં, ૨ ગિહત્થસંસઠેણં, ૩ ઉક્ખિ ત્તવિવગ્ગેણં, પરિઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વ સમાહિવત્તિયાગારેણં, ૪ પાણસ્સ લેવેણંવા, અલેવેણંવા, અથ્થેણંવા, બહુલેવેણંવા, સસિથ્થેણંવા, અસિથ્થેણંવા, વોસિરામિ. ૬.

અર્થ - ૧ વાસણ ખરડાયેલા લેપાલેપથી, ૨ ગૃહસ્થના ઘી આદિવાળા હાથ અડવાથી, ૩ વાસણમાં ઘી ગોળ વગેરે મૂકેલા હોય તે ઉખેડયા બાદ ચોટેલ હોય તે લાગવાથી, ૪ પાણીને ખજુરાદિના લેપથી, ધોવણ આદિ અલેપથી, નિર્મળ ગરમ પાણીથી, ઘણા ધાન્યદિનું ધોવણ, કઠોળનું ધોવણ. ગળેલું પ્રાસુક ઈ૦ પ્રકારના પાણીના આગારથી તજું છું. (શેષ અર્થ ઉપર મુજબ).

### (૭) તિવિહાર ઉપવાસ (અભત્તઠં)નું.

સૂરે ઉગ્ગએ, અભત્તઠં પચ્ચક્ખામિ, તિવિહંપિ આહારં, અસણં, ખાઈમં, સાઈમં, અન્નત્થાણાભોગેણં, સહસ્સાગારેણં, પરિઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વ સમાહિવત્તિયાગારેણં પાણસ્સ લેવેણંવા, અલેવેણંવાં, અથ્થેણંવા, બહુ લેવેણંવા, સસિથ્થેણંવા, અસિથ્થેણંવા વોસિરામિ ૭. (અર્થ ઉપર આવી ગયા છે.)

## ચઉવિહારા અભત્તઠં (ઉપવાસ)નું -

સુરે ઉગ્ગએ, અભત્તઠં પચ્ચક્ખામિ, ચઉવિહંપિ આહારં, અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થાણાભોગેણં, સહસ્સાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, વોસિરામિ.

## (૮) દિવસ ચરિમં (રાત્રે ચઉવિહાર)નું.

દિવસ ચરિમં પચ્ચક્ખામિ, ચઉવિહંપિ આહારં, અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થાણાભોગેણં, સહસ્સાગારેણં. મહત્તરાગારેણં, સવ્વ સમાહિવત્તિયાગારેણં, વોસિરામિ. (અર્થ ઉપર આવી ગયા છે.)

## (૯) નિવિગહિય (વિગય રહિત લૂખું ૧ વાર જમવાનું)

નિવિગહિયં પચ્ચક્ખામિ, ચઉવિહંપિ આહાર, અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થાણાભોગેણં, સહસ્સાગારેણં લેવા લેવણં, ગિહથ્થસંસઠેણં, ઉક્ખિત વિવગ્ગેણં, ૧ પડુચ્ચમખેણં, પરિઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, વોસિરામિ. ૯.

અર્થ - ૧ મોણ દીધેલું હોય તેનો આગાર (શેષ અર્થ ઉપર મુજબ).

## (૧૦) અભિગ્રહનું.

અભિગ્ગહં પચ્ચક્ખામિ, ચઉવિહંપિ આહારં, અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થાણાભોગેણં, સહસ્સાગારેણં મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિરાગારેણં વોસિરામિ. ૧૦, (અર્થ ઉપર આવી ગયા છે.)

ઈતિ દશ પચ્ચક્ખાણ સંપૂર્ણ.

# (૧૦૧) કર્મ પ્રકૃતિઓની સ્થિતિ તથા આબાધાકાળનો

થોકડો

(પન્ન. પદ-૨૩, ઉ. ૨)

(૧-૨૦) સમુચ્ચય જીવ ૫ જ્ઞાનાવરણીય, ૪ દર્શનાવરણીય અને ૫ અંતરાય એ ૧૪ પ્રકૃતિઓ જઘન્ય અંતર્મુહૂર્ત તથા પાંચ નિદ્રા અને અશાતા વેદનીય એ છ પ્રકૃતિઓ જઘન્ય (જ.) એક સાગરનાં ૩/૭ ભાગમાં પલ્યનાં અસંખ્યાતમા ભાગ ઉણી તથા એ ૨૦ પ્રકૃતિઓ ઉત્કૃષ્ટ (ઉત્.) ૩૦ ક્રોડાક્રોડી સાગરની બાંધે છે. આબાધાકાળ (આ.) ૩ હજાર વર્ષનો. એકેન્દ્રિયથી અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીની પ્રકૃતિઓ જ. પોતપોતાની ઉત્. સ્થિતિથી પલ્યનાં અસંખ્યાતમા ભાગ ઉણીની બાંધે છે. ઉત્. સ્થિતિ એકેન્દ્રિય ૩/૭ સાગરની, બેઈન્દ્રિય (બેઈ.) ૨૫ સાગરનાં ૩/૭ ભાગની, તેઈન્દ્રિય (તેઈ.) ૫૦ સાગરના ૩/૭ ભાગ, ચૌરેન્દ્રિય (ચૌરે.) ૧૦૦ સાગરનાં ૩/૭ ભાગની, અસંજ્ઞી પંચેન્દ્રિય (અ.પંચે.) ૧૦૦૦ સાગરનાં ૩/૭ ભાગની બાંધે છે. સંજ્ઞી પંચેન્દ્રિય (સં.પંચે.) ૧૪ પ્રકૃતિઓ જઘન્ય (જ.) અંતર્મુહૂર્ત અને ૬ પ્રકૃતિ અંતઃ ક્રોડાક્રોડી સાગર (અં.ક્રો.ક્રો.સા. - એક સાગરમાં કંઈક ઉણી) અને ઉત્. ૩૦ ક્રોડાક્રોડી સાગરોપમની અને અબાધાકાળ ૩ હજાર વર્ષનો છે.★

---

★ જે કર્મની જેટલા ક્રોડા ક્રોડી સાગરોપમની સ્થિતિ હોય છે તે કર્મનો તેટલાં જ ૧૦૦ વર્ષનો અબાધાકાળ હોય છે. જે કર્મની સ્થિતિ ક્રોડા ક્રોડી સાગરોપમની અંદર છે તેનો અબાધાકાળ અંતર્મુહુર્ત હોય છે. આયુષ્ય કર્મનો અબાધાકાળ જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ક્રોડ પૂર્વનો ત્રીજો ભાગ છે.
(પન્નવણા સૂત્ર ટીકા-૪૭૮, ૪૭૯)

(૨૧) શાતા વેદનીયનાં બે ભેદ - સાંપરાયિક અને ઈર્યાપથિક, ઈર્યાપથિક શાતા વેદનીયની સ્થિત બે સમયની. સાંપરાયિક શાતા વેદનીયની સમુચ્ચય જીવ અપેક્ષા જ. ૧૨ મુહુર્ત ઉત્. ૧૫ ક્રો.ક્રો. સા.ની, અબાધાકાળ ૧૫૦૦ વર્ષનો છે. એકેન્દ્રિયમાં ૩/૧૪ સાગરમાં પલ્યનો અસંખ્યાતમો ભાગ ઉણી જઘન્ય સ્થિતિ, ઉત્. ૩/૧૪ સાગરની, બેઈ.ની ઉત્. સ્થિતિ ૨૫ સાગરનાં ૩/૧૪ ભાગની, તેઈ.ની ૫૦ સાગરનાં ૩/૧૪ ભાગની, ચૌરે.ની ૧૦૦ સાગરનાં ૩/૧૪ ભાગની, અ.પંચે. ની ૧૦૦૦ સાગરનાં ૩/૧૪ ભાગની છે. તે બધાની જ. સ્થિતિ પોતપોતાની ઉત્. સ્થિતિમાં પલ્યનાં અસંખ્યાતમા ભાગ ઉણી છે. સં.પંચે.ની જ. સ્થિતિ ૧૨ મુહુર્તની, ઉત્. ૧૫ ક્રો.ક્રો.સા.ની અને અબાધાકાળ ૧૫૦૦ વર્ષનો છે.

(૨૨-૪૯) મોહનીય કર્મની ૨૮ પ્રકૃતિ છે. સમુચ્ચય જીવ અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાનાવરણીય ક્રોધ, માન, માયા, લોભ એ ૧૨ પ્રકૃતિઓ બાંધે તો જ. ૪/૭ સાગરમાં પલ્યનાં અસં. ભાગ ઉણી, સંજ્વલન ક્રોધની જ. ૨ મહિના, સંજ્વલન માનની જ. ૧ મહિનો, સંજ્વલન માયાની જ. ૧૫ દિવસ, સંજ્વલન લોભની જ. અંતર્મુહુર્તની એ ૧૬ પ્રકૃતિઓ ઉત્. ૪૦ ક્રો.ક્રો.સા. ની બાંધે છે. અબાધાકાળ ૪૦૦૦ વર્ષનો. એ ૧૬ પ્રકૃતિઓ એકે. ઉત્. ૪/૭ સાગરની, બેઈ. ૨૫ સાગરનાં ૪/૭ ભાગની, તેઈ. ૫૦ સાગરનાં ૪/૭ ભાગની. એ પાંચે જ. પોતપોતાની ઉત્. સ્થિતિમાં પલ્યનાં અસંખ્યાતમા ભાગ ઉણી બાંધે છે. સંજ્ઞી પંચે. એ ૧૨ પ્રકૃતિ જ. અં.ક્રો.સા., સંજ્વલન ક્રોધ જ. ૨ મહિના, સંજ્વલન માયા જ. ૧ મહિનો, સંજ્વલન માયા જ. ૧૫ દિવસ, સંજ્વલન લોભ જ. અંતર્મુહુર્તની બાંધે છે. ઉત્. એ ૧૬ પ્રકૃતિઓ ૪૦ ક્રો.ક્રો.સા.ની., અબાધાકાળ ૪૦૦૦ વર્ષનો છે.

સમુ. જીવ હાસ્ય, રતિ એ બે પ્રકૃતિઓ જ. ૧/૭ સાગરની

અને પુરૂષવેદ જ. ૮ વર્ષની. ત્રણે પ્રકૃતિઓ ઉત્. ૧૦ કો.કો.સા. ની બાંધે છે. અબાધાકાળ ૧૦૦૦ વર્ષનો. એકેન્દ્રિય આ ત્રણે પ્રકૃતિઓ ઉત્. ૧/૭ સાગરની, બેઈ. ૨૫ સાગરનાં ૧/૭ ભાગની, તેઈ. ૫૦ સાગરનાં ૧/૭ ભાગની, ચૌરે. ૧૦૦ સાગરનાં ૧/૭ ભાગની, અ.પંચે. ૧૦૦૦ સાગરનાં ૧/૭ ભાગની. જઘન્ય બધાં પોતપોતાની ઉત્. સ્થિતિમાં પલ્યનાં અસંખ્યાતમા ભાગ ઉણી બાંધે છે. સં.પંચે. હાસ્ય અને રતિ જ. અંતઃ કો.કો.સા. અને પુરૂષવેદ જ. ૮ વર્ષની બાંધે છે. ઉત્. ત્રણે પ્રકૃતિ ૧૦ કો.કો.સા. ની બાંધે છે, અબાધાકાળ ૧૦૦૦ વર્ષનો.

સમુ. જીવ અરતિ, ભય, શોક, દુર્ગંછા અને નપુંસક વેદ એ પાંચ પ્રકૃતિ જ. ૨/૭ સાગરમાં પલ્યનાં અસંખ્યાતમા ભાગ ઉણી, ઉત્. ૨૦ ક્રોડાક્રોડી સાગરની. અબાધા કાળ ૨૦૦૦ વર્ષનો છે. એકે. એ પાંચે પ્રકૃતિ ઉત્. ૨/૭ સાગરની, બેઈ. ૨૫ સાગરનાં ૨/૭ ભાગની, તેઈ. ૫૦ સાગરનાં ૨/૭ ભાગની, ચૌરે. ૧૦૦ સાગરનાં ૨/૭ ભાગની, અ.પંચે. ૧૦૦૦ સાગરનાં ૨/૭ ભાગની. જઘન્ય પોતપોતાની ઉત્. સ્થિતિમાં પલ્યનાં અસંખ્યાતમા ભાગ ઉણી બાંધે છે. સંજ્ઞી પંચે. જ. અં.કો.કો.સા. ની, ઉત્. ૨૦ ક્રોડાક્રોડી સાગરની, અબાધાકાળ ૨૦૦૦ વર્ષનો છે.

સમુ. જીવ સ્ત્રી વેદની પ્રકૃતિ જઘ. ૩/૧૪ સાગરમાં પલ્યનાં અસંખ્યાતમા ભાગ ઉણી ઉત્. ૧૫ ક્રોડા ક્રોડી સાગરની, અબાધાકાળ ૧૫૦૦ વર્ષનો છે. એકેન્દ્રિય સ્ત્રી વેદની ઉત્. ૩/૧૪ સાગરની, બેઈ. ૨૫ સાગરનાં ૩/૧૪ ભાગની, તેઈ. ૫૦ સાગરનાં ૩/૧૪ ભાગની, ચૌરે. ૧૦૦ સાગરનાં ૩/૧૪ ભાગની, અ.પંચે. ૧૦૦૦ સાગરનાં ૩/૧૪ ભાગની બાંધે છે. જ. પોતપોતાની ઉત્. સ્થિતિમાં પલ્યનાં અસંખ્યાતમા ભાગ ઉણી બાંધે છે. સં.પંચે. સ્ત્રીવેદની જ. અં.કો.કો.સા. ઉત્. ૧૫ ક્રોડાક્રોડી સાગરની, અબાધાકાળ ૧૫૦૦ વર્ષનો છે.

સમુ. જીવ મિથ્યાત્વ મોહનીય જ. ૧ સાગરમાં પલ્યનાં અસંખ્યાતમા ભાગ ઉણી, ઉત્. ૭૦ ક્રોડા ક્રોડી સાગરની અબાધાકાળ ૭૦૦૦ વર્ષનો છે. એકેન્દ્રિય ઉત્. ૧ સાગરની, બેઈ. ૨૫ સાગરની, તેઈ. ૫૦ સાગરની, ચૌરે. ૧૦૦ સાગરની, અ.પંચે. ૧૦૦૦ સાગરની બાંધે છે. જઘન્ય બધા પોતપોતાની ઉત્. સ્થિતિમાં પલ્યનાં અસંખ્યાતમા ભાગ ઉણી બાંધે છે. સંજ્ઞી પંચે. જ. અંતઃ ક્રોડાક્રોડી સાગરની, ઉત્. ૭૦ ક્રોડા ક્રોડી સાગરની, અબાધાકાળ ૭૦૦૦ વર્ષનો છે. મિશ્ર મોહનીય અને સમકિત મોહનીયનો બંધ નથી થતો. મિશ્ર મોહનીયની જ. ઉત્. અંતર્મુહુર્તની, સમકિત મોહનીયની જ. અંતર્મુહુર્ત ઉત્. ૬૬ સાગરથી કંઈક અધિક છે.

(૫૦-૫૩) આયુષ્ય કર્મની ૪ પ્રકૃતિ છે. નારકી નરક અને દેવતાનું આયુષ્ય નથી બાંધતા, મનુષ્ય અને તિર્યંચનું આયુ બાંધે છે. નારકી મનુષ્યનું આયુ બાંધે તો જઘ. પ્રત્યેક માસને છ માસ અધિક, ઉત્. ૧ ક્રોડ પૂર્વને ૬ માસ અધિક બાંધે છે. તિર્યંચનું આયુ બાંધે તો જ. છ માસ અંતર્મુહુર્ત અધિક, ઉત્. ૧ ક્રોડ પૂર્વ છ માસ અધિકનું. એ જ પ્રમાણે દેવતાનું સમજવું. તિર્યંચ નરકનું આયુ બાંધે તો જ. ૧૦ હજાર વર્ષ અંતર્મુહુર્ત અધિક, ઉત્. ૩૩ સાગરને ક્રોડ પૂર્વનો ત્રીજો ભાગ અધિકનું બાંધે છે. તિર્યંચ આયુ કે મનુષ્ય આયુ બાંધે તો જઘ. અંતર્મુહુર્તની, ઉત્. ૩ પલ્યને ક્રોડ પૂર્વના ત્રીજા ભાગ અધિકનું બાંધે છે. તિર્યંચ દેવ આયુ બાંધે તો જઘ. ૧૦ હજાર વર્ષને અંતર્મુહુર્ત અધિક ઉત્. ૧૮ સાગરને ક્રોડ પૂર્વનાં ત્રીજા ભાગ અધિકનું બાંધે છે. મનુષ્ય નરકાયુ કે દેવાયુ બાંધે તો જ. ૧૦ હજાર વર્ષને પ્રત્યેક માસ અધિક, ઉત્. ૩૩ સાગરને ક્રોડ પૂર્વના ત્રીજા ભાગ અધિકનું બાંધે છે. મનુષ્ય મનુષ્ય આયુ કે તિર્યંચ આયુ બાંધે તો જ. અંતર્મુહુર્ત ઉત્. ૩ પલ્યને ક્રોડ પૂર્વનો ત્રીજો ભાગ અધિકનું બાંધે છે.

(૫૪-૧૪૮) - નામ કર્મની ૯૩ અને ગોત્ર કર્મની ૨ પ્રકૃતિઓનો બંધ-નરક ગતિ, નરકાનુપૂર્વી, વૈક્રિય શરીર, વૈક્રિય

અંગોપાંગ, વૈક્રિય બંધન, વૈક્રિય સંઘાતન એ છ પ્રકૃતિ સમુચ્ચય જીવ તથા અસંજ્ઞી પંચે.જ. ૧૦૦૦ સાગરનાં ૨/૭ ભાગમાં પલ્યના અસંખ્યાતમા ભાગ ઉણી, ઉત્. ૨૦ ક્રોડા ક્રોડી સાગરની, અબાધાકાળ ૨૦૦૦ વર્ષનો. એકે., બેઈ., તેઈ., ચૌરે. આ છ પ્રકૃતિઓ નથી બાંધતા. જ. અં.ક્રો.ક્રો.સા., ઉત્. ૨૦ ક્રો.ક્રો.સા. ની બાંધે છે. અબાધાકાળ ૨૦૦૦ વર્ષનો છે. દેવ ગતિ, દેવાનુપૂર્વી સમુચ્ચય જીવ જ. ૧૦૦૦ સાગરનાં ૨/૭ ભાગમાં પલ્યનાં અસંખ્યાતમા ભાગ ઉણી ઉત્. ૧૦ ક્રો.ક્રો.સા.ની, અબાધાકાળ ૧૦૦૦ વર્ષનો છે. અસંજ્ઞી પંચે. જ. સમુચ્ચય જીવ મુજબ, ઉત્. ૧૦૦૦ સાગરનાં ૨/૭ ભાગની બાંધે છે. એકે.બેઈ.તેઈ.ચૌરે. આ બે પ્રકૃતિ બાંધતા નથી. સં.પંચે.જ. અં.ક્રો.ક્રો.સા.ની અને ઉત્. ૧૦ ક્રો.ક્રો.સા.ની અને અબાધાકાળ ૧૦૦૦ વર્ષનો છે.

સમુચ્ચય જીવ મનુષ્ય ગતિ, મનુષ્યાનુપૂર્વી એ બે પ્રકૃતિઓ જ. ૧ સાગરનાં ૩/૧૪ ભાગમાં પલ્યનાં અસંખ્યાતમા ભાગ ઉણી, ઉત્. ૧૫ ક્રો.ક્રો.સા.ની તથા અબાધાકાળ ૧૫૦૦ વર્ષનો છે. એકેન્દ્રિય ઉત્. ૩/૧૪ સાગરની, બેઈ. ૨૫ સાગરનાં ૩/૧૪ ભાગની, તેઈ. ૫૦ સાગરનાં ૩/૧૪ સાગરની, ચૌરે. ૧૦૦ સાગરનાં ૩/૧૪ ભાગની, અ.પંચે. ૧૦૦૦ સાગરનાં ૩/૧૪ ભાગની બાંધે છે. જ. પોતપોતાની ઉત્. સ્થિતિમાં પલ્યનાં અસંખ્યાતમા ભાગ ઉણી બાંધે છે. સં.પંચે. જ.અં.ક્રો.ક્રો.સા.ની ઉત્. ૧૫ ક્રો.ક્રો.સા.ની, અબાધાકાળ ૧૫૦૦ વર્ષનો છે.

તિર્યંચગતિ, તિર્યંચાનુ પૂર્વી, એકેન્દ્રિય, પંચેન્દ્રિય, ઔદારિક શરીર, ઔદારિક અંગોપાંગ, ઔ. બંધન, ઔ. સંઘાતન, તૈજસ શરીર, તૈ. બંધન, તૈ. સંઘાતન, કાર્મણ શરીર, કા. બંધન, કા. સંઘાતન, ચાર અશુભ સ્પર્શ (કરકરો, ભારે, ટાઢો, લૂખો) તથા દુરભિગંધ એ ૧૯ પ્રકૃતિઓ સમુચ્ચય જીવ જ. ૨/૭ સાગરમાં પલ્યનાં અસંખ્યાતમા ભાગ ઉણી તથા ઉત્. ૨૦ ક્રો.ક્રો. સાગરની તથા

અબાધાકાળ ૨૦૦૦ વર્ષનો છે. એકેન્દ્રિય ઉત્. ૨/૭ સાગરની, બેઈ. ૨૫ સાગરનાં ૨/૭ ભાગની, તેઈ. ૫૦ સાગરનાં ૨/૭ ભાગની, ચૌરે. ૧૦૦ સાગરનાં ૨/૭ ભાગની, અ.પંચે. ૧૦૦૦ સાગરનાં ૨/૭ ભાગની, જ. બધાં પોતપોતાની ઉત્. સ્થિતિમાં પલ્યનાં અસંખ્યાતમા ભાગ ઉણી બાંધે છે. સં.પંચે. જ.અં.ક્રો.ક્રો.સા.ની તથા ઉત્. ૨૦ ક્રો.ક્રો.સા.ની અબાધાકાળ ૨૦૦૦ વર્ષનો છે.

બેઈ., તેઈ., ચૌરે., સૂક્ષ્મનામ, સાધારણ નામ, અપર્યાપ્ત નામ એ છ પ્રકૃતિઓ જ. ૧ સાગરનાં ૯/૩૫ ભાગમાં પલ્યનાં અસંખ્યાતમા ભાગ ઉણી, ઉત્. ૧૮ ક્રો.ક્રો.સા.ની અબાધાકાળ ૧૮૦૦ વર્ષનો છે. એકેન્દ્રિય ઉત્. ૯/૩૫ સાગરની, બેઈ., ૨૫ સાગરનાં ૯/૩૫ ભાગની, તેઈ. ૫૦ સાગરનાં ૯/૩૫ ભાગની, ચૌરે. ૧૦૦ સાગરનાં ૯/૩૫ ભાગની, અ.પંચે. ૧૦૦૦ સાગરનાં ૯/૩૫ ભાગની, જ. પોતપોતાની ઉત્. સ્થિતિમાં પલ્યનાં અસંખ્યાતમા ભાગ ઉણી બાંધે છે. સંજ્ઞી પંચે.જ.અં.ક્રો.ક્રો.સા. ની ઉત્. ૧૮ ક્રો.ક્રો.સા. ની બાંધે છે. અબાધાકાળ ૧૮૦૦ વર્ષનો છે.

ચાર શુભ સ્પર્શ (સુંવાળો, હલકો, ઉનો, સ્નિગ્ધ), સુરભિગંધ, એ પાંચ પ્રકૃતિઓ સમુચ્ચય જીવ ૧/૭ સાગરમાં પલ્યનાં અસંખ્યાતમા ભાગ ઉણી ઉત્. ૧૦ ક્રો.ક્રો.સા.ની અબાધાકાળ ૧૦૦૦ વર્ષનો છે. એકેન્દ્રિય ઉત્. ૧/૭ સાગરની, બેઈ. ૨૫ સાગરનાં ૧/૭ ભાગની, તેઈ. ૫૦ સાગરનાં ૧/૭ ભાગની, ચૌરે. ૧૦૦ સાગરનાં ૧/૭ ભાગની, અ.પંચે. ૧૦૦૦ સાગરનાં ૧/૭ ભાગની તથા જ. પોતપોતાની ઉત્. સ્થિતિમાં પલ્યનાં અસંખ્યાતમા ભાગ ઉણી બાંધે છે. સં.પંચે. જ.અં.ક્રો.ક્રો.સા. ઉત્. ૧૦ ક્રો.ક્રો.સા. અબાધાકાળ ૧૦૦૦ વર્ષનો છે.

આહારક શરીર, આહરક અંગોપાંગ, આ.બંધન, આ.સંઘાતન, તિર્થંકર નામ એ પાંચ પ્રકૃતિ સમુચ્ચય જીવ તથા સંજ્ઞી પંચે. જ. તથા ઉત્. અં.ક્રો.ક્રો.સા. ની બાંધે છે. અબાધાકાળ નથી.

સફેદ, પીળો, લાલ, નીલો, કાળો એ પાંચ વર્ણ તથા ખટો, મીઠો, તીખો, કડવો, કસાયેલો એ પાંચ રસ એમ ૧૦ પ્રકૃતિ સમુચ્ચય જીવ અનુક્રમથી જઘ. ૪/૨૮, ૫/૨૮, ૬/૨૮, ૭/૨૮ તથા ૮/૨૮ સાગરમાં પલ્યનાં અસંખ્યાતમા ભાગ ઉણી બાંધે છે. ઉત્. ૧૦, ૧૨ ૧/૨, ૧૫, ૧૭ ૧/૨ અને ૨૦ ક્રોડાક્રોડી સાગરની બાંધે છે. અબાધાકાળ અનુક્રમથી ૧૦૦૦, ૧૨૫૦, ૧૫૦૦, ૧૭૫૦ અને ૨૦૦૦ વર્ષનો છે. એકેન્દ્રિય આ ૧૦ પ્રકૃતિ ઉત્. અનુક્રમે ૪/૨૮, ૫/૨૮, ૬/૨૮, ૮/૨૮ અને ૮/૨૮ ભાગની, તેઈન્દ્રિય અનુક્રમે ૫૦ સાગરનાં ૪/૨૮ ભાગ યાવત્ ૪/૨૮ ભાગની, ચૌરે. ૧૦૦ સાગરનાં ૪/૨૮ ભાગ યાવત્ ૮/૨૮ ભાગની, અ.પંચે. ૧૦૦૦ સાગરનાં ૪/૨૮ ભાગ યાવત્ ૪/૨૮ ભાગની તથા જઘન્ય પોતપોતાની ઉત્. સ્થિતિમાં પલ્યનાં અસંખ્યાતમા ભાગ ઉણી બાંધે છે. સંજ્ઞી પંચે. ૧૦ પ્રકૃતિ જ.અં.ક્રો.ક્રો.સા. ની તથા ઉત્. અનુક્રમે ૧૦, ૧૨ ૧/૨, ૧૫, ૧૭ ૧/૨ અને ૨૦ ક્રોડાક્રોડી સાગરની બાંધે છે. અબાધાકાળ અનુક્રમે ૧૦૦૦, ૧૨૫૦, ૧૫૦૦, ૧૭૫૦ તથા ૨૦૦૦ વર્ષનો છે.

છ સંઘયણ તથા છ સંઠાણ એ બાર પ્રકૃતિઓ સમુ. જીવ જઘન્ય અનુક્રમે (૧ સંઘયણ તથા ૧ સંઠાણ) ૫/૩૫, ૬/૩૫, ૭/૩૫, ૮/૩૫, ૯/૩૫ તથા ૧૦/૩૫ સાગરમાં પલ્યના અસંખ્યાતમા ભાગ ઉણી તથા ઉત્. અનુક્રમે ૧૦, ૧૨, ૧૪, ૧૬, ૧૮, ૨૦ ક્રોડાક્રોડી સાગરની બાંધે છે. અબાધાકાળ ૧૦૦૦, ૧૨૦૦, ૧૪૦૦, ૧૬૦૦, ૧૮૦૦, ૨૦૦૦ વર્ષનો છે. એ ૧૨ પ્રકૃતિઓ એકેન્દ્રિય ઉત્. અનુક્રમે ૫/૩૫, ૬/૩૫, ૭/૩૫, ૮/૩૫, ૯/૩૫ તથા ૧૦/૩૫ સાગરની, બેઈન્દ્રિય ૨૫ સાગરનાં ૫/૩૫ ભાગ યાવત્ ૧૦/૩૫ સાગરની, તેઈન્દ્રિય ૫૦ સાગરનાં ૫/૩૫ ભાગ યાવત્ ૧૦/૩૫ ભાગની, ચૌરેન્દ્રિય ૧૦૦ સાગરનાં ૫/૩૫ ભાગ યાવત્ ૧૦/૩૫ સાગરની, અસંજ્ઞી પંચે. ૧૦૦૦ સાગરનાં ૫/૩૫ ભાગ યાવત્

૧૦/૩૫ ભાગની બાંધે છે. ઉત્. બધાં પોતપોતાથી ઉત્કૃષ્ટ સ્થિતિમાં પલ્યનાં અસંખ્યાતમા ભાગ ઉણી બાંધે છે. સંજ્ઞી પંચે. આ ૧૨ પ્રકૃતિઓ જઘ. અં.ક્રો.ક્રો.સા. ની, ઉત્. અનુક્રમે ૧૦, ૧૨, ૧૪, ૧૬, ૧૮, ૨૦ ક્રો.ક્રો.સા.ની બાંધે છે. અબાધાકાળ ૧૦૦૦, ૧૨૦૦, ૧૪૦૦, ૧૬૦૦, ૧૮૦૦, ૨૦૦૦ વર્ષનો છે.

સ્થાવરનાં દશકાની સાત પ્રકૃતિઓ (સ્થાવર, અસ્થિર, અશુભ, દુર્ભાગ્ય, દુઃસ્વર, અનાદેય અને અયશોકીર્તિ નામ), સાત પ્રત્યેક પ્રકૃતિઓ (પરાઘાત, ઉચ્છ્વાસ નામ, આતાપ, ઉદ્યોત, અગુરૂ લઘુ, નિર્માણ, ઉપઘાત નામ), ત્રસનાં દશકાની ૪ પ્રકૃતિઓ (ત્રસનામ, બાદર, પ્રત્યેક, પર્યાપ્ત નામ), નીચ ગોત્ર, અશુભ વિહાય ગતિ એ ૨૦ પ્રકૃતિઓ તિર્યંચ ગતિની જેમ જ. ૨/૭ સાગર અને ઉત્. ૨૦ ક્રોડાક્રોડી સાગરની સમજવી.

ત્રસનાં દશકાની છ પ્રકૃતિઓ (સ્થિર નામ, શુભ, સૌભાગ્ય, સુસ્વર, આદેય, યશોકીર્તિ નામ) ઉચ્ચ ગોત્ર તથા શુભ વિહાય ગતિ આ આઠ પ્રકૃતિઓમાંથી યશોકીર્તિ અને ઉચ્ચગોત્ર આ બે પ્રકૃતિ સમુચ્ચય જીવ જઘન્ય ૮ મુહૂર્ત તથા શેષ પ્રકૃતિઓ જ. ૧/૭ સાગરમાં પલ્યનાં અસંખ્યાતમા ભાગ ઉણી બાંધે છે, ઉત્. આઠે પ્રકૃતિઓ ૧૦ ક્રો.ક્રો.સા.ની, અબાધાકાળ ૧૦૦૦ વર્ષનો છે. એ આઠે પ્રકૃતિઓ એકેન્દ્રિય ઉત્. ૧/૭ સાગરની, બેઈ. ૨૫ સાગરનાં ૧/૭ ભાગની, તેઈ. ૫૦ સાગરનાં ૧/૭ ભાગની, ચૌરે. ૧૦૦ સાગરનાં ૧/૭ ભાગની, અ. પંચે. ૧૦૦૦ સાગરમાં ૧/૭ ભાગની બાંધે છે. જઘન્ય ઉપરની ઉત્કૃષ્ટ સ્થિતિથી પલ્યનાં અસંખ્યાતમા ભાગ ઉણીની બાંધે છે. સંજ્ઞી પંચે. યશોકીર્તિ તથા ઉચ્ચ ગોત્ર જઘ. ૮ મુહૂર્તની તથા શેષ છ પ્રકૃતિઓ જ.અં.ક્રો.ક્રો.સા. ની બાંધે છે, ઉત્. ૧૦ ક્રો.ક્રો. સાગરની બાંધે છે. અબાધાકાળ ૧૦૦૦ વર્ષનો છે.

ઈતિ કર્મ પ્રકૃતિઓની સ્થિતિનો થોકડો.

ઈતિ અસઝ્ઝાય સંપૂર્ણ.

# (ચૌભંગી)

## (શ્રી ઠાણાંગ સૂત્રમાં ચોથે ઠાણે)

૧. ચાર પ્રકારના ઘડા - ૧. અમૃતનો ઘડો અમૃતનું ઢાંકણું. ૨. અમૃતનો ઘડો વિષનું ઢાંકણું. ૩. વિષનો ઘડોને અમૃતનું ઢાંકણું. ૪. વિષનો ઘડો ને વિષનું ઢાંકણું. એ ઘડાના દષ્ટાંતે ચાર પ્રકારના પુરુષ છે, તે કહે છે - ૧. એક પુરૂષ, મનમાં નિર્મળો ને મોઢે પણ મધુરી ભાષા બોલે, ૨. એક પુરૂષ મનનો મેલો અને મોઢાનો મીઠો. ૩. એક મોઢે કડવા બોલો. મનમાં મીઠો. ૪ એક મોઢે કડવા બોલો ને મનમાં મેલો.

૨. ચાર જાતનાં ફૂલ - ૧. ફૂલ, સુંગધે કરીને સહિત અને રૂપે કરીને પણ સહિત ચંપા, ગુલાબનું ફૂલ. ૨. એક ફૂલ સુગંધ સહિત છે પણ રૂપ નહીં, તે બોરસલી, પોયણનું ફૂલ. ૩. એક ફૂલ, રૂપ સહિત છે, પણ સુગંધ નથી, તે આવળનું ફૂલ ૪. એક ફૂલને રૂપ નથી અને સુગંધ નથી, તે આકડા ધતુરાંનું ફૂલ. એ દષ્ટાંતે ચાર પ્રકારના પુરૂષ છે. તે કહે છે - એક પુરૂષ, રૂપ સહિત છે, પણ શીલ સહિત નથી. બ્રહ્મદત ચક્રવર્તીની પેરે. ૨. એક પુરૂષ શીલ સહિત છે, પણ રૂપ નથી, તે હરીકેશી અણગારની પેરે. ૩. એક પુરૂષ રૂપવંત છે અને શીલવંત પણ છે, તે ભરત રાજાની પેરે. ૪ એક પુરૂષને રૂપ નથી અને શીલ એટલે ભલો આચાર પણ નથી, તે કાળસુર્યા કસાઈની પેરે.

૩. ચાર પ્રકારના શ્રાવક - ૧ સાધુને, માતા-પિતા સમાન ૨ ભાઈબંધ સમાન ૩ ભાઈ સમાન ૪ શોકય સમાન. ૪ પ્રકારના શ્રાવક - ૧ અરીસા સરખા શ્રાવક તે, સાધુ જેવું સિદ્ધાંત કહી સંભળાવે તેવું પાછું ફરી કહી બતાવે. ૨ બીજા, ધ્વજા સરખા, તે વિચિત્ર દેશના સાંભળી મન આઘું પાછું થઈ જાય. ૩ ત્રીજા, ઠૂંઠ, થાંભલા સરખા તે લીધી વાત ખોટી ઠરે,

છતાં પણ મૂકે નહીં ૪. ચોથા, કાંટા સરખા, શિખામણ દેનારને પણ સામાં વચન કહી દુ:ખ દે. એ ચાર.

૪. ચાર પ્રકારના કરંડીયા - ૧. રાજનો કરંડીયો તે સમાન તીર્થંકર દેવ. ૨. વ્યાવહારીઆનો કરંડીયો તે સમાન ગણધર દેવ, ૩ વેશ્યાનો કરંડીયો તે સમાન અન્ય દર્શની. ૪ ચંડાલનો કરંડીયો તે સમાન જંત્ર - મંત્ર કરનાર સાધુ.

૫. ચાર કષાય - કઈ કઈ જગ્યાએ લાભે તે કહે છે -

૧. નારકીમાં ક્રોધ ઘણો. ૨. મનુષ્યમાં માન ઘણું. ૩. તિર્યંચમાં માયા ઘણી. ૪ દેવતામાં લોભ ઘણો.

૬. ચાર જાતના અજીર્ણ - ૧ તપશ્યાનું અજીર્ણ, ક્રોધ ૨ જ્ઞાનનું અજીર્ણ, અભિમાન. ૩ કામનું અજીર્ણ, નિંદાકુથલી ૪ પેટનું અજીર્ણ, અધિક અન્ન ખાય તે.

૭. ચાર પ્રકારનાં ઝાડ પરિવાર સહિત - ૧ એક શાલીનું ઝાડ અને શાલીનો પરિવાર, તે આદિનાથ અને ભરત ચક્રવર્તીની પેરે. ૨ એક શાલીનું ઝાડ અને એરંડાનો પરિવાર, તે ગર્ગાચાર્યના શિષ્યની પેરે. ૩ એરંડાનું ઝાડ અને શાલીનો પરિવાર, તે ઈંગાલમર્દન આચાર્યના શિષ્યની પેરે. ૪ એક એરંડાનું ઝાડ અને એરંડાનો પરિવાર, તે કાળસૂર્યા કસાઈ અને તેના પરિવારની પેરે.

૮. ચાર પ્રકારના મેઘ - ૧. એક મેઘ ગાજે પણ વરસે નહીં ૨. એક મેઘ વરસે પણ ગાજે નહીં. ૩. એક મેઘ ગાજે અને વરસે ૪. એક મેઘ ગાજે નહીં વરસે પણ નહીં તે ઠાલાં વાદળાં. એ દૃષ્ટાંતે ચાર ચાર પ્રકારના પુરૂષ કહ્યા તે કહે છે - ૧ પુરૂષ અભિમાન કરે, પણ દાન કરે નહીં ૨ એક પુરૂષ દાન આપે, પણ અભિમાન પણ કરે નહીં ૩ એક પુરૂષ દાન પણ આપે અને

અભિમાન પણ કરે. ૪ એક પુરુષ દાન પણ આપે નહીં અને અભિમાન કરે નહીં.

૯. ચાર પ્રકારના મેઘ - એક મેઘ કાળે વરસે, પણ અકાળે વરસે નહીં. ૨. એક મેઘ અકાળે વરસે, પણ કાળે વરસે નહીં ૩. એક કાળે પણ વરસે અને અકાળે પણ વરસે ૪. એક, કાળે પણ વરસે નહીં અને અકાળે પણ નહીં. એવી રીતે ચાર પ્રકારના પુરૂષ કહ્યા, તે કહે છે. ૧. - એક પુરૂષ માગે તેને દાન આપે પણ માગે નહીં, તેને દાન આપે નહીં. ૨. એક પુરુષ જરૂરિયાત ન હોય તેને દાન દે, પણ જરૂરિયાતવાળાને દાન દે નહીં. ૩. એક જરૂરિયાતવાળાને દાન દે અને અજરૂરિયાતવાળાને પણ દાન દે. ૪. એક જરૂરિયાતવાળાને દાન દે નહીં અને અજરૂરિયાતવાળાને પણ દાન દે નહીં.

૧૦. ચાર પ્રકારના મેઘ - ૧. એક મેઘ ક્ષેત્રમાં વરસે પણ ખારમાં વરસે નહીં. ૨. એક ખારમાં વરસે, પણ ક્ષેત્રમાં વરસે નહીં, ૩. એક ક્ષેત્રમાં વરસે અને ખારમાં વરસે, ૪. એક ક્ષેત્રમાં પણ વરસે નહીં અને ખારમાં પણ વરસે નહીં. એ રીતે ચાર પ્રકારના પુરુષ જાણવા ૧. એક પુરુષ, સુપાત્રને દાન દે, પણ કુપાત્રને દાન દે નહીં ૨. એક પુરૂષ, કુપાત્રને દાન દે, પણ સુપાત્રને દે નહીં ૩. એક પુરૂષ સુપાત્રને દાન દે અને કુપાત્રને પણ દાન દે ૪. એક પુરુષ સુપાત્રને દાન દે નહીં અને કુપાત્રને પણ દાન દે નહીં, તે કૃપણ.

૧૧. ચાર પ્રકારના મેઘ કહ્યા - ૧. એક મેઘ એકવાર વરસે અને તેમાં દશ હજાર વર્ષ સુધી અન્ન નીપજે ૨. એક મેઘ એક વાર વરસે અને હજાર વર્ષ સુધી અન્ન નીપજે. ૩. એક મેઘ એકવાર વરસે અને દશ વર્ષ સુધી અન્ન નીપજે ૪. એક મેઘ ઘણીવાર વરસે અને એકવાર ધાન્ય નીપજે. તે પાંચમા આરાનો

મેઘ. એ દૃષ્ટાંત, પુરૂષ ઉપર ઉતારે છે. ૧. સંજતી રાજાએ તથા ગજસુકુમારે એકવાર દેશના સાંભળી, રાજ્ય છોડી દીક્ષા લીધી ૨. પરદેશી રાજા કેશીકુમારની એકવાર વાણી સાંભળી બારવ્રત - ધારી થયા. ૩. શ્રેણિક રાજા, એકવાર વાણી સાંભળી સમકિતી થયા. ૪. પાંચમા આરાના જીવ ઘણીવાર સાંભળે પણ દઢતા રહેવી ઘણી કઠણ, કારણ કે સાંભળે ત્યાં સુધી દઢતા. એ ચોથા મેઘ સમાન જાણવા.

૧૨. ચાર પ્રકારનાં બળ - ૧. એક એક જીવને તપશ્યાનું બળ છે પણ આહારનું બળ નહીં. ૨. એક એકને આહારનું બળ છે પણ તપશ્યાનું બળ નહી. ૩. એક એકને આહારનું બળ છે અને તપશ્યાનું પણ બળ છે. ૪. એક એકને આહારનું બળ પણ નથી અને તપશ્યાનું બળ પણ નથી તે માંદો.

૧૩. ચાર પ્રકારનાં ગોળા - ૧. એક માખણનો ગોળો તે તડકે તરત ઓગળી જાય તેમ એક એક પુરુષ કોઈનાં માઠાં વચન સાંભળી તરત ધર્મ છોડી દે. ૨. એક લાખનો ગોળો તે તડકે ઓગળે નહીં પણ અગ્નિ પાસે મૂકીએ તો તે ઓગળી જાય, તેમ એક એક પુરુષ વચન સાંભળી ધર્મ છોડે નહીં પણ ગાળ, મહેણા સાંભળી, ધર્મ છોડી દે. ૩. એક લાકડાનો ગોળો તે તડકે, અગ્નિની પાસે મેલ્યો ઓગળે નહીં, પણ અગ્નિમાં નાંખ્યો બળે, તેમ વચન સાંભળી ધર્મ મૂકે નહીં. મારકૂટ કરે તે વારે ધર્મ છોડે. ૪. એક માટીનો ગોળો; તે તાપમાં નાંખે તે વારે વિશેષ પાકો થાય, પણ ઓગળે નહીં, તેમ એક પુરુષ ને કોઈ દુઃખ દે ત્યારે ધર્મમાં વધારે દઢતા થાય, પણ ધર્મ મૂકે નહીં, કામદેવ શ્રાવકવત્.

૧૪. ચાર પ્રકારના પુરુષ - ૧ એક પુરૂષને ધર્મ વહાલો છે પણ દઢતા નહીં. આપદા વખતે નાસી જાય ૨ એકને ધર્મ

વહાલો પણ છે અને દઢતા પણ છે. ૩. એકને ધર્મ ઉપર દઢતા છે પણ ધર્મ વહાલો નથી, એટલે દરરોજ ધર્મ બની શક્તો નથી, અવસરે ધર્મનું કામ કરે છે. ૪. એકને ધર્મ વહાલો પણ નથી અને દઢતા પણ નહીં, તે પર્યુષણનાં પારણાં ખાનાર શ્રાવકો.

૧૫. ચાર પ્રકારનાં પુરુષ - ૧. એક પુરુષ બહારથી નાહી ધોઈ ઊજળો પણ માંહી કપટ, મેલે કરીને સહિત. ૨ એક પુરુષ, બહાર મેલો પણ માંહી નિર્મળો. ૩ એક પુરુષ બહાર પણ ઉજળો અને માંહી પણ ઊજળો. ૪ એક પુરૂષ, બહાર પણ મેલો અને માંહી પણ મેલો.

૧૬. ચાર પ્રકારના પુત્ર - ૧. એક પુત્ર, પિતા થકી અધિક, તે ઋષભદેવના પુત્ર ભરતની પેરે. ૨. એક પુત્ર, પિતાથી હીન, તે ભરતેશ્વરના પુત્રની પેરે. ૩. એક પુત્ર, પિતાતુલ્ય તે - આદિત્ય જશાના પુત્રની પેરે. ૪. એક પુત્ર, પિતાને કલંકરૂપ. તે કુંડરીકવત.

૧૭. ચાર પ્રકારનારોગ - ૧. એક, દેખાવમાં દુષ્ટ પણ વેદના થોડી છે, તે મેદનો રોગ. ૨. એક, દેખાવમાં દુષ્ટ નહીં પણ વેદના ઘણી તે કંઠમાળનો રોગ. ૩ એક દેખાવમાં દુષ્ટ અને વેદના પણ ઘણી, તે પેટશૂળનો રોગ. ૪ એક, દેખાવમાં દુષ્ટ નહીં અને વેદના પણ નહીં, તે શૂન્ય ચિત્તનો રોગ.

૧૮. ચાર પ્રકારની દીક્ષા - ૧. એક સિંહની પેરે વ્રત લે અને સિંહની પેરે પાળે, તે ભરતેશ્વરની પેરે. ૨. એક સિંહની પેરે વ્રત લે અને શિયાળ જેવો થઈ વ્રત મૂકે, તે કુંડરિકની પેરે. ૩. એક શિયાળની પેરે વ્રત્ત લે અને સિંહની પેરે વ્રત પાળે, તે અંગાર મર્દન આચાર્યના શિષ્યની પેરે. ૪. એક શિયાળની પેરે વ્રત લે અને શીયાળ પેરે પાળે, તે કાલકાચાર્યના શિષ્યની પેરે.

૧૯. ચાર પ્રકારના સ્નેહ - ૧. એક, સુંઠના તરણાનો તાર

તે તૂટયો સંધાય નહીં, તેમ સ્નેહ તૂટયો સંધાય નહીં ૨. એક વાંસની છાલ તૂટી કંઈક સંધાય તેમ સ્નેહ કાંઈક તૂટયો સંધાય. ૩. એક ઊનની દોરી તૂટી વિશેષ સંધાય; તેમ સ્નેહ તૂટયો સંધાય. ૪. એક ચામડાની તાંતનો તાર તૂટતાં ઘણી વાર લાગે અને સાંધો પણ લાગે.

૨૦. ચાર પ્રકારના પુરુષ - ૧. એક પોતાનો અવગુણ દેખે, પારકો ન દેખે. ૨. એક પારકો અવગુણ દેખે, પોતાનો ન દેખે. ૩. એક, પારકો અવગુણ પણ દેખે, અને પોતાનો પણ દેખે. ૪. એક પોતાનો અવગુણ પણ ન દેખે, અને પારકો પણ ન દેખે.

૨૧. ચાર પ્રકારે દેવતાની ગતિનો આવેલો જાણીએ-

૧. ઉદારચિત્ત હોય. ૨. સુસ્વર કંઠ હોય. ૩. ધર્મનો રાગી હોય. ૪ દેવગુરૂનો ભક્ત હોય.

૨૨. ચાર પ્રકારે તિર્યંચ ગતિનો આવેલો જાણીએ - ૧. અનાડી હોય, ૨. અસંતોષી હોય, ૩. કપટી હોય, ૪. મૂર્ખની સેવા કરે તથા ભૂખ ઘણી હોય.

૨૩. ચાર પ્રકારે મનુષ્ય ગતિનો આવેલો જાણીએ - ૧. વિનીત હોય. ૨. નિર્લોભી હોય. ૩. દયા ધર્મ ઉપર હિતભાવ રાખનાર હોય, ૪. પરને વહાલો લાગે.

૨૪. ચાર પ્રકારે નારકીનો આવેલો જાણીએ - ૧. ક્રોધી હોય, ૨. પંડિતાઈ રહિત હોય, ૩. દયા રહિત હોય, ૪. કંકાસી હોય.

૨૫. ચાર પ્રકારે કિલ્વિષી દેવતાનું આયુષ્ય બાંધે - ૧. તીર્થંકરના અવગુણ બોલે. ૨. ધર્મના અવગુણ બોલે. ૩. આચાર્ય - ઉપાધ્યાયના અવગુણ બોલે. ૪ ચતુર્વિધ સંઘના અવગુણ બોલે.

૨૬. ચાર પ્રકારે જીવ ધર્મ પામે નહીં - ૧ અહંકારી, ધર્મ ન પામે ૨. ક્રોધી, ધર્મ ન પામે, ૩. રોગી, ધર્મ ન પામે, ૪. પ્રમાદી, ધર્મ ન પામે.

૨૭. લોકમાં ચાર ચીજો સરખી કહી છે - ૧. ઉડુ નામે વિમાન ૨. શીમંતક નામે નરકાવાસો ૩. મનુષ્ય ક્ષેત્ર ૪. સિદ્ધશીલા-એ ચારે પીસ્તાલીસ લાખ જોજનમાં કહ્યા છે.

૨૮. લોકમાં ચાર વાનાં એક લાખ જોજમનાં કહ્યાં છે ૧. અપઈઠાણ નરકવાસો, સાતમી નરકે, ૨. પાલક વિમાન, પહેલા દેવલોકે, ૩. જંબુદ્વીપ, ત્રીછા લોકે, ૪. સર્વાર્થ સિદ્ધ વિમાન, ઉંચે દેવલોકે.

૨૯. ચાર પ્રકારનાં ફળ કહ્યાં છે તે - ૧. એક બહાર કઠણ અને અંદર પોચું, તે નાળીએર. ૨. એક ફળ બહાર પોચું અને અંદર કઠણ, તે બોર. ૩. એક ફળ અંદર પોચું અને બહાર પણ પોચું, તે દ્રાક્ષ. ૪. એક ફળ અંદર કઠણ અને બહાર પણ કઠણ, તે સોપારી.

૩૦. એ રીતે ચાર પ્રકારના પુરૂષ જાણવા.- ૧. એક પુરૂષ ઉપરથી કઠોર બોલે પણ મનમાં પરિણામ ઘણાં નરમ તે માતા-પિતા અથવા ભણાવનાર. ૨ એક ઉપરથી મીઠું બોલે પણ મનમાં ઘણું કઠણ તે કપટી દુશ્મન અથવા ઓરમાન મા. ૩ એક પુરૂષ ઉપરથી મીઠું બોલે અને મનમાં ઘણું હિત રાખે, તે સાધુમુનિરાજ ૪ એક પુરુષ મોઢે કડવા બોલો અને પેટમાં પણ ખોટા વિચારો રાખે, તે પાપી જીવ.

૩૧. ચાર પ્રકારે ઉપમા - ૧. છતી વસ્તુને અછતી ઉપમા, તે નગરી દેવલોક સરખી ૨. અછતી વસ્તુને છતી ઉપમા તે છાશ, દૂધ જેવી. ૩. અછતી વસ્તુને અછતી ઉપમા, તે ચાર ગાઉના કૂવો વાળથી ભરીએ સો સો વરસે એક એક વાળ

કાઢીએ અને કૂવો ખાલી થાય ત્યારે એક પલ્ય થાય તે. ૪. છતી વસ્તુને છતી ઉપમા, તે ગોળ સાકર જેવો.

૩૨. **ચાર પ્રકારે નિર્જરા** - ૧ ઘણી વેદના અને થોડી નિર્જરા તે સાતમી નરકવાળાને. ૨ થોડી વેદના અને ઘણી નિર્જરા તે સામાન્ય સાધુને. ૩ ઘણી વેદના અને ઘણી નિર્જરા તે પડિમાધારી તથા જિન કલ્પી સાધુને. ૪ થોડી વેદના અને થોડી નિર્જરા તે અનુત્તર વિમાનના દેવતાને.

૩૩. **ચાર ઠેકાણે કષાયનો વાસો** - ૧. ક્રોધનો વાસો કપાળમાં ૨. માનનો વાસો ગરદનમાં. ૩. માયાનો વાસો હૈયામાં. ૪ લોભનો વાસો સર્વાંગમાં.

૩૪. **ચાર જાતની અકકલ** - ૧. જાગે તો ચોર નાસે. ૨. ક્ષમા કરે તો ક્લેશ નાસે. ૩. ઉદ્યમ કરે તો દ્રારિદ્ર નાસે. ૪. ભગવાનની વાત સાંભળે તો પાપ નાસે.

૩૫. **ચાર પ્રકારના જીવ** - ૧. એક સુખદુઃખ જાણે ને વેદે તે ચાર ગતિના જીવ જાણવા. ૨. એક જાણે પણ વેદે નહીં, તે સિદ્ધના જીવ ૩ એક વેદે પણ જાણે નહીં, તે અસંજ્ઞીના જીવ ૪. એક જાણે નહીં અને વેદે પણ નહીં, તે બેશુદ્ધ અથવા અજીવ.

૩૬. **ચાર પ્રકારના પુરૂષ** - ૧. એક પોતાના કર્મનો અંત કરે અને બીજાના કર્મનો પણ અંત કરાવે, તે તીર્થંકર. ૨. એક પોતાનાં કર્મનો અંત કરે પણ બીજાનાં કર્મનો અંત કરાવે નહીં, તે પડિમાધારી. ૩. એક પોતાનાં કર્મનો અંત ન કરે ને બીજાનાં કર્મનો અંત કરાવે, તે ચોથા ગુણસ્થાનવાળા સમદૃષ્ટિ. ૪. એક પોતાનાં કર્મનો અંત ન કરે અને બીજાનાં કર્મનો પણ અંત ન કરાવે તે.

૩૭. ચાર પ્રકારના આચાર્ય - ૧. અંદરનો પરિષહ સહે અને બહારનો પણ પરિષહ સહે તે દેશથી અને સર્વથી આરાધક. ૨. એક અંદરનો પરિષહ જીતે અને બહારનો પરિષહ ન જીતે તે દેશથકી વિરાધક અને સર્વથકી આરાધક. ૩. એક બહારનો પરિષહ જીતે અને અંદરનો પરિષહ ન જીતે તે દેશથકી આરાધક અને સર્વથકી વિરાધક. ૪. એક અંદરનો પરિષહ જીતે નહીં અને બહારનો પરિષહ પણ જીતે નહિ તે દેશથકી અને સર્વથકી વિરાધક.

૩૮. ચાર પ્રકારના ચપળ - ૧. સ્થાનક ચપળ, તે જ્યાં ત્યાં બેસતો ફરે. ૨. ગતિ ચપળ, તે ઊંટની માફક ચાલતો ફરે. ૩. ભાષા ચપળ, તે જેમ તેમ બોલ બોલ કરે. ૪. ભાવ ચપળ, તે એક કામ કરતાં અધુરૂં મૂકી બીજું કામ ઉપાડે. એ ચાર પ્રકારના ચપળ, જ્ઞાન ન પામે.

૩૯. ચાર પ્રકારના થોડા પુરૂષ - ૧. પર દુઃખે દુઃખિયા થોડા. ૨. પર ઉપકારી થોડા. ૩. ગુણગ્રાહી થોડા. ૪. ગરીબ સાથે સ્નેહ રાખે તેવા થોડા.

૪૦. ચાર દિશાઓમાં ચાર પુરૂષ - ૧. પૂર્વ દિશામાં ભોગી ઘણા. ૨. પશ્ચિમ દિશામાં શોગી ઘણા. ૩. ઉત્તર દિશામાં જોગી ઘણા. ૪. દક્ષિણ દિશામાં રોગી ઘણા.

૪૧. ચાર પ્રકારનાં ગળણાં - ૧. ધરતીનું ગળણું, ઈર્યાસમિતિ. ૨. મતિનું ગળણું, શુભધ્યાન. ૩. વચનનું ગળણું, નિર્વદ્ય ભાષા. ૪. પાણીનું ગળણું, જાડું લૂગડું.

૪૨. ચાર પ્રકારના સાધુ - ૧.એક પોતાનું ભરણપોષણ કરે, બીજાનું ન કરે તે જિનકલ્પી. ૨. એક પોતાનું ન કરે ને પરનું કરે, તે પર ઉપકારી સાધુ. ૩. એક પોતાનું કરે અને પરનું કરે, તે સામાન્ય સાધુ. ૪. એક પોતાનું ન કરે અને બીજાનું પણ

ન કરે, [illegible] કરેલ સાધુ (અથવા દરિદ્રી).

૪૩. ચાર પછેડી સાધ્વીને રાખવી તે-૧. એક, બે હાથ પનાની સ્થાનકમાં ઓઢે. ૨ બીજી, બે હાથ પનાની ઠંડીલ જતાં ઓઢે. ૩. ત્રીજી, ત્રણ હાથ પનાની ગૌચરી જતાં ઓઢે. ૪. ચોથી, ચાર હાથ પનાની સમોસરણમાં જતી વખતે ઓઢે.

૪૪. ચાર પ્રકારના પુરૂષ - ૧. એક પુરૂષ સાધુ વેષ મૂકે પણ જિનાજ્ઞારૂપ ધર્મ ન મૂકે, કોઈક કારણ વિશેષ. ૨. એક પુરૂષ સાધુ વેષ ન મૂકે પણ જિનાજ્ઞારૂપ ધર્મ મૂકે, જમાલીની પેરે. ૩. એક પુરુષ વેષ તથા ધર્મ, બંને ન મૂકે, ભલા સાધુની પેરે. ૪. એક પુરુષ સાધુ વેષ મૂકે અને ધર્મ પણ મૂકે, તે કુંડરિકની પેરે.

૪૫. ચાર પ્રકારે આહાર પરઠવવો - ૧. દ્રવ્યથકી, આધાકર્માદિક. ૨. ક્ષેત્રથકી, બે ગાઉ ઉપરાંતનો. ૩. કાળથકી ચોથા પહોરનો. ૪. ભાવથકી, અપથ્યકારી 'કડવા તુંબાની પેરે.'

૪૬. ચાર પ્રકારે આહાર પરઠવવો

૧. પરઠવતી વખતે, કોઈ મનુષ્ય દૂરથી આવે છે અને દેખે છે તે અશુદ્ધ ૨. કોઈ દૂરથી આવે છે પણ દેખતો નથી તે પણ અશુદ્ધ ૩. કોઈ આવતું નથી પણ દેખે છે તે પણ અશુદ્ધ ૪. કોઈ આવતું પણ નથી અને દેખતું પણ નથી. તે શુદ્ધ ભાંગે પરઠવવું.

૪૭. ચાર પ્રકારે અંતક્રિયા - (છેવટની) કહી તે - ૧. ભરત મહારાજે અંતક્રિયા કરી. ૨. મરુદેવી માતા. ૩. ગજસુકુમાર ૪. સનતકુમાર ચક્રવર્તી એ ચાર અંતક્રિયા કરી મોક્ષે ગયા.

૪૮. ચાર પ્રકારની સ્ત્રીઓ કહી, તે કહે છે - ૧. એક સ્ત્રી,

શીલ ગુણે કરી સહિત અને વસ્ત્રે કરીને પણ રહિત, સીતાવત્ ૨. એક શીલે કરીને સહિત અને વસ્ત્રે કરીને રહિત તે રાજીમતી, ગુફાવત્. ૩. એક શીલે કરીન રહિત અને વસ્ત્રે કરીને સહિત તે વ્યભિચારિણીવત્. ૪. એક શીલે કરીને રહિત અને વસ્ત્રે કરીને પણ રહિત તે ગણિકા, વસ્ત્ર રહિત છબી પડાવનાર.

૪૯ ચાર મોક્ષ પામવાનાં અંગ કહ્યાં. તે કહે છે - ૧. મનુષ્યનો ભવ, ૨. સિદ્ધાંત સાંભળવાની પ્રીતિ, ૩. ધર્મ ઉપર પૂર્ણ શ્રદ્ધા, ૪. ધર્મ કાર્યમાં બળ - વીર્યનું ફોરવવું.

૫૦. મોક્ષના ચાર દરવાજા કહ્યા, તે કહે છે - ૧. જ્ઞાન. ૨. દર્શન. ૩. ચારિત્ર. ૪. તપ.

ઇતિ ચૌભંગી સંપૂર્ણ.

# શ્રાવકના ત્રણ મનોરથ

પહેલા મનોરથમાં શ્રાવકજી એમ ચિંતવે છે કે અહો જીનેશ્વર દેવ! આ બાહ્ય અને આભ્યાંતર પરિગ્રહ, વિષય અને કષાયને વધારનાર છે. રાગ-દ્વેષના મૂળ છે. જ્ઞાન, દર્શન અને ચારિત્રનો નાશ કરનારા છે. અઠાર પાપને વધારનાર, દુર્ગતિને દેનારા છે. સંસારમાં પરિભ્રમણ કરાવનારા છે. તેથી ક્યારે હું આરંભ અને પરિગ્રહ થોડો કે વધુ ઘટાડીશ કે ઓછો કરીશ. તે દિવસ મારો ધન્ય અને પરમ કલ્યાણકારી થશે.

બીજા મનોરથમાં શ્રાવકજી એમ ચિંતવે છે કે અહો જીનેશ્વરદેવ! ક્યારે હું ગ્રહવાસનો ત્યાગ કરી, સંસારનો ત્યાગ કરી, અઠાર પાપસ્થાનકનો ત્યાગ કરી, દ્રવ્ય અને ભાવથી મુંકિત થઈને, દીક્ષા અંગીકાર કરીને, દશ પ્રકારનો સાધુધર્મ, સત્તર પ્રકારનો સંયમ પાળતો થકો, વિતરાગ પ્રભુની આજ્ઞાનુસાર ચાલનારો બનું, તે દિવસ મારો ધન્ય અને પરમ કલ્યાણકારી થશે.

ત્રીજા મનોરથમાં શ્રાવકજી એમ ચિંતવે છે કે અહો જીનેશ્વર દેવ! ક્યારે હું ચારે આહારનો ત્યાગ કરી, અઠાર પાપસ્થાનકનો ત્યાગ કરી, ભૂતકાળની ભૂલોની આલોચના કરી પડીકમ્મી, નિંદી, નિ:શલ્ય થઈ બધા જીવોને ખમાવી અતિપ્રેમથી પાલન પોષણ કરેલા, આ શરીરના મમત્વને હટાવીને, ચાર શરણ લેતો થકો પંક્તિ મરણે મરીશ તે દિવસ મારો ધન્ય અને પરમ કલ્યાણકારી થશે.